વચનામૃત અંતર્ગતઃ

સાંપ્રદાયિક અને પૌરાણિક પાત્રોનો ઐતિહાસિક પરિચય

વચનામૃતના પાત્રો



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ

વચનામૃત અંતર્ગતઃ

સાંપ્રદાયિક અને પૌરાણિક પાત્રોનો
ઐતિહાસિક પરિચય

વચનામૃતના પાત્રો

-: સંશોધક :-

કીર્તિ પી. ધોળકીયા

-: સહયોગ :-

સાધુ શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી

-: માર્ગદર્શન :-

સાધુ શ્રી જગતપાવનદાસજી સ્વામી

- : પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ

વચનામૃત અંતર્ગત :
સાંપ્રદાયિક અને પૌરાણિક પાત્રોનો ઐતિહાસિક પરિચય

વચનામૃતના પાત્રો

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ,૨૦૧૯
ગુરુકુલ-સુરતના ઉપક્રમે


પ્રકાશન : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ


પ્રત : ૧૦૦૦
અધિકમાસ(જેઠ) : સંવત્ ૨૦૭૪, સને : જુન ૨૦૧૮

આર્થિક સહયોગ :
શ્રી ધીરૂભાઇ વલ્લભભાઇ કોટડીયા-સુરત

પડતર કિંમત : રૂા.૨૩૫
સૌજન્યને આભારી વેચાણ મૂલ્ય : રૂા. ૧૨૦

મુદ્રક :-
હરિકૃષ્ણ ગ્રાફીક્સ એન્ડ પ્રિન્ટ પ્રા.લી., અમદાવાદ
ફોન : ૦૭૯-૨૬૪૨૧૦૦૮, મો.૯૮૭૯૯ ૬૧૭૮૯







અર્પણ

માનવજાતના આત્મકલ્યાણનો માર્ગ મોકળો કરી તેની આધ્યાત્મિક વિકાસયાત્રાને નિર્વિઘ્ન પૂર્ણ કરવા સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને જે કૃપાવાક્યરૂપ ઉપદેશગંગા વહાવી, તે વચનામૃતરૂપ દિવ્યગંગાના સંપાદક કરનારા દિવ્ય સંતો સદ્.શ્રી મુક્તાનંદ સ્વામી, સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામી, સદ્. શ્રી નિત્યાનંદ સ્વામી, સદ્. શ્રી શુકાનંદ સ્વામીના પુનિત હસ્તાર્વિંદમાં આ પુસ્તક અર્પણ ...

તેમજ ગુરુકુલ સંસ્કૃતિના પુનરોદ્ધારક, મુમુક્ષુોના કલ્યાણના રાહબર એવા રાજકોટ ગુરુકુલના સંસ્થાપક સદ્. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના હસ્તકમળમાં ભાવપૂર્વક અર્પણ...



પ.પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી



કૃપાવર્ષા

પ.પૂ. સદ્‌ગુરુ મહંત સ્વામી
શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી


આજના મોબાઇલ અને નેટના યુગમાં સમાજને સન્માર્ગે વાળવા સારા વાચનની તાતી જરૂરિયાત છે. આપણી સંસ્કૃતિના ધરોહર સમા ઋષિમુનિઓ, ભક્તો તથા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભક્તોના પવિત્ર જીવન અને કાર્યમાંથી સૌને પ્રેરણા મળે તે હેતુસર આ પુસ્તક તૈયાર કરાયેલ છે.

નવસારી ગુરુકુલના શ્રી જગતપાવનદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ગુરુકુલ પરિવારના ભક્ત શ્રી કીર્તિભાઇ ધોળકીયાએ આ પુસ્તક્ના સંશોધનમાં ખૂબ દાખડો કરેલ છે. સંતો-ભક્તોને નિજજીવનમાં શ્રીહરિની આજ્ઞા પાળવાનું નિત્ય અનુસંધાન અને પ્રેરણા મળે, તે સાથે તેઓને કથાવાર્તામાં પણ આ પુસ્તક ઉપયોગી નિવડશે.

ગૃહસ્થ હરિભક્તો તથા યુવાનોને આ પુસ્તક વાચવા અને વસાવવા ખાસ ભલામણ છે. જીવનમાં જે કાંઇ સદ્‌ગુણો આવે છે તે આવા સદ્‌પુસ્તકોના વાચનથી આવતા હોય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્યવાણીરૂપ વચનામૃતનું નિત્ય પાન કરવા તથા જીવનને ઉર્ધ્વગામી બનાવવા અનુરોધ છે.

સંક્લનકર્તા તથા પુસ્તક્માં સહ્યોગી થનાર સૌ સંતો-ભક્તો અને દાતાનું શ્રીહરિ સર્વપ્રકારે મંગળ કરે અને સત્સંગમાં સાજા અને તાજા રાખે તેવી શ્રીહરિની પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ...

સ્વા. દેવકૃષ્ણદાસના હેતથી
જયશ્રી સ્વામિનારાયણ - - - -



યશસ્વી ભવઃ

પ.પૂ. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણે વાત્સલ્યતાથી સંતો-ભક્તોને પીરસેલું વચનરૂપી અમૃત એટલે વચનામૃત. જેને નંદસંતોએ ઝીલી ગ્રંથસ્થ કરી આપણા સુધી પહોંચાડયું. સમુદ્રમંથનને અંતે પ્રાપ્ત થયેલું અને દેવલોકમાં રહેલું અમૃત ભૌતિક દેહને અમર બનાવે છે, જ્યારે શ્રીજી મહારાજ દ્વારા પ્રબોધિત આ વચનરૂપી અમૃત શાશ્વત અને દિવ્ય સુખ-શાંતિનો અનુભવ કરાવનારું છે.

વચનામૃતમાં શ્રીહરિએ પ્રશ્નોના માધ્યમથી કે અન્ય પ્રસંગોચિત્ત જેમને યાદ કર્યા છે તે તમામ દિવ્ય સંતો-ભક્તોના પાત્રોનો પરિચય આપણા ગુરુકુલ પરિવારના ભક્ત શ્રી કીર્તિભાઇ ધોળકીયાએ ખૂબ ભાવપૂર્વક તૈયાર કરેલ છે. શ્રીહરિ તેમને વિશેષ સત્સંગનું બળ આપે, ભક્તિનું બળ આપે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

આ સંકલનને પુસ્તકરૂપ આપવામાં સાધુ શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામીએ ખૂબ દાખડા સાથેની સરાહનીય તમામ સેવા કરેલ છે. નામી-અનામી સર્વે સંતો પણ આ કાર્યમાં મદદરૂપ થયા છે, આ પુસ્તકમાં વચનામૃતના પિપાસુ, ભક્તિના અંગવાળા સુરત નિવાસી હાલ અમેરીકા રહેતા શ્રી ધીરૂભાઇ કોટડિયાએ પણ આર્થિક સહયોગ આપેલ છે. તે સર્વેનું શ્રીહરિ સર્વ પ્રકારે મંગળ કરે તેવી અભ્યર્થના..

વચનામૃત ગ્રંથને ને ઇ.સ.૨૦૧૯ માં ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં હોય વચનામૃત દ્વિશતાબ્દીના ઉપક્રમે આપણા ગુરુકુલ દ્વારા અનેક વિધ વચનામૃત સંબંધી કાર્ય થઇ રહ્યા છે. એના ભાગરૂપે આ પુસ્તક તૈયાર થયેલ છે.

લિ.-સાધુ ધર્મવલ્લભદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ્રસ્તાવના

સાંપ્રત ભક્તોને તો શ્રીજી સમકાલીન સંતો-ભક્તો વિષે જ્ઞાન છે. ઓછે વત્તે અંશે પૌરાણિક ઋષિમુનિઓ વિષે પણ જાણે છે. પરંતુ, આવતી કાલના બાળકો, જેઓને આપણે આ દિવ્ય સંપ્રદાયનો વારસો સોંપવાનો છે. તે જો સાંપ્રદાયિક સંતો-ભક્તો અને પૌરાણિક ઋષિઓ વિષે સુપેરે જ્ઞાત નહિ હોય તો તેમના સત્સંગના જ્ઞાનમાં એટલી અધૂરપ ગણાશે. તેથી આ જ્ઞાનખોટ પૂરી કરવાના પ્રયાસરૂપ શ્રીજીની પરાવાણી રૂપ વચનામૃત ગ્રંથમાં પ્રશ્નકર્તા સંતો-ભક્તો તથા શ્રીજીએ જે જે અવતારો તથા ઋષિમુનિઓને યાદ કરી જ્ઞાનગોષ્ઠિ કરી છે. તે બધા પાત્રોનો ઈતિહાસ મેળવવા, તે સઘળા પાત્રોની ગૂઢ માહિતી સંપ્રદાયના ગ્રંથો તથા પૌરાણિક ગ્રંથો વગેરેમાંથી ઉદ્ધૃત કરી છે. તે સાથે શ્રીજી સમકાલીન ભકતોના હાલના વંશ વારસો પાસેથી પણ માહિતી એકત્ર કરી આ માહિતી ગ્રંથ તૈયાર કર્યો છે. જેમાં સંપ્રદાય વિષયક ૧૦૯ પાત્રો અને પૌરાણિક પાત્રો રૂપ ભક્તો, અવતારો, ઋષિમુનિ વિષયક ૧૩૭ પાત્રોનો ગૂઢ પરિચય ફક્ત માહિતીરૂપે આ ગ્રંથમાં પ્રસ્તુત કર્યો છે.

વિશેષ માહિતી મેળવવા માટે શક્ય બન્યું છે ત્યાં સુધી પાત્રોના મૂળ સુધી જવાનો પ્રયત્ન કર્યો છે. બહુધા પરંપરામાં સંભળાતી આવતી વાતોનો જો પુસ્તકમાં આધાર ન મળે તો તે વાતાનો અહિ ઉલ્લેખ કર્યો નથી. તેથી અમુક પાત્રોને પૂરતો ન્યાય આપી શકાયો નથી. અમુક માહિતી મને મળી નથી કે તે શોધવામાં હું ઉણો ઉતર્યો છું તેમ પણ હું સ્વીકારૂં છું.

આ ગ્રંથ માહિતી ગ્રંથ છે. આ લખાણ ભાવાત્મક કે વર્ણનાત્મક નથી એટલે આલંકારિક શબ્દોનો ઉપયોગ કરાયો નથી. કેમ કે આ ગ્રંથ ઈતિહાસના સ્વરૂપમાં માહિતી સ્વરૂપે લખાયો છે. તેમાં જણાવેલ સાલ-વર્ષ વગેરે સંશોધન કરી ચિવટ પૂર્વક લખાયા છે. વળી એક જ પ્રકારની માહિતી માટે અલગ અલગ મંતવ્યો થતા હોય તો તે બધા મંતવ્યો જે તે પુસ્તકના આધાર સહિત લખ્યા છે. કઈ માહિતી સાચી છે ? તેનો નિર્ણય વાચકો ઉપર છોડેલ છે.

વચનામૃતમાં શ્રીહરિએ અને શ્રીહરિને પૂછાયેલ પ્રશ્નો ક્યા સંજોગોમાં પૂછાયા છે ? તેની માહિતી શોધીને તે અનુસાર જે તે પ્રસંગ દર્શાવેલ છે. માહિતી પ્રશ્નના અનુસંધાને લખાય તેનો ખાસ ખ્યાલ રખાયો છે. લખાણ લાંબુ ન થાય તે માટે જે તે પાત્રોનો ટુંકમાં પરિચય અપાયો છે. તેમ છતાં જે તે પાત્રના જે તે પ્રશ્ન વિષે વિશેષ માહિતી જો કોઈ સુજ્ઞ ભક્તને કે સંતવર્યને હોય તો પુરક માહિતી પુસ્તકના સંપૂર્ણ આધાર સાથે આપવા નમ્ર પ્રાર્થના છે. તો નવી આવૃત્તિમાં તેનો સમાવેશ કરી શકાય.

લાંબા સમય સુધી ચાલેલા આ સંશોધન કાર્યમાં પૂજ્ય ગુરુવર્ય શ્રી મહંત સ્વામી શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, પૂ. શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, પૂ. શ્રી ભક્તિવલ્લભદાસજી સ્વામીની દિવ્ય પ્રેરણા સતત મળતી રહી. જેમની કૃપા વગર આ કાર્ય સંપન્ન ન થઈ શકત. તેથી તેમનો હું કાયમ ઋણિ છું.

આ સિવાય અનેક સંતો-ભક્તોનો વિશેષ કરીને નવસારી ગુરુકુલ સંત પાઠશાળાના સંતોનો સહકાર આ વિરાટ કાર્યમાં મળતો રહ્યો છે. તથા ભક્ત શ્રી ઘનશ્યામભાઈ ઠેસિયા અમેરીકા રહ્યા થકા મને આ સેવાકાર્યમાં માહિતી અને હૂંફ આપતા રહ્યા છે. જેમનો હું આભારી છું. નવસારી ગુરુકુલની સંત લાયબ્રેરીનો ખૂબ ઉપયોગ કરવા બદલ એક લાયબ્રેરીયન તરીકે હું આ ગ્રંથાલયનો આભારી છું.

આ સંશોધન કાર્યના માર્ગદર્શક પૂજ્ય **શ્રી જગતપાવનદાસજી સ્વામી**ની સતત પ્રેરણાથી આ કાર્ય સંપન્ન થયું છે. જેથી તેમનો હું કાયમ ઋણી છું. મને આ કાર્યમાં સહભાગી બનાવ્યો અને સંપ્રદાયને આ ‘જ્ઞાનકોષ’ આપવામાં નિમિત્ત બનાવવા બદલ તેઓશ્રીનો હું અત્યંત આભારી છું.

તદ્ ઉપરાંત લખાણબાદ તેમની ટાઈપીંગ, પ્રિન્ટીંગ, પ્રુફરીડીંગ, તેમજ માહિતીમાં કંઈ અધૂરપ કે સુધારા લાગે તો જે તે પુસ્તકમાંથી તે પ્રસંગની ખરાઈ કરવામાં પૂ.**શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી**એ રાત્રી દિવસ સતત મહેનત કરી છે

કહેતા તેઓએ આ પુસ્તકની લખાણ પછીની તમામ જવાબદારી સંભાળી છે એટલે તો તેઓ મને સંપૂર્ણ સહયોગી રહ્યા છે. તેમનો ખૂબ ખૂબ આભારી છું.

આ સંશોધન કાર્યમાં ઘણીવાર જે તે પાત્રની જોઈતી માહિતી મળતી ન હોય, મન મૂંઝાઈ જતું હોય ત્યારે શ્રીહરિને તથા જોઈતા પાત્રને મનોમન પ્રાર્થના કરતા યોગ્ય પુસ્તક મળી જતું એવો દિવ્ય અનુભવ પણ થતો ત્યારે લાગતું કે શ્રી હરિ આ સેવાકાર્યમાં મારી સાથે છે.

આ સંશોધન લેખન કાર્ય દરમ્યાન સંસારની તમામ જવાબદારી એકલે હાથે વહન કરી મને આ કાર્યમાં મૂક સહકાર આપનાર અમારા 'ભામતિ'નો પણ આ પળે હું આભાર માનું છું.

જે જે પુસ્તકોમાંથી જે જે માહિતી મે સંકલીત કરી છે તે સર્વે લેખક, સંતવર્યશ્રીઓ, પ્રકાશકો અને જે તે સંસ્થાનો હું અત્યંત આભારી અને ઋણી છું. જે કાંઈ પ્રદાન છે તે તેઓશ્રીનું છે. તેમના સાથ વગર આ સેવાકાર્ય હું કરી શક્યો ન હોત.

આ ગ્રંથમાં મને સાથ આપનાર સૌ કોઈ નામી-અનામી સંતો-ભક્તોનો હું અંતઃકરણપૂર્વક આભાર માની તેમનું ઋણ સ્વીકારું છું.

આવતી કાલના નાના બાળભક્તો, યુવાનો માટે તથા નિજાનંદ માટે આ સેવાકાર્ય કરેલ છે. તેઓને તથા સૌ સંતો-ભક્તો સર્વેને આ ગ્રંથ ઉપયોગી નિવડશે. તેવી શ્રદ્ધા સાથે અને હું તેમના આશીર્વાદને પાત્ર બનું તેવી મનોકામના વ્યક્ત કરી વિરમું છું.

સાદર જય શ્રી સ્વામિનારાયણ....

- કીર્તિ પી. ધોળકીયાના સાદર પ્રણામ

મો. ૯૪૨૮૦ ૮૮૨૦૯

•

ભાવવંદના....

વચનામૃતમાં શ્રીહરિએ જે જે અવતારો, પૌરાણિક ઋષિમુનિઓ, પ્રાચીન ભકતોના જીવન મીષે ઉપદેશ આપ્યો છે તે સાથે સંપ્રદાયના પવિત્ર સંતો - ભકતોના આદર્શ પ્રેરણામય જીવન જીવવા વિષે જે જ્ઞાનવાર્તાઓ કરી છે તે તમામ પાત્રોનો પરિચય પ્રસ્તુત પુસ્તકમાં કરાયેલ છે. આના અધ્યયનથી જીવનમાં ભક્તિ, ધર્મ અને સત્સંગનો ઉદય થશે. આ પુસ્તક સંતોને કથાવાર્તામાં તો ઉપયોગી નિવડશે પણ તે સાથે સત્સંગમંડળના કથાવાર્તા કરનાર સંચાલકોને પણ પ્રેરણામય નિવડશે.

આ સંદર્ભ પુસ્તક ભકત શ્રી કીર્તિભાઇ ધોળકીયાએ લાંબા સમયના દાખડા બાદ સૌ માટે તૈયાર કરેલ છે. પ્રસ્તુત પુસ્તકમાં દર્શાવેલ પાત્ર પરિચયમાં કોઇ માહિતી ઉમેરવારૂપે લાગતી હોય તો અમને સંદર્ભ પુસ્તકની યાદી સાથે જણાવવા વિનંતી છે.

આ પુસ્તકમાં પ્રફુ તપાસવામાં પૂ. શ્રી પ્રભુચરણદાસજી સ્વામી, શ્રી હરિમુકુંદદાસજી સ્વામી, સુરત ગુરુકુલના શિક્ષક શ્રી હરેશભાઇ ભટ્ટ સાહેબ વગેરેનો સહકાર મળ્યો છે.

આ પુસ્તકમાં આર્થિક સેવા આપનાર સુરત નિવાસી પ.ભ. શ્રી ધીરૂભાઇ વલ્લભભાઇ કોટડિયા પણ પ્રખર જ્ઞાનપિપાસુ છે. શ્રીહરિ તેમને સત્સંગ-ભક્તિનું વિશેષ બળ આપે તથા તેમને શરીરે સારુ રાખે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

પ્રસ્તુત ગ્રંથમાં સાથે મહંત સ્વામી શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, પૂ. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી તથા અન્ય વડિલ સંતોના પણ આશીર્વાદ અને પ્રેરણા મળેલ છે.

સૌ સંતોના ચરણોમાં વંદન....

સાધુ શ્વેતવૈકુંઠદાસના
સ્નેહ સહ
જય શ્રી સ્વામિનારાયણ

અનુક્રમણિકા

ભાગ-૧ : વચનામૃત અંતર્ગત સાંપ્રદાયિક સંતો-ભક્તો

અનુક્રમણિકા

ભાગ-૧ : વચનામૃત અંતર્ગત સાંપ્રદાયિક સંતો-ભક્તો

અનુક્રમણિકા

ભાગ-૨ : વચનામૃત અંતર્ગત પૌરાણિક પાત્રો

અનુક્રમણિકા

ભાગ-૨ : વચનામૃત અંતર્ગત પૌરાણિક પાત્રો

અનુક્રમણિકા

ભાગ-૨ : વચનામૃત અંતર્ગત પૌરાણિક પાત્રો



અનુક્રમણિકા

ભાગ-૧ : વચનામૃત અંતર્ગત સાંપ્રદાયિક સંતો-ભક્તો

કક્કાવારી પ્રમાણે અનુક્રમણિકા

અનુક્રમણિકા

ભાગ-૧ : વચનામૃત અંતર્ગત સાંપ્રદાયિક સંતો-ભક્તો

કક્કાવારી પ્રમાણે અનુક્રમણિકા

અનુક્રમણિકા

ભાગ-૨ : વચનામૃત અંતર્ગત પૌરાણિક પાત્રો

કક્કાવારી પ્રમાણે અનુક્રમણિકા


અનુક્રમણિકા

ભાગ-૨ : વચનામૃત અંતર્ગત પૌરાણિક પાત્રો

કક્કાવારી પ્રમાણે અનુક્રમણિકા

અનુક્રમણિકા

કક્કાવારી પ્રમાણે અનુક્રમણિકા



ભાગ 1

સાંપ્રદાયિક સંતો - ભક્તો

૧. દાદાખાચર

નામ : ઉત્તમ રાજા, દાદાખાચર

જ્ઞાતિ : કાઠી ક્ષત્રિય

પિતાનું નામ : એભલ ખાચર

માતાનું નામ : સુરબાઈ

જન્મ : સં. ૧૮૫૭ પોષ વદ-છઠ્ઠ બોટાદ

અક્ષરવાસ : વિ.સં. ૧૯૦૯ પોષ સુદ-૬, ગઢપુર

અંગ : શ્રીહરિને વિષે અપાર વિશ્વાસ તથા તેમને પ્રસન્ન કરવાનું અંગ સાથે સેવાનું અંગ.

પ્રથમ પત્નીનું નામ : કુંવરબાઈ

દ્વિતીય પત્ની : જશુબા

વચનામૃતના પાના પાના ઉપર દાદાખાચરનું નામ વણાયેલું છે. તેમની દાસત્વ અને સેવાભક્તિ અજોડ છે. શ્રીહરિએ દાદાની જે જે પરીક્ષા લીધી તેમાં તેઓ સાંગોપાંગ પાર ઉતર્યા છે. તે સાથે સંતોની, ભક્તોની પણ અપાર સેવા કરી છે. પોતે તો સેવા કરી પણ પોતાના કુટુંબે પણ સેવા કરી છે. પોતાનું ધન, ધામ, કુટુંબ અને મન પણ શ્રીહરિની સેવામાં જોડી દીધું. જે કાર્ય સરાહનીય છે. આવી સેવા ભાગ્યે જ કોઈ કરી શકે. તેઓ સદાય શ્રીહરિના ગમતામાં વર્ત્યા છે. દાદાના આવા ઉત્તમ ગુણો જોઈને શ્રીહરિ તેમને ઉત્તમરાય કહીને બોલાવતા. દાદાખાચરે શ્રીહરિની એકધારી ૨૮ વર્ષ સુધી સેવા કરી છે. (૧)

શ્રીહરિ વર્ણીવેષે લોએજ પધાર્યા. પછી દાદા ખાચરનો જન્મ થયો છે એટલે દાદાનું બાળપણ શ્રીહરિની સામે જ ઉછેરાયું છે. શ્રીહરિ પ્રથમ વાર ગઢડા પધાર્યા ત્યારે દાદા ફક્ત ૪ વર્ષના જ હતા. કુડકપટ અને રાજ્ય ખટપટના એ જૂના રજવાડામાં પિતા એભલ ખાચરે દાદાનો હાથ શ્રીહરિને સોંપી તેનું સર્વ પ્રકારે

રક્ષણ કરવાનો કોલ લઈ પોતે ધામમાં ગયા. (૧)

જેમ અર્જુનને શ્રીકૃષ્ણમાં સંપૂર્ણ વિશ્વાસ હતો તેમ દાદાને શ્રીહરિમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હતા. શ્રીહરિના એક ઈશારે તેમણે પોતાનો સઘળો ગામ ગરાસ તાંબાના પતરે શ્રીહરિને સમર્પણ કર્યો અને પોતે એક સેવક તરીકે ગઢડામાં રહી સઘળો કારભાર સંભાળી શ્રીહરિની સેવા કરતા. (૧)

શ્રીહરિ **ગઢડા 'અંત્યના ૨૪માં** વચનામૃતમાં સંતો ભક્તોના અંગની વાત કરતા દાદાખાચર વિષે કહે છે કે, દાદાખાચરને અમારામાં વિશ્વાસનું અંગ છે.

જેનો એક પ્રસંગ જાણીએ :

ગઢડાના દરબારગઢમાં ઉગમણા, બારના ઓરડાઓનું ચણતર કામ ચાલતું હતું ત્યારે શ્રીહરિ ત્યાં જઈને ઓરડાના પાયા વિષે, દીવાલ વિષે જરૂરી સૂચના આપતા. તે પ્રમાણે કડિયા દીવાલ ચણે. સાંજે અડધી-પોણી દીવાલ ચણાઈ ગઈ હોય ત્યારે મહારાજ પધારે અને કહે, દાદા આ દીવાલ સહેજ ત્રાંસી લાગે છે. આને પાડીને ફરીવાર ચણો. ત્યારે દાદા હા પાડે અને બીજા દિવસે ફરીવાર ચણાવે ત્યારે વળી બીજા દિવસે મહારાજ આવે ને તે જ પ્રમાણે કહે કે, આ દીવાલ હજી ત્રાંસી લાગે છે. ફરીવાર બનાવો. તો દાદા સંમતિ આપે ને બીજા દિવસે દીવાલ પાડીને નવી બનાવે. હવે દીવાલ બાબતનું કામ આપણા કરતા કડિયાને વધારે ફાવતું હોય. તે કરતા હોય તે બરાબર જ કરતા હોય. તેમ છતાં મહારાજ આવીને દીવાલ ફરીવાર ચણવાનું કહે. આમ ઘણીવાર થયું. તેમ છતાં દાદા ખાચરને જરાય કંટાળો ન આવ્યો કે સંશય ન થયો અને મહારાજની મરજીમાં પોતાની મરજી માની કામ નવેસરથી કરાવતા. (૧) દાદાને મહારાજમાં અપાર વિશ્વાસ હતો કે, મહારાજ જે કરતા હશે તે બરાબર જ કરતા હશે. આવો અટલ વિશ્વાસ જોઈ શ્રીહરિ કહેતા કે, દાદાને અમારામાં વિશ્વાસનું અંગ છે.

શ્રીહરિ દાદાને નાના ઘડામાં કોળુ નાખવા કહે, તો પોતે તેમાં કોળું નાખવા લાગે. સામાન્ય બુદ્ધિથી પણ ખબર પડે કે નાના ઘડામાં કોળું ન જાય. છતાં દાદાને મહારાજમાં વિશ્વાસ કે, મહારાજ કહે એટલે ઘડામાં કોળું જાય જ, પણ મને નાખતા નથી આવડતું.

શ્રીહરિએ વચનામૃતમાં દાદાને યાદ કર્યા છે. તે જોઈએ :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૪મું :

શ્રીહરિ દાદાખાચર વિષે ઉલ્લેખ કરતા કહે છે કે, જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા કોઈક આપાત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહિ અને ઝાઝી સંપત્ કે આપત્ આવે એની વાત શી કહેવી ? પણ આ દાદાખાચરને થોડું જ આપાત્કાળ જેવું આવ્યું હતું તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાણું હશે.

તો દાદાને આવો આપત્કાળ શું આવ્યો હતો તે જોઈએ :

ગઢડામાં જીવા ખાચર રહેતા હતા તે શ્રીહરિના ભક્ત અને દાદાના કાકા થતા હતા. પરંતુ મહારાજ દાદાનો પક્ષ લેતા તે તેમને ગમતું નહીં. તેથી દાદાને મદદ કરનાર પોતાના દુશ્મન છે તેમ તેઓ માનતા. આથી દાદાનો દરબાર લૂંટી મહારાજને અને દાદાને પકડવા યોજના કરી. આથી તેમણે પોતાના મળતીયા માથાભારે કાઠી ભડલીવાળા ભાણખાચર અને જેઠો ગોવાળિયા આદિ ૨૦૦ લડવૈયાને માંડવધારમાં ભેગા કરી કસુંબા પાણી કરાવીને તૈયાર કર્યા અને ઠરાવ કર્યો કે સવારે એક સાથે હલ્લો બોલાવી દાદાના દરબારને લૂંટી લેવો. પણ અંતર્યામી પ્રભુએ આ વાત જાણી અને દાદાને જણાવ્યું. દાદાએ પોતાના સાથી કાઠીઓને ભેગા કર્યા અને જીવાખાચરના કપટની વાત જણાવી. તે સમયે મહારાજ બોલ્યા કે, દાદાને થોડો આપાત્કાળ આવ્યો છે. તો આપણે કેમ કરવું ? ત્યારે જે શૂરવીર અને મહારાજમાં દૃઢ શ્રદ્ધાવાળા હતા તે ધીંગાણુ કરવા તરત તૈયાર થઈ ગયા. પણ કેટલાક કાઠીઓએ એવો મત વ્યક્ત કર્યો કે, ગરાસ તો દાદાખાચર ખાશે તેમાં મહારાજ આપણા માથા કપાવવા માંગે છે. આ સાંભળી મહારાજ કહે, હવે બધા વાળું કરીને સૂઈ જાઓ સવારે વાત. એમ કહી મહારાજે બધાને પોઢાડી દીધા અને પોતે અડધી રાત્રે ઊઠી કરીમ ભગત અને નાજા જોગીયાને લઈને એકલા માંડવધારના રસ્તે ચાલ્યા. ત્યારે નાજા જોગીયા કહે મહારાજ આપણે ત્રણ જણા જ છીએ અને સામે ૨૦૦ માણસો છે ત્યાં જવું તે વાઘની બોડમાં જવા જેવું છે ત્યારે મહારાજે તેને કહ્યું કે, તમને ભય લાગતો હોય તો પાછા જાઓ. એમ કહી માંડવધાર ગામના ચોરે પહોંચી ગાડું છોડાવીને તેનો હડો ઊંચો કરી એવો જોરથી પછાડ્યો કે બ્રહ્માંડ ફાટી જાય એવો કડાકો થયો.

આ ભયંકર અવાજ સાંભળી સુતેલા લડવૈયા ભય પામીને ભાગી ગયા. મહારાજ પણ તલવાર તાણીને બોલ્યા કે, આ ગામમાં કોઈ રહેશે તેનું માથું સવારે કપાઈ જશે. આથી ગામલોકો પણ ગભરાઈને ભાગી ગયા. આમ કપટવાળા માણસોને ભગાડી પોતે ગઢડા આવીને કોઈને ખબર ન પડે તેમ સૂઈ ગયા. સવારે જીવા ખાચરે આ વાત જાણી ને પોતે કપટમાં પાછા પડ્યા અને મનમાં સમસમી બેસી રહ્યા. (૨)

આમ, મહારાજે દાદાખાચરની આપાત્કાળમાં રક્ષા કરી.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :

શ્રીહરિ કહે છે કે, પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે. તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટાળવી કઠણ ન પડે. જેમ દાદાખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી, તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે...!

દાદાખાચર તથા તેમના ઘરના સર્વે કુટુંબીજનો લાડુબા, જીવુબા વગેરેએ શ્રીહરિનો પૂરો મહિમા જાણ્યો હતો કે, આ શ્રીહરિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન છે. તે આપણા જીવનું કલ્યાણ કરશે. તેથી તેઓ શ્રીહરિની ખૂબ સારસંભાળ લેતા તથા પ્રભુ કોચવાય તેવું કોઈ વર્તન કરતા નહિ. પોતાનો સ્વભાવ પણ જો મહારાજની સેવામાં અંતરાય કરે તો તેવા સ્વભાવનો પણ તેઓ ત્યાગ કરતા.

એકવાર શ્રીહરિએ કહ્યું કે, દાદા ! તમે રહો છો તે ઓરડા ખાલી કરી આપો. અમારે ત્યાં રહેવું છે. ગૃહસ્થ રહેતા હોય ત્યાં અનેક વસ્તુઓ પડી હોય તેને બીજે ઠેકાણે લઈ જવી એ કઠણ કામ છે. બહેનોએ જે રીતે ગોઠવણી કરી હોય તેમાં તેઓને ફેરફાર કરવો પડે તે ગમે નહિ. તેમ છતાં મહારાજની ઇચ્છામાં પોતાની ઈચ્છા ભેળવી પોતાના ગમા અણગમાનો વિચાર કર્યા વિના શ્રીહરિએ કહ્યું એમ કરવાનું જ; એમ વિચારી બહેનોએ તુરત પોતાના ઓરડા ખાલી કરી શ્રીહરિને નિવાસ માટે આપી દીધા. શ્રીહરિએ આવું તો અનેક વાર કર્યું. દાદાએ પોતાનું ધન, ધામ, કુટુંબ પોતાનો ગમો-અણગમો વગેરે શ્રીહરિને અર્પણ કરી દીધેલ તેથી શ્રીહરિએ તેમના આ રીતે વખાણ કરી તેમની પ્રકૃતિને બિરદાવી છે. (૧)

દાદાખાચરે શારીરિક પીડાનું દુઃખ ભોગવેલું. તેમને ૧૧ દિવસ પેશાબ બંધ

થઈ ગયેલ છતાં મહારાજ પાસે ફરિયાદ ન કરેલ.

દાદાની પોતાના ઉપર કેવી નિષ્ઠા છે ? તે ચકાસવા શ્રીહરિ તેમની અનેક વાર પરીક્ષા લેતા, પણ એ પરીક્ષામાં દાદા સાંગોપાંગ પાર ઉતરતા. પોતાના ગામગરાસનો કોર્ટ કેસ ભાવનગરમાં ચાલતો ત્યારે શ્રીહરિ તેને સફળતાના આશીર્વાદ આપી ભાવનગર કે રાજકોટ મોકલતા. છતાં કોર્ટમાં સફળતા ન મળતી. વારંવાર નિષ્ફળતા મળતી. તેમ છતાં દાદાખાચરને એવો જરાય અવિશ્વાસ ન આવતો કે આ શ્રીહરિ ભગવાન કહેવાય છે. મને આશીર્વાદ આપી મોકલે છે. છતાં આશીર્વાદ કેમ સફળ નથી થતા ? આ ભગવાન હશે કે નહીં હોય ? તેવો જરાય ભાવ પણ ન થતો. આવી નિષ્ઠા, આવો વિશ્વાસ ભાગ્યે જ બીજામાં હોય. (૧)

શ્રીહરિ પોતે ભગવાન છે તેની નિષ્ઠા દાદામાં કેટલી છે ? તે ચકાસવા શ્રીહરિ મનુષ્ય ચરિત્ર કરતા. દાદાના ઓરડામાં હિંચકા ઉપર પોતે હિંચકતા. વળી શ્રીહરિના હાથ લાડુબા અને જીવુબાના ખભા ઉપર હોય અને હિંચકા ખાતા હોય. તે સમયે દાદાને શ્રીહરિ હિંચકો નાંખવાનું કહેતા. તો પણ દાદાને શ્રીહરિના આ ચરિત્ર ઉપર જરાય સંશય ન થતો. ઉલ્ટાનું શ્રીહરિ પૂછે ત્યારે જવાબ આપતા કે, બેન-બનેવી હિંચકો ખાતા હોય તેમાં સંશય શું કરવાનો ? તમે તો પુરુષોત્તમ નારાયણ છો અને આ બે બહેનો રાધિકાજી અને લક્ષ્મીજી છે. તમારી સેવા મને મળી તે મારું મોટું ભાગ્ય છે, આવું દાદાખાચર કહેતા. આવું બીજાથી થઈ ન શકે ! (૧)

સત્યુગમાં જે ચરિત્રો સંભવે તેવા દિવ્ય અને માનુષી ચરિત્રો, આવી કપરી કસોટી શ્રીહરિ કરતા પણ દાદાને શ્રીહરિમાં પ્રેમ, વિશ્વાસ, નિષ્ઠા જરાય ઓછી ન થતી.

દાદાને પ્રથમ લગ્નથી સંતાન ન હતું. તો શ્રીહરિએ તેમને ફરી લગ્ન કરવા દબાણ કર્યું. દાદા માનતા ન હતા ભગવાન પોતે સમજાવતા પણ દાદા લગ્ન કરવા રાજી ન હતા. (૧)

ખૂબ સમજાવતા અંતે દાદા તૈયાર થયા. પણ એક શરતે રાજી થયા કે મારી જાનનો રથ તમે હાંકો તો હું લગ્ન કરું. તો શ્રીહરિ એ પ્રમાણે સંમત થયા. અર્જુનનો રથ જેમ શ્રીકૃષ્ણે વહન કર્યો તે રીતે ભગવાન દાદાના સાચા અર્થમાં

સારથી થયા. શ્રીહરિ પોતાના આશ્રિત ગૃહસ્થોને સંતાન થાય તેવા આશીર્વાદ આપતા. તો મને પ્રભુ શા માટે સંતાનના આશીર્વાદ નથી આપતા ? તેવો સંશય પણ દાદાના મનમાં ન થયો ને શ્રીહરિની આજ્ઞાથી ફરી જાન જોડી. નાના બાળકને જેટલો પોતાની મા ઉપર વિશ્વાસ હોય તેના કરતા પણ દાદાને શ્રીહરિમાં વધારે વિશ્વાસ હતો એમ કહીએ તો કશું ખોટું નથી. એટલે તો દાદાના સમગ્ર યોગક્ષેમની ચિંતા શ્રીહરિ કરતા. (૧)

ગઢપુરમાં શ્રીહરિ મંદિર કરાવતા હતા ત્યારે દાદાખાચરે પોતાનું સમગ્ર ધન અને અસ્તિત્વ શ્રીહરિના ચરણે ધરી દીધું. (૧)

શ્રીહરિએ આ દેહનો ત્યાગ કરી અક્ષરધામ સિધાવ્યા ત્યારે દાદાને તે વિરહ સહન થઈ શક્યો નહિ અને શ્રીજીની ચિતામાં સળગવા તૈયાર થયા. ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ તેમને પકડી રાખ્યા અને બેઠકે મોકલ્યા. તો ત્યાં શ્રીહરિએ દાદાને પ્રત્યક્ષ દર્શન આપી આશ્વાસન આપી શોક ન કરવા આજ્ઞા આપી. અને આજ્ઞાંકિત ભક્તે તે પછી ભક્તિમાં પોતાનું ચિત્ત જોડી દીધું. (૧)

થોડાક વર્ષોમાં જ દાદાખાચરે વિ.સં. ૧૯૦૯માં ગઢપુરમાં જ પોષ સુદ-છઠ્ઠના દિવસે પોતાનો દેહ છોડી દઈ શ્રીજીના સાંનિધ્યમાં અક્ષરધામ સિધાવ્યા. એ વખતે દાદાખાચરની ઉંમર ફક્ત ૫૨ વર્ષ હતી. મહારાજ ધામમાં ગયા બાદ પોતે વિરહમાં ૨૩ વર્ષ વિતાવ્યા.

★ **લોયાના ૩જા વચનામૃત**માં શ્રીહરિએ માહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય હોય તેના કેવા લક્ષણો હોય ? જે ભગવાન અને સંતને અર્થે ધનનો, કુટુંબનો, રાજ્યનો ત્યાગ કરે તો એવા ભક્તોમાં મહારાજ દાદાખાચરને યાદ કરે છે. તો તેવા પ્રસંગો જોઈએ :

શ્રીહરિએ દાદાની પરીક્ષા લેવા તેમનો ગામ-ગરાસ પોતાને નામે કરી દેવા જણાવ્યું. તો દાદાએ કોઈ સંશય રાખ્યા વગર પોતાનું ધન, ધામ, ગરાસ વગેરે શ્રીહરિના નામે કરી દીધો. તે કાર્ય શ્રીહરિમાં અતૂટ વિશ્વાસ અને નિષ્ઠા દર્શાવે છે. વળી મહારાજે કહ્યું કે, તમે ગામ છોડીને જતા રહો. તો પોતે જવા તૈયાર થયા અને પૂછ્યું કે, તમે હવે શું કરશો ? તો દાદા કહે, હું કારિયાણી જઈને નોકર તરીકે કામ કરીશ. તો આમ કરવામાં દાદાને કુળની લાજ આડી ન આવી. તેમણે લોકલજ્જાનો ત્યાગ કર્યો. વળી શ્રીહરિ અને સંતને વિષે પોતાનું સમગ્ર જીવન,

પોતાનું મન, પોતાનો આત્મા, પોતાનો દેહ પણ અર્પણ કરી દીધો. તે શું નાની વાત છે ? કદાચ કોઈ પોતાના ધન, ધામનો ભગવાનને અર્થે ત્યાગ કરે, પણ પોતાનું મન પ્રભુને ચરણે ધરી દેવું અને પ્રભુની મરજી તે પોતાની મરજી તે કરવું કઠણ છે. જે કામ દાદાખાચરે કર્યું. કે પોતે અને પોતાનું કુટુંબ સર્વે શ્રીહરિના ચરણે ધરી દીધું. તેથી વચનામૃતમાં પાને પાને દાદાનું નામ આવે છે અને પોતે શ્રીહરિના કૃપાપાત્ર બન્યા છે. (૧)

દાદાખાચરને બે પુત્રો હતા. બાવાખાચર અને અમરાખાચર.

★ **પાદટીપ :**

(૧) **સ્વામિ. ભગવાનના ભક્ત દાદાખાચર :** શાંતિકુમાર ભટ્ટ, વડતાલ કાનજી ભગત પાના નં. ૧થી ૨૮

(૨) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો.** વાર્તા નં. ૯૯, વડતાલ મંદિર વર્ષ : ૨૦૦૬

●



૨. સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : મુકુંદદાસ

જ્ઞાતિ : રામાનંદી સાધુ

પિતાશ્રી : આનંદરામ

માતુશ્રી : રાધાદેવી

જન્મ સ્થળ : અમરાપર (અમરેલી)

સમય : વિ.સં. ૧૮૧૪, પોષ વદ-૭

સમયગાળો : ૧૮૧૪ થી ૧૮૮૬ અષાઢ વદ એકાદશી

અંગ : દાસત્વ ભક્તિ, શ્રીહરિની ઇચ્છા તે પોતાની ઇચ્છા. સહનશીલતા. રામાયણના કથાકાર. સમજણ અને ધીરજતાના પ્રભાવે સત્સંગની માતાનું બિરુદ પામ્યા.

નાડી વૈદ્ય અને વૈદક શાસ્ત્રના જાણતલ. શ્રીજી મહારાજ તેમના વિષે કહેતા કે, તમે કોઈ પામર જીવનો હાથ ઝાલી તેને ફેંકો તો તે અષ્ટ આવરણ પાર કરી અક્ષરધામમાં પહોંચે તેવી તમારી શક્તિ છે.

નાનપણથી પ્રભુને મેળવવાની ઇચ્છા. બ્રહ્મચર્યનું પાલન કરી પ્રભુને પ્રાપ્ત કરવાનું તાન. સંસાર પ્રત્યે ઉદાસીન. ભગવાન ભજવા માટેની તીવ્ર ઇચ્છાથી ઘર છોડી ગુરુ શોધવાની તીવ્ર આકાંક્ષા હોવા છતાં માતા-પિતાની આજ્ઞાને વશ થઈ લગ્ન કરવા પડ્યા. પણ મનમાં તીવ્ર વૈરાગ્ય અને બ્રહ્મચર્ય પાળવાનું અતિ તાન. આથી ઘર છોડવા માટે ગાંડા થયાનું નાટક કર્યું. ગામના સમજદાર દરબાર, તેમનું નાટક ઓળખી ગયા અને કહ્યું, તમે સાજા છો. શું કામ ગાંડા થવાનું નાટક કરો છો ? ત્યારે કહ્યું : 'મારે અખંડ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી ભગવાન ભજવા છે અને યાત્રા કરવી છે, પછી માતાપિતા પાસે ફરી પરત આવવાની સંમતિ આપી યાત્રા પ્રવાસ કર્યો. પણ તેમનો વૈરાગ્ય તો ચરમસીમાએ પહોંચેલ. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય રાખી ઉર્ધ્વરેતા બનાવે તેવા સદ્ગુરુની શોધ આદરી. જુદા જુદા સ્થળે ગુરુની શોધમાં

ફર્યા પણ એવા સમર્થ ગુરુ મેળવી ન શક્યા. અંતે ફરતા ફરતા સરધાર આવ્યા. ત્યાં તુલસીદાસ મહાત્માને મળી તેના આશ્રમમાં રહી રામાયણની કથા વાંચતા. દરમ્યાન સરધારમાં સદ્. રામાનંદ સ્વામી પધાર્યા. આ સમર્થ સંતની દિવ્ય વાણીનો લાભ લેતા મુકુંદદાસને અંતરમાં અનેરી શાંતિ મળી અને તેમના શિષ્ય થવાનું વિચાર્યું. પણ જૂના ગુરુ તુલસીદાસ એમ આવા સારા શિષ્યને રજા ન આપે. તેથી ફરી સત્ ગાંડીયા જેવું વર્તન કરી સદાવ્રત તથા દાનમાં યાત્રાળુ સંતોને અનાજ સાથે વાસણો પણ આપવા માંડ્યા. તુલસીદાસ ખીજાયા. મુકુંદદાસ કહે, મને આવું ગાંડપણ થયા જ કરે છે. તમારે મારી જરૂર ન હોય તો મને રજાચિઠ્ઠી લખી દો.

ગુરુને થયું આવા ગાંડા શિષ્યને રાખવા કરતા રજા આપવી સારી. એમ માની તુલસીદાસે તેને રજા આપી. આ ચિઠ્ઠી લઈ મુકુંદદાસ ગુરુ રામાનંદ સ્વામી પાસે બંધીયા આવ્યા. સ્વામીએ પણ તેમની આકરી પરીક્ષા લઈ તેમને પોતાના શિષ્ય બનાવ્યા અને મુક્તાનંદ સ્વામી એવું નામ પાડ્યું. (૧)

મુક્તાનંદ સ્વામીનો તીવ્ર વૈરાગ્ય, અપાર મેધા તથા જ્ઞાનશક્તિ જોઈ રામાનંદ સ્વામીએ તેમને સંસ્કૃત ભણવા માટે ભૂજ મોકલ્યા. ત્યાં તેમને રહેવા માટે ભૂતોવાળી ઓરડી મળી. પીપળા નીચે વિદ્યાભ્યાસ કરતા હતા ત્યારે ભૂતો આવ્યા અને તેમનું કલ્યાણ કરવાની વિનંતી કરતા સ્વામીએ બધા ભૂતોને વર્તમાન ધરાવી બદ્રીકાશ્રમમાં મોકલી દીધા અને ભૂતોનો ઉદ્ધાર કર્યો. અભ્યાસ પૂરો કરી રામાનંદ સ્વામીના લોએજના આશ્રમમાં આવી વસ્યા. (૧)

શ્રીહરિ વન-વિચરણ પૂર્ણ કરી ફરતા ફરતા લોએજ પધાર્યા અને મુક્તાનંદ સ્વામીને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એટલે શું ? તેવા પ્રશ્નો પૂછ્યા. શ્રીહરિને આના સાચા ઉત્તર પ્રાપ્ત થતા લોએજમાં રોકાયા. તે સમયે ગુરુ ભૂજ હતા. આશ્રમની જવાબદારી મુક્તાનંદ સ્વામી સંભાળતા. તેથી શ્રીહરિ પણ તેમની આજ્ઞામાં રહ્યા થકા ગુરુ રામાનંદ સ્વામીની રાહ જોતા લોએજ રોકાયા.

સમર્થ મુક્તાનંદ સ્વામી ગુરુકૃપાથી પોતાના અંતરમાં ગુરુ રામાનંદ સ્વામીના પ્રત્યક્ષ દર્શન કરી શકતા. આવા સમર્થ સંત હોવા છતાં તેમનામાં નમ્રતા અને નાની વયના માનવી પાસેથી સાચી વાત સમજવાની અને તેને સ્વીકારવાની કળા અદ્વિતીય હતી. શ્રીહરિએ આશ્રમમાં ભાઈઓ-બહેનોની સભા જુદી કરાવી, આશ્રમમાં ગૃહસ્થ ઘરમાંથી અગ્નિ લેવાનો ગોખલો પુરાવ્યો, ત્યાગીઓએ સંગ વિના ન ચાલવા વગેરે જેવા સુધારાઓનો તેમણે તુરત અમલ કર્યો. (૧)

શ્રીજી મહારાજ કરતા મુક્તાનંદ સ્વામી વયમાં ૨૩ વર્ષ મોટા હતા અને વળી તેમના મોટા ગુરુભાઈ પણ હતા, તેથી શ્રીહરિ તેમનું ખૂબ માન રાખતા, તેમને આદર આપતા. તેથી જ મુક્તાનંદ સ્વામીને શ્રીહરિ પોતાના ચરણની સેવા ન આપતા. જેનો મુક્તાનંદ સ્વામીને ખૂબ રંજ રહેતો. (૧)

શ્રીહરિ સંતો તથા સખા ભક્તજનો સાથે ઘણીવાર આનંદપ્રમોદ કરતા હોય ત્યારે જો મુક્તાનંદ સ્વામી આવે તો શ્રીહરિ તરત જ ચુપ થઈ જતા. આવું તેમનું માન રાખતા. (૧)

મુક્તાનંદ સ્વામીમાં માયાનો જરા પણ અંશ ન હતો તેથી શ્રીહરિ તેમને ક્યારેય સમાધિ ન કરાવતા. જો સમાધિ કરાવે તો સ્વામી સમાધિમાંથી ક્યારેય બહાર ન નીકળે અને ધામમાં જ નિવાસ કરીને રહે. મુક્તાનંદ સ્વામીની શ્રીહરિને તથા આ સત્સંગને ખૂબ જરૂર છે તેમ શ્રીહરિ માનતા. આથી સ્વામીને સમાધિનું સુખ ન આપતા એવો સંતોનો અભિપ્રાય છે. (૧)

મુક્તાનંદ સ્વામી નખશીખ પ્રેમ અને નમ્રતાની મૂર્તિ હતા. એકવાર દ્વૈષી નાગડા બાવા તેમને મારવા માટે હથિયાર લઈને આવ્યા ત્યારે સ્વામી જરાય અચકાયા કે ગભરાયા વગર બાવાઓને દંડવત્ પ્રણામ કરી મધુર વચને બોલાવ્યા કે, તમે તો ધર્મરાજાના પાર્ષદ છો તથા અમારી રક્ષા માટે આવ્યા છો. આમ કહેતા ક્રોધિત બાવાઓ તુરત જ શાંત થઈ ગયા અને સ્વામીના ચરણમાં પડીને માફી માંગી. છતાં તેમના આ ગુણને સ્વામી શ્રીહરિની મળેલ પ્રસાદીરૂપે માની નિર્માનીભાવે રહેતા. પથ્થર હૃદયના માણસને પણ તેઓ પીગળાવી મીણ જેવો નરમ કરી નાખતા તેવા ગુણનિધિ હતા. ક્રોધ તો તેમની પાસે કદી ફરકતો નહીં. (૧)

મુક્તાનંદ સ્વામીની સેવામાં રહેલા એક નાનો શિષ્ય વિદ્યાભ્યાસની લગનીમાં ખીચડીને જોયા-વીણ્યા વગર બનાવતો. તેમાં કાંકરા આવતા. છતાં તેઓ શિષ્યને ક્યારેય કશું કહેતા નહીં. કાંકરાવાળી ખીચડી જમી લેતા. સ્વામી એવા ક્ષમાશીલ હતા. (૧)

પોતાનો દ્રોહ કરનાર કે તેમને મારી નાખવાનો સંકલ્પ કરનાર વ્યક્તિ, દ્વેષી ઉપર પણ તે હંમેશાં ક્ષમાભાવ રાખી તેને હંમેશ માફ કરી દેતા. એકવાર કોઈ અણઘડ સાધુએ ઓસરીની કિનાર પર પગ ધોઈ પાથરણું પલાળ્યું, તો મુક્તાનંદ સ્વામીએ તેને મીઠી ભાષામાં ટકોર કરી. તો પેલા સાધુએ તેમને કૂવામાં ડૂબાડી

દેવાનો સંકલ્પ કરી રાત્રે કુવા પાસે લઈ ગયો. પણ સ્વામી તેનો સંકલ્પ જાણી ગયા. પાછળથી આ સાધુને પોતાની ભૂલ સમજાણી અને સ્વામી પાસે માફી માગતા તેને ક્ષમા આપી. (૧)

સત્સંગની 'મા' નું બિરુદ :

એકવાર રાજસ્થાન બાજુ મુક્તાનંદ સ્વામીનું ૫૦ સંતોનું મંડળ ગામડાં ફરવા ગયું. આ પ્રદેશ સત્સંગ માટે નવો હતો તેથી સંતોને ત્રણ દિવસ સુધી ભિક્ષા ન મળી. તે સમયે સંતોના નિષ્કામી વર્તમાન જોઈ કોઈ ભૂદેવને સંતોનો ગુણ આવ્યો અને તેણે ખીચડી બનાવી. ને સંતોને ચોથા દિવસે અન્ન મળ્યું. જ્યાં સંતો જમવા જાય ત્યાં આત્માનંદ સ્વામી બોલ્યા કે, સંતો કોઈ જમશો નહીં. ખીચડીમાં ઘી નાખ્યું હોય તેમ લાગે છે. તે સમયે ઘી ખાવાની મહારાજે ના પાડેલ. આથી ઘીવાળી ખીચડી વર્તમાન લોપે માટે આત્માનંદ સ્વામી જમવાની સંતોને ના પાડતા હતા. હવે ત્રણ દિવસના ભૂખ્યા સંતોને માંડ આજે ભોજનનો મેળ ખાધો, વળી ભૂદેવે પ્રેમથી ખીચડી બનાવેલ. જો સંતો ન ખાય તો ભૂદેવને દુઃખ થતું. તેથી મુક્તાનંદ સ્વામી કહે, સંતો ખીચડીના પારણા કરો. આજ્ઞા લોપાય છે તો તેનું પાપ મારા માથે. મહારાજ જે દંડ કરે તે હું ભોગવી લઈશ માટે સંતો તમે નિશ્ચિંત રહો. આમ સ્વામીએ વચલો રસ્તો કાઢી સંતોને જમાડ્યા. પછી જ્યારે મંડળ ગઢડા પહોંચ્યું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને સઘળી વાત જણાવી પોતાને આજ્ઞા લોપ બદલ દંડ આપવાની માગણી કરી ત્યારે મહારાજ તેમની વ્યાવહારીકતા જોઈને ખૂબ રાજી થયા અને સ્વામીને ભેટી પડ્યા કે, સ્વામી તમે તો સત્સંગની મા છો. જેમ મા બાળકનું સર્વ પ્રકારે ધ્યાન આપે તેમ તમે સત્સંગનું અને સંતોનું ધ્યાન રાખો છો. માટે તમે યોગ્ય નિર્ણય કર્યો છે માટે તમને ધન્યવાદ છે.

આમ, સ્વામીએ સત્સંગનું ખરાબ ન લાગે, ભૂદેવને દુઃખ ન થાય તથા સંતો ભૂખ્યા ન રહે. તે ત્રણેય વસ્તુનું ધ્યાન રાખી વ્યવહારૂ નિર્ણય લઈ સત્સંગની 'મા' નું બિરુદ પામ્યા. (૪)

સ્વામી સંસ્કૃત, ગુજરાતી, હિંદી, વ્રજ ભાષા વગેરે ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવતા હતા. તેઓએ અનેક કીર્તનો રચ્યા છે. જેનો પાઠ કરવાથી જીવમાં અપાર શાંતિનો અનુભવ થાય છે. તેમના રચેલા અનેક પદો આજે સંપ્રદાયમાં કાયમ ગવાય છે. આરતી, ગોડી વગેરે તેમની પ્રખ્યાત રચના છે.

વચનામૃતમાં પ્રશ્નો :

શિક્ષાપત્રીમાં પણ શ્રીહરિએ પોતાના પ્રિય સંતોની યાદીમાં સદ્. મુક્તાનંદ સ્વામીનું નામ પ્રથમ લખેલ છે.

વચનામૃત ગ્રંથમાં પોતે હરિભક્તો વતી, સંતો વતી, મુમુક્ષુઓ વતી શ્રીહરિને મોક્ષમાર્ગ સંબંધી ૯૨ પ્રશ્નો પૂછી શ્રીહરિનું માર્ગદર્શન મેળવી ભક્તોને યથાયોગ્ય જ્ઞાન પૂરું પાડ્યું છે. પોતે તો મહાજ્ઞાની અને સર્વશાસ્ત્રોના જ્ઞાતા હોવા છતાં અજાણ્યા થઈ મુમુક્ષુના હિતાર્થે સત્સંગના પ્રશ્નો પૂછી સત્સંગીઓની ખૂબ મોટી સેવા કરી છે અને પોતાના દાસપણાના અંગેની સૌને પ્રતીતિ કરાવી છે. સૌને લાગુ પડે તેવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ઉત્કર્ષ માટેના પ્રશ્નો પૂછી ભક્તો-સંતોને મોક્ષમૂલક ભાથુ બાંધી આપ્યું છે.

લોયાનું ૩જુ વચનામૃત :

માહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય હોય તે પોતાનું ધન, ધામ, કુટુંબ, લોકલજ્જાનો ત્યાગ કરે તેવું વચનામૃત લોયાના ૩માં કહ્યું છે. જેમાં શ્રીજીએ મુક્તાનંદ સ્વામીને યાદ કર્યા છે. તો તેવી નિષ્ઠા સ્વામીમાં હતી. પોતાને ભગવાન ભજવા હતા અને સંસારમાંથી છુટા પડવું હતું. તો પોતે લોકલજ્જાનો ત્યાગ કરી જાણીને ગાંડાની પેઠે વર્ત્યા. પોતે ઉંમરમાં મોટા હોવા છતાં શ્રીહરિ પાસે દાસભાવે વર્ત્યા. ભગવાન માટે તેણે પોતાના કુટુંબનો ત્યાગ કર્યો. પત્નીનો ત્યાગ કર્યો. શ્રીજી પાસે નિર્માનીભાવે રહ્યા. એ દર્શાવે છે કે, તેમને શ્રીહરિ પ્રત્યે કેટલી નિષ્ઠા હશે? તથા શ્રીહરિનું કેટલું માહાત્મ્ય હશે ?

પોતે રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય હોવા છતાં શ્રીહરિ પાસે દાસભાવે રહ્યા. નહીં તો રઘુનાથદાસ, વાલબાઈ, હરબાઈ જેવાએ શ્રીહરિનું શરણું ન સ્વીકાર્યું અને જુદા થઈ ગયા ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિ પાસે દાસભાવે રહી તેમની સેવા કરી. એ દર્શાવે છે કે તેમને શ્રીહરિમાં કેવી નિષ્ઠા હતી. વળી બીજા સંતો કે નાના સંતો પાસે પણ તેઓ નિર્માનીભાવે રહી સંતોનું માહાત્મ્ય સમજતા. (૨)

શ્રીહરિએ વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીનો કયાં ? કયા પ્રકારે ઉલ્લેખ કર્યો છે તે જોઈએ :

વચનામૃત લોયા ૬ઠ્ઠામા શ્રીહરિ કહે છે કે, 'ભગવાનનું ધ્યાન ભજન કરતા ભૂંડા ઘાટ થાય ત્યારે ભગવાનને પ્રાર્થના કરવી. તાળી વગાડીને નિર્લજ્જ થઈને

ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ નામનું ભજન કરવું તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેના નામ લઈને તેની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.

સ્વામી ભગવાન જેવા મોટા છે એમ મહારાજે તેમનો મહિમા ગાયો છે તથા ઘાટ સંકલ્પ થાય ત્યારે તેમને યાદ કરવાની આજ્ઞા કરી છે.

★ વચનામૃત કારિયાણીનું ૩જું :

શ્રીહરિ કહે છે કે, આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે પણ મંદ તો પડતો નથી, માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.

આમ, મુક્તાનંદ સ્વામીનો પણ સત્સંગમાં ચડતો ને ચડતો રંગ છે. તેઓ પરમ ઉપમાલાયક સંત છે.

★ વચનામૃત લોયાનું ૧૩મું :

... અને નારાયણને લઈને તો જેને વિષે મોટપ કહીએ એને વિષે સંભવે અને એને લઈને બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય અને હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈને તો એમને પણ ભગવાન જેવા કહેવાય.

★ વચનામૃત લોયાનું ૧૭મું :

....પંચવિષયનો અતિશય અભાવ ન થયો હોય તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે.

... જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથુ શસ્ત્રે કરીને મુકાવી દે તેવો દ્રોહ કરે.

મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંતનો દ્રોહ કેવા સંજોગોમાં થયો ? તે વાત જાણીએ :

સભામાં જ્ઞાનવાર્તા ચાલતી હતી ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને સહજપણે પૂછ્યું કે, આ સભામાં દાદાખાચર, સોમલાખાચર, સુરાખાચર, અલૈયા ખાચર, નાજા જોગિયા વગેરે સત્સંગીઓમાં સર્વથી શ્રેષ્ઠ કોણ ? ત્યારે

વિચારણાના અંતે મુક્તાનંદ સ્વામીએ પોતાનો મત દર્શાવ્યો કે, ભક્તરાજ દાદાખાચર સર્વથી શ્રેષ્ઠ છે. પછી સુરાખાચર અને પછી અલૈયા ખાચરની ગણના થઈ શકે. આ રીતે અલૈયા ખાચરનું માનભંગ થયું કે, મારો ત્રીજો નંબર ? આથી તેમને મનમાં ક્રોધનો અત્યંત આવેશ આવી ગયો અને તેમનો હાથ તલવારની મુઠ ઉપર જતો રહ્યો કે સ્વામીનું માથું કાપી નાખું ? પરંતુ અલૈયા કાંઈ કરી બેસે તે પહેલા શ્રીહરિએ વાતને ચતુરાઈપૂર્વક વાળી લીધી કે, સ્વામી ! તમારું આમાં ધ્યાન પડ્યું નહીં. દાદા ગમે તેમ પણ તે ગૃહસ્થ કહેવાય. જ્યારે અખંડ બ્રહ્મચર્ય વ્રતધારી અલૈયા જેવા તો કોઈ નહીં. અલૈયા તો અલૈયા છે.

ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, હા મહારાજ. મારી ભૂલ થઈ ગઈ. અલૈયા જ સર્વશ્રેષ્ઠ છે. (૬)

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૯મું :

...અમને સ્વપ્ન થયું જે અમે ગોલોકમાં ગયા... ત્યાં કેટલાક તો પરમેશ્વરના કીર્તન ગાય છે. તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીના ગાય છે અને તે કીર્તન ગાતા જાય ને ડોલતા જાય... તે ભેળા જઈને મળ્યા ને અમે કીર્તન ગાવવા લાગ્યા.

★ ગઢડા મધ્યનું ૨૭મું :

પછી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે, તમારે ક્રોધ થાય છે ત્યારે શે નિમિત્તે થાય છે ? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે ?

પછી સ્વામીએ કહ્યું જે, કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે.

★ ગઢડા મધ્યનું ૩૫મું :

...ભગવાનની મૂર્તિની ઉપાસના, ચરિત્ર ને નામ-સ્મરણ એ ત્રણ વાના વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થવું તે તો તુંબડા બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે. ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવા ઇચ્છે તેવો જાણવો ...અને મુક્તાનંદ સ્વામી આદિક સાધુના જે કાવ્ય, કીર્તન ગાવવાં ને સાંભળવા.

★ ગઢડા મધ્યનું ૪૧મું :

...અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મીયાંજી જેવા કોઈક જ કરતા હશે, પણ સર્વથી તો માનનો સ્વાદ

મુકી શકાતો નથી. પછી તે ઉપર મુક્તાનંદ સ્વામીએ તુલસીદાસની સાખી કહી જે :

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૫૮મું :

...પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તેજ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે. એમ કહી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી અને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજો. ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે, પછી શ્રીજી મહારાજનું વચન તેને મુક્તાનંદ સ્વામીએ અતિ આદર કરીને માથે ચડાવ્યું ને શ્રીજી મહારાજને બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

આમ, શ્રીહરિની આ આજ્ઞા સ્વામીએ જિંદગીના અંત સુધી યથાર્થ પાળી. તેમને ક્ષય રોગ જેવી અસાધ્ય બીમારી અને અતિ વૃદ્ધાવસ્થાને લીધે અશક્ત હોવા છતાં તેમણે ગ્રંથો રચવાની સેવા સતત ચાલુ જ રાખી. તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ગદ્ય અને પદ્ય સાહિત્યની રચના કરી છે. જે કાંઈ સાહિત્ય રચ્યું છે તે ઉત્તમ પ્રકારનું જ્ઞાનસભર અને અધ્યાત્મ પોષક છે.

તેમના ગીર્વાણવાણીમા ગ્રંથો જેવા કે,

(१) ब्रह्मसूत्र भाष्य (२) सत्संगिजीवन माहात्म्य (३) निर्णयपंचक (४) हनुमंत्कवच मंत्र स्तोत्र (४) हनुमंदष्टोत्तरशतनामावलि ।

વગેરે ગ્રંથો વેદમય સંસ્કૃત ભાષામાં રચ્યા છે. તે ઉપરાંત પ્રાકૃત ભાષામાં : ધર્માખ્યાન, પંચરત્નમ્, વિવેકચિંતામણિ, ઉદ્ધવગીતા, સત્સંગશિરોમણિ, સતીગીતા, શિક્ષાપત્રીભાષા, વાસુદેવાવતાર ચરિત્રમ્, અવધૂતગીતમ્, કપિલગીતા, નારાયણગીતા, વગેરે એકવીશ ગ્રંથોથી સંપ્રદાયનું પોષણ કર્યું છે. **(૫)**

મુક્તાનંદ સ્વામીને ૩ સંકલ્પ હતા :

(૧) શ્રીહરિની તિરોધાન લીલાના દર્શન કરવા.

(૨) વડોદરામાં રઘુવીરજી મહારાજશ્રીની શોભાયાત્રા કાઢવી.

(૩) ધર્માખ્યાન પુસ્તક લખવું.

આમાં મહારાજની તીરોધાન લીલાના દર્શન તો તેમણે કર્યા, બાકીના ૨

સંકલ્પ પૂરા કરવાનું સદ્. નિત્યાનંદ સ્વામીએ તેમને વચન આપ્યું. જેમાં રઘુવીરજી મહારાજની વડોદરામાં શોભાયાત્રા નિત્યાનંદ સ્વામીએ કરાવી. મુક્તાનંદ સ્વામી ધર્માખ્યાન પુસ્તક લખતા હતા ને વૃદ્ધાવસ્થાની અશક્તિને કારણે તેમની કલમ પડી ગઈ ત્યારે આ ગ્રંથ પૂરો કરવાની હૈયાધારણા નિત્યાનંદ સ્વામીએ આપી અને તે વચન પૂરું પણ કર્યું. (૬)

★ **ગઢડા મધ્ય ૬૨મું :**

...પછી પોતાના ઈષ્ટદેવ છે તે આજ્ઞા કરે તો છેટે જઈને રહે તો પણ રાજી થકો રહે, પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહિ. અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને. એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે. એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી અને બીજા મુક્તાનંદ સ્વામી છે.

...એક તો અતિશય આત્મનિષ્ઠા, બીજું પતિવ્રતાનું અંગ, ત્રીજું દાસપણાનું અંગ એ ત્રણ અંગ વિના કોઈ રીતે જીવનું કલ્યાણ થતું નથી... એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી છે. ...જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારું કરી છે. અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે. એમને શરીરે મંદવાડ છે. તે રખે કોઈ વાતની સમજણમાં ખામી રહી જાય નહિ; એમ જાણીને આ વાર્તા કરી છે.

શ્રીજી મહારાજની પરાવાણીરૂપ વચનામૃતના સંપાદનની સેવા સ્વામીએ સદ્. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી સહિત કરી છે. આખા દિવસમાં શ્રીહરિ સભામાં જે જે જ્ઞાનવાર્તા બોલ્યા હોય તે વાતો આ સંતો યાદ રાખીને સાંજે બધી વાતો નોંધી લેતા. આમ, ચારેય સંતોએ સુંદર સંકલન કરી આ વાતોને વચનામૃત સ્વરૂપે શ્રીહરિને લોયા ગામમાં (વચ-લોયા-૭મું) રજૂ કર્યો. આ ગ્રંથ જોઈને શ્રીહરિ સંતો ઉપર ખૂબ પ્રસન્ન થયા.

મુક્તાનંદ સ્વામીનું એક પ્રખર અંગ હતું કે, શ્રીજીને પ્રસન્ન કરવા. સ્વામીની મોટી ઉંમર હોવા છતાં પોતે ગોપીભાવે હાથમાં કરતાલ લઈને શ્રીહરિ પાસે નાચતા. વળી તે નૃત્ય પણ વિશિષ્ટ ભાતનું હતું. સ્વામી જમીન ઉપર કંકુ છાંટી દેતા અને પછી મૂર્તિને સંભારી નૃત્ય કરતા તો નૃત્યના પગલા એવા વિશિષ્ટ રીતે પડતા કે જમીન ઉપર હાથીનું ચિત્ર ઉપસી આવતું. સ્વામીની આ વિશિષ્ટ કળા જોઈને મહારાજ તેમના ઉપર બહુ રાજી થતા.

★ તેથી જ શ્રીહરિ **ગઢડા અંત્યના ૨૪મા વચનામૃતમાં કહે** છે કે, મુક્તાનંદ

સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તે અંગ છે.

અને સ્વામીનું અંગ પણ એવું જ હતું કે, ભગવાનનું માહાત્મ્ય અને શ્રદ્ધા કાયમ નવી ને નવી જ રહેતી.

★ **શ્રીહરિ સારંગપુરના ૩જા પ્રકરણ**માં સ્વયં કહે છે કે,

જેને ભગવાનની પૂજા-સેવાને વિષે તથા કથાવાર્તા, કીર્તનને વિષે અતિશય શ્રદ્ધા હોય તથા ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય ને એ વાના દિવસે-દિવસે નવા ને નવા જ રહેતા હોય, પણ ક્યારેય ગૌણ ન પડે, જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી.

★ **ગઢડા પ્રથમના ૧૪મા વચનામૃતમાં** શ્રીહરિ સ્વામીના કીર્તનો સભામાં ગવડાવતા કહે છે કે, … અને સૌ કરતા ભગવાનના ભક્ત થવું અતિ કઠણ છે અને ભગવાનના ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે. એમ કહીને તે ઉપર શ્રીજી મહારાજે ભગવાન અને સંતના મહિમાના મુક્તાનંદ સ્વામીના કીર્તનો ગવરાવ્યા :

‘સંત જન સોહી સદા મોહે ભાવે.’

‘નારદ મેરે સંત સે અધિક ન કોઈ.’

‘મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે.’

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૧૩મું :** શ્રીહરિ કહે છે,

…અને જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, મને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું અને કોઈ દિવસ વસ્તીમાં તો આવીશું જ નહિ. એમ મનનો ઠરાવ હતો.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :**

…અને પછી એમ બોલ્યા જે, અહીંની મોટેરી ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી… એમ સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવા રૂડી રીતે વર્તો છો. તથાપિ જો દેશ, કાળ, ક્રિયા સંગ એ ચારને વિષે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ, એ વાતમાં કાંઈ સંશય નથી.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૨૭મું :** શ્રીહરિ કહે છે કે, અમારો પ્રથમ ત્યાગી સ્વભાવ હતો પણ જો શ્રી રામાનંદ સ્વામીના દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા પણ અમારા મનનું ગમતું કાંઈ ન કર્યું.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૩૦મું :** શ્રીહરિ કહે છે કે, ...અને ચોથું એમ જે મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્ત એ જે સર્વે છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહિ? ...એમ સર્વેના હૃદય સામું જોયા કરવું એમ અનુસંધાન રહે છે.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૩૨મું :** પછી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી આદિક સાધુને કહ્યું જે, *विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः* એ શ્લોકનો અર્થ કરો ત્યારે તેમણે રામાનુજભાષ્યે સહિત અર્થ કર્યો.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૩૩મું :** પછી શ્રીહરિ બોલ્યા કે, ધન-દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિષે આસ્થા આવે નહિ... એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેને કોઈ રીતે ભાર આવે જ નહિ.

★ **ગઢડા અંત્યના ૨૪મા** વચનામૃતમાં શ્રીહરિ સંતો, ભક્તોના મુખ્ય અંગની વાત કરે છે કે, મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી અને વિશ્વાસનું અંગ છે. એટલે કે શ્રીજી મહારાજને કોઈ પ્રકારે રાજી કરવા તથા શ્રીહરિમાં અતૂટ વિશ્વાસનું અંગ હતું.

તે અંગેના પ્રસંગની વાત જાણીએ : એક વખત મહારાજે હાથમાં થોડા ચોખા લીધા અને મુક્તાનંદ સ્વામીને કહે આ ચોખાથી ૫ માણસોનું પેટ ભરાઈ જાય ત્યારે સ્વામી કહે, હા મહારાજ! પાંચ માણસો તો જમી જ રહે. વળી શ્રીહરિ કહે, ના ના આમાંથી તો ૧૦ માણસો જમી રહે. ત્યારે સ્વામી કહે, હા. વળી મહારાજ કટકે કટકે કહે, ના, ના આમાંથી તો ૧૦૦ માણસો જમી રહે. ત્યારે સ્વામી કહે, હા મહારાજ. વળી મહારાજ કહે : આમાંથી તો હજાર માણસો જમી રહે, ત્યારે સ્વામી કહે : હા સાચી વાત. હજાર માણસો જમી રહે. (૨)

ત્યારે મહારાજ સ્વામીને કહે, તમે મારી વાતમાં શું હા એ હા કહ્યા કરો છો? ચોખા શેર છે તેમાં હજાર માણસો જમી રહે? એવું તે થાય? ત્યારે સ્વામી

કહે તમે આ જગતના કર્તા અને પોષણકર્તા છો. તમે શેર ચોખાથી નહીં પણ એક ચોખાનો દાણો જમો તો સમગ્ર બ્રહ્માંડના જીવોને પોષણ અને તૃપ્તિ મળી જાય. તમે ધારો તો શું ન થાય ? જેમ શ્રીકૃષ્ણ દ્રૌપદીના અક્ષયપાત્રમાં ભાજીનું એક પાંદડું જમ્યા ત્યાં તો ત્રિલોકીના સર્વે જીવો તૃપ્ત થઈ ગયા, તો આ તો શેર ચોખા છે. તમે તૃપ્તિ મૂકો તો બધા જીવો તૃપ્ત થઈ જાય. આ જવાબ સાંભળી શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા કે સ્વામીને મારામાં કેવો વિશ્વાસ છે ! (૨)

મને કેવા સર્વોપરી માને છે ! મારામાં ભગવાનપણાનો કેવો વિશ્વાસ છે ! તેવું મહારાજ કહેતા.

મહારાજ જે જે પ્રકરણ ફેરવે તે પ્રકરણો પ્રેમપૂર્વક સ્વામી પ્રેમથી પાળતા. વચનમાં શંકા ન કરતા. પોતે તો મહારાજના ગુરુભાઈ હતા તે ધારત તો મહારાજને નિયમોમાં પોતાને છૂટછાટ મૂકવા કહી શકત. પણ તેમણે તેવું ન કર્યું, જેમ નાના સંતો સંપ્રદાયના નિયમો પાળે તે જ રીતે પોતે મોટા હોવા છતાં મહારાજની આજ્ઞા પાળતા. આથી મહારાજ તેમના નિર્માનીપણાથી ખૂબ રાજી થતા અને આશીર્વાદ આપતા.

એકવાર શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને અમૂક બાબતમાં ખીજાયા. તો સ્વામીએ હસતા હસતા તે સાંભળી લીધું અને ફળિયામાં જઈ મહારાજને હાથ ધોવા માટેની માટી કપડાથી ચાળવા લાગ્યા. માટીમાં કાંકરી હોય તો તે મહારાજને હાથે વાગે નહિ તે માટે માટી કપડાથી ચાળી. મહારાજને રાજી કરવા કેવો દાખડો કરતા ? પોતે અપમાનને ભૂલી ગયા અને મહારાજની સુખાકારી માટે આ સેવા કરવા લાગ્યા. (૨)

સ્વામીને ક્ષય રોગ થયેલ. તેથી ગળ્યું, ચીકણું ન ખવાતું. તો સ્વામીએ રોગનો પણ ગુણ લીધો કે, મને ક્ષય રોગ થયો છે તે મારો હિતેચ્છુ છે જે મને ગળ્યું-ચીકણું ખાવા દેતો નથી જેથી મારે નિયમ-ધર્મ બરાબર પળાય છે. સ્વામીમાં આવો ગુણભાવ હતો. (૨) **ગઢડા મધ્યના ૪૭મા વચનામૃત**માં શ્રીહરિ આમ કહે છે.

લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, મુક્તાનંદ સ્વામી જેવા હોય તે સર્વથી સરસ વર્તમાન પાળતા હોય ને તેણે કરીને બીજા સંતને ઉદ્વેગ થાય. કેમ જે એમની બરોબર વર્તાય નહિ. તે સારું એ ગુણ યદ્યપિ મોટો છે, તો પણ તેનો ત્યાગ કરીને સર્વ સંતને બરોબર વર્તવું.

મુક્તાનંદ સ્વામી સૌની બરોબર વર્તતા તેનો એક પ્રસંગ જાણીએ :

મહારાજે તે સમયે એવી આજ્ઞા કરેલી કે સૌ સંતોએ એકવાર ભોજન લેવું. તે આજ્ઞા સૌ પાળતા હતા, પરંતુ નાના સંતો હોય તેને સેવાનું અંગ હોય એટલે વધારે શારીરિક શ્રમ પડે. તેથી ભૂખ પણ વધારે લાગે. પણ એક જ વાર ભોજનનો નિયમ હોવાથી કોઈ સંત બીજી વાર જમે નહિ. પણ એકવાર નાના સંતોને ખૂબ ભૂખ લાગી. ઠાકોર જમાડવાનું ટાણું તો બપોરે હોય, ત્યાં સુધી ભૂખ્યા રહેવાય તેવું ન હતું. આથી બે-ત્રણ સંતો ભંડારમાં ગયા અને ત્યાં આગલી સાંજના રોટલાના ટુકડા પડ્યા હતા. તે શોધીને છાશ સાથે જમતા હતા. તેવામાં અચાનક મુક્તાનંદ સ્વામી, કોઈ કામસર ભંડારમાં આવ્યા. તેમનાથી સંતોની 'ભોજનલીલા' જોવાઈ ગઈ. નાના સંતો પણ સ્વામીના આગમનથી જરાક ભોંઠા પડી ગયા. કેમકે છાનામાના ખાતા હતા. પણ, મુક્તાનંદ સ્વામીને થયું કે, આ સંતો મારા આવવાથી ભોંઠા પડ્યા છે એટલે તેમને દુઃખ અને ભોંઠપ ન થાય એટલે પોતાની ઈચ્છા ન હોવા છતાં બોલ્યા કે, સંતો મને પણ ભૂખ લાગી છે. કાંઈક પડ્યું હોય તો મને પણ આપો ને ? આ સાંભળી નાના સંતોનો સંકોચ દૂર થઈ ગયો અને ઊભા થઈને સ્વામી માટે પણ થોડું અન્ન લઈ આવ્યા અને બધાએ સાથે શીરામણ કર્યું. (૩)

આમ, મુક્તાનંદ સ્વામી ભલે બીજા બધા કરતા સરસ વર્તમાન પાળતા હોવા છતાં પોતાના ઊંચા વર્તમાનથી બીજા સંતોને ઉદ્વેગ થતો હોય તો પોતાના નિયમધર્મમાં થોડી છૂટછાટ મૂકી સૌની બરોબર વર્તમાન પાળતા.

સત્સંગની 'મા'નું બિરુદ પામેલા સદ્. મુક્તાનંદ સ્વામી ભક્તોને સત્સંગનું પોષણ આપતા. શ્રીજી આજ્ઞાનુસાર છેક સુધી સત્સંગ કાર્ય અને લેખનકાર્ય કરતા રહ્યા. જીવનપર્યંત શ્રીહરિની આજ્ઞા શિરોધાર પાળી સત્સંગની અપાર સેવા કરી. શ્રીજીની ઈચ્છાથી સં. ૧૮૮૬ના અષાઢ વદ એકાદશીના પવિત્ર દિવસે ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજના મંદિરને વિષે પદ્માસનમાં બેસી શ્રીહરિમાં પોતાનું સમગ્ર અસ્તિત્વ જોડી એકાગ્ર થઈ સમાધિમાં બેઠા અને અક્ષરધામમાં સીધાવ્યા. (૧)

વડતાલ દેશના નિર્ણય (પંચાંગ) અનુસાર સ્વામી સં. ૧૮૮૭ના અષાઢ વદ-૧૧ના રોજ ગઢડામાં ધામમાં ગયા.

★ **પાદ ટીપ :**

(૧) **શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ સિદ્ધ સંતો :** લેખક - શાંતિકુમાર ભટ્ટ. વર્ષ ૧૯૮૦. વડતાલ કાનજી ભગત પ્રકાશન.

(૨) **સંતો પાસેથી પરંપરામાં સાંભળેલ** - કથાવાર્તા

(૩) **મુક્તાનંદ કાવ્ય ભાગ-૧ :** ગુરુકુલ કંડારી. સંશોધક : શ્રી સંતવલ્લભદાસજી સ્વામી. વર્ષ : ૨૦૦૪ પાના નં. ૧૬ થી ૧૭

(૪) **સદ્‌ગુરુ ચરિત્ર :** ત્રિભોવન ગૌરીશંકર વ્યાસ, રાજકોટ ગુરુકુલ. વર્ષ : ૧૯૮૮. પાના નં. ૨૩ થી ૨૮

(૫) **મુક્તાનંદ કાવ્ય ભાગ - ૧ :** વડતાલ મંદિર, પ્રકાશન વર્ષ : ૨૦૦૫, પ્રસ્તાવના પાના નં. ૫૦ થી ૫૧. લેખક : શા. શ્રી હરિજીવનદાસજી સ્વામી, વડતાલ

(૬) **આદર્શ ભક્ત ગાથા : લેખક** - શા. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ વર્ષ : ૨૦૦૬ પાના નં. ૧૩૫-૧૩૬.

●



सद्गुरुश्री मुक्तानन्द महामुनिः

૩. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : ખુશાલ

અટક : છઠ્ઠાપદીયા ઠાકર (ભટ્ટ)

પિતાશ્રીનું નામ : મોતીરામ

માતુશ્રીનું નામ : કુશળબા

ગામ : ટોડલા (સાબરકાંઠા - ઈડર)

જ્ઞાતિ : ઔદિચ્ય બ્રાહ્મણ

જન્મ તારીખ અને સ્થળ : સં. ૧૮૩૭ મહા સુદ-આઠમ, ટોડલા

દીક્ષા સ્થળ અને તારીખ : સં. ૧૮૬૪, કારતક વદ-આઠમ, ગઢપુર

દીક્ષા પછીનું નામ : ગોપાળાનંદ સ્વામી

અક્ષરવાસ : સં. ૧૯૦૮, વૈશાખ વદ-પાંચમ, વડતાલ મુકામે

કુટુંબ : પત્ની : આદિત્યબા, એક દીકરો : હરીશંકર. દીકરી : અનુપબા

ગોપાળાનંદ સ્વામી અક્ષરમુક્ત હતા. વેદશાસ્ત્રના જ્ઞાતા, મહાવિદ્વાન, ત્રિકાળદર્શી, યોગીવર્ય, સંતશિરોમણી, શાંતમૂર્તિ, શ્રીહરિના આદરપાત્ર, સમજણમાં શ્રેષ્ઠ, કુશળ વક્તા હતા. તેથી શ્રીહરિએ તેમને અમદાવાદ અને વડતાલ દેશની ગાદીના મધ્યસ્થી બનાવેલ અને સર્વે સંતો - હરિભક્તો તથા બંને દેશના આચાર્યશ્રીને તેમની આજ્ઞામાં રહેવા શીખ આપેલ.

બાળપણથી જ ખુશાલ ભટ્ટ મહાસામર્થ્યવાન હતા. પોતાની આ શક્તિનો ઉપયોગ તેઓ લોકકલ્યાણ અર્થે, દુઃખી લોકોના દુઃખ દૂર કરવા માટે કરતા. ચમત્કારની કક્ષામાં આવે તે પ્રકારના પ્રસંગો તેઓના પૂર્વાશ્રમમાં બનેલા છે.

તેમના બાળપણના દિવ્ય પ્રસંગો જાણીએ :

આઠમા વર્ષે તેમને યજ્ઞોપવિત અપાઈ અને ડભોઈ વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. પોતે તો અનાદિના મુક્ત અને જ્ઞાની જ હતા તેથી થોડા સમયમાં પોતાની તેજસ્વી પ્રતિભા, મેધા અને પ્રબળ પુરુષાર્થથી વ્યાકરણ, ન્યાય, મીમાંસા, જ્યોતિષ અને

વેદાદિક શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી નિપુણતા મેળવી લીધી. (૧)

સુરતના કોઈ પારસી ગૃહસ્થનો પુત્ર જન્મથી મુંગો હતો. ગૃહસ્થ ટોડલા આવ્યા ને ખુશાલને દુઃખ દૂર કરવા પ્રાર્થના કરી. ખુશાલ તેનું દુઃખ સાંભળી દ્રવિત થઈ ગયા અને ઠાકોરજીને સંભારી પ્રસાદીનું કેળું બાળકને આપ્યું. બાળકે પ્રસાદી ખાધી અને તરત બાળકને વાચા ફૂટી. પારસી ગૃહસ્થ આ જોઈ ખુશાલના ચરણમાં પડી ગયા. (૩)

એકવાર ગામમાં હિંસક માનવભક્ષી વાઘ ચડી આવ્યો અને એક છોકરાનું મારણ કર્યું. લોકો આ માનવભક્ષી વાઘથી ડરવા લાગ્યા. ત્યારે ખુશાલ ભટ્ટ જંગલમાં ગયા અને નિર્ભયતાથી તેની પાસે જઈ તેને એક લાત મારી તો વાઘ ક્યાંય દૂર ફેંકાઈ ગયો અને ડરીને એ વિસ્તાર છોડીને જતો રહ્યો. લોકોને વાઘના દુઃખથી રક્ષા કરી. (૧)

ઈડરના રાજા ગંભીરસિંહે એક સમયે રાજ્યના બ્રાહ્મણો પર ભારે કર નાખ્યો. જે કર ભરવા બ્રાહ્મણો શક્તિમાન ન હતા. તે સમયે ખુશાલે રાજા પાસે જઈ કર પાછો ખેંચવા વિનંતી કરી. છતાં રાજા માન્યો નહીં ત્યારે ખુશાલે પોતાના પ્રતાપે તમામ રાજકુટુંબના સભ્યો અને અધિકારીઓના ઝાડો પેશાબ બંધ કરાવી દીધો. ત્યારે રાજાએ આવીને ક્ષમા માગી તથા કરેલો હુકમ પાછો ખેંચ્યો ત્યારે સૌની પૂર્વવત્ સ્થિતિ થઈ. (૧)

ઈડર પાસેના બાડોલી ગામમાં એક બ્રાહ્મણ ભિક્ષાવૃત્તિથી ગુજરાન ચલાવતો. તેનો એક છોકરો હતો તે મૂંગો હતો. એકવાર તે ત્રીજે માળેથી પડી ગયો અને બંને પગ ભાંગી ગયા. લોકો ગાડામાં નાખી તેને ખુશાલ ભટ્ટ પાસે લઈ આવ્યા. ખુશાલે તેના પર અપાર કરૂણા કરી તેના બે હાથ પકડી ઊભો કર્યો અને તુલસીના ક્યારાને પ્રદક્ષિણા કરવાનું કહ્યું. તો તેણે કરી અને તે મૂંગા છોકરા પાસે યજુર્વેદના ચાલીશ અધ્યાય બોલાવી બોલતો કર્યો. (૧)

બાળપણથી તેઓ સ્વયંભૂ રીતે સામર્થ્યવાન હતા કેમકે તેઓ અક્ષરમુક્ત હતા. સ્વામી જયારે પૂર્વાશ્રમમાં ટોડલા ખાતે પોતાના ગામમાં રહેતા અને બાળપણની અવસ્થામાં હતા ત્યારે શામળાજીના ઠાકોરજી તેમની સાથે પ્રત્યક્ષ રમવા આવતા જે સંપ્રદાયમાં પ્રસિદ્ધ વાત છે અને શામળાજીના ઇતિહાસમાં પણ આ વાત નોંધાયેલ છે. (૧)

એકવાર પોતાના ગામમાં દુકાળ પડ્યો. અન્ન ખૂટી ગયું. ત્યારે લોકોની ભૂખને દુઃખ દૂર કરવા પોતાના મિત્રો સાથે ડુંગરોમાં જઈ પોતાના દિવ્ય શક્તિથી અનેક પ્રકારના કંદ શોધી લોકોને ખવડાવી ભૂખમરાના દુઃખથી બચાવ્યા. પૂર્વાશ્રમમાં પોતે બાળકોને ભણાવવા પંડ્યાજી થયા. બાળકોને ભણતર સાથે બ્રહ્મવિદ્યા શીખવી બધાને સમાધિવાન બનાવી દીધેલ. (૧)

ખુશાલ ભટ્ટ એકવાર વડોદરા ગયેલા ત્યાં તેમનો પ્રતાપ જોઈ સદાશિવભાઈ નામના બ્રાહ્મણે તેમને જમવા માટે બોલાવ્યા. ત્યારે ખુશાલ ભટ્ટે તેમને બે થાળ બનાવવાનું કહ્યું. એક પોતાના માટે અને બીજો થાળ શ્રીહરિ માટે. જમવા બેઠા ત્યારે સદાશિવભાઈ અને તેમના પત્નીને મહારાજ થાળ જમતા હોય તેવા દર્શન થતા, બીજાને થાળમાંથી વસ્તુ ઓછી થાય છે તેવા દર્શન થતા. આમ, એક માસ સુધી ખુશાલ ભટ્ટ સાથે શ્રીહરિ થાળ જમ્યા. પૂર્વાશ્રમમાં હતા ત્યારે પણ શ્રીહરિ તેમની સમીપે રહેતા. જે પ્રસંગ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથના ૧૪૨માં પ્રકરણમાં લખ્યો છે :

‘એક માસ લગી અહોનિશ, જમ્યા હરિ ખુશાલ હંમેશ,
જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ ત્યારે ત્યારે જમે સંગ લાલ.’ (૧)

શ્રીજીને મળવાનો સંકલ્પ કર્યો ત્યાં શ્રીહરિ સ્વયં ભૂદેવના વેશે તેમને તેડવા આવ્યા અને જેતલપુર પહોંચાડ્યા. ત્યાં વિદ્યાભ્યાસ કર્યો તે પણ એક લોકરિવાજ મુજબનું હતું. કેમકે પોતાની દૃષ્ટિ માત્રથી અભણ અને અબુધ ત્ર્યંબકનાથને પ્રખર પંડિત બનાવી દીધો અને તેની જીભે સરસ્વતી વસાવી દીધી. તેથી તેમનો વિદ્યાભ્યાસ તો માત્ર મનુષ્ય લીલા કહી શકાય. મુક્તાનંદ સ્વામી પાસે શિષ્યભાવે રહી રામાનુજ ભાષ્ય સહિત ગીતા ભણ્યા. (૧)

અવતાર જેવું સામર્થ્ય ધરાવતા હોવા છતાં શ્રીજીના શિષ્ય બનીને રહ્યા. શ્રીજીના સિદ્ધાંતોને ચોમેર ફેલાવ્યા. સત્સંગના બંધારણને સ્થિર સ્વરૂપ આપી તે પ્રમાણે વર્ત્યા. તેમની યોગ શક્તિ અને સામર્થ્યના અનેક પ્રસંગો સંપ્રદાયમાં પ્રચલિત છે. હજારો લોકોને મુમુક્ષુ બનાવ્યા. હજારોને સમાધિ કરાવી. માણસો તો ઠીક પણ પશુ-પક્ષીઓને પણ સમાધિ કરાવી શ્રીહરિના દર્શન કરાવ્યા. (૧)

પોતે પ્રકાંડ પંડિત હોવાથી મતવાદીઓનો પરાજય કરી સ્વામિનારાયણ સંપ્રદાયનો ચોમેર ડંકો પ્રસરાવ્યો. તેઓ ભગવત્ ગીતા, ઉપનિષદ્ વગેરેના

ભાષ્યકર્તા છે. જે પુસ્તકો હાલ કૉલેજમાં ભણાવાય છે તથા તેમના ઉપર સાક્ષરો Ph.D. કરે છે. (૧)

પોતાની અપાર શક્તિનો ઉપયોગ લોકકલ્યાણ માટે તથા મુમુક્ષુઓના આત્માના કલ્યાણ માટે કર્યો. સારંગપુરમાં સં. ૧૯૦૫ આસો વદ-૫ના દિવસે શ્રીકષ્ટભંજન દેવની સ્થાપના કરી અનંતજીવોના દુઃખો દૂર કર્યા. અનેક જગ્યાએ શ્રીહરિની મૂર્તિ પધરાવી ચોમેર શ્રીજીનો ડંકો વગાડ્યો. (૧)

હરિભક્તોના અને પરોક્ષના લોકોના દુઃખ-દર્દ દૂર કરવા સદ્. ગોપાળાનંદ સ્વામીએ મહાપૂજાની રચના કરી. જેમાં ૨૪ અવતારો તથા મુખ્ય સંતો-પાર્ષદોની વિધિપૂર્વક પૂજા કરાય છે. જે મહાપૂજા કરાવવાથી દરેકના દુઃખ-દર્દો દૂર થાય છે. નિઃસંતાન દંપતીઓને પુત્ર સુખ મળે છે. સાંસારિક જીવનની આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય છે. મહાપૂજા લખાવી મનવાંછિત ફળની પ્રાપ્તિ કરે છે. આજે પણ નિત્ય જૂનાગઢ જવાહર રોડ પરના સ્વામિનારાયણ મંદિરે મહાપૂજા થાય છે, જેનો હજારો લોકો લાભ લે છે. મુનિવર્ય ગોપાળાનંદ સ્વામી જે શાલિગ્રામ ભગવાનની પૂજા કરતા તે શાલિગ્રામ જૂનાગઢ મંદિરમાં મોજૂદ છે.

એક સમયે જ્યારે જૂનાગઢ મંદિરનું બાંધકામ ચાલતું હતું ત્યારે સત્સંગનો દ્વૈષી વડોદરાનો દિવાન રંગીલદાસ જે નાગર બ્રાહ્મણ હતો તે જૂનાગઢના મંદિરને તોડવા માટે વડોદરાથી નીકળ્યો. આ સમાચાર બ્રહ્માનંદ સ્વામીને મળતા તેઓ તુરત ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. તે સમયે સ્વામી મહાપૂજા કરતા હતા અને પૂજાના શાલિગ્રામ ઉપર ફૂલનો ઢગલો કરતા હતા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, આપ શાલિગ્રામ ઉપર ફૂલના ટેકરા કરો છો પણ વડોદરાનો દિવાન આપણું મંદિર તોડવા માટે આવે છે, માટે કંઈક દયા કરો. આ સાંભળી સ્વામી દિવાન ઉપર નારાજ થયા અને રોષપૂર્વક બોલ્યા કે, તે જૂનાગઢ આવશે તો મંદિર તોડશે ને ? અને સાચે જ તે જ સમયે ઘોડેસવાર રંગીલદાસનો ઘોડો જૂનાગઢ પાસેના ચોકી ગામના પાદરમાં ભડક્યો અને તેનો જ ભાલો તેના પેટમાં ઘુસી જતા ત્યાં ને ત્યાં જ મરણ પામ્યો અને જૂનાગઢનું મંદિર તૂટતા બચી ગયું. આવો સ્વામીનો પ્રતાપ હતો. (૨)

સ્વામીના પ્રેમને વશ થઈ શ્રીહરિ તેમના સંકલ્પો પૂરા કરતાં.

પોતે એકવાર ધ્યાન કરતા હતા ત્યારે તેમને તેજ દેખાયું. જે ત્રણ યોજન

સુધી દેખાયું અને શક્તિશાળી ત્રણ મોટા કડાકા થયા. રાત્રીમાં સૂર્યનારાયણ દેવે તેમને પ્રત્યક્ષ દર્શન આપેલા.

પોતે મહાસિદ્ધ તરીકે પંકાયેલા. તેઓ જેમ ધારે તેમ થતું. વડોદરામાં દુકાળની સ્થિતિ થઈ ત્યારે તેમના સંકલ્પ માત્રથી ત્રણ દિવસ વરસાદ વરસાવ્યો. ગામમાં આવેલા તંત્ર વિદ્યા જાણનાર તાંત્રિકના શાલિગ્રામ પોતાને ઘરે પધરાવ્યા ત્યારે તાંત્રિક મંત્રવિદ્યાથી શાલિગ્રામને પોતાની પાસે પાછા ન મેળવી શક્યો. ત્યારે તાંત્રિકને લાગ્યું કે, સ્વામિનારાયણ મહામંત્ર પાસે પોતાની મંત્રવિદ્યા કઈ વિસાતમાં નથી. (૧)

સત્સંગ વિચરણમાં સ્વામી એકવાર વડોદરામાં હતા તે દરમ્યાન વરસાદ ન થતા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ ત્યારે હરિભક્તોની પ્રાર્થનાથી સ્વામીએ ત્રણ દિવસ સુધી વરસાદ વરસાવી અન્ન-પાણીનું સંકટ દૂર કર્યું. (૧)

જીવ, પ્રાણી તો સ્વામીની આજ્ઞા પાળતા. પણ અબોલ છતાં ચેતનવંતા વૃક્ષો પણ સ્વામીની આજ્ઞા પાળતા તેનો અદ્વિતીય *ન ભૂતો ન ભવિષ્યતી* દાખલો રાજકોટના ભૂપેન્દ્ર રોડ ઉપરની સ્વામિનારાયણ મંદિરની બોરડી છે. જેના કાંટા પાઘમાં ભરાયા અને સ્વામીએ વૃક્ષને મીઠો ઠપકો દીધો કે, સાક્ષાત્ પુરુષોત્તમ તારા વૃક્ષ નીચે વિરાજ્યા છતાં તારો સ્વભાવ ન ગયો ? અને ઇતિહાસ નોંધે છે કે તત્ક્ષણ બોરડીના તમામ કાંટા નીચે ખરી પડ્યા. આજે એ કાંટા વગરની બોરડી શ્રી ગોપાળાનંદ સ્વામીનો અદ્ભૂત પ્રતાપ દેખાડતી બસો વર્ષથી અડીખમ ઊભી છે. (૨)

સદ્. ગોપાળાનંદ સ્વામીમાં કેવો પ્રતાપ હતો તે વાત તેમના શબ્દોમાં જાણીએ :

એકવાર શ્રીહરિ ગઢડામાં વિરાજમાન હતા. સત્સંગ કથા ચાલતી હતી. દરમ્યાન શ્રીજીએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી તમારું સામર્થ્ય તમે જાણો છો ? 'ના.' તમારા કાંડામાં એવું બળ છે કે તમે કોઈ પામર જીવને કાંડુ પકડીને ફેંકો તો તે અષ્ટ આવરણ વિંધી, સીધો અક્ષરધામ પહોંચે તેવી તમારી શક્તિ અને સામર્થ્ય છે. પછી વળી ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, તમારા સામર્થ્યને તમે જાણો છો ? (૧)

ત્યારે સ્વામી કહે, 'મહારાજ તમારા પ્રતાપે મારામાં એવી શક્તિ છે કે તમે જો આજ્ઞા આપો તો તમારી જેમ આ સમગ્ર બ્રહ્માંડ અને તે સાથે અનેક બ્રહ્માંડોનું સંચાલન હું કરી શકું તેવી મારામાં શક્તિ છે. આ સાંભળી સહુ આશ્ચર્ય પામ્યા. આવી અલૌકિક સામર્થી તેમનામાં હતી. (૧)

સ્વામી પોતાના આશીર્વાદથી બીજાના અનેક દુઃખ દૂર કરી શકતા, દુષ્કાળમાં વરસાદ વરસાવી શકતા, મરેલાને જીવતો કરી શકતા, ગ્રહોની ગતિ ફેરવી શકતા એવી ચમત્કારિક સામર્થી ધરાવતા. ભક્ત સદાશિવભાઈને સાંખ્ય અને આત્મનિષ્ઠાનું જ્ઞાન આપી તેના મનમાં રહેલી હવેલીની વાસના બાળી તેને મોહમુક્ત કરી સાચી હવેલી તો અક્ષરધામ છે તેવી મનમાં દૃઢ ભાવના વિકસાવી. આવું આવું કેટલુંય તેમનામાં સામર્થ્ય હતું તેમ છતાં આ બધો ચમત્કાર તો શ્રીજી મહારાજે કર્યો છે. પોતે તો તેમના દાસ છે તેવી ભાવના તેમના મનમાં કાયમ રહેતી. શ્રીહરિ સાથે સેવકપણાની ભાવના રાખતા. (૧)

ભક્તચિંતામણિના ૧૪૨મા પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીના પરચા વર્ણવેલા છે. જે જગપ્રસિદ્ધ છે. તેમ છતાં આ બધું શ્રીજી મહારાજે કરેલ છે તેવું નિર્માનીપણે તેમણે જણાવેલ.

જે પંક્તિ તેમના મુખથી જ જાણીએ :

સત્સંગી-કુસંગીએ જાણ્યું, થયો પર્ચો સહુએ પ્રમાણ્યું,
લાગ્યા ગોપાળ સ્વામીને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય. (૫૧)
બોલ્યા ગોપાળ સ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજીની સામર્થ્યે
બીજા થકી તે કાંઈ ન થાય, ઠાલો ભૂલો ફોગટ ફૂલાય. (૫૨)

★ આથી શ્રીજી મહારાજે **ગઢડા મધ્યના ૬૨મા વચનામૃત**માં કહ્યું છે કે, 'એવા દાસત્વ ભક્તિવાળા તો આ જ ગોપાળાનંદ સ્વામી છે.' આમ, તેઓ સામર્થ્યવાન હોવા છતાં ભગવાન સાથે સેવકપણાની ભાવના રાખતા.

આને લગતો એક અન્ય પ્રસંગ જાણીએ :

શ્રીહરિએ એકવાર સભામાં કહેણ મૂક્યું કે, દાદાખાચરના ગરાસના કામે મુંબઈ જવાનું છે તો કોણ જશે ? બધા સંતોએ કાંઈક ને કાંઈક બહાના કાઢ્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામીને આ વાતની ખબર પડી. તેઓ બીમાર હતા છતાં લાકડીને ટેકે ટેકે આવીને કહ્યું કે, હું જઉં ? ત્યારે મહારાજે કહ્યું કે, તેમના મંડળના

સંતો સ્વામી સાથે જવા તૈયાર હોય તે ઊભા થાય. ત્યારે ૭ સંતો ઊભા થયા. આ જોઈ શ્રીહરિ તેમના પર રાજી થયા અને તે બધા સંતો સહિત સ્વામીને પોતાના થાળની પ્રસાદી આપી. સ્વામીએ જ્યારે મુંબઈ જવાની આજ્ઞા માંગી ત્યારે મહારાજે તેમને થોડા દિવસ પછી જવાની આજ્ઞા કરી. આમ, સ્વામીના મંડળને રોજ મહારાજે પોતાના થાળની પ્રસાદી રાજીપા રૂપે આપી. પછી ફરી આજ્ઞા માગી ત્યારે મહારાજ કહે, હું તો એ ચકાસતો હતો કે, મારી આજ્ઞા પાળવામાં કોને ખટકો છે ? પછી કહ્યું કે, આ ગૃહસ્થના કામમાં સંતોને મુંબઈ જવાની જરૂર નથી. હું હરજી ઠક્કરને મુંબઈ મોકલીશ. એમ કહી સ્વામીને પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. આમ, સ્વામીની દાસત્વ ભક્તિ હતી. (૧)

ગોપાળાનંદ સ્વામીનું જ્ઞાનનું અંગ હતું. તેમ છતાં શ્રીહરિએ પ્રીતિવાળા ભક્તમાં સ્વામીને યાદ કર્યા. તો પ્રેમાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી વગેરે ભક્તોનો શ્રીહરિ પ્રત્યેનો પ્રેમ જગજાહેર હતો. તેમના વર્તનમાં મહારાજ પ્રત્યેનો પ્રેમ છલકતો સૌ જોઈ શકતા. પણ ગોપાળાનંદ સ્વામીનો શ્રીજી પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરી શકાય તેવો ન હતો. તેમનો પ્રેમ ઊંડાણભર્યો હતો. એટલે જ **ગુણાતીતાનંદ સ્વામીની વાતો :** પ્રકરણ : ૨/૫૭માં સ્વામી કહે છે કે, ગોપાળાનંદ સ્વામીનો પ્રેમ તો દરિયા જેવો ઊંડાણભર્યો છે. જે બહારથી શાંત લાગે, પણ હોય અગાધ. **તેનો એક પ્રસંગ જોઈએ :**

શ્રીહરિ એકવાર ગઢડામાં રંગોત્સવ ઉજવતા હતા. સૌ સંતો-ભક્તો સાથે શ્રીહરિ રંગે રમતા હતા. એકબીજા પર રંગની માટલીઓ રેડતા હતા. તે સમયે ગોપાળાનંદ સ્વામી વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીએ બેઠા બેઠા આ લીલાના દર્શન કરતા હતા. તેવામાં અચાનક સ્વામી ભાવાવેશમાં આવી ગયા અને એક રંગની ભરેલ માટલી લઈને શ્રીહરિની પાછળ જઈ તેમના પર રેડી દીધી. આ જોઈ શ્રીહરિને આશ્ચર્ય થયું કે, સ્વામી તો સદા શાંતમૂર્તિ છે અને આ એકાએક? પછી મહારાજ સ્વામીને જોઈ ખૂબ હસવા લાગ્યા અને બોલ્યા કે, આ ઘરડી ગાયને આજ તો શૂરાતન ચડી ગયું ?

સ્વામી શ્રીહરિની દરેક આજ્ઞા યથાયોગ્ય પાળતા તેના મૂળમાં આ પ્રેમ હતો. જો પ્રેમ હોય તો જ બધી આજ્ઞા પાળવાનું મન થાય. માટે સ્વામીમાં પ્રેમનું અંગ હતું.

શ્રીહરિ આ પૃથ્વી ઉપર શા માટે ? કયા ઉદ્દેશથી પ્રગટ થયા છે તે વાત શ્રીહરિ સદ્. ગોપાળાનંદ સ્વામીને કારિયાણીમાં કરે છે. તે સાથે પોતાના પુરુષોત્તમપણાની દિવ્ય વાતો પણ કરે છે.

★ શ્રીહરિએ **ગઢડા પ્રથમના ૧૬મા વચનામૃત**માં દર્શાવેલ છે કે, મહારાજે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે, 'આપણા સત્સંગમાં થોડો કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે અને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વે સત્સંગીમાં પ્રવર્તે.' આમ શ્રીહરિ સ્વામીને મોટેરા ગણતા.

વચનામૃતમાં સ્વામીએ જ્ઞાનવિષયક **અનેક પ્રશ્નો શ્રીહરિને પૂછેલ** છે. જેમાં **ગઢડા પ્રથમ**માં ૫, **કારિયાણી**માં ૧, **લોયા**માં ૨, **ગઢડા મધ્ય**માં ૨, **વડતાલ**માં ૧, **ગઢડા અંત્ય**માં ૨ વગેરે પ્રશ્નો પૂછેલા છે.

તે ઉપરાંત સંતોનું જ્ઞાન ચકાસવા સ્વામીએ **કારિયાણીના ૪થા વચનામૃત**માં ભજનાનંદ સ્વામીને તથા **લોયાના ૧૩મા** વચનામૃતમાં બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછેલો છે. તે રીતે **ગઢડા અંત્યના ૨૧મા** વચનામૃતમાં શુકમુનિએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે તથા **વડતાલના ૩જા વચનામૃત**માં પોતે સદ્. મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછેલ છે.

સ્વામી પ્રખર જ્ઞાની અને વિદ્વાન હતા. તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં અનેક પુસ્તકો લખ્યા છે. જેમાં સંસ્કૃત ભાષામાં વિષ્ણુયાગ પદ્ધતિ, વિવેક દીપ, ભક્તિ સિદ્ધિ, ઈશાવાસ્યોપનિષદનું ભાષ્ય, શ્રીમદ્ ભગવદ્ ગીતાનું ભાષ્ય, શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધની ટીકા, દશમ્ સ્કંધની ગૂઢાર્થ ટીકા વગેરે છે તથા પ્રાકૃત ભાષામાં શિક્ષાપત્રી, વાર્તાવિવેક, અદ્વૈત ખંડન વગેરે મુખ્ય ગ્રંથો છે.

શ્રીહરિએ ધામમાં જતા પહેલા સમગ્ર સંપ્રદાયની જવાબદારી તેમને સોંપી અને બંને આચાર્યશ્રીઓના હાથ સ્વામીને સોંપી સત્સંગની ભલામણ કરી. (૨) તથા આચાર્યો, સદ્ગુરુઓ, સંતો-પાર્ષદો, હરિભક્તોને સ્વામીની આજ્ઞામાં રહેવાની ભલામણ કરેલી. જેનો ઉલ્લેખ

ભક્તચિંતામણિ ગ્રંથના ૧૬૦મા પ્રકરણમાં કરેલો છે. (૨)

'સાધુ, વર્ણી, પાળા સુણી લેજ્યો રે, ગોપાળ સ્વામીની આજ્ઞામાં રહેજો રે.'

શ્રીહરિ ધામમાં ગયા બાદ સ્વામીએ શ્રીહરિએ સોંપેલી જવાબદારી સુપેરે

બજાવી. લગભગ ૨૨ વર્ષ સુધી સ્વામીએ સમગ્ર સત્સંગને ભારે પોષણ આપ્યું અને આ પૃથ્વી ઉપર ૭૧ વર્ષ, ૩ માસ અને ૧૨ દિવસનું પ્રભાવશાળી અને પરોપકારી ભવ્ય જીવન જીવી વિ.સં. ૧૯૦૮ વૈશાખ વદ-૫ના દિવસે ઐશ્વર્ય જણાવી વડતાલ મુકામે અક્ષરવાસી થયા.

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૨૯મું :** ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત જે ભક્તિ તેનું બળવૃદ્ધિને કેમ પામે ?

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૪૫મું :**

હે મહારાજ ! કેટલાક વેદાંતિ એમ કહે છે, જે ભગવાનને આકાર નથી અને તેવા જ પ્રતિપાદનની શ્રુતિઓને ભણે છે અને કેટલાક નારદ, શુક, સનકાદિક સરખા ભગવાનના ભક્ત છે... તો બેમાંથી કોણ સાચા છે ?

આ વચનામૃતના સમયે ગઢડામાં કેટલાક વેદાંતી બ્રાહ્મણો આવેલા ત્યારે તેમને ભગવાનના સ્વરૂપનું સાચું જ્ઞાન આપવા સ્વામીએ આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો છે. આમ ગઢડા પ્રથમના ૪૧મા પ્રકરણથી ૪૬માં પ્રકરણ સુધી શ્રીહરિએ આ પ્રકારે વેદાંતના પ્રશ્નોની ચર્ચા કરેલી છે.

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૭૩મું :** ૩ પ્રશ્નો પૂછ્યા છે :

- કામનું શું રૂપ છે ?

- જ્યારે આ દેહને બાળી દે છે ત્યારે સપ્ત ધાતુ દેહ ભેળા બળી જાય છે. માટે જો વીર્ય જ કામનું રૂપ હોય તો... ત્યારે કામના કેમ ઉદય થાય છે ?

- શિવજી ઉર્ધ્વરેતા હતા પણ મોહિનીરૂપને જોઈને વીર્યપાત થયો... માટે જ્યાં સુધી દેહમાં વીર્ય હોય ત્યાં સુધી નિષ્કામી કેમ કહેવાય ?

★ **વચનામૃત કારિયાણીનું ૪થું :**

ગોપાળાનંદ સ્વામીએ ભજનાનંદ સ્વામીને પૂછ્યું જે, આ દેહને વિષે જીવનું જાણપણું કેટલું છે ને સાક્ષીનું જાણપણું કેટલું છે ?

★ **વચનામૃત કારિયાણીનું ૧૦મું :**

હે મહારાજ ! ત્યાગનો ને તપ કરવાનો મનમાં ઈશક તો હોય અને ત્યાગ કે તપ કરતા વચમાં કોઈક વિઘ્ન આવી પડે તો કેમ કરવું ?

★ **લોયાનું ૧૩મું વચનામૃત :** મોટેરા સંતો પરસ્પર પ્રશ્નોત્તર કરે છે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, કેવો પુરુષ હોય તેને

દેશ, કાળ, ક્રિયા, સંગાદિક કરીને પરાભવ ન થાય ને કેવો હોય તેને થાય ?

★ વચનામૃત લોયાનું ૧૬મું :

સ્વામીએ પૂછ્યું જે, વાસના કુંઠિત તો હોય પણ તે મૂળમાંથી ટળી નથી જતી તેનું શું કારણ છે ?

★ ગઢડા મધ્યનું ૨૫મું પ્રકરણ :

શ્રીહરિએ સંતોને પ્રશ્ન પૂછ્યો છે : એક તો ભગવાનનો ભક્ત ત્યાગી છે... એ બેયનો વિક્તિએ કરીને જુદો જુદો ઉત્તર આપો. પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, એ ત્યાગી જ્યારે દેહ મૂકશે ત્યારે એને વિષયભોગની તીખી વાસના છે માટે ભગવાન ... મનમાં પશ્ચાત્તાપ કરીને ભજન કરશે પછી નિર્વાસિનિક થઈને ભગવાનના ધામમાં જશે.

ત્યારે શ્રીહરિએ એ ઉત્તરને માન્ય કર્યો છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૫૬મું :

આ વચનામૃતમાં શ્રીહરિએ સ્વામીને યાદ કર્યા છે કે,

આ કીર્તન સાંભળ્યામાંથી તો અમારો આત્મા વિચારમાં જતો રહ્યો. પછી તેમાં એમ જણાયું જે, ભગવાનને વિષે જે અતિશય પ્રીતિ એ ઘણી મોટી વાત છે. પછી તો ગોપાળાનંદ સ્વામી આદિક જે ભગવાનને વિષે પ્રીતિવાળા હરિભક્ત તે સર્વે સાંભરી આવ્યા અને એ સર્વેના અંતઃકરણ ને એ સર્વેના જીવને એમની જે ભગવાનને વિષે પ્રીતિ તે સર્વે જોવામાં આવ્યા.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૬૬મું :

શ્રીહરિ સ્વામીને અષ્ટાંગયોગ સંબંધી પ્રશ્ન પૂછે છે ત્યારે સ્વામી તેનો પ્રત્યુત્તર આપે છે કે, 'એને યોગાભ્યાસ કરતે થકે યોગ સિદ્ધ થાય છે. તેનું કાંઈક માન આવે છે. તેણે કરીને ભગવાનની કોરે કંઈક વૃત્તિ ગૌણ થઈ જાય છે.'

★ વચનામૃત વરતાલનું ૩જું :

શ્રીજી મહારાજે ઉદ્ધવ સંપ્રદાયના એકાંતિક ભક્તના અંગ વિષે પ્રશ્ન પૂછે છે ત્યારે ગોપાળાનંદ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! એવો તો એક ધર્મ છે. તે ધર્મ હોય તો ત્રણેવાના તે પુરુષમાં આવે.

★ વચનામૃત વરતાલનું ૧૧મું : સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, આ સંસારને વિષે જે પંડિત છે તે શાસ્ત્ર, પુરાણ સર્વે વાંચે છે પણ તેને ભગવાનનો અને સંતનો

જેમ છે તેમ મહિમા કેમ સમજાતો નથી ?

★ વડતાલના ૨૦મા પ્રકરણમાં ...

શ્રીહરિના રજોગુણ, તમોગુણ સંબંધી પ્રશ્ન સંબંધે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરેએ જેવો ભાસ્યો તેવો ઉત્તર કર્યો છે.

★ ગઢડા અંત્યનું ૧૩મું વચનામૃત :

શ્રીહરિએ ભગવત્ વાર્તા કરતા સંતોને પ્રશ્ન પૂછ્યો કે, ભક્તને એકાંતિકપણું કેવી રીતે રહે છે ? ત્યારે ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોએ તેનો પ્રત્યુત્તર આપ્યો પણ શ્રીહરિના પ્રશ્નનું સમાધાન થયું નહિ.

★ ગઢડા અંત્યનું ૧૪મું : સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે, જેને બાળ અવસ્થા હોય અથવા યૌવન અવસ્થા હોય તેને કેવા પુરુષનો સંગ રાખવો?

વળી તેજ વચનામૃતમાં શ્રીહરિએ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય ને ભક્તિ સંબંધી પ્રશ્ન પૂછતા ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ તેનો યથાયોગ્ય ઉત્તર કર્યો છે.

★ ગઢડા અંત્યનું ૨૧મું વચનામૃત :

પછી શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને તથા શુકમુનિને પ્રશ્ન-ઉત્તર કરવાની આજ્ઞા કરી. પછી શુકમુનિએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ભગવાનની જે ભક્તિ છે તેણે કરીને જીવ ભગવાનની માયાને તરે છે. ...માટે ભક્તિ સરખી કયે પ્રકારે ધર્મમાં મોટાઈ આવે ?

એ પ્રશ્નનો ઉત્તર ગોપાળાનંદ સ્વામી કરવા લાગ્યા પણ યથાર્થ ઉત્તર ન થયો.

★ ગઢડા અંત્યનું ૨૪મું વચનામૃત :

....પછી શ્રીહરિ એમ બોલ્યા જે, અહીંની મોટેરી ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી... દાદાખાચર એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવા રૂડી રીતે વર્તો છો તથાપિ જો દેશ-કાળ... વિષે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ, એ વાતમાં કાંઈ સંશય નથી.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૩૩મું :

શ્રીહરિ સ્વામીની નિષ્ઠાની પ્રશંસા કરતા કહે છે કે,

ધન, દોલત, સ્ત્રી ... આદિક પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ

અને એને અર્થે કોઈને વિષે આસ્થા આવે નહિ એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય. એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહિ.

ગ્રંથરાજ વચનામૃતના અંતિમ ચરણમાં લખેલ છે કે, એવી રીતે આ જે સર્વે શ્રીજી મહારાજના વચનામૃત મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ એ ચાર સાધુઓએ ભેળા થઈને જેમ પોતાની બુદ્ધિ છે તે પ્રમાણે લખ્યા છે અને શ્રીજી મહારાજ જે તે દિવસ-દિવસ પ્રત્યે આવી આવી પ્રશ્નોત્તરી કરતા થકા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા શ્રી ગઢડાને વિષે વિરાજતા હતા.


★ **પાદટીપ :**

(૧) **સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્તો :** લેખક - શાંતિકુમાર ભટ્ટ, વર્ષ : ૧૯૮૦. કાનજી ભગત પ્રકાશન, વડતાલ

(૨) **સંતવર્યનું સામર્થ્ય દર્શન :** સંકલન - કેશવજીવન સ્વામી, રાજકોટ ગુરુકુલ, વર્ષ : ૨૦૦૪, પાના નં. ૪

(૩) **અક્ષરાનંદ સ્વામીની વાતો,** વડતાલ મંદિર પ્રકાશન વર્ષ : ૨૦૦૬, વાર્તા નં. ૬૫૨

●



૪. સદ્. શ્રી શુકાનંદ સ્વામી (શુકમુનિ)

પૂર્વાશ્રમનું નામ : જગન્નાથ
પિતાશ્રીનું નામ : પ્રભાશંકર
માતુશ્રીનું નામ : સદાબા
જ્ઞાતિ : ઔદિચ્ય બ્રાહ્મણ
વતન : ડભાણ (જિ. ખેડા)
જન્મ : શ્રાવણ સુદ પુનમ સં. ૧૮૫૨
બ્રહ્મચારીની દીક્ષાનું નામ : ગોવિંદાનંદ બ્રહ્મચારી વર્ષ : સંવત ૧૮૬૭
દીક્ષા સ્થળ : ગઢડા
સંત તરીકેની દીક્ષા : સંવત ૧૮૭૨, ગઢડા
નામ : શુકાનંદ સ્વામી
અક્ષરધામ : સં. ૧૯૨૫ માગશર વદ અમાસ (૧)

સંપ્રદાયમાં બે શુકાનંદ સ્વામી છે. એક નાના શુકાનંદ સ્વામી અને બીજા લહિયા શુકાનંદ સ્વામી.

'શુકમુનિ શાસ્ત્રવેત્તા સુજાણ' એવું મંજુકેશાનંદ સ્વામીકૃત નંદમાળામાં છે. (૨)

વચનામૃતના લહીયા શુકાનંદ સ્વામી વિષે જાણીએ :

સ્વામીના માતા-પિતા પરમ મુમુક્ષુ હતા. માતા સદાબા વડોદરાનાં વતની હતા. તેમનાં લગ્ન ડભાણમાં થયેલાં. સદાબાને રાત્રે સ્વપ્ન થયું કે, કોઈ મહાયોગી ઘરે પધાર્યા અને તેણે કહ્યું કે, તમારા ઉદરે થોડા સમયમાં સાક્ષાત્ શુકદેવજી જન્મ ધારણ કરશે. તમારી પેઢીનો ઉદ્ધાર કરશે. પણ બાળકના જન્મ પહેલા તમારે આપાત્કાળ આવશે પણ તમે મૂંઝાશો નહીં. અમે રક્ષા કરશું. અને સાચે ગર્ભમાંનું બાળક સાત માસનું થયું ત્યારે તેમના પિતાશ્રી પ્રભાશંકરભાઈને નાકમાં માલણ થઈ અને ગુમડી ફૂટતા તેઓ અક્ષરવાસી થયા તે સમયે શ્રીહરિએ માતાના આત્મામાં

પ્રવેશ કરી તેમને સાંત્વના આપી. (૧)

એક સમયે સદાબા વડોદરા ગયેલ. તે સમયે શ્રીહરિ વર્ણીરૂપે ત્યાં પધારેલ. ત્યારે કોઈ શેઠે વર્ણીને ખીચડી આપેલ ત્યારે શ્રીહરિ થોડીક ખીચડી જમીને બાકીની પ્રસાદી તરીકે પાછી આપેલ. તે પ્રસાદીનો લાભ સદાબાને મળેલ. જેથી તેમને દિવ્ય અનુભૂતિ થઈ. (૧)

જગન્નાથ (શુકાનંદ સ્વામી) ડભાણમાં ૯ વર્ષના થયા. મુમુક્ષુ હોવાથી સંસ્કૃતના સ્તોત્ર, સંધ્યા વગેરે કરતા. એકવાર માતુશ્રીએ તેમને પૂછ્યું કે, તું મોટો થઈને શું કરીશ ? ત્યારે બાળક કહે, હું મોટો થઈને પ્રભુની સેવા કરીશ તથા પ્રભુ લખવાની જે આજ્ઞા કરશે તે હું કરીશ. (૧)

સં. ૧૮૬૬માં ડભાણમાં યજ્ઞ થયો. ત્યારે શ્રીહરિ પધાર્યા અને સદાબાને યાદ અપાવ્યું કે, સ્વપ્નમાં જે યોગીના દર્શન થયેલ તે અમે છીએ. અમને તમારો પુત્ર આપશો ને ? તે સાક્ષાત્ શુકદેવજી છે. ત્યારે માતાએ સહર્ષ સંમતિ આપી. જગન્નાથને ૧૪મા વર્ષે વૈરાગ્ય દઢ થતાં માતુશ્રીની સંમતિ લઈ ગૃહત્યાગ કરી પ્રભુને મળવા ડભાણથી બોટાદ આવ્યા. શ્રીહરિએ અંતર્યામીપણે આ વાત જાણી અને ગઢડાથી બોટાદ જવાનો સંકલ્પ કર્યો. મૂળજી બ્રહ્મચારીને કહ્યું કે, શુકદેવજી પધારે છે માટે પૂજાપાનો સામાન તૈયાર કરી અમારી સાથે ચાલો. સાથે સંતો ભક્તોને લીધા. તે સમયે જગન્નાથ ચાલતા ગઢડાના માર્ગે આવતા હતા. શ્રીહરિએ તેમની પૂજા કરી હેતપૂર્વક મળીને કુશળ સમાચાર પૂછ્યા. પૂર્વની ઓળખાણ હોય તેમ બંનેએ વાતચીત કરી અને બધા ગઢડા આવ્યા. ત્યાં શ્રીહરિએ સં. ૧૮૬૭માં તેમને બ્રહ્મચારીની દીક્ષા આપી અને ગોવિંદાનંદ સ્વામી નામ આપી બોલ્યા કે, આ સાક્ષાત્ શુકદેવજી છે. તેમને મૂળજી બ્રહ્મચારીની જોડમાં રાખ્યા અને નિત્યાનંદ સ્વામી પાસે અભ્યાસ કરવા મોકલ્યા. જ્યાં પોતે સંસ્કૃતનો અભ્યાસ કરતા. (૧)

મુક્તાનંદ સ્વામી આદિ મોટા સંતોની રહેણીકરણી, તેમની સેવા, વૈરાગ્ય, ભજનભક્તિ જોઈ બ્રહ્મચારીશ્રીને થયું કે, જો હું સાધુની દીક્ષા લઉં તો મને પણ આવી સેવાનો લાભ મળે. અને મારામાં પણ સંતો જેવા સદ્‌ગુણો આવે તેથી તેમણે પોતાનો આ સંકલ્પ સોમલાખાચરને કહ્યો. સોમલાખાચરે શ્રીહરિને બ્રહ્મચારીજીનો સંકલ્પ કહ્યો તેથી મહારાજે તેમને મુક્તાનંદ સ્વામી પાસે મોકલ્યા. સ્વામીએ તેમને ભગવા વસ્ત્રો પહેરાવી શુકાનંદ સ્વામી નામ પાડ્યું અને શ્રીહરિએ તેમને સં. ૧૮૭૨માં સાધુની દીક્ષા આપી. તે સમયે શ્રીહરિ બોલ્યા કે, નામ શુકાનંદ સ્વામી

યથાર્થ છે. તે તેમના જેવા જ છે.

સ્વામી સારધાર બ્રહ્મચર્ય વ્રત રાખતા તથા તેમના ત્યાગ-વૈરાગ્યના ગુણો જોઈ શ્રીહરિએ તેમને પોતાના હજુરી સેવક તરીકે પોતાની પાસે રાખ્યા અને સ્વામીના પૂર્વના સંકલ્પ મુજબ તેઓ શ્રીહરિના લહિયા સંત તરીકે રહ્યા.

થોડા સમય બાદ સ્વામીના માતુશ્રી સદાબા મૃત્યુ પામ્યા. આ સમાચાર મળતા શ્રીહરિ સ્વામીને સાથે લઈ ડભાણ ગયા અને શુક સ્વામીની હાજરીમાં સદાબાની ઉત્તર ક્રિયા કરી. જેમ શંકરાચાર્યજી તેમની માતાના મૃત્યુ સમયે હાજર રહ્યા હતા તેમ. (૧)

સ્વામી શ્રીહરિનો હૃદયગત અભિપ્રાય જાણી લેતા. મહારાજની શું રૂચિ છે? તે તો જાણતા પણ મહારાજનું મન વાંચીને તુરંત સમજી જતા કે મહારાજ મારી પાસે શું લખાવવા માંગે છે ? અને તે અનુસાર પત્રો અને ઉપદેશ લખતા. કહો કે મહારાજ સાથે તેમની એકતા હતી. જે વાત પંડિતો સમજી ન શકે તે તત્ત્વજ્ઞાનની ગૂઢ વાતો સ્વામી સહેલાઈથી સમજી લેતા. (૩)

એકવાર સ્વામી અક્ષર ઓરડીમાં શ્રીહરિ વતી પત્ર લખાણ કરતા હતા. તેવામાં દીવામાં તેલ ખૂટી જતા બૂઝાઈ ગયો. ત્યારે શ્રીહરિએ પોતાના જમણા પગના અંગૂઠામાંથી પ્રકાશ પાથરી સ્વામીનું લેખનકાર્ય પૂર્ણ કરાવ્યું. (૪)

સ્વામીની સેવાથી મહારાજ તેમના ઉપર ખૂબ રાજી થતા. એકવાર શ્રીહરિએ તેમને કંઈક માગવાનું કહ્યું, ત્યારે કહે, મારી પાસે તમારી પ્રસાદીની કોઈ વસ્તુ નથી તો આપો. ત્યારે મહારાજ પોતાની ચોટી આપવા તૈયાર થયા. ત્યારે લાડુબા કહે, મહારાજ મુંડિયા ન થવાય. ત્યારે મહારાજ કહે, જેના શિષ્યો મુંડિયા હોય તેના ગુરુને મુંડિયા થવામાં વાંધો નહિ. પછી મહારાજે ચોટી કપાવી શુક સ્વામીને આપીને રાજી કર્યા. (૧) એ રીતે શ્રીહરિએ પોતાના ચરણાર્વિંદ પણ ચોફાળમાં પાડી આપેલ.

મહારાજ સભામાં અનેકવાર સ્વામીની પ્રશંસા કરતા કહેતા કે, આ લક્ષ્મીબાગ માંહેનો ડભાણીયો આંબો, ડભાણીયો બળદ અને ડભાણના શુક સ્વામી અમને ખૂબ કામ લાગ્યા છે. **(૫)** એક ડભાણિયા બળદનું નામ વેલા હતું અને બીજા બળદનું નામ પારેવા હતું. બંનેની ચાલ ખૂબ રેવાળ હતી. ખેતી સિવાય તે ગાડામાં જોડવાના કામમાં આવતા. જેથી ગાડામાં બેસનારાને જરાય આંચકા ન અનુભવાતા. (૧)

એકવાર સ્વામી મહારાજને કહે, હું ભાગવત્ ભણ્યો નથી. મને તે ભણવાનો સમય જ નથી મળ્યો. તેથી તે મને નથી આવડતું. ત્યારે મહારાજ રાજી થઈને કહે, તમે તો ભાગવત ભણેલા જ છો. આજથી તમને ભાગવત્ કંઠસ્થ થઈ જશે. બીજા સંતો તમારી પાસે ભાગવત્ ભણવા આવશે. આમ, શ્રીજીના આશીર્વાદથી સ્વામીને ભાગવત્ કંઠસ્થ થઈ ગયું અને તેમની અનેકવાર કથા કરી છે. (૧)

સ્વામી કહેતા કે હું થોડું સારસ્વત વ્યાકરણ ભણ્યો છું. પણ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને મૂળજી બ્રહ્મચારીની સેવાના કારણે તેમના આશીર્વાદ મને મળેલ છે. જેના કારણે ગ્રંથોના સંશોધનનું કાર્ય તથા તેના પરનું વિવેચનકાર્ય મારાથી થઈ શકે છે અને વિદ્વાનોના પ્રશ્નોના જવાબ આપી શકાય છે. (૧)

રઘુવીરજી મહારાજ લખે છે કે, જ્યારે ગઢડા ગોપીનાથજી મહારાજનું મંદિર થતું હતું ત્યારે મૂર્તિના શિલ્પી નારાયણભાઈ મૂર્તિ બનાવતા ત્યારે મહારાજ સ્વામી પાસે કથા વંચાવતા અને મહારાજ રાજી થઈને તેમને પ્રસાદીના વસ્ત્રો, થાળ આપતા અને તેમને ભાવપૂર્વક ભેટતા તથા છાતીમાં ચરણાર્વિંદ આપતા. ત્યારે મહારાજ બોલેલા કે, હું સર્વ અવતારોનું કારણ છું. મારી તુલ્ય બીજું કોઈ નથી માટે આ મૂર્તિને હૃદયમાં ધારજો. તેવી શિખામણ સ્વામીને આપતા. (૬)

★ **ગઢડા મધ્યનું ૪૦મું વચનામૃત :** એક દંડવત્ પ્રણામ અધિક કરવાનું:

આ વચનામૃતમાં આવે છે કે, શ્રીજી મહારાજ શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા. તે પ્રતિદિન જેટલા દંડવત્ પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યો. તેને જોઈને શુકમુનિએ પૂછ્યું જે, હે મહારાજ ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો ?

આના ઉપરથી કહી શકાય કે, સ્વામીને મહારાજમાં કેટલી આત્મબુદ્ધિ અને પ્રેમ હશે કે તેમની દરેક ક્રિયા સ્વામીના હૃદયમાં કોતરાઈ ગઈ કે મહારાજે રોજ કરતા આજે એક પ્રણામ વધારે કેમ કર્યો ?

આ વચનામૃતનું પૂર્વાપર અનુસંધાન જોઈએ કે, આ વચનામૃત કયા સંજોગોમાં આલેખાયું ? તો એમ વાત બનેલ કે, એકવાર અલૈયા ખાચર બીમાર પડ્યા. માંદગીની વેદના અસહ્ય બની. ભગતના કહેવાથી શ્રીહરિ તેમના નિવાસસ્થાને ખબર પૂછવા ગયા અને તેમને યથાયોગ્ય સાંત્વના આપી, તેમનું દુઃખ

હળવું કરી મહારાજ દાદાના દરબારમાં પરત પધાર્યા અને સભામાં વાત કરી કે, અલૈયા ખાચરને અમે જોવા ગયા. એને જેવું દુઃખ થયું તેવું કોઈનું દુઃખ ભાળ્યું નથી. પૂર્વે સંતો, ભક્તોનો અભાવ લેવાથી તેમને આ આંતરિક દુઃખ આવ્યું છે. (૭)

★ તેથી મહારાજે ભક્તોની શિક્ષાને અર્થે **ગઢડા મધ્યનું ૪૦મું વચનામૃત** બોલ્યા છે. પોતાનાથી પણ જો જાણ્યે-અજાણ્યે કોઈ ભક્તોનો દ્રોહ થયો હોય તો તેના નિવારણ અર્થે પોતે નિત્ય એક દંડવત્ અધિક કરતા. શ્રીહરિનું આ ચરિત્ર તેના ભક્તોને શિક્ષાને અર્થે છે.

★ **ગઢડા અંત્યનું ૨૧મું વચનામૃત :** શુકમુનિએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે કે, 'ભગવાનની ભક્તિ કરીને જીવ માયાને તરે છે ને ધામને પામે છે અને ધર્મે કરીને દેવલોકની પ્રાપ્તિ થાય છે... અને ભગવાનના જે અવતાર થાય છે તે તો જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ધર્મના સ્થાપનને અર્થે થાય છે પણ ભક્તિના સ્થાપનને અર્થે થતા નથી અને જે પ્રાપ્તિ ભક્તિ વતે થાય છે. તે પ્રાપ્તિ ધર્મે કરીને જણાતી નથી. માટે ભક્તિ સરખી કયે પ્રકારે ધર્મમાં મોટાઈ આવે ?'

આ પ્રશ્નનો ઉત્તર ગોપાળાનંદ સ્વામી કરવા માંડ્યા ત્યારે શ્રીહરિ તે વાર્તા સાંભળીને અતિશય હસતા હવા અને એમ બોલ્યા જે, પ્રશ્નનો ઉત્તર ઘણો કઠણ છે માટે અમે એનો ઉત્તર કરીએ.

તો, આ સમયે શ્રીહરિ અતિશય શું કામ હસતા હતા ? આનંદનો કોઈ પ્રસંગ ન હતો. છતાં શું કામ અતિશય હસ્યા ?

તો, એના અનુસંધાને પૂર્વાપર એમ વાત બનેલ કે, લાડુબા, જીવુબા અને રાજબા આ વચનામૃત લખાયું તેના આગલા દિવસે મહારાજ પાસે આવ્યા. તે સમયે મહારાજ શુકમુનિ પાસે કંઈક લખાવતા હતા. બહેનોને આવતા જોઈ મહારાજે સ્વામીને એક બાજુ જતા રહેવાનો ઈશારો કર્યો. તેથી સ્વામી મહારાજના ઢોલિયા નીચે સંતાઈ ગયા અને મહારાજે બહેનોને જે વાત કરી તે તેમણે સાંભળી. બહેનોએ જે પ્રશ્ન શ્રીહરિને પૂછેલ તે જ પ્રશ્ન શુકસ્વામીએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યો. જેનો યથાર્થ જવાબ મહારાજ સિવાય કોઈ આપે શકે નહિ. કેમકે તે ગૂઢ પ્રશ્ન હતો. આથી મહારાજ શુકસ્વામીનો પ્રશ્ન સાંભળી અતિશય હસ્યા કે, આ પ્રશ્નની બાબત તો મને લાગુ પડે છે તો ગોપાળાનંદ સ્વામી આનો ઉત્તર કેમ આપી શકે?

માટે શ્રીહરિ હસ્યા.

આ વાતો સંતોના મુખેથી પરંપરામાં સંભળાતી આવે છે જે સત્ય છે. (૧)

★ **કારિયાણીના ૩જા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે; પણ મંદ તો પડતો જ નથી માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.

શ્રીહરિએ શુકમુનિના અંગની પ્રશંસા કરી છે કેમકે મહારાજની રૂચિ એ જ સ્વામીની રૂચિ રહેતી.

સંપ્રદાયમાં એવું કહેવાય છે કે, પુરુષ પ્રયત્ને કરીને જેટલું કાર્ય સિદ્ધ નથી થતું એટલુ કાર્ય પોતાનું ગમતું મુકીને, શ્રીહરિ અને સંતોના વચને કરવામાં આવે તો તે પોતાનું ધ્યેય સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. કેમકે પછી તે કાર્યમાં પોતાની મહેનત કરતાં શ્રીહરિ અને સંતોના આશીર્વાદ અને રાજીપો ભળેલા હોય છે. તેથી તે કાર્યમાં ન ધારેલી સફળતા પ્રાપ્ત થાય છે.

આનું શ્રેષ્ઠ ઉદાહરણ શુકમુનિ છે. તેઓ સદાય શ્રીહરિની આજ્ઞામાં વર્ત્યા છે. પોતાનું ધાર્યું કદિ કર્યું નથી તેથી જ તેમને મહારાજનો અનન્ય રાજીપો મળ્યો છે. મહારાજની આજ્ઞા પાળવામાં તેમણે કદિ વિચારને કે બુદ્ધિને સ્થાન નથી આપ્યું. આજ્ઞા એ જ બ્રહ્મવાક્ય માન્યું છે.

એવા કેટલાક પ્રસંગો જોઈએ જેનાથી એમ થાય કે, **સ્વામીનો સત્સંગમાં ચડતો ને ચડતો રંગ** છે :

એકવાર સ્વામીએ આખી રાત લેખનકાર્ય કર્યું, સવારે તેમને સ્નાન કરીને પૂજા કરવાની હતી, પણ સૌ સંતો સ્નાનાદિ ક્રિયા કરીને વહેલા પરવારી ગયા હોય તેથી નદીએ ન્હાવા જવા માટે જોડ મળતી ન હતી. આથી સ્વામી જોડની રાહ જોઈને બેઠા હતા. તેવામાં શ્રીહરિ પધાર્યા. તેમણે પૂછ્યું કે, કોની રાહ જુઓ છો ? ત્યારે સ્વામીએ સ્નાન માટેની વાત કરી. ત્યારે મહારાજ કહે, તમારે સ્નાન નથી કરવાનું. સ્નાન કર્યા વિના જ તમે જમી લો. ત્યારે સ્વામીએ મહારાજની આજ્ઞાથી સ્નાન કર્યા વિના જમી લીધું. પ્રગટની આજ્ઞા એ જ ધર્મ છે એમ માન્યું. આથી શ્રીહરિ તેમના પર ખૂબ પ્રસન્ન થયા. ધર્મ કરતા પ્રગટની આજ્ઞા મહત્ત્વની છે. (૧)

બીજા એક પ્રસંગમાં : સ્વામીએ એકવાર સત્સંગિજીવનના અમુક પ્રકરણ વિષે રાતભર જાગીને લખાણ કર્યું. સવારે તેઓ તે પાના લઈને મહારાજને

બતાવવા આવ્યા. ત્યારે મહારાજે એ પાના હાથમાં લઈને જોયા કે વાંચ્યા વગર સીધા સગડીમાં નાંખી દીધા અને હસવા લાગ્યા. ત્યારે સ્વામીને મહારાજના ચરિત્રમાં કોઈ ક્ષોભ ન થયો, કે પોતાનું લખાણ આમ વાંચ્યા વગર અગ્નિમાં નાખી દીધું તેનો રંજ પણ ન થયો અને પોતે પણ મહારાજની સાથે હસવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, તમારું લખાણ મેં આમ બાળી દીધું ને પાછા હસો છો કેમ ? ત્યારે સ્વામી કહે, મારે તો તમને રાજી કરવા'તા. તમે પાના બાળીને રાજી થયા તો તમને જોઈને હું પણ રાજી થયો કે, મેં તમને રાજી તો કર્યા ! આ જવાબ સાંભળી, મહારાજ સ્વામીના નિર્માનીપણા ઉપર ખૂબ રાજી થયા અને તેમને પોતાના થાળની પ્રસાદી આપી આશીર્વાદ આપ્યા. (૧)

આમ, નિર્માની અને આજ્ઞાંકિત સેવક ઉપર શ્રીહરિનો અનન્ય રાજીપો રહેતો અને એવા સેવકનો સત્સંગનો રંગ પણ ચડતો ને ચડતો રહે છે તેથી જ શ્રીહરિએ વચનામૃતમાં રાજી થકા સ્વામીને યાદ કરી તેમના સત્સંગના ચડતા ને ચડતા રંગ વિષે પ્રશંસા કરી છે.

એકવાર શ્રીહરિને પત્ર લખાવવો હતો તેથી સ્વામીને બોલાવ્યા. તે સમયે સ્વામીને સખત તાવ હતો. તાવને લીધે સ્વામી અશક્ત થઈ ગયેલ. તેથી બે સેવકો સ્વામીને તેડીને મહારાજ પાસે લાવ્યા પણ સ્વામી તો બેસી શકે તેમ પણ ન હતા. સ્વામીએ ગળગળા સાદે કહ્યું કે, મહારાજ તાવને લીધે ખૂબ અશક્તિ આવી તેથી બેસી શકાતું નથી. ત્યારે મહારાજ કહે, સ્વામી મારી સામે જુઓ અને મહારાજે તેમના પર એવી અમીદૃષ્ટિ કરી કે સ્વામીનો તાવ તત્ક્ષણ ઊતરી ગયો. પછી મહારાજ કહે, હવે આ તાવ તમને જિંદગીપર્યંત નહિ આવે. પછી સ્વામીએ સ્વસ્થ થઈને મહારાજના કહ્યા મુજબ પત્ર લખ્યો. (૧)

પછી સ્વામીને જિંદગીપર્યંત ક્યારેય તાવ ન આવ્યો. તે સમયે સ્વામીની ઉંમર ૩૩ વર્ષની હતી. પરંતુ જ્યારે શ્રીહરિ ધામમાં ગયા ત્યારે સ્વામીને મહારાજનો વિરહ ખૂબ સતાવવા લાગ્યો. મહારાજના વિરહમાં સ્વામીએ ૧૫ વર્ષ સુધી પગરખા ન પહેર્યા. પોતાની ભાવતી વસ્તુ ન ખાધી. રીંગણા, ભીંડો, કારેલા તથા મિષ્ટાન્નમાં દૂધપાકનો પણ ત્યાગ કર્યો. જે ત્યાગ જિંદગીપર્યંત રહ્યો. પરંતુ,

એકવાર મુક્તાનંદ સ્વામીએ જોયું કે, ચૈત્ર, વૈશાખના બળબળતા તાપમાં પણ સ્વામી ઉઘાડા પગે ગામડે સત્સંગ વિચરણ કરવા જતા. આ જોઈ મુક્તાનંદ સ્વામીને ખૂબ દુ:ખ થયું અને તેમણે સ્વામીને પરાણે જોડા પહેરાવ્યા ત્યારે શુકાનંદ

સ્વામીએ પહેર્યા. (૧)

સ્વામી દેહના દુ:ખ વગર પીડાતા હતા. હવે મહારાજ તો નથી; તો મારે તંદુરસ્ત શરીરનું શું કામ છે. માટે જો દેહને દુ:ખ આવે તો આત્મભાવ કેળવાય તથા દુ:ખને લીધે મહારાજની અખંડ સ્મૃતિ રહે. વળી તેમને મહારાજના આશીર્વાદથી કદિ તાવ પણ આવતો ન હતો. આથી તેમણે મહારાજને ગદ્‌ગદ્‌ કંઠે પ્રાર્થના કરીને પોતાનો તાવ પાછો માંગ્યો અને કહ્યું કે, મને રોગ આપો તો દેહમાંથી આસક્તિ ટળે. મારા ગુરુ મુક્તાનંદ સ્વામીએ પણ રોગને આવકાર્યો છે માટે મને તાવ પાછો આપો. શ્રીહરિએ કહ્યું કે, તમારા દર્શનથી બીજાની આસક્તિ ટળી જાય છે. છતાં પણ સ્વામીએ રોગનો આગ્રહ રાખતા શ્રીહરિ તથાસ્તુ કહીને અદશ્ય થઈ ગયા. તે પછી સ્વામીને મરણપર્યંત ઝીણો તાવ રહ્યા કર્યો. (૧)

શુક્રાનંદ સ્વામીએ પણ શારીરિક પીડા ભોગવેલી. તેમને ૧૨ વર્ષ સુધી ઝીણો તાવ આવ્યો. સ્વામીએ હસતામુખે આ પીડા ભોગવી.

શ્રીહરિના સ્વધામગમન બાદ સ્વામી તથા ભગુજીને મહારાજનો વિરહ અસહ્ય થઈ પડ્યો. તેથી ભગુજી અક્ષર ઓરડીમાં દર્શનાર્થે ગયા. ત્યાં તો તેમણે આશ્ચર્ય જોયું કે ખુદ મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા. ભગુજી ભાવાવેશમાં આવી શ્રીહરિને દંડવત્ કરવા માંડ્યા. ત્યાં મહારાજ કહે, તમે શુકસ્વામીને બોલાવો મારે પત્ર લખાવવો છે. એટલે ભગુજી સ્વામીને બોલાવી આવ્યા. સ્વામીએ પણ ભાવાવેશમાં મહારાજને દંડવત્ કર્યા. પછી મહારાજે સ્વામી પાસે પત્ર લખાવી કહ્યું કે, હવે પત્ર વાંચો તો. અને સ્વામીએ પત્ર વાંચીને, પત્ર પૂરો કરી સામું જોયું તો ઢોલિયો ખાલી ! મહારાજ અદશ્ય થઈ ગયેલ ...... આમ મહારાજે સ્વામીને દર્શન આપી વિરહ ટાળ્યો. (૧)

સદ્‌. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી આ ચારેએ શ્રીહરિની પરાવાણીનું સુંદર સંપાદન કરી શ્રીહરિને બતાવ્યું ને પછી શ્રીહરિની આજ્ઞા મળતા તે પરાવાણીને વચનામૃત તરીકે પ્રસિદ્ધિ મળી. આમ, શ્રીહરિના હસ્ત તુલ્ય કહી શકાય તેવા શુકાનંદ સ્વામી હતા. (૮)

પોતાની વાતોમાં સ્વામીશ્રી કહે છે કે, મહારાજ કથા-વાર્તા કરતા ને અમે સાંભળતા. વળી વચનામૃતો મેં જ લખ્યા છે પરંતુ તે સમયમાં મને તેમાં કેટલીક શંકાઓ રહેતી, પરંતુ જ્યારે ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતો સમજાવ્યા ત્યારે જ તે શંકાઓનું સમાધાન થયું. શુકાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ

સ્વામી પાસે રહીને સંસ્કૃત વિદ્યાનો વિશેષ અભ્યાસ કરીને ઉત્તમ કોટિના વિદ્વાન થયા હતા. તેઓએ સત્સંગિજીવન ગ્રંથની ‘હેતુ’ નામની સંસ્કૃત વ્યાખ્યા લખી છે. ઉપરાંત કેટલાક ગુજરાતી ગ્રંથોને સંસ્કૃતમાં ઢાળ્યા છે. (૧)

સ્વામીને ત્યાગી શિષ્યો પણ ઘણા હતા. સ્વામીના વિદ્યાર્થીઓમાં વિપ્ર જ્ઞાતિના કેટલાક ગૃહસ્થો ઉત્તમ કોટિના વિદ્વાન થયેલા. જે પૈકીના ભોળાનાથ શાસ્ત્રી મહાન વિદ્વાન હતા. તેમણે હરિસંભવ મહાકાવ્યની સંસ્કૃત વ્યાખ્યા લખી છે. (૨)

પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં આવે છે કે, શ્રીહરિ શુકસ્વામી પર ખૂબ રાજી હતા.

મહારાજે જુદા જુદા ૧૬ ગામોમાં શુકસ્વામી પાસે પત્રો લખાવ્યા છે.

મહારાજને ૧૨ વાર સ્વામીએ સ્નાન કરાવેલ છે.

મહારાજના ૩ વાર ચરણાર્વિંદ ધોયા છે.

મહારાજે ૧૧ વાર સ્વામીને પ્રસાદીનો થાળ આપ્યો છે.

મહારાજે ૩ વાર સ્વામીને છાતીમાં ચરણાર્વિંદ આપ્યા છે.

સ્વામીની સાહિત્ય સેવા અજોડ હતી :

સત્સંગિજીવનના લહિયા તરીકે ઉત્તમ સેવા કરી. રઘુવીરજી મહારાજના નામથી શ્રી **હરિવાક્ય સુધાસિંધુ** ગ્રંથ પર સંસ્કૃત ભાષામાં **સેતુમાલા** નામની સરળ તથા અર્થગંભીર ટીકા સ્વામીએ લખી છે. સ્વામીએ ૫ ગ્રંથ સંસ્કૃતમાં તથા ૭ ગ્રંથનું વિવેચન ગુજરાતી ભાષામાં કરેલ છે. સંસ્કૃત ગ્રંથમાં **બુદ્ધિ પ્રદીપ, જ્ઞાનદીપ, પ્રાર્થનામાળા, લોકમંગલાખ્ય, વિશ્વમંગલ અષ્ટોત્તરશત નામ સ્તોત્ર, શિક્ષાપત્રી અન્વયાર્થ પ્રકાશિકા ટીકા વગેરે.**

સ્વામીને ૨૨ સંતોનું શિષ્યમંડળ હતું.

અચિંત્યાનંદ બ્રહ્મચારી લિખિત **શ્રી હરિલીલાકલ્પતરુ** ગ્રંથની પ્રથમ કથા કરવાનો યશ શુકાનંદ સ્વામીને ફાળે જાય છે. જેમણે સતત એક વર્ષ સુધી આ ગ્રંથની કથા કરી સૌને રાજી કર્યા છે. સૌ સંતોના હૃદયમાં સ્વામીનું કેવું ગૌરવવંતુ સ્થાન હશે તે આના પરથી કલ્પી શકાય.

પ્રખર જ્ઞાનવાંછુ વચનામૃત લેખક શુકાનંદ સ્વામીએ એક મુમુક્ષુ અને જિજ્ઞાસુ તરીકે શ્રીજી મહારાજને અલગ-અલગ સ્થળોએ ૨૧ વાર પ્રશ્ન પૂછી પોતાની જ્ઞાનપીપાસા સંતોષી પોતાની મુમુક્ષુતાને નવો ઓપ આપ્યો છે. આ પ્રશ્નો ભક્તોને

પરમ દિશારૂપ છે. જેમાં,

★ **ગઢડા પ્રથમના** ૨૦માં અને ૫૪માં પ્રકરણમાં એમ ૨ પ્રશ્નો

★ **કારિયાણી**ના ૩જા પ્રકરણમાં શ્રીહરિએ તેમની પ્રશંસા કરી છે.

★ **લોયા**ના ૧લા અને ૧૧મા ૨ પ્રશ્નો મળી કુલ ૩ પ્રશ્નો

★ **ગઢડા મધ્ય પ્રકરણ**ના ૩૧માં અને ૪૦માં એમ ૨ પ્રશ્નો

★ **વડતાલ**ના ૩જા અને ૧૭માં એમ ૨ પ્રશ્નો

★ **અમદાવાદ**ના ૩જા પ્રકરણમાં ૧ પ્રશ્નો

★ **ગઢડા અંત્ય**ના ૫માં, ૧૪માં, ૨૧માં, ૨૮માં, ૨૯માં, ૩૪માં ૨ પ્રશ્નો ૩૫માં ચાર પ્રશ્નો સહિત કુલ ૧૧ પ્રશ્નો એમ કુલ ૨૧ પ્રશ્નો જે પ્રશ્નો મોક્ષભાગી જીવાત્માઓ માટે પરમ માર્ગદર્શકરૂપ છે.

સ્વામી ૫૯ વર્ષ સુધી સત્સંગની સેવા કરતા રહ્યા. મહારાજ પાસે માંગીને લીધેલા તાવે છેલ્લાં ૬ માસ ખૂબ જોર પકડ્યું સાથે ઝાડાનું દુઃખ રહ્યું. મહારાજનો વિરહ અસહ્ય બનતા અંતે તેમણે ધામમાં જવાનો સંકલ્પ કર્યો.

આમ, યશસ્વી, નમૂનારૂપ અને પવિત્ર જીવન જીવી ૭૩માં વર્ષે સં. ૧૯૨૫ના માગશર વદ અમાસના પવિત્ર દિવસે શ્રીહરિ અનંત મુક્તો સહિત તેમને તેડવા આવ્યા અને સૌને જયશ્રી સ્વામિનારાયણ કહી વડતાલ મુકામે ધામમાં ગયા. (૨)

વચનામૃતમાં સ્વામીએ કયા કયા પ્રશ્નો પૂછેલા છે તે જોઈએ :

★ ગઢડા પ્રથમનું ૨૦મું વચનામૃત :

શ્રીહરિ જ્ઞાનગોષ્ટિ કરી રહ્યા હતા કે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની કોણ છે ?... જીવ અનંત પદાર્થને જુવે છે પણ જોનારો પોતે પોતાને જોતો નથી.

ત્યારે શુકમુનિએ આશંકા કરી કે, પોતાનું સ્વરૂપ જોવું તે શું ? પોતાના હાથમાં છે ?

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૫૭મું :

શુકમુનિએ પૂછ્યું જે, ગમે તેવો આપાત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કયે લક્ષણે કરીને ઓળખાય ?

★ વચનામૃત લોયાનું ૧લું :

શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો છે કે, હે મહારાજ જે લગારેક ક્રોધ ચઢી આવે ને

પછી તેને ટાળી નાખે, એવો જે ક્રોધ તે કાંઈ નડતર કરે કે ન કરે ?

★ વચનામૃત લોયાનું ૧૧મું :

(૧) શ્રીમદ્ ભાગવત તથા ભગવદ્ ગીતા એ આદિક જે સત્‌શાસ્ત્ર તે થકી અસત્પુરુષ જે તે કેવી સમજણનું ગ્રહણ કરે છે ?

(૨) એ સત્‌શાસ્ત્ર થકી સત્પુરુષ જે તે કેવી સમજણનું ગ્રહણ કરે છે તે કહો ?

★ વચનામૃત ગઢડા મધ્યનું ૩૧મું :

પુરુષોત્તમ વાસુદેવ છે તે પુરુષરૂપે કરીને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે. માટે પુરુષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે ?

★ વડતાલનું ૩જું પ્રકરણ :

જ્યારે એક માહાત્મ્યે સહિત ભક્તિએ કરીને સંપૂર્ણ થાય ત્યારે એક ભક્તિ જ કેમ ન કહી ને ચારવાના શા સારું કહ્યા ?

★ ગઢડા અંત્યનું ૫મું વચનામૃત :

એક ભક્ત એવો હોય જે તેને ભગવાનનો નિશ્ચય પણ પરિપક્વ હોય ને કામ, ક્રોધ, લોભ, મોહાદાકિ જે વિકાર તે એકે તેના હૃદયમાં આવે નહિ અને બીજો ભક્ત તેને તો ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય પણ કામ, ક્રોધ, લોભ, મોહાદિક વિકારે કરીને અંતરમાં વિક્ષેપ થતો હોય... ત્યારે એ બેય ભક્તને ભગવાનના ધામમાં સરખા સુખની પ્રાપ્તિ થાય છે કે અધિક, ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે ?

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧૩મું :

શ્રીહરિના પ્રશ્નના ઉત્તરમાં ગોપાળાનંદ સ્વામી, શુકમુનિ આદિક મોટા મોટા સાધુ હતા તેમણે જેવું જેને જણાયું તેવો ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન ન થયું.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧૪મું :

દૈવી ને આસુરી જીવ હોય તે કેમ જાણ્યામાં આવે ?

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :

આપણા સર્વે સંત વર્તમાનમાં રહે છે તથાપિ એમને વિષે એવું કયું લક્ષણ છે જે જેણે કરીને એમ જાણીએ જે એને આપત્કાળ પડશે તો પણ એ ધર્મમાંથી નહિ ડગે ?

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :

(૨) શ્રીહરિ બોલ્યા જે, અહીંની મોટેરી ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી… શુકમુનિ… એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવા રૂડી રીતે વર્તો છો. તથાપિ જો દેશ, કાળ, સંગ, ક્રિયા એ ચારને વિષે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ એ વાતમાં કાંઈ સંશય નથી.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૮મું :

શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરાખાચર એ ત્રણને પૂછ્યું જે, તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૯મું :

શ્રીજી મહારાજે શુકમુનિને પ્રશ્ન પૂછ્યો કે, બે સત્સંગી છે તેની અવસ્થા વીશ-વીશ વર્ષની છે… ને પછી સન્યાસ કરવો માટે વિચારીને ઉત્તર કરજો.

પછી શુકમુનિએ એનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ.

પ્રશ્ન : ત્યારે શુકમુનિએ આશંકા કરી જે, હે મહારાજ ! એ મંદ વૈરાગ્યવાળો ત્યાગી છે તે સંત થકી ભગવાનના માહાત્મ્યની વાત સાંભળે ને પછી પોતે મનમાં વિચાર કરે તો શું એને તીવ્ર વૈરાગ્ય ન આવે ? વગેરે.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૩૪મું :

(૧) ભગવાન વિના બીજા માયિક પદાર્થમાત્રને વિષે વાસના ન રહે ને એક ભગવાનને વિષે જ વાસના રહે… એવો ત્રીજો કોઈ ઉપાય છે ?

(૨) જે ક્રોધ છે તે શામાંથી ઉત્પન્ન થાય છે ?

★ વચનામૃત ગઢડા અંત્યનું ૩૫મું :

(૧) જેના હૃદયમાં ભગવાનનો અને ભગવાનના ભક્તનો દૃઢ આશ્રય હોય જે આશ્રય ગમે તેવો આપાત્કાળ આવી પડે… અને તેના મનનો અભિપ્રાય તથા દેહનો આચાર કેવો હોય ?

(૨) મૂંઝાતો તો હોય કેમ જે પ્રકૃતિને મરોડે ત્યારે જીવને મૂંઝવણ થાય પણ તે મૂંઝવણમાં કાંઈ ફેર છે કે નહિ ?

(૩) જેની જે પ્રકૃતિ હોય તેને ભગવાન તથા સાધુએ કોઈ દિવસ મરોડી ન હોય ત્યારે તે પોતાના મનમાં કેમ સમજે જે, મારી પ્રકૃતિને મરોડશે ત્યારે મારું ઠીક નહિ રહે ? તેનો વિશ્વાસ કેમ આવે ?

★ **પાદટીપ :**

(૧) **સંત આખ્યાન :** ભાગ-૧ : જ્ઞાનજીવનદાસજી સ્વામી, કુંડળ વર્ષ ૨૦૧૧, પાના ૨૧૩થી ૩૯૦.

(૨) **સંત સુમન સ્રજ**, પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, વર્ષ ૨૦૦૪ પાના નં. ૪૮થી ૫૧

(૩) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર** પુર-૧૬ તરંગ ૨

(૪) **અક્ષરાનંદ સ્વામીની વાતો** વડતાલ પ્રકાશન વર્ષ ૨૦૦૬ વાર્તા નં. ૧૩૬


(૫) **સદ્‌ગુરુ ચરિત્ર** લેખક - ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, વર્ષ : ૧૯૮૮ પાના નં. ૧૩૧થી ૧૩૯ (રાજકોટ ગુરુકુલ)

(૬) **દુર્ગપુર માહાત્મ્ય** અધ્યાય : ૭૮

(૭) **ભાયાત્માનંદ સ્વામી**ની વાતો. (રાજકોટ ગુરુકુલ)

(૮) **વચનામૃત**, પ્રસ્તાવના, રાજકોટ ગુરુકુલ પ્રકાશન વર્ષ : ૧૯૮૭

●



૫. સદ્. શ્રી નિત્યાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : દિનમણી શર્મા

જ્ઞાતિ : યજુર્વેદી ગૌડ બ્રાહ્મણ

જન્મ : વિ.સં. ૧૮૩૭ કારતક સુદ-૫ (નિર્ણય પંચાંગ અનુસાર)

સ્થળ : ગૌડ દેશ, લખનૌ તાલુકો, દંતિયા ગામ (મધ્ય પ્રદેશ)

પિતાશ્રીનું નામ : વિષ્ણુ શર્મા

માતુશ્રી : વિરજા દેવી

દીક્ષા : વિ.સં. ૧૮૬૩ (મેઘપુર, જિ. જૂનાગઢ)

અક્ષરવાસ : સં. ૧૯૦૮ માગશર સુદ-૧૧, વરતાલ.

ગુણ : સંપ્રદાયના પ્રકાંડ પંડિત, તીક્ષ્ણ બુદ્ધિ પ્રતિભા, પ્રભાવશાળી વ્યક્તિત્વ, જન્મથી જ મુમુક્ષુ. શ્રીહરિને સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ સમજતા.

પિતાશ્રી રાજયના ગુરુ હતા. વેદશાસ્ત્રના અભ્યાસી. પિતાના આ ગુણો પુત્ર દિનમણીમાં આવ્યા. ભણવાની તીવ્ર લગની જોઈ પિતાએ તેમને કાશી શાસ્ત્રાભ્યાસ માટે મોકલ્યા. તેમને થયું કે, બધા શાસ્ત્રોનો ગહન અભ્યાસનો સાર એ કે પ્રભુ પ્રાપ્તિ ! અને ધર્માદિ ચાર સાધને યુક્ત એવા સંતના સંગે ભગવાનની પ્રાપ્તિ થાય છે અને મોક્ષ પ્રાપ્તિ થાય છે. માટે એવા સમર્થ સંતની શોધમાં નીકળ્યા. બદ્રિનાથ, જગન્નાથ, રામેશ્વર અને છેલ્લે દ્વારિકાની યાત્રા કરવા નીકળ્યા. વચ્ચે વિસનગર આવતા શ્રીહરિના પ્રતાપની વાતો સાંભળી તેમના દર્શનની અદમ્ય ઝંખના જાગી. દ્વારકાની વાટ છોડી ફરેણી તરફ ચાલ્યા. ત્યાં મોટા શતાનંદ સ્વામી મળ્યા. શ્રીહરિ ઊંઝા બિરાજે છે તેવી ખબર થતા કોઈનો પણ સાથ લીધા વિના ઊંઝા તરફ ચાલ્યા. (૧)

ઊંઝામાં શ્રીહરિ તળાવની પાળે ભક્તો-સંતોની સભામાં બેઠા હતા. દર્શન થતા જ ભાવસમાધિમાં ઊતરી ગયા. અદમ્ય ખેંચાણથી હે સ્વામિનારાયણ ! કહેતા ભાવથી શ્રીહરિના ચરણમાં લેટી ગયા. શ્રીહરિ પણ આ મુમુક્ષુ ભૂદેવને ઓળખી

છાતી સરખા ચાંપી અક્ષરધામ તુલ્ય સુખ આપ્યું. શ્રીહરિની દંતપંક્તિ જોતા આ દિનમણી તેમાં ઓળઘોળ થઈ ગયા અને જેની પોતાને વર્ષોથી તલાશ હતી તે જ આ પ્રગટ પુરુષોત્તમ નારાયણ છે તેવી પ્રતીતિ થઈ ગઈ. (૧)

શ્રીહરિ આ દૈવીગુણે યુક્ત શાસ્ત્રવેત્તા પુરુષને પોતાની પાંખમાં લીધા અને તેમને દીક્ષા આપી. આ ભાગ્યશાળી સ્થળ બન્યું મેઘપુર (જૂનાગઢ). શ્રીહરિએ તેમનું નામ **નિત્યાનંદ સ્વામી** રાખ્યું.

સ્વામી વિદ્વાન તો હતા તેથી શ્રીહરિએ તેમને વધુ શાસ્ત્રાભ્યાસ કરાવવાનું નક્કી કરી, પ્રકાંડ વેદાંત જ્ઞાતા પુરુષોત્તમ ભટ્ટ પાસે વેદાંત, ન્યાય, સાંખ્યાદિ શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરવા મોકલ્યા. સ્વામીની કુશાગ્ર બુદ્ધિ, જ્ઞાનચાતુર્ય જોઈને ગુરુને લાગ્યું કે, આ તો મહાસમર્થ જ્ઞાનીપુરુષ છે. આવી શક્તિ કોઈ માનવીય શક્તિ નથી આ તો કોઈ દૈવી મહાત્મા છે. શાસ્ત્રોના ગહન રહસ્યોને હસતા હસતા ઉકેલી નાખે છે. આમની પાસે તો ખરેખર મારે ભણ્યા જેવું છે. (૧)

શાસ્ત્રાભ્યાસ પૂર્ણ કરી સ્વામી શ્રીહરિ પાસે લોયા ગામમાં આવ્યા. શ્રીહરિએ તેમને શ્રીમદ્ ભાગવતના મુખ્ય તત્ત્વરૂપ સિદ્ધાંત વિષે પૂછતા સ્વામીએ જણાવ્યું કે, આપની કૃપા વડે જે સમજ્યો તે કહું છું કે, આ સંસારમાં જે કોઈ મુક્ત આત્મા અવતરે છે તે જો માયિક એવા ધન, સ્ત્રી આદિકના વ્યવહારમાં પડે છે તો તેને માયાનું બંધન થાય છે, પરંતુ પરમેશ્વરના અવતારો આ સંસારમાં આવે છે. તે તો સદા નિર્લેપપણે વર્તે છે. વળી તેના સંબંધને પામીને અનેક જીવો નિર્લેપ થઈ જાય છે. માયાને પણ એ દિવ્ય કરી મૂકે છે. આ રીતે મુક્ત અને ઈશ્વરના ભેદની મુખ્ય વાત મને સમજાણી છે. તેવો વિનયુક્ત નિર્માનીપણે ઉત્તર સાંભળતા શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા ને આશીર્વાદ આપ્યા કે, 'તમે જ્યાં જ્યાં જશો ત્યાં તમારી જીત થશે. તમારો દિગ્વિજય થશે, છતાં તમને તેનું અભિમાન નહિ આવે.' (૧)

નિત્યાનંદ સ્વામી સત્સંગ પ્રચાર માટે અનેક પ્રદેશોમાં ફર્યા કરતા. પ્રસંગોપાત જ્યારે અમદાવાદ વિચરણમાં જતા ત્યારે સ્વામી બહુધા અમદાવાદમાં દરિયાખાનના ઘુમ્મટમાં એકસો ઉપરાંત વિદ્યાર્થી સંતો સાથે રહેતા અને તેમને શાસ્ત્રાભ્યાસ કરાવતા. શહેરમાંથી જે કાંઈ કાચી પાકી ભિક્ષા મળે તેના ગોળા વાળી પાણીમાં ઝબોળી જમતા. સ્વામીએ અનેક સંતોને ભણાવી પ્રખર વિદ્વાન બનાવેલા. તેમાં મુખ્ય આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, બ્રહ્મચારી વાસુદેવાનંદજી જેમણે સત્સંગભૂષણ નામે મહાન ગ્રંથ રચ્યો. શિવાનંદ સ્વામી

તથા ભગવદાનંદ સ્વામી હતા. આ સિવાય બ્રહ્માનંદ સ્વામી તથા શુકમુનિને પણ સંસ્કૃત અભ્યાસ કરાવેલો. (૧)

સ્વામી છોટી કાશીરૂપ વડોદરા પધાર્યા ત્યારે સયાજીરાવ બીજા ગાદીએ હતા. તે વિદ્યાવાંછુ અને કદરદાન રાજવી હતા. સ્વામીએ વડોદરામાં સ્વામિનારાયણ સંપ્રદાયના ગહન તત્ત્વોનો અર્થ સમજાવી લોકોને આકર્ષ્યા. એટલે સુધી કે સયાજીરાવ પણ ખેંચાયા અને તેમણે સંપ્રદાયને શાસ્ત્રમાન્ય રાખ્યો જેથી સંપ્રદાયની કીર્તિ ચોમેર ખૂબ વધી. (૧)

આથી કેટલાક રૂઢ પંડિતો જેઓને ફક્ત વાદવિવાદમાં જ રસ રહેતો. તેઓને આ બાબત ખૂબ ખૂંચી. એમના મિથ્યા પ્રશ્નો સ્વામીના અપ્રતિમ જ્ઞાનકૌશલ્ય પાસે વામણા પુરવાર થયા. (૨)

શ્રીહરિએ સંપ્રદાયમાં બે આચાર્યોની સ્થાપના કરી. ત્યારે વડતાલની ગાદીના આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે નિત્યાનંદ સ્વામીને મુખ્ય રાખીને આચાર્યથી બીજી પદવીના અધિકાર તેમને સોંપ્યા હતા. આ જવાબદારી પૂર્ણ રીતે પાર પાડવા સ્વામી હંમેશ કટિબદ્ધ રહેતા. નવા સંપ્રદાયને સ્વીકારવા સામાન્ય જનો તો તૈયાર જ હતા, તો અન્ય સંપ્રદાયના પંડિતો વગેરેને આ સંપ્રદાય કણાની જેમ ખૂંચતો. તેઓ ઈર્ષાભાવ રાખીસંપ્રદાય સામે ઉપાધિઓ સર્જ્યા કરતા. આ બધાનું નિરાકરણ સ્વામી પોતાની બુદ્ધિ શક્તિથી લાવતા. (૨)

અમદાવાદમાં પણ આ રીતે વલ્લભી સંપ્રદાયના ગોસ્વામીજીએ સં. ૧૮૯૬માં છપ્પનભોગના મહાપ્રસંગે હજારો મનુષ્યોને એકઠા કરી આ સ્વામિનારાયણ સંપ્રદાયની જડ કાઢી નાખવાનો નિશ્ચય કર્યો. વડોદરાના શાસ્ત્રીઓને પણ આ પ્રસંગે શાસ્ત્રાર્થ માટે તેડાવ્યા, પરંતુ ત્યાંના ગાયકવાડ સરકારે તો આ ઉદ્ધવ સંપ્રદાયને શાસ્ત્રોક્ત માન્યતા આપી હતી તેથી ફરીવારના વિવાદ પ્રત્યે તેમણે નારાજગી વ્યક્ત કરી અને વડોદરાના પંડિતોને આ સભામાં અમદાવાદ ન જવા સમજાવ્યા. પંડિતો માની ગયા ને અમદાવાદ ન ગયા. (૨)

આ પ્રસંગે ગાયકવાડ સરકારની સલાહથી નિત્યાનંદ સ્વામી અમદાવાદ પધાર્યા. સ્વામીના પ્રચંડ પ્રભાવ અને જ્ઞાનસાગર સામે દ્વેષી પંડિતોનું કાંઈ ઉપજ્યું નહીં. તેમના હાથ હેઠા પડ્યા. છતાં પંડિતોને કાંઈ પૂછવું હોય તો પૂછી શકે છે. તેવા સ્વામીના આગ્રહ સામે કોઈ ટકી શક્યું નહિ. પંડિતો મૌન થયા અને ફરી અમદાવાદમાં પણ વડોદરાની જેમ આ સંપ્રદાયનો સ્વામીએ શ્રીજીકૃપાથી

જયજયકાર કરાવ્યો. (૧)

આ પછી આવી જ ઉપાધી ઉમરેઠમાં બની. ત્યાં પણ શંકરાચાર્યે ઉમરેઠના હરિભક્તોને હેરાન કરવાનું તથા કંઠી તોડવાનું કાર્ય શરૂ કર્યું. હરિભક્તોને જ્ઞાતિ બહાર મૂકી બ્રાહ્મણોમાં કુસંપ કરાવ્યો. વળી કેટલાક અર્ધદગ્ધ જ્ઞાનવાળા વિતંડાવાદી માણસોને તૈયાર કરાવી સ્વામીને ઉમરેઠ શાસ્ત્રની ચર્ચા કરવા બોલાવ્યા. તેઓએ શાસ્ત્રોના જવાબ માન્ય ન રાખી કેવળ ડખો કરવાનું જ ધાર્યું હતું. તેથી સ્વામીના એકેય જવાબ માન્ય ન ગણી બે બે વાર સુધી ચર્ચાનો કોઈ નિર્ણય ન આવતા સભા બરખાસ્ત કરવાની ફરજ પડી. સ્વામીએ શ્રીહરિને આનો ઉકેલ લાવવા પ્રાર્થના કરી. (૧)

એ અરસામાં સદ્. ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ પધાર્યા. સ્વામીએ તેમને આ પરિસ્થિતિ જણાવી એટલે ગોપાળાનંદ સ્વામીએ તેમને પૂછ્યું કે તમે ભિક્ષા કઈ રીતે ગ્રહણ કરો છો ? સ્વામી કહે શહેરમાં બ્રાહ્મણોના ઘરેથી. ત્યારે વાતનો તાગ મેળવતા ગોપાળાનંદ સ્વામી કહે, હવે તાગ મળી ગયો. તમે વિરોધી બ્રાહ્મણ પંડિતોના ઘરની ભિક્ષા ગ્રહણ કરો છો એટલે તમારા જેવા મહાપુરુષને જમાડવાથી મોટું પુણ્ય થાય છે અને આ જ પુણ્યનો લાભ મેળવી તેઓ તમારી સામે દલીલો કરી તમને પાછા પાડે છે. માટે હવે તેની ભિક્ષા લેવાનું બંધ કરો. આમ જ્યારે કરાયું અને થોડા દિવસ બાદ જ્યારે ફરી ચર્ચા માટે ભેગા થયા ત્યારે પેલા વિરોધી શાસ્ત્રીઓ સ્વામીની દલીલો સામે ટકી શક્યા નહીં. ખુદ શંકરાચાર્ય પણ સ્વામીના જ્ઞાનભંડાર સામે વામણા પુરવાર થયા. ઉદ્ધવ સંપ્રદાયનો ફરી જય જયકાર થયો. નામોશીથી બચવા શંકરાચાર્ય રાત્રે જ બીજે ઉચાળા ભરી જતા રહ્યા. (૨)

આવી જ વાત જૂનાગઢમાં પણ બની. દ્વેષી નાગરોએ એક અડબંગ વાચાળ બ્રાહ્મણને સ્વામી પાસે ઊભો કર્યો. નવાબ સાહેબ સામે આ ચર્ચા ચાલી. સ્વામીએ ચતુરાઈપૂર્વક આ અડબંગના માથામેળ વગરના પ્રશ્નોના જવાબો ખુદાતાલના સંદર્ભમાં આપવા માંડ્યા. ત્યારે નવાબને લાગ્યું કે, આ ચર્ચા તો કેવળ ઈર્ષાવૃત્તિથી જ ચાલે છે ત્યારે નવાબે પેલા બ્રાહ્મણને રજા આપી. નાગરોને આવા અડબંગને બોલાવવા બદલ ઠપકો આપ્યો અને સ્વામીને ભાવપૂર્વક વંદન કર્યા. આમ, નવાબ સ્વામીની વાક્ચાતુરી અને સમયસૂચકતાના જવાબોથી અતિ પ્રસન્ન થયા. (૨)

ઉપરાંત સ્વામીએ શ્રીહરિ દિગ્વિજય જેવા મહાન ગ્રંથ રચી તથા બીજા ગ્રંથો રચી સંપ્રદાયની અપાર સેવા કરી.

જ્યારે સત્સંગિજીવન ગ્રંથ રચાતો હતો ત્યારે પણ સ્વામીએ શ્રીહરિને કૃષ્ણ કે અન્ય અવતાર જેવા ન ગણી સર્વોપરી પૂર્ણપુરુષોત્તમનારાયણ કહેવાનો આગ્રહ રાખ્યો હતો. તેથી શ્રીહરિનો તેમના ઉપર અપાર રાજીપો ઉતર્યો.

શ્રીહરિ પ્રત્યે સ્વામીની ભક્તિનિષ્ઠા અગાધ હતી. ઘણી વાર તેઓ ગાદી ઉપર પંજો મારી મેઘનાદ કરતા કે, છે કોઈની હિંમત ? કે ગમે તે શાસ્ત્રનો આધાર લઈને સ્વામિનારાયણ ભગવાન નથી તેમ સિદ્ધ કરી આપે ? હું જાહેર રીતે સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ કહી પોકારું છું. આ શબ્દો પાછળ તેમની જ્ઞાનસભર બળભરી બ્રહ્મસત્તા અને શ્રીહરિના આશીર્વાદ કામ કરતા હતા. (૧)

સ્વામીને શારીરિક પીડામાં એક વર્ષ સુધી સતત આંખનું દર્દ રહ્યું, જે તેમણે મૂંગે મોઢે સહન કર્યું.

સ્વામી સંપ્રદાયમાં વિદ્વતાથી વ્યાસજીનું બિરુદ પામ્યા છે. એક સમર્થ સંન્યાસી શ્રીપાત વામન સ્વામી શ્રીહરિના શિષ્ય હતા. તેઓ કહેતા કે, હું જમદગ્નિ છું અને સ્વામી વ્યાસજી છે. તેઓ ભાગવત્‌ના પ્રખર જ્ઞાતા એવા આ સંન્યાસી ભાગવતના એક શ્લોકનો અર્થ પૂછવા નિત્યાનંદ સ્વામી પાસે ઉમરેઠ ગયેલા. ત્યારે કોઈએ પૂછ્યું કે, તમે ભાગવત ભણાવ્યું છે ? ત્યારે જવાબ આપ્યો કે, એમને જે ખબર હોય તે મને ક્યાંથી હોય ? તેઓ સાક્ષાત્ વ્યાસજી છે. આ ઉપમા વિદ્વતામાં સર્વોપરી તરીકે જ અપાતી. પરંતુ એ તો અક્ષરાધિપતિ પુરુષોત્તમ સાથે આવેલા મુક્તરાજ હતા. એમ એમની ઉપાસના અને ભક્તિ જ કહેતા હતા. (૧)

સ્વામીએ અનેક ગ્રંથો રચી પોતાની વિદ્વતાને દિપાવી છે. શ્રીહરિ દિગ્વિજય, હરિકવચ, હનુમંતકવચ, ભગવદ્‌ગીતા, કપિલગીતા, ગુણવિભાગ, વૈકુંઠ દર્શન, અવતાર ચરિત્ર, નારાયણ કવચ, નિષ્કામ શુદ્ધિ, શિક્ષાપત્રીની ટીકા મુખ્ય છે. સ્વામીએ સંસ્કૃતમાં રચેલ શ્રી હરિદિગ્વજય સંપ્રદાયનો શીરમોડ, અદ્‌ભૂત ગ્રંથ છે. શ્રીહરિનો અપાર મહિમા તેમાં વર્ણવ્યો છે. (૨)

સ્વામીની છેલ્લી અવસ્થામાં પણ કથા, કીર્તન, ઉપદેશ તો ચાલુ જ રહ્યા. તબિયત નરમ જણાવા લાગી. સૌને યથાયોગ્ય ભલામણ કરી કે હવે મતવાદીઓના વિવાદો શમી ગયા છે, સંપ્રદાયની મર્યાદા બંધાઈ ગઈ છે, હવે શ્રીહરિની આજ્ઞામાં સૌ રહેજો. પરસ્પરની મર્યાદાઓનો લોપ થવા દેશો મા. હવે મારું કાર્ય પૂર્ણ થાય છે. હું ધામમાં જઈશ. કહી આચાર્યશ્રી,

સંતો, ભક્તોને ધીરજ આપી વડતાલમાં વિ.સં. ૧૯૦૮ માગશર સુદી ૧૧ના પવિત્ર દિવસે શ્રીહરિ તેમના અનંત મુક્તો સાથે પધારી સ્વામીને ધામમાં તેડી ગયા. (૧)

પ્રકાંડ પંડિતવર્ય સદ્. શ્રી નિત્યાનંદ સ્વામીએ વચનામૃતમાં શ્રીહરિને ૨૫ જેટલા જ્ઞાનસભર પ્રશ્નો મુમુક્ષુના હિતાર્થે પૂછ્યા છે. જેમાં **ગઢડા પ્રથમ** પ્રકરણમાં ૪, **સારંગપુર**માં ૪, **કારિયાણી**માં ૩, **લોયા**માં ૧૧, **વરતાલ**માં ૨, **અમદાવાદ**માં ૧ એમ ૨૫ પ્રશ્નો જિજ્ઞાસુભાવે પૂછ્યા છે. પોતાની તેજસ્વી પ્રતિભાને અનુરૂપ પ્રશ્નોથી તેમના શાસ્ત્ર પ્રત્યેના ઊંડા જ્ઞાનનો આપણને પરિચય મળે છે.

વરતાલમાં એકવાર મહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાની વાતો પાંચ-છ દિવસ કરી. પછી કહ્યું જે, અમારી વાતનું ખરું રહસ્ય તો આ નિત્યાનંદ સ્વામી સમજે છે. ત્યારે સર્વે સંતો બોલ્યા કે, મહારાજ તે કેમ સમજે છે ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર અને રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી અને સર્વકારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજી મહારાજ છે. ત્યારે મહારાજ બોલ્યા જે, જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમાઈ જાય છે. પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય. તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી હરિકૃષ્ણ અમે છીએ. એમાં કિંચિત્ માત્ર સંશય નથી. એવી રીતે શ્રીહરિએ સંત આગળ પુરુષોત્તમપણાની વાત કહી. (૩)

વડતાલમાં સત્સંગિજીવન લખવાનો આરંભ કર્યો તેમાં ઉપાસનાનો પ્રસંગ નીકળ્યો. તેમાં સંતને સાત-આઠ દિવસ સુધી વાદવિવાદ થયો. ત્યારે કેટલાક સંતે મહારાજને શ્રીકૃષ્ણ જેવા કહ્યા ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, બીજા અવતાર જેવા મહારાજને કેમ કહેવાય ? કેમકે મહારાજે તો ચોવીશ અવતાર તથા ભૂમાપુરુષાદિકને અનંતને પોતાના વિષે લીન કરી દેખાડ્યા છે. મહારાજે સમાધિ પ્રકરણમાં સૌને પોતપોતાના ઇષ્ટદેવના દર્શન કરાવી સર્વેને પોતાનામાં લીન કરી દેતા દેખાડ્યા છે. એવી રીતે અનંત ઐશ્વર્ય દેખાડ્યા છે. પછી મહારાજે સ્વામીને રાજી થઈને હાર પહેરાવ્યો.

આમ, મહારાજે નિત્યાનંદ સ્વામીની સમજણને વખાણી કે પોતે જેવા છે તેવા સ્વામીએ મને કહી બતાવ્યો.

વચનામૃતમાં શ્રીહરિને સ્વામીએ જ્ઞાનસભર પ્રશ્નો પૂછ્યા છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમ ૧૩મું :** સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : દેહ દેહ પ્રત્યે જીવ એક છે કે અનેક છે ? અને જો એક કહેશો તો વડ, પીપર આદિક જે વૃક્ષ છે તેની ડાળખીઓ કાપીને બીજે ઠેકાણે રોપે છે ત્યારે તેવું ને તેવું વૃક્ષ થાય છે. એ તે એક જીવ બે પ્રકારે થયો કે બીજે જીવે પ્રવેશ કર્યો ? અને કહેશો જે, એ તો એનો એ જીવ છે, તો જીવ તો અખંડ છે અને અચ્યુત છે તે કપાણો કેમ ?

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૪૭મું :**
એ ચારે અંગવાળાને પોતપોતાના અંગમાં કોઈ ગુણ-દોષ છે કે નથી ? (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ)

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૭૩મું :**
નિર્વાસનિક થયાનું કારણ તે આવી વાત સાંભળવી તે છે કે વૈરાગ્ય છે?

★ **વચનામૃત સારંગપુરનું ૬ઠ્ઠું :**
(૧) એક એક અવસ્થાને વિષે બીજી બે-બે અવસ્થાઓ કેમ રહી છે ?
(૨) પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ જે ચાર વાણી તેને કેમ સમજવી ?

★ **વચનામૃત સારંગપુરનું ૧૧મું :**
જેમાં એ સર્વે અંગ સંપૂર્ણ હોય તેની ઉપર તો ભગવાનની કૃપા થાય છે અને જો એ અંગમાંથી કાંઈક ન્યૂનતા હોય તો તેની શી ગતિ થાય છે ?

★ **વચનામૃત કારિયાણીનું ૧લું :**
(૧) હે મહારાજ ! એમાં તે શું ઉત્તર થયો ?
(૨) ઇન્દ્રિયોમાં નિશ્ચય હોય તે કેમ જણાય ને અંતઃકરણમાં નિશ્ચય હોય તે કેમ જણાય ? ને જીવમાં નિશ્ચય હોય તે કેમ જણાય ?
(ભગવાનનો નિશ્ચય જીવમાં થાય છે કે અંતઃકરણમાં તે ભૂધરાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં નિત્યાનંદ સ્વામીએ પૂરક પ્રશ્ન પૂછ્યો છે)

★ **કારિયાણીનું પ્રથમ વચનામૃત આગળ ...**
ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, હે મહારાજ ! શ્રુતિ-સ્મૃતિમાં એમ કહ્યું છે જે
निरंजनः परमं साम्यमुपैति बहवो ज्ञान तपसा पूता मद्‌भावमागताः ।

★ **વચનામૃત કારિયાણીનું ૪થું :**

હે મહારાજ ! આ જીવને વિષે સાક્ષી રહ્યા છે તે સાક્ષી જે હોય તે તો મૂર્તિમાન હોય ને જે મૂર્તિમાન હોય તે વ્યાપક કેમ હોય ?

★ **વચનામૃત લોયાનું પ્રથમ :**

'એ કામાદિક શત્રુને ટાળ્યાનો શો ઉપાય છે ?'

★ **વચનામૃત લોયાનું ૭મું :**

(૧) ... ત્યારે નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી જે, જાણવું એ જ જ્ઞાન હોય તો શાસ્ત્રે કરીને ભગવાનને સર્વે જગત જાણે છે. તેણે કરીને સર્વેનું કલ્યાણ થતું નથી.

★ **વચનામૃતમાં આવું લખેલ છે : (લોયા - ૭મું)**

... અને તે સમયમાં વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને આપ્યું. પછી તે પુસ્તકને જોઈને શ્રીહરિ બહુ રાજી થયા.

એનો મતલબ એ કે વચનામૃતના સંકલનમાં જે ચાર સંતો હતા તે પૈકી નિત્યાનંદ સ્વામી પણ હતા. જેમણે વચનામૃતની રચનામાં અગત્યનો ભાગ ભજવ્યો અને તે પુસ્તક (વચનામૃત) શ્રીહરિને પ્રથમ વાર બતાવ્યું. જેને જોઈને શ્રીહરિ ખૂબ રાજી થયા. સાલ હતી સંવત ૧૮૭૭ના માગશર સુદ ૩.

★ **વચનામૃત લોયાનું ૧૦મું :**

આ જગતમાં કેટલાક મનુષ્યને સ્ત્રીયાદિક પદાર્થમાં એવું હેત થાય છે જે, તેનો વિયોગ થયો હોય તો પ્રાણનો ત્યાગ થઈ જાય. અને કેટલાકને સાધારણ હેત છે. માટે તેના વિયોગે કરીને પ્રાણનો ત્યાગ ન થાય. એ બે પ્રકારના જીવ છે. તે જેમ સંસારમાં હેતે કરીને જોડાય છે તેમ તે હેતવાળાને જો ભગવાન મળે તો તેમાં પણ એમ જ જોડાય જે, ભગવાનનો વિયોગ થાય તો પ્રાણ જાય... તો એ બે પ્રકારના જે મનુષ્ય તેને વિષે કર્મે કરીને એવો ભેદ છે કે, એ બે પ્રકારના જીવ અનાદિના છે ?

(૨) વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે,

વૃત્તિના વેગમાં એ ત્રણ પ્રકાર થયા. તે ગુણે કરીને થયા કે કોઈ બીજા હેતુએ કરીને થયા ?

(૩) 'એને ભગવાનમાં કેમ તીવ્ર વેગે કરીને હેત થતું નથી ?

★ **વચનામૃત લોયાનું ૧૩મું :**

'જ્યાં સુધી એ મુક્તોને ગુણનો સંબંધ છે ત્યાં સુધી તો તેને દેશ, કાળાદિકે

કરીને વિપર્યયપણું થાય... મમ સાધર્મ્યમાગતાઃ એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે એવા જે મુક્ત અને નારાયણ તેને વિષે કેમ ભેદ સમજવો?

★ વચનામૃત લોયાનું ૧૫મું :

શ્રીહરિ કૃપાવાક્ય બોલ્યા કે, આ જીવ છે તે અધ્યાત્મ અધિભૂત અને ... સર્વ દેહમાં નખશિખાપર્યંત વ્યાપીને રહ્યો છે...

(૧) તે વાક્યમાં નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી કે, હે મહારાજ, ત્યારે એમ કહેવાય છે જે, જીવ જે તે સામાન્યપણે સર્વ દેહમાં વ્યાપીને વિશેષપણે હૃદયાકાશમાં રહ્યો છે. ત્યારે સર્વે ઠેકાણે સરખું જાણપણું નથી જણાતું તેનું કેમ સમજવું ?

(૨) હે મહારાજ ! તમે જીવને નિરાકાર કહ્યો ત્યારે તે જીવને વિષે ભગવાન રહ્યા છે તે પણ અલિંગપણે રહ્યા છે કે મૂર્તિમાન રહ્યા છે ?

(૩) એ ભગવાન ઇન્દ્રિયાદિકના આશ્રયપણે રહ્યા છે તે પુરુષરૂપે કરીને રહ્યા છે કે અક્ષરરૂપે રહ્યા છે કે પોતે સ્વયં પુરુષોત્તમપણે રહ્યા છે ?

★ વચનામૃત લોયાનું ૧૭મું :

(૧) હે મહારાજ ! પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો હોય અને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે માટે સૂઝે એવો દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થાય તો પણ સારો ને સારો જ રહે. પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહિ. તે શાણે કરીને થાય ?

(૨) કોઈકને દેહાભિમાન તથા પંચ વિષયની આસક્તિ હોય તો પણ તે સત્સંગમાં નભ્યો જાય છે તે કેમ સમજવું ?

(૩) જેને પંચવિષયનો અભાવ હોય તે કેમ જણાય ?

★ વચનામૃત ગઢડા મધ્યનું ૬૬મું : (સ્વામીને પૂછ્યું છે)

આ વચનામૃતમાં શ્રીહરિએ મોટા મોટા સંતો એટલે કે સદ્ગુરુઓ : આનંદાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકમુનિ અને મુક્તાનંદ સ્વામીને પ્રશ્નો પૂછી તેમના જ્ઞાનનો પરિચય મેળવ્યો છે. જેમાં, નિત્યાનંદ સ્વામીને શ્રીહરિએ પૂછ્યું : ભગવાનને પામ્યાનું એક જ સાધન છે કે ઘણાંક સાધને કરીને ભગવાન પમાય છે ?

★ વડતાલનું ૫મું પ્રકરણ :

(૧) હે મહારાજ ! ભગવાનને આશરે જવું તે આશરાનું શું રૂપ છે ?

પછી વળી પ્રશ્ન પૂછ્યો છે :

(૨) એ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મને વિષે જ ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?

★ અમદાવાદનું ૩જું વચનામૃત :

ઉપશમદશા પામ્યાનો તમે કહ્યો જે આત્મારૂપે થઈને ભગવાનના ધ્યાન કરવા રૂપ ઉપાય તે તો અતિ કઠણ છે માટે એ વિના બીજો એનો સુગમ ઉપાય હોય તે કહો.

★ પાદટીપ :


(૧) **શ્રી હરિદિગ્વિજય :** નિત્યાનંદ સ્વામી, વડતાલ મંદિર પ્રકાશન વર્ષ : ૨૦૦૫ પાના નં. ૩ થી ૫

(૨) **સદ્‌ગુરુ ચરિત્ર :** ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, વર્ષ : પાના નં. ૬૮થી ૯૬. રાજકોટ, ગુરુકુલ.

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩ વાર્તા નં. ૧૯ અને ૩૩ અંકલેશ્વર ગુરુકુલ વર્ષ : ૨૦૧૫

(૪) **ગુણાતીતાનંદ સ્વામીની વાતો :** પ્રકરણ-૪ વાત નં. ૨૮, રાજકોટ ગુરુકુલ, પ્રકરણ પાના નં. ૨૦૯

●



૬. આચાર્યવર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિએ પોતાની હયાતીમાં સંપ્રદાયની ગાદી બે વિભાગમાં વડતાલ અને અમદાવાદ એમ સંવત ૧૮૮૨ કારતક સુદ-૧૧માં વહેંચી દીધેલ. પોતાના મોટા ભાઈ અને નાના ભાઈના પુત્રોમાંથી એક-એકને ભારતના ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગની એમ બે ગાદી સોંપી અને સંપ્રદાયની તમામ જવાબદારી આચાર્યશ્રીઓએ શ્રીહરિ વતી સંભાળી. જેઓ બંને શ્રીહરિના દત્તક પુત્ર અને સંપ્રદાયના પ્રથમ આદિ આચાર્યશ્રી કહેવાયા. જે પૈકી **અમદાવાદના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વિષે જાણીએ :**

શ્રીહરિના મોટા ભાઈ રામપ્રતાપભાઈના દીકરા તે અયોધ્યાપ્રસાદજી મહારાજ અને નાના ભાઈ ઈચ્છારામજીના પુત્ર તે રઘુવીરજી મહારાજ. શ્રીહરિએ બંને ભાઈઓના સુપુત્રોને સંપ્રદાયની ઉત્તરની અને દક્ષિણની એમ બે ગાદી કરી. જેમાં ઉત્તરની ગાદી તે અયોધ્યાપ્રસાદજી મહારાજને સોંપી.

શિક્ષાપત્રીના : ૧૨૮માં શ્લોકમાં કહ્યા મુજબ આચાર્યશ્રીએ મુમુક્ષુ જીવને ગુરુ મંત્ર આપી સંપ્રદાયમાં લેવો. એટલે કે ત્યાગી થવું હોય તેને ત્યાગીની દીક્ષા આપવી અને ગૃહસ્થ હોય તેને ગુરુમંત્ર આપી હરિભક્ત બનાવવો અને મંદિરોમાં પ્રતિષ્ઠાવિધિ કરવી તે સાથે કથાવાર્તાએ કરીને ભક્તોનું પોષણ કરવું.

અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પિતાશ્રી રામપ્રતાપભાઈ અને માતા સુવાસિનીબાઈ હતા. તેમનો જન્મ છપૈયા ગામમાં સંવત ૧૮૬૫માં જેઠ સુદ એકાદશી એટલે ઈ.સ. ૧૮૨૬માં થયો અને આચાર્યપદે તેમને સંવત ૧૮૮૨ના કારતક સુદી એકાદશીના દિવસે આરૂઢ કર્યા. ભગવાન સ્વામિનારાયણે પોતાના સ્વહસ્તે તેમને આચાર્ય પદની પાઘ પહેરાવી પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા. તે સમયે મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજીની ઉંમર ૧૮ વર્ષની હતી અને આ પદ તેમણે ૪૨ વર્ષ સુધી શોભાવ્યું. (૧)

પોતે સ્વભાવે શાંત, નિર્માની અને સાદગીને વરેલા હતા. તેમને કીર્તન ભક્તિમાં વિશેષ અભિરુચિ હતી. તેઓ કીર્તનો પણ રચતા. પોતે સંસ્કૃત ભાષાનું સારું જ્ઞાન ધરાવતા. તેમણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરેલો. સંત કવિ ભૂમાનંદ સ્વામી દ્વારા તેમણે 'શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર' નામનો ગ્રંથ રચાવ્યો. સત્સંગિજીવનની તત્વાર્થ દીપિકા સંસ્કૃત ભાષામાં વિવેચન ગ્રંથ રૂપે લખાવી. અમદાવાદ મંદિરમાં હવેલીનું બાંધકામ કરાવ્યું. ઉપરાંત ડુંગરપુર, જેતલપુર, ઈડર, સિદ્ધપુર, માંડવી અને છપૈયા મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. (૧)

તેમના જીવન પ્રસંગો ઉપરથી **મુમુક્ષુ જીવને સત્સંગનું પોષણ અને સમજણ પ્રાપ્ત થાય છે તેવા પ્રસંગો જાણીએ :**

મહારાજશ્રી સર્વોપરી ઉપાસનાના આગ્રહી હતા તથા જે સંતો શ્રીહરિનો આવો મહિમા કહેતા તેઓ ખૂબ પક્ષ રાખતા અને રાજી થતા તે પ્રસંગ જોઈએ :

જૂનાગઢમાં અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી મહારાજની સર્વોપરી ઉપાસનાની બહુ બળભરી વાતો કરતા. તેથી કેટલાકને એવું લાગતું કે સ્વામી દેવનો મહિમા ઓછો ગાય છે. તે સમયે મહારાજશ્રી મૂળીથી હાલાર દેશમાં સત્સંગ વિચરણ કરતા ગામ વાણિયાની વણથલી પધાર્યા ત્યારે બેચર ભટ્ટ વગેરે ભક્તો દર્શને આવ્યા. તે સમયે કોઈ હરિભક્તે વાત કરવા માંડી કે જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી અવતારનું અને દેવનું ખોદ ખોદ કરે છે. ત્યારે મહારાજશ્રીએ બેચર ભટ્ટને પૂછ્યું ત્યારે ભગત કહે અમે તો જૂનાગઢ વારે વારે જઈએ છીએ પણ આવી વાત તો ક્યારેય સાંભળી નથી. પણ સવારમાં ઉઠતા વેંત જ તમારા બાપ (સ્વામિનારાયણ પ્રભુ)ની વાતો કરી તેના ગુણગાન ગાય છે. ત્યારે મહારાજશ્રી હસીને બોલ્યા કે, સ્વામી અવતારનું કે દેવનું ઘસાતું બોલે તેવા નથી. તે તો મહારાજના સર્વોપરીપણાની વાતું કરતા હશે. આમ મહારાજશ્રીએ ગુણાતીતાનંદ સ્વામીના વખાણ કરી તેનો પક્ષ રાખ્યો. (૨)

મહારાજશ્રી સંતોના વખાણ કરે છે તેવો બીજો પ્રસંગ :

અયોધ્યાપ્રસાદજી મહારાજ મુક્તમુનિ (મુક્તાનંદ સ્વામી)ને કહે છે કે, ભગવાનના ચરિત્ર અને વાતો અમૃત સમાન છે. જેવું પાત્ર હોય તે પ્રમાણે સમજે. ભક્તમાં જેવા ગુણ હોય તેવી વાત કરે. પોતાનો લગાર પણ ગુણ મેળવ્યા વિના વાત કરે એવા એક તમે અને ગોપાળમુનિ છો. (૩) આમ મહારાજશ્રીએ મુક્તમુનિની પ્રશંસા કરી.

એકવાર મુક્તાનંદ સ્વામી મહારાજશ્રીને કહ્યું કે, ઉત્તમ શ્રોતા તે ઉત્તમ રાજા (દાદા ખાચર) છે પણ તમો ઉત્તમ છો એમ અમે માનીએ છીએ. તમારો દૈહિક સંબંધ શ્રીહરિ સાથે અધિક છે. વળી મહારાજ કહેતા કે, અયોધ્યાપ્રસાદજી અને રઘુવીર તે બંને મારા સંબંધને પામેલા છે. તે બંને મને પ્રસન્ન કરવા મમત્વ રાખે છે. મને પ્રસન્ન કરવાનું તાન હોય તે કદી ધર્મ લોપે નહિ. (૪)

મહારાજશ્રીમાં આત્મનિષ્ઠા કેવી અજોડ હતી ! તેનો એક પ્રસંગ જોઈએ :

એકવાર મહારાજશ્રી ગામડે વિચરણ કરવા ગયા હતા. સાંજનો સમય થયો તો પોતે ચાદર ઓઢી માનસી પૂજા કરવા બેઠા. માનસી ચાલુ હોય ત્યારે પોતે દેહભાવ ભૂલી આત્મભાવે શ્રીહરિમાં જીવ જોડી માનસી પૂજાનું સુખ લેતા તે સમયે તેમને દેહનો કોઈ ભાવ નડતો નહિ. શરીર માંદુ હોય તો પણ તે ગણકાર્યા વગર માનસી કરતા. એકવાર આ રીતે માનસી કરતા હતા. તેમને અચાનક કોઈ જીવજંતુનો તેમને ડંખ લાગ્યો. એ જંતુ ઠાકરીયો વિંછી હતો. ચાદરમાં ભરાઈ રહેલ. મહારાજશ્રીએ તે ઓઢેલ અને આ રીતે ડંખ ઉપર ડંખ મારવા લાગ્યો. અસહ્ય પીડા થાય પરંતુ મહારાજશ્રી તો પ્રભુ સાથે એક તાર કરીને બેઠા હતા. તેમણે તે અસહ્ય વેદના સહન કરી. રાબેતા મુજબ જ માનસીપૂજા કરી. પૂજા પૂરી થયા બાદ કોઈ સેવકને કહ્યું કે, જરા જુઓ તો ! ચાદરમાં કંઈક જીવડું ગરી ગયું લાગે છે. સેવકે ચાદર ખંખેરી તો તેમાંથી ભયંકર ઠાકરીયો વીંછી નીકળ્યો. મહારાજશ્રીના વાંસા ઉપર ડંખ મારેલા. જો વીંછી એક ડંખ મારે ત્યાં તો માણસ વેદનાથી ચીસો પાડવા મંડે તેને બદલે તેમણે આ ભયંકર વેદના સહન કરી. (૫) આત્મનિષ્ઠાનું અજોડ ઉદાહરણ.

બ્રહ્માનંદ સ્વામીએ મૂળીમાં રાધાકૃષ્ણ દેવ પધરાવ્યા. તેની આરતી મહારાજશ્રીએ ઉતારી. તે સમયે મૂર્તિઓમાંથી અદ્‌ભૂત તેજનો પુંજ દેખાયો ને તેમાં શ્રીજી મહારાજે તેજોમય રૂપે દર્શન દીધા અને તે સર્વે મૂર્તિઓને મહારાજ ભેટ્યા અને પછી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. આ દિવ્ય દર્શન ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ પ્રગટ પ્રમાણ દેખ્યા. (૬) મહારાજશ્રી આવા સમર્થ હતા કે આરતી ઉતારી ને પ્રગટ મહારાજ હાજર થયા.

મહારાજશ્રી જ્યારે આ સંપ્રદાયમાં આવ્યા ન હતા અને હિંદુસ્તાનમાં

અયોધ્યામાં પોતાના ઘેર હતા ત્યારે સ્વપ્નમાં તેમને શ્રીહરિના દર્શન થયેલા. પછી જ્યારે આ દેશમાં તેમણે **પ્રથમ કારિયાણીમાં વસ્તા ખાચરના** દરબારમાં શ્રીહરિના દર્શન કર્યા. ત્યારે તેમને સ્વપ્નની મૂર્તિ યાદ આવી કે, બંને સ્વરૂપ સરખા છે અને મહારાજનો તેમને પાકો નિશ્ચય થયો. તેમના ઉપર શ્રીહરિની અપાર કરૂણા હતી. તેનું આ દૃષ્ટાંત છે. (૭)

બામણગામમાં નારુજી નામે એક ક્ષત્રિય હતા. તે શ્રીહરિની સાથે વિચરણ કરતા. પરંતુ તેમણે પોતાના ઘરે મહારાજને તથા સંતોને પધરાવેલ નહિ. તેમનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીહરિ તેમને ધામમાં તેડી ગયા અને ધામમાં ભોજનની પંક્તિ થઈ ત્યારે ઝીણાભાઈ અને દાદા ખાચરની વચ્ચે બેઠા. મહારાજ પીરસવા લાગ્યા. તો દાદાને અને ઝીણાભાઈને લાડુ પીરસ્યા પણ નારુજીને ન પીરસ્યા. આથી નારુજી કહે, મહારાજ ! મને કેમ ન પીરસ્યું ? ત્યારે શ્રીહરિ કહે, તેં કોઈ દિવસ અમને કે સંતને જમાડ્યા છે ? ત્યારે નારુજી કહે, મને જલદી દેહમાં મૂકો. મારો દેહ હજી બાળ્યો નથી. પછી મહારાજે તેમને દેહમાં મૂક્યા. પોતે જીવિત થયા અને બંને આચાર્ય મહારાજશ્રીને પત્ર લખી પોતાના ઘરે બોલાવ્યા. મહારાજશ્રી સંતો ભક્તોને લઈને પધાર્યા. ભગતે સર્વેને અઠવાડિયા સુધી રાખી સેવા, ભજન, ભોજનનો લાભ લીધો. પછી મહારાજશ્રીની પ્રાર્થનાથી થોડા દિવસ બાદ ભગતને શ્રીહરિ દર્શન આપીને તેડી ગયા. (૮) આચાર્ય મહારાજશ્રીમાં શ્રીહરિનો પ્રગટ ભાવ અને પ્રગટવાસ છે તે આ ચરિત્ર પરથી ફલિત થાય છે.

હરિભક્તને મહારાજશ્રીમાં કેવો દિવ્યભાવ છે ? અને તે તેઓને જીવના સગા માને છે તેનો એક પ્રસંગ જાણીએ :

અમદાવાદમાં એક દરજી ભક્તને મહારાજશ્રી ઉપર ખૂબ ભાવ. તેને ભગવાન તુલ્ય માની તેમની સેવા કરે. મહારાજશ્રી જ્યારે દેહ મૂકી ગયા ત્યારે આ ભક્તને ખૂબ દુઃખ થયુ અને તેણે મૂછો મૂંડાવી. આ જાણી દરજીના સગા જે કુસંગી હતા તેને દરજીની ઈર્ષા આવી. પછી થોડા દિવસ બાદ દરજીના બાપા ગુજરી ગયા. તેની પાછળ તેણે નાતને જમાડવાનો સંકલ્પ કર્યો અને મિષ્ટાન્ન બનાવ્યું. બધા નાતીલાને આમંત્રણ આપવા ગયો ત્યારે સૌએ આવવાની ના પાડી. કેમકે તેણે મહારાજશ્રી ધામમાં ગયા હતા ત્યારે મૂંછો મૂંડાવી હતી. ત્યારે ભગતે નાતના આગેવાનોને કહ્યું કે, આ તો નાતનો રિવાજ છે એટલે તમને જમાડું છું.

મારે તમને જમાડવાનો કોઈ ઉત્સાહ નથી. તમે ના પાડશો તો હું મારા સાચા સગાં જેવા સંતો, ભક્તોને બોલાવી બધી રસોઈ તેમને જમાડી દઈશ. ત્યારે નાતીલાને પોતાની ભૂલ સમજાઈ અને ભગતની માફી માંગી કહ્યું કે, અમે બધા તારા પ્રસંગમાં જરૂરથી આવશું. (૬) આમ દરજી ભક્તે નાતીલા કરતા સંતો-ભક્તોમાં વિશેષ હેત દાખવ્યું.

મહારાજશ્રી સંવત ૧૯૨૪માં ફાગણ સુદ-૮ના રોજ ધામમાં ગયા. અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીહરિને **ગઢડા મધ્યના ૬૨માં વચનામૃત**માં ગૃહસ્થની સુખાકારી માટે પ્રશ્ન પૂછ્યો છે : 'આ સંસારને વિષે એવો પુરુષ હોય જે, આઠે પહોરનો સંસારની વિંટબણામાં રહ્યો હોય અને ગમે તેવું યોગ્ય-અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ?

આચાર્ય મહારાજશ્રી પોતે ગૃહસ્થ હોય તેમને તો આવું કોઈ કર્મ ન થતું હોય પરંતુ સંપ્રદાયના ગૃહસ્થ ભક્તોની સુખાકારી માટે તેઓએ આ પ્રશ્ન પૂછ્યો હશે.

★ **પાદટીપ :**

(૧) **મહાપૂજા મુક્ત ગાથા :** શા. સંતવલ્લભદાસજી : કંડારી ગુરુકુલ, વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૦થી ૧૧

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** લેખક : રૂગનાથ ચરણદાસ. અંકલેશ્વર ગુરુકુલ, ભા. ૩, વાર્તા નં. ૩૯૦

(૩) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૧૧, તરંગ-૧૦, સ્વામિ. સાહિત્ય, ગાંધીનગર

(૪) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૧૧, તરંગ-૨

(૫) કથાવાર્તામાં સાંભળેલું.

(૬) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** અંકલેશ્વર ગુરુકુલ, ભાગ-૩, વાર્તા નં. ૪૦૧

(૭) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** અંકલેશ્વર ગુરુકુલ, ભાગ-૩, વાર્તા નં. ૩૧૫

(૮) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર, વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૨૪૮

(૯) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** અંકલેશ્વર ગુરુકુલ, ભા. ૩, વાર્તા નં. ૨૬૯

●

૭. આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજ

આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસપણાના **ગઢડા મધ્યના ૬૨**માં વચનામૃતમાં ગૃહસ્થો વતી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો છે કે, હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?

વડતાલ ગાદીના પ્રથમ આદિ આચાર્ય મહારાજ શ્રી રઘુવીરજી મહારાજના અંગ વિષે તથા તેમના જીવન ચરિત્રો વિષે જાણીએ :

રઘુવીરજી મહારાજનો જન્મ સં. ૧૮૬૮ ફાગણ વદ-૪ અને ઈ.સ. ૧૮૧૨માં ઉત્તર પ્રદેશના આંબલિયા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ઈચ્છારામભાઈ હતું. જેઓ શ્રીહરિના નાનાભાઈ થતા હતા. મહારાજશ્રીની માતાનું નામ વરિયાળીબાઈ હતું. મહારાજશ્રી શ્રીહરિના ભત્રીજા થતા હતા. (૧)

રઘુવીરજી મહારાજ ઈચ્છારામભાઈના ચોથા પુત્ર હતા.

રઘુવીરજી મહારાજ વડતાલ લક્ષ્મીનારાયણ દેવની ગાદી ઉપર સં ૧૮૮૨ના કાર્તિક સુદી એકાદશીના દિવસે વિરાજમાન થયા. તેઓ ખૂબ દયાળુ અને નિર્માની હતા. નાનપણથી તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. સંપ્રદાયના દરેક કામકાજમાં તેઓશ્રી ગોપાળાનંદ સ્વામીની સલાહ લેતા કેમકે શ્રીહરિએ સંપ્રદાયની જવાબદારી અને બંને દેશના આચાર્યશ્રીઓના હાથ ગોપાળાનંદ સ્વામીને સોંપ્યા હતા. એમના ધર્મપત્ની (ગાદીવાળા)નું અકાળે ધામગમન થતા તેમને કોઈ સંતાન ન હોવા છતાં ફરી લગ્ન ન કર્યાં અને અખંડ બ્રહ્મચર્ય વ્રત રાખી સંપ્રદાયની સેવા કરી. તેઓશ્રી ત્રણેય અવસ્થામાં શ્રીહરિની મૂર્તિનું અખંડ દર્શન કરતા. (એટલે કે તેમને શ્રીહરિએ નિરાવરણ દૃષ્ટિ આપેલી) (૧)

મહારાજશ્રીનું જીવન અત્યંત સાદગીપૂર્ણ, સરળ અને સેવામય હતું. સંતોનો તેમને ભારે મહિમા હતો. **સંતોની સેવા કરવા તેઓ સદા તત્પર રહેતા. તેનો એક પ્રસંગ જોઈએ :**

ગઢડા એક સંતને તાવ આવતો હતો. મહારાજશ્રી રાત્રે તેમની ખબર પૂછવા ગયા. ત્યારે તે સંતને તાવ ઊતરી ગયો હતો. તે સમયે મહારાજશ્રીએ પૂછ્યું કે, કાંઈ ખાવાની ઇચ્છા થાય છે ? ત્યારે તેણે રોટલો ખાવાની રુચિ કહી. ત્યારે મહારાજશ્રી તરત પોતાના બંગલે જઈ પોતાના હાથે રોટલો ઘડીને અથાણા સાથે સંતને પીરસ્યો. સંત તો આ પ્રસાદી ભાળીને ગદ્ગદ્ કંઠ થઈ ગયા. (૧) મહારાજશ્રીનો ભાવ અને સંતો પ્રત્યેની તેમની લાગણી જોઈને તે સંત ધન્ય બની ગયા.

મહારાજશ્રી દર વર્ષે બે-ચાર માસનો સમય કાઢી વડતાલથી જૂનાગઢ સદ્. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવતા. સ્વામી પાસે નિરાંતે બેસીને કથાવાર્તાનું સુખ લેતા. ગુણાતીતાનંદ સ્વામીએ પણ તેમની સાથે બોલી કરેલી કે, આપ આવો ત્યારે મહારાજશ્રી તરીકે નહીં પણ મુમુક્ષુ બનીને પધારજો. જેથી આપના રસાલાની આગતા-સ્વાગતામાં અમારો સમય ન બગડે. મહારાજશ્રી તે પ્રમાણે કબૂલ થયેલા અને પોતે નિર્માની થઈને પધારતા. પોતે સ્વયંપાકી હોવાથી પોતાની જાતે ખીચડી બનાવીને જમી લેતા. આવો તેમને સંતોની કથાવાર્તાનો ખપ હતો.

અને તેથી જ ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતોમાં લખે છે કે, મંદિરનો, આચાર્યનો, સાધુનો અને સત્સંગીઓનો એ ચારનો જે દ્રોહ કરે તેના કલ્યાણના મૂળ કપાણા જાણવા. (૨)

વળી સ્વામી એવું પણ કહેતા કે, રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય અને ગય જેવા રાજા હોય તો બે કરોડ મનુષ્ય ભગવાનનું ભજન કરે છે તેને બદલે દશ કરોડ માણસો ભજન કરે. અમે તો એવી અરજી મહારાજ પાસે મૂકી છે. **(૨.૧)**

એકવાર મહારાજશ્રી પોતાના ઉતારેથી મંદિરે જતા હશે તો રસ્તામાં કોઈ સંતના ગાતરીયાનો લીરો પડેલો જોયો, કે તરત પોતે વાંકા વળી એ પવિત્ર પ્રસાદીનો ટુકડો હોય તેમ હાથમાં લઈ આંખે અડાડી, છાતીએ ચાંપીને ખિસ્સામાં મૂક્યો. આવું તેમને સંતનું માહાત્મ્ય હતું. (૩)

સંતો પ્રત્યે હેત હોય એટલે તેમને જમાડવાની ભાવના થયા કરે. સંપ્રદાયના લગભગ દરેક ગ્રંથોમાં એવો ઉલ્લેખ મળ્યા જ કરે છે કે, મહારાજશ્રી સંતોની

પંક્તિમાં પીરસે છે. લાડુ સાથે મહારાજશ્રી પોતાનું હેત અને **આશીર્વાદ પીરસે છે** તેવું લાગે. **તેવો એક પ્રસંગ જોઈએ.**

મુંબઈનો કોઈ શાહુકાર ડાકોરમાં રણછોડરાયજીના દર્શન કરવા આવ્યો ને તેણે તીર્થવાસી ખાખી બાવાઓને રસોઈ આપી. જમવાના સમયે તે દર્શન કરવા આવ્યો. તો તે સમયે બાવાઓ ચીપીયાથી સામસામા બાઝ્યા અને લોહીલુહાણ થઈ ગયા. આ જોઈ શેઠને થયું કે આને રસોઈ ન આપી હોત તો સારું હતું. આમાં સંત જેવું કાંઈ લાગતું નથી. શેઠનો વાણોતર હરિભક્ત હતો. તેણે કહ્યું કે, બાજુમાં વડતાલ ગામમાં સ્વામિનારાયણનું મંદિર છે અને તેના સંતો દર્શન કરવા જેવા છે. ત્યારે શેઠ વડતાલ દર્શન કરવા આવ્યા. તે સમયે જમવાની પંક્તિ થઈ હતી અને સંતોને રઘુવીરજી મહારાજ ભાવથી તાણ કરી કરીને પીરસતા હતા. સંતો ભગવાનને સંભારતા જમતા જમતા શ્લોક બોલતા જોઈ શેઠ દિગ્મૂઢ બની ગયા કે આવા પવિત્ર સંતો ? તેને સંતોનો અને મહારાજશ્રીનો ખૂબ ગુણ આવ્યો અને તેણે સંતોને માલપુડાની રસોઈ આપી ને સંતોષ સાથે મુંબઈ ગયો. (૪)

એકવાર ગઢડામાં રઘુવીરજી મહારાજના આમંત્રણથી દિવાળીના દિવસે શ્રીહરિ સદ્‌ગુરુ સંતો સાથે થાળ જમવા ગયા. મહારાજશ્રીએ ખૂબ ભાવથી પીરસ્યું. પછી મહારાજશ્રીના ધર્મપત્નીએ લાજ કાઢી શ્રીહરિને પંચાંગ પ્રણામ કર્યા ત્યારે શ્રીહરિ કહે, અમે કોઈના જેઠ કે સસરા નથી. અમે તો પુરુષોત્તમ નારાયણ છીએ. આ સાંભળી ગાદીવાળાએ લાજ મૂકીને દર્શન કર્યા. તેઓ હંમેશાં શ્રીહરિનું ધ્યાન અને દર્શન કરતા. છતાં રઘુવીરજી મહારાજને સંશય થયો નહિ. તેથી શ્રીહરિ કહેતા કે, રઘુવીરજીની સમજણ સારી છે અને મહિમા પણ ઘણો જાણે છે. (૫)

રઘુવીરજી મહારાજને શ્રીહરિએ દર્શન દીધા તેનો પ્રસંગ જાણીએ :

એકવાર ખાનદેશ (મહારાષ્ટ્ર)ના ભક્તો સંઘ કાઢીને વડતાલ દર્શને જતા હતા. રસ્તામાં ટીમણ કરવા બેઠા. પછી પાણી પીવા નદીએ ગયા તો પાણી ન મળે. તેથી તરસથી બધા મૂંઝાણા. તે સમયે વડતાલમાં શ્રીહરિએ મહારાજશ્રીને દર્શન આપી કહ્યું કે, ખાનદેશના ભક્તો પાણી વગર મૂંઝાય છે માટે અમે પાણી બતાવવા જઈએ છીએ. એમ કહી અદૃશ્ય થઈ ગયા. આ બાજુ ભક્તો પાસે એક બ્રાહ્મણે આવીને પૂછ્યું કે તમે શું ગોતો છો ? ત્યારે કહે, 'પાણી'. આ સમયે

બ્રાહ્મણે કહ્યું, આવો તમને પાણી દેખાડું. એમ કહી થોડે દૂર નદીનું વહેણ બતાવ્યું. સૌએ પાણી પીધું અને પછી જુએ તો પેલા બ્રાહ્મણ અદૃશ્ય થઈ ગયા. પછી ભક્તો વડતાલ પહોંચ્યા, ત્યારે મહારાજશ્રીએ પૂછ્યું કે, તમને તરસ લાગી હતી ત્યારે કોઈ બ્રાહ્મણે આવીને તમને પાણી બતાવેલ ? ત્યારે સૌએ હા પાડી. તો કહે એ બ્રાહ્મણ મહારાજ પોતે હતા ને મને કહી ગયેલ. આમ શ્રીહરિએ ભક્તોની રક્ષા કરી. (૬)

મહારાજશ્રી કેવા સમર્થ હતા ! તેનો પ્રસંગ જોઈએ :

એકવાર રઘુવીરજી મહારાજ સુરત પધારેલા. ત્યારે સદ્. ગોપાળાનંદ સ્વામી પણ હતા. તે સમયે સુરતના પારસી કોટવાળ અરદેશરજીને ગોપાળાનંદ સ્વામીનો નિશ્ચય હતો, તેથી તે સભામાં આવે ત્યારે સ્વામીને દંડવત કરે પણ મહારાજશ્રીને ઊભા ઊભા નમસ્કાર કરે. ત્યારે કોઈએ આ વાત સ્વામીને કરી ત્યારે કહે, ભલે. આપણે પારસીને મહારાજશ્રીનો યથાર્થ નિશ્ચય કરાવશું. પછી કોટવાળ સભામાં આવ્યા ત્યારે સ્વામીએ કેશવદાસને સમાધિ કરાવી. આ જોઈ અરદેશરને ખૂબ આશ્ચર્ય થયું. તે ત્રણ દિવસ સમાધિ રહી. ત્યારે પારસી કહે, હવે આને કોઈ જગાડો. ત્યારે સ્વામીએ બે-ત્રણ સાદ પાડ્યા પણ કેશવદાસને સમાધિ ઉતરી નહીં. પછી સૌ ચિંતામાં પડી ગયા ત્યારે સ્વામી કહે, રઘુવીરજી મહારાજ જો ઉઠાડે તો આમને સમાધિ ઉતરે. તે એક સમર્થ છે જે આનો ઉપાય કરી શકે. ત્યારે પારસીએ રઘુવીરજી મહારાજને પ્રાર્થના કરી ત્યારે તેમણે એકવાર સાદ પાડ્યો કે તરત જ કેશવદાસ આળસ મરડી બેઠા થયા અને બોલ્યા કે, મને સુખમાંથી કેમ પાછો બોલાવ્યો ? હું તો મહારાજના દર્શનનું સુખ લેતો હતો અને રઘુવીરજી મહારાજ તો શ્રીહરિના ખોળામાં બેઠા હતા. આ વાતો સાંભળી પારસીને મહારાજશ્રીનો નિશ્ચય થયો અને ગુણ આવવાથી પછી રોજ મહારાજશ્રીને અહોભાવથી દંડવત કરવા લાગ્યા (૭) આમ પારસીને તેની ભૂલ ઓળખાવી અને મહારાજશ્રીનો યથાર્થ માહત્મ્ય સમજાવ્યો.

મહારાજશ્રીને શ્રીહરિ ઉપર કેવો પ્રેમ હતો અને કેવું માહાત્મ્ય સમજતા તેનો રૂબરૂ સાંભળેલો પ્રસંગ જોઈએ :

જૂનાગઢમાં સોની મહાજન લાલજીભાઈ અમરશીભાઈ વાગડીયા હતા. તેણે એક પ્રસંગ તેમના દાદા પાસેથી પોતે પરંપરામાં સાંભળેલો તે કહ્યો. કે,

મહારાજશ્રી જ્યારે જૂનાગઢ દેવના દર્શને પધારે ત્યારે નવાબ તરફથી તેમની શોભાયાત્રામાં હાથી મોકલતા. મહારાજશ્રી હાથી ઉપર બેસીને જૂનાગઢમાં પધારે. પછી મંદિર આવવાનું થાય ત્યારે હાથી ઝુકાવીને પોતે પગપાળા ચાલીને મંદિરમાં આવે. ને હેતથી લગભગ દોડતા દોડતા બાપુજી-બાપુજી કહેતા આવે અને હરિકૃષ્ણ મહારાજને દંડવત કરે ત્યાં તો હરિકૃષ્ણ મહારાજ એ મૂર્તિમાંથી પ્રગટ થાય અને દીકરાના માથે હાથ મૂકી બોલે : આવી ગયો દીકરા ? એમ કહી માથે હાથ મૂકી આશીર્વાદ આપી તેને હાર પહેરાવે. ખબર-અંતર પૂછે અને પાછા મૂર્તિમાં સમાઈ જાય. આ દર્શન સૌ સંતો હરિભક્તોને થતા. લાલજીબાપાએ તેના દાદા પાસેથી આ પ્રસંગ સાંભળેલો. (૮) આમ રઘુવીરજી મહારાજના પ્રેમને વશ થઈ શ્રીહરિ તેમને પ્રત્યક્ષ દર્શન આપતા.

સં. ૧૮૮૬ ચૈત્ર સુદ-૭ વડતાલમાં રણછોડરાયજીની પ્રતિષ્ઠા વિધિ રઘુવીરજી મહારાજે શ્રીહરિ છતાની કરેલી કેમકે તે સમયે શ્રીહરિએ અંતિમ મંદવાડ ધારણ કરેલો. (૧)

રઘુવીરજી મહારાજને સંતાન પ્રાપ્તિ થઈ ન હતી. આથી તેમણે પોતાની ગાદી તેમના ભાઈ બદ્રિનાથના પુત્ર ભગવત્પ્રસાદને પોતાના દત્તપુત્ર તરીકે સ્વીકારી તેમને આપી અને આચાર્યપદે અભિષિક્ત કર્યા. (૯) અને પોતાના દત્તપુત્રને પરમ ધર્મનો ઉપદેશ આપી સં. ૧૯૧૯ મહા સુદ-૨ના દિવસે અક્ષરવાસી થયા. (૧૦)

વચનામૃતમાં શ્રીહરિએ રઘુવીરજી મહારાજને ખાસ બોલાવી તેમની પાસેથી પ્રશ્ન પૂછાવ્યો છે.

★ ગઢડા મધ્યનું ૬૨મું :

શ્રીજી મહારાજે પોતાના ભત્રીજા જે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને બોલાવીને કહ્યું જે, તમે અમને પ્રશ્ન પૂછો ? ત્યારે મહારાજશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે,

'હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?'

પોતે તો શ્રીહરિના ભત્રીજા છે. ગુણગ્રાહી મુમુક્ષુ છે. તેમના મોક્ષમાં કોઈ શંકા ન હતી, પરંતુ સમગ્ર ગૃહસ્થો વતી દયાએ કરીને ગૃહસ્થોના કલ્યાણ માટે આવો પ્રશ્ન પૂછ્યો છે.

★ ગઢડા અંત્યનું ૧૮મું :

મહારાજશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો છે કે,

જેવી જાગ્રત અવસ્થાને વિષે જીવની સ્થિતિ છે તેવી સ્વપ્ન અવસ્થાને વિષે કેમ રહેતી નથી ?

★ **પાદટીપ :**

૧) **મહાપૂજા મુક્તગાથા :** શા. સંતવલ્લભદાસ, કંડારી ગુરુકુલ. વર્ષ ૨૦૦૪, પાના નં. ૧૧થી ૧૨

૨) **ગુણાતીતાનંદ સ્વામીની વાતો :** પ્રકરણ-૫, વાત નં. ૧૦૪, પ્રકાશક : રાજકોટ ગુરુકુલ

ગુણાતીતાનંદ સ્વામીની વાતો : પ્રકરણ-૨, વાત નં. ૬૩, પ્રકાશક : રાજકોટ ગુરુકુલ

૩) **સંતોની કથાવાર્તામાંથી**

૪) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, વાર્તા નં. ૧૧૮, અંકલેશ્વર ગુરુકુલ

૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, વાર્તા નં. ૧૦૧, અંકલેશ્વર ગુરુકુલ

૬) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, વાર્તા નં. ૨૨૮, અંકલેશ્વર ગુરુકુલ

૭) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૭૪૯, વડતાલ મંદિર. વર્ષ : ૨૦૦૬

૮) **સંશોધકશ્રીએ લાલજીબાપા પાસેથી સાંભળેલો પ્રસંગ.**

૯) **રઘુવીરજી મહારાજ જીવનદર્શન :** સંકલન - અમૃત સ્વરૂપદાસ, કૃતાંજલિ મહોત્સવ સમિતિ, વડતાલ. વર્ષ : ૨૦૧૨, પાના નં. ૧૬૫

૧૦) **રઘુવીરજી મહારાજ જીવનદર્શન :** સંકલન - અમૃત સ્વરૂપદાસ, કૃતાંજલિ મહોત્સવ સમિતિ, વડતાલ. વર્ષ : ૨૦૧૨, પાના નં. ૧૬૯.

•

૮. અયોધ્યાવાસીઓ

એકાવન ભૂતનું ટોળું કાઢવાના **ગઢડા મધ્યના ૪૫માં વચનામૃત**માં શ્રીહરિ પોતાના ભક્તોમાં કોઈ જાતની વાસના કે અયોગ્ય સ્વભાવ રહેવા દેવો નથી તેવી ટકોર કરે છે, જેમાં પોતે કહે છે કે, તમે સર્વે મુનિમંડળ, બ્રહ્મચારી, સત્સંગી, પાળા તથા અયોધ્યાવાસીઓ તમે સર્વે મારા કહેવાઓ છો... તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી.

અયોધ્યાવાસીઓ એટલે ધર્મકુળ. જેઓ છપૈયા અને અયોધ્યામાં રહેતા શ્રીહરિના કુટુંબીજનો જેમાં ભક્તિમાતાના અને ધર્મદેવના કુટુંબીજનોનો સમાવેશ થાય છે. રામપ્રતાપભાઈ, ઇચ્છારામભાઈ વગેરે ધર્મકુળ શ્રીહરિને મળવા માટે સૌપ્રથમ લોયામાં સંવત ૧૮૭૭ મહા માસમાં પધારે છે ત્યારે શ્રીહરિ સાથે પ્રથમ મિલન થાય છે. મુક્તાનંદ સ્વામી અને સંતોના આગ્રહથી શ્રીહરિએ માયાજીતાનંદ સ્વામી અને મોટા સુખાનંદ સ્વામીને અયોધ્યાનગરમાં પોતાના સમાચાર કહેવા માટે મોકલેલ હતા. (૧) જેથી તેમને શ્રીહરિની ભાળ મળતા તેઓ પધાર્યા. ધર્મકુળમાં શ્રીહરિનો દૈવી અંશ હતો. ધર્મકુળ જેમ બોલે તેમ તેમના વચનને શ્રીહરિ સત્ય કરતા. આમ બંને ભાઈઓનું કુટુંબ ત્યારબાદ અયોધ્યા છોડી ગુજરાતમાં નિવાસ કરીને રહ્યું. જેની બે ગાદી શ્રીહરિએ વડતાલ અને અમદાવાદમાં કરી. પ્રથમ આચાર્ય તરીકે મોટા ભાઈ રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજને અમદાવાદની ગાદી અને નાનાભાઈ ઇચ્છારામજીના પુત્ર રઘુવીરજી મહારાજને વડતાલની ગાદી સોંપી. તેઓને સમગ્ર સંપ્રદાયની ધર્મધુરા સોંપીને મુમુક્ષુજનોને દીક્ષા આપવાનો અધિકાર સોંપ્યો. જે પરંપરામાં આ જ સાતમી પેઢી ચાલે છે. અમદાવાદ દેશના આચાર્યશ્રી તરીકે શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા વડતાલ દેશના આચાર્યશ્રી તરીકે શ્રી રાકેશ પ્રસાદજી મહારાજ આ ગાદીસ્થાન શોભાવે છે. જે મહારાજશ્રીઓ પાર્ષદને ગુરુમંત્ર આપી ભાગવતી

દીક્ષા આપી સંતની પંક્તિમાં ભેળવે છે. મહારાજશ્રી સંતોના અને ભક્તોના ગુરુપદે હોય છે. કેમકે તેઓ નાદ ગુરુ છે. મહારાજશ્રી મુમુક્ષુજનોને પણ ગુરુ મંત્ર આપે છે.

★ વચનામૃત અમદાવાદનું ૩જું

શ્રીહરિ ભક્તોને અયોધ્યાવાસીઓની સંભાળ લેવા ભલામણ કરતા કહે છે કે, આ સમયમાં તો અયોધ્યાવાસી સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે... એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૨૪, તરંગ-૩૯

●



૯. સદ્.શ્રી શ્રીરામાનંદ સ્વામી

રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર હતા. તેઓ શ્રીહરિના દીક્ષાગુરુ હતા. તેમના જીવન વિષે જાણીએ.

અયોધ્યા નગરીમાં પવિત્ર સરવરીયા બ્રાહ્મણ અજય મુનિ હતા. જેઓનું ગોત્ર કશ્યપ અને શાખા આશ્વલાયન હતી. તેઓ શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. તેમને ત્યાં મહાપ્રતાપી ભક્ત રામાનંદ સ્વામીનો જન્મ વિ.સં. ૧૭૯૫ના શ્રાવણ વદ આઠમ ઈ.સ. ૧૭૩૯ના રોજ અયોધ્યામાં થયો. તેમની માતાનું નામ સુમતિ હતું. રામાનંદ સ્વામીનું બાળપણનું નામ રામ શર્મા હતું.

દુર્વાસા મુનિના શાપને કારણે તેમણે અયોધ્યામાં જન્મ ધારણ કર્યો. તેઓ બાળપણથી જ પ્રભુ પ્રેમને કારણે વૈરાગ્યવાન હતા. શ્રીકૃષ્ણ પ્રત્યેના અતિ પ્રેમના કારણે જ ગૃહત્યાગ કરી સૌરાષ્ટ્રમાં જૂનાગઢ આવ્યા અને આત્માનંદ સ્વામી પાસેથી દીક્ષા લઈ રામાનંદ સ્વામી નામ ધારણ કર્યું. પરંતુ આ ગુરુ નિરાકારવાદને માનતા હોવાથી અને પોતે સાકારવાદને માનતા હોવાથી સ્વામીએ તેનો ત્યાગ કર્યો. પોતે સાકાર સ્વરૂપનાં ઉપાસક હોવાથી ગુરુ શોધવા શ્રીરંગ ક્ષેત્રમાં ગયા. ત્યાં તેઓ સમાધિ અવસ્થામાં શ્રી રામાનુજાચાર્ય પાસેથી વૈષ્ણવી દીક્ષા પામ્યા અને તેમની કૃપાથી રાધાકૃષ્ણના દર્શન કર્યા. પૂર્વાવતારમાં પોતે જ્યારે ઉદ્ધવજી હતા ત્યારે શ્રીકૃષ્ણે તેમને પોતાનું તમામ જ્ઞાન આપેલ. પછી પોતે બદ્રિકાશ્રમ સીધાવેલ.

આ અવતારમાં પોતે મુમુક્ષુઓને જ્ઞાનોપદેશ કરતા હતા. પછી પોતે વૃંદાવન ગયા ત્યાં શ્રીકૃષ્ણે તેમને દર્શન દઈ 'તમે ઉદ્ધવ છો' કહી નવો ઉદ્ધવ સંપ્રદાય સ્થાપવા આજ્ઞા કરી. આથી, રામાનુજાચાર્યના ધર્મગ્રંથોથી સંમત એવો ઉદ્ધવ સંપ્રદાય શરૂ કર્યો. (૧)

શ્રીહરિ લોએજ પધાર્યા તે અગાઉ સદ્. મુક્તાનંદ સ્વામી આદિક અનેક સંતો ભક્તોએ સ્વામી દ્વારા આ ઉદ્ધવ સંપ્રદાય સ્વીકાર્યો હતો. મુક્તાનંદ સ્વામી વગેરે રામાનંદ સ્વામીને ભગવાન તુલ્ય માનતા. (૧)

શ્રીહરિ જ્યારે લોએજ પધાર્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમને રામાનંદ સ્વામીના ચરિત્રો કહ્યા. ત્યારે શ્રીજીએ કહ્યું કે, મારા પિતાશ્રીએ પણ રામાનંદ સ્વામી થકી જ દીક્ષા ધારણ કરેલ તથા તેઓ સૌરાષ્ટ્ર દેશમાં વિચરણ કરે છે તેવું કહેલ. રામાનંદ સ્વામીના દર્શન માટે નીલકંઠવર્ણી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં ૯ માસ સુધી લોએજમાં રહી સેવાકાર્ય કર્યું અને સંતોને યોગકળા શીખવી. (૧)

શ્રીહરિનો રામાનંદ સ્વામી સાથે મેળાપ વિ.સં. ૧૮૫૬ના જેઠ વદ (એકાદશી)બારસના દિવસે પીપલાણામાં થયો. તા. ૧૮-૬-૧૮૦૦ બુધવારનો દિવસ હતો અને શ્રીહરિને ગુરુ રામાનંદ સ્વામીએ પીપલાણામાં વિ.સં. ૧૮૫૭ કારતક સુદ એકાદશી તા.૨૮-૧૦-૧૮૦૦ મંગળવારે મહાદીક્ષા આપી. (૧)

રામાનંદ સ્વામી વર્ણીને મળ્યા ત્યારે સ્વામીની ઉંમર ૧૬ વર્ષ, ૬ માસ અને ૧૬ દિવસ હતી.

અને ગુરુએ તેમનું નીલકંઠવર્ણી અને સરજુદાસ નામ બદલીને સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ નામ પાડ્યું. સં. ૧૮૫૮ કા.સુદ.-૧૧ જેતપુરમાં ધર્મધુરા સોંપી. અને કહ્યું કે, 'મારા સ્થાને રહેલા આ નારાયણ મુનિને સર્વેના ગુરુરૂપે કરેલા છે તેથી સૌએ તેમને ગુરુપદે રાખવા અને તેમની આજ્ઞામાં રહેવું અને કહ્યું કે, 'હું તો ડુગડુગી વગાડનારો હતો અને હવે ખરા ખેલના ભજવનારા સહજાનંદ સ્વામી આવ્યા છે.' એટલે કે હું તો તેમનો સેવક છું. પરાત્પર પુરુષોત્તમ નારાયણ તો આ સહજાનંદ સ્વામી છે.' (૨)

પછી રામાનંદ સ્વામી ફરેણી પધાર્યા. ત્યાં એકાદશીનો મોટો ઉત્સવ કર્યો તથા બારશના દિવસે હજારો સાધુ બ્રાહ્મણોને જમાડ્યા. (૨)

રામાનંદ સ્વામીએ અનેક જીવોનું કલ્યાણ કર્યું છે, તેમ જ ભક્તોને આધિ-વ્યાધિથી મુક્ત કર્યા છે અને વ્યવહારે પણ સુખી કર્યા છે.

રામાનંદ સ્વામી એકવાર મેઘપુર પધારેલ. ત્યાં એક કૃષ્ણભાટ કરીને ભક્ત હતો. તેના ખેતરમાં જુવારમાં રોગ આવેલ તેથી ઊંચી થતી ન હતી તો સ્વામીએ ખેતરે જઈ તુંબડીમાંથી પાણી છાંટીને કહ્યું કે, જા ! તારી જુવાર બધા લોકો કરતા સારી થશે. (૩)

એક સોની ભક્ત હતો. તેની ઘરવાળી ગુજરી ગઈ. તેને નાનું બાળક હતું. મા મરી ગઈ એટલે તેને ધવરાવનાર અને જીવાડનાર કોઈ ન હતું. ત્યારે સ્વામીએ સોનીને કહ્યું કે, તું આને ધવરાવ. સોની કહે, હું તો પુરુષ છું. મને ક્યાંથી દૂધ

આવે ? ત્યારે સ્વામી કહે, તારી સ્ત્રીને જે દૂધ આપતા તે હવે તને દૂધ આપશે અને ખરેખર સોનીની છાતીમાં દૂધ ઉભરાયું અને તેણે તે બાળકને ધવરાવીને મોટો કર્યો. (૩)

એકવાર કોઈ દ્વૈષી સ્વામીને મારવા આવ્યો ત્યાં તો વૈરાગીએ સ્વામીને આકાશમાં અદ્ધર ઊભેલા જોયા અને વૈરાગી ડરીને ભાગી ગયો. (૩)

સ્વામી શ્રીહરિ સાથે ૧ વર્ષ ૫ માસ અને ૧૬ દિવસ રહ્યા.

તથા સ્વામી આ લોકમાં ૬૩ વર્ષ, ૪ માસ અને ૫ દિવસ રહી અનેક મુમુક્ષુઓને ભગવાન ઓળખાવ્યા.

વિ.સં. ૧૮૫૮ના માગશર સુદ તેરશને ગુરુવારે સ્વામીએ સવારે ભાદર નદીમાં સ્નાન કરી બ્રાહ્મણોને દાન આપી મંદિરના ફળિયામાં એકાંત સ્થાને બેસી શ્રીહરિમાં ચિત્ત વિલીન કરી સમાધિમાં લીન થયા અને મનુષ્ય દેહનો ત્યાગ કર્યો. આમ, તેઓ દુર્વાસાના શાપથી મુક્ત થયા અને ઉદ્ધવાવતાર એવા રામાનંદ સ્વામી શ્રીહરિના ધામમાં સિધાવ્યા. (૨)

રામાનંદ સ્વામીના દેહનો અગ્નિ સંસ્કાર ફરેણીમાં શ્રીહરિએ કર્યો. (૨) હાલ આ જગ્યાએ છત્રી કરેલ છે.

શ્રીહરિએ રામાનંદ સ્વામીનો વચનામૃતમાં અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા પ્રથમનું ૭૦મું :

‘...કાં જે અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ અને તમારા સત્સંગીને પ્રારબ્ધમા રામપત્તર બળ્યુ હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય એ બે વર મને આપો. ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે.’

રામાનંદ સ્વામીના આગ્રહથી શ્રીહરિએ જ્યારે આ ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધૂરા સંભાળી ત્યારે તેમણે ગુરુ પાસે સત્સંગીના સુખાર્થે બે વરદાન માગ્યા.

આમ, બે વરદાન માંગતા ગુરુ રામાનંદ સ્વામીએ રાજી થઈને શ્રીહરિને આ વરદાન આપ્યા છે. જે અન્વયે સંપ્રદાયનો અનન્ય સત્સંગી અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીને સદાય સુખી છે.

★ ગઢડા પ્રથમનું ૭૩મું વચનામૃત :

'... પછી અમે રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે સ્વામીએ અમને પરસેવો વળ્યા સારું આખા શરીરે આવળના પાટા બંધાવ્યા હતા તો પણ શરીરમાં પરસેવો આવ્યો નહિ.'

શ્રીહરિ વનવિચરણ દરમ્યાન ગોપાળ યોગી પાસે યોગની બધી ક્રિયાઓ - આસનો શીખેલા તેથી તેમનું બ્રહ્મચર્ય ઉંઘમાં પણ અખંડ રહેતું. વળી તપ કરીને શરીરને એવું સૂકવી નાંખેલ કે શરીરમાં કાંઈક વાગે તો પાણી નીસરે પણ લોહીનું એક ટીપું ન નીકળે. શરીરમાં માતાના લોહી-મજ્જા-માંસનો ભાગ તપે કરેલ સૂકવી નાંખેલ. પરંતુ આ તો લોકને બતાવવા માટે હતું. પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ હતા. સર્વે યોગકળાના સ્વામી હતા. તેને તો બધી કળા આવડતી જ હોય તેમને શીખવાની જરૂર ન હોય.

★ વચનામૃત કારિયાણીનું ૧૦મું :

...જુઓને અમે એકવીસ વર્ષ થયા શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ. તેમાં અનંત ભાતના વસ્ત્ર અલંકાર... અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૩૫મું :

'...ને તે વિચાર કરીને જે નિર્ધાર કર્યો છે તે કહું છું જે, હું રામાનંદ સ્વામી પાસે આવ્યા મોર પણ આત્માને સાક્ષાત્ દેખતો ને હમણે પણ દેખું છું.'

★ વચનામૃત ગઢડા મધ્યનું ૫૫મું :

...પછી તીર્થને વિષે ફરતા ફરતા શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા અને પછી શ્રી રામાનંદ સ્વામી જ્યારે અંતર્ધાન થયા તે કેડે સત્સંગનું રૂડું થવાને અર્થે કાંઈક બીક રાખવા માંડી.

શ્રીહરિ ગુરુ રામાનંદ સ્વામીને મળવા આવે છે. લોકોની રીતે તેમને ગુરુ કરે છે તથા મનુષ્ય ચરિત્ર કરે છે અને સ્વામીની આજ્ઞાનુસાર મિષ્ટ ભોજન અને સારા વસ્ત્રો ધારણ કરે છે અને પોતાના તપ-ત્યાગના ઈશકનો ત્યાગ કરે છે. જે વસ્તુ પદાર્થ ગ્રહણ કરે તે આપનારના જીવનું સારું કરવાને અર્થે કરતા.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...તથા બીજી ગુરુ પરંપરા જાણી જોઈએ. તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે અને તે

રામાનંદ સ્વામીના અમે શિષ્ય છીએ.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧૩મું :

...અને જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદ સ્વામી સંગાથે અમે ઠરાવ કરી રાખ્યો હતો જે મને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૭મું :

'...અમારો પ્રથમ ત્યાગી સ્વભાવ હતો, પણ જો રામાનંદ સ્વામીના દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને વિષે વર્ત્યા.'

શ્રીહરિને ગુરુના દર્શન માટેની અધીરાઈ અતિ થઈ ત્યારે યોગકળા સાધી પોતે મુક્તાનંદ સ્વામી સાથે ધ્યાનમાં બેઠા, મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીનું ધ્યાન કર્યું અને પછી પોતાની વૃત્તિ મુક્તાનંદ સ્વામીની વૃત્તિ સાથે જોડી દીધી, જેથી મુક્તાનંદ સ્વામી ગુરુની મૂર્તિ સંભારે ત્યારે એ મૂર્તિના દર્શન શ્રીહરિ લોએજમાં કરતા. આ રીતે વૃત્તિ દ્વારા દર્શન કરતા.

મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં વર્તવું તેમ રામાનંદ સ્વામીએ કહ્યું તો શ્રીહરિએ થાંભલાને બાથ લીધી. ત્યારે મયારામ ભટ્ટે કહ્યું કે, એ સ્થૂળ થાંભલાને નહિ પણ સત્સંગના થાંભલારૂપ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું છે અને પોતે પુરુષોત્તમ નારાયણ હોવા છતાં જગતને શીખવવા મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા.

★ પાદટીપ :

(૧) **રામાનંદ સ્વામી :** સત્સંગ દર્પણ ભાગ : ૨ લેખક : શાંતિકુમાર ભટ્ટ. પ્રકાશક : કાનજી ભગત, વડતાલ પાના નં. ૯થી ૨૩

(૨) **શ્રી સ્વામિનારાયણમ્ :** સંપાદક - શા. નિર્ગુણદાસજી સ્વામી, સહજાનંદ ગુરુકુલ, અસારવા, અમદાવાદ.

(૩) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો**, કુંડળ સ્વામિનારાયણ મંદિર, વર્ષ : ૨૦૧૨ વાર્તા નં. ૪૦૧, ૨૭૮, ૨૮૩
માળિયાના દરબાર મોડજીભાઈએ આ વાતો સૌપ્રથમ વાર છપાવી તે જ આ વાતો છે. પુસ્તકની પ્રસ્તાવના : પાના નં. ૯

૧૦. સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : લાડુદાનજી બારોટ

ગામ : ખાણ (રાજસ્થાન), શિરોહી રાજ્ય

જન્મ : વિ.સં. ૧૮૨૮ મહા સુદ વસંતપંચમી, તા. ૮-૨-૧૭૭૨ (શનિવાર)

જ્ઞાતિ : મારુ ચારણ કુળમાં આશિયા શાખાના ગઢવી.

પિતાશ્રી : શંભુદાનજી **માતુશ્રી :** લાલુબા દેવી

દીક્ષા પછીનું નામ : શ્રીરંગદાસ સ્વામી, પછી બ્રહ્માનંદ સ્વામી

ગુણ : મહાન શીઘ્ર કવિ, શતાવધાની, હિન્દી, ગુજરાતી, ચારણીમાં કાવ્યો લખનાર, સ્થાપત્ય કળાના જાણનાર, અશ્વવિદ્યાના જાણકાર, મંદિરોના નિર્માણકર્તા, શ્રીહરિના સખા, રમૂજી વ્યક્તિત્વ

અક્ષરવાસ : ગામ મૂળી (સુરેન્દ્રનગર) વિ.સં. ૧૮૮૮ જેઠ સુદ-૧૦, તા. ૧૯-૬-૧૮૩૧, રવિવાર)

પૂર્વવૃત્તાંત : અક્ષરધામના મુક્તપણાના સંસ્કાર ગર્ભમાંથી જ હતા. માતા લાલુબા ગર્ભસ્થ હતા ત્યારે સદ્. રામાનંદ સ્વામીની કથા સાંભળતા હતા. તે સમયે બાળ ગર્ભરૂપે રહેલા મુક્તે કહ્યું, સ્વામી ! પ્રગટ શ્રીહરિના મહિમાની વાતો કરો. ત્રિકાળ જ્ઞાની રામાનંદ સ્વામીએ તે તુરત જ ઉત્તર વાળ્યો કે, હે મહાત્મન્ ! પ્રગટ શ્રીહરિના કલ્યાણકારી ગુણ મહિમા તો આપ જ વર્ણવશો ! આવા મર્માળા વચનો સાંભળી ભક્તજનો આશ્ચર્ય પામ્યા ત્યારે રામાનંદ સ્વામીએ આ દિવ્ય મુક્તરાજના ભવિષ્યની સઘળી વાત કરી બાળકનો મહિમા વધાર્યો.

બાળક લાડુદાનજી ઘોડિયામાં ઝુલતા હોય ત્યારે પણ આકાશમાંથી દેવી, દેવતાઓ પધારી બાળકના દર્શન કરી તેમને કુમકુમ તથા ફૂલોથી વધાવતા. (૧)

બાળ લાડુદાનજી જન્મ પછી એકાદ વર્ષ મોસાળમાં ઉછરી વતનમાં આવ્યા.

બાળકના પ્રતાપની વાત સાંભળતા ગામના ઠાકોરો પિતાશ્રીના ઘરે મહેમાન થઈ આવવા લાગ્યા. ગામમાં પણ શુભ પ્રસંગો થવા લાગ્યા. કોઈને ત્યાં શુભ પ્રસંગ હોય તો બાળકને ત્યાં તેડી જતા. તેમની અનુપમ હાજરીથી ઘરમાં રાંધેલું અન્ન ખૂટતું જ નહીં. ધાર્યા બહારના માણસો જમતા છતાં અન્ન ઓછું થતું નહીં તેવો બાળકનો મહિમા ચોમેર પ્રસર્યો. (૧)

મોટા થતા શિરોહીના મહારાવશ્રીના લગ્ન પ્રસંગમાં લાડુદાનજી ગયા. ત્યાં તેમની કાવ્ય શક્તિ દીપી ઊઠી. (૧)

લાડુદાનજી તો કોઈ દિવ્ય મહાપુરુષ હતા. તેમનું આ પૃથ્વી પરનું આગમન અનેક જીવના કલ્યાણ માટે દિશાસૂચન રૂપ હતું. કોઈ અગમ્ય દિવ્ય સંકેતથી કોઈ સુપાત્ર ધાર્મિક ભૂદેવ લાડુદાનજીના પિતાશ્રી શંભુદાન પાસે આવ્યા અને યુવાન લાડુદાનને પોતાની સાથે કચ્છ મોકલવા પ્રાર્થના કરી. અતિ આગ્રહ અને ભલામણને વશ થઈ પિતાશ્રીએ યુવાનને તેમની સાથે કચ્છ મોકલ્યા. રસ્તામાં બંને જણા કાવ્ય વિનોદ કરતા સુખપૂર્વક ભૂજ પહોંચ્યા. ત્યાં પહોંચતા જ પેલી ધાર્મિક વ્યક્તિ લાડુદાનજીને ભેટીને ફરી મળ્યાનો વાયદો આપી, રૂડા આશિષ આપી છૂટી પડી. લાડુદાનજી તેમને અગમ્ય ખેંચાણથી નીરખતા રહ્યા ને પેલા ભૂદેવ અદૃશ્ય થઈ ગયા. સમજો કે શ્રીહરિ જ તેમને ભૂજ સુધી વળાવવા આવેલા. (૧)

ભૂજના મહારાવશ્રી પણ લાડુદાનજીની તીવ્ર કાવ્ય શક્તિથી આફરીન થઈ ગયા. ત્યાં પોતે ૧૦ વર્ષ સુધી પીંગળ અને અન્ય કાવ્ય શાસ્ત્રનો અભ્યાસ કરી તીવ્ર મેધાના પ્રતાપે શતાવધાની વિદ્યા હાંસલ કરી. લાડુદાનજીની અકલ્પ્ય સિદ્ધિને બિરદાવતા તેમના વિદ્યાગુરુએ કહ્યું કે, ઈશ્વરી ચાર શક્તિઓ : કાવ્યશક્તિ, તર્કશક્તિ, યાદશક્તિ અને શીઘ્રશક્તિ આમનામાં છે. ઉપરાંત હાજર જવાબીપણું, વક્તાપણું વગેરે સદ્‌ગુણો આ બાળ બ્રહ્મચારીમાં છે. આ સાંભળી મહારાવશ્રીએ તેમની કલાની કદર કરી અનેક ભેટ નવાજો આપી તેમનું સન્માન કર્યું.

હવે, લાડુદાનજીને વતનની યાદ આવી કેમકે તેઓ ૧૦ વર્ષથી વિદ્યાભ્યાસને કારણે વતન જઈ શક્યા ન હતા. વતન જતા રસ્તામાં આવતા રજવાડાઓને પોતાની અનેરી કાવ્યકલાથી રીઝવતા રીઝવતા અનેક ભેટસોગાદ સ્વીકારતા ભાવનગર દરબાર વજેસિંહજી પાસે આવ્યા. જ્યાં તેમનું દિવ્ય પ્રારબ્ધ તેમને જીવનનો રાહ ચીંધવા ઊભું હતું. (૧)

ભાવનગર રાજા વજેસિંહજી મહારાજ પણ લાડુદાનજીની અપાર કાવ્ય શક્તિથી અજાયબ પામી ગયા અને ગઢવીને સોનાના ઘરેણાં આપવાનું નક્કી કર્યું. આથી રાજુલાના હરિભક્ત નાગદાન સોની ગઢવીના અંગે અંગનું માપ લેવા લાગ્યા. નાગદાન સોનીના વિશાળ કપાળમાં શ્રીજીનું ચિહ્‌ન : તિલક, ચાંદલો જોઈ લાડુદાનજી મર્માળુ હસ્યા : આવા ધતિંગ તો કળજુગમાં બહુ ચાલે. હું તેમને ભગવાન ન માનું. અમે ચારણ ! જેને તેને ન નમીએ.

આ વાર્તાલાપનો દોર વજેસિંહજીએ હાથમાં લેતા કહ્યું, હા, કવિરાજ અમારા ગઢડા પરગણામાં આ પુરુષ બિરાજે છે પણ અમે તેના ભગવાનપણાનું પારખું કરી શક્યા નથી. આપ જેવા સમર્થ તેનો તાગ લઈ શકો. (૧)

લાડુદાનજી 'પરમેશ્વરનો' તાગ લેવા તત્પર થયા. પણ, સોની મા'જને મર્માળુ વેણ ફેંક્યું : મીઠાની કોથળી સાગરનું માપ લેવા તળીયે જાય તે પાછી ન આવી શકે હોં. સ્વયં ઓગળી જાય કવિરાજ !

ગઢવીએ ગઢડા જતા રસ્તામાં સંકલ્પ કર્યા કે જો, શ્રીહરિ સાક્ષાત્ ભગવાન હોય તો, મને મારા નામથી બોલાવે, મને ગુલાબનો હાર પહેરાવી ભેટે, કાળા કામળા ઉપર ભાગવતની કથા કરાવતા હોય, તેમના પગમાં સોળ દિવ્ય ચિહ્‌નો હોય અને મારા આગમનનો ઉદ્દેશ કહી બતાવે. (૧) આમ સંવત્ ૧૮૬૧માં લાડુદાનજી ગઢડા ગયા. તે સમયે તેઓ ૩૩ વર્ષના હતા. (૩) ગઢવી શ્રીહરિને મળ્યા. તે સમયે શ્રીહરિએ તેમના બધા સંકલ્પો પૂરા કરી દેખાડ્યા. ગઢવીને શ્રીહરિમાં પ્રભુનો નિશ્ચય થયો. પારખું લઈ લીધું. વજેસિંહજી રાજાને પણ આ સંદેશ કહેવડાવ્યો કે, શ્રીહરિ સ્વયં પરમાત્મા છે અને પોતે ગઢડા કાયમ માટે શ્રીહરિના ચરણમાં બેસી ગયા. સંસારનો આંચળો પલભરમાં ઉતારી નાખ્યો.

પણ તેમને વૈરાગ્ય થયો ન હતો. હજી પોતાનો ભભકો, રજવાડી ઠાઠમાઠ એવો જ ચાલુ રાખ્યો હતો. આથી શ્રીહરિએ તેમને યુક્તિપૂર્વક દાદાખાચરના વૈરાગી બહેનોને સંસારનો ઉપદેશ આપવા મોકલ્યા. ગઢવીને મન આ રમત વાત હતી. તેમણે શૃંગાર રસની હેલી વરસાવી. પણ, રાધિકા અને લક્ષ્મીજી સ્વરૂપ લાડુબા અને જીવુબાએ ગઢવીને આંતર્યા : ગઢવી ! આ કોના વખાણ કરો છો? હાડ ચામડાથી મઢેલા શરીરનાં જ ને ? આવો રસ પ્રભુમાં રેડ્યો હોય તો બેડો પાર થઈ જાય ! આ સાંભળી ગઢવી આંચકો ખાઈ ગયા ! શ્રીહરિએ મને ઉપદેશ આપવા મોકલ્યો હતો કે ઉપદેશ લેવા ? અરે ! પ્રભુ પાસે પહોંચ્યા પછી પણ

મારો આત્મા હજી પ્રભુને શરણે કેમ ન થયો ? અને સાપ કાંચળી ઉતારે તેમ પોતાના દેહનો ઠાઠમાઠ છોડી ભગવા વસ્ત્ર પહેરી, શ્રીહરિનું શરણું સ્વીકારી લાડુદાનમાંથી શ્રી રંગદાસ સ્વામી બન્યા. (૧) અને પછી બ્રહ્માનંદ સ્વામી નામ ધારણ કર્યું.

પોતે શ્રીહરિની ૧૧૪ પ્રકરણની આકરી કસોટીમાંથી સારધાર પાર ઉતર્યા. તેમની તમામ શક્તિઓને ચાર ચાંદ લાગી ગયા. પોતાની કાવ્યકલા, વિચારશક્તિ પ્રભુ કાર્યમાં જોડી અનેક દિવ્ય પ્રસંગોના પોતે સાક્ષી બન્યા. સાથે કૃપાપાત્ર અને સખા સેવક પણ બન્યા. (૧)

વડતાલનું મંદિર બાંધવા માટે શ્રીજીએ તેમને રૂ. ૧૧ આપી મોકલ્યા અને મર્માળુ હસી બોલ્યા કે, વડતાલના ઝાડવા ખંખેરી લેજો. સ્વામીએ પોતાની કુનેહ, વ્યવહાર કુશળતા ને બુદ્ધિ વાપરી વડતાલનું મંદિર બનાવી તેમાં શ્રીહરિનું સ્વરૂપ તથા લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા. (૧)

સ્વામી પોતે તો અખંડ બ્રહ્મચારી અને બ્રહ્મવેત્તા સંત હતા, તેમના યોગમાં આવતા કાઠી દરબારોને નિર્વ્યસની બનાવી દેતા. જૂનાગઢમાં શ્રીહરિની સવારી સમયે દ્વેષી નાગરોના કહેવાથી પોતે મહાકામી ઘોડા ઉપર બેસી એ વાળી ઘોડાને જીવનપર્યંત નિષ્કામી કરી નાખ્યો. (૧) તેને જગતની કોઈ વાસના સ્પર્શી ન શકે, છતાં મુમુક્ષુ ભક્તોના હિતાર્થે સ્વામીએ **ગઢડા પ્રથમના ૧૧મા વચનામૃતમાં :** વાસનાનું રૂપ પૂછી ભક્તોને ઈન્દ્રિયો અંતઃકરણના પેચમાં ન આવવા માટે સાવધાન કર્યા છે. (૧)

ગઢડા અંત્યના ૨૪મા વચનામૃતમાં શ્રીહરિ હરિભક્તો તથા સંતોના વિવિધ અંગોની વાત કરતા બ્રહ્માનંદ સ્વામીના પ્રધાનપણે વર્તતા અંગ વિષે કહે છે કે, સ્વામીને સત્સંગની મર્યાદાનો ભંગ ન થાય તે રીતે વર્તવાનું અંગ છે. તો તે અંગેનો પ્રસંગ જાણીએ :

જૂનાગઢમાં રાધારમણ દેવનું મંદિર બનતું હતું. તે સમયે બહારગામથી આવતા પથ્થર, ચૂનો વગેરે પર જૂનાગઢ રાજ્ય તરફથી જકાત લેવાતી તથા તે જકાત વગેરે માટે સંતોને રાજ્યની કચેરીમાં ધક્કા ખાવા પડતા, જેમાં ખૂબ મુશ્કેલી અનુભવાતી. આથી ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, અહીંના નવાબ (બહાદુરખાનજી ૧લા) તમારા પૂર્વાશ્રમના મિત્ર છે તથા પાક મુસ્લિમ છે. તો તેની પાસે જઈ જકાત માફી માટે દરખાસ્ત કરો. આથી સ્વામી

નવાબના મહેલમાં જતા પહેલા નવાબ સાહેબને એક ચિઠ્ઠી મોકલે છે કે અમારે આપને મળવાની ઈચ્છા છે તો આપ મળવાની રજા આપશો. સાથે સ્વામી ઉમેરે છે કે, અમે ફકીર હોવાથી સ્ત્રીઓની ત્યાં હાજરી ન હોય તો અમે આપને મળવા આવી શકીએ માટે તે જાતની વ્યવસ્થા કરવા યોગ્ય કરશો. આ પત્ર મળતા નવાબે સ્વામીને પોતાના મહેલમાં સહર્ષ પધારવા પ્રાર્થના કરી. તેથી સ્વામી મહેલમાં ગયા. જ્યાં તેઓ અગાઉ ૨૨ વર્ષ પહેલા લાડુદાનજી કવિ તરીકે ગયા હતા અને આજે સંત તરીકે નવાબને મળવા ગયા. નવાબ સ્વામીને જોતા હર્ષ પામ્યા કે વર્ષો પહેલા જ્યારે હું નાનો હતો ત્યારે મને આ સંગીત શીખવતા. સ્વામીના આગમનનું કારણ પૂછી સ્વામીની માગણી અનુસાર જકાત માફીનો આદેશ આપે છે અને સાથે શીરપાવરૂપે શાલ, દુશાલા સોનાના કડા, વેઢ તથા રૂપિયાના થાળ ભરીને સ્વામીને ભેટ આપ્યા. ત્યારે સ્વામી તે વસ્તુનો વિનયપૂર્વક અસ્વીકાર કરતા કહે છે કે, હું ફકીર છું. અમારા ગુરુ સ્વામિનારાયણના આદેશ અનુસાર આ વસ્તુઓનો હું સ્વીકાર ન કરી શકું. અમારા ધર્મની આ મર્યાદા છે. આ સાંભળી નવાબ તાજુબ થઈ ગયા કે ધન અને સ્ત્રી તો બધા માંગતા હોય છે, જ્યારે તમે આનો અસ્વીકાર કરો છો તે ખૂબ આશ્ચર્ય અને આનંદની વાત છે. તમારા ધર્મ-નિયમોને ધન્ય છે. (૨)

આમ, બ્રહ્માનંદ સ્વામીએ સંપ્રદાયની મર્યાદા જાળવી નવાબ તરફથી મળતી ભેટ સોગાદનો અસ્વીકાર કર્યો અને સંપ્રદાયની આબરૂ વધારી. એ રીતે નવાબને રાજમહેલમાં મળવા જતા પહેલા સ્વામીએ મહેલમાં સ્ત્રીની હાજરી ન હોવી જોઈએ તો જ તેઓ મહેલમાં આવી શકે. આવી સંપ્રદાયની મર્યાદાનો ખ્યાલ રાખી તેને અનુરૂપ પોતે વર્તન કર્યું અને શ્રીહરિનું અને સંપ્રદાયનું ગૌરવ વધાર્યું. એટલે શ્રીહરિએ કહ્યું કે, સ્વામીને સત્સંગની મર્યાદાનો ભંગ ન થાય તે રીતે વર્તવાનું અંગ છે.

મૂળી મંદિરના બાંધકામ સમયે પથ્થર અને પાણીની તંગી ઊભી થઈ ત્યારે શ્રીહરિના આશીર્વાદથી ઘડેલા તૈયાર પથ્થરો, કમાનો ખાણમાંથી પ્રાપ્ત થયા. પાણીના નાનકડા વિરડામાંથી અખૂટ પાણી મેળવી મંદિરનું બાંધકામ પૂર્ણ કરાવ્યું. આજે એ વિરડામાંથી અખંડ પાણી વહ્યા કરે છે, જે મૂળી મંદિરથી ૨ કિમી. દૂરના અંતરે છે. (૧)

સમગ્ર વચનામૃતમાં બ્રહ્માનંદ સ્વામીએ મુમુક્ષુ ભક્તોના હિતાર્થે મુમુક્ષુ ભાવે

શ્રીહરિને પ્રશ્નો પૂછેલા છે. જેમાં,

ગઢડા પ્રથમમાં	૭	પ્રશ્નો	પ્ર. ૧૧, ૩૪, ૪૪, ૨૪, ૩૨, ૪૯, ૬૧
કારિયાણીમાં	૩	પ્રશ્નો	૬, ૯, ૧૦
ગઢડા મધ્યમાં	૫	પ્રશ્નો	૪(૨), ૧૯, ૬૬
લોયામાં	૪	પ્રશ્નો	૧૦, ૧૩, ૧૫, ૧૬
પંચાળામાં	૨	પ્રશ્નો	૩, ૪
ગઢડા અંત્યમાં	૬	પ્રશ્નો	૧૩, ૧૪, ૨૪(૨), ૨૮(૨)
વરતાલમાં	૧	પ્રશ્નો	૩
કુલ	**૨૮**	**પ્રશ્નો પૂછેલા છે.**	

ધામમાં જતા પહેલા સંતો અને આચાર્ય મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને તેડાવી નાની એવી માંદગી ધારણ કરી, સંતો-ભક્તોને જરૂરી ભલામણ કરી શ્રીજીનું ધ્યાન કરતાં કરતાં સં. ૧૮૮૮ના જેઠ સુદ-૧૦ના મધ્યાહ્‌ને આ પૃથ્વી પર ૬૦ વર્ષ ૫ માસ અને ૫ દિવસ રહી શ્રીહરિ સાથે આનંદપૂર્વક ધામમાં સંચર્યા.

- **પાદટીપ :**

(૧) **સ્વામિનારાયણ ભગવાનના પરમસિદ્ધ સંતો.** લેખક : શાંતિકુમાર ભટ્ટ. કાનજી ભગત પ્રકાશન, વડતાલ વર્ષ ૧૯૮૦.

(૨) **બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન :** લેખક - નવિનદાન માવદાનજી રત્નુ, વર્ષ ૧૯૯૩, પાના નં. ૨૭૦થી ૨૭૫

(૩) **કવિ બ્રહ્માનંદ : એક અધ્યયન**, લેખક : રાજુલ દિનેશભાઈ ગાલા, વર્ષ ૧૯૬૬, પાના નં. ૧૨૧

૧૧. શ્રી મૂળજી બ્રહ્મચારી

જેમના જીવન, પ્રાણ અને ધ્યેય સ્વરૂપ શ્રીહરિ હતા. તેવા આજીવન સેવાના ભેખધારી મૂળજી બ્રહ્મચારી સદાયકાળ ત્રણેય અવસ્થામાં શ્રીહરિની સમીપે રહેતા, શ્રીહરિના પડછાયાની જેમ રહેતા.

વચનામૃતમાં મૂળજી બ્રહ્મચારીનો કોઈ પ્રશ્ન નથી, પરંતુ શ્રીહરિએ તેમની નિષ્ઠા અને સેવાને વખાણી છે. તો, બ્રહ્મચારીજીના જીવન અને સેવા વિષે જાણીએ :

સેવાનું સાક્ષાત્ સ્વરૂપ અને નિખાલસતાનું બીજું નામ એટલે મૂળજી બ્રહ્મચારી. પોતે સિદ્ધ છતાં પણ સેવક તરીકે વર્તતા હતા. પણ તેમની યોગસાધના અનોખી હતી. શ્રીહરિના સ્વરૂપ વિના બીજો સંકલ્પ ન થાય એ જ એમની સાધના અને સિદ્ધિ હતી. ત્રણેય અવસ્થા (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ)માં તેઓ શ્રીહરિને જ સંભારતા. તેમનું સમગ્ર જીવન, સમગ્ર અસ્તિત્વ મહારાજ અર્થે હતું. (૧)

સદ્. ગોપાળાનંદ મુનિકૃત મહાપૂજામાં દ્વિતીય આવરણમાં પ્રથમ મૂળજી બ્રહ્મચારીનું સ્થાપન કરવામાં આવે છે. (૧)

બ્રહ્મચારીજીને શ્રીહરિએ શિક્ષાપત્રીમાં યાદ કર્યા છે. અણીશુદ્ધ બ્રહ્મચારી, નૈષ્ઠિક વ્રતધારીને શ્રીજીને ચોથા શ્લોકમાં યાદ કર્યા છે :

मुकुन्दानन्द मुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः

गृहस्थाश्च मयारामभट्टाधा ये मदाश्रयाः ॥ ૪થો શ્લોક

તથા અમારા આશ્રિત એવા જે મુકુન્દાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી...

- શ્રીહરિને અતિ પ્રિય એવું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરતા બ્રહ્મચારીઓને વર્ણીરાજ મુકુંદાનંદ (મૂળજી બ્રહ્મચારી)નો નિર્દેશ કરી સંબોધે છે. (૨)

મૂળજી બ્રહ્મચારી એટલે બ્રહ્મચારી મુકુંદાનંદજી.

નંદમાળામાં મંજુકેશાનંદ સ્વામી લખે છે :

'મુકુંદાનંદ મોટા બ્રહ્મચારી, મારૂતિ આપ થયા તનુધારી
જેણે કરી સેવા સ્વામીની પ્રીતે, રહ્યા હરિ આગે હાજર શુભ રીતે.' (૩)

સર્વ બ્રહ્મચારીઓમાં શિરમોડ, શ્રીહરિના હજુરી સેવક, શ્રીજીની દરેક સેવામાં અહર્નિશ હાજર રહેનાર નૈષ્ઠિક બ્રહ્મચારીનો જન્મ સંવત ૧૮૨૨માં ગુજરાતના મછીયાવ (તા. સાણંદ) ગામમાં પવિત્ર ઔદિચ્ય બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ મૂળજી હતું. તેમના પિતાએ તેમને આઠમા વર્ષે યજ્ઞોપવિત આપેલી. તેમના પિતા યજમાનવૃત્તિ (ગોરપદુ) કરતા. મૂળજી તેમને મદદરૂપ થતા. (૩)

શ્રીહરિ **વચનામૃત ગઢડા અંત્યના ૨૬**માં પ્રકરણમાં કહે છે કે :

જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે. એવી જાતના જે હોય તેને સ્ત્રી ધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ.

આ વાત નીચેના પ્રસંગ ઉપરથી જણાય છે.

એકવાર પિતાશ્રીના આદેશથી તેમના એક યજમાનની પુત્રીને સાસરેથી પિયર તેડવાની હતી. તો મૂળજી તેડવા ગયા. પાછા ફરતા રસ્તામાં એક સ્થળે રાત્રિ રોકાણ કર્યું. બાઈને રૂમમાં સુવાડી પોતે બહાર સુતા. યુવાન મૂળજીને જોઈ બાઈને રાત્રિમાં વિકાર ઉત્પન્ન થયો અને કામવશ થઈ તે મૂળજી પાસે આવી. મૂળજી તેને જોઈને સફાળા બેઠા થઈ ગયા. બાઈની ચંચળવૃત્તિ જોઈને તેમણે કહ્યું : કેમ બહેન બીક લાગે છે ? કાંઈ ભય જેવું નથી. તમે અંદર જઈને નિરાંતે સૂઈ જાઓ. હું જાગુ છું. એમ કહી બાઈને અંદર મોકલી દીધી. પરંતુ બાઈ કામવશ થઈને ફરીથી મૂળજી પાસે આવી. ફરી મૂળજીએ તેને સમજાવીને અંદર મોકલી દીધી. પણ મૂળજીના અંતરમાં ઊંડું મંથન જાગ્યું અને તેમણે મનમાં વિચાર્યું કે, આ સંસાર અસાર છે તેમાં રહેવામાં સાર નથી તેથી પોતે આજીવન બ્રહ્મચર્ય વ્રત પાળી ભગવાન ભજવા છે એવું નક્કી કરી લીધું. છતાં તેમના પિતાએ તેમને ગૃહસ્થાશ્રમમાં જોડવા પ્રયત્નો કર્યા, પણ પોતે મક્કમ રહી પિતાશ્રીને પોતાનો સંકલ્પ જણાવ્યો.

અને પોતે ભગવાન શોધવા, સદ્‌ગુરુની શોધમાં દ્વારિકા તીર્થ તરફ પ્રયાણ કર્યું, રસ્તામાં કોઈ દ્વારા તેમને સદ્. રામાનંદ સ્વામીનું નામ જાણવા મળ્યું. લોજમાં રામાનંદ સ્વામીનો સમાગમ થયો અને તેમની પાસેથી દીક્ષા લઈને 'મુકુંદાનંદ' નામ ધારણ કર્યું. રામાનંદ સ્વામીએ શ્રીહરિને ધર્મધુરા સોંપી ત્યારે તેમણે શ્રીહરિની સેવા

કરવા આદેશ આપ્યો. આમ, મૂળજી બ્રહ્મચારી જીવનના અંત સુધી ઉર્ધ્વરેતા રહીને મહારાજની સેવામાં અખંડ રહ્યા. (૩)

રામાનંદ સ્વામીના સ્વધામ ગમન બાદ શ્રીહરિએ સમાધિ પ્રકરણ ચલાવ્યું ત્યારે મહારાજે મૂળજી બ્રહ્મચારીને પોતાની માળા આપીને કહ્યું કે, તમે કોઈ સુપાત્રને આ માળા અડાડજો તેથી તેને સમાધિ થશે. આમ, બ્રહ્મચારીજી ગામોગામ ફરીને માળાના પ્રતાપે અનેકને સમાધિ કરાવી શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. (૩)

પોતે પોતાના ગામ મછીયાવમાં ગામલોકોને સમાધિનું સુખ આપવા ગયા. ત્યાં એક મુમુક્ષુ બહેનને સમાધિ કરાવી. પણ સમાધિ નિયમ મુજબ, તુરંત ઉતરી નહીં, એવામાં બ્રહ્મચારીને અચાનક ગઢપુર જવાનું થતાં પેલા બહેનને સમાધિની તમને તેમ સ્થિતિમાં રાખી જવાનું કર્યું. ત્યારે ગામધણી દરબારે આગ્રહ કરી બહેનને સમાધિ ઉતરે ત્યાં સુધી રહેવાનો આગ્રહ કર્યો, પણ બ્રહ્મચારીને ગઢડા જવાનું મોડું થતું હતું તેથી રોકાયા નહીં. આથી ગામધણીએ ગુસ્સે થઈને બ્રહ્મચારીના ઘરખોરડા, જમીન આંચકી લીધા. (૩)

આ બાજુ બ્રહ્મચારી તો ગઢડા શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા. ને ચાર માસ જેટલો સમય વીતી ગયો. તે સમયે ચોમાસાનો સમય હતો પણ બ્રહ્મચારીજીનો દ્રોહ કર્યો હતો, તેથી મછીયાવમાં વરસાદ ન થયો. આથી ગામના આગેવાનોએ ગામધણીને કહ્યું કે, તમે બ્રહ્મચારીજીનો દ્રોહ કર્યો છે એટલે વરસાદ નથી આવતો. ગામધણીને આ વાત ગળે ઉતરી તેથી તેમણે બ્રહ્મચારીને માનપૂર્વક બોલાવવા વિનંતીપત્ર લખી મછીયાવ પધારવા પ્રાર્થના કરી. પછી બ્રહ્મચારીજીને ગામમાં ધામધૂમપૂર્વક પધરાવ્યા ને બીજે દિવસે ધમધોકાર વરસાદ થયો. દરબારે બ્રહ્મચારીની માફી માંગી તેમને તેમના ઘરખોરડા, જમીન પાછી સોંપી અને ગામમાં જ રહેવા વિનંતી કરી પણ બ્રહ્મચારીનું મન તો શ્રીજીની સેવામાં હતું તેથી તેઓ ન રોકાયા. પણ જતા જતા ગામલોકોને ભલામણ કરતા ગયા કે સુખી થવું હોય તો શ્રીજીનું ભજન કરજો અને તેમની આજ્ઞામાં રહેજો. (૩)

બ્રહ્મચારીને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ ત્રણેય અવસ્થામાં શ્રીહરિનું અખંડ ચિંતવન રહેતું. એકવાર શ્રીહરિ ગઢડામાં દાદાના દરબારમાં કથા કરાવતા હતા. ત્યારે એવું પ્રકરણ ચલાવેલું કે, જે કોઈ સભામાં ઝોલું ખાય એને મહારાજ છુટો બેરખો મારતા. એટલે સૌ જાગૃત થઈને કથા સાંભળતા હતા. પણ તે વખતે સુરાખાચરના જોવામાં એવું આવ્યું કે, મૂળજી બ્રહ્મચારી બેઠા બેઠા ઝોલા ખાતા

હતા. આ જોઈ રમુજી સ્વભાવના સુરાખાચરે મર્મ કર્યો કે, મહારાજ પોતાના સેવકનો પક્ષ રાખે પણ અમારો પક્ષ કોણ રાખે ? આવું સાંભળી મહારાજે જોયું તો બ્રહ્મચારી ઉંઘતા હતા તેથી તેમણે તેમને બેરખો છુટો માર્યો. ત્યાં તો બ્રહ્મચારી સફાળા જાગ્યા અને મહારાજને ઊંચકીને બહાર નાઠા. એટલામાં બ્રહ્મચારી જાગૃત થઈ ગયા. મહારાજે પૂછ્યું, તમે કેમ મને ઊંચકીને નાઠા ? ત્યારે બ્રહ્મચારી કહે, મને ઊંઘમાં એવું સ્વપ્ન થયું કે ધર્મશાળામાં આગ લાગી એટલે તમે દાઝી ન જાઓ એટલે તમને ઊંચકીને ભાગ્યો ! ત્યારે સૌ ભક્તોને સમજાયું કે, બ્રહ્મચારીને ત્રણેય અવસ્થામાં શ્રીહરિનું જ ચિંતવન છે. (૩)

એકવાર અયોધ્યાથી ધર્મકુળ ગઢડા આવેલું. તેમને ગુજરાતી બરાબર આવડે નહીં અને સમજે પણ નહીં. તેથી બ્રહ્મચારીજી તેમની સેવામાં રોકાયેલ. આથી મહારાજની સેવામાં વિલંબ થતો હતો. તેથી મુક્તાનંદ સ્વામીએ ટકોર કરી કે, તમારી ધર્મકુળની સેવાથી શ્રીહરિને થાળમાં વિલંબ થાય છે. ત્યારે બ્રહ્મચારી બોલ્યા કે, મહારાજની સેવા તો સહુ કોઈ કરશે પણ આ ધર્મકુળને મારા સિવાય કોણ સાચવશે ? આ સાંભળી શ્રીજી પ્રસન્ન થયા અને કહ્યું કે, આ બ્રહ્મચારી ખૂબ સમજદાર છે. કેમકે જેમ સંસારમાં કોઈને માવતર રાજી કરવા હોય તો તેના છોકરાને રાજી કર્યે માવતર રાજી થાય. તેમ આ બ્રહ્મચારીની ધર્મકુળની સેવાથી હું તેમના પર રાજી થયો છું અને ધર્મકુળ ટક્યું છે તો આ બ્રહ્મચારીની અનન્ય સેવાથી અહીં ટક્યું છે. આમ, બ્રહ્મચારી અને ધર્મકુળને પરસ્પર બહુ હેત હતું. એકવાર મહારાજે બ્રહ્મચારીને ગુજરાતમાં સત્સંગ પ્રચાર માટે મોકલવાનું કર્યું. તે વાતની ખબર ધર્મકુળને પડી એટલે તેઓ પણ અયોધ્યા પાછા જવાની તૈયારી કરવા લાગ્યું. આ જોઈ મહારાજે બ્રહ્મચારીને ગુજરાત મોકલવાનું માંડી વાળ્યું તો ધર્મકુળે પણ અયોધ્યા જવાનું રદ કર્યું. આમ, બ્રહ્મચારી અને ધર્મકુળને પરસ્પર એકતા હતી. (૩)

એકવાર ગઢપુરમાં શ્રીજીએ બ્રહ્મચારીને કહ્યું કે, બાઈઓની સભામાં કહો કે, કોઈએ ગ્રામ્યકથા કરવી નહીં. બ્રહ્મચારી ભોળા. તો તેમણે બાઈઓની સભામાં જઈને કહ્યું કે, કોઈ રામકથા કરશો નહીં. આથી, બાઈઓ આશ્ચર્યમાં પડી ગઈ. મહારાજને પૂછાવ્યું ત્યારે સાચી વાતની ખબર પડી. એટલે મહારાજ કહે, બ્રહ્મચારીજીને રામકથા અને ગ્રામ્યકથા બંને એક જેવા છે. (૩)

એક સમયે શ્રીહરિ ગઢડામાં સભા કરીને બેઠા હતા. તે સમયે તેમણે દરેક

સંતની જોડ બાંધવા માંડી. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, આ બ્રહ્મચારીની જોડ કોણ થશે ? ત્યારે મહારાજ કહે, બ્રહ્મચારીની જોડ તો રામાનંદ સ્વામીએ બાંધેલી છે : મૂળાનંદ અને સહજાનંદ.' આમ, મહારાજ અને બ્રહ્મચારી વચ્ચે ઐક્યભાવ હતો. (૩)

કચ્છમાં વાંઢિયા ગામમાં માંચા નામના બ્રાહ્મણ કે જેઓ સાત જન્મથી બ્રહ્મચર્યવ્રત પાળતા હતા તેને દર્શન દેવા શ્રીહરિ ગઢડાથી વાંઢીયા જતા હતા. તો રસ્તામાં ચોર મળ્યા તો મહારાજે બ્રહ્મચારી પાસેથી સુખડી અને અડધો રૂપિયો તેને અપાવી દીધો. ત્યાંથી આગળ ચાલતા મહારાજને ભૂખ લાગી અને થાકીને રસ્તા ઉપર બેસી ગયા. એટલે બ્રહ્મચારીએ મહારાજને અંગૂઠો બતાવીને કહે, લ્યો જમો હવે. દાનેશ્વરીના દીકરા થઈને બધુ ચોરને અપાવી દીધું. મહારાજ કહે હવે અમારે ભૂખથી ચલાશે નહીં. એવામાં એક ગાડા ખેડુ ત્યાંથી નીકળ્યો. બ્રહ્મચારીએ તેને કહ્યું કે, આ મારા નાના મહારાજ થાકી ગયા છે તો તેને ગાડામાં બેસાડોને ? એટલે ગાડાવાળાએ દયા લાવીને મહારાજને બેસાડ્યા. ને બ્રહ્મચારી ચાલતા આવે, તેમાં પાછળ રહી ગયા. એટલે મહારાજને બ્રહ્મચારી ઉપર દયા આવી કે, તેને પણ ગાડામાં બેસાડું. એટલે તેણે ગાડામાં એવો ભાર મુક્યો કે, ગાડું આગળ ચાલે જ નહીં. એટલે મહારાજ ગાડાવાળાને કહે, ઓલ્યો બાવો કામણટુમણવાળો લાગે છે. એણે જ આ ગાડું ઊભું રખાવી દીધું છે, માટે હવે તેને તમે ના પાડે તોય પરાણે ગાડામાં બેસાડો. તો ગાડું આગળ ચાલે. એટલે બ્રહ્મચારીને તેની ના છતાં પરાણે ગાડામાં બેસાડ્યા. તો ગાડું આગળ ચાલ્યું. એટલે મહારાજ કહે, જો મેં તમને કીધું'તું ને કે આને બેસાડો તો જ ગાડું ચાલે. હવે બરાબર ને ? આમ, શ્રીહરિ અનેક લીલા કરી બ્રહ્મચારી સાથે એકતા દર્શાવી. (૩)

ગુજરાતના ભક્તો મહારાજ માટે કેરીના ગાડા ભરીને લાવ્યા. એટલે મહારાજ ગામવાસીઓને તેડાવીને બધાને કેરી આપવા મંડ્યા અને ગાડા ખાલી કરાવી નાખ્યા. પછી મહારાજ કહે, કેરી વધી હોત તો કેરીના રસની રસોઈ કરાવત. એટલે ગુજરાતવાસીઓ કહે, અમે તો તમને અને સંતોને જમાડવા જ કેરીઓ લાવ્યા હતા. એટલે બ્રહ્મચારી મહારાજનું કાંડુ પકડી એક રૂમમાં લઈ ગયા અને કેરીઓ બતાવીને કહ્યું, તમે ગામવાળાને કેરી આપતા હતા ત્યારે મેં પણ બીજા બ્રહ્મચારીઓને બોલાવી થોડી કેરીઓ અહીં લેવડાવી લીધેલ. હવે હું તમને રસ રોટલી જમાડીશ. બ્રહ્મચારીજીની આ યુક્તિથી શ્રીહરિ હસ્યા અને તેના મસ્તક ઉપર હાથ મુકી આશીર્વાદ આપ્યા અને તેમની છાતીમાં

ચરણાર્વિંદ આપ્યા. પછી બ્રહ્મચારીએ મહારાજ અને સંતો ભક્તોને આ કેરીઓમાંથી રસ રોટલી જમાડી. (૩)

એક સમયે મહારાજ અને બ્રહ્મચારીજી મૂળી (સુરેન્દ્રનગર) પધારેલા. મૂળીમાં બાઈબા અને રાજબાએ પોતાના દરબારગઢમાં પધરાવી થાળ કરાવી ઉતારો કરાવ્યો. રાત્રે બાજુના ઓરડામાંથી ભયંકર અવાજ આવતા મહારાજે પૂછ્યું તો કહે, તે ઓરડામાં ભૂતો રહે છે. એટલે મહારાજે ભૂતનો મોક્ષ કરવા બ્રહ્મચારીજીને મોકલ્યા. એટલે બ્રહ્મચારી જળ લઈને તે ઓરડામાં જઈ સ્વામિનારાયણ બોલીને ચારે બાજુ પાણી છાંટવા લાગ્યા ત્યાં તો ભૂત બધા મૂર્તિમાન થઈ રાડો નાખતા શ્રીહરિના ચરણમાં પગે લાગી પોતાનો ઉદ્ધાર કરવા પ્રાર્થના કરી અને સૌની દેખતા બધા ભૂતોનો મોક્ષ થયો. આ જોઈ રહેલા સમગ્ર લોકો આશ્ચર્યમાં પડી ગયા. (૩)

એકવાર શ્રીહરિ બ્રહ્મચારી સાથે અમદાવાદ પધારેલા. ત્યાં શ્રીજીનું ઐશ્વર્ય જોઈ નગરજનો મહારાજના શરણે આવી આશ્રિત થવા મંડ્યા. આ જોઈ અમદાવાદ ખોખરાનો લોલંગર બાવો કે જે શ્રીહરિ પ્રત્યે ઈર્ષાભાવ રાખતો અને તમોગુણી હતો. તે શ્રીજીને મારવા માટે આયુધો લઈને દોડ્યો. તે સમયે હીરાચંદ નામના બળવાન ભક્તે તેને જોશભેર પકડી રાખ્યો અને બ્રહ્મચારીએ મોટેથી અવાજ કરીને તિરસ્કારયુક્ત વચનોથી બીજા શિષ્યોને આવતા રોકી રાખ્યા અને બ્રહ્મચારીએ તુરંત શ્રીહરિને ઊંચકીને એક સલામત રૂમમાં પૂરી અને બારણું બંધ કરી દીધું. એટલામાં બીજા સશસ્ત્ર કાઠીઓ આવી ગયા. આમ, બ્રહ્મચારીની સમયચૂકતાથી પરિસ્થિતિ શાંત બની ગઈ. (શ્રીહરિ સ્વયં પરમાત્મા છે તેને કોઈ મારી શકે નહીં, પણ ભક્તોને તેમની સેવાનો લાભ મળે અને ભક્તના જીવનું સારું થાય. તેથી આવું મનુષ્ય ચરિત્ર કરતા હોય છે.)

મૂળજી બ્રહ્મચારી બહુ ભણેલ ન હતા. છતાં તેનું વર્તન વાતો કરતું. તેમની નિર્દોષતા અને નિખાલસતા દરેક પર પ્રભાવ પાડતી. એકવાર શ્રીહરિએ રમૂજમાં તેમને કહ્યું કે, સભાને કાંઈ જ્ઞાનવાર્તા કરો. એટલે તરત ઊભા થઈને બોલ્યા : 'આ સ્વામિનારાયણ સર્વોપરી છે. એમના જેવા કોઈ થયા નથી અને થશે પણ નહિ. અને તેમની આજ્ઞા પાળવામાં કાંઈ ફેર પાડવો નહિ. (૩)

શ્રી ગઢડા મધ્યના પરમા વચનામૃતમાં કહે છે કે :

'આ મુકુંદ બ્રહ્મચારી અને રતનજી એ બે મૂંઝાતા નથી. તેથી અમારે તેમની સાથે ઘણું બને છે.'

તે વાત નીચેના પ્રસંગ ઉપરથી ફલિત થાય છે :

શ્રીહરિ તેમના સેવકોની ઘણી વાર પરીક્ષા કરતા જેમ દાદાખાચરની પરીક્ષા કરેલ તેમ બ્રહ્મચારીજીની પણ એકવાર પરીક્ષા કરી. શ્રીહરિ એકવાર ભાદરામાં ગયેલા ત્યારે મહારાજે પોતાની મોજડીને તેલ ચોપડવાનું તેમને કહ્યું અને કહ્યું કે, આ સેવા તમે જ કરજો. બ્રહ્મચારીજી તેલ ચોપડતા હતા ત્યાં કોઈક ભાવિક ભક્તે આવીને મહારાજની આ સેવા પોતાને આપવા કહ્યું. પણ બ્રહ્મચારીએ ના પાડી તો પેલાએ ફરી કહ્યું, ત્યારે તે સેવા ભક્તને આપી. એટલામાં મહારાજ આવ્યા તેમણે આ જોયું. એટલે બ્રહ્મચારી ઉપર ખીજાયા કે મેં તમને બીજાને સેવા આપવાની ના પાડી હતી ને તમે સેવા કેમ બીજાને આપી ? આજથી જોડા પહેરતા નહીં અને ગળ્યું-ચીકણું ખાશો નહિ.' અહીંથી જતા રહો. આમ કહ્યું એટલે બ્રહ્મચારી દુઃખ લગાડ્યા વગર ગુજરાતમાં જતા રહ્યા. પોતાનો વાંક ન હતો છતાં મહારાજ ગુસ્સે થયા તેનો મનમાં રંજ રાખ્યા વગર ભજન કરવા લાગ્યા. ડભાણમાં રામદાસભાઈ પાસે રહ્યા. તે વખતે ઉનાળો હતો અને આંબામાં કેરી આવી એટલે રામદાસભાઈ કહે, આ કેરી મહારાજ જમે એવી છે પણ ત્યાં સુધી કોણ પહોંચાડે ? ત્યારે બ્રહ્મચારીજી કહે, હું જાઉં. આમ, દોઢ મણ કેરી માથે ઉપાડી બળબળતા તાપમાં ઉઘાડા પગે ૬૦ ગાઉ ચાલી ગઢડા પહોંચ્યા અને મહારાજ પાસે મુકીને જય નારાયણ કહ્યા, તો મહારાજે તેમની સામું પણ ન જોયું અને બોલ્યા પણ નહીં. છતાં પોતે ઉદાસ ન થયા. પછી પોતે એક સુથાર ડોશીના ઘરે ઉતર્યા. ડોસીએ સીધુ આપ્યું પણ પોતે લોટની બાટી અને પાણી જ જમ્યા. ઘી, ગોળ પાછું આપ્યું. ડોશીએ તેનું કારણ પૂછતા બ્રહ્મચારી કહે, મને મહારાજે આ ખાવાની બંધી કરી છે. હું બળતા પગે કેરી લાવ્યો પણ મહારાજ જમ્યા નહીં અને મને જયનારાયણ પણ ન કહ્યા એમ કહેતા પોતે રડમસ થઈ ગયા. આ સાંભળી ડોશી તુરત મહારાજ પાસે આવીને મીઠો ઠપકો આપવા લાગી કે, ઓલ્યા તડકામાં તમારી માટે કેરી લાવ્યા ને તમે તેની સાથે બોલ્યા પણ નહીં અને કેરી પણ ન જમ્યા. ત્યારે મહારાજ કહે અમે ક્યાં ના પાડી છે ? ભલે અમને કેરી જમાડે. પછી બ્રહ્મચારી રાજી થકા આવ્યા ને મહારાજને કેરી જમાડી રાજી કર્યા અને પોતે પણ પ્રસન્ન થયા. બ્રહ્મચારીજીનું આવું નિર્માનીપણું કહ્યું. (૩)

શ્રીહરિ તેમની નિષ્ઠા **વચનામૃત ગઢડા મધ્યના ૪૭**માં વખાણતા કહે છેઃ જેમ અમારી ચાકરી મૂળજી બ્રહ્મચારી માહાત્મ્ય જાણી કરે છે. તેમ અમે પણ

બ્રહ્મચારીનું મહાત્મ્ય જાણીએ છીએ.

શ્રીહરિ સ્વધામ પધાર્યા ત્યારે બ્રહ્મચારીજીએ શ્રીજીની પૂજા કરી. ઉન્મત્ત ગંગાના નીરથી મહારાજના શરીરને સ્નાન કરાવી વસ્ત્રો ધરાવેલ. અને ભાવથી આરતી ઉતારી ગદ્‌ગદ્‌ કંઠે શ્રીહરિની સ્તુતિ કરેલ. આમ, મહારાજની અંતિમ સેવાનો લાભ પણ બ્રહ્મચારીજીએ લઈ સ્વામી-સેવક ભાવ ચરિતાર્થ કર્યો. (૩)

મહારાજના ધામગમન બાદ બ્રહ્મચારીજી અહર્નિશ મહારાજ માટે ઝુરતા રહ્યા. જાણે મહારાજ પ્રત્યક્ષ હાજર હોય તેમ ભાવથી સેવા કરતા. મહારાજ ન હતા તો પણ ટેવ મુજબ મહારાજને દાતણ અને ગરમ જળ તૈયાર કરી સાદ કરી જગાડતા. એકવાર આ રીતે જગાડતા શ્રીહરિ પ્રત્યક્ષ પ્રગટ થઈને બ્રહ્મચારીજીની સેવા સ્વીકારી દાતણ કર્યું તથા સ્નાનવિધિ કરી અને અદશ્ય થઈ ગયા. (૩)

આમ સેવકના અતિભાવને વશ થઈ પ્રભુ પધારી સેવકનો ભાવ જરૂર સ્વીકારે છે.

બ્રહ્મચારીજીના વચન મહારાજ સત્ય કરતા. એકવાર ગોપીનાથજીનું મંદિર ચણાતું હતું ત્યારે કાનજી શેઠનો દીકરો તગારા આપતો હતો પણ એકવાર તે બીમાર હોવાથી ન આવ્યો. તો બ્રહ્મચારીજીએ પૂછ્યું કે, કેમ વિસો ન આવ્યો ? ત્યારે કહે, તેને પેટમાં ગોળો ચડ્યો છે. એટલે બ્રહ્મચારીએ તેને આડા ધોબા મીઠાનું પાણી પાવાનું કહ્યું. શેઠે બ્રહ્મચારીના વચન પ્રમાણે એવું પાણી પાયું અને ગોળો મટી ગયો અને જીવનપર્યંત તેને ગોળો ન ચડ્યો. આમ, બ્રહ્મચારીજી જે બોલતા તેને મહારાજ સત્ય કરતા. (૩)

શ્રીહરિ અને બ્રહ્મચારીજીનું ચિર સ્મરણ રહે તે હેતુથી ગઢડામાં ગોપીનાથજી મહારાજ અને તેમની સેવક તરીકે હનુમાનજીની મૂર્તિ પધરાવી અને તે વખતે શ્રીહરિએ કહ્યું કે, હનુમાનજી નૈષ્ઠિકવ્રતધારી છે અને અમારા સેવક છે. આ ગોપીનાથજી તે મારું સ્વરૂપ છે અને હનુમાનજી તે મૂળજી બ્રહ્મચારીનું સ્વરૂપ છે. એમ કહી મહારાજે મુકુંદ બ્રહ્મચારીનું માહાત્મ્ય સમજાવ્યું. (૩)

સ્વામિનારાયણ સંપ્રદાયનું અજોડ શાસ્ત્ર **સત્સંગિજીવન**માં બ્રહ્મચારીની સેવાનો ઉલ્લેખ છે કે : (૩)

'પવિત્ર જીવનવાળા મુકુંદાનંદ બ્રહ્મચારી શ્રીહરિની સમય સમય પ્રમાણે બધી જ સેવા કરતા. **(સ.જી. તૃ.પ્ર. અ. ૨)**

ગઢપુરના અન્નકૂટોત્સવમાં બ્રહ્મચારી સભામાં વિરાજમાન શ્રીહરિની

સમીપમાં હાથમાં રેશમી રૂમાલ રાખી શ્રીહરિની સેવામાં ઊભા રહ્યા.

(સ.જી. તૃ.પ્ર. અ. ૧૦)

તો, વચનામૃતમાં પણ બ્રહ્મચારીજીની સેવાનો ઉલ્લેખ છે : 'આ મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે... અને એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે તો જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે. **(વચનામૃત ગઢડા પ્રથમનું ૭૩)**

આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દૃઢ નિષ્કામી છે તો અમને એની કરેલી સેવા અતિશે ગમે છે અને બીજો કોઈ સેવા - ચાકરી કરે તો તે એવી ગમતી નથી. **(ગઢડા મધ્યનું ૩૩મું)**

મુકુંદ બ્રહ્મચારી તથા રતનજી એ બે મૂંઝાતા નથી. તો એમની સાથે અમારે ઘણું બને છે. **(ગઢડા મધ્યનું ૫૨મું)**

'જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે એવી જાતના જે હોય તેને સ્ત્રી ધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ. **(ગઢડા અંત્યનું ૨૬મું)**

કચ્છ દેશનો ગ્રંથ **પુરુષોત્તમ લીલામૃત સુખસાગર**માં ગૌમુખી ગંગા માહાત્મ્યમાં શ્રીહરિ અને બ્રહ્મચારી વચ્ચેનો સંવાદ વર્ણવેલ છે. આ સંવાદ પરથી ફલિત થાય છે કે સંતો, ભક્તો, વર્ણીઓ વગેરેને બ્રહ્મચારી પ્રત્યે અતિશય પૂજ્યભાવ હતો. (૩)

હરિલીલામૃત ગ્રંથમાં બ્રહ્મચારીજીની મહત્તા લખેલ છે :

'મુકુંદાનંદાખ્ય પ્રગટ પ્રભુના પૂજક સદા
નમુ તેને નિત્યે મહંતગુરુ જાણી મનમુદા
વિરાજે વર્ણીન્દ્ર પ્રમુખ હરિના સેવક વિષે
કૃપાકારી ભારી અનઘ અવિકારી દિલ દીસે. (૩)

બ્રહ્મચારીજીની શિષ્ય પરંપરામાં બ્ર. આનંદાનંદજી, શાંતાનંદજી વગેરે શિષ્યો હતા. (૩)

સં. ૧૯૦૨માં ભાદરવા વદ અમાસને દિવસે બ્રહ્મચારીજી બીમાર થયા. પરંતુ ગોપીનાથજીના મંદિરને છોવરાવવાનું કાર્ય બાકી હતું. તો છેલ્લે પુંજા શેઠને ૩૦૦/- રૂ. આપ્યાને કહ્યું કે, આ ત્રણ થાંભલા છોવરાવવાના બાકી છે તે કામ

પૂર્ણ કરાવજો. મારે આજે ધામમાં જવું છે. ત્યારે શિષ્ય શાંતાનંદજી કહે, આજે સૂર્ય ગ્રહણ છે માટે કાલે ધામમાં જજો, ત્યારે કહે, આજે ગ્રહણ નહીં થાય અને અમાસના દિવસે રાજભોગની આરતી કરી પોતે પ્રસાદી જમ્યા. પછી પ્રસાદી સંતો, ભક્તો, પાર્ષદો તથા કડિયાને આપીને કહ્યું તમે સૌ ભજન કરજો. મને મહારાજ તેડવા આવ્યા છે એમ કહી અંતઃર્દષ્ટિ કરી ધામમાં ગયા. તે વખતે આખું આકાશ હજારો વિમાનોથી છવાઈ ગયું. વિમાનમાં રહેલા મુક્તો પુષ્પો અને ચંદનની વૃષ્ટિ કરતા હતા. (૩)

ઘેલા નદીના કાંઠે ઓરિયાના આરે ભક્તિ બાગ પાછળ તેમના પાર્થિવ શરીરનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. આજે ત્યાં ઓટો કરેલો છે. (૩)

માહાત્મ્યે જ્ઞાને સહિત નિશ્ચયના **લોયાના ૩જા વચનામૃત**માં શ્રીજીએ મૂળજી બ્રહ્મચારીની નિષ્ઠા વખાણી છે, કે તેમણે ભગવાન અને સંતને અર્થે કુટુંબનો અને સુખનો ત્યાગ કર્યો. **તે પ્રસંગ જાણીએ :**

પોતે ભગવાનને રાજી કરવા અને શ્રીહરિને નૈષ્ઠિક વ્રતધારી ભક્તો વધારે વ્હાલા છે. તે માટે પોતે આજીવન બ્રહ્મચારી રહી સંત દીક્ષા ધારણ કરી શ્રીહરિની અખંડ સેવામાં રહ્યા. શ્રીહરિ માટે નિયમિત રીતે ચોખ્ખો થાળ બનાવી જમાડતા.

એકવાર વડતાલમાં પોતે મંદિરમાં પ્રદક્ષિણા કરતા હતા. ત્યાં શ્રીહરિનો સાદ પડ્યો કે, પાણી પીવું છે. તો પોતે પગથિયાં ઉતરીને આવવાને બદલે પ્રદક્ષિણામાંથી સીધો કૂદકો મારી નીચે પડ્યા અને મહારાજને જળ ધરાવ્યું. પગથિયાં ઉતરે તો વાર લાગે એટલે ! અને પોતે પડશે તો શ્રીજી તેમની રક્ષા કરવા બેઠા જ છે તેવી અનન્ય શ્રદ્ધા હતી. વળી, પોતાના સુખનો વિચાર કે પોતે પડશે તો વાગશે એમ પણ વિચાર ન કર્યો.

શ્રીહરિએ તેમને વગર વાંકે સેવામાંથી દૂર કર્યા. છતાં તેમનો અભાવ ન લીધો અને તેમની માટે બળબળતા બપોરે ગુજરાતમાંથી ઉઘાડા પગે કેરીનો ટોપલો ઉપાડીને લાવ્યા. પોતાના દેહની પરવા ન કરી અને મહારાજને કેરી જમાડી. (૩)

શ્રીહરિ જે કંઈ આજ્ઞા કરે તેમાં દલીલ કર્યા વગર તે આજ્ઞા માનતા અને અમલ કરતા. આજ્ઞામાં સંશય ન કરતા.

આજ્ઞાંકિત સેવક કરતા ઇંગીતવ્ય સેવક જે તેના સ્વામીના મનની વાત જાણી સ્વામીની રુચિ અનુસાર જે સેવાકાર્ય કરે તેમાંના એક મૂળજી બ્રહ્મચારી હતા. જેમણે શ્રીહરિના પડછાયાની જેમ સાથે રહી તેમની અખંડ સેવા કરી.

શ્રીહરિએ **વચનામૃતમાં અનેક જગ્યાએ મૂળજી બ્રહ્મચારીને યાદ કરી તેમની સેવા અને નિષ્ઠા વખાણી છે** જે જોઈએ :

★ કારિયાણી ૬ :

...અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગને અર્થે જ રાખીએ છીએ... તે અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી... આદિક જે હરિજન છે તે કેટલાક વર્ષથી અમારી પાસે ને પાસે રહે છે તે જાણે છે.

★ લોયાનું ૩જું :

શ્રીજી મહારાજ બોલ્યા જે, જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય... કુટુંબનો ત્યાગ કરે... ગામ ડડુસરના રજપુત ગલુજી... મૂળજી બ્રહ્મચારી... જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે અને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હતા.

★ ગઢડા મધ્યનું ૫૭મું :

...એમ કહીને શ્રીજી મહારાજને મુકુંદ બ્રહ્મચારી તેડવા આવ્યા તે ભેળે જમવા પધાર્યા.

★ અમદાવાદનું ૩જું :

શુકમુનિનના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે, મૂળજી બ્રહ્મચારી અને રતનજી એ અતિશય ક્યાં ડાહ્યા છે ? પણ કલ્યાણનો ખપ અતિશય છે, માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતા આવડે છે ખરું.

★ **પાદટીપ :**

(૧) **મહાપૂજા મુક્ત ગાથા :** કંડારી ગુરુકુલ : વર્ષ - ડિસે. ૨૦૦૪, પાના નં. ૧૫

(૨) **શિક્ષાપત્રી અધ્યયન :** લેખક - ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ : રાજકોટ ગુરુકુલ, વર્ષ - ૧૯૯૭, પાના નં. ૪-૫

(૩) **બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ :** પ્રભુશાસ્ત્રી : જૂનાગઢ પ્રકાશક : વર્ષ-૨૦૦૧, પાના નં. ૧૫થી ૫૪

●

૧૨. સદ્.શ્રી આત્માનંદ સ્વામી (ભાયાત્માનંદ સ્વામી)

સંપ્રદાયમાં ત્રણ આત્માનંદ સ્વામી છે :

(૧) રામાનંદ સ્વામીના ગુરુ

(૨) બીજા નાના આત્માનંદ સ્વામી જેઓ નિત્યાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમના મંડળમાં રહેતા.

(૩) ભાયાત્માનંદ સ્વામી એટલે ભાઈ આત્માનંદ સ્વામી મંજુકેશાનંદ સ્વામી લિખિત નંદમાળામાં સ્વામી વિષે લખેલ છે :

તેમના વિષે જાણીએ :

'આત્માનંદ અતિ શૂરવીર, સદા હરિ આજ્ઞા પાળવામાં ધીર.'

સ્વામીનું અંગ શૂરવીરતાનું હતું. શ્રીહરિની આજ્ઞા સારધાર પાળવાનું તેમને સદાય તાન રહેતું. (૧)

સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ઉદેસિંહ ઉર્ફે અભયસિંહ હતું. તેઓ ક્ષત્રિયકુળમાં જાડેજા વંશમાં સં. ૧૭૯૮માં જન્મ્યા હતા. જામનગર પાસે લાખાણી રાજકુટુંબમાંથી તે આવતા હતા. જામનગરના જાડેજાને રાજ બારોટ હેમતસિંહ અભેસિંહના ચોપડા મુજબ મોટા લાખાણી સ્ટેટ તેમનું વતન હતું. કેટલાકના મતે તેમનો જન્મ રાજસ્થાનના ઉંટવાડા ગામમાં થયો હતો એમ કહેવાય છે. (૧)

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ રચિત ઉન્મત્ત ગંગા માહાત્મ્યના ૭૯માં અધ્યાયમાં રાજા રાયસિંહજીએ આનંદાનંદ બ્રહ્મચારીને પ્રશ્ન પૂછ્યો છે કે, ભાયાત્માનંદ સ્વામી કોના અવતાર હતા? ત્યારે બ્રહ્મચારીજી સ્વામીના પૂર્વજન્મની કથા વર્ણવે છે કે, પૂર્વે ઋષભદેવ ભગવાનના ૧૦૦ પુત્રો હતા. તે પૈકી નવ પુત્રો યોગેશ્વર થયા. તે પૈકી પ્રબુદ્ધ મુનિ બીજા મુનિઓ કરતા ઘણાં જ્ઞાની હતા અને પ્રબુદ્ધ મુનિ તે જ આ ભાયાત્માનંદ સ્વામી રૂપે શ્રીહરિના સમયમાં જન્મ્યા. (૧)

અભયસિંહ નાનપણથી પરમ વૈરાગ્યવાન હતા. તેમને રાજના મોજશોખમાં રસ નહતો. આથી તેઓ રાજપાટ છોડી તીર્થોમાં ભગવાનને શોધવા નીકળી પડ્યા.

આમને આમ ૮થી ૧૦ વર્ષ જેટલો સમય વ્યતીત થઈ ગયો અને દેવ ઈચ્છાએ તેઓ ફરતા ફરતા લોએજ આવ્યા. ત્યાં તેમને રામાનંદ સ્વામીનો મેળાપ થયો. પોતે તીર્થોમાં હતા ત્યારે પોતાની મેળે જ ભગવા ધારણ કરી લીધા હતા. પરંતુ અહીં રામાનંદ સ્વામીએ અભયસિંહને મુમુક્ષુ જાણી દીક્ષા આપી આત્માનંદ સ્વામી નામ આપ્યું અને રામાનંદ સ્વામીની સાથે રહી વિચરણ કરતા. (૧)

તેમને શ્રીહરિનો પ્રથમ મેળાપ જૂનાગઢ પ્રદેશના મેઘપુર ગામમાં સં. ૧૮૫૯માં થયો. શ્રીજીને જોતા જ સ્વામીને પોતાની જન્મોજન્મની સાધનાનું ફળ મળી ગયું હોય તેમ લાગ્યું. આ સમયે આત્માનંદ સ્વામીની ઉંમર ૬૦ વર્ષની હતી. છતાં તેઓ ૨૧ વર્ષના નીલકંઠ વર્ણીની આજ્ઞામાં સેવકભાવે રહ્યા. તેઓ મોટી ઉંમરે સાધુ થયા એટલે મોટા આત્માનંદ સ્વામીના નામે ઓળખાતા. વર્ણીએ તેમને ધ્યાન કરતા શીખવ્યું. તેમને આ પ્રોઢ ઉંમરે ઘણાં ખરા દાંત પડી ગયેલા. આ જોઈ મહારાજ કહે, દાંત પડી ગયા તે સારું નહિ. પછી આશીર્વાદ આપ્યા કે, તમને નવા દાંત આવશે. પછી તેમને નવા દાંત આવવા શરૂ થયા અને ૧૧૭ વર્ષની ઉંમર સુધી દાંત સલામત રહ્યા. (૧)

સ્વામી વિચરણ કરતા એકવાર વટામણની સીમમાં બેઠેલા ત્યારે ખૂબ વરસાદમાં સ્વામીના કપડાં ભીંજાઈ ગયા. ચારે બાજુથી ડાંસના ટોળા આવ્યા ને સ્વામીને કરડવા લાગ્યા. ઉડાડે તો પણ ઊડે નહીં. સ્વામી શરીરે ખંજવાળતા શરીર ઉપર લોહીના ટસીયા ફુટી ગયા. છતાં તેમની આત્મનિષ્ઠા અજોડ હતી તો આ દુઃખને ગણકાર્યા વગર આનંદપૂર્વક ત્યાં બેસી રહ્યા. તે સમયે અચાનક શ્રીહરિ ત્યાં આવ્યા. સ્વામીનું શરીર લોહીજાણ થઈ ગયેલ. મહારાજે પૂછ્યું તો કહે આ ડાંસ કરડ્યા છે એટલે. પરંતુ કોઈ ફરિયાદ ન કરી. શ્રીહરિ તેમની આવી અજોડ આત્મનિષ્ઠા જોઈ રાજી થઈને બોલ્યા કે, તમારું નામ આત્માનંદ સ્વામી યથાર્થ છે તમે સાચે આત્મભાવે વર્તો છે. (૧)

તેમની ધર્મનિષ્ઠા અને આત્મનિષ્ઠા સરાહનીય હતી તેમનો ત્યાગ વૈરાગ્ય આકાશે આંબતો. તેઓ નિસ્પૃહી જીવન જીવતા.

રામાનંદ સ્વામીના એક શિષ્ય રામદાસ નામે હતા. શ્રીહરિ પણ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેથી રામદાસભાઈ તેમના ગુરુભાઈ થાય. આથી શ્રીહરિ તેમને ભાઈ રામદાસ કહીને બોલાવતા. ભાઈ રામદાસ સ્વામીના ધામ ગમન બાદ શ્રીહરિને થયું કે, મારે હવે કોઈને ગુરુભાઈ બનાવવા તેથી તેમણે સભામાં પૂછ્યું

કે, મારા ભાઈ કોને બનવું છે ? ત્યારે સભામાં અનેકની આંગળી ઊંચી થઈ. પણ મહારાજે શરત કરી કે, જેણે જીવનમાં ક્યારેક પોતાની માટે કોઈની પાસે કશું જ ન માંગ્યું હોય તે મારા ભાઈ થાય. ત્યારે ઘણાં ખરા હાથ નીચે થઈ ગયા. એક આત્માનંદ સ્વામીનો હાથ ઊંચો રહ્યો. ત્યારે મહારાજે કહે, તમે ખરા ! તમે કોઈની પાસે કશું માંગેલ નથી. માટે તમે મારા ભાઈ બની શકો. પછીથી મહારાજ સ્વામીને આત્માનંદ સ્વામીને બદલે ભાયાત્માનંદ સ્વામી કહીને બોલાવતા. પછી બધા તેમને આ નામથી જ બોલાવતા. (૧)

સ્વામીને આજ્ઞાપાલનનું અંગ હતું. શ્રીજી પ્રકરણો ફેરવતા તો એ પ્રકરણ મુજબની આજ્ઞા સારધાર પાળતા. આજ્ઞાનું તેમને નિત્ય અનુસંધાન રહેતું. વળી આજ્ઞા પાળતા હોવા છતાં મારી કંઈ ભૂલ નથી થતી ને ? તેની તેમને સતત યાદી રહેતી. એકવાર શ્રીહરિ કારિયાણીમાં વસ્તા ખાચરના દરબારમાં શેરડીના માદળીયા જમતા હતા. તે સમયે આત્માનંદ સ્વામી ત્યાં આવ્યા ત્યારે મહારાજે તેમને પ્રસાદીના માદળીયા જમવા માટે આપ્યા. ત્યારે સ્વામીએ કહ્યું કે, મહારાજ તમે મેઘપુરમાં હતા ત્યારે સંતોને શેરડી ન ખાવાનું નિયમ આપ્યું છે માટે અમારે તે ન ખવાય. શ્રીજી મહારાજ સ્વહસ્તે પ્રસાદી આપતા હતા છતાં પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ તેમણે ન લીધું. તેમને આજ્ઞાપાલનનું કેવું તાન ? શ્રીહરિ તેમની આવી આજ્ઞાપાલનતા જોઈ તેમના ઉપર ખૂબ રાજી થયા ને બોલ્યા કે, ‘તમે ખરા સજાગ સંત છો ! (૧) તેની પ્રતીતિ ગઢડા અંત્ય ૧૪માં વચનામૃતમાં થાય છે.

★ ગઢડા અંત્યના ૧૪માં પ્રકરણ મુજબ :

આત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, મનમાં તો એમ જ નિશ્ચય છે જે દેહપર્યંત પરમેશ્વરના ગમતામાં જ રહેવું છે, તો પણ એમ જાણીએ છીએ જે પરમેશ્વર ને સંતને કેમ કરીએ તો આપણો વિશ્વાસ આવે ?

મહારાજે તેમના અંગના વખાણ કરે છે (૧) જે

★ વચનામૃત ગઢડા અંત્યના ૨૪માં કહી છે :

...અને મોટા આત્માનંદ સ્વામીને અમારા વચનનું ઉલ્લંઘન થાય નહિ એવું અંગ.

સ્વામીએ ફરી પોતાની અડગ ધર્મ નિષ્ઠાનો પ્રશ્ન પૂછ્યો છે જે,

★ વચનામૃત ગઢડા અંત્યના ૨૬માં પ્રકરણમાં :

શ્રીહરિને આત્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, આ સત્સંગમાં જે વર્તમાનનો પ્રબંધ છે, તેમાં જ્યાં સુધી રહેતો હોય ત્યાં સુધી તો જેવો તેવો હોય તેને પણ પંચવિષયે કરીને બંધન થાય નહિ. પણ કોઈક દેશકાળને યોગે કરીને સત્સંગમાંથી બહાર નીસરી જવાય તો પણ જેને પંચવિષય બંધન ન કરી શકે તે પુરુષ કેવા હોય ? તેના લક્ષણો કહો.

આમ સ્વામીને આજ્ઞાપાલન અને ધર્મનિષ્ઠાનું અને શૂરવીરતાનું અંગ હતું.

શ્રીહરિ ગઢડામાં હતા અને ભક્તો પાસે શૂરાતનની વાતો કરતા હતા. તે સમયે આત્માનંદ સ્વામીનું મંડળ આવ્યું ત્યારે મહારાજ બોલ્યા, જો આ અમારા શૂરા આવ્યા. એમ કહી શૂરાનું બિરુદ આપ્યું. (૧)

શ્રીહરિએ સંતોને રસકસ વગરનું ભોજન કરવાનું પ્રકરણ ફેરવેલું એટલે સંતો કાચા લોટના ગોળા બનાવી જમતા. તે સમયમાં મહારાજે સ્વામીને પોતાની પ્રસાદીનો થાળ રાજીપા સ્વરૂપે મોકલ્યો. તો સ્વામી કહે, આ રસકસવાળું ભોજન છે. અમને અંતઃશત્રુ પીડે માટે તેવું ભોજન ન જમાય. ત્યારે મહારાજે તેમને આશીર્વાદ આપ્યા કે, તમે આ ભોજન જમો તમને કદી અંતઃશત્રુ નહીં પીડે. (૧)

કોઈ ભક્ત નિર્વિકલ્પ સમાધિમાં ઊંડે ઊતરી જાય તો તેને દેહમાં લાવવાની કળા આત્માનંદ સ્વામીમાં હતી. ભૂજમાં રવજી સુથાર સમાધિમાંથી જાગતા ન હતા ત્યારે મહારાજે સ્વામીને ભૂજ મોકલવાનો સંકલ્પ કર્યો કે તમે ત્યાં જઈને ભક્તને તમારો ચરણ અડાડશો ત્યાં ભક્ત જાગી જશે. પછી મહારાજને થયું કે ભૂજની કષ્ટ યાત્રા સ્વામી કેમ કરીને કરશે ? પછી પોતે સભામાં બેઠા બેઠા જ પગ સહેજ ઊંચો કરી ભક્તને અડાડ્યો તો તેની અસર ભૂજમાં રવજી સુથારને થઈ અને તે સમાધિમાંથી જાગૃત થયા. નિરાવરણ દૃષ્ટિવાળા ગોપાળાનંદ સ્વામીએ આ જોયું અને કહ્યું કે, હવે ભક્ત જાગી ગયા છે, સ્વામીને ભૂજ મોકલવાની જરૂર નથી. (૨)

શ્રીજીની કઠિનમાં કઠિન આજ્ઞા પાળવા સ્વામી સદૈવ તૈયાર રહેતા. એક સમયે બ્રહ્માનંદ સ્વામીના રાજસ્થાનના ખાણ ગામે સત્સંગ માટે કોણ જશે ? તેવો સવાલ પૂછતા સ્વામીની વયસ્ક ઉંમર હોવા છતાં તૈયાર થયા. શ્રીજી કહે, આબુ તળેટીમાં ખાણ ગામ છે. તમને હું કાગળમાં લખી દઉં તમે ચિઠ્ઠી લેતા જાઓ. સ્વામી કહે, એ તો યાદ રહી જાય. ચિઠ્ઠીની જરૂર નથી. મહારાજના આગ્રહ છતાં

સ્વામી લઈ ન ગયા. પરિણામે ચાલતા ચાલતા તેઓ આબુ તળેટીથી કેટલાય ગાઉ આઘા નીકળી ગયા ને ગામનું નામ ભૂલાઈ ગયું. ત્રણ દિવસ સુધી અન્ન-જળ ન મળ્યું. પછી શ્રીહરિને પ્રાર્થના કરી ત્યારે મહારાજ બ્રાહ્મણ વેશે આવી સંતોને ભોજનપાન કરાવી ગયા. સ્વામી જ્યારે પરત ગઢડા આવ્યા ત્યારે મહારાજે આ વાત કરી ત્યારે સ્વામીને ખબર પડી કે શ્રીહરિ તો અંતર્યામી છે. (૨)

સ્વામી જ્ઞાની તો હતા તે સાથે તત્ત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોને ચપટીમાં ઉકેલી શકતા. સુરતમાં બ્રહ્મજ્ઞાનીઓની સભામાં સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, એક માટલીમાં મંકોડો પૂર્યો હોય ને તે ચારે કોર ભ્રમણ કરતો હોય તેને ઠરવાનું ઠામ શું ?

સ્વામી કહે, માટલીમાં સાકરનો ગાંગડો મૂક્યો હોય તો તે સ્થિર થઈ જાય. તેમ આ સંસાર માટલીરૂપ છે. તેમાં મંકોડારૂપ જીવ માયામાં ભમ્યા કરે છે તેને જો ભગવાનના સાકરરૂપી ચરણનો યોગ થાય તો લખચોરાશી ટળી જાય. આ જવાબ સાંભળી બ્રહ્મજ્ઞાનીઓ આશ્ચર્યમાં પડી ગયા. (૨)

સ્વામીની આત્મનિષ્ઠા પણ ગજબની હતી. સ્વામીને દેહનો સદાય અનાદર રહેતો.

દેહનો અનાદર એટલે સ્નાન કરે ત્યારે ઘસીને શરીર સાફ પણ ન કરે. સ્વામીને શરીરે ઘણાં વાળ તેથી વાળમાં મેલ ભરાય અને તેમાં ઝીણા ટોલા પડે. તે શરીરને ઠોલે તો ખંજવાળે પણ નહિ. એકવાર શરીરે ઘારું પડ્યું અને તેમાં જીવાત પડી. તો જીવાતને સાફ પણ ન કરતા. જીવાત નીચે પડી જાય તો તેને ઉપાડીને પાછી ઘા ઉપર મુકે અને બોલે : લે, યહ શરીર તેરા ખાજ હૈ. વહી જા. સ્વામીની એવી દેહાતીત સ્થિતિ હતી. દેહના દુઃખને જરાય ગણકારતા નહીં. (૧)

સ્વામી એકવાર જલસેણ નામે સત્સંગ અર્થે ગયેલા. ત્યાં કોઈ દ્વેષીએ તેમની ઝોળીમાં ઝેર નાંખ્યું. સંતો તે ખોરાક જમ્યા. બધા સંતોને ઝેર ચડ્યું. શરીર લીલું કાચ થઈ ગયું તે સમયે શ્રીહરિ દિવ્ય દેહે પધારી સૌ ઉપર અમી દૃષ્ટિ કરી ઝેરથી તેમની રક્ષા કરી.

ભક્તચિંતામણિના પરચા પ્રકરણ ૧૩૫માં કડી નં. ૧૯થી ૨૯માં જલસેણ ગામમાં સ્વામીની ઝેર થકી રક્ષા કરી તે પરચો વર્ણવેલ છે.

એકવાર મહારાજ ગઢડામાં લક્ષ્મીવાડીમાં સભા કરીને બેઠા હતા. તે સમયે અંતઃશત્રુ મૂર્તિમાન થઈને આવ્યા અને કહ્યું કે, અમારી સાથે યુદ્ધ કરે તેવા કોઈ સંત છે ? એમ કહી કામ-ક્રોધ-લોભ વગેરેએ સંતો સાથે યુદ્ધ કરી એક એક

અંતઃશત્રુને હરાવ્યા. જેમાં સચ્ચિદાનંદ સ્વામીએ કામને હરાવ્યો, મુક્તાનંદ સ્વામીએ ક્રોધને અને ભાયાત્માનંદ સ્વામીએ મત્સરને જીત્યો. (૧)

મહારાજે આઠ નવા સદ્‌ગુરુઓ બનાવ્યા. જે વાત કરી હરિલીલામૃતના કળશ ૭/૭૫માં આવે છે :

'આત્માનંદ જે ભાઈ કહાવે, સ્વયંપ્રકાશાનંદ સુહાવે,
તથા મા'નુભાવાનંદ સ્વામી, એહ આદિ પૂરા નિષ્કામી.'

જેમાં શ્રીહરિએ આત્માનંદ સ્વામીને પણ સદ્‌ગુરુ તરીકે નિમિ સર્વે ભક્તોને તેમની આજ્ઞામાં રહેવા તથા તેમની પૂજા કરવા કહ્યું. પછી શ્રીહરિએ પોતે પણ સ્વામીની પૂજા કરી દંડવત્ કર્યા. (૧)

સ્વામીને એકવાર જૈનના ઢૂંઢિયા ગોરજી (સ્થાનકવાસી જૈનના સાધુ) મળ્યા અને તેમને ઉટપટાંગ પ્રશ્ન (પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં આવા પ્રશ્ન સીલોજીઝમ લોજીક કહે છે) પૂછ્યો કે, શંકરના થાળામાં પીપળો ઉગ્યો હોય તો જો પીપળાને કાઢો તો ભગવાન વિષ્ણુનો અપરાધ થાય અને જો શિવલિંગને ઉખેડી નાખો તો શંકરનો અપરાધ થાય. તો આ બેમાંથી કોને કાઢવું ? અને કોને રાખવું ? (૨)

સ્વામીએ તેને આ વિચિત્ર પ્રશ્નનો ઉત્તર આવો જ એક પ્રશ્ન પૂછી આપ્યો કે, તમારા ગોરજી (સ્થાનકવાસી જૈનના મુપતીવાળા સાધુ)ના માથામાં જીવડા પડ્યા હોય અને જો જીવડાં કાઢો તો જીવડાં મરે અને જીવડા બચાવવા ગોરજીનું મસ્તક કાપો તો ગોરાજી મરે. તો જીવડા કાઢવા કે ગોરજીનું માથું કાપવું ? (૨)

સમસ્યાના જવાબમાં આવો જ પ્રશ્ન પૂછતા ગોરજીને સ્વામીની બુદ્ધિ પ્રતિભાનો ખ્યાલ આવી ગયો અને ભોંઠા પડી જતા રહ્યા. (૨)

મોટા મોટા ગામધણી દરબારોના હોકા અને અફીણના વ્યસન તેમણે બુદ્ધિપૂર્વક છોડાવેલા.

સ્વામીનો શ્રીહરિ પ્રત્યેનો પ્રેમ અને નિષ્ઠા એટલા જબરા હતા કે ૯૦ વર્ષની ઉંમરે શ્રીહરિના અંતિમ દર્શન કરવા ધોલેરાથી ચાલીને ગઢડા આવેલા. (૩)

સ્વામી ઉપર શ્રીહરિનો અપાર રાજીપો હતો. શ્રીહરિ ફક્ત તેમને પ્રશંસાથી જ નહીં પણ ફૂલોથી પણ શણગારતા. એ લોયાનો પ્રસંગ **ભક્તચિંતામણિના** ૮૪માં પ્રકરણમાં વર્ણવ્યો છે :

'એક વૃદ્ધ સાધુ વિકાર વિના, નાથની નજરે આવ્યો,
પ્રસન્ન થઈ પછી પોતે તેને, સુંદર સ્વાંગ સજાવિયો.'

એક વૃદ્ધ સાધુ એટલે આત્માનંદ સ્વામી. શ્રીહરિ તેને વિકાર રહિત જાણીને તેમના ઉપર પોતાનો અપાર રાજીપો દર્શાવી તેમને પોતાના ફૂલના શણગાર પહેરાવી રૂડા આશીર્વાદ આપ્યા.

સ્વામી સ્પષ્ટ વક્તા હતા. તોરીના હરિભક્ત કરસનજી સત્સંગી હોવા છતાં સ્ત્રીઓના સીમંત પ્રસંગે રાંદલને તેડતો. સ્વામીએ તેને કહ્યું કે, રાંદલ એટલે છાંડેલ સ્ત્રી. જે સ્ત્રી છતે ધણીએ ચારે બાજુ રખડતી હોય તેને રાંદલ કહેવાય. રાંદલના ધણી સૂર્યદેવ છે. પણ તે સ્ત્રી પોતાના પતિને છોડીને રખડે છે તેથી તેને રાંદલ કહે છે. માટે રાંદેલને હરિભક્તોએ તેડાય નહિ. તેને ઘરમાં ન રખાય. કરસનજીને સ્વામીએ આવું કહેતા તેને સમજણ આપી અને રાંદેલ તેડતો આળસી ગયો. (૪)

ગોપાળાનંદ સ્વામી કહેતા કે, ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામીનો રાત્રિપ્રલય સુધી સમાગમ કરશું ત્યારે સંપૂર્ણ સાધુ થવાશે. (૫)

સ્વામી પાછલી ઉંમરમાં શ્રીહરિ ધામમાં ગયા બાદ વાગડ (ભાલપ્રદેશ)માં રહેતા. સ્વામીને વાગડ ગામનું પાણી વધારે માફક આવતું. વાગડના હરિભક્ત ચુડાસમા કલ્યાણસિંહ સ્વામીની ખૂબ સેવા કરતા. દરબારની આર્થિક સ્થિતિ સારી ન હતી. ઘણીવાર ખાવાના પણ સાંસા પડતા. સ્વામીને આ વાતની ખબર પડતા દરબારને આશીર્વાદ આપ્યા કે, હવે આજથી તું સુખી થઈશ. તારું દારિદ્રય ટળી ગયું. તારા વંશપરંપરામાં જે સત્સંગ રાખશે તે ધન-ધાન્યે કરીને ખૂબ સુખી થશે. સ્વામીના આશીર્વાદથી આજે પણ કલાભગતના વંશજો વાગડમાં ખૂબ સુખીજીવન જીવી રહ્યા છે. (૧)

અંત અવસ્થામાં વાગડમાં રહેતા ત્યારે બોટાદના નગરશેઠ શિવલાલભાઈએ તેમની ખૂબ ભાવથી સેવા કરી. સ્વામીના વસ્ત્રો વગેરે પોતે જાતે ધોતા. આવી એકધારી સેવાથી સ્વામી તેના ઉપર ખૂબ રાજી થઈ ગયા અને માંગવાનું કહ્યું, ત્યારે શિવલાલભાઈએ માંગ્યું કે, સ્વામી, તમે ધામમાં જાઓ ત્યાર પછી તેરમાના દિવસે તમે મહારાજને લઈને મને તેડવા આવજો. સ્વામી આ સાંભળી ચોંકી ગયા પણ શિવલાલે કહ્યું કે, તમે મારા ઉપર રાજી થયા હો તો તે જ વસ્તુ હું માંગું છું. પછી સ્વામી ધામમાં ગયા બાદ સ્વામીએ આપેલ વચન મુજબ સ્વામી શ્રીહરિ સાથે આવીને શિવલાલભાઈને ધામમાં લઈ ગયા. (૧)

આજે પણ શિવલાલભાઈના વંશજોમાં પાંચમી પેઢીએ શૈલેષભાઈ બોટાદમાં વસે છે અને સ્વામીનાં આશીર્વાદથી ખૂબ સુખી છે અને સારો સત્સંગ રાખે છે. (૬)

સ્વામી વાગડમાં જ ૧૧૭ વર્ષની ઉંમરે સં. ૧૯૧૬ના જેઠ વદ-૬ અને શનિવારે ધામમાં ગયા. (૧)

શ્રીહરિને સ્વામીએ વચનામૃત ગઢડા પ્રથમના ૩૮માં પ્રશ્ન પૂછ્યો છે : દેહ, ઈન્દ્રિયો તથા અંતઃકરણ તથા દેવતા તેથી જુદો જે જીવાત્મા તેનું રૂપ કેવી રીતે છે ?

★ વળી **ગઢડા પ્રથમના ૭૮માં વચનામૃત**માં નાના સંતો અને મોટેરા સંતોને ઉત્તરો કરી પછી સર્વેને પૂછતા હવા જે કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકના દ્વાર છે. એમાંથી જેને જે અતિશય જીત્યામાં આવ્યો હોય તે સર્વે કહો. પછી જેને જે વાતની અતિશય દૃઢતા હતી તે તેવી રીતે બોલ્યા. તે મુનિના વચન સાંભળી શ્રીજી મહારાજ અતિશય રાજી થયા અને આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામી એ ચાર જણાને રાજી થઈને હૃદયના વિષે ચરણાર્વિંદ આપ્યા અને કહ્યું કે, જેમ મહાનુભાવાનંદ સ્વામી આદિક જે મોટેરા છે તે ભેળા આ ચાર પણ છે. તેમનું કોઈ અપમાન થવા દેશો'મા. એમ શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ભલામણ કરી.

વચનામૃત લોયાના ૯માં પ્રકરણમાં આત્માનંદ સ્વામીએ અખંડાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, વૈરાગ્ય, જ્ઞાન ભક્તિ અને ધર્મ એ ચારને ઉપજ્યાનો હેતુ શો છે ?

★ **પાદટીપ :**

(૧) **શ્રી સ્વામિનારાયણીય સંત આખ્યાન :** ભાગ-૧, લેખક : સદ્. જ્ઞાનજીવનદાસજી સ્વામી, કુંડળ વર્ષ-૨૦૧૧, પાના નં. ૩૯૭થી ૫૬૧

(૨) **સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક સંતો :** લેખક - શાંતિકુમાર ભટ્ટ, વડતાલ. કાનજી ભગત પ્રકાશન, વર્ષ-૧૯૮૦

(૩) **ભક્તચિંતામણિ :** પ્ર. ૧૩૫ અને પ્ર. ૬૪

(૪) **ઉપદેશામૃત :** ગુરુકુલ રાજકોટ પ્રકાશન, વાર્તા નં. ૮.

(૫) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** નં. ૨૨૮

(૬) **બોટાદના શિવલાલ શેઠના દૃહ્ના વંશજ દ્વારા.**

●

૧૩. સદ્.શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામી

મંજુકેશાનંદ સ્વામીકૃત નંદમાળામાં સ્વામી વિષે કહેલ છે :

'સ્વયંપ્રકાશાનંદ ભાઈ સ્વચ્છંદ,
જેને આત્મનિષ્ઠા મહાતમનો આનંદ.'

સદ્. ગોપાળાનંદ સ્વામીની મહાપૂજાના દ્વિતીય આવરણમાં સદ્. સ્વયંપ્રકાશાનંદ સ્વામીનું પૂજન :

ॐ श्री ज्ञानमूर्तये स्वयंप्रकाशानंद मुनीन्द्राय नमः મંત્ર શ્લોક દ્વારા થાય છે.(૧)

સ્વામીની પૂર્વાશ્રમની વિગતો જાણીએ તો, તેઓ બંગાળ રાજ્યના કોઈ એક મોટા ગામના રાધાકૃષ્ણ દેવના મંદિરના મહંત હતા. તે સમયે તે મંદિરની આવક રૂ. એક લાખ જેટલી અધધધ હતી. તેમને અનેક શિષ્યો હતા. પોતાના જેવા જ શુભ ગુણોવાળું શિષ્યમંડળ હતું.

એકવાર તેમના આશ્રમમાં કોઈ તીર્થવાસી વૈરાગી આવ્યા અને તે ભાવથી બીજા સંતોને વાત કરતા હતા કે, સૌરાષ્ટ્રના કાઠિયાવાડમાં એક જીવન મુક્તા કરીને પ્રગટ થયા છે. તે પ્રગટ ભગવાનનું નામ સ્વામિનારાયણ છે તેના અનેક શિષ્યો છે. લોકોને સમાધિ કરાવે છે અને અક્ષરધામમાં મોકલે છે. આવું આશ્ચર્યકારી સામર્થ્ય ધરાવે છે. (૨)

આવી વાતો કરતાં કરતાં જ્યારે સ્વામિનારાયણ આવે ત્યારે આશ્રમમાં પ્રકાશ ફેલાઈ જતો. વળી વાતો કરીને સ્વામિનારાયણ શબ્દ બોલે ત્યાં પ્રકાશ પ્રકાશ થઈ જતું. આ ચમત્કાર આશ્રમના મહંતે જોયો. આવું વારંવાર થતું જોયું. એટલે મહંતને થયું કે, આ વૈરાગી સ્વામિનારાયણ નામ બોલે છે તે સમયે તેજ છવાઈ જાય છે. માટે આ નામનો આટલો ચમત્કાર છે તો ખરેખર એ મહાપુરુષ કેટલા સામર્થ્યવાન હશે ? આ સાક્ષાત્ પરમેશ્વર તો નહીં હોય ને ? તેથી વૈરાગી પાસેથી મહંતે સ્વામિનારાયણની સમગ્ર વાત પૂછી કેમકે તે તેમના દર્શન કરીને આવતો હતો. મહંતે તેમની વાત સાંભળી તો તેમને અંતરમાં ખૂબ શાંતિ થઈ ગઈ.

પોતાને થયું કે, આ ખરેખર પરમાત્મા છે તો મારે તેના દર્શન કરવા જોઈએ ને મારો મોક્ષ સાધી લેવો જોઈએ. (૨)

આમ વિચાર કરી તેણે પોતાના શિષ્યોને આ વિચાર જણાવ્યો અને મહંત જરૂરી સાધન-સામગ્રી અને ઊંટ, ઘોડા વગેરેના રસાલા સાથે શિષ્ય મંડળને લઈ જીવન મુક્તાના રૂબરૂ દર્શન કરવા નીકળ્યા. રસ્તામાં તીર્થાટન કરતા દ્વારિકા પહોંચ્યા ત્યાં જીવનમુક્તાની માહિતી લઈ તે રસાલો લોએજ પહોંચ્યો. (૨)

અને … શ્રીહરિના દર્શન કરતાં જ મહંતને તુરત સમાધિ થઈ ગઈ. તેમના નાડી પ્રાણ ખેંચાઈ ગયા. અલૌકિક અનુભવ કરીને સમાધિમાંથી જાગતા જ શ્રીહરિના પગ પકડી લીધા : મને આપનો શિષ્ય બનાવી મારો મોક્ષ કરો.

શ્રીહરિ કહે, તમે અમારા આશ્રિત થશો અને તમારા શિષ્યો ઉપદ્રવ કરશે તો? ત્યારે મહંત બોલ્યા કે હું તેમને સમજાવીને આવું છું. પછી મહંતે તેમના શિષ્યોને પોતાનો વિચાર જણાવી તેમાંના એકને મહંત બનાવી પોતા પાસેનું ધન વગેરે આપી તેમને રાજીખુશીપૂર્વક વિદાય કર્યા અને પોતે શ્રીહરિ પાસે આવ્યા.

શ્રીહરિએ તેમને તાવ્યા કે અહીં તો સૌની સાથે નિર્માનીભાવે સેવક થઈને રહેવું પડશે. માન મરતબો મૂકવો પડશે. સેવા કરવી પડશે વગેરે.

પણ મહંતને શ્રીહરિમાં પુરુષોત્તમપણાનો નિશ્ચય થઈ ગયો હતો તેથી પોતે શ્રીહરિ પાસે દીક્ષા લઈ સ્વયંપ્રકાશાનંદ સ્વામી નામ ધારણ કરી સંત બન્યા. (૨)

પોતે શ્રીહરિ કરતાં ઉંમરમાં મોટા હોવા છતાં શ્રીહરિની આજ્ઞામાં રહ્યા. પોતે પ્રખર વિદ્વાન, જ્ઞાની હોવા છતાં શ્રીહરિ પાસે નિર્માનીપણે રહેતા.

શ્રીહરિ ચરિત્ર ચિંતામણિમાં લખેલ છે કે, શ્રીહરિએ સ્વામીને સ્વયં ઉપદેશ આપતા કે, અમે ચંદ્રકાંતમણિ જેવા છીએ. પુરુષોત્તમ નારાયણ એવા જે અમે તે અમારો જેટલો મહિમા સમજાય તેવી પ્રાપ્તિ તેને થાય છે અને સુખ મળે છે.

મહારાજની આવી સ્પષ્ટ જ્ઞાનસભર નિશ્ચયની વાત સાંભળીને સ્વામીને મહારાજનો પુરુષોત્તમપણાનો પાકો નિશ્ચય થયો અને તેમના અનન્ય શિષ્ય બની ગયા.

શ્રીહરિ આઠ સંતોને સદ્‌ગુરુ બનાવે છે જેમાં સ્વયંપ્રકાશાનંદ સ્વામીનું પણ નામ છે. સાથે શ્રીહરિ ભલામણ કરે છે. જેમ તમે અમારી આજ્ઞા પાળો છો તેમ આ સદ્‌ગુરુની આજ્ઞા પણ પાળજો. તેમનું અપમાન થવા દેશો’મા. અમે આ

સદ્‌ગુરુઓને સત્સંગની જવાબદારી સોંપીએ છીએ. એમ કહી રૂડા આશીર્વાદ આપેલ છે. (૩)

સ્વામીના મંડળમાં ૬૦ સંતો હતા.

આજે પણ વડતાલ મંદિરમાં સાધુની જાયગામાં સદ્. ગોપાળાનંદ સ્વામીના આસનની બાજુમાં જ સ્વયંપ્રકાશાનંદ સ્વામીનું આસન છે અને શ્રીહરિના ચરણપગલાં છે.

આવા સદ્‌ગુણી સંત વિ.સં. ૧૯૦૨ના આસો સુદમાં વડતાલમાં અક્ષરવાસી થયા. (૩)

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૨મું :**

સ્વામી પ્રશ્ન પૂછે છે : શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે, *सत्यं शौचं, दया, क्षान्तिस्त्याग संतोष आर्जवम्....*

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૫મું :**

(૧) સ્વામીએ પરમાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો :

આકાશની ઉત્પત્તિ અને લય તે કયા પ્રકારે છે ?

(૨) ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઈચ્છાશક્તિ છે તે કેમ સમજવી ?

★ **વચનામૃત સારંગપુરનું ૨જું :**

ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિમાં અતિશય હેત કયે પ્રકારે થાય?

★ **સારંગપુરનું ત્રીજું :**

હે મહારાજ ! એક ભક્ત તો નાના પ્રકારની પૂજાસામગ્રી લઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે... એ બે ભક્તમાં શ્રેષ્ઠ તે કોણ છે ?

★ **સારંગપુરનું ૪થું :**

હે મહારાજ ! આત્મા અનાત્માની ચોખ્ખી જે વિક્તિ તે કેમ સમજવી ? જે સમજવે કરીને આત્મા-અનાત્મા એક સમજાય જ નહિ ?

★ **સારંગપુરનું ૫મું :**

જીવ અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે ? અને ઈશ્વર અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે ?...

★ **સારંગપુરનું ૯મું :**

સ્થાન તે કેને કહીએ ?

★ **સારંગપુરનું ૧૨મું :**
પોતાના આત્માનો વિચાર કેમ કરવો ?

★ **સારંગપુરનું ૧૪મું :**
ભગવાનના ભક્ત હોય તે ભગવાનના ધામ જે વૈકુંઠાદિક તેને પામીને પાછા પડતા નથી એમ ગીતામાં કહ્યું છે... તે શે દોષે કરીને પાછો પડતો હશે?

★ **પંચાળાનું ત્રીજું :**
હે મહારાજ ! આ જે સર્વે વિચાર તે કયા સ્થાનકે રહીને કરવો ?

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૨૫મું :**
હે મહારાજ ! જેણે કરીને ભગવાન અતિશય રાજી થાય એવું કયું સાધન છે ?

★ **ગઢડા મધ્યનું ૬૪મું :**
હે મહારાજ ! ભગવાનના જે અવતાર છે તે સર્વે સરખા જ છે ? કે તેમાં અધિકન્યૂન ભાવ છે ?

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :**
શ્રીહરિએ સ્વામીના અંગ વિષે કહ્યું છે -
...અને સ્વયંપ્રકાશાનંદ સ્વામીને નિશ્ચય તથા માહાત્મ્ય

★ **પાદટીપ :**

(૧) **મહાપૂજા :** રાજકોટ, ગુરુકુલ

(૨) **સંત સુમનસ્રજ :** પ્રભુશાસ્ત્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ પાના નં. ૨૨થી ૨૫, વર્ષ : ૨૦૦૪

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૧, રૂગનાથચરણ સ્વામી, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ. વાર્તા નં. ૧૩૬, પાના નં. ૨૧૫થી ૨૧૬

●

૧૪. સદ્.શ્રી આનંદાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : નવલસિંહજી (રાજા)

જ્ઞાતિ : ક્ષત્રિય રાજપૂત

જન્મસ્થળ : રાજસ્થાન ભરતપુર (સ્ટેટ - રજવાડું)

જન્મ સંવત્ : સંવત્ ૧૮૧૭

પિતાનું નામ : સુરજમલ

માતાનું નામ : કિશોરી દેવી

ભાઈઓ : ૫ ભાઈઓ (નાનાભાઈ : રણજિતસિંહજી)

સંતજીવનના નામ : અયોધ્યાના રામગલોલા આશ્રમના મહંત તરીકે લક્ષ્મણદાસજી, લોજપુર આવ્યા બાદ આનંદાનંદ સ્વામી

અક્ષરવાસ : ૧૯૧૭ (જેતલપુર)

સદ્. ગોપાળાનંદ સ્વામીની મહાપૂજામાં આનંદાનંદ સ્વામીને પ્રથમ આવરણમાં સ્થાન મળેલ છે. ૐ *श्री आनंदानंद मुनिन्द्राय नमः*

કવિ દલપતરામે સ્વામી વિષે સ્મૃતિ લખી છે જેનો આ સાર છે :

સ્વામી તપસ્વીઓના ભૂષણરૂપ હતા. રાજકુળના ક્ષત્રિય રાવ રાજા હતા. જેમનામાં કરૂણા હતી. પોતાના મનને વશ રાખતા. ભગવાનમાં ખૂબ પ્રીતિ હતી. આજ્ઞાંકિત હતા. શ્રીહરિ સાથે સખાભાવ હતો. તેમના જીવનમાં એકપણ ભૂલ થઈ ન હતી. (૧)

આનંદાનંદ સ્વામી રામાનંદ સ્વામીના શિષ્ય હતા.

પોતે પૂર્વાશ્રમમાં રાજસ્થાનના ભરતપુર સ્ટેટના રાજવી હતા. એમનું નામ નવલસિંહજી હતું. ક્ષત્રિય હતા. એ જમાનામાં ભરતપુર રાજ્ય ઘણું વિશાળ અને વિખ્યાત હતું. આનંદ સ્વામીના પૂર્વજ મહારાજાઓએ હિંદુ ધર્મની રક્ષા માટે ઔરંગઝેબ સામે લડાઈઓ કરેલી. નવલસિંહજી આ વિશાળ રાજ્યના વારસદાર હતા પોતે શૂરવીર અને શાણા હતા. (૨)

નવલસિંહજીના પિતાશ્રીનું નામ સુરજમલ હતું અને માતાનું નામ કિશોરીદેવી હતું. તેઓ ૫ ભાઈઓ હતા. રજવાડામાં કાવાદાવા, ખટરાગ ખૂબ હોય છે. નવલસિંહજી આ બધું જોતા. તેમને આ રાજખટપટ ગમતી નહિ. તેમનું મન પ્રથમથી જ પ્રભુમાં લાગેલું રહેતું. આથી પોતે પોતાના રાજભાગનો ત્યાગ કરી તેમના નાના ભાઈ રણજિતસિંહજીને રાજ્ય સોંપી પ્રભુ શોધવા ચાલી નીકળ્યા. તેઓ ખૂબ લોકપ્રિય હતા. તેમના ગૃહત્યાગ સમયે રાજ્યના તમામ પ્રજાજનોની આંખ ભીની થઈ ગઈ હતી. (૨)

તેઓ પ્રભુ શોધતા શોધતા તીર્થ નગરી અયોધ્યા પહોંચ્યા. ત્યાંના પ્રખ્યાત રામગલોલા આશ્રમમાં ગયા અને ત્યાં સંત-જીવનની દીક્ષા લઈ લક્ષ્મણદાસ નામ ધારણ કર્યું. આશ્રમના ગુરુ થોડા સમયમાં જ વૈકુંઠવાસી થતા તેઓ સર્વસંમતિથી ત્યાંના મહંત બન્યા. તેમનામાં રાજકુનેહ, વિચક્ષણ વૃદ્ધિ અને અપાર વ્યવહારકુશળતા હતી. જેને લીધે તેઓ શિષ્ય મંડળમાં ખૂબ લોકપ્રિય બન્યા. તેમની આવડતથી રામગલોલા આશ્રમની સમૃદ્ધતા ખૂબ વધી. તેઓ ભક્તમાં પણ માનીતા બન્યા. તેમ છતાં તેમને આનાથી પૂરેપૂરો સંતોષ ન હતો. તેમને જે અધ્યાત્મ આનંદનો અનુભવ જોઈતો હતો તે અહીં મળતો ન હતો. અહીં તો ફક્ત દોમદોમ સાહેબી હતી. (૨)

રામગલોલા આશ્રમના પ્રથમ મહંત લોમેશ ઋષિનો અવતાર મનાતા. જે આશ્રમ પરંપરામાં આજે પણ અયોધ્યામાં વિદ્યમાન છે. મહંત લક્ષ્મણદાસ બલરામના ઉપાસક હતા. (૩)

લક્ષ્મણદાસને અંતરનો નાદ મળતા તેમણે એકાએક દ્વારિકાની યાત્રા ગોઠવી. પોતાના ૫૦ શિષ્યો સાથે હાથી, ઘોડા અને રથોના રસાલા સાથે તેઓ દ્વારિકા જવા ઉપડ્યા. પણ રસ્તામાં તેમને સદ્. રામાનંદ સ્વામીના પ્રતાપની વાતો સાંભળવા મળી. તેથી તેમને રામાનંદ સ્વામીના દર્શનની તીવ્ર તાલાવેલી જાગી અને દ્વારિકા યાત્રાને પડતી મૂકી સીધા લોએજ આવ્યા. ત્યાં સ્વામીના દર્શન કરતા જ તેમના અંતરમાં ટાઢા શેરડા પડ્યા. તેમને સ્વામીમાં ઈશ્વરીય આભાના દર્શન થયા અને મનોમન અહીં જ રોકાવાનું નક્કી કર્યું. (૨)

લક્ષ્મણદાસ ભલે ભગવા વસ્ત્રધારી હતા, પરંતુ સમૃદ્ધ આશ્રમના મહંત હતા, તેથી મોભો તે આશ્રમ અનુસાર હતો. હાથમાં વીંટી, ગળે હાર, સોનેરી મોળિયું આવા રાજસી વૈભવ સાથેના વૈરાગી હતા. રામાનંદ સ્વામીએ આ બધો ઠાઠમાઠ

છોડવા ટકોર કરી કે તુરત જ બધો વૈભવ ત્યાગી દીધો. લક્ષ્મણદાસના શિષ્યો આ બધું જોઈ રહ્યા. ગુરુને દ્વારિકા જવા કહેવા લાગ્યા ત્યારે ગુરુએ કહ્યું કે, મારે તો હવે અઠે દ્વારિકા જ છે. જેને અહીં રોકાવું હોય તે રોકાઈ શકે છે અને જવું હોય તે જઈ શકે છે એમ કહી પોતાના શરીર ઉપરથી ઉતારેલો વૈભવ શિષ્યોને આપી દઈ શિષ્યોને વિદાય આપી. રામાનંદ સ્વામીએ લક્ષ્મણદાસને દીક્ષા આપી આનંદાનંદ એવું નામ આપ્યું. (૨) આ રીતે આનંદાનંદ સ્વામી સંપ્રદાયમાં આવ્યા અને પોતાની આગવી સૂઝ, બુદ્ધિ શક્તિ અને વ્યવહાર કુશળતાના કારણે શ્રીહરિના માનીતા સંત બન્યા.

વચનામૃતમાં આનંદાનંદ સ્વામીએ શ્રીહરિને મુમુક્ષુ ભાવે પ્રશ્નો પૂછેલા છે. જેમાં **ગઢડા પ્રથમના ૪**માં, પ્રથમના ૫૮માં બે પ્રશ્નો, **ગઢડા મધ્યના ૯**માં તથા **મધ્યના ૬૬**માં પ્રશ્નો પૂછેલા છે. પોતાના આત્માના કલ્યાણ માટે પોતાનામાં રહેલા મલિન સ્વભાવ વિષે તથા શ્રીહરિ કયા ઉપાયે કરીને રાજી થાય ? તે પ્રકારના પ્રશ્નો નિર્માનીભાવે પૂછેલા છે.

જેમાં **ગઢડા પ્રથમના ૪થા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષા ન કરવી ત્યારે આનંદાનંદ સ્વામી કહે છે કે, ઈર્ષા તો રહે છે, ત્યારે શ્રીહરિ કહે છે કે ઈર્ષા કરવી તો નારદજીના જેવી કરવી.

પછી ગઢડા **પ્રથમના ૫૮**માં સ્વામી પૂછે છે કે, પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે ? ત્યારે શ્રીહરિ મોટા પુરુષને રાજી કરવાનો ઉપાય દર્શાવે છે. પછી વળી સ્વામી પૂછે છે કે, શો ઉપાય કરે તો મોટા પુરુષ રાજી થાય ? ત્યારે મહારાજ કહે છે કે, મોટા સંત સાથે નિષ્કપટભાવે વર્તવાની શીખ આપે છે.

આ પ્રશ્નનો દોર અયોધ્યાથી શરૂ થાય છે. સ્વામી જ્યારે અયોધ્યામાં લક્ષ્મણદાસ મહંતરૂપે રામગલોલા આશ્રમમાં હતા ત્યારે અષ્ટાંગ યોગ સાધના કરતા. એ અરસામાં તેમણે સૌરાષ્ટ્રમાં રામાનંદ સ્વામીનો પ્રતાપ સાંભળતા પોતે દ્વારિકા તીર્થયાત્રાને મિષે તેમની પાસે જ્ઞાન અને મુક્તિ લેવા માટે લોએજ આવે છે અને ગુરુ રામાનંદ સ્વામીનો પ્રતાપ જોઈને પોતાનો ઠાઠમાઠ અને મહંતપણું છોડીને દાસભાવે લોએજ રોકાઈ જાય છે. (૪)

ગઢડા મધ્યના ૯માં વચનામૃતમાં મંગલાચરણમાં આવે છે કે, શ્રીહરિ દાદાના દરબારમાં વાસુદેવ નારાયણના મંદિર આગળ મશરૂના ચાકળા ઉપર વિરાજમાન હતા તે સમયે આનંદાનંદ સ્વામીએ પૂજા કરી હતી.

આ વાતના અનુસંધાનમાં કહીએ તો શ્રીહરિના શણગાર કરવામાં સ્વામી ખૂબ માહેર હતા. શ્રીહરિને ચંદન ચર્ચતા અને તેમાં સુંદર ભાત ઉપસાવતા. એની વાત આવે છે કે, એકવાર શ્રીહરિ નાનીબા વાળા ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ત્યારે સુરતનો સંઘ આવ્યો. તેમણે વિવિધ અલંકારોથી શ્રીહરિને શણગાર કર્યા. પછી સ્વામીએ છ સાત ભાત્યનું ચંદન લાવીને મહારાજને ભાલને વિષે ભાત્ય પાડીને ચંદન ચર્ચ્યું. આખા શરીરમાં કુંકુંમના ઝીણા ચાંદલા કર્યા. પુષ્પની ગુંથેલી માળા પહેરાવી આ સુંદર શોભા જોઈને પ્રેમી ભક્તોના નાડી પ્રાણ ખેંચાઈ ગયા ને સમાધિ થઈ ગઈ. **(૫)**

સ્વામીને શ્રીહરિનો દૃઢ નિશ્ચય થતાં શ્રીહરિની ખૂબ સેવા ભક્તિ કરતા. પોતે શણગાર કરવામાં એટલા બધા કુશળ હતા કે જ્યારે જ્યારે કોઈ સમૈયો-ઉત્સવ હોય ત્યારે સ્વામી મહારાજને ભારે ભારે વસ્ત્રાલંકાર, ઘરેણાંને ધારણ કરાવતા. (૬)

સ્વામીના વર્તનથી **ગાયકવાડ સુબાને તેમનો ગુણ આવ્યો તે પ્રસંગ જાણીએ :**

ચોટીલા પંથકમાં ડુંગરજી ભક્ત હતા. સત્સંગ થયા પહેલા તે ગામના કોઈ અડબંગ ખાખી બાવાને ગુરુ કરેલા પણ શ્રીહરિનો સત્સંગ થતાં તેમાં રંગાઈ ગયા. પછી પોતાને ગામ આવી ખાખી બાવાને પોતાને સાચા ગુરુ મળ્યા તેની વાત કરતા બાવો ઉશ્કેરાયો અને શ્રીહરિને ગાળો દેવા લાગ્યો. આથી ગામના ડુંગરજી ભક્તે ઝપાઝપીમાં બાવાનો હાથ તલવારથી વાઢી નાખ્યો. આથી વાતાવરણ ઉશ્કેરાટભર્યું બની ગયું. બાવાઓએ ઘવાયેલા ખાખીને ઉપાડીને ચોટીલાના સુબાને વાત કરી કે, આ નવા પંથના ભક્તો તોફાની છે અને તેમણે અમને માર માર્યો. તે દરમ્યાન આનંદાનંદ સ્વામીનું મંડળ ગામ બહાર નદી કિનારે ઉતરેલું. સંતો રોજ સવારે વહેલા ઊઠી સ્નાનાદિ કરી પૂજા, ધ્યાન, કીર્તન તથા કથાવાર્તા કરતા. બીજા બાવા કરતા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોમાં આવો અલૌકિક ભાવ જોતા સુબાને તેમનો ગુણ આવેલ. તે જ સમયે આ બાવાઓનું મંડળ ત્યાં આવ્યું અને સંતો વિષે ફરિયાદ કરી ત્યારે સુબાને સાચી વસ્તુની ખબર હોવાથી સંતોનો પક્ષ લઈ બાવાઓને ધમકાવી કાઢી મૂક્યા. પછી સુબાએ શ્રીહરિને પત્ર લખી તેમને પધારવા વિનંતી કરી. (૭) આમ, આનંદાનંદ સ્વામીના શુદ્ધ વર્તાવની સુબા ઉપર ખૂબ અસર થઈ.

ગઢડા મધ્યના ૬૬માં વચનામૃતમાં કીર્તન ભક્તિ થઈ રહ્યા બાદ પોતે બોલ્યા કે, આજ તો અમારે મોટા મોટા સંતને પ્રશ્ન પૂછવા છે. એમ કહી પ્રથમ આનંદ સ્વામીને પૂછતા હવા જે કોઈ એવો પુરુષ હોય જે તેને બુદ્ધિ થોડી હોય તો પણ પોતામાં જે દોષ હોય તેને દેખે છે....!

આ વચનામૃતમાં શ્રીહરિ આનંદ સ્વામીને મોટા સંત ગણી પ્રશ્ન પૂછે છે, તો તેને લગતો **પ્રસંગ જાણીએ કે શ્રીહરિ સ્વામીને મોટા સંત ગણી કેવી કેવી મોટી સેવાઓ સોંપતા.**

અમદાવાદ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા સં. ૧૮૭૮ના ફાગણ સુદી ત્રીજને દિવસે પૂર્ણ થઈ પછી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને પૂછ્યું કે સિલક કેટલી છે ? ત્યારે કહે સાડી ઓગણચાલીશ રૂપિયા છે. તેમ છતાં શ્રીહરિએ અમદાવાદના બ્રાહ્મણોની ચોરાશી કરી. બધા બ્રાહ્મણોને દક્ષિણા વગેરે આપી. આ સઘળી જવાબદારી શ્રીહરિએ આનંદ સ્વામીને સોંપેલ. એક જ દિવસના સમયમાં આવું વિરાટ કાર્ય થયું. કહો કે ચમત્કાર જેવું થયું આથી શહેરના માણસો તથા અગ્રેસર કાર્યકર્તા આનંદ સ્વામી આદિક સંતો, જમનારા બ્રાહ્મણો, કુસંગી લોકો ઘણાં આશ્ચર્યચકિત થયા અને અતિ આનંદને પામ્યા. (૮)

આનંદ સ્વામીને મોટેરા કર્યા તેના અન્ય પ્રસંગ જાણીએ :

શ્રીહરિએ જેતલપુર પધારેલા. સંતો-ભક્તોના ભાવપૂરા કર્યા અને તળાવમાં સ્નાન લીલા કર્યા બાદ સુંદર વસ્ત્રો ધારણ કરી મંચ ઉપર વિરાજ્યા ત્યારે મહારાજ બોલ્યા કે, કોઈ સંતોએ હરિભક્તોને અમારા સારું પોષાક માટે કહેવું નહિ. ફક્ત આનંદ સ્વામીને જ પોષાક માટે કહેવું. બીજાને ન કહેવું. (૯) સ્વામી પાસે વ્યવસ્થા શક્તિ ખૂબ હતી તેથી શ્રીહરિએ આવો આદેશ કર્યો.

માંગરોળમાં રામાનંદ સ્વામીએ સદાવ્રત શરૂ કર્યું. જેની વ્યવસ્થા આનંદાનંદ સ્વામીને સોંપેલ. (૧૦)

શ્રીહરિ ગઢડામાં વિરાજમાન હતા. ત્યારે સંતોને ગામડે સત્સંગ વિચરણ કરવા જવાની આજ્ઞા કરી. આનંદ સ્વામીનું શિષ્ય મંડળ ૧૦૦ સંતોનું હતું. શ્રીહરિએ સૌ સંતોને સ્વામીની આજ્ઞામાં રહેવાનું તથા પ્રગટ ભગવાન તથા સંતોની વાત કરવાનું, ત્યાગીના ધર્મમાં ફેર ન પાડવો વગેરે ઉપદેશ આપ્યો. (૧૧)

આનંદમુનિ શ્રીહરિની આજ્ઞાનુસાર પોતાના મંડળ સાથે ગામડે વિચરણ માટે જતા. મોટા મોટા સંતો જેવા કે મુક્તાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ

સ્વામી, સદાનંદ સ્વામી, દેવીવાળા-મગ્નિરામ, નૃસિંહાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતો પણ આનંદ સ્વામીની આજ્ઞામાં વર્તતા. તેમના વચનને માથે ચડાવતા. જે દેશમાં જેવી જરૂર હોય તે દેશમાં તેવા મંડળને આનંદ સ્વામી સત્સંગ વિચરણ માટે મોકલતા. (૧૨)

સ્વામી કેવા સમર્થ અને વચનસિદ્ધ હતા તેના પ્રસંગો જોઈએ :

શ્રીહરિએ દોઢસો સંતોને અમદાવાદ વિચરણ માટેનો આદેશ કર્યો. ત્યારે આનંદસ્વામી સંતો સાથે અમદાવાદ ગયા. ત્યાં ઉત્તર દિશામાં આવેલ દરિયાખાનના ઘુમ્મટમાં સંતોએ ઉતારો કર્યો. રાત્રે ધૂન ભજન શરૂ કર્યું. ત્યાં તો આ ઘુમ્મટમાં રહેતા હજારો ભૂત આવ્યા અને કરગરીને કહેવા લાગ્યા કે, અમારે રહેવાની આ એકાંત જગ્યા હતી. તમે આવ્યા, હવે અમે ક્યાં જઈએ ? એમ કહી દુ:ખી થઈ રડવા લાગ્યા. ત્યારે આ કરૂણ સાદ સાંભળતા આનંદ સ્વામી દ્રવી ઊઠ્યા અને પોતાના તુંબડામાંથી પ્રસાદીનું જળ લઈને સર્વ ઉપર છાંટ્યું અને આશિષ આપી કે, તમે બધા હવે બદરિકાશ્રમમાં જાઓ ત્યાં જઈને સુખેથી રહો (એટલે કે બદરિકાશ્રમમાં જઈ તપ કરો જેથી તમારું કલ્યાણ થાય. (૧૩) આમ સ્વામીએ આ સર્વે મુસ્લિમ જિન્નાતો ઉપર દયા કરી, તેમને આ જીનની યોનિમાંથી છૂટકારો કરાવી તેનું કલ્યાણ કર્યું.

શ્રીહરિએ અમદાવાદ નરનારાયણ દેવનું મંદિર કરવા માટે સ્વામીને મોકલેલા અને ત્યાંના મહંત પણ બનાવેલા. શ્રીહરિ એકવાર વસોમાં વિરાજમાન હતા. ત્યાં ઉપદેશ કરેલ કે સંતો, આજ્ઞામાં જ બધા રસ માનવા. જેમ શ્રીનગર (અમદાવાદ)માં નરનારાયણના શિખરબદ્ધ મંદિરમાં અમે આનંદમુનિને અધિકારી કરી રાખ્યા હતા. તે અમે તેમને રાખ્યા ત્યાં સુધી રહ્યા અને ન રાખ્યા ત્યારે ખસી ગયા. એમ જ્યાં રાખીએ ત્યાં રહે તે પુરા સંત કહેવાય. એમ સ્વામી સેવા નિર્લેપભાવે કરતા. (૧૪)

આનંદાનંદ સ્વામી લોએજ પધાર્યા. ત્યારે શ્રીહરિ નિલકંઠવર્ણી વેષે લોએજ હતા. તે સમયે રામાનંદ સ્વામી પણ ત્યાં હતા. વર્ણી બધા સંતોને ધ્યાન-ધારણા શીખવતા હતા. ત્યારે આનંદાનંદ સ્વામી પણ ધ્યાનમાં બેઠા. પણ ધ્યાનમાં સંકલ્પો ઉઠ્યા માંડ્યા. વર્ણીના ધ્યાનમાં આ બાબત આવી એટલે તેમણે તરત જ ટોક્યા કે સાધુરામ અત્યારે ધ્યાનમાં આ સંકલ્પો કેમ કરો છો ? સ્વામી ચેતી ગયા કે, મારા મનની ચોકી વર્ણી કરે છે. પછી નીલકંઠ વર્ણીએ સ્વામીને ધ્યાનમાં અયોધ્યા

અને સરયુ નદીના દર્શન કરાવ્યા અને નદીમાં પોતે સ્નાન કરતા હતા તે દેખાયું. પોતાની સાથે સ્નાન કરતા નાના બાળસ્વરૂપ ઘનશ્યામના દર્શન થયા. પોતે તેમને કહેતા હતા કે, ઘનશ્યામ નદીમાં બહુ ઊંડે નહીં જતા તમને મગર તાણી જશે. ત્યારે ઘનશ્યામ પ્રભુ કહે કે, લક્ષ્મણદાસ તમે મારી ચિંતા ન કરો. મને કાંઈ નહીં થાય અને રૂપાળુ ઘનશ્યામનું સ્વરૂપ નીલકંઠ વર્ણીમાં સમાઈ જતું જોયું અને સ્વામીની આંખ ખુલી ગઈ. આ હું શું જોઈ રહ્યો હતો ? હું જે ઘનશ્યામ સાથે રોજ સ્નાન કરતો હતો તેને ટોકતો હતો તે ઘનશ્યામ આ નીલકંઠવર્ણી છે? આ બંને એક જ છે. વર્ણીને હું સાક્ષાત્ નારાયણ માનું છું. તે જ આ ઘનશ્યામ છે ? વર્ણીએ સ્વામીના આ સંકલ્પ જાણ્યા અને મંદમંદ હાસ્ય કરતા ડોકુ ધુણાવી હા પાડી. મૌનમાં જ અલૌકિક વાર્તાલાપ થઈ ગયો. જેને હું શોધતો હતો તે સ્વરૂપ આ જ છે. આજ મારી જિંદગી, મારો દાખડો સફળ થઈ ગયો. (૩) એમ આનંદાનંદ સ્વામી શ્રીહરિ પાસે રોજ યોગાભ્યાસ કરતા.

શ્રીહરિ ધામમાં ગયા બાદ સ્વામીએ પ્રથમ જેતલપુરનું મંદિર વિ.સં. ૧૮૮૨ ફાગણ વદ-આઠમની સાલમાં બનાવી તેમાં રેવતી-બળદેવજી, હરિકૃષ્ણની મૂર્તિ પધરાવી તથા બીજું ભરૂચનું વિ.સં. ૧૮૯૦ વૈશાખ સુદ-દશમની સાલમાં મંદિર બંધાવી ત્યાં પણ રેવતી-બળદેવજી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી.

સ્વામીએ અમદાવાદ, ભરૂચ, જેતલપુર વગેરે સ્થળે શ્રીજી પ્રસાદીની વસ્તુઓની જાળવણી કરી તથા યાદી માટે છત્રીઓ બનાવડાવી. આવું યશસ્વી, ગૌરવપૂર્ણ, સેવામય જીવન જીવી સં. ૧૯૧૭માં આસો સુદ-૧૧ના દિવસે જેતલપુરમાં તેમણે અક્ષરધામની વાટ પકડી.

★ **પાદટીપ :**

૧) **દલપત કાવ્ય :** લેખક - દલપતરામ રવિ

૨) **શ્રી સ્વામિનારાયણ ચરિત ગાથા ભાગ-૧ :** લેખક - શ્રી માધવપ્રિયદાસ સ્વામી. ઈમેજ પબ્લિ., મુંબઈ. વર્ષ-૨૦૧૫, પાના નં. ૧૪૮થી ૧૫૦

૩) **શ્રી કુંડળધામની આનંદાનંદ સ્વામી ઉપરની કેસેટ**

૪) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** કુંડળધામ, વાર્તા નં. ૫૨૫

૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** અંકલેશ્વર ગુરુકુલ, વર્ષ-૨૦૧૫, વાર્તા નં. ૨૩૬

૬) **સંતજીવનના પ્રેરક પ્રસંગો :** શા. હરિકેશવદાસજી સ્વામી, ગાંધીનગર. પાના નં. ૫૩-૫૪

૭) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** આધારાનંદ મુનિ કૃત, પુર-૭, તરંગ-૨૫

૮) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન, વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૧૬૭-૧૬૮

૯) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન, વિશ્રામ-૨૯, વર્ષ-૨૦૧૫

૧૦) **શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ-૧ :** વાર્તા નં. ૯૪, અંકલેશ્વર ગુરુકુલ, વર્ષ-૨૦૧૫

૧૧) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** આધારાનંદ મુનિકૃત, પુર-૪, તરંગ-૭, સંપાદક : હરિપ્રિય સ્વામી, ગાંધીનગર. વર્ષ-૧૯૪૫

૧૨) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** આધારાનંદ મુનિકૃત, પુર-૯, તરંગ-૫, સંપાદક : હરિપ્રિય સ્વામી, ગાંધીનગર. વર્ષ-૧૯૪૫

૧૩) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન, વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૩૮

૧૪) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૨૬, તરંગ-૪૩

૧૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૨૮૩

૧૬) **નિર્ણય :** વર્ષ : ૨૦૭૨-૭૩

•

૧૫. શ્રી ગુરુચરણરતાનંદ સ્વામી

'શ્રી ગુરુચરણરતાનંદ રે, મોટા ત્યાગી સંત સુખકંદ રે'

એવું **મંજુકેશાનંદ સ્વામીએ નંદમાળા**માં કહ્યું છે.

સ્વામી મહેસાણા જિલ્લાના વતની હતા અને જ્ઞાતિએ પટેલ હતા. તેમના સત્સંગમાં તેમની દાદીમાનો ખૂબ મોટો ફાળો હતો. સ્વામી પૂર્વાશ્રમમાં હતા ત્યારે તેમને સત્સંગના રંગે રંગી દીધેલા. અને તેઓ શ્રીહરિના શરણમાં આવી ગયા. તેમની ચિત્તવૃત્તિ શ્રીહરિમાં સદાય રહેતી તેથી મહારાજે તેમનું નામ પણ તે અનુરૂપ ગુરુચરણરતાનંદ સ્વામી રાખ્યું. (A)

સ્વામીના પ્રસંગો જોતા લાગે કે, સ્વામી શૂરવીર, અટલ પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. તે સાથે શ્રીહરિનો અપાર કેફ અને શ્રદ્ધા તેમનામાં હતા. તેઓ હિંમતવાન અને આત્મશ્રદ્ધાવાળા હતા, જેથી અશક્ય વાતને શક્ય બનાવી દેતા હતા. મોટા રાજા-મહારાજા કે અંગ્રેજ અધિકારીને તેઓ સ્હેજે સત્સંગ કરાવી જાણતા. તે તેમના વ્યક્તિત્વનું બળવાન પાસું હતું.

એકવાર શ્રીહરિએ ગુરુચરણરતાનંદ સ્વામી તથા ગોવિંદાનંદ સ્વામીને અમદાવાદથી ઈડરના મહારાજા ગંભીર સિંહને સત્સંગ કરાવવા મોકલ્યા. સ્વામી ઈડર ગયા અને સીધા રાજદરબારમાં ગયા. ત્યાં દરવાણીને પૂછ્યા વિના સીધા મહારાજા પાસે પહોંચ્યા. તે સમયે રાજા મેડીએથી ઉતરતા હતા. તે જેવા ઉતર્યા કે તરત જ પોતાના કમંડળમાંથી પાણી લઈ રાજાના જમણા હાથમાં મૂકીને :

''काल, माया, पाप कर्म यमदूत भयावहम्....'' કહીને સંકલ્પ કરાવી નાખ્યો ને બોલ્યા કે, હવે હું તમારો ગુરુ અને તમે મારા શિષ્ય. ચાલો બેસો ! શ્રીહરિના મહિમાની વાત કરું. ત્યાં તો દરવાણી દોડતા આવ્યા કે આ સાધુ પૂછ્યા વિના અંદર ઘૂસી ગયા છે માટે તેમના માથા કાપી નાખીએ. ત્યારે રાજા કહે, હવે તે મારા ગુરુ છે. મને વર્તમાન ધરાવ્યા છે માટે હવે કાંઈ ન થાય. એમ કહી સાધુને

એક ઓરડીમાં ઉતારો કરાવી, બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી જમાડ્યા અને સ્વામી પાસે વાતો સાંભળી પાકા સત્સંગી થયા. (૧)

પછી સ્વામી, મહારાજ પાસે ગઢડા ગયા અને રાજાને સત્સંગ કરાવ્યાની વાત કરી, તેથી મહારાજ તેમના પર રાજી થયા. તે પછી ઈડરના રાજાએ પોતાના ખર્ચે શિખરબંધ મંદિર કરાવ્યું અને આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને બોલાવી ગોપીનાથજીની મૂર્તિ પધરાવી. રાજાએ મંદિરની આજીવિકા માટે એક ગામ આપ્યું ને તેનો લેખ કરાવી આપ્યો. (૧)

આવો જ એક બીજો પ્રસંગ જોઈએ :

એકવાર શ્રીહરિએ સ્વામીને શિરોહી દેશના રાજાને સત્સંગ કરવા મોકલ્યા. ત્યાં પણ દરવાણીને પૂછ્યા વિના સીધા દરબારમાં પહોંચ્યા. સિપાઈએ અટકાવ્યા તો કહે, અમને રાજાએ બોલાવ્યા છે એમ કહી દરબાર પલંગ ઉપર બેઠા હતા ત્યાં સીધા જઈને તેમની પાસે બેસી ગયા અને રાજાના હાથમાં જળ રાખીને સંકલ્પ કરાવી વર્તમાન ધરાવી કંઠી પહેરાવી દીધી અને ચાકર પાસે બાજોઠ મંગાવી તેના પર પોથી રાખી શ્રીહરિના મહિમાની વાતો કરવા લાગ્યા. આ સમયે બ્રાહ્મણો આવ્યા ને રાજાની પ્રશસ્તિ કરવા લાગ્યા. પણ તેમના સંસ્કૃત ઉચ્ચારો અશુદ્ધ હતા તેથી સ્વામીએ બ્રાહ્મણોને સીધો ઠપકો જ દીધો કે, પહેલા સંસ્કૃત ઉચ્ચાર શુદ્ધ બોલો પછી પ્રશસ્તિ બોલજો. આ સાંભળી બ્રાહ્મણો હેબતાઈ ગયા અને સ્વામિનારાયણ સંપ્રદાયનું ઘસાતું બોલવા લાગ્યા. આ સાંભળી સ્વામી એવી શૂરવીરતાથી બોલ્યા કે, આ પોથી જો છુટશે તો તમારા બધાના માથા ભાંગી જશે એવી શાસ્ત્રોક્ત વાતો આમાં ભરી છે. આ સાંભળી વિદ્વાનો દબાઈ ગયા. પછી સ્વામીએ ઉપદેશની ઘણી વાતો કરી. પછી પાંચ દિવસ રોકાઈને રાજાને સત્સંગ કરાવી રજા લઈ શ્રીહરિ પાસે ગઢડા આવ્યા. શ્રીહરિને શિરોહીના દરબારને સત્સંગ કરાવ્યાની વાત કરી તો મહારાજ સ્વામી ઉપર બહુ રાજી થયા કે તમે અશક્ય કામ કરી આવ્યા છો. (૨)

ઉપરના પ્રસંગમાં એવું પણ જાણવા મળે છે કે સ્વામી શિરોહી રાજાને સત્સંગ કરાવવા અને વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરવા ગયેલા. પણ સાથે શાસ્ત્રો-પુસ્તકો લીધા ન હતા. પણ સ્વામી હાજરજવાબી હતા તો હાથ પડ્યું હથિયારને અપનાવી રસ્તામાં કોઈકના ફાટેલા જોડા પડ્યા હતા તે લઈને કપડામાં વીંટી પોથી

જેવું બનાવી ગોઠવી દીધા અને શાસ્ત્રાર્થ કરવા બેસી ગયા અને હિંમતથી કથાવાર્તા કરવા માંડ્યા. વિદ્વાનો શાસ્ત્રોના પ્રશ્નો પૂછવા ગયા તો તાડુકીને બોલ્યા કે, આ પોથી જો ખૂલશે તો તમારા બધાના માથા ભાંગી જશે એવી વાતો આમાં લખી છે. તમે કહો તો ખોલું ? પણ સ્વામીનો શૂરવીરતાભર્યો પડકારો સાંભળી વિદ્વાનો કાંઈ પણ બોલી શક્યા નહીં અને સ્વામીના મતમાં સહમતિ સાધી લીધી. આમ, વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી સભા જીતી, રાજાને સત્સંગી કરાવી પરત આવતા રહ્યા.

આ સમગ્ર વાતને હળવા સ્વરૂપમાં લઈએ તો કહી શકાય કે જો પોથી ખુલી હોત તો બધાના માથા ભાંગી જાત કેમકે પોથીમાં તો જૂના ખાસડા ભર્યા હતા ! સ્વામી તો સાચું જ બોલતા હતા.

શ્રીહરિની કૃપાથી સ્વામીમાં કેવી સામર્થી આવી હતી તેનો એક પ્રસંગ જોઈએ.

એકવાર સ્વામી સાદરા ગયા. ત્યાંના અમલદાર બાવાસાહેબના પુત્રને ઘણાં સમયથી તાવ આવતો હતો. તેમણે ઘણી દવાઓ કરી પણ તાવ ઉતરતો ન હતો. એવામાં સ્વામી તે ગામમાં આવ્યા. કોઈએ વાત કરી કે બાળાસાહેબના છોકરાનો તાવ ઉતરતો નથી તો સ્વામી ત્યાં ગયા અને છોકરાના માથે હાથ મૂકી બે વાર સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલ્યા અને એમ કહ્યું કે, હવે તાવ નહિ આવે. તે છોકરાને તાવ ઊતરી ગયો અને પછી કદી ન આવ્યો. (૩) આમ, સ્વામીની કૃપાથી છોકરો સાજો થઈ ગયો.

સ્વામી કેવા રમૂજી હતા ? તથા તકનો કેવો લાભ લઈ લેતા તેનો એક પ્રસંગ જાણીએ :

શ્રીહરિ એકવાર દદુકામાં પધારેલ. તે વખતે સત્સંગ વિચરણ કરતા સંતો શ્રીહરિના દર્શને આવ્યા અને દંડવત્ કર્યા બાદ સંતો કહે, મહારાજ અમારે તમને ભેટવું છે. તો મહારાજે રાજી થઈ હા પાડી. પછી મહારાજ ઊભા થયા. પછી એક એક સંત આવતા જાય ને મહારાજ તેમને ભેટતા જાય. તે સમયે પ્રસાદાનંદ સ્વામીને શરીરે ખસ થયેલી તેથી તેમને થયું કે હું મહારાજને આવા શરીરે કેમ ભેટું ? પણ તે સમયે ગુરુચરણરતાનંદ સ્વામી હતા. તે સ્વામીનો હાથ પકડી પરાણે મહારાજ પાસે લઈ ગયા અને મહારાજ તેમને ભેટ્યા. આ વખતે ગુરુચરણ

રતાનંદ સ્વામીને એવો ગોપીભાવ આવ્યો કે તેઓ મહારાજને ભેટ્યા અને બકી પણ ભરી દીધી. આ સમયે શ્રીહરિ સ્વામીનો ગોપી ભાવ જોઈ હસવા લાગ્યા. મહારાજને હસતા જોઈ બધા સંતો પણ હસવા લાગ્યા. (૪)

આમ, સ્વામીનું વ્યક્તિત્વ સર્વાંગી હતું. શૂરવીર પણ હતા, હાજરજવાબી પણ હતા અને રમૂજી સ્વભાવના પણ હતા.

તેઓ પાછલી ઉંમરમાં વિસનગર રહી ભજન કરતા અને ત્યાંથી જ અક્ષરવાસી થયા. (A)

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને જ્ઞાનસભર પ્રશ્ન પૂછેલ છે :

ગઢડા મધ્યનું ૧૬મું :

'જ્યારે મંદ શ્રદ્ધાવાળાનું અનેક જન્મે કલ્યાણ થાય ત્યારે ત્યાં સુધી તે ક્યાં રહેતો હશે ?'

★ **પાદટીપ :**

(A) **સંત સુમનસ્રજ :** પ્રભુશાસ્ત્રી. સ્વામિ. મંદિર, જૂનાગઢ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૭૯

(૧) **શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ :** રૂગનાથચરણ સ્વામી, અંકલેશ્વર ગુરુકુલ. ભાગ-૩, વાર્તા નં. ૩૪૬, વર્ષ : ૨૦૧૫

(૨) **શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ :** રૂગનાથચરણ સ્વામી, અંકલેશ્વર ગુરુકુલ. ભાગ-૩, વાર્તા નં. ૩૪૭

(૩) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન, વાર્તા નં. ૫૧૫, વર્ષ-૨૦૧૨

(૪) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૪૧

●

૧૬. સદ્.શ્રી પરમ ચૈતન્યાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : અજીતસિંહ ઝાલા ઉર્ફે કાકુભા (માંગુજી શાખા)
ગામ : શિયાણી (ઝાલાવાડ-લીંબડી)
જન્મ : સં. ૧૮૨૫
માતાનું નામ : પામબા
પિતાશ્રીનું નામ : ગેલાજી
પરમ ચૈતન્યાનંદ સ્વામીના જીવન વિષે જાણીએ :

ઝાલાવાડમાં લીંબડી પાસે શિયાણી ગામના રાજા હરિસિંહ મુમુક્ષુ હતા. તેમના દૂરના ભાયાત અજીતસિંહજી હતા. તેઓ બાળપણથી જ ધર્મપ્રિય હતા. તેમને સંસારમાં રસ ન હોવાથી પોતાના ભાગનો ગરાસ પણ તેમણે તેમના મોટા ભાઈ હમજીભાઈને આપીને ભગવાન શોધવા દ્વારિકાની યાત્રાએ નીકળ્યા. રસ્તામાં તેમણે સાંભળ્યું કે, સોરઠમાં રામાનંદ સ્વામી નામના સંત છે. જેમનો આશ્રમ લોએજમાં છે. (૧)

અજીતસિંહજી દરબાર આ લોએજ આશ્રમ અને ત્યાંના સંતોના પવિત્ર જીવન અને દિવ્યતા જોતા જ તેમના રંગમાં રંગાઈ ગયા અને તેમની ત્યાગી થવાની ઈચ્છા દૃઢ બનતા લોએજમાં રોકાઈ ગયા. ત્યાં સદ્. રામાનંદ સ્વામી પાસે ૩૦ વર્ષની ઉંમરે સં. ૧૮૫૪માં સાધુ દીક્ષા લઈ પરમ ચૈતન્યાનંદ સ્વામી નામ ધારણ કર્યું. (૧)

નીલકંઠવર્ણી લોએજ આવ્યા ત્યારે તેમની પાસે યોગ-ધારણા, આસનો વગેરે શીખતા. રામાનંદ સ્વામી ધામમા ગયા પછી શ્રીહરિના અદ્ભૂત ઐશ્વર્યો તેમણે નિહાળ્યા અને તેમનામાં સર્વોપરી સ્વરૂપનિષ્ઠા અને ઈષ્ટદેવનો અપાર મહિમા જોયો. તેથી પોતાની સમજણ મુજબ સર્વે સાધુઓ અને ભક્તોને શ્રીજીના ઐશ્વર્ય પ્રતાપની બળ ભરી વાતો કહેતા. તેઓ કથાવાર્તાના અંગવાળા હતા. તેથી કથાકાર સંતોમાં તેમની ગણના થતી. (૧)

સદ્. રામાનંદ સ્વામીના દીક્ષિત સંતો પૈકીના અમુક સંતો અક્ષરવાસી થયા બાદ શ્રીજી સાથે હવે બાર સંતો રહ્યા જે શ્રીહરિના ગુરુભાઈઓ હતા. તેમને શ્રીહરિ વહાલથી 'બારભાયા' સંતો કહીને સંબોધતા. (૧)

પરમ ચૈતન્યાનંદ સ્વામી શ્રીહરિના ગુરુભાઈ થતા તેથી પોતે તથા સૌ સંતો તેમના વિષે વિશેષ પૂજ્યભાવ રાખતા.

તે સમયે એવો શિરસ્તો રખાયેલ કે, ભક્તો શ્રીહરિ માટે જે જે ભેટસામગ્રી લાવે તે પ્રથમ સ્વામી પાસે મુકાય અને પછી સ્વામી તે ભેટ શ્રીહરિને ચરણે ધરતા. આમ, સ્વામીની પ્રતિષ્ઠા અને આદરભાવ ખૂબ હતા, પરંતુ આ રખાવટના કારણે સ્વામીમાં સ્હેજ માનનો અંકુર ફુટ્યો અને તેમના જાતિગત સ્વભાવમાં આનો ઉમેરો થયો. પરિણામે તેમની રીતભાત અને પ્રકૃતિ માની બનવા લાગી. શ્રીહરિની ચકોર નજરે આ કળાયું અને મહારાજને સ્વામીના આ સ્વભાવ પ્રત્યે અરુચિ થઈ. (૧)

એકવાર શ્રીહરિ ગઢડાથી અમદાવાદ જઈ રહ્યા હતા. રસ્તામાં તાવી ગામના ભક્તોનો ભાવ પૂરો કરવા રોકાયા. ભક્તોનો ભાવ પૂરો કર્યા બાદ શ્રીહરિને વતુ કરાવવાની ઈચ્છા થઈ. દરબાર જાલમસિંહજી પોતાની ઘોડી ઉપર વાણંદને બોલાવી લાવ્યા. દરબારે વાણંદની પેટી પોતાના હાથમાં પકડી હતી. શ્રીહરિ તેમનું નિર્માનીપણું જોઈ ખુશ થયા. શ્રીહરિ વતુ કરાવવા બેઠા. મુક્તાનંદ સ્વામી પણ જમીન પર બેઠા. એટલામાં પરમ ચૈતન્યાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામી આવ્યા અને બંને ધાબળી પાથરી તેના પર બેઠા. શ્રીજીની ચપળ નજરે આ દેખાયું. તેમને થયું મારા ગુરુ તુલ્ય મુક્તાનંદ સ્વામી જમીન પર કંઈ પણ પાથર્યા વગર બેઠા છે અને આ બંને સંતો ધાબળી ઉપર (૧)

તેમણે આ બંને સંતોને ટકોરરૂપે માનની મૂર્તિ કહીને સંબોધ્યા. ખરેખર તો તે સમયે બંનેએ શ્રીહરિને દંડવત્ કરી આ ભૂલ સુધારી લેવી જોઈએ તેને બદલે પોતાને 'માની' કહ્યા, તેથી તેનું દુઃખ લગાડી ત્યાંથી ઊઠીને ચાલ્યા ગયા.

પરમ ચૈતન્યાનંદ સ્વામીને થયું કે, શ્રીહરિએ મને માનની મૂર્તિ કહી છે માટે મારે આ દોષ ટાળવો અને ટળી જાય પછી શ્રીહરિ સન્મુખ થવું. આથી તે ચાલ્યા. તો તેમની પાછળ તેમના શિષ્યો પણ ચાલ્યા. ત્યારે સ્વામીએ તેમને અટકાવ્યા અને કહ્યું કે, હું તો માનને લીધે જાઉં છું, પણ કલ્યાણ સ્વામિનારાયણ પાસે છે. મારો માનનો દોષ ટાળીને હું આવીશ. પણ તમારે કલ્યાણ જોઈતું હોય તો શ્રીહરિ પાસે પાછા જાવ. સાચા ગુરુ તે છે, હું નથી. આમ કહી સંતોને પાછા વળાવ્યા. (૧)

શિષ્ય સંતો શ્રીહરિ પાસે પાછા ગયા. મહારાજે તેમને પૂછતા તેઓએ પોતાના ગુરુએ કહેલ વાત કહી સંભળાવી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, આ પાછા આવ્યા તેમને ધન્ય છે ? કે જેણે આને પાછા મોકલ્યા તેને ધન્ય છે ? આમ શ્રીજીએ પરમ ચૈતન્યાનંદ સ્વામી ઉપર પોતાનો રાજીપો દર્શાવ્યો અને દોષ ટાળવા ગયા તે વાત પણ વખાણી. (૧)

સ્વામી શ્રીજીને છોડીને ગયા, પણ તેમના અંતરમાં શ્રીજીનો ખૂબ મહિમા અને દૃઢ નિશ્ચય હતો. તેથી મનમાં અખંડ તેમનું ભજન કરતા અને બીજાને પણ શ્રીહરિના સર્વોપરીપણાનો નિશ્ચય કરાવી શ્રીહરિમાં જોડતા. (૧)

સ્વામીએ જપ-તપ સાથે પોતાના અંતઃશત્રુને જીતવા અપાર દાખડો કર્યો. ફરતા ફરતા ધરમપુર આવ્યા. ત્યાંના રાણી કુશળકુંવરબા પૂર્વના મુક્ત હતા. તે સંતોને આદર સત્કાર આપી સત્સંગ કરતા. તેઓ સ્વામીના દર્શને આવ્યા ત્યારે સ્વામીએ તેમને નોકરો દ્વારા દૂરથી જ પ્રણામ કરવા કહ્યું અને સંતોના પંચ વર્તમાન અને અષ્ટ પ્રકારે સ્ત્રીઓનાં ત્યાગના નિયમોની વાત કરી, આથી રાણીબા તેમનાથી અને આ સંપ્રદાયથી ખૂબ પ્રભાવિત થયા. (૧)

સ્વામીએ પણ પોતાની મર્યાદા પ્રમાણે તેમને શ્રીજીનો નિશ્ચય કરાવ્યો અને રાણીબા ખરેખરા સત્સંગી થયા. (૧)

હવે સ્વામી રાજ્યગુરુ કહેવાયા. એટલે રાજકુમાર વિજયદેવ તથા સર્વે કારભારી તથા પ્રજા વર્ગ તેમને માનવા લાગ્યા. પ્રસંગોપાત સ્વામી હાથી ઉપર સવાર થઈ નગરયાત્રાએ નીકળતા. (૧)

આ બાજુથી શ્રીહરિને સંતો પાસેથી સ્વામીના સમાચાર મળતા રહેતા કે સ્વામીએ ધરમપુર જઈને ત્યાંના રાજકુટુંબને સત્સંગના રંગે રંગી દીધા છે. આથી શ્રીજી તેમના ઉપર વિશેષ રાજી થયા અને મુક્તાનંદ સ્વામી જેવા સમર્થ સંતને સ્વામીને તેડવા મોકલ્યા. (૧)

મુક્તાનંદ સ્વામી પરમ ચૈતન્યાનંદ સ્વામીને તેડવા ધરમપુર આવ્યા. તે સમયે સ્વામી હાથી ઉપર બેસીને નગરયાત્રા કરવા નીકળેલા. મુક્તાનંદ સ્વામીને દૂરથી જોતા જ તેમણે તુરત હાથીને ઝૂકાવીને ઉતાવળે સ્વામી પાસે જઈ તેમને ધૂળમાં દંડવત્ કરવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી, સ્વામીનું આ નિર્માનીપણું જોઈ રાજી થયા ને બથમાં ઘાલીને ભેટ્યા અને શ્રીહરિએ તેમને તેડવા મોકલ્યો છે તેવું કહેતા પરમ ચૈતન્યાનંદ સ્વામીનું હૃદય ભાવથી ભીંજાઈ ગયું. તેમનું તપ અને દાખડો સફળ

થયો. પોતાની ભૂલ બદલ તેમણે મુક્તાનંદ સ્વામી પાસે માફી માંગી. (૧)

રાજ્યસભામાં સ્વામીએ પોતાના ગુરુતુલ્ય મુક્તાનંદ સ્વામીની સાધુતા અને વિદ્વતાનાં વખાણ કર્યા. રાજ્યના કારભારી, રાણીમા તથા સર્વે પ્રજાજનોને લાગ્યું કે, આ સ્વામી આટલા વિદ્વાન છે તો તેમના ગુરુ મુક્તાનંદ સ્વામી કેટલા મહાન હશે ? (૧)

શ્રીજીની આજ્ઞા અનુસાર મુક્તાનંદ સ્વામીએ ધરમપુરમાં એક માસ પર્યંત રોકાઈને સત્સંગના મૂળને દઢ કરાવ્યો. સૌને દઢ સત્સંગ કરાવીને પરમ ચૈતન્યાનંદ સ્વામીને લઈ શ્રીહરિના દર્શને ગઢડા આવ્યા. (૧)

શ્રીહરિને સ્વામીના આગમનના સમાચાર મળતા તેઓ હરખભેર આવ્યા. સ્વામીને ભાવથી હાર પહેરાવી ભેટીને અંતરના આશીર્વાદ આપ્યા. (૧)

સ્વામી વૃદ્ધ થતા જીવનના છેલ્લા વર્ષોમાં તેઓ ગઢડા રહેતા ત્યારે સદ્. ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી બાલમુકુંદ સ્વામીએ ગઢપુરમાં રહી પરમ ચૈતન્યાનંદ સ્વામીની સાત-આઠ વર્ષ સેવા કરી. પછી સં. ૧૯૦૭માં ૮૨ વર્ષની ઉંમરે જેઠ માસમાં શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા સ્વામી ગઢપુરમાં જ દેહત્યાગ કરી અક્ષરધામ સિધાવ્યા. (૨)

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :

હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને કેવી જાતના ઘાટ થાય ?

★ **પાદટીપ :**

(૧) **બ્રહ્મનિષ્ઠ સંતો :** જૂનાગઢ મંદિર પ્રકાશન, લેખક : ધર્મવલ્લભદાસજી સ્વામી, વર્ષ : ૨૦૦૬, પાના નં. ૧૦૩થી ૧૧૦

(૨) **સદ્. પરમ ચૈતન્યાનંદ સ્વામીકૃત શ્રીજી મહારાજના ચરિત્રો** (ગઢપુરની લીલા), જ્ઞાનજીવનદાસજી સ્વામી કુંડળ, વર્ષ ૨૦૧૩, પાના નં. ૧૩થી૫૧

●

૧૭. શ્રી નૃસિંહાનંદ સ્વામી

નંદપંક્તિના પ્રથમ હરોળના સંતો પૈકી નૃસિંહાનંદ સ્વામી છે. જેમણે વચનામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વિષયક પ્રશ્નો : **ગઢડા પ્રથમના ૪૧**માં અને ૬૩માં પૂછેલ છે. **સારંગપુરના ૧૧**માં વચનામૃતમાં તથા **ગઢડા અંત્યના ૧૪**માં વચનામૃતમાં મોક્ષભાગી મુક્તાત્માઓ માટે શ્રીહરિને પ્રશ્નો પૂછેલા છે.

નૃસિંહાનંદ સ્વામીના પૂર્વાશ્રમના જીવન વિષે જાણીએ :

સ્વામી રાજવી કુટુંબમાંથી આવતા હતા. ઉત્તર પ્રદેશના ગૌંડા પ્રાંતના તેઓ રાજવી હતા. તેમનું નામ વીરસિંહ હતું. નાનપણથી જ તેમને પ્રભુસેવા અને સંત સમાગમ ખૂબ ગમતા. યુવાન તથા વૈરાગ્ય તીવ્ર બન્યો તેથી ઘરકુટુંબનો, વૈભવનો ત્યાગ કરી પ્રભુ પ્રાપ્તિ માટે ભગવાન રામની નગરી અયોધ્યા આવ્યા. ત્યાં પ્રખ્યાત રામજી મંદિરમાં ગુરુ પાસે દીક્ષા લઈ નરસિંહ નામ ધારણ કરી સંતરૂપે રહ્યા અને ૧૨ વર્ષ સુધી રામજીની સેવા કરવી એવો સંકલ્પ કર્યો અને મંદિરમાં પૂજારી તરીકે સેવા કરવા લાગ્યા. પણ અંતરમાં પ્રગટ પ્રભુને મળવાની લગની તો હતી જ અને એ માટેની તક સામેથી મળી. (૧)

૪ વર્ષ બાદ તે મંદિરમાં કેટલાક યાત્રાળુઓ આવ્યા. તેઓ બધા ગઢડા સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરી આવતા હતા. પોતે તો શ્રીહરિને માનતા ન હતા, પરંતુ યાત્રાળુઓ ભગવાનના વસ્ત્ર અલંકાર, તેની શોભા તથા સમાધિની વાત કરી અને સ્વામિનારાયણ ભગવાન થઈને પૂજાય છે. સ્વામિનારાયણ આવું પાખંડ ચલાવે છે તેવું બોલતા હતા, પરંતુ યાત્રાળુઓ દ્વારા જ્યારે જ્યારે સ્વામિનારાયણ શબ્દ બોલાય ત્યારે ઓરડામાં પ્રકાશ થતો હતો. આ જોઈ નૃસિંહરામને ખૂબ આશ્ચર્ય થયું કે, સ્વામિનારાયણ નામ બોલાય છે ત્યાં આટલો પ્રકાશ થાય છે. નામમાં આટલું સામર્થ્ય છે તો તે પ્રભુમાં કેટલું સામર્થ્ય હશે ? તેવું વિચારતા તો તેમને તુરત સમાધિ થઈ ગઈ અને તેમને શ્રીહરિના દર્શન થયા.

આથી તેમને શ્રીહરિ પ્રત્યે ખૂબ ભાવ થયો અને પ્રભુના દર્શન કરવાની તાલાવેલી જાગી. તેમને થયું કે, આજ મારો જન્મ સફળ થયો. મારે પ્રગટ પ્રભુને મળવાની ઈચ્છા છે તે પૂરી થશે. (૧)

આથી પોતે પ્રગટ પ્રભુને મળવા જવા માટે તૈયારી શરૂ કરી દીધી. પોતાના આશ્રમના શિષ્ય સંતોની રજા માંગી. શિષ્યોએ ભારે હૈયે તેમને રજા આપી. રસ્તામાં અનેક વિઘ્નો પાર કરીને પૂછતા પૂછતા પોતે સરધાર પહોંચ્યા. પણ મહારાજ તો ત્યાંથી નીકળી ભૂજ પધારેલ. આથી ભૂજ ગયા. ત્યાં ભગવાન થઈને પૂજાતા વેદાંતી ખૈયા ખત્રીને મળ્યા. પણ તે તો નિરાકાર બ્રહ્મનો ઉપાસક હતો. પણ તેણે કહ્યું કે, નિરાકાર બ્રહ્મ જોઈતા હોય તો મારી પાસે રહો અને સાકાર બ્રહ્મ જોઈતા હોય તો હાલ ગંગારામ મલ્લને ઘરે વિરાજે છે. ત્યાં જાઓ તેથી નરસિંહરામ પ્રભુને મળવા ગંગારામના ઘરે પહોંચ્યા. ત્યાં શ્રીહરિને પ્રગટ સ્વરૂપે જોતા પોતે અગાઉ સમાધિમાં જે મૂર્તિના દર્શન કરેલા તે આ જ મૂર્તિ છે. તેવું અનુભવાતા ભાવાવેશમાં આવી ગયા ને તત્ક્ષણ તેમને સમાધિ થઈ ગઈ. સમાધિમાં અનંત ઈશ્વરો અને સંતો દ્વારા શ્રીહરિને સેવાતા જોયા અને મનમાં તૃપ્તિ થઈ ગઈ. સમાધિ ઉતરતા શ્રીહરિને ભાવથી દંડવત્ કરી પોતાનું સઘળું વૃત્તાંત ગદ્‌ગદ્ કંઠે કહ્યું અને તે સાથે પોતે મનમાં ધારી રાખેલો સંકલ્પ જે પોતાને શ્રીહરિને સાત વાર ભેટવું છે અને તેમને મારી કેડે બેસાડવા છે. પ્રભુએ રાજી થઈને તેમનો આ સંકલ્પ પૂર્ણ કર્યો. નૃસિંહરામ જે ઉદ્દેશથી અહીં આવ્યા હતા તે સંકલ્પ શ્રીહરિને કહ્યો ને શ્રીહરિએ તેમને દીક્ષા આપી નરસિંહરામમાંથી નૃસિંહાનંદ નામ ધારણ કરાવી પોતાના સંતમંડળમાં ભેળવ્યા. (૧)

સ્વામી શ્રીહરિની સાથે ઘણું ખરું ગઢડામાં રહેતા. તેમનું પ્રેમનું અંગ પણ હતું તેથી શ્રીહરિની મૂર્તિના ધારી ધારીને દર્શન કરતા.

એકવાર શ્રીહરિ ગઢડામાં દાદાની ઓસરીએ ખુલ્લા શરીરે બેઠા હતા. તે સમયે નૃસિંહાનંદ સ્વામી પણ ત્યાં હતા અને સ્વામી મૂર્તિના દર્શનનું સુખ લેતા હતા. પછી સ્વામીએ પૂછ્યું કે, હે મહારાજ ! આપની મૂર્તિના દર્શનનું સુખ આવું ને આવું કેમ રહે ? (૨)

ત્યારે શ્રીજી કહે છે કે, મનમાં રજોગુણ, તમોગુણ અને સત્વગુણના ભાવો રમે છે તેથી અંતઃકરણ મલિન થઈ જાય છે. તેથી પરમેશ્વરના સ્વરૂપમાં દિવ્યભાવને બદલે મનુષ્યભાવ આવી જાય છે. તેથી એ સુખ અખંડ રહેતું નથી. જો પ્રભુની

મૂર્તિની સ્મૃતિ અંતરમાં અખંડ રહે તો ત્રિગુણના ભાવ ટળતા જાય અને કારણ શરીરનો પણ અંતે નાશ થઈ જાય. (૨)

આમ, શ્રીહરિએ સ્વામીને મૂર્તિનું સુખ લેવાની યુક્તિ શીખવી.

શ્રીહરિના આદેશથી સ્વામીએ શાસ્ત્રોનું અધ્યયન શરૂ કર્યું, પરંતુ તેથી તેમને મૂર્તિનું જે સુખ મળતું હતું અને સમાધિ થતી હતી તે બંધ થઈ ગઈ. આથી સ્વામી ઉદાસ થઈ ગયા. તેથી તેમણે મહારાજને વાત કરી કે, શાસ્ત્ર અધ્યયનથી મારું મન મૂર્તિમાં રહેતું નથી અને સમાધિનું સુખ પણ મળતું નથી. આથી શ્રીહરિએ કથાનું અંગ વિકસાવવા, ભગવાન અને સંતોના વચનનું બળ રાખવા કહ્યું સાથે મૂર્તિનું ધ્યાન કરવાનું કહ્યું. આથી સ્વામીએ ભણવાનું મુકીને ધ્યાનનો અભ્યાસ શરૂ કર્યો. આથી તેમને શ્રીહરિની મૂર્તિનું પ્રત્યક્ષ દર્શન થવા લાગ્યું, આમ સ્વામી ધ્યાનના અંગવાળા થયા. (૧)

આ જ વાત **ગઢડા અંત્યના ૧૪માં વચનામૃત**માં નૃસિંહાનંદ સ્વામીના પ્રશ્નરૂપે રજૂ થઈ છે. તેમણે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે, નવધા ભક્તિમાં શ્રેષ્ઠ ભક્તિ કઈ છે ? જેના ઉત્તરમાં મહારાજ કહે છે કે, જે ભક્તિએ કરીને ભગવાનમાં દૃઢ સ્નેહ થાય તે જ ભક્તિ શ્રેષ્ઠ છે.

સ્વામી ઉત્તર હિંદુસ્તાનના વતની હોવાથી હિંદી ભાષાનું સારું પ્રભુત્વ ધરાવતા હતા. તેથી સત્સંગ પ્રચાર માટે મહારાજ સ્વામીને ગુજરાત બહારના પ્રદેશો : ગ્વાલિયર, ઉજ્જૈન, લખનૌ વગેરે સ્થળે મોકલતા અને અનેકને સત્સંગ કરાવી શ્રીહરિમાં જોડતા. (૧)

નૃસિંહાનંદ સ્વામી મહારાજને મળ્યા પહેલા કોઈ એક જંગલમાંથી પસાર થતા હતા. સાંજનો સમય હતો. પોતે ભૂખ્યા થયા હતા. થાકી ગયા હતા. આરામની જરૂર હતી. ત્યાં અચાનક એક સંતમંડળ ત્યાંથી નીકળ્યું. સ્વામીને થયું કે, આ મંડળમાં સામેલ થઈ જાઉં તો મને અન્નનો જોગ થઈ જશે. આથી તેઓ તે મંડળ સાથે ગયા. ત્યાં તો સંતમંડળે એક જગ્યાએ આસન કર્યું અને સૌ જમવા બેઠા. એટલે સ્વામી પણ પંક્તિમાં બેસી ગયા. ભોજન પીરસાયું અને પોતે જ્યાં જમવાની શરૂઆત કરે છે ત્યાં બાજુમાં બેઠેલા એક સંતે તેને કહ્યું કે, સાધુરામ આ ભોજન તમે નહિ જમતા. આ તમારી માટે યોગ્ય નથી. નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું તો કહે આ ભોજન નથી પણ આ તો માંસ અને વિષ્ટા છે. અમે બધા ભૂતો છીએ. પૂર્વે સંત હતા પણ મંદિરમાં રહી અમે ખૂબ દુરાચાર કર્યો. ધર્માદાના અન્નને વેડફી

નાખ્યું અને ખૂબ પાપો કર્યા તેથી અમને આ ભૂત યોનિ મળી છે. (૩)

સ્વામી આ સાંભળી ડઘાઈ ગયા અને પેલા સંત સાચું બોલે છે કે કેમ ? તેની ખાતરી કરવા પતરાવળાનું અન્ન પોતાના ધોતિયાના એક છેડે બાંધી દીધું અને જંગલમાં એક જગ્યાએ સૂઈ ગયા. સવારે ઉઠીને જુએ છે તો કોઈ સંત કે મંડળ કે સેવકો જોવા ન મળ્યા. પોતાના ધોતિયા સાથે બાંધેલ અન્ન ખોલીને જુએ તો તેમાં માંસ અને વિષ્ટા હતા. સ્વામીને પેલા સંતની વાત સાચી લાગી કે તેઓ ખરેખર ભૂત હતા. પછી સ્વામીએ સ્નાન કરી આગળની યાત્રા આરંભી. (૩)

સ્વામી ગઢપુર વિરાજતા ત્યારે હરિભક્ત લખુ કંદોઈ પાસે પાશેર પેંડા મંગાવતા અને તે પ્રસાદીના કરી હરિભક્તોને આપતા પણ પોતે તે પેંડા જમતા નહિ. આથી કોઈ સેવકે તેમને કહ્યું કે, સ્વામી ! તમે લખુ પાસે પેંડા તો મંગાવો છો પણ તમે તો જમતા નથી અને ભક્તોને વહેંચી દો છો અને લખુ આવો ભીડો સહન કરી શકે તેવો નથી, તે તો ગરીબ છે.

ત્યારે સ્વામી હસતા હસતા કહે કે, મારે લખુને હવે ગરીબ નથી રહેવા દેવો મારે તેને તવંગર કરવો છે, તેથી તેની પાસે આ સેવા મંગાવું છું.

પછી સ્વામીના આશીર્વાદથી લખુ કંદોઈ બે પાંદડે થયો. સમૃદ્ધિ વધી. ગરીબી દૂર થઈ. આજે પણ લખુના વંશજો મુંબઈમાં કાંદિવલી વિસ્તારમાં રહે છે અને ખૂબ તવંગર સ્થિતિમાં છે. છતાં તેઓ નિર્માનીભાવે કહે છે કે, અમારી આવી સ્થિતિ એક સંતના આશીર્વાદથી થઈ છે કે, સ્વામીએ અમારી સાત પેઢી તારી દીધી.

આમ, મોટા સંતોના આશીર્વાદથી બંને લોક સુધરે છે. (૪)

એકવાર સ્વામી ગામ ઝીંઝરીના ચોરામાં ઉતરેલ અને શ્રીજીનું ધ્યાન કરતા હતા. તે સમયે માણાવદરનો કામદાર સ્વામીના દર્શન કરવા આવ્યો. પણ સ્વામીના દર્શન કરતા જ તેના મનના સર્વે ઘાટ સંકલ્પ બંધ થઈ ગયા. અને અંતઃકરણમાં ટાઢું થઈ ગયું. આથી કામદારને બહુ આશ્ચર્ય અને આનંદ થયો. થોડી વારે સ્વામી ધ્યાનમાંથી જાગૃત થયા. ત્યારે કામદાર અહોભાવથી બોલ્યો કે, સ્વામી તમે બીજા બાવા જેવા નથી. તમે તો સમર્થ મહાપુરુષ છો. તમારા દર્શન કરતા મારા સર્વે સંકલ્પો બંધ થઈ ગયા. આપ તો ભગવાન સ્વરૂપ છો. ત્યારે સ્વામી બોલ્યા કે, મારા ગુરુ તો સ્વામિનારાયણ છે. હું તો તેમનો શિષ્ય છું. મારા જેવા તો ૫૦૦ શિષ્યો છે અને તે ભગવાન લોકોને સમાધિ કરાવી અક્ષરધામનું સુખ આપે છે. આ વાત સાંભળી કામદારને સ્વામીનો ખૂબ ગુણ આવ્યો કે,

સ્વામિનારાયણ ભગવાને કળિયુગમાં સતયુગ લાવી દીધો છે. (૧)

એકવાર સ્વામી ગઢડામાં લક્ષ્મીવાડીમાં હતા. ત્યાં સાંજના સમયે લઘુશંકા કરીને પાછા ફરતા અંધારું અને વૃદ્ધાવસ્થાને લીધે જરા લથડી ગયા અને પાસે બેઠેલા બળદના બે શિંગડા વચ્ચે પડ્યા. સ્વામીને થયું કે, જો બળદ ઊભો થશે તો હું પડી જઈશ. તેથી ત્યાં બેઠા બેઠા ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલવા લાગ્યા. આ અવાજ સાંભળી આજુબાજુમાંથી સેવકો દોડી આવ્યા અને સ્વામીને બળદ વચ્ચેથી બહાર કાઢ્યા ત્યારે સ્વામી બળદ ઉપર રાજી થઈને બોલ્યા કે, તેં અમારો ભાર સહન કર્યો છે. તેથી હવે તારે બીજો જન્મ નહીં લેવો પડે. તું ધામને પામીશ અને સાચે જ કે જયારે બળદનો અંતકાળ આવ્યો ત્યારે સ્વામી શ્રીહરિ સાથે તેના આત્માને ધામમાં લઈ ગયા. (૫)

આમ, સ્વામીના સંકલ્પથી બળદ જેવા પશુનો ઉદ્ધાર થતો, નિર્ધન ધનવાન થતા, રોગી નિરોગી થતા, જીવને મોક્ષમાર્ગ તરફ ગતિ કરાવતા. ગામડે ગામડે ફરી સત્સંગની વૃદ્ધિ કરતા. સ્વામીના વચને અનેક ભક્તોને શ્રીહરિની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી. આવા એ સિદ્ધ યોગી હતા.

સ્વામીને અંતિમ અવસ્થામાં ઘણા વર્ષ સુધી હરસની પીડા રહેતી. છતાં તેઓ આત્મભાવે વર્તી અનેક સેવાઓ કરતા.

સ્વામીનો અક્ષરવાસ :

એકવાર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની સાથે તેઓ પોતાના મંડળ સાથે સં.૧૯૦૭માં સત્સંગ વિચરણમાં બુરહાનપુર ગયા. શહેરમાં વિશાળ શોભાયાત્રા નીકળી. આચાર્યશ્રી સ્વામીનો ખૂબ મહિમા સમજતા હોવાથી; વળી મહારાજના મળેલ સંત હોવાથી આવા પવિત્ર સંતના સૌને દર્શન થાય એવા હેતુસર સ્વામીને હાથીની અંબાડી પર બેસાડેલ. રસ્તામાં અચાનક હાથી ભડક્યો. તેથી સ્વામી હાથી ઉપરથી નીચે પડી ગયા. સ્વામીને મૂર્છા આવી ગઈ. થોડી વારે તેઓ ભાનમાં આવ્યા અને બોલ્યા કે, આ મહારાજ મને તેડવા આવ્યા છે અને તેમની ભેગો હું ધામમાં જઉં છું. સહુ ભજન કરજો. એમ કહી સ્વામી સુખપૂર્વક શ્રીહરિની સેવામાં સંચર્યા. (૧)

સ્વામીએ વચનામૃત **ગઢડા પ્રથમના ૪૧**માં *एकोऽहं बहुस्यां प्रजायेय*એ શ્રુતિ વિષયક ખૂબ તાત્ત્વિક પ્રશ્ન પૂછેલ છે. આ પ્રશ્ન ઉપરથી સ્વામીની કુશાગ્ર બુદ્ધિ અને શાસ્ત્રોના ગહન અભ્યાસનો પરિચય થાય છે.

તો **ગઢડા પ્રથમના ૬૩**માં પ્રશ્ન પૂછે છે કે, ભગવાનના નિશ્ચય કસર હોય તેને કેવા સંકલ્પ થાય ? એવો સાધક અંગેનો પ્રશ્ન પૂછેલ છે.

તો **સારંગપુરના ૧૧**માં વચનામૃતમાં : આ દેહે કરીને જ સર્વે કસર માત્ર ટળી જાય તેવા ઉપાય અંગેનો પ્રશ્ન પૂછ્યો છે. તથા **ગઢડા અંત્ય**ના વચનામૃતમાં નવધા ભક્તિમાં શ્રેષ્ઠ ભક્તિ કઈ છે ? તેવો ભજન, સાધના સંબંધી પ્રશ્ન પૂછેલ છે.

★ **પાદટીપ :**

(૧) **શ્રી સ્વામિનારાયણ સંત આખ્યાન :** ભાગ-૧, લેખક : જ્ઞાનજીવનદાસજી, કુંડળ. વર્ષ-૨૦૧૧, પાના નં. ૧૧૭થી ૨૧૦

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, વાર્તા નં. ૯૦, અંકલેશ્વર ગુરુકુલ પ્રકાશન વર્ષ-૨૦૧૫

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૧, વાર્તા નં. ૧૩૪

(૪) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૯૯૬

●



૧૮. સદ્.શ્રી નિષ્કુળાનંદ સ્વામી

નખશીખ વૈરાગ્યના અંગવાળા સંત સમજણ અને પ્રેમના દરિયા સમાન હતા. ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતોમાં લખે છે કે, 'નિષ્કુળાનંદ સ્વામીનું હેત તો પાતાળના પાણી જેવું છે.' શ્રીહરિની એક પણ આજ્ઞા ન લોપાય તેનું તેઓ સતત અનુસંધાન રાખતા.

બહુમુખી પ્રતિભા ધરાવનાર નિષ્કુળાનંદ સ્વામી સંતમાં તો શિરમોડ હતા, તેમનો ત્યાગ વૈરાગ્ય આકાશે આંબતો, તો પોતે સારા કવિ અને શિલ્પકાર પણ હતા. કાષ્ઠ અને પથ્થર ઉપર સારું નકશીકામ કરી જાણતા.

સ્વામીનો જન્મ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના શેખપાટ ગામે સં. ૧૮૨૨માં થયો. પિતા રામભાઈ અને માતાનું નામ અમૃતબા હતું. સ્વામીનું પૂર્વાશ્રમનું નામ લાલજી હતું. જ્ઞાતિ ગુર્જર સુતાર હતી. (૨)

રામભાઈ આમ તો લતીપુરના વતની અને વચનસિદ્ધ અને સમાધિનિષ્ઠ સમર્થ સંત આત્માનંદ મુનિના કૃપાપાત્ર શિષ્ય હતા. પરંતુ ત્યાં અસુરો દ્વારા આત્માનંદ સ્વામી અને તેમના શિષ્યોની ભારે કનડગત થતા બધા શિષ્યો લતીપુર છોડીને શેખપાટ આવીને વસ્યા અને તેથી રામભાઈ પણ વતન છોડી શેખપાટ આવ્યા આથી ગુરુ તેમના પર પ્રસન્ન થઈ આશીર્વચન ભરી ભવિષ્યવાણી ભાખી કે તમારે ત્યાં એક સમર્થ મહામુક્ત જન્મ લેશે. તે મહામુક્ત તે લાલજી ! બાળપણથી લાલજીમાં તપ, ત્યાગ અને જ્ઞાનની ઝલક જોવા મળતી. પોતાની અનિચ્છા છતાં નાતના રિવાજ મુજબ નાની વયમાં તેમના લગ્ન કંકુબાઈ નામની કન્યા સાથે થયા અને તેમને બે પુત્ર રત્ન પ્રાપ્ત થયા : માધવજી અને કાનજી. (૨)

પરંતુ લાલજીને પૂર્વ સંસ્કાર અને સંતસમાગમથી તીવ્ર વૈરાગ્ય ઉદય થયો અને તેમણે લોએજ (માંગરોળ) આવી ગુરુ આત્માનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય રામાનંદ સ્વામીને મળી પોતાને ત્યાગી થઈ તેમના ભેગા રહેવાની પ્રાર્થના કરી.

ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે, યથાયોગ્ય સમયે તમારી આ ઇચ્છા પૂરી થશે. એમ કહી તેમને સંસારમાં પાછા મોકલ્યા. આમ, લાલજી જનકરાજાની જેમ સંસારમાં જળકમળવત્ રહેતા. પોતાની જ્ઞાનભૂખ સંતોષવા દિવસભર સુતારીકામ કર્યા છતાં રાત્રે શેખપાટથી ચાલી ત્રણ ગાઉ દૂર ખીરી ગામને પાદરે આવતા. તો, એ રીતે ભાદરા ગામના મહામુક્ત મૂળજી શર્મા પણ એ ત્રિભેટે આવતા. બધા ભક્તો ભેગા થઈ વાવકાંઠે વૃક્ષ તળે બેસીને સત્સંગ કરતા. આ દરમ્યાન પોતે વખતોવખત રામાનંદ સ્વામી પાસે પણ સત્સંગ સેવા અર્થે જતા. (૨)

સં. ૧૮૫૬માં નીલકંઠવર્ણી જ્યારે વનવિચરણ કરી લોએજ પધાર્યા અને ગુરુ રામાનંદ સ્વામીની રાહ જોતા હતા ત્યારે રામાનંદ સ્વામીએ લાલજીને લોએજ નીલકંઠવર્ણીના દર્શન કરવા કહેલ, પરંતુ લાલજી લોએજ ન જતા ગુરુના દર્શન માટે ભૂજ આવ્યા. ત્યારે સ્વામીએ તેમને મીઠો ઠપકો આપી નીલકંઠવર્ણીનો મહિમા સમજાવી લાલજીના હૃદયમાં વર્ણી પ્રત્યે ભારોભાર મહિમા ભરી દીધો. પછી લાલજીએ વર્ણીના દર્શન કર્યા અને ધન્ય બન્યા ત્યારે વર્ણિરાજે લાલજીને આશિષ આપતા કહેલું કે, તમે વૈરાગ્યમાં શુકજી અને જડભરત સમાન થશો. લાલજીએ થોડો સમય વર્ણી પાસે રહી તેમનો પ્રતાપ નિહાળ્યો. (૨)

અને, લાલજીને વર્ણી પ્રત્યે પૂજ્યભાવ વધ્યો. એવામાં રામાનંદ સ્વામીએ પોતાની ગાદી-ધર્મધુરા વર્ણિરાજને સોંપી. તે પ્રસંગે જેતપુરના ઉત્સવમાં લાલજી ખાસ આવ્યા અને પોતે ભક્તિભાવથી બનાવેલ કલાત્મક મંજૂસ અને ડામચિયો વર્ણીને અર્પણ કરી પોતાનું ઘર પાવન કરવા પ્રાર્થના કરી. પછી સમય જતાં શ્રીહરિ શેખપાટ પધાર્યા. હર્ષઘેલા લાલજીએ વર્ણીને પ્રાર્થના કરી સંતો ભક્તોને પોતાના ગામ બોલાવી વસંતોત્સવ ઉજવાવ્યો. તે સમય સં. ૧૮૬૦નો હતો. (૨)

શેખપાટમાં થોડા દિવસ રહી શ્રીહરિએ કચ્છ જવાનો નિર્ધાર કર્યો. કચ્છના ભોમિયા એવા લાલજીને સાથે લીધા. લાલજીએ રસ્તામાં કામ લાગે તે સારું સુખડી, થોડા પૈસા અને પાણીની બતક સાથે લીધી. પરંતુ શ્રીહરિએ વાટમાં ભોજન ભૂખ્યાને, પૈસા લૂંટારાને અને પાણી તરસ્યાને અપાવી દીધું. જ્યારે રણમાં લાલજીને અત્યંત તરસ લાગી ત્યારે શ્રીહરિ દરિયાના ખારા પાણીને મીઠું બનાવી દઈ તેની તરસ છીપાવી. લાલજીએ બતક ભરી લીધી અને ફરી જ્યાં કોગળો કરવા ગયા ત્યાં પાણી ખારું જણાયું. ત્યારે લાલજીને થયું કે, અહો ! પ્રભુએ મારા પર, મારા માટે જ દરિયાનું ખારું પાણી મીઠું કરેલ.' આથી, શ્રીહરિ પ્રત્યે તેમને અદકેરો ભાવ પેદા થયો. (૨)

આમ, ઘણાં પરિશ્રમ બાદ રણવાટ પસાર કરી, આગળ એક તળાવ આવ્યું ત્યાં બંને વિશ્રામ કરવા બેઠા. શ્રીહરિના અડવાણા પગમાં કાંટા વાગ્યા હતા તે લાલજીએ પોતાના નાના ચીપીયાથી ખેંચી કાઢ્યા. પણ કાંટા ખેંચતા શ્રીહરિના બંને ચરણોમાં દિવ્ય સોળ ચિહ્નોના દર્શન કરતા લાલજીના મનમાં ખરેખરી પ્રતીતિ થઈ ગઈ કે, નક્કી આ ભગવાન જ છે. ત્યારે પ્રભુને માર્ગમાં બનેલા બનાવો વિષે પૂછ્યું ત્યારે પ્રભુ કહે, તમારા માથે વિઘ્ન હતું તેથી તમારા નાણાં લૂંટારાને અપાવી દીધા, માર્ગમાં સામા મળ્યા તે રામાનંદ સ્વામી હતા જેની તૃષા તમે પાણી પાઈ શાંત કરી અને તમારી તૃષા શાંત કરવા અમે દરિયાના જળને મીઠું બનાવેલ. આથી, લાલજીએ અંતરમાં પ્રતીતિ થઈ ગઈ કે મને મળ્યા એ નક્કી ભગવાન જ છે. (૨)

ત્યાંથી આગળ ચાલી બંને આધોઈ ગામે આવ્યા. ત્યાં મુકામ કરી લાલજીને ગામમાં ભિક્ષા માંગી લાવવા કહ્યું ત્યારે લાલજી મૂંઝાઈને કહે, 'આ મારા સસરાનું ગામ છે. મને બધા ઓળખે છે.' ત્યારે શ્રીહરિએ તેમના કેશ, મૂછ, કાપી નાખી, ભગવી અલ્ફી પહેરાવી ભાગવતી પરમહંસી દીક્ષા આપી નિષ્કુળાનંદ સ્વામી નામ પાડ્યું અને શ્રીહરિની આજ્ઞા થતા સસરાના ઘરેથી જ ભિક્ષા માંગી ને પોતે સંસાર પ્રત્યે નિઃસ્નેહ અને ઉદાસી છે તેવું સાબિત કર્યું. પછી શ્રીહરિએ તેમને એ જ ગામમાં ચોરે રહી ભિક્ષાવૃત્તિથી ઉદર નિર્વાહ કરી યમદંડ નામનો ગ્રંથ રચવાની આજ્ઞા કરી. ત્યારે નિષ્કુળાનંદ સ્વામીને લાગ્યું કે વર્ષો પહેલા રામાનંદ સ્વામી પાસે પોતાને દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો હતો તે સંકલ્પ આજે શ્રીહરિના અનુગ્રહથી સિદ્ધ થયો છે. (૨) આમ, સ્વામીએ દીક્ષા સં. ૧૮૬૦માં લીધી. (૩)

ગ્રંથ લખવાની આજ્ઞા થતા સ્વામી કહે, મહારાજ ! હું તો અભણ છું. મને કાવ્યરચનાના પ્રાસની, છંદની ખબર નથી. મેં તો કાળા અક્ષર કુહાડે માર્યા છે. હું કેમ કરીને યમદંડની રચના કરીશ ? ત્યારે શ્રીહરિએ તેમને આશીર્વાદ આપ્યા કે, તમે જે કાંઈ રચના કરશો તે સરળ રીતે રાગ અને છપઈ છંદમાં ગોઠવાઈ જશે. તમારે અલંકાર ખોળવા નહીં પડે. આમ, શ્રીહરિની કૃપા થતા યમદંડની રચના કરવા લાગ્યા. પછી શ્રીહરિની આજ્ઞાથી માતાની રજા લેવા શેખપાટ ગયા, ત્યાં મુનિને મનાવીને ઘેર પાછા લાવવા માટે સંસારના કુટુંબીજનો માતા અમૃતબા, પત્ની કંકુબાઈ આવવા લાગ્યા. છતાં મુનિ ચલાયમાન ન થયા. છેલ્લે પત્ની કંકુબાઈએ તેમના પુત્ર કાનજીને મુનિના ખોળામાં મૂકી મોહમાયાથી મનાવવા પ્રયત્ન કર્યો, પણ મુનિ બોલ્યા કે, આ ગાવડી નથી, આ તો ગોધો છે. હેતનો

પારસો આ નહીં મુકે. આમ, સગાના બધા પ્રયત્નો નિષ્ફળ થયા. ત્યારે છેવટના ઉપાય તરીકે શેખપાટના આગેવાન દરબાર સોઢા બાપુએ પણ દાદાગીરી અજમાવી જોઈ. છતાં સ્વામીના વૈરાગ્યમાં ફેર ન પડ્યો અને કીર્તન સંભળાવ્યું કે, 'મને સ્વપ્ને ન ગમે સંસાર કહોને કેમ કીજીયે...!' પોતાના અંતરમાં રહેલી સંસારની અસારતાનું પોતે એવું વેધક વર્ણન કર્યું કે સ્વામીને મનાવવા આવેલા સગાંસંબંધી પણ ઢીલા પડવા મંડ્યા અને તેમને પણ વૈરાગ્યનો રંગ ચડવા માંડતા સગાંઓ ઊભા થઈ ચાલવા મંડ્યા. પછી દરબારના કહેવાથી માતાએ પુત્રને રજા આપી. (૨)

તે ઉપરાંત શ્રીહરિના પ્રગટથી માંડી અંતર્ધાન થયા સુધીની લીલા, પરચા સંતો-ભક્તોના નામ વગેરેનું વિસ્તારપૂર્વક વર્ણન પોતે **ભક્ત ચિંતામણિ** નામના ગ્રંથમાં કર્યું છે, જેના ૧૬૪ પ્રકરણો ચોપાઈ અને પૂર્વછાયો રાગમાં વર્ણવ્યા છે. જેનો જો કોઈ પાઠ કરે તો ભક્તની સંસાર સંબંધી તથા અધ્યાત્મ કલ્યાણ સંબંધી દરેક ઈચ્છા પૂર્ણ થાય છે. (૨)

આ ઉપરાંત સ્વામીએ અન્ય ૨૨ ગ્રંથ રચ્યા છે જે **નિષ્કુળાનંદ કાવ્ય** તરીકે ઓળખાય છે. આ ગ્રંથમાં સંતોના ત્યાગ, વૈરાગ્ય અને ભગવાનને રાજી કરવાના ઉપાયો, ભક્તિ, પ્રભુના આશરાના બળ વિષે, શ્રીહરિમાં મનની અખંડવૃત્તિ રાખવાની, કષ્ટ આપે ત્યારે ધીરજ રાખવાની, સંતમહિમાની, સાચા સંત વિષે, ગુણગ્રાહક વિષે, હરિના ગુણો વિષે અને જીવના કલ્યાણ સંબંધી અનેકવિધ વાતો ખૂબ રોચક રીતે વર્ણવી છે. સંતો-ભક્તો માટે આ ગ્રંથ આદર્શ અને દીવાદાંડીરૂપ ગણાય છે. (૩)

આ તીવ્ર વૈરાગ્યવાળા સંતે પોતાના ગ્રંથોમાં તીવ્ર વૈરાગ્યને એવો સચોટપણે વર્ણવ્યો છે કે, મુમુક્ષુના હૃદયમાં તે સારધાર ઊતરી જાય છે. તેમનું પ્રસિદ્ધ પદ :

'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.'
'જનની જીવો રે ગોપી ચંદની.'
'જંગલ વસાવ્યો રે જોગીએ.'

વગેરે એવા અનેક પદ રચીને તીવ્ર વૈરાગ્યનું પરિપૂર્ણ વર્ણન કરેલ છે. આમાંના કેટલાક પદો ગાંધીજી તેમના આશ્રમમાં નિત્ય ગાતા અને ગવરાવતા. આ પદો સાંભળીને અંગ્રેજ શાસનના એક ઉચ્ચ અધિકારી એટલા પ્રભાવિત થયા કે, આ પદના રચયિતા એવા સ્વામીને મળવા ધોલેરા દોડી આવ્યા. ત્યારે તો સ્વામી મંદિરના ચોકમાં બેસી પથ્થર ઘડતા હતા. આખા શરીરે રજ ઊડી હતી. આ જોઈ

અંગ્રેજ અધિકારીને લાગ્યું કે, આવું સરસ કીર્તન બનાવનાર આ કડિયા જેવી લાગતી વ્યક્તિ સામાન્ય હોય નહિ. અમલદારના મનોભાવ જાણી સ્વામીએ સહેજ મર્મ કર્યો કે, 'મણિ તો સામે જ છે પણ રજે ભર્યો હોવાથી ઓળખાતો નથી.' અને અધિકારી આ સાંભળી સ્વામીના ચરણમાં નમી પડ્યો. કે આ સંત કવિ ૮૦ વર્ષની ઉંમરે પણ આવું મહેનતનું કાર્ય કરી જીવન જીવી રહ્યા છે ! વાહ, જેવી કહેણી તેવી જ રહેણી છે. સ્વામીનો ઉપદેશ સાંભળી તેનું અંતર ટાઢું થઈ ગયું અને વર્તમાન ધારી શ્રીહરિના આશ્રિત થયા. (૩)

વળી, સ્વામી આ લોકની માનમોટપથી અલિપ્ત રહેતા. આમ સ્વામીને દૃઢ વૈરાગ્યવાન જાણી તેમના દ્વારા વ્યવહાર શુદ્ધ અને આદર્શ વહીવટનું ઉદાહરણ પૂરું પાડવા શ્રીહરિએ તેમને ગઢડાના મહંત બનાવવાનો વિચાર કર્યો. તો મુનિએ આ નવી ઉપાધિમાં ન પડવાના હેતુથી સવારે વહેલા ઊઠીને ગઢાળી ગામ જતા રહ્યા. શ્રીજીને આ વાતની ખબર પડતા સ્વામીની રુચિ ન જણાતા તેમને મહંત બનાવવાનો વિચાર માંડી વાળ્યો. (૩)

એકવાર શ્રીહરિ સ્વામીને કહે, સ્વામી મોં ખોલો. તમને પ્રસાદી આપું. મહારાજની મુઠ્ઠી બંધ હતી તેથી સ્વામી કહે, પહેલા મને પ્રસાદી બતાવો તો હું મોંમાં પ્રસાદી મુકવા દઉં. જોયા વગર મોંમાં ન મૂકું અને સ્વામીએ મહારાજના હાથની પ્રસાદી પણ જોયા વગર ન લીધી. ખરેખર બંધ મુઠ્ઠીમાં મહારાજે પૈસો રાખ્યો હતો. મહારાજે તેમના આવા વૈરાગ્યશીલ અને ચોકસાઈભર્યાં વર્તનથી ખૂબ રાજી થઈ આશીર્વાદ આપ્યા કે, તમારા વૈરાગ્યને કોઈ ડોલાવી નહી શકે. (૩)

સ્વામી જિતેન્દ્રિય અને આત્મસંયમી વિતરાગી સંતપુરુષ હતા. પોતે કદી ગળ્યું, ચીકણું કે સ્વાદિષ્ટ ભોજન જમતા નહીં મતલબ કે મીઠાઈ, ફરસાણ ન જમતા. એકવાર બોટાદના નગર શેઠ તરફથી રસોઈ હતી. તેથી તેમણે આગ્રહ કરી સ્વામીના પત્તરમાં બીરંજ પીરસાવ્યો. સૌને મનમાં એમ કે સ્વામી આ જમશે. પણ સ્વામીએ તો સૌ સાંભળે એમ પોતાના મનને કહેવા માંડ્યું, નિષ્કુળાનંદ ! તું મોટા માણસોનો મહોબતી છો. મોટાનું મન સાચવવા બીરંજ જમ. તારાથી મોટાની મહોબત નહીં મૂકાય. આ સાંભળી ભગા દોશીએ સ્વામીને વધારે આગ્રહ ન કર્યો. પણ તે પછી સ્વામીએ તો જારનો રોટલો અને છાશ જ જમ્યા. બિરંજ ન જમ્યા. આવા તે વ્રતધારી હતા. વડોદરામાં એકવાર સ્વામીના આગમનથી હરિભક્તોએ દૂધપાકની રસોઈ આપી. તે વખતે હરિભક્તોના આગ્રહથી બચવા

સ્વામી વહેલા ઊઠીને કલાલી ગામે જતા રહ્યા. આવી હતી એમની ખાનપાન પ્રત્યેની અરુચિ.' (૩)

સ્વામી ધોલેરામાં રહેતા. આ પ્રદેશનું પાણી ખારું અને પ્રદેશ નિરસ હોવાથી ત્યાગ, વૈરાગ્યે યુક્ત સંતો સિવાય ભાગ્યે જ કોઈ ત્યાં જતા. પણ સ્વામીનું તપ, ત્યાગનું અંગ હોવાથી તેમને ત્યાં ખૂબ ગમતું. (૩)

સ્વામી સારા શિલ્પકાર હતા. તેમણે વડતાલના ફૂલદોલ ઉત્સવ પ્રસંગે બાર બારણાવાળો એક કલાત્મક હિંડોળો બનાવી શ્રીજીને અર્પણ કરેલો. ઉત્સવ સમયે શ્રીહરિ બાર સ્વરૂપ ધારણ કરી હિંડોળે ઝુલેલા. આ પ્રસાદીનો હિંડોળો આજ પણ વડતાલમાં દર્શન આપે છે. ધોલેરા મંદિરમાં તેમણે પથ્થરમાંથી એક સુંદર કમાન બનાવેલી. જે મંદિરની રૂપ ચોકીના દ્વાર પર રાખેલી છે.

શ્રીહરિ આ કમાનની શિલ્પકળા જોઈને ખૂબ રાજી થયેલા. આજે ધોલેરાનાં મંદિરનો જીર્ણોદ્ધાર થયા છતાં તે કમાન સાચવીને પ્રથમ જયાં રાખતા તે જ જગ્યાએ દર્શનાર્થે રાખેલી છે. આ બંને પ્રસાદીની વસ્તુ સંપ્રદાયમાં ખૂબ પ્રસિદ્ધ છે. ભક્તો આના ખૂબ ભાવપૂર્વક દર્શન કરે છે. જૂનાગઢ અને ગઢડા મંદિરોમાં પણ તેમના સંસ્મરણો સંકળાયેલા છે. (૩)

સ્વામીને બે પુત્રો હતા. મોટા પુત્રનું નામ માધવજી અને નાનાનું નામ કાનજી હતું. પુત્ર માધવજી મોટા થયા ત્યારે સં. ૧૮૭૪માં એક સમયે તેમના દર્શને આવ્યા અને એક માસ સુધી મંદિરમાં રહી સંતોનો સત્સંગ કર્યો. જતી વખતે સદ્. ગોપાળાનંદ સ્વામીએ તેમને પિતાને પ્રણામ કરી પછી ઘેર જવાનું કહેતા માધવજી પિતા પાસે આવ્યા ત્યારે પિતાએ પુત્રને સંસાર અસારનો અને વૈરાગ્યનો એવો ઉપદેશ આપ્યો કે, તેને પણ વૈરાગ્યનો રંગ લાગી ગયો અને ત્યાગમાર્ગની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તેને મહારાજ પાસે લઈ જઈ દીક્ષા અપાવી. ભગવા પહેરાવી ગોવિંદાનંદ સ્વામી એવું નામ પાડ્યું. શ્રીહરિ રાજી થઈને બોલ્યા કે, 'સિંહના સંતાન તો સિંહ જ હોય ને !' (૪)

સ્વામીના બીજા પુત્ર કાનજીનો જન્મ વિ.સં. ૧૮૫૯માં થયો હતો. તેઓ ગૃહસ્થાશ્રમી થઈ જીવનભર સાચા સત્સંગી થઈને રહેતા. (૪)

નિષ્કુળાનંદ સ્વામીએ જીવનભર સત્સંગ સાહિત્યની સેવા કરી છે. તેમણે ૨૩ ગ્રંથો ઉપરાંત ત્રણેક હજાર જેટલા કીર્તનો પણ રચ્યા છે. આ કીર્તનો તથા ગ્રંથોથી સંપ્રદાયનું હાર્દ પરિપૂર્ણ સમજાય છે. તેમણે પોતાના અંગ મુજબ ફક્ત વૈરાગ્ય પ્રધાન જ કીર્તનો રચ્યા છે તેવું નથી, પણ તેમણે શ્રીજીના સ્વરૂપના મૂર્તિના

પદો પણ રચ્યા છે. (૪)

''હવે મારા વાલાને નહિ રે વિસારું.'' પદ આજે પણ સંપ્રદાયમાં નિત્ય નિયમના પદોમાં રોજ ભાવપૂર્વક ગવાય છે.

સ્વામીના **પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ**નાં ૫૫માં વધામણાનું પદ છે. જેમાં શ્રીહરિનો મહિમા ભારોભાર વર્ણવ્યો છે જે પદને ભક્તો હોંશે હોંશે ગાઈને શ્રીહરિનો મહિમા અંતરમાં ભરે છે :

'આનંદ આપ્યો અતિ ઘણો રે,
આ સભામાં અલબેલ પુરુષોત્તમ પ્રકટી રે.' (૪)

વળી નિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથમાં શ્રીહરિનું જે સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમપણું જોવા મળે છે તેવું બીજા ગ્રંથોમાં ભાગ્યે જ જોવા મળે છે. (૪)

આ ઉપરાંત તેમણે શ્રીજી વિરહના પદો, બારમાસીના પદો, અખંડ વરના વિવાહના પદો, અને લગ્ન પ્રસંગે ગાવાના ઘોળ અને ગરબીના પદો ચિરંજીવી પદો તરીકે આજે પણ ભાવપૂર્વક ગવાય છે. (૪)

સ્વામીનો ત્યાગ વૈરાગ્ય આકાશે આંબતો. તેમનું જીવન કડક તપશ્ચર્યામય હતું. પરિણામે અન્ય મોટા પરમહંસોની પાસે સાધુઓના મોટા જૂથ રહેતા પણ એમના મંડળમાં માંડ પાંચ-સાત શિષ્યો જ રહેતા. તેમના અપ્રતિમ વૈરાગ્યને કારણે તેમને મોટા વડોદરા જેવા શહેરોમાં રહેવું ફાવતું નહિ. સત્સંગ પ્રચાર માટે ગયા હોવા છતાં શહેરના રજોગુણી વાતાવરણથી તેમને ગુંગળામણ અનુભવાતી અને માંડ મહિનો રોકાઈને પોતે ગઢપુર પરત આવી જતા. (૪)

શ્રીહરિના ધામગમન બાદ ૧૮ વર્ષ સુધી પોતે સંપ્રદાયની સેવા બજાવતા રહ્યા અને ૮૨ વર્ષની વયે વિ.સં. ૧૯૦૪માં તેમણે ધોલેરામાં સેવા બજાવતા બજાવતા જ અક્ષરધામનો માર્ગ લીધો. નમૂનારૂપ, આદર્શ વૈરાગ્યમય જીવન કેવું હોય ? તેનું ઉત્તમ ઉદાહરણ સ્વામી હતા. (૪)

ગઢડામાં ભક્તો સંતોની સભામાં શ્રીહરિ વિરાજમાન હતા ત્યારે સદ્. આત્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, જેને પંચવિષય બંધન ન કરી શકે તેવો પુરુષ કેવો હોય તેના લક્ષણ કહો. (૪)

ત્યારે શ્રીહરિને નિષ્કુળાનંદ સ્વામીને યાદ કરતા કહે છે કે, જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય, ને આસ્તિકપણું હોય... એવો જે હોય તે ગમે ત્યાં જાય તો પણ એને કોઈ પદાર્થ તથા સ્ત્રી આદિક તે બંધન કરી શકે નહિ. જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે... તો પણ

એ ડગે નહીં.' એવું મહારાજે **ગઢડા અંત્યના ર૬માં વચનામૃત**માં કહ્યું છે.

આના પરથી ખ્યાલ આવે કે શ્રીહરિને સ્વામીના ત્યાગ વૈરાગ્ય વિષે કેટલો વિશ્વાસ હશે અને તેમના પર કેટલું માન હશે !

શાસ્ત્રો ભણેલા હોય તે સુંદર ગ્રંથોની રચના કરી શકે તે સહજ છે પણ અભણ સંત પાસે આવા ત્યાગ વૈરાગ્યના અને શ્રીહરિનો મહિમા ગાતા ગ્રંથો લખાવી મહારાજે ચમત્કાર જ કર્યો છે એ કહેવું કશું ખોટું નથી.

સ્વામીએ **કારિયાણીના ૩જા પ્રકરણ**માં ભજનાનંદ સ્વામીના પ્રતિપ્રશ્નમાં શ્રીહરિને પૂછ્યું જે,

હે મહારાજ ! એમ જે રહેવાય છે તે વિચારે કરીને રહેવાય છે કે વૈરાગ્યે કરીને રહેવાય છે ?

આમ, સ્વામીએ પોતાના વૈરાગ્યના અંગને ધ્યાનમાં રાખી શરીરના દમન અંગે પ્રશ્ન પૂછેલ છે.

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુ શાસ્ત્રી : જૂનાગઢ મંદિર પ્રકાશન, પાના નં. ૪૩થી ૪૮

(૨) **ભક્તચિંતામણિ :** રાજકોટ ગુરુકુલ પ્રકાશન : નિષ્કુળાનંદ સ્વામીનું જીવન ચરિત્ર પાના નં. ૧થી ૧૬. વર્ષ : ૨૦૦૬

(૩) **નિષ્કુળાનંદ કાવ્ય :** રાજકોટ ગુરુકુલ પ્રકાશન : વર્ષ - ૧૯૯૧ સ્વામીનું જીવનચરિત્ર પાના નં. ૪થી ૩૦

(૪) **શ્રીજી મહારાજના દિવ્ય લીલા ચરિત્રો ગ્રંથમાળા :** લેખક - શાંતિકુમાર ભટ્ટ : કાનજી ભગત પ્રકાશન : વર્ષ-૧૯૮૦ : નિષ્કુળાનંદ સ્વામી, પાના નં. ૯થી ૩૨

●

૧૯. સદ્.શ્રી મહાનુભાવાનંદ સ્વામી

જન્મ : સં. ૧૮૪૨

ગામ : ઉત્તર ભારતમાં કડા (કુરુક્ષેત્ર) ગામ

જ્ઞાતિ : વિપ્ર

અક્ષરવાસી : સં. ૧૯૧૩ જેઠ સુદ-૧૪, શનિવાર તા. ૬-૬-૧૮૫૭ અમદાવાદ.

સદ્. મહાનુભાવાનંદ સ્વામી ઉત્તર ભારતના વિપ્ર હિન્દી ભાષી સંત હતા. તેઓ કુરુક્ષેત્રથી ૧૨૫ ગાઉ દૂર કડા ગામના વતની હતા. નાનપણથી જ તેમને પ્રભુમાં પ્રેમ હતો. કિશોર અવસ્થામાં આવતા જ તેમનો વૈરાગ્ય ચરમ સીમાએ પહોંચ્યો અને ઘરનો ત્યાગ કરી તીર્થોમાં પ્રભુ મેળવવા નીકળી પડ્યા. તીર્થયાત્રા દરમ્યાન એક ત્યાગી મહાત્મા મળ્યા. તેમણે પોતાના મઠમાં તેમને મહંતાઈ આપવાની વાત કરી, પણ સત્તા સંપત્તિને ઠોકર મારી દ્વારિકા યાત્રા કરીને આવું એમ કહી ત્યાંથી નીકળી ગયા. દ્વારિકા દર્શન કર્યા ને થયું કે અહીં યાત્રા કરવા મહાપુરુષો આવશે તે મને પ્રભુ ભેટાડશે. આથી ત્યાં ૧૨ વર્ષ સુધી અખંડ પૂજાનું નિયમ લઈને સેવામાં જોડાયા, પણ થોડાક જ સમયમાં દ્વારિકાધીશે તેમને પ્રત્યક્ષ દર્શન દીધા અને તને પ્રગટ ભગવાનના દર્શન થશે એમ કહેતા, તેઓ ત્યાંથી પણ નીકળી ગયા અને પ્રભુને ખોળતા જામનગર પહોંચ્યા. ત્યાં તેમને શ્રીહરિના સંત સ્વરૂપાનંદ સ્વામીનો યોગ થયો. તેમણે પ્રગટ પ્રભુના દર્શન કરાવવાની હૈયા ધારણ આપતા તેમના મંડળમાં જોડાયા. (૧)

શ્રીજી મહારાજે શિષ્ય મંડળોને ઉત્તરાયણના ઉત્સવ ઉપર જેતલપુર બોલાવ્યા ત્યારે આ યુવાન પણ સંતો સાથે ગયા અને શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરતા જ તેમનું મન એ મૂર્તિમાં ચોંટી ગયું. યુવાનની મુમુક્ષુતા જોઈ શ્રીહરિએ તેમને દીક્ષા આપી મહાનુભાવાનંદ સ્વામી નામ આપ્યું. તમામ આશા સફળ થતા તેઓ

ધન્ય બની ગયા. (૧)

સ્વામી પોતે નિયમ ધર્મના ચુસ્ત આગ્રહી હતા. તેથી કોઈમાં નિયમોની શિથિલતા ભાળે તો અકળાઈ જતા. પોતે શ્રીહરિની આજ્ઞા પાળવામાં ઉતાવળા થઈ જતા. તેમને શ્રીહરિનો મહિમા અપાર હતો તેથી કથાવાર્તા દ્વારા મુમુક્ષુઓને સાચુ જ્ઞાન આપી સાચા ભક્ત બનાવતા. પોતે મેથાણમાં પધારી ખૂબ સત્સંગ કરાવેલો. (૧)

મેથાણમાં એકવાર શિયાળાની હાડ થીજાવી નાખતી ઠંડીમાં ખેતરમાં ઘાસના ઓઘામાં બેસી મૂર્તિનું સ્વામી ધ્યાન કરતા હતા. તે સમયે ખેતરના માલિકને ઓઘામાં કોઈ પ્રાણી સંતાયું હોવાનો ભાસ થતા લાકડીથી પૂળો દૂર કરતા તેમાં સ્વામીને ભજન કરતા ભાળ્યા. સ્વામીના આવા વર્તન અને ભજનથી ઘણાં ક્ષત્રિયોએ વર્તમાન ધાર્યા. (૧)

તે સમયે સંપ્રદાયની સામે ઈર્ષા કરનારો વર્ગ પણ ખૂબ મોટો હતો. તેથી અદેખા બ્રાહ્મણ પંડિતો સામે સંતો શાસ્ત્રાર્થ કરી શકે તે માટે શ્રીહરિએ ઘણા સંતોને સંસ્કૃતનો અભ્યાસ કરવાની આજ્ઞા આપી. તેમાં આ સંત પણ હતા. (૧)

સ્વામીને શ્રીહરિ સાથે કેવું ઐક્ય કે તાદાત્મ્યપણું હતું ? તે જોવા એક પ્રસંગ જાણીએ. શ્રીહરિ કચ્છમાં વિચરણ કરતા હતા ત્યારે સંતોને પગમાં કંઈ પણ ન પહેરવાનું પ્રકરણ ચાલતું હતું. એ વખતે ઉનાળાનો ધોમ તાપ પડતો'તો. શ્રીહરિ સંતો સાથે હતા. સંતો તો તાપમાં ઉઘાડા પગે ચાલતા હતા પણ પ્રખર તાપને લીધે સંતોના પગે ફોલ્લા પડી જતા હતા. દયાળુ શ્રીહરિએ આ જોયું અને આ અનુભવ લેવા પોતે મોજડી દૂર કરીને અડવાણા પગે તડકે ચાલ્યા.

તડકાને લીધે મહારાજના પગે પણ ફોલ્લા ઊઠી ગયા તેથી તેઓ ઝડપથી ચાલી, આગળ એક વૃક્ષના છાંયે જલદી પહોંચી ગયા ને પગના તળિયા પંપાળવા લાગ્યા. આ ક્રિયા સ્વામી જોતા હતા. (૧)

સ્વામી કહે, મહારાજ તમારે અડવાણા પગે ન ચાલવાનું હોય. મહારાજ કહે તમને આ તડકામાં કેવું દુઃખ થાય છે ? તે જોવા અમે ચાલ્યા. (૧)

ત્યારે સ્વામી ગળગળે સાદે બોલ્યા, મહારાજ ! અમદાવાદમાં ચૈત્ર માસની બપોરે ઝોળી માંગવા જતો ત્યારે જેટલા પગ નહોતા બળતા તેટલા આજે બળ્યા !

મહારાજે જોયું તો સ્વામીના પગે પોતાના કરતા પણ વધારે ફોડલા ઉઠેલા

જોયા અને તેની તીવ્ર વેદના સ્વામીના મુખ પર દેખાઈ. (૧)

સ્વામી બોલ્યા, આપના નિયમો અમે શીર સાટે પાળીએ છીએ. તપ ત્યાગના નિયમો દેહભાવથી પર થવા માટે છે, આત્મભાવ કેળવવા માટે છે પણ આજે તમારા પગ બળતા જોયા તેથી અમારી વેદના વધી ગઈ. (૧)

સ્વામીનો એકાત્મભાવ જોઈ મહારાજ ભાવવિભોર બની ગયા.

એકવાર સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ થયો. તે સમયે સ્વામી શ્રીહરિની સેવા માટે જીવા ખાચરના દરબારગઢમાં ગયા. મહારાજ પોઢવા જતા હતા. ત્યારે સ્વામીએ મહારાજના ચરણ ચાંપવાની ઈચ્છા વ્યક્ત કરી તો મહારાજે ચરણ પાછા ખેંચી લીધા. (૧)

સ્વામી આ જોઈ થોડા ખાસીયાણા પડી ગયા અને કહ્યું કે, મહારાજ ! આપની આજ્ઞા પાળવા અમે ટુકટુક થઈ જઈએ છીએ. તમારા માટે અમે દ્વેષી લોકોના અપમાન અને માર સહન કરીએ છીએ. દુઃખ સહન કરીએ છીએ તો અમે તમારા ચરણની સેવાના હક્કદાર પણ નહીં ? (૧)

સ્વામીની વાત સાંભળી મહારાજ મર્માળુ હસીને બોલ્યા કે, શ્રીમંતને ઘરે કોઈ નોકર દુકાન વાળીને મહેનતાણા તરીકે પાઈ પૈસાને બદલે સોનામહોરની મોજ માંગે તે કેવું લાગે ? તે હક્કદાર છે ખરો ? તેને તો આ મહેનત બદલ એક પૈસો જ હોય ને ? સ્વામી ! તમે ઘરબાર છોડ્યા, તપ કર્યા, દુઃખો સહન કર્યા તો તેની કિંમત અમારે મન બે પૈસા જેટલી જ છે. આટલી સેવાના બદલામાં તમને પુરુષોત્તમ નારાયણના આ ચરણની સેવા ક્યાંથી મળે ? (૧)

સ્વામી મહારાજનો મર્મ સમજી ગયા અને બોલ્યા મહારાજ મારી ભૂલ થઈ ગઈ ? આપ ક્રિયા સાધ્ય નથી પણ કૃપાસાધ્ય છો. (૧)

અને દયાળુ શ્રીહરિએ કૃપા કરી સ્વામીને તેમના ચરણની સેવા આપી.

સ્વામીએ શારીરિક પીડામાં બે વર્ષ સુધી પક્ષઘાતનું દુઃખ ભોગવેલું. સ્વામી ખૂબ વ્યવહારકુશળ હતા. સુરતના કોટવાળ પારસી અરદેશરનું આમંત્રણ હતું કે શ્રીહરિ પોતાના બંગલે તથા નવાબના મહેલમાં પધરામણી કરે. તે સમયે શ્રીહરિએ અન્ય સંતમંડળને ગામડે ફરવા જવાની આજ્ઞા આપેલ. તેથી સંતો રવાના થયેલ. તે સમયે સ્વામીને થયું કે, સુરતના નવાબ અને કોટવાળના ઘરે જો પધરામણી હોય તો શ્રીહરિ સંતમંડળ સાથે વિશાળ સંખ્યામાં જાય તો

ખૂબ ગૌરવપ્રદ લાગે અને સત્સંગમાં સમાસ થાય. આથી આ વાત તેમણે મહારાજને કરી કે આવું કરીએ તો સત્સંગની અને સંપ્રદાયની શોભા વધે. શ્રીહરિ પણ સ્વામીની દીર્ઘદૃષ્ટિથી રાજી થયા ને વાતને માની અને સંતોના મંડળો જે ગામોગામ વિચરણ કરવા જતા હતા તેને પરત બોલાવ્યા. (૧)

સ્વામી સુરતના સત્સંગથી પણ સુપેરે પરિચિત હતા. તેથી સંતોના વિશાળ મંડળોને સુરતમાં અલગ-અલગ જગ્યાએ સારી રીતે ઉતારાની વ્યવસ્થા કરી આપી. (૧)

સ્વામી એકવાર ઝાલાવાડમાં સૂસંવા ગામે વિચરણ કરી રહ્યા હતા. સ્વામી પોતે નિયમોમાં દૃઢ હતા તેથી તેમની કથામાં આચાર-વિચારને પવિત્ર રાખવા અને નિયમમાં વર્તવાનો આગ્રહ વિશેષ રહેતો. તે સમયે સભામાં એક પરધર્મી નાઈ બેઠો હતો. તેને આ વાત રુચિ નહીં. તેથી સભામાં વચ્ચે બોલ્યો કે પુરુષ તો ભ્રમર કહેવાય તેને કોઈ બાદ નડે નહિ. સ્વામી કહે, મનુષ્ય માત્રને નિયમ મુજબ, શાસ્ત્ર મર્યાદા પ્રમાણે વર્તવાનું હોય, અન્યથા તે પશુ કહેવાય અને પશુ જ્યાં ત્યાં ખાઈને બેસે તો તેને વાઘ મારી નાખે. (૧)

બીજા દિવસે નાઈએ તેનો સ્વભાવ ઝળકાવ્યો અને ઈન્દ્રિયોની લોલુપતા સંતોષવા કોઈ ગરાસીયાના ઘરમાં પેઠો અને ગરાસણી સાથે અજુગતો વ્યવહાર કર્યો. રાડારાડી થઈ અને ગરાસીયો ઘરમાં આવી ગયો ને નાઈને તલવારના ઝાટકે દીધો. (૧)

સ્વામીનું મર્માળુ વેણ નાઈ સમજ્યો નહિ અને ભૂંડે મોતે મર્યો.

શ્રીહરિની આજ્ઞાપાલન અને કરૂણાથી સ્વામી વચનસિદ્ધિને પામ્યા હતા. કોઈ આડો ચાલતો હોય તો સ્વામી તેને કડક શબ્દોમાં ઠપકો આપી સીધે રસ્તે ચલાવતા. એકવાર સ્વામી માણસા પધારેલા. ગામના ઠાકોર સ્વામીના દર્શને આવ્યા. સ્વામીએ બાપુને વાત કરી કે, આ મંદિર થોડું નાનું પડે છે. ઠાકોરજીના રસોડા માટે જગ્યા નથી તો મંદિરની બાજુમાં થોડી જગ્યા આપો તો સગવડતા રહે. તે સમયે બાપુ કંઈ બોલે તે પહેલા તેનો અવળચંડો કારભારી ઈર્ષાથી બોલી ઊઠ્યો કે, તે જગ્યાએ તો અમારે ઘોડશાળ કરવી છે.' (૧)

સ્વામી આ સાંભળી ઉકળી ઉઠ્યા અને બોલી ઊઠ્યા કે, 'ઘોડશાળ હોગી તેરે ઘરમેં !'

થોડા સમય પછી કારભારી બાપુના વાંકમાં આવ્યો અને તેની માલ-મિલકત જપ્ત કરી તેના ઘરમાં જ ઘોડશાળ ઊભી થઈ ગઈ. (૧)

શ્રીહરિએ આદરજમાં સંપ્રદાયના સદ્‌ગુરુઓની નિમણૂંક કરી તેમાંના એક સદ્. મહાનુભાવાનંદ સ્વામી હતા. દેશ વિભાગના લેખમાં સાક્ષી તરીકેની સહીઓમાં છ સંતોની સહીઓ છે. તેમાં એક મહાનુભાવાનંદ સ્વામી છે. (૧)

સ્વામી ખૂબ વિચક્ષણ અને અંતર્દૃષ્ટિવાળા હતા. પોતે ઉંમરમાં પણ મોટા હોઈ સૌ તેમની આમન્યા અને આદર જાળવતા. શ્રીહરિએ **વચનામૃત ગઢડા પ્રથમના ૭૮**માં કહ્યું છે કે, જેમ મહાનુભાવાનંદ સ્વામી આદિક જે મોટેરા છે તે ભેળા આ ચાર સંતો આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામી છે માટે એમનું કોઈ અપમાન કરવા દેશો'મા. (૧)

શ્રીહરિ તેમને ઘણીવાર માર્કંડેય મુનિ કહીને સંબોધતા કેમકે તેઓ, એ મુનિનો અવતાર હતા. આ વાત **સત્સંગી ભૂષણ**ના ત્રીજા પ્રકરણ ૪૧માં કહી છે. (૧)

શ્રીહરિ સ્વામીને અપાર લાડ લડાવી પોતાની મૂર્તિનું સુખ આપતા.

શ્રીહરિના સ્વધામગમન બાદ સ્વામી બહુધા અમદાવાદ દેશમાં વિચરણ કરતા અને આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તેમની ખૂબ સંભાળ રાખતા. તેમણે કઠલાલ, ચિખલોદ, માણસા, ખારોલ વગેરે ગામોમાં હરિ મંદિરો કરાવેલા છે. (૨)

આવા વચનસિદ્ધ સંત સં. ૧૯૧૩ના જેઠ સુદ ૧૪ને શનિવાર તા. ૬-૬-૧૮૫૭ના દિવસે અમદાવાદ મંદિરમાં દેહનો ત્યાગ કરી અક્ષરવાસી થયા. (૨)

શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ સ્વામીને યાદ કર્યા છે તે જાણીએ:

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૫૮મું :

સ્વામીએ પૂછ્યું કે, હે મહારાજ ! સત્સંગમાં રહેતે થકે જેટલા અવગુણ હોય તે સર્વે નાશ પામી જાય અને દિન-દિન પ્રત્યે ભગવાનની ભક્તિ વૃદ્ધિ પામતી જાય એનો શું ઉપાય છે ?

★ વચનામૃત ગઢડા પ્રથમ : ૭૮

....તે મુનિના વચન સાંભળીને શ્રીજી મહારાજ અતિશય રાજી થયા અને આત્માનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી એ ચાર જણાને રાજી થઈને હૃદયને વિષે ચરણારવિંદ દીધા અને એમ બોલ્યા જે જેમ મહાનુભાવાનંદ સ્વામી આદિક જે મોટેરા છે તે ભેળા આ ચાર પણ છે માટે એમનું અપમાન કરવા દે'શોમાં.

★ વચનામૃત સારંગપુરનું ૧૮મું :

પછી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, રાજસી, તામસી ને સાત્ત્વિકી એ ત્રણ ગુણના સ્વભાવ તે સાધન કરતા થકા ટળે છે કે નથી ટળતા ? વળી પૂછ્યું કે, દૂર્વાસાદિક મુક્ત થયા છે, તો પણ તે તામસી કેમ રહ્યા છે ?

★ પાદટીપ :

(૧) **સંત જીવનના પવિત્ર પ્રસંગો :** હરિકેશવદાસ સ્વામી, ગાંધીનગર, પાના નં. ૫૫થી ૫૮

(૨) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, પાના નં. ૫૪થી ૫૯

●



૨૦. શ્રી નિર્માનાનંદ સ્વામી

આ નિર્માનાનંદ સ્વામી વિષે જોઈએ :

સંપ્રદાયમાં બે નિર્માનાનંદ સ્વામી હોવા જોઈએ. એટલે કે એક નિર્માનાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ માતરા ધાધલ હતું તે સ્વામી કે જેઓને સંત જીવનની દીક્ષા આપ્યા બાદ ફક્ત દોઢ માસનું જ સાધુ જીવન આપેલ પછી મહારાજે તેમને સંસારમાં જવાનો આદેશ કરેલ. આ નિર્માનાનંદ સ્વામી ઉપરાંત વચનામૃતમાં પ્રશ્ન પૂછનાર અન્ય નિર્માનાનંદ સ્વામી હોઈ શકે. સંત પરમહંસોની નામાવલિમાં નાના કે મોટા કોઈ બીજા નિર્માનાનંદ સ્વામી હોય તેવો ઉલ્લેખ નથી. **હવે વિગતવાર સાલ પ્રમાણે જોઈએ.**

ભક્તચિંતામણિના ૫૪માં પ્રકરણમાં શ્રીહરિએ ૧૮ ગામધણી દરબારોને એક કાગળ લખી સંસાર છોડી સાધુ થવા માટે આજ્ઞા કરેલી. તે નામોમાં માતરા ધાધલનું નામ હતું.

'માંચા સુરા સોમલા અલૈયા, મૂળુ નાજા માતરા મામૈયા.
...એહ સર્વે તજી ઘરબાર, થાજો પરમહંસ નિરધાર.' (૧)

એ માતરા ધાધલ સાધુ થવા માટે આવ્યા ત્યારે શ્રીહરિએ તેને પરમહંસની દીક્ષા આપી તેનું નામ નિર્માનાનંદ સ્વામી આપેલ. (૨)

શ્રીહરિએ આ દરબારોને સં. ૧૮૬૩ના આસો માસમાં આદેશપત્ર લખી બોલાવેલ. જેમાં અદ્‌ભૂતાનંદ સ્વામી સાથે આ માતરા ધાધલ એટલે કે નિર્માનાનંદ સ્વામી હતા. (૩)

આ સંતોને શ્રીહરિએ દોઢ માસ સુધી પોતાના પાસે રાખી સુખ આપી ફરી પાછા સંસારમાં જવાની આજ્ઞા કરેલ તેથી નિર્માનાનંદ સ્વામીરૂપ માતરા ધાધલને સંસારમાં પાછા મોકલેલ. (૪)

હવે આ પછી ૧૪ વર્ષના ગાળા પછી ગઢડા પ્રથમના ૭૮માં વચનામૃતમાં એટલે કે સં. ૧૮૭૭ના અષાઢ સુદ-૩ના દિવસે નિર્માનાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે. એટલે કે ૧૮૬૩ અને ૧૮૭૭ના વચ્ચે ૧૪ વર્ષ થઈ ગયા તો

એ વખતે માતરા ધાધલ (નિર્માનાનંદ સ્વામી)નો આ પ્રશ્ન ન હતો, પરંતુ અન્ય નિર્માનાનંદ સ્વામીનો આ પ્રશ્ન હતો.

આ નિર્માનાનંદ સ્વામી મણિ જેવા સાધુ હતા. તેમનો ત્યાગ વૈરાગ્ય આકાશે આંબતો. તેમના ત્યાગની ઘણી વાતો ગ્રંથોમાં લખાયેલી છે. આ સ્વામી સારંગપુરના હતા. તેમને શ્રીહરિએ સત્સંગ પ્રચાર કરવા માટે વૌઠા થઈ પુના જવાની આજ્ઞા કરી. (૮)

સ્વામીને પણ પુનાના રજવાડાને સત્સંગ કરાવવાની ઈચ્છા હતી. ત્યાં મરાઠા રાજ્ય હતું. પેશ્વા બાજીરાવના એક મુખ્ય દિવાન બાપુસાહેબ ગોખલે હતા. તેઓ ખૂબ ભક્તિભાવવાળા હતા. તેથી સ્વામી તેમના બગીચામાં ઉતર્યા. બાપુસાહેબ રોજ બગીચામાં આવતા. તેમણે આવા શુદ્ધ ચારિત્રવાળા અને નિયમધારી સંતને જોયા અને તેમને સ્વામી ઉપર ખૂબ ભાવ થયો. સ્વામીના મુખેથી કથાવાર્તા સાંભળી. શ્રીહરિનો મહિમા સાંભળી તેઓ સ્વામી ઉપર રાજી થયા અને તેમણે સ્વામીને પોતાના બંગલામાં ઉતારાની વ્યવસ્થા કરી દીધી. સ્વામીના વાણીવર્તનની બાપુસાહેબ ઉપર ખૂબ અસર થઈ. તેમણે સંતોના કઠિન વર્તમાન જોયા. તેમની અલૌકિક વાત સાંભળીને, તેમને સાચા સંતના રૂપમાં ઓળખ્યા. પોતે મરાઠા બ્રાહ્મણ હતા. જીવ સારો હતો. સ્વામીમાં હેત થવાથી તેઓ સ્વામી પાસે વર્તમાન ધારણ કરી સત્સંગી થયા અને સત્સંગના બધા નિયમો તેમણે રાખ્યા. (૫)

સ્વામી ૬ માસ સુધી પુનામાં રોકાઈને બાપુ ગોખલેને સત્સંગ કરાવ્યો. ગામના બીજા લોકો પણ સ્વામીને સાંભળવા આવતા. (૫)

સ્વામી અન્ય સંતો સાથે ગામડે સત્સંગ વિચરણ કરવા જતા. એકવાર શ્રીહરિ જેતલપુર આવ્યા. ત્યાં મહોલમાં ઉતર્યા. જેતલપુરના તળાવમાં સંતો સાથે સ્નાન લીલા કરી.

સંતોની જોળીમાં રજોગુણી પદાર્થો હોય છે તેવું દ્વૈષી લોકોએ કહેતા મહારાજે બધા સંતોની ઝોળી મંગાવીને તપાસી પણ નિર્મામાનંદ સ્વામી કે કોઈ સંતોની ઝોળીમાં એવું કશું નીકળ્યું નહિ. આમ, સ્વામીના મંડળના સંતો ત્યાગવૃત્તિવાળા હતા. (૬)

શ્રીહરિ કારિયાણીથી બોટાદ પધારેલ. સંતોના વર્તમાન અને ત્યાગ રુચિની શ્રીહરિ ઘણી વાર પરીક્ષા કરતા અને પૂછતા. ત્યારે શ્રીહરિએ સભામાં મુનિઓને પૂછ્યું કે, જીવતા સુધી ગાડામાં નહિ બેસવાનો જેણે નિર્ધાર કર્યો હોય તે ઊભા થઈને બોલો. ત્યારે નિર્માનાનંદ સ્વામી ઊભા થયા અને કહ્યું કે, જીવતા સુધી હું

ગાડામાં બેસીશ નહિ. મને તાવ આવે અને ભાન ન રહે ત્યારે કોઈક ગાડામાં નાખે તો પણ ભાન આવતાની સાથે ગાડામાંથી ઊતરી જઈશ. ત્યારે શ્રીહરિ સ્વામીનું વચન સાંભળી તેમના ત્યાગ વૈરાગ્ય ઉપર ખૂબ રાજી થઈ આશીર્વાદ આપ્યા અને કહ્યું કે, આ મુનિ બહુ શૂરવીર છે. (૭)

સ્વામીએ શ્રીહરિને વચનામૃતમાં જ્ઞાનસભર પ્રશ્નો પૂછેલા છે :

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૭૮મું :**

...ભગવાન અને ભગવાનના સંત તેને વિષે દોષબુદ્ધિ ન આવે તેનો શો ઉપાય છે ?

પછી નિર્માનાનંદ સ્વામી અને નાના પ્રજ્ઞાનંદ સ્વામીએ મળીને પ્રશ્ન પૂછ્યો જે :

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને વિષે ભગવાનની મૂર્તિ અખંડ કેમ જણાય ?

★ **પાદટીપ :**

(૧) **ભક્તચિંતામણિ** પ્રકરણ ૫૪

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : 3** જૂનાગઢ મંદિર, વાર્તા નં. ૬૭

(૩) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન પ્રસ્તાવનાના પાના નં. ૨૪

(૪) **અદ્‌ભૂતાનંદ સ્વામીની મૂળ વાતો - કુંડળ :** પ્રસ્તાવનાના પાના નં. ૧૪

(૫) **હરિચરિત્રામૃત સાગર ભાગ : ૬** પુર-૧૫, તરંગ-૩૪-૩૫-૩૬ (આધારાનંદ સ્વામી ગ્રંથ - શાસ્ત્રી જ્ઞાન પ્રકાશદાસજી સ્વામી, ગાંધીનગર)

(૬) **શ્રીહરિચરિત્રામૃત સાગર ભાગ-૭**, પુર-૧૭, તરંગ-૪૮

(૭) **શ્રીહરિચરિત્રામૃત સાગર ભાગ : ૫**, હરિપ્રકાશ શાસ્ત્રી, ગાંધીનગર : પુર-૨૩, તરંગ-૮૦. તથા

સંતસુમન સ્રજ : પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૮૯

(૮) **જ્ઞાનોદય સામયિક વર્ષ** : એપ્રિલ-૨૦૦૪, ગુરુકુલ, ગાંધીનગર

●

૨૧. શ્રી પ્રજ્ઞાનંદ સ્વામી (નાના)

ગઢડા પ્રથમના ૭૮માં વચનામૃતમાં નાના પ્રજ્ઞાનંદ સ્વામી અને નિર્માનાનંદ સ્વામી બંનેએ મળીને શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે,

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને વિષે ભગવાનની મૂર્તિ અખંડ કેમ જણાય ?

નાના પ્રજ્ઞાનંદ સ્વામી વિદ્યાર્થી સંત હતા તેના જીવન વિષે જાણીએ :

સ્વામીનું ધ્યાનનું અંગ હતું. તેઓ અખંડ ધ્યાન કરતા. તેઓ નિષ્કપટી, નિર્માની અને ધર્મનિષ્ઠ સંત હતા. તેમને સમાધિનું સુખ મળતું. જ્યારે જ્યારે સમાધિમાં જાય ત્યારે શ્રીહરિ પાસેથી દિવ્ય ગુલાબના ફૂલ, સાકર, લીલા તાજા લવિંગ, મગજ વગેરે અક્ષરધામની અલૌકિક વસ્તુઓ લાવતા. આ જોઈ સૌને ખૂબ આશ્ચર્ય થતું. (૧)

એકવાર કોઈકે ગોપાલજી મહારાજને કહ્યું કે, પ્રજ્ઞાનંદ સ્વામી સમાધિનો દંભ કરે છે અને લોકોને પ્રસાદીની વસ્તુ લાવીને ભરમાવે છે. (૧)

આથી ગોપાળજી મહારાજે સ્વામીને પૂછ્યું કે, તમને સમાધિ થાય છે તો આ વાત ચકાસવી છે. માટે હવે તમે સમાધિમાં બેસો ત્યારે ફક્ત કૌપીનભેર જ બેસો અને અમે કહીએ તે વસ્તુઓ ધામમાંથી લાવી આપો તો તમારી સમાધિ સાચી માનીએ. તેથી સ્વામી કૌપીનભેર સમાધિમાં બેઠા અને કહેલી વસ્તુઓ લાવી આપી. તેથી ગોપાળજી મહારાજે સ્વામીની સમાધિ સાચી માની. (૧)

એક સમયે નિત્યાનંદ સ્વામીએ પણ સ્વામીને સમાધિમાં બેસાડી તેમની પાસે લીલા લવિંગ મંગાવેલ અને સ્વામીએ તે લાવી આપ્યા. આથી નિત્યાનંદ સ્વામીને પણ સ્વામીની સમાધિની વાત સાચી માની. (૧)

નાના પ્રજ્ઞાનંદ સ્વામી ગોપાળાનંદ સ્વામીના મંડળમાં હતા. તેઓ વડોદરા રહેતા અને વડોદરા મંદિરના મહંત પદે હતા. તેઓ અતિ સમર્થ હતા. (૧)

સ્વામીએ સં. ૧૯૩૦ની સાલમાં પવિત્રાનંદ સ્વામીને વડોદરા બોલાવીને વડોદરામાં શિખરબંધ મંદિર બંધાવેલ. ત્યારે રામેશ્વરભાઈ વગેરે ભક્તોનો ખૂબ સાથ-સહકાર મળેલ તથા સયાજીરાવ સરકારની પણ સંપૂર્ણ મદદ મળેલ. (૧)

પ્રજ્ઞાનંદ સ્વામીના મુકુંદ ચરણદાસ સ્વામી વગેરે શિષ્યો હતા. (૧)

સંપ્રદાયમાં બે પ્રજ્ઞાનંદ સ્વામી થઈ ગયા. એક મોટા પ્રજ્ઞાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીના શિષ્ય હતા અને વડતાલમાં રહેતા. (૧) જેઓ મેથાણના હતા તથા તેમના પિતાનું નામ હરજી પટેલ હતું.

જ્યારે એક નાના પ્રજ્ઞાનંદ સ્વામી હતા. જેઓ લોયાના વતની હતા અને ગોપાળાનંદ સ્વામીના શિષ્ય હતા અને તેમના મંડળમાં રહી કથાવાર્તા કરતા. તેઓ વડોદરા મંદિરના મહંત હતા અને સમાધિનિષ્ઠ અને અતિ સમર્થ હતા. જેઓએ મહાપ્રતાપી પવિત્રાનંદ સ્વામીને સાથે રાખીને વડોદરામાં શિખરબંધ મંદિર બંધાવેલ. તેઓ સં. ૧૯૨૯ની સાલમાં ધામમાં ગયા. (૨)

★ **પાદટીપ :**

(૧) **જ્ઞાનોદય સામયિક :** વર્ષ-૨૦૦૪, ગાંધીનગર ગુરુકુલ.

(૨) **મંજુકેશાનંદ સ્વામીકૃત નંદમાળા :** વિવેચક : રામજીભાઈ વાગડીયા, મંદિર જૂનાગઢ પ્રકાશન, વર્ષ-૨૦૧૧, પાના નં. ૧૭ તથા
સંતસુમન સ્રજ : પ્રભુશાસ્ત્રી. સ્વામિ. મંદિર, જૂનાગઢ, વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૭૭

•

૨૨. શ્રી શિવાનંદ સ્વામી

સંપ્રદાયના ચાર શિવાનંદ સ્વામી હતા, જેમાંના વચનામૃતના નાના અને મોટા બંને શિવાનંદ સ્વામીના પ્રશ્નો છે... તેમાંથી એક...

પૂર્વાશ્રમનું નામ : સુંદરજી (નાના શિવાનંદ સ્વામી)
ગામ : ભાદરા
પિતાશ્રીનું નામ : ભોળાભાઈ
માતુશ્રીનું નામ : સાકરબાઈ
જન્મ : વિક્રમ સંવત ૧૮૪૪
અટક : શર્મા
મોટાભાઈનું નામ : મૂળજી શર્મા (ગુણાતીતાનંદ સ્વામી)

સંપ્રદાયમાં એક કરતા વધારે શિવાનંદ સ્વામી થઈ ગયા. એક નાના શિવાનંદ સ્વામી તરીકે ઓળખાતા જેઓની વિગત મળેલ છે. નાના શિવાનંદ સ્વામી તેમના મોટા ભાઈ ગુણાતીતાનંદ સ્વામી સાથે જૂનાગઢમાં જ રહેતા.

ભાદરાના ભક્ત સુતાર વશરામના ઘરે શ્રીહરિ સં. ૧૮૬૮માં પધારેલ. તે સમયે તેમને કહેલ કે તમે અન્નનો સંગ્રહ કરજો, કેમકે ઓગણતેરો (સં. ૧૮૬૯) દુકાળ પડવાનો છે. પણ વશરામ સુતારથી તે વચન મનાયું નહિ. પછી દુકાળમાં દાણા ખૂટ્યા એટલે શ્રીહરિ પાસે ગઢડા આવ્યા ત્યારે મહારાજે તેને ઉપાય સૂચવ્યો. પછી સુતાર ઘરે જવા તૈયાર થયા ત્યારે મહારાજે વશરામ સુતારને કહ્યું કે, તમે ભાદરા જઈને વિપ્ર સુંદરજીને કહેજો કે તમને મહારાજે ગઢડા તેડાવ્યા છે. પછી સુંદરજી ગઢડા આવ્યા ત્યારે મહારાજ કહે, કેમ આવ્યા ? ત્યારે કહે સાધુ થવા. મહારાજે પૂછ્યું કે, કોઈ સંબંધીની ઉપાધિ નથી ને ? ત્યારે કહે : 'ના.' પછી મહારાજે તેમને સાધુ કર્યા અને શિવાનંદ સ્વામી નામ પાડ્યું. આ સુંદરજી તે ગુણાતીતાનંદ સ્વામીના નાના ભાઈ થાય. (૧)

તેમને લોયા નિત્યાનંદ સ્વામી પાસે સંસ્કૃતનો અભ્યાસ કરવા મોકલ્યા. ત્યાં તેઓ લઘુ સિદ્ધાંત કૌમુદી વ્યાકરણનો અભ્યાસ કરતા હતા. ત્યારે મહારાજે સૌ નાના વિદ્યાર્થી સંતોને આજ્ઞા કરેલ કે સાંજે આરતી, સ્તુતિ થયા બાદ એક એક સંતે કથા કરવી. આ રીતે મહારાજે કથા કરાવી અને સંતો ઉપર ખૂબ રાજી થયા. તેમની પ્રશંસા કરી હાર પહેરાવી આશીર્વાદ આપેલ. તે સમયે નાના શિવાનંદ સ્વામી વેદાંત, પુરાણ વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરતા. (૨)

નાના શિવાનંદ સ્વામીનો એક સુંદર પણ રમૂજી જેવો પ્રસંગ છે. સ્વામી બહુધા જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી સાથે રહેતા. તે વખતે મંદિરના બાંધકામનું કાર્ય શરૂ હતું. મંદિરના શિખરનું કામ અધૂરું હતું તે સમયે ભારે પથ્થરો ઉપર ચડાવવા માટે કંપો બાંધવાનો હતો. એ કામ પાર્ષદ પીઠા ભગતને સારું ફાવતું. ગુણાતીતાનંદ સ્વામી તેને અગાઉ કોઈ સેવાકાર્ય બાબત વઢ્યા હતા તેથી તે રીસાયો હતો. સ્વામીએ તેને કંપો બાંધવા માટે કહ્યું, પણ તે માન્યો નહીં. તેથી પથ્થરો ચડાવવાનું કામ ખોરંભે પડ્યું. (૩)

તેવામાં નાના શિવાનંદ સ્વામી આવ્યા તેણે આ જોયું, તેમને અને આ કોળી પાર્ષદ સાથે પૂર્વાશ્રમની ભાઈબંધી હતી. તેથી ઘણી વાર બંને એકબીજાને હેતથી અને મજાકમાં, એકવચનથી બોલાવતા. તેથી શિવાનંદ સ્વામી પેલા પાર્ષદને બોલાવવા ગયા અને કહ્યું, ઉઠ, એય કોળકા ! હાલ્ય કંપો બાંધવા ! પેલાને સ્વામી સાથે હેત, તેથી ઊભો થયો અને તેવી જ ભાષામાં બોલ્યો : 'હાલ લંગોટા. તું કહે છે તો આવું છું.' પાર્ષદ શિવાનંદ સ્વામીને તે મજાકમાં લંગોટો કહેતા. (૩)

અને કંપો બાંધવાનું કામ પાર્ષદે પૂરું કર્યું અને મંદિરનું કામ આગળ ચાલ્યું. (૩)

આમ, શિવાનંદ સ્વામીની વ્યવહારકુશળતા કામ કરી ગઈ.

તે સમયે મંદિરના બાંધકામમાં ઈમારતી લાકડાની જરૂર પડતી. તેથી સંતો સવારે ગીરના જંગલમાં લાકડા લેવા જતા. એકવાર સ્વામી સંતો સાથે લાકડા કાપવા ગયા ને મોડું થઈ ગયું. ઉનાળાનો સખત તાપ હતો. તેથી સ્વામીને ખૂબ તરસ લાગી. રસ્તામાં નદી આવી પણ મહારાજની મૂર્તિ સાથે લેવાનું ભૂલી ગયેલા તેથી મૂર્તિને ધર્યા વગર જળપાન કેમ કરવું ? અતિ તરસથી સ્વામી વ્યાકુળ થઈ વૃક્ષ નીચે બેસી ગયા. (૩)

સંતોને આવતા મોડું થયું એટલે ગુણાતીતાનંદ સ્વામી સંતો સામે જંગલમા ગયા. તેમણે સ્વામીને તરસથી વ્યાકુળ થયેલા જોયા અને તુરત જ પોતાના રૂમાલમાં રાખેલો શ્રીહરિની પ્રસાદીનો દાતણનો કટકો કાઢી જળમાં બોળ્યો અને એ પ્રસાદી જળ સ્વામીને પીવડાવી સ્વસ્થ કર્યા. (૩)

શિવાનંદ સ્વામીને ઉતાવળે ચાલવાની ટેવ હતી અને તેનું મનમાં સ્હેજ અભિમાન હતું કે મારા જેવી કોઈની ઉતાવળી ચાલ નહીં. ગુણાતીતાનંદ સ્વામીના નજરમાં આ વાત આવી. એક વખત ગુણાતીતાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામી હાટીના માળીયા ગયેલા. ત્યાં બપોરે ઠાકોર જમાડીને તુરત જૂનાગઢ જવા બંને ચાલ્યા. ગુણાતીતાનંદ સ્વામી બહુ જ ઉતાવળી ચાલે ચાલવા લાગ્યા. ત્યારે શિવાનંદ સ્વામી કહે, સ્વામી ધીરેથી ચાલો. છતાં સ્વામી જૂનાગઢ સુધી તે જ ચાલે ચાલ્યા. બંને છેક રાત્રે જૂનાગઢ પહોંચ્યા. ત્યારે શિવાનંદ સ્વામી કહે, આજ તો તમે મને ઝડપથી ચલાવી થકવી દીધો. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી મર્માળુ હસીને બોલ્યા : 'તમને ઝડપથી ચાલવાનું અભિમાન હતું ને ? તેથી મારે આમ કરવું પડ્યું.' આમ, સ્વામીને તેની ભૂલ ઓળખાવી ચોખ્ખા કર્યા. (૩)

★ **મંજુકેશાનંદ કૃત નંદમાળામાં શિવાનંદ સ્વામી અંગેનો ઉલ્લેખ છે:**

'શિવાનંદ શાસ્ત્રી પે'લા કહ્યા રે, બીજા ચાર કે'વાના તે રહ્યા રે,
એમાં એક ઓચ્છવિયા પુરાણી રે, બીજા જૂનાગઢી એંધાણી રે.' (૧)

(૧) શિવાનંદ સ્વામી ઉત્સવીયા હતા. પુરાણી, કથાકાર હતા.
(૨) બીજા શિવાનંદ સ્વામી જૂનાગઢી હતા (જે નાના શિવાનંદ સ્વામી)
(૩) ત્રીજા શિવાનંદ સ્વામી સાંકળીવાળા.
(૪) ચોથા શિવાનંદ સ્વામી નિર્માની. (૪)

સંપ્રદાયના પુસ્તકોમાં એક શિવાનંદ સ્વામી શ્રીહરિ પાસે કીર્તન ભક્તિ કરતા તેવો ઉલ્લેખ છે. જેથી તેઓ ઉત્સવીયા હશે તેમ માની શકાય.

બીજા શિવાનંદ સ્વામીને શ્રીહરિ ધોરાજી ફૂલદોલ ઉત્સવ કરવા પધારેલ ત્યારે સન્યાસીની દીક્ષા આપેલ.

મોટા શિવાનંદ સ્વામીની વિગત ગ્રંથોમાંથી પ્રાપ્ય બની નથી.

મોટા શિવાનંદ સ્વામીના પૂર્વાશ્રમની માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી, પરંતુ વચનામૃતમાં શ્રીહરિએ તેમને મોટેરા કર્યા છે તેવો પ્રસંગ મળે છે. તે ઉપરાંત

પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં પણ તેમનો આછેરો ઉલ્લેખ છે, જે જાણીએ :

વચનામૃતમાં જયાં નાના કે મોટા શિવાનંદ સ્વામી લખેલ નથી તે મોટા શિવાનંદ સ્વામી છે તેમ પ્રશ્ન ઉપરથી અનુમાન કરી લખેલ છે.

★ **ગઢડા પ્રથમનું ૫૭મું :** સત્સંગમાં રહેવાનો ખપ છે તો પણ કોઈક અયોગ્ય સ્વભાવ છે તે કેમ ટળતો નથી ?

★ **ગઢડા પ્રથમનું ૭૮મું :** જેને ભગવાનનો અચળ નિશ્ચય હોય તે કેમ ઓળખાય ?

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :**

.... તે મુનિના વચન સાંભળીને શ્રીજી મહારાજ અતિશય રાજી થયા અને આત્માનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામી એ ચાર જણાને રાજી થઈને હૃદયને વિષે ચરણારવિંદ દીધા અને એમ બોલ્યા જે જેમ મહાનુભાવાનંદ સ્વામી આદિક જે મોટેરા છે તે ભેળા આ ચાર પણ છે માટે એમનું કોઈને અપમાન કરવા દેશો મા. એમ મુક્તાનંદ સ્વામી આદિક જે મોટેરા સાધુ તેમને ભલામણ કરી.

★ **કારિયાણીનું બીજું :** મોટા શિવાનંદ સ્વામીએ મોટા યોગાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, કર્મ મૂર્તિમાન છે કે અમૂર્ત છે ?

★ **ગઢડા અંત્યનું ૧૪મું :** ભગવાનનો ભક્ત તો હોય પણ જેને શ્રીહરિ કહ્યું એવો જે સાર-અસારનો વિવેક તે ન હોય ને વૈરાગ્ય પણ ન હોય તેને એવો વિવેક... બીજા પદાર્થમાં વૈરાગ્ય તે કેમ થાય ?

(૨) બુદ્ધિમાન તો બેય પુરુષ છે... એ બેમાં કયો શ્રેષ્ઠ છે ?

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :**

પછી નાના શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે; સત્સંગને વિષે અચળ પાયો જેનો હોય તે કેમ ઓળખાય ?

અને માન, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર અને ઈર્ષા ઇત્યાદિક જે શત્રુ તે કયે પ્રકારે નાશ પામે છે ?

★ **વચનામૃત કારિયાણીનું ૨જું :**

શ્રીજી મહારાજની આજ્ઞાએ કરીને નાના નાના પરમહંસ આગળ આવીને

પ્રશ્ન ઉત્તર કરતા હતા. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે અમે એક પ્રશ્ન પૂછીએ : એકની બુદ્ધિ તો એવી છે જે, જે દહાડાથી સત્સંગ કર્યો હોય તે દહાડાથી ભગવાનનો તથા સંતનો અવગુણ આવે ખરો પણ રહે નહિ, ટળી જાય પણ ...સત્સંગ મૂકીને કોઈ દિવસ જાય નહિ, શા માટે ?

...એ પ્રશ્ન નાના શિવાનંદ સ્વામીને પૂછીએ છીએ.

★ વચનામૃત લોયાનું પ્રથમ :

પછી નાના શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ક્યારેક તો ભગવાનના ભક્તનો મહિમા અતિશય સમજાય છે ને ક્યારેક તો અતિશય સમજાતો નથી તેનું શું કારણ છે ?

★ વચનામૃત લોયાનું પહેલું :

ત્યાર પછી મોટા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ભગવાનનો નિશ્ચય તો સંપૂર્ણ હોય તો પણ અંતરમાં કૃતાર્થપણું મનાતું નથી તેનું શું કારણ છે ?

★ વચનામૃત લોયા : 3

નાના શિવાનંદ સ્વામી લોયામાં અભ્યાસ કરતા હતા તેથી તેમણે આ પ્રશ્ન પૂછ્યો હશે કે, (૨)

તે સમયને વિષે શ્રીજી મહારાજને ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેના શા લક્ષણ છે ?

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧૪મું :

(આ વચનામૃતમાં મોટા મોટા સંતોએ પ્રશ્નો પૂછેલા છે તે સાથે શિવાનંદ સ્વામીએ પણ પ્રશ્ન પૂછ્યો છે તેથી આ પ્રશ્ન મોટા શિવાનંદ સ્વામીએ પૂછ્યો હશે તેમ અનુમાન કરાય છે.)

પછી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, ભગવાનનો ભક્ત તો હોય પણ જેને શ્રીજી મહારાજે કહ્યું એવો જે સાર-અસારનો વિવેક તે ન હોય ને વૈરાગ્ય પણ ન હોય તેને એવો વિવેક તથા ભગવાન વિના બીજા પદાર્થમાં વૈરાગ્ય તે કેમ થાય ?

જેતલપુરમાં સંતો સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા. તેમાં મોટા શિવાનંદ સ્વામી અને પ્રસાદાનંદ સ્વામીને શ્રીમદ્ ભાગવતનો પંચમસ્કંધ ભણવાનો પૂરો

થયો તેથી તેમને શ્રીહરિની પૂજા કરવાનો સંકલ્પ થયો. આથી તેઓ શ્રીહરિ પાસે ગયા અને પૂજા કરવાનો સંકલ્પ જણાવ્યો ત્યારે શ્રીહરિ રાજી થયા અને કહ્યું કે, તમને કોણ ભણાવે છે ? ત્યારે કહે, નિત્યાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામી. ત્યારે મહારાજે તે બંને સંતોને બોલાવ્યા. પછી આ ગુરુ અને શિષ્ય સંતોએ શ્રીજીની પૂજા કરી, હાર પહેરાવ્યા, નવી કંઠી પહેરાવી અને દંડવત્ કરી મહારાજના ચરણ પોતાની છાતી ઉપર ચાંપ્યા. પછી મહારાજ પણ તેમના ઉપર રાજી થયા, આશીર્વાદ આપ્યા અને કહ્યું કે, તમારા લહિયા પાસે ભાગવતના પંચમ સ્કંધ લખાવી મને આપજો. **(૫)**

સ્વામી સં. ૧૯૨૮ની સાલમાં જૂનાગઢમાં અક્ષરવાસી થયા. (૩)

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભા. ૩, વાર્તા નં. ૪૦૪.૨, પાના નં. ૩૨૨-૩૨૩. અંકલેશ્વર ગુરુકુલ વર્ષ ૨૦૧૫

(૨) **સંત સુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, પરિશિષ્ટ-૧, પાના નં. ૨૨૫, વર્ષ : ૨૦૦૪

(૩) **સોરઠી સંતો**, પ્રભુ શાસ્ત્રી, જૂનાગઢ મંદિર, વર્ષ ૨૦૦૮, પાના નં. ૧૦૮થી ૧૦૯

(૪) **મંજુકેશાનંદ** સ્વામીકૃત નંદમાળા, સ્વામિનારાયણ મંદિર, પ્રકાશન વર્ષ ૨૦૧૧, પાના નં. ૯૧.

(૫) **પ્રસાદાનંદ સ્વામીની વાતો.** ઉત્તરાર્ધ, કુંડળ ધામ : વર્ષ-૨૦૧૫, પાના નં. ૧૨૪૪, વિશ્રામ-૧૦૫.

• • •

૨૩. શ્રી દહરાનંદ સ્વામી

દહરાનંદ સ્વામી વિષે જાણીએ તો :

સ્વામીનું પૂર્વાશ્રમનું નામ દાહાભાઈ હતું. તેઓ જૂનાગઢ જિલ્લાના સૂત્રેજ ગામના હતા. તેમની જ્ઞાતિ કડીયા કુંભાર હતી. તેમની અટક જેઠવા. પિતાનું નામ પિતાંબરભાઈ તથા માતાનું નામ કાનુબાઈ હતું. (૧)

સં. ૧૮૭૯માં શ્રીહરિ પંચાળા ફૂલદોલ ઉત્સવમાં આવેલા. ત્યારે સૂત્રેજથી કાનુબાઈ અને તેમના પુત્રો પંચાળા આવેલ અને શ્રીહરિને સૂત્રેજ પધારવા વિનંતી કરેલ. પછી એકવાર મહારાજ સૂત્રેજ પધાર્યા અને કાનુબાઈ પાસે પોતાની વહાલી વસ્તુ આપવાની માગણી કરી. બાઈને તો સૌથી વહાલી વસ્તુ પોતાના ચાર દીકરા હતા. તેમાંથી તેમણે બે દીકરા દાહા અને પ્રેમજીનો હાથ શ્રીહરિને સોંપ્યો અને બે દીકરા કાનુબાઈએ પોતાની સેવામાં રાખ્યા. શ્રીહરિ આ પુત્રોને ગઢડા લઈ ગયા અને દાહાભાઈને દીક્ષા આપી તેનું નામ દહરાનંદ સ્વામી રાખ્યું અને પ્રેમજીભાઈનું નામ પ્રસાદાનંદ સ્વામી રાખ્યું. આમ, શ્રીહરિ કાનુબાઈ ઉપર ખૂબ રાજી થયેલા. (૧)

એકવાર શ્રીહરિ ગઢડામાં વિરાજતા હતા તે દરમ્યાન સત્સંગિજીવનની કથા સમાપ્તિ બાદ મહાભારતમાં એક શ્લોક આવે છે કે, (૨)

मृतचारणी महिष हंस शुक स्वभावा: એટલે કે નીરક્ષીરભાવ વિવેકયુક્ત સ્વભાવ.

તે ભીષ્મ પિતાએ યુધિષ્ઠિર પ્રત્યે કહ્યું છે કે, સભામાં બેસનારા મનુષ્યના અંગ ૧૪ પ્રકારના હોય છે. તે ઉપર શ્રીહરિએ સંતોને પૂછ્યું કે, સત્સંગમાં તમારું જે અંગ હોય તે કહો. ત્યારે સર્વે સંતોએ પોતપોતાના અંગ કહ્યા તેના ઉપરથી મહારાજે કોઈનો જળ જેવો સ્વભાવ, કોઈને કાગ જેવી દૃષ્ટિ વગેરે વાત કહી. પછી શ્રીહરિએ દહરાનંદ સ્વામીને તેમના અંગ વિષે પૂછ્યું ત્યારે સ્વામી કહે,

અમારે બોલવામાં અમારું વચન જો ઉપર આવે તો અમને શાંતિ રહે. નહીં તો ઉદ્વેગ રહે. (એટલે કે અમારું વચન માને તો મનને શાંતિ રહે) ત્યારે મહારાજ કહે એ તો ક્ષાત્ર પ્રકૃતિ (ક્ષત્રિય સ્વભાવ) કહેવાય. (૨)

આમ, મહારાજ સૌના સ્વભાવની પરીક્ષા કરતા.

સ્વામીએ લહિયા તરીકેની પણ સેવા બજાવી છે. શ્રીહરિ કહે તેમ મહારાજની જ્ઞાન વાર્તા શુકાનંદ સ્વામી, આધારાનંદ મુનિ, શાંતમુનિ, દહરાનંદ સ્વામી યાદ રાખી શ્રદ્ધાપૂર્વક લખી લેતા. (૩)

શ્રીહરિને સ્વામીએ વચનામૃતમાં જ્ઞાનવિષયક ગૂઢ પ્રશ્ન પૂછ્યો છે :

★ ગઢડા પ્રથમનું ૭૮માં વચનામૃત :

ભગવાન તો અક્ષરાતીત છે. તે મન-વાણી થકી પર છે અને સર્વેને અગોચર છે. તે સર્વેને પ્રત્યક્ષરૂપે દેખાય છે તેનો શો હેતુ છે ?

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રકાશક અને લેખક : પ્રભુશાસ્ત્રી, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ પાના નં. ૬૮થી ૭૦

(૨) **સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો** (ઉત્તરાર્ધ) વિશ્રામ : ૭૦ પાના નં. ૭૭૦ કુંડળ પ્રકાશન. તથા

સત્સંગની શુભ વાર્તા ભાગ : ૪ સ્વામિ. ગુરુકુલ રાજકોટ, પાના નં. ૧૧૫થી ૧૨૧

(૩) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૨૧, તરંગ-૩.

●

૨૪. શ્રી લક્ષ્મણાનંદ સ્વામી તથા શ્રી નાના આત્માનંદ સ્વામી

આત્માનંદ ભગવદાનંદ સુધીર, શિવાનંદ યોગાનંદ ગંભીર
ચારેયને ચરણ સ્વામીએ દીધા, જાણી ગુણવાન મોટેરા કીધા.

- નંદમાળા - મંજુકેશાનંદ

ગઢડામાં શ્રીહરિ હતા ત્યારે લક્ષ્મણાનંદ સ્વામી તથા નાના આત્માનંદ સ્વામી વગેરે નાના સંતો જે સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા તેને શ્રીહરિએ બોલાવ્યા અને પ્રશ્નો પૂછવાનું કહ્યું. શ્રીહરિ સંસ્કૃતના અભ્યાસનો ખૂબ આગ્રહ રાખતા કેમકે આદિ શાસ્ત્રો તથા સંપ્રદાયના જ્ઞાનસભર શાસ્ત્રો સંસ્કૃતમાં લખાવેલા છે. તેનો જો અભ્યાસ કરવામાં આવે તો ભગવાન સંબંધી અને જ્ઞાનસંબંધી ખૂબ સમજણ આવે. અને આ શાસ્ત્રોથી જ સંપ્રદાયનું પોષણ થાય છે. તેથી શ્રીહરિ નાના સંતો પાસે સંસ્કૃતના ગ્રંથોની કથા કરાવતા. સંસ્કૃતના શ્લોકના ઉચ્ચારમાં કંઈ ભૂલ થાય તો મહારાજ પોતે સ્પષ્ટ ઉચ્ચાર શીખવતા અથવા તો નિત્યાનંદ સ્વામી પાસે મોકલતા. કથા કરનાર સંતને શ્રીહરિ રોજ પ્રસાદીનો હાર પહેરાવી આપતા અને કહેતા કે, શાસ્ત્રોનો અભ્યાસ કરશો તો તમારો સત્સંગ ટકશે. તમારા દ્વારા સત્સંગની વૃદ્ધિ થશે. એવા આશીર્વાદ આપતા.

તે સમયમાં નાના આત્માનંદ સ્વામીએ **ગઢડા પ્રથમના ૭૮**માં શ્રીહરિને પ્રશ્ન પૂછેલ છે કે, ‘ભગવાન અને ભગવાનના સંત તે કોઈકને તો નિઘડક થઈને જેમ કહેવું ઘટે તેમ કહે છે અને તેની કોરનો એમ ભરૂંસો આવે છે જે, આનું માન કે તિરસ્કાર કરીશું. તો પણ કોઈ રીતે તે પાછો નહિ પડે. એવો જે ભરૂંસો તે ભગવાન અને સંતને કેમ આવે ? પછી બીજો પ્રશ્ન પૂછ્યો કે, જે સંતને પાસે રહેતા હોઈએ તેને જેવું આપણા ઉપર હેત હોય તેવું સમગ્ર સંતને કેમ રહે ?

નાના આત્માનંદ સ્વામી વિદ્વાન હતા. વચનામૃતમાં તેઓશ્રીના પ્રશ્નોત્તર છે. શ્રીહરિએ તેમને સદ્‌ગુરુ પદવી આપેલી છે. આ હકીકત વચનામૃતમાં છે. (૧)

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી, સ્વામિ. મંદિર, જૂનાગઢ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૫૩-૧૫૪

૨૫. શ્રી પરમાત્માનંદ સ્વામી

મંજુકેશાનંદ કૃત નંદમાળામાં લખેલ છે :

'પરમાત્માનંદ સુધીર.' આ સ્વામી વિરમગામના હતા.

આ સંત વડતાલ મંદિરમાં રહેતા. શ્રીહરિ ઉમરેઠ પધાર્યા ત્યારે તેની નોંધ સ્વામીએ લખેલી છે. (૧)

પરમાત્માનંદ સ્વામી વિષે જાણીએ.

નંદપંક્તિના આ સંત વચનસિદ્ધ સંત હતા. તેઓ વડતાલ રહેતા. હરિભક્તોને સત્સંગ કરાવવા ગામડે જતા. એકવાર પોતે કટોસણ ગામમાં ગયેલા. ત્યાં કોઈ રાયજી નામના ભક્તને સાથે લઈ સીમમાં નાવા ગયેલા. કુવામાં જોયું તો જળ મળે નહીં આ જોઈ સ્વામી બોલ્યા જે, આ નિર્જળ દેશમાં જળ ન મળે એ તો મહાદુઃખ કહેવાય. એમ ટકોર કરી. પછી પોતે દિશાએ ગયા. દિશાએ જઈને આવ્યા અને જોયું તો કુવો માથા સુધી ભરાઈ ગયેલો. બધા ભક્તોને આ જોઈ આશ્ચર્ય થયું. ગામમાં પાણીનું સુખ થઈ ગઈ, પણ કહેવાનું તાત્પર્ય એ કે સંતોના વચન શ્રીહરિ સિદ્ધ કરે છે. સંતને પાણીનું દુઃખ હતું તો શ્રીહરિએ એ દુઃખ દૂર કર્યું. આમ, આ સ્વામીનું વચન મહારાજે સાર્થક કર્યું. (૨)

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને **ગઢડા પ્રથમના ૭૮માં** જ્ઞાનસભર પ્રશ્ન પૂછેલ છે :

'સંતના એકાદશ સ્કંધમાં જે ત્રીશ લક્ષણ કહ્યા છે તે શો ઉપાય કરે તો આવે?'

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ.** પ્રભુશાસ્ત્રી, સ્વામિ. મંદિર, જૂનાગઢ પાના નં. ૧૯૨

(૨) **શ્રીહરિ ચરિત્રચિંતામણિ ભાગ : 3**, જૂનાગઢ મંદિર પ્રકાશન : ગ્રંથકર્તા : રૂગનાથચરણદાસજી વાર્તા નં. ૩૩૦, પાના નં. ૨૬૪

●

૨૬. શ્રી શાંતાનંદ સ્વામી

સંપ્રદાયમાં એક કરતા વધારે શાંતાનંદ સ્વામી છે.

મંજુકેશાનંદ કૃત નંદમાળામાં લખ્યું છે કે,

એક શાંતાનંદ મોટા જ્ઞાની રે, બીજા શાંતાનંદ ત્યાગી ધ્યાની રે,
ત્રીજા શાંતાનંદ તપ ધામ રે, ચોથા શાંતાનંદ અકામ રે.

તે પૈકી ત્યાગી ધ્યાની એવા શાંતાનંદ સ્વામી મહેસાણા જિલ્લાના માથાસુર ગામના હતા. તેઓ પટેલ કણબી હતા. શ્રીહરિ આ ગામમાં અનેકવાર પધારેલા છે. એકવાર શ્રીહરિ પધાર્યા ત્યારે ભક્તોએ તેમની ભાવપૂર્વક સેવા કરી. શ્રીહરિ પાછા વડતાલ ગયા ત્યારે આ ભક્ત પણ મહારાજ સાથે ગયા. ત્યાં થોડા દિ' સેવામાં રોકાયા. પછી શ્રીહરિને કહ્યું કે, મારે સાધુ થઈને તમારી સેવામાં રહેવું છે. શ્રીજીએ તેમને સ્વીકારીને સાધુ દીક્ષા આપી તેમનું નામ શાંતાનંદ સ્વામી રાખ્યું અને મુક્તાનંદ સ્વામીના શિષ્ય તરીકે તેમની સેવામાં જોડ્યા.

મુક્તાનંદ સ્વામીની સેવા કરી તેમનો રાજીપો મેળવ્યો. આથી તેમની ચિત્તવૃત્તિ શ્રીહરિના સ્વરૂપમાં સ્થિર થવાથી સમાધિ સ્થિતિને પામ્યા. સ્વામી ગામડે વિચરણ કરવા જતા. ત્યાં તેમને દિવસો સુધી સમાધિ રહેતી. તેથી સાથેના સંતોને ગામડે વિચરણ કરવા જતા શાંતાનંદ સ્વામીને મંદિરે મૂકીને બીજે ગામ જવું પડતું. આથી સંતોને મુશ્કેલી પડવા લાગી. આથી ગોપાળાનંદ સ્વામીના માર્ગદર્શન મુજબ સ્વામીને વડતાલ રાખતા. ત્યાં સ્વામી નાના વિદ્યાર્થી સંતોને કથાવાર્તા આદિક સંપ્રદાયની નીતિ-રીતિ શીખવતા. (૧)

શ્રીહરિ ગઢડામાં વિરાજતા ત્યારે તેમના સ્વમુખે બોલાયેલા વચનામૃતોને કાળજીપૂર્વક લખી લેવાની આજ્ઞા શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કરેલી. જે મુજબ મુક્તાનંદ સ્વામી શુકમુનિ, આધારાનંદ સ્વામી, શાંતાનંદ સ્વામીને આ જ્ઞાનવાતો લખી લેવાની આજ્ઞા કરતા. તેથી શાંતાનંદ સ્વામી આ

વાતો કાળજીપૂર્વક લખી લેતા. (૨)

શ્રીહરિ વડતાલમાં હતા ત્યારે સભામાં વાત કરી કે, ભગવાનના ભક્તને કોઈ રીતે કોચવવા નહીં અને સત્પુરુષ ઉપર હેત હોય તેમ કેમ જણાય ? તે ઉપર વાત કરી કે, ગોપાળાનંદ સ્વામીએ શાંતાનંદ સ્વામી પાસે ખરડો લખાવ્યો તે લખીને ગોપાળાનંદ સ્વામીને બતાવ્યો પણ સ્વામીએ તેમને ફરી વાર લખવા કહ્યું. શાંતાનંદ સ્વામી ફરી વાર લખીને લાવ્યા તો પણ ગોપાળાનંદ સ્વામીએ આ ખરડો બરાબર નથી લખ્યો તેમ કહી સભામાં તેમને વઢ્યા. આમ, તેમનું અપમાન જેવું થયું તો પણ શાંતાનંદ સ્વામી મૂંઝાણા નહીં અને દુઃખ પણ ન લગાડ્યું. ત્યારે ગોપાળાનંદ સ્વામી તેમના ઉપર ખૂબ રાજી થયા અને બોલ્યા કે, તમને હવે અમારામાં હેત થયું. તેમ મોટા ઉપર હેત હોય તો ખમાય અને જીવની પ્રકૃતિ ટળે અને મોટાનો રાજીપો મળે. (૩)

સ્વામીને શારીરિક પીડામાં તેમને બંધકોષ હતો અને અઠવાડિયે એક જ વાર બર્હિભૂમિ જવાનું થતું. સ્વામીએ મુક્તાનંદ સ્વામીની ખૂબ સેવા કરેલી. તેથી સ્વામીએ રાજી થઈને તેમને શ્રીહરિના ચરણાર્વિંદ તથા પ્રસાદીની ચીજો આપેલી. મુક્તાનંદ સ્વામી ધામમાં ગયા બાદ તેઓ ગોપાળાનંદ સ્વામી સાથે રહેતા.

એક સમયે ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ પધારેલ ત્યારે શાંતાનંદ સ્વામીને સાથે લઈ ગયેલ. ત્યાં બ્રહ્મસૂત્ર ભાષ્યની કથા વંચાતી હતી. પુસ્તક વંચાઈ ગયું ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બોટાદના શિવલાલ શેઠને કહ્યું કે, આ પુસ્તકની પૂજા કરો. પછી શેઠે સર્વે સંતોની પણ પૂજા કરી. ત્યારે શિવલાલભાઈએ પુસ્તકની પડખે શ્રીહરિની મૂર્તિ પધરાવી તેને લાલ શાલ ઓઢાડી. પુસ્તકની પૂજા કરી આરતી ઉતારી. તે સમયે મુક્તાનંદ સ્વામી સ્નાન કરવા ગયેલા તેથી તેમની પૂજા થઈ શકી નહિ. તે સમયે ગોપાળાનંદ સ્વામીએ કેશવદાસને સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યા. તેમણે જોયું કે શ્રીહરિની પૂજા ચંદન-કેસરથી થયેલ હતી અને લાલ વસ્ત્ર ઓઢાડેલું હતું. સર્વે મુક્તોની પૂજા થયેલી જોઈ. પણ મુક્તાનંદ સ્વામીની પૂજા થયેલી ન હતી. પછી કેશવદાસ સમાધિમાંથી બહાર આવ્યા અને તેમણે સભામાં પૂજનની વાત કરી અને કહ્યું કે, મુક્તાનંદ સ્વામીની પૂજા થયેલી જોવા ન મળી. પછી શાંતાનંદ સ્વામીને બોલાવી તેમની શિવલાલભાઈએ કેસર-ચંદનથી પૂજા કરી વસ્ત્ર ઓઢાડ્યું. પછી ફરી વાર કેશવદાસ સમાધિમાં ગયા અને

તેમણે મુક્તાનંદ સ્વામીની પૂજા થયેલી જોઈ. આ વાત સાંભળી શિવલાલભાઈને સંતોષ થયો.

શાંતાનંદ સ્વામીએ વડતાલમાં સાધુની ધર્મશાળામાં ગોપાળાનંદ સ્વામીના આસને મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીના નામથી મહારાજના ચરણાર્વિંદની બે-બે જોડ પધરાવી છે.

તેમના શિષ્ય ઘનશ્યામદાસજી, તેમના શિષય અક્ષરપુરુષોત્તમદાસજી અને તેમના શિષ્ય ગોપીનાથદાસજી હતા. (૪)

વચનામૃત ગઢડા પ્રથમના ૭૮માં સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે જે, એક તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય અને બીજો તો ભગવાનનું ભજન-સ્મરણ કરે, કથા-કીર્તન કરે ને સાંભળે. એ બે પ્રકારના જે ભક્ત તેમાં કયો શ્રેષ્ઠ છે ?

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી : જૂનાગઢ મંદિર, પાના નં. ૧૫૭

(૨) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** શા. હરિપ્રકાશ સ્વામી - ગાંધીનગર, પુર : ૨૧, તરંગ : ૩થી ૧૪, પાના નં. ૪૫૦

(૩) **શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ : ૩**, વાર્તા નં. ૬૫, શા. રૂગનાથ ચરણદાસજી સ્વામી : જૂનાગઢ મંદિર

(૪) **જ્ઞાનોદય મેગેઝિન**, ગાંધીનગર ગુરુકુલ અંક : જુલાઈ ૨૦૦૩

●

૨૭. શ્રી આધારાનંદ સ્વામી

સંપ્રદાયમાં આધારનંદ સ્વામી નામના બે સંતો હતા. તેવું **મંજુકેશાનંદ સ્વામીએ તેમના નંદમાળા** નામના પુસ્તકમાં લખેલ છે :

'આધારાનંદ બેઉના નામ, એક શિલ્પ વેત્તા ગુણધામ
બીજો તે ત્યાગી ભજે ભગવાન.'

એટલે કે એક શિલ્પકાર સંત હતા અને બીજા સંત ભગવાન ભજતા. આપણે શિલ્પકાર સ્વામી આધારાનંદ સ્વામીના જીવન વિષે જાણીએ :

સ્વામીનો જન્મ સં. ૧૮૫૫ જેઠ સુદ-૮ના રોજ થયેલો. (A)

મેમકા ગામના હંસરાજભાઈ સુથાર શ્રીહરિની આજ્ઞાથી પોતાના વતનનું ગામ છોડી ખોલડિયાદ જઈને વસેલા. તેમના ત્રણ પુત્રોમાં વિરજી ખૂબ ધાર્મિક વૃત્તિના હતા. તેમને સાધુ થવાની ઇચ્છા થતા માતા-પિતાની આજ્ઞા લઈ ગઢડા આવ્યા. શ્રીજીએ તેમની મુમુક્ષુતા પારખી તેમને દીક્ષા આપી આધારાનંદ સ્વામી એવું નામ આપ્યું. શ્રીજીના શરણે આવતા સ્વામીમાં અનેક કળાઓનો આવિર્ભાવ થયો. તેઓ કવિ, શિલ્પકાર, ચિત્રકાર, ગાયક, વાજિંત્રકાર, લેખક તથા સારા લહિયા પણ હતા. (૧)

જેતલપુરના તળાવનાં કાંઠે ઊભેલા શ્રીહરિ તથા શ્રીહરિની એક ચક્ષુની મૂર્તિ સ્વામીએ બનાવેલી છે. જે મૂર્તિઓ આજે પણ અનેક સંતો ભક્તોની પૂજામાં રહેલી છે. શ્રીહરિએ જૂનાગઢથી નારાયણજી સુતારને બોલાવી સ્વામી પાસે ત્રણ મૂર્તિ બનાવડાવી અને નારાયણજીભાઈએ લાકડામાં કોતરકામ કરી તેની છાપો બનાવી. એ છાપના આધારે કાગળ ઉપર હજારો મૂર્તિઓ છપાવી, જે મૂર્તિઓ આજે સંપ્રદાયમાં છે. **હરિલીલામૃત** (૮-૩૬-૪૦)માં વિહારીલાલજી મહારાજ કહે છે: (૧)

'આધારાનંદને છાપો આપી, કહ્યું કાગળમાં દેશો છાપી,
મુનિએ મૂર્તિઓ છાપી દીધી, પ્રેમે પૂજવા સૌ જને લીધી.'

અમદાવાદ મંદિરની હનુમાનજી મૂર્તિ પણ સ્વામીએ દોરી આપી પછી તે સલાટે પથ્થરમાં કોતરી આપેલ. કાલુપુર મંદિરમાં એ મૂર્તિ આજે પૂજાય છે. (૧)

વડનગરમાં હાટકેશ્વર મહાદેવમાં શ્રીહરિ પાસે ત્યાંના ગવૈયાઓએ ગાન કર્યું. ત્યારે શ્રીજીની ઇચ્છાથી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી વગેરે સંતોએ વાજિંત્રો સહિત ગાવણું કરીને પરોક્ષના ગવૈયાઓને મંત્રમુગ્ધ કરી દીધેલ. શ્રીજીના અષ્ટકવિઓમાં સ્વામી પણ એક હતા. (૧)

સ્વામી કવિતા કરતા ત્યારે આધારાનંદ સ્વામી એવું મોટું નામ અનુકૂળ ન થતા કાવ્યમાં તેઓ પોતાનું તખલ્લુસ નામ સિદ્ધાનંદ એવું લખતા. (૧)

પ્રસાદાનંદ સ્વામી પોતાના ગ્રંથ **શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત**ના વિશ્રામ ૩૮માં લખે છે કે, એક ચારણે ભાવનગર વજેસિંહજી પાસે જઈ તેનું કવિત રચી બાપુને સંભળાવ્યું તેથી રાજાએ તેને મોજમાં ઘોડું આપ્યું. ચારણ એ ઘોડુ લઈને ગઢડા ગયો અને શ્રીહરિને મળીને કહ્યું કે મને વજેસિંહજી આ ઘોડું કવિતાના બદલામાં આપ્યું. તમારી પાસે કોઈ એવા કવિ છે. જે મારા કરતા સારું કવિત કરતા હોય ? ત્યારે ગઢડામાં આધારાનંદ સ્વામી હાજર હતા, તેમણે શ્રીહરિનું કવિત કરીને ગાઈ બતાવ્યું જે સાંભળી ગઢવીનો ગર્વ ઊતરી ગયો. (૧)

'શ્રીહરિ કો સદન, મદન કહું કોટિ લજાવે,
શારદ નારદ શેષ મહેશ કોઉ પાર ન પાવે.
... સિદ્ધાનંદ સત્ય કહત હય જ્યાં નહિ માયા આડ,
'શ્રીહરિ કે સદન પર ઝૂક્યો જાંબુનકો ઝાડ.' (૧)

શ્રીહરિ ધામમાં ગયા બાદ તેમને એક સંકલ્પ થયો કે, મહાભારતના એક લાખ શ્લોક છે. તો સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ શ્રીહરિના પ્રગટથી માંડી અંતર્ધાન સુધીના લીલા ચરિત્રોનો આવો મોટો ગ્રંથ બનાવ્યો હોય તો ખૂબ સમાસ થાય. આથી તેમણે રઘુવીરજી મહારાજ પાસે આવો સંકલ્પ જણાવ્યો. મહારાજશ્રીએ સહર્ષ સંમતિ આપી અને સ્વામીએ **શ્રીહરિચરિત્રામૃત સાગર** નામના વિશાળ ગ્રંથનો પ્રારંભ સં. ૧૯૧૪માં કર્યો. જે ગ્રંથ ૧૩ વર્ષે પૂર્ણ થયો.

ગ્રંથની શરૂઆત કરી ત્યારે સ્વામીની ઉંમર ૫૯ વર્ષ હતી. આ ગ્રંથમાં ૯૮, ૧૪૫ દોહા, ૨૩૦૭ તરંગો અને ૨૯ પુર છે. ૨૯ પૂરની ચોથો તરંગ અર્ધો લખાયો ત્યાં સ્વામી ધામમાં પધાર્યા. તેથી આ ગ્રંથ અધુરો રહી ગયો. આ ગ્રંથમાં શ્રીહરિના હદ્‌ગત અભિપ્રાયો છે. શુદ્ધ ઉપાસના, અક્ષરધામનું વર્ણન વગેરે અનેક દિવ્ય પ્રસંગો આલેખાયા છે. (૧)

વિ.સં. ૧૯૧૯ની સાલમાં રઘુવીરજી મહારાજે ભગવત્‌ પ્રસાદજી મહારાજને ગાદીએ બેસાડવા માટે આગેવાન સંતોને બોલાવ્યા ત્યારે એ સભામાં આધારાનંદ સ્વામી હતા. આ ઉપરથી એમ કહી શકાય કે સ્વામી સં. ૧૯૧૯ની સાલ સુધી આ લોકમાં હયાત હતા. (૨)

વડતાલ દેશના નિર્ણય (પંચાંગ) અનુસાર સ્વામીનો અક્ષરવાસ સં. ૧૯૨૮ના માગશર સુદ ૭ના રોજ થયેલો.

સ્વામીએ શ્રીહરિને વચનામૃતમાં પ્રશ્ન પૂછેલ છે :

★ ગઢડા પ્રથમનું ૭૮મું :

‘કેવી રીતે વર્તીએ તો ભગવાન અને ભગવાનના સંત પ્રસન્ન થાય ?’

★ પાદટીપ :

(A) **વડતાલ દેશનું નિર્ણય** (પંચાંગ)

(૧) **બ્રહ્મનિષ્ઠ સંતો :** શા. ધર્મવલ્લભદાસજી સ્વામી. પ્રકાશક : પ્રેમજીવન સ્વામી. જૂનાગઢ

(૨) **સંત સુમન સ્રજ :** પ્રભુ શાસ્ત્રી. જૂનાગઢ મંદિર, વર્ષ ૨૦૦૪, પાના નં. ૨૨૩

(૩) **મંજુકેશાનંદ** સ્વામીકૃત નંદમાળા, પ્રભુશાસ્ત્રી, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, પાના નં. ૪૦, વર્ષ ૨૦૧૧.

●

૨૮. શ્રી ભગવદાનંદ સ્વામી

સંપ્રદાયમાં ભગવદાનંદ સ્વામી નામના સંત એક કરતા વધારે હોય તેમ જણાય છે.

મંજુકેશાનંદ સ્વામી કૃત નંદમાળા મુજબ :

'એક ભગવદાનંદ ત્યાગી, જેને લગની હરિસંગ લાગી'

નિર્ગુણદાસ સ્વામીની વાતોમાં જણાવ્યા મુજબ, આ સ્વામી ક્ષત્રિય રાજપૂત જ્ઞાતિના હોય એમ અનુમાન થાય છે. આ સ્વામીને ચાર ભાઈઓ હતા અને ચારેય સાધુ થયેલા. ભગવદાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી અને કપિલેશ્વરાનંદ સ્વામી. (૧) ચારે સંતોના પૂર્વાશ્રમના નામ ક્ષત્રિય જેવા છે તેથી તેઓ ક્ષત્રિય હોય તેમ થાય છે કેમકે, ગામ બંધિયાના જાડેજા ગરાસિયા મૂળજીના નાના ભાઈ જેહાજીને ભગવદાનંદ સ્વામીના બહેન ફૂલીબા સાથે પરણાવ્યા હતા. ફૂલીબા ત્યાગી થઈને ગઢડા રહેતા હતા. (૨)

આ વાત ઉપરથી ખાતરી મળે છે કે ફુલીબાને ગરાસીયા સાથે પરણાવેલ. તો ફુલીબાના ભાઈ ભગવદાનંદ સ્વામી હતા. તેથી તે પણ ક્ષત્રિય હતા.

મંજુકેશાનંદ સ્વામી તેમના નંદમાળ પુસ્તકમાં લખે છે :

''આત્માનંદ ભગવદાનંદ સુધીર''.

ભગવદાનંદ સ્વામી વિદ્વાન સંત હતા. શ્રીહરિએ તેમની વિદ્વતાથી તેમને સદ્‌ગુરુની પદવી આપેલ. પોતે લોયામાં રહીને સંસ્કૃતનો અભ્યાસ કરેલ.

એકવાર કેટલાક વિદ્વાન બ્રાહ્મણોને સંપ્રદાય વિષે શાસ્ત્રાર્થ કરવો હતો. તે સમયે કૃષ્ણાનંદ સ્વામી લુણાવાડા પધાર્યા હતા. તેમણે બ્રાહ્મણોની માંગણીનો સ્વીકાર કર્યો. સ્વામીને થયું કે, આ કાર્યમાં ભગવદાનંદ સ્વામીની જરૂર પડશે. કેમકે તે વિદ્વાન છે. કૃષ્ણાનંદ સ્વામી તેમને તેડવા માટે ઉમરેઠ ગયા. બંને લુણાવાડા આવ્યા. પંડિતોએ સ્વામીને વિવિધ શાસ્ત્રોમાંથી કપટ યુક્ત પ્રશ્નો પૂછ્યા. પણ તે બધાના સચોટ ઉત્તર સ્વામીએ આપ્યા. તેમાં વ્યાકરણ, મહાભાષ્ય તથા વ્યાકરણ

સિદ્ધાંતોને લગતા પણ ૧૩ પ્રશ્નો હતા. આ બધા પ્રશ્નોના જવાબો સ્વામીએ આપ્યા. તેમની વિદ્વતાની રાજાએ પ્રશંસા કરી તેમનું પૂજન કર્યું. (૨)

ચરોતરના નાવલી ગામમાં કશિયાજીભાઈ હતા. તેમને કોઈ નિરાકારવાદી સન્યાસીનો ભેટો થઈ ગયેલ. કશિયાજીભાઈએ તેમની પાસે જ્ઞાનોપદેશ સાંભળ્યો. આથી તેમને 'અહમ્ બ્રહ્માસ્મિ' થઈ ગયું. આથી વર્ણાશ્રમના ધર્મોનું પાલન, મૂર્તિપૂજા વગેરે છૂટી ગયું.

એક વખત તેમણે ભગવદાનંદ સ્વામીનો જ્ઞાનોપદેશ સાંભળ્યો. શાસ્ત્રાર્થ કર્યો અને તેમની શંકાઓનું સમાધાન કર્યું. સ્વામીએ સત્સંગનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સમજાવી તેમને સત્સંગી કર્યો. (૨)

કોઈ એક સમયે ગોપાળાનંદ સ્વામી સાથે ભગવદાનંદ સ્વામી એક ગામથી બીજે ગામ વિચરણ અર્થે જતા હતા. સાથે ભણનારા સંતો હતા. તેમની પાસે પુસ્તકો હતા. તે સમયે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, કે વરસાદ આવશે માટે પુસ્તકોને મીણીયામાં વીંટી લેજો. પુરુષાનંદ સ્વામીએ પુસ્તકોને મીણીયામાં વીંટી લીધી. તે સમયે ભગવદાનંદ સ્વામી કહે, વરસાદનું ટાણું નથી તે કેમ આવશે ? તેથી તેણે સ્વામીનું કહ્યું ન માન્યું. એટલામાં ઓચિંતાનો વરસાદ આવ્યો. બીજા સંતોના પુસ્તકો ન પલળ્યા. પરંતુ ભગવદાનંદ સ્વામીએ પુસ્તકોનું રક્ષણ કર્યું ન હતું. તેથી તેના પુસ્તકો પલળી ગયા. (૩)

શ્રીહરિ ગઢડામાં વચનામૃતનું પાન કરાવતા હતા. ત્યારે સં. ૧૮૭૭ના અષાઢ સુદી ૩ના દિવસે શ્રીહરિ નાના વિદ્યાર્થી સંતો અને અન્ય સંતો સાથે પ્રશ્નોત્તરી કરી રહ્યા હતા. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, અમે આત્માનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી અને મોટા યોગાનંદ સ્વામીને સદ્‌ગુરુ કરીએ છીએ. એ માટે કોઈએ એમનું અપમાન કરવું નહીં. એમ મુક્તાનંદ સ્વામી આદિ જે મોટેરા સંત તેમને આજ્ઞા કરી. (૪)

સંપ્રદાયમાં એક બીજા પણ ભગવદાનંદ સ્વામી હતા. જે એકડમલ હતા. ગઢડામાં આવા ૬૫ એકડમલ સંત હતા. શ્રીહરિની આજ્ઞા સારધાર પાળી ન શકે અને સંતોથી જુદા પડી સ્વતંત્ર જીવન જીવે તેને એકડમલ કહેવાય.

એકવાર શ્રીહરિ ગઢડામાં વિરાજતા હતા. ત્યારે હરજીભાઈને બાગ કરવા માટે કુવો ગાળવો હતો ત્યારે બીજા પાળાઓએ થોડા સમય પહેલા જ કુવો ગાળ્યો હતો તેથી થાકને લીધે પાળાઓએ ના પાડી. ત્યારે આ એકડમલો કહે, અમને

જીવુબા રોજ રોટલા આપે છે માટે તેમનું ઋણ ઉતારવું છે અને તેમને રાજી કરવા છે માટે અમે ભેગા થઈને કુવો ગાળશું. આમ, બધાએ ભેગા થઈને ૫૫ દિવસમાં ૩ કોશનું પાણી થાય એવો કુવો ગાળી આપ્યો અને બ્રહ્મ ભીનો અલૌકિક રાસ રચીને ગરબી ગાઈ સંભળાવી. આથી જીવુબા તેમના ઉપર રાજી થયા અને કપડાની જોડ આપી. અને શ્રીહરિ પણ રાજી થયા ને તે બધાને ચરણાર્વિંદની બે-બે જોડ આપી અને સુતરફેણી મોંમાં આપી અને રાજી કર્યા. **(૫)**

પછી બધા એકડમલોએ મહારાજને રાજી કરવા વિવિધ વસ્તુઓ ભેટ ધરીને શ્રીહરિને ચંદન ચર્ચી પૂજા કરી. જેમાં ભગવદાનંદ સ્વામીએ શ્રીહરિને કમળની માળા પહેરાવી.

પછી શ્રીહરિ રાજી થઈને બધાને આશીર્વાદ આપતા બોલ્યા કે, હે એકડમલો! તમારું પાપ નાશ પામશે અને તમે અક્ષરધામને પામશો. લાડુબાએ પણ જેટલા દિવસ અહીં રહો એટલા દિવસ દરબારગઢમાંથી ભિક્ષા લેવાનું કહી આશીર્વાદ આપ્યા. તે સાંભળી એકડમલો નાચવા લાગ્યા અને શ્રીહરિની જય બોલાવી. શ્રીહરિએ તે કુવાનું નામ 'નારાયણ લહેરી' પાડ્યું અને રાજી થઈને બોલ્યા કે, આ વાડી બહુ સારી થશે. **(૫)**

સદ્‌ગુરુ ભગવદાનંદ સ્વામી સં. ૧૮૯૮માં અક્ષરવાસી થયા. **(૫)**

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને સત્સંગવિષયક પ્રશ્નો પૂછેલા છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :

(૧) હે મહારાજ ! જેવી ભગવાન્‌ની બીક પાસે હોઈએ ને રહે છે, તેવી ને તેવી બીક છેટે જઈએ તો પણ રહે, તે કેમ સમજીએ તો રહે ?

(૨) ભગવાનના કર્યા વિના કાંઈ થતું નથી. સર્વે ભગવાનનું જ કર્યું થાય છે ત્યારે ... ત્યારે તે દુઃખને કેમ ભગવાન ટાળતા નથી અને તેને ટાળ્યાના મનસુબા કેમ કરે છે ?

★ વચનામૃત કારિયાણીનું ૨જું :

શ્રીહરિએ નાના પરમહંસોને પ્રશ્ન પૂછ્યો જે, એકની બુદ્ધિ એવી છે કે જે દહાડાથી સત્સંગ કર્યો. ... અવગુણ આવે છે તેની બુદ્ધિમાં શો દોષ છે ?' ત્યારે સ્વામીએ ઉત્તર કર્યો કે, એની બુદ્ધિ શાપિત છે.

પછી સ્વામીએ પૂછ્યું કે, હે મહારાજ ! એની શાપિત બુદ્ધિ છે તે કેમ કરી સારી થાય ?

★ **વચનામૃત લોયાનું ૧લું :** સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હરિજનનો અવગુણ આવ્યો હોય તેને ટાળવાનો કોઈ ઉપાય છે કે નથી ?

★ **લોયાનું ૩જું વચનામૃત :**

શ્રીજી મહારાજને ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યે જ્ઞાને સહિત નિશ્ચય હોય તેના શા લક્ષણ છે ?

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૪૨મું :** સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ભગવાનના એક એક રોમને વિષે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યા છે, તે કેવી રીતે રહ્યા છે ? ... કયે ઠેકાણે અવતાર થાય છે ?

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૧૪મું :** સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, જે ભક્તજનના મનને વિષે ભગવાન અને ભગવાનના ભક્તનું અખંડ માહાત્મ્ય હોય તે બીજાને કેમ જણાય ?

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્્રભુશાસ્ત્રી : જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર પાના નં. ૧૮૪

(૧.૧) **સંતસુમન સ્રજ** પાના નં. ૧૮૫થી ૧૮૬

(૨) **નિર્ગુણદાસ સ્વામીની વાતો :** વાર્તા નં. ૫૮, પાના નં. ૬૮, કુંડળ પ્રકાશન

(૩) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન, વાર્તા નં. ૬૫૫, પાના નં. ૨૭૬

(૪) **પ્રસાદાનંદ સ્વામીનો ગ્રંથ :** કુંડળ પ્રકાશન : પૂર્વાર્ધ પાના નં. ૪૯૩

(૫) **શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ-૨**, જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર, વાર્તા નં. ૩૩, પાના નં. ૫૪થી ૫૯

●

૨૯. શ્રી નિર્મળાનંદ સ્વામી

શ્રીહરિએ નિર્મળાનંદ સ્વામી દ્વારા સંતો ભક્તોને સમજણની અને ગુણગ્રાહક થવાની વાત કરી છે તે જોઈએ.

એકવાર શ્રીહરિ દાદાના દરબારમાં ઉગમણે બારને ઓરડે થાળ જમીને, સંતની પંક્તિમાં પીરસી હાથ ધોઈને ઢોલિયે વિરાજમાન થયા. તે વખતે સ્વામી ગામડે વિચરણ કરવા ગયા હશે તેથી પંક્તિમાં મોડા પડ્યા અને શ્રીહરિને પોતાના હાથની પ્રસાદી આપવાનું કહ્યું ત્યારે શ્રીહરિ કહે, હવે અમે હાથ ધોઈ નાખ્યા. ફરીવાર નહીં પીરસીએ પણ આ સંતોના પત્તરમાં અમારા હાથની જ પ્રસાદી પીરસી છે તો તમે તેમની પાસેથી થોડી થોડી પ્રસાદી લઈ લો. આથી, સ્વામી પંક્તિમાં ફરી દરેક સંતો પાસેથી કોળિયો કોળિયો પ્રસાદી માંગી લીધી. થોડીવારમાં સ્વામીનું પત્તર છલકાઈ ગયું. ત્યારે શ્રીહરિએ બોધ કર્યો કે, સર્વે ભક્તોના ગુણ ગ્રહણ કરવા પણ અવગુણ લેવા નહીં. જેમ સ્વામીએ સૌ સંતના પત્તરમાંથી થોડું થોડું માગી લીધું તો પત્તર ભરાઈ ગયું. તેમ સૌનો થોડો થોડો ગુણ લેવાય ને સેવા કરે તો જીવમાં બળ આવે અને જીવવૃદ્ધિને પામે. (૧)

શ્રીહરિ એકવાર કરમડ અન્નકૂટ ઉત્સવ કરવા પધાર્યા. ધોલેરાના દરબાર પુંજાજીના બેન ફુલીબાએ ઉત્સવ કરાવેલો. થાળ તૈયાર થયો એટલે શ્રીહરિ જમીને સંતોને પીરસવા તૈયાર થયા. ત્યારે પૂર્ણાનંદ સ્વામી કહે, રાત્રે રાધાકૃષ્ણવાળા અને લક્ષ્મીનારાયણવાળાએ બેય સંતોએ મળીને રસોઈ કરી છે, પણ હવે રાધાકૃષ્ણવાળા કહે છે કે તેઓ લક્ષ્મીનારાયણવાળા સંત પંક્તિમાં ન ફરે ત્યારે મહારાજ કહે લક્ષ્મીનારાયણવાળા, લક્ષ્મીનારાયણવાળાની પંક્તિમાં ત્રાસ લઈને ચાલો ને રાધાકૃષ્ણવાળા તેમની પંક્તિમાં ચાલો. એ પ્રમાણે સંતની પંક્તિમાં શ્રીહરિ પાંચ વખત ફર્યા ને બધાને ખૂબ જમાડ્યા. પછી શ્રીહરિ કહે, તમે ત્રણેય વર્ણના જુદા જુદા સંત છો ને તેનાં જુદા રસોડા થાય તે ઠીક નહીં. માટે જે નિત્યાનંદ સ્વામી,

ગોપાળાનંદ સ્વામી, વગેરે વાસુદેવની પંક્તિના સંત કહેવાઓ છો તથા મોટા પૂર્ણાનંદ સ્વામી મોટા યોગાનંદ સ્વામી વગેરે રાધાકૃષ્ણની પંક્તિના સંત છો તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિર્મળાનંદ સ્વામી આદિક જે લક્ષ્મીનારાયણની પંક્તિના સંત છો તે સર્વેએ આજથી એક પંક્તિમાં બેસીને જમવું. ને હવેથી તમે સર્વે અચ્યુત ગૌત્રી સંત કહેવાઓ. એવી અમારી આજ્ઞા છે તે સર્વે પાળજો. એ પ્રમાણે મહારાજે સર્વે સંતોને આજ્ઞા કરી. (૨)

શ્રીહરિ ગઢડાથી નીકળી ગામોગામ વિચરણ કરતા વડતાલ આવી વાસણ સુથારને ઘેર ઉતર્યા. ગોમતી તળાવના કાંઠે નિત્યસભા કરતા. શ્રીહરિએ આવીને પ્રથમ લક્ષ્મીનારાયણ દેવના દર્શન કર્યા. તે સમયે નિર્મળાનંદ વર્ણી પૂજારી હતા. તેમણે શ્રીહરિને હાર પહેરાવ્યો. શ્રીહરિએ સ્વામીને બે હાર આપ્યા અને પુજારીએ અંતરના ભાવથી દેવની પૂજા કરી. સત્સંગ માટે જે જન કંઈ કરે તે શ્રીહરિ જાણતા. (૩)

સંતોના સંબંધે કરીને જીવને જન્મ-મરણ કરાવનાર કારણ શરીરનો નાશ થાય છે. એકવાર નિર્મળાનંદ સ્વામી તથા વ્રજવલ્લભદાસજી સ્વામી વસો ગામમાં ગોપાળાનંદ સ્વામી પાસે ગયા. સંતોને ગોપાળાનંદ સ્વામીએ એકાદશ સ્કંધ ઉપર જે ભાષ્ય લખેલું તે પુસ્તક જોઈતું હતું. તે સમયે નવસારી ગણદેવી પરગણાની શ્રાવણિયા આંબાની કેરી વડોદરાના ગોપાળરાવ લાવ્યા હતા. તે કેરી સ્વામી જમતા હતા. તે કેરીના પ્રસાદીના ગોટલા વાવવા માટે સંતોએ સાથે લીધા. ત્યારે સ્વામી કહે, શા સારું લ્યો છો ? એ ગોટલા હવે નહીં ઉગે. (સ્વામીએ એ કેરી સાથે કેરીના જીવન જન્મ-મરણની વાસનાને તોડી તેને પ્રભુ સાથે જોડી તેનું કલ્યાણ કર્યું. માટે તે ગોટલા ન ઉગે). છતાં એ ગોટલા ધોળકાની વાડીમાં વાવ્યા પણ ન ઉગ્યા. આમ, સ્વામીની વાત સાચી પડી. (૪)

શ્રીહરિ ધોળકામાં સ્વહસ્તે મૂર્તિ પધરાવીને બ્રાહ્મણોની ચોરાસી કરી. તે વખતે કહ્યું કે, અમારી મૂર્તિ પધરાવજો. પછી શ્રીહરિએ નિર્મળાનંદ સ્વામીને ધોળકા મંદિરના મહંત સ્થાપ્યા અને કહ્યું કે, તમે અયોધ્યાપ્રસાદજી કહે તેમ કરજો. (૫)

★ **વચનામૃત ગઢડા પ્રથમના ૭૮માં સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછેલ છે :** 'કેમ સમજીએ ત્યારે પ્રભુના સંતનો મહિમા અતિશય જણાય ?'

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨**, વાર્તા નં. ૨૧૯ રૂગનાથચરણદાસજી સ્વામી : જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩**, વાર્તા નં. ૨૯૫ રૂગનાથચરણદાસજી સ્વામી : જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર

(૩) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** શા. શાસ્ત્રી હરિપ્રકાશસ્વામી : ગાંધીનગર પુર-૨૭, તરંગ : ૧૨

(૪) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન : વાર્તા નં. ૨૯૬

(૫) **શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત - ઉત્તરાર્ધ (પ્રસાદાનંદ સ્વામીકૃત)**, કુંડળધામ પ્રકાશન, વર્ષ : ૨૦૧૫, પાના નં. ૧૦૫૭થી ૧૦૫૮.

●



૩૦. શ્રી નારાયણાનંદ સ્વામી

એક સમયે શ્રીહરિ રોઝકા (ધોલેરા)ની ભાગોળે સંતો ભક્તો સાથે વિરાજમાન હતા ત્યારે જ્ઞાનસ્વરૂપાનંદ સ્વામી, બદરીનાથાનંદ સ્વામી તથા નારાયણાનંદ સ્વામી 'ઓરા આવો નટવર નાનડિયા' એ કીર્તન બોલવા લાગ્યા. આમ, સંતો છૂટા છૂટા બેસીને કીર્તન ગાતા હોઈ શ્રીહરિ બોલ્યા કે, તમે ઓરા આવો ને ? આવું સાંભળીને સંતો મહારાજ પાસે આવીને કીર્તન ભક્તિ કરવા લાગ્યા. પછી શ્રીહરિએ કહ્યું કે, સર્વેએ ભેળા થઈને પાસે બેસીને કથા કીર્તન કરવા, પણ એક એક પોતપોતાની મેળે નોખા નોખા બેસીને ભજન કરે તો તેમાં સુખ ન આવે અને જીવમાં સમાસ પણ ન થાય. (૧)

આવા હિતના વચન સાંભળી સંતો ખૂબ રાજી થયા. સંતોને શ્રીહરિ વખતોવખત ટકોર કરતા રહેતા જેથી સંતોને નિયમ ધર્મ પાળવામાં શ્રીહરિના વચનોનું અનુસંધાન રહેતું.

★ **વચનામૃત ગઢડા પ્રથમના ૭૮માં** સ્વામીએ શ્રીહરિને જ્ઞાનસભર પ્રશ્ન પૂછેલ છે :

...સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહને વિષે જીવ અન્વયપણે કેમ રહે છે ને વ્યતિરેકપણે કેમ છે ?

★ **પાદટીપ :**

(૧) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો**, વાર્તા નં. ૧૨૮, કુંડળ પ્રકાશન, વર્ષ : ૨૦૧૨

●

૩૧. શ્રી શૂન્યાતીતાનંદ સ્વામી

શૂન્યાતીતાનંદ સ્વામીનો પરિચય મેળવતા પહેલા સંપ્રદાયમાં પ્રચલિત વાત એ પણ છે કે, ગઢડાના ગૂર્જર સુતાર ખીમજીભાઈ કલ્યાણભાઈ ઉર્ફે ખીમા સુતાર એકાંતિક હરિભક્ત હતા. નિયમો પણ સારધાર પાળતા. પોતે સુતાર એટલે એકવાર તેમણે શ્રીહરિને નારિયેળની કાચલીમાંથી કંઠી બનાવી અર્પણ કરી. મહારાજને તે ખૂબ ગમી પછી તેમને ચંદન સુખડની આવી કંઠી બનાવવાની આજ્ઞા કરતા તેઓ કાષ્ઠ લેવા સુરત વહાણમાં બેસીને ગયા. તેમની પાસે સોનાની ગીનીઓ હતી. વહાણમાં બેઠેલા એક બાવાની નજરે આ ચડી ગયું. તે બાવો કામણ ટુમણ, મંત્ર જંત્ર જાણતો હતો. તેણે આ ભક્ત ઉપર મંત્રેલા અડદના દાણા નાખી તેને મારી નાખી સોનામહોર હાંસલ કરવી હતી. તેથી તેણે આખી રાત સૂતેલા ખીમા સુતાર પર અડદના દાણા નાખ્યે રાખ્યા. છતાં પણ ભક્તને કાંઈ આંચ ન આવી. બાવો પણ આશ્ચર્યમાં પડી ગયો કે આ દાણાથી ભલભલાના જીવ ગયા છે. છતાં આને કેમ કાંઈ ન થયું ? તેને થયું કે, આ મારાથી પણ મોટો તાંત્રિક હશે. (૧)

સવારે ભક્ત ઉઠ્યા અને પથારીમાં પડેલા દાણા જોઈને બધું પામી ગયા. તેમને તો મહારાજનો કેફ હતો. તેથી દાણા લઈને તેની દાળ બનાવી ખાઈ ગયા. બાવાએ આ જોયું ને તે ભક્તના પગમાં પડી ગયો : ‘તમે સમર્થ છો.’ ભક્ત કહે, ‘હું તો સમર્થનો શિષ્ય છું. સમર્થ તો શ્રીહરિ છે.’ પછી બાવો તે ખીમાભાઈ સાથે ગઢડા આવ્યા અને ગઢડામાં શ્રીહરિને મળ્યો અને તેના આશ્રિત થયા. (૧) સમય જતા તે બાવાજી શૂન્યાતીતાનંદ સ્વામી તરીકે ઓળખાયા. પરંતુ આ બાવો બ્રાહ્મણ છે તેવું **અક્ષરાનંદ સ્વામીની વાર્તા** નં. ૧૭૫માં લખેલ છે પણ તે સાધુ બન્યા તેવો ઉલ્લેખ નથી. વળી **સંત સુમન સ્રજ** પુસ્તકમાં સ્વામીએ પટેલ છે તેવો ઉલ્લેખ કર્યો છે. જ્યારે અન્ય ઠેકાણે તે બ્રાહ્મણ છે તેવો ઉલ્લેખ છે. તેથી સંપ્રદાયમાં અન્ય કોઈ શૂન્યાતીતાનંદ સ્વામી હશે તેવું માનવાને કારણ રહે.

રાજકોટ ગુરુકુલ પ્રકાશિત પુસ્તક : **સંસ્કાર ધારા**ના પાના નં. ૪૧ ઉપર

આ બાવાજી પછી શૂન્યાતીતાનંદ સ્વામી તરીકે ઓળખાયા તેવો ઉલ્લેખ છે

મહાપૂજા મુક્તગાથા, કંડારી ગુરુકુલ પુસ્તકના પાના નં. ૧૨૪ ઉપર પણ બાવાજી શૂન્યાતીતાનંદ સ્વામી બન્યા તેવો ઉલ્લેખ છે.

મંજુકેશાનંદ સ્વામીકૃત નંદમાળામાં લખેલ છે :

શૂન્યાતીતાનંદ પુરાણી અનૂપ (૨)

સ્વામી ઝાલાવાડ પ્રદેશના રામગરી ગામના હતા તથા તેમની જ્ઞાતિ કણબી પટેલ હતી. રામગરીના ભક્ત જીવરાજભાઈ જે પછીથી નરનારાયણાનંદ સ્વામી બન્યા. તેઓ સ્વામીના કાકા થતા હતા. (૨)

સ્વામીને નાનપણથી જ સત્સંગનો રંગ લાગ્યો હતો. તેમના પિતાને તેઓ એક જ પુત્ર હતા. યુવાન થતા સત્સંગનો રંગ ઘેરો થતા તેમને ત્યાગાશ્રમ લેવાની ઈચ્છા થઈ. તેમના માતુશ્રી પણ શ્રીજીના અનેરા ભક્ત હતા. તેથી તેમણે પુત્રને રાજીખુશીથી સાધુ થવાની સંમતિ આપી. (૨)

સ્વામીના માતુશ્રી એકવાર રસોઈ કરતા હતા. તેવામાં શ્રીહરિ તેમને વિમાન લઈને તેડવા આવ્યા. માતા તુરત રસોઈ કાર્ય પડતું મૂકી પોતાના નજીકના સગાને તેડી લાવ્યા. બધાને શ્રીજીના દર્શન કરાવ્યા અને આનંદપૂર્વક સૌને જયશ્રી સ્વામિનારાયણ કહી ધામમાં ગયા. (૨)

સ્વામીએ દીક્ષા લીધી. તેઓ સંપ્રદાયના કાર્યોમાં ખૂબ રસ લેતા અને સત્સંગ પ્રચાર માટે સદાય વિચરણ કર્યે રાખતા. તેમની ઉમદા વ્યવહારિક કુશળતા જોઈને તેમને સુરતના મહંતપદે નિયુક્ત કરેલા. સુરતનું મંદિર સ્વામી કરતા હતા ત્યારે સત્સંગીઓ પાસેથી સ્વામી ફંડ એકત્ર કરતા હતા. તે સમયે ખત્રી જ્ઞાતિના દયારામભાઈ નામે એક ખૂબ ભાવનાવાળા સત્સંગી હતા. તે મજૂરી કરીને ગુજરાન ચલાવતા છતાં તેમણે મંદિરના ફાળામાં શ્રદ્ધાપૂર્વક એકસો રૂપિયા લખાવ્યા. તે સમયે એક રૂપિયો પણ ગાડાના પૈડા જેવો મોટો ગણાતો. ભક્ત પાસે કાંઈ ન હતું છતાં શ્રીજીના મંદિર માટે તેમણે પોતાની આવી ભાવના લખાવી. પરંતુ પછી તેમને ચિંતા થવા લાગી કે હું આ રૂપિયા મહારાજને ક્યારે આપી શકીશ ? પછી મનમાં નક્કી કર્યું કે, મારી પાસે મકાન છે તે ગીરવે મૂકીને તેના રૂપિયા મેળવીને હું મંદિર માટે આપીશ. આથી તેમણે એક તાલેવંત હરિભક્ત ધીરજભાઈને પોતાનું મકાન લખી આપ્યું અને રૂપિયા લઈને સ્વામીને આપ્યા.

સ્વામીને આ વાતની ખબર પડી એટલે દયારામભાઈ ઉપર ખૂબ રાજી થયા. તેમના મનમાં ભક્ત ઉપર અપાર કરૂણા વરસી પડી અને તેમનું દારિદ્રય ટાળવાનો મનોમન સંકલ્પ કરી ધીરજભાઈને બોલાવીને કહ્યું કે, તમે દયારામને રૂપિયા આપ્યા તે સારું કર્યું પણ હજી તમે બીજા સો પુરા આપજો. તમારા રૂપિયા તે અવકાશે આપી દેશે. આથી ધીરજભાઈએ ભક્તને સો રૂપિયા બીજા આપ્યા. (૨)

પછી સ્વામીએ દયારામભાઈને બોલાવીને કહ્યું કે, તમે આ વધારાના સો રૂપિયામાંથી કંઈક વેપાર ધંધો કરજો. ભગવાન તમને અભરે ભરશે. (૨)

આથી દયારામભાઈએ વેપાર-ધંધો શરૂ કર્યો અને સ્વામીના આશીર્વાદ અને શ્રીહરિની કૃપાથી તેઓ બે પાંદડે થયા. એ પછી મંદિરમાં પણ ખૂબ મોટી મોટી સેવા કરી. ધીરજભાઈનું દેણું ચુકવી દીધું. (૨)

આમ, સ્વામીના આશીર્વાદથી દયારામભાઈ વ્યવહારે ખૂબ સુખી થયા અને સત્સંગમાં પણ ખૂબ આગળ વધ્યા. (૨)

આવા વચનસિદ્ધ શૂન્યાતીતાનંદ સ્વામી સં. ૧૯૩૧ના માગસર સુદ-૧૦ના દિવસે સુરત મંદિરમાં અક્ષરધામમાં વિચર્યા. (૨)

ગોપાળાનંદ સ્વામીકૃત મહાપૂજાના ચતુર્થ આવરણમાં સ. શૂન્યાતીતાનંદ સ્વામીનું નામ આવે છે.

વચનામૃત ગઢડા પ્રથમના ૭૮મા સ્વામીએ શ્રીહરિએ સત્સંગવિષયક પ્રશ્ન પૂછેલ છે :

‘જ્યારે સત્સંગ કરે છે ત્યારે તો સંતમાં સત્સંગીમાં અતિશય હેત હોય અને પછી કેમ ઓછું થઈ જાય છે ?’

પાદટીપ :

(૧) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન, વર્ષ : ૨૦૦૬ વાર્તા નં. ૧૭૫

(૨) **સંત સુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, વર્ષ ૨૦૦૪, પાના નં. ૧૫૫થી ૧૫૬

•

૩૨. શ્રી પ્રસાદાનંદ સ્વામી

પ્રસાદાનંદ સ્વામી વિષે જાણીએ :

પ્રસાદાનંદ સ્વામીના અક્ષરો ખૂબ સુંદર હતા તેથી તે લહિયા સંત કહેવાતા. તેમનો ઈતિહાસ ખૂબ નિરાળો છે. મહારાજે તેમના ઘરે પધારી તેમના માતુશ્રી પાસેથી માગીને લીધેલા.

સ્વામીનું પૂર્વાશ્રમનું નામ પ્રેમજીભાઈ હતું. કુંભાર જ્ઞાતિના હતા. જૂનાગઢ જિલ્લાના સૂત્રેજ ગામના હતા. તેમની માતાનું નામ કાનુબાઈ અને પિતાનું નામ પિતાંબરભાઈ હતું. તેમની અટક જેઠવા હતી. (૧)

સં. ૧૮૭૯માં શ્રીહરિએ પંચાળામાં ફૂલદોલ ઉત્સવ કરેલો ત્યારે કાનુબાઈ તેમના પુત્રોને લઈને પંચાળા આવેલ. ત્યારે શ્રીહરિને તેમણે સૂત્રેજ-બાલાગામ પધારવા પ્રાર્થના કરી, તે સમયે જ કાનુબાઈના મુમુક્ષુ પુત્રો શ્રીહરિની નજરમાં આવી ગયેલા. શ્રીહરિ પછી સુત્રેજ પધાર્યા. ત્યારે શ્રીજીએ કાનુબાઈને પોતાને જે સૌથી વહાલી વસ્તુ હોય તે આપવાનું કહેતા કાનુબાઈ મહારાજનો સંકલ્પ જાણીને પોતાની વ્હાલી વસ્તુરૂપ તેમના ૪ પુત્રો શ્રીહરિને અર્પણ કર્યા. કાનુબાઈનું આવું મહાન સમર્પણ જોઈને શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા. તેમાંથી મહારાજે બે પુત્ર રાખ્યા અને બે પુત્રને માતાની સેવામાં પાછા સોંપ્યા. ગઢડા જઈને શ્રીહરિએ પ્રેમજીભાઈને દીક્ષા આપી તેમનું નામ પ્રસાદાનંદ સ્વામી રાખ્યું. (૧) બીજો દીકરો દાહાભાઈ હતો. તેનું નામ દહરાનંદ સ્વામી રાખ્યું.

શ્રીહરિ વડતાલ ઉત્સવ કરવા જતા હતા. તે સમયે મુક્તાનંદ સ્વામીને શરીરે મંદવાડ હતો તેથી ચાલી શકે તેમ ન હતા. તેથી નિષ્કુળાનંદ સ્વામીએ ડોળી તૈયાર કરી દીધી. સ્વામી તેમાં બેસીને ગામે ગામ ફરી ભક્તોને સત્સંગ કરાવતા કરાવતા કારિયાણી પધાર્યા તે સમયે ડોળી ઉપાડનારા સંતોમાં પ્રસાદાનંદ સ્વામી મુખ્ય હતા. તેમની સાથે પવિત્રાનંદ સ્વામી હતા. ત્યારબાદ ડોળી ઉપાડવા માટે યુવાન સંતોને આ સેવા સોંપી. (૨)

નાના ભણનારા સંતો ઉપર શ્રીહરિ ખૂબ રાજીપો બતાવતા. તેમને ભણવાની, રહેવાની બધી વ્યવસ્થા કરી આપતા. વરસાદમાં પુસ્તકો પલળે નહીં તેની કાળજી રખાવતા. પ્રસાદાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામી તથા નાના આત્માનંદ સ્વામી પાસે રહીને સંસ્કૃતનો અભ્યાસ કરેલો. સંસ્કૃતનો એક પાઠ ભણાઈ રહે પછી શ્રીહરિ પાસે જઈને તેની વિગત આપતા અને સાથે શ્રીજીની પૂજા કરતા મહારાજ પણ રાજી થઈને ભણનારા સંતોને ચરણાર્વિંદ આપી આશીર્વાદ આપતા અને આગળનો પાઠ ભણવાની આજ્ઞા આપતા. આ રીતે મુક્તાનંદ સ્વામીની પૂજા કરી તેમનો રાજીપો મેળવતા અને શ્રીહરિને રાજી કરી તેના ચરણાર્વિંદ મેળવતા. એટલે જૂના સંતો પાસે આવી શ્રીહરિના ચરણાર્વિંદની અનેક જોડ રહેતી. જે તેમની મૂડી ગણાતી. આથી આવી જોડ સંપ્રદાયમાં અનેક છે જે મુમુક્ષુઓ માટે દિવ્ય પ્રસાદી છે. (૨)

પ્રસાદાનંદ સ્વામીએ ભાગવતના પંચમ સ્કંધનો અભ્યાસ પૂર્ણ કર્યો ત્યારે શ્રીહરિએ સંતોને અભ્યાસ કરાવનાર નિત્યાનંદ સ્વામી તથા નાના આત્માનંદ સ્વામીને બોલાવ્યા. બધાએ શ્રીહરિની પૂજાનો સામાન સાથે લાભ લીધો. મહારાજે રાજી થઈને ગુરુ તથા શિષ્યોને પંચમ સ્કંધનું એક એક પુસ્તક અપાવ્યું. (તે સમયે પુસ્તકો છપાતા નહીં પણ લખાતા. તેથી આવું પુસ્તક ભેટમાં મળે તે બહુ મોટી વાત કહેવાતી) તે પૂજનમાં શ્રીહરિએ પ્રસાદાનંદ સ્વામીને દશમ સ્કંધ અને ગીતા ભાષ્યનું પુસ્તક અપાવેલું. (૧)

સ્વામી પોતે પણ શ્રેષ્ઠ લહીયા અને લેખક સંત હતા. આથી શ્રીજીની આજ્ઞા મુજબ પુસ્તકો લખીને શ્રીહરિને અર્પણ કરતા. આથી મહારાજ તેમના ઉપર રાજી થઈને પોતાનું પૂજન કરવા દેતા અને પ્રસાદીનો થાળ, વસ્ત્ર વગેરે આપીને રાજી કરતા. જેનો સંપ્રદાયમાં ખૂબ મોટો મહિમા ગણાય છે. બ્રહ્માદિક દેવતાઓને પણ શ્રીહરિની પ્રસાદી મળવી દુર્લભ છે. તેવી થાળની પ્રસાદી આ સંતોને સેવાથી પ્રાપ્ત થતી. (૧)

એકવાર સ્વામીને આખા શરીરે ખસ થયેલી. બધા સંતો શ્રીહરિને ભેટતા. પણ સ્વામીને ખસ હોવાથી તે ગયા નહીં, ત્યારે ગુરુચરણરતાનંદ સ્વામી (કે જેણે ઈડરના મહારાજાને સત્સંગ કરાવેલો) આવ્યા અને શ્રીહરિ પાસે સ્વામીને લઈ ગયા. શ્રીહરિ કહે, એને આવવા દો. પછી મહારાજે સ્વામીને ભાવથી ભેટીને

રાજીપો વ્યક્ત કર્યો. (૨)

એકવાર પ્રસાદાનંદ સ્વામીને શરીરે તાવની પીડા થઈ. દવા કરવા છતાં તાવ ઉતરતો ન હતો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિને વાત કરી. ત્યારે મહારાજ સ્વામીને દર્શન દેવા આવ્યા અને સ્વામીની નાડી જોઈ અને કહ્યું કે, સ્વામીને જૂના ગોળનું પાણી ૧૦૦ વખત ગાળીને સવાર-સાંજ પીવડાવો. આમ કર્યું અને મહારાજની આ કૃપા દવાથી સ્વામી થોડા સમયમાં જ નિરોગી થઈ ગયા. (૧)

સ્વામી અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં રહેતા. તેમણે શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત નામનો દિવ્યગ્રંથ લખ્યો છે. સં. ૧૯૪૦ જેઠ વદ-૨ના દિવસે ગ્રંથપૂર્ણ કર્યો. (૧)

સ્વામી તેના જીવનકાળના અંતિમ દિવસોમાં મોરબી પાસેના ચરાડવા ગામે રહેતા અને ત્યાં જ અક્ષરવાસી થયા. તે જગ્યાએ હાલ ઓટો છે. (૧)

વચનામૃત ગઢડા પ્રથમના ૭૮માં સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે જે,

'જીવને મોક્ષનો હેતુ શો છે ?'

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ, પાના નં. ૬૮થી ૭૦

(૨) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત ઉત્તરાર્ધ : પાના નં. ૮૨૦-૮૨૧ : કુંડળ, પૂર્વાર્ધ પાના નં. ૪૩૩.

●

૩૩. શ્રી ત્રિગુણાતીતાનંદ સ્વામી વગેરે નાના સંતો..

ભણનારા સંતો જ્યારે ગઢડા આવતા ત્યારે શ્રીમાળી બ્રાહ્મણના ઘરમાં ગોપી ભટ્ટ રહેતા તેના ઘરમાં સંતોને ઉતારો આપતા. શ્રીહરિ સંતોને યોગ શીખવતા. ક્યારેક ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી સંતોને યોગના આસનો શીખવતા. તે સમયમાં અખંડાનંદ મુનિ, કૃષ્ણાનંદ સ્વામી, ત્રિગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો યોગ શીખતા. બધા સંતોને શ્રીહરિને પ્રસન્ન કરવાનો ભાવ વિશેષ રહેતો. તેથી સૌ સંતો શ્રીહરિની રુચિ પ્રમાણે વર્તતા. (૧)

ત્યાગાનંદ સ્વામી :

ધોલેરાનું મંદિર બનતું હતું તે દરમ્યાન ત્યાંના દરબાર પુંજાજી ગઢપુર આવ્યા અને મોટા સંતોને ધોલેરા મોકલવાનું શ્રીહરિને કહ્યું. ત્યારે મહારાજે સભામાં ટેલ નાખી કે કોણ ધોલેરા જશે. ધોલેરાનું પાણી ખારું એટલે જલ્દી કોઈ સંતો જવા તૈયાર ન થયા. તે સમયે મુક્તાનંદ સ્વામી અને અદ્‌ભુતાનંદ સ્વામી બિમાર હોવાથી તેમના આસને હતા. તેમણે નિત્યાનંદ સ્વામી દ્વારા શ્રીહરિના વચનને સાંભળ્યું એટલે તરત જ ઊભા થઈને સભામાં આવ્યા અને મહારાજને અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું કે, આપની આજ્ઞા હોય તો હું ધોલેરા જાઉં ? આ વાત સાંભળતા મહારાજ સ્વામીની આજ્ઞાપાલકતા ઉપર ખૂબ રાજી થઈ ગયા અને ઊભા થઈને તરત પોતે ધારણ કરેલ સોનેરી મોળિયું, ટોપી, બુરાનપુરી શેલુ સ્વામીને પહેરાવી માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. તે સમયે સ્વામી સાથે જોડમાં કેટલાક સંતો ગયા તેમાં ત્યાગાનંદ સ્વામી પણ હતા. (૧)

વેદાંતાનંદ સ્વામી, પ્રતોષાનંદ સ્વામી, નાના નિર્વિકારાનંદ સ્વામી

આ સંતો વિદ્યાર્થી સંતો હતા. જેઓ ગઢડા અને લોયામાં રહી સંસ્કૃતનો અભ્યાસ કરતા. સંસ્કૃત શાસ્ત્રોનું અધ્યયન કરતા. શ્રીહરિ તેમની પાસે સંસ્કૃત શાસ્ત્રોની કથા કરાવતા. નિત્યાનંદ સ્વામી આ સંતોને અભ્યાસ કરાવતા.

★ **પાદટીપ :**

(૧) **ભગવાન શ્રી સ્વામિનારાયણ :** ભાગ-૫, BAPS પ્રકાશન, વર્ષ-૨૦૦૫, પાના નં. ૧૩૭.

૩૪. શ્રી નિર્વિકારાનંદ સ્વામી

નિર્વિકારાનંદ સ્વામી વિષે જાણીએ :

દેહાભિમાન હોય તો માન અને ઈર્ષા સહેજે વધે. આત્મનિષ્ઠામાં કચાશ હોય, શ્રીહરિનો પૂરો મહિમા જાણતો ન હોય તો દેહાભિમાનને પોષણ મળે. પછી માન, ઈર્ષા વગેરે વધે. કહેતા શુભ ગુણોની વૃદ્ધિ ન થાય.

એકવાર શ્રીહરિ ગામ વહેલાલ પધાર્યા. તે દિવસે વરસાદ હતો. સંતોને દર્શન માટે તેડાવ્યા. સર્વે સંતો વહેલાલ આવ્યા. આત્માનંદ સ્વામી અને નિર્વિકારાનંદ સ્વામી ધીમે ધીમે આવતા હતા. મહારાજ ફુલવાડીમાં લીંબુના ક્યારા ઉપર ઉભડક બેઠા હતા. મચ્છરો બહુ હતા. બંને સંતો શ્રીહરિને પ્રણામ કરીને બેઠા. ત્યારે મહારાજે પૂછ્યું તમે આવી જગ્યામાં ચાર મહિના રહો ? ત્યારે નિર્વિકારાનંદ સ્વામી બોલ્યા કે, આવી જગ્યામાં તો ન રહેવાય. ત્યારે મહારાજ કહે તમારાથી ન રહેવાય. શા માટે જે તમે દેહાધ્યાસી છો. ને અમારે તો કાંઈ નહિ. એવી જગ્યામાં ચાર મહિના રહેવું હોય તોય રહીએ. ને પછી સાખી બોલ્યાઃ

'દેહદર્શી તે જ્ઞાન કસાઈ, તે પરમતત્ત્વ ન જાણે,
રસના રહિત જવું પંકજમાં આઘો આઘો તાણે.' (૧)

નિર્વિકારાનંદ સ્વામી એકડમલ સાધુ કહેવાતા. ગઢડામાં આવા ૬૫ એકડમલ રહીને ભજન સેવા કરતા. એકડમલ એટલે શ્રીહરિએ જે નિયમોરૂપી ૧૧૪ પ્રકરણો ફેરવેલા. તે નિયમોમાં જે સંત સારધાર રહી ન શકે કે નિયમો ચુસ્તપણે પાળી ન શકે તેવા સંતો એકલા ફરીને સત્સંગ પ્રચાર કાર્ય કરે. આ સંતો પંચ વર્તમાન જેવા નિયમો તો ચુસ્તપણે પાળતા હોય પણ અતિ આકરી પરીક્ષામાં પાર ન ઉતર્યા હોય તેવા સંતો એકડમલ ગણાતા. જોકે તે સંતોને શ્રીહરિનો નિશ્ચય પૂરેપૂરો હોય, શ્રીહરિને જ પરમાત્મા માનતા હોય ભજન પણ તેનું જ કરતા હોય. પણ આવા સંતોમાં આત્મનિષ્ઠા પૂરેપૂરી ન હોય. દેહના દુઃખ આગળ હારી જતા

હોય, નિયમોમાં છૂટછાટ લેતા હોય. તેથી આ સંતો શ્રીહરિ ચીંધે તે સેવા ચાકરી કરે. આમ, આવા સંતો એકડમલ એટલે કે જોડ વગર ફરતા હોય. આવા સંતોમાં નિર્વિકારાનંદ સ્વામી હતા. તેથી વહેલાલમાં આ સ્વામીને શ્રીહરિએ રહેવાનું પૂછ્યું ત્યારે પોતે મચ્છરનો ભીડો સહન ન કરી શક્યા તેથી તેમને મહારાજે દેહાભ્યાસી કે દેહાભિમાની કહ્યા, પરંતુ આ સંતોની સેવાથી શ્રીહરિ ખૂબ રાજી થતા. તેવો પ્રસંગ એકવાર ગઢડામાં બનેલ. (૧)

ગઢડામાં હાલના મંદિરના પગથિયા નીચે એક કુવો છે. આ કુવો શ્રીહરિના સમયમાં ગળાયેલ છે. તે સમયે ગઢડામાં એકડમલ સંતો રહેતા. આ ૬૫ જેટલા એકડમલ સંતોએ શ્રીજીની આજ્ઞાનુસાર બધાએ ભેગા થઈને ફક્ત ૫૫ દિવસમાં ૩ કોસનું પાણી થાય તેવો કુવો ખોદી આપ્યો. પછી શ્રીહરિને રાજી કરવા વીસ વીસ જણા ગોળાકાર ઊભા રહીને એકબીજાના ખભા ઉપર ચડી પીરામીડ જેવી રચના કરી. એ સ્થિતિમાં વાજિંત્રોના નાદ સાથે ધૂન કીર્તનો કર્યા ને રાસ રમ્યા અને બધાએ ભેગા થઈને શ્રીહરિની વિવિધ પ્રકારના વસ્તુ પદાર્થોથી પૂજા કરી. જેમાં નિર્વિકારાનંદ સ્વામીએ શ્રીહરિને ખડગ પાત્રનું કડુ પહેરાવી પૂજા કરી. તો મહારાજે પણ તેમને પોતાની પ્રસાદી મોઢામાં મેલી જમાડ્યા. ચરણાર્વિંદની બે-બે જોડ આપી રાજી કર્યા. આ બધા એકડમલોને જીવુબા રોજ રોટલા ઘડી જમાડતા. તે ઋણ ચૂકવવા બધા એકડમલોએ એક કુવો ગાળી આપ્યો. શ્રીહરિએ તેમને આશીર્વાદ આપ્યા કે, તમારું પાપ નાશ થશે ને તમે અક્ષરધામને પામશો. શ્રીજીએ આ કુવાનું નામ નારાયણ લહેરી કુવો રાખ્યું. (૨)

સ્વામી પોતે વિપ્ર જ્ઞાતિના હતા, પરંતુ સહેજ તમોગુણી ને મનમુખી હતા. ક્રોધના આવેશમાં ધીરજ રાખી ન શકતા. ક્રોધ ઉતર્યા પછી રંક થઈ જતા. પોતે પુરાણી હતા. શ્લોક ખૂબ છટાદાર રીતે બોલી શકતા. સત્સંગની વાતો કરી બીજાને શ્રીહરિના આશ્રિત કરતા. (૩)

સત્સંગમાં અભિમાની કે દેહાભિમાની માણસ ટકી શકે નહીં. કેમકે શરૂઆતના સત્સંગમાં સંતોની માનહાની ખૂબ થતી. માર પણ પડતો છતાં તેઓ નિર્માનીભાવે રહી આત્મનિષ્ઠા કેળવી સત્સંગમાં રહી શ્રીહરિનું ભજન કરી અન્યને સત્સંગ કરાવતા, જેમાં શ્રીહરિનો અપૂર્વ રાજીપો પણ હતો.

પરંતુ જેમ મગમાં અમુક દાણો કોરડુ આવે તેમ સત્સંગમાં પણ અમુક સંતો

બીજા સંતો જેવા શુભ ગુણ કેળવી ન શકતા અને સ્વભાવ ઉપર રહેતા. જેથી તેઓ લાંબા ગાળે સત્સંગમાંથી જતા રહેતા કે વિમુખ પણ થતા. નિર્વિકારાનંદ સ્વામીના કિસ્સામાં પણ એવું બન્યું. તેનામાં સદ્‌ગુણો સાથે અમુક સ્વભાવ પણ હતા જે તેમને સત્સંગમાં શોભવા દેતા ન હતા. આવો એક કિસ્સો જોઈએ :

એકવાર શ્રીહરિ ઘેલાના આરે મોટા પથ્થર પર સભા ભરીને બેઠેલા. તે સમયે નિર્વિકારાનંદ સ્વામી અને નિર્વિકલ્પાનંદ સ્વામી આવ્યા. તેમને સભાની સન્મુખ મુક્તાનંદ સ્વામી પાસે બેસવું હતું. પણ બેસવા ન મળ્યું. તે સમયે મહારાજે તેમનું માન ટાળવા રોઝો ઘોડો શણગારી મંગાવ્યો. પોતાના વસ્ત્ર અલંકાર નિત્યાનંદ સ્વામીને પહેરાવ્યા અને રોઝા ઘોડા ઉપર બેસાડ્યા ને પોતે માણકી ઉપર સવાર થઈ વાજતે-ગાજતે દરબારમાં પધાર્યા. તે બંનેને મહારાજે બોલાવ્યા નહીં તેથી બંને નારાજ થયા. નિર્વિકલ્પાનંદ સ્વામી સત્સંગમાંથી નીકળી સીધા આમોદ ગામમાં દીનાનાથ ભટ્ટને મળ્યા અને નિર્વિકારાનંદ સ્વામી ડભોઈ ગામમાં મઠ બાંધીને રહ્યા. (૪)

મંજુકેશાનંદ સ્વામીકૃત નંદમાળામાં ઉલ્લેખ છે :

'નિર્વિકારાનંદ ત્રણ નામ, એક ધ્યાની, બીજા નિષ્કામ, ત્રીજા તપસ્વી એ ત્રણ પ્રમાણ.

એક સમયે નિર્વિકારાનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી બુરાનપુર ગયા હતા. બંને જુદા જુદા રહેતા. પ્રેમાનંદ સ્વામી નિર્વિકારાનંદ સ્વામીનો વિશ્વાસ કરતા નહીં, પણ તેમના ઉપર હેત ખૂબ રાખતા. (૫)

આમ, સ્વામી માનને વશ થઈ સત્સંગમાંથી જતા રહ્યા પણ તેમણે શ્રીહરિનો નિશ્ચય અખંડ રાખ્યો. તેમની જ ઉપાસના કરી બાકીનું જીવન વ્યતીત કર્યું.

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને જ્ઞાન અને સત્સંગ વિષયક પ્રશ્નો પૂછેલા છે જે જોઈએ :

★ ગઢડા પ્રથમનું ૬૨મું વચનામૃત :

સ્વામીએ પૂછ્યું જે, નિશ્ચય હોય તોય પણ રૂડા ગુણ તો આવતા નથી અને માન ઈર્ષા તો દિવસે દિવસે વધતા જાય છે તેનું શું કારણ હશે ?

★ વચનામૃત સારંગપુરનું ૨જું :

હે મહારાજ ! અમારે તો દેશદેશમાં મનુષ્ય આગળ વાર્તા કરવી પડે તેણે

કરીને મનનું એકાગ્રપણું રહેતું નથી.

સંતો ગામડે સત્સંગ વિચરણ કરવા જાય ત્યારે તેમને પડતી તકલીફની મહારાજ પાસે વાત કરી સમાધાન મેળવતા હોય છે.

★ વચનામૃત સારંગપુરનું ૩જું :

હે મહારાજ ! શ્રવણ, મનન, નિદિવ્યાસ અને સાક્ષાત્કાર તે કોને કહેવાય?

★ વચનામૃત સારંગપુરનું ૧૨મું :

સાધુને વિષે કયા ગુણ અખંડ રહે છે ને કયા ગુણ આવે જાય એવા છે ?

★ વચનામૃત સારંગપુરનું ૧૮મું :

હે મહારાજ ! કોઈક પુરુષમાં ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તો તે ટળે કે ન ટળે ?

આમ, સ્વામીએ આવા સત્સંગ વિષયક પ્રશ્નો પોતાના આધ્યાત્મિક વિકાસ માટે પૂછેલા છે.

★ પાદટીપ :

(૧) **ભાયાત્માનંદ સ્વામી**ની વાતો નં. ૨૭૫ : રાજકોટ ગુરુકુલ પ્રકાશન, વિ.સં. ૨૦૫૩

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ** ભાગ : ૨, વાર્તા નં. ૩૩ જૂનાગઢ મંદિર પ્રકાશન

(૩) **શ્રીહરિચરિત્રામૃત સાગર** પુર નં. ૧૫ તરંગ ૩૭ ભાગ : ૬, પાના નં. ૪૦૫૪-૪૦૫૫, પ્રકાશક : શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી ગાંધીનગર

(૪) **અક્ષરાનંદ સ્વામી**ની વાતો : વડતાલ મંદિર પ્રકાશન, વાર્તા નં. ૧૬૫, પાના નં. ૬૫

(૫) **શ્રીહરિચરિત્રામૃત સાગર** પુર નં. ૧૫ તરંગ ૩૬

●

૩૫. શ્રી યોગાનંદ સ્વામી (મોટા)

મોટા યોગાનંદ સ્વામી વિષે જાણીએ :
મંજુકેશાનંદ કૃત નંદમાળામાં લખે છે કે,
'યોગાનંદ મોટા મુનિ, કહ્યા પ્રથમ શુભ રીત.'

સ્વામી ઉત્તર ગુજરાતના ગળોધર ગામના હતા. તેમની જ્ઞાતિ રાજપૂત ક્ષત્રિય હતી. તેમનો જન્મ સં. ૧૮૪૧ના ચૈત્ર સુદ ૧ના રોજ થયો. પિતા રણજીતસિંહજી તથા માતા રૂપબાના ઉદરે તેઓ જન્મ્યા. (૧)

પૂર્વજન્મના પુણ્ય પ્રભાવથી પવિત્ર વંશમાં જન્મ લેનાર આ રાજવી વંશના મુમુક્ષુને બાળપણથી જ ધર્મમય સંસ્કાર મળેલા. દેવદર્શન, કથાશ્રવણ અને સંતસમાગમમાં અત્યંત શ્રદ્ધા હતી. તેથી મોક્ષ પ્રાપ્તિ નિમિત્તે તીર્થયાત્રા કરવા નીકળ્યા. ત્યારે અમદાવાદ પાસેના કણભા ગામમાં શ્રીહરિ વિરાજતા હતા. પ્રભુના દર્શનમાત્રથી તેમના હૃદયમાં આનંદ વ્યાપી ગયો. તેથી થોડા દિવસ ત્યાં રોકાઈ ગયા. સંતોના નિષ્કામી જીવન જોઈને તેઓ ખૂબ પ્રભાવિત થયા અને તેમણે શ્રીહરિ પાસે જ રોકાઈ જવાનો નિશ્ચય કર્યો. પોતાનો આ નિર્ણય પ્રભુને જણાવ્યો. સંમતિ મળતા તેઓ રોકાયા અને સંતો સાથે ગામડે વિચરણ કરતા રહ્યા. **ભક્તચિંતામણિ**ના પ્ર. ૫૨માં ૩૩મી કડીમાં યોગાનંદ સ્વામીના ઉલ્લેખ છે.
'યોગાનંદ જગન્નિવાસાનંદ, અક્ષરરૂપાનંદ અજિતજી.' (૧)

સમય જતા શ્રીહરિ એકવાર વહેલાલ ગામમાં પધાર્યા. ત્યાં જેસંગભાઈને ઘરે ઉતારો કર્યો. તે સમયે ભગતે પોતાના સંત દીક્ષા આપવા માટે શ્રીહરિને કહ્યું. શ્રીજીએ તેમની અપાર મુમુક્ષુતા જોઈ સાધુની દીક્ષા આપી તેમનું નામ યોગાનંદ સ્વામી રાખ્યું. (૧)

સ્વામીની અભ્યાસમાં વિલક્ષણ સ્થિતિ જોઈ. પ્રભુએ તેમને સંસ્કૃતનો

અભ્યાસ કરવા ધોળકા મોકલ્યા. ત્યાં તેઓએ સંસ્કૃતનો અને શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો અને અનેક સ્તુતિ પ્રાર્થના સંસ્કૃત ભાષામાં રચી. તે સાથે **પ્રશ્નોત્તર સાગર** નામનો લઘુગ્રંથ અને વ્યાકરણ શાસ્ત્રનો અનુપમ ગ્રંથ **'બુધરંજની'**ની રચના કરી. વ્યાકરણશાસ્ત્રનું ઊંડું જ્ઞાન તેમાં દર્શાવાયું છે. (૧)

સ્વામીની વિદ્વતા, સદ્‌ગુણો અને સત્સંગ પ્રત્યેની આત્મીયતા વગેરે જોઈ શ્રીહરિએ તેમને સદ્‌ગુરુની પદવી આપીને સન્માનિત કર્યા. જે બાબત **ગઢડા પ્રથમના ૭૮**માં વચનામૃતમાં શ્રીહરિ સ્વયં કહે છે કે, (૧)

આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામી મોટેરા છે. માટે એમનું કોઈને અપમાન કરવા દેશો મા. એમ કહી રાજી થઈ તેમના હૃદયને વિષે શ્રીહરિએ પોતાના ચરણાર્વિંદ આપ્યા. (૧)

તે સમયે સૌરાષ્ટ્રમાં કાઠી દરબારોનું રાજ્ય હતું. પોતે પણ પૂર્વાશ્રમમાં ક્ષત્રિય હોવાથી કાઠી દરબારોની રગ જાણતા હતા. તેથી કાઠી દરબારોના ગામમાં સત્સંગ વિચરણ કરી દરબારોને વ્યસન મુક્ત કરી સત્સંગી કર્યા. તેથી તેઓ કાઠીઓના ગુરુ કહેવાતા.

સ્વામીના રચિત કીર્તનો પણ સંપ્રદાયમાં ખૂબ પ્રચલિત છે :

'મારે મંદિર પધાર્યા શ્યામ થઈ બડભાગી,
મારે હરિવર સાથે હેત શું લગની લાગી...
હાંરે કહે યોગાનંદ મુનિરાય ભજી લ્યો પ્રીતે
નહીં આવે જમના દૂત શાસ્ત્રની રીતે.'

સદ્. ગોપાળાનંદ સ્વામીકૃત મહાપૂજાના ચતુર્થ આવરણમાં યોગાનંદ સ્વામીનું પૂજન આવે છે. (૨)

શ્રીહરિ અંતર્ધાન થયા બાદ વિરહથી વ્યતીત થયેલા સ્વામી અનેક વિરહ વિષયક સ્તુતિ પ્રાર્થનાની રચના કરતા કરતા, સં. ૧૯૦૨ના જેઠ સુદ-૪ને ગુરુવારે ભાલ પ્રદેશના ધંધુકા ગામમાં અક્ષરવાસી થયા. (૧)

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને પ્રશ્નો પૂછેલા છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૩૧મું :

'ભગવાનના ભક્ત બે હોય, તેમાં એક તો નિવૃત્તિ પકડીને બેસી રહે...

અને એક પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેની અન્ન પુષ્પાદિકે સેવા કર્યા કરે... શ્રેષ્ઠ ભક્ત તેમાં કયો છે ?

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :

ભગવાનનો નિશ્ચય પરિપૂર્ણ છે તો પણ ભગવાનને વિષે ને ભગવાનની કથાને વિષે હેત કેમ થતું નથી ?

★ વચનામૃત કારિયાણીનું ૨જું :

મોટા શિવાનંદ સ્વામીએ મોટા યોગાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે : કર્મ મૂર્તિમાન છે કે અમૂર્ત છે ? ત્યારે મોટા યોગાનંદ સ્વામી કહે, એનો ઉત્તર મને તો આવડે એમ જણાતું નથી.

★ પાદટીપ :

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી, સ્વામિ. મંદિર - જૂનાગઢ. વર્ષ : ૨૦૦૪, પાના નં. ૧૨૭ થી ૧૨૮

(૨) **મહાપૂજા મુક્ત ગાથા :** કંડારી ગુરુકુલ, પાના નં. ૧૧૩થી ૧૧૪

●



૩૯. શ્રી અચિંત્યાનંદ સ્વામી

સંપ્રદાયમાં આ નામના એક કરતા વધારે સંત થઈ ગયા. જેઓએ કથાવાર્તા, સેવા કરીને શ્રીહરિને ખૂબ રાજી કરેલા.

મંજુકેશાનંદજી કૃત નંદમાળામાં ઉલ્લેખ છે :

'અચિંત્યાનંદ છે ત્રણ ઉદાર, ત્યાગ તપ ધ્યાન તણા ભંડાર.'

તેમાંના એક અચિંત્યાનંદ સ્વામી વિષે જાણીએ :

અચિંત્યાનંદ સ્વામી એટલે પૂર્વાશ્રમના એકાંતિક, નિષ્કામી વ્રત ધારણ કરનાર ભક્તરાજ માંચા ખાચર. જેઓ કારિયાણી ગામમાં રહેતા અને રામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામી સંતો સહિત કારિયાણી પધારેલા, ત્યાં અન્નકૂટોત્સવ કરેલો. (૧)

મહારાજે ૧૮ અગ્રગણ્ય હરિભક્તોને ઘરબાર છોડી સાધુ થઈ જવા ચિઠ્ઠી લખેલી. જે પ્રસંગ ભક્તચિંતામણિમાં છે.

'માંચા સુરા સોમલા અલૈયા, મુળુ નાજા માતરા મામૈયા.
અજા જીવા વીરદાસવળી, લીલા કાળા કમળશી મળી.
એહ સર્વે તજી ઘરબાર, થાજ્યો પરમહંસ નિરધાર. (૨)

જેમાં માંચા ખાચરનું નામ પ્રથમ છે. **ભક્તચિંતામણિના પ્રકરણ ૫૪**માં ૩૭મી કડીમાં આ વાત આવે છે. જે મુજબ માંચા ખાચર સાધુ થઈને શ્રીહરિને મળ્યા. શ્રીહરિએ તેમને બધાને દોઢ માસ સુધી પોતા પાસે રાખી ફરી સંસારમાં જવા આજ્ઞા કરેલી. જ્યાં ખાચરનું નામ બદલી તેમનું નવું નામ અચિંત્યાનંદ સ્વામી રાખેલું.

પોતે નિષ્કામી વ્રત પાળતા તથા શ્રીહરિમાં જ અપાર શ્રદ્ધા ધરાવતા અને તેમના કુટુંબીજનોમાં પણ આવો દઢ વિશ્વાસ હોય તેવો આગ્રહ રાખતા તેનો એક પ્રસંગ જોઈએ. માંચા ખાચરના ભત્રીજા વસ્તા ખાચરના પત્ની ગુજરી જતા વ્યવહારિક મુશ્કેલી પડતા તેમણે બીજું લગ્ન કર્યું. આ સમાચાર તેમને મળતા વસ્તા ખાચર ઉપર ક્રોધે ભરાઈને તલવાર લઈને તેને મારવા દોડ્યા કે, તેં એક લગ્ન કર્યું ત્યારે પ્રતિજ્ઞા લીધેલ કે આ સ્ત્રી સિવાય બીજી સ્ત્રી મારે મન બેન અને માતા

સમાન છે. તો એ પ્રતિજ્ઞા તેં કેમ તોડી ? વસ્તા ખાચર કાકાથી ડરીને કોઈકના ઘરે સંતાઈ ગયા અને શ્રીહરિને સમાચાર મોકલ્યા. આથી મહારાજ કારિયાણી પધાર્યા અને માંચા ખાચરને કહે,

હું તમને સાધુ જ માનું છું. સંતને આવો ક્રોધ ન જોઈએ. એમ કહી સમજાવી ફરી દીક્ષા આપી. જેથી વસ્તા ખાચરને હેરાન ન કરે. અને એ જ નામ ધારણ કરાવ્યું. આ પ્રસંગ **હરિલીલામૃત**ના કળશઃ૭માં વિશ્રામ ૧૩માં આલેખેલ છે. (૩)

શ્રીહરિના આદેશથી પછી પોતે આજીવન સાધુ વેષે રહી સત્સંગમાં રહ્યા.

અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી તે સમયમાં સંત-હરિભક્તોની મોટી સભામાં શ્રીહરિએ સ્વામીને સભામાં ઊભા કરી તેમના પૂર્વાશ્રમનો પરિચય સૌને કહ્યો કે, તેઓ કેવા શૂરવીર અને નિષ્ઠાવાન ભક્ત હતા. આમ કહી શ્રીહરિએ તેમનું બહુમાન કરીને કહ્યું કે, આ સ્વામી તો અમારા વડીલ ગુરુભાઈ છે. (૩)

શ્રીહરિએ આ સમયે કહ્યું કે, તેઓ અમારા વચને કરીને સાધુ થયા અને તેમનું પ્રારબ્ધ તો તેમને રૂંવાડે રૂંવાડે જીવડા પડે તેવું હતું. પણ અમારું વચન માનીને સાધુ થયા તો તેમનું એવું પ્રારબ્ધ ટળી ગયું અને તેમના અપાર દાખડાથી આખો ઝાલાવાડ સત્સંગી થયો છે તે બધાયનું પુણ્ય આમને છે. (૪)

સ્વામી અંત અવસ્થા સુધી સત્સંગ વિચરણ માટે ગામડા ફરતા. આ રીતે તેઓ વિચરણ કરતા કરતા ગુજરાતના બામણગામ આવ્યા અને તે સમયે અત્યંત બિમાર પડતા તે જ ગામમાં અક્ષરવાસી થયા. આ સમાચારથી શ્રીહરિ પણ દિલગીર થયા. વસ્તા ખાચરને આ સમાચાર મળતા. તેમણે શ્રીહરિને કારિયાણી બોલાવી તમામ ધાર્મિક અને લૌકિક વ્યવહાર કરી સગાં-સ્નેહી, બ્રાહ્મણો અને સંતોને જમાડ્યા અને મહારાજ અને સંતોની પૂજા કરી. (૧) આ પ્રસંગ **હરિલીલામૃત**ના કળશ ૭ અને વિશ્રામ ૬૨માં વર્ણવેલ છે :

'હતા તે સમે બામણગામ, તેણે દેહ તજ્યો તેહ ઠામ,
વસ્તા ખાચરે સાંભળી વાત, ત્યારે ખર્ચ કર્યું ભલી ભાત.
કૃપાસિંધુ ગયા કારિયાણી, ભાવ ભક્તનો તે ભલો જાણી,
તેણે સાટાની દીધી રસોઈ, જમ્યા શ્રીજી તથા સહુ કોઈ.'

★ બીજા અચિંત્યાનંદ સ્વામી વિષે જાણીએ :

આ અચિંત્યાનંદ સ્વામી ભાઈ રામદાસજી સ્વામીના સેવક હતા અને વિદ્વાન હતા. તેઓ મંડળધારી હતા. મહારાજે તેમને અમદાવાદ મંદિરના મહંત પદે

નિમેલા. તેઓ કથાવાર્તા સારી રીતે સ્પષ્ટ ઉચ્ચારે કરતા. તેમની મેધા અતિ તીવ્ર હતી. શ્રીહરિ તેમની કથા સાંભળી ખૂબ રાજી થતા અને તેમને બિરદાવતા. (૧)

★ ત્રીજા અચિંત્યાનંદ સ્વામી વિષે જાણીએ :

સ્વામીનો એક પ્રસંગ ખૂબ જાણીતો છે. જેમાં શ્રીહરિ તેમની સેવાભાવના જોઈ અતિ રાજી થયેલા.

એકવાર શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વડતાલ જતા હતા. તેવામાં અચાનક ૭ સંતો બીમાર પડી ગયા. આથી તેમની સેવા થાય તે જરૂરી હતું. આથી મહારાજે કહ્યું કે, આ બીમાર સંતોની સેવામાં જે રોકાશે તેની ઉપર હું ખૂબ રાજી થઈશ અને સમૈયાનું ફળ આપીશ. આ તક સ્વામીએ ઝડપી લીધી. અને કારિયાણીમાં રોકાઈ આ સંતોની ખૂબ સેવા કરી સાજા કર્યા. આમ, શ્રીહરિએ સ્વામી ઉપર ખૂબ રાજી થઈ આશીર્વાદ આપ્યા કે તમને મારી મૂર્તિ અખંડ દેખાશે. આથી સ્વામીને મહારાજના સ્વરૂપનું અખંડ દર્શન થવા લાગ્યું.

લક્ષ્મીવાડીમાં નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિ સ્મૃતિ મંદિર બંધાવેલ. પણ મંદિરનું પ્લાસ્ટરનું કામ બાકી હતું. તો આ અધૂરી સેવા સ્વામીએ કરી. તેમણે બોટાદના ગીરધર શેઠને આ સેવા માટે પ્રેરણા કરી અને શેઠે મંદિરનું અધૂરું કામ પૂર્ણ કરાવ્યું. પછી સ્વામી ગીરધર શેઠ ઉપર ખૂબ રાજી થયા અને તેમને ત્યાં પુત્ર થાય તેવા આશીર્વાદ આપ્યા. (૧)

★ વચનામૃતમાં સ્વામીનો પ્રશ્ન છે :

ગઢડા મધ્યનું ૧૦મું :

પછી અચિંત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણને વિષે ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થયાનું વિશેષ કારણ કોણ છે ?

★ પાદટીપ :

(૧) **સંત સુમનસ્રજ :** પ્રભુશાસ્ત્રી. સ્વામિ. મંદિર, જૂનાગઢ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૮થી ૨૦ તથા ૧૧૮

(૨) **ભક્તચિંતામણિ** : પ્રકરણ : ૫૪ કડી નં. ૩૭થી ૩૮.

(૩) **આદર્શ ભક્તગાથા :** લેખક. શા. ધર્મવલ્લભદાસજી સ્વામી, મંદિર જૂનાગઢ. વર્ષ : સંવત ૨૦૫૩, પાના નં. ૧૦૫થી ૧૧૮

(૪) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર. વર્ષ : ૨૦૦૬, વાર્તા નં. ૪૮૦

●

૩૭. શ્રી અખંડાનંદ સ્વામી

સંપ્રદાયમાં બે અખંડાનંદ સ્વામી થઈ ગયા.

એક નાના અખંડાનંદ સ્વામી જેઓ મધ્યપ્રદેશના વતની હતા અને તે નાના અખંડાનંદ સ્વામી તરીકે ઓળખાતા. તેઓ અદ્‌ભૂતાનંદ સ્વામીના મંડળમાં રહેતા અને ધોલેરા પ્રદેશના સત્સંગમાં વિચરણ કરતા.

બીજા મોટા અખંડાનંદજી સ્વામી હતા.

મંજુકેશાનંદ સ્વામીકૃત નંદમાળામાં 'અખંડાનંદ મોટા તપવાન' એવો ઉલ્લેખ છે. મંજુકેશાનંદ સ્વામીકૃત : **ઐશ્વર્ય પ્રકાશ ગ્રંથ**માં તેમનો ઉલ્લેખ છે :

'સંત અખંડાનંદ કહાવે, શ્રીહરિ કે ગુન નિશદિન ગાવે.

જોગી તપસ્વી અરૂ અતિ ત્યાગી.' (A)

અખંડાનંદ સ્વામીનું જીવન તથા સત્સંગના પ્રસંગો જોઈએ :

અખંડાનંદ સ્વામી પંજાબ બાજુના વતની હતા. હિંદી ભાષા બોલતા. દેખાવમાં પાંચ હાથ પૂરા અને સશક્ત હતા. તેઓ મંડળના સંતો સાથે સત્સંગ પ્રચાર કરતા. તેમના મંડળના મહંત વ્યાપકાનંદ સ્વામી હતા. તેમની સાથે મુખ્ય સંતોમાં નિષ્કુળાનંદ સ્વામી, શાંતાનંદ સ્વામી, ગુરુચરણરતાનંદ સ્વામી પણ હતા. વડોદરા દેશમાં પ્રચાર કરતા. એકવાર આ મંડળે વડોદરાના પુલ પાસેના મેદાનમાં ઉતારો કરેલ. તે સમયે શ્રીજીના આદેશથી સંતો પરમહંસ થઈને ફરતા. શિખા, ચોટલી ન રાખતા. આ સમયે કેટલાક વૈરાગી બાવાઓ આપણા સંતોને હેરાન કરતા. છતાં સંતો તેમને ક્ષમા કરતા. તેમ છતાં વૈરાગી બાવાઓએ અંગ્રેજ અધિકારીને ફરીયાદ કરી કે આ સંતો પાખંડ ફેલાવે છે. આથી અંગ્રેજ અધિકારી પ્રત્યક્ષ તપાસ કરવા આવ્યા ત્યારે સંતો ધ્યાન કરતા હતા. તેમની પાસે ચીપીયો કે ત્રિશૂલ ન હતા તથા તમાકુ કે હોકો ન હતા. આથી અંગ્રેજ ખુશ થયો અને બધી વિગતો પૂછી ત્યારે અખંડાનંદ સ્વામી જે હિંદી સારું બોલી જાણતા તેમણે પોતાનો, સંતોનો તથા સહજાનંદ સ્વામીનો પરિચય આપ્યો. પોતે તેમના શિષ્યો છે તથા ધર્મપ્રચારમાં

નીકળ્યા છે. તેવી સુંદર વાત સાથે ઉપદેશ આપ્યો તેથી અંગ્રેજ તેમનાથી ખૂબ પ્રભાવિત થયો. વેરાગીની વાત સાચી ન માની અને ઉલ્ટાનો વેરાગીને ઠપકો દીધો તથા મોદીને બોલાવી સંતોના સીધાપાણીની વ્યવસ્થા કરી દીધી. (૧)

સ્વામીએ જિંદગીપર્યંત **આસન પાથરેલ નહીં** એટલે કે પથારી કરી લાંબા થઈને સુતા નહીં. પોતે ધ્યાનના અંગવાળા સમાધિનિષ્ઠ સંત હતા. એકવાર પોતે ધ્યાન કરતા હતા તે દરમ્યાન તેમણે પોતાનો એક હાથ ઊંચો કર્યો. પછી કોઈ સંતે તેમને પૂછ્યું કે તમે અચાનક એક હાથ કેમ ઊંચો કર્યો ? ત્યારે સ્વામી કહે, ઈન્દ્ર અસુરો સામે લડવા પાતાળ લોકમાં ગયો પણ ત્યાં અચાનક અસુરોએ તેમને ઘેરી લીધાં. આથી મેં રાડ પાડી અને હાથ ઊંચો કર્યો ત્યાં અસુરો બધા ભાગી ગયા. આથી મેં હાથ ઊંચો કરેલ તેમ સ્વામીએ કહ્યું. (૨)

પોતે આવા સમર્થ હોવા છતાં પ્રારબ્ધ યોગે પોતાને રોગાદિક પીડા થાય તો તે **હસતે મુખે તે દુઃખ પીડા સહન કરી લેતા તેનો એક પ્રસંગ જોઈએ :**

સ્વામી ગામડે પ્રચાર કરવા ગયા હશે તે દરમ્યાન તેમને મરડા-ઝાડાની અસર થઈ ગઈ. તેથી રસ્તાના કાંઠે અશક્ત થઈને બેઠા બેઠા ઉચ્ચ સ્વરે ભજન કરતા હતા. તે દરમ્યાન લાડુબા-જીવુબા બહારગામથી ગઢડા આવતા હતા. તેમણે આ અવાજ સાંભળી કોઈને મોકલી તપાસ કરાવી તો અખંડાનંદ સ્વામી હતા. આથી તેમણે ગાડાખેડુ પાસે સ્વામીને ઉપડાવી પોતાની વેલમાં બેસાડી અને પોતે ગઢડા પગે ચાલતા આવ્યા. ગઢડા જઈને સ્વામીના ગંદા કપડાં-ગોદડા વગેરે ધોતા તથા તેમની રુચિ અનુસાર ભોજન બનાવી દેતા. એકવાર સ્વામીને અડધી રાત્રે તાંદળજાની ભાજી અને રોટલો ખાવાની રુચિ થતાં રાત્રે સેવકને મોકલી ભાજી તોડાવી તેમનું શાક અને રોટલો બનાવી સ્વામીને ભાવપૂર્વક જમાડ્યા. આમ લાંબા સમયની સેવા બાદ સ્વામી બહેનો ઉપર બહુ રાજી થયેલા અને આશીર્વાદ આપ્યા.

સ્વામી ત્રણેયકાળમાં બ્રહ્મરૂપ થઈને ફરતા. ભગવાનની ઈચ્છા એ જ તેમની ઈચ્છા તેમ માનતા. પ્રારબ્ધમાં જે દુઃખ હોય તે શ્રીજીની પ્રસાદી માની ભોગવી લેવું. ભગવાનને સર્વ કર્તાહર્તા માનવા તેવું તેઓ સ્પષ્ટપણે માનતા. **બધુ ભગવાનનું જ કર્યું થાય છે તેવી માન્યતા ધરાવતા. તેનો એક પ્રસંગ જાણીએ :**

સ્વામી એકવાર સત્સંગ પ્રચાર માટે એક ગામથી બીજા ગામ જતા હતા. રસ્તામાં જંગલનો રસ્તો આવ્યો. ત્યાં ગીચ ઝાડીમાં તેમને વાઘ સામે મળ્યો.

સ્વામીને થયું કે નક્કી વાઘ મને મારી નાખશે. પણ તેમાં મહારાજની મરજી હશે એમ જાણી પોતે વાઘ સામે જઈને કહ્યું કે, આ તારું ખાજ આવ્યું. લે મને મારીને ખાઈ તારી ભૂખ સંતોષી લે. સ્વામીએ વિચાર્યું કે, આ દેહનો એક કાળે તો અંત આવશે. તો ભલે આજે અંત આવતો. પણ મહારાજની ઈચ્છા સ્વામીને દેહમાં રાખવાની હશે તેથી પ્રભુએ વાઘમાં પ્રવેશ કર્યો. તો વાઘ નજીક આવ્યો પણ સ્વામીને ચાર પ્રદક્ષિણા કરી તેમને નમન કરી જંગલમાં જતો રહ્યો. સ્વામીની આમ મહારાજે રક્ષા કરી. સ્વામી મહારાજની આવી ઈચ્છા જાણી પ્રવાસમાં આગળ વધ્યા. (૪)

ભક્તચિંતામણિના પ્રકરણ : ૧૩૧માં આ પ્રસંગ વર્ણવેલ છે :

આવ્યા સિંહ સમીપે તે જ્યારે, સિંહ જોઈ રહ્યા સામું ત્યારે. ૩૨
આવ્યા નજીક મુખને પાસ, નહિ તન ને મનમાં ત્રાસ
એમ કહે છે વાઘને વાત, શું જુઓ છો કરો મારી ઘાત. ૩૩
ત્યારે વાઘે તે થાપ ઉગામી, અડગ અખંડાનંદ સ્વામી,
ત્યાં તો ન ડર્યા નિર્ભય ભાવી, વાઘે થાપ તે પર ન વાળી. ૩૪
આવ્યા વારે પોત્યે ભગવાન, થયું સાવજને ઉર જ્ઞાન,
પછી લોટિ લાગ્યા વાઘ પાય, આવા સાધુને કેમ મરાય. ૩૫
પછી દઈ પ્રદક્ષિણા ચાર, ગયા વાઘ તે વન મોઝાર
એમ પૂરી પરચો ભગવન, નાથે ઉગારિયો નિજ જન. ૩૬

આમ, સ્વામી શ્રીહરિની ઈચ્છાને જ સર્વોપરી માનતા અને મહારાજની મરજીમાં જીવતા.

સ્વામીએ શ્રીહરિને વચનામૃતમાં ગૂઢ તત્ત્વજ્ઞાન વિષયક અનેક પ્રશ્નો પૂછ્યા છે :

★ લોયાનું ૪થું :

(૧) ...અનંતકોટિ બ્રહ્માંડ છે તે બ્રહ્માંડને વિષે જેવી આ બ્રહ્માંડમાં વર્તમાનકાળે ભગવાનની મૂર્તિ છે તેવી ને તેવી જ દેખાય છે કે નથી દેખાતી ?

(૨) શ્રીકૃષ્ણ નારાયણ તો સદા મનુષ્યાકૃતિ છે. ને તે ભગવાનનું સ્વરૂપ સર્વકાળે સત્ય છે અને તે જ ભગવાન ક્યારેક મત્સ્ય, કચ્છ ... નૃસિંહાદિક અનંતરૂપે કરીને ભાસે છે તે કેમ સમજવું ?

★ લોયાનું ૯મું :

શ્રીહરિ બોલ્યા જે સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો. ત્યારે આત્માનંદ સ્વામીએ અખંડાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ અને ધર્મ એ ચારને ઉપજ્યાનો હેતુ શો છે ?

★ ગઢડા મધ્યનું ૧૬મું :

(૧) સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, માંદાને તો કરીનો નિયમ હોય જે આટલા દિવસ જ કરી રાખવી તેમ કલ્યાણના સાધનનો પણ કોઈ નિયમ છે કે નથી ?

(૨) તીવ્ર શ્રદ્ધાવાન પુરુષના શા લક્ષણ છે ?

(૩) જેને મંદ શ્રદ્ધા હોય તેને શ્રદ્ધા વૃદ્ધિ કેમ પામે ?

★ ગઢડા અંત્યનું ૧૮મું :

સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે,

હે મહારાજ ! આ જીવને પૂર્વજન્મનાં જે કર્મ તે કર્મનું જોર ભગવાનનો ભક્ત થાય તો પણ ક્યાં સુધી રહે છે ?

★ **પાદટીપ :**

(A) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, વર્ષ-૨૦૦૪, પાના નં. ૫૯-૬૦

(૧) **હરિચરિત્રામૃત સાગર :** પુર ૧૫ તરંગ ૩૦

(૨) **શ્રીહરિકૃષ્ણ સાગર :** પુર ૧૭ તરંગ ૭

(૩) **અદ્ભૂતાનંદ સ્વામીની વાતો.** વાર્તા નં. ૯૬, વડતાલ મંદિર, પ્રકાશન વર્ષ-૨૦૦૬

(૪) **શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર**, કંડારી ગુરુકુલ : વાર્તા નં. ૨૩૪, વર્ષ : ૨૦૧૧

●

૩૮. શ્રી કપિલેશ્વરાનંદ સ્વામી

સંપ્રદાયમાં બે કપિલેશ્વરાનંદ હતા. એક સાધુ હતા અને બીજા બ્રહ્મચારી સંત હતા. બંને મહારાજની સેવામાં હતા.

બ્રહ્મચારી કપિલેશ્વરાનંદજી :

પૂર્વાશ્રમનું નામ : પિતાંબર ત્રવાડી (ત્રિવેદી)

જ્ઞાતિ : બ્રાહ્મણ

ગામ : મહેસાણા જિલ્લાનું વ્યારા ગામ

પૂર્વકથન : શ્રીહરિ તેમના ગામ આવતા ત્યારે તેમની સાથે રહી ગામડાંઓમાં વિચરણમાં જોડાઈ સત્સંગવિચરણ કરતા. એકવાર મહારાજે તેમને મીઠી ટકોર કરી કે, ત્રવાડી ! હવે ક્યાં સુધી ઘોડી ઉપર બેસીને ફરવું છે ? જીવનું રૂડું થાય તેમ કરો. આમ શ્રીજીના ઉપદેશથી સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો અને સંસારનો ત્યાગ કરી શ્રીહરિ સાથે જોડાયા. મહારાજે તેમને ઉનાવા ગામમાં બ્રહ્મચારીની દીક્ષા આપી. કપિલેશ્વરાનંદજી નામ આપ્યું. (૧)

એકવાર શ્રીહરિ સાથે વિચરણ કરતા વડતાલથી પીપળાવ જતા હતા. રસ્તામાં આંબા નીચે વિશ્રામ કરવા રોકાયા. ત્યારે મહારાજ બોલ્યા કે, મારા હાથ-પગના નખ ખૂબ વધી ગયા છે તો ઉતારવા છે. ત્યારે સ્વામીએ આ તક ઝડપી લીધી. પોતે તરત ઊભા થયા ને નખનેરણી વડે મહારાજના નખ ઉતાર્યા. આમ તુરતની સેવાથી મહારાજ તેમના ઉપર ખૂબ રાજી થયા. આવી તો અનેક સેવા તેમણે કરેલી. (૧)

સ.ગુ. સ્વામી કપિલેશ્વરાનંદજી :

'બેઉ કપિલેશ્વરાનંદ છે નામ, એક શાસ્ત્રવેત્તા બીજા અકામ.

મંજુકેશાનંદ સ્વામીએ નંદમાળા પુસ્તકમાં આવો ઉલ્લેખ કર્યો છે. એટલે કે આ નામના બે સંત હતા. એક શાસ્ત્રવેત્તા સંત હતા અને બીજા અકામ એટલે

બ્રહ્મચારી સંત હતા.

પૂર્વાશ્રમનું નામ : વીરભદ્ર

જ્ઞાતિ : ક્ષત્રિય-ગરાસીયા

ગામ : બંધિયા

ભાઈઓ : ચાર ભાઈઓ : ભગવદાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી અને પોતે કપિલેશ્વરાનંદજી. (૨)

ગામ બંધિયાના જાડેજા ગરાસિયા મૂળજીના નાનાભાઈ જેહાજીને ભગવદાનંદ સ્વામીના બહેન ફૂલીબા પરણાવ્યા હતા. ફૂલીબા ત્યાગી થઈને ગઢડામાં રહેતા હતા. જેહાજી પણ પાર્ષદ થઈને શ્રીજીની સેવામાં હતા. મહારાજે તેમને રાજી થઈને ઐશ્વર્ય આપી અંતર્યામીપણાની શક્તિ આવી. આથી જેહાજી બીજાના મનની વાત જાણતા. પણ જે માણસ રજોગુણી હોય તો તેના મનમાં ભૂંડાઘાટ થતા હોય તે જેહાજી જાણી જતા. પરિણામે તેને ભક્તોનો અવગુણ આવ્યો. આથી મહારાજે તેમને સંસાર કરવા કહ્યું. તેથી જેહાજીએ પોતાની સ્ત્રી જે ત્યાગી થઈને ગઢડામાં રહેતા હતા તેમની માંગણી કરી. પણ તેમના સ્ત્રીને ત્યાગીમાં રહેવું હતું. આથી જેહાજી સ્ત્રીને લઈ જવા ટંટો કરવા લાગ્યા. તે સમયે વીરભદ્ર જે પછીથી કપિલેશ્વરાનંદ સંત થયા. તેમણે ઉઠીને જેહાજીનો તિરસ્કાર કરી કાઢી મુક્યા. આમ, કપિલેશ્વરાનંદજીની પૂર્વાશ્રમની જ્ઞાતિ રજપૂત હતી તેવું આ પ્રસંગ ઉપરથી ફલિત થાય છે. (૩)

ભગવદાનંદ સ્વામીના ભાઈ કપિલેશ્વરાનંદજી એકવાર ઝાલાવાડ બાજુ સત્સંગ વિચરણ કરતા હતા. સંતો ધ્રાંગધ્રા આવ્યા ત્યારે એક વૈરાગીની જમાત પણ ત્યાં આવી અને સંતોને હેરાન કરવા લાગી. એક વૈરાગી બરછી લઈને સ્વામીને મારવા સામો થયો. ત્યારે સ્વામીની જ્ઞાતિ મુજબ તેમનું લોહી ઉકળી ગયું પણ શ્રીહરિની આજ્ઞા ન હોવાથી તે બાવાને માર્યા નહીં પણ તિરસ્કાર કર્યો અને બોલ્યા કે, ખબરદાર જો નજીક આવ્યો છો તો ! તારા અને તારી બરછીના ટુકડા કરી નાખીશ. મારા ઈષ્ટદેવની આજ્ઞા છે એટલે આ અપમાન સહન કરું છું. નહીં તો મારામાં પણ અપાર શક્તિ છે. ૪૦ મણ અનાજ ભરેલી કોઠીને ઉપાડીને બીજે મુકી દેતો અને એક મણ તો લાડુ ખાઈ જતો માટે વિચાર કરીને આગળ વધજે. આ શૂરવીરતા ભર્યા વેણ સાંભળી વૈરાગી ડરીને ભાગી ગયો. (૩)

ગઢડામાં શ્રીહરિ વિરાજમાન હતા. તે સમયે મહારાજ સંતોને પીરસવા આવ્યા. સ્વામીએ લગભગ જમી લીધું હતું. મહારાજે તાણ કરી તો સ્વામી જમ્યા પછી ૩ તાંસળી ભરીને દૂધપાક પી ગયા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, મહારાજ ! હવે આ વીરભદ્ર ખરા. (સ્વામીનું પૂર્વાશ્રમનું નામ વિરભદ્ર હતું).

સ્વામી શુદ્ધ ઉચ્ચારવાળા સંસ્કૃતના શ્લોકો બોલી શ્રીજીને રાજી કરતા. મહારાજે લોયામાં શાકોત્સવ કરેલો ત્યારે ત્યાં એક માસ રોકાયેલા ત્યારે આત્માનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, કપિલેશ્વરાનંદ સ્વામી વગેરે સંતોએ કથા કરી શ્રીહરિને રાજી કરેલા આથી મહારાજે આ બધા સંતોનું સન્માન કરેલું. (૨) આમ સ્વામી તે સમયે નાના વિદ્યાર્થી સંત તરીકે અભ્યાસ કરતા હતા.

ઇન્દ્રિયોની ચંચળતા ટાળ્યાના **લોયાના ૮મા** વચનામૃતમાં સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો છે કે, પૂર્વનો સ્વભાવ હોય તે કેમ જાણવો અને હમણાંનો સ્વભાવ હોય તે કેમ જાણવો ? શ્રીહરિએ તેમની જિજ્ઞાસાનું યથાયોગ્ય સમાધાન કરેલું.

★ **પાદટીપ :**

(૧) **બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ :** પ્રકાશક : પ્રભુશાસ્ત્રી, સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ. વર્ષ : ૨૦૦૧, પાના નં. ૧૦૭

(૨) **સંતસુમન સ્રજ :** પ્રકાશક : પ્રભુશાસ્ત્રી, સ્વામિનારાયણ મંદિર-જૂનાગઢ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૮૬

(૩) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** સ્વામિ. મંદિર કુંડળ, વર્ષ-૨૦૧૨, વાર્તા નં. ૫૮

●

૩૯. શ્રી નિર્લોભાનંદ સ્વામી

વાસનાજીર્ણ થયાના **ગઢડા અંત્યના ૧૮માં વચનામૃત**માં નિર્લોભાનંદ સ્વામી શ્રીહરિને પ્રશ્ન પૂછે છે કે, જાગ્રત અવસ્થામાં તો કોઈ દિવસ દીઠાય ન હોય ને સાંભળ્યા પણ ન હોય તેવા પદાર્થ સ્વપ્નમાં સ્ફૂરી આવે છે તેનું શું કારણ હશે ?

નિર્લોભાનંદ સ્વામી વિષે જાણીએ :

મંજુ કેશાનંદ સ્વામી લિખિત નંદમાળા નામના પુસ્તકમાં સ્વામી લખે છે કે,

'નિર્લોભાનંદ મુનિ બેઉ, એક ધ્યાની બીજા ગુરુ તેઉ.'

સંપ્રદાયમાં નિર્લોભાનંદ નામના બે સંત હતા. એક અખંડાનંદ સ્વામીના શિષ્ય હતા અને બીજા બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય હતા. (૧)

એક નિર્લોભાનંદ સ્વામી જેઓ અખંડાનંદ સ્વામીના શિષ્ય હતા **અને ધ્યાની સ્વામી કહેવાતા હતા. તેના વિષે જાણીએ :**

સ્વામીના પૂર્વાશ્રમનું નામ જેરામ ભગત હતું. તેઓ કચ્છના ભચાઉ ગામના રહેવાસી હશે તેમ લાગે છે. કેમકે શ્રીહરિ જ્યારે ભચાઉ પધારેલા ત્યારે તેઓ સભામાં બેઠા હતા અને મહારાજે તેમને સમાધિ કરાવેલ. તેથી તેઓ ભચાઉના રહેવાસી હોવાનું અનુમાન છે. (૧)

શ્રીહરિ કચ્છમાં ભચાઉ પધારેલા અને વાઘજીભાઈ શાહને ઘરે ઉતરેલ. ગામના મુમુક્ષુ સભામાં આવેલ. ત્યારે તે ગામના ખીમા પટેલે શ્રીહરિ પાસે સમાધિ કેવી હોય ? તે જોવાની ઇચ્છા કરી. ત્યારે સભામાં જેરામભાઈ સત્સંગી બેઠેલા. તેમને શ્રીહરિએ કહ્યું કે, તમે બેસી ભગવાનનું ધ્યાન કરો. થોડીવાર પછી જેરામભાઈને પૂછ્યું કે, તમે ધ્યાનમાં શું જોયું ? તો કહે બાજુના ઘરમાં સ્ત્રીઓ કજીયો કરતી હતી તેથી ચિત્ત એકાગ્ર થયું નથી. પછી શ્રીહરિએ તેમને કહ્યું કે, તમને જે દેવમાં પ્રેમ હોય તેનું ધ્યાન કરો. પછી જેરામ ભગતને રામચંદ્ર ભગવાનમાં પ્રીતિ હોવાથી તેનું ધ્યાન કરવા લાગ્યા અને શ્રીહરિની કૃપાથી તેને

સમાધિ થઈ. એ વાત તેમણે સભામાં બધાને કહી. એ સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. (૧)

રાત્રિના સમયે શ્રીહરિએ અખંડાનંદ સ્વામી કે જેઓ ત્યાં હતા તેમને કહ્યું કે, આ ગામમાં મુમુક્ષુઓને સત્સંગનો ખપ છે. તો તમે અહીં રોકાઈને કથાવાર્તા કરો. આથી ગામમાં સત્સંગનો સારો સમાસ થયો. તે વખતે સમાધિનું સુખ લેનાર જેરામ ભગતે સ્વામી પાસે ધ્યાનનો અભ્યાસ શરૂ કર્યો અને તેમને ધ્યાનની સિદ્ધિ થઈ અને શ્રીહરિમાં અપાર સ્નેહ થતાં સંસારનો ત્યાગ કરી સ્વામીના મંડળમાં રહ્યા અને તેમનું નામ નિર્લોભાનંદ સ્વામી રાખ્યું જેને સૌ નિર્લોભાનંદ ધ્યાનીથી ઓળખતા. (૧)

પ્રસ્તુત વચનામૃતમાં નિર્લોભાનંદ સ્વામીના પ્રશ્ન પછી તુરત અખંડાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે તેથી એમ માનવાને કારણ રહે કે ગુરુશિષ્ય સાથે ગઢડામાં આવ્યા હશે તેથી આ નિર્લોભાનંદ સ્વામી જ ધ્યાની નિર્લોભાનંદ સ્વામી છે એમ માની શકાય.

હવે **બીજા નિર્લોભાનંદ સ્વામી વિષે જાણીએ :**

આ સ્વામીના ગુરુ બ્રહ્માનંદ સ્વામી હતા. નિર્લોભાનંદ સ્વામી કથાવાર્તામાં કુશળ હતા. તેમના વિષે વિશેષ માહિતી પ્રાપ્ય નથી. પરંતુ સં. ૧૮૮૮ના વર્ષમાં ભૂજ મંદિરથી બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે લખાયેલ બે પત્રોમાં નિર્લોભાનંદ સ્વામી અને વૈષ્ણવાનંદ સ્વામીનો નિર્દેશ છે, તે પરથી સ્પષ્ટ સમજાય છે કે, બંને સંતોએ ભૂજ મંદિરના બાંધકામમાં વિવિધ સેવાઓ કરી છે તથા નાના આનંદાનંદ સ્વામી નિર્લોભાનંદ સ્વામીના શિષ્ય હતા તેમ બ્રહ્મસંહિતામાં નોંધ્યું છે. (૧)

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** લેખક : પ્રભુશાસ્ત્રી, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ. વર્ષ : ૨૦૦૪, પાના નં. ૧૯૫થી ૧૯૭

૪૦. શ્રી પરમાનંદ સ્વામી

જ્ઞાનસભર પ્રશ્ન પૂછનાર પરમાનંદ સ્વામી વિષે જોઈએ :

સંપ્રદાયમાં એક કરતા વધારે પરમાનંદ સ્વામી થઈ ગયા હોય તેમ જણાય છે. ઉપલેટાના વેરાભાઈ જે સાધુ થયા તેનું નામ પણ પરમાનંદ સ્વામી હતું. પરંતુ તે પાછળથી ગૃહસ્થાશ્રમી થયા છે. તેથી વચનામૃતમાં આ પ્રશ્ન પૂછનાર અન્ય પરમાનંદ સ્વામી હશે. પૂર્વાશ્રમમાં તેઓ વૈરાગી હતા. જેણે શ્રીહરિ પાસેથી દીક્ષા લઈ પરમાનંદ સ્વામી નામ ધારણ કર્યું. એ મોટા પરમાનંદ સ્વામીનું ચરિત્ર જોઈએ :

પરમાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં વૈરાગી હતા. તેમને કાનમાં એવો રોગ થયેલો કે કાનમાંથી સતત ઘરરર એવો અવાજ આવ્યા કરે. તેથી તેમને રાત્રિમાં નિદ્રા પણ સુખપૂર્વક ન આવે. તેમણે ઘણાં ઉપાયો કર્યા પણ અવાજ બંધ ન થયો. તેવામાં તેમને રામાયણમાંથી સાંભળવામાં આવ્યું કે, જ્યાં કાગભૂશંડી જેવા સંત વિરાજમાન હોય ત્યાં જેને મહારોગ હોય તે પણ નાશ પામી જાય.

પછી તેવા સંત ખોળવા તે તીર્થમાં ફરતા ફરતા કાઠિયાવાડમાં જેતપુર આવ્યા. ત્યાં મહારાજનું સદાવ્રત ચાલતું હતું. ત્યાં જમીને જરાક આડે પડખે થયા ત્યાં તો કાનમાં આવતો અવાજ બંધ થઈ ગયો તેથી સુખ થતા નિદ્રા આવી ગઈ. ત્યાં મહારાજના સંતો શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપની વાતો કરતા હતા. એટલે સ્વામીએ જાગીને તે વાતો સાંભળી. તેમને કથા સારી લાગી. તેમને થયું આ સંતો કાગભૂશંડી જેવા ખરા. કેમકે તેમની વાતો સાંભળી મારા કાનનો અવાજ પણ બંધ થઈ ગયો ને નિદ્રા પણ આવી ગઈ. પછી તેણે વાતો સાંભળી ને ત્યાં રોકાઈ મહારાજનો નિશ્ચય કર્યો ને સાધુ થયા. (૧)

એક સમયે શ્રીહરિ ગઢપુરમાં હતા. તે સમયે પરમાનંદ સ્વામી મહારાજના દર્શને આવ્યા. તેમને આખા શરીરે ખસ થયેલી. મહારાજે પૂછ્યું શું થયું છે? ખસ થઈ છે. શ્રીહરિ તુરત જ રઘુવીરજી મહારાજના ઉતારે ગયા ને ત્યાં એક

શેર ખીચડી એક શેર ઘીમાં રંધાવી. પોતે પ્રસાદીની કરીને સ્વામીને જમવા આપી. ગરમ ગરમ ખીચડી ખાધા બાદ અડધી રાત્રે સ્વામીને ખૂબ તરસ લાગી તેથી બ્રહ્મચારી પાસે પાણી માંગ્યું. બ્રહ્મચારી કહે, એ તેજાના વાળી ખીચડી ખાધા પછી પાણી ન પીવાય. આમ સ્વામી તરસ્યા સૂઈ ગયા. સવારે શ્રીહરિ ચાર વાગ્યે જાગીને દાતણ કરી કોગળા કરતા હતા ત્યારે સ્વામીએ ખોબો ધરી એ કોગળાવાળું પાણી માંગ્યું. ત્યારે મહારાજ કહે, કેમ અત્યારે તરસ લાગી ? સ્વામી કહે રાતે તરસ લાગી હતી પણ બ્રહ્મચારી કહે તેજાનાવાળી ખીચડી ખાધા પછી પાણી ન પીવાય તેથી તરસ્યો સૂઈ ગયેલો. મહારાજે બ્રહ્મચારીને બોલાવીને કહ્યું કે, આ સાધુ તરસ્યા મરી જાત તો ? એમ કહી પોતે જેમાંથી કોગળા કરતા હતા તે તાંસળીનું પાણી પીવા આપ્યું. શ્રીહરિની આવી ‘દવા’થી સ્વામીને ખસ મટી ગઈ ને શરીર નિરોગી થઈ ગયું. (૨)

એક સમયે ગઢપુરમાં પરમાનંદ સ્વામી પાસે માનકુવાના હરિભક્ત પગે લાગવા આવ્યા. ત્યારે સ્વામીએ તેને પૂછ્યું, આજે મોડા કેમ આવ્યા ? ત્યારે કહે વરસાદ નથી તેથી ચીભડાના વેલા સૂકાતા હતા તેથી પાણી પાતો હતો તેથી વાર થઈ. (૩)

ત્યારે સ્વામી કહે મહારાજ માંડવધાર ગયા છે. તે પાછા આવી ગયા હોય તો વરસાદ થાય. પછી તે હરિભક્ત તપાસ કરીને આવ્યા કે મહારાજ દરબારમાં પધાર્યા છે. ત્યારે પરમાનંદ સ્વામીએ મોટા ફોરે અતિશે વરસાદ વરસાવ્યો ને નદીમાં પુર આવ્યું. ત્યારે મહારાજ કહે, આ તો કોઈ બીજો ઈન્દ્ર વરસે છે. ઈન્દ્ર પોતે નથી વરસતો અને કહ્યું કે આ સ્વામી તો ઈન્દ્રનો અવતાર છે. (૩)

મંજુકેશાનંદ સ્વામીકૃત નંદમાળામાં લખેલ છે .....

પરમાનંદ એ નામના ચાર સંત જનમિત્ર,
તે મધ્યે એક સોરઠી, બીજા પૂરવી પવિત્ર
ત્રીજા જીરણગઢ તણા નિવાસી બુદ્ધિમંત,
ચોથા રહિ વડતાલમાં નિત્ય ભજે ભગવંત.

ઉપરોક્ત પંક્તિ મુજબ પરમાનંદ નામના એક કરતા વધુ સંત હતા. એક પરમાનંદ સ્વામી માણાવદર (જૂનાગઢ)ના હતા. વડતાલમાં શ્રીજીને કીર્તનો સંભળાવી પ્રસન્ન કરતા. (૪)

વચનામૃતમાં પરમાનંદ સ્વામીનો અનેકવાર ઉલ્લેખ છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૫મું :

- પરમાનંદ સ્વામીએ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને પ્રશ્ન પૂછેલ છે : સુષુમ્ણા નાડી તે દેહને માંહિલી કોરે કેમ રહી છે ? અને દેહથી બહાર કેમ રહી છે ?

- પ્રથમ જાગ્રત અવસ્થાનો લય છે કે સ્વપ્નનો લય છે કે સુષુપ્તિનો લય છે?

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પરમાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો :

- ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઇચ્છાશક્તિ છે તે કેમ સમજવી ?

- આકાશની ઉત્પત્તિ અને લય તે કયે પ્રકારે છે ?

★ વચનામૃત સારંગપુરનું ૧૬મું :

પરમાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે,

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે, શ્રી નરનારાયણ ઋષિ જે તે બદ્રિકાશ્રમમાં રહ્યા થકા આ ભરતખંડના સર્વે મનુષ્યના કલ્યાણને અર્થે અને સુખને અર્થે તપને કરે છે ત્યારે સર્વે મનુષ્ય કલ્યાણના માર્ગને વિષે કેમ નથી પ્રવર્તતા ?

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૩**, વાર્તા નં. ૩૯૪, પાના નં. ૩૨૫-૩૨૬

(૨) **અક્ષરાનંદ સ્વામીની વાતો**, વાર્તા નં. ૭, પાના નં. ૪

(૩) **નિર્ગુણદાસ સ્વામીની વાતો**, વાર્તા નં. ૩૭૯, પાના નં. ૩૧૧

(૪) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી જૂનાગઢ મંદિર, વર્ષ-૨૦૦૪, પાના નં. ૭૧

●

૪૧. શ્રી ચૈતન્યાનંદ સ્વામી

સંપ્રદાયમાં બે ચૈતન્યાનંદ થઈ ગયા.

એક ચૈતન્યાનંદ ઝાલાવાડ (સુરેન્દ્રનગર)ના મેથાણ ગામના વતની કણબી પટેલ હતા. તેમના પૂર્વાશ્રમનું નામ જીવાભાઈ હતું. શ્રીહરિ એકવાર મેથાણ પધારેલા ત્યારે જીવાભાઈએ શ્રીહરિને સેવાઓ કરીને ખૂબ રાજી કરેલ. તે સમયે જીવાભાઈએ શ્રીહરિની પૂજા કરી તેમના ચરણમાં વિવિધ વસ્તુઓ ભેટ ધરીને પ્રાર્થના કરી કે, પોતાને સાધુ થઈને સેવામાં રહેવું છે. શ્રીહરિએ તેમની મુમુક્ષુતા જોઈ તેમની ભાવનાને ઓળખી તેમને દીક્ષા આપી અને નામ આપ્યું : ચૈતન્યાનંદ સ્વામી. આમ, સ્વામીએ શ્રીહરિની સમીપે રહી સંપ્રદાયની ખૂબ સેવા કરી. (૧)

બીજા ચૈતન્યાનંદ સ્વામી જે નાના ચૈતન્યાનંદ સ્વામી તરીકે ઓળખાતા. જેઓ સુરેન્દ્રનગર જિલ્લાના કડુ ગામના કડવા પટેલ હતા અને શાખ દશલાણિયા હતી. તેમના પૂર્વાશ્રમનું નામ વિઠ્ઠલભાઈ હતું. પિતાનું નામ સંઘાભાઈ અને માતાનું નામ દેવુબાઈ હતું. તેમના મોટા ભાઈ એટલે સંપ્રદાયના શીરમોડ ત્યાગ પ્રધાન સંત અદ્‌ભૂતાનંદ સ્વામી ! વિઠ્ઠલભાઈના બીજા ભાઈનું નામ વજુભાઈ હતું. જેઓ પણ દીક્ષા લઈને સાધુ બનેલા. જેમનું નામ નિષ્કામાનંદ સ્વામી હતું. અદ્‌ભૂતાનંદ સ્વામી સાધુ થયા પછી આ બંને ભાઈઓ તેમને સંસારમાં પાછા આવવા માટે સમજાવવા આવેલ અને શ્રીહરિએ તેમને મુક્તાનંદ સ્વામીનો સત્સંગ કરવા કહેલ. મુક્તાનંદ સ્વામીની સંસાર અસાર અંગેની કથાવાર્તા સાંભળીને પછી આ બંને ભાઈઓને પણ વૈરાગ્ય થયો અને બંને સાધુ થઈ ગયેલા. (૧)

ચૈતન્યાનંદ સ્વામી અદ્‌ભૂતાનંદ સ્વામીના મંડળમાં રહી સત્સંગ સેવાકાર્ય કરતા. આમ, ત્રણેય ભાઈઓ એટલે કે, અદ્‌ભૂતાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી અને નિષ્કામાનંદ સ્વામી સાધુ થઈ ગયા. હવે તેમના ઘરે એક નાના ભાઈ કુબેરદાસ એકલા રહ્યા. તેમના પર સંસારનો બધો ભાર આવી ગયો. (૨)

કુબેરદાસે પણ સંસાર છોડવાનો નિર્ણય લેતા તેમના બહેનો ગઢડા ગયા અને

શ્રીજી મહારાજને વાત કરીને કુબેરદાસને દીક્ષા ન લેવા સમજાવ્યા. આથી, શ્રીહરિએ તેમને દીક્ષા લેતા રોક્યા અને આશીર્વાદ આપ્યા કે, તમારા વંશમાં સદાય સત્સંગ રહેશે. (૨)

(આ સિવાય અન્ય જે પરમચૈતન્યાનંદ સ્વામી પણ આ જેમણે રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધેલ. અહીં આપેલ પ્રસંગ અને વચનામૃતમાં નામ છે તે કયા ચૈતન્યાનંદ સ્વામી તે અતિ સ્પષ્ટ નથી)

એકવાર ગઢડામાં ઝાલાવાડના ભક્તોનો સંઘ આવ્યો. તેમણે શ્રીહરિને સોનાના ઘરેણાં પહેરાવી, ચંદન ચર્ચી આરતી ઉતારતા હતા. ત્યારે ભક્તોને શાસ્ત્રોક્ત રીતે આરતી ઉતારતા ન આવડતા ચૈતન્યાનંદ સ્વામીએ આરતી ઉતારી. પછી સ્વામી કહે, મારે પણ શ્રીજીની પૂજા કરવી છે. આથી, પોતે મલિયાગર ચંદન શ્રીહરિના અંગે ચર્ચી સુંદર ભાત પાડી પછી સારી પેઠે મૂર્તિને નિરખીને આરતી ઉતારી. આથી, મહારાજ પ્રસન્ન થયા અને સ્વામીને બાથમાં ઘાલીને મળ્યા. પછી સૌ બાઈઓએ મહારાજના ભાવથી દર્શન કર્યા. બાદ મહારાજ સ્નાન કરવા પધારતા સ્વામીએ મહારાજના શ્રી અંગનું ચંદન હળવેથી ઉતારીને શ્રીહરિને ધીરે ધીરે ચોળીને નવરાવ્યા. ત્યારબાદ શ્રીહરિ જમવા પધાર્યા અને પ્રસાદીનો લાભ સ્વામીને આપ્યો. શ્રીજીની સેવાનો આ લાભ મેળવીને સ્વામી ખૂબ રાજી થયા. (૩)

એકવાર શ્રીહરિ ઠુમરો જમતા હતા. તે પ્રસાદી એક મોટા ત્રાસમાં નંખાવી અને મોટા સંતો મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી આદિક આઠ સંતો એક તાંસડામાં જમવા બેઠા. પછી શ્રીહરિ જમી રહ્યા પછી કહે અમને વાયરો નાખો. પછી સંતોએ શ્રીહરિને વાયરો નાખ્યો અને મહારાજ સુખપૂર્વક પોઢ્યા અને સ્વામી તથા મુક્તાનંદ સ્વામી મહારાજની ચરણસેવા કરવા લાગ્યા. આમ, સ્વામીને શ્રીહરિની અંગત સેવાનો અને પ્રસાદીનો પણ લાભ મળતો. (૩)

એકવાર સ્વામી સુરત ગયા હતા. ત્યાંથી પોતે પૂજા કરવાની ભારે કિંમતી વસ્તુઓ લાવ્યા અને શ્રીજીની પૂજા કરવાનો મનસુબો કર્યો. ત્યાં બગડના જાનબાઈ મહારાજની પૂજા કરવા આવ્યા. ત્યારે મહારાજે સ્વામીને કહ્યું કે, હમણાં તમે રહેવા દ્યો. ત્યારે સ્વામીને મનમાં એમ સંકલ્પ થયો કે, આ કુબજા ક્યાં આડી આવી ? પછી જાનબાઈએ શ્રીહરિની પૂજા કરી. પછી મહારાજ સ્વામીને કહે, આવો

'કુબજા' મળીએ એમ કહી સ્વામીને ભેટ્યા અને પૂજા સ્વીકારી. મહારાજ કહે તમને આવો સંકલ્પ થયો હતો ને ? સ્વામી કહે હાં, હું કુબજા એવું મનમાં બોલ્યો હતો. આમ, મહારાજે સ્વામીનો સંકલ્પ રાજી થઈને પૂર્ણ કર્યો. (૪)

સંતોની જે સેવા કરે તેની ઉપર શ્રીહરિ ખૂબ રાજી થતા. એકવાર ચૈતન્યાનંદ સ્વામી તથા સચ્ચિદાનંદ સ્વામી માંડવધાર થઈને સાલેમાળ પર્વત ગયા. ત્યાં સચ્ચિદાનંદ સ્વામીને સમાચાર મળ્યા કે મહારાજ ગઢડામાંથી બહાર વિચરણ કરવા ગયા છે. આ સાંભળતા શ્રીહરિનો વિરહ થશે તે ખ્યાલે સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ ગઈ અને રસ્તામાં પડી ગયા. જંગલ વિસ્તારમાં હિંસક પશુની બહુ બીક હતી તેથી ચૈતન્યાનંદ સ્વામી આ સ્વામીનું ધ્યાન રાખવા ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી જાગતા બેસી ગયા. પછી ગઢડા ખબર પડી તો કોઈ ખાટલો લઈને આવ્યું અને સચ્ચિદાનંદ સ્વામીને ગઢડા પહોંચાડ્યા. ચૈતન્યાનંદ સ્વામીએ સચ્ચિદાનંદ સ્વામીની ઉજાગરો અને કષ્ટ વેઠીને સેવા કરી એ વાતની મહારાજને ખબર પડતા ચૈતન્યાનંદ સ્વામીને બોલાવીને તેમને ભાવથી ભેટ્યા અને છાતીમાં ચરણાર્વિંદ આપી રાજી થયા અને સેવકને ભલામણ કરી કે, હું એકાંતમાં બેઠો હોઉં તો પણ મારા દર્શનની આ સ્વામીને બંધી કરવી નહીં. આ રીતે સંતની સેવાથી શ્રીહરિ ચૈતન્યાનંદ સ્વામી ઉપર બહુ રાજી થયા. (૫)

ચૈતન્યાનંદ સ્વામીનો શ્રીહરિ પ્રત્યેનો પુરુષોત્તમપણાના ભાવ વિષેનો પ્રસંગ જોઈએ. ગઢડામાં ચૈતન્યાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીના આસને પગે લાગવા ગયા. ત્યારે ઠંડી હતી અને સ્વામી પૂજા કરતા હતા. તે સમયે મુક્તાનંદ સ્વામી પૂજામાંથી રામાનંદ સ્વામીનો આડબંધ ચૈતન્યાનંદ સ્વામીને દેખાડ્યો અને કહ્યું લ્યો, સ્વામી આડબંધના દર્શન કરો. ત્યારે ચૈતન્યાનંદ સ્વામી જરાક આડું જોઈ ગયા અને કહ્યું કે મારે શ્રીહરિમાં જ પ્રતીતિ છે. ત્યારે મુક્તાનંદ સ્વામી સ્વામીનો મર્મ સમજી ગયા અને એ આડબંધ સગડીમાં નાખી દીધો. ગુરુભક્તિ કરતા પ્રભુની ભક્તિ શ્રેષ્ઠ છે. વળી ગુરુ પ્રત્યેનો પ્રેમ બીજાની દૃષ્ટિએ પ્રભુનિષ્ઠામાં ખામી દર્શાવતો હોય તો તેનો ત્યાગ કરવો. એમ મુક્તાનંદ સ્વામીએ માન્યું અને શ્રીહરિ પ્રત્યે પતિવ્રતાની ભક્તિ દર્શાવવા એક પ્રભાતી કીર્તનની રચના કરી :

'છાંડી કે શ્રીકૃષ્ણ દેવ ઓર કી જો કરૂં સેવ,
કાટી ડારો કર મેરો તીખી તરવાર સે.'

પણ, આ વાતને ઘણાં સંતો અન્ય રીતે મૂલવે છે કે, મુક્તાનંદ સ્વામીએ

રામાનંદ સ્વામીનો એ આડબંધ તેમને ઈષ્ટદેવ સિવાય પોતાના ગુરુમાં જ નિષ્ઠા છે તે બતાવવા માટે નહોતો રાખ્યો પણ પોતે જ્યારે બ્રહ્મચર્યના ઈશકમાં ગુરુ શોધવા નીકળ્યા ત્યારે શ્રી રામાનંદ સ્વામી તેમને મળ્યા અને તેમણે પ્રભુ ભેટાડ્યા તે બદલ ગુરુના ઋણની યાદ તાજી રહે અને પોતાને આખી જિંદગી બ્રહ્મચર્યનો ઈશક જળવાઈ રહે તેની યાદી માટે આ આડબંધ પૂજામાં રાખેલો તેવું મુક્તાનંદ સ્વામી કહેવા માંગતા હતા. છતાં પોતાની બ્રહ્મનિષ્ઠારૂપ આ આડબંધ જો પોતાની શ્રીહરિ પ્રત્યેની નિષ્ઠામાં સંશયરૂપ બનતો હોય તો એ આડબંધ તેમણે ચૈતન્યાનંદ સ્વામીની ટકોર બાદ સગડીમાં નાખી દીધો તેમ કહેવું પણ ખોટું નથી. પોતાને શ્રીહરિમાં જ અચળ નિષ્ઠા છે તેમ કહેવાનો આશય છે.

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને ઘણાં જ્ઞાનસભર પ્રશ્નો પૂછેલા છે :

★ વચનામૃત સારંગપુરનું ૮મું :

..હે મહારાજ ! ઈર્ષ્યાનું શું રૂપ છે ?

★ કારિયાણુંનું ૧લું :

હે મહારાજ ! ભગવાન તો મનવાણી થકી પર છે અને ગુણાતીત છે. તેને માયિક એવા જે ઈન્દ્રિયો, અંતઃકરણ તે કેમ પામે ?

★ લોયાનું ૧૦મું :

'કાળ વિષમ હોય ત્યારે કેમ કરવું ?'

★ લોયાનું ૧૨મું :

(૧) હે મહારાજ ! એવી રીતે નિશ્ચયના ભેદ તે શાણે કરીને થયા છે ?

(૨) કદાચિત કોઈક યોગે કરીને કનિષ્ઠ નિશ્ચય થયો હોય તેને પાછો વળી ઉત્કૃષ્ટ નિશ્ચય થાય કે નહિ ?

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧૩મું :

શ્રીહરિના પ્રશ્નના ઉત્તરમાં ગોપાળાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી... મોટા સાધુ હતા. તેમણે જેવું જેને જણાયું તેવો ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન ન થયું.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :

શ્રીહરિએ મોટા મોટા સંત અને હરિભક્તોના જે જે અંગ હતા તે વિષે સભામાં વાત કરતા કહ્યું કે, ચૈતન્યાનંદ સ્વામીને એમ જે કોઈ રીતે મહારાજ પ્રસન્ન થાય એમ આપણી વતે વર્તાય તો ઠીક એ અંગ.

એ અંગ વિષે જોઈએ તો : એકવાર ઝાલાવાડનો સંઘ આવ્યો ત્યારે ભક્તોએ મહારાજની આરતી ઉતારી ચંદન ચર્ચ્યું. તે સમયે સ્વામીને પણ મહારાજની સેવાનો લાભ મળ્યો. તેમણે ખૂબ હેતથી મહારાજને ચંદન ચર્ચી, આરતી ઉતારી ભાવથી દંડવત્ પ્રણામ કર્યા. ત્યારબાદ શ્રીહરિના શ્રીઅંગને ધીમે ધીમે ખૂબ ચોળીને સ્નાન કરાવ્યું. આ સેવાથી શ્રીહરિ તેમની આ પ્રેમલક્ષણા ભક્તિથી ખૂબ પ્રસન્ન થયા. સ્વામીને કોઈ વાર શ્રીજીની પ્રસાદીનો પણ લાભ મળતો.

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી : સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ : વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૨૫-૧૨૬

(૨) **અદ્ભૂતાનંદ સ્વામીની વાતો :** સંપાદક : સ્વા. હરિજીવનદાસજી સ્વામિ. મંદિર - વડતાલ, પાના નં. ૨૮ (અદ્ભૂતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર)

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨**, રૂગનાથ ચરણ સ્વામી, સ્વામિ. મંદિર, જૂનાગઢ, પાના નં. ૨૪૨

(૪) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨**, રૂગનાથચરણ સ્વામી, સ્વામિ. મંદિર, જૂનાગઢ, પાના નં. ૩૦૫

(૫) **અદ્ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન, પાના નં. ૨૧૧, પાના નં. ૨૧૧

(૬) **અદ્ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન, પાના નં. ૨૧૧, પાના નં. ૧૦૬

(૭) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન : વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૭૭૬

(૮) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન : વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૭૩૮

•

૪૨. પૂર્ણાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : ગજા ગઢવી (ટાપરીયા) ઝાલા વંશના દશોંદી ચારણ
પિતાશ્રીનું નામ : દાદાભાઈ
વતન : હેબતપુર (તા. દસાડા, જિ. સુરેન્દ્રનગર)
- બે ભાઈઓ હતા. ગજા ગઢવી નાના ભાઈ. (૧)

પૂર્ણાનંદ સ્વામી નંદ સંત પંક્તિના શ્રેષ્ઠ સંત હતા. ચારણ કવિ હતા. ખૂબ મુમુક્ષુ અને ભાવપ્રધાન હતા. નાનપણથી જ તેમનું મન ભક્તિના રંગે રંગાયેલ.

'છેલછબીલી થારી મૂરતી નિહારી, ચટક રંગીલી થારી ચાલ રે,
પૂરણાનંદરા પ્રાણપિયરા મોહનમારા ધન માલ રે અલબેલા.'

(કીર્તન નં. ૨૩) (૧)

પૂર્વાશ્રમ :

વિ.સં. ૧૮૬૦માં શ્રીહરિ લીંમલી (જિલ્લો સુરેન્દ્રનગર) ગામના ભક્તો સાથે ઝાલાવાડના ગામ મેમકા પધાર્યા. તે સમયે ગજાભાઈ મુમુક્ષુ ભાવે શ્રીહરિના દર્શને આવેલા. આ ગજાભાઈ એટલે, વિરમગામ પાસેના હેબતપુર ગામના ચારણ કવિરાજ ગજાભાઈ દાદાભાઈ ગઢવી.

તેઓ શ્રીજીના દર્શન કરતાં જ તેમની અમાયિક દૈવી ચાલ જોઈને દંગ રહી ગયા કે આ ચાલ કોઈ સામાન્ય માણસની ન હોય ! જરૂર આ કોઈ અવતારી પુરુષ છે. શ્રીહરિની સામાન્ય વાતચીતે તેમનું મન, શ્રીહરિની મૂર્તિમાં ચોંટી ગયું અને રાજપાટ, ઘરબારને છોડીને શ્રીજીની ભગવી ચૂંદડી ઓઢી સાધુ થઈ ગયા. (૧)

તેઓ પૂર્વાશ્રમમાં તાલુકેદાર હતા. તેમની કાવ્યકલા અને વાક્પટુતા જોઈ રાજા રણમલસિંહે તેમને રાજ્યના ખર્ચે ભૂજમાં પીંગળશાસ્ત્ર ભણવા મોકલ્યા. તેઓ ટાપરીયા ચારણ વંશના હતા. લોકવાયકા મુજબ પાટડી (જી. સુરેન્દ્રનગર, વર્ણીન્દ્રધામવાળુ પાટડી)માં ચારણદેવી વસંત માતાએ... એકવાર બે દિવ્ય બાળકો

રસ્તામાં રમતા હતા ત્યારે બે સાંઢ લડતા લડતા ત્યાં આવ્યા ત્યારે બાળકોને સાંઢ વગાડી ન દે તેથી તરત માતાએ હાથ લાંબો કરી બે બાળકોને બચાવી લીધા. એક બાળકને ટાપલી મારીને લઈ લીધો. ટાપલી મારી તેથી આ બાળકના વંશના ચારણો ટાપરીયા કહેવાય છે, તેમની અટક ટાપરીયા છે. પાટડીમાં એ માતાજીનું સુંદર મંદિર છે. (૧)

સ્વામી સંગીતવિદ્યામાં પણ પારંગત હતા. સુમધુર કંઠ સાથે સંગીતની જુગલબંધી ભલભલાને ડોલાવી નાખતી. પરંતુ આ સંગીત વિદ્યાનો ઉપયોગ તેઓ ફક્ત શ્રીહરિને રાજી કરવા જ કરતા. એકવાર સ્વામી શ્રીજીના દર્શન કરવા ગયા પણ તે વખતે દર્શનબંધી હતી તેથી આડો પડદો નાંખેલો. પાર્ષદે તેમને જતા રોક્યા. તેથી પોતે સિતાર લઈને ત્યાં જ બેસી વિરહના પદો ગાવા લાગ્યા અને શ્રીહરિને તેમના પરજ રાગના વિરહ પદો સ્પર્શી ગયા. પોતે તુરત જ બહાર આવી સ્વામીને ભાવથી ભેટી પડ્યા.

તારા વિરહને બાણે વેંધાણી, જાણી રે મુને માર્યા મોહનજી (૧)

એકવાર સ્વામી અમદાવાદના શ્રી નરનારાયણ દેવના મંદિરને વિષે :

છોગલીયુ તારું છેલ રે, છોગલીયું તારું છેલ રે...!

કીર્તન ગાતા હતા ત્યારે શ્રીજીએ તેમના ઉપર પ્રસન્ન થઈને વરદાન આપ્યું કે, તમોને અંત સમયે આ છોગલાવાળો જ તેડવા આવશે. (૧)

એક સમયે ધ્રાંગધ્રામાં પ્રખર વેદાંતિ નિરાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરવા આવેલો. રાજાએ સ્વામીને દરબારમાં પધારી તેની સાથે શાસ્ત્રાર્થ માટે આમંત્રણ આપ્યું. સ્વામી દરબારમાં સ્વામિનારાયણ ભગવાનની જય એવા બુલંદ અવાજે નારો કરતા પ્રવેશ્યા. અને ત્યાં પડેલી એક મોટી ચાંદીની ખુરશી ઉપર વિરાજમાન થયા ત્યારે સેવકે આવીને સ્વામીને ટપાર્યા કે આ ખુરશી તો જે વિજેતા થાય તેને બેસવા માટેની છે. ત્યારે સ્વામી કહે, હું ચર્ચામાં હારી જાઉં તો ભલે મને ઉઠાડજો અને જો વિજય મેળવું તો આ ખુરશી મારી જ છે. (૧)

સ્વામીએ પોતાના જ્ઞાન અને બુદ્ધિ કૌશલ્યતાથી એ વેદાંતિને સંસ્કૃતના ગ્રંથોનો આધાર ટાંકી જીતી લીધો. શ્રીજીનાં સાકાર બ્રહ્મવાદનું નિરૂપણ થયું. ચારે બાજુ જય જયકાર થઈ ગયો. (૧)

એકવાર સ્વામીને ગળાની તકલીફ હતી. કંઠ ખુલતો ન હતો. વૈદ્યે તેમને

ઘીના કોગળા કરવાનો ઉપચાર બતાવ્યો. ત્યારે મહારાજ તેમને સાત શેર ઘીના કોગળા કરાવતા. મહારાજ કહેતા કે, મારે સ્વામી મહત્ત્વના છે ઘી મહત્ત્વનું નથી. મહારાજ આવી રીતે સ્વામીની સંભાળ રાખતા. (૧)

કોઈ સંજોગોમાં રજોગુણ-તમોગુણના ભાવમાં તેમને નિર્વિકલ્પાનંદ સ્વામીનો યોગ થયો અને તેમને માન ઉદય થયું. દેવળીયા અને તાવી ગામની વચ્ચે તળાવ પાસે મહારાજ એકવાર સભા ભરીને બેઠા હતા. તે સમયે સ્વામી સભામાં આવ્યા, પણ પોતાના આસન ઉપર બીજાને બેઠેલા જોઈ સભામાં પાછળ ઊભા રહ્યા. મહારાજે આ જોયું ને તેમણે માન ખંડનની વાતો કરી તેમને ચેતવ્યા. પણ સ્વામી, મહારાજનો ઉદ્દેશ સમજ્યા નહીં. અંતે મહારાજે તેમને માનની મૂર્તિ કહીને સંબોધ્યા અને સ્વામીને ખોટું લાગ્યું અને માનને વશ થઈ ગયા. (૧)

સ્વામીએ સાધુ જીવનમાં આવ્યા બાદ સંપ્રદાયમાં ઘણાં કીર્તનો, છંદોની રચના કરી છે. તેમણે ચિહ્‌ન સ્વરૂપ પ્રકાશ નામનો ગ્રંથ લખ્યો હતો. તેમના કાવ્યોમાં સંસ્કૃત અને વ્રજભાષાની છાંટ વધારે આવે છે :

‘બાંકીસી ત્રિભંગી ચાલ, બંકે સંગ ગ્વાલ બાલ.’

(કીર્તન નં. ૨૨-પૂર્ણાનંદ કાવ્ય)

સંવત્ ૧૮૮૬માં શ્રીહરિએ મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે શ્રીહરિએ સ્વામીના મંડળને મેથાણ બાજુ સત્સંગ પ્રચાર માટે મોકલ્યા પરંતુ તે પહેલા સ્વામીને મનમાં ઉગી આવ્યું કે, મહારાજને શરીરે કાંઈક કસર છે. તેથી ઉચાટભર્યા મને તેઓ ત્રણ દિવસના ભૂખ્યા-તરસ્યા અધીરા જીવે ગઢડા પહોંચ્યા અને મહારાજને મળવાની અનુમતિ માંગી. મહારાજે રજા આપી અને સ્વામીને શ્રીહરિના છેલ્લા દર્શન થયા. પછી તે જ દિવસે શ્રીહરિ ધામમાં સંચર્યા. સ્વામીને શ્રીહરિનો ખૂબ વિરહ સતાવવા લાગ્યો ને લક્ષ્મીવાડીમાં બેસીને વિરહના કીર્તનો ગાવા લાગ્યા અને ચોધાર આંસુએ રડવા લાગ્યા. એમનો વલોપાત ચરમ સીમાએ પહોંચ્યો ત્યારે શ્રીજીએ તેમને દિવ્યરૂપે આવીને દર્શન દીધા અને સાંત્વના આપી કે તમે મને મરેલો જાણો છો? હું તો પ્રગટ જ છું. આમ, મહારાજના દર્શન થતા તેમનો વિષાદ અને વિરહ શાંત થયો. (૧)

શ્રીજી ધામમાં ગયા પછી તેમને બહુ જ ઉદ્વેગ રહેવા લાગ્યો અને કોઈ કારણોસર સાધુ જીવનનો ત્યાગ કરી સંસારમાં પાછા ફર્યા. પણ નિષ્કામી વ્રતના નિયમો તેમણે ચાલુ રાખ્યા. પોતાના મુખથી ક્યારેય તેઓ શ્રીહરિ સિવાય કોઈનું

કવિત કરતા નહીં. ધ્રાંગધ્રાના રાજાએ યુવરાજના લગ્ન પ્રસંગે તેમને જૂના સંબંધે આમંત્રણ આપ્યું ત્યારે... રાજાએ તેમને યુવરાજનું કવિત કરવાનું કહ્યું, તેમને ત્રણ ગામ આપવાની લાલચ આપી છતાં પોતાને પૂર્ણપુરુષોત્તમ નારાયણનો આશરો છે તેથી આ મુખે બીજાના વખાણ ન કરી શકે એવા ભાવ સાથે તેમના પુરસ્કારનો તેમણે સાદર અસ્વીકાર કર્યો, તો પણ રાજાએ તેમને મહામૂલ્યવાન ઘોડો આપીને તેમનું બહુમાન કર્યું. (૧)

ગજા ગઢવી સંસારમાં આવ્યા પછી પોતાના પિતરાઈ પાસે પોતાના હક્કહિસ્સાની, ગામ ગરાસની માંગણી કરી. તો પેલાએ ના પાડી. આથી ગઢવીએ અંગ્રેજ કોર્ટમાં તેની દાદ માંગી. તે સમયે એક અધિકારીને ગઢવીનો આ પાણીદાર ઘોડો ખૂબ પસંદ પડી ગયો. તેથી અધિકારીશ્રીએ ગઢવીને તેમનો કેસ જીતાડવાના બદલામાં ઘોડો માંગ્યો. ત્યારે ગઢવીએ નમ્રતાપૂર્વક તેનો ઈન્કાર કરતા કહ્યું કે, તમે આ ઘોડા ઉપર સવાર થઈને શિકાર કરો એટલે તેનું પાપ મને લાગે. માટે આ ઘોડો નહીં આપું. પરિણામે ગઢવીનો ચુકાદો તેમની વિરુદ્ધમાં આવ્યો. છતાં નાસીપાસ ન થઈ પુના કોર્ટમાં અપીલ કરી. (૧)

જ્યારે તેમનો કેસ રાજકોટની કોર્ટમાં ચાલતો હતો ત્યારે રાજ્યના દિવાન કબા ગાંધી હતા. (ગાંધીજીના પિતાશ્રી) એકવાર ગજા ગઢવીને સુંદર રાગે હલકથી કીર્તનો ગાતા સાંભળી કબા ગાંધીને તેમનામાં રસ પડ્યો. આ વાત તેમણે રાજ્યના રાજમાતા 'બામાસાહેબ'ને કરી. બા સાહેબ પણ વૈષ્ણવ હતા. તેથી તેમણે શામળિયાના કીર્તનો સાંભળવાની ઇચ્છા કરી. કબા ગાંધીએ ગઢવીને વાત કરી, ત્યારે ગઢવી કહે, મેં ભલે ત્યાગાશ્રમ છોડ્યો પણ હું સંસારમાં આવ્યા છતાં પ્રભુ સિવાય કોઈ સ્ત્રી પાસે ગાયન કરતો નથી. આથી કબા ગાંધીએ ભગવાનની મૂર્તિ સામે ગાવાનો આગ્રહ કર્યો. તેથી કવિ કીર્તનો ગાવા લાગ્યા.

'સહજાનંદ સ્વામી રે ન પ્રકટ ન આ સમે રે,
પ્રાણી કોઈ પામત નહિ ભવ પાર રે.'

આ સાંભળી બામા સાહેબને મના કરી હોવા છતાં પોતે બોલ્યા કે, સહજાનંદ સ્વામી હોય તો જ કલ્યાણ થાય ?

ગઢવીએ આ સાંભળ્યું તેમને થયું કે મેં પ્રભુની સામે ગાવાની શરત કરી હતી, તો વચ્ચે આ કોણ બોલ્યું ? મારે નહોતું ગાવું છતાં મેં ગાયું !! એમ અફસોસ કરતા પોતાના ગાલે તમાચો માર્યો અને અધૂરું મૂકીને જતા રહ્યા.

રાજમાતા બામાસાહેબે ઘણી વિનંતી કરી પણ તે રોકાયા નહિ. (૧) તેઓ આવા ટેકીલા હતા.

પોતાને ગૃહસ્થાશ્રમ કરવો ન હતો, પરંતુ મોટા ભાઈને કંઈ સંતાન ન હતું. તેથી તેમના અતિઆગ્રહને વશ તેમણે વાચા શાખાની ચારણ કન્યા અમુબા સાથે વિવાહ કર્યા. તેમનાથી તેમને નારાયણદાન નામે પુત્ર તથા બે પુત્રીઓ થઈ. (૧)

સંસારમાં આવ્યા છતાં તેમનામાં અપાર સામર્થીઓ હતી. પોતે વહેલી સવારના ૪ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી અખંડ પૂજામાં બેસતા. એક વખત મેથાણ મંદિરમાં પૂજામાં હતા તે સમયે કોઈ નાસ્તિક યુવાન શ્રીજીની નિંદા કરવા લાગ્યો. પૂજામાં ખલેલ પાડવા લાગ્યો. ગઢવીએ ઈશારાથી ઘણું સમજાવ્યો પણ પેલો માન્યો નહિ ત્યારે ગઢવીએ રોષપૂર્વક હાથ દાબ્યો અને તે જ સમયે યુવાનને સમાધિ થઈ ગઈ અને તેજપૂંજમાં તેને શ્રીહરિનું દર્શન થયું. સમાધિમાંથી ઊઠીને યુવાને ગઢવીના પગ પકડી લીધા. મને માફ કરો કહી વારંવાર માફી માંગવા લાગ્યો. તમે કોઈ સમર્થ મહાપુરુષ છો. મારો અપરાધ માફ કરો. મારું કલ્યાણ કરો. તે વખતે ગઢવીએ તેને પંચવર્તમાન ધરાવી કંઠી બાંધી સત્સંગી કર્યો. (૧)

છેલ્લી અવસ્થામાં ગઢવી પોતાના મોસાળના ગામ ચંદ્રાસરમાં રહેતા અને શ્રીજીને અખંડ સંભારી ભજન કર્યે રાખતા.

સમય જતા ગઢવીનો અંતકાળ આવતા તેમને બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો ધામમાં લઈ જવા પધાર્યા. ત્યારે ગઢવીએ કહ્યું, તમે ભલે આવ્યા. પણ તમારી સાથે હું નહીં આવું. મને તો મહારાજે વચન આપું છે કે, તને છોગલાવાળો આવીને તેડી જશે. માટે મને મહારાજ તેડવા આવશે તો જ હું આવીશ. મહારાજે મને માની કહ્યો છે, માટે મહારાજ પધારે તો જ આવીશ. મેં શ્રીજીની એક પણ આજ્ઞા લોપી નથી. (૧)

સંતો અદૃશ્ય થયા. પછી ત્રણ દિવસ સુધી ગઢવીએ અખંડ ભજન કર્યું પછી શ્રીહરિ માણકી ઘોડી પર ત્રણ છોગલાવાળી પાઘ ધારી તેમને તેડવા આવ્યા. (૧)

ત્યારે પણ ગઢવીએ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરતાં શ્રીજીને કહ્યું કે, તમે મને આ રીતે તેડી જાઓ તેમ નહીં. પણ ગામના બધા લોકોને તમારા દર્શન કરાવો અને સૌની દેખતા તમે મને ધામમાં લઈ જાઓ. આમ કહેતા મહારાજે સૌને દર્શન આપ્યા. સૌને જય શ્રી સ્વામિનારાયણ કહ્યા અને પોતે શ્રીજીની સાથે ધામમાં સંચર્યા.

કવિરાજનું અંગરખુ, પ્રસાદીની તલવાર હાલ વડતાલ ભુવનમાં રક્ષાયેલી છે તથા હેબતપુર મંદિરમાં સરોદો દર્શનાર્થે રાખેલ છે. (૨)

સંપ્રદાયમાં એક કરતા વધારે પૂર્ણાનંદ સ્વામી હતા. (૨)

જે મુજબ, એક પૂર્ણાનંદજી કવિ હતા. જે હેબતપુરના હતા. તેની વાત આપણે વાંચી.

પૂર્ણાનંદ મહાંત પુનિત, જેને શ્રીહરિમાં બહુ પ્રીત. (૨)

(નંદમાળા - મંજુકેશાનંદજી)

બીજા પૂર્ણાનંદજી : નંદમાળામાં દર્શાવ્યા મુજબ :

'પૂર્ણાનંદ બીજા બેઉ, એક ત્યાગી ધ્યાની બીજા તેઉ'

જેની કથા આ પ્રમાણે છે : સં. ૧૮૭૮માં શ્રીહરિએ ગઢપુર ઉત્સવ કર્યો. ત્યારે આ સ્વામીનું મંડળ ગામડાંઓમાં વિચરણ કરતું. તે સમયે એક ગઠિયો પાર્ષદ વેશે ગામડાંઓમાં ફરીને ભક્તોને ભોળવી માલમલીદા ઉડાવતો. તેથી શ્રીહરિએ સંતને પત્ર લખી આનાથી ચેતવ્યો અને તેને ખુલ્લો પાડવા કહેલ. આથી સંતોએ ગઠિયાને પકડી તેને જાહેર કરતા ગઠિયો તે પ્રદેશ છોડીને ચાલ્યો ગયેલ. આમ, પૂર્ણાનંદ સ્વામીએ ઠગથી ભક્તોની રક્ષા કરી. (૨)

ત્રીજા પૂર્ણાનંદ સ્વામી સન્યાસી કહેવાતા. નંદમાળ મુજબ :

'પૂર્ણાનંદ છે પ્રભુ પ્યારા રે.'

જે વિપ્ર જ્ઞાતિના હતા. દયારામ અને દુર્લભરામ બંને વિપ્રો સંતોના સહવાસથી સત્સંગી થયેલા. એક સમયે શ્રીહરિ અમદાવાદ પધારેલા ત્યારે મહારાજ પાસે સન્યાસીની દીક્ષા લઈ પૂર્ણાનંદ સન્યાસી તથા માધવાનંદ સન્યાસી નામ પામ્યા.

સંપ્રદાયમાં ચાર પૂર્ણાનંદ સ્વામી હતા. તેમાં એક પૂર્ણાનંદ સ્વામીનો પ્રસંગ... આ રીતે જાણવા મળે છે :

એકવાર ખાખીઓની જમાત ગઢડા આવી હતી. તેઓ બધાએ ભેગા થઈને એક રાતમાં કૂવો ગળાવી બાંધી દીધો. જેથી તેનું નામ પૂનમીયો કૂવો છે. આ જગ્યાએ આંબલીનું વૃક્ષ છે. આ પૂર્ણાનંદ સ્વામી પૂનમીયે કૂવે બેઠા હતા. એટલામાં મહારાજ ત્યાં સ્નાન કરવા પધાર્યા. ત્યારે સ્વામીને સંકલ્પ થયો કે માર્કંડેય ઋષિને ભગવાને વડના પાંદડામાં બાળસ્વરૂપે દર્શન દીધેલ. તેમ આ પ્રભુ મને આંબલીના વૃક્ષના પાંદડામાં દર્શન ન આપે ? આવો સંકલ્પ જાણીને શ્રીહરિએ સ્વામીને આંબલીના પર્ણમાં દર્શન દીધા. (૩)

અન્ય એક પૂર્ણાનંદજી ઝાલાવાડના સંત હતા. તેમને મહારાજે સત્સંગ પ્રચાર માટે જવાનું કહ્યું ત્યારે કહે અમે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી. તો કેમ કરવું ? ત્યારે શ્રીહરિએ એક લાલ, લીલા છેડાવાળી છડી આપીને કહ્યું કે, જેને લાલ છેડો અડાડશો એટલે સમાધિ થશે. અને લીલો છેડો અડાડશો એટલે સમાધિમાંથી જાગૃત થશે. સ્વામીએ આ રીતે બુરાનપુરમાં અનેકને સત્સંગી કર્યા. (૪)

★ **વચનામૃત : ગઢડા પ્રથમનું ૫૧મું :** પૂર્ણાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, દશ ઈન્દ્રિયો તે તો રજોગુણની છે અને ચાર અંતઃકરણ છે તે તો સત્વગુણના છે. માટે એ સર્વે ઇન્દ્રિયો અને અંતઃકરણ તે તો માયિક છે ને ભગવાન તો માયાથી પર છે. તેનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચિય થાય ? અને માયિક એવી જે ચક્ષુ આદિક ઇન્દ્રિયો તેણે કરીને ભગવાન કેમ જોયામાં આવે?

આવો તાત્ત્વિક પ્રશ્ન પૂછી પોતાની બુદ્ધિમત્તા અને જિજ્ઞાસાપણું વ્યક્ત કર્યું છે.

★ **પાદટીપ :**

(૧) **સદ્. પૂર્ણાનંદ કાવ્ય (સ્વામીનું જીવન અને કવન)**, લેખક સાગરદાન શિવદાન સ્વામિનારાયણ, મુ. હેબતપુર, વર્ષ : ૧૯૬૮

(૨) **સંત સુમનસ્રજ.** લેખક અને પ્રકાશક : પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, વર્ષ ૨૦૦૪, પાના નં. ૧૩૧થી ૧૩૫

(૩) **મંજૂકેશાનંદ સ્વામી કૃત નંદમાળા :** પ્રકાશક : જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર, વર્ષ : ૨૦૧૧ પાના નં. ૨૨થી ૨૩

(૪) **સંત સુમનસ્રજ.** પ્રભુશાસ્ત્રી : જૂનાગઢ મંદિર વર્ષ ૨૦૦૪, પાના નં. ૧૩૩થી ૧૩૪

●

૪૩. સદ્.શ્રી પ્રેમાનંદ સ્વામી

વંદુના ગઢડા મધ્યના ૪૮માં વચનામૃતમાં શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામીને યાદ કર્યા છે. સં. ૧૮૮૦ના મહા વદી-૧૪ ચૌદશને દિવસે શ્રીહરિ ગઢડામાં વિરાજમાન હતા. ત્યારે પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિના ધ્યાનના અંગની ગરબીઓઃ

'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ.' ગાઈ ત્યારે શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા કે,

આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.'

આ પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી એટલે પ્રેમનું મૂર્તિમાન સ્વરૂપ. આ સંપ્રદાયના 'સત્યકામ જાબાલી' કહી શકાય. જેમણે ભગવાન માટે જ જન્મ ધારણ કર્યો. (૧)

સ્વામીના જન્મ બાબતે અનેક મંતવ્યો છે.

ઘણાંના મતે સ્વામી ગાંધર્વ જ્ઞાતિમાં જન્મ્યા હતા. કોઈ તેમને મુસ્લિમ બાળક કહે છે. દીક્ષા બાબતમાં પણ મતમતાંતરો છે. કોઈક સં. ૧૮૭૦નું કહે છે. તો કોઈ સં. ૧૮૭૨નું કહે છે. ઘણાંના મતે સ્વામી પૂર્વાશ્રમમાં વૈરાગીના ઝૂંડમાં ફરતા અને તે સમયે દોરા ગામના પાદરે વૈરાગીના વેશે ફરતા જેરામદાસનો ભેટો થયો. જે પછીથી સંત બન્યા અને જિજ્ઞાસાનંદ સ્વામી નામ પડ્યું. તે બંનેને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોનો યોગ થયો અને ગઢપુર આવ્યા. પરંતુ સંપ્રદાયના **હરિલીલામૃત** જેવા ગ્રંથમાં સ્વામી શ્રીહરિ સાથે રહી સં. ૧૮૬૨થી પદો બનાવતા અને ગાતા હતા. (૧)

આટલો પરિચય મેળવ્યા બાદ જાણીએ કે, સ્વામીને શ્રીહરિમાં આટલી ગાઢ પ્રીતિ કેમ હતી ?

એક સમયે રાયસિંહ રાજાએ આનંદાનંદ બ્રહ્મચારીને આવો પ્રશ્ન પૂછ્યો કે સ્વામી શ્રીહરિના આટલા કૃપાપાત્ર કેમ બન્યા ? ત્યારે બ્રહ્મચારીજી સ્વામીની

પૂર્વકથા કહે છે : (૧)

ઘણાં કાળ પહેલા સંગીતકળામાં તુંબરૂ ઋષિ જેવા સંગીતજ્ઞ અને પ્રભુમાં અખંડવૃત્તિ રાખનાર એક પવિત્ર બ્રાહ્મણ હતા. તેઓ આખો વખત પ્રભુ ભક્તિ અને ગાન કરતા. આ જોઈ કોઈ ઈર્ષાળુ દુષ્ટ રાજાને આ ન ગમ્યું અને તેણે આ ભૂદેવનો તિરસ્કાર કર્યો. ભૂદેવ નિર્માનીપણે ગામ અને કુટુંબનો ત્યાગ કરી પ્રભુ પ્રસન્ન કરવા જંગલમાં જઈ તપ કરવા લાગ્યા. અમૂક કાળે પ્રભુ તેના પર પ્રસન્ન થયા ત્યારે ભૂદેવે જન્મોજન્મ આવી ભક્તિ અને પ્રેમ ટકી રહે તેવું વરદાન માંગ્યું. ત્યારે પ્રભુએ પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ભૂમિમાં પધારશે અને તારો યોગ પ્રભુ સાથે થશે અને તારી મનોકામના પૂર્ણ થશે. (૧)

આમ એ ભૂદેવે અમૂક કાળે પ્રેમાનંદ રૂપે જન્મ ધારણ કર્યો.

સ્વામીના જન્મની કથા એવી છે કે,

સ્વામી વિરમગામ તાલુકાના ઓગાન ગામમાં મોતીરામ નામના પવિત્ર બ્રાહ્મણને ઘરે જન્મ્યા. મોતીરામને આણંદરામ અને સૂરજરામ નામના બે પુત્રો હતા. સૂરજરામ ભિક્ષાવૃત્તિ કરીને કથાવાર્તા અને ગામડાઓમાં ટેલ નાખીને નિર્વાહ કરતા. તેમની પત્નીનું નામ સુનંદા હતું. તેઓ જીવનનિર્વાહ માટે અમુક સમય બાદ અમદાવાદમાં આવીને વસ્યા. આશરે સં. ૧૮૩૬માં સૂરજરામને એક પુત્રરત્ન પ્રાપ્ત થયું. બાળક જન્મથી જ તેજસ્વી, ઓજસવાળું હતું. તેના હાથમાં ધ્વજ અને ચંદ્રના ચિહ્ન હતા, જ્યારે પગમાં ઉર્ધ્વરેખા હતી. આવા તેજસ્વી બાળકને જોઈ કોઈ કમ અક્કલવાળા સગાંએ કહ્યું કે, આ બાળક તમારું નથી. આવું મશ્કરીભર્યું વેણ સાંભળી સૂરજરામ તેની પત્ની ઉપર ગુસ્સે થયો. તે તમોગુણી સ્વભાવનો હતો અને ભ્રમિત મગજનો હોવાથી શંકાને વશ થઈ તેની પત્નીની મના છતાં બાળકનો ત્યાગ કરવા તૈયાર થયો અને ત્રણ દિવસના બાળકને અમદાવાદના દરિયાખાનના ઘૂમ્મટે તરછોડી આવ્યો. માતા સુનંદા પુત્ર વિયોગે કલ્પાંત કરતા ઝૂરી ઝૂરીને મૃત્યુ પામી. (૧)

આ બાજુ દરિયાખાનના ઘૂમ્મટે નમાજ પઢવા ડોસા તાઈ આવ્યા. તેણે આ બાળકને રડતું જોયું. તેને આ બાળક ઉપર કુદરતી હેત ઉભરાયું. પોતે નિઃસંતાન હોવાથી તેને થયું કે, મને ખુદાએ જ આ બાળકની ભેટ આપી છે તેથી બાળકને

પોતાના ઘરે લઈ આવ્યા અને તેનું પાલનપોષણ કરવા લાગ્યા. બાળકના મોં ઉપર દેવતાઈ તેજ હતું તેથી ડોસા તાઈએ તેનું નામ નુર તાઈ રાખ્યું. પુત્ર ધીમે ધીમે મોટો થવા લાગ્યો. પૂર્વકથન મુજબ તેને સંગીતમાં વિશેષ રૂચિ હોવાથી તેના મામાએ સંગીતના વધુ અભ્યાસ માટે વડોદરા મોકલ્યો. ત્યાં સંગીતજ્ઞાન પ્રાપ્ત કરી અમદાવાદ આવ્યો. (૧)

ડોસા તાઈ વ્યવહારે ગરીબ હતા. તેથી ઉત્સવ સમૈયામાં કે મેળામાં જઈ ગોળધાણીના લાડુ બનાવી વેચીને ગુજરાન કરતા. એક સમયે ડોસા તાઈ, વેપાર માટે ઉજ્જૈન ગયા. નૂર તાઈને ત્યાં સંગીત વિદ્યાલયના સંગીતજ્ઞ સાથે પરિચય થયો અને પોતે આ વિદ્યાલયમાં વિશેષ સંગીત શીખ્યા. થોડો સમય બાદ પિતા સાથે ફરી અમદાવાદ આવ્યા. (૧)

નૂરતાઈને અંતરમાં પ્રભુ મિલનની ઝંખના કાયમ થયા કરતી. પોતાનું રુહાની સંગીત પ્રભુને સંભળાવી તેમને રીઝવવા તલસતા હતા. તેવામાં પુત્ર નૂરને લઈ પિતાશ્રી જેતપુર વેપાર અર્થે આવ્યા. તે સમયે રામાનંદ સ્વામી શ્રીહરિનો પટ્ટાભિષેક કરતા હતા. શ્રીહરિનું આખા ગામમાં ફૂલેકુ ફર્યું. નૂરતાઈને શ્રીહરિના દર્શન થતા પૂર્વના સંસ્કાર જાગી ગયા અને તેનું ચિત્ત પ્રભુમાં ચોંટી ગયું. કેટલોક કાળ એમ તલસાટમાં વીતી ગયો. એકવાર પિતા પુત્રને લઈ ગઢડા આવ્યા. ત્યાં શ્રીહરિના ફરી દર્શન થયા. મન ખૂબ રોમાંચિત થઈ ગયું ને પિતાને કહ્યું કે, મારે હવે શ્રીહરિની સેવામાં સાધુ થઈને અહીં જ રહેવું છે. ત્યારે પિતાએ ના પાડી કે, આપણે મુસ્લિમ છીએ. તારે અહીં ન રહેવાય. ત્યારે શ્રીહરિએ ડોસા તાઈને પૂછ્યું કે, આ ખરેખર તમારો પુત્ર છે કે ખુદાનો દીધેલો છે ? આવી મર્મભરી વાણી સાંભળી ડોસાતાઈ અચંબામાં પડી ગયા કે, શ્રીહરિને આ પુત્રના જન્મની જાણ છે. પછી શ્રીહરિએ તેમને પુત્રના જન્મની સઘળી વિગત સંભળાવી સમાધિ કરાવી. આ જોઈ ડોસા તાઈએ કહ્યું કે, તમે સાક્ષાત ખુદા છો. તમે આ બાળક આપ્યું છે તો હવે આપ જ ફરી તેને સ્વીકારો. (૧)

સમય જતાં શ્રીહરિએ નૂર તાઈને દીક્ષા આપવાનું નક્કી કર્યું પણ બાળક મુસ્લિમ હોવાથી સંતગણે ના પાડી. તેમ છતાં શ્રીહરિએ તેને દીક્ષા આપી તેનું નામ નિજબોધાનંદ સ્વામી રાખ્યું. (૧)

સત્સંગમાં આવ્યા બાદ શ્રીહરિએ સ્વામીનું મન ચકાસવા તેમની રસરુચિ બદલવા આકરી કસોટી લેતા કહ્યું કે, તમારે હવે સારંગી, તાલ વગાડવાના

નથી. ગાવાનું પણ નથી. ફક્ત ભક્તિ કરવાની છે. સંગીતના પ્રેમીને આ કામ કઠણ હતું છતાં શ્રીહરિની આજ્ઞા શિરોમાન્ય ગણી ૮ માસ સુધી ઘેલાના કાંઠે રહી ભક્તિ કરી. નિષ્કુળાનંદ સ્વામી સાથે જ્ઞાનગોષ્ઠી કરી સંસ્કૃત ભણવાનો આરંભ કર્યો. (૧)

ફરી શ્રીહરિએ તેમને કહ્યું કે, તમે સારસ્વત ભણ્યા છો. તો હવે ભણવું રહેવા દો. હવેથી અમારા કીર્તન કરો. સ્વામી કહે, હું પિંગળ ભણ્યો નથી. ત્યારે શ્રીહરિ કહે પિંગળનું શું કામ છે ? અમે જે ઠેકાણે જે લીલા કરી હોય તેના અને અમારી મૂર્તિના પદો બનાવો. આમ સ્વામી કીર્તન બનાવી શ્રીહરિને સંભળાવતા રહ્યા. (૧)

એકવાર સ્વામી શ્રીહરિ પાસે પરોક્ષનું કીર્તન ગાતા હતા તેમાં રચયિતા તરીકે ચંદ્રસખી નામ આવ્યું. ત્યારે શ્રીહરિ કહે, એ અવતારમાં ચંદ્રસખી હતા તો હવે તમે પ્રેમસખી છો. તમે પ્રેમનો દરિયો છો. તેથી તમારું નામ પ્રેમાનંદ અને પ્રેમસખી બે નામ પાડીએ છીએ. શ્રીહરિની કૃપાથી સ્વામી શીઘ્ર કવિ થયા. (૧)

સ્વામીએ એકવાર પાંચ ભાષાનું કીર્તન : 'મોહન બેન બજાઈ' પદ બનાવી શ્રીહરિને ગાઈ સંભળાવ્યું. આથી મહારાજ સ્વામી ઉપર ખૂબ રાજી થયા અને બુરાનપુરી સેલું આપ્યું, પરંતુ સંત માટે આ વસ્ત્ર વર્જ્ય હોવાથી સ્વામીને કચ્છી ટોપી આપી. (આ ટોપી હાલ ભૂજમંદિરના મ્યુઝિયમમાં દર્શનાર્થે રાખેલ છે.) (૧)

એકવાર ગઢડામાં ગ્વાલિયરના ગવૈયા આવ્યા. તેઓ નંદસંતોનું રૂહાની સંગીત સાંભળવા આવેલા. તે સમયે પ્રેમાનંદ સ્વામી સમી સાંજે ભૈરવી રાગનું પ્રભાતિયું ગાયું અને વાતાવરણ સંધ્યામાંથી પ્રભાતી થઈ ગયું. ત્યારે ગવૈયાને આશ્ચર્ય થયું કે, અમે તો પરિસ્થિતિ પ્રમાણે રાગ ગાઈએ પણ સ્વામીએ સંધ્યામાં પ્રભાતી રાગ ગાઈને સમગ્ર વાતાવરણને બદલી નાખ્યું. (૧)

જૂનાગઢના નવાબ હામદખાન પાસે પણ સ્વામીએ કવ્વાલી રાગમાં 'દિખલા દીદાર પ્યારા મહેબૂબ હમારા'ના બે પદો ગાયા. તો નવાબ આફરીન પોકારી ગયા કે, આવું રૂહાની સંગીત મેં કદી સાંભળ્યું ન હતું. (૧)

એકવાર એક વૃદ્ધ ભૂદેવ જે માતાજીનો ઉપાસક હતો અને સારો ગાયક હતો તે ગઢડામાં આવ્યો. અને શ્રીહરિ પાસે માતાજીનો ગરબો ગાવાની મંજૂરી

માંગી : મહારાજે હા પાડી અને તેણે ગાયું : (૧)

'માજી તારું મુખડું જોઈને આજ, મરોડ મટયો ચંદનો રે લોલ,
માજી તારા ગુણસાગરનો પાર, પામે નહીં શેષજી રે લોલ.'

ગરવા સાદે ગવાયેલો ગરબો સાંભળીને શ્રીહરિ તેના પર રાજી થયા અને સંતોને કહ્યું કે, આમાં દેવીનો સર્વોપરી મહિમા કહ્યો છે. આવો અમારો મહિમા તમે કોઈએ ગાયો જ નહીં. એમ કહી મર્માળી દૃષ્ટિથી પ્રેમાનંદ સ્વામી સામું જોયું. સ્વામી શ્રીહરિનો કહેવાનો મર્મ સમજી ગયા અને મહારાજ પાસે મહિમાસભર ગરબી રાગનું કીર્તન ગાયું : (૧)

'વંદુ સહજાનંદ રસ રૂપ, અનુપમ સાર ને રે લોલ.'

પોતે શીઘ્ર કવિ હતા. આ કીર્તનના ૮ પદો સાંભળી શ્રીહરિ સ્વામી ઉપર ખૂબ રાજી થઈ ગયા અને રૂડા આશીર્વાદ આપ્યા.

પ્રેમાનંદ સ્વામીનું આ પદ સં. ૧૮૮૦ના મહાવદી ૧૪ ચૌદશને દિવસે પ્રથમ વાર શ્રીહરિ પાસે ગવાયું. જે સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ મૂર્તિનું પદ છે અને ભાવપૂર્વક રોજ ગવાય છે. (૧)

પદ ગવાયા બાદ શ્રીહરિએ ભૂદેવને કહ્યું કે, તમારે કોઈ સંતાન નથી ? ત્યારે ભૂદેવે પોતાની ઓળખાણ આપી પૂર્વે જે બનાવ બનેલો તે રડતા હૈયે કહ્યો કે, પ્રભુની કૃપાથી મને પુત્રરત્ન પ્રાપ્ત થયેલું પણ મેં ખોટી શંકા કરીને તે બાળકને ત્યજી દીધેલ. ત્યારે મહારાજે કહ્યું કે, તે બાળકના હાથ અને પગમાં કોઈ ચિહ્ન હતા ? ત્યારે તેણે ધ્વજ, ચંદ્ર અને ઉર્ધ્વરેખાના ચિહ્નની વાત કરી. ત્યારે મહારાજે પ્રેમાનંદ સ્વામી ઉપર નજર કરી ભૂદેવને કહ્યું કે, આને તમે ઓળખો છો ? ત્યારે ભૂદેવે ના પાડતા મહારાજે સ્વામીના હસ્ત અને ચરણના ચિહ્નો જોવાનું કહ્યું. ભૂદેવે જોયા અને આનંદથી રડવા માંડ્યો કે આ ચિહ્ન મારા બાળકના હસ્ત અને ચરણમાં હતા. ત્યારે મહારાજ કહે, એ તરછોડાયેલું બાળક તમારું છે અને હવે તે પ્રેમાનંદ સ્વામી છે. આ સાંભળી ભૂદેવ સૂરજરામ ખૂબ આનંદિત થઈ પ્રભુનો આભાર માનવા લાગ્યો કે, પોતાનું બાળક જીવિત છે અને પ્રભુના દરબારમાં છે. (૧)

આમ, શ્રીહરિએ ભરસભામાં પ્રેમાનંદ સ્વામીના પૂર્વાશ્રમની વિગત બધા સામે જાહેર કરી પુરવાર કર્યું કે, સ્વામીનો જન્મ બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો છે. તેમનો

ફક્ત ઉછેર પાક મુસ્લિમના ઘરે થયો છે. (૧)

સ્વામીના સુપ્રસિદ્ધ કીર્તનોમાં એક કીર્તન :

'સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું, ધર્મકુંવરનું.'

આ કીર્તનની ઉત્પત્તિ પણ સુંદર રીતે થઈ છે કે શ્રીહરિ જ્યારે દાદાખાચરને પરણાવવા ભટવદર જતા હતા ત્યારે બારપટોળી ગામના પાદરે કોઈ ગોકળી મસ્તીથી સંદિગ્ધ રાફડીયા બોલતો હતો : (૧)

જાંબુડે જાઈશ મા ઘાયલ, જાંબુડે જાઈશ મા,
જાંબુડે જા'તો ઘાયલ, જાંબુડા ખાઈશ મા.'

ઢાળ, હલક અને ગોકળીનું ગળુ શ્રીહરિને પસંદ પડી ગયું અને મહારાજની રુચિ જાણનાર સ્વામીએ પળમાં કીર્તન ગોઠવી દીધું :

'સોનેરી મોળિયુ સુંદર...!'

એકવાર સ્વામીના આસને શ્રીહરિ પધાર્યા. તે સમયના મહારાજના શણગારનું વર્ણન પ્રેમાનંદ સ્વામીએ ખૂબ સુંદર રીતે કરેલ છે. જે સંપ્રદાયમાં ખૂબ પ્રચલિત છે. સંતો પધરામણીમાં જાય ત્યારે આ પદ અચૂક ગાય છે : (૧)

'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ.'

આ પદમાં મહારાજના સ્વરૂપની વાત વણી છે. ત્યાર પછીના બે પદમાં શ્રીહરિના નિજસ્વરૂપની વાત વણી છે. કહેવાય છે કે, આ છેલ્લા બે પદ શ્રીહરિએ જાતે લખેલા છે, જ્યારે પ્રેમાનંદ સ્વામી કીર્તન રચતા હતા તે સમયે અચાનક તેમને બહાર જવાનું થયું કે, સ્વામી ભાવાવેશમાં ઊંડા ઊતરી ગયા ત્યારે મહારાજે સ્વયં આવીને...

'બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન,
મારે એક વાર્તા રે, સહુને સંભળાવાનું છે મન.'

આ પદો લખેલા છે જેમાં મહારાજનો અક્ષરધામથી આ લોકમાં આવવાનો હેતુ અને ઉપદેશ વર્ણવેલ છે. (૧)

શ્રીહરિ સ્વધામ જવા તૈયાર થયા ત્યારે તેમણે જીવુબાને ભલામણ કરેલી કે, મારા ધામગમન બાદ ગોપીનાથજી મહારાજનો થાળ તમારે પ્રેમાનંદ સ્વામીને આપીને પછી જમવું. (૧)

કેમકે પ્રેમાનંદ સ્વામી જ્યારે પૂર્વાશ્રમમાં હતા ત્યારે મુસ્લિમના ઘરે તેમનો ઉછેર થયેલો. તેથી વર્ણાશ્રમના ધર્મોને લીધે કેટલાક સંતો તેમને સૌની સાથે પંક્તિમાં બેસાડવામાં હિચકીચાટ અનુભવતા. આથી નિત્યની માફક શ્રીહરિનો થાળ પ્રેમાનંદ સ્વામીના આસને જાય તેવી ભલામણ શ્રીહરિએ જીવુબાને કરેલી. (૧)

શ્રીહરિના ધામગમન બાદ પ્રેમાનંદ સ્વામીનું હૃદય સુનકાર થઈ ગયેલ. મહારાજનો વિરહ ખૂબ સતાવતો જે તેમના કીર્તનો દ્વારા જોવા મળે છે :

'ક્યારે હવે દેખું રે હરિ હસતા...!'
પ્રેમાનંદ આગે ગાવે જ્યારે આવે ઓરા ઓરા ખસતા.'

આ પદ સ્વામી ગાતા ત્યારે મહારાજ મૂર્તિમાંથી સ્વયં પ્રગટ થઈને સ્વામીને ભાવથી ભેટતા અને તેમને પોતાના ગળાનો હાર પહેરાવતા. (૧)

એકવાર વડતાલના સભામંડપમાં સમૈયામાં મહારાજશ્રી, સંતો ભક્તોની હાજરીમાં સ્વામીએ સારંગી સાથે **'સજની શ્રીજી મુજને સાંભર્યા રે...'** કીર્તન ગાયું ત્યારે સભામાં બેઠેલા સૌની આંખ આંસુથી છલકાઈ ગયેલી. કીર્તન પૂરું થતાં સ્વામીના હાથમાંથી સારંગી પડી ગઈ અને સ્વામી વિરહાગ્નિથી નિશ્ચેતન થઈને ઢળી પડેલા. તેવું કવિશ્વર દલપતરામે સં. ૧૮૬૧માં પોતાના સામયિક 'બુદ્ધિપ્રકાશ'માં નોંધેલ છે. (૧)

શ્રીહરિના સ્વધામગમન બાદ શ્રીહરિની ભલામણ અનુસાર જીવુબા નિત્ય ગોપીનાથજી મહારાજનો થાળ પ્રેમાનંદ સ્વામીના આસને મોકલી પછી પોતે જમતા. પરંતુ એકવાર એવું બન્યું કે, ગઢડા મંદિરનો આર્થિક વહીવટ કરવા માટે રઘુવીરજી મહારાજે ભાલપ્રદેશના અણિયાળા ગામના મોઢ વણિક પુંજા શેઠને નિમ્યા. તે સમયે કેટલીક ગેરસમજ પુંજા શેઠે સ્વામીને એવી સૂચના આપી કે, તમે હવે પંક્તિમાં આવીને થાળ જમજો. તમારા આસને થાળ નહીં મોકલાય. સ્વામીને જૂની પરિસ્થિતિની જાણ હોવાથી તે પંક્તિમાં જમવા ન ગયા અને ભૂખ્યા રહ્યા. આ બાજુ થાળ સ્વામીને આસને ગયો તો સ્વામીએ થાળ પાછો મોકલ્યો. આમ સતત બે દિવસ સુધી થતાં જીવુબાને આ વાતની જાણ થઈ અને પોતે નારાજ થયા કે, મને મહારાજે થાળની સૂચના આપી છે અને આ વળી નવા કોઠારી શું ખબર પડે ? એ પૂંજો તો કચરો જ રહ્યો. એમ જીવુબા દુભાયા. આથી પુંજા શેઠે

આવીને બંનેની માફી માગી. સમાધાન થયું. પરંતુ સ્વામીને મહારાજનો વિરહ અસહ્ય બન્યો અને આ જગતથી ઉદાસ થઈ પોતાના અધૂરા કાર્યરૂપ શ્રીહરિકૃષ્ણનારાયણ ચરિત્ર ગ્રંથ પૂરો થયા બાદ ચોથે દિવસે સં. ૧૯૧૧ના કારતક વદ અમાસને દિવસે સવારે ૧૦ કલાકે ગઢપુરમાં જ અક્ષરધામની વાટે સિધાવ્યા. (૧)

સ્વામીના રચેલા પ્રેમપ્રચુર કીર્તનો સંપ્રદાયમાં હોંશે હોંશે ગવાય છે. તેમણે જીવનકાળ દરમ્યાન ૪૦૦૦ હજારથી વધુ પદો રચેલા છે. જે પ્રેમાનંદ કાવ્ય ભાગ-૧ અને ૨માં છે. સ્વામીના હજી કેટલાક પદો અપ્રકાશિત છે. (૧)

સ્વામી ૭૧ વર્ષ સુધી દેહમાં રહ્યા. (૨)

★ **પાદટીપ :**

(૧) **પ્રેમાનંદ સ્વામી જીવનદર્શન :** લેખક : જ્ઞાનજીવનદાસજી સ્વામી, કુંડળ. પાના નં. ૧થી ૩૦ (સારાંશ)

(૨) **મહાપૂજા મુક્તગાથા :** કંડારી ગુરુકુલ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૮૭.

●



૪૪. શ્રી ભૂધરાનંદ (ભૂમાનંદ) સ્વામી

'ભૂમાનંદ પુરાણી દોય, કરે ભક્તિ હરિની સોય.' (૧)

મંજુકેશાનંદ નંદમાળમાં જણાવ્યા મુજબ ભૂમાનંદ નામના બે સંત હતા. બંને વિદ્વાન હતા. વચનામૃતમાં પ્રશ્ન પૂછનાર સ્વામી ભૂધરાનંદ સ્વામી છે. તે સ્વામી કવિ હતા. પોતે કીર્તનો રચતા. કીર્તનોમાં પોતાનું નામ ભૂધરાનંદ લખવું તે પ્રાસમાં બંધબેસતું ન લાગતા; શ્રીહરિએ તેમનું નામ ભૂમાનંદ સ્વામી રાખ્યું. પછી તેમણે તે જ નામ હેઠળ કીર્તનો રચેલા છે. (૧)

સ્વામીનું પૂર્વાશ્રમનું નામ રૂપજીભાઈ હતું. જ્ઞાતિએ ગુર્જર ક્ષત્રિય કડિયા હતા અને જામનગર જિલ્લાના કેશિયા ગામના વતની હતા. તેમના પિતાશ્રી રામજીભાઈ તથા માતુશ્રી કુંવરબાઈ નામે હતા. તેમની અટક રાઠોડ હતી. સ્વામીને ચાર ભાઈઓ હતા, તેમાં રૂપજીભાઈ શાંત સ્વભાવના અને દેવદર્શન, કથાવાર્તામાં શ્રદ્ધાવાન હતા. (૧)

એક વખત ગામમાં માણભટ્ટ આવ્યા. તેઓ મહાભારતના આખ્યાનો માણ સાથે ગાઈને સંભળાવતા હતા. રૂપજીભાઈ આ માણકથા સાંભળવા ગયા. પણ કથામાં સ્ત્રી પુરુષો સાથે બેસીને કોલાહલ અને ધક્કામુક્કી કરતા જોયા. આ વ્યવહાર ધર્મની રીતે દોષરૂપ જણાતા તેઓ કથામાંથી ઊભા થઈ ગયા. આ કથા સાંભળવાથી કોઈ ફાયદો નથી તેમ જણાતા, તેમણે આ વાત તેમના પિતાશ્રીને કહી ત્યારે પિતાશ્રી બોલ્યા કે, પવિત્ર જીવન જીવનારા તો એક સ્વામિનારાયણના સંતો છે. તેમની પાસે કલ્યાણ છે. આથી, પિતા પુત્રએ સ્વામિનારાયણ પ્રભુના દર્શન કરવા જવાનો નિર્ધાર કર્યો. પણ સમયની અનુકૂળતા ન મળી. તે દરમ્યાન તેમના પિતાશ્રી બિમાર પડી ગયા. પરંતુ પ્રભુને મળવાની તાલાવેલી એમને એમ રહી. પ્રભુ તેમનો ભાવ જોઈને તેમને દિવ્યરૂપે દર્શન આપી ધામમાં તેડી ગયા. પણ જતા પહેલા પિતાશ્રીએ રૂપજીને

પ્રભુના દર્શન કરવા જવાની ખાસ ભલામણ કરી. (૧)

પિતાશ્રી ધામમાં ગયા ત્યારે તેમની ઉંમર ૧૪ વર્ષની જ હતી. માતુશ્રી તો પહેલા જ સ્વર્ગે સિધાવી ગયા હતા. પછી ઘરનો વ્યવહાર ચલાવવા માટે તેઓ બાજુના ગામ જીરાગઢમાં કમાવા ગયા. ત્યાં થોડો સમય રહ્યા બાદ તરઘરી ગામ ગયા. ત્યાં એક વણિકની દુકાને ૩ વર્ષ કામ કર્યું. પરંતુ લોભી વાણિયે પગાર આપવામાં ગલ્લા-તલ્લા કર્યા. પગાર મેળવવા માટે રૂપજીભાઈએ ગામના આગેવાનોને વાત કરી. આથી મહાજને બેમાંથી કોણ સાચું છે ? તે નક્કી કરવા માટે એક આકરી પરીક્ષા નક્કી કરી, કે અગ્નિથી તપાવેલી લાલચોળ સાંકળ રૂપજી ગળામાં પહેરે. જો તે સાચો હશે તો તેને અગ્નિ બાળી નહીં શકે. (૧)

સત્યનિષ્ઠ રૂપજીએ પંચનો નિર્ણય માન્ય રાખ્યો અને તેણે લોખંડની લાલચોળ સાંકળ ગળામાં પહેરી, પણ પ્રભુ કૃપાથી તેને કાંઈ આંચ ન આવી. રૂપજીની પ્રભુ ઉપરની શ્રદ્ધા અને વિશ્વાસ જોઈ ગામલોકો ખૂબ આશ્ચર્યમાં પડી ગયા. પછી વાણિયા પાસેથી પંચે રૂપજીને બધો બાકી પગાર અપાવ્યો. પણ રૂપજીનું મન સંસારથી ઉદાસ થતું જતું હતું. ત્યારપછી તેઓ ગામનો ત્યાગ કરી કામધંધા માટે કચ્છ-ભૂજ ગયા. ત્યાં ૬ વર્ષ રહ્યા. તે દરમ્યાન તેમને સંતોનો યોગ થયો. સત્સંગ થયો અને શ્રીહરિનો યથાર્થ મહિમા સમજાયો. (૧)

પછી પોતાના સગાંસંબંધીને મળવા તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા અને સુરેન્દ્રનગર પાસેના ખારવા ગામે સગાંસંબંધીને ઘરે રોકાયા. તે સમયમાં કુટુંબીજનોએ તેમને લગ્ન માટે સમજાવ્યા પણ વૈરાગ્યવંત રૂપજીને આ વાત ગમી નહીં. તેમને તો હવે પ્રભુ પ્રાપ્તિની ઝંખના જાગી હતી. (૧)

તે દરમ્યાન તેમનું પ્રેમી હૃદય જાગી ઉઠ્યું અને શ્રીહરિ માટે લગની અને સંસાર પ્રત્યેના વૈરાગ્ય ભાવને અનુરૂપ એક પદ્ય તેમના મનમાં સ્ફુરી આવ્યું:

''ન કરો પરણ્યા કેરૂં કામ, કદી ચૂડો ભાંગે,
રાખો હરિસંગે હેત, ચૂડો અમર રાખે.
પહેરો સંતની વરમાળ, જમ પાસે ન આવે,
સોંપો તન, મન, ધન, હરિ તેડવા આવે.' (૧)

આમ તેમનું મન સંસારથી ઉદાસ થઈ શ્રીહરિમાં રમવા માંડ્યું. તે દરમ્યાન ખારવા ગામમાં ચારણ જ્ઞાતિના રાબા અટકના ધનાભાઈ રહેતા હતા. તેઓ ચુસ્ત

સત્સંગી હતા. તેમનો યોગ રૂપાભાઈને થતા બંને શ્રીહરિના દર્શન કરવા ગઢપુર ગયા. દર્શન કરતા જ તેમના મનમાં અપાર શાંતિ થતાં તેઓ ત્યાં રોકાયા. (૧)

એકવાર શ્રીહરિ ગઢડામાં સંતો ભક્તો સાથે લક્ષ્મીવાડી જતા હતા. શ્રીહરિએ ભભકાદાર સોનેરી વસ્ત્રો ધારણ કર્યા હતા. શ્રીજીનું આવું અલૌકિક રૂપ જોઈ રૂપજીભાઈનું કવિ હૃદય ડોલી ઉઠ્યું અને સ્વરચિત કીર્તન બનાવી ઉચ્ચે સ્વરે ગાવા લાગ્યા : આ સાંભળી બધાનું ધ્યાન તેમના પર ગયું.

પછી શ્રીહરિ સભામાં વિરાજમાન થયા અને રૂપજીભાઈને પાસે બોલાવી તેના કીર્તનની પ્રશંસા કરી અને સભાજનો સમક્ષ બોલ્યા કે, આ રૂપજી અમારા પરમ એકાંતિક ભક્ત છે. એમ કહી રાજી થઈને પોતાના બંને હાથ રૂપજીભાઈના મસ્તકે મૂકી આશીર્વાદ આપ્યા. (૧)

ત્યારે આ તક ઝડપી રૂપજીભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી પોતાને સાધુ બનાવી સેવામાં રાખવા વિનંતી કરી. આથી શ્રીહરિએ તેમને લક્ષ્મીવાડીમાં જ સાધુની દીક્ષા આપી અને ભૂધરાનંદ એવું નામ આપ્યું. (૧)

સ્વામી કવિ હતા તેથી તેઓ શ્રીહરિના લીલા ચરિત્રોના કીર્તનો રચતા. કાવ્ય પંક્તિના પ્રાસમાં ભૂધરાનંદ નામ બંધ બેસતું ન હોવાથી શ્રીહરિએ પછી તેમનું નામ ભૂમાનંદ રાખ્યું. (૧)

એકવાર ભૂમાનંદ સ્વામી સત્સંગ પ્રચાર અર્થે ગામડે વિચરણ કરતા હતા. ત્યારે તેમને ક્યાંય ભોજન ન મળ્યું ને ચાર દિવસના ઉપવાસ થયા. ભૂખ-તરસથી તેઓ પીડાવા લાગ્યા. પાંચમાં દિવસે તેમને ઘઉંનો પોંક મળતા, ઠાકોરજીનું ધ્યાન કરી તે પોંક શ્રીજીને પ્રેમથી ધરાવ્યો અને જમો થાળ જીવન જાઉં વારી... એ કીર્તન ગાયું અને શ્રીહરિએ તે સમયે તેમને સાક્ષાત્ દર્શન આપ્યા. તે કીર્તનમાં જે જે વસ્તુ આવતી હતી તેના સ્વામીને દર્શન થયા. આ જોઈ સ્વામી ધન્ય બની ગયા. સ્વામીએ બનાવેલ થાળનું કીર્તન સમગ્ર સંપ્રદાયમાં આજ રોજ ગવાય છે. (૨)

સ્વામી, બ્રહ્માનંદ સ્વામી પાસે પીંગળ અને વ્રજભાષાના કાવ્યગ્રંથો ભણ્યા. તેમણે મૂર્તિના અનેક પદો રચ્યા. આ જોઈ બ્રહ્માનંદ સ્વામી તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. શ્રીહરિએ પણ રાજી થઈને પોતાનો ગૂઢો રેંટો સ્વામીને ઓઢાડી આશીર્વાદ આપેલ. (૩)

સંવત ૧૮૯૦માં વસંતપંચમીના સમૈયામાં સ્વામી મૂળી હતા. ત્યાં દલપતરામ કવિ આવેલા. તેમણે સ્વામીના દર્શન કર્યા. અને તેમની વેધકવાણી કવિવર દલપતરામની છાતીમાં બાણની જેમ ઊતરી ગઈ. આંખમાં હર્ષાશ્રુ આવી ગયા અને દલપતરામ સ્વામીની પાસે વર્તમાન ધારી સત્સંગી થયા. (૨)

સ્વામીએ વાસુદેવ માહાત્મ્ય પંચમ સ્કંધ, દશમ સ્કંધ જેવા ગ્રંથો વ્રજભાષામાં લખ્યા છે તે ઉપરાંત **'ઘનશ્યામ લીલામૃત સાગર'** નામના ગ્રંથની રચના કરી સંપ્રદાયની અને શ્રીહરિની અમૂલ્ય સેવા કરી છે. (૨)

આ રીતે સંપ્રદાયની અનેરી સેવા કરી અગાઉથી પોતે ધામમાં જવાના છે તે જણાવી પોતાની પાલખી પોતે જાતે તૈયાર કરાવી તેમાં બેઠા અને સં. ૧૯૨૪ના મહા વદ ૮ને રવિવારે આ ભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીહરિ સાથે ધામમાં સંચર્યા. (૨)

કારિયાણીના પ્રથમ વચનામૃતમાં સ્વામીએ શિવાનંદ સ્વામીને જ્ઞાનસભર પ્રશ્ન પૂછ્યો કે, ભગવાનનો નિશ્ચય થાય છે તે અંતઃકરણમાં થાય છે કે જીવમાં થાય છે. ત્યારે તે પ્રશ્નનો યથાર્થ ઉત્તર શિવાનંદ સ્વામીથી ન થતાં શ્રીહરિ તેનો ઉત્તર કરે છે.

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી : જૂનાગઢ મંદિર, પ્રકાશન વર્ષ : ૨૦૦૪, પાના નં. ૮૬થી ૯૦

(૨) **મહાપૂજા મુક્તગાથા :** કંડારી ગુરુકુલ, પાના નં. ૯૯થી ૧૦૧

(૩) **નવયોગેશ્વર :** લેખક : માવદાનજી રત્નુ, જામનગર. વિ.સં. ૨૦૨૬, પાના નં. ૧૬૦

•

૪૫. શ્રી ભજનાનંદ સ્વામી

શ્રીહરિના સમયમાં અનેક સંતો બહુવિધ પ્રતિભા ધરાવતા હતા. મહારાજે તેમને વિવિધ પ્રકારનું જ્ઞાન આપેલ. જેથી તેઓ સંપ્રદાયની, સત્સંગીઓની, શ્રીહરિની સેવાનો લાભ પામી શકેલ. જે પૈકી ભજનાનંદ સ્વામી હતા.

મંજુકેશાનંદજી નંદમાળામાં દર્શાવ્યા મુજબ :

'ભણ્યા ભજનાનંદ કાવ્ય પુરાણ'

ભજનાનંદ સ્વામી વિદ્વાન હતા તેમજ કથાવાર્તા કરવામાં કુશળ હતા. કાવ્ય, શબ્દકોષ વગેરે સંસ્કૃત સાહિત્ય ગ્રંથોના અભ્યાસી એવા સ્વામી વિદ્યાર્થી સંતોને શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા. તેમજ ક્યારેક શ્રીહરિ પાસે બેસી સભામાં ભાગવતપુરાણનું વાંચન કરતા. તેઓ સારું વૈદુ જાણતા તેથી માંદા સંતોની ચિકિત્સા કરતા. કથાવાર્તા કરવામાં કુશળ આ સ્વામીએ ખોજા જ્ઞાતિના મુમુક્ષુઓને ઉપદેશ આપીને શ્રીહરિના આશ્રિત કરેલ. તેથી તેઓ ખોજા જ્ઞાતિના સત્સંગીઓના ગુરુ કહેવાતા. (૧)

શ્રીહરિના સમયે ભણનારા સંતોને કારિયાણીમાં ભણવા રાખ્યા હતા. કેટલાક બોટાદમાં ભણતા. સારસ્વતના અધ્યાપક પરમાનંદ મુનિ હતા. કાવ્ય અને કોષ ભજનાનંદ મુનિ ભણાવતા તથા ભજનાનંદ સ્વામી વૈદુ જાણતા. માંદા સંતોની સેવા કરતા અને તેને રોગ અનુસાર ઔષધ આપતા. તેથી શ્રીહરિ સંતોને કહેતા કે, જે સેવા કરશે તેને ભજનાનંદ સ્વામીની ગોળી નહીં ખાવી પડે. (૩)

શ્રીહરિ ગઢડામાં ભક્તિબાગમાં પધાર્યા. આ જગ્યા લાડુબાની હતી. ત્યાં હરમાનું ઝાડ હતું. ત્યાં મહારાજ વિરાજ્યા અને સાધુઓ પાસે યોગક્રિયાની પરીક્ષા લેવા માંડી અને ત્રણસો સાધુઓ પાસે ચોરાશી આસન તથા નેતી ધોતી વગેરે ક્રિયાઓ અને પ્રાણાયામ, ધારણા, ધ્યાન, સમાધિ વગેરે કરાવવા મંડ્યા. તેમાં ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામી વગેરે સાધુઓને અષ્ટાંગ યોગમાં ઘણા કુશળ જોઈ મહારાજ તેમના પર ઘણા પ્રસન્ન

થયા અને તે સંતોને ભેટ્યા. (૪)

એકવાર શ્રીહરિ ગુજરાતમાં (ધરમપુર) વિચરણ કરતા હતા. તે સમયે ગણદેવીનો એક પરમહંસ વિદ્વાન હતો તે આવ્યો. સંતો કથાવાર્તા કરે ત્યારે એ વાત ઉપર શ્લોક ઉપર શ્લોક લાવી આશંકા કર્યા કરે. શ્રીહરિએ આ વાત જાણી અને તેમણે કથાવાર્તા અને પરમહંસના શ્લોક ઉપર વિવેચન કરી સમાધાન કર્યું. પછી શ્રીહરિ જ્યાં સંતો મેડી ઉપર ઉતર્યા હતા. ત્યાં આવ્યા અને ભજનાનંદ સ્વામીને કહ્યું કે, પેલા પરમહંસને જે વાત કરીએ. ત્યાં તો તે વાત ઉપર શ્લોક બોલ્યા કરતો હતો અને તમારે તો એકેય શ્લોક કંઠસ્થ ન હતા. માટે હવે ગીતાના શ્લોક કંઠે કરો. બધા એક એક શ્લોક કંઠે કરો એટલે ગીતા કંઠસ્થ થઈ જાય. પછી ભજનાનંદ સ્વામીએ કાગળના કટકા ઉપર સંતોને ગીતાના શ્લોક લખી લખીને આપ્યા અને મહારાજે એક એક શ્લોક જે તે સંતોને કંઠસ્થ કરવા આપ્યા. આમ, સ્વામી લહીયા તરીકેની સેવા પણ કરતા. (૫) અને આમ આખી ગીતા ભણનારા સંતોને કંઠસ્થ થઈ ગઈ.

વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને જ્ઞાનસભર પ્રશ્નો પૂછેલા છે :

★ કારિયાણીનું ૧લું :

હે મહારાજ ! આ શ્રુતિમાં એમ કહ્યું છે જે, *यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।*

★ કારિયાણીનું ૩જું :

શ્રીહરિના સમજણ અંગેના કૃપાવાક્યના અનુસંધાને ભજનાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે કે, હે મહારાજ ! એવો વિચાર તે મને કરીને રાખે તો ઠીક કે શરીરને દમે તે ઠીક ?

★ કારિયાણીનું ૪થું :

સંતો પરસ્પર પ્રશ્નોત્તરી કરતા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ભજનાનંદ સ્વામીને પૂછ્યું જે, આ દેહને વિષે જીવનું જાણપણું કેટલું ને સાક્ષીનું જાણપણું કેટલું છે ?

★ લોયાનું ૧લું :

હે મહારાજ ! કનિષ્ઠ વૈરાગ્ય ને મધ્યમ વૈરાગ્ય અને ઉત્તમ વૈરાગ્ય એ ત્રણ પ્રકારના વૈરાગ્યનું શું રૂપ છે ?

(૨) વળી સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ એ ત્રણ પ્રકારે જે ભગવાનનું જ્ઞાન તેનું શું સ્વરૂપ છે ?

★ ગઢડા મધ્યનું ૬૩મું :

શ્રીહરિ દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા... ને પોતાના મુખારર્વિંદની આગળ ભજનાનંદ સ્વામી શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા હતા ને પરમહંસ... સભા ભરાઈને બેઠી હતી.

સ્વામી કથાકાર હતા અને મહારાજ પાસે શ્રીમદ્ ભાગવતની કથા કરતા હતા.

★ પાદટીપ :

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુ શાસ્ત્રી : જૂનાગઢ મંદિર પ્રકાશન, વર્ષ : ૨૦૦૪, પાના નં. ૧૯૧

(૨) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર** હરિપ્રકાશ શાસ્ત્રી, સંપાદક : સ્વામિનારાયણ સાહિત્ય મંદિર, ગાંધીનગર. પુર ૨૨, તરંગ ૨૦, પાના નં. ૪થી ૫

(૩) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન, વર્ષ - ૨૦૦૬, વાર્તા નં. ૧૬૧

(૪) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨**, વાર્તા નં. ૬, અંકલેશ્વર ગુરુકુલ, વર્ષ : ૨૦૧૫, પાના નં. ૧૬-૧૭

(૫) **ભાયાત્માનંદ સ્વામીની વાતો :** રાજકોટ ગુરુકુલ પ્રકાશન, પાના નં. ૧૨૪, વાર્તા નં. ૧૭૭

●

૪૬. શ્રી સચ્ચિદાનંદ સ્વામી

મોટા મોટા યોગીઓને પણ અનંતકાળ તપ કરવા છતાં સમાધિ થતી નથી એવું સમાધિનું સુખ ચિર કાળ સુધી મેળવનાર આ સંપ્રદાયના મૂર્ધન્ય સંત એટલે સચ્ચિદાનંદ સ્વામી. જેઓનું જીવન મહારાજમય હતું તેનો પરિચય જાણીએ :

સ્વામી પરમ પ્રેમીભક્ત હતા. શ્રીહરિ વિના સહેજ પણ રહી શકતા ન હતા અને જો વિરહ થાય તો આખું શરીર લાલ લાલ થઈ જતું અને રૂવાંડે રૂવાંડે લોહીના ટશીયા ફુટી જતા. એટલો તેમને શ્રીહરિમાં પ્રેમ હતો છતાં શ્રીહરિ આજ્ઞા કરે તો જ તેમના દર્શને આવતા. છતાં શ્રીહરિ સાથે તેમનું આત્મીય બંધન અતૂટ હતું. શ્રીહરિ જે જમે તે પ્રસાદ તેમના ઉદરમાં આવી જતો. અશક્ય લાગતી વાત સત્ય બની જતી. તેઓ સમાધિનિષ્ઠ પુરુષ હતા.

'મંજુકેશાનંદ સ્વામી તેમના પુસ્તક નંદમાળામાં લખે છે :'

'સચ્ચિદાનંદ સમાધિમાન, સદા હરિ ભજન કર્યાનું તાન.'

સ્વામીના પૂર્વાશ્રમ વિષે જોઈએ તો :

સ્વામી ક્ષત્રિય જ્ઞાતિના વાઘેલા વંશમાં જન્મેલા. તેમનું પૂર્વાશ્રમનું નામ દાજીભાઈ હતું પણ સૌ તેમને લાડમાં મોટાભાઈ કહીને સંબોધતા. તેઓ જામનગર જિલ્લાના મોડા ગામમાં તેમના સત્સંગી મામા દરબારશ્રી રણમલસિંહજી જાડેજા (જેઓ પછીથી સંત જીવન સ્વીકારી અક્ષરાનંદ સ્વામી થયેલા)ના ઘરે રહેતા. (૧)

મામાના સ્નેહ સંયોગથી તેમને સત્સંગ મળેલો. (૨) ધીમે ધીમે સત્સંગ વધતા મુમુક્ષુ જીવને વૈરાગ્યનો રંગ ચડ્યો. ત્યાગ આશ્રમમાં જવા મા-બાપને વાત કરી પણ રજા ન મળી. આથી તેમણે યુક્તિ કરી ઘરમાં ગાંડા-ઘેલા જેવું વર્તન કરવા માંડ્યું. ઘરના ઓરડામાં કુવો ખોદવાનું શરૂ કર્યું. બધાએ પૂછ્યું કે, આમ કેમ કરે છે ? તો કહે : મારા જેવો દીકરો હોય અને મારી મા ને બહાર કુંવે પાણી ભરવા જવું પડે ? તેથી ઘરમાં જ કુવો ખોદવો છે.

દાજીભાઈને વડીલોએ સમજાવી પટાવી વાડીએ રાખ્યા તો ત્યાં અનાજના ડૂંડા હાથમાં ચોળી ચોળીને કાચા દાણા બુકડાવવા લાગ્યા. થોડા દિવસમાં તો કેટલુંક ખેતર સાફ કરી નાખ્યું. આવા ઉપદ્રવથી કંટાળી સગાંઓએ તેમને દોરડાથી બાંધી ઘરમાં પૂરી દીધા.

પણ દાજીભાઈ અંતરમાં શ્રીહરિનું અખંડ ચિંતવન કરતા. એવામાં મહારાજ પધાર્યા અને તેમના બંધન તોડી નાખ્યા. શ્રીજીના દર્શન થતા તેમના હૃદયમાં અપાર શાંતિનો અનુભવ થયો. દાજીભાઈ કહે, મહારાજ હવે આ ભવના બંધનમાંથી છોડાવો તો સારું.

એક કથા એવી પણ છે કે, દાજીભાઈના આવા બેઢંગા ઉત્પાતથી કંટાળી સગાંઓ તેમને ભુવા પાસે લઈ ગયા. ભુવો ધૂણી ધૂણીને દાજીભાઈને મારવા લાગ્યો ત્યારે દાજીભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી. આ દુઃખમાંથી છોડાવવા અરજ કરી તો શ્રીહરિ એકાએક પ્રગટ થઈ એવો હાકોટો પાડ્યો કે, ભુવા બધા ડરીને ભાગી ગયા. આવો ચમત્કાર જોઈ સગાંઓ પણ બધા ડરી ગયા. પછી મોટા ભાઈને છંછેડવાની કોઈ હિંમત કરતા નહીં. (૨)

પણ, શ્રીજીના દર્શન થતા દાજીભાઈને સમાધિ થવા માંડી. ગમે ત્યારે ગમે ત્યાં પોતે સમાધિમાં ચાલ્યા જતા. આથી તેમના દેહને સાચવવાની ચિંતા વધી પડી. કોઈ વાર શ્રીજીના કીર્તન કે ધૂન સાંભળવામાં આવે તો પણ તેમને ચૈતન્ય મહાપ્રભુની જેમ ભાવસમાધિ લાગી જતી અને ઊંડા ઊતરી જતા.

એકવાર ગામમાં મરકીનો રોગ (ઇન્ફલ્યુએન્ઝા) આવ્યો. ગામના લોકો ટપોટપ મરવા લાગ્યા. (કહેવાય છે કે બધા રોગ મૂર્તિમાન હોય છે) તો મરકી આવીને દાજીભાઈને કહે, હું તારા શરીરમાં પ્રવેશી તને ભરખી જાઉં. તો કહે, ભલે આવ. અને જેવી મરકી શરીરમાં પ્રવેશી કે તરત જ દાજીભાઈએ બધી નાડીઓના પ્રાણ સંકેલી લીધા અને શરીરમાં રહેલા મણિપુર ચક્ર (અગ્નિ ચક્ર)ને ખૂબ ચેતનામય બનાવી દીધું. આથી શરીરમાં પ્રચંડ અગ્નિ ઉત્પન્ન થયો અને મરકી બળવા લાગી. રાડો પાડવા માંડી કે મને બચાવો. હવે ફરી કદી આ ગામમાં નહીં આવું. આથી મોટા ભાઈએ અગ્નિ ચક્રને શાંત પાડ્યું અને મરકી શરીરમાંથી બહાર નીકળી અને રાડો પાડતી ગામમાંથી જ બહાર ભાગી ગઈ. આમ, તેમણે ગામના લોકોને મરકીથી બચાવ્યા.

નિષ્કુળાનંદ સ્વામી તેમના **ભક્તચિંતામણિ** નામના ગ્રંથના પ્રકરણ ૧૩૪માં સચ્ચિદાનંદ સ્વામીને શ્રીહરિએ કેવા કેવા પરચા આપ્યા તેની વિસ્તૃત વાત કડી નં. ૨૫થી ૫૧માં કરી છે. જેમાં સ્વામી શ્રીહરિની મૂર્તિ સંભારતા સમાધિ અવસ્થામાં પહોંચી ગયા અને શરીરની સંભાળ ન રહી. કચ્છી લોકોને એમ થયું કે, આ ગુજરી ગયા છે તેથી તેને અગ્નિ મૂકવા તૈયાર થયા. ત્યારે શ્રીહરિએ પ્રગટ થઈને સ્વામીની રક્ષા કરી, પુરમાં તણાયા તો તે સમયે રક્ષા કરી, ભુવા થકી રક્ષા કરી, ટુંટિયા થકી રક્ષા કરી વગેરે પરચા વર્ણવેલા છે. (૩)

વળી નિષ્કુળાનંદ સ્વામી આ ગ્રંથના પ્રકરણ : ૯૨-૯૩માં શ્રીહરિની આજ્ઞાથી તેઓ ધર્મકુળ સાથે દ્વારિકાની યાત્રા કરવા જાય છે અને યાત્રા કરીને પરત આવવાનું કહે છે. પરંતુ દ્વારકાના ગુગળી બ્રાહ્મણો નાણાં આપ્યા વગર ગોમતીએ સ્નાન અને છાપો આપવાની ના કહે છે. આથી સ્વામી લાંઘણચોરે જઈ ઉપવાસ કરી દ્વારકાધીશને દર્શન આપવા વિનવે છે. આમ ૧૧ દિવસના ઉપવાસ થાય છે ત્યારે શ્રીકૃષ્ણે પ્રગટ થઈને તેમને દર્શન આપીને ગોમતીએ સહિત વડતાલ પધારે છે. ત્યારથી વડતાલમાં રણછોડરાયજી, લક્ષ્મીજી અને ગોમતીજી વિરાજમાન છે અને વડતાલમાં તીર્થની છાપો લેવામાં આવે છે. આ પ્રસંગ નિષ્કુળાનંદ સ્વામીએ નજરે દીઠો છે. તેમ સ્વામી ૯૩ના પ્રકરણના અંતમાં કહે છે. (૩)

સચ્ચિદાનંદ સ્વામી કેવા સમર્થ સંત હતા કે ખુદ શ્રીકૃષ્ણને તેમની ભક્તિથી વશ થઈ વડતાલ આવવું પડ્યું તે બાબત ફલિત થાય છે.

જેમ શ્રીકૃષ્ણ ભગવાને કામને પડકારી તેને જીતેલ. તેમ સંપ્રદાયમાં હરિભક્તોને કામ દોષથી બચાવવા માટે શ્રીહરિએ ગઢડામાં રાધાવાવમાં બિરાજી બધા સંતોને કહ્યું કે, આ અધર્મ સર્ગરૂપી કામને જીતવાનું કોણ બીડું ઝડપશે ? ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કામને પડકાર્યો ત્યારે મૂર્તિમાન કામે સ્વામી સાથે લડાઈ લીધી, પરંતુ સ્વામીએ શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરી કામને માર મારી તેને પછાડી દીધો. ત્યારથી શુદ્ધ પંચવર્તમાને યુક્ત અને શ્રીહરિની આજ્ઞાપાલક હરિભક્તને કામદોષ પીડતો નથી તેવું કહેવાય છે. (૪)

ગઢપુરમાં પીંપળાવાડીમાં સચ્ચિદાનંદ સ્વામી રહેતા. તે વાડીમાં રીંગણાના છોડ હતા. આ વાડીમાં રીંગણા ચોરવા એકવાર ૨૭ ચોર આવ્યા ત્યારે સ્વામીએ

હાકોટો પાડી ચોરને ભગાડી પોતે ૨૭ સ્વરૂપ ધારણ કરી ચોરની પાછળ પડી તેને તગડી મુક્યા. (૫)

એકવાર શ્રીહરિ રાધાવાવ પધારેલ ત્યારે વિશાળકાયા ધરાવતો કાલપુરુષ ત્યાં આવ્યો જેના જમણા હાથમાં મુદગળ અને ડાબા હાથમાં ચક્ર હતું. તેણે શ્રીહરિને પ્રણામ કરી કહ્યું કે, મારી સાથે કુસ્તી કરે તેવો કોઈ પુરુષ હોય તો લડવા મોકલો. ત્યારે સ્વામી મહુડાનો સોટો અને ગાડાનું પૈડુ લઈને તેની સાથે લડવા લાગ્યા. બંને સામા હથિયાર લઈને લડવા લાગ્યા. હથિયાર તૂટી ગયા એટલે બથોબથ આવ્યા અને સ્વામીએ કાલપુરુષને ઉપાડીને જમીન ઉપર પછાડ્યો અને પેલો લોહીના કોગળા કરી ગયો અને પોતાની હાર સ્વીકારી અને બોલ્યો કે, તમે સાક્ષાત્ ભગવાન છો એમ કહી શ્રીહરિને પગે લાગ્યો. મહારાજે તેને પોતાના હાથની પ્રસાદી આપી. કાળ તે જમીને જતો રહ્યો. (૬)

એકવાર વિદ્યા ભણનારા અને સંગીત શીખનારા સંતો કારિયાણીથી ગઢડા ગયા. તેમને મહારાજનું કામ હતું તેથી લાધા ઠક્કરને કહ્યું કે, તમે જીવુબા તથા લાડુબાને પૂછી જુઓ કે, મહારાજ હાલ ક્યાં વિરાજે છે ? ત્યારે લાધા ઠક્કર પૂછવા ગયા પણ બા ને મહારાજની કાંઈ ખબર ન હતી. તેથી લાધા ઠક્કર પાછા આવ્યા. ત્યારે સંતોએ પૂછ્યું કે હવે શું કરશું ? ત્યારે લાધા ઠક્કર કહે, તમે સચ્ચિદાનંદ સ્વામીને પૂછો તે સમાધિવાળા છે તેથી ખબર મળશે. ત્યારે સંતોએ સ્વામીને પૂછ્યું તો કહે, મહારાજ ધરમપુરમાં હું હમણાં જ સમાધિ કરીને ગયો હતો તે મને મહારાજે બિરંજ જમાડ્યો. ત્યારે લાધા ઠક્કરે ટિખળ કરી કે સમાધિવાળો તો ખોટુંય બોલે. ત્યારે સ્વામી કહે, તું તો મુસલમાનનો મુસલમાન જ રહ્યો (લાધા ઠક્કર પૂર્વે ખોજા હતા તેથી સ્વામીએ આમ કહ્યું) એમ કહી સ્વામીએ ઊલટી કરીને બિરંજ કાઢી બતાવ્યો તે જોઈ સહુ આશ્ચર્ય પામ્યા. આમ, સ્વામી સમાધિનિષ્ઠ હતા અને શ્રીહરિ સાથે તેમની અનન્ય એકતા હતી. (૭)

સ્વામી કેવા સમર્થ હતા ? તેનો પ્રસંગ જોઈએ : એકવાર ગામ માંડવધારમાં હરિભક્તને ત્યાં શેરડીનો ચીચોડો ફરતો હતો. ત્યારે એક ખાખી બાવાની જમાત આવીને રોફ દેખાડી અઢાર કડા ગોળ અને બસો સાંઠા શેરડીના આપવાની જીદ કરી. અને મોઢામાંથી સળગતા અંગારા કાઢવા લાગ્યા. આથી કોઈ ભક્તે જઈને મહારાજને ગઢડા વાત કરી કે બાવાની જમાત આવીને હેરાન કરે છે.

ત્યારે મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને માંડવધાર મોકલ્યા. ત્યાં સ્વામીએ બાવાને કહ્યું કે, અમે ચીચોડામાંથી બળદ છોડી નાંખીએ છીએ અને તેને બદલે સુતરના દોરા બાંધીએ છીએ અને તેનો એક છેડો હરિભક્તને આપીએ છીએ. હવે ચીચોડો ફરશે. પછી તો ચિચોડો સુતરના દોરાથી ફરવા લાગ્યો. આ ચમત્કાર જોઈ બાવા આશ્ચર્ય પામી ગયા. ફરી સ્વામીએ શેરડીનો રસ કડાઈમાં નંખાવીએ તેને સ્વયંભૂ અગ્નિ પ્રગટાવી ગોળ ઉકળતો કર્યો. પછી સ્વામીએ બાવાને કહ્યું કે, હવે તમે જો સિદ્ધ હો તો આ રીતે કરી બતાવો. તો તમને માંગો એટલો ગોળ ને શેરડી આપીએ નહીં તો તમને બધાને સળગતી ચુલમાં પધરાવી દઈએ. આ સાંભળી બાવાઓને થયું કે, આ તો કોઈ મોટા સિદ્ધપુરુષ છે એમ ડરીને ભાગી ગયા. બાવાઓ ગયા પછી ભક્તોને પૂછ્યું કે, આ ચીચોડો વગર બળદે તમે કેમ ફેરવ્યો ? ત્યારે કહે, બે જમદૂતોને કામે વળગાડેલા તે ચીચોડો પણ ફેરવ્યો અને અગ્નિ પણ પ્રગટાવ્યો. (૮)

એકવાર સ્વામી પીપળીએ સત્સંગ કરાવવા પધાર્યા હતા. ગામમાં ઉતારાની સગવડ ન હતી તેથી ગામ બહાર મંદિરે બે પીંપરના ઝાડ હતા ત્યાં એક વિશાળ ઓટો હતો ત્યાં બેસીને ભજન, કથા-વાર્તા કરતા. તે પીંપરના થડમાં બે મોટા નાગ રહેતા હતા તે સ્વામી ભજન કરવા બેસે ત્યારે દરમાંથી બહાર આવે ને ડોકીયા કરી કથા સાંભળે. કોઈ વાર બહાર આવી સ્વામીના શરીરે વીંટાય અને ડોકે વિંટાય અને મસ્તક ઉપર ફેણ માંડીને બેસે. તે જાણે મહાદેવ ઉપર સર્પ બેઠા હોય તેવું લાગે. ગામના લોકો આ જોઈ ડરે પણ સ્વામી કહે, આ કોઈ મુમુક્ષુ આત્મા લાગે છે. ડરવાની જરૂર નથી. સાપ પણ કોઈ પાસે ન આવતા ફક્ત સ્વામી પાસે જ આવતા. સ્વામી ધ્યાનમાં બેઠા હોય ત્યારે પણ સાપ સ્વામીના મસ્તક ઉપર ફેણ ચડાવીને બેસતો. સ્વામીનો આવો પ્રતાપ જોઈ ગામના કેટલાક માણસો સ્વામી પાસે વર્તમાન ધરાવી હરિભક્ત થયા. (૯)

સ્વામીએ ગઢડામાં રાધા બાગમાં રહી શાકભાજી તથા ફળફળાદિનું ધ્યાન રાખતા અને રહેતા. તેથી મહારાજ સ્વામીને બગીચાવાળા સ્વામી કહી બોલાવતા. (૧૦)

ગઢડાની બહાર ગાંડા બાવળની બીડ હતી તો ત્યાં પણ વાડી કરી હોય તો શાકભાજી વગેરે વવાય એમ ધારી સ્વામી બાવળીયા કાપી કાપીને જમીન

સાફ કરવા મંડ્યા. આ સમાચાર મહારાજને મળ્યા. એટલે સાધુ માટે આવું કામ અયુક્ત છે એમ કહી મહારાજ સ્વામીને બહુ ખીજાયા. આથી સ્વામીને થયું કે મેં મહારાજનો દ્રોહ કર્યો છે. તેથી પોતાને બહુ દુઃખ થયું તેથી પોતે દેહનો ત્યાગ કરવાની ઈચ્છાથી અન્નજળનો ત્યાગ કરી ઘેલા નદીના સામા કાંઠે જઈ ધ્યાનમાં બેસી ગયા. બપોરનો પ્રખર તાપ થયો તો પણ સ્વામી ઉઠ્યા નહીં. આ બાજુ અક્ષર ઓરડીમાં સુતેલા મહારાજ વારેવારે બ્રહ્મચારી પાસે જળ મંગાવે, પણ તરસ છીપે નહીં. તેથી બ્રહ્મચારીએ પૂછ્યું કે, મહારાજ તરસ કેમ છીપતી નથી ? ત્યારે મહારાજ બોલ્યા, સચ્ચિદાનંદ તડકામાં બેઠો બેઠો ધ્યાન કરે છે તેને ખૂબ તરસ લાગી છે. ત્યાં જઈને તેને પાણી પાઓ તો મારી તરસ છીપે તેથી દાદાખાચર ત્યાં ગયા ને સ્વામીને સમજાવીને પાણી પાયું કે તુરત મહારાજની તરસ છીપી. આવી મહારાજ અને સ્વામી વચ્ચે જીવની એકતા હતી. (૧૦)

ગઢડામાં એકવાર શ્રીહરિ દુર્વાસામુનિનું ચરિત્ર કહેતા હતા કે, ઋષિ ગોપીઓના અનેક થાળ એકલા જમી ગયા ત્યારે જીવા ખાચર બોલ્યા કે, એ વાત માન્યામાં આવે તેવી નથી ત્યારે મહારાજ કહે, કોઈક વાર તમને પ્રત્યક્ષ બતાવીશું. પછી એકવાર કોઈ ભક્તની ૨૦૦ માણસોની રસોઈ હતી. તે સમયે સ્વામી રાધાવાવથી પધાર્યા એટલે મહારાજે તેમને પ્રસાદ લઈને જવાનું કહ્યું તો મહારાજ પીરસતા જાય અને સ્વામી જમતા જાય. તે જમતા જમતા બધી જ રસોઈ એકલા જમી ગયા. આ જોઈ બધાને ખૂબ આશ્ચર્ય થયું. ખુદ જીવા ખાચર પણ આશ્ચર્યમાં પડી ગયા ત્યારે મહારાજ કહે, કેમ હવે દુર્વાસામુનિ થાળ જમી ગયા તે વાત સાચી ને ? ત્યારે જીવા ખાચરે વાત સાચી માની. (૧)

સચ્ચિદાનંદ સ્વામી સમાધિનિષ્ઠ હતા તે સર્વે વાત જાણતા. મહારાજ ધામમાં જવાના હતા, તે વાત પણ તે જાણી ગયા. શ્રીહરિ ઉપર અનન્ય પ્રેમ તેથી મહારાજનો વિરહ થાય તો પોતે રહી ન શકે તેથી મહારાજ ધામમાં જાય તે પહેલા પોતાના નાડી પ્રાણ તોડી ધામમાં જતા રહ્યા. મહારાજે ધામમાં જઈ પૂછ્યું કે, અમારો ચોર ક્યાં ગયો ? અમને પૂછ્યા વગર કેમ ધામમાં આવ્યો ? સ્વામીને બોલાવ્યા ને વઢ્યા અને કહ્યું, તમે દેહમાં પાછા જાઓ ત્યારે સ્વામી કહે, હું તો નાડી, પ્રાણ, હાથ પગની નાડીઓ તોડીને આવ્યો છું. હવે તે દેહમાં રહેવાય તેવું નથી. રહું તો અપાર વેદના થાય. મહારાજ કહે, કોની રજાથી તમે અહીં આવ્યા ?

પછી સ્વામીએ માફી માંગી એટલે મહારાજ કહે, તમે છ માસ સુધી દેહમાં રહો પછી હું તમને તેડી જઈશ. (૧૨)

ત્યારબાદ સ્વામીએ છ માસ સુધી શ્રીહરિનો વિયોગ સહન કર્યો અને ત્યારબાદ શ્રીહરિ તેમને ધામમાં તેડી ગયા.

આ સમગ્ર કથાની પુષ્ટિ કરતા આધારાનંદ સ્વામી હરિચરિત્રામૃત સાગરમાં પ્રકરણ-૧, ૨માં લખે છે :

'સો દીખિ હરિ ખિજ દિને તેહિ યારા, જાઓ દેહ મેં મુનિ અબ વારા;
નહીં માનો જો વચન હમારા, ભુક્તોગે દુઃખ અનંત અપારા.
તબ મુનિ ચલને કિન તિયારી, જલ પીકે હરિ પાએ સો વારી;
નિજ તન મેં આપે તત્કાલા, આપે દેખી બાત કહે કૃપાલા,
સો મેં લિખે દેખી યહ નૈનાં, સત્ય કરી કે સુજ્ઞ જન લેના.''

— એટલે કે શ્રીહરિ સ્વામી ઉપર ખીજાયા અને પોતાના દેહમાં પાછા જવાની આજ્ઞા કરી. જો નહીં માનો તો અપાર દુઃખ પડશે એમ કહ્યું. પછી સ્વામીએ મહારાજનું આપેલું જળ પીધું અને પાછા આ લોકમાં પડેલા પોતાના દેહમાં આવ્યા. આધારાનંદ સ્વામી કહે છે કે, આ વાત મેં જોયેલી છે. સગી આંખે જોયેલી છે માટે સુજ્ઞજનો આ વાતને સત્ય માનજો. (૧૪)

આ રીતે શ્રીહરિના કૃપાપાત્ર સમાધિનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વામી સં. ૧૮૮૭ના માગશર સુદ-૧૦ના દિવસે ગઢપુરમાં દેહત્યાગ કરી અક્ષરવાસી થયા. (૧)

કારિયાણીના ૧૧માં વચનામૃતમાં સ્વામીએ પોતાના અંગ વિષેનો પ્રશ્ન પૂછ્યો છે : 'ભગવાનને વિષે પ્રીતિ હોય તેના શાં લક્ષણ છે ?

★ **પાદટીપ :**

૧) **સંતસુમન સ્રજ :** પ્રભુશાસ્ત્રી : જૂનાગઢ મંદિર, વર્ષ : ૨૦૦૪, પાના નં. ૧૪૫થી ૧૪૬

૨) **સ્વામિ. ભગવાનના સંત :** શાંતિકુમાર ભટ્ટ, વડતાલ, કાનજી ભગત : ૧૯૮૦

૩) **ભક્તચિંતામણિ પરચા :** પ્રકરણ નં. ૧૩૪

૪) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨**, વાર્તા નં. ૪૨, ગુરુકુલ અંકલેશ્વર : વર્ષ ૨૦૧૫

૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨**, વાર્તા નં. ૨૫, ગુરુકુલ અંકલેશ્વર : વર્ષ ૨૦૧૫

૬) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨**, વાર્તા નં. ૪૧, ગુરુકુલ અંકલેશ્વર : વર્ષ ૨૦૧૫

૭) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩**, વાર્તા નં. ૧૮૫, ગુરુકુલ અંકલેશ્વર : વર્ષ ૨૦૧૫

૮) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩**, વાર્તા નં.૫૧૬, ગુરુકુલ અંકલેશ્વર : વર્ષ ૨૦૧૫

૯) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર : વર્ષ-૨૦૦૬, વાત નં. ૯૬૨

૧૦) **અદ્ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન : વર્ષ-૨૦૦૬, વાત નં. ૨૦૭


૧૧) **અદ્ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન : વર્ષ-૨૦૦૬, વાત નં. ૩૭

૧૨) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** કુંડલ પ્રકાશન વર્ષ-૨૦૧૫, વિશ્રામ નં. ૧૧૬

૧૩) **ભક્તચિંતામણિ :** નિષ્કુળાનંદ સ્વામી : પ્રકરણ ૧૬૨, કડી નં. ૩૭

૧૪) **શ્રી હરિચરિત્રામૃત સાગર**, પ્ર. ૧-૨

●



૪૭. શ્રી સ્વરૂપાનંદ સ્વામી

શ્રીહરિના સમયે સંપ્રદાયમાં ૩ સ્વરૂપાનંદ સ્વામી વિદ્યમાન હતા. જેનો ઉલ્લેખ મંજુકેશાનંદ સ્વામીએ તેના નંદમાળા નામના પુસ્તકમાં કરેલો છે :

'સ્વરૂપાનંદ મોટા એક સંત, સમાધિનિષ્ઠ સદા બુદ્ધિવંત,
સ્વરૂપાનંદ બીજા તે પંડિત, ત્રીજા ત્યાગ વૈરાગે મંડિત.

★ એક સ્વરૂપાનંદ સ્વામી જેનું પૂર્વાશ્રમનું નામ તુલસી હતું. જ્ઞાતિએ પટેલ હતા. મહારાજ એકવાર મેથાણ પધાર્યા. ત્યારે યુવાન તુલસીનું મન શ્રીહરિમાં ખેંચાઈ ગયું. તેમને ધ્યાનમાં દિવ્ય સુખ પ્રાપ્ત થતાં વૈરાગ્ય ઉપજ્યો. શ્રીહરિએ તેમને દીક્ષા આપી સ્વરૂપાનંદ સ્વામી નામ પાડ્યું. તેઓ બ્રહ્માનંદ સ્વામી સાથે રહેતા. મૂળી દેશના ગામડાંઓમાં સત્સંગ વિચરણ કરતા અને ત્યાં જ તેમનો અક્ષરવાસ થયેલો. (૧)

★ બીજા સ્વરૂપાનંદ સ્વામી પણ મેથાણ ગામના હતા. તેઓ જ્ઞાતિએ પટેલ હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ માધવજીભાઈ હતું. તેમના પિતાનું નામ જીવાભાઈ પટેલ હતું. તેમના ભાઈનું નામ હરખાભાઈ હતું. શ્રીહરિ મેથાણ પધારતા આખા કુટુંબને શ્રીહરિનો રંગ લાગ્યો અને ત્યાગાશ્રમ લેવાની ઈચ્છા કરતા શ્રીહરિએ તેમની મુમુક્ષુતા પીછાણી ત્રણેયને દીક્ષા આપી. પિતા જીવાભાઈને દીક્ષા આપી તેમનું નામ ચૈતન્યાનંદ સ્વામી પાડ્યું. મોટા પુત્ર હરખાભાઈનું નામ પરમ-ચૈતન્યાનંદ સ્વામી પાડ્યું તથા માધવજીનું નામ સ્વરૂપાનંદ સ્વામી પાડ્યું. જેઓ ભણીને મોટા પંડિત થયા. તેમને શ્રીહરિમાં અપાર હેત હતું. શ્રીહરિ ધામમાં ગયા ત્યારે તેમને અતિશય વિયોગ થતા શ્રીહરિએ તેમને દર્શન આપી તેમનો શોક ટાળેલ. (૧)

★ ત્રીજા સ્વરૂપાનંદ સ્વામીનો જન્મ કુરુક્ષેત્રના પવિત્ર ક્ષેત્રમાં પવિત્ર બ્રાહ્મણ કુળમાં થયેલ. ઘરના ભક્તિમય વાતાવરણમાં તેમનો ઉછેર થયો. પૂર્વની પ્રતિભાના કારણે તેમણે ટૂંકા કાળમાં વેદાદિક તમામ શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો.

અને પ્રકાંડ પંડિત થયા. એકવાર તેઓ દ્વારિકા, સોમનાથની યાત્રા કરી પોતાના વતન કુરુક્ષેત્રમાં આવ્યા. ત્યારે તેમને વાત મળી કે સૌરાષ્ટ્રમાં જીવન મુક્તા પ્રગટ થયા છે. લોકો તેમને ભગવાન માની પૂજે છે. આથી તેઓ સહજાનંદ સ્વામીને મળવા તીર્થાટન કરતા માંગરોળ આવ્યા અને શ્રીહરિના દર્શન કરતા જ તેમની મુમુક્ષુતા જાગી ઊઠી અને શ્રીહરિમાં ભાવ થયો. (૨)

તે સમયે શ્રીહરિએ સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું. જે લોકો શ્રીજીની સામે જુએ તો તેમને તત્કાળ સમાધિ થઈ જતી હતી.

માંગરોળમાં તે સમયે સભામાં વ્યાપકાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી બેઠા હતા. તેમણે શ્રીહરિને કહ્યું કે, તમે સમાધિ કરાવો છો, તે અમારા માન્યામાં આવતું નથી. કેમકે રામાનંદ સ્વામીએ પણ સમાધિ કરાવી નહોતી. ત્યારે શ્રીહરિએ સ્વરૂપાનંદ સ્વામી સામે જોયું તો તેજ ઘડીએ સ્વામીને સમાધિ થઈ અને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીને બેઠેલા જોયા. પછી મહારાજે કહ્યું કે, આ અનંત મુક્તો બેઠા છે તેમની એક સાથે પૂજા કરો. તો કહે એક સાથે તો કેમ થાય ? ત્યારે મહારાજ કહે, તમે ચોવીશ અવતારના નામ લઈને અનંતરૂપે થાઓ. તો પણ સ્વામી અનંતરૂપે ન થયા. પછી મહારાજ કહે, તમે હવે એમ વિચારો કે આ શ્રીહરિ જો પૂર્ણપુરુષોત્તમ હોય તો હું અનંતરૂપે થાઉં. તો સ્વામીએ એમ કરતા તરત જ પોતે અનેકરૂપે થયા અને દરેક મુક્તોની એક સાથે પૂજા કરી. પછી સ્વામીને શ્રીહરિનો અને તેમની સમાધિનો સાચો મહિમા સમજાયો. (૨) (આ પ્રસંગ વ્યાપકાનંદ સ્વામીનો પણ આવે છે.)

સ્વરૂપાનંદ સ્વામી અને ભાઈ રામદાસજીના અગ્નિસંસ્કાર પછી સ્વરૂપાનંદ સ્વામી વિષે શ્રીહરિ ગઢડામાં ભક્તિબાગે એવું બોલ્યા હતા કે, સ્વરૂપાનંદ નૃસિંહજીનો અવતાર છે. આગળ જતા આ સ્થાનનો મહિમા વધશે અને આ સ્થાન તે નારસિંહી શીલા કહેવાશે. આ વખતે અમારા તેજ બળથી કંઈ જણાતું નથી પણ પાછલે દિવસે શરભેશ્વર અને નારસિંહી શીલાનું મહાત્મ્ય વધશે. (૩)

એકવાર શ્રીહરિ અગતરાયમાં હતા તે સમયે ત્યાંના ભક્ત મારડીયા ભીમભાઈએ શ્રીજીને કહ્યું કે, લોકમાં એવું કહેવાય કે, રાજા ગાદીએ બેસે તેની ખુશાલીમાં જેલના કેદીઓને છોડી મૂકે, તો આપ આ બ્રહ્માંડમાં પધાર્યા તેની ખુશાલીમાં જમપુરીમાં દુ:ખી જીવોને છોડી મૂકો. આ સાંભળી મહારાજે સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી કે, તમે જમપુરીમાં જાઓ ને ત્યાંના સર્વે જીવોને અમારે વચને

ભૂમાપુરુષના લોકમાં મોકલો. તેથી સ્વામી જમપુરીમાં ગયા અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણની ધૂન કરી હજારો વિમાન આવ્યા અને બધા જીવો જમપુરી છોડી ભૂમાપુરુષના લોકમાં ગયા. પછી સમાધિમાંથી પાછા દેહમાં આવ્યા અને શ્રીહરિને આ બધી વાત કરી. આ સાંભળી સૌ આશ્ચર્યમાં પડી ગયા.

ગુણાતીતાનંદ સ્વામીની જેમ સ્વરૂપાનંદ સ્વામીમાં શ્રીહરિના સર્વોપરીપણાનો કેફ વિશેષ હતો અને તેને અનુલક્ષીને જ સઘળી કથાવાર્તા કરતા. સદ્. **વિદ્યાત્રાનંદ સ્વામીએ પુરુષોત્તમ નિરૂપણ**માં કહ્યું છે કે, એક હરિભક્તે સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે, આ શ્રીજી મહારાજનો અવતાર કેવો જાણવો ? ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું જે, આ અવતાર નહિ. આ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી પ્રકટ પુરુષોત્તમ છે. ને બીજા અવતારના જેવી કળાઓ તો પોતાના ભક્તમાં છે.' સ્વામીએ કેવી મોટી વાત કરી ! (૧)

સ્વામીનું મંડળ એકવાર જામનગરમાં સત્સંગ વિચરણ કરતું હતું. ત્યારે જામનગરના લખોટા તળાવના કાંઠે સંતો પ્રશ્નોત્તર કરતા હતા, તે સમયે કેટલાક વણિકો ગામમાંથી સંતો પાસે આવ્યા. તેણે આ સંતોને જોયા અને કુતૂહલથી સ્વામીને પૂછ્યું કે, તમારામાં કોઈ કૃષ્ણ જૈસા હૈ ? ત્યારે સ્વામી તરત જ બોલ્યા કે, દેખ એ સબ સંત કૃષ્ણ જૈસે હૈ. એવું જ્યાં બોલ્યાં તો સર્વે વણિકોને તમામ સંતો કૃષ્ણરૂપે દેખાયા. આવો ચમત્કાર સ્વામીના વચનમાં હતો. (૧)

એકવાર સ્વામી મંડળ સાથે નિમાડ દેશ (મધ્ય પ્રદેશ)માં સત્સંગ વિચરણ કરતા હતા. તો તેમના દર્શનથી જ અનેક લોકોને સત્સંગ થતો. પછી સ્વામી સંતો સાથે નાગડકા સુરાખાચરના દરબારમાં આવ્યા. ત્યારે મહારાજ સભા કરીને બેઠા હતા. ત્યારે મહારાજે તેમને ભાવથી બોલાવી પૂછ્યું કે નિમાડ દેશમાં મનુષ્ય કેવા છે ? ત્યારે સ્વામી બોલ્યા કે, ગુરુ સાહેબ મનુષ્ય તો લીંબડી કે નીચે દેખા હૈ ને બીજે મનુષ્ય તો નહિ હૈ. ત્યારે સંતોએ મહારાજને પૂછ્યું કે, 'તો સ્વામીએ સત્સંગ કોને કરાવ્યો હશે ?' ત્યારે મહારાજ કહે તમે બીજાને કથા વાર્તા કરી ઉપદેશ આપી પછી વર્તમાન ધરાવો ત્યારે એનું કલ્યાણ થાય પણ સ્વરૂપાનંદ સ્વામી માટે એવું નથી. તેમના તો દર્શન માત્રથી બીજાનું કલ્યાણ થાય છે. આવી સ્વામીની સ્થિતિ હતી. (૧)

શ્રીહરિ સ્વામીની સ્થિતિ વિષે સુપેરે જાણતા કે સ્વામી સિદ્ધ દશાવાળા સંત છે. તેથી તેઓ કહેતા કે, આનંદાનંદ સ્વામીને આજ્ઞાનું બળ છે. મુક્તાનંદ સ્વામીને

મૂર્તિ પણ દેખાય અને અન્ય પણ દેખાય પરંતુ સ્વરૂપાનંદ સ્વામીને તો અમારી મૂર્તિ સિવાય કાંઈ દેખાતું જ નથી. એટલે મહારાજ કહેતા કે ત્રણેય સંતોના અંગ અલગ-અલગ છે. માટે આનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો અને મુક્તાનંદ સ્વામીએ સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ કરવો એમ કરે તો એકબીજાની કસર ટળે. (૧)

સ્વામીની આત્મનિષ્ઠા અજોડ હતી. તેનો એક પ્રસંગ જાણીએ :

સ્વામીને એકવાર શરીરે મોટું ગુમડું થયું અને તે પાકતા તેમાં જીવડાં થયા. ઔષધ કરવા છતાં તે મટ્યું નહિ. છતાં આટલી પીડા વચ્ચે સ્વામી મસ્તીમાં રહી ભજન કરતા. દેહના ભાવને ગણકારતા નહિ. ઘા માંથી એકાદ જીવડું બહાર પડી જાય તો સ્વામી તેને ઊંચકીને પાછું ઘારામાં મૂકી દેતા ને બોલતા કે, 'યહ તેરા ખાજ હૈ. ખાઓ. બહાર જાઓગે તો મર જાઓગે.' સ્વામી આવા અત્નિનિષ્ઠ હતા. (૧) પોતાને થતી વેદનાને ગણકારતા નહિ. દુઃખને સહન કરતા. આવી તેમની દૃઢ આત્મનિષ્ઠા હતી.

સ્વામી હિંદુસ્તાની હિંદી ભાષી સાધુ હતા, તેથી તેમને હિન્દી ભાષાનું સારું જ્ઞાન હતું, તેથી શ્રીહરિ તેમને ગુજરાતની બહાર વિશેષ સત્સંગ વિચરણ માટે મોકલતા અને સ્વામી ગામોગામ ફરી સત્સંગ પ્રવર્તન કરતા અને લોકોને કલ્યાણનો માર્ગ બતાવી તેમના દુઃખ દૂર કરતા.

એકવાર તેઓ શ્રીહરિની આજ્ઞાથી કાશી તરફ સત્સંગ માટે ગયા. ત્યાં રસ્તામાં ધારાસર ગામમાં રોકાયા. તે સમયે ગામમાં વિષ્ણુદત્ત નામના પ્રતિષ્ઠિત બ્રાહ્મણનો એકનો એક પુત્ર અચાનક ગુજરી ગયો. કુટુંબીજનો અત્યંત આક્રંદ કરવા લાગ્યા. તેમનું આ કરૂણ રૂદન જોઈને સ્વામીને તેના પર કરૂણા આવી અને બ્રાહ્મણ પુત્રને જીવતો કર્યો. વિષ્ણુદત્ત બ્રાહ્મણ અને તેની પત્ની આ ચમત્કાર જોઈ આનંદથી ઘેલા ઘેલા થઈ સ્વામીને પગે લાગવા લાગ્યા. પુત્ર જીવતો થતા આખા કુટુંબમાં આનંદ છવાઈ ગયો. (૧)

આ પ્રસંગની નોંધ **આધારાનંદ સ્વામી**એ તેમના ગ્રંથ **શ્રીહરિ ચરિત્રામૃત સાગરના ૭માં પુરના ૩૩માં તરંગ**માં લખે છે કે,

'સ્વરૂપાનંદ મુનિ રહે જેહા, શ્રીહરિ કે પ્રતાપ કર તેહા,
વિપ્ર કે સુત કુ દેહમેં લાયે, વિપ્રકુ આશ્ચર્ય દેખ આયે.'

આમ, શ્રીહરિની કૃપાથી સ્વામીએ આવો ચમત્કાર દેખાડ્યો.

સ્વામી પ્રખર વક્તા હતા. સ્વામીનું બીજું નામ સુવ્રતમુનિ હતું. જેમ વ્યાસજીએ શુકદેવજીને ભાગવત ભણાવ્યું. તેમ ત્રિકાળજ્ઞ એવા શતાનંદ મુનિએ સત્સંગીજીવન નામનો ગ્રંથ સ્વરૂપાનંદ સ્વામીને ભણાવ્યો આ તેમની વિશેષતા છે. (૧)

સ્વામી એકવાર સત્સંગ વિચરણ કરતા જગન્નાથપુરી પહોંચ્યા. તે સમયે ગુજરાતના ભાડેર ગામના રાજા પ્રતાપસિંહ વાઘેલા પ્રગટ પ્રભુની શોધમાં જગન્નાથપુરી આવેલ. અને સ્વામીનો મેળાપ થતા રાજાના મનમાં ખૂબ શાંતિનો અનુભવ થયો. સ્વામીએ રાજાને સત્સંગ કરાવી શ્રીહરિની ઓળખાણ કરાવી અને સત્સંગિજીવનની પ્રથમ કથા રાજાને સંભળાવી તેને ધન્ય કર્યો. (૧) સંપ્રદાયમાં આ કથા ખૂબ જાણીતી છે. શ્રોતા અને વક્તાના નામ સત્સંગમાં અમર થઈ ગયા છે.

ગઢડામાં એક સંત બીમાર પડ્યા. તાવનું જોર વધતા તેઓ વેદનાથી કણસવા લાગ્યા : મહારાજને કહો – મહારાજને કહો એમ બબડાટ કરવા લાગ્યા. તે સમયે સ્વરૂપાનંદ સ્વામી ત્યાંથી નીકળ્યા. તેમણે આ જોયું. પોતાનો આત્મનિષ્ઠ સ્વભાવ. એટલે તે બોલ્યા, ‘સાધુરામ આત્મારૂપ હો જાવ. શરીર અપના રૂપ નહીં હૈ. આત્મામેં ચિત્ત લગાઓ.’ એમ કહીને તેની પાસે બેસવાને બદલે કે તે માંદા સાધુની સેવા કરવાને બદલે ઉપદેશ આપી ત્યાંથી જતા રહ્યા. મહારાજને આ વાતની ખબર પડી એટલે તેમને સ્વરૂપાનંદ સ્વામીનું વર્તન ન ગમ્યું અને થોડા નારાજ થયા. પછી શ્રીહરિની ઇચ્છાથી સ્વરૂપાનંદ સ્વામીને સખત તાવ આવ્યો. વેદના અસહ્ય બની એટલે મહારાજને બોલાવ્યા અને પોતાને સાજા કરવાની પ્રાર્થના કરી. ત્યારે મહારાજ કહે, સાધુરામ આત્મારૂપ હો જાવ. ઈસમેં ક્યા હૈ. ત્યારે સ્વામી કરગરીને કહે, મહારાજ અત્યારે આ તાવમાં કંઈ થતું નથી. દયા કરો. બહુ કરગર્યા ત્યારે મહારાજ કહે, તમે પેલા સાધુને તાવ આવ્યો ત્યારે તેની પાસે બેસીને તેની સેવા કરવાને બદલે આત્મારૂપ હો જાય. એમ કહેતા હતા. તે બરાબર ન હતું. તે સમયે તમારી ફરજ તેની સેવા કરવાની હતી. માટે મેં તમને આ તાવ આપ્યો છે. તમને તમારી ભૂલનું ભાન થાય તે માટે. હવે તમે દાદાખાચરના દરબારગઢના નળીયા અને વળીઓનું ધ્યાન કરો. તો તમને તાવ ઉતરી જશે. શ્રીહરિના વચનથી સ્વામીએ તે પ્રમાણે ધ્યાન કર્યું અને સ્વામીને તાવ ઉતરી ગયો. (૫)

આમ, મહારાજે દરબારગઢનો મહિમા દેખાડ્યો. સ્વામીને આત્મનિષ્ઠાનું

બળ વધારે હતું. પણ સ્થાનનો મહિમા અલ્પ હતો. તે ત્રુટી નિવારવા શ્રીહરિએ આવું ચરિત્ર કર્યું ને સ્વામીનો અલ્પદોષ નાશ પામ્યો અને મનમાં શાંતિનો અનુભવ થયો અને શ્રીહરિની કૃપાથી તેઓ સુખપૂર્વક ધામમાં ગયા. શ્રીહરિના આદેશ અનુસાર તેમની પાલખી શણગારાઈ અને તેમનો અગ્નિ સંસ્કાર ગઢડામાં ઘેલાનદીના કાંઠે થયો. (૧)

★ **ગઢડા મધ્યના ૩૫મા વચનામૃત**માં શ્રીહરિ કહે છે, જે અમારા સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે અને આવી રીતે અમે સ્વરૂપાનંદ સ્વામીને વાર્તા કરી હતી. તે વાર્તાને ધારી ત્યારે દેહમાં જે મંદવાડનું ઘણું દુઃખ હતું. તે સર્વે નિવૃત્તિ પામી ગયું અને પરમ શાંતિ થઈ ગઈ. પણ એ ઘણાય આત્માને દેખતા હતા તોય તેણે કરીને કાંઈ સિદ્ધિ થઈ નહિ.

સ્વામી પોતે સમાધિનિષ્ઠ હતા. માણસને અને પશુને પણ સમાધિ કરાવી શકતા તેવા સમર્થ હતા. તેમ છતાં શ્રીહરિએ તેમનામાં અલ્પ દોષ જોયો તો તે નિવારવા આવું ચરિત્ર કર્યું.

★ **પાદટીપ :**

(૧) **શ્રી સ્વામિનારાયણ સંત આખ્યાન :** ભાગ-૧, લેખક : જ્ઞાનજીવનદાસજી સ્વામી કુંડળ. વર્ષ-૨૦૧૧, પાના નં. ૧થી ૧૧૨

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૧ :** અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૨૦૧૫, વાર્તા નં. ૧૦૩-૧૦૪

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૨૦૧૫, વાર્તા નં. ૧૩

(૪) **અક્ષરાનંદ સ્વામીની વાતો ભાગ-૧ :** વાર્તા નં. ૧૪૨

(૫) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન. વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૬૬

●

૪૮. શ્રી દેવાનંદ સ્વામી

જનકરાજા જેવી સમજણનું, નિર્વિકારી રહ્યાના **વડતાલના ૨૦મા વચનામૃત**માં શ્રીહરિએ પરમહંસોને પ્રશ્ન પૂછ્યો છે કે, કામાદિકનું બીજ ન રહે એવું એક સાધન કયુ છે ? પછી ગોપાળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામીએ સર્વે મળીને જેવો જેને ભાસ્યો તેવો ઉત્તર કર્યો.

દેવાનંદ સ્વામી વિષે જાણીએ :

સંપ્રદાયમાં એક કરતા વધારે દેવાનંદ સ્વામી છે.

'દેવાનંદા' રૂડા સરસ્વતી રે, જેની હરિમાંહિ નિત્યમતિ રે.

એવું મંજુકેશાનંદજી સ્વામીએ નંદમાળામાં લખેલ છે. એ દેવાનંદ સરસ્વતીએ રીતે ઓળખાતા. દંડી સ્વામી તરીકે સૌ બોલાવતા. વડનગરના બ્રાહ્મણ પરિવારમાંથી હતા. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લેવા આવેલ ત્યારે સ્વામીએ તેમને કાશી જઈને સન્યાસ લેવાની આજ્ઞા કરી અને તેમણે કાશી જઈને ગોમઠ આશ્રમમાં દંડી સન્યાસી સ્વામી પાસે સન્યાસ દીક્ષા લીધેલ. તેમણે અનેક મુમુક્ષુઓને શ્રીહરિના આશ્રિત કરેલા. તેમનું વચન શ્રીહરિ સિદ્ધ કરતા. (૧) જ્યારે શ્રીહરિ અમદાવાદ પેશ્વાને મળવા તેમના કિલ્લામાં ગયા ત્યારે શ્રીહરિને તેલના ટાંકામાં ડૂબાડી દેવાનું કાવતરું કરેલ અને મહારાજે એ કાવતરું ખુલ્લું કરતા દેવાનંદ સ્વામી અમદાવાદને ડટ્ટન સો પટ્ટન (નાશ) કરવા તૈયાર થાય છે ત્યારે મહારાજ તેમને તેમ કરતા રોકે છે તે દંડી દેવાનંદ સ્વામી હતા. (૨)

સંપ્રદાયમાં **બીજા દેવાનંદ સ્વામી છે. જે ગવૈયા તરીકે ઓળખાય છે.**

'દેવાનંદ ગવૈયા ઉદાર.' એવું મંજુકેશાનંદ સ્વામીએ નંદમાળામાં લખેલું છે. (૩) આ દેવાનંદ સ્વામી વિષે જાણીએ :

દેવાનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૫૯ કારતક સુદી પૂનમના દિવસે ભાલ પ્રદેશમાં ધોળકાથી ૧૨ ગાઉ દૂર બળોલ ગામમાં થયેલો. તેઓ રત્નુ શાખાના મારું ચારણ ગઢવી હતા. તેમના પિતાનું નામ આયદાનજી ગઢવી હતું પણ સૌ તેને

જીજીભાઈ નામે ઓળખતા અને માતાનું નામ બહેનજીબા હતું. બે બહેનો હતી. તેમનું મોસાળ મૂળીમાં હતું. (૩)

સ્વામીનું પૂર્વાશ્રમનું નામ દેવીદાન હતું. તેઓ પૂર્વના મુક્ત હતા. તેમના પિતા શંકરના ઉપાસક હતા. જીજીભાઈ ગામના સીમાડે ધીંગડા ગામની સીમમાં સાંકળેશ્વર મહાદેવના મંદિરે નિત્ય પૂજા માટે જતા. બાળ દેવીદાન પણ સાથે જતા. એકવાર પિતાશ્રી બહારગામ જતા પોતે મહાદેવની પૂજા માટે ગયા. તે વખતે તેમને એવો ભાવ થયો કે, મહાદેવ મારી પ્રત્યક્ષ પૂજા ન સ્વીકારે ? એમ ગદ્ ગદ્ કંઠે પ્રાર્થના કરતા મહાદેવ તેના પર પ્રસન્ન થયા અને પૂજા સ્વીકારી અને તેને પ્રત્યક્ષ ભગવાન મળશે તેવું વરદાન આપ્યું. સાથે સાથે એ પણ કહ્યું કે, 'ભગવાન સ્વામિનારાયણ હાલ પ્રગટ થયા છે. તે તમારે ગામ આવશે અને તેમની જીભ કોણીએ અડશે. તમે એમનું શરણ સ્વીકારજો. એ તમને અપનાવશે. એમના એક મહાન કવિ સદ્‌ગુરુનો તમને મેળાપ થશે તેમની પાસેથી તમે વિદ્યા મેળવજો અને તમે કવિ તરીકે પ્રસિદ્ધ થશો.' (૩)

જેતલપુરમાં યજ્ઞ કરી એકવાર શ્રીહરિ બળોલ પધાર્યા. ભક્તોના આગ્રહથી ત્યાં રોકાયા. વધુ સમય ન હોવાથી થુલી અને દૂધ તાંસળી ભરીને તેમની આગળ મૂક્યા. ભગવાન ગાડા ઉપર બેસીને તે જમવા લાગ્યા. દૂધના રેલા કોણી સુધી પહોંચ્યા અને જીભ વડે તે ચાટવા લાગ્યા. આ અમાનુષિક ચેષ્ટા જણાઈ પણ દેવીદાનને તેમાં ભગવાનના દર્શન થયા. તેમને મહાદેવે કહેલી વાત યાદ આવી. કે નક્કી આ ભગવાન છે. તેમણે ગદ્ ગદ્ કંઠે પ્રાર્થના કરીને પોતાને શરણે લેવાની અરજ કરી ત્યારે શ્રીહરિ હસીને બોલ્યા કે, તમને તેડવા માટે જ આવ્યા છીએ. પછી શ્રીહરિ તેમને સાથે લઈ ગયા અને બ્રહ્માનંદ સ્વામીને તેમનો હાથ સોંપ્યો. ત્યારબાદ શ્રીહરિએ દેવીદાનને દીક્ષા આપી. (૩) તેમનું નામ અભેદાનંદ સ્વામી રાખ્યું. પણ તે નામ કાવ્યમાં બંધબેસતું ન હોવાથી બ્રહ્માનંદ સ્વામીએ તેમનું નામ દેવાનંદ સ્વામી રખાવ્યું. (૪)

બ્રહ્માનંદ સ્વામી પાસે રહી તેઓ રાગ-રાગિણીઓ શીખ્યા. (૩) તેઓ એટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા કે જ્યારે ગાન શરૂ કરે ત્યારે રાગ-રાગિણીઓ જાણે મૂર્તિમાન હાજર થતા. તેમની ઉપર શ્રીહરિ અને સરસ્વતી દેવીના આશીર્વાદ ઉતર્યા અને સંપ્રદાયના જે અષ્ટ નંદ કવિઓ ગણાય છે, તેમાં તેમની ગણના થવા લાગી. તેમનો કંઠ ખૂબ મધુર હતો. તેઓ ઉત્તમ ગવૈયા થયા. જ્યારે ગવૈયાઓમાં હરીફાઈ

થતી ત્યારે શ્રીહરિ તેમને મોકલતા અને સ્વામી તેમાં સર્વશ્રેષ્ઠ સાબિત થતા. (૩)

તેમનામાં શ્રીહરિને વિષે અત્યંત પ્રેમ, ઉપાસનાની દૃઢતા વિદ્વતા, જ્ઞાન ઉપરાંત વ્યવહારિતા ભારોભાર હતી. સદ્. બ્રહ્માનંદ સ્વામીને તેઓ ગુરુ માનતા. સ્વામી જ્યારે મૂળીનું મંદિર બનાવી ધામમાં ગયા ત્યારે દેવાનંદ સ્વામીના સદ્‌ગુણો જોઈ આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીને મૂળીની મહંતાઈ સોંપી અને તે તેમણે જિંદગીભર નિભાવી. (૩)

સં. ૧૮૭૮ ફાગણ સુદી ૩ના દિવસે શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે ભારતભરમાંથી જુદા જુદા ગવૈયાઓ આવેલા. ત્યારે શ્રીહરિની આજ્ઞાથી સ્વામીએ ગાન કર્યું. તેમની આ દિવ્ય ગાનવિદ્યાથી સૌ ગવૈયાઓ આશ્ચર્ય પામી ગયા. એકવાર ગાયકવાડ સરકારના ગવૈયાઓ ગઢડા આવેલા ત્યારે પણ સ્વામીનું ઉત્તમ ગાન સાંભળી સૌ આશ્ચર્ય પામી તેમને વંદી રહ્યા. (૩)

શ્રીહરિ સુરત પધાર્યા. ત્યાંના કોટવાળ પારસી અરદેશરને ગાયનનો શોખ હતો ત્યારે તેમની વિનંતીથી બીજા એકત્ર થયેલા ગવૈયા સમક્ષ શ્રીહરિની આજ્ઞાથી જ્યારે સ્વામીએ ગાયન શરૂ કર્યું ત્યારે સર્વ ગવૈયાઓનો ગર્વ ઉતરી ગયો. (૩)

સ્વામીની સિતાર બજાવવાની રીત અનોખી હતી. તેઓ ગાનવિદ્યામાં કુશળ હતા તેમ મહાન કવિ પણ હતા. તેમણે શ્રીહરિના મૂર્તિના અનેક પદો રચ્યા છે. પણ તેમનું મુખ્ય અંગ વૈરાગ્યનું હોય તેમ તેમણે વૈરાગ્યના પણ અનેક પદો બનાવ્યા છે. (૩)

દેવાનંદ સ્વામી કવિવર દલપતરામના કાવ્યગુરુ હતા. તેમના આશીર્વાદથી દલપતરામ અગ્ર કવિ બન્યા. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સમક્ષ તે વખતના કુસુમકવિ સામે દલપતરામે કાવ્ય રચના ગાઈ સંભળાવી અને તે સ્પર્ધામાં દલપતરામ કવિનો વિજય થતા દેવાનંદ સ્વામી પોતાના શિષ્ય દલપતરામ ઉપર ખૂબ રાજી થયેલા. (૩)

'અંતકાળે આવી રે, શ્રી ઘનશ્યામ કરો મારી સહાય.' દેવાનંદ સ્વામીનું આ કીર્તન સાંભળીને બ્રહ્માનંદ સ્વામીએ વરદાન આપ્યું કે જે તમારા કીર્તન અંતકાળે જે કોઈ સંભળાવશે તો ગાનાર અને સાંભળનારને અંતકાળે શ્રીહરિ તેડવા આવશે. (૩)

સ્વામીના આશીર્વાદથી પડધરી તાલુકાના રતનપરના દરબાર રતનસિંહના બહેન કુસુમકુંવરબા નિઃસંતાન હતા. તો સ્વામીની કૃપાથી તેમને પુત્રરત્ન મળ્યો

તથા રતનસિંહને પણ રાજકારભારના વ્યવહારમાં આવેલી મૂશ્કેલી દૂર થયેલી. (૩)

બનારત્નુએ સ્વામીની ખૂબ સેવા કરેલી. સ્વામી ખૂબ રાજી થયેલા અને બ્રહ્માનંદ સ્વામી પાસે આશીર્વાદ અપાવ્યા. જેથી તેમના કુટુંબમાં આજે પણ કવિકુળ ચાલ્યું આવે છે. માવદાનકવિ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. (૩)

સં. ૧૯૧૦ શ્રાવણ વદી નોમના દિવસે સ્વામીએ એક મેરાઈ (દરજી) ભક્તને બોલાવી કહ્યું કે, કાલે મારે ધામમાં જવું છે તો એક પાલખી બનાવી દો. ભક્તને થયું કે સ્વામીને શરીરે તો સારું છે ત્યારે સ્વામી કહે, તમારા ઘરના ઉંબરામાં કુમકુમના પાંચ પગલાં પડ્યા હોય તો જાણવું કે, સ્વામી ધામમાં ગયા છે. મેરાઈએ આજ્ઞા મુજબ પાલખી તૈયાર કરી અને ઘરમાં આવીને જોયું તો ઉંબરામાં કુમકુમના પગલા જોયા અને તેને ફાળ પડી. મંદિરમાં તપાસ કરી તો વાત સાચી નીકળી. અંતે સ્વામી માટે તૈયાર કરેલ પાલખીમાં તેમના દેહને પધરાવી જ્યાં બ્રહ્માનંદ સ્વામીનો અગ્નિ સંસ્કાર કરેલો ત્યાં દેવાનંદ સ્વામીનો પણ અગ્નિ સંસ્કાર કર્યો. તે સ્થળે આરસની છત્રી કરાવેલી છે. હાલ આ સ્થળ મૂળીમાં નદીકાંઠે સચવાયેલ છે. (૩)

★ **પાદટીપ :**

(૧) **સંતસુમન સ્રજ :** પ્રભુ શાસ્ત્રી, જૂનાગઢ મંદિર. વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૬

(૨) **અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ :** શા. ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, અમદાવાદ. વર્ષ-૧૯૯૭, પાના નં. ૧૧૭

(૩) **શ્રી દેવાનંદ કાવ્ય :** શા. ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, અમદાવાદ. વર્ષ : સં. ૨૦૨૫, પાના નં. ૯થી ૨૦

(૪) **શ્રી દેવાનંદ કાવ્ય :** શા. નારાયણસેવાદાસજી સ્વામી, મૂળી મંદિર. વર્ષ : સં. ૨૦૨૫

•

૪૯. રઘુનાથદાસ (રામાનંદ સ્વામીના શિષ્ય)

વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું, **ગઢડા મધ્યના ૬૦માં વચનામૃત**માં દુઃખના વિક્ષેપ બાબતે કહે છે કે, ભક્તને કોઈ દુઃખનો વિક્ષેપ થયો હોય એ તો સારી પેઠે અંતરમાં જણાય છે પણ ન જણાય એમ નથી અને એ તો રઘુનાથદાસ સરખો વિમુખ હોય તેને તો ન જણાય... પણ જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે જરૂર દુઃખિયો થાય.

રઘુનાથદાસ વિષે તથા તેનો સ્વભાવ પ્રકૃતિ વિષે જાણીએ :

રઘુનાથ રલિયા ગઢવીનો પુત્ર હતો. (૨)

રઘુનાથદાસ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેણે રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધેલ. તે સ્વામીનો પટ્ટશિષ્ય હતો. ઉંમરમાં મોટા હતા. રામાનંદ સ્વામી પાસે તેણે ખૂબ સત્સંગ કરેલ. પણ તેની પ્રકૃતિ અભિમાની હતી. રામાનંદ સ્વામીનું પણ તે માનતા નહિ. તેમની આજ્ઞાનું યથાર્થ પાલન ન કરતા. સ્વામી તેનાથી નારાજ હતા. સ્વામીએ શ્રીહરિને તેની ગાદી સોંપી તે તેને ગમ્યું ન હતું. તે માનતો કે જ્ઞાન અને ઉંમરમાં હું મોટો છું તો મને ગાદી મળવી જોઈએ તેથી તે શ્રીહરિની અને સ્વામીની અપાર નિંદા અને ઈર્ષા કરતો. શ્રીહરિએ પણ તેને સત્સંગની મર્યાદા પ્રમાણે રહેવા સમજાવ્યો પણ તે માન્યા નહિ અને ગામોગામ જઈ શ્રીહરિનું વાંકુ બોલતો. તેમ છતાં શ્રીહરિ અમદાવાદ પધાર્યા ત્યારે તેને તે દેશની ગાદી આપવાનું કહ્યું પણ તે માન્યો નહિ અને શ્રીહરિ વિરુદ્ધ ઝેર ઓકવાનું ચાલુ રાખ્યું. આથી ભક્તો તેના પર રોષે ભરાયા અને શ્રીહરિને કહ્યું કે, તમે જેમ વાલબાઈ હરબાઈ સત્સંગની આજ્ઞામાં નહોતા રહેતા તો તેને વિમુખ કર્યા તેમ આને પણ હવે વિમુખ કરો તો ભક્તો શાંતિથી સત્સંગનું સુખ લઈ શકશે. આથી મહારાજે ગામોગામ પત્ર લખીને રઘુનાથદાસને વિમુખ કરવામાં આવે છે તેવો પત્ર લખ્યો કે આનો કોઈએ સંગ કરવો નહિ. જે સંગ કરશે

તે વિમુખ ગણાશે. (૧)

રઘુનાથદાસ અભિમાની તો હતો જ પણ સાથે લાગણી શૂન્ય અને વ્યવહાર શૂન્ય હતો. તેનામાં વિવેક બિલકુલ ન હતો. કયા પ્રસંગે કેવું વર્તન કરવું ? તે પણ સમજતો ન હતો. જ્યારે રામાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારે સંપ્રદાયમાં શોકનું મોજું ફરી વળ્યું. સૌ ઉદાસ થઈ રડતા હતા ત્યારે રઘુનાથદાસને ગુરુના ગમનની કોઈ અસર ન થઈ. તેને જરા પણ શોક ન થયો. ઉલ્ટાનો આ કરૂણ પ્રસંગે બધા સાથે હસી હસીને વાત કરતો હતો. જે સંપ્રદાયમાં લાંછનરૂપ લાગતું હતું. આથી શ્રીહરિએ તેને ચાંડાળ જેવો કહ્યો છે. કેવળ મિથ્યાભિમાનને કારણે તે કોઈનું પણ માનતો ન હતો. ગુરુનું તો ન માનતો પણ પુરુષોત્તમનારાયણનું કે મુક્તાનંદ સ્વામીનું પણ ન માનતો. જે સંપ્રદાયમાં કલંકરૂપ હતો તેવી વાત શ્રીહરિએ આ વચનામૃતમાં કરી છે.

સંપ્રદાયના ગ્રંથોમાં રઘુનાથદાસની આડોડાઈની વાતો લખી છે તે જાણીએ :

રઘુનાથદાસને જોઈને રામાનંદ સ્વામી કહેતા કે આટલા દિવસ એણે સત્સંગ કર્યો તથા ગ્રંથ ભણ્યા, એ બધું તેનું છૂટી પડ્યું છે. કારણ કે તે બહુ અભિમાની છે. (૧)

તે રલિયા ગઢવીનો પુત્ર હતો. પોતાના ગુણનું તેને અભિમાન હતું. મોક્ષના ખપનું તાન ન હતું. પોતાનામાં રામાનંદ સ્વામીના તમામ ગુણ છે તેવા મિથ્યાભિમાનમાં તે રાચતો. (૨)

શ્રીહરિએ તેને ત્રણ માસમાં જ વિમુખ કર્યો. (૨)

રામદાસજી સ્વામી શ્રીનગર (અમદાવાદ) ગયા હતા ત્યાંથી તેમણે પત્ર લખ્યો કે તમારા મોટા ગુરુભાઈ રઘુનાથ લોકોને કહે છે કે, રામાનંદ સ્વામીનું પદ મારામાં આવ્યું છે. તેમનો મારે માથે હાથ હતો. બત્રીશ પ્રકારની બ્રહ્મવિદ્યા તથા ષટ્ચક્ર ભેદવાની રીત તથા જીવનો મોક્ષ કરવાની રીત સ્વામીએ મને શીખવી છે. માટે કોઈ હરિભક્તે હવે શોક કરવો નહિ. (૩) આ સાંભળી શ્રીહરિ સભામાં ખૂબ હસ્યા.

શ્રીહરિ અમદાવાદ પધાર્યા. ત્યારે રામાનંદ સ્વામીની જૂની જગ્યા કાંકરિયા

સરોવરના કાંઠે છે ત્યાં ઉતર્યા અને રામાનંદ સ્વામીની પાટ ઉપર બેઠા. રઘુનાથે ત્યાં પાંચ આસન પાથર્યા હતા. તેમાં સૌથી મોટું આસન રઘુનાથનું હતું. તે આસન ઉપર મહારાજ બેઠા. આવા દર્શનથી કેટલાક લોકોને સમાધિ થઈ. ત્યારે શ્રીહરિ રઘુનાથદાસને કહે, તમારામાં રામાનંદ સ્વામી રહ્યા છે. તો આ સમાધિવાળાને જગાડો. તો તે કહે, મારામાં આવી સામર્થી નથી. સ્વામીએ મને કોલ દીધો છે એટલે મારું કલ્યાણ કરશે. (૪)

ભૂજના સુંદરજીભાઈએ શ્રીજીને પત્ર લખ્યો કે, રઘુનાથદાસના કારણે ભક્તો વિમુખ થવા લાગ્યા છે. તેના પર કોઈને ભાવ રહ્યો નથી. માટે તમે આવી અહીં સત્સંગનું રક્ષણ કરો. (૫)

શ્રીહરિ ભૂજ ગયા. રઘુનાથ જ્યાં હતો ત્યાં શ્રીહરિ ગયા. શ્રીહરિ આવ્યા તો પણ તે પલંગ ઉપરથી ઉઠ્યો નહિ. શ્રીજીએ તેને પ્રશ્નો પૂછ્યા પણ તે બોલ્યો નહિ. તેથી શ્રીહરિએ ફરી કહ્યું કે, રામાનંદ સ્વામીનું વચન તમારે અને અમારે બંનેને પાળવાનું છે. ન પાળે તે કુસંગી છે. (૬)

પછી રઘુનાથદાસે મનમાં વિચાર કર્યો કે, સત્સંગમાં બધા એક તરફી થઈ ગયા છે. માટે આપણું ત્યાં ચાલવાનું નથી. જેથી સત્સંગ બહાર ગુજરાન કરીશું. શ્રીહરિ ચતુર્ભુજરૂપે દર્શન દે તો પણ રામાનંદ સ્વામી જેવો ભાવ આવે નહિ અને વાત મનાય નહીં. રાત્રે રામાનંદ સ્વામીએ તેને દર્શન દીધા અને કહ્યું કે તને મારો વિશ્વાસ નથી માટે જમપુરીમાં જઈશ. ત્યારે રઘુનાથ કહે, કોટિ વાર જમપુરીમાં જઈશ પણ તમારા વિના બીજાનું શરણું નહીં લઉં. મારાથી હવે સત્સંગમાં રહેવાશે નહિ કેમકે મને માને કરીને બાઈઓ સાથે બોલવાની ટેવ પડી ગઈ છે. નાનાનાં વચનમાં વર્તવું તે મને માથું કાપે તેમ લાગે છે. પછી ગમે તેવો ચમત્કાર બતાવે. (૭)

સવારે જેના ઘરે ઉતર્યો હતો. તેણે રઘુનાથને કહ્યું કે અમે વિમુખનું મોં જોવા માગતા નથી. પછી પોતે કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો. બહાર જઈ સંત-ભક્તોનો અને શ્રીહરિનો દ્રોહ કરવા લાગ્યો. પોતે વ્યસની અને ફેલી થયો. કોઈ નિયમ રહ્યા નહિ. રામાનંદ સ્વામી હતા ત્યાં સુધી તેના અંતરમાં વિષયો દબાઈને રહ્યા હતા. તેઓ ગયા પછી આ છિદ્રો ઉઘાડા થઈ ગયા. (૭) આ બનાવ સમયે શ્રીહરિ ભૂજમાં વિરાજતા હતા.

શ્રીહરિએ ભક્તોને કહ્યું કે, અમે રઘુનાથદાસને મળવા આવ્યા હતા. તમે એને બોલાવી લાવો તો અમે તેને ગાદી સોંપી દઈએ. અમારે અધિકારનો મોહ નથી. બીજા લોકો અમને માને કે ન માને. પણ ભગવાનમાં અખંડ ચિત્ત રહે તે જ મોટો અધિકાર છે. એમ અમે માન્યું છે. (૮)

ત્યારે ભક્તો બોલ્યા કે, રઘુનાથ તમારો દ્રોહ કરી કરીને જીવ વિનાનો હોય તેવો થઈ ગયો છે. (૯)

આમ, રઘુનાથ શ્રીહરિનો, સંતો ભક્તોનો દ્રોહ કરીને વિમુખ જેવો થઈ ભટકતો થઈ ગયો.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૩, તરંગ-૭, પાના નં. ૧૮૭
(૨) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૩, તરંગ-૨૭, પાના નં. ૨૧૮
(૩) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૩, તરંગ-૪૪, પાના નં. ૨૫૦
(૪) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૪, તરંગ-૧૦૫, પાના નં. ૩૭૧
(૫) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૪, તરંગ-૧૧૦, પાના નં. ૩૭૫
(૬) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૫, તરંગ-૫૬, પાના નં. ૪૩૮
(૭) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૫, તરંગ-૫૭, પાના નં. ૪૪૦
(૮) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૫, તરંગ-૫૮, પાના નં. ૪૪૧
(૯) **શ્રીહરિચરિત્રામૃત સાગર** : પુર-૫, તરંગ-૫૯, પાના નં. ૪૪૨

●

૫૦. નારાયણદાસ

જ્ઞાન અને હેતના અંગના **ગઢડા અંત્યના ૧લા વચનામૃત**માં સમજણ અંગે પરમહંસોને પ્રશ્ન પૂછે છે કે, ભક્તને ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તોય ભક્તિમાં વિઘ્ન થાય નહિ. એવી શી સમજણ છે ? એનો ઉત્તર શ્રીહરિ કહે છે કે, જેને વૈરાગ્ય અને આત્મનિષ્ઠા ન હોય તેને તો નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તો પણ જ્યાં સુધી સમાધિમાં રહે ત્યાં સુધી સુખશાંતિ રહે અને જ્યારે સમાધિમાંથી બહાર નિસરે ત્યારે નારાયણદાસની પેઠે સારા પદાર્થને જોઈને ચાળા ચૂંથવા માંડે.

નારાયણદાસ વિષે જાણીએ :

નારાયણદાસ ગઢડામાં પાર્ષદ તરીકે શ્રીહરિની સેવા કરતા હતા. (નારાયણદાસ મહારાજના દાસ પંક્તિમા સંત હતા તેમ પણ કહે છે) શ્રીહરિની કૃપાથી તેને સમાધિ થતી. મૂર્તિનું સુખ લેતા, પણ આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ઓછા હતા, જેથી તેને સારા પદાર્થોના ભોગની ઈચ્છા રહ્યા કરતી. વસ્તુ પદાર્થ માટે તે ઝાંવા નાખતા. પદાર્થના સંગ્રહની પણ ઈચ્છા રહેતી. એકવાર શિયાળામાં મહારાજ સૌ પાર્ષદોને ઉનની ડગલી આપતા હતા, પણ આપતી વખતે પૂછતા કે તમારી ડગલી જૂની થઈ ગઈ હોય ને ફાટી ગઈ હોય તો જ ડગલી લેજો. નારાયણદાસને ખબર પડી તો તેની પાસે તો ડગલી સારી હતી. ડગલી સારી હોય તો નવી ડગલીની જરૂર ન હોય તેમ છતાં તેને પદાર્થના સંગ્રહની ઈચ્છા હતી. તેથી જૂની ડગલી બહાર ઉકરડાના ઢગલામાં સંતાડી દીધી અને નવી ડગલી શ્રીહરિ પાસે લેવા આવ્યા. હવે આ દરમ્યાન કોઈએ ઉકરડામાં વધેલા દેવતા કચરા તરીકે નાખ્યા અને આ ડગલીને દેવતા અડતા ઢગલામાં ધુમાડો થયો. સૌ જોવા આવ્યા કે આ શું સળગે છે ? તો આ ડગલી પણ બીજા કચરા સાથે સળગતી હતી.

હવે આ બાજુ નારાયણદાસ શ્રીહરિ પાસે ડગલી માંગવા ગયા. શ્રીહરિએ તેને પૂછ્યું કે, તમારી પાસે ડગલી છે ને ? તો કેમ માંગવા આવ્યા ? આમ કહી

તેને ડગલી ન આપી અને તેની જૂની ડગલી તો ઉકરડામાં બળતી હતી તે સૌને ખબર પડી. આથી નારાયણદાસ પદાર્થ લેવા સારું ઝાંવા નાખે છે તે સાબિત થઈ ગયું અને સૌ સામે તે હાંસીપાત્ર બન્યા અને સૌ તેની ટીકા કરવા લાગ્યા. એટલે શ્રીહરિએ આ વચનામૃતમાં પદાર્થના ભોગની આલોચના કરી છે કે આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ન હોય તો નારાયણદાસની પેઠે પદાર્થ માટે ચાળા ચૂંથે. (૧)

એ પગમાં જોડા પહેરતા નહીં. તેથી મહારાજે કહ્યું કે, ઉનાળો છે તો પગ બળે માટે જોડા પહેરવા. તો મહારાજની આજ્ઞા મૂઢપણે માનીને જોડા પહેરવા માંડ્યા, રાત્રે પગમાંથી જોડા કાઢ્યા નહીં. સવારે સ્નાન કરતી વખતે પણ ન કાઢ્યા. પગ જોડામાં એમને એમ રહેવાથી ફુગાઈ ગયા. ડંખ પડ્યા, લોહી પડવા માંડ્યું તો પણ ન કાઢ્યા. એમ કે મહારાજે કીધું છે તો કેમ કાઢવા? કોઈકે મહારાજને આવી વાત જણાવી અને અંતે મહારાજે કીધું તો પાછા જોડા કાઢી નાખ્યા. આવી તેમની મૂઢમતિ હતી. (૧)

પદાર્થ માટે ઝાંવા નાખતો હોય તેનો બીજો પ્રસંગ : નારાયણદાસ પોતાની પાસે ભોજન માટે રામૈયો (વાસણ) રાખતા. એકવાર તેમાં દૂધ અને સાકર ધોળીને પીતા હતા. તે વખતે સંતોને દૂધ પીવાની બંધી હતી. બરાબર એ સમયે મહારાજ ત્યાંથી નીકળ્યા. તેમણે જોયું અને પૂછ્યું કે, શું પીઓ છો ? ત્યારે નારાયણદાસ બોલ્યા કે, મને પેટમાં દુઃખે છે તેથી છાશમાં મીઠું નાખીને પીઉં છું એમ ખોટું બોલ્યા. મહારાજે તેને ચકાસવા માટે કોઈને કહ્યું તો નીચે પડેલું ટીપું ચાખીને બોલ્યા કે, આ તો સાકરમિશ્રિત દૂધ છે. નારાયણદાસ ભોંઠા પડી ગયા. (૧)

★ **પાદટીપ :**

(૧) **સંતો પાસેથી સાંભળેલી વાર્તા** (વિવેકસ્વરૂપદાસજી સ્વામી, સુરત ગુરુકુલ)

•

૫૧. ગોપાળદાસ સાધુ (ગોપાળયોગી)

કલ્યાણના અસાધારણ સાધનના **ગઢડા અંત્યના ૩૬માં વચનામૃત**માં ઉપાસનાનો મર્મ સમજાવતા શ્રીહરિ કહે છે કે, અમે ઘણાંક સિદ્ધ દીઠા છે એમ કહી ગોપાળદાસજી આદિક સાધુની વાર્તા કરી દેખાડી અને કહ્યું કે, ઉપાસના વગર આત્મા-બ્રહ્મ દેખાય નહિ.

તો ગોપાળયોગી વિષે જાણીએ :

પ્રસ્તુત ગ.અં.ના ૩૬માં વચનામૃતમાં શ્રીહરિએ ગોપાળદાસ સાધુની વાત કરી છે. તે અન્ય કોઈ નહીં પણ ગોપાળ યોગીની જ વાત કરી છે કેમકે મહારાજે સિદ્ધસાધુની વાત કરી છે. એટલે ગોપાળયોગી સિદ્ધ યોગી હતા તેની જ વાત કરી છે. તે નિઃશંક છે. ગોપાળયોગી કેવા પવિત્ર, સમર્થ અને પરમભાગ્યશાળી હશે કે શ્રીહરિએ તેમના વનવિચરણના સાત વર્ષોમાં એક વર્ષ સુધી આ મુનિ પાસે રહ્યા છે અને તેમની પાસે અષ્ટાંગયોગ શીખ્યા છે. શ્રીહરિએ તેમને ગુરુ તરીકે માન્યા છે, તેની સેવા કરી છે, તેમની આજ્ઞા માની છે, તેનું પરમ કલ્યાણ કરી તેને નિજ ધામમાં મોકલી તેની અંતિમવિધિ પણ પોતે જાતે કરી છે. એવું મહાન ભાગ્ય કોનું હોય ? માટે ગોપાળયોગી અલૌકિક વિભૂતિ પુરુષ હતા.

શ્રીહરિ નિલકંઠ વેષે વન-વિચરણ કરતા નેપાળ પધાર્યા. ત્યાં વનમાં એક વિશાળ વડની નીચે એક યોગી ભગવાનનું ધ્યાન કરતા હતા. તેણે એક કૌપીન, જીર્ણ આચ્છાદન અને મૃગચર્મનું આસન ધારણ કરેલ. તેનું નામ ગોપાલયોગી હતું. તેઓ શાલીગ્રામની સેવા અને ગીતાપાઠ કરતા. શ્રીહરિ ત્યાં ગયા. મુનિને ભાવથી મળ્યા, પણ જેમ કોઈ મહાપ્રેમી ઓળખાણવાળા મિત્ર એક બીજાને મળીને આનંદ પામે તેમ મળ્યા અને એકબીજાના કુશળ સમાચાર પૂછ્યાં. મુનિ પણ જાતે વર્ણીરાજની વર્ષોથી રાહ જોતા હોય તેમ લાગ્યું. એકબીજાનું વૃત્તાંત સંભળાવ્યું. શ્રીહરિ કહે : ‘હું બહુ વન ફરતો આવ્યો પણ તમારા જેવા અંતરના નિરોગી યોગી ક્યાંય જોયા નહિ. તમને શુક, નારદ, કપિલ, સનકાદિક જેવા કોણ ગુરુ મળ્યા?

સમર્થ ગુરુ વગર આવી યોગકળા આવડે નહિ. અમે ધ્યાન શીખ્યા છીએ. યોગ તમારી પાસે શીખવો છે. ત્યારે યોગી બોલ્યા કે, તમે જગતના આધાર અને સાક્ષાત ઈશ્વર છો. મારો ઉદ્ધાર કરવા તમે અહીં પધાર્યા છો. શ્રીહરિ કહે, તમે મારા ગુરુ. હું તમારો શિષ્ય. એમ બંનેએ અરસપરસ ગુરુભાવ કલ્પ્યો. પછી યોગી વર્ણીને યોગ શીખવવા લાગ્યા. (૧)

આમ, શ્રીહરિ મનુષ્ય ચરિત્ર કરતા પૃથક્ અષ્ટાંગ યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ થોડા દિવસમાં શીખી ગયા. એકવાર ગુરુ બતાવે કે શ્રીહરિ તરત જ કરી બતાવતા. ત્યારે યોગીને થયું કે ખરેખર ગોલોકપતિ શ્રીકૃષ્ણ જ મારા ઉપર કૃપા કરીને વર્ણીરૂપે પધાર્યા છે. એમ અંતરમાં કૃષ્ણનો ભાવ રાખીને તેમના દર્શન કરતા અને યોગાભ્યાસ કરાવતા. પરસ્પર ગુરુ માનતા. બંને કંદમૂળ, ફળફૂલ ભેગા બેસીને જમતા. આમ, એક વર્ષ સુધી બંને ભેગા રહ્યા. (૨)

આશ્રમની આજુબાજુ ગોવાળોના નેસ હતા, પરંતુ ત્યાં અવારનવાર વન્ય પશુઓ આવીને ગાયોની રંજાડ કરતા તેથી ગોવાળોએ ગોપાળયોગીને આ ત્રાસ દૂર કરવા કહ્યું. ત્યારે વર્ણીએ યોગીને કહ્યું કે, તમે આ શંખ વગાડો. તો તે અવાજથી ભાગી જશે. આથી વર્ણીના વચને યોગીએ રાતે શંખ વગાડ્યો. જેનો નાદ એક ગાઉ સુધી બધે ફેલાયો. તે ભયંકર નાદ સાંભળી વનમાં રહેતા હિંસક પશુઓ વન છોડીને ભાગી ગયા. આમ સિંહનું સંકટ યોગીએ દૂર કર્યું. (૨)

★ **સત્સંગિ જીવન ગ્રંથમાં પણ આવો ઉલ્લેખ છે :**

...ગોવાળોએ પ્રાર્થના કરવા છતાં યોગી હિંસક પ્રાણીઓથી પશુઓની રક્ષા કરવા સમર્થ થયા નહિ તેથી ચિંતાતુર થયા. ત્યારે વર્ણીએ કહ્યું કે, તમે ચિંતા ન કરો. ને તમારા આ શંખનો નાદ કરો જેનાથી આશ્રમની આસપાસના પ્રદેશમાં હિંસક પ્રાણીઓનો પ્રવેશ જ નહીં થાય. તમારા યોગના પ્રભાવથી પ્રાણીઓ અત્યારે જ અહીંથી ચાલ્યા જશે. (૩)

આમ, શ્રીહરિના વચન માની યોગીએ શંખ ધ્વનિ કર્યો અને આસપાસના પ્રદેશના પ્રાણીઓ દૂર ચાલ્યા ગયા.

એટલે શ્રીહરિના આદેશથી યોગીએ શંખ વગાડ્યો અને મહારાજના આશીર્વાદથી હિંસક પ્રાણીઓ જંગલ છોડી દૂર જતા રહ્યા.

ભક્તચિંતામણિના પ્ર. ૩૦માં ૪૫ અને ૪૬મી કડીમાં દર્શાવેલ છે કે,

... એમ કહી લીધો શંખ હાથે રે, વજાડિયો છે યોગિનાથે રે.
... વળી ત્યાં વસતા જે વાઘ રે, તેણે પણ કર્યું વન ત્યાગ રે. (૪)

શ્રીહરિ ત્યાં રોજ ગીતાના બીજા અધ્યાયનું પઠન કરતા. ગોપાળયોગી શ્રીહરિને કહેવા લાગ્યા કે, ભગવત્ કૃપાથી અમે યોગકળા શીખી ગયા અને આત્માનું અખંડ દર્શન અમને થાય છે. પણ આત્માને બ્રહ્મની સાથે એકતા કરવી તે બ્રહ્મયોગ સમાધિ કહેવાય તે અમે જાણતા નથી. તે શ્રીહરિએ તેમને શીખવાડ્યું. તેથી તે પણ બ્રહ્મસ્વરૂપ થયા અને બ્રહ્મમાં પરબ્રહ્મનો સાક્ષાત્કાર પામ્યા. ત્યારે યોગી બોલ્યા કે, તમે અનાદિ સાક્ષાત્ શ્રી કૃષ્ણનારાયણ છો. બ્રહ્મચારી રૂપે મને દર્શન દેવા પધાર્યા છો. આમ પ્રાર્થના કરી પછી તેમની વૃત્તિ મૂર્તિમાં ચોંટી ગઈ. દેહની વિસ્મૃતિ થઈ અને અંતરમાં વૃંદાવન જોવામાં આવ્યું. અનંતમુનિઓ અને શ્રીકૃષ્ણ આ વર્ણીરૂપે પ્રગટ થયા છે તેવું જોવામાં આવ્યું. તેથી આનંદ મગ્ન થઈને શ્રીહરિની કૃપાથી દેહમાંથી વૃત્તિ તોડી ગોલોકમાં સિધાવ્યા. (૨)

યોગીને ધામમાં મોકલી દીધા. પછી તેમની દેહક્રિયા કરીને શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. ધામમાં ગયા પહેલા યોગીએ શ્રીહરિને ગીતા પંચરત્નનો ગુટકો આપ્યો હતો. તે ગુટકો મહારાજે લોજમાં મુક્તાનંદ સ્વામીને આપ્યો હતો અને સ્વામીએ તે રઘુવીરજી મહારાજને આપ્યો. હાલ તે ગુટકો વડતાલ અક્ષર ભુવનમાં દર્શનાર્થે રાખેલ છે. (૫)

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૨, તરંગ-૨૮, આધારાનંદ મુનિ કૃત. સંપાદક : શા. હરિપ્રકાશ સ્વામી, સ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, ગાંધીનગર.

(૨) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૨, તરંગ-૨૯, આધારાનંદ મુનિ કૃત. સંપાદક : શા. હરિપ્રકાશ સ્વામી, સ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, ગાંધીનગર.

(૩) **શ્રીમદ્ સત્સંગિજીવન :** અધ્યાય-૪૫, પ્રકરણ-૧, શ્લોક ૪૨થી ૪૮

(૪) **ભક્તચિંતામણિ :** પ્રકરણ-૩૦, કહેણ ૪૫ અને ૪૬

(૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૧, કર્તા : રૂગનાથ ચરણદાસજી સ્વામી. અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૨૦૧૫, વાર્તા નં. ૫૯.

૫૨. સેવકરામ

અયોધ્યાના આ સેવકરામ સાધુ વિષે જાણીએ :

આ સાધુ અયોધ્યાનો રહેવાસી હતો. તે શ્રીહરિનો પરિચિત હતો. ભાગવત આદિ ગ્રંથનો ભણેલો હતો. શ્રીહરિએ ગૃહત્યાગ કરી વન-વિચરણ કરતા પાંચ વર્ષ જેટલો ગાળો થઈ ગયો હતો. તે દરમ્યાન પોતે વેંકટાદ્રિથી રામેશ્વર જતા હતા. ત્યાં રસ્તામાં તેને સેવકરામનો ભેટો થઈ ગયો. શ્રીહરિ તેની પાસે **ભાગવતના ૩૧માં અધ્યાય**માં આવતા ગોપી ગીતના ૧૯ શ્લોક શીખ્યા. (૧)

પછી સેવકરામે શ્રીહરિને કહ્યું કે, તમે કોઈના કહ્યા વગર ગૃહત્યાગ કર્યો છે. તેથી તમારા ભાઈ-ભાભી તમારી પાછળ ખૂબ વિલાપ કરે છે અને તમારી રાહ જોયા કરે છે. તમારા વગર દુઃખી થાય છે. માટે ચાલો આપણે અયોધ્યા જઈએ. તમે હવે મારા હાથમાં લાગ્યા છો. માટે હું તમને દૂર જવા દેવાનો નથી. આ સાંભળી વર્ણી કહે, તમે ત્યાગી થઈને પૂર્વાશ્રમના સંબંધીઓને સંભારો છો તે એ બંધનરૂપ છે. માટે અમારે હવે તમારી સાથે નહિ બને. એમ કહી વર્ણી તેમનો ત્યાગ કરવા ધારે છે. ત્યારે સેવકરામ કહે કે, મારી ચાકરી કરવાવાળું કોઈ નથી. મને લોહી ખંડ પેટબેસણું થયું છે. મારી સેવા કોણ કરશે ? એમ કહી તે રડવા લાગ્યો. આથી શ્રીહરિને તેના પર દયા આવી. તેને સુવા માટે કેળના પાનની એક હાથ ઊંચી પથારી કરી આપી. તેના માટે વસ્તીમાં જઈ કાચું સીધુ લાવી તેને રસોઈ કરી જમાડતા. તેના વસ્ત્રો ધોતા. આ રીતે તેની બે માસ સુધી સેવા કરીને સાજો કર્યો. પછી જ્યારે વિચરણ કરતા ત્યારે વર્ણી તેનો એક મણનો ભાર પોતે ઉપાડતા અને પોતે માળા લઈને અમથો ચાલતો. (૧) નવાઈની વાત તો એ છે કે, શ્રીહરિ તેને માટે રસોઈ કરતા તો સેવકરામ તેમને એમ કદી ન કહેતા. કે આપણા બંનેની રસોઈ કરો, આપણે ભેગા જમીએ. શ્રીહરિ પોતાના માટેની ભિક્ષા વસ્તીમાં જઈને માંગી આવતા. કોઈવાર ભિક્ષા ન મળે તો પોતાને ઉપવાસ થતો. છતાં આ સેવકરામે શ્રીહરિને પૈસા ભાર અન્ન ન આપ્યું કે કદરના

બે શબ્દો ન કહ્યા. આથી શ્રીહરિએ તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો. (૧)

શ્રીહરિ **ગઢડા પ્રથમના ૧૦મા વચનામૃત**માં કહે છે કે,

....તેને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર, ઉપાડી ચાલતા. એવી રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ. પછી અમે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો.

આમ, સેવકરામ સાધુ શ્રીહરિના યોગમાં આવ્યો. શ્રીહરિની સેવાચાકરી પામ્યો. પોતે ભાગવતાદિક શાસ્ત્રોનો ભણેલો હોવા છતાં પુરુષોત્તમ નારાયણને ઓળખી શક્યો નહિ. શ્રીહરિ દ્વારા પોતાની સેવા કરાવી પણ શ્રીહરિને પૈસાભાર અન્ન પણ આપ્યું નહિ અને તેની સાથે કૃતઘ્નીપણું કર્યું. આથી આ પાપે કરીને તેનું તે જન્મે કલ્યાણ ન થયું, પણ શ્રીહરિનો યોગ પામ્યો તેથી તેનો બીજો જન્મ મનુષ્ય યોનિમાં થયો. (૨)

ગામ ઝીંઝરમાં તે ક્ષત્રિય કુળમાં ખોડાભાઈના નામે જન્મ પામ્યો. પણ આર્થિક સ્થિતિ અત્યંત ગરીબ બની. તેને એક ટંક ખાવાના પણ સાંસા પડવા મંડ્યા. તેને સત્સંગ થયો. મંદિરમાં સંતોની દોડી દોડીને સેવા કરે. ભજન પણ કરે. પણ પ્રારબ્ધ દૂર ન થયું. ગરીબ સ્થિતિ એવીને એવી રહી. એકવાર સદ્. ગોપાળાનંદ સ્વામી ઝીંઝર પધાર્યા. દરબાર ખોડાભાઈ વ્યવહારે દુર્બળ હતા. સંતોને જમાડવાની ખૂબ ઈચ્છા થાય પણ પૈસા કે અન્ન હતું નહિ. પણ સંતોને થાળ કરાવવાની પ્રબળ ઈચ્છા હતી આથી તેણે પોતાની તલવાર વાણિયાને ત્યાં ગીરવે મૂકી અને પૈસા લીધા અને તેમાંથી સંતો માટે સીધુ સામાન લાવી સંતોને જમાડ્યા. રાત્રે સભામાં ગોપાળાનંદ સ્વામીએ બધા સંતોને કહ્યું કે, આજે બધા સંતો ખોડાભાઈનો આર્થિક વ્યવહાર સુધરે તે માટે પચીશ-પચીશ માળા કરજો આપણે તેમની ગરીબાઈ દૂર કરવી છે. ત્યારે શુક સ્વામીએ પૂછ્યું કે, ખોડાભાઈ વ્યવહારે કેમ દુર્બળ છે ? આટલી સેવા કરે છે છતાં ગરીબાઈ કેમ દૂર થતી નથી ? ત્યારે સ્વામી કહે, આ પૂર્વજન્મનો સાધુ સેવકરામ છે. જેણે વનવિચરણ દરમ્યાન શ્રીહરિ પાસે સેવા કરાવેલી પણ શ્રીહરિને પૈસાભાર અન્ન આપ્યું નહિ. એ કૃતઘ્નતાથી તેને આ જન્મમાં અન્નના સાંસા પડે છે. પછી સંતોએ ખોડાભાઈની ગરીબાઈ દૂર થાય તે માટે શ્રીહરિને પ્રાર્થના કરી અને માળા કરી. પછી ખોડાભાઈનો આર્થિક વ્યવહાર સુધર્યો. (૨)

એક કથા એવી પણ છે કે,

શ્રીહરિ ધરમપુરથી વળતા ઝીંઝર (મહુવા) આવ્યા. ત્યારે સુરાખાચર કહે, હે મહારાજ ! મને ખૂબ ભૂખ લાગી છે. ત્યારે શ્રીહરિ કહે, આ ગામમાં ખોડોભાઈ કરીને ભક્ત રહે છે. પણ તેને અન્ન વસ્ત્ર અને આબરૂ એ ત્રણનો તૂટો છે. પણ તેમને તેડાવીએ. પછી શ્રીહરિએ તેને કહ્યું કે, આ પચાશ જણા ભૂખ્યા છે. તો જમવાનું કંઈ છે ? ત્યારે ખોડોભાઈ ગામમાંથી દશ શેર બાજરીનો લોટ અને આઠ આનાના રીંગણા લાવ્યા તેને પ્રભુએ કાચા લોટનો એકેક ગોળો અને એક એક કાચું રીંગણું લાવીને સર્વેને જમાડ્યા. તે પછી ખોડાભાઈનો વ્યવહાર સારો થયો. (૩)

આમ, સેવકરામનું કૃતઘ્નીપણાનું કલંક બીજા જન્મે દૂર થયું. સંતો તેમની સેવાથી રાજી થયા અને તેની માટે ભજન કર્યું તો બીજા જન્મે તેનું કલ્યાણ થયું.


★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** આધારાનંદ સ્વામીકૃત, પુર-૨, તરંગ : ૪૩

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, સદ્. રૂગનાથચરણ સ્વામીકૃત. જૂનાગઢ મંદિર પ્રકાશન. વાર્તા નં. ૨૧૮

(૩) **શ્રી સ્વામિનારાયણ સંહિતા :** સ. દેવચરણદાસજી સ્વામી. મૂળી મંદિર. વર્ષ-૧૯૬૮, પ્રકરણ-૨૧.

●



૫૩. મુનિબાવા

મુનિબાવાનું, મોક્ષના કામમાં આવે તેને બુદ્ધિ કહીએ તેનું **પંચાળાના ૩જા વચનામૃત**માં મુનિબાવા બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછે છે કે, સત્સંગનો અને ભગવાનનો યોગ મળ્યો છે છતાં માન-ઈર્ષા કેમ રહી જાય છે ? આ પ્રશ્નો ઉત્તર યથાર્થ રીતે શ્રીજી મહારાજ આપે છે.

તો, **મુનિબાવા વિષે જાણીએ :**

મુનિબાવા એટલે મૌની બાવાનું અપભ્રંશ નામ મુનિબાવા. પોતે આબુ પર્વત ઉપર રહી ૨૫ વર્ષ મૌન સાધના કરેલી તેથી તેમનું નામ મૌનિબાવા પડ્યું. પોતે જ્ઞાતિએ ગૌડ વિપ્ર હતા. સુરતના કોટવાળ પારસી અરદેશરજી (ધનજી શાહ બહેરે મંદખાન - મૂળ નામ)ના પોતે ગુરુ હતા. સુરતના તમામ કોમના મુમુક્ષુ લોકો તેમને માનતા, પૂજતા અને આદર કરતા. પોતે આછા ભગવા રંગની અલ્ફી પહેરતા. ગળામાં રુદ્રાક્ષની માળા, હાથમાં બેરખો અને કાળા રંગની મોટી લાકડી રાખતા. વિશાળ ઝૂલફા, વિશાળ સફેદ દાઢી રાખતા. પગમાં ચાખડી પહેરતા. પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું. તેમની ઉંમર ૯૦ વર્ષ હતી છતાં યુવાન જેવી સ્ફૂર્તિ હતી. નિરાકાર બ્રહ્મની ઉપાસના હતી. આબુમાં રહી યોગકળા, મંત્ર સિદ્ધિ મેળવેલી. પોતે ષટદર્શનાચાર્ય અને વેદાંતાચાર્ય હતા. અદ્વૈતવાદી હતા. અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલ. સુરતમાં આશ્રમ બનાવી તેના શિષ્યો સાથે રહેતા. શ્રીજી મહારાજ કહેતા કે, આ જીવ (મુનિબાવા) સાત જન્મથી અમને પામવા યોગ આદિ તપશ્ચર્યા અને બીજા સાધનો કરે છે. પરંતુ તે જીવને દેહાભિમાન, વિદ્યાભિમાન અને યોગસિદ્ધિનું અભિમાન છે તેથી તે નાસ્તિક ભાવને પામી ગયા છે. (૧)

પરંતુ આ જીવને પોતાને શરણે લેવા અને તેના તપ ત્યાગની પૂર્ણાહુતિ કરાવવા શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામી જેવા સમર્થ સંતને મુનિબાવા પાસે ભણવાના

બહાને મોકલે છે અને સ્વામી સિદ્ધાંત-કૌમુદી જેવા સંસ્કૃત ગ્રંથને મુનિબાવા પાસે ભણે છે.

સુરતના અગ્રગણ્ય ભક્તો ભાલચંદ્ર શેઠ વગેરે બ્રહ્માનંદ સ્વામીને સમજાવે છે કે મુનિબાવા બેશક વિદ્વાન છે પણ નિરાકાર અદ્વૈતવાદી છે. સ્વામિનારાયણ સંપ્રદાય સાકારવાદને પામેલો છે. બાવા તેની જાહેરમાં નિંદા કરે છે અને શ્રીજીના અવતારને હસી કાઢે છે માટે તમે તેની પાસે ભણવા ન જાઓ. (૧)

તેમ છતાં સ્વામી શ્રીજીના વચને મુનિબાવા પાસે સ્વામિનારાયણ સંપ્રદાયના બાહ્ય ચિહ્નો કાઢી પરમહંસ જેવો વેશ ધારણ કરી સંસ્કૃત ભણવા જાય છે. સ્વામીની તીવ્ર મેધા, અગાધ જ્ઞાન, શીઘ્ર કવિત્વ શક્તિથી મુનિબાવા જે જે પાઠ ભણાવે તે એક જ દિવસમાં કંઠસ્થ કરી આપી દેતા. સ્વામીના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને પ્રગટ પ્રભુના પ્રતાપ અને આશીર્વાદથી બ્રહ્માનંદ સ્વામી મુનિબાવાના માનીતા શિષ્ય થઈને રહ્યા. છ માસ સુધી અભ્યાસ કરી તેમને રાજી કર્યા. મુનિબાવા તો આવો મેધાવી શિષ્ય મળે તેની રાહ જ જોતા હતા કે આવો ઉત્તરાધિકારી મળી જાય તો આશ્રમનો સઘળો ભાર તેના ઉપર નાખી દઉં. (૧)

એક સમયે મુનિબાવાએ બ્રહ્મ સત્ય જગત મિથ્યા એ સૂત્ર ઉપર ચર્ચા કરી તો સ્વામીએ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ સ્વરૂપોને શ્રીજી મહારાજના જ્ઞાન થકી સમજાવ્યા અને તે ઉપર માયા પંચક છંદના છપ્પય મુનિબાવા પાસે બોલી સમજાવ્યું કે, વ્રત-તપ-હઠયોગ-આ લોકની યોગસિદ્ધિ વગેરે પ્રગટ પ્રભુના આશરા વગર નકામું છે. ભગવાનનો આશરો તે જ મોક્ષ પ્રાપ્તિ માટેનું અમૂલ્ય સાધન અને મનુષ્ય જન્મની સિદ્ધિ છે. અત્યારે કાઠિયાવાડમાં પ્રગટ સ્વામિનારાયણ ભગવાન વિરાજે છે અને હું તેનો સાધુ છું એવી સ્પષ્ટ વાતો મુનિબાવાને વિવેકપૂર્ણ રીતે કહી. આથી મુનિબાવાને પ્રગટ ભગવાનના દર્શનની તાલાવેલી જાગી અને પોતે સ્વામીને કહે છે કે, મારા આટલા વર્ષો મેં મિથ્યા ગુમાવ્યા. હવે પાછલી ઉંમરમાં મને ભગવાન ક્યાંથી મળે ? ત્યારે સ્વામી તેને સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે અને તેમના પુરુષોત્તમપણાની વાત કરે છે તથા પ્રભુએ જ મને તમારી પાસે ભણવા મોકલ્યો છે તેની વાત કરે છે. ત્યાં જ અચાનક ઓરડામાં શીતળ શાંત તેજ પથરાઈ ગયું. શ્રીજીનો આવો અલૌકિક પ્રતાપ જોઈ મુનિબાવાને પણ દિવ્ય પ્રતીતિ થઈ અને પોતે શ્રીહરિના દર્શન કરવા માટે ગઢડા આવવા તૈયાર થાય છે. (૧)

મુનિબાવા તેમના શિષ્ય અરદેશરજીને આશ્રમનો વહીવટ સંભાળવા સૂચના આપી બ્રહ્માનંદ સ્વામી સાથે ગઢપુર પધારે છે.

ગઢડા આવીને શ્રીહરિને આ સમાચાર મોકલાવે છે. હરજી ઠક્કરના નવા ઓરડાઓમાં મુનિબાવાને ઉતારો અપાય છે.

બીજા દિવસે શ્રીહરિને મળવાનું નક્કી થતા. પ્રથમ બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિને તથા મુક્તાનંદ સ્વામીને મળીને કહે છે કે, 'મુનિબાવા રજોગુણી છે. વિદ્વાન પંડિત છે તથા સુરતમાં ભગવાન થઈને પૂજાય છે. માટે તેનો આદર સત્કાર સારી રીતે કરી માન-પાન આપી ગાદી તકિયા ઉપર બેસાડવા. બીજા દિવસે સ્વામી મુનિબાવાને લઈને દાદાના દરબારમાં પધારે છે અને શ્રીહરિને જોઈને બંને નમસ્કાર કરે છે. સ્વામી કહે છે કે, મહારાજ ! મુનિબાવા પધાર્યા છે. ત્યારે મહારાજે મનુષ્ય ચરિત્ર કર્યું ને બોલ્યા : કૌન મુનિબાવા ? એમ કહી તેમની સામું પણ ન જોયું અને બીજી વાતો કરવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીએ મુનિબાવાનું યથોચિત સ્વાગત કરી હાર પહેરાવી ગાદી ઉપર બેસાડ્યા. પણ મહારાજે તો તેમની સાથે વાત પણ ન કરી અને વળી મનુષ્ય ચરિત્ર કર્યું ને દાદા ખાચરને કહ્યું કે, મને ભૂખ લાગી છે. મને જલદી જમવાનું આપો. અને શ્રીહરિ ઢોલિયા ઉપર તાંસળી રાખીને દહીં અને રોટલો જમવા લાગ્યા. દહીંના રગેડા કોણી સુધી પહોંચતા તે જીભે કરીને ચાટવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામીને થયું કે, મુનિબાવાને આટલું આટલું સમજાવી છેક સુરતથી અહીં લાવ્યો અને મહારાજે અત્યારે આ મનુષ્ય ચરિત્ર ક્યાં આદર્યું ? (૨)

મુનિબાવા આ જોઈ રહ્યા. તેને મહારાજની આ લૌકિક ક્રિયા સમજાઈ નહીં અને આકળા થઈને ઊભા થઈ જયસચ્ચિદાનંદ કહ્યા વગર ચાલતા થઈ ગયા અને બ્રહ્માનંદ સ્વામીને ઠપકો આપવા લાગ્યા કે, તમે મને અહીં શું લાવ્યા ? કોઈ સજ્જન માણસ પણ આ રીતે જમે નહીં. તમે આમની ઇન્દ્રજાળમાં ક્યાં ફસાયા ! આમાં કાંઈ ભગવાન જેવું નથી લાગતું ! બ્રહ્માનંદ સ્વામી ધીરજ રાખી, સમજાવી ઉતારે લઈ ગયા અને તેમને બીજા દિવસ સુધી પરાણે રોકી રાખ્યા. જીવાખાચર અને દાદાખાચરને બોલાવી મુનિબાવાનું ફરી યથોચિત સ્વાગત કરી રાજી કર્યા. (૨)

બીજા દિવસે મુનિબાવાને સમજાવી દાદાના દરબારમાં તેડી લાવ્યા. ત્યારે

મહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીએ થાંભલીનાં ટેકે ઊભા હતા. તે સમયે મહારાજને બેસવાનો ગોળ તકિયો લઈને ભગુજી સભામાં જતા હતા. તે સમયે શ્રીજી મહારાજે એ સવામણ રૂ ભરેલો તકીયો પોતાના એક હાથે ઉપાડી સુદર્શન ચક્રની જેમ ગોળ ગોળ ફેરવી લીંબડા નીચે પાથરેલી પાટ ઉપર ફેંક્યો. તકિયો પાટ ઉપર યથાસ્થાને ગોઠવાઈ ગયો. આ દૃશ્ય સામેથી આવતા મુનિબાવાએ જોયું અને સ્થિર થઈ ગયા. તેમને શ્રીહરિએ સુદર્શન ચક્ર ધારી શ્રીકૃષ્ણરૂપે દર્શન આપ્યા. મુનિબાવા આ અલૌકિક દૃશ્ય જોતા અવાચક જેવા બની ગયા. શ્રીહરિએ તેમને જય સચ્ચિદાનંદ કહી હાર પહેરાવ્યો ત્યાં તો મુનિબાવાને ભાવસમાધિ લાગી ગઈ. સમાધિમાં શ્રીહરિના અલૌકિક પૂર્ણ પુરુષોત્તમ રૂપે દર્શન થયા. સમાધિમાંથી જાગીને પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી સ્તુતિ કરી કહ્યું. પ્રભુ આજ હું ધન્ય થઈ ગયો. મારો જન્મોજન્મનો દાખડો સફળ થઈ ગયો. મુનિબાવાએ બ્રહ્માનંદ સ્વામીનો પણ આભાર માન્યો. બાવા ત્યાં અઠવાડિયું રોકાયા. પછી પોતે શ્રીજી આગળ દીક્ષા લેવાની વિનંતી કરી. શ્રીજીએ તેમને દીક્ષા આપી અને પોતાનું મૂળ નામ જ રાખવાની ભલામણ કરી કે તમે મુનિબાવા રૂપે જ રહેશો. તમારો આ વેષ કાયમ રાખી તમારા આશ્રમમાં તમારા શિષ્યો-ભક્તોને અમારા પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવી ભજન કરજો. (૨)

એ આજ્ઞા મુજબ મુનિબાવા સુરતમાં પોતાના આશ્રમમાં તે જ નામે, તે જ વેષે જીવ્યા ત્યાં સુધી રહ્યા અને એકસો વર્ષ ઉપર જીવ્યા અને સં. ૧૯૦૪માં ધામમાં ગયા. (૨)

મુનિબાવા વિષે પારસી ભક્તરાજ અરદેશરના વંશમાં ધનબાઈએ લખેલી એક નોંધ : 'આહેવાલે અરદેશર કોટવાલ બહાદુર' નામની બુકમાં લખેલ છે:

'મુનિ સ્વામી, શહેરનું નાકુ પૂરું જે થાય. થાણાની ચોકી તેનું નામ કહેવાય. ત્યાં એક ઈશ્વરીય ભક્ત, ઉમર હતિ તેઓની એક સત. એ પણ સ્વામિનારાયણના ભગત હતા. (૨)

ગઢપુરમાં મુનિબાવા આવ્યા પછી બે માસે શ્રીહરિ પંચાળા પધારેલ. તે વખતે મુનિબાવા સાથે ગયેલ અને પંચાળામાં શ્રીહરિને પ્રશ્નો પૂછેલ છે. જેમાં પોતે પંચાળાના ૩જા વચનામૃતમાં બ્રહ્માનંદ સ્વામીને પોતાનામાં માન-ઈર્ષા કેમ રહી જાય છે ? તથા ૪થા વચનામૃતમાં પણ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે

કે, ભગવાનનો નિશ્ચય હોય છતાં ભગવાનનું મનુષ્ય ચરિત્ર જોઈને સંશય કેમ થઈ જાય છે ?

આમ બંને પ્રશ્નો મુનિબાવાએ પોતાનું જે અંગ હતું તેને અનુસરીને પ્રશ્નો પૂછ્યા છે. તેમને બ્રહ્માનંદ સ્વામી સાથે હેત હતું તેથી તેમને જ પ્રશ્ન પૂછ્યા છે.

વળી બ્રહ્માનંદ સ્વામી તેના શિષ્ય તરીકે સુરત અભ્યાસ કરતા હતા ત્યારથી તેમની સાથે મુનિબાવાને હેત હતું અને શ્રીહરિનો સત્સંગ પણ બ્રહ્માનંદ સ્વામીએ જ મુનિબાવાને કરાવેલ અને તેમના આગ્રહથી જ તેઓ બંને શ્રીજીના દર્શન કરવા ગઢપુર પધારેલ. તેથી મુનિબાવાને મહારાજનો નિશ્ચય બીજા સંતોએ નહીં પણ ફક્ત બ્રહ્માનંદ સ્વામીએ જ કરાવેલ તેવું આ બધા ચરિત્રો ઉપરથી ફલિત થાય છે. (૨)

મુનિબાવા પંચાળા બાદ સુરત ગયેલા અને ત્યાં તેમના શિષ્યોને શ્રીજી મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય કરાવેલ. પોતે પણ શ્રીહરિની જ ઉપાસના રાખેલ છે તથા બ્રહ્માનંદ સ્વામીએ પોતાને સત્સંગ કરાવેલ તેવું સભામાં કહેતા. (૨)

મુનિબાવા ઘણું ખરું સુરત જ રહેતા પણ ઉત્સવ સમૈયા હોય ત્યારે શ્રીહરિના દર્શન માટે આવતા અને તેમની સાથે વિચરણ પણ કરતા તેવું સંપ્રદાયના ગ્રંથોમાં આવે છે.

બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિની સાથે વિ.સં. ૧૮૮૧ના કાર્તિક વદી ૭ શનિવારે સુરત પધાર્યા હતા. ત્યાં ૯ દિવસ રોકાયા હતા. સુરતના નવાબ અફજાલ્લખાન, દિવાન આત્મારામે શ્રીહરિને પોતાના મહેલમાં પધરાવ્યા હતા. (૨)

શ્રીહરિ સુરતમાં પધારે તે માટે કોટવાલ અરદેશરજીએ શ્રીહરિને પ્રેમપૂર્વક પત્ર પાઠવી સુરત બોલાવ્યા હતા. શ્રીહરિ સુરત પધારે તે માટે મુનિબાવાએ તપરૂપે પોતાના પંચકેશ ૬ માસ સુધી વધાર્યા હતા. મુનિબાવાએ શ્રીહરિને કહ્યું કે, તમે ભક્તને આધીન છો. બ્રહ્મા પણ તમારી વાતમાં ભૂલા પડે છે. (૩)

મુનિબાવા ભારે પ્રતિષ્ઠિત અને મોક્ષના ખપવાળા છે. આપણા સંતોની અલૌકિક અને પરમ પવિત્ર રીત દેખીને તથા મુક્તાનંદ મુનિની વાત સાંભળીને તેમને સત્સંગમાં તથા અમારામાં નિષ્ઠા થઈ. મુનિબાવા પોતે ગૌડ વિપ્ર છે. નવાબ પણ તેમને દેખીને અંજાઈ જાય છે. મુનિબાવા સુખનો ત્યાગ કરી સત્સંગ કરે છે.

(૪) એવું આ ગ્રંથમાં લખેલ છે.

આમ, મુનિબાવા પરમ મુમુક્ષુ અને ભાગવત સંત હતા. શ્રીહરિની મરજી મુજબ વર્તી તેમનો રાજીપો ગ્રહણ કરેલ.

કતારગામ સુરતમાં જ્યાં અગાઉ મુનિબાવાનો આશ્રમ હતો. તે જગ્યાએ હાલ સ્વામિનારાયણ ભગવાનનું મંદિર છે.

★ **પાદટીપ :**

(૧) **બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન :** લેખક - નવિનદાન માવદાન રત્નુ, વર્ષ-૧૯૯૩. લહેર : ૩૮, પાના નં. ૧૯૨થી ૨૦૦

(૨) **બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન :** લેખક - નવિનદાન માવદાન રત્નુ, વર્ષ-૧૯૯૩. લહેર : ૩૯, પાના નં. ૨૦૧થી ૨૦૬

(૩) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** ભાગ-૫, સ્વામિ. સાહિત્ય મંદિર, ગાંધીનગર. વર્ષ-૧૯૯૫, પુર : ૨૭, તરંગ : ૧૪

(૪) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** ભાગ-૫, સ્વામિ. સાહિત્ય મંદિર, ગાંધીનગર. વર્ષ-૧૯૯૫, પુર : ૨૫, તરંગ : ૧૨

●



૫૪. મયારામ ભટ્ટ

નામ : મયારામ ભટ્ટ

જ્ઞાતિ : વિપ્ર

સ્થળ : માણાવદર (જૂનાગઢ)

અંગ : સેવકપણાનું, આજ્ઞાપાલનનું, સંદેશાવાહક ખેપીયા

વચનામૃતમાં ઉલ્લેખ : ગ.પ્ર. ૨, ગ.અં. ૨૬

શિક્ષાપત્રી : શ્લોક ૪માં ઉલ્લેખ.

જીવન ઈતિહાસ :

માણાવદર (જૂનાગઢ જિલ્લો) ગામના વિપ્ર. શ્રીહરિએ તેમને શિક્ષાપત્રીમાં ગૃહસ્થ તરીકે સંબોધ્યા. થોડું ભણેલા છતાં અભણની વ્યાખ્યામાં આવે તેવા સીધા સાદા સરળ બ્રાહ્મણ. ગોરપદુ કરી જીવન-વ્યવહાર માંડ માંડ ચલાવતાં વેપાર ધંધો કરીએ તો પ્રભુ ભજવાનો સમય ન મળે તે વિચારથી ફક્ત ગોરપદુ જ સ્વીકાર્યું. વૈરાગ્ય પ્રધાન અંગ હતું. (૧)

તેથી શ્રીજી મહારાજને **વચનામૃત પ્રથમ ૨**માં પ્રશ્ન પૂછે છે કે, હે મહારાજ ! ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વૈરાગ્યના શા લક્ષણો છે તે કહો. (૧)

પોતાનો વૈરાગ્ય કયા પ્રકારનો છે ? તે જાણવાની ઈચ્છાથી શ્રીજીને આ પ્રશ્ન પૂછ્યો. વળી તે વૈરાગ્યમાં કાંઈ ખામી હોય તો તેની પણ ક્ષતિ નિવારી શકાય તેવા ઉદ્દેશથી શ્રીહરિને આવો પ્રશ્ન પૂછ્યો. (૧)

પોતે એકવાર ગૃહસ્થાશ્રમ કરેલો. ઘરભંગ થયા. સગાં કુટુંબીજનોએ તેમને ફરી પરણવા દબાણ કર્યું. આથી કંટાળીને કહ્યું કે, હું મારા ગુરુને પૂછીને જણાવીશ. તેથી તેઓ ગુરુ રામાનંદ સ્વામીને પૂછવા આવ્યા. અંતર્યામી ગુરુએ શિષ્યનો સંકલ્પ જાણીને પરબારો સભામાં જ ઉત્તર આપ્યો કે, કોઈએ લગ્નના ત્રણ ફેરા ફરી લીધા હોય અને ચોથો ફેરો ફરવો કે નહીં ? તે પૂછવા આવે તો

હું તેને લગ્નની ના પાડી દઉં. આવો મર્મ ભર્યો ઉત્તર સાંભળી ફરી ઘર કરવાનો વિચાર મનમાંથી કાઢી નાખ્યો, પણ મનમાં સંકલ્પ વિકલ્પ રહ્યા કરતા'તા. તેથી તે મૂંઝવણ ગુરુ આગળ કહેતા. ગુરુએ તેને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા કે, 'જો ! આ થાંભલાને સંકલ્પ થાય તો તને સંકલ્પ થાય. તને કોઈ દિવસ સ્ત્રીસંબંધી ભૂંડા ઘાટ નહીં થાય.' (૧)

અને, આમ પોતાના માથેથી કામ નામના શત્રુનો ભય ટળી જતાં ગુરુની હજુરમાં કાયમી રહેવા લાગ્યા. (૧)

ગુરુએ લખેલા પત્રો અને ગુરુ ધામમાં ગયા પછી ગુરુપદે સ્થાપન થયેલા શ્રીહરિને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ માની તેમના પત્રો તેમની આજ્ઞાનુસાર બધે પહોંચાડતા. પ્રમાદ રહિત જીવનથી શ્રીહરિનો રાજીપો તરત જ મેળવી લીધો. સેવા કરવા સદા તત્પર રહેતા. મૂળજી બ્રહ્મચારીની ગેરહાજરીમાં આવા નિષ્કામી વિપ્રના હાથનો બનાવેલો થાળ શ્રીહરિ જમતા અને તેમને પ્રસાદી આપી ધન્ય બનાવતા. (૧)

શ્રીહરિની દરેક આજ્ઞાને ચીવટપૂર્વક પાળવાનું તેમને જબરું તાન હતું. (૧)

પોતાના વતન માણાવદરમાં શ્રીહરિની વાજતે-ગાજતે પધરામણી કરાવી ગામને અને પોતાના ઘરને પ્રસાદીનું બનાવી દીધું હાલ તેમના નિવાસસ્થાને જ મોટું મંદિર હાલ વિરાજમાન છે. (૧)

ભટ્ટજી અતિશય વિનમ્ર, પ્રકાંડ જ્યોતિષી પણ હતા. શ્રીહરિમાં તેમને અપાર શ્રદ્ધા અને વિશ્વાસ હતો. (૧)

પોતે છૂતાછૂતમાં ખૂબ માનતા. ગાળ્યા, ચાળ્યા વગરના અનાજ પાણી તો ન લેતા પણ ઉતરતી જ્ઞાતિવાળાનો સ્પર્શ થયો હોય તો તેવા ખાદ્ય પદાર્થો પોતે ગ્રહણ ન કરતા. શ્રીહરિ પણ બ્રાહ્મણ હતા, છતાં જો તે મારા ભોજનને સ્પર્શી જાય તો હું અભડાઈ જાઉં તેવો ખ્યાલ તેમના મનમાં હતો. પણ શ્રીહરિ ભગવાન છે. તેઓ જેને સ્પર્શે તે વસ્તુ પદાર્થ અભડાય નહીં પણ પરમ પવિત્ર બની જાય તેવી દૃઢ ભાવના તેમના મનમાં હજી વિકસી ન હતી. પણ, મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંતોના સમાગમથી તેમના મનમાં રહેલો આ ભ્રમ છેવટે દૂર થયો. (૧)

ભટ્ટજીનું નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત અડગ હતું. ગમે તેવા સ્ત્રીઆદિકના

લોભામણા પ્રસંગોમાં તેઓ ડગતા નહિ. એકવાર ક્યાંય ગામતરે જતા. એક યુવાન બીમાર સ્ત્રીને દયાએ કરીને પોતાના ઘોડા ઉપર બેસાડી અને પોતે અશ્વની લગામ પકડી ચાલતા હતા. તેવામાં એક વૃદ્ધ સ્ત્રીએ મર્મ કર્યો કે, યુવાન સ્ત્રીને તો સૌ બોલાવે અને ઘોડા ઉપર પણ બેસાડે પણ મારા જેવી વૃદ્ધ સ્ત્રીને કોણ બેસાડે.

આવા મર્માળા વેણ સાંભળી તેમણે મનમાં ગાંઠ વાળી કે સ્ત્રીની સાથે કોઈ દિવસ ક્યારેય વ્યવહાર તો ન કરવો પણ પડખે પણ ન ચાલવું. આવા તે દૃઢ નિયમધારી હતા. (૧)

તેથી શ્રીહરિએ **ગઢડા અંત્યના ૨૬**માં વચનામૃતમાં તેમના નિષ્કામી વ્રતને બિરદાવતા કહે છે કે,

'...એવો જે હોય તે ગમે ત્યાં જાય તો પણ એને કોઈ પદાર્થ તથા સ્ત્રીઆદિક તે બંધન કરી શકે નહીં. જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે. એવી જાતના જે હોય તેને સ્ત્રી ધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ. (૧)

ભટ્ટજી ગૃહસ્થ કહેવાતા હોવા છતાં શ્રીહરિએ તેમના નિષ્કામી વ્રતને મોટા મોટા સંત મૂળજી બ્રહ્મચારી તથા નિષ્કુળાનંદ સ્વામીની હરોળમાં મૂકી દીધા તે શું સામાન્ય વાત છે ? શ્રીહરિ ભટ્ટજી ઉપર કેવા રાજી હશે કે ભરસભામાં મયારામના આ દિવ્યગુણને બિરદાવ્યા વગર રહી ન શક્યા. અને સાચે જ શ્રીહરિ કહેતા કે, અમને તો જે નિષ્કામી વ્રત ધારણ કરતા હોય, અડગ બ્રહ્મચારી હોય તેના હાથની જ સેવા ગમે છે. તેના હાથનું બનાવેલું ભોજન જમીએ છીએ. (૧)

એક તબક્કે ગઢડામાં અયોધ્યાવાસીઓ પધારેલ અને દિવાળીના દિવસે લાપસી જમવાનું કહેણ હોવા છતાં શ્રીહરિ તેમના હાથની રસોઈ ન જમ્યા પણ બ્રહ્મચારીના હાથનો થાળ અયોધ્યાવાસીઓ સાથે જમ્યા છે. (૧)

મયારામ ભટ્ટ ઉપર શ્રીહરિના ચારેય હાથ હતા તે કહેવું જરાય ખોટું નથી.

ભટ્ટજીના નિષ્કામી વ્રતનું એક બીજું દૃષ્ટાંત જોઈએ તો દીનાનાથ ભટ્ટની પુત્રી જમનાને બ્રહ્મ રાક્ષસ વળગેલો. જે કોઈ રીતે જતો ન હતો. ત્યારે મયારામ ભટ્ટે ચળુ કરેલા પાત્રનું જળ યમુનાને પીવડાવો તો બ્રહ્મરાક્ષસ જતો રહે, આવો ઉપાય શ્રીહરિએ સૂચવ્યો અને આમ કર્યું ત્યારે બ્રહ્મરાક્ષસ કાળી ચીસ

નાખીને ભાગ્યો. આમ, ભટ્ટજીના નિષ્કામી વ્રતના અસંખ્ય ઉદાહરણો સંપ્રદાયમાં જોવા મળે છે.

શ્રીહરિના સમયે અનેક ગૃહસ્થ ભક્તો નિયમ, વ્રત, તપધારી હતા. દીનાનાથ ભટ્ટ જેવા જ્ઞાની પ્રકાંડ પંડિત પણ હતા. છતાં મયારામ ભટ્ટના સીધા, સાદા અને નિર્માની વ્યક્તિત્વ ઉપર મોહીને શ્રીહરિએ તેમનું નામ **શિક્ષાપત્રીના ૪થા શ્લોક**માં લખ્યું છે કે, અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. *गृहस्थाश्च मयाराम भट्टाद्या ये मदाश्रया :।*

આમ, મયારામ ભટ્ટ ભાગવત ધર્મનિષ્ઠાવાળા ભક્તિયોગી મહાપુરુષ હતા, તેથી જ શ્રીહરિને અતિ પ્રિય હતા. એમની નિષ્ઠા, પવિત્રતા, સેવા ઉચ્ચ કોટિના હતા. (૧)

★ **પાદટીપ :**

(૧) **સ્વામિનારાયણ ભગવાનના ભક્તો :** મયારામ ભટ્ટ, લેખક : શાંતિકુમાર ભટ્ટ : પ્રકાશક કાનજી ભગત, વડતાલ.

●

૫૫. દીનાનાથ ભટ્ટ

આમોદ ગામ (જિલ્લો ભરૂચ)ના દીનાનાથ ભટ્ટ મહાજ્ઞાની પંડિત અને સંસ્કૃતના જ્ઞાતા હતા. ડાકોરના ડંકપુરાણની રચના તેમણે કરેલી. તેમને શ્રીમદ્ ભાગવતના ૧૮૦૦૦ શ્લોક કંઠસ્થ હતા. તેમણે શ્રીજી મહારાજની પ્રશસ્તિના સંસ્કૃત સ્તોત્રો રચેલા છે. શ્રીહરિના અનન્ય આશ્રિત હતા. (૧)

પરંતુ જ્યારે શ્રીહરિએ શિક્ષાપત્રીની રચના કરી ત્યારે ગૃહસ્થ હરિભક્તોમાં આ વિદ્વાન બ્રાહ્મણનું નામ લખવાને બદલે અભણ એવા માણાવદરના મયારામ ભટ્ટનું નામ લખ્યું. દીનાનાથ ભટ્ટને આ પોતાના માનભંગ જેવું લાગ્યું. પોતાની વિદ્વતાની કદર શ્રીહરિએ કરી નહિ આવું તેમને લાગ્યું. અને તેમને મહારાજનો અભાવ આવ્યો અને તેઓ મહારાજના દર્શને આવતા બંધ થઈ ગયા. તે દરમ્યાન સત્સંગમાંથી માનના દોષને કારણે બહાર નીકળી ગયેલ નિર્વિકલ્પાનંદ સ્વામીનો સંગ થયો. તેમણે દીનાનાથ ભટ્ટને ઊંધી સીધી વાત કરીને ભરમાવ્યા. તેથી ભટ્ટજીને શ્રીહરિનો વધુ અભાવ આવ્યો કે, મહારાજ વ્યવહારું નથી. વિદ્વાન માણસોની કદર કરતા નથી. (૧)

આ સમયમાં દીનાનાથ ભટ્ટની ઉંમર લાયક પુત્રી જમનાને કોઈ કારણોસર બ્રહ્મરાક્ષસ વળગ્યો. કર્મકાંડી વિદ્વાન બ્રાહ્મણ હોય અને નિયમ ધર્મ ન પાળતો હોય અને અંતરમાં અતૃપ્ત વાસના હોય તો તે બ્રાહ્મણ મરીને બ્રહ્મરાક્ષસ થતો હોય છે. જમુનાને બ્રહ્મરાક્ષસ વળગ્યો એટલે ઘરમાં તોફાન કરે. ભટ્ટજી પૂજા કરતા હોય ત્યારે ત્યાં જઈને અખાદ્ય વસ્તુઓ નાખી હેરાન કરે. પોતાના કપડાં ફાડી નાખે. ઘરને અપવિત્ર કરી નાખે. આથી ભૂતને કાઢવા માટે દીનાનાથ ભટ્ટ ભાગવતના શ્લોક બોલે, ચંડીપાઠ બોલે. તો ભૂત પણ સામે આજ શ્લોક અને ચંડીપાઠ બોલે પણ જમુનાના શરીરમાંથી ભૂત નીકળે નહિ. આથી દીનાનાથ ભટ્ટ ખૂબ મૂંઝાઈ ગયા અને હારી થાકીને તેઓ શ્રીહરિના શરણે ગયા અને પોતાની

પુત્રીને બ્રહ્મરાક્ષસથી છૂટકારો અપાવવા પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ મયારામ ભટ્ટનો મહિમા દર્શાવી કહ્યું કે, તે નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારી છે. તેમને આ મુશ્કેલી સમજાવો અને મયારામ ભટ્ટના ભોજનનું ચળુ કરેલું જળ જમુનાને છાંટો તો બ્રહ્મરાક્ષસ ભાગી જશે. (૧)

હવે, જેમના ઉપર તેમને ભારોભાર ઈર્ષા હતી જેમને તેઓ તુચ્છ અને અભણ માનતા હતા તે મયારામ ભટ્ટ પાસે પોતાની પુત્રી માટે માન મૂકીને જવું પડ્યું અને બ્રહ્મરાક્ષસને કાઢવાની વિનંતિ કરી. ભટ્ટજીએ તેમને માનથી આવકાર્યા અને શ્રીજીના આદેશ અનુસાર પોતાનું ચળું કરેલું જળ સંકોચાતા સંકોચાતા દીનાનાથ ભટ્ટને આપ્યું. આ જળ જમુનાને છાંટતા જ બ્રહ્મરાક્ષસ ચીસ નાખીને જમુનાના દેહમાંથી ભાગ્યો. આ ચમત્કાર જોતા ભટ્ટજી આભા બની ગયા કે, જેના ભક્તમાં આવો પ્રતાપ છે તો તેના ભગવાનમાં કેવો પ્રતાપ હશે ? પોતાને થયેલી ગેરસમજણ દૂર થઈ. મયારામ ભટ્ટનો પણ ગુણ આવ્યો. શ્રીહરિ પાસે જઈ પોતાની ભૂલની ક્ષમા માંગી શ્રીહરિની પ્રશસ્તિનું એક સંસ્કૃત સ્તોત્ર રચ્યું : (૧)

भव संभव भीतिभेदनम् .... सहजानंदम् गुरुं भजे ।

શ્રીહરિનું પૂર્વવત શરણું લીધું અને અનન્ય આશ્રિત થઈ ગયા.

ભક્તો શ્રીહરિને વસ્ત્ર અલંકાર ધરાવતા હોય તો તે વસ્ત્રો થોડી વાર પહેરી આ પ્રસાદીના વસ્ત્રો શ્રીહરિ દીનાનાથ ભટ્ટને આપતા. **કારિયાણીના દૃહા** વચનામૃતમાં ઉલ્લેખ છે કે, દીવબંદરના પ્રેમી ભક્ત પ્રેમબાઈએ શ્રીહરિની વસ્ત્રાલંકારે કરીને પૂજા કરી પછી તે વસ્ત્રો પોતે થોડીવાર પહેર્યા અને તે દીનાનાથ ભટ્ટને આપી દીધા. (૧)

શ્રીહરિનો આવો રાજીપો ભટ્ટજી ઉપર હતો.

વચનામૃતમાં આ પ્રકાંડ પંડિત દીનાનાથ ભટ્ટે મુમુક્ષુભાવે ૬ જેટલા પ્રશ્નો શ્રીહરિને પૂછેલા છે. પોતાને વેદ-વેદાંત અને તત્ત્વજ્ઞાનનું ઊંડું જ્ઞાન હતું અને તત્ત્વથી ભગવાનને ઓળખવા પ્રયત્ન કરતા અને તેવા પ્રશ્નો શ્રીહરિને પૂછતા.

ગઢડા પ્રથમ : ૩૦મું વચનામૃત :

દીનાનાથ ભટ્ટે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, કોઈક સમે તો હજારો ઘાટ થાય પણ તેનો મનને વિષે ડંસ બેસે નહિ અને કોઈક સમે તો અલ્પ ઘાટ થાય તેનો

મનને વિષે ડંસ બેસે છે તેનું કારણ શું છે ?

ત્યારે શ્રીહરિ તેનો યથોચિત ઉત્તર કરી કહે છે કે, 'ઘડી ઘડી પળ પળમાં સૂક્ષ્મ ઘાટ થાય તે કોઈના ઓળખ્યામાં આવે નહિ પણ તમારા જેવા કોઈક બુદ્ધિમાન હોય તો આખા દિવસમાં બે-ત્રણ ચાર સ્થૂળ ઘાટ થાય તે તેના ઓળખ્યામાં આવે.' એમ કહી શ્રીહરિએ તેમની બુદ્ધિમત્તાની પ્રશંસા કરી છે.

દીનાનાથ ભટ્ટે એ પ્રકારનો જ બીજો પ્રશ્ન પૂછ્યો છે જે **ગઢડા પ્રથમના ૩૨માં** વચનામૃતમાં છે :

કોઈ સમે તો ભગવાનના ભક્તના હૃદયમાં આનંદથી ભગવાનનું ભજન સ્મરણ થાય છે ને ભગવાનની મૂર્તિનું ચિંતવન થાય છે અને કોઈ સમે તો અંતર ડોળાઈ જાય છે ને ભજન સ્મરણનું સુખ આવતું નથી તેનું શું કારણ છે ?

આમ, દીનાનાથ ભટ્ટ ધ્યાન પણ કરતા. શાસ્ત્રોનું ગૂઢ મનન ચિંતન કરતા તેથી તેઓ ભજન-સ્મરણ કરવા બેસે ત્યારે અંતરના ઘાટ ઓળખી જતા.

દીનાનાથ ભટ્ટ જ્ઞાનવાંછુ ભક્ત હતા. તેમને અયાચક વ્રત હતું. વિપ્રના ધર્મો સારધાર પાળતા. સવારથી મધ્યરાત્રિ સુધી શાસ્ત્રના પાના ફેરવતા (વાંચતા) તેનું મનન-ચિંતન કરતા. સંબંધી સ્ત્રી વિનાની કોઈ સ્ત્રીનું મોં જોતા નહિ. હાણ-વૃદ્ધિમાં તે સમભાવ રાખતા. શ્રીહરિ હરજીવન શેઠ દ્વારા છાની રીતે તેના વ્યવહારની ખબર રખાવતા અને વ્યવસ્થા કરતા, જેની ખબર ભટ્ટજીને થતી નહિ. (૧)

★ **મધ્ય-૧૭ વચનામૃતમાં** ભટ્ટજી પ્રશ્ન પૂછે છે :

'જેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું હોય તેને ભગવાનનું સ્વરૂપ તત્ત્વે સહિત સમજવું કે તત્ત્વે રહિત સમજવું ?'

ભટ્ટજીને ભાગવતના ૧૮૦૦૦ શ્લોક કંઠસ્થ હતા. તેવા વિદ્વાન પુરુષ હતા. તત્ત્વજ્ઞાનમાં તેમની ખાસ રુચિ હતી તેથી દરેક વિષયને તેઓ તત્ત્વે કરીને ઓળખવા માંગતા તેથી શ્રીહરિને આવા પ્રકારનો પ્રશ્ન પૂછેલ છે.

★ **વડતાલ : ૧ વચનામૃત :**

મનમાં સંકલ્પ વિકલ્પ ટાળવાનો ઉપાય કરે અને જો મનને ન જીતી શકે તો તેની શી ગતિ થાય છે ?

મોટા પંડિતો, સંતો, મુમુક્ષુઓ જેઓ આધ્યાત્મિક માર્ગે ચાલતા હોય છે.

જેને ભગવાન મેળવવા છે તેને પણ સાધન અવસ્થામાં સંકલ્પ વિકલ્પ, ઘાટ થતા હોય છે. પરંતુ તે સંકલ્પ દૂર કરવા માટેના ઉપાયો શોધતા હોય છે. મનને જીતવાના ઉપાયો શોધી ભજન-સ્મરણનું સુખ લેવા ઈચ્છતા હોય છે. તેથી ભટ્ટજીએ મુમુક્ષુભાવે આવો પ્રશ્ન શ્રીહરિને પૂછેલ છે.

★ **વરતાલના ૧૧માં વચનામૃતમાં** પ્રશ્ન પૂછેલ છે :

મહારાજે દીનાનાથ ભટ્ટ તથા મુનિમંડળ સમસ્ત પ્રત્યે તત્ત્વજ્ઞાન, વેદાંતસંબંધી પ્રશ્ન પૂછેલ છે.

★ **ગઢડા અંત્યના ૨૦માં વચનામૃતમાં** મહારાજને દીનાનાથ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે, કાળ તો ભગવાનની શક્તિ છે. ને કર્મ તો જીવે કર્યા હોય તે છે. પણ સ્વભાવ તે વસ્તુગત્યે શું હશે?

★ **કારિયાણી :** ૬ઠ્ઠા વચનામૃતમાં શ્રીહરિએ ભટ્ટજી ઉપર રાજી થઈને દીવ બંદરના પ્રેમબાઈએ ધરાવેલા કિંમતી વસ્ત્રો આપી પોતાનો દિવ્ય રાજીપો દર્શાવ્યો છે.

★ **પાદટીપ :**

(૧) **શ્રી સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્તો :** લેખક - શાંતિકુમાર ભટ્ટ, વડતાલ. કાનજી ભગત પ્રકાશન. વર્ષ-૧૯૮૦.

●

૫૬. પ્રાગજી દવે (પુરાણી)

પ્રાગજી દવે વિષે જાણીએ :

પ્રાગજી દવે કે પ્રાગજી પુરાણી બંને એક જ છે. તેઓ બ્રાહ્મણ હતા.

કચ્છ દેશમાં તેરા ગામમાં પ્રાગજી દવે રહેતા. તેમને ગોવિંદજી કરીને એક ભાઈ હતા. બંને ભાઈઓ પરણેલા હતા. બંને ભાઈઓ શિર સાટે સત્સંગ રાખતા અને દૃઢ ટેકવાળા હતા અને એકાંતિક ભક્ત હતા. (૧) તેમની માતાને પણ સત્સંગ હતો.

કચ્છ વિચરણ દરમ્યાન મહારાજ તેરા ગામમાં એક બ્રાહ્મણ પાસે કથા વંચાવતા હતા. કથા વાંચવા બેસે ત્યારે બ્રાહ્મણ નિત્ય બોલે કે, મહારાજ તમને કાંઈ શંકા થાય તો પૂછજો. એકવાર મહારાજે તેને પ્રશ્ન પૂછ્યો પણ બ્રાહ્મણને તે આવડ્યો નહિ. પોતે ભણેલો હતો. એટલે એમ બોલ્યો કે, તમે મારી ભરસભામાં લાજ લીધી. એમ કહી રીસાઈને જતો રહ્યો. મહારાજે તેને બોલાવવા માણસ મોકલ્યો પણ ન આવ્યો, પછી મહારાજ ભૂજ આવ્યા અને પ્રાગજી દવેની માને પૂછ્યું કે, પ્રાગજી કથા કરશે ? ત્યારે મા કહે તે તો ફક્ત સારસ્વત (વ્યાકરણ) ભણ્યો છે. પુરાણ ભણે તો કથા કરે. વળી, મહારાજે પ્રાગજીને પૂછ્યું, તો તેણે પણ એમ જ કહ્યું. પછી મહારાજ પ્રાગજી દવે ને કહે, તમે જેવી આવડે તેવી કથા કરો. પછી મહારાજની કૃપાથી પ્રાગજી દવેએ તે કથા તો કરી પણ મહારાજે બીજા અષ્ટાદશ પુરાણ, સ્મૃતિ, વેદ, કેટલાક અજાણ્યા પ્રાચીન ગ્રંથ મંગાવીને તેમની પાસે વંચાવ્યા. કાવ્ય પ્રકાશ, અલંકારના ગ્રંથો જે પ્રાગજી કદિ ભણ્યા પણ ન હતા તે તમામ ગ્રંથોની કથા શ્રીહરિની કૃપાથી કરી. શ્રીહરિના પ્રતાપથી પુરાણી એક આસને બેસી વીસ પચીશ અધ્યાય વાંચી શકતા અને કેડ કે માથું પણ ન દુઃખતું. આવી સામર્થી શ્રીહરિએ પ્રાગજી દવેને આપેલ. પોતે શાસ્ત્રો ભણ્યા ન હતા પણ શ્રીજીના આશીર્વાદથી બધા શાસ્ત્રો તેમને આવડ્યા.

(૨) મૂકં કરોતિ વાચાલં... તે શ્લોક સાર્થક થયો.

શ્રીહરિ ગઢડામાં હતા ત્યારે પોતાની પાસે કાઠી હરિભક્તો બેઠા હતા ત્યારે સહેજે વાત નીકળી કે, સારું વાહન કયું ? ત્યારે કાઠીએ રોઝા ઘોડાની વાત કરી. પછી મહારાજ રોઝા ઘોડા ઉપર બેસી ઘેલે ન્હાવા ગયા. ન્હાઈને ઘોડાની સરક અને તેનો સોનેરી સાજ પ્રાગજી દવેના હાથમાં મૂકી 'કૃષ્ણાર્પણ' એમ બોલ્યા. ત્યારે કાઠી કહે આ બ્રાહ્મણ ઘોડાને બાંધશે ક્યાં ? મહારાજ કહે, પ્રાગજી ફાવે તેમ કરે. આપણે સારું પદાર્થ ન જોઈએ, એમ કહી હજારો રૂપિયાનો ઘોડો દાનમાં દઈ દીધો. (૩)

શ્રીહરિ ગઢડામાં હતા ત્યારે કથા વંચાવવા માટે પ્રાગજી દવેને બોલાવ્યા, ત્યારે તે મહારાજને પગે લાગી વ્યાસાસને બેઠા. ત્યારે શ્રીહરિએ તેમની ચંદનપુષ્પાદિકે કરીને પૂજા કરી અને બોલ્યા કે, આ તો સર્વે પુરાણના જાણનારા, મીમાંસાદિક શાસ્ત્રને, ચાર વેદને યથાર્થ જાણનારા એવા પ્રગલ્ભતાવાળા પુરાણી છે એમ કહી તેમના વખાણ કર્યા. (૪) શ્રીહરિની કૃપાથી તેમનામાં આવા રૂડા ગુણ આવેલા.

સંવત ૧૮૬૧થી ૧૮૬૨ સુધીમાં ગઢડામાં શ્રીહરિએ પ્રાગજી પુરાણી પાસે સાત વાર ભાગવતની કથા વંચાવી અને દરેક કથા પુરી થાય ત્યારે તેમને ૧૦૦ રૂ.નું દાન આપતા. અને દરરોજનું સીધું આપતા. (૫) એ વખતના સો રૂપિયા એટલે અત્યારની કિંમત પ્રમાણે ઘણા રૂપિયા થાય.

એકવાર પ્રાગજી દવેએ શ્રીહરિને કહ્યું, મને સમાધિ થતી નથી પણ મારા ઘરવાળાને થાય છે. છોકરું ઘોડિયામાં રોતુ હોય ને હું સ્ત્રીને જગાડું તો મને કહે, મને એ સુખમાંથી શું કામ જગાડી ? છોકરો મુવો ને તમે પણ મુવા, હું મહારાજના ધામમાં તેમના દર્શન કરતી સુખ લેતી હતી. એમ કહી અક્ષરધામના સુખની વાત કરતી હતી, તો મહારાજ મને પણ સમાધિનું સુખ આપો. ત્યારે મહારાજ કહે, મારી સામે જુઓ. પછી પુરાણીએ જોયું તો નાડી તણાવા માંડી. તો પુરાણી કહે, એમ નહીં. હું ઊંઘમાં સુતો હોઉં ત્યારે સમાધિ થાય એમ કરો. ત્યારે મહારાજ કહે એમ ન થાય. તમે ભજન કરતા રહો તો ધીમે ધીમે સમાધિ થશે. (૬) સમાધિ સહેલી નથી. પુરાણીની સ્ત્રીને સહેજે સમાધિ થતી. આમ મહારાજની બંને ઉપર કૃપા હતી.

વચનામૃતમાં શ્રીહરિએ અનેકવાર પ્રાગજી પુરાણીનો ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા મધ્યનું ૧૮મું :

પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશ-દેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને પોતાની આગળ પ્રાગજી દવે કથા કરતા હતા.

★ ગઢડા મધ્યનું ૨૮મું :

...પછી દવે પ્રાગજીએ કહ્યું જે, 'શ્રીમદ્ ભાગવત્ જેવો કોઈ ગ્રંથ નથી.'

★ ગઢડા મધ્યનું ૩૧મું :

...અને પ્રાગજી દવે પાસે શ્રીમદ્ ભાગવતમાં કપિલ ગીતાની કથા વંચાવતા હતા.

★ **પાદટીપ :**

(૧) **સહજાનંદ ચરિત્ર :** કંડારી ગુરુકુલ. વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૯૨

(૨) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન, વર્ષ-૨૦૧૨, વાર્તા નં. ૨૭૬

(૩) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન, વર્ષ-૨૦૧૨, વાર્તા નં. ૩૨૬

(૪) **શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, વાર્તા નં. ૧૨૨, અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૨૦૧૫

(૫) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** ભાગ-૨, સ્વામિ. સાહિત્ય મંદિર, ગાંધીનગર. વર્ષ-૧૯૯૫, પુર-૭, તરંગ-૭

(૬) **ભાયાત્માનંદ સ્વામીની વાતો :** રાજકોટ ગુરુકુલ. વર્ષ : સંવત ૨૦૫૩, વાર્તા નં. ૬૫

●

૫૭. શ્રી ગોવર્ધનભાઈ

ગામ : માંગરોળ

જ્ઞાતિ : વણિક

વચનામૃતમાં ઉલ્લેખ : ગઢડા પ્ર. ૧, અં. ૩૨

અંગ : શ્રીજી સાથે તદાકાર અને તદાત્મક સ્થિતિ. પોતે ગોવર્ધનભાઈ છે તેનો ખ્યાલ તેમના મનમાંથી નીકળી ગયેલ. સર્વત્ર દરેક દિશામાં તેમને શ્રીહરિના જ દર્શન થતા. સંસારમાં રહેવા છતાં બાધિતાનુવૃત્તિને કારણે તેમને સંસાર બંધનરૂપ થતો ન હતો. ધ્યાની ભક્ત, સમાધિનિષ્ઠ, એકાંતિક સ્થિતને પામેલા.

સમાધિની સ્થિતિને પામેલા ભક્તરાજ :

શ્રીહરિ જેમ વિચારે, જેમ મનમાં ધારે તેવું ભગતને કળાતું. પોતાનામાં સ્વતંત્ર વિચારશક્તિ જેવું ન હતું. મહારાજની ઇચ્છાથી બધુ થતું. પોતે નિર્લેપપણે વર્તતા. નિજાત્માનં બ્રહ્મરૂપ સ્થિતિને પામેલા હતા.

ભગવાન અને ભક્તની એકતાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ. તેમને ગીતાના ૬-૮ શ્લોક : *समलोष्टाश्म कांचन* મુજબ થઈ ગયું છે. ભગવાનની આજ્ઞા મુજબ વ્યવહાર કરતા અને નિરાવરણ દૃષ્ટિ ને અલૌકિક સ્થિતિને પામેલા.

પ્રશ્ન : માયાનું શું રૂપ છે ? **(ગઢડા પ્રથમ : ૧)**

પોતે માયાથી મુક્ત હતા, સ્થિતિને પામેલ હતા. છતાં શાસ્ત્રોના ગૂઢ રહસ્યનો તાગ પામવા મથતા.

★ **ગઢડા અંત્યના ૩૨માં વચનામૃત**માં શ્રીહરિ કૃપા વાક્ય બોલે છે કે, આહાર ક્ષીણ થાય ત્યારે જ ઇન્દ્રિયો જીતાય અને તે સાથે નવ પ્રકારની ભક્તિ કરે તો તેનો સત્સંગ પાર પડે. નહીં તો ગોવર્ધન જેવો સમાધિનિષ્ઠ હોય તો પણ એને ભય છે. તેમ કહી ગોવર્ધનભાઈના **ગઢડા પ્રથમ-૧માં** પૂછેલા પ્રશ્નનો અન્ય ઉત્તર પણ પોતે આપી દીધો. ફક્ત સમાધિનિષ્ઠ હોય એટલે તેને માયા ન નડે તેવું

નથી. તેને પણ માયા નડે ખરી. કેમકે ગોવર્ધનભાઈની બાધિતાનાવૃત્તિ હતી છતાં તેમને વસ્તાર (સંતાનો) હતો. તો આ માયા ભક્તોને બંધનરૂપ ન બને તે માટે શ્રીહરિ આ કૃપા વાક્ય ગોવર્ધનભાઈને ઉદ્દેશીને બોલ્યા છે.

ગોવર્ધનભાઈને પ્રથમ શ્રીહરિ નીલકંઠ વર્ણી વેશે વિ.સં. ૧૮૫૬માં માંગરોળની ડોસાવાવ પાસે મળેલા. મહારાજને પગે લાગી બેઠા. વર્ણીમાં ભગવાનપણાનો નિશ્ચય તે વખતે ન હતો. શ્રીહરિ માટે પોતાના ઘરેથી સુખડી અને ગાંઠિયા લાવ્યા. તેમને વર્ણીએ પૂછ્યું કે, આ વસ્તુ અચાનક કેમ તૈયાર હતી ? ત્યારે શેઠ બોલ્યા કે, મારી ફઈબાનું કારજ હતું. તેથી આ વસ્તુ તૈયાર હતી. વળી, પોતાની ફઈબા રામાનંદ સ્વામીના શિષ્યા હતા અને હાલ તે કયા ધામમાં છે ? તેમ પૂછતા શ્રીહરિ બોલ્યા કે, તે હાલ કુંભીપાક નરકમાં રીબાય છે. શેઠને બહુ આશ્ચર્ય લાગતા શ્રીહરિએ તેમને સમાધિ કરાવી યમપુરીમાં મોકલતા શેઠે ફઈબાને ત્યાં રીબાતા જોયા અને પોતાને છોડાવવા પ્રાર્થના કરતા પોતે ફઈબાને નરકમાંથી કાઢવા મથ્યા. પણ તે વખતે યમના દૂતો આવ્યા અને ક્રોધ કરીને શેઠને ત્યાંથી હાંકી કાઢ્યા. શેઠ દેહમાં આવ્યા અને શ્રીહરિને આ વાત કરી. ત્યારે મહારાજે તેમને કહ્યું કે, તમે ફરીવાર યમપુરીમાં જાઓ અને મારું નામ બોલજો, તો તમે ફઈબાને છોડાવી શકશો. આથી, શેઠ ફરી વાર ગયા અને શ્રીહરિનું નામ બોલતા તેમનું શરીર અતિશય વિશાળ અને બળવાન થઈ ગયું. આ જોઈ યમદૂતો ત્યાંથી ભાગી ગયા અને શેઠ ફઈબાના આત્માને લઈ શ્રીજી પાસે લાવ્યા ત્યારે મહારાજે તેમને બદરીકાશ્રમમાં તપ કરવા મોકલ્યા અને તેમને શુદ્ધ થઈ પછી સત્સંગમાં દેહ ધારણ કરશો તેવા આશીર્વાદ આપ્યા. (૨)

શ્રીહરિએ ગોવર્ધનભાઈના ફઈબા નરકમાં શું કામ છે ? તેની કથા કહી કે,

રામાનંદ સ્વામી જ્યારે માંગરોળમાં સદાવ્રત ચલાવતા ત્યારે કોઈ ભક્તે સ્વામીને સોનાનું કડું સેવામાં વાપરવા આપેલ. સ્વામીને તીર્થયાત્રામાં જવાનું થતાં તે કડુ સાચવવા માટે પૂતળીબાઈ (ફઈબા)ને આપ્યું. સોનું જોઈને ફઈબાનું મન ચળી ગયું અને તે કડુ તેમણે ઓળવી લીધું. સ્વામી તીર્થયાત્રાએથી પાછા ફર્યા ત્યારે કડુ તેમણે પાછું માંગ્યું. તો ફઈબા કહે, એ તો મેં તમને પાછું આપી દીધું છે. આમ સોનું ચોરી લીધું તેનું પાપ ફઈબાને લાગ્યું. વળી તે ધર્માદાનું હતું અને

ગુરુનું ધન હતું. આથી, તેમને વિશેષ પાપ લાગ્યું અને આ પાપે કરીને ફઈબા કુંભીપાક નરકમાં યાતના ભોગવતા હતા.

ગોવર્ધનભાઈની મનોસ્થિતિ શ્રીજી સાથે કેવી તદાકાર છે. તે ભક્તોને બતાવવા એકવાર શ્રીહરિ કહે, ગોવર્ધનભાઈ તમે મારી પાસે ઢોલિયા ઉપર બેસો. ત્યારે શેઠ ઊભા થઈને ઢોલિયા ઉપર બેઠા, પણ મહારાજને પીઠ દઈને બેઠા. બીજા ભક્તોને શેઠની સ્થિતિની ખબર ન હતી. તેથી તેમણે ટકોર કરી કે શેઠ, તમે મહારાજને પીઠ દઈને બેઠા છો. ત્યારે શ્રીજીએ જવાબ આપ્યો કે, તેમને દરેક દિશામાં મારા દર્શન થાય છે. તો હવે કઈ દિશામાં બેસે ? આ જોઈ સૌને નવાઈ લાગી. (૨)

પછી મહારાજ કહે, શેઠ ઢોલિયા ઉપર સૂઈ જાઓ. એટલે તરત સૂઈ ગયા. પછી મહારાજ કહે, ભક્તો ! શેઠના સૌ પગ દાબો. એટલે ભક્તો પગ દાબવા લાગ્યા. તે સાથે મુક્તાનંદ સ્વામી પણ પગ દાબવા લાગ્યા. એટલે ફરી કોઈએ ટકોર કરી કે શેઠ ! સ્વામી તમારા પગ દાબે છે. ના તો પાડો. ત્યારે મહારાજ કહે, શેઠને મારી સાથે એવું તાદાત્મ્ય છે કે પોતે ગોવર્ધન છે એ પણ તેને ખબર નથી. તેમને સર્વત્ર મારી મૂર્તિ જ દેખાય છે. તે ઉપશમ દશામાં જ જીવે છે. (૨)

★ શેઠની ઉપશમ દશાનું બીજું ઉદાહરણ રૂપ પ્રસંગ જોઈએ :

એકવાર ખંભાતના ભક્તો મહારાજ માટે સુતરફેણી લાવ્યા. ત્યાં સવારમાં ગોવર્ધનભાઈ મહારાજના દર્શને આવ્યા. એટલે શ્રીહરિ કહે, લ્યો શેઠ ! આ સુતરફેણી અમને જમાડો. એટલે બીજાને એમ કે, હમણાં શેઠ આ મીઠાઈ મહારાજના મુખમાં જમાડશે. પણ તેને બદલે શેઠ તો બેસીને પોતે જ જમવા લાગ્યા. વળી કોઈને આશંકા થઈ કે, આ આમ કેમ કરે છે ? ત્યારે મહારાજ કહે, એ અમને જમાડે છે. ત્યારે મશ્કરા કાઠી હસવા લાગ્યા કે, અમે પણ એમ જ કહીએ કે અમે નથી જમતા તમને જમાડીએ છીએ. (૨)

આમ પાંચ શેર સુતરફેણી ગોવર્ધનભાઈ જમી ગયા.

હવે મહારાજ કહે, અરે ! શેઠ તમે તો જમો ! ત્યારે શેઠ કહે ! ના હોં મહારાજ. મારે તો હજી દાંતણ બાકી છે, પૂજા બાકી છે. (૨)

ત્યારે વળી કાઠીઓ આ જવાબ સાંભળી હસવા લાગ્યા : અમે પણ આમ

જ કહીએ મહારાજ ! મહારાજ કાઠીઓને સમજાવી ન શક્યા. (૨)

આ બાજુ શેઠ દાતણપાણી કરી પરવારી પૂજા કરી ભંડારમાં ગયા અને રાબેતા મુજબનો નાસ્તો કર્યો. મહારાજ કહે, જુઓ આ સુતરફેણી જમ્યા હોય તો નાસ્તો કરે ખરા ?

ત્યારે કાઠી મર્માળા વેણ બોલી કહે, હા. અમે આમ જ કરીએ. મહારાજ કહે હવે મારે કંઈક એવું કરવું જોઈશે કે આ કાઠી ભક્તો શેઠની સ્થિતિ સમજી શકે. આથી, તેમણે મીઠું અને સાકરના બે થાળ મંગાવ્યા. શેઠને બોલાવ્યા અને કહે, લ્યો શેઠ ! આ અમને જમાડો. હાં, મહારાજ કહીને શેઠ એક મુઠી સાકર અને એક મુઠી મીઠું એમ કરી કરીને બધું જમી ગયા. મોઢાના હાવભાવમાં ફેરફાર ન થયો. ત્યારે કાઠીઓ કહે, હવે સાચું મહારાજ ! તમે કહો છો તેવી ઉપશમદશાને આ શેઠ પામી ગયા છે. શ્રીજી સાથે આવી એકતા ભાગ્યે જ કોઈમાં હોય. સત્‌યુગમાં જે રીતે ભક્તો જીવન જીવતા તેવા સત્‌યુગના ધર્મો શ્રીહરિએ આ કળિયુગમાં પ્રવર્તાવ્યા. (૨)

શેઠ વેપાર કરતા. કોઈને ઉધાર માલ આપ્યો હોય તે ખાતાવહીમાં નોંધ કરે પણ હસ્તે : સ્વામિનારાયણ. એવા નામે કરે. કોને માલ આપ્યો છે તેનું નામ ન લખે. તેમના સંબંધીને શેઠની ઊંચી સ્થિતિનો ખ્યાલ ન હોય તેથી જે તે વ્યક્તિનું નામ લખવા સમજાવે પણ શેઠ માને નહીં. આ વાતની ખબર મહારાજને પડી. એટલે મહારાજ કહે, તેમણે મારા માથે નાખ્યું છે તો તેમના વ્યવહારની ચિંતા મારે કરવી પડશે. આ વાત સાંભળીને મુક્તાનંદ સ્વામીને પણ શેઠનો ખૂબ ગુણ આવ્યો. (૨)

એકવાર ગઢડાથી શ્રીજીએ જન્માષ્ટમીના ઉત્સવ ઉપર આવવા માટે ગોવર્ધનભાઈને પત્ર લખ્યો. શેઠે પત્ર વાંચ્યો અને અનરાધાર વરસાદની પરવા કર્યા વગર ચાલી નીકળ્યા. રસ્તામાં આડી નદી આવી. પાણી બે કાંઠે. પુરની સ્થિતિ. નદી પાર થઈ શકે તેમ ન હતું. તેથી શેઠ કિનારે બે-ચાર પથરા ગોઠવી સૂઈ ગયા કે પુર ઊતરે પછી નદી પાર કરીશ. વરસાદ ચાલુ હતો. આ બાજુ મહારાજને ભક્તની ચિંતા થઈ, તેથી તેમણે શેષનારાયણને મોકલ્યા. તેમણે આવીને ફેણ ફેલાવી ભક્તની વરસાદથી રક્ષા કરી. સવારે વરસાદ રહી ગયો તો શેષનારાયણ શેઠને પગે લાગી જતા રહ્યા. શેઠ ગઢડા પહોંચ્યા. મહારાજે

ક્ષેમકુશળ પૂછ્યા ત્યારે શેઠ કહે એક મોટા સાપે મારી રક્ષા કરી મારા ઉપર ફેણ રાખીને વરસાદનું ટીપું મારા પર પડવા ન દીધું. ત્યારે મહારાજ કહે, અમે શેષનારાયણને તમારું ધ્યાન રાખવા મોકલેલ. (૨)

શેઠ પોતે સમાધિનિષ્ઠ હતા તેથી ભક્તો કહે, અમને સમાધિ કરાવો. ત્યારે ત્રિકમ નામે માળીને કહ્યું કે, મારી સામે જો. પેલાએ જોયું કે તરત સમાધિ થઈને અક્ષરધામનું સુખ માણીને પાછો આવ્યો ને બધાને વાત કરી તેથી બધાને અહોભાવ થયો. વળી કોઈએ પૂછ્યું, મહારાજ અત્યારે ક્યાં છે ? અને કેવા વાઘા ધારણ કર્યા છે ? શેઠ કહે, ગઢડામાં છે અને લાલ વાઘા પહેર્યા છે. આની ખાતરી માટે વળી બીજાને સમાધિ કરાવી. પેલો ગયો ને ખાતરી કરી પાછો આવ્યો. ત્યારે બધા ભક્તોને મહારાજનો અને શેઠનો ખૂબ ગુણ આવ્યો અને નિષ્ઠામાં ઉમેરો થયો. (૨)

આમ શેઠ આવા એકાંતિક, ધ્યાની, સમાધિનિષ્ઠ, ઉપશમદશાને પામેલા ભક્ત હતા જેમની ભક્તિ શ્રીહરિએ વખાણી છે.

★ **પાદટીપ :**

(૧) **સત્સંગ દર્પણ ભાગ : ૧**, પાના નં. ૧૯૯, પ્રકાશક : કાનજી ભગત. વડતાલ.

(૨) **આદર્શ ભક્ત ગાથા :** રૂગનાથ ચરણ સ્વામી. સ્વામિ. મંદિર, જૂનાગઢ. પાના નં. ૩૦થી ૪૨

●

૫૮. હરજી ઠક્કર

અખંડ વૃત્તિના **ગઢડા પ્રથમના ૧**લા વચનામૃતમાં હરજી ઠક્કરે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, કેટલાક તો ઘણાં દિવસથી સત્સંગ કરે છે તો પણ તેને જેવી પોતાના દેહ અને દેહના સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થતી તેનું શું કારણ છે ?

હરજી ઠક્કર મુમુક્ષુ હરિભક્ત. ભગવાનમાં આસ્થાવાળા. મૂળ જ્ઞાતિ ખોજા. હરજી ઠક્કર ખૂબ વિચક્ષણ અને મહાબુદ્ધિશાળી, બાહોશ કારભારી ગણાય. શ્રીહરિના અંગત સચિવ કક્ષાના કારભારી હતા. મૂળ ગામ પીથલપુર (તળાજા પાસે ભાવનગર જિલ્લો)ના વતની.

શ્રીહરિ વનવિચરણમાં હતા. તે સમયે પીથલપુર પધારેલ. તે સમયે હરજી ઠક્કરના માતા જાનબાઈએ શ્રીહરિને દૂધ પાયેલ પછી શ્રીહરિએ જાનબાઈને કહ્યું કે, તમારા દીકરાને તમે ત્રણેક વર્ષ પછી મારી પાસે મોકલજો. આમ હરજી ઠક્કર પ્રભુને શોધતા શોધતા ગઢડા આવ્યા અને કહ્યું કે, હું પીથલપુરથી આવું છું. મને મારી મા જાનબાઈએ વાયવ્ય ખૂણામાં ભગવાન મળશે તેમ કહેલ તેથી અહીં આવ્યો. હરજી ઠક્કરના મસ્તકે શ્રીહરિએ બે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને તમારે કાયમ માટે ગઢડા રહેવાનું છે તેવો આદેશ કર્યો. ત્યાર પછી હરજી ઠક્કર અને તેનું સમગ્ર કુટુંબ ગઢડા આવી વસેલ. હરજી ઠક્કરના ભાઈઓ ગાંગજી ઠક્કર અને ધનજી ઠક્કર હતા. શ્રીહરિએ તેમની બુદ્ધિમત્તા જોઈ તેમને કારભારી બનાવી દાદાખાચરનો વહીવટ સોંપ્યો. (૨)

આમ, પ્રભુ મિલનની પ્યાસે હરજી ઠક્કરને પ્રભુનો મેળાપ થઈ ગયો.

હરજી ઠક્કરે મહારાજને અર્થે હજારો રૂપિયાની સેવા કરી રાજી કરેલ. ગઢડામાં શ્રીહરિને સ્નાન માટે લોખંડનું ઉનામણીયું હતું. તો હરજી ઠક્કરે કહ્યું કે, આપણે ત્રાંબાનું મોટું ઉનામણીયું છે તો મહારાજને આપીએ. તેમની માતા જાનબાઈએ હા પાડી પણ તે વખતે ધનજી ઠક્કર આવી ચડતા તેણે નાનું વાસણ

આપવાનું કહેતા માતા તેના પર ગુસ્સે થયા કે, તું મહારાજની સેવામાં આડો આવે છે. તેમ કરતા માતા પુત્ર વચ્ચે વડછડ થઈ અને માતાએ ગુસ્સામાં નારાજ થઈ ધનજીને કહી દીધું કે, તું અહીંથી ચાલ્યો જા. તારું મોં મને કોઈ દિ' બતાવતો નહીં. આમ, ધનજી ઠક્કર ગઢડા છોડી તળાજા (જિ. ભાવનગર) જઈ વસ્યા. હાલ તેમના વંશજો ખોજા હરિભક્ત તરીકે તળાજામાં વસવાટ કરે છે. પણ ડોસી જીવ્યા ત્યાં સુધી ધનજીનું મોં ન જોયું. (૨)

પરંતુ જાનબાઈને એક શુભ વાસના રહી ગયેલ કે મહારાજને મારા હાથે થાળ કરીને જમાડવા. પણ તે ઈચ્છા પૂરી ન થઈ. પરિણામે તે આત્માએ દાદાના દરબારમાં જ પાંચુબાના પેટે હીરૂબા રૂપે જન્મ લીધો. નાનપણથી હીરૂબાઈને રસોઈમાં ખૂબ રસ. થોડી મોટી થઈ ત્યારે હરજી ઠક્કરને મહારાજે પૂછ્યું, તું તારી મા ને ઓળખી શકે ? 'ના કેમ ?' આ પાંચુબાની દીકરી છે તે પૂર્વજન્મમાં તારી મા હતા. પણ તેને અમારે અર્થે થાળ કરવાની શુભ વાસના હતી તેથી તેણે અહીં ફરી વાર જન્મ લીધો છે. હવે થોડા વખતમાં તે અમારા માટે થાળ બનાવશે. તેની ઈચ્છા પુરી થશે અને પછી તે ધામમાં જશે. આમ શુભ વાસના હોય તો તે પણ જન્મ મરણ કરાવે છે ખરી. (૩)

શ્રીહરિ ગઢડામાં હતા ત્યારે એકવાર રાત્રીના સમયે જીવાખાચરના દરબારમાં પધારતા હતા ત્યારે રસ્તામાં હરજી ઠક્કર દુકાનમાં બેસી નાણાંમેળ કરતા હતા. ત્યારે મહારાજ કાળો ધાબળો ઓઢી, હરજી ઠક્કરનો નાણાંમેળ છાનામાના ઘણી વાર જોયો. પછી પોતે બોલ્યા કે, હરજી ! જેવી આમાં લગની લાગી છે તેવી જો આ મૂર્તિમાં લાગે તો વાંધો રહે નહિ. ત્યારે હરજીનું અચાનક ધ્યાન ગયું કે, અહો મહારાજ ! તમે ક્યારના ઊભા છો ? ત્યારે મહારાજે કહ્યું હું તો ક્યારનો ઊભો ઊભો તમારો નાણાંમેળ જોઉં છું. (૪)

આમ, શ્રીહરિ હરજી ઠક્કરના દેહ સાથે તેના જીવનું રૂડું થાય તેવી ટકોર કરતા.

હરજી ઠક્કર શ્રીહરિના અંગત સચિવ જેવા હતા. સાચા અને હિતેચ્છુ સલાહકાર હતા. વ્યવહારિક અને નાણાકીય બાબતોમાં શ્રીહરિ તેમની સલાહ લેતા. (૫)

શ્રીજીએ સંતોને ૧૧૪ પ્રકરણ ફેરવી બતાવ્યા અને આકરી કસોટી લીધી. જેમાં સંતોને સ્થાનકવાસી જૈન સાધુની જેમ મોઢે મુમતી બાંધવી એવું પ્રકરણ

ફેરવવું હતું તો એ પ્રકરણ લેવડાવ્યા પહેલા હરજી ઠક્કરની સલાહ લીધી હતી. (૬)

તેમની કાર્યકુશળતા અને શ્રીહરિની કૃપાથી ઉપાધિમાંથી દાદાખાચરની સર્વપ્રકારે રક્ષા થતી. (૭)

હરજી ઠક્કર ઉપર શ્રીજીનો ખૂબ રાજીપો હતો તેનું એક કારણ એ પણ હતું કે, પોતે દાદાખાચરનું, તેના કુટુંબીજનોનું તથા દાદાના ગામગરાસનું ખૂબ ધ્યાન રાખતા તેથી પણ શ્રીહરિ હરજી ઠક્કર ઉપર પ્રસન્ન હતા. જેમ ભગુજી, મિયાંજી વગેરે શ્રીહરિના દેહના રક્ષક હતા તેમ હરજી ઠક્કર શ્રીહરિ અને દાદાખાચરના આર્થિક રખેવાળ હતા. (૭)

ગઢડામાં સલાટ મૂર્તિઓ વેચવા આવ્યો ત્યારે હરજી ઠક્કરે કુનેહથી મહારાજને અને સલાટને સમજાવી બાવીશ મૂર્તિઓ ખરીદી. જે મૂર્તિઓ સુરત, ગઢડા, ભૂજ, ધોલેરા તથા ધોળકામાં પધરાવી. (૭)

સં. ૧૮૮૬ના ફાગણ સુદ ૨ દિવસે રાજકોટના અંગ્રેજ ગવર્નર સરમાલકમ સાહેબે શ્રીહરિને પત્ર લખી રાજકોટ પધારવા વિનંતી કરેલ. ત્યારે શ્રીહરિ સંતો તથા બંને આદિ આચાર્યો સાથે રાજકોટ પધાર્યા ત્યારે હરજી ઠક્કર તથા લાધા ઠક્કરને ગવર્નર સાહેબ પાસે મોકલી, કયા સ્થળે મુલાકાત કરવી ? વગેરે બાબતો પૂછાવેલ ત્યારે હરજી ઠક્કરે શ્રીહરિનો સંદેશો મોટા સાહેબ સુધી પહોંચાડી તેમનો જવાબ શ્રીહરિને પહોંચાડેલ. આ મુલાકાતમાં હરજી ઠક્કરનો સલુકાઈભર્યો વ્યવહાર ખૂબ મહત્ત્વનો બની રહેલ. (૮)

બ્રહ્માનંદ સ્વામી શતાવધાની સંત હતા. સ્વામીએ પોતાનો શતાવધાની પ્રયોગ છેલ્લીવાર ગઢડામાં કર્યો. ત્યારે લક્ષ્મીવાડીમાં હજારો માણસોની હાજરીમાં અનેક બુદ્ધિશાળી કાઠીઓ વગેરે હાજર હતા ત્યારે સૌની સાથે હરજી ઠક્કર જેવા અનુભવી લેખાવટીઆઓએ લાખથી કોડીની અને કોડીથી લાખના લેખાંઓ પૂછી બ્રહ્માનંદ સ્વામીની બુદ્ધિની પરીક્ષા કરી. ત્યારે સ્વામી ખૂબ બુદ્ધિગમ્ય રીતે આ લેખાઓના જવાબો વગર લખ્યે મોઢેથી ગણિતો ગણાવી ઉત્તરો કરેલ. આ શતાવધાની પ્રયોગથી શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયેલા. (૯)

જ્યારે મહારાજ દેહોત્સર્ગ કરવા તૈયાર થયા. તેની પહેલા સર્વેએ પૂછ્યું જે, અમને શી આજ્ઞા કરો છો ? પછી મહારાજે જેને જેમ ઘટે તેમ તેમ મોટા મોટા સદ્‌ગુરુ સાથે જોડાવાનું કહ્યું. પછી હરજી ઠક્કરે પૂછ્યું તો મહારાજે તેમને

ગોપાળાનંદ સ્વામીનો જોગ રાખવાનું કહ્યું. પછી સ્વામી પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી છ માસ સમાગમ કરતા અને છ માસ ઘરનો વ્યવહાર કરતા. (૧૦)

શ્રીહરિ ધામમાં ગયા બાદ હરજી ઠક્કર વર્ષમાં છ માસ જ વ્યવહાર કરતા, પરંતુ પૈસાના લોભે કરીને છાનો અફીણનો વેપાર કરતા. તેમના પિતરાઈ પ્રેમજી ઠક્કરે આની સરકાર પાસે ચાડી ખાધી. તેથી જપ્તી આવે તેમ હતી. તે સમયે ગોપાળાનંદ સ્વામીએ હરજી ઠક્કરને રાત્રે સ્વપ્નામાં આવીને કહ્યું કે, સૂઈ કેમ રહ્યો છે? પ્રેમજીએ સરકારમાં અફીણની ચાડી ખાધી છે. જપ્તી આવે તે પહેલા અફીણની વ્યવસ્થા કરી દે. આથી હરજી ઠક્કરે અફીણ ત્રીજા ઘરમાં છાણાના મોઢવા હેઠે સંતાડી દીધું. સવારે જપ્તીવાળા આવ્યા તપાસ કરી પણ ઘરમાંથી અફીણ ન નીકળ્યું ને બચી ગયા. આમ, સ્વામીએ હરજી ઠક્કરની રક્ષા કરી. ને કે તે વેપાર બંધ આવ્યો. (૧૧)

★ **પાદટીપ :**

(૧) **ભગવાન સ્વામિનારાયણ ભાગ ૨ :** BAPS પ્રકાશન : વર્ષ-૨૦૦૫, પાના નં. ૨૮થી ૨૯

(૨) **શ્રીહરિ ચરિત્રચિંતામણિ :** જૂનાગઢ મંદિર, પ્રકાશન : રૂગનાથ ચરણદાસજી સ્વામી, વિ.સં. ૨૦૬૨. ભાગ : ૨, વાર્તા નં. ૧૮૨

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ ૨**

(૪) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન : ૨૦૦૬ વર્ષ, વાર્તા નં. ૧૨૫

(૫) **ભગવાન સ્વામિનારાયણ** BAPS ભાગ ૩, પાના નં. ૧૫૨

(૬) **ગુણાતીતાનંદ સ્વામીની વાતો :** પાના નં. ૩૩૨ (પ્રકરણો ફેરવ્યા તે)

(૭) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨,** વાર્તા નં. ૨૭૩

(૮) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨,** વાર્તા નં. ૩૧૦

(૯) **બ્રહ્માનંદ સ્વામી જીવનદર્શન.** પ્રકાશક : માવદાનજી ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર, લેખક : નવિનદાન માવદાન રત્નુ. વર્ષ : ૧૯૯૨, પાના નં. ૧૨૬

(૧૦) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વર્ષ ૨૦૦૬, વડતાલ મંદિર, પ્રકાશન. વાર્તા નં. ૭૦૨

(૧૧) **નિર્ગુણદાસ સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન : વાર્તા નં. ૩૦૩.

૫૯. જીવાખાચર (સારંગપુર)

જીવાખાચરના પ્રેમને વશ થઈ શ્રીહરિ અનેકવાર સારંગપુર પધાર્યા છે અને તેમના દરબારગઢમાં વિરાજી સં. ૧૮૭૭ના શ્રાવણ વદ પાંચમથી ભાદરવા સુદ ૮ સુધીમાં ૧૮ વચનામૃતો પ્રબોધ્યા છે. સારંગપુરના કાઠી ગામ ઘણી દરબાર શ્રી જીવાખાચર વિષે જાણીએ :

જીવાખાચર દાદાખાચર જેવા પરમ એકાંતિક ભક્ત હતા. તેઓ સારંગપુરના ગામધણી દરબાર હતા. તેમના ધર્મપત્નીનું નામ પાંચાવીબાઈ હતું. બે પુત્રો હતા. એકનું નામ વાઘાખાચર અને બીજા અમરા ખાચર હતું. તેમને ત્રણ પુત્રીઓ હતી : દેવુબાઈ, રાજબાઈ અને સોમબાઈ. આખો પરિવાર સત્સંગી હતો. તેઓ શ્રીજી મહારાજ તથા સત્સંગીઓની ખડે પગે સેવા બજાવતા. સંપ્રદાયમાં એક અન્ય જીવાખાચર તે દાદાખાચરના કાકા થતા જે ગઢડામાં જ રહેતા. પોતે હરિભક્ત હતા. અહીં આ ગઢડાના જીવાખાચરની વાત નથી લેતા પણ સારંગપુરના જ જીવા ખાચરની વાતને વણી લેશું. (૧)

પ્રાતઃ સ્મરણીય જીવા ખાચરનું નામ શ્રીહરિના સર્વમંગલમાં હજાર નામોના પાઠમાં ૭૫૩માં નામમાં ઉલ્લેખ છે :

जन्माष्टम्युत्सवा पूर्ण जीव वर्म मनोरथाय नमः અર્થાત્ જન્માષ્ટમીના મહોત્સવમાં જીવ વર્મા કહેતા જીવા ખાચરના સર્વ મનોરથ પૂરા કરનાર એવા શ્રીજી મહારાજને હું નમસ્કાર કરું છું. (૧)

આ વાતની પુષ્ટિ મળે છે કે, સારંગપુરના ૪થું વચનામૃત પ્રબોધાયેલું છે. તે સમય સં. ૧૮૭૭ શ્રાવણ વદ-૮. (તા. ૩૧-૮-૧૮૨૦ ગુરુવાર)નો હતો. તે સમયે શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ સારંગપુરમાં કરેલો. **(૧.૧)**

જીવાખાચર ગામ ધણી હોવા છતાં તેમનામાં સેવાનું અંગ વિશેષ હતું. શ્રીહરિ વિષે તેમને અપાર મમત્વ હતું. શ્રીહરિને તેઓ પુરુષોત્તમ નારાયણ ગણી

તેમની અનન્ય ભાવે સેવા કરતા. તેમને અર્થે નાણાં ખર્ચતા તો અચકાતા નહીં પણ પોતાનું ધન, ધામ, કુટુંબ તેમણે શ્રીહરિ માટે કૃષ્ણાર્પણ કરેલું. (૧)

ગઢડામાં દાદાખાચરે ફુલદોલ ઉત્સવ કર્યો એટલે જીવા ખાચરને પણ તેવો ઉત્સવ સારંગપુરમાં કરાવવાનું મન થયું એટલે તેમણે શ્રીહરિને આ અંગે પ્રાર્થના કરી. જેની વાત **હરિલીલામૃત**ના ૬-૨૩, ૨૪માં વર્ણવી છે :

'જીવો ખાચર સારંગપુરના, ભલા ભક્ત હરિની હજૂરના,
કહ્યું તેણે કહીને પ્રણામ, મારે ગામ ચાલો ઘનશ્યામ,
સાથે લ્યો સહુ સંત સમાજ, મારો પૂરો મનોરથ આજ.'

આમ, જીવાખાચરની પ્રાર્થના સાંભળી શ્રીહરિ સારંગપુરમાં વાજતે-ગાજતે પધાર્યા. જીવાખાચરે સંતોભક્તોને ખૂબ ભાવપૂર્વક જમાડી શ્રીજીને બે દિવસ રોક્યા.

સારંગપુર જતા મહારાજે એક મણ રીંગણા ૧ રૂ. આપીને ખરીદ્યા અને તે સારંગપુર લઈ ગયા. જ્યારે જીવા ખાચરને ખબર પડી કે મહારાજે આ રીંગણા પૈસા આપીને ખરીદ્યા છે ત્યારે પોતે ૧ રૂ. શ્રીહરિને ચરણે ધરી દીધેલ. (૧)

ફરી વાર શ્રીહરિ સારંગપુરમાં પધાર્યા ત્યારે અનેક ભક્તોએ પોતાને ત્યાં થાળ જમવા શ્રીજીને પ્રાર્થના કરી. તે સમયે મહારાજે બધાને ઘરે થાળ જમવાની સંમતિ આપી અને પોતે અનેક સ્વરૂપો ધારણ કરી બધા ભક્તોના ઘરે થાળ જમી સૌના મનોરથ પૂર્ણ કરેલ. (૨)

આ અદ્‌ભૂત લીલાનું વર્ણન **હરિલીલામૃત કળશ ૬** વિશ્રામ ૨૬માં સુંદર રીતે વર્ણવેલ છે :

'જમવાની વેળા થઈ જ્યારે, ઘેર ઘેર ગયા હરિ ત્યારે,
કર્યા કૃષ્ણે ત્યાં રૂપ અનંત, થયા પોતે જ સાથેના સંત.'

વિ.સં. ૧૮૬૪ની સાલમાં શ્રીહરિ આ રીતે સારંગપુર પધારેલા.

ત્યારબાદ વિ.સં. ૧૮૬૫ના ભાદરવા માસમાં જીવા ખાચરની ભક્તિભાવનાથી રાજી થઈ પોતે સારંગપુર મંડળે સહિત પધાર્યા. ત્યારે પોતાના અદ્‌ભૂત ઐશ્વર્ય પ્રતાપ બતાવી મુમુક્ષુઓને સમાધિ કરાવતા. લોકોના મનની વાત કહી દેતા. આ જોઈ લોકો એકી અવાજે બોલી ઉઠતા કે, આ સહજાનંદ સ્વામી પોતે સાક્ષાત્ ભગવાન છે. પ્રભુ વિના આવો ચમત્કાર હોય નહીં.

શ્રીહરિ લોકોને સદ્‌ઉપદેશ આપી ધર્મના માર્ગે વાળતા. આ સમયે આકાશમાંથી બ્રહ્માદિક દેવતાઓ ચંદન પુષ્પ, અબીલ ગુલાલની વૃષ્ટિ કરતા. આ જોઈ ગ્રામજનો આશ્ચર્ય પામતા. આજુબાજુના ગામડાંઓમાંથી લોકો આવી શ્રીજીની વાતો સાંભળી ફેલફિતુર છોડતા, વ્યસનમુક્ત થતા ને સદાચારી જીવન જીવવાના શપથ લેતા. (૨)

વિ.સં. ૧૮૬૭માં જીવા ખાચરે સારંગપુરમાં હુતાશનીનો મહોત્સવ ખૂબ મોટા પાયે કરાવેલો. ત્યારે હજારો ભક્તો સંતો શ્રીજીના દર્શને આવેલા ત્યારે પોતે રંગે રમી ભક્તોને પણ રંગે રમાડી રસતરબોળ કર્યા. આ સમયે ભક્તોએ રાજી થઈ શ્રીહરિ પાસે ગોઠરૂપે ફગવા માંગ્યા. જે ફગવા સંપ્રદાયમાં અતિ પ્રસિદ્ધ છે. ભક્તો પોતાની પ્રાર્થનામાં રોજ આ ફગવા બોલી શ્રીહરિ પાસે આશીર્વાદ માંગે છે. આ ફગવા વિષે **ભક્તચિંતામણિના ૬૪મા પ્રકરણ**માં નિષ્કુળાનંદ સ્વામીએ ખૂબ સુંદર વર્ણન કરેલ છે : (૨)

'મહાબળવંત માયા તમારી જેને આવરીયા નરનારી,
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે.'

હરિભક્તોએ પ્રભુ પાસે શું શું માંગવું જોઈએ ? તથા ભક્તોને શું શું નથી જોઈતું ? તેનું અદ્‌ભૂત આલેખન કરેલ છે જે મુમુક્ષુઓ માટેની પારાશીશીરૂપ છે. શ્રીજીએ ભક્તોને આ ફગવા આપી કાળ, કર્મ અને માયાના બંધન થકી મુક્ત કરી રાજી કર્યા. (૨)

કારિયાણીમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરી શ્રીહરિ ફરી વાર સારંગપુર પધાર્યા ત્યારે વરસાદની ખેંચ હતી. હરિભક્તોને દુઃખી થતા જોઈ પોતે ઈન્દ્ર મહારાજને કહી વરસાદ વરસાવ્યો. તે સમયે ઈન્દ્રને વરસવું ન હતું અને પરાણે વરસવું પડ્યું એટલે ઈન્દ્રે જોરદાર વરસાદ વરસાવ્યો. આથી, ગામ જળબંબાકાર બની ગયું. કાચા મકાનો તમામ પડી ગયા. જીવાખાચરની ડેલી પણ પડું પડું થઈ ગઈ ત્યારે જીવાખાચરે શ્રીહરિને પોતાની નવી ડેલીમાં ઉતારો કરાવ્યો. રાત્રે ૧૧ વાગ્યા હતા તે સમયે શ્રીહરિએ જીવાખાચરની પરીક્ષા લેતા કહ્યું, અમને ભૂખ લાગી છે જમાડો. તે સમયે ચુલો તથા લાકડા, છાણાં પલળી ગયેલ. પણ જીવા ખાચર હિંમત ન હાર્યા. ને મહારાજને રાજી કરવા એક લાકડાનો નવો પલંગ હતો તેને ફાડીને બળતણ કર્યું. ચુલા માટે અનાજ ભરવાની કોઠીને ભાંગી ને તેનો

ચુલો કરી રાત્રે રસોઈ કરી મહારાજને જમાડ્યા. તે સમયે શ્રીહરિ કહે, તમે આ નવો પલંગ ફાડી નાખ્યો ? તો જીવા ખાચર કહે, મહારાજ તમારાથી વિશેષ મારે શું છે ? ત્યારે શ્રીજી તેમના ઉપર ખૂબ રાજી થયા કે આવી વિષમ પરિસ્થિતિમાં પણ જીવા ખાચરે ધીરજ રાખી અને વસ્તુ પદાર્થને ગૌણ ગણી શ્રીહરિને મુખ્ય રાખી તેમની સેવા કરી અને પદાર્થનો શોક ન કર્યો. (૨)

વરસાદના કારણે બધુ અસ્તવ્યસ્ત હતું ત્યારે સંતો માટે ભિક્ષા માંગવા શ્રીહરિ સ્વયં ઝોળી લઈને નીકળ્યા ત્યારે જીવા ખાચર કહે, હું સંતો માટે જે જોઈએ તે લાવી આપું. ત્યારે શ્રીહરિ કહે તમે તો હંમેશાં સંતો માટે તન, મન, ધનથી સેવા કરો છો પણ આ ગામ લોકોનું કલ્યાણ થાય તે માટે હું ભિક્ષા માંગીશ. આમ, કહી જીવા ખાચરને ઝોળી લેવા ન દીધી અને પોતે ભિક્ષા માટે ગામમાં ઘરે ઘરે ફર્યા. (૨)

ગામ લોકોને પણ આવી વિષમ પરિસ્થિતિમાં ધીરજ રાખી અને ભાવપૂર્વક ભિક્ષા આપતા જોઈ શ્રીહરિ બધા ઉપર ખૂબ રાજી થયા ત્યારે જીવા ખાચરને પોતાની પાસે કંઈક વરદાન માંગવાનું કહ્યું, ત્યારે જીવાખાચરે પોતા માટે કંઈ ન માંગ્યું પણ ગામના સર્વે લોકોના જીવનું કલ્યાણ થાય તે માટે માંગ્યું કે, આ સારંગપુર ગામમાં કે સીમમાં અંતકાળે કોઈને યમના દૂતો ન લેવા આવે ત્યારે શ્રીહરિએ રાજી થઈને તથાસ્તુ કહીને વર આપ્યો. જીવા ખાચરની આવી ઉદાર ભાવના હતી. (૨)

સારંગપુરમાં શ્રીહરિએ ભક્તો માટે જે જે વચનામૃત પ્રબોધ્યા છે તે જ્ઞાનની ઉચ્ચ કક્ષાના છે. મોક્ષભાગી આત્માઓ માટે તે વચનામૃતો દીશાસૂચનરૂપ શ્રેષ્ઠ કૃપા વાક્યો છે. (૨)

જીવા ખાચરમાં ઉદારી અને પરોપકારની ભાવના ખૂબ હતી. પોતાના જીવના કલ્યાણ સાથે અન્યનું પણ સારું થાય, બધા શુદ્ધ થઈ શ્રીજીના શરણના અધિકારી થાય તે માટે પોતાના સગાંસંબંધી, મિત્રો, ભાયાતોને સારંગપુર બોલાવી શ્રીજીના દર્શન અને કથાવાર્તાનું સુખ અપાવતા. સાથે તેમનામાં કોઈ હોકા કે અફીણનું વ્યસન હોય તો તે પણ છોડાવી તેને શ્રીજીના આશ્રિત બનાવતા. (૧)

જીવા ખાચર તથા અન્ય કાઠીઓને સારંગપુરમાં મંદિર કરાવવાની ખૂબ ઈચ્છા હતી, તેથી તેમણે જમીન, પથ્થર વગેરેની વ્યવસ્થા કરાવી રાખેલ પણ

તે સમયે દાદાખાચર ગઢડાથી આવી શ્રીહરિ પાસે ગઢડામાં મંદિર કરવાની ઈચ્છા વ્યક્ત કરતા જીવા ખાચર ઉદાસ થઈ ગયા. ત્યારે શ્રીજીએ તેમને આશ્વાસન આપ્યું કે, તમારે ત્યાં પણ ગઢડાની માફક એક અત્યંત પ્રતાપી મંદિર થશે અને તે જગપ્રસિદ્ધ થશે. આમ, શ્રીજીના વચનથી આજે ત્યાં મહાપ્રતાપી કષ્ટભંજન દેવ હનુમાનજીનું મંદિર વિદ્યમાન છે. આમ, જીવા ખાચરનું સ્વપ્ન શ્રીહરિએ સાર્થક કરી પોતાની પરોપકારની અને સેવાની ભાવનાને જગતમાં અને સંપ્રદાયમાં કાયમ કરી. (૧)

ભક્તચિંતામણિના નામના પ્રકરણ : ૧૧૫માં, ૧૬મી કડીમાં જીવા ખાચરનો ઉલ્લેખ છે :

'જીવો ખાચર ભક્ત અમલ, માતરો ને રાઠોડ ધાધલ. (૩)

•



૬૦. જીવા ખાચર (ગઢડા)

હવે ગઢડાના જીવા ખાચર વિષે જોઈએ તો, તેઓ દાદા ખાચરના કાકા થતા હતા. ગરાસ બાબતે તેઓ દાદાની ખૂબ ઈર્ષા કરતા. શ્રીહરિ દાદાનો પક્ષ લેતા તેથી શ્રીહરિને પોતે ભગવાન માનતા હોવા છતાં શ્રીજીની પણ ઈર્ષ્યા કરતા.

તેમણે શ્રીહરિની ખૂબ મહત્ત્વની સેવા કરેલી જેને લીધે શ્રીહરિ તેમના પર રાજી થયેલા અને તેમને ધામની પ્રાપ્તિ કરાવેલી. એક તો વરસાદના ટાણે શ્રીહરિ તેમના નિવાસે ગયેલા. તે સમયે મહારાજે મનુષ્ય ચરિત્ર કર્યું કે, અમારે ગુરુશંકાએ જવું છે તો જીવા ખાચરે પોતાના ઘરમાં જ ખાડો ખોદી શ્રીહરિને સગવડતા કરી આપી. તે સમયે પોતે લજ્જા કે મર્યાદાનો શ્રીહરિના સુખ માટે ત્યાગ કર્યો અને બીજા પ્રસંગમાં શ્રીહરિ શેરડી જમતા હતા તે દરમ્યાન તેમને શેરડીની ફાંસ વાગતા લોહી નિકળ્યું. તે સમયે જીવા ખાચરે સમયચૂકતા વાપરી પોતાનો જરીયાની ફેંટો ફાડી તુરત જ મહારાજની આંગળીએ પાટો બાંધી દીધો. શ્રીહરિએ તેમના આ ગુણને યાદ રાખ્યા પણ તેમના અવગુણને ધ્યાને ન લીધા.

એવા પણ પ્રસંગો છે કે શ્રીહરિ ગઢડામાં હતા ત્યારે તેમને રાજી કરવા પોતે સવારમાં અક્ષર ઓરડીથી ઘેલાના કાંઠા સુધીનો રસ્તો વાળી નાખતા. પણ મહારાજે દાદાનો પક્ષ લીધો પછી આ સેવા તેમણે બંધ કરી. દુષ્કાળના સમયે દાદા ખાચર ગરીબોને અડધો શેર ઘી આપતા તો પોતે તેમનાથી વધી જવા ઈર્ષાથી એક શેર ઘી ગરીબોને આપવા મંડ્યા. અને અન્નદાન આપતા આપતા તેના કોઠાર ખાલી થઈ ગયેલ. તેનો એક દુહો પ્રચલિત છે :

ઉનડ ગઢડે અન્ન દીયે, જીવો ચાડી કે જે,
મેરૂ કોટ મચ્છરાજ રો, ત્રીજો ટોડો તે. (૪)

(એટલે કે : ઉન્નડ એટલે ઉનડ ખાચર, જીવો ગઢડા, ત્રીજો ટોડા નામનો દાતા)

શ્રીહરિ આ લોકમાં હયાત હતા તે દરમ્યાન જ જીવા ખાચરે દેહ મુકેલ. તેમના ઈર્ષાળુ સ્વભાવને અવગણી શ્રીહરિએ તેમના અલ્પગુણને નજરમાં લઈ તેમને ધામની પ્રાપ્તિ કરાવેલી.

★ **પાદટીપ :**

(૧.૧) **શ્રી સ્વામિનારાયણમ્ :** ગુરુકુલ અસારવા, વર્ષ : ૨૦૧૧, પાના નં. ૪૭૩

(૧) **શ્રી સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્તો :** લેખક - શાંતિકુમાર ભટ્ટ : વડતાલ કાનજી ભક્ત, પ્રકાશન વર્ષ : ૧૯૮૦

(૨) **આદર્શ ભક્ત ગાથા :** લેખક - શા. ધર્મવલ્લભ દાસજી સ્વામી : જૂનાગઢ મંદિર પ્રકાશન વર્ષ : વિ.સં. ૨૦૫૫, પાના નં. ૧૮૫થી ૨૦૩.

(૩) **ભક્તચિંતામણિ પ્રકરણ :** ૧૧૫ લીટી નં. ૧૬

(૪) **સુરત ગુરુકુલના સંત શ્રી વિવેકસ્વરૂપદાસજી સ્વામી દ્વારા**

●

૬૧. સુરાખાચર

સુરાખાચર ઠેબાણી ખાચર કહેવાતા. તેમના વડવાઓ ઈંગોરાળા રહેતા. તેમના બાપાનું નામ ડોસા ખાચર હતું. સુરાખાચર ત્રણ ભાઈઓ હતા. નાપા ખાચર અને હાથિયા ખાચર. સુરાબાપુને એક દીકરો નાથા ખાચર અને પુત્રી વલુબાઈ હતી. શ્રીહરિના પરમ એકાંતિક શ્રીજીના સખારૂપ રમૂજી વ્યક્તિત્વ ધરાવતા ભક્તરાજ સુરાખાચર હતા.

સંવત ૧૮૭૭ના કારતક માસ એટલે કે તે વર્ષમાં વરસાદ ન પડ્યો. દુષ્કાળની સ્થિતિ હતી. તે સમયે મહારાજની નિશ્રામાં એક હજારથી વધુ સંતો હતા. આ કાળના વર્ષમાં સૌ ભક્તો પોતપોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે થોડા થોડા સંતોને પોતાના ગામ લઈ જતા અને સંતોની અન્ન, વસ્ત્રે કરીને સંભાવના કરતા. આ સમયે લોયાના ગામધણી દરબાર સુરાખાચરે પણ ઘણા સંતોને પોતાના ગામ લઈ જઈ સાચવેલા. તે સમયે શ્રીજી મહારાજ પણ લોયા (તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર) પધારેલા. તેથી સત્સંગના ખપવાળા, મુમુક્ષુ જ્ઞાની હરિભક્તો લોયા આવ્યા. તે સમયે શ્રીહરિએ ઉત્તમ જ્ઞાનવાર્તા કરેલી. તે જ્ઞાનગોષ્ઠિ સં. ૧૮૭૭ના કાર્તિક વદી ૧૦થી પોષ સુદી ૧-પડવાના એમ બે માસ સુધી કરેલી. જે સઘળી વાતો વચનામૃતમાં લોયાના પ્રકરણ તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. જ્ઞાનની સર્વોત્તમ ભારે ભારે વાતો આ સભામાં થતી અને સૌ સંતો, ભક્તો શ્રીજીની નિશ્રામાં બ્રહ્મકિલ્લોલ કરતા. સૌ લોયાના ગામધણી સુરાખાચરના મહેમાન હતા. સુરાખાચરે આત્મભાવે તન, મન, ધનથી સૌની સેવા કરી શ્રીહરિનો અનન્ય રાજીપો પ્રાપ્ત કરેલ. મહારાજ પણ સુરાબાપુ અને તેમની ધર્મપત્ની શાંતાબા ઉપર ખૂબ રાજી થયેલા.

તે સમયમાં એટલે કે સં. ૧૮૭૭ના માગશર સુદી-૩ના દિવસે નિત્યાનંદ સ્વામીએ વચનામૃતનું પુસ્તક લાવીને શ્રીજી મહારાજને અર્પણ કર્યું. તે વાંચીને શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયેલા. આનો ઉલ્લેખ લોયાના ૭માં વચનામૃતમાં કરેલો છે.

સુરાખાચરે પોતાના ગામ લોયા શ્રીહરિને સંતોને તથા હજારો ભક્તોને સં. ૧૮૭૭ના મહા સુદી સાતમના દિવસે બોલાવી ભવ્યાતિભવ્ય શાકોત્સવ ઉજવેલો. શ્રીહરિએ ૬૦ મણ રીંગણા અને ૧૨ મણ ઘીનો પોતે વઘાર કરી રીંગણાનું દિવ્ય શાક બનાવેલું.

સુરા બાપુની અનન્ય સેવાથી મહારાજ રાજી થયેલા. મહારાજના સર્વમંગલ સ્ત્રોતના હજાર નામોમાં ૭૫૬ નંબર ઉપર *सूर संभावनाय नमः* એટલે કે સુરાખાચરે મહેમાનોની પરોણાગત કરી અને ૭૫૭ ઉપર *शाक संस्कारानन्दित स्वकाय नमः* એટલે કે પોતાના તરફથી શાકોત્સવ કર્યો (શાક બનાવવા માટે શ્રીહરિને આપ્યું) શ્રીહરિની આ કેટલી કરૂણા કહેવાય કે, લોયામાં શાક પોતાના સ્વહસ્તે બનાવી ભક્તોને પીરસ્યું. મહત્ત્વની બીજી ઘટનામાં શ્રીહરિના બે ભાઈઓ રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ બંને છપૈયાથી પહેલી વાર લોયાના આ શાકોત્સવ વખતે મળ્યા હતા એટલે કે સં. ૧૮૭૭ના મહા સુદીમાં મળ્યા.

સુરાખાચર પાસે લોયા અને નાગડકા એમ બે ગામોનો ગરાસ હતો. સત્સંગ મળ્યા પહેલા પોતે ગરાસદાર હોવા છતાં લૂંટફાટ અને વ્યસનમાં રચ્યા-પચ્યા હોવાથી તેમની આવક આવા ફેલફતુરમાં જતી રહેતી. તેથી આર્થિક સ્થિતિ નબળી રહેતી. પરંતુ શ્રીહરિના યોગમાં આવતા તેઓ ખરેખરા સત્સંગી બન્યા ત્યારથી સત્સંગના પંચવર્તમાન દૃઢપણે પાળતા થયા અને વ્યસનો મુકાઈ ગયા. વળી શ્રીહરિના ઉપદેશથી દૃઢ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા મંડ્યા. શ્રીજીને આવા નિષ્કામી વ્રતધારી ભક્તો ઉપર વિશેષ પ્રીતિ રહેતી. આથી શ્રીહરિના પ્રીતિ પાત્ર અને કૃપાપાત્ર ભક્ત બન્યા અને તેમનો રાજીપો મેળવ્યો. મહારાજ સાથે તેઓ સત્સંગમાં વિચરણ કરવા જતા. શ્રીજીની રૂચિ અનુસાર જીવન જીવતા.

સુરાખાચર હજી નવા નવા હરિભક્ત થયેલા તે સમયે એકવાર તેઓ સભામાં મોડા આવ્યા ત્યારે મહારાજ કહે, કેમ સુરાખાચર ! આજે મોડું થયું ? તો કહે મારા બે બળદ કોઈક ચોરી ગયું તેથી મોડું થયું. તો મહારાજ કહે, તમારે તેને શોધવામાં રાતનો ઉજાગરો થયો હશે કેમ ? ત્યારે કહે, ના ના ! મારા બળદ કોઈક ચોરી ગયું તો હું કોઈકના ચાર બળદ ચોરી લાવ્યો અને અત્યારે કોશ હાલતા કરીને આવ્યો છું ? તો મહારાજ કહે, એ તો તમે ચોરીનું કામ કર્યું. તમે વર્તમાન ચૂક્યા. ચોરી ન કરાય. ત્યારે સુરાખાચર કહે, પહેલા

ઓલ્યાએ ચોરી કરી એને તમે કહો. પછી મેં ચોરી કરીને ? મહારાજ કહે, બીજા સત્સંગી નથી થયા તેથી તેણે ચોરી કરી. તમે હરિભક્ત થયા છો. તેથી તમારે હવે ચોરી ન કરાય. જાઓ તમે જ્યાંથી બળદ લાવ્યા છો ત્યાં જઈને તેને દઈ આવો, ને માફી માગી આપો. પછી સભામાં આપજો. ત્યારબાદ સુરાખાચર જૂની કુટેવોનો ત્યાગ કરી સારધાર નિયમો પાળવા લાગ્યા.

સુરા બાપુ રસાસ્વાદી હતા. તેથી જમવા માટે અનેક વાનગીઓ આરોગતા. એ વાનગી સ્વાદિષ્ટ ન હોય તો તેમના પત્ની શાંતાબાને ઉગ્ર ભાષામાં ઠપકો પણ આપતા. આવું રોજ થતું. આથી શાંતાબાએ કંટાળીને આ વાત શ્રીહરિને કરી. તેથી મહારાજે સુરા બાપુને ચાતુર્માસમાં જમતી વેળા ન બોલવાનું નીમ આપ્યું. આથી સુરાખાચરે યુક્તિ કરીને જમતા પહેલા જ બધા પદાર્થો પોતા પાસે અન્નકૂટની જેમ તૈયાર રખાવવા માંડ્યા. આથી મહારાજ કાઠીઓનો રસાસ્વાદ છોડાવવા બધા કાઠી ભક્તોને ગામડે સત્સંગ વિચરણમાં લઈ ગયા અને બધાને ખોરી જુવારના રોટલા ખવડાવી નિઃસ્વાદી કરી નાખ્યા. આમ, મહારાજે સુરાખાચરનો રસાસ્વાદ ટાળી નાખ્યો. શ્રીહરિ પોતાના ભક્તોમાં કોઈ ખોટ રહી ન જાય તેનું ધ્યાન રાખતા.

એકવાર શ્રીહરિએ સુંદરજીભાઈને ઉપદેશ દેવા સારું અને ભક્તો સંસારમાં બંધાયા તો નથી ને ? તે જોવા સારું મોટા મોટા ૧૮ ગામધણી કાઠી દરબારોને ચિઠ્ઠી લખી કે; તમે જ્યાં હો ત્યાંથી જે કામ કરતા હો તે પડતું મુકીને માથું મુંડાવી ભગવા વસ્ત્ર પહેરી કાશીની જાત્રા કરીને મને ભૂજમાં મળો. **ભક્ત ચિંતામણિના ૫૪**માં પ્રકરણમાં આ વાત નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણવી છે :

“માંચા સુરા સોમલા અલૈયા, મૂળુ નાજા માતરા મામૈયા...
અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી,
એહ સર્વે તજી ઘરબાર થાજ્યો પરમહંસ નિરધાર.”

સંવત ૧૮૬૩ના આસો માસમાં આ પત્ર શ્રીજીએ લખી મોકલ્યો. આથી પત્રમાંના નામ મુજબ સુરાખાચર પણ પોતાના સંસાર વ્યવહારની કાંઈ પણ ચિંતા કે ભલામણ કર્યા વગર કેવળ મહારાજની આજ્ઞા પાળવા સારું ઘરબાર છોડી ભગવા ધારણ કરી ભૂજ પહોંચ્યા.

પછી મહારાજે આ પરમહંસોને દોઢ માસ સુધી પોતાની પાસે રાખી. સત્સંગ

સમાગમનું સુખ આપી ફરી સંસારમાં પાછા જવાની આજ્ઞા કરી ત્યારે સુરાખાચર આદિ ભક્તો રડી પડ્યા કે, મહારાજ અમને એકવાર હાથીએ બેસાડી હવે સંસારના ખાડામાં પાછા કેમ નાખો છો ? ત્યારે મહારાજે કહ્યું કે, તમે ભલે સંસારમાં રહો પણ તમારું જીવન સંત જેવું જ રહેશે. ત્યારથી સુરાખાચર સંસારમાં રહેવા છતાં અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળીને રહેતા.

એક બીજા પ્રસંગમાં જસદણના વાજસુર ખાચરને શ્રીજી મહારાજ અને સત્સંગી પ્રત્યે દ્વેષ હતો. એકવાર સુરાખાચર જસદણ કોઈક કામ પ્રસંગે થયેલા. ત્યારે વાજસુર ખાચરના મનમાં દ્વેષનો કીડો સળવળી ઉઠ્યો અને આ અખંડ વ્રતધારી સુરાખાચરનું બ્રહ્મચર્ય વ્રત ભંગ કરાવવા અને તેનો ફજેતો કરવા માટે એક કુલટા સ્ત્રીને રાત્રે સુરાખાચર પાસે મોકલી. પરંતુ સુરાખાચર પરિસ્થિતિ પામી ગયા અને તલવાર લઈ સ્ત્રીને ડારી અને પૂછ્યું કે, આ કાળા કામ કોના છે ? ત્યારે સ્ત્રીએ વાજસુર ખાચરનું નામ આપ્યું. પછી સુરાખાચર રાતોરાત ઘોડેસવાર થઈ ગઢડા આવ્યા. બીજા દિવસે અંતર્યામી પ્રભુએ સુરાખાચરને 'લક્ષ્મણ જતી' કહીને સંબોધ્યા અને કહ્યું કે, સુરાબાપુ આજે ઈડરીયો ગઢ જીતીને આવ્યા છે. આમ કહી સભાને બધી વાત કરીને સુરાખાચરની નિષ્કામવૃત્તિ ઉપર પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા. આમ સુરાખાચરે જે કદી ન જીતાય એવા કામ-દોષ ઉપર વિજય મેળવ્યો હતો.

એક અન્ય પ્રસંગમાં અલૈયા ખાચરને મહારાજે થોડું ઐશ્વર્ય આપી સત્સંગ પ્રચાર કરવા મોકલ્યા ત્યારે સુરાખાચર કહે, મહારાજ અમને પણ ભગવાન થવાનો કોઈ વાર મોકો આપો. મહારાજ કહે, એ કામ કઠણ છે. તેમાં કોઈ લાભ નથી. ત્યારે બાપુ કહે, અરે જે થવું હોય તે ભલે થાય. પણ એકવાર ભગવાન થવું છે.

તે સમયે ખાખી બાવાઓની જમાત ગામોગામ ફરી લોકો પાસે પૈસા પડાવી હેરાન કરતી. તે બાવાઓને સ્વામિનારાયણ ભગવાન ઉપર ખૂબ ઈર્ષાભાવ રહેતો તેથી સંતોને હેરાન કરતા અને મારતા પણ ખરા. મહારાજ ભક્તો સાથે એકવાર ગામડે વિચરણ કરવા જતા હતા ત્યાં રસ્તામાં આવી એક જમાત મળી. કોઈકે બાવાને કહ્યું કે, આ મંડળમાં સ્વામિનારાયણ છે. એટલે બાવાએ સ્વામિનારાયણ પ્રભુની માણકીનું ચોકઠું ઝાલી પૂછ્યું કે, આ મંડળમાં સ્વામિનારાયણ કૌન હૈ ? ત્યારે મહારાજ કહે, આ ઓલ્યા મોટી ફાંદ અને મોટા પાઘડાવાળા પાછળ આવે છે તે સ્વામિનારાયણ છે એમ કહી સુરાખાચર સામે આંગળી ચીંધી. એટલે પાછળ

ચાલ્યા આવતા સુરાખાચર પાસે આ બાવો આવ્યો અને પૂછવા લાગ્યો કે, તુમ ક્યુ યે સ્વામિનારાયણ પંથ ચલાતા હૈ ? સુરા બાપુને આ પ્રસંગની કાંઈ ખબર નહીં પણ તે પામી ગયા કે આ બધી કળા મહારાજે કરી લાગે છે. અને તે દિવસે મેં મહારાજ પાસે ભગવાન થવાની વાત કરી તેનું આ કંઈક લાગે છે. એટલે તેણે કાઠી કળા અજમાવી યુક્તિ કરીને બાવાને કહ્યું કે, મારે તો આ પંથ તમારા જેવા કોઈ મહાત્માને સોંપી દેવો છે. તમારામાંથી ગુરુ કોણ છે ? ત્યારે બાવાએ તેના ગુરુને બતાવ્યા. ત્યારે બાપુએ તેને કહ્યું કે, મારે તમારા કાનમાં ગુરુ-મંત્ર ફુંકવો છે તમે નજીક આવો ત્યારે બાવો જેવો નજીક આવ્યો કે સુરાખાચરે તેને ગળેથી ઝાલી ઘોડી ઝડપથી મારી મૂકી. અને બાવો રાડો પાડતો પાછળ ઘસડાવા લાગ્યો અને મૂકી દો, મૂકી દો. રામજી મૈં મર ગયા, મર ગયા. એમ કહેવા લાગ્યો ત્યારે સુરાખાચર તેને વાંસામાં ઘોડીની સરક મારતા જાય ને કહેતા જાય કે સ્વામિનારાયણ પંથ યું ચલાયા, યું ચલાયા. બાવો માર ખાઈને મરણતોલ થઈ ગયો ત્યારે તેને નીચે પાડી દીધો.

આ બાજુ મહારાજ ભક્તોની સાથે આઘે ઊભા ઊભા આ બધો ખેલ જોતા હસતા હતા. સુરાખાચર ત્યાં જઈને કહે, મહારાજ આમ કરાય ? મેં ગાફલાઈ રાખી હોત તો આ બાવાઓ મને પુરો કરી નાંખત ! ત્યારે મહારાજ હસતા હસતા કહે, બાપુ તમે કહેતા હતા ને ? કે મારે એકવાર ભગવાન થવું છે ? આ તમને મોકો આપ્યો તો ? એમ બધા ખૂબ હસ્યા.

સુરાખાચર રમૂજી પ્રકૃતિના હતા. તે અવાર-નવાર કાઠી શૈલીમાં રમૂજી વાતો કહી મહારાજને ખૂબ હસાવતા. એકવાર બાપુએ મહારાજને હસાવવા વાત માંડી કે, અમારા વડવાઓ એકવાર ધાડ પાડવા ગયેલા. રસ્તામાં આડી એક નદી આવી એટલે કોઈક આડા કાઠીને પાણી જોવા મોકલ્યો કે, પાણી ઘોડાને પાવા જેટલું છે કે નહીં ? તે સાંજનો સમય હતો. તો પેલો પોતાની ઘોડી લઈને પાણી જોવા ઘોડી સાથે નદીમાં ઉતર્યો પણ પાણીનું વહેણ જબરું હતું તેથી તે તણાવા લાગ્યો. તેને થયું કે હું એકલો તણાઈ જાઉં તે ઠીક નહીં ! એથી તે ઘોડીને પાણી પાતો હોય તેમ મોટે મોટેથી ત્રો ત્રો એમ બોલવા લાગ્યો. આથી બીજા કાઠી પણ ઘોડીને પાણી પાવા સારું વારાફરતી નદીમાં ઉતર્યા અને તે બધા પણ અગાઉના કાઠીની જેમ ત્રો ત્રો બોલવા લાગ્યા. પણ પાણી ઊંડું છે કોઈ આવશો નહીં તેમ કોઈ ન બોલ્યા અને મારા દીકરા બધા તણાઈ ગયા. આ વાત સાંભળી મહારાજ

ખૂબ હસ્યા કે : સુરા બાપુ વાત તેના વડવાની કરે છે પણ 'મારા દીકરા બધા તણાઈ ગયા' એમ બોલે છે એમ કહી બધા ખૂબ હસ્યા.

પછી મહારાજ કહે, સુરાખાચર કાંઈક સારી વાત કરો. ત્યારે કહે :

'હું ને મારો ઠાકર, બીજું જગત કાણું,
ઠાકોર બેઠા પારણે, ને હું દોરી તાણું.'

જુઓ સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે. એમ જે ન કહે તે ગધ્યનો, અને ન માને ઈ પણ ગધ્યનો.

આ વાત પૂરી. એમ કહી મહારાજને હસાવ્યા... આમ તેમની શ્રીહરિમાં સર્વોપરી સ્વરૂપ નિષ્ઠા હતી.

એકવાર શ્રીહરિ ઉદાસ બેઠા હતા. કોઈની સાથે બોલતા ન હતા. બ્રહ્મમુનિ પણ બેઠા હતા. તે કહે સુરાખાચર કંઈક બોલો તો મહારાજની ઉદાસી ટળે. ત્યારે બાપુ કહે મહારાજ અવળું જોઈને બેઠા છે કેમ બોલું ? ત્યારે સ્વામી કહે, મહારાજે ક્યાં કાનમાં પુંમડા મુક્યા છે. સાંભળશે તો ખરા ને ? બોલો.

એટલે બાપુ રમૂજી જોડકણું બોલ્યા કે,

'નમો સદ્‌ગુરુને, નમો સદ્‌ગુરુના છૈયાને,
નમો સદ્‌ગુરુના લૈયાને, નમો રમતા ભમતાને,
નમો રૂઠ્યા ત્રૂઠ્યાને, નમો હળના ઠુંઠાને,
પીપળે ચડી પાડી, ને લબ લબ લીંબુ ખાય,
ડાળ ઝાલીને ખંખેર્યું, ત્યાં રીંગણાના ઢગલા થાય.'

આવું મેળ વગરનું સાંભળી મહારાજ ફુ... કરતા હસી પડ્યા કે આવી ઢંગધડા વગરની સાખી હોય ? ત્યારે બાપુ કહે મને તો આવું આવડે. બાકી સારી કવિતા તો આ બ્રહ્મમુનિને આવડે. એમ બોલ્યા ને મહારાજના અબોલા તૂટી ગયા ને હસવા લાગ્યા.

સુરાખાચર પોતાની ખેતીની આવકમાંથી શ્રીહરિ માટે ચોખ્ખો દસમો ભાગ ધર્માદામાં કાઢતા. સંપ્રદાયમાં જે સુપ્રસિદ્ધ લોયાના શાકોત્સવનો પ્રસંગ છે. જે શ્રીજી મહારાજના સમયથી માંડી આજ પર્યંત... વર્ષોથી સંપ્રદાયમાં દર વર્ષે ઉજવાય છે. સંપ્રદાયના દરેક મંદિરો અને સંસ્થાઓમાં તે ભાવપૂર્વક ઉજવાય છે.

એકવાર સુરાખાચર કામ પ્રસંગે બહારગામ ગયેલા અને પાછળથી તેના

ઘરમાં ખાતર પડ્યું. ચોર આવ્યા ને ઘરની પાછળની ભીંત તોડીને આખો પટારો ઉપાડી ગયા. સુરાખાચરે ભૂલથી ચાવીનો ઝૂડો પટારા ઉપર જ રાખેલ પણ ચોરોથી આ ઝૂડાથી પટારો ખુલ્યો નહીં. પછી ગામ બહાર લઈ જઈ તોડવા પ્રયત્ન કર્યો પણ પટારો તૂટ્યો નહીં. એટલામાં સવાર થતા ચોર પટારો મુકીને ભાગી ગયા.

બીજા દિવસે બાપુ આવ્યા. કોઈએ વાત કરી કે તમારા ઘરમાં ચોરી થઈ છે. બાપુએ જોયું તો દીવાલમાં બાકોરૂં ને પટારો ગુમ. એટલે તેમણે મહારાજને પ્રાર્થના કરી કે, પટારામાં અડધા રૂપિયા મહારાજ માટે વાપરીશ. પટારાની તપાસ કરી તો ગામ બહાર એમને એમ પડ્યો'તો. ઘરે લાવી પટારો ખોલ્યો તો રૂપિયા ઘરેણા બધા અકબંધ.

તેમના પત્ની શાંતાબાને વાત કરી કે મેં આવો સંકલ્પ કરેલો. ત્યારે તેમના પત્ની સુરા બાપુ કરતા પણ વધારે સંકલ્પવાળા. તે કહે, પટારો તૂટ્યો હોત તો ચોર તમારા માટે અડધુ રાખતા જાત ? માટે હવે આ બધા રૂપિયા-ઘરેણાં મહારાજ માટે વાપરો.

પછી બાપુ ગઢડા ગયા ને મહારાજને સઘળી વાત કરી પોતાનો આ સંકલ્પ જણાવ્યો કે, આપ સંતો સહિત લોયા પધારો. શિયાળાના દિવસો છે તો રીંગણા સારા થયા છે તો લોયામાં ભક્તોને તેડાવી ભવ્ય શાકોત્સવ ઉજવીએ. મહારાજ સંમત થયા અને લોયા પધાર્યા. ગામોગામથી સંતો-ભક્તો પધાર્યા અને મહારાજે પોતે રીંગણાનું અલગ-અલગ રીતે શાક બનાવ્યું અને તેમાં બ્રહ્માંડનો એવો સ્વાદ મૂક્યો કે ભક્તો મીઠાઈને બદલે કેવળ રીંગણાનું શાક જ ખાતા. એવું સ્વાદિષ્ટ શાક થયેલ. તે સમયે મહારાજે ૧૨ મણ ઘીનો વઘાર અને ૬૦ મણ રીંગણાનું શાક કરેલ. આજુબાજુના ગામોના ભક્તો તથા લોયા ગામના તમામ માણસો શ્રીહરિની આ પ્રસાદી જમી ધન્ય બન્યા. સુરાખાચર અને તેમના પત્ની શાંતાબાએ અનેક દિવસો સુધી મહારાજ અને સંતો ભક્તોને રોકીને સેવાનો લાભ લીધો. તે સમયે મહારાજે કથાવાર્તા કરીને બધાને સત્સંગનું સુખ આપેલ.

આ શાકોત્સવ પૂર્ણ થયા બાદ મહારાજે સુરાખાચર ઉપર ખૂબ રાજી થઈ આશીર્વાદ આપ્યા અને કહ્યું કે, તમે સત્સંગ માટે ખૂબ ઘસારો સહન કર્યો. અમારા માટે ખૂબ ખર્ચ કર્યું. ત્યારે સુરા બાપુ કહે, મહારાજ આ બધું તમારી કૃપાથી થયું છે. પ્રથમ તો અમે ઘરમાં ત્રણ માણસો હતા. હું, મારા આપા અને ભાઈ. તે જમવાના પણ સાંસા હતા. ગામમાં કુંવરજી વાણિયાને ત્યાંથી જુવાર કઠારે લઈ

આવતા તેમાંથી ઘેંસ કરી જમતા. તે સમયે કૂતરી આવીને પૂંછડી પટપટાવે પણ તેને પણ અમે અન્ન આપી શકતા ન હતા, પરંતુ આજ આપની કૃપાથી ઘરમાં અન્ન અને ધનના કોઠાર ભર્યા છે અને આજ અમે સેવાનો લાભ લઈ શક્યા તે આપની દયાથી થયું છે.

આજે પણ તેમના ગામ લોયામાં તેમના વંશજો શાંતુભાઈ રહે છે. સત્સંગ રાખે છે અને શ્રીજી મહારાજની પ્રસાદીના ઠાકોરજી, કંકુપગલા આદિ વસ્તુઓના સંતો ભક્તોને દર્શન કરાવી સેવાનો લાભ લે છે અને પોતાના નિવાસસ્થાનમાં હાલ શ્રીહરિનું મંદિર પ્રસાદીના ઓરડા વગેરેના દર્શન કરવા સંતો ભક્તો પધારે છે.

વચનામૃત ગઢડા પ્રથમના ૭૫માં સુરાખાચરે મહારાજને પ્રશ્ન પૂછ્યો છે:

જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થાય તો તેના એકોતેર પરિયા ઉદ્ધરે છે એમ કહ્યું છે અને તેના ગોત્રમાં કેટલાક તો સંતના અને ભગવાનના દ્વૈષી પણ હોય છે ત્યારે તેનો કેવી રીતે ઉદ્ધાર છે ?

વચનામૃત ગઢડા અંત્યનું ૨૮મું :

ભગવાનને તથા સંતને જેવા છે તેવા નિશ્ચયપણે જાણીને પણ કોઈનું અંતર પાછું પડી જાય છે તેનું શું કારણ છે ?

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** શા. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, સ્વામિ. મંદિર જૂનાગઢ : વિ.સં. ૨૦૬૩, પાના નં. ૧૫૪થી ૧૮૪

તથા

- મહાપૂજા મુક્તગાથા : શા. સંતવલ્લભદાસ, કંડારી ગુરુકુલ, પાના નં. ૬૯થી ૭૦
- ભક્તચિંતામણિ, હરિલીલામૃત

●

૬૨. સોમલાખાચર

સોમલાખાચર એ એક રહેણીવાળા શ્રીજીના અંગરક્ષક ભક્ત હતા. તેઓ બોટાદના વતની હતા. યુવાન વયથી જ શ્રીહરિની સેવામાં જોડાઈ ગયેલ. કાઠી હોવાને નાતે શૂરવીર અને સશક્ત હતા. શ્રીજીની સેવામાં અખંડ રહેવું. જે સેવા સોંપે તે શૂરવીરતાથી કરવી એ એમનું અંગ હતું. શ્રીજીને રાજી કરવા તે સદાચરણનું ચુસ્તપણે પાલન કરતા. ઊંચી સમજણ, ધગશ એમના ખાસ ગુણો હતા. તેમની ચારિત્ર્ય-દૃઢતાના કારણે પ્રથમ પંક્તિના ભક્તોમાં તેની ગણના થતી. (૧)

શ્રીહરિ સોમલાખાચરના અંગ, સમજણ, નિયમપાલન વગેરેને વચનામૃતમાં અનેક જગ્યાએ યાદ કર્યા છે. **કારિયાણી**ના ૬, **ગઢડા મધ્ય**ના ૨૦, **અંત્ય**ના ૨૪મા વચનામૃતમાં સોમલાખાચરના પ્રશ્ન અને શૂરવીરતાના અંગ વગેરેમાં યાદ કર્યા છે.

સત્સંગમાં ખૂબ જાણીતી વાત કે, વિ.સં. ૧૮૬૪ની સાલમાં શ્રીહરિના એક કાગળથી ૧૮ મોટા મોટા ધનાઢ્ય હરિભક્તો કે જેમાંના અમુક તો ગામધણી દરબાર હતા. તેઓએ શ્રીહરિની ચિઠ્ઠી વાંચતા જ કોઈને ભલામણ કર્યા વગર સંસાર છોડી ભગવા ધારણ કરી શ્રીજીને ભેટવા નીકળી પડેલ જેમાં સોમલાખાચર પણ હતા. (૨)

ભક્તચિંતામણિ પ્રકરણ : ૫૪માં આ ઉલ્લેખ છે :

'માંચા સુરા સોમલા અલૈયા, મૂળુ નાજા માતરા મામૈયા,
અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી,
એહ સર્વે તજી ઘરબાર, થાજ્યો પરમહંસ નિરધાર.'

આ અઢાર પરમહંસોએ શ્રીજીની ઈચ્છાથી ભગવા ધારણ કર્યા ને ફરી શ્રીજીએ તેમને સંસારમાં પાછા જવાની આજ્ઞા કરી. સત્‌યુગમાં જે પ્રકારના ભક્તો હતા તેવા ભક્તોની છબી શ્રીજીએ કળીયુગમાં ઉપસાવી. (૧)

સોમલાખાચરને ખાવા-પીવા મળતું ન હતું તેથી શ્રીજી પાસે રહેતા હતા તેવું

નથી, પણ પોતે વ્યવહારે સુખી અને કુટુંબ કબીલાવાળા હતા. તેને સ્ત્રી અને બે યુવાન દીકરા હતા, પણ કહેવાય છે ને ? કે પ્રભુ જેના પર રાજી થાય તેનું સર્વ લૂંટીને તેને નવરો કરી નાખે. પછી જો પ્રભુને મુકે નહીં તો તે સાચો ભક્ત કહેવાય. આમ, સોમલાખાચરને પણ થયું. શ્રીહરિએ થોડા દિવસના અંતરે બંને દીકરાઓને અક્ષરવાટ પકડાવી, પણ સોમલાખાચર જરાય હિંમત ન હાર્યા. ઉલટાની જે જમીન વગેરે હતી તે પણ શ્રીજીને અર્પણ કરી દીધી. તેથી તો શ્રીજીના સર્વમંગલ સ્તોત્રમાં શ્રીહરિના નામ સાથે સ્થાન પામ્યા છે : **'સોમસૂરાદિ પાર્ષદઃ'** (૧)

વિક્રમસંવત ૧૮મી સદી ભારે અરાજકતાની હતી. નાના-મોટા રજવાડા પોતાના હક્ક અને કુસંપના કારણે અંદરોઅંદર લડાઈ કરતા રહેતા. તે સાથે ખાખી બાવાઓની જમાત પ્રજાને હેરાન કરી પૈસા પડાવતી. તે સમયે અમદાવાદ ખોખરાનો લોલંગર બાવો તેના સેંકડો હથિયારધારી શિષ્યો સાથે ઉપદ્રવ કરતો શ્રીહરિને મારવા સારું આવ્યો ત્યારે સોમલાખાચર આદિક ભક્તોએ શૂરવીરપણે એ બાવાને ભગાડ્યો અને બીજા અસુરોનો નાશ કર્યો. (૧)

એક વખત કાનફૂટો ગેબી મારવાડનો બાવો શ્રીહરિને મારવા મારવાડથી જમાત લઈને ગઢડા આવ્યો ત્યારે પણ સોમલાખાચરે બીજા ભક્તો સાથે રણમેદાનની વાટ લીધી પણ શ્રીહરિના પ્રતાપથી ગેબી બાવાને હજારોનું લશ્કર દેખાતા તે ગભરાઈને ભાગી ગયો. (૧)

એ જ રીતે વડોદરાનો બાબો દિવાન પણ શ્રીહરિને પકડવા આવ્યો ત્યારે સોમલાખાચરે શૂરવીરતા દાખવેલી. (૧)

સોમલાખાચર શૂરવીર હતા તે સાથે એવા દયાળુ અને પ્રેમી ભક્ત પણ હતા. શ્રીહરિ એકવાર અમુક સમય સુધી પંચાળામાં છૂપાવેશે રહેલા. તે દરમ્યાન ગઢડાના પ્રેમીભક્તો અને દાદાના દરબારના બહેનો શ્રીજીનો વિરહ સહન કરી શક્યા નહીં અને ખાવું-પીવું-ઊંઘ આરામ બધુ ભૂલીને ઘેલા જેવા બની ગયેલા. ત્યારે સોમલાખાચર ઠેકઠેકાણે ફરી શ્રીજીની ભાળ મેળવવા પંચાળા ગયા. ત્યાં મહાપરાણે શ્રીજીની મુલાકાત લઈ રડતા રડતા દાદાના દરબારના ભક્તોની વિરહવ્યથા વર્ણવી ને શ્રીહરિ આ સાંભળી પીગળી ગયા. સોમલાખાચરને બથ ભરીને ભેટ્યા. બંને રડ્યા. ખોખરા (પંચાળાના) તળાવમાં શ્રીહરિના આંસુ પડ્યા ત્યારથી તે તળાવનું નામ બિંદુ સરોવર પડ્યું છે. (૧)

ઉના ગામના વણિક પ્રેમજી બખાઈની પુત્રી પ્રેમબાઈ બાળપણથી શ્રીજીમાં

અપાર શ્રદ્ધા ધરાવતા ને ચુસ્ત નિયમો પાળતા. તેમના પતિ ગુજરી જતા પ્રેમબાઈ ઉના પાસેના દીવમાં તેના સાસુ ભેગા રહી ભજન કરી વૈધવ્ય ગાળતા. પ્રેમબાઈએ મહારાજ માટે વાઘા-ઘરેણા બનાવેલા ત્યારે કોઈ બાવો ત્યાં આવી કહે કે હું સહજાનંદ સ્વામી છું. ત્યાં રહ્યાં. પ્રેમબાઈએ મહારાજના દર્શન કરેલા નહિ. પણ પછી અંતર્યામી મહારાજે સોમલાખાચર આદિ શૂરવીર કાઠી ભક્તોને દીવ મોકલ્યા અને ત્યાં બાવાને ડારો દીધો. આ સમયે સોમલાખાચરનું રૌદ્ર સ્વરૂપ અને પંજાબી કાયાને જોઈ બાવો એટલો બી ગયો કે પોતાનો સરસામાન પણ લેવા રોકાયો નહીં ને પરબારો ભાગી ગયો. આમ, પ્રેમબાઈને બાવાના દુઃખથી બચાવ્યા. પ્રેમબાઈ પણ એવા પ્રેમી હતા કે શ્રીહરિએ સામા જઈને તેની પૂજા સેવા અંગિકાર કરી. **કારિયાણાના દ્દ્હા વચનામૃત**માં આનો ઉલ્લેખ છે. તથા પ્રેમબાઈના વખાણ કર્યા. (૧)

શ્રીજીના પડછાયા બનીને તેમણે પોતાનું સમગ્ર જીવન, ધન, ધામ, કુટુંબ શ્રીજીને ચરણે સમર્પિત કરી દીધેલ અને શ્રીજી મહારાજ પણ તેમના ઉપર બહુ રાજી હતા.

શ્રીહરિએ ક્યા ક્યા વચનામૃતોમાં તેમને યાદ કર્યા છે તથા સોમલાખાચરે શ્રીહરિને ક્યા પ્રશ્નો પૂછેલા છે તે જાણીએ :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૧મું :

સોમલેખાચરે પ્રશ્ન પૂછ્યો જે, ભગવાન પોતાના ભક્તના સર્વે અપરાધ માફ કરે છે, પણ એવો કયો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ?

★ વચનામૃત સારંગપુરનું બીજું :

...અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે રહે છે. ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યે સોમલાખાચર બોલ્યા જે : એ તે ગુણ કયા ? ઉપરલા કે માંહીલા ?

★ વચનામૃત સારંગપુરનું ત્રીજું :

ત્યારે સોમલાખાચરે પૂછ્યું જે, એવી રીતે જે પ્રેમમગ્ન થઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરતો હોય અથવા માનસી પૂજા કરતો હોય તે ભક્ત કયે લક્ષણે કરીને ઓળખાય ?

★ વચનામૃત કારિયાણીના દ્દ્હા પ્રકરણમાં શ્રીહરિ સોમલાખાચરના વખાણ કરતા કહે છે કે, ...તે અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી અને

સોમલો ખાચર આદિક જે હરિજન છે તે કેટલાક વર્ષથી અમારે પાસે ને પાસે રહે છે તે જાણે છે જે, મહારાજને એક પ્રભુના ભક્ત વિના કોઈ સંગાથે હેતસંબંધ નથી ને મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૨૦મું :

શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, આજ તો અમારા ઉતારામાં અમારી પાસે રહેનારા જે સોમલો ખાચર આદિક હરિભક્ત તેમને અમે એક પ્રશ્ન પૂછ્યો છે તેનો સર્વે પરમહંસ મળીને ઉત્તર કરો.

આ ઉપરથી જણાય છે કે, સોમલાખાચર શ્રીહરિના અંગરક્ષક જ ન હતા, પરંતુ સંપ્રદાયનું અને શાસ્ત્રનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા જેથી તેમના પ્રશ્નનો ઉત્તર કરવા પરમહંસોને કહ્યું.

★ વચનામૃત ગઢડા અંત્યના ૨૪માં :

શ્રીહરિ સંતો-ભક્તોના અંગ વિષે કહેતા સોમલાખાચર વિષે કહે છે કે,

...અને સોમલાખાચરને સદા એકરેણીપણું એ અંગ છે.

આ ઉપરથી જણાય છે કે, દેશ કાળ, ક્રિયા, કર્મ ગમે તેવા કઠણ હોય તેમ છતાં સોમલાખાચરના નિશ્ચયમાં કે તેમની સેવામાં, ધગશમાં કાંઈ ઓછપ આવતી નહિ હોય અને પૂરેપૂરી નિષ્ઠાથી શ્રીહરિની સેવા કરતા હશે.

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** શા. ધર્મવલ્લભદાસજી સ્વામી શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ. પાના નં. ૧૪૦થી ૧૫૩

(૨) **ભક્તચિંતામણિ** પ્ર. ૫૪, કડી ૩૭ થી ૩૮

●

૬૩. ઉકા ખાચર

સેવાનું સર્વોત્તમ દૃષ્ટાંત જો કોઈ હોય તો તે ઉકા ખાચર છે.

ઉકા ખાચર કાઠી હરિભક્ત હતા તેઓ કારિયાળાની બાજુમાં આવેલ વાવડિયા ગામના હતા. શ્રીહરિ અહીં પધારેલ ત્યારે તેમના ઘરે દૂધ સાકર જમેલ. ઉકા ખાચર ગરાસદાર હતા. સત્સંગ થયા પહેલા લૂંટફાટ પણ કરતા. (૧)

પછી તેઓ ગઢડામાં આવીને વસ્યા. પોતાની જૂની રીતભાત મૂકી શ્રીહરિના અનન્ય સેવક બન્યા. પોતાના કરેલા કૃત્યો પર તેમને ખૂબ પસ્તાવો થતો. આ જોઈ શ્રીહરિએ તેમને નીચી ટેલ કરવાનું કહ્યું. ત્યારથી તેઓ સવારમાં ત્રણ વાગ્યે ઉઠી દરબારમાંથી વાળતા-વાળતા છેક ઘેલા નદીના ખળખળિયા સુધીનો રસ્તો વાળી નાખતા કે મારા સંતોને કાંટા-કાંકરા ન વાગે. પછી ન્હાઈ ધોઈ શ્રીહરિને પગે લાગવા આવતા. આવું તેમને ટેવ-વ્યસન હતું. (૨) આવી રીતે જેમણે રોજ નીચામાં નીચી સેવા કરવાનું વ્રત લીધેલ.

શ્રીહરિ કહેતા કે, જે ભક્ત માંદા સાધુની સેવા કરશે તેની જન્મોજન્મની મલિન વાસના ટળી જશે. તેથી ઉકા ખાચર માંદા સંતોની સેવા તો કરતા પણ તેમના મળ-મૂત્રના માટલા પણ માથે ઉપાડી સીમાડે ઢોળી આવતા. આવી સેવા કરવાનું જાણે તેમણે વ્યસન પાડ્યું હતું. આથી શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થતા. (૩)

મહારાજ થાળ જમતા હોય તો તેની પ્રસાદી રાજી થઈને ઉકા ખાચરને આપતા. મહારાજ જમીને પોઢી જાય ત્યારે કોઈ ચરણાર્વિંદ દાબવા આવે ત્યારે તેના હાથમાંથી ચરણ તાણી લઈ ઉકા ખાચર સામે ચરણ લાંબો કરતા. આવી સેવા ઉકા ખાચરને આપી શ્રીહરિ પોતાનો રાજીપો દર્શાવતા. (૩)

★ એટલે જ શ્રીહરિ **મધ્યના ૨૫માં વચનામૃત**માં કહે છે કે, 'જેવું ઉકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે. તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કરવાનું જેને વ્યસન પડે ને તે વિના

એક ક્ષણપણ રહેવાય નહિ તો તેના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'

એકવાર ગઢડામાં દાદાના દરબારમાં લીમડા નીચે ઓટા ઉપર કૂતરું મળ કરી ગયું. ત્યારે જે કોઈ શ્રીજીના દર્શને અક્ષર ઓરડીએ આવે ત્યારે એમ બોલતા જાય કે, કૂતરાંએ ઓટો બગાડ્યો છે એમ કહી દૂર જતા રહે પણ કોઈ સાફ ન કરે. તે સમયે ઉકા ખાચર રોજની જેમ દર્શને આવ્યા, તેમણે આ જોયું કે તરત જ લુગડા એક બાજુ મૂકી તે ઓટો સાફ કર્યો ને ઉપર માટીનું લીંપણ કરી દીધું. પછી પોતે ઘેલે જઈ ફરી સ્નાન કરી આવ્યા અને શ્રીજીના દર્શન કર્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, આ ઘરના ધણી આવ્યા. (૪) આમ મહારાજે તેમની સેવાથી રાજી થઈ દાદા ખાચરની જેમ તેમને પણ ઘરના ધણી બતાવ્યા.

એકવાર શ્રીહરિએ ઉકા ખાચરને પૂછ્યું કે, તમે પૂજા રાખો છો ? તો કહે હા. કેટલી મૂર્તિ રાખો ? તો કહે પાંચસો. મહારાજ કહે પાંચસો ? તે મૂર્તિના નામ ગણાવો તો ? ત્યારે ઉકા ખાચર : ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામીના નામ બોલવા મંડ્યા અને કહે આ બધી મારી મૂર્તિ છે તેમની હું પ્રત્યક્ષ પૂજા કરું છું. ત્યારે શ્રીહરિ તેમની આવી સમજણ જોઈ તેમના ઉપર પ્રસન્ન થયા. (૪) ઉકા ખાચર આવા શ્રદ્ધાળુ હતા.

તેથી શ્રીહરિ ઉકા ખાચર જેવી સેવા કરવાનું સૌને કહેતા. જેથી જીવની અનંત જન્મની મલીન વાસના ટળી જાય અને કારણ શરીર શુદ્ધ થઈ જાય.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** વાર્તા નં. ૬૬, અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૨૦૧૫

(૨) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૧૬૧, વડતાલ મંદિર. વર્ષ-૨૦૦૬

(૩) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૨૧૧, કુંડળ પ્રકાશન, વર્ષ-૨૦૧૦

(૪) **સહજાનંદ સ્વામી ચરિત્ર :** વાર્તા નં. ૫, કંડારી ગુરુકુલ. વર્ષ-૨૦૧૧

●

૬૪. માંચા ભક્ત (માંચા ખાચર)

માંચા ભક્ત વિષે જાણીએ :

માંચા ભક્ત એટલે કારિયાણી ગામના માંચા ખાચર. જેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. (૧)

બોટાદ પાસેના કારિયાણી ગામના કાઠી દરબાર માંચા ખાચર દૈવી જીવ હતા. તેમના બાપદાદા માર્ગીના પંથમાં હતા. છતાં તેઓ તેમાં જોડાયા નહિ અને ભગવાન શોધવાના પ્રયત્નમાં રહેતા. તેમના મિત્ર ભોજા ચારણ પ્રભુ શોધવા નીકળ્યા અને ફરતા ફરતા લોએજ-માંગરોળ આવ્યા. ત્યાં તેમણે શ્રીહરિને સમાધિ કરાવતા જોયા, અને તેમનામાં ભગવાનપણાની પ્રતીતિ આવી એટલે તેમણે માંચા ખાચરને આ વાત કહી. વિક્રમ સંવત ૧૮૬૦માં શ્રીહરિએ માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો ત્યારે માંચા ભક્તે શ્રીહરિના ત્યાં દર્શન કર્યા અને શ્રીજીનો પ્રતાપ જોઈ તેમના આશ્રિત થયા. પછી તેઓ અનેકવાર શ્રીજીના દર્શને જતા. (૧)

સરધારમાં ઉત્સવ હતો તો માંચા ભક્ત ત્યાં જવા તૈયાર થયાં, પણ ખેતરમાં ૨૦૦ વિઘામાં કપાસનો પાક તૈયાર થઈ ગયેલો. મૂકીને જાય તો ઉપાધિ અને કપાસ વીણાવીને જાય તો તેને વેચવાની ચિંતા. આથી તેમણે આકરો નિર્ણય લીધો. તૈયાર થયેલા પાકમાં પોતાના ગામ અને પરગામની ગાયોના ધણને ચરવા છૂટું મૂકી દીધું. તેમના ભત્રીજા વસ્તા ખાચર કહે, કાકા આ શું કર્યું ? તો કહે કપાસની ચિંતા હતી. હવે કપાસ ભેળાવી દીધો. ચિંતા ગઈ. હવે હું નિરાંતે સરધાર જઈ શ્રીહરિનો ઉત્સવ માણીશ અને સત્સંગનો લાભ લઈશ. ભગવાન ભજવા માટે તેમણે આટલી મોટી નુકસાની સહન કરી. (૧)

માંચા ખાચર સરધાર પહોંચ્યા ત્યારે શ્રીહરિ તળાવમાં સ્નાન કરતા હતા. શ્રીજીએ પોતાનો અલૌકિક પ્રતાપ જણાવવા પોતાનો રૂમાલ ઊંચો કરી વીંઝ્યો કે તળાવના બધા માછલાને સમાધિ થઈ ગઈ. બધા માછલા પાણીમાં ઉપર ઊંધા

થઈ તરવા લાગ્યા. માંચા ખાચરે આ અલૌકિક પ્રતાપ જોયો ને તેમના મનમાં શ્રીહરિનો નિશ્ચય પાકો થયો. આ વાત **સત્સંગિ જીવન**ના ૨-૨૧-૨૯-૩૦માં વિસ્તારથી આપેલી છે. તે ઉપર વિહારીલાલજી મહારાજે **હરિલીલામૃતના કળશ : ૫** માં વિશ્રામ ૨૫માં લખે છે :

'સરધારમાં શ્રીહરિ કેરો, પૂરો પ્રેખ્યો પ્રતાપ ઘણેરો,
દૃઢ નિશ્ચય તે થકી થયો, સર્વ સંશય તેહનો ગયો.' (૧)

એકવાર કારિયાણીમાં એક કિમિયાગર તાંત્રિક આવ્યો. માંચા ખાચર સદાવ્રત ચલાવતા હતા. તેથી કિમિયાગરે ત્રાંબામાંથી રૂપું બનાવવાનો કિમિયો શીખવાડ્યો કે તમને સદાવ્રતમાં આ પૈસા કામ લાગે. પણ માંચા ખાચર તો શ્રીહરિના અનન્ય સેવક અને નિષ્ઠાવાળા હતા. તેને થયું મને પૈસા દેવા હશે તો મહારાજ દેશે પણ તારી પાસેથી કાંઈ જોઈતું નથી અને તારી મંત્રશક્તિ પણ મારે શીખવી નથી. એમ કહી કિમિયાગરને ગામ બહાર તગડી મૂક્યો. માંચા ભક્તને શ્રીહરિમાં આવી નિષ્ઠા હતી. તે ક્યાંય લોભાતા નહિ. (૧)

પ્રભુ ભજવા તેઓએ આજીવન કુંવારા રહી નૈષ્ઠિક વ્રત પાળ્યું. શ્રીજીએ પરીક્ષા લીધી તેમાં તેઓ પાસ થયા. તેમને મહારાજે સાધુ થવા માટે ભૂજથી પત્ર લખ્યો તેમાં માંચા ભક્તનું નામ પ્રથમ હતું : (૧)

'માંચા સુરા સોમલા અલૈયા મૂળુ નાજા માતરા મામૈયા
અજા જીવા વિરદાસ વળી, લાધા કાળા કમળશી મળી,
એહ સર્વે તજી ઘરબાર થાજો પરમહંસ નિરધાર.' - ૩૭ કડી

એમ અઢાર જણાને પત્ર લખી સાધુ થવા બોલાવ્યા. જેમાં માંચા ખાચર પણ ગયેલા. શ્રીહરિ આ બધાની નિષ્ઠા જોઈને ખૂબ રાજી થયેલા. ત્યારબાદ શ્રીહરિએ બધા પરમહંસોને ઘરે પરત મોકલ્યા. પરંતુ એકવાર સાંસારિક દ્વિધા આવતા શ્રીહરિએ માંચા ખાચરને સંસારમાંથી બોલાવી સંતજીવનની દીક્ષા આપી. અચિંત્યાનંદ સ્વામી તરીકે રાખ્યા અને તેમણે શેષજીવન સંત તરીકે પૂર્ણ કરેલ. (૧)

આ ભક્તની શેષ વાતો આ ગ્રંથમાં અચિંત્યાનંદ સ્વામી હેઠળ પ્રસ્તુત કરેલ છે, જે જાણવી.

સંવત ૧૮૬૯માં દેશવ્યાપી ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે માંચા ખાચરે ઘણાં સંતોને ૩ માસ સુધી કારિયાણીમાં રાખી તેમની અન્ન વસ્ત્ર અને દહીં-દૂધથી

ભાવપૂર્વક સેવા કરેલી. (૧)

શ્રીહરિ એકવાર ઉત્સવ કરવા વડતાલ જતા હતા ત્યારે મહારાજે ઉત્સવમાં આવવા કહ્યું પણ તે સમયે માંચા ખાચરને નવા મકાન ચણાતા હતા તેથી જઈ ન શક્યા. તેવામાં અચાનક માવઠું થયું ને ઘર અધૂરા રહ્યા અને ઉત્સવનો લાભ પણ ગુમાવ્યો. આથી પોતે દિલગીર થઈ ગયા. પછી મહારાજને વિનંતી કરીને કારિયાણીમાં અન્નકૂટ ઉત્સવ કરાવ્યો અને દેશ-દેશાંતરથી સંતો-ભક્તોને તેડાવી દર્શન, સેવા, સમાગમનો લાભ લીધો. આવા પ્રેમી ભક્ત હતા. (૧)

પોતે અગાઉ માર્ગીના પંથમાં હતા. તો પણ પોતાના નિષ્કામી વ્રતમાં જરા પણ ફેર ન પાડ્યો. શ્રીહરિએ વચનામૃતમાં તેમના આ નિષ્કામીપણાના વખાણ કર્યા છે. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં માંચા ખાચરનો ઉલ્લેખ કર્યો છે :

ગઢડા મધ્યનું ૩૮મું :

...યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં માંચો ભક્ત હતા. તે સત્સંગ થયા મોર માર્ગીના પંથમાં હતા તો પણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો નહિ અને પોતે બાળ બ્રહ્મચારી રહ્યા અને કોઈક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઉતર્યો હતો.તેણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું ને પછી એ ભક્તને કહ્યું જે, તમે સદાવ્રતી છો માટે તમને આ બુટ્ટી બતાવીને રૂપું કરતા શીખવું. પછી એ ભક્તે લાકડી લઈને તેને ગામ બહાર કાઢી મૂક્યો અને એમ કહ્યું જે, અમારે તો ભગવાન વિના બીજા પદાર્થની ઇચ્છા નથી. પછી એ ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા.

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** લેખક : શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, સ્વામિ. મંદિર, જૂનાગઢ. વર્ષ-૨૦૦૬, પાના નં. ૧૦૫થી ૧૧૮

●

૬૫. વસ્તા ખાચર

શ્રીહરિ કારિયાણી અવારનવાર પધારતા. ત્યાં ગામધણી કાઠી દરબાર વસ્તાખાચરના દરબારમાં ઉતરતા. સં. ૧૮૭૭ ભાદરવા સુદી દ્વાદશી થી ૧૮૭૭ (૧૮૭૮) કાર્તિક સુદી પૂનમ સુધીના કુલ ૧૨ વચનામૃતો શ્રીજીએ કારિયાણીમાં પ્રબોધેલા છે. તમામ વચનામૃતોની સાલ અષાઢી સાલ એટલે કે કચ્છી વર્ષ પ્રમાણે છે. એ સિવાય પણ શ્રીજી મહારાજ અવારનવાર કારિયાણી પધારતા અને અનેક દિવ્ય અને માનુષી લીલાઓ કરી ભક્તોને સુખ આપતા. વચનામૃતમાં વસ્તાખાચરનો પ્રશ્ન નથી. **તેમનો પરિચય જોઈએ.**

કારિયાણીના દરબાર માંચાખાચરના વસ્તાખાચર ભત્રીજા થતા હતા. વસ્તાખાચર 'ઘરભંગ' થતા તેમણે બીજું 'ઘર' કર્યું. આથી માંચાખાચર તેના પર ગુસ્સે થઈ તેને તલવાર લઈ મારવા દોડ્યા કે વસ્તાએ મહારાજની પંચવર્તમાનની આજ્ઞા લોપી છે. વર્તમાન ધારે ત્યારે ભક્ત પ્રતિજ્ઞા લે છે કે, પરણી તે સ્ત્રી બાકી બીજી બધી મા-બહેન અને દીકરી. તો આણે ફરી વાર લગ્ન કર્યાં તે સ્ત્રી કયા બ્રહ્માંડમાંથી લાવ્યા ? તે ફરી વાર લગ્ન કરે છે એટલે તેણે બીજી સ્ત્રી કરી તે તો વ્યભિચાર કર્યો ગણાય માટે તેને તો ઝાટકે દેવો જોઈએ. ત્યારે મહારાજે માંચા ખાચરને માંડ માંડ સમજાવ્યા અને કહ્યું કે, તમારે આ સંસારીનો સંબંધ છે તે જ મીટાવી દઈએ તો ? પછી શ્રીહરિએ માંચા ખાચરને સંતની દીક્ષા આપી અચિંત્યાનંદ સ્વામી નામ ધારણ કરાવી વસ્તા ખાચરની માંચા ખાચર થકી રક્ષા કરી. (૧)

વસ્તાખાચરનો તો એકવાર હાથ પાક્યો હતો. તો તેમની ખબર પૂછવા મહારાજે નિત્યાનંદ સ્વામીને અને પછી ગોપાળાનંદ સ્વામીને મોકલ્યા. પછીથી મહારાજ પણ આવ્યા ત્યારે વસ્તા ખાચરે કહ્યું તમે સંતોને મોકલ્યા તે મારા ઉપર બહુ દયા કરી. ત્યારે મહારાજ કહે ગોપાળાનંદ મુનિ કેવા મોટા છે ? તે તમને

ખબર છે ? અષ્ટાંગ યોગ એક શ્રીકૃષ્ણે સાધ્યો હતો અને એવો જ અષ્ટાંગ યોગ આ ગોપાળાનંદ મુનિએ સાધ્યો છે તેવા મોટા છે. ત્યારે વસ્તા ખાચર કહે, તો પ્રભુ તમે કેવા મોટા ? ત્યારે શ્રીહરિ કહે : હું તો સૌનો પ્રેરક અને નિયતા છું. (૨)

એકવાર શ્રીહરિ કારિયાણી વસ્તાખાચરને ત્યાં ઉતરેલ. થાળ જમીને સવારે કુંડળથી અમરા અને મામૈયા પટગરને સાથે લઈ આગળ ચાલ્યા. રસ્તામાં મહારાજે ઘોડીને વેગથી દોડાવી ત્યારે વસ્તા ખાચર કહે, મહારાજ અમે જીવ છીએ. તમને નહીં પહોંચી શકીએ.' પછી મહારાજ કહે અમે ધીમે ચલાવીશું.(૩)

એકવાર શ્રીહરિ સારંગપુર પધારેલ ત્યારે જીવા ખાચર કહે વરસાદ વિના મોલ સૂકાય છે. મહારાજ કહે એ તો પરમેશ્વરના હાથમાં છે તે કરે ત્યારે થાય. ત્યારે વસ્તાખાચર કહે, તમે પરમેશ્વર છો. તમે કરો તો થાય. પછી શ્રીહરિ ફળિયામાં આવીને આકાશ સામું જોયું ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલ્યા ત્યાં તો નાનું વાદળું આવ્યું ને જોતજોતામાં મોટું થઈ ગયું ને વરસાદ પડવા મંડ્યો. (૪)

શ્રીહરિ સમાજસેવા પણ કરાવતા. જ્યારે કારિયાણીમાં તળાવ ગળાવતા હતા ત્યારે તળાવ ખોદવાવાળા ભક્તો તથા મજૂરોને નાસ્તામાં રોજ રાત્રે પંદર મણ બાજરો પલાળતા અને તેમાં પાંચ મણ તલ નાખીને સવારમાં બધાને ખોબે ખોબે આપતા. એ બધાનું ખર્ચ વસ્તાખાચર આપતા. શ્રીહરિ આ બધાની દેખરેખ અને સારસંભાળ રખાવતા. (૫)

કારિયાણીમાં મહારાજ પધાર્યા અને વસ્તા ખાચરે અહિંસામય અતિરૂદ્ર યજ્ઞનો આરંભ કરાવ્યો. દેશદેશાંતરથી બ્રાહ્મણો તેડાવ્યા. તેમના જમવાના ચોકા ગામ બહાર કરાવ્યા અને યજ્ઞ વસ્તા ખાચરના દરબારગઢમાં કરેલો. આમ દશ દિવસ સુધી યજ્ઞ થયો. ચારે બાજુ જય જયકાર થઈ ગયો. પૂર્ણાહુતિમાં જે બ્રાહ્મણો વરુણીમાં હતા તેમને વસ્ત્રો, ઘરેણાં અને રૂપિયા મોઢે માગ્યા આપ્યા અને બીજા બ્રાહ્મણોને બે-બે રૂપિયા આપ્યા. બોટાદના શિવા જોષીના પિતાને મહારાજે પોતાને ઓઢવાનો ચોફાળ પ્રસાદી તરીકે આપ્યો. તે ચોફાળ હાલ બોટાદ મંદિરમાં દર્શનાર્થે રાખ્યો છે. (૬)

શ્રીહરિ ગઢડામાં હતા તે દરમ્યાન કારિયાણીથી વસ્તા ખાચર, પંચાળાથી જીણાભાઈ અને સારંગપુરથી જીવા ખાચર મહારાજને તેડવા આવ્યા. પછી મહારાજે કારિયાણી વસ્તા ખાચરને ઘરે જવાનો ઠરાવ કર્યો. સૌ ચાલ્યા ત્યારે જીવા

ખાચર સાખી બોલ્યા :

'ધીંગે દીધેલ ધાન, આડા ઓડા બાંધીને,
રાંકે રટેલ નહીં રામ, સમજાવે તને કોણ શામળા ?'

એટલે મહારાજ કહે શું બોલ્યા ? પછી જીવા ખાચર કહે વસ્તા ખાચરના ઘરમાં લાખ રૂપિયા છે એટલે સૌ તેને સારું લગાડવા ત્યાં જાય પણ અમારા જેવા ગરીબના ઘરે કોણ જાય ?

ત્યારે મહારાજે માણકીની સરક છૂટી મૂકી દીધી કે જ્યાં માણકી જાય ત્યાં આપણે જવું. એટલે છૂટી માણકી સારંગપુરના રસ્તે ચાલી. આ જોઈ વસ્તા ખાચરે પોતાના ગામ જવા તે રસ્તે ઘોડી વાળી. વસ્તા ખાચરને સારંગપુર ન આવતા જોઈ જીવા ખાચર કહે, મહારાજ સારંગપુર પધારે છે અને તમે નહીં આવો તો આપણે બોલ્યા વ્યવહાર નહીં રહે. એમ મીઠો ઠપકો આપતા વસ્તા ખાચર સારંગપુર શ્રીહરિ સાથે આવ્યા. (૭)

એકવાર શ્રીહરિ વડતાલ સમૈયામાં જતા રસ્તામાં કારિયાણી રાત રોકાયા. મહારાજે વસ્તા ખાચરને વડતાલ આવવા તાણ કરી પણ વસ્તા ખાચર ઓરડા ચણાવતા હતા તેથી ના પાડી કે, હું હમણાં નહીં આવું પાછળથી આવીશ. મહારાજ કહે, તમે પછી નહીં આવી શકો માટે હમણાં આવો. છતાં વસ્તા ખાચર ન ગયા. મહારાજ તો વડતાલ ગયા. પછીથી ખૂબ વરસાદ આવ્યો અને ઓરડાનો કરો ફાટ્યો અને બધું અધૂરું રહ્યું ને વસ્તા ખાચર વડતાલ પણ ન જઈ શક્યા. શ્રીહરિ સમૈયો કરીને વળતા કારિયાણી આવ્યા અને કહ્યું, તમે આવી ન શક્યા ને ? હવે લ્યો આ પાંચસો રૂપિયા અને તમામ ભક્તોના દર્શન કરી આવો. વસ્તા ખાચર કહે, એ તો કેમ પહોંચાય ? તો હવે મહારાજ તમે સૌ સંતો-ભક્તોને અહીં તેડાવો અને અહીં સમૈયા કરો. પછી મહારાજે ગામેગામ કંકોત્રી લખી અને સૌ સંતો ભક્તો સાથે શ્રીજીએ કારિયાણીમાં સમૈયો કર્યો. (૮)

શ્રીહરિ ગઢડાથી કારિયાણી પધારેલ. સવારે જાગીને નિત્યવિધિ કરીને મહારાજ ઘોડીએ અસવાર થઈ પ્રયાણ કરવાનું કરે છે. ત્યાં તો વસ્તા ખાચર ઘોડો શણગારીને લાવ્યા ને કહે, આ ઘોડે અસવાર થાઓ. પણ મહારાજ કહે, અમને માણકી ઠીક પડે છે. પણ વસ્તા ખાચર કહે, આ ઘોડો તો હવે તમને કૃષ્ણાર્પણ કર્યો છે. હવે હું તેના પર નહીં બેસું. મહારાજ કહે તમારે માગું આવે તો આપજો પણ અમે નહિ ચડીએ. પછી વસ્તા ખાચરે તે ઘોડો વેચ્યો. તેના નવસો રૂપિયા

આવ્યા તેની સોનાની ઊતરી ઘડાવીને શ્રીજીને અર્પણ કરી. (૯)

ઓગણતેરા કાળમાં દેશમાં ભયંકર દુકાળ પડેલ. (વિ.સં. ૧૮૬૯) ત્યારે વસ્તા ખાચરે ૩ મહિના સુધી પાંચસો પરમહંસોને પોતાના ઘરે રાખેલ અને બધાનું અન્નવસ્ત્ર કરીને પૂરું કર્યું. તે વખતે તેમની પાસે એક લાખ રૂપિયા, પાંચસો કળશી દાણા અને સો ગાયો ભેંસોનું દુઝાણું હતું. તે બધું સંતો માટે વાપર્યું. એવા તે પ્રેમી અને ઉદાર ભક્ત હતા. (૧૦)

વસ્તાખાચરના ઘરના સીતબાઈ પણ બહુ ભાવિક ભક્ત હતા. એકવાર કારિયાણીમાં સખત વરસાદ આવ્યો. તે સમયે શ્રીહરિ સારંગપુરમાં હતા. કારિયાણીમાં સીતબાઈએ ઢોલિયો પાથરી, કીનખાબનો ઓછાડ પાથર્યો અને બહુ ભાવુક થઈ ગયા, ત્યારે વસ્તા ખાચર કહે, તમે શા માટે દિલગીર થાઓ છો ? ત્યારે કહે આવા વરસાદમાં મહારાજ ક્યાંક કોકના કુબામાં સંકોડાઈને બેઠા હશે. અહીં હોત તો હું તેમની સેવાનો લાભ લેત. તે સમયે સારંગપુરમાં મહારાજ વાળું કરતા હતા અને ભક્તનો સાદ સાંભળ્યો અને અચાનક ઊઠીને બધાને જય સચ્ચિદાનંદ કહી ઊઠી ગયા. અમારે કારિયાણી જવું છે. બધા હાં, હાં કરતા રહ્યા ને મહારાજ ત્યાંથી નીકળી ગયા ને વરસતા વરસાદે કારિયાણી પહોંચ્યા. અચાનક દર્શન આપ્યા તે જાણે તેજનો ગોળો આવ્યો હોય તેમ ! ત્યાં તો વસ્તા ખાચર અને સીતબાઈ મહાઆશ્ચર્ય પામી આનંદવિભોર બની ગયા. પૂછ્યું : આવા વરસાદમાં અચાનક ક્યાંથી ? અને આ કોરે કપડે ? શ્રીજી કહે, તમે મને યાદ કરતા હતા ને ? લ્યો, હું આવ્યો. મને ભૂખ લાગી છે જલદી જમાડો. સીતબાઈ રસોઈ કરવા માંડ્યા તો મહારાજ કહે, મારે બપોરના રોટલા જોઈએ. પછી કોઠલામાંથી રોટલો લાવી દૂધ સાથે જમાડ્યા. એમ પ્રેમને વશ ભગવાન છે. (૧૧) વસ્તા ખાચરના ભાવ આ રીતે પૂરા કર્યા.

એકવાર શ્રીહરિ કારિયાણીમાં કેરી જમતા હતા. તે સમયે વસ્તા ખાચરના દીકરા જોઈતા ખાચર જે સાવ નાના હતા અને ત્યાં બેઠા હતા. ત્યારે મહારાજે કહ્યું, લે જોઈતા આ કેરી ! જોઈતાએ હાથ લંબાવ્યો તો મહારાજ કહે, તારા ડોકની સોનાની ઊતરી છે તે મને આપ તો હું કેરી આપું. બાળકે તરત ઊતરી કાઢી મહારાજને આપી અને કેરી લઈ લીધી. મહારાજ કહે, જીવ બાળક જેવો છે. આ બાળકને ખબર નથી કે આ ઊતરી માં તો ગાડે ગાડા ભરીને કેરી આવે. તેમ ભગવાનને મેલીને જીવ જયાં ત્યાં ભટક્યા કરે છે. વિષયોના સ્વાદમાં ભગવાન

મૂકી દે છે એવો સદ્‌ઉપદેશ આપ્યો. (૧૨)

એક રીતે જોઈએ તો આ વાતને એમ મૂલવી શકાય કે જ્યારે ભગવાન કોઈ પ્રસાદીની વસ્તુ આપતા હોય ત્યારે મહારાજ જે વસ્તુ માગે તે આપણે આપી દેવી જોઈએ. એ દિવ્ય પ્રસાદીના બદલામાં આપણો જીવ પણ કુરબાન કરી દેવો જોઈએ. એટલે એક દૃષ્ટિએ જોઈતા ખાચર ખૂબ બુદ્ધિશાળી હતા કેમકે તેમણે ઊતરી આપીને તક ઝડપી લીધી. શ્રીજીના હાથની પ્રસાદી ગ્રહણ કરી ધન્યતા મેળવી લીધી.

વસ્તા ખાચર શ્રીહરિના હજુરી સેવક હતા. ઘરબાર, કુટુંબ સુખનો ત્યાગ કરી શ્રીજીની સેવામાં ગામોગામ વિચરણ કરતા. મહારાજનો અપાર રાજીપો તેમણે મેળવેલો.

★ **પાદટીપ :**

૧) **સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્તો :** માંચા ખાચર : લેખક - શાંતિકુમાર ભટ્ટ, કાનજી ભગત પ્રકાશન વડતાલ : વર્ષ-૧૯૮૦

૨) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન : વર્ષ-૨૦૦૬, પાના નં. ૨૦૨

૩) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન : વર્ષ-૨૦૦૫, પાના નં. ૨૧૬

૪) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** જૂનાગઢ મંદિર પ્રકાશન : ભાગ નં. ૩, પાના નં. ૩૯૭

૫) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૪૭૨, પાના નં. ૨૦૨

૬) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૧૫, પાના નં. ૧૨૭-૧૨૮

૭) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૧૨૦, પાના નં. ૫૩

૮) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૪૬૭, પાના નં. ૨૦૧

૯) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૪૨, પાના નં. ૪૪૩

૧૦) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૪૭૪, પાના નં. ૨૦૩

૧૧) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૩૦૭, પાના નં. ૧૨૯

૧૨) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૪૬૦, પાના નં. ૧૯૭

●

૬૬. રતનજી પાર્ષદ

ધણીની મરજી જાણી તેમની ઇચ્છા મુજબ કહ્યા વગર સેવા કરતા હોય તેવા સેવકને ઇંગીતજ્ઞ સેવક કહે છે. આવા સેવક રતનજી હતા. જેમનું સમગ્ર જીવન શ્રીહરિની સેવામાં હતું. શ્રીહરિને રાજી કરવા એજ તેમનું તાન હતું. પોતાનું મન ધાર્યું મૂકી શ્રીહરિ કહે તેમ તેઓ સેવા કરતા.

રતનજી પાર્ષદ વિષે જાણીએ :

રતનજી પાર્ષદ કે રતનજી બાપુ બંને એક જ છે. ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે સૌ તેને રતનજી બાપુ કહેતા હશે. પણ શ્રીહરિની સેવામાં આવ્યા પછી રતનજી કહીને શ્રીહરિ બોલાવતા તેમની અટક ચાવડા હતી અને વટામણ (તા. ધોળકા, જિ. અમદાવાદ)ના તેઓ રહેવાસી હતા. તેમના કુળમાં સત્સંગ હતો તેથી શરૂઆતથી જ તેઓ સત્સંગી હતા. તેમના ઘરવાળીના કારજમાં શ્રીહરિ તેમને ત્યાં ગયેલા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા ત્યારે ઘણાં ભક્તો તેમને થોડે દૂર સુધી વળાવવા આવ્યા. ત્યારે સમયાંતરે શ્રીહરિ બધાને વારાફરતી કહેતા કે, ભગત ! તમે હવે રોકાઈ જાઓ. તેથી ભક્તો રોકાતા જતા હતા, પણ રતનજી શ્રીહરિએ કાંઈપણ આદેશ ન કરતા તેઓ શ્રીહરિની પાછળ પાછળ ચાલ્યા. બીજું ગામ આવવાનું થયું ત્યારે શ્રીહરિએ તેમની તરફ પાછળ જોયું અને જાણે ખબર ન હોય તેમ આશ્ચર્યથી બોલ્યા કે, ‘લે ! તમે હજુ પાછળ-પાછળ આવો છો ? પણ હવે કાંઈ નહિ. તમારે પાછા ક્યાં જવું ? અમારી સાથે જ ચાલો. પછી શ્રીહરિ તેમને લઈને ગઢડા આવ્યા અને તેમની રુચિ જાણીને પોતાના હજુરી સેવક તરીકે રાખ્યા. નવાઈની વાત તો એ છે કે, પોતાના ઘરવાળી ધામમાં ગયા પછી શ્રીહરિને વળાવવા જતાં સીધા ગઢડા પહોંચ્યા. પણ પછી કદી પોતાના ગામ ખબર-અંતર પૂછવા કે સંભાળ લેવા પણ ગયા નથી. (૧) એ કેવું આશ્ચર્ય ? અને શ્રીહરિ

પ્રત્યેની કેવી સેવાભાવના ? કે સંસારને તરત ત્યજી દીધો.

શ્રીહરિના સેવક અને અંગરક્ષક તરીકે તેમણે આજીવન સેવા બજાવી છે. પોતે શ્રીહરિની મરજી જાણીને સેવા કરતા. દાદાખાચરનો દરબાર જાણે પોતાનો હોય તેમ આત્મભાવે સેવા કરતા. પોતે ઘરધણી હોય તેમ **ચીવટથી જીવ દઈને સેવા** કરતા તેથી શ્રીહરિ તેમના પર રાજી થતા **આ અંગેનો એક પ્રસંગ જોઈએ :**

એકવાર ગઢડામાં શ્રીહરિ લીંબતરૂ નીચે વિરાજમાન હતા. ત્યારે પાર્ષદો માણકી ઘોડી માટે બાજરાના ડુંડાનો ગાંસડો ભરીને લાવ્યા અને માણકીને નિરણ સારું કુંડાને ચીરીને ટંટી કરતા હતા. પછી શ્રીહરિ કહે, ચાલો બધા વાડીએ જઈએ. પછી સર્વે ભક્તો, પાર્ષદો વાડીએ ગયા. ત્યાં મહારાજે સભા કરી. ત્યારે મહારાજ કહે, આપણે બધા અહીં આવ્યા છીએ પણ બાજરીના ડુંડાનું શું થશે ? ત્યારે ભક્તો કહે, ત્યાં રતનજી બાપુ છે ને ? તે ધ્યાન રાખતા હશે. તે સમયે શ્રીહરિ બોલ્યા કે, તે ઘરધણી ખરા. ને તમે તો મહેમાન જેવા. રતનજી ઘરની વ્યક્તિ હોય તેમ દરબારની સાચવણી કરે છે. (૨) આમ શ્રીજી તેમની સેવાની ધગશ અને આત્મભાવ જોઈને રાજી થતા.

એકવાર દરબારગઢમાં કોઈ કૂતરું મળ કરી ગયું હશે તો સૌ એક બાજુ તરીને ચાલતા હતા. તે સમયે રતનજી ઘેલેથી નાહીને આવ્યા. તેમણે આ જોયું કે તરત જ પોતાનો લોટો અને ધોતી એક બાજુ મૂકી કૂતરાનું મળ વાળીને સાફ કરી નાખ્યું. ફરી પાછા નદીએ જઈને નાહીને આવ્યા. શ્રીહરિએ આ વાત જાણી ત્યારે રાજી થઈને બોલ્યા કે, એ તો ખરા ઘરધણી છે. તમને સાફ કરવાનું ન સૂઝ્યું પણ રતનજીએ ઘરની વ્યક્તિની જેમ ધ્યાન રાખ્યું. (૨) એટલે કે જેમ દાદા ખાચર ઘરધણી છે તેમ રતનજી પણ દરબારની સાચવણી ઘરધણીની જેમ કરે છે.

નોંધ : આ પ્રસંગ ઊકા ખાચરનો પણ કહે છે.

રતનજી ફક્ત શ્રીહરિની જ સેવા કરતા હતા તેવું ન હતું. તેઓ ખરેખર સેવાભાવી અને દયાળુ પ્રકૃતિના હતા. ક્ષત્રિય લોહી હતું તેથી **બીજાની રક્ષા કરવી તે તો તેમના લોહીમાં હોય. આવો એક પ્રસંગ છે :**

એકવાર ઘેલા નદીમાં ભારે પૂર આવ્યું. શ્રીહરિ સંતો-ભક્તો સાથે પૂર જોવા ગયા. થોડો વરસાદ હતો અને પૂરનું પાણી ચડતું જતું હતું. ત્યાં અચાનક બચાવો... બચાવો સાદ સંભળાયો. જોયું તો નાનો બાળક ઘેલા નદી વચ્ચે રહેલા

એક પથ્થર ઉપર બેસી બૂમો પાડતો હતો અને રડતો હતો. શ્રીહરિએ આ જોયું એટલામાં તો છોકરાનો બાપ આવીને કરગરવા માંડ્યો કે, હે મહારાજ ! મારો છોકરો પૂરમાં ફસાઈ ગયો છે તેને તમે બચાવો. શ્રીહરિએ રતનજી બાપુ તરફ જોયું. ત્યાં તો રતનજી કછોટો વાળી જીવના જોખમે ભયંકર પૂરમાં પડ્યા અને તરતા તરતા છોકરા પાસે જઈ તેને કિનારે લઈ આવ્યા. છોકરો અને તેનો બાપ દોડીને મહારાજને પગે લાગવા માંડ્યા અને આંસુભરી આંખે રતનજીનો આભાર માન્યો. (૩) રતનજી આવી ટાણાની સેવા કરી શ્રીજીનો રાજીપો મેળવી લેતા. એટલે તો મહારાજ કહેતા કે રતનજી કોઈ દિવસ મૂંઝાતા નથી. તે એવા શૂરવીર અને પરગજુ ભક્ત હતા.

પોતે પાર્ષદ અને હજુરી સેવક હતા તે સાથે શ્રીહરિના અંગરક્ષક પણ હતા. **શ્રીહરિએ તેમના દ્વારા ઘણાં દૈત્યોનો નાશ કરાવેલો. તેવા પ્રસંગો પણ છેઃ**

ગઢડા માંડવધારના તકરારી ખેતરનો વિવાદ ચાલતો હતો ત્યારે ખબડ અને મતારા બે સંધિઓ બસો માણસોનો કાફલો લઈ ગઢડા ઉપર ચડી આવ્યા. તે સમયે ભગુજી, મિયાજી અને રતનજી વગેરે ક્ષત્રિય-કાઠી ભક્તોએ ધીંગાણામાં ખૂબ શૂરવીરતા દાખવેલી અને ખબડને મૃત્યુને સદન પહોંચાડ્યો. તે સાથે કેટલાય અસુરોને ઘાયલ કરી તગડ્યા. ભગુજી ખૂબ ઘાયલ થયેલા તેમણે અઢાર ઘા ઝીલેલા. તે સાથે ઝપાઝપીમાં રતનજી પણ ઘાયલ થયેલા અને તેમનું કાંડુ કપાઈ ગયેલ. મહારાજની કૃપાથી પાર્ષદોની રક્ષા થયેલ. (૪) શ્રીહરિની આજ્ઞા થાય એટલે જીવના જોખમે આજ્ઞાનું પાલન કરવામાં તેઓ મૂંઝાતા નહિ.

રતનજી આજ્ઞા પાળવામાં અડગ રહેતા. આજ્ઞા પાળવામાં પોતાના ડહાપણનો ઉપયોગ ન કરતા. આજ્ઞાને અક્ષરશઃ પાળવામાં તેઓ પોતાનું ગૌરવ સમજતા **તેઓ એક પ્રસંગ જોઈએ :**

એકવાર દૂર દેશના હરિભક્તો શ્રીહરિના દર્શને ગઢડા આવેલા. તેઓ વિદાય થવા માટે તૈયાર થયા ત્યારે મહારાજે તેમને વળાવવા માટે રતનજીને મોકલ્યા અને કહ્યું કે, તમે ભાગોળ આવે એટલે ઊભા રહેજો. પાર્ષદવર્ય ભક્તોની સાથે વળાવવા ગયા અને મહારાજની આજ્ઞા મુજબ ભાગોળે ઊભા રહ્યા. બહારગામના ભક્તો તો તેના માર્ગે ચડ્યા પણ રતનજી તો મહારાજની આજ્ઞા મુજબ સાંજ સુધી ભાગોળે જ ઊભા રહ્યા. સાંજ પડી અને સભા થઈ ત્યારે

મહારાજે પૂછ્યું કે, રતનજી કેમ દેખાતા નથી ? ત્યારે ભક્તોએ કહ્યું કે, સવારે બહારગામના ભક્તોને વળાવવા ગયા પછી પાછા આવ્યા જ નથી. મહારાજે તપાસ કરાવી તો રતનજી સવારના ભાગોળે જ ઊભા ઊભા માળા ફેરવતા હતા. મહારાજે તેમને પાછા બોલાવ્યા ત્યારે આવ્યા. (૫) આમ રતનજી આજ્ઞા પાળવામાં ચતુરાઈ ન કરતા કે મૂંઝાતા નહિ.

સંપ્રદાયનું અને સંતોનું જરાય ખરાબ ન દેખાય અને સંતોનું ગૌરવ જળવાય તેની જાળવણી તેઓ સદાય કરતા.

વૃદ્ધાવસ્થામાં તેઓ વડતાલ ગયેલા. ત્યારે શુક સ્વામીના શિષ્ય વામનપ્રસાદજી સ્વામી સવારમાં પૂજા કરીને સૌ સંતોને પગે લાગતા રતનજી પાસે આવ્યા. ત્યારે એક નાના સંતના વર્તનમાં ભૂલ દેખાતા રતનજી કહે, બેસો એક શિખામણની વાત કરું. એમ કહીને મીઠા વચને વાત કરી કે, સંતોએ એકબીજાના ખભે હાથ મૂકીને ચાલવું નહિ અને પોતાના ખંભે બીજાનો હાથ મૂકવા દેવો નહિ. ત્યાગીને માટે એ દૂષણરૂપ છે. આવું શ્રીજી મહારાજ કહેતા. એટલે તમને કહું છું. આ ટકોર સાંભળી સ્વામી રાજી થયા અને કહ્યું, ભગત તમે મને ઠીક કહ્યું. મને ચેતાવી દીધો એમ કહી પાર્ષદવર્યનો ગુણ લીધો. (૬)

શ્રીહરિ રતનજીને **અમદાવાદના ત્રીજા વચનામૃતમાં** પણ યાદ કર્યા છે કે, 'મૂળજી બ્રહ્મચારી અને રતનજી ક્યાં અતિશય ડાહ્યા છે ? પણ તેમને કલ્યાણનો અતિશય ખપ છે માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતા આવડે છે ખરું.'

શ્રીહરિએ વચનામૃતમાં રતનજી પાર્ષદની સેવા અનેક જગ્યાએ વખાણી છે:

★ ગઢડા મધ્યનું ૫૨મું :

...અને જે સમજુ હોય તેને કોઈક વઢીને કહે ત્યારે સામો ગુણ લે અને જે મૂર્ખ હોય તેને કોઈક હિતની વાત કહે ત્યારે તે મૂંઝાઈ જાય અને મુકુંદ બ્રહ્મચારી તથા રતનજી એ બે મૂંઝાતા નથી, તો એમની સાથે અમારે ઘણું બને છે.

★ ગઢડા મધ્યનું ૪૧મું :

...અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મીયાંજી જેવા કોઈક જ કરતા હશે.

રતનજી બાપુ સેવા કરતા તો કેવળ મહારાજને રાજી કરવા જ કરતા. **મહારાજ તેની સેવાના વખાણ કરે તેવું તે ન ઇચ્છતા. એક એવો પ્રસંગ છે.** હરિભક્તો માણકી ઘોડી માટે ઘાસચારો લાવતા હોય. ત્યારે ઘણાં ભક્તો ઘાસની ભારી લાવે તો તે પોલીપોલી બાંધે જેથી ભારી મોટી લાગે અને મહારાજનો રાજીપો મળે. પરંતુ રતનજી બાપુ ઘાસની ભારી લાવે તો એટલી કસોકસ બાંધીને લાવે કે દેખાવમાં સાવ નાની લાગે પણ ગાંઠ છોડે ત્યાં તો મોટી જબરી લાગે. (૭)

આમ તેઓ માનની અપેક્ષા વગર મહારાજને રાજી કરવા ભક્તિ સેવા કરતા.

★ **પાદટીપ :**

(૧) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન, વર્ષ : ૨૦૦૬, વાર્તા નં. ૩૭૮

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, અંકલેશ્વર ગુરુકુલ, વર્ષ-૨૦૧૫, વાર્તા નં. ૧૪૭

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, અંકલેશ્વર ગુરુકુલ, વર્ષ-૨૦૧૫, વાર્તા નં. ૧૦૦

(૪) **મહાપૂજા મુક્તગાથા :** શા. સંત વલ્લભદાસ, કંડારી ગુરુકુલ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૭૨

(૫) **મહાપૂજા મુક્તગાથા :** શા. સંત વલ્લભદાસ, કંડારી ગુરુકુલ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૭૨

(૬) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, વાર્તા નં. ૫૧, અંકલેશ્વર ગુરુકુલ, વર્ષ-૨૦૧૫

(૭) **સંતો પાસેથી પરંપરામાં સાંભળેલી વાત.**

●

૬૭. મિયાંજી

મિયાંજી નામે શ્રીહરિના પાર્ષદ હજુરી સેવક હતા અને શ્રીહરિના અંગરક્ષક હતા. જ્ઞાતિએ પાક મુસ્લિમ બિરાદર હતા. શ્રીહરિના અનન્ય નિર્માની સેવક હતા.

મિયાંજી તેમની માતાનું એક માત્ર સંતાન હતા. પિતાજી નાનપણમાં ગુજરી ગયેલ. ઘરમાં કમાવા માટે મિયાંજી પર બધો આધાર હતો. પોતે સારા અશ્વપારખું હતા. તથા ઘોડાને કેળવવામાં માહિર હતા. નોકરી શોધવા માટે તે ગામોગામ ફરતા ફરતા એકવાર ગઢડા આવ્યા. ત્યાં દાદાના દરબારમાં તેમણે શ્રીહરિના દર્શન કર્યા. શ્રીહરિ મિયાંજીની મુમુક્ષુતાને પારખી ગયા અને નોકરીએ રાખ્યા. ત્યાં શ્રીજીની ટેલ ચાકરી કરતા. માણકીની સંભાળ લેતા. સાથે મુક્તાનંદ સ્વામી પાસે બેસી સત્સંગ કરતા તેમને વૈરાગ્ય થયો અને શ્રીજીના હજૂરી પાર્ષદ બન્યા. મૂક્ભાવે સેવા કરતા મિયાંજી શ્રીહરિના પ્રીતિપાત્ર બન્યા. (૧)

એકવાર ફરતા ફરતા શ્રીહરિ મિયાંજીના ગામ સાવરકુંડલા પધાર્યા. મિયાંજીના માતુશ્રીને જાણ થતા તે શ્રીહરિને મળવા આવ્યા. શ્રીજીએ તેમને આવકાર આપ્યો. માતાએ તેમના પુત્રની માંગણી કરી કે, મારો કોઈ આધાર નથી. મારે જીવનનિર્વાહ માટે તેની જરૂર છે તો તેને હવે મોકલો. મહારાજ કહે, તમારા જીવનનિર્વાહની અમે વ્યવસ્થા કરી દઈએ તો ? ત્યારે માજીએ કહ્યું કે, તો તમે મારા દીકરાને તમારી સેવામાં જરૂર રાખો હું રાજી છું. શ્રીહરિએ તેમને આજીવિકા માટે એક ખાંડણી અને દસ્તો આપ્યો અને કહ્યું કે, હરડા-બહેડા અને આંબળા આમાં ખાંડી તેની પડીકી રોગગ્રસ્ત લોકોને એક-એક આપજો. દરેક રોગ માટે આ એક જ પ્રકારની પડીકી કામ કરશે અને અમારી કૃપાથી તેને સારું થઈ જશે. પડીકીની કિંમત એક પૈસો લેજો. વધારે લોભ કરશો નહિ. પછી માજી ઘરે જઈને રોગી લોકોને આ પડીકી આપવા મંડ્યા શ્રીહરિની કૃપાથી માજીની દવાથી લોકો સાજા થવા માંડ્યા અને માજીની આર્થિક સ્થિતિ સુધરી ગઈ. પછી તો માજીએ કામ કરવાવાળા માણસો રાખ્યા. પોતાની સેવા કરવા માટે એક બેન રાખ્યા. માજીની

તબિયત પણ ખૂબ સારી થઈ ગઈ અને વૃદ્ધ ઉંમરે હાલીચાલી શકતા અને આંખે પૂરેપૂરું દેખતા થઈ ગયા. આ બધું શ્રીજીની કૃપાથી થયું. (૧)

મિયાંજી શ્રીહરિના હજૂરી સેવક ઉપરાંત મહારાજ માટે ગરમ પાણીનું ઈંધણ તૈયાર કરતા. શ્રીહરિ માટે સ્નાનની વ્યવસ્થા કરતા. (૨)

શ્રીહરિના અંગરક્ષકોમાં જેમ રતનજી અને ભગુજી હતા તેમ મિયાંજી પણ હતા. તેઓ જબરા નિશાનબાજ પણ હતા. તેમનું નિશાન કદી ખાલી ન જતું.

શ્રીહરિ દાદા ખાચરનો પક્ષ લેતા અને તેમની દરેક વખતે રક્ષા કરતા. ગઢડા પાસે માંડવધાર ગામની સીમનો ઝગડો ચાલુ હતો. તે સમયે ખબડ અને મતારા નામના બે સંધિ ધીંગાણું કરવા સીમાડે બેસતા. શ્રીહરિએ પાર્ષદ રતનજી, મિયાંજી, ભગુજી, બેચર ચાવડા સહિત કાઠીઓને સીમાડે મોકલ્યા અને ખબડ-મતારા સાથે ધીંગાણે ચડ્યા. યુદ્ધ થયું અને ખબડનો અંત ભગુજીએ આણ્યો તથા મતારાને મિયાંજીએ પુરો કર્યો. બાકીના સંધી ભાગી ગયા. આ લડાઈમાં દાદા ખાચરનો વિજય થયો. પણ પાર્ષદો ખૂબ ઘવાયા. જેમાં ભગુજી તથા મિયાંજી પણ હતા. (૩)

શ્રીહરિ ગઢડા મધ્યના ૪૧માં વચનામૃતમાં મિયાંજીની સેવા વખાણતા કહે છે કે, માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી અને મિયાંજી જેવા કોઈક જ કરતા હશે. પણ સર્વથી મનનો સ્વાદ મૂકી શકાતો નથી.

આ અંગેનો એક પ્રસંગ જાણીએ :

એકવાર શ્રીહરિ ગઢડામાં સાંજને સમયે કથા કરાવતા હતા તે સમયે મહારાજ બોલ્યા કે, અમારે લક્ષ્મીવાડી જવું છે. તે સાંભળી રતનજી અને મિયાંજી તરત વાડીએ જઈ શ્રીહરિની બેઠક વ્યવસ્થા કરીને બધું વાળી ચોળીને સાફ કરી આવ્યા. તે સમયે દાદાના દરબારમાં સૌ બાજરાના ડુંડા વીણતા હતા. મહારાજે લક્ષ્મીવાડી જવાનું કર્યું એટલે સેવા કરતા સૌ ભક્તો બાજરાને એમને એમ મૂકીને મહારાજની સાથે લક્ષ્મીવાડી ગયા. મહારાજ લક્ષ્મીવાડી ગયા અને સભા કરીને બેઠા અને બોલ્યા કે, અહીં ઘરના ધણી નહીં હોય. સૌ દાદાની સામે જોવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, તમે બાજરાનું ભરણ એમને એમ મૂકીને અહીં આવતા રહ્યા. સમુ કરવાનું કોઈને સૂઝ્યું નહિ. પણ દરબારગઢમાં જઈ તે બધુ સમુ કરવાનું કામ

રતનજી અને મિયાંજીએ કર્યું અને બધુ વ્યવસ્થિત કરી દીધું અને અહીં પણ અમારી બેઠક વ્યવસ્થા તેમણે જ કરી. આવું ચીંધ્યા વગરનું કામ તો ઘરધણી જ કરે ને ? માટે સાચા ઘરધણી તો એ છે એમ કહી મિયાંજી રતનજી ઉપર પોતાનો રાજીપો દર્શાવ્યો. (૪)

ગઢડામાં સૌ ભક્તો માણકી માટે લીલો ઘાસચારો લઈ આવતા. એમાં એવું પણ બને કે માણકીના ઘાસચારા કરતા ઘાસચારો પોતે લાવ્યા છે એવું દર્શાવવા ભારાને પોલોપોલો બાંધ્યો હોય કે જેથી વધારે હોય તેમ લાગે અને મહારાજનો રાજીપો મળે. અંદરખાને ભક્તને કદાચ માનની પણ અપેક્ષા હોય. પરંતુ મિયાંજીની વાત તો અલગ હતી. તે પણ માણકી માટે ઘાસનો ભારો લાવતા પણ મોટી ભારીને એવી તો કસીને બાંધી હોય કે તે ભારાને બદલે નાની ભારી લાગે. શ્રીહરિને આ વાતની ખબર પડી તો તે રાજી થયા. કે મિયાંજી કોઈને દેખાડવા સેવા નથી કરતા કે માન માટે પણ સેવા નથી કરતા. આ તેમનું વિશિષ્ટ લક્ષણ હતું. **(૫)** આ પ્રસંગ ઉપરથી કહી શકાય કે મિયાંજીની ભક્તિ અને સેવા માન વગરની અને અપેક્ષા વગરની હતી. કેવળ પ્રભુને રાજી કરવા માટેની હતી. વળી પોતે મુસ્લિમ છે અને આ ભગવાન તો હિંદુના છે તેવો ભેદભાવ પણ તેમણે ન રાખ્યો. કેવળ પ્રભુને રાજી કરવા તેઓ દાખડો કરતા. તો મહારાજ પણ તે મુસ્લિમ છે તેવું ક્યારેય ન ગણતા. બિન-સાંપ્રદાયિકનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે.

★ **પાદટીપ :**

(૧) **સ્વામિનારાયણ ચરિત ગાથા :** ભાગ-૨, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ. લેખક : શા. માધવપ્રિયદાસજી સ્વામી, છારોડી ગુરુકુલ. વર્ષ-૨૦૧૬
(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, વાર્તા નં. ૧૧૦, અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૨૦૧૫ (સ. ઋગનાથચરણ સ્વામી વિરચિત)
(૩) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** વિશ્રામ નં. ૯૨, કુંડળ પ્રકાશન, વર્ષ-૨૦૧૫
(૪) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૪, વડતાલ મંદિર પ્રકાશન, વર્ષ-૨૦૦૬
(૫) **સંતો પાસેથી સાંભળેલી કથાવાર્તા :** (પરંપરામાં ચાલી આવતી વાત)

●

૬૮. ડડુસરવાળા રજપૂત ગલુજી

માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયના **લોયાના ૩જા વચનામૃત**માં શ્રીહરિએ ભગવાન અને સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચયવાળાના લક્ષણ વર્ણવતા કહે છે કે, ભગવાનને અર્થે સંતને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો, રાજ્યનો, સુખનો, ધનનો, સ્ત્રીનો ત્યાગ કરે એવા ભક્તોમાં ડડુસરના રજપૂત ગલુજી છે.

તો, આ ગલુજીને શ્રીહરિનો કેવો નિશ્ચય હતો ? તથા શ્રીહરિ માટે તેણે શું શું કર્યું ? તે જોઈએ.

રજપૂત જ્ઞાતિમાં જન્મેલા ગલુજી અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ડડુસર ગામના વતની હતા. તેમને શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા હતી. શૂરવીર જ્ઞાતિમાં જન્મેલા ગલુજી સત્સંગમાં પણ શૂરવીર હતા. તેમને શ્રીહરિના વચનમાં અતૂટ વિશ્વાસ હતો.

એકવાર મહારાજ ગલુજીના ઘરે હતા ત્યારે કહ્યું કે, તમારે ગામ જવાનું છે. રસ્તામાં કોઈ વિઘ્ન આવે તો પણ પાછા ન વળશો. પછી ગલુજી ચાલતા થયા. ત્યાં રસ્તામાં એક સાપ આડો ફર્યો ને તેમને ડંશ દીધો. છતાં પોતે પોતાના જીવની પરવા કર્યા વગર ગામ જઈને પાછા આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું કે, રસ્તામાં શું થયું હતું ? તો કહે, સાપ મળ્યો હતો અને મને ડંશ દીધો. પણ આપની આજ્ઞા હતી તેથી ઘેનમાં હોવા છતાં સામા ગામ જઈ આવ્યો. ત્યારે મહારાજ કહે, તે તમારો કાળ હતો. તમને લેવા આવ્યો હતો. પણ તમે મારા કામમાં પ્રેરાયા હતા તેથી કાળ તમને કાંઈ ન કરી શક્યો. એમ મહારાજે ગલુજીની રક્ષા કરી. (૧)

એક એવો જ બીજો પ્રસંગ જોઈએ કે **તેમને શ્રીહરિનો કેવો નિશ્ચય હતો.** એકવાર મહારાજે તેમને કહ્યું કે, તમારા ઘરમાં જેટલા ઘરેણાં, રૂપિયા હોય તે સર્વે ખર્ચીને તેમાંથી જેટલું આવે એટલું અનાજ ખરીદી લો. તો ગલુજીએ મહારાજના વચનનો અમલ કરી જેટલું આવે એટલું અનાજ ખરીદી લીધું. ગામના લોકો તેની ટીકા કરવા લાગ્યા કે, આટલું બધું અનાજ ખરીદ્યું છે. તો અનાજની

ક્યાં તાણ છે ? પડ્યું પડ્યું અનાજ સડી જશે. આ લોકનિંદાની તેમણે પરવા ન કરી. આગળ જતા ઓગણતેરો કાળ પડ્યો અને અનાજના દાણા માટે લોકો વલખા મારવા માંડ્યા. ત્યારે ગલુજીએ આ અનાજથી લોકોની સેવા પણ કરી અને અનાજ વેચીને તેમાંથી ૩ હજાર રૂ. કમાયા અને પોતાના ઘરનો વરો કર્યો. શ્રીહરિના વચન મુજબ વર્ત્યા તો સુખી થયા. (૧)

ગલુજીને **શ્રીહરિમાં ભગવાનપણાની કેવી નિષ્ઠા હતી ?** કે તેમણે લોકનિંદાનો પણ ભાવ ન રાખ્યો. તે પ્રસંગ જાણીએ :

એકવાર શ્રીહરિ ગલુજીના ઘરે આવ્યા ત્યારે ગલુજી ગામતરે ગયેલા. ઘરમાં તેમના પુત્રી હતા. મહારાજ ત્યાં પંદર દિવસ રોકાયા. દીકરી રસોઈ કરે અને મહારાજ જમે. થોડા દિવસ પછી ગલુજી ઘરે પરત આવ્યા. તેથી લોકોએ તેમની નિંદા કરવા માંડી કે, તમારી યુવાન દીકરી ઘરમાં એકલી હતી અને તમારા સ્વામિનારાયણ ઘરે રોકાયા. આ સાંભળી ગલુજીને મનમાં જરા પણ શંકા કે સંશય ન થયો. લોકોએ તેમનો બહિષ્કાર કરી નાત બહાર મૂક્યા તો પણ તે જરાય ગભરાયા નહીં. ઉલ્ટાનું વધુ એક માસ શ્રીહરિને પોતાના ઘરે રોકયા અને સેવાનો લાભ લીધો. **આમ તેમણે મિથ્યા લોકલાજનો ત્યાગ કરી મહારાજની ભાવથી સેવા કરી.** (૧)

એકવાર શ્રીહરિએ ગલુજીને પત્ર લખ્યો કે, આ પત્ર મળ્યેથી તમે તમારા ઘરની સમૃદ્ધિ સર્વે ગાડામાં ભરી તત્કાળ ગામ વડથલ આવીને મને મળો તથા તમારા માતુશ્રીને તમારા ઘરે રાખજો. આ સમાચાર વાંચી ગલુજી ગાડામાં કિંમતી સામાન સર્વે ભરી વડથલ ગયા અને તે જ રાત્રીએ તેમના દ્વેષી ગરાસીયાઓ સંપ કરીને તેમની સંપત્તિ લૂંટી લેવા અને તેમની મારી નાખવા માટે ડડુસર આવ્યા. આવીને જુએ તો ગલુજી ન હતા. તેથી તેમની માતાને પૂછ્યું તો માતા કહે, તેના ભગવાનનો કાગળ આવ્યો હતો તેથી તે બધો સામાન લઈ તેમને મળવા ગયા છે. આ સાંભળી સર્વે શત્રુઓ આશ્ચર્ય પામ્યા કે, ગલુજી ભગવાનના ખરા ભક્ત છે એમ કહી તેમની માફી માંગી, તેમનું વેર સમાપ્ત કરી બોલ્યા કે, ગલુજીને કહેજો કે, તમારી સાથે અમારે કાંઈ વેર નથી. તમે સ્વામિનારાયણને ભજજો અને અમને પણ ભગવાનનો નિશ્ચય થાય તેવા આશીર્વાદ આપજો અને અમારો અપરાધ માફ કરજો. એમ કહી ચાલ્યા ગયા. આમ શ્રીહરિના વચનમાં વિશ્વાસ કર્યો તો તેમની રક્ષા પણ થઈ અને વેર પણ સમાપ્ત થઈ ગયું. (૨)

શ્રીહરિમાં ભગવાનપણાનો નિશ્ચય કેટલો દૃઢ છે તેનો એક શીરમોડ પ્રસંગ જોઈએ :

એકવાર શ્રીહરિ ડડુસર પધારવાના હતા તે દરમ્યાન ગલુજીના બીમાર માતુશ્રી દેહ મૂકી ગયા. તે સમયે ગલુજીએ શ્રીહરિના આગમનનો પ્રસંગ વધાવવા પોતે માતાના દેહને ઢાંકી શ્રીજીના આગમનની રંગચંગે તૈયારી કરી. તેમને પડખેના ફળિયામાં એક શેઠને ત્યાં ઉતારો કરાવી રસોઈ કરાવી જમાડ્યા અને ભાવપૂર્વક પૂજા કરી. આ સમયે પોતે બીજાને અડી ન જાય અને સૂતક ન લાગે તેની કાળજી રાખી. પણ શ્રીહરિ તો અંતર્યામી હતા, તેથી મહારાજ ગામમાંથી પરત પધાર્યા ત્યારે તેમને કહ્યું કે, તમારી માતાએ દેહ મૂકી દીધો છે. તો તમે તે ક્રિયા કેમ પહેલા ન કરી ? ત્યારે ગલુજી કહે મારા ઘરે આપ પધારો છો તે મારે મન મહત્ત્વનું છે. દેહના સગાની ક્રિયા તો પછી પણ થાય. વળી, આપ તો પુરુષોત્તમ નારાયણ છો. આપને સૂતક ન લાગે પણ આપના સ્પર્શથી સર્વે દિવ્ય અને પવિત્ર બની જાય. ગલુજીની આવી સમજણ અને પોતા તરફની નિષ્ઠા જોઈ શ્રીહરિ બોલ્યા કે, તમને ધન્ય છે. તમારા માતુશ્રીને તો અમે ધામમાં તેડી ગયા છીએ. હવે તમે સુખેથી તેમની ક્રિયા કરજો.

આવી નિષ્ઠા અને સમજણ ગલુજીની હતી તો શ્રીહરિના તેઓ કૃપાપાત્ર બન્યા. શ્રીહરિ કહે છે તેમ આવી રીતે જેને ભગવાન અને સંતનો માહાત્મ્ય, જ્ઞાને સહિત નિશ્ચય હોય તે કુટુંબની લોકલાજનો ત્યાગ કરે. (૩)

★ **પાદટીપ :**

(૧) **તદ્રુપાનંદ સ્વામીની વાતો :** સ્વામિનારાયણ ડિવાઈન મશીન, અમદાવાદ. વર્ષ-૧૯૮૮, વિશ્રામ-૭૩.

(૨) **શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર :** શા. સંતવલ્લભદાસજી, પ્રકાશક : કંડારી ગુરુકુલ વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૨૪૭

(૩) **ઉપદેશામૃત :** રાજકોટ ગુરુકુલ, વર્ષ-૧૯૯૪, વાત નં. ૨૨૨

●

૬૯. પર્વતભાઈ

શ્રીહરિની સ્વરૂપનિષ્ઠા, આજ્ઞાપાલનતા અને જ્ઞાન-સમજણના અંગને કારણે જેની સ્થિતિ સમાધિ સમાન થઈ હતી તેવા સત્સંગના શિરમોડ હરિભક્ત જો કોઈ હોય તો તે પર્વતભાઈ હતા. તેમની સમજણ અને નિષ્ઠા સૌ હરિભક્તો માટે દિવાદાંડી સમાન હતી. એવા ભક્તરાજ પર્વતભાઈના વખાણ શ્રીહરિએ વચનામૃતમાં અનેકવાર કર્યા છે, તો આવા ભક્તરાજ વિષે જાણીએ :

શ્રીહરિનો અપાર મહિમા ધરાવનારા, નિર્મોહી અને પરમ વચનપાલક જો કોઈ ભક્ત હોય તો તે પર્વતભાઈ હતા. તેઓ કણબી જ્ઞાતિના કડવા પટેલ હતા તેમની અટક પનારા હતી. તેઓ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના કેશોદ પાસે અગતરાય ગામના વતની હતા.

તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમને જ તેમણે ભગવાન માન્યા હતા. પરંતુ મુક્તાનંદ સ્વામીને શ્રીહરિમાં પ્રગટ ભગવાનની પ્રતીતિ થતા તેમણે પર્વતભાઈને સમજાવ્યા. તે પછી પર્વતભાઈની અનન્ય નિષ્ઠા શ્રીહરિમાં થઈ. શ્રીહરિનું ભજન કરતા કરતા તેમની નિરાવરણ સ્થિતિ થઈ ગયેલ. મહારાજને ત્રણેય અવસ્થામાં પ્રગટ દેખતા. તેમને શ્રીહરિનો અપાર મહિમા હતો. તેમની સમજણ અને જ્ઞાન ચરમસીમાએ પહોંચેલા તેથી હરિભક્તોમાં તેઓ શીરમોડ કહેવાતા. મહારાજ પણ તેમની આવી અલૌકિક સ્થિતિને પીછાણી તેમના વખાણ કરતા.

ખુદ શ્રીજી મહારાજ પર્વતભાઈ જેવા ગુણ કેળવવા ભક્તોને શીખ આપતા. અમદાવાદમાં દંઢાવ્ય દેશના હરિભક્તોની રસોઈ હતી. તે સમયે મહારાજ કહે, રાજાઓ ! આ હરિભક્તો દિવ્ય ધામના મુક્તો છે અને અમારી સેવા કરવા મનુષ્યરૂપ ધારણ કરીને આવ્યા છે. તમે પણ તેવી ભાવના રાખજો અને રામદાસભાઈ, મુક્તમુનિ અને પર્વતભાઈ જેવા ગુણો શીખજો. (૧)

ઉમરેઠમાં શ્રીહરિ પધારેલ ત્યારે સભામાં વાત કરી કે, હરિભક્ત થઈને સંત કે હરિભક્તનો મહિમા ન સમજે તે ફળ, ફૂલ અને છાયા વગરના વૃક્ષ જેવો છે. હરિભક્ત તો ઘણાં છે પણ પર્વતભાઈ જેવા થોડા છે. ભગવાન ભજવામાં વિઘ્ન કરે તેવા વસ્તુ, પદાર્થ તથા દેહના સંબંધીમાં પ્રીતિ ન રાખે અને કેવળ શ્રીહરિ સાથે જ સંબંધ રાખે છે તે હરિભક્ત કહેવાય. (૨)

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિએ માહાત્મ્યે જ્ઞાન સહિત નિશ્ચયમાં જે જે ભક્તોને તેમના શ્રીહરિ પ્રત્યેના નિશ્ચય અને નિષ્ઠાની વાત કરી છે. જે પર્વતભાઈના પ્રસંગ ઉપરથી ફલિત થાય છે.

કોઈ સમયે પર્વતભાઈનો પુત્ર બીમાર થયો. માંદગી ગંભીર હતી. તેવામાં શ્રીહરિનો પત્ર આવ્યો કે, તમે તુરત ગઢડા આવો. તો પર્વતભાઈ દીકરાની માંદગીને ગણકાર્યા વગર જવા તૈયાર થયા. હજી પાદરે પહોંચ્યા ત્યાં ખબર આવી કે, પુત્રએ દેહ મૂકી દીધો છે. તો તેઓ ઘરે પાછા ન ગયા અને કહેવડાવ્યું કે, તમે પુત્રના દેહનો અગ્નિસંસ્કાર કરી નાખજો. આ મહારાજનો પત્ર આવ્યો છે તો પહેલી આજ્ઞા મારે એ પાળવાની છે. ઘણાં જન્મ ઘર-પરિવાર માટે ખર્ચ્યા છે તો આ જન્મ પ્રભુ માટે ખરચીએ. પોતાના પુત્ર માટે લાગણી ન હતી તેમ નહીં. પણ મહારાજની આજ્ઞા આવી તો તેમણે દેહના સંબંધને ગૌણ ગણ્યો અને શ્રીજીની સેવામાં પહોંચી ગયા. (૬)

શ્રીહરિએ કહ્યું તેમ પર્વતભાઈએ પ્રભુ માટે લોકલાજનો ત્યાગ કર્યો. પોતાના આવા વર્તનથી સમાજમાં શું કહેવાશે તેનો તેમણે વિચાર ન કર્યો. પ્રભુ માટે તેમણે કુટુંબનો ત્યાગ કર્યો. કુટુંબીજનનો ત્યાગ કર્યો તો શ્રીહરિમાં તેમની અનન્ય નિષ્ઠા ગણાઈ અને પ્રભુનો રાજીપો મળ્યો.

એકવાર શ્રીહરિને ઉત્સવમાં અનાજની જરૂર પડી તો પર્વતભાઈ પોતાના ઘરે જેટલું અનાજ હતું તે બધું ગાડા ભરીને શ્રીહરિને અર્પણ કરી દીધું. પોતાના માટે કે સંતાનો માટે કાંઈ ન રાખ્યું. મહારાજે પૂછ્યું તો કહે કે, કણબી અને કુકડા ભૂખ્યા ન મરે. ગમે ત્યાંથી દાણા ગોતી લે. આ રીતે પોતાના ધન-ધાનનો તેમણે શ્રીહરિ માટે ત્યાગ કર્યો. પોતાના સુખનો ત્યાગ કર્યો ને દાણા વગર જીવીશું કેમ? તેનો પણ તેમણે વિચાર ન કર્યો. કેવળ મહારાજની આજ્ઞાને જ ધ્યાને રાખી. એ કેવું મોટું સમર્પણ ! એટલે તેઓ શ્રીજીના કૃપાપાત્ર બન્યા. (૬)

એકવાર શ્રીજીએ સંતોને શેરડીમાંથી બનતી ચીજો ખાવાની બંધી કરાવેલ. તો પર્વતભાઈએ પણ એ નિયમ રાખ્યું. મહારાજે પૂછ્યું તો કહે, મારા વ્હાલા સંતો ગળ્યું નથી જમતા તો મારે કેમ જમાય ? આમ સંતોને અર્થે પોતે પણ સંતોનું નિયમ રાખી સંતો સાથે પોતાની એકતા દર્શાવી. તેથી મહારાજે તેમની ભક્તિ અને નિષ્ઠા વખાણી છે. (૬)

શ્રીહરિએ ગઢડા અંત્યના ૨૨માં વચનામૃતમાં પ્રેમલક્ષણાયુક્ત ભક્તિના અંગમાં પર્વતભાઈને યાદ કર્યા છે. જે ઉપરોક્ત પ્રસંગ ઉપરથી ફલિત થાય છે.

એકવાર શ્રીહરિને મળવા માટે બ્રહ્માનંદ સ્વામી અક્ષર ઓરડીમાં દર્શને આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું કે, તમે કેવા સત્સંગી થયા છો ? ત્યારે સ્વામી કહે, અમે ખરેખરા સત્સંગી થયા છીએ. ત્યારે મહારાજ કહે અમે શું કરતા હતા તે કહો? ત્યારે કહે અમે એવા સત્સંગી તો નથી થયા. ત્યારે મહારાજ કહે, એવા સત્સંગી તો પર્વતભાઈ તથા ગોરધનભાઈ છે તે અમને ત્રણેય અવસ્થામાં દેખે છે. (૩)

શ્રીહરિ અગતરાય પધારેલ ત્યારે ભીમજીભાઈ તથા પર્વતભાઈ શ્રીજીની ચરણસેવા કરતા કરતા સત્સંગ કરતા હતા. ભક્તો પૂછતા જાય ને મહારાજ ઉત્તર દેતા જાય. મહારાજ કહે પર્વતભાઈ ! તમે કહો તો જગતના જેટલા મનુષ્ય છે તે બધાને પરમહંસ બનાવી દઈએ. ત્યારે ભક્ત કહે, તો પછી જગતના જીવ શું જમશે ? ત્યારે મહારાજ કહે, વૃક્ષોમાંથી ફળ અને દાણા કોણ આપે છે ? આકાશમાંથી જળ કોણ વરસાવે છે ? ત્યારે ભક્તો કહે, તમે ધારો તે કરી શકો. ત્યારે મહારાજ કહે, જીવો બધા સખણા ન રહે તેથી બધાને ધંધે ચડાવી મેલ્યા છે. (૪)

એકવાર મહારાજ કરિયાણામાં કાળુ મકવાણાને ઘરે વિરાજમાન હતા. બળેવનો દિવસ હતો તો કોઈ ચારણ્યબાઈ આવીને મહારાજને કહે, તારા ધાંધલા લઉં, તારા ભામણાં લઉં, તને દોરો બાંધુ. એટલે મહારાજે જમણો હાથ લાંબો કર્યો. તો દોરો બાંધી દીધો. ત્યારે પર્વતભાઈ કહે, વાહ ! તારા ભાગ્ય વાહ ! આ તો સાક્ષાત્ લક્ષ્મીજી તુલ્ય થયા. ત્યારે સુરાખાચર કહે, આ તો સોળસંઢી છે ત્યારે મહારાજ કહે આ શું કહે છે ? ત્યારે પર્વતભાઈ કહે, આ ચારણ્યને તમારો

યોગ થયો એટલે લક્ષ્મીજી જેવી થઈ રહી. ત્યારે મહારાજ કહે, પર્વતભાઈને મહિમાનું અંગ છે ને સુરાખાચરનો સ્વભાવ ચારણી જેવો છે. (૫)

એકવાર પર્વતભાઈ પોતાના પત્ની સાથે ગઢપુર શ્રીહરિનો સમાગમ કરવા ગયા. ત્યાં દિવસ આખો ભજન અને કથા-વાર્તાનું સુખ લેતા. કેટલાક દિવસ વીત્યા પછી મહારાજે પૂછ્યું કે, પર્વતભાઈ ક્યાં જમે છે ? ત્યારે સંતો કહે તેમના ઘરના આવ્યા છે તે ત્યાં બનાવીને જમતા હશે. કોઈ કહે, મયારામ ભટ્ટને ત્યાં જમતા હશે. ત્યારે મહારાજે પૂછાવ્યું તો ત્યાં પણ જમતા ન હતા. તેમના પત્નીને પૂછાવ્યું કે, ભગત તમારી સાથે જમે છે ? તો કહે ના. મને એમ કે સંતોને રસોડે જમી લેતા હશે. ત્યારે મહારાજે ખુદ પર્વતભાઈને જ પૂછ્યું કે, તમે ક્યાં જમો છો ? તો ભગત કહે, મહારાજ તમારી મૂર્તિનું એટલું સુખ આવે છે કે, જમવાનું કાંઈ યાદ જ આવતું નથી. ભૂખ તરસ જ લાગતી નથી. ત્યારે મહારાજ કહે, પરિક્ષિત રાજાને તો માથે મરણનો ભય હતો તેથી અન્નજળ લીધા વગર કથા સાંભળી હતી પણ પર્વતભાઈ તો સર્વ રીતે નિર્ભય છે તેમની સ્થિતિ પરિક્ષિત રાજા કરતા પણ ઊંચી છે. આમ પર્વતભાઈની પ્રભુ પરાયણતા જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. (૬)

શ્રીજીના દર્શનસુખ માટે તેમણે ભૂખ-તરસ વેઠી, દેહના સુખનો ત્યાગ કર્યો તેથી મહારાજના કૃપાપાત્ર બન્યા.

પર્વતભાઈ માનસીપૂજાનો ટાઈમ કદી ચૂકતા નહીં. ખેતરે હોય તો પણ એક બાજુ બેસી માનસી કરી લેતા. એકવાર વાવણીનો સમય હતો ને હળ હાંકતા હતા તેથી સાંતી હાંકતા હાંકતા મહારાજને બપોરે દહીં ને રોટલા જમાડતા હતા. ત્યારે સાથીને એમ થયું કે, આ ભગતડા રાત્રે ભજન કરે ને દિવસે ઊંઘી જાય એમ ધારી પર્વતભાઈને જગાડવા તેમને લાકડીનું ઠેબું અડાડ્યું. ત્યાં તો હળ ઉપર દહીં અને રોટલો ઢોળાયેલા જોયા. તેને આશ્ચર્ય થયું કે, આ દહીં ને રોટલો અત્યારે અહીં ક્યાંથી આવ્યા ? તેણે પર્વતભાઈને પૂછ્યું તો કહે, હું મારા પ્રભુને અત્યારે દહીં ને રોટલો જમાડતો'તો પણ તમે હાથ ઉપર ઠેબું માર્યું તેમાં તે પડી ગયા. સૂક્ષ્મ વસ્તુ સ્થૂળ સ્વરૂપે આવી ગઈ. કેવું આશ્ચર્ય ? ત્યારે સાથીએ પર્વતભાઈની માફી માંગી અને તેમનો મહિમા સમજ્યો. (૭)

વચનામૃત લોયાના ૩જામાં શ્રીહરિએ પર્વતભાઈનો ઉલ્લેખ કરતા કહે છે:

'જેને ભગવાન અને સંતનો માહાત્મ્યેજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? તેને અર્થે કુટુંબનો ત્યાગ કરે...' આ વચનામૃતમાં પર્વતભાઈનું નામ છે.

વચનામૃત ગઢડા અંત્યનું ૨૨મું :

શ્રીહરિએ કહ્યું કે : જેવું પ્રેમલક્ષણ ભક્તિએ યુક્ત આ કીર્તનને વિષે હરિજનનું અંગ કહ્યું છે, એવું તો ઝીણાભાઈનું તથા પર્વતભાઈ અને મૂળજી એના પણ એવા અંગ છે... તેને પંચવિષયને વિષે પ્રીતિ ટળી જાય છે અને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની જ રહે છે.

★ **પાદટીપ :**

(૧) **અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ :** વાર્તા નં. ૬

(૨) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** આધારાનંદ સ્વામી કૃત, પ્રકાશક : સ્વામિ. સાહિત્ય મંદિર, ગાંધીનગર. વર્ષ - ૧૯૯૫, પુર : ૧૭, તરંગ ૯૦.

(૩) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર, વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૯૭

(૪) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** વિશ્રામ-૨૪, કુંડળ પ્રકાશન, વર્ષ-૨૦૧૫

(૫) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૫૩૫

(૬) **આદર્શ ભક્તગાથા :** ધર્મવલ્લભ સ્વામી. મંદિર, જૂનાગઢ વિ.સં. ૨૦૬૩, પાના નં. ૬૯થી ૮૩

(૭) **આદર્શ ભક્તગાથા :** ધર્મવલ્લભ સ્વામી. મંદિર, જૂનાગઢ વિ.સં. ૨૦૬૩, પાના નં. ૬૯થી ૮૩

●

૭૦. રાજબા (વાંકીયા)

સંપ્રદાયમાં બે રાજબાઈ થઈ ગયા. એક રાજબાઈ અંબાલી ગામના હતા. જે ગામ ભરૂચ જિલ્લામાં નર્મદા કાંઠે નીલકંઠધામ પાસે આવેલું છે. શ્રીહરિ વર્ણીવેષે વિચરણ કરતા હતા ત્યારે રાજબાઈના ભક્તિભાવને વશ થઈ સામે ચાલીને તેના ઘરે ગયા ને ગાયનું દૂધ ૭ દિવસ સુધી પીધેલું તેવી કથા છે. (૧)

બીજા રાજબા ગઢડા પાસેના વાંકીયા ગામના હતા. રાજબા કાઠી કુળના હતા. તેમની માતુશ્રીનું નામ સોણબા હતું અને તેઓ ગઢડાના દરબાર જીવા ખાચરની પત્ની શ્રીકુંવરબાના સગાં બહેન થતાં હતાં. (૧)

રાજબા પૂર્વના મુમુક્ષુ હતાં અને જન્મજાત વચનસિદ્ધ હતાં. તેમને બાલ્યઅવસ્થાથી જ પ્રભુમાં અપાર સ્નેહ હતો તેનું એક કારણ એ પણ હતું કે બાળપણમાં તેઓ ગઢડામાં પોતાના માસીબાના ઘરે અવાર નવાર જતા હતા. સાંખ્યયોગી બહેનો સાથે રહીને તેમણે સંસારના સુખોનો મનથી ત્યાગ કરી દીધો હતો અને આજન્મ કુંવારા રહી, નિયમ ધર્મ પાળી પ્રભુ ભજન કરવાની તેમની રૂચિ હતી. તેમના માતા-પિતાને પણ તેમણે આ વિચાર જણાવી દીધેલ તેમ છતાં સમાજના રીતરિવાજ અનુસાર તેમની સગાઈ કરી. રાજબાની સદંતર અનિચ્છા હતી તેમ છતાં તેમની જાણ બહાર આ સગાઈ થઈ. સાસરાપક્ષની ચુંદડી અને શ્રીફળ ઘરે આવ્યા ત્યારે તેમના માતુશ્રીએ રાજબાને કહ્યું કે, બેટા ! જો આ તારી ચુંદડી આવી. આ સાંભળી રાજબા દિલગીર થઈને એટલું બોલ્યા કે, બળી એ ચૂંદડી ! ત્યાં તો પટારા ઉપર પડેલી ચુંદડી ભડભડ સળગી ગઈ. પોતે વચનસિદ્ધ હતા તેથી મહારાજે તેમનું વચન સત્ય કર્યું. આ જોઈ ઘરના સભ્યો આશ્ચર્યમાં પડી ગયા. તેમ છતાં ઘરના સભ્યો આ વાત ન સમજ્યા. આથી રાજબા ઘરનો ત્યાગ કરી, ગઢડામાં શ્રીજીના સાંનિધ્યમાં પોતાના માસીના ઘરે રહેવા આવી ગયા અને ત્યાં રહી પ્રભુભજન કરવા લાગ્યા અને લગ્ન

કરવાની અનિચ્છા દર્શાવી. (૧)

તેમ છતાં તેમના માતા-પિતા ગઢડા આવીને શ્રીજી મહારાજને મળી રાજબાને લગ્ન માટે સંમત થવા સમજાવવા કહ્યું. આથી મહારાજે રાજબાને કુળના રિવાજ મુજબ લગ્ન કરવાની ભલામણ કરી. આથી શ્રીહરિનું વચન માન્યું અને રાજબાના લગ્ન થયા. કહેવાય છે કે, લગ્ન સમયે તેમને તૈયાર કરતા હતા તે દરમ્યાન તેમને મૂર્છા આવી ગઈ અને લાંબા સમય સુધી તે વળી નહીં. આથી રાજબાની જગ્યાએ બીજી કોઈ દાસીને લગ્નનાં કપડાં પહેરાવી લગ્ન સંપન્ન કરાવ્યા. તે પછી રાજબા સાસરે ગયા. આ દરમ્યાન તેમણે અન્નનો ત્યાગ કર્યો હતો તેથી તેઓ દશ દિવસથી ભૂખ્યા હતા. લગ્નની રાત્રે તેમના પતિએ ઓરડામાં પ્રવેશ કર્યો ત્યાં તો ઓરડામાં પલંગ ઉપર રાજબાની જગ્યાએ એક વિકરાળ વાઘણને જોઈ અને પતિ ડરીને ત્યાંથી ભાગ્યો અને પોતાના માતા-પિતાને વાત કરી કે રાજબાના રૂપમાં તો ત્યાં કોઈ વાઘણ બેઠી છે. લોકોએ આવીને જોયું તો સાચે જ ત્યાં વાઘણ બેઠી હતી. આથી સાસરીયાવાળાને થયું કે, આ નક્કી કોઈ દેવીનો અવતાર છે. સંસાર ભોગવવા માટે આ નથી. તેમ માનીને રાજબાને પૂછ્યું કે, મા ! તમે જેમ રાજી હો તેમ કરીએ. ત્યારે રાજબાએ કહ્યું કે, મારે મારા પિયર નથી જવું. મને તમે ગઢડા શ્રીજી મહારાજ પાસે મુકી જાઓ. આથી સાસરાવાળા તેમને વંદન કરી માનપૂર્વક ગઢડા દાદાના દરબારમાં મુકી ગયા અને ત્યાં રહી પોતે સાંખ્યયોગ પાળી પ્રભુ ભજન કરવા લાગ્યા. (૧)

રાજબાની શ્રીહરિ પ્રત્યેની નિષ્ઠા અને કેટલું માહાત્મ્ય હતું ! તેના પ્રસંગો જોઈએ.

એકવાર શ્રીહરિ ગઢડામાં હતા ત્યારે અડધી રાત્રે માણકી ઉપર પલાણ માંડી કુંડળ સુધી આવ્યા પણ ઘોડીએ આગળ ડગ ન માંડ્યા અને પાછી ગઢડા તરફ વળવા માંડી ત્યારે સોમલાખાચરે પૂછ્યું કે, ઘોડી આમ કેમ કરે છે ? ત્યારે શ્રીહરિ કહે : ઘોડીને કાંઈ નથી થયું પણ અમારા પ્રેમી ભક્તો : લાડુબા, જીવુબા તથા રાજબા ગઢડામાં રહી અમારું તીવ્ર ભાવથી ભજન કરે છે અને અમે તેમની રજા લીધા વગર આવ્યા છીએ. તેથી તેમણે ઘોડીની વૃત્તિને પકડી રાખી છે તેથી ઘોડી પાછી વળે છે. પછી શ્રીહરિએ ઘોડીને પાછી ગઢપુર વાળી અને સૌ બહેનોને દર્શન આપ્યા. (૨)

એકવાર શ્રીહરિએ દાદાખાચરના દરબારમાં આવીને બાઈઓને કહ્યું કે, તમે અહીંથી નીકળી બીજે ઉતારો કરો. એમ કહી બધો સામાન બહાર કઢાવ્યો ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, આ દાદાનો દરબાર કહેવાય તેનો ઉતારો વારેવારે ફેરવવો ઠીક ન કહેવાય ત્યારે મહારાજ કહે, અમે તેનો ઉતારો નથી ફેરવતા પણ તેમના અંતઃકરણને જોઈએ છીએ. તે અમે જેમ જેમ વચન કહેતા ગયા તેમ તેમ તેઓ નિઃસંશય થઈ કરતા રહ્યા. હું દુર્વાસાનો ગુરુ છું. કોઈ અમને એક દિવસ પણ સત્સંગમાં રાખી શકે નહીં, પણ રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ, દાદાખાચરે કે તેમના ઘરના મનુષ્યે કોઈ દિવસ અમારા વચનમાં સંશય કર્યો નથી. એવા નિઃસંશય ભક્તોની ભક્તિને વશ થઈને અમે અહીં ટક્યા છીએ. ને એમણે દરબાર, ગરાસ સર્વે અમારા પરાયણ કરી મેલ્યો છે અને રાજબાઈને એવા વર્તમાન છે કે અઢાર હાથથી ઓરો પુરુષ આવે તો ઉપવાસ કરે છે ને દાળ-રોટલા ભેળા કરી એમાં પાણી નાંખીને જમે ને રાતના અગિયાર વાગ્યા સુધી કથાવાર્તા સાંભળી વળી રાત્રી ચાર ઘડી રહે ત્યારે જાગે છે. તેથી અમે તે સર્વેને વશ થયા છીએ. (૩)

ગઢડામાં શ્રીહરિ એકવાર અભયરાજાને કહે, આ રાજબાઈએ સત્સંગ માટે તથા અમારા વાસ્તે પોતાના કુટુંબનું પાણી હરામ કર્યું છે. માટે આજથી તમારી આ ચાર પુત્રીઓ ભેગી આ પાંચમી પુત્રી રાજબાઈ છે તેમ માનજો અને રાજબાને ઉત્તમ રાજાની પાંચમીબેન તરીકે અમે ઠરાવીએ છીએ. તેને જીવનપર્યંત તમારે પાળવા અને આ ઉત્તમરાજા રાજાબાઈના ધર્મના ભાઈ તરીકે અમે સ્થાપિત કરીએ છીએ. આમ કહેતા દાદાખાચર, અભયરાજા તથા જીવુબાઈ, શ્રીહરિ પાસે આવ્યા અને તેમણે શ્રીહરિની આજ્ઞા માથે ચડાવી. (૪)

રાજબાઈએ એકવાર મહારાજને પૂછ્યું કે, તમે રાજી થાઓ છો ત્યારે વસ્ત્ર, થાળ વગેરે આપો છો. પણ અંતરથી રાજી થાઓ તો શું આપો ? ત્યારે મહારાજ કહે તો ભક્તને ક્યાંય સંસારની વસ્તુમાં અને સગામાં બંધાવા ન દઈએ અને તેની પાસેથી ધન, ધામ, કુટુંબ બધું લઈ લઈએ અને તેના દેહમાં રોગ આપીએ. જેથી સંસાર અને દેહમાંથી તેને આસક્તિ તૂટે અને અમારામાં હેત થાય. (૧)

રાજબાએ જીવનપર્યંત ગઢડામાં રહી ભજન કર્યું તથા અનેક બહેનોને સત્સંગ કરાવ્યો. શ્રીહરિ ધામમાં ગયા બાદ ઘણાં વર્ષો સુધી પોતે રહ્યા. તેમનું

આયુષ્ય પૂર્ણ થયું એટલે શ્રીહરિ તેમને તેડવા આવ્યા. તે સમયે દાદાખાચર બહારગામ ગયેલા. આથી રાજબા મહારાજને કહે, દાદાએ આખી જિંદગી મારી સંભાળ રાખી છે તેથી તે આવે પછી તમે મને ધામમાં લઈ જજો.

તેમણે અંત સમયે દાદાને કહેલું કે, મારા શરીરને તમારા સિવાય કોઈ બીજો પુરુષ અડે નહીં એવી તમને ભલામણ કરું છું. આજથી ત્રીજા દિવસે મારે ધામમાં જવું છે માટે તમે સર્વે અહીં રહેજો એવી તેમણે દાદા ખાચરને ભલામણ કરેલી. (૧)

રાજબા ધામમાં ગયા બાદ તેમના દેહને અગ્નિ સંસ્કારની વિધિ શરૂ થઈ, પરંતુ અગ્નિદેવનો બાના શરીરને સ્પર્શ જ થતો ન હતો. આવું વારંવાર થયું કે, અગ્નિદેવ કેમ દેહને સ્પર્શતા નથી ? પછી ગોપાળાનંદ સ્વામીએ સમાધિ કરીને જાણ્યું કે, રાજબા નખશીખ પવિત્ર છે તેથી અગ્નિદેવને ભ્રાંતિ હતી કે હું જો બા ના દેહને સ્પર્શ કરીશ તો બા મારા પર નારાજ થશે. તેથી તે સ્પર્શતા ન હતા. પછી સ્વામીએ અગ્નિદેવને કહ્યું કે, બા તો ધામમાં ગયા છે. તેના દેહને સ્પર્શ કરશો તો બા નારાજ નહીં થાય, પછી અગ્નિદેવે રાજબાના દેહનો સ્પર્શ કર્યો અને રાજબાની ઈચ્છા મુજબ દાદાખાચરે તેમનો અગ્નિસંસ્કાર કર્યો. આમ રાજબાને દાદાખાચરે ધર્મની બેન માનેલ. તે આજ્ઞા મરણપર્યંત નિભાવી. (૫)

શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ રાજબાનો ઉલ્લેખ કર્યો છે :

★ વચનામૃત લોયાનું ૩જું :

ભક્તોએ શ્રીહરિને અર્થે અને સંતને અર્થે કુટુંબનો ત્યાગ કર્યો લોકલાજનો ત્યાગ, સુખનો ત્યાગ, ધનનો ત્યાગ, સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે અને પુરુષ હોય તો સ્ત્રીનો ત્યાગ કરે. તેમાં શ્રીહરિએ અન્ય ભક્તો સાથે રાજબાની વાર્તા કરી છે.

પોતાના લગ્ન થયા, પરંતુ તેમને ભગવાન ભજવા હતા તો તેમણે સંસારનો સુખનો, પતિનો ત્યાગ કર્યો અને ગઢડા આવી સાંખ્ય ધારણ કરી આખી જિંદગી ભગવાન ભજ્યા.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :

...અને વળી જે હરિભક્તને વિષે જે અંગ હોય તેમાં એક અંગ સરસ

હોય તે કહીએ જે દાદાખાચરને વિશ્વાસનું અંગ, રાજબાઈને ત્યાગનું અંગ...

★ વચનામૃત ગઢડા અંત્યના ૨૫માં રાજબાઈએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છેઃ

હે મહારાજ ! કયા ગુણે કરીને તમે રાજી થાઓ ને કયા દોષે કરીને કુરાજી થાઓ ?

★ **પાદટીપ :**

(૧) **સ્ત્રી રત્નમાલા :** પ્રભુ શાસ્ત્રી : મંદિર જૂનાગઢ, વર્ષ-૧૯૪૯, પાના નં. ૧૪૪થી ૧૪૮

(૨) **પ્રસાદાનંદ સ્વામીની વાતો :** વિશ્રામ-૪૨, કુંડળ પ્રકાશન વર્ષ-૨૦૧૫

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** વાર્તા નં. ૨૩, ગુરુકુલ, અંકલેશ્વર, વર્ષ-૨૦૧૫

(૪) **શ્રીજી મહારાજના ચરિત્રો :** પરમ ચૈતન્યાનંદ સ્વામીકૃત સ્વામિ. મંદિર કુંડળ, વર્ષ-૨૦૧૩, પાના નં. ૫૦થી ૫૧

(૫) **સત્સંગની શુભ વાર્તા :** ભાગ-૪, સ્વામિ. ગુરુકુલ, રાજકોટ. વર્ષ-૨૦૧૫, પાના નં. ૭૦થી ૭૮

●



૭૧. જીવુબા

સંપ્રદાયના ઈતિહાસમાં શીરમોડરૂપ ભક્ત હોય તો તે જીવુબા હતા. તેમનું મૂળ નામ જયાબાઈ હતું. તેઓ ગઢડામાં સાંખ્યયોગ પાળી શ્રીહરિની અહર્નિશ સેવા અને ભક્તિ કરતા. તેમના જીવન વિષે જાણીએ :

ગઢપુરના એભલ ખાચરને પુત્ર દાદા ખાચર હતા અને ૪ પુત્રીઓ હતી, જેમાં જીવુબા સૌથી મોટા. પછી લાડુબા, પાંચુબા અને નાનુબા હતા. એવું કહેવાય છે કે જીવુબા તે લક્ષ્મીજીનો અવતાર હતા તો લાડુબા રાધિકાજીના અવતાર ગણાતા. (૧)

શતાનંદ મુનિએ સર્વમંગલ સ્તોત્રમાં ૬૦૬માં જીવુબાને યાદ કર્યા છે : *જયા પ્રેષ્ઠાય નમઃ* કહીને સંબોધ્યા છે. (૨)

જીવુબાનાં લગ્ન કુંડળના રાઈબાના પુત્ર હાથિયા પટગર સાથે થયેલા. બાશ્રીનાં લગ્ન તેમના પિતાશ્રીએ પરાણે કરાવેલ. તેમને તો અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળવું હતું. જ્યારે તેઓ પરણ્યા બાદ પતિના ઓરડામાં આવ્યા ત્યારે તેમના પતિએ તેમને ભયંકર નાગણરૂપે જોયા. આવું બે-ત્રણ વખત જોયું. આથી હાથિયાએ તેમની માતાને આ બનાવની વાત કરી. રાયબા પણ સત્સંગી હતા. તેમણે જીવુબાને તેમની મરજી પૂછી ત્યારે બાશ્રીએ કહ્યું કે, મારા લગ્ન પરાણે કરાયા છે. મારે તો ભગવાન ભજવા છે. તેથી રાઈબાએ જીવુબાને ગઢડા સ્વગૃહે મોકલી આપ્યા.

એકવાર જીવુબા, રાજબા અને લાડુબા ગાડુ જોડાવીને કરિયાણે મીણબાઈને મળવા જતા હતા. વળતા વાવડી અને કીડી ગામ વચ્ચે વાવ છે. (A) ત્યાં મોટા અખંડાનંદ સ્વામીને પેટબેસણું થયેલું તે કણસતા કાંઠે પડ્યા પડ્યા. હે સ્વામિનારાયણ એમ ઉચ્ચ સ્વરે ભજન કરતા હતા. બહેનોએ આ સાંભળ્યું અને ગાડા ખેડુને તપાસ કરવા મોકલ્યો તો સ્વામીની નાજુક પરિસ્થિતિ છે તેમ કહ્યું. આથી પોતે ગાડામાંથી ઊતરી સ્વામીને તેમાં બેસાડી પોતે ઘણાં કિમી. ચાલીને ગઢડા ગયા. સ્વામી બીમાર હતા તો બહેનો તેમના ગંદા ગોદડા વગેરે જાતે ધોતા. માંદાની

રૂચિ અનુસાર ભોજન બનાવડાવીને મોકલતા. એકવાર રાત્રે સ્વામીને રોટલો અને તાંદળાજીની ભાજી ખાવાની ઈચ્છા થઈ તો પોતે ચાકર મોકલી લક્ષ્મી વાડીમાંથી ભાજી મંગાવી રાત્રે શાક અને રોટલો બનાવી સ્વામીને આપ્યો. જીવુબાની આ સેવા જોઈને મહારાજ તેમના ઉપર રાજી થયા. ત્યારે બાશ્રીએ માંગ્યું કે, **'મહારાજ આ ગઢડું અને દરબાર તમારું અને બીજો પરદેશ.** એમ વર આપો. તો મહારાજે એ વર આપ્યો અને પોતાનું કાયમી નિવાસસ્થાન ગઢડાને બનાવ્યું. (૪)

શિયાળાનો સમય હતો. મહારાજ અક્ષર ઓરડીમાં પોઢી ગયેલા. પાસે સગડી મુકી હતી. મૂળજી બ્રહ્મચારી અને નાજા જોગિયાને ઝોકું આવી ગયું તેમાં નવી રજાઈનો છેડો દેવતાને અડતા તે બળી ગઈ. મહારાજ જાગી ગયા અને આ જોઈને કહે, ચાલો આપણે અહીંથી જતા રહીએ. જીવુબાને શું જવાબ દેશું ? પછી નાજા જોગિયા બાશ્રીને કહેવા ગયા કે મહારાજ જવાનું કહે છે. આ નવી રજાઈ બળી ગઈ એટલે જવાનું કહે છે. ત્યારે જીવુબા આવીને કહે, મહારાજ રજાઈ ભલે બળી ગઈ. અમારી પાસે આવી નવી ૧૦૦ રજાઈ પડી છે. તમે ચિંતા કરો મા. તમારા માટે ધન, ધામ, કુટુંબ સર્વે કુરબાન છે. આ જવાબ સાંભળી મહારાજ રાજી થયા અને દર્શનની બંધી હોવા છતાં જીવુબાને દર્શન આપ્યા. પછી બા નવી રજાઈ લાવ્યા ને મહારાજને આપી. (૫)

માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો ભગવાનને અર્થે શું ન થાય તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

મા જેમ બાળકનાં ભોજન માટે કાળજી રાખે તેવી કાળજી મોટી બા રાખતા. શિયાળામાં એકવાર મહારાજ પાસે કોઈ પ્રેમી ભક્ત મૂળા લાવ્યા એટલે મહારાજ તેમાં મીઠું, જીરૂ ચડાવી જમ્યા. થોડી વારે મહારાજને પેટમાં બળવા લાગ્યું, એટલે કહે, ભજનાનંદ સ્વામીને બોલાવો, કાંઈક ઔષધ કરે ત્યારે મોટીબા કહે, મહારાજનું ઔષધ હું જાણું છું એમ કહીને થીણુ ઘી અને ધોયેલી સાકર લાવીને મહારાજને જમાડી તેથી બળતરા શાંત થઈ ગઈ. ટાણાની આ સેવાથી મહારાજ મોટીબા ઉપર બહુ રાજી થયા. (૬)

મહારાજ એકવાર લક્ષ્મીવાડી પધારેલ. ત્યાં મહારાજ મૂળાની ભાજીનું શાક જમ્યા. તે શાક ઘીથી વઘારવાનું હોય પણ લાધા ઠક્કર ઘીને બદલે તેલ લાવ્યા. મહારાજ અને સંતો તે તેલવાળું શાક જમ્યા તેથી બધાના ગળા જલાઈ ગયા. આથી

મહારાજ બીજા દિવસે જમ્યા નહીં. સાંજે જીવુબા દૂધ લાવ્યા તે સાકર અને દૂધ જમ્યા અને પૂછ્યું કે તમે કેમ આજે ન જમ્યા ? ત્યારે કહે તેલવાળું શાક જમ્યા તેથી આમ થયું. લાધા ઠક્કર ઘીને બદલે તેલ લાવ્યા તેથી આમ થયું. ત્યારે બાશ્રીએ લાધા ઠક્કરને ઠપકો દીધો. પછી બા દરબારગઢમાં ગયા અને મહારાજની રૂચિ અનુસાર ઘીમાં બીરંજ બનાવી લાવ્યા અને મહારાજને જમાડીને રાજી કર્યા. (૭)

બંને બહેનો શ્રીહરિની તથા સંતો-ભક્તોની નિત્ય અને ઉત્સવ સમૈયામાં પણ ખૂબ ભાવપૂર્વક સેવા કરતા. શરૂઆતમાં બંને બહેનો મહારાજ માટે થાળ બનાવે. તે સેવામાં ખૂબ ખેંચતાણ થતી મોટીબા કહે કે અમારો થાળ મહારાજ બરાબર જમ્યા નહીં તો લાડુબા કહે અમારો થાળ પણ જમ્યા નહીં. આથી દાદાની સલાહથી બહેનોને થાળ માટેના વારા નક્કી કરી દીધા કે શુક્લ પક્ષમાં જયાબા (મોટી બા) થાળ કરે અને કૃષ્ણ પક્ષમાં લાડુબા (લલિતા બા) થાળ કરે એમ થાળ કરતા. તેમાં પણ અજવાળીયા અને અંધારિયામાં કોઈ વાર એક દિવસ વધારે હોય તો વળી બંને બહેનોને થાળ માટે મીઠો ઝગડો થયા કરે તેથી મહારાજ બંને બહેનોને ૧૦-૧૦ દિવસના વારા કરી દીધા. (૮)

શ્રીહરિ માટે કેટલો પ્રેમ હશે કે એક મહારાજની વધારે સેવા લઈ જાય તો બીજાને દુઃખ થાય ? કેટલો સમર્પણ ભાવ હશે ?

મહારાજ ગામડે વિચરણ કરવા જતા ત્યારે પણ બંને બહેનો દર્શન વગર ઝૂરતા અને અન્નજળ ન લેતા તેથી મહારાજે દરબારમાં વાસુદેવ નારાયણની સ્થાપના કરી તેને થાળ ધરવાનું અને અન્ન લેવાનું કહ્યું. તેઓ મહારાજ માટે હરહંમેશ ભોજનની આખો વખત-૨૪ કલાક તૈયારી રાખતા. મહારાજ ક્યારેક અર્ધી રાત્રે કે કટાણે ભોજન માગે ત્યારે જીવુબા હોંશે હોંશે દોડા-દોડી કરીને જમાડતા. ક્યારેક માણકી ઉપર સવાર થઈ ગયા હોય ને જલદી ખાવાનું માંગે ત્યારે મોટીબા દોડી દોડીને ભોજનની વ્યવસ્થા જાતે કરતા. એકવાર મહારાજ લોયાથી કારિયાણી જતા હતા ત્યારે મહારાજ માટે દહીંનું માટલું પોતાના માથે મુકીને ચાલ્યા અને મહારાજને ભૂખ લાગી તો દહીંની સેવા કરી. પોતે રાજકુંવરી હતા છતાં મહારાજની બધી સેવા તથા સંતોની સેવા પોતે જાતે કરતા. લક્ષ્મીવાડીથી તાજુ શાક આવ્યું હોય અને મહારાજ ઇચ્છા કરે એટલે તુરત જ એ શાક બનાવી મહારાજને થાળમાં ધરતા. મોટીબાનું સમગ્ર જીવન મહારાજ માટે હતું. પોતાના દૈહિક સુખનો ત્યાગ કરી પોતાનું સમગ્ર જીવન, મન, આત્મા

મહારાજ માટે કૃષ્ણાર્પણ કરેલો. કહો કે પોતાનું સમગ્ર અસ્તિત્વ શ્રીહરિ માટે કુરબાન કરેલું. શ્રીહરિની મરજીમાં પોતાની મરજી માની મલકતા હૈયે સેવાકાર્ય કરતા.

એટલે જ આધારાનંદ સ્વામીને **હરિચરિત્રામૃત સાગર ગ્રંથના ૨૩ પુરના ૩૩માં તરંગ**માં લખવું પડ્યું કે, શ્રીહરિ કહેતા કે, જીવુબાને ભગવાનમાં જે પ્રીતિ છે તેના જેવું તો કોઈ આ બ્રહ્માંડમાં નથી. (૯) જીવુબા સમાન કોઈ નથી તેવું મહારાજ કહેતા.

શેલણા ભમોદરા ગામના ઓઘડ ખુમાણ અને વાજસુર ખુમાણ સત્સંગી હતા. તેમણે સાંભળેલ કે જીવુબા દેવીનો અવતાર છે. તેથી તેમના દર્શન કરવા આવ્યા. ત્યારે બાશ્રીએ બંનેને કહ્યું કે, ભાઈ ! જય સ્વામિનારાયણ. આટલું કહ્યું ત્યાં તો ખુમાણોના ઘાટ સંકલ્પ બંધ થઈ ગયા અને સાત્ત્વિક વૃત્તિના થઈ ગયા અને તેઓ ખરેખરા સત્સંગી થયા અને દારૂ વગેરે વ્યસનો છોડી દીધા. આ વાત તેમણે વજેસિંહ મહારાજને કરી ત્યારે રાજાને પણ બાશ્રીનો ગુણ આવ્યો. (૧૦)

સત્સંગી બહેનોના ગુરુ મોટીબા હતા. બહેનોને પંચવર્તમાન અને સ્ત્રીઓના ધર્મ વિષે વાત કરી તેમને શ્રીહરિમાં જોડી ભજનીક બનાવતા.

કવિરાજ લાડુદાનજીને પણ મોટીબાએ મનુષ્ય જીવનની દુર્લભતા અને પરમાત્માના ગુણગાન ગાવા વિષે ઉપદેશ કર્યો ત્યારે કવિશ્રીએ મહારાજ પાસે જઈ ત્યાગાશ્રમની માંગણી કરી અને શ્રીહરિએ તેમને દીક્ષા આપી. આવું સામર્થ્ય મોટીબામાં હતું.

સેવકનું લક્ષણ બતાવતા એકવાર શ્રીહરિએ કહ્યું કે, બાઈઓમાં લાડુબા સમાન કોઈ નહીં. કેમકે તે હરિભક્તોના દાસ થઈને વર્તે છે. કોઈના ઉપર તેમને ઈર્ષા કે અભાવ નથી. પોતાની પાસે કોઈ સારી ચીજ હોય તે ભક્તોને આપી દે અને તેમાં પોતાને ભાગ્યશાળી માને. કોઈ ભક્ત તેમનું કામ બગાડે તો પણ ક્યારેય ક્રોધ નથી કરતા. અમે પણ અપમાન કરીએ છતાં તે શાંત રહે છે. અમને રીઝવવાના હજાર ઉપાયો કરે છે. તેમની સાધુતા એવી છે કે અમને તે ક્યારેય વિસરાતા નથી. તેમના પ્રેમ અને નિષ્કામવૃત્તિથી આકર્ષાઈને અમે ગઢપુરમાં રોકાયા છીએ. (૧૧)

શ્રીહરિ કહેતા કે, મોટીબા મોટા મોટા ત્યાગી સંતોની પેઠે ત્યાગમાં સરસ વર્તી, દેહનો અનાદર રાખી, અમને રીઝવવા અમારી મરજી મુજબ વર્તે છે.

બાઈઓને સત્સંગી કરવા બ્રહ્માંડના વિષય માત્રનો ઉલટીના અન્નની પેઠે અભાવ રાખે છે. ભોગને રોગરૂપ માને છે. (૧૨)

શ્રીહરિએ ધામમાં જતા પહેલાં જીવુબા પાસેથી એક વચન લીધેલ કે, તમે જ્યાં સુધી આ દેહમાં રહો ત્યાં સુધી રોજ ગોપીનાથજી મહારાજનો થાળ પ્રેમાનંદ સ્વામીને આપ્યા બાદ તમે જમજો. આ આજ્ઞા બા-એ જીવનપર્યંત પાળેલી.

રઘુવીરજી મહારાજે એકવાર ગઢડામાં કોઠારી તરીકે અણિયાળા ગામના મોઢવણિક પુંજા શેઠને નીમ્યા. કેટલાક સંતોએ પુંજા શેઠને કહ્યું કે પ્રેમાનંદ સ્વામી પોતાના આસને એકલા જમે છે અને દેવનો થાળ તેમને અપાય છે. આ સત્સંગની રીતે ઠીક નથી. આથી પુંજા શેઠે કોઈ તપાસ કર્યા વગર પ્રેમાનંદ સ્વામીને કહ્યું કે, તમે હવેથી પંક્તિમાં આવીને જમજો. સ્વામીથી આ થઈ શકે તેમ ન હતું કેમકે કેટલાક સંતો સ્વામીને મુસલમાન છે એમ માની તેમની સાથે અછૂત જેવો વ્યવહાર કરતા. આથી સ્વામી પંક્તિમાં જમવા ન ગયા અને ગોપીનાથજી મહારાજનો થાળ જે જીવુબા રોજ મોકલતા તે પણ પાછો મોકલ્યો. આમ સ્વામી બે-ત્રણ દિવસ ભૂખ્યા રહ્યા. આ વાતની જાણ જીવુબાને થતાં તેઓ પુંજા શેઠ પર નારાજ થયા. પછી સમાધાન થતા પૂર્વવત સ્થિતિ બની ગઈ પણ પ્રેમાનંદ સ્વામી આ બનાવથી ખૂબ ઉદાસ થઈ ગયા અને તેઓ થોડા સમયમાં જ ધામમાં ગયા. (૧૫)

વિ.સં. ૧૮૬૧માં શ્રીહરિ ગઢપુર પધાર્યા અને ૧૮૮૬માં સ્વધામ પધાર્યા. આમ, ૨૫ વર્ષ સુધી તેઓ શ્રીહરિની સેવામાં રહ્યા અને મહારાજ ધામમાં ગયા પછી ૩૦ વર્ષ સુધી આ લોકમાં રહી સત્સંગી બહેનોને સત્સંગનું પોષણ આપતા રહ્યા અને સત્સંગની સેવા કરી વિ.સં. ૧૯૧૬માં ગઢડા ગોપીનાથજી મહારાજના મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિપૂર્ણ કરી, બધા જ કાર્યો પૂર્ણ કરી પોતે કૃતાર્થ થયા. અને ત્યારબાદ વિ.સં. ૧૯૧૬ના જેઠ માસમાં મોટીબા શ્રીહરિના ધામમાં ગયા. (૧૩)

વચનામૃતમાં શ્રીહરિએ જીવુબાનો ઉલ્લેખ કર્યો છે :

વચનામૃત લોયાનું ૩જું :

...જેને ભગવાન અને સંતનો માહાત્મ્યે જ્ઞાને કરીને નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો, રાજ્યનો સુખનો ત્યાગ કરે.

વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :

...અને વળી જે હરિભક્તને વિષે જે અંગ હોય તેમાં એક અંગ સરસ હોય તે કહીએ છીએ જે, દાદાખાચરને વિશ્વાસનું અંગ, અને જીવુબાઈને શ્રદ્ધાનું અંગ...!

★ **પાદટીપ :**

(A) **શ્રીજી મહારાજના ચરિત્રો :** ગઢપુરની લીલા. કુંડળ પ્રકાશન વર્ષ-૨૦૧૩, પાના નં. ૮૦

૧) **સ્ત્રી રત્નમાલા :** પ્રભુશાસ્ત્રી : જૂનાગઢ મંદિર, વર્ષ-૧૯૯૯, પાના નં. ૩૮થી ૪૩

૨) **સર્વમંગલ સ્તોત્ર :** શતાનંદ મુનિ

૩) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર, વર્ષ-૨૦૦૬, તૃત્તીય આવૃત્તિ. વાર્તા નં. ૧૮૭

૪) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૯૬, શા. હરિજીવનદાસજી, વડતાલ વર્ષ : ૨૦૦૬

૫) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૯૧, વર્ષ : ૨૦૦૬

૬) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૨૮૦

૭) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૮૮, વર્ષ : ૨૦૧૫

૮) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૧૧૧

૯) **હરિચરિત્રામૃત સાગર :** સ્વામિ. સાહિત્ય પ્રકાશન : ગાંધીનગર, વર્ષ-૧૯૯૫, પુર-૨૩, તરંગ-૩૩

૧૦) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વાર્તા નં. ૨૯૦, વર્ષ-૨૦૦૬

૧૧) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૬, તરંગ-૬૦

૧૨) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૯, તરંગ-૭

૧૩) **સ્ત્રી રત્નમાલા :** પ્રભુશાસ્ત્રી, પાના નં. ૩૮થી ૪૩

૧૪) **સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસમાં નારી રત્નોનું સમર્પણ :** વડતાલ મંદિર પ્રકાશન વર્ષ-૨૦૧૪, પાના નં. ૧૦૧થી ૧૦૮

૧૫) **પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો :** કુંડળ પ્રકાશન, પાના નં. ૨૮થી ૨૯

●

૭૨. લાડુબા

મુક્તાત્મા લાડુબાનો પરિચય મેળવીએ :

ગોપાળાનંદ સ્વામીકૃત મહાપૂજામાં મુક્ત રત્ન લાડુબાનું પૂજન અને સ્થાપન *ૐ શ્રી લલિતાયૈ નમઃ* ॥ એટલે કે મંગલ મહાપૂજાના પંચમ આવરણમાં લાડુબાને યાદ કર્યા છે અને તેમનું પૂજન અર્ચન થાય છે.

પોતે રાધિકાજીનો અવતાર હતા તેમજ સમાધિનિષ્ઠ હતા. લાડુબાનું નામ લલિતબા હતું, પણ સૌ લાડમાં તેમને લાડુબા કહી બોલાવતા. ગઢડાના ગામધણી એભલ ખાચરના પાંચ સંતાનો પૈકી લાડુબા હતા. જે જીવુબાના નાના બહેન થતા. નાનપણથી જ તેમને ભક્તિનો રંગ લાગ્યો હતો. તેમને કારિયાણી ગામે માંચા ખાચરના ઘરે પ્રથમ વાર શ્રીહરિના દર્શન થયા અને મનોમન હરિવરને વરી અખંડ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ કુળની આબરૂ અને રિવાજ મુજબ તેમના પિતા એભલ ખાચરે તેમના વિવાહ બોટાદના માતરા ધાધલ સાથે કર્યા. લાડુબાની અનિચ્છા હતી છતાં પરાણે લગ્ન થયેલા. (૧)

પરંતુ લગ્નની પહેલી રાત્રીએ તેમના પતિને તેઓ સિંહણરૂપે દેખાયા. આવું વિકરાળ સ્વરૂપ જોઈને તેમના પતિને લાગ્યું કે આ કોઈ કારણિક અવતાર છે. કોઈ દૈવી આત્મા છે, દેવીરૂપ છે તેથી તેમના માતા-પિતાને આ વાત કરી અને લાડુબાને પગે લાગી તેમની ઇચ્છા મુજબ ભગવાન ભજવા માટે ભાવથી ગઢડા પરત મૂકી ગયા. ત્યારથી લાડુબા અખંડ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી ગઢડા રહી શ્રીહરિની સેવાપૂજા કરી ભજન કરતા અને બહેનોને શ્રીહરિના મહિમાની વાતો કરી સત્સંગી બનાવી ભજન કરાવતા.

નિયમ વ્રતધારી લાડુબા વ્રત ઉપવાસો કરતા અને રોજ જોખીને અડધો શેર જ અનાજ જમતા. કદી ગળ્યું ચીકણું ન ખાતા. શ્રીહરિના પ્રથમ મેળાપથી જ તેમને શ્રીહરિ પોતે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે તેવી દૃઢ પ્રતીતિ થઈ ગયેલ. શ્રીહરિના વચનમાં અટલ વિશ્વાસ રાખતા.

શ્રીહરિ પણ સભામાં તેમના નિયમ, ધર્મ અને નિષ્ઠા માટે કહેતા કે, લાડુબા જેવા ભક્ત આ બ્રહ્માંડમાં ક્યાંય નથી. તેમને કેવળ ભગવાનમાં જ પ્રીતિ છે. તેઓ પૂરેપૂરા એકાંતિક ભક્ત છે. (૨)

લાડુબાનો શ્રીહરિનો કેવો મહિમા હતો ? તેનો પ્રસંગ જોઈએ :

એક વખત દરબારમાં ભાગવતની કથામાં ગોપ-ગોપીઓનું માહાત્મ્ય આવ્યું ત્યારે લાડુબા બોલ્યા જે ગોપ-ગોપીઓના મોટા ભાગ્ય કે જેમને શ્રીકૃષ્ણનો પ્રત્યક્ષ યોગ થયો. પછી પોતે રાત્રે સૂઈ ગયા. તો રાત્રે ગોપીઓ લાડુબાના પગ દાબવા આવી. ત્યારે લાડુબા જાગ્યા ને પૂછ્યું કે, તમે કોણ ? ત્યારે કહે અમે ગોપીઓ છીએ અને તમને તો અવતારના અવતારી શ્રી પુરુષોત્તમ નારાયણનો યોગ થયો છે. અમારા કરતા તો તમારો મહિમા અધિક છે. એમ ગોપીઓએ લાડુબાનો મહિમા સમજાવ્યો. (૩)

ત્યારે લાડુબાને થયું કે, પોતાને કેવી મોટી પ્રાપ્તિ થઈ છે !

શ્રીહરિએ તેમને પૂજવા માટે લાલજી આપ્યા હતા. તેઓ તેમની યથાયોગ્ય સેવા કરતા. એકવાર તેમની સામે ધૂન કરતા જોઈ તેમના પિતાશ્રી આવ્યા અને કહે કે, ગામના ચોરામાં મૂર્તિ છે ત્યાં જઈને ભજન કરો. મારે ઘરમાં ઠાકોરદ્વારો કરવો નથી. એમ કહી તલવાર બતાવી ડારો દીધો. ત્યારે બંને બહેનોએ પિતાને સંસાર અસાર અંગેની વૈરાગ્ય પ્રધાન વાત કરી અને કહ્યું કે, આ લાલજી દૂધનો કટોરો પ્રત્યક્ષ આવીને પીવે તો વાત સાચી માનો ? ત્યારે પિતાજી કાંઈક પીગળ્યા અને હા પાડી. પછી લાલજીને દૂધનો કટોરો પીવા આપ્યો અને લાલજી કટોરો હાથમાં ઉપાડી દૂધ ઘટ ઘટ પી ગયા. પોતાની સામે નજરોનજર આ ચમત્કાર જોઈ એભલ બાપુ બહેનોના પગમાં પડી ગયા કે, તમે તો સાક્ષાત્ દેવી છો. મારી ભૂલ થઈ ગઈ. તમે સુખેથી ભજન-ભક્તિ કરો. હું રાજી છું. આ લાલજી હાલ ગોપીનાથજી મહારાજના મંદિરમાં ગઢડા પધરાવેલ છે. (૪)

આમ, લાડુબા સમર્થ ભક્ત હતા. વચનસિદ્ધ હતા. પરમ પવિત્ર ભાવિક ભક્ત હતા. શ્રીહરિમાં તેમને અનન્ય પ્રેમ અને ભગવાનપણાની પ્રતીતિ હતા. શ્રીહરિની પરીક્ષામાં તેઓ હરહંમેશ પાસ થતા. મહારાજ તેમની નિષ્ઠા ચકાસવા આકરી પરીક્ષા લેતા. ભીડામાં લેતા, રૂચિ બદલવા પ્રયાસ કરતા છતાં તેમને શ્રીહરિના ચરિત્રમાં સંશય થતો નહીં.

તેથી તો મહારાજે વચનામૃતમાં તેમની ભક્તિ વખાણી છે.

મહારાજે લાડુબાનું ગમતું મુકાવવા એકવાર કહ્યું કે, આ દરબારગઢ ખાલી

કરો. તમારા વાસણ, ગોદડા, વસ્તુ વગેરે બીજે ફેરવો. તો બા એ કોઈ પણ જાતની દલીલ કર્યા વગર કે તેનો મનમાં રંજ પણ રાખ્યા વગર તુરત જ શ્રીહરિની ઈચ્છા મુજબ પોતાનું રહેવાનું સ્થળ ફેરવી નાખી બીજા ઓરડાઓમાં ગયા. પણ શ્રીહરિના વચનમાં સંશય ન કર્યો કે આમ શું કામ કરતા હશે ? આવું આવું એકવાર નહીં પણ ૫૬ વાર વાસ ફેરવ્યા છતાં પણ લાડુબાએ મોં જરાય કટાણું ન કર્યું. તેથી મહારાજે તેમની સમર્પણ ભાવના અને ભક્તિ વખાણી છે. (૫)

લોયાના ૩જા વચનામૃત મુજબ :

શ્રીહરિ કહે સંતને અર્થે શું શું ન થાય ? મહારાજે એકવાર કહ્યું કે, આ સંતો બરાબર જમતા નથી. તો લાડુબાએ શ્રીહરિની ઈચ્છા મુજબ બિરંજ બનાવડાવી સંતોને ખૂબ જમાડ્યા. શિયાળામાં સંતો ટાઢે ઠરતા હતા, તો સંતોને ગોદડા મોકલાવ્યા.

સૌથી વિશેષ બાબત તો એ છે કે દેહથી કે મનથી કદાચ સેવા થઈ શકે પણ જ્યારે પોતાનું ધન કે સંપત્તિ આપવાની વાત થાય ત્યારે ભલભલાના મન પાછા પડી જતા હોય છે, પરંતુ લાડુબા આ બાબતમાં પણ જરાય પાછા ન પડ્યા.

શ્રીહરિએ તેમની ચકાસણી કરવા કહ્યું કે, તમે તો સાંખ્ય ધર્મ પાળો છો. તમારે આ ગરાસનું શું કામ છે ? તમે તમારા ભાગનો બધો ગરાસ અમને લખી આપો. ત્યારે પળનો વિલંબ કર્યા વગર લાડુબાએ પોતાનો બધો ગરાસ શ્રીહરિને તાંબાના પતરે લખી દીધો. ત્યારે વળી મહારાજે કહ્યું કે, હવે અહીં તમારું કાંઈ ન રહ્યું માટે તમે બધા અહીંથી જતા રહો. તો બહેનો આ સાંભળી જરાય ખચકાયા વગર ત્યાંથી ઉઘાડા પગે ચાલી નીકળ્યા. આ જોઈ શ્રીહરિ તેમના ઉપર અતિ પ્રસન્ન થયા અને તેમને ગઢડામાં પરત બોલાવ્યા. (૬)

ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું હતું ત્યારે નાણાંની ખેંચ ઊભી થઈ અને કડિયાના પગાર ચડી ગયા ત્યારે લાડુબાએ પોતાનો પટારો ખોલી તેમાંથી સોનાના તોડા કાઢીને મહારાજને આપ્યા અને કહ્યું કે, આને વેચીને તેમાંથી કડિયાના પગાર ચૂકવો. (૭)

સામાન્ય રીતે બહેનો પોતાની સોનાની વસ્તુ બીજાને આપતા અચકાતા હોય પણ લાડુબાએ તો પોતાનું તન, મન, ધન અને સુવર્ણ શ્રીહરિને અર્પણ કરી દીધેલ.

શ્રીહરિ કહે, **ભગવાન અને સંતને અર્થે લોકલાજનો ત્યાગ કરે. તો એનો પ્રસંગ જોઈએ :**

શ્રીહરિને વડતાલ જવું હતું તો લાડુબા-જીવુબાને માફામાં બેસાડી વડતાલ

લઈ ગયા અને ત્યાં જોબનપગીના મેડે ઉતર્યા. ત્યારે પાછળથી અજ્ઞાની લોકોએ વાત ઉડાડી કે સ્વામિનારાયણ દાદાખાચરની બે બહેનોને લઈને જતા રહ્યા. આ વાત દાદાખાચર અને તેમના મનુષ્યોએ પણ સાંભળી છતાં તેમને શ્રીહરિનો જરાય અભાવ અવગુણ ન આવ્યો કેમકે તેમને શ્રીહરિમાં નિશ્ચયનું બળ હતું.(૮)

નહીં તો કાઠી કોમમાં ઓઝલ-પડદા વગેરે લાજ કાઢવાના અને લોક લજ્જાના બહુ રિવાજ હોય છતાં લાડુબા કુટુંબની લોકલાજનો ત્યાગ કરીને શ્રીહરિના વચને તેમની સાથે વડતાલ ગયા. શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા વગર આવું સંભવી ન શકે. લોકનિંદાનો પણ તેમણે ડર ન રાખ્યો. એ તેમની શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા દર્શાવે છે.

શ્રીહરિને રાજી કરવા લાડુબા ખૂબ ધન ખર્ચતા. દરેક ઉત્સવોમાં પોતે જાતે દેખરેખ રાખી સંતો-ભક્તોને રાજી કરતા. કોઈને જરા પણ તકલીફ ન પડે તેની ખબર રખાવતા. શ્રીહરિની રૂચિ અનુસાર અન્નકૂટ રચી શ્રીહરિને રાજી કરતા. પોતાના નાણાં ઉપરાંત પોતાના અંગત ઘરેણાંનો ઉપયોગ પણ તેઓ શ્રીહરિ માટે કરતા. પોતે રાજઘરાનાના હોવા છતાં કદી સોનાના આભૂષણ ન પહેરતા. ઘરેણાં શ્રીહરિને કામ લાગશે એમ માની પટારામાં સાચવી રાખતા અને ટાણે-કટાણે એ ઘરેણાં વેચીને શ્રીહરિની તથા સત્સંગની સેવા કરતા.

મહારાજના નિત્ય થાળ અને અન્નકૂટની તમામ સામગ્રીને ચીવટપૂર્વક સાફ કરવાની સેવા લાડુબા ભાવપૂર્વક કરતા. એટલે જ શતાનંદ સ્વામીએ સર્વમંગલ સ્તોત્રની મંગળ નામાવલીમાં લખ્યું છે : *લલિતા સંસ્કૃતાન્નાદિઃ* —એટલે કે ભોજન માટે અન્ન, દાળ વગેરે લલિતાએ સ્વચ્છ કરેલ છે. (૯)

શ્રીહરિને રાજી કરવા લાડુબા હરહંમેશ પ્રયત્નો કરતા રહેતા તેથી શ્રીહરિએ વચનામૃત **ગઢડા અંત્યના ૨૪માં કહ્યું છે** કે, ... લાડુબાઈને અમારી પ્રસન્નતા કરવી એ અંગ છે. (૧૦)

મતલબ કે લાડુબાઈની સેવા શ્રીહરિ ભાવપૂર્વક અંગીકાર કરતા અને લાડુબા શ્રીહરિના આશીર્વાદના પાત્ર બનતા. આમ શ્રીહરિએ સ્વમુખે લાડુબાની પ્રશંસા કરેલ છે.

લાડુબાની પ્રેમ ભક્તિની વાત પ્રેમાનંદ સ્વામીએ પણ કીર્તનોમાં વર્ણવી છે :

'મહારાજ આજ વડતાલથી આવશે
જયા કહે લલિતાને વાતડી, આવ્યો કાગળ દિવસ વિત્યા સાત
વાંચીને ઠરી છાતડી.'

આમ લાડુબાએ જીવનપર્યંત શ્રીહરિની સેવા કરી અને શ્રીહરિ ધામમાં ગયા બાદ સત્સંગની સેવા કરતા કરતા ગઢડામાંથી જ અક્ષરધામ સિધાવ્યા.

વચનામૃત લોયાના ૩જા પ્રકરણમાં શ્રીહરિએ લાડુબા વિષે કહે છે :

...જેને ભગવાન અને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાન અને સંતને અર્થે ... કુટુંબનો ત્યાગ કરે, લોકલજ્જાનો ત્યાગ કરે સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે... તથા રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ... ઈત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાન અને સંતને અર્થે જે જે કર્યું તે વિસ્તારીને કહેતા હતા.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૪મું :

...અને વળી જે હરિભક્તને વિષે જે અંગ હોય તેમાં એક અંગ સરસ હોય તે કહીએ છીએ જે, દાદાખાચરને વિશ્વાસનું અંગ, લાડુબાઈને અમારી પ્રસન્નતા કરવી એ અંગ.

★ **પાદટીપ :**

૧) **મહાપૂજા મુક્ત ગાથા :** કંડારી ગુરુકુલ, વર્ષ-૨૦૦૪, પાના નં. ૧૫૧-૧૫૨

૨) **હરિચરિત્રામૃત સાગર :** પુર-૨૩, તરંગ-૩૩

૩) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ, પ્રકાશન-૨૦૧૧, વાર્તા નં. ૩૮

૪) **સહજાનંદ ચરિત્ર :** કંડારી ગુરુકુલ, વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૨૫૯

૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨ :** વર્ષ-૨૦૧૫, અંકલેશ્વર, ગુરુકુલ, વાર્તા નં. ૨૩

૬) **મહાપૂજા મુક્ત ગાથા :** કંડારી ગુરુકુલ, પાના નં. ૧૫૧-૧૫૨

૭) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન, વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૧૮૩

૮) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ પ્રકાશન-૨૦૦૬, વાર્તા નં. ૧૭૯

૯) **સ્વામિનારાયણ ભગવાનના ભક્ત :** લાડુબા, શાંતિકુમાર ભટ્ટ : વડતાલ પ્રકાશન વર્ષ-૧૯૮૦

૧૦) **સત્સંગ સ્ત્રી રત્નમાલા :** પ્રભુશાસ્ત્રી, જૂનાગઢ મંદિર, વર્ષ-૧૯૯૯, પાના નં. ૪૩થી ૪૫

●

૭૩. રામબાઈ મોટા

માહાત્મ્યે જ્ઞાને કરીને નિશ્ચયના **લોયાના ૩જા વચનામૃત**માં શ્રીહરિ ભગવાન અને સંતનો મહિમા વર્ણવતા કહે છે કે, જેને ભગવાન અને સંતનો મહિમા હોય તે તેમને અર્થે ધનનો, સુખનો, રાજ્યનો, લોકલાજનો અને પુરુષ હોય તો સ્ત્રીનો અને સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે તેવા ભક્ત મોટા રામબાઈ છે.

તો મોટા રામબાઈના જીવન પ્રસંગો જોતા જણાશે કે તેમણે મહારાજને રાજી કરવા શું શું કર્યું ?

સંપ્રદાયમાં એક કરતા વધારે રામબાઈ થઈ ગયા. જેમાં એક ઝીંઝાવદરના રામબાઈ, બીજા નાગનેશના રામબાઈ અને ત્રીજા જેતપુરના રામબાઈ. જે બહુધા મોટા રામબાઈ તરીકે જાણીતા છે. તેમનું મૂળ નામ તો કડવીબાઈ હતું પણ શ્રીહરિએ તેમનું નામ મોટા રામબાઈ પાડેલું.

મોટા રામબાઈ શ્રીમાળી બ્રાહ્મણ હતા. (૧)

તેઓ જેતપુર (જૂનાગઢ)માં રહેતા.

તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય જીવા જોષીના પુત્રી હતા. રામબાઈની માતાનું નામ પુતળીબાઈ હતું. જીવા જોષીને બે પુત્રો ગોવર્ધન અને શિવરામ હતા. રામબાઈનું નાનપણનું નામ કડવીબાઈ હતું. સત્સંગનો પક્ષ રાખવાથી અને સત્સંગના નિયમો પાળવાથી જીવા જોષીના સમગ્ર પરિવારને અતિશય મુશ્કેલી સહન કરવી પડેલ. સંકટ સમયે તેમને શ્રીહરિ મદદ પણ કરતા. (૨)

રામબાઈને તો સાંખ્ય પાળી પ્રભુ ભજન કરવું હતું. છતાં પણ તેમનું સગપણ રાણપુરમાં કરાયું. રામબાઈને મહારાજે કહ્યું કે, જે ન પરણે તે વચનદ્રોહી અને ગુરુદ્રોહી છે. એમ જાણી પોતે પરણવાની હા પાડી. પણ રામબાઈને મનમાં તો નિશ્ચય હતો કે મારે કોઈ પુરુષનો હાથ પકડવો નથી. (૧)

લગ્નનો દિવસ આવ્યો પણ બાઈને તો મનમાં એમ જ કે આપણે પુરુષનો હાથ પકડવો નથી. એવી પ્રભુને પ્રાર્થના કરી. જાન આવી તે દિવસે વરને હાથે

રતવા નીકળ્યો ને સખત બળતરા ઉપડી. ને હસ્તમેળાપની વિધિ ન થઈ. પછી જેમ તેમ કરીને ફેરા તો ફેરવી દીધા. જાન રાણપુર આવી. તો રાત્રીના અંધકારમાં રામબાઈ છાનામાના ગઢડા જતા રહ્યા. (૧)

સૌ કુટુંબીજનો બાઈને તેડવા ગઢડામાં ગયા અને જેમ તેમ કરીને જેતપુર લઈ આવ્યા.

સાસરીયા પક્ષવાળાને સત્સંગ ન હતો તેથી તેઓ સ્વામિનારાયણ પ્રભુ પ્રત્યે ખૂબ દ્વેષ રાખતા તથા જમવામાં ડુંગળી-લસણ વાપરતા. આથી બાઈને ઘણી વાર ભૂખ્યા રહેવું પડતું. નિયમો પાળવામાં ખૂબ મુશ્કેલી પડતી. છતાં તે નિયમો પાળતા આ જોઈ તેનો પતિ તેને શારીરીક શિક્ષા પણ કરતો. (૨)

બાઈનો કંઠ સારો હતો. તેથી મધુર હલકે કીર્તનો ગાતા અને મહારાજ દિવ્ય દેહે આવીને તે સાંભળતા. એકવાર કડવીબાઈ સીમમાં છાણાં લાકડા વીણવા ગયાં અને ત્યાં કીર્તનો બોલતા હતા ત્યાં મહારાજ આવ્યા ને કહે, જેને ભગવાન ભજવા હોય તેને આ બંગડી, ઘરેણાં આ ઠઠારો શું ? તો બાઈ કહે ભલે. એમ કહી બધી બંગડી કાઢી નાખી. તેમાંથી એક બંગડી મહારાજ પોતે લઈ ગયા અને જીવુબાને તે બંગડી આપી. પછી બ્રહ્માનંદ સ્વામીએ તેના ઉપરથી એક કીર્તન ગાયું કે, **'ભલાજી મેરો કંગના નિકારી ગયો રે...!'** આ સાંભળી મહારાજ કહે, એવું અમે ક્યારે કર્યું ? અમને ખોટા બદનામ કરો છો. ત્યારે જીવુબાએ સભામાં બંગડી દોડવીને મહારાજ પાસે મોકલી. આ જોઈ મહારાજ હસવા લાગ્યા. સભાજનો પણ આ ચરિત્ર સાંભળી હેરત પામી ગયા. (૩)

આ બાજુ રામબાઈએ મહારાજનું વચન યથાર્થ પાળવા ઘરે વાળંદને બોલાવી માથે મુંડો કરાવી નાખ્યો અને વૈરાગણ જેવો વેશ પહેરી લીધો. આ જોઈ તેના સાસરીયા તેના ઉપર ખૂબ ગુસ્સે થયા કે, છતે ધણીએ તેં આ શું વેશ ધારણ કર્યો છે ? તેનો પતિ બાઈને સજારૂપે તેની છાતી ઉપર ખાટલાનો પાયો મુકીને સુતો ને ખૂબ દુઃખ દીધું. (૩)

કડવીબાઈએ શ્રીહરિ માટે તેના વચન મુજબ સૌભાગ્યવતીને બદલે વૈરાગણ જેવો વેશ પહેર્યો અને લોકલાજનો ત્યાગ કર્યો.

એક કથા એવી પણ છે કે,

રામબાઈ સત્સંગ મુકતા ન હતા. તેના પતિએ તેને ખૂબ સમજાવી પણ

ન માનતા તેને ગુસ્સે થઈને કહ્યું કે, તું સ્વામિનારાયણનું ભજન મુકતી નથી માટે આજથી તું મારી મા-બેન સમાન છો. ત્યારે કડવીબાઈ પણ બોલી કે, તમે પણ મારા ભાઈ-બાપ જેવા છો. એમ કહી સૌભાગ્યના તમામ ચિહ્નોનો ત્યાગ કરી માથું મુંડાવી રહેવા લાગ્યા. આ જોઈ તેમના સાસરીયાને થયું કે, આ બાઈએ સમાજમાં આપણું ખૂબ ખરાબ દેખાડ્યું અને લાજ પણ ન રાખી. માટે આને હવે મારી નાખવી. આ વાત જેતપુરના દરબાર ઉન્નડવાળાને થઈ. તેને થયું કે, કુટુંબક્લેશ માટે એક બ્રાહ્મણ બાઈની હત્યા થાય તેમાં મારું ખરાબ દેખાય. વળી, આ જીવા જોષીની પુત્રી છે માટે તેણે સત્સંગનો પક્ષ લીધો અને હાથમાં તલવાર લઈ તેના ઘરે જઈ ડારો દીધો કે આને જો હવે હેરાન કરી તો તમારી ખેર નથી. તે રાત્રીએ કડવીબાઈએ શ્રીહરિને આર્તનાદથી પોકારી રક્ષા કરવા પ્રાર્થના કરી. ત્યારે મહારાજે પ્રગટ થઈને કહ્યું કે, કાલે ભાદર નદીએ આવજો. નદીમાં પુર આવ્યું હશે. સામા કાંઠે તમને લેવા માટે બે પાર્ષદો આવશે તેની સાથે તમે ગઢડા આવજો. બીજા દિવસે બાઈ ભાદર નદી કપડાં ધોવા ગયા અને ત્યાં પુરમાં મહારાજની મૂર્તિ દેખાતા પુરમાં ઝંપલાવ્યું અને સામે પાર પહોંચ્યાં ત્યાં પાર્ષદોની સાથે ગઢડા પહોંચ્યા. આ બાજુ ઘરવાળાને થયું કે, આ બાઈ આવી કાં નહીં ? ત્યાં કોઈકે કહ્યું કે એ તો પુરમાં પડીને તણાઈ ગઈ. સાસરીયાવાળાને થયું કે હાશ ! આપણી ઉપાધિ ટળી. (૨)

આ બાજુ કડવીબાઈ ગઢડા પહોંચી શ્રીહરિની સેવામાં લાગી ગયા. સાસરીવાળા આવીને તેને હેરાન ન કરે તે માટે તેને જીવુબા પાસે રાખ્યા અને તેમનું નામ બદલીને મોટા રામબાઈ રાખ્યું. રામબાઈએ અનેક બહેનોને સત્સંગ કરાવ્યો. (૨)

એક બીજી કથા મુજબ...

રામબાઈ ગઢડે આવ્યા બાદ વળી તેનો પતિ સગાંઓ સાથે તેને તેડવા આવ્યો. ત્યારે મહારાજ કહે, આ બ્રહ્મચર્ય વ્રત પાળી મીરાંબાઈની જેમ ભજન કરે છે. તેને સંસારની ઈચ્છા નથી માટે તેને અહીં રહેવા દો. પણ સાસરીયા ન માન્યા તેથી મહારાજે કડવીબાઈને આજ્ઞા કરી કે તમે સાસરે જાઓ. પણ બાઈને સાસરે જવું ન હતું. તેથી તેમણે સમાધિ કરીને દેહનો ત્યાગ કર્યો. ત્યારે મહારાજ કહે, તમારે જે જોઈએ છે (તેનો દેહ) તે તમે લઈ જાઓ અમારે જે જોઈતું હતું તે અમે લઈ લીધું. (૪)

એક અન્ય કથા મુજબ...

કડવીબાઈ ગઢડે પહોંચ્યા પછી તેના સાસરીયા ગઢડા તપાસ કરવા આવ્યા. ત્યારે સમાચાર મળ્યા કે કડવી તો પુરમાં તણાઈ ગઈ છે પણ આ વાત સાસરીયાએ માની નહીં. અને જેતપુરના કાઠીને રાવ કરી જીવાજોષી (તેના પિતાશ્રી) અને તેના ઘરના માણસોએ તેને ભગાડી છે. જો તે સત્સંગમાં મળશે તો ત્રણેયના માથાં ડુલ થશે. આથી મહારાજ કહે, કડવી માટે અમે ચાર ભક્તોના માથા ડુલ નહીં થવા દઈએ. એમ કહી કડવીબાઈને કઠલાલ મોકલ્યા. જ્યાં બાઈએ રેંટિયો કાંતીને ભગવાન ભજ્યા. તે ઉપર પ્રેમાનંદ સ્વામીએ કીર્તન બનાવ્યું :

'કરદિની કરદિની રે,
બાલપન મેં વેરાગન કરદિની.' (૩)

આમ, રામબાઈએ શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા હતી તે સૌભાગ્યવતી હોવા છતાં સુખનો ત્યાગ કરી, લોકલાજનો ત્યાગ કરી વૈરાગણ થયા. પરણેલા પુરુષનો ત્યાગ કરી ભગવાન ભજ્યા.

શ્રીહરિએ **વચનામૃત લોયાના ૩જા**માં મોટા રામબાઈનો ઉલ્લેખ કર્યો છેઃ

જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે... સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે.

તો, આ રીતે રામબાઈએ લોકલાજનો ત્યાગ કરી શ્રીહરિની આજ્ઞા મુજબ સૌભાગ્યના શણગારનો ત્યાગ કર્યો. પોતાના પતિનો ત્યાગ કર્યો. કુટુંબનો ત્યાગ કર્યો અને સાંખ્યયોગ સ્વીકારી આજીવન શ્રીહરિનું ભજન કર્યું.

★ **પાદટીપ :**

(૧) **તદ્રુપાનંદ સ્વામીની વાતો :** સ્વામિનારાયણ ડિવાઈન મીશન, અમદાવાદ. વર્ષ-૧૯૮૮, વિશ્રામ-૭૯, પાના નં. ૨૧૮થી ૨૨૦
(૨) **સત્સંગ સ્ત્રી રત્નમાલા :** પ્રભુશાસ્ત્રી, મંદિર જૂનાગઢ. વર્ષ-૧૯૯૯, પાના નં. ૨૬૫થી ૨૬૮
(૩) **ઉપદેશામૃત :** ગુરુકુલ રાજકોટ, વર્ષ-૧૯૯૪, વાત નં. ૨૩૦
(૪) **શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર :** કંડારી ગુરુકુલ, વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૨૫૦.

૭૪. લાધીબાઈ

કચ્છ-ભૂજના સૌપ્રથમ સાંખ્યયોગી લાધીબા હતા.

તેમના ઘોડિયા લગ્ન થયેલા. એટલે કે નાની બાળકી હતા ત્યારે લગ્ન થયેલાં અને લગ્નના ૩ વર્ષ બાદ જ તેના પતિ ગુજરી ગયેલા. જ્ઞાતિજનોએ ઉંમરલાયક લાધીબાને પુનઃ લગ્ન કરવા કહેલ પણ તેમણે ના પાડી અને આજીવન સાંખ્ય ધર્મ પાળી જીવન વિતાવ્યું. (૧)

લાધીબાએ ગુરુ રામાનંદ સ્વામી પાસેથી ભાગવતી દીક્ષા લીધેલ અને તેમને જ ગુરુ અને ભગવાન માનતા. શ્રીહરિ ભૂજમાં પધાર્યા ત્યારે મહારાજે લાધીબાને મળવા બોલાવ્યા ત્યારે લાધીબા કહે હું રામાનંદ સ્વામીની શિષ્યા છું અને તમારાથી ઉંમરમાં મોટી છું તેથી હું તમને મળવા નહિ આવું. તમે આવો. ત્યારે મહારાજે તેમને સમાધિ કરાવી. સમાધિમાં તેમણે જોયું કે, ગુરુ રામાનંદ સ્વામી શ્રીહરિને ચામર ઢોળે છે. વળી ગુરુએ કહ્યું કે, હું તો ડુગડુગી વગાડનારો હતો ખરા ખેલના ભજવનાર તો આ સહજાનંદ સ્વામી છે. તમે તેની આજ્ઞામાં રહો. આવા દર્શન થયા તેથી લાધીબા ગુરુની આજ્ઞા શિરોમાન્ય ગણી અને કોઈ જાતના સંશય વગર શ્રીહરિને મળવા માટે ગયા અને તેમનો દૃઢ નિશ્ચય કર્યો. (૧)

નિષ્કુળાનંદ સ્વામીએ કચ્છ દેશના અનન્ય ભક્તોમાં લાધીબાને યાદ કર્યા છે, જેનો **ભક્તચિંતામણિ**માં ઉલ્લેખ છે :

'મે'તા નથુ સુત શિવરામ, હરજીવન બેન લાઘી નામ.

મહામુક્ત દશા એ સહુની.' - પ્ર. ૧૧૬. ૬૮

લાધીબાઈ મુક્ત સ્વરૂપના સમાધિનિષ્ઠ પરમ એકાંતિક સ્ત્રી ભક્ત હતા. તેમનો જન્મ ૨૫૦ વર્ષ પહેલા થયેલો. (૧) તેઓ રામાનંદ સ્વામીના શિષ્યા હતા. તેઓની જ્ઞાતિ કાયસ્થ હતી. અટક મહેતા હતી. તેમના પિતાનું નામ નથુભાઈ હતું. લાધીબાઈ સૌથી મોટા પુત્રી હતા. તેમને એક બહેન અને ત્રણ

ભાઈઓ : શિવરામ નારાયણ અને હરિજીવન એમ ત્રણ ભાઈઓ હતા. ગુરુકૃપાથી સમાધિની સ્થિતિને પામેલા લાધીબા યોગ સાધના કરતા. આજે લાધીબાનું ઘર સોરઠિયા ફળીમાં કાયસ્થ શેરીમાં છે. હાલ શિવરામભાઈના પુત્ર માધવજીનો વસ્તાર છે તથા તેમના વંશમાં કુલીન, પ્રકાશ વગેરે છે. શ્રીહરિ ભૂજ પધારતા ત્યારે શિવરામ તથા હરજીવનના ઘરે ઉતરતા તથા તેમને ઘરે થાળ જમતા. (૧)

લાધીબાઈ અને તેમના ભાઈઓએ શ્રીહરિ જ્યારે ભૂજ પધાર્યા ત્યારે અન્નકૂટોત્સવ કરવા કહ્યું ત્યારે શ્રીહરિ કહે, તમે સાંખ્યયોગી છો તથા નિર્વાહ પૂરતું જ ધન તમારા ઘરમાં છે તો એ ધન તમારા નિર્વાહમાં જ વાપરો. છતાં લાધીબાઈએ કહ્યું કે, હું તથા મારા ભાઈઓ સહિત આ ઉત્સવ કરાવવા ઇચ્છીએ છીએ. ત્યારે શ્રીહરિએ સંમતિ આપી અને લાધીબાઈએ ભૂજમાં જ પ્રથમ વાર અન્નકૂટનો ભવ્ય ઉત્સવ કરાવી શ્રીહરિની વસ્ત્રઅલંકારથી પૂજા કરી રાજી કર્યા. (૨)

લાધીબાઈના ખેતરમાંથી વર્ષે કચ્છી બાર મણજ મઠ આવતા. બીજી કોઈ આવક ન હતી. તેમાંથી જ તેઓ સાદગીપૂર્વક નિર્વાહ કરતા. એકવાર શ્રીહરિએ તેમને કહાવ્યું કે, તમારી પાસે ઉદેપુરના કુંવરી ઝમકુબા (માતાજી)ને મોકલીએ છીએ. તો તેનું તમે યથાયોગ્ય રીતે પોષણ કરજો. મહારાજની આજ્ઞા તેમણે તરત જ માનીને હા કહેવડાવી. પોતાનો નિર્વાહ મઠ જેવા શુષ્ક ધાન્યથી કરાતો હોવા છતાં તેમણે બીજો સંકલ્પ પણ ન કર્યો અને શ્રીહરિની આજ્ઞાને સહર્ષ સ્વીકારી લીધી તે તેમની શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા દર્શાવે છે. (૩)

ભૂજમાં લાધીબાઈની ઓરડી છે, જ્યાં શ્રીહરિ અનેકવાર પધારતા. તેથી તે પ્રસાદીની કહેવાય છે. જેના આજે પણ ભક્તો દર્શન કરે છે.

★ પોતે શ્રીહરિ માટે લોકલજ્જાનો ત્યાગ કર્યો તે પ્રસંગ જોઈએ :

પોતે સાંખ્ય ધર્મ પાળી સફેદ વસ્ત્રો પહેરતા-કહેતા વિધવા જેવા વસ્ત્રો પહેરતા. એકવાર મહારાજે તેમની નિષ્ઠા ચકાસવા કહ્યું કે, તમે અમારું વચન માનશો ? તો કહે ‘હા.’ તો મહારાજ કહે, ‘તમે સૌભાગ્યવતી નારી જેવા વસ્ત્ર અલંકાર ધારણ કરી પાદરના કુવામાંથી પાણી ભરી ભરબજારે થઈને આવો.’ તો લાધીબાઈએ તુરત વિધવાના વસ્ત્રોનો ત્યાગ કરી સૌભાગ્યવતી નારીના વસ્ત્રો

પહેરી પાણીનું બેડું ભરી આવ્યા. રસ્તામાં કોઈકે પૂછ્યું કે, આ તમે કોનું ઘર માંડ્યું ? તો કહે, 'સ્વામિનારાયણનું ઘર માંડ્યું.' આવો શૂરવીર જવાબ સાંભળી સૌ આશ્ચર્યમાં પડી ગયા. (૩)

આજથી ૨૦૦ વર્ષ પહેલા નાતના રીતરિવાજ ખૂબ જડ હતા. લોકોને રિવાજ મુજબ જ વર્તવું પડતું. તે સમયમાં લાધીબાઈએ શ્રીહરિ માટે લોકલજ્જાનો ત્યાગ કર્યો. તે ખૂબ મહત્ત્વની બાબત છે, પણ શ્રીહરિને રાજી કરવા તેઓ આવું ક્રાંતિકારી પગલું ભરતા અચકાયા નહીં. શ્રીહરિ જ્યારે જ્યારે ભૂજમાં લાધીબાઈના ઘરે કાયસ્થ શેરીમાં જમવા પધારતા ત્યારે એ શેરીના બધા લોકો તેમના ભક્તિભાવથી દર્શન કરતા અને રાજી થતા કે આપણી શેરીમાં ભગવાન પધારે છે. એકવાર શેરીના માણસોએ કહ્યું કે, આપ પધારો છો પણ અમે તો આપના ભક્ત નથી છતાં અમને કાંઈક લાભ કરી આપો. ત્યારે શ્રીહરિ કહે, આ ગલીમાં જે કોઈ માણસ મૃત્યુ પામશે તેને હું ધામની પ્રાપ્તિ કરાવીશ. આ સાંભળી સૌ રાજી થયા. આજે પણ એ કાયસ્થ શેરીના ખેતરપાળના નાકાથી અક્ષર ઓરડી સુધીના માર્ગમાં જે કોઈ મૃત્યુ પામે તેને શ્રીહરિ તેડવા આવે છે તેવું લોકોનું કહેવું છે. (૧)

તેઓએ શ્રીહરિના વચને માતાજીને જિંદગીભર સાચવ્યા અને કથા-વાર્તા કરી તેનું પોષણ કર્યું. ગામની બહેનોને પણ ઉમદા સત્સંગ કરાવી શ્રીજીના અનન્ય સેવક કર્યા. જ્યારે પોતાને ધામમાં જવાનો સંકલ્પ થયો ત્યારે માતાજીને આ વાત કરી. તો માતાજી કહે, તમે આખી જિંદગી મને સાથ આપ્યો છે તો હવે તમે મને મૂકીને પહેલા ધામમાં જતા રહેશો ? મને પહેલા ધામમાં મોકલી પછી તમે ધામમાં જજો.' આથી લાધીબાઈએ ગામના સત્સંગીઓને કહ્યું કે, "તમે કાલે બપોરે જમીને અહીં આવજો. અમારે ધામમાં જવું છે." સૌ ભક્તો નવાઈ પામ્યા. બીજા દિવસે ભક્તો આવી ગયા અને લાધીબાઈએ પહેલા માતાજીને ધામમાં મોકલ્યા. બધાને આશ્વાસન અને ઉપદેશ આપ્યો અને પછી આસનવાળી પોતે ધામમાં ગયા. માતાજીની ઇચ્છા મુજબ બંનેનો એક સાથે અગ્નિ સંસ્કાર થયો. આ રીતે રામાનંદ સ્વામી અને શ્રીહરિની કૃપાથી લાધીબાઈ અને માતાજી બ્રહ્મસ્થિતિ પામીને સ્વતંત્રપણે દેહ મૂકીને બ્રહ્મધામમાં ગયા. (૨)

શ્રીહરિએ લાધીબાઈને જે કાગળ ઉપરના ચિત્રામણની મૂર્તિઓ આપેલ તે

મૂર્તિ હાલ કચ્છમાં મિરઝાપુરના મંદિરમાં સચવાયેલી છે તથા શ્રીહરિ જે જે પાત્રોમાં જમેલા તે તમામ વાસણો ભૂજ મંદિરમાં પ્રસાદીની વસ્તુઓ તરીકે દર્શનાર્થે રાખેલા છે. (૧)

કચ્છમાં સંવત ૨૦૦૧માં ભૂકંપ થયા બાદ તે કાયસ્થ શેરીનું નવું નામકરણઃ **'સાંખ્યયોગી લાધીબાઈ માર્ગ'** તરીકે થયેલ છે. (૧)

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિએ તેમનો ઉલ્લેખ કર્યો છે :

...જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ... કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે ... સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે ... પછી આ સર્વે હરિભક્તોની વાર્તાઓ એકબીજા કેડે કરી ... રાજબાઈ તથા લાડુબાઈ તથા ભૂજવાળા લાધીબાઈને માતાજી ... ભગવાન અને સંતને અર્થે કર્યું તેને વિસ્તારીને કહેતા હતા.

★ **પાદટીપ :**

(૧) **કાયસ્થ જ્ઞાતિ પવિત્ર પુસ્તિકા.** કાયસ્થ ટ્રસ્ટ, ભૂજ વર્ષ : ૨૦૦૭-૦૮ તથા તેમના વંશજો વર્ષાબેન મહેતા વગેરે દ્વારા.

(૨) **સ્ત્રી રત્નમાલા.** લેખક : પ્રભુ શાસ્ત્રી : મંદિર જૂનાગઢ, વર્ષ : ૧૯૯૯, પાના નં. ૧૪થી ૨૫ તથા પુરુષોત્તમ લીલામૃત સુખસાગર, સ્વામિનારાયણ મંદિર, ભૂજ. વર્ષ : ૧૯૯૪, પાના ૮૧ અને ૩૨.

(૩) **સ્વામિનારાયણ ભગવાનના ભક્તો :** શાંતિકુમાર ભટ્ટ : વડતાલ કાનજી ભગત : વર્ષ-૧૯૮૮, પાના નં. ૨૯થી ૩૪

•

૭૫. માતાજી (ઝમકુબા)

ઝમકુબાનો જન્મ ગુજરાતના ભાલ પ્રદેશમાં થયેલ. લગ્ન ઉદેપુરના રાણા સાથે થયા અને રહ્યા કચ્છ દેશમાં લાધીબા સાથે, માતાજી નામ ધારણ કરીને. જૂના સમયમાં જ્યારે સ્ત્રીનું સમગ્ર જીવન પુરુષ પરાધીન અને રૂઢિચુસ્ત સમાજમાં વિતતું તે સંજોગોમાં ઝમકુબાએ શ્રીજીના નિશ્ચયના બળે અપાર શૂરવીરતા દાખવી. તે પ્રસંગો જાણીએ :

નામ : જનકબા ખોડુભા

જન્મ : ભાલ પ્રદેશના ધંધુકા પાસેના વાગડ ગામમાં

જ્ઞાતિ : ક્ષત્રિય જ્ઞાતિ. રાજવી કુટુંબ

લગ્ન : ઉદેપુરના રાણા સાથે

માતુશ્રી : વ્રજકુંવરબા

ભક્તિપરાયણ આ કુટુંબમાં જનકબાને નાનપણથી જ ભક્તિમય વાતાવરણ મળ્યું. ઘરમાં કીર્તન ભક્તિ થતી હોય, બાલ કૃષ્ણના કીર્તનો ગવાતા હોય ત્યારે જનકબા ઘૂંઘરું પહેરી કીર્તનના તાલે નાચતા. દેખાવામાં રૂપાળા તથા આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા. તેથી લાડમાં તેમને સૌ ઝમકુબા કહેતા. રૂપ, ગુણ, ક્રિયા અને સ્વભાવથી સર્વને પ્રિય થયેલા ઝમકુબાની સર્વત્ર પ્રશંસા થવા લાગી. આથી ઉદેપુરના રાજવી રાણાએ બ્રાહ્મણ દ્વારા ઝમકુબાના લગ્ન પોતા સાથે કરવા કહેણ મોકલ્યું. પણ રાજવી પરિવારમાં અખાદ્ય અને અપેય પદાર્થો ખાવા-પીવાની ફરજ આવી પડે તો પોતાનો ધર્મ ન સચવાય. તેથી આ કહેણને અમાન્ય કર્યું. આથી નારાજ થયેલા રાણાએ અમદાવાદના પેશ્વા દ્વારા તેમને કપટથી બોલાવી કેદ કરી દીધા. અંતે શ્રીહરિએ રાજકીય વગ દ્વારા દરબારને તથા ઝમકુબાને જેલમાંથી છોડાવ્યા. છતાં શ્રીહરિએ કહ્યું કે, રાણાના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે તેથી તે ઉપદ્રવ કરશે માટે તેના કહેણનો તમે સ્વીકાર કરો. ઝમકુબાની રક્ષા અમે કરીશું. આથી રાણા સાથે તેમના લગ્ન થયા.

પરંતુ ઝમકુબાને માંસ અને દારૂના સેવન માટે ફરજ પાડવામાં આવતા તેઓ ૩ દિવસ ભૂખ્યા તરસ્યા રહ્યા. અંતે શ્રીહરિને પ્રાર્થના કરતા શ્રીહરિએ તેમને પ્રેરણા કરી અને પોતે રાત્રિના અંધકારમાં બારીમાંથી સાડીના છેડા ભેગા કરી દોરડા જેવું કરી નીચે ઊતરીને નાસી છૂટ્યા. રાણાએ તેમને શોધવા માણસોને દોડાવ્યા પણ ઝમકુબા રસ્તામાં પડેલા એક મરેલા ઉંટના ખોખામાં ૩ દિવસ સુધી સંતાઈ રહ્યા. આગળ જતા નદીમાં નાહીને શુદ્ધ થયા. રસ્તામાં એક વણઝારાની પોઠ મળી તેની સાથે આગળ ચાલ્યા, પરંતુ તે વણઝારાની પોતાના પર કુદૃષ્ટિ થતાં વળી ત્યાંથી ભાગ્યા. અંતે તેમને એક બ્રાહ્મણનો મેળાપ થયો અને તે ગઢડા શ્રીહરિના દર્શને જાય છે એમ કહેતા તેની સાથે ચાલ્યા. રસ્તામાં ભૂદેવે તેને અન્ન-પાણી આપ્યા. કારિયાણી આવતા ભૂદેવ કહે, આ ગામમાં શ્રીજી વિરાજે છે તમે ત્યાં જાઓ હું હમણાં આવું. તેમ તે કહી અદૃશ્ય થઈ ગયો. ઝમકુબા શ્રીહરિને મળે છે. શ્રીહરિએ તેમના સમાચાર પૂછી સાંત્વના આપી તેમને લાડુબા-જીવુબા સાથે ગઢડા પહોંચાડ્યા. પછી તો ઝમકુબા ત્યાં ગઢડામાં દાદાના દરબારમાં રહી જીવુબાને ત્યાં નીચી ટેલ કરી પ્રભુ ભજન કરતા. ત્યારે શ્રીહરિએ જીવુબાને કહ્યું કે, આ કોઈ સામાન્ય ઘરાનાના સ્ત્રી નથી. આ તો ઉદેપુરના રાજ-રાણી છે અને મહેલ છોડી કષ્ટો વેઠી અહીં પ્રભુ ભજવા આવ્યા છે.

આ બાજુ ઉદેપુરના રાણાનો ભય તો હતો જ. તેથી ઝમકુબાને ભૂજથી આવેલા ગાંગજીભાઈ સાથે ભૂજ મોકલી તેમનું માતાજી નામ રાખી લાધીબાના સાનિધ્યમાં રાખ્યા. ત્યાં લાધીબાનો સત્સંગ કરી જીવનપર્યંત ત્યાં રહી શ્રીજીની ભક્તિ કરી. લાધીબાએ તેમને સમાધિની સ્થિતિ સુધી પહોંચાડ્યા. વખત જતા લાધીબા વૃદ્ધ થતાં તેમણે ધામમાં જવાનો સંકલ્પ કર્યો ત્યારે ઝમકુબા જે હવે માતાજીના નામે ઓળખાતા હતા તેમણે કહ્યું કે, તમે જાઓ પછી મને કોનો આશરો? આપણે સાથે ધામમાં જઈએ તો ? પછી લાધીબાએ માતાજીને પહેલા ધામમાં મોકલી પછી પોતે ધામમાં ગયા. બંનેના અગ્નિ સંસ્કાર સાથે થયા. રામાનંદ સ્વામી અને શ્રીહરિની કૃપાથી બંને બ્રહ્મ સ્થિતિને પામીને સ્વતંત્રપણે દેહનો ત્યાગ કરી ધામમાં ગયા. (૧)

ઝમકુબાએ શ્રીહરિને પામવાનો ખરેખર ઇશક કેળવ્યો તો તે શ્રીજીને મેળવી શક્યા. પોતાનું મન ધાર્યું મૂકી શ્રીજીના વચને રાણા સાથે લગ્ન કર્યા. તેનો ત્રાસ સહન કર્યો. જીવના જોખમે અને લાજ મૂકી, ભયરહિત થઈ રાતના અંધકારમાં

ભાગ્યા, રસ્તામાં મરેલા ઊંટના ખોખામાં ત્રણ દિવસ ભૂખ્યા તરસ્યા બેસી રહ્યા. ઊંટની ભયંકર દુર્ગંધને સહન કરીને રહ્યા. વણઝારાની મેલી મુરાદથી બચી આગળ ચાલ્યા. ભૂખ, તરસ, ઊંઘ, તકલીફ સહન કરી. શ્રીહરિને મળવા પોતાના કુટુંબનો, પતિનો, સુખનો, ધનનો, રાજ્યનો ત્યાગ કર્યો. રાજરાણી મટી એક સામાન્ય સ્ત્રીની જેમ દાદાના દરબારમાં રહીને નીચી ટેલ કરી. કેવળ શ્રીહરિ પ્રત્યેની નિષ્ઠા અને માહાત્મ્ય જાણીને ! તેથી આવા ભક્તની ભક્તિ શ્રીજીએ વખાણી છે. વળી જેને મળવા આવ્યા તેણે તેમને પોતાનાથી દૂર ગઢડાથી ભૂજ મોકલી દીધા. અહીં પણ તેમણે પોતાનું મન ધાર્યું મૂકી કેવળ ભગવાનની પ્રસન્નતાને જ ધ્યાને લીધી. તે ઝમકુબાનો શ્રીહરિ ઉપર અપાર પ્રેમ, અપાર માહાત્મ્ય દર્શાવે છે. શ્રીજીનું માહાત્મ્ય જાણ્યા વગર આવું ન થઈ શકે. શ્રીજીને અર્થે ઝમકુબાએ આવો દાખડો કર્યો.

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિ માતાજીના નિશ્ચયની પ્રશંસા કરતા કહે છે :

...જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે ... કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે ... એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી ભૂજવાળા લાધીબાઈ ને માતાજી ... ઈત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા.

★ **પાદટીપ :**

(૧) **સત્સંગ સ્ત્રી રત્નમાલા :** પ્રભુશાસ્ત્રી : મંદિર જૂનાગઢ, વર્ષ-૧૯૯૯. પાના નં. ૨૦થી ૨૫

•

૭૬. કુશળકુંવરબા

કુશળકુંવરબા ધર્મપુરના રાજરાણી હતા. પરમ એકાંતિક ધ્યાનનિષ્ઠ ભક્ત હતા તેમની ભક્તિને શ્રીહરિએ વખાણી છે.

કુશળકુંવરબાનો જન્મ ખેડા જિલ્લાના ધર્મજ ગામમાં રાજકુટુંબમાં થયેલો. (૧)

એક મત પ્રમાણે તેઓ મહીડા રાજકુટુંબના પુત્રી હતા. (૧.૧)

એક અન્ય મત મુજબ તેમનો જન્મ લખતર પાસેના ઓળક ગામમાં થયેલો.

તેમના પિતાનું નામ કેસરીસિંહ હતું. કુળ ધાર્મિક સંસ્કારયુક્ત હતું. કુશળકુંવરબાનું લગ્ન વલસાડ પાસેના ધરમપુરના રાજા સોમદેવ સાથે થયેલ. તેમના પુત્રનું નામ રૂપદેવ હતું. અનાયાસે પુત્રનું મૃત્યુ ભરયુવાનીમાં ૨૪ વર્ષે થયું. તેમના પતિ પણ અકાળે અવસાન પામ્યા. તેમના પૌત્ર વિજયદેવ નાના હતા તેથી રાજમાતા કુશળકુંવરબા રાજકારભાર ચલાવતા. પોતે કુશળ રાજ્યકર્તા હતા. (૧)

કુશળકુંવરબાના પૂર્વજન્મનો ઇતિહાસ જોઈએ તો :

એકવાર શ્રીહરિ અમદાવાદની બાજુમાં આવેલ અડાલજ ગયેલા ત્યાં વાવમાં સ્નાન કરી વિસામો ખાવા રોકાયા. વાવમાં એક શિલાલેખ હતો કે વાવ કોઈ રૂડી નામની રાણીએ બંધાવેલ. તેઓ જાતે ક્ષત્રિય હતા પણ તેને મુસ્લિમ બાદશાહ સાથે પરણાવેલા. રાણીએ પોતાના આત્માના કલ્યાણ માટે આ વાવ બંધાવી કે જ્યારે કોઈ મહાપુરુષ પ્રગટ થાય અને આ વાવનું પાણી પીએ તો રાણીનું કલ્યાણ થાય. શ્રીહરિએ આ લેખ વાંચ્યો અને ફરી વાર વાવમાં જઈ સંતો સાથે સ્નાન કરી જળપાન કર્યું અને આશીર્વાદ આપ્યા કે આ રાણીનું તો કલ્યાણ થાય. પણ બનાવનાર કડીયા દાડીયા અને વાવ બાંધતી વખતે મરેલા કીડીમંકોડી સર્વેનું કલ્યાણ થાય. આમ, આ રાણીનું કલ્યાણ થયું અને બીજા જન્મે તેઓએ કુશળકુંવરબા નામે જન્મ લીધો અને શ્રીહરિના યોગમાં આવ્યા. (૧)

હાલ આ વાવ અડાલજની વાવ તરીકે ઓળખાય છે. અને સારી સ્થિતિમાં મોજુદ છે. ભક્તો પ્રસાદીના સ્થાન તરીકે ત્યાં દર્શને જાય છે.

રાજમાતા મુમુક્ષુ વૃત્તિના હોવાથી રોજ ભાગવત કથા સાંભળવાનું નિયમ, સદાવ્રતનું નિયમ અને રાજની ધર્મશાળામાં ઉતરેલા સાધુ સંતોના ચરણ સ્પર્શનું નિયમ હતું. એકવાર કથામાં તેમને સાંભળવામાં આવ્યું કે, શ્રીકૃષ્ણે રુક્મિણીનું કાંડુ પકડ્યું તો તેનો મોક્ષ થયો. ત્યારે રાણીબાને થયું કે, મારું કાંડુ ભગવાન ક્યારે પકડશે ? મારે એંસી વર્ષ તો થયા. ત્યારે કથાકાર કહે, ભગવાન એકવાર જરૂર આવશે અને તમારું કાંડું પકડશે. (૧)

રાણીબા નિયમ મુજબ સંતોના ચરણ સ્પર્શ કરવા ગયા ત્યારે એક સંતે ચરણ સ્પર્શ કરવાની ના પાડી કે, પોતે ભગવાન સ્વામિનારાયણના સંત છે. સ્ત્રીનો સ્પર્શ કરતા નથી. આથી, રાણીને આશ્ચર્ય થયું. પછી તેણે સંત પાસે કથાવાર્તા સાંભળી ભગવાન સ્વામિનારાયણ વિષે જ્ઞાન મેળવી સત્સંગ કર્યો ને શ્રીજીના અનન્ય આશ્રિત થયા. તે સંત પરમ ચૈતન્યાનંદ સ્વામી હતા જેઓ ધરમપુરમાં દોઢ માસ રોકાયાને રાણીને સત્સંગ કરાવ્યો. રાણીએ શ્રીહરિને પત્ર લખી ધરમપુર તેડાવી તેમની પાસે વર્તમાન ધાર્યા. (૧)

એકવાર રાણીબાએ પોતાની જાતે નખથી ચીવટપૂર્વક ડાંગર ફોલી તેની પોટલી શ્રીહરિને ગઢડા મોકલી. આ અણિશુદ્ધ ચોખા (જેની અણી તૂટી ન હોય તેવા) જોઈને શ્રીહરિ તેમના ઉપર બહુ રાજી થયા અને બોલ્યા કે, જ્યારે જીવ આવો અણિશુદ્ધ થશે ત્યારે ધામનો અધિકારી બનશે અને આ ચોખારૂપ તાંદુલ સુદામાના તાંદુલની જેમ શ્રીહરિએ સ્વીકાર્યા અને તેમને મોક્ષના અધિકારી બનાવ્યા. આ પ્રસંગ સંપ્રદાયમાં ખૂબ જાણીતો છે. (૧)

રાણીબાએ પોતાનું સમગ્ર રાજ્ય શ્રીહરિને અર્પણ કરવાનું ધાર્યું પણ શ્રીહરિએ કહ્યું કે, અમે વનવિચરણમાં હતા ત્યારે અમને ઘણાં રાજાએ પોતાનું રાજ્ય સોંપવાનું કરેલ પણ અમે રાજ્ય કરવા આવ્યા નથી. આ સમગ્ર વિશ્વ ઉપર અમારું રાજ્ય ચાલે છે. તેની આગળ તમારું રાજ્ય શું વિસાતમાં ? આમ શ્રીહરિ તેમના ભાવની પ્રશંસા કરીને રાજી થયા. (૧)

શ્રીહરિ વિ.સં. ૧૮૭૨ના પોષ માસમાં ધરમપુર પધાર્યા ત્યારે રાણીના રાજ્યના હજારો ભીલો વસંતપંચમીનો સમૈયો કરવા ત્યાં આવેલા. તે બધાએ વર્તમાન ધારવાનો નિર્ણય કરતા શ્રીહરિએ તે બધા ઉપર કેસુડાનો રંગ છાંટી બધાને

સાગમટે વર્તમાન ધરાવ્યા. (૧)

તે સમયે કુશળકુંવરબાએ શ્રીહરિને હીરાજડિત મુગટ ધરાવેલ. શ્રીહરિએ રાણીબાની ભક્તિ અને તેમની દર્શન કરવાની ટેવને વખાણી છે. **સારંગપુરના ૨જા વચનામૃત**માં દર્શન કઈ રીતે કરવા ? તે શીખવ્યું છે કે દર્શન કરતા વૃત્તિ આડીઅવળી કરવી નહીં... ''જેમ ધરમપુરમાં કુશળકુંવરબા હતા તે અમારા દર્શન કરતા જતા ને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતા. તેમ દર્શન તો મને યુક્ત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવા. પણ જેમ બીજા દર્શન કરે છે તેમ ન કરવા.''

સત્સંગિજીવનના બીજા પ્રકરણના પ૨માં અધ્યાયમાં રાણીબાની કથા આલેખાયેલી છે. (૨)

ભક્તચિંતામણિના ૭૨માં પ્રકરણમાં શ્રીહરિ ધરમપુર પધાર્યા અને ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો. (૩)

★ લોયાના ૩જા વચનામૃતમાં :

માહાત્મ્યે રહિત નિશ્ચય કોને કોને છે ? તથા તેના અર્થે પોતાના રાજ્યનો, ધનનો, કુટુંબનો ત્યાગ કર્યો હોય તેમાં શ્રીજીએ કુશળકુંવરબાની ભક્તિ વખાણી છે. રાજમાતાએ પોતાના રાજ્ય અને ધનને શ્રીહરિને અર્પણ કરી દીધું કે, તમે રાજ્ય કરો. અમે તમારા સેવક થઈને રહેશું.

જ્યારે પરમ ચૈતન્યાનંદ સ્વામીએ તેમને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો ત્યારે તેમણે શ્રીહરિ પુરુષોત્તમ નારાયણ છે તેવું તુરત દઢપણે માની લીધું. તેમાં પોતે જરાય આશંકા કરી નહીં. પોતે ભેખમાં ભગવાન માની પૂજતા પણ ૮૦મા વર્ષે સત્સંગ થયો તો તેમણે તરત જ સ્વીકારી લીધો. તે ખૂબ મહત્ત્વનું છે.

પોતે દેહના સુખનો ત્યાગ કરી રાજમાતા હોવા છતાં સાદુ અને ધર્મ પરાયણ જીવન જીવતા. કઠિન તપ કરી દેહને દુર્બળ કરી નાખેલ. શ્રીહરિને તપ વહાલુ હતું તેથી પોતે કઠિન તપ કર્યું.

પોતે પુષ્કળ ધન ખર્ચી ધરમપુરમાં વસંતોત્સવ ઉજવી શ્રીજીને રાજી કર્યા. શ્રીજીને રાજી કરવા શું ભેટ મોકલવી ? તેના ઉપાય માટે પોતે જાતે કમોદ ફોલીને અણિશુદ્ધ ચોખા શ્રીજીને ભેટ ધર્યા. પોતાના પ્રભુમાં અચળ નિષ્ઠા હોય તો જ જાતે સેવા કરી શકાય, તે તેણે સાબિત કર્યું.

શ્રીહરિ ધરમપુર પધાર્યા. તેમને શ્રીહરિમાં દઢ જોડાણ થયું. તેમની સાથે

એટલી બધી એકતા થઈ ગઈ કે પોતે શ્રીહરિ વગર રહી નહીં શકે. એ તેમને મનમાં ઉગી આવ્યું હોય તેમ શ્રીજીએ ધરમપુર છોડ્યું ત્યારે પોતે કહ્યું કે, હું તમારા વગર રહી નહીં શકું અને દેહ છોડી તમારા ધામમાં જઈશ. આ કેટલી બધી નિષ્ઠા અને એકતા કહેવાય ?

રાણીબાના ભક્તિભાવથી શ્રીહરિ એક માસ સુધી ધરમપુર રોકાયા. (૪) પછી જ્યારે રજા માંગી ત્યારે શ્રીહરિનો વિરહ થશે તે ખ્યાલથી જ પોતે બેભાન થઈ ધરતી ઉપર ઢળી પડ્યા. પછી શ્રીજીએ તેમને પ્રેમપૂર્વક ઉઠાડી ધીરજ આપી ને પોતાના ચરણાર્વિંદ છાપી આપ્યા. ત્યારે રાણીબાએ શ્રીજી પાસેથી વરદાન લીધું કે પોતે જ્યારે તેમના સ્વરૂપને સંભારે ત્યારે તેમને પ્રત્યક્ષ દર્શન આપવા. શ્રીહરિએ રાજી થઈને આ વર આપ્યો. (૩)

શ્રીહરિ ધરમપુરથી ગઢડા પધારવાના હતા ત્યારે બાએ કહ્યું કે, મહારાજ ! આપ અહીંથી પધારશો પછી પંદરમાં દિવસે હું આપના અક્ષરધામમાં આવીશ. મને તેડવા આવજો. (૩)

શ્રીહરિ વિદાય થયા બાદ રાણીબા પંદર દિવસમાં અક્ષરધામ ગયા. એટલે કે શ્રીજીના મિલન બાદ ઈ.સ. ૧૮૧૬માં ધામમાં ગયા ત્યારે રાણીબાની ઉંમર ૮૦ વર્ષ હતી. (૩)

સંપ્રદાયના દરેક લીલાગ્રંથોમાં કુશળકુંવરબાની ભક્તિ અને પ્રેમને વખાણ્યા છે. રાણીબા અજોડ ભક્ત હતા.

★ **પાદટીપ :**

(૧) **સ્વામિનારાયણ ભગવાનના ભક્તો :** લે. શાંતિકુમાર ભટ્ટ, કાનજી ભક્ત પ્રકાશન, વડતાલ, વર્ષ : ૧૯૮૦

(૨) **સત્સંગિજીવન :** પ્રકરણ ૨, અધ્યાય : ૫૨

(૩) **ભક્તચિંતામણિ પ્રકરણ :** ૭૨ તથા પ્રકરણ : ૧૨૫ લીટી : ૫૪થી ૫૬

(૪) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૧૬, તરંગ-૨૨

●

૭૭. કઠલાલની ડોશી

ડોશી રાજબાઈ અમદાવાદ જિલ્લામાં આવેલ કપડવંજ પાસેના ગામ કઠલાલના બ્રાહ્મણ હતા. ચુસ્ત સત્સંગી અને નિયમ ધર્મમાં શૂરાપૂરા હતા. પોતે તો ભક્ત હતા, પરંતુ ગામના બીજા બહેનો પણ સત્સંગી થાય તેવું તેમને તાન હતું. તેથી કૂવે પાણી ભરવા જતા બહેનોને સત્સંગની વાતો કરી પાણી, દૂધ, ઘી વગેરે ગાળીને વાપરવા સલાહ આપતા. પરંતુ ગામની પનિહારીઓને આ વાત ફાવતી નહિ. જેથી ડોશીમા શ્રીહરિને પ્રાર્થના કરતા કે, ગામના લોકો સત્સંગી થાય. એકવાર શ્રીહરિ ગામને પાદરથી નીકળેલા તે ખબર પડતા ડોશીમાંએ પાણી ભરેલા માટલામાં શ્રીહરિ પોતાનો જમણો ચરણ બોળે તેવી વિનંતી કરી. તેથી શ્રીહરિએ પૂછ્યું કે, આમ કેમ ? ત્યારે ડોશીમાં કહે કે, તમારા ચરણ બોળેલું પ્રસાદીનું જળ હું ગામના કુવામાં નાંખીશ જેથી ગામના બધા લોકો તમારી પ્રસાદીનું જળ પીશે અને સત્સંગી થશે. શ્રીહરિ તેમની આવી સત્સંગ કરાવવાની ભાવના જોઈ રાજી થયા. (૧)

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિએ કઠલાલની ડોશીનો ઉલ્લેખ કર્યો છેઃ

'...જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ... અને ભગવાનને સંત તેનું માહાત્મ્ય બહુ જાણે તે ઉપર ગામ કઠલાલની ડોસીની વાત કરી.'

પોતાને જે લાભ મળ્યો, શ્રીહરિનું માહાત્મ્ય સમજાયું ને આત્માનું કલ્યાણ થયું. તેવું કલ્યાણ બીજાનું પણ થાય તેવી ભાવના ડોશીમાએ કરી તો શ્રીહરિના રાજીપાનું પાત્ર બન્યા.

★ પાદટીપ :

(૧) ઉપદેશામૃત : રાજકોટ ગુરુકુલ, વર્ષ-૧૯૯૪, પાના નં. ૭૮ તથા ભક્ત ચિંતામણિ પૂ. ૧૨૧ કડી. ૨૭

●

૭૮. દીવ બંદરના પ્રેમીભક્ત : પ્રેમબાઈ

ભગવાન જ્ઞાનીના હોય છે પણ તે કરતાં પ્રેમીભક્તોના વધારે હોય છે. શ્રીહરિને પ્રેમીભક્તો ખૂબ ગમતા અને તેમના ભાવ પણ પૂરા કરતા. સંપ્રદાયમાં અનેક પ્રેમી સંતો, ભક્તો થઈ ગયા. સંતોમાં સચ્ચિદાનંદ સ્વામી તથા ભક્તોમાં આંબા શેઠની પ્રેમલક્ષણા ભક્તિ વખણાતી. એવા જ એક પ્રેમીભક્ત પ્રેમબાઈ હતા. જેની વાત જાણીએ :

પ્રેમબાઈ દશા જ્ઞાતિના વણિક હતા. જેઓ દીવ બંદરના હતા. તેમના પિતાની અટક બખાઈ હતી. તેમના પિતાનું નામ પ્રેમચંદભાઈ હતું અને દીવમાં વેપાર ધંધો કરતા. ઉનાના નગર શેઠ ગણેશ શેઠ સાથે તેમને ઘરોબો હતો. ગણેશ શેઠના પત્નીના યોગથી પ્રેમબાઈને સત્સંગ થયો અને શ્રીહરિના દર્શન પણ નહોતા કર્યા છતાં પણ શ્રીહરિ સાથે અનન્ય સ્નેહ થયો. નાની ઉંમરમાં જ પ્રેમબાઈના લગ્ન દીવના જ એક શ્રીમંત કુટુંબમાં થયેલા. પણ પતિ ટૂંક સમયમાં મૃત્યુ પામ્યો. બીજા લગ્ન માટે પ્રેમબાઈએ ના પાડી. તેમણે તો મનોમન શ્રીહરિને જ પોતાના પતિ માન્યા. પણ, તેમણે હજી શ્રીહરિના દર્શન કરેલા ન હતા. જ્યારે તેમના દર્શન થાય ત્યારે તેમને અર્પણ કરવા માટે તેમણે સુંદર સુવર્ણના તારવાળા કિંમતી વસ્ત્રો અને ઘરેણાં બનાવી રાખેલા અને શ્રીજીના દર્શનની રાહ જોતા હતા. (૧)

તેવામાં એક ધૂતારાને આ વાતની ખબર પડી કે, પ્રેમબાઈ પાસે કિંમતી વસ્ત્રો અને ઘરેણાં છે. તેથી તેને પડાવી લેવા માટે પોતે સહજાનંદ સ્વામીનો વેશ પહેરી ઘોડા પર બેસી તેમની પાસે આવ્યો અને મીઠી વાતો કરી ઘરેણાં પડાવી લેવાનો કારસો રચ્યો. પણ પ્રેમબાઈને આ વાતમાં શંકા લાગી. તેઓ મૂંઝાવા લાગ્યા કે હવે શું કરવું ? શ્રીહરિએ અંતર્યામીપણે આ વાત જાણી અને મહારાજે બે પાર્ષદો : ભીમભાઈ અને સોમલાખાચરને દીવ મોકલી પેલા બાવાને ધમકાવીને કાઢી મૂક્યો. આમ, પ્રેમબાઈ છેતરાતા બચી ગયાં. શ્રીહરિએ પ્રેમબાઈની રક્ષા કરી. (૧)

વિ.સં. ૧૮૭૭ની શરદઋતુમાં ઉનાના ગણેશ શેઠે શ્રીજીના દર્શને જવા માટેનો સંઘ કાઢ્યો. તેની સાથે પ્રેમબાઈ કારિયાણી ગયા અને શ્રીહરિને અત્યંત ભાવથી આ ઘરેણાં અને વસ્ત્રો પહેરાવી પૂજા કરી. અને પોતે ધન્ય ધન્ય બની ગયા. મજાની વાત એ છે કે, શ્રીહરિ તે વખતે સભામાં બોલ્યા કે, અમારે અર્થે ઘણા ભક્તો વસ્ત્ર અલંકારાદિક વસ્તુ લાવે છે પણ અમે કોઈને સામે જઈને તે સ્વીકારતા નથી, પણ આજ અમને આ હરિભક્ત ઉપર બહુ રાજીપો થયો તેથી અમે સામાં જઈને આ વસ્તુ પદાર્થ સ્વીકાર્યા. ત્યારે સંતો ભક્તોએ એ વાતને અનુમોદન આપ્યું કે, સાચી વાત છે. તે હરિભક્ત સાચે જ પ્રેમીભક્ત છે. (૧)

આ પ્રસંગ **કારિયાણીના દ્દ્દા વચનામૃત**માં વર્ણવેલ છે કે, એવા સભામાં દીનાનાથ ભટ્ટ સભામાં આવ્યા ત્યારે શ્રીહરિએ ભારે ભારે વસ્ત્ર હતા, તે સર્વે દીનાનાથ ભટ્ટને આપ્યા.

આના અનુસંધાને મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, મત્સર ઉપજયાનો શો હેતુ છે ? ત્યારે મહારાજ તેનો ઉત્તર આપે છે કે, માન છે તે મત્સરનો હેતુ છે અને જે મત્સરવાળો હશે તેને તો અમે આ વસ્ત્ર ભટ્ટને આપ્યા તેમાં પણ મત્સર આવ્યો હશે, પણ મત્સરવાળાને એવો વિચાર ન આવે જે, વસ્ત્ર લાવ્યા તેને પણ ધન્ય છે જે આવા ભારે વસ્ત્ર મહારાજને પહેરાવ્યા અને મહારાજને પણ ધન્ય છે જે, તે તરત બ્રાહ્મણને દઈ દીધા...!

આ અનુસંધાને શ્રીહરિએ ઘણી વાતો સભામાં કરી.

સં. ૧૯૨૨માં આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ ઉના પધાર્યા ત્યારે પ્રેમબાઈએ ઠાકોરજી, આચાર્યશ્રી, બ્રહ્મચારી, સંતો વગેરેને જમાડી વસ્ત્રો અર્પણ કરી પૂજા કરી. ઉપરાંત ૨૦૦ રાળ (૬૦૦ રૂ.) ઠાકોરજીની સેવામાં અર્પણ કર્યા. ઉના, દીવ વગેરે ગામોની બહેનોને ધર્મોપદેશ આપી સત્સંગી કર્યા. અનેક બહેનોને જીવનનો સાચો માર્ગ બતાવી તેમને આત્માના કલ્યાણનો સાચો રસ્તો બનાવ્યો. તેમજ પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાની બધી જ મિલકત ઉના મંદિરમાં અર્પણ કરી. આમ, બ્રહ્મ સ્થિતિને પામેલા પ્રેમબાઈ ૯૯ વર્ષનું દીર્ઘ અને યશસ્વી આયુષ્ય ભોગવીને અંતકાળે અગાઉથી કહીને વિ.સં. ૧૯૨૭ની સાલમાં ઉનામાં અક્ષરવાસી થયા. (૧)

શ્રીહરિએ **કારિયાણીના દ્દક્ષ વચનામૃત**માં દીવ બંદરના હરિભક્તનો ઉલ્લેખ કરેલ છે : આ હરિભક્ત તે દીવબંદરના પ્રેમબાઈ.

★ **પાદટીપ :**

(૧) **સત્સંગ સ્ત્રી રત્નમાલા :** લેખક - પ્રભુ શાસ્ત્રી, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ વર્ષ - ૧૯૯૯, પાના નં. ૧૩૪-૧૩૫

(૨) **ભક્તચિંતામણિ :** પ્રકરણ : ૧૪૯, કડી નં. ૨૧થી ૨૬

★ **આધાર :**

સત્સંગની શુભ વાર્તાઓ : લેખક : પ્રેમપ્રકાશદાસજી : ગુરુકુલ, રાજકોટ : વર્ષ-૨૦૦૪, પાના નં. ૯૨-૧૦૪

શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૧, વાર્તા નં. ૩૫૩, પ્રકાશક : અંકલેશ્વર ગુરુકુલ.

•



૭૯. લાડકીબાઈ

વીશ કોશના પ્રવાહના ગઢડા પ્રથમના ૨૫માં વચનામૃતમાં શ્રીહરિ કૃપાવાક્ય બોલે છે કે, એક હરિભક્તને સમાધિ કરાવી હતી તો તેને અતિશય તેજ દેખાણું. તે તેજને જોઈ તે ચીસો પાડવા માંડી... અને, અમે તે હરિભક્તને સમજાવ્યું કે, તારું સ્વરૂપ તો આત્મા છે, દેહ નથી ને આ લાડકીબાઈ નામ અને ભાટનો દેહ તે તું નથી અને અછેદ, અભેદ એવો જે આત્મા તે તારું સ્વરૂપ છે.

સંપ્રદાયમાં લાડકીબાઈ નામના બે સ્ત્રી-ભક્તો છે.

એક લાડકીબાઈ જે બ્રાહ્મણ હતા. જેઓ પીપલાણાના હતા. તેમની પુત્રી રૂકબાઈમા સમાધિનિષ્ઠ હતા.

બીજા લાડકીબાઈ મેઘપુરના હતા. જેઓ ભાટ જ્ઞાતિના હતા. જેમના પિતા શ્રીજીના અનન્ય સેવક હતા. તેમના પુત્રી તે લાડકીબાઈ સમાધિનિષ્ઠ હતા. રામાનંદ સ્વામી સમયના હતા.

એકવાર શ્રીહરિ પાર્ષદો તથા ભક્તો સાથે ગઢડાથી ભૂજ જતા હતા. તેમની સાથે મેઘપુરવાળા લાડકીબાઈ તથા આદરપરવાળા લાધીબાઈ જે લાડકીબાઈના સગાં હતા તે પણ હતાં. લાધીબાઈ, શ્રીહરિના પ્રતાપની વાતો લાડકીબાઈને કરતા હતા. પણ શ્રીહરિ સામાન્ય મનુષ્યની જેમ બોલે, ખાય, પીવે તેવો વર્તાવ જોઈને લાડકીબાઈને શ્રીહરિમાં દિવ્યભાવ ન દેખાય તેથી શ્રીજી ભગવાન છે તેવી પ્રતીતિ થતી ન હતી. શ્રીહરિ દિવ્ય ચરિત્ર કરવાની તક શોધતા હતા જેથી લાડકીને પ્રતીતિ આવે. સૌ જોડિયા બંદર આવ્યા. ત્યાં વહાણમાં બેઠા. લાડકીએ પીવા માટે પાણીનું માટલું સાથે લીધેલ પણ તે ફૂટી ગયું. સૌએ ટીમણ કર્યા. પીવા માટે પાણી જોઈએ. પણ માટલું તો ફૂટી ગયેલ. આથી મહારાજે પૂછ્યું કે શું જોઈએ છે ? 'પાણી.' આ દરિયાનું પાણી પીઓ. મહારાજે કહ્યું. લાડકી કહે આ તો ખારું હોય. શ્રીહરિ કહે દરિયામાં કોઈ વાર મીઠા પાણીની સેર આવતી હોય. આ જો સામી લહેર આવે છે તે મીઠા પાણીની છે. તેમાંથી પાણી

પી લો. સૌએ આ રીતે પાણી પીધું. ખારવાને આશ્ચર્ય થયું કે દરિયામાં વળી મીઠા પાણીની સેર થોડી હોય ? તેણે એ પાણી ચાખ્યું તો ખારું ! આથી તેને આશ્ચર્ય થયું પણ લાડકી બાઈને શ્રીહરિનો નિશ્ચય થઈ ગયો કે દરિયાના પાણીને મીઠું બનાવનાર આ ભગવાન છે. પછી લાડકી બાઈને શ્રીહરિની ખરેખરી પ્રતીતિ થતા તેમનામાં હેત થયું. (૧)

પછી મહારાજ ફરતા ફરતા કાળા તળાવ ગામે આવ્યા અને ત્યાં ઝાડ નીચે-વિરામ કર્યો. ત્યાં ગામની બે પનિહારીઓને શ્રીજીના દિવ્ય ચતુર્ભૂજ સ્વરૂપે દર્શન થયા. આથી બહેનોએ આવીને શ્રીજીને પગે લાગી અને પોતાના પુત્ર નથી તો આપવા પ્રાર્થના કરી ત્યારે મહારાજ કહે, અમે દીકરા કોઈને દેતા નથી પણ હોય તેની પાસેથી લઈને સાધુ કરીએ છીએ. આ જવાબ સાંભળી બાઈઓ રડવા લાગી ત્યારે બ્રહ્મચારીને દયા આવીને મહારાજને સમજાવ્યા ત્યારે શ્રીજીએ આંબલીના ઝાડ પરથી બે કાતરા લઈને બાઈઓને આપ્યા ને કહ્યું આને ખાજો. તમારે દીકરા થશે. આ જોઈ લાડકીને શ્રીહરિમાં ભગવાનપણાનો પાકો નિશ્ચય થઈ ગયો.

પછી તો શ્રીજીની કૃપાથી તેમને સમાધિ થવા લાગીને સમાધિનિષ્ઠ થયા. જે વાત ગઢડા પ્રથમના ૨૫માં કહી છે કે, પ્રથમવાર લાડકીબાઈને સમાધિ થઈ ત્યારે પોતાને આ નવું લાગતા ચીસો પાડતા હતા પછી મહારાજે તેને આત્મનિષ્ઠા રાખવાનું કહ્યું.

એકવાર શ્રીહરિ મેઘપુર પધાર્યા. ત્યારે લાડકીબાઈ શ્રીજીની સામે બેઠાં. લાડકીના સંબંધીઓ તેને પરણાવવાની વાતો કરતા સાંભળી કહે મને પરણાવે તો હું દેહત્યાગ કરું (આપઘાત કરું તેમ નહીં પણ સમાધિ કરીને દેહનો ત્યાગ કરું) ત્યારે શ્રીહરિ કહે, દેહત્યાગ કરવો ક્યાં તારા હાથમાં છે છતાં કર. અમે જોઈએ. પછી લાડકી નાડી-પ્રાણ ખેંચીને દેહ મૂકવા પ્રયત્ન કર્યો. પ્રાણ કંઠે આવતા શ્રીહરિએ પકડી રાખ્યો અને દેહ ત્યાગ ન કરવા દીધો. (૨)

પછી લાડકીબાઈએ શ્રીહરિને હાથ જોડી પ્રાર્થના કરી ત્યારે મહારાજે તેના જીવને હૃદયમાં જવા દીધો. ત્યારે બાઈ શાંતિ પામ્યા ને બોલ્યા કે, હે મહારાજ. તમે તો પુરુષોત્તમ નારાયણ છો. તમારી કળા કોઈથી કળાય નહીં. એ સાંભળી મહારાજ રાજી થયા. લાડકીબાઈ જીવ્યા ત્યાં સુધી બ્રહ્મચર્ય વ્રત રાખ્યું. પોતે પરણ્યા ન હતા. (૩)

એકવાર શ્રીહરિ કાઠીઓ સાથે મેઘપુર લાડકીબાઈના ઘરે પધાર્યા. સર્વેને વાળું

કરાવ્યું. પછી શ્રીહરિ પોઢ્યા. સવારે પરગામથી પચાશ સંધિનું ટોળું બંદૂકો લઈને શ્રીહરિને મારવા આવ્યું ને મારગની બે કોર ભરેલી બંદૂકો લઈને ઊભા રહ્યા. આ વાતની મહારાજને ખબર પડી એટલે તેમણે લાડકીબાઈને પૂછ્યું કે, તમને આ વાતની ખબર હતી તો મને કેમ ન કહ્યું ? ત્યારે લાડકીબાઈ કહે, હે મહારાજ! તમે તો ભગવાન છો. તમારાથી કાંઈ અજાણ્યું નથી. (૪)

પછી મહારાજ જમીને નીકળ્યા. રસ્તામાં સંધીઓને ઊભેલા જોઈ મહારાજે એક હાકલ મારી ત્યાં તો બધા પૂતળા જેવા બની ગયા. તેમના નાડી-પ્રાણ ખેંચાઈ ગયા ને ઊંધા પડ્યા અને મહારાજ એ બધા વચ્ચેથી પસાર થઈ નીકળી ગયા. (૪)

એકવાર ઉમરેઠના સાઠ-સિત્તેર બ્રાહ્મણો શ્રીહરિના દર્શને ગઢડા આવ્યા અને હરજી ઠક્કરને ઘરે ઉતર્યા. તેમણે લાડુની રસોઈ કરી ને જમવાની પંક્તિ થઈ એ વખતે એક બ્રાહ્મણને સમાધિ થઈ. એટલે પંક્તિ બંધ કરીને એક જણાએ મહારાજ પાસે જઈને આ વાત કરી. એટલે મહારાજે લાડકીબાઈને કહ્યું કે, તમે સમાધિ કરીને જાઓ અને વિપ્ર જે લોકમાં ગયો હોય ત્યાંથી તેને તેડી લાવો. પછી લાડકીબાઈ પ્રથમ શિવલોકમાં ગયા. તો વિપ્ર ત્યાં હતો. આથી બાઈ કહે, તમે અત્યારે ગઢડા આવો. ત્યાં તમારા સંબંધી તમારી જમવા માટે રાહ જુએ છે. તમે આવશો પછી બધા જમશે. પછી વિપ્ર દેહમાં આવ્યોને કહે લાડકીબાઈએ મને બોલાવ્યો તેમ વાત કરી. (૫)

આમ, લાડકીબાઈ સમાધિનિષ્ઠ અને શ્રીહરિના અનન્ય ભક્ત હતા.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, વાર્તા નં. ૪૫૦, જૂનાગઢ મંદિર પ્રકાશન. રૂગનાથ ચરણદાસ સ્વામી.

(૨) **નિર્ગુમદાસજી સ્વામીની વાતો :** વાર્તા નં. ૨૭, કુંડળ પ્રકાશન

(૩-૪) શ્રીહરિચરિત્ર ચિંતામણિ : ભાગ-૧, વાત નં. ૧૬૧ અને ૧૬૩

(૫) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** નં. ૪૬૯

●

૮૦. આહિર પટેલ સામત

માહાત્મ્ય જ્ઞાને સહિતના નિશ્ચયના **લોયાના ૩જા વચનામૃત**માં તેવા નિશ્ચયવાળા ભક્તમાં વાળાક દેશના આહિર પટેલ સામતની નિષ્ઠા વખાણી છે, તો તે વિષે જોઈએ :

વાળાકદેશમાં (અમરેલી બાજુમાં) બાંભણીયા ગામમાં આહિર જ્ઞાતિના પટેલ સામત રહેતા. તે શ્રીહરિના ચુસ્ત હિમાયતી હતા. શ્રીહરિને તેઓ સર્વેસર્વા માનતા અને ભક્તિ કરતા. એકવાર તેઓ ગઢડા દર્શને ગયા ત્યારે શ્રીહરિએ તેમની પરીક્ષા લેવા અને નિષ્ઠા ચકાસવા કહ્યું કે, અમારે થોડા રૂપિયા જોઈએ છે તો આપશો ? ત્યારે સામત પટેલે તુરત જ હા પાડી અને પોતાના ઘરે ગયા. પોતે તાલેવંત આહિર ન હતા છતાં શ્રીહરિનું વચન હેઠે ન પડે અને શ્રીહરિની સેવાનો લાભ મેળવી લેવા અધીરા થયા. પોતાના ઘરે જઈ પોતાની જમીન, ગાડુ, બળદ, ભેંસો વગેરે વેચીને તેના પૈસા લઈને સાડા ચાર હજાર રૂપિયા શ્રીજીના ચરણમાં ધર્યા. ત્યારે મહારાજે પૂછ્યું કે, આ ક્યાંથી લાવ્યા ? સાચુ બોલો ? ત્યારે પટેલે સાચું કહી દીધું. ત્યારે મહારાજ કહે, તમારો ભાવ છે એટલે અમે એક હજાર રૂપિયા રાખીશું. બાકીના તમે પરત લઈ જઈ જમીન વગેરે છોડાવી લો. કારણ કે દાણા વગર ઘર કેમ ચાલે ? ત્યારે પટેલ કહે, કુકડા ગમે ત્યાંથી દાણા ગોતી લે. અમે ઉધાર લઈને વાવશું અને બીજા વર્ષે કરજ ભરી દેશું. આવો હિંમત ભર્યો જવાબ સાંભળી શ્રીહરિ તેમના ઉપર બહુ રાજી થયા. (૧)

આમ, દાણા વગર, પૈસા વગર પોતાના છોકરા કેમ જીવશે ? તેનો પણ પટેલે વિચાર ન કર્યો. પોતાના ધન, ધામ અને સુખનો તેમણે શ્રીહરિની સેવામાં ત્યાગ કર્યો, જેથી શ્રીજીના કૃપાપાત્ર બન્યા. કેવળ એક હરિમાં જ વિશ્વાસ રાખ્યો તે શું થોડું છે ? પોતે હરિભક્ત હોવાથી નિયમવ્રતધારી તો હોય જ. પોતાની નાતમાં પ્રસંગે વ્યવહારે જમવા નહીં જતા હોય તેથી કે અન્ય કોઈ કારણોસર તેમને નાત બહાર મૂક્યા.

પટેલ કહે મને નાત બહાર ભલે મૂક્યો છતાં હું સ્વામિનારાયણ ધર્મનો ત્યાગ નહીં કરું. આથી તે સમયના રિવાજ મુજબ તેના દીકરાનું સગપણ તોડી નાખ્યું. દીકરો

કુંવારો રહ્યો. દીકરીને સાસરાવાળા આણું ન વળાવે તેથી સમાજમાં નીચા જોણું થયું. ઘરમાં અગ્નિ પેટાવવા અગ્નિ ન આપે. ટુંકમાં તેમની સાથે રોટી-બેટી વ્યવહાર બંધ કર્યો. તેમના ખેતરમાં ઘાસની ગંજી સળગાવી દીધી તેથી તેમની ગાયોને ઘાસચારાની મુશ્કેલી ઊભી થઈ. છતાં તેઓ હિંમત ન હાર્યા કે ન હાર સ્વીકારી અને માથા સાટે સત્સંગ રાખ્યો. આ સમાચાર કોઈએ મહારાજને પહોંચાડ્યા. તો શ્રીહરિ તેમના આ ટેકીલા સત્સંગ ઉપર રાજી થયા અને આશીર્વાદ આપ્યા કે, હવે બધી ઉપાધિ ટળી જશે અને સૌ સારાવાના થશે. પછી નાતીલા સમજ્યા અને દીકરીને આણું વળાવ્યું. સગાંઓ તેમની સાથે બોલતા થયા. રોટી બેટી વ્યવહાર પુનઃ શરૂ થયો. દીકરાની વહુને તેડવા ગયા ત્યારે વેવાઈએ પટેલની મશ્કરી કરી કે તારા દીકરાને તો બાયડી નથી જોઈતી તારે જોઈતી હોય તો લઈ જા. નખશિખ નિયમ પંચવર્તમાનધારી પટેલ આ સાંભળી રાતાપીળા થઈ ગયા પોતાના ધર્મ ઉપર આ લાંછન લગાડેલું જાણી પોતાનું અંગ ભિષ્મ કરી નાખ્યું. કુટુંબીઓમાં અને નાતમાં હાહાકાર મચી ગયો. સગાંઓ પણ ખૂબ લજ્જા પામ્યા કે આવા ભક્તની હવે આવી મશ્કરી ન કરવી. પછી સગાંઓએ તેની માફી માંગી. (૨)

આવા ટેકીલા, શૂરવીર સામંત પટેલ હતા. **જેમણે સત્સંગ જાળવવા પોતાના કુટુંબનો, લોકલજ્જાનો અને સુખનો ત્યાગ કર્યો જેથી શ્રીહરિના કૃપાપાત્ર બન્યા.**

★ **વચનામૃત લોયાના ૩જામાં** શ્રીહરિએ આહિર સામત પટેલની નિષ્ઠા વખાણી છે તે જોઈએ :

...જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે ... એમ કહીને પછી આ સર્વે હરિભક્તોની વાર્તાઓ કરી તથા વાળાક દેશનો આહિર પટેલ સામત...

★ **પાદટીપ :**

(૧) **શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર :** કંડારી ગુરુકુલ, વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૨૬૦

(૨) **તદ્રુપાનંદ સ્વામી વાતો :** સ્વામિનારાયણ ડિવાઈન મીશન, અમદાવાદ, વર્ષ-૧૯૮૮, વિશ્રામ-૮૯.

૮૧. મૂળજી - કૃષ્ણજી

મૂળજી - કૃષ્ણજી કચ્છના રહેવાસી હતા અને શૂરવીર હતા. મૂળજીની અટક વરસાણી હતી. કૃષ્ણજીની અટક પીઠડીયા હતી.

કચ્છ સત્સંગનું કાશી કહેવાય છે. કચ્છનો સત્સંગ વખણાય છે. કચ્છના માનકુવા ગામમાંથી ૧૮ પરમહંસો થયા છે. જેમાં મૂળજી અને કૃષ્ણજીનો સમાવેશ થાય છે. બંને ભાઈબંધ પણ ભાઈઓની જેમ વર્તે. એકવાર કૃષ્ણજી સંઘ સાથે ગઢડા શ્રીહરિના દર્શન કરવા ગયા. ત્યાં શ્રીહરિનું ઐશ્વર્ય જોઈને તેમને પ્રતીતિ થઈ કે આ પુરુષોત્તમ નારાયણ છે. પછી તેણે તે વાત મૂળજીને કરી. પછી બંને સાથે શ્રીહરિના દર્શને ગયા અને તેમને પાકો નિશ્ચય થઈ ગયો અને સાધુ થવા માટે ત્યાં રોકાઈ ગયા. ઘરેથી કાગળો આવે કે આ લોકો પરણેલા છે અને ઘરે ઉપાધિ થાય છે માટે ઘરે મોકલો. મહારાજે બંનેને રજા આપી પણ ઘરે જવાને બદલે રસ્તામાં વાણિયાની વંથલીમાં રોકાઈ ગયા અને ત્યાં કોઈ હરિભક્ત શેઠને ત્યાં મજૂરીએ રહ્યા. વર્ષ પૂર્ણ થયે રૂ. ૬૦ લઈને ગઢડા જઈ તે પૈસા મહારાજને અર્પણ કર્યા. મહારાજે પૂછ્યું કે, ક્યાં હતા ? તો બંનેએ વાત કરી. ફરી મહારાજે ઘરે મોકલ્યા. માતા-પિતા પાસે રજા માંગી પણ મળી નહીં.

એક વખત શ્રીહરિ માનકુવા પધાર્યા. મહારાજ પોતે કાતર લઈને બેઠા કે, ખરા ભક્ત હોય તે આવો. મારે સાધુ કરવા છે. આ સાંભળી બંને ગયા. મહારાજ કહે, તમારા મનને પૂછી જૂઓ. પછી બંને પાકો નિર્ધાર કરી મહારાજ પાસે ગયા. અને કેડિયાની તસુ ખોલવાને બદલે તોડવા માંડી કે હવે આ ક્યાં પહેરવાનું છે? ત્યારે મહારાજ કહે, 'તમે સાધુ થઈ ગયા.' જાઓ, હવે ગૃહસ્થાશ્રમ કરો. આમ, મહારાજે સાધુ કરવાની ના પાડી અને પાછા ઘરે મોકલ્યા. ઘરે જઈ ફરી રજા માંગી. પોતાની સ્ત્રીઓ પાસે પણ રજા માંગી પણ ન મળી. અંતે બંનેએ પોતાનું અંગ ભીષ્મ કરી નાખ્યું. ત્યારે સ્ત્રીઓએ કેડો મૂક્યો. પછી પોતાની મેળે ભગવા

વસ્ત્રો પહેરી પરમહંસ થઈ ગઢડા આવ્યા. તો પણ શ્રીહરિએ તેમને ન અપનાવ્યા અને તિરસ્કાર કરી કાઢી મુક્યા અને ગઢડામાં આવવાની બંધી ફરમાવી. તો ઘેલાના સામા કાંઠે બેસી રાત્રે લાંબા રાગે વિરહના કીર્તનો ગાયા અને મહારાજની ઊંઘ ઊડી ગઈ. પ્રેમાતુર હૈયે ગવાતા કીર્તનોથી શ્રીહરિનું હૈયું વલોવાયું. પોતાના હૃદય સાથે તેમનો ઢોલિયો પણ ભક્ત તરફ ખેંચાવા લાગ્યો. છતાં મહારાજે દાદા ખાચરની જેમ તેમની પરીક્ષા લીધી. પાર્ષદોને મોકલી તેમને ત્યાંથી તગડવાની આજ્ઞા કરી. પાર્ષદો તેમને જતા રહેવાનું કહેવા ગયા. પણ બંનેએ કહ્યું કે, અમે વગડામાં બેસીને જ કીર્તનો ગાઈએ છીએ. હવે અમે અહીંથી નહીં ખસીએ. એમ બે દિવસ રાત્રી વિરહના કીર્તનો ગાયા કર્યા. અંતે શ્રીહરિનું હૈયું હાથ ન રહ્યું અને બંનેને દરબારગઢમાં બોલાવી હૈયા સાથે ચાંપ્યા, માથે હાથ મૂકી આશિષ આપ્યા અને પોતાનો અસીમ રાજીપો દર્શાવ્યો. મહારાજે તેમને અપનાવી લીધા. બંનેને દીક્ષા આપી સાધુ કર્યા. જેમાં **મૂળજીનું નામ ઘનશ્યામાનંદ સ્વામી** તથા **કૃષ્ણજીનું નામ સર્વજ્ઞાનાનંદ સ્વામી** પાડ્યું. જેમાં ઘનશ્યામાનંદ સ્વામીને જૂનાગઢ મોકલ્યા અને સર્વજ્ઞાનાનંદ સ્વામીને અમદાવાદના આદી મહંત કર્યા. (૧)

કચ્છ સત્સંગના ઈતિહાસમાં એક વાત જાણીતી છે કે, જ્યારે મૂળજી-કૃષ્ણજીએ ભીષ્મ કરી નાખ્યું. ત્યારે શ્રીહરિ તેમનાથી નારાજ થયેલ અને આ બે ભક્તોની કોઈ ભક્ત સેવા ન કરે અને જો કોઈ સેવા કરશે તો તે વિમુખ ગણાશે એવો આદેશ કર્યો. આવા સંજોગોમાં કચ્છમાં અદાજી કરીને એક પરોક્ષના ભક્ત હતા. તે પરદુઃખીને મદદ કરવામાં ખૂબ માનતા. તેણે આ ભક્તોની દુઃખદ સ્થિતિ જોઈ અને શ્રીહરિની મનાઈ છતાં બે ભક્તોની અદાએ ભાવથી સેવા કરી સાજા કર્યા. ત્યારબાદ અદાને શ્રીજીનો મહિમા સમજાયો અને તે હરિભક્ત થયા. આજે કચ્છ-માનકુવામાં અદાનો પાળીયો પૂજાય છે.

કહેવાનું તાત્પર્ય એ કે શ્રીહરિએ મૂળજી અને કૃષ્ણજીની અનેકવાર પરીક્ષા લીધી. તાવ્યા, તરછોડ્યા, તિરસ્કાર કર્યો, વિમુખ કર્યા છતાં પણ તેમણે મહારાજનો આશરો ન છોડ્યો કે ન મહારાજમાં નિષ્ઠા ડગાવી કે ન અવગુણ લીધો. ઉલ્ટાનું એમ કહ્યું કે, મહારાજ અમે તમારું નામ લીધા વગર રહી નથી શકતા. શું કરીએ ? ત્યારે મહારાજે તેમને અપનાવી પોતાનું કરૂણા સાગરનું

બિરુદ નામ સાર્થક કર્યું. આવી પરમ નિષ્ઠા અને માહાત્મ્ય બીજે ક્યાં જોવા મળે ? ત્યારે મહારાજે મૂળજી અને કૃષ્ણજીના માહાત્મ્ય જ્ઞાને કરીને નિશ્ચયના વખાણ કર્યા છે.

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિ મૂળજી અને કૃષ્ણજીની નિષ્ઠાના વખાણ કરતા કહે છે :

જેને ભગવાન અને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે ... કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો, ધનનો, સ્ત્રીનો ત્યાગ કરે એમ કહીને આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી... ગામ માનકુવાના મૂળજી અને કૃષ્ણજી ... તેમણે ભગવાનને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા.

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** શા. ધર્મવલ્લભદાસજી સ્વામી, જૂનાગઢ મંદિર. વર્ષ-૨૦૦૬, પાના નં. ૩૮૦થી ૩૮૬

●

૮૨. ગુંદાળી ગામના બે કાઠી

કાઠી દરબારોનું નામ : મામૈયો અને મેરામણ

ગામ : ગુંદાળી (તા. બગસરા, જિ. અમરેલી)

માતુશ્રીનું નામ : રાણદે બાઈ

એકવાર ગુંદાળી ગામમાં સ્વામિનારાયણ ભગવાનના સંતો આવ્યા. ગામમાં રાણદેબાઈનું એક જ હરિભક્તનું ઘર હતું. તેથી સંતો રાણદેબાઈના ઘરે ગાયોની કોઢમાં ઉતર્યા. બંને ભાઈઓ ખેતરે ગયા હતા. સંતો ભૂખ્યા થયા એટલે થાળ બનાવવાનું શરૂ કર્યું. આ દરમ્યાન ગામધણી દરબારને ખબર પડી કે ગામમાં સ્વામિનારાયણના સંતો આવ્યા છે. તે દરબાર સંપ્રદાયનો દ્વેષી હતો. સંતો સદ્‌ઉપદેશ આપે અને હોકા, ચલમ, અફીણ છોડાવે તે તેને પસંદ ન હતું. આથી તેણે પસાયતાઓને મોકલી સંતોને ગામ બહાર નીકળી જવાનું કહ્યું. સંતો કહે, હમણાં આ ખીચડી થઈ જાય એટલે થાળ ધરાવીને અમે નીકળી જશું. તેમ છતાં ગામધણી દરબારે અપમાન કરી માર મારી સંતોને ગામ બહાર તગેડી મૂક્યા. આથી રાણદેબાઈને ખૂબ દુઃખ થયું કે મારા સંતોને મારીને ભૂખ્યા તગેડી મૂક્યા અને આવું અપમાન કર્યું ? આથી અતિ દુઃખથી તે પોકે પોકે રડવા લાગ્યા. આ સમાચાર કોઈએ તેના પુત્રોને આપ્યા. પુત્રો આવતા માતાએ સઘળી બાબત રડતા રડતા કહી અને કહ્યું કે, 'તમે કાઠી પુત્રો હો અને મારી કુખે જન્મ્યા હો તો મારું દૂધ ઉજાળજો અને ગામધણી પાસે વેર વાળજો.' ત્યારે બંને પુત્રોએ તેની માતા ને ગાડું જોડાવી ગઢડા મોકલ્યા અને કહ્યું કે અમે વેર લેવા જઈએ છીએ. જો જીવતા રહેશું તો ગઢડા મળશું. નહીં તો ધામમાં ભેગા થશું. (૨)

તેથી વેર વાળવા દરબાર સામે લડવા ગયા અને ગામધણીને ઝાટકે દીધો. પછી લશ્કર તેની પાછળ પડ્યું અને બંને કાઠી ધીંગાણામાં મરાયા. પોતાના મામાના સાધુનું અપમાન તે શ્રીહરિનું અપમાન થયું કહેવાય, તેમ જાણી

ભાઈઓએ ધીંગાણું ખેલી પોતાના પ્રાણની આહુતિ આપી. તે સમયે મહારાજ ગઢડામાં બિરાજતા હતા. સભામાં શ્રીજીની આંખમાં આંસુ આવી ગયા ત્યારે કોઈ સંતે પૂછ્યું કે 'કેમ ઉદાસ થયા ?' ત્યારે મહારાજ કહે, 'મારા સંતોના અપમાનનું વેર વાળવા બે કાઠી આજે શહીદ થયા છે. એનું અમે મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ કરીશું.' (૨)

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિએ આ ભક્તોનો ઉલ્લેખ કર્યો છે :

...જેને ભગવાનનોને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે ... કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે ... આ સર્વે હરિભક્તોની વાર્તાઓ એકબીજા કેડે કરી ... વાળાક દેશમાં ગુંદાળી ગામના બે કાઠી હરિભક્તો તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૩ :** જૂનાગઢ મંદિર પ્રકાશન. વાર્તા નં. ૫૦૫

(૨) **શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર :** કંડારી ગુરુકુલ, વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૫૧

●

૮૩. સુંદરજી સુતાર

માહાત્મ્યે જ્ઞાને કરીને નિશ્ચયના લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિએ એવા નિશ્ચયવાળા ભક્તોમાં ભૂજના સુંદરજી સુતારની નિષ્ઠા વખાણી છે, તો આ ભક્તના નિશ્ચય બાબતના પ્રસંગો જાણીએ :

સુંદરજીભાઈ કચ્છ મહારાવના ખાનગી કારભારી હતા અને વહીવટ કુશળ હતા. પોતે શ્રીહરિના અનન્ય સેવક અને મુમુક્ષુ સત્સંગી હતા. તેમને શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા અને વિશ્વાસ હતો. શ્રીહરિને તેઓ પુરુષોત્તમ નારાયણ માનતા અને તેમની આજ્ઞા પાળવા માટે હરહંમેશ તત્પર રહેતા.

તેઓ નાતે ગુર્જર સુતાર હતા. રાજ્યની મિલકત વગેરે તેમની પાસે રહેતી. તેઓ બાવન બગીચાના ઉપરી હતા. તેમને રામાનંદ સ્વામીનો સત્સંગ હતો. (૧)

સુંદરજીભાઈની માતાનું નામ રૂપાબાઈ હતું. પત્નીનું નામ પુંજાબાઈ હતું અને ભાઈનું નામ હિરજીભાઈ હતું. (૨)

કોઈ સમયે શ્રીહરિ ભૂજમાં સુંદરજીભાઈના ઘરે વિરાજમાન હતા. ત્યારે મહારાજે તેમના ઉપર કૃપા કરીને તેમને નિરાવરણ દૃષ્ટિ આપેલ. જેથી તેમને કોઈ આવરણ ન રહ્યું. પોતે ઘેર બેઠા શ્રીહરિની તમામ લીલા જોઈ શકતા. (૩)

નિરાવરણ દૃષ્ટિ મેળવવી એ ક્રિયા સાધ્ય નથી પણ કૃપા સાધ્ય છે. શ્રીહરિ કરૂણા કરે તો જ આ સિદ્ધિ મળી શકે છે. સુંદરજીભાઈ ઉપર શ્રીહરિનો રાજીપો હતો તેથી તેમને આવી દૃષ્ટિ મળી.

એકવાર પોતે ભૂજના મહારાવના કુંવરનું ખાંડુ લઈને સૌરાષ્ટ્રમાં આવ્યા. રસ્તામાં ગોંડલ પાસે બંધીયા ગામને પાદર આવતા સમાચાર મળ્યા કે શ્રીહરિ આ ગામમાં વિરાજમાન છે. તેથી પોતે જાનના માણસોને પાદર બેસાડી મૂળુભાઈના દરબારમાં મહારાજના દર્શન કરવા આવ્યા. તે સમયે શ્રીહરિ અક્ષર ઓરડીમાં સૂતા હતા. તો સુંદરજીભાઈએ શ્રીહરિને જયનારાયણ કર્યા. ત્યારે મહારાજે પૂછ્યું. કોણ? ત્યારે પોતે કહે, હું આપનો દાસ. શ્રી હરિએ માત્ર ત્રણ વાર પૂછતાં

સુંદરજીભાઈએ ત્રણ વાર આવો જ જવાબ આપ્યો. ત્યારે શ્રીજીએ ફરીથી પૂછ્યું કે, દાસનું લક્ષણ શું ? ત્યારે સુંદરજીભાઈએ કહ્યું, ધણીની આજ્ઞામાં રહેવું. ત્યારે શ્રીહરિએ તેમને આદેશ આપ્યો કે, તમે જે કામે આવ્યા છો તે કામ પડતું મુકીને અત્યારે માથું મુંડાવી, કાતરા ઉતરાવી, ભગવા વસ્ત્ર પહેરી કાશીની જાત્રા કરીને મારી પાસે આવો. ત્યારે સુંદરજીભાઈ એમ કરી પોતાના રસાલાના માણસોને કશું કીધા વગર કાશીની જાત્રાએ ઉપડ્યા. આ બનાવ સમયે મુક્તાનંદ સ્વામી ત્યાં હતા. તેમણે શ્રીહરિને કહ્યું કે, હવે આપણા સંતોને ભૂજમાં આશરો નહીં મળે. કેમ કે કચ્છના કુંવરનું ખાંડુ રઝળ્યું છે. આથી મહારાજે સુંદરજીભાઈને પરત બોલાવ્યા. ત્યારે સુંદરજીભાઈએ અગાઉની જેમ મહારાજને જય નારાયણ કહ્યા અને અગાઉ જે સંવાદ થયો હતો તે ફરીથી થયો અને મહારાજે ફરી આજ્ઞા કરી કે, તમે જે કામે આવ્યા હતા. તે કામમાં ફરી જોડાઈ જાઓ. આ ભગવા ઉતારી ઝરીયાની વસ્ત્રો ધારણ કરી ખાંડુ લઈને જાઓ.

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, જેને મહાત્મ્ય જ્ઞાને સહિત ભગવાનનો નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? સંસારનો, કુટુંબનો, રાજ્યનો, લોકલજ્જાનો ત્યાગ કરે. તો સુંદરજીભાઈએ શ્રીહરિ માટે આ બધાનો ત્યાગ કરી શ્રીજીનું ગમતું કર્યું. કેમકે તેમને શ્રીજીનો એવો માહાત્મ્ય સહિત નિશ્ચય હતો.

એકવાર શ્રીહરિ ભૂજમાં સુંદરજીભાઈના ઘરે હતા. તે દરમ્યાન મહારાજને તાવની અસર થતાં તેમણે ચાર શેર રાતા મરચા અને બે દિવસનું ખાટું પાંચ શેર દહીં મંગાવ્યું અને તે રોટલા સાથે જમી ગયા અને બોલ્યા કે, હવે મારો તાવ જશે. ત્યારે સુંદરજીભાઈ કહે, તમે તો પુરુષોત્તમ નારાયણ છો. તમને કાંઈ ન થાય. બીજા જો તાવમાં આવું ખાય તો તત્કાળ પ્રાણ જાય. પછી મહારાજે પોતાના અલૌકિક પ્રતાપની વાત કરી. **(૫)**

આ પ્રસંગ ઉપરથી જણાય છે કે, સુંદરજીભાઈ મહારાજને સર્વોપરી પ્રભુ માનતા હતા. શ્રીહરિ સર્વોત્તમ ઐશ્વર્યના માલિક છે. તેવો તેમને દઢ વિશ્વાસ હતો તથા નિષ્ઠા માહાત્મ્યે સહિત હતી. તેથી તો તેમને શ્રીહરિ તાવમાં ખાટું દહીં ખાય તેમાં કોઈ આશંકા ન થઈ. કે આ ખાવાથી બીજાના પ્રાણ જાય પણ શ્રીજીને કાંઈ ન થાય. કેમકે શ્રીહરિ તો પુરુષોત્તમ નારાયણ છે. પોતે બધું કરવા સમર્થ છે.

પોતે શ્રીહરિ માટે અનેક ઉત્સવો, યજ્ઞો કર્યા. સંતોને રાજી કર્યા. પોતે

રાજ્યમાં મોટા હોદ્દેદાર હતા, સત્તા હતી તેથી મોટા માણસો સાથે બેઠક-ઉઠક હતી, પરંતુ નાના હરિભક્તો સાથે હેત ન હતું. જ્યારે તેના દેહનો અંતકાળ આવ્યો ત્યારે વારેવારે બેભાન થઈ જતા. ઉંઘમાં અસ્પષ્ટ વાણીમાં પોતે નિર્માની ન રહ્યા, તેનો વસવસો વ્યક્ત કરતા. જાગૃત અવસ્થામાં આ બાબતનો પસ્તાવો કરતા. સંસારના સ્વાર્થમાં દેહના સંબંધી સાથે વ્યવહાર રાખ્યો પણ અત્યારે તેઓ કોઈ કામ લાગ્યા નહીં. જેની સાથે હેત હતું તે બધા મોટા માણસો હરિભક્ત ન હતા. તેથી તે બધા અંત સમયે સહાયરૂપ ન થયા. પછી શ્રીહરિને પ્રાર્થના કરી, ત્યારે શ્રીહરિએ તેમને વિશ્વરૂપે દર્શન આપ્યા. સત્સંગી નર-નારીઓ તેજના અંબાર સમાન ભાસી. પછી સૌને કહ્યું કે, આ શ્રીહરિ વિમાન લઈને મને તેડવા આવ્યા છે ને હું તેમની સાથે ધામમાં જાઉં છું. આ પરચારૂપ વાત નિષ્કુળાનંદ સ્વામીએ **ભક્તચિંતામણિના પરચા પ્રકરણ** ૧૫૭માં કડી ૨૫થી ૪૩માં વર્ણવેલી છે. (૬)

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિ સુંદરજી સુતારની નિષ્ઠાને વખાણતા કહે છે કે...

...એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને જાણીએ અને પછી સુંદરજી સુતાર ને ડોસા વાણિયાની વાત કરી.

★ **પાદટીપ :**

(૧) **તદ્રુપાનંદ સ્વામીની વાતો :** ગુરુકુલ ધ્રાંગધ્રા, વિશ્રામ-૯૧, વર્ષ-૨૦૦૬

(૨) **કચ્છ લીલા :** સ્વામિનારાયણ મંદિર, ભૂજ. વર્ષ-૧૯૯૫, અધ્યાય-૭

(૩) **નિર્ગુણદાસ સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન. વર્ષ-૨૦૧૨, વાર્તા નં. ૬૦

(૪) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર પ્રકાશન. વર્ષ-૨૦૦૬, પ્રસ્તાવના પાના નં. ૨૨થી ૨૪

(૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૩ :** વાર્તા નં. ૪૪૨, અંકલેશ્વર, ગુરુકુલ. વર્ષ-૨૦૧૫

(૬) **ભક્તચિંતામણિ :** પ્રકરણ-૧૫૭, કડી નં. ૨૫થી ૪૩

●

૮૪. ડોસા વાણિયા

ટેકીલા અને પરમ વચનપાલક ભક્ત ડોસાભાઈ નામે હતા. તેઓ વણિક જ્ઞાતિના હતા. શ્રીહરિમાં તેમને અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ હતો.

રાજકોટ જિલ્લામાં ગોંડલ તાલુકા પાસે બંધિયા ગામ આવેલું છે. રામાનંદ સ્વામીના પ્રયાસથી આ ગામમાં સત્સંગ સારો હતો. ત્યાં ડોસા નામે વણિક હરિભક્ત રહેતા. એકવાર શ્રીહરિ તે ગામમાં પધાર્યા. રાત્રે સત્સંગ ચાલતો હતો. પછી મહારાજે તેમને કહ્યું કે, તમારી પાસે જેટલા રૂપિયા ઘરેણાં હોય તે સર્વે લાવો. એટલે તેમણે તુરત જ તે હાજર કર્યું. મહારાજ ડોસા ભક્તને સાથે લઈ ગામ બહાર એક કુવો હતો ત્યાં જઈને તેમાં બધું ધન નખાવી દીધું અને ડોસાભાઈને કહ્યું કે, તમે અત્યારે જ કાશીની જાત્રા કરવા જાઓ. એટલે સન્યાસી જેવો વેશ ધારણ કરી ચાલતા ચાલતા વડોદરા પહોંચ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી મળ્યા. ત્યારે સ્વામી કહે, તમારા માટે આ કાગળ મહારાજે લખ્યો છે. તેમાં લખેલ કે, તમે હવે કાશીએ નહીં જતા બંધીયા આવો અને હવે સાંખ્ય પાળજો. આ આજ્ઞા વાંચી તેઓ ઘરે આવ્યા. ત્યારે તેમને ખબર પડી કે ગામમાં બહારવટિયા ઘર લૂંટવા આવેલ. પણ ઘરમાંથી કાંઈ ન મળતા પાછા ગયા. આમ, શ્રીહરિની કૃપાથી તેમના જાન-માલની રક્ષા થઈ. (૧)

વાંચવામાં સરળ લાગતી આ વાતનું આચરણ સામાન્યજન માટે મુશ્કેલ છે, પરંતુ ડોસાભાઈને શ્રીહરિમાં અપાર નિષ્ઠા હતી. તેમના વચનનું માહાત્મ્ય તેઓ સમજતા હતા કે, શ્રીહરિ કહે તે બ્રહ્મ વાક્ય ! તેમાં આશંકાને સ્થાન નથી. તો એ રીતે મહારાજનું વચન માન્યું અને જાત્રાએ ગયા તો પોતે બચી ગયા અને કુવામાં નાંખી દીધેલ નાણાં પણ પરત મળી ગયા.

આ કથા અન્ય ગ્રંથમાં બીજા સ્વરૂપે પણ જોવા મળે છે કે, મહારાજે ડોસાભાઈને કહ્યું કે, તમને રામાનંદ સ્વામીએ કાશીની જાત્રા કરવાનું કહેલ

છતાં કેમ ન ગયા ? માટે અત્યારે જ જાઓ. પછી જાત્રાએ નીકળ્યા. રસ્તામાં એક શાહુકારની ગાડી મળી. પૂછ્યું તો તેમણે કહ્યું કે અમે પણ કાશી જઈએ છીએ. તમે બેસી જાઓ. શાહુકારે તેની બધી સારસંભાળ રાખી. કેટલેક સમયે જાત્રા બાદ તેમને બંધિયા પરત મૂકી પણ ગયા. ત્યારે પોતે પાછળ ફરીને જુએ છે તો કોઈ સંઘ કે ગાડી જોવા ન મળી. આથી તેમને થયું કે, મહારાજે મને આ જાત્રા કરાવી. (૨)

ડોસાભાઈને શ્રીજીનું કેટલું માહાત્મ્ય હતું ? તેનો પ્રસંગ જોઈએ :

એક વખત બંધિયાના પટેલો ગઢડા ગોળ વેચવા આવ્યા. ત્યારે શ્રીહરિએ ડોસાભાઈના સમાચાર પૂછ્યા અને પછી ઉમેર્યું કે, એ અમારા ભક્ત કથનમાત્ર જ સંસાર વ્યવહારમાં રહ્યા છે. ત્યારે પટેલો હસવા લાગ્યા ને કહ્યું કે, ‘અમે સંસારમાં ગળા સુધી ડુબ્યા છીએ પણ તમારો ડોસો તો ચોટલી સુધી ખૂંત્યો છે.’ ત્યારે મહારાજ કહે ‘બને જ નહીં.’ લ્યો, હું તેમને એક પત્ર લખું ને અહીં બોલાવી સાધુ કરું તો તમે વાત સાચી માનીને સત્સંગી થશો ? પછી મહારાજનો પત્ર લઈને ભગુજી બંધીયા પહોંચ્યા. તો ત્યાં ડોસાભાઈ તો સીમમાં ગોળ જોખતા હતા. પણ, પત્ર વાંચ્યો કે, ‘તુરત આવો.’ એટલે ગોળનું ધારણ પણ એમને એમ મૂકીને, સીમમાંથી ઘરે પણ ગયા વગર પરબારા કાંઈ ભલામણ કર્યા વગર ગઢડાની વાટે વહેતા થયા અને મહારાજને મળ્યા. ત્યારે મહારાજે પેલા પટેલોને કહ્યું કે, આને સાધુ કરું છું. પણ તમે હવે સત્સંગી થશો ને ? ત્યારે પટેલોએ મહારાજની વાતને સાચી માની કે, તમે કહો છો તેવા જ આ ડોસાભાઈ સત્સંગી છે. તેની તોલે કોઈ ન આવે. (૩)

તો, ડોસાભાઈને શ્રીહરિમાં કેવી નિષ્ઠા ? તેમનું માહાત્મ્ય કેટલું ? કે મહારાજની બે લીટીમાં તેઓ વ્યવહારને જેમ સાપ કાંચળી ઉતારે તેમ ઉતારીને શ્રીજી પાસે પહોંચી ગયા !

વળી શ્રીહરિએ આજ્ઞા કરી કે તમારા મા જીવે ત્યાં સુધી તેમની સેવા કરો જેથી ઘેર જઈને રહ્યા. આવો જેને ભગવાન અને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તે ભગવાનનું વચન પાળવામાં ફેર પાડે નહિ. (૪) તેથી જ આવા ભક્તો શ્રીહરિની માળાના મણકારૂપ હતા.

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિ તેમની નિષ્ઠા વખાણતા કહે છે :

જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે... અને પછી સુંદરજી સુતાર અને ડોસા વાણિયાની વાત કરી.

★ **પાદટીપ :**

(૧) **તદ્રુપાનંદ સ્વામીની વાતો :** સ્વામિનારાયણ ડિવાઈન મિશન. અમદાવાદ. વર્ષ-૧૯૮૮, વિશ્રામ-૮૮

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૧ :** વાર્તા નં. ૨૮૨, અંકલેશ્વર ગુરુકુલ, વર્ષ-૨૦૧૫

(૩) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર, વર્ષ-૨૦૧૧, વાત નં. ૩૩૦

(૪) **શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર :** ગુરુકુલ કંડારી, સંપાદક, શા. સંત વલ્લભદાસજી સ્વામી વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૨૬૪

●

૮૫. રાણા રાજગર (ગોલિડા)

રાજગોર કુટુંબના રાણા રાજગર શરીરે તો મહાશૂરવીર હતા. પણ મહારાજના કેફે કરીને તેમણે જમને તગડ્યા. તેથી તેઓ બધા ભાઈઓ અને આખું કુટુંબ જમતગડા તરીકે ઓળખાય છે. એમના વિષે જાણીએ.

નામ : રાણાભાઈ રામજીભાઈ ભરાડ

ભાઈઓ : ભીમભાઈ, રાણાભાઈ, વશરામભાઈ, રાઘવભાઈ

અટક : ભરાડ

જ્ઞાતિ : રાજગોર બ્રાહ્મણ

ગામ : રાજકોટ જિલ્લામાં સરધારથી છ માઈલ દૂર ગામ ગોલીડા

વ્યવસાય : ખેતી અને કર્મકાંડ

તેઓને રાજા તરફથી જમીન મળતા ખેતીવાડી કરતા અને કર્મકાંડ પણ કરતા તેથી આ બ્રાહ્મણો કાઠીઓના ગોર કહેવાતા. તેઓ ચાર ભાઈઓ હતા. તેમના પિતાશ્રી પણ પરમ મુમુક્ષુ હતા. તેમણે જગન્નાથપુરીથી દ્વારિકા સુધીની યાત્રા દંડવત્ કરતા કરતા કરેલ.

રાણા, રાઘવ અને વશરામને વસ્તાર ન હતો. ભીમનો જ વસ્તાર થયો. હાલ ભીમનો વસ્તાર ચાલુ છે અને વંશજ તરીકે આસ્તિકભાઈ છે જેઓ જામનગરમાં રહે છે. તેમને બે પુત્રો રૂપેશ અને દિપેશ છે. (૫)

તેમના પિતાશ્રી યાત્રા કરીને ગામ આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ તેને દર્શન દીધા કે પ્રગટ ભગવાન મળ્યા વગર તમારું કલ્યાણ નહીં થાય. તમે અમને નથી માનતા પણ તમારા ચારેય પુત્રોનું કલ્યાણ થશે તેઓ અમારા ભક્ત છે. તેમાંથી રાઘવે દીક્ષા લીધી તેનું નામ **રાઘવાનંદ સ્વામી** પડ્યું. તેમને તેમની મા સાધુ થવાની ના પાડતા હતા ત્યારે રાણાએ કહ્યું કે, હું તમારી સેવા કરીશ. રાઘવને દીક્ષા માટે હા પાડો. પછી અમૂક દિવસે રાણાભાઈ દેહ મૂકવા તૈયાર થયા ત્યારે તેની માએ કહ્યું કે, તું તો મારી સેવા કરવાનો હતો ને ? ત્યારે રાણાએ કહ્યું કે, મારા બારમાના

દિવસે હું મહારાજને લઈને તમને તેડવા આવીશ અને તમને ધામમાં તેડી જઈશ. પછી એમ જ થયું ને મહારાજ રાણાને લઈને આવ્યા ને ડોશીને પણ ધામમાં તેડી ગયા. આ જોઈ ગામલોકો ખૂબ આશ્ચર્ય પામ્યા. (૧)

આવી જ કથા અન્ય ગ્રંથ મુજબ આવી છે : રાણા ધામમાં ગયા ત્યારે સૌને પૂછ્યું કે, કોઈને ધામમાં આવવું છે ? ત્યારે તેની બા અને ભત્રીજા એ હા પાડી. તેથી બેયને ધામમાં તેડી ગયા. (૨)

શ્રી **નિષ્કુળાનંદ સ્વામી**એ તેમના **ભક્તચિંતામણિ ગ્રંથના પરચા પ્રકરણ** ૧૩૬માં ગોલીડા ગામના આ પરમ ભક્તોને યાદ કર્યા છે તથા તેમને શ્રીહરિએ આપેલ પરચાની વિગત વર્ણવી છે :

‘એક સત્સંગી ગોલીડુ ગામ, ભજે સ્વામિનારાયણ નામ. - ૨૪મી કડી
ભીમ વશરામ, રાઘવ રાણો, ચારે ભક્ત પ્રભુના પ્રમાણો.
તેણે દીઠું જમદળ જ્યારે, મને વિચારીયું મળી ચારે, - ૨૭મી કડી
આપણે શ્રીમહારાજના છીએ, એ જીવ જમને કેમ દઈએ.’ - ૨૮મી કડી
કડી ૨૩થી ૩૬માં આ પરચો વર્ણવેલ છે.

વળી રાણાભાઈ ધામમાં ગયા ત્યારે પોતાની માતાને અને પુત્રને ધામમાં સાથે લઈ ગયા તે વાત આ ગ્રંથની કડી નં. ૩૮થી ૪૦માં વર્ણવી છે :

‘જેને આવવું હોય જરૂર, ચાલો તેડી જાઉં બ્રહ્મપુર,
પછી માત, સુતે માની વાત, કહે અમે આવશું સંઘાત.
પછી તજ્યું રાણે જ્યારે અંગ, માતસુત લઈ ચાલ્યો સંગ.’ (૩)

આમ, રાણા ભગતને શ્રીહરિનું એવું માહાત્મ્ય હતું કે, તેમણે જમને તો ભગાડ્યા પણ પોતે ધામમાં ગયા ત્યારે બીજાને પણ તે લાભ અપાવ્યો.

એકવાર સંતો સાથે શ્રીહરિ ગઢડા જતા ગોલીડા ગામ પધાર્યા. બધા ભાઈઓએ શ્રીજીની ખૂબ સેવા કરી. ઘેર ઘેર પધરામણી કરી. શ્રીજીને વળાવવા ગયા ત્યારે ભાઈઓએ વિનંતી કરી કે, અમારા ગામમાં કે સીમમાં કોઈ મૃત્યુ પામે તો તેને યમદૂતો લેવા ન આવે એવું વરદાન આપો. શ્રીજીએ પછી એ પ્રમાણે વરદાન આપ્યું. પણ આ ગામમાં એક દુરાચારી માણસને યમના દૂતો લેવા આવ્યા ત્યારે સીમમાં આ ભાઈઓ હતા. તેમણે આ જોયું ને તેમને પડકાર્યા અને ગામ છોડી જવા કહ્યું પણ યમદૂતો ન માન્યા. આથી ભાઈઓએ યમદૂતને ડાંગ મારી તેનો દાંત પાડી નાખ્યો. ભયંકર કડાકો થયો ને યમદૂતો ભાગી ગયા અને એ

દુરાચારી જીવને યમના પાશથી મૂકાવ્યો. (૪) ગુરુકુલના પ્રેમ પ્રકાશ સ્વામી ગોલીડા ગયેલ ત્યારે તેમના કુટુંબીજનોએ કહેલ કે, દાંત પટારામાં હતો પણ આગ લાગવાથી બળી ગયેલ.

આ રાજગર કુટુંબ બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિય જેવા શૂરવીર હતાં. આજે પણ તેમના વંશજો ઊંચા, પહાડી શરીરવાળા લાગે છે. તેને જોતા લાગે કે આમના પૂર્વજો એ જરૂર યમદૂતોને ભગાવ્યા જ હશે.

રાણાભાઈને શ્રીહરિનું કેવું માહાત્મ્ય હશે કે યમના દૂતો જ્યારે દેખાયા ત્યારે તેમણે શ્રીહરિનું નામ લઈ એવી શૂરવીરતા દર્શાવી યમના દૂતો સાથે લડાઈ લીધી અને તેની સાથે ધીંગાણે ચડ્યા. ગામના બધા લોકોનું કલ્યાણ થાય તે માટે પરોપકાર વૃત્તિ રાખી મહારાજ પાસે માંગી લીધું કે, આ ગામમાં કે સીમમાં કોઈ મરે તેને યમના દૂત લેવા ન આવે.

ભીમભાઈના વંશજ પૈકી ગીજુભાઈ ભરાડે રાજકોટ તથા ગુજરાતમાં સારા શિક્ષણશાસ્ત્રી તરીકેની નામના મેળવી છે. (૫)

લોયાના ૩જા વચનામૃતમાં શ્રીહરિ રાણા રાજગરનો ઉલ્લેખ કરતા કહે છે :

...અને વળી જેને ભગવાનનો ને સંતનો એવો નિશ્ચય હોય તેને તેની કોરનો કેફ વર્તે એમ કહીને રાણા રાજગરની વાર્તા કરી.

★ **પાદટીપ :**

(૧) **નિર્ગુણદાસ સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન, વાર્તા નં. ૨૭૯, વર્ષ-૨૦૧૨

(૨) **ઉપદેશામૃત :** વાર્તા નં. ૨૪૪, રાજકોટ ગુરુકુલ, વર્ષ-૧૯૯૪

(૩) **ભક્તચિંતામણિ :** પ્ર. ૧૩૬, કડી નં. ૨૬થી ૪૦

(૪) **સ્વામિનારાયણ ભગવાનના ભક્તો :** શાંતિકુમાર ભટ્ટ : વડતાલ કાનજી ભગત, પ્રકાશન વર્ષ-૧૯૮૮

(૫) **ભીમભાઈના કુટુંબી શ્રી ચંદ્રકાંત શિલુ દ્વારા (પુસ્તિકા દ્વારા) :** પ્રકાશિત વર્ષ-૧૯૯૫, જામનગર.

●

૮૬. અમરા પટગર

યુગના ધર્મ પ્રવર્ત્યાના સારંગપુરના ૯મા વચનામૃતમાં શ્રીહરિ સારંગપુરથી કુંડળ પધારે છે અને ત્યાં ગામધણી દરબાર અમરા પટગરના આથમણા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તર મુખારવિંદ વિરાજમાન હતા.

વચનામૃતમાં આ ભક્તનો કોઈ પ્રશ્ન નથી :

અમરા પટગર વિષે જાણીએ :

અમરા પટગર કાઠી હરિભક્ત હતા. ગામધણી દરબાર હતા. અમરા પટગર ઘણાં બુદ્ધિમાન અને વિવેકી હતા. શ્રીહરિ એમ કહેતા કે, 'આ અમરા અષ્ટ વસુ માંહેલા એક દેવ છે અને તેના પુત્ર હરસુર તે શ્રીકૃષ્ણના પત્ની જાંબવતીના પુત્ર સાંબ જેવા લાગે છે.' તેમનો ચહેરો અને હરસુરનો ચહેરો એકસમાન લાગે છે.

શ્રીહરિ કુંડળમાં જળક્રિડા કરીને સૌ ભક્તોને આનંદ ઉપજાવતા. (૧)

અમરા પટગરને એક પુત્રી જેનું નામ વલુબા હતું. જે સાંખ્ય યોગ પાળતા. અમરા પટગરના પત્નીને ચેલા ખાચરના બહેન થતા. બહેનના સંબંધને લીધે ચેલા ખાચરને સત્સંગ ઉપર ભાવ રહેતો. **(૧.૧)**

શ્રીહરિ જ્યારે જ્યારે કુંડળ પધારતા ત્યારે અમરા પટગરના નિવાસસ્થાને ઉતરતા અને ભક્તની સેવા સ્વીકારતા.

સંપ્રદાયમાં પ્રચલિત વાત મુજબ મોકા પટગરના પત્ની રાયબા હતા. જેમનો કારિયાણીના દરબાર માંચા ખાચરના બહેન હતા. **ભક્ત ચિંતામણિ**ના નામના પ્રકરણ નં. ૧૧૫માં ૧૪મી પંક્તિ (પદ)માં **'પટગર અમરો પાવન'** એવો ઉલ્લેખ છે જે અમરા પટગર માટે છે તથા ૧૫મા પદમાં **રાઈબાઈ લાડુ વલુબાઈ** એવો ઉલ્લેખ છે જે રાઈબા તથા તેની પુત્રી વલુબાઈ માટે છે. શ્રીહરિ રાઈબાને અદિતિ સમાન કહેતા. (૨)

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૪, તરંગ-૩૧
શ્રીહરિચરિત્રામૃત સાગર : પુર-૯, તરંગ-૩૪

(૨) **ભક્તચિંતામણિ પ્રકરણ :** ૧૧૫, પદ-૧૪ અને ૧૫.

૮૭. કાશીદાસભાઈ

ચરોતર પ્રદેશના ખંતીલા, ઉત્સાહી હરિભક્તોમાં કાશીદાસભાઈની ગણના થાય છે. તેમનું અંગ સત્સંગ પ્રચારનું હતું. તેથી શ્રીહરિ તેમના પર વિશેષ રાજી રહેતા. તેઓ બોચાસણના મુખી કહેવાતા. (૧)

કાશીદાસભાઈના પિતાશ્રીનું નામ કાનદાસભાઈ હતું. તેમના માતુશ્રી નાનીબાઈ પણ અત્યંત ધાર્મિક અને ભાવુક પ્રકૃતિના હતા. સંતસમાગમમાં સદાય પ્રવૃત્ત રહેતા. પોતાના પાટીદાર સમાજમાં તેમનું ઘણું માન હતું. (૧)

શ્રીહરિ વર્ણિવેશે વિચરણ કરતા કરતા ગુજરાતમાં બોચાસણ પધાર્યા અને ગામના રામજી મંદિરે રાત્રે ઉતારો કર્યો. આ રામાનંદી સંપ્રદાયના મંદિરમાં નરસિંહદાસ નામના એક સદાચારી બાવાજી રહેતા હતા. તેને કાશીદાસભાઈએ કહી રાખેલ કે મંદિરમાં કોઈ સારા સંત મહાત્મા આવે ત્યારે મને ખબર આપવા. હવે શ્રીહરિ આ મંદિરમાં ઉતર્યા હતા. બાવાજીએ સમાચાર કહેવરાવ્યા એટલે કાશીદાસભાઈ મંદિરે આવ્યા તે સમયે પોતાને ત્યાં બ્રાહ્મણોની ચોરાશી હતી તેથી તેમણે બાવાજી અને વર્ણીરાજને ભોજનમાં પધારવા પ્રાર્થના કરી. બંને ચોરાશી જમવા ગયા પણ તે વખતે ભોજનમાં લસણનો વઘાર કરવાની રીતિ હશે તેથી દાળ-શાકમાં લસણની ગંધ આવતા વર્ણીએ ભાતના બે ગ્રાસ જ લીધા. બીજી રસોઈને અડ્યા નહીં. આ સમયે કાશીદાસભાઈના માતુશ્રીની ચકોર નજરમાં આ જોવામાં આવ્યું એટલે તેમણે તુરત જ દૂધનો કટોરો વર્ણીને આપ્યો. વર્ણી તેમનો ભાવ જોઈને દૂધ-ભાત આનંદથી જમ્યા. પણ કાશીદાસભાઈ અને તેમના માતા-પિતાને લાગ્યું કે, આ વર્ણી ખૂબ સાત્વિક વૃત્તિના અને પવિત્ર સંત છે. તેથી તેમને રોકી રાખવાનું નક્કી કર્યું. પણ વર્ણી તો કોઈને કહ્યા વગર નીકળી ગયા. કાશીદાસભાઈએ રૂમમાં આવીને જોયું તો આસન ખાલી જોયું. પણ જમીન ઉપર ધૂળમાં શ્રીજીના પગલાંની દિવ્ય છાપ જોઈ. ચરણના ૧૬ ચિહ્નો તેમાં અંકિત

થયેલા જોયા. આ જોઈ કાશીદાસભાઈને થયું કે, નક્કી આ દિવ્ય પુરુષ હતા તેથી તેના ચરણમાં આવા ચિહ્નો છે તેથી તેણે આની રજ રૂમાલમાં ભાવપૂર્વક ભરી લીધી. (૧)

કાશીદાસભાઈ વર્ણીને શોધવા ઝડપથી પાછળ ગયા, પણ તે વખતે એક રબારીએ કહ્યું કે, હમણાં જે સંત અહીંથી ગયા તેની ચાલ અતિ ઉતાવળી અને પવનવેગી હતી તેના ચરણ જમીનને અડતા ન હતા. તે તો અત્યારે ક્યાંય નીકળી ગયા હશે. તેથી કાશીદાસભાઈ પાછળ ન ગયા પણ તેના મનમાં વર્ણી એક દિવ્ય સંભારણું મુક્તા ગયા. મનમાં અહર્નિશ વર્ણીને યાદ કરતા રહ્યા અને દર્શનની ઝંખના કરતા રહ્યા. આ વાત વિહારીલાલજી મહારાજકૃત **હરિલીલામૃતના કળશ : ૩ના વિશ્રામ ૧૭માં વર્ણવી છે.** (૧)

'કાશીદાસ સુણીને સિધાવ્યા, એ તો બાવાની જગ્યામાં આવ્યા,
જોગીરાજ ગયા એવું જાણી, એની આંખમાં આવ્યા પાણી. ૩૭
જ્યાં જ્યાં હરિએ ભરેલા છે ડગલાં, પડ્યા પાતળી રેલીમાં પગલાં,
સોળે ચિહ્ન દીઠા સુખકારી, તેથી જાણિયા દેવ મુરારી. ૩૯

એકવાર વડતાલમાં બદ્રીકાશ્રમથી એક સન્યાસી આવ્યા અને વડતાલમાં એક તંબુ આકારની બોરડી નીચે ઉતર્યા. નિસ્પૃહી સંત જ્ઞાનોપદેશ આપતા. સભામાં ભગવાનદાસભાઈ કરીને એક મુમુક્ષુ આવતા તે આંધળા હતા. સન્યાસીએ તેમના પર દયા કરી તેને દેખતા કર્યા. આથી સન્યાસીનો મહિમા ખૂબ વધ્યો. પછી બે મુમુક્ષુઓ સન્યાસીની સેવા કરતા હતા. તેમણે પૂછ્યું કે, અમને પ્રગટ ભગવાન ક્યારે મળશે ? ત્યારે સન્યાસીએ કહ્યું કે, તમને થોડા દિવસમાં તેમના દર્શન થશે. તેમના પગમાં સોળ દિવ્ય ચિહ્નો હશે અને તેઓ બોચાસણમાં પધારશે. આવું કહી સન્યાસી બીજા દિવસે અદશ્ય થઈ ગયા. ત્યારે મુમુક્ષુએ જાણ્યું કે, આ આપણને આશીર્વાદ આપવા અને પ્રભુના સમાચાર દેવા પધાર્યા હશે. (૨)

પછી થોડા દિવસ બાદ શ્રીહરિ બોચાસણમાં કાશીદાસ મુખીના ઘરે પધાર્યા. આ સમાચાર જાણી મુમુક્ષુઓ તેમના દર્શન કરવા ગયા અને તેમના પગમાં સોળ ચિહ્નો છે તે જોઈને તેમને શ્રીહરિમાં ભગવાનપણાનો નિશ્ચય થયો. પછી કાશીદાસભાઈ અને તેમના પિતાશ્રી કાનદાસભાઈ બંને સાથે શ્રીહરિના દર્શન

કરવા આવ્યા. દર્શન કરતા જ બંનેને સમાધિ થઈ ગઈ અને દિવ્ય દર્શન થયા અને અક્ષરધામના મુક્તોને પણ દીઠા. આથી કાશીદાસભાઈને શ્રીહરિ પ્રભુ છે તેવો પાકો નિશ્ચય થઈ ગયો.

આમ, કાશીદાસભાઈને નીલકંઠ વેષે તથા સહજાનંદ સ્વામી એમ બે રૂપે બે વખત શ્રીહરિના દર્શન થયા અને તેમને શ્રીહરિ ભગવાન છે તેવો પાકો નિશ્ચય થઈ ગયો. (૨)

પછી સંતોના સહવાસથી કાશીદાસભાઈને ગાઢ સત્સંગ થયો અને શ્રીજી મહારાજ ભગવાન છે તેવો નિશ્ચય થયો. એક વખત પોતાના સગાંસંબંધી સાથે પદયાત્રા કરતા કરતા તેઓ લોયા ગામ પધાર્યા. એ સમયે શ્રીહરિ વતાંકનું શાક બનાવતા હતા. તેમની ધોતી વગેરે હળદરથી પીળી થઈ ગઈ હતી. અને રસોઈયા જેવો વેશ થઈ ગયો હતો. આ જોઈ કાશીદાસભાઈને શ્રીહરિમાં મનુષ્યભાવ આવ્યો કે, આવા ભગવાન થોડા હોય ? મારો આંટો નિષ્ફળ ગયો. અહીં ન આવ્યો હોત તો સારું હતું. આવો સંકલ્પ કરે છે ત્યાં શ્રીહરિ પાટ ઉપર વિરાજમાન થયા અને કાશીદાસભાઈને નામથી બોલાવી પાસે બેસાડ્યા અને કહ્યું કે, કોઈ માણસ કાશીની જાત્રા કરવા નીકળ્યો હોય અને ગંગાજીનું ડહોળાયેલું પાણી જોઈને તેમાં સ્નાન ન કરે અને પાછો ઘેર ચાલ્યો જાય તેને કેવો જાણવો ? આ રીતની મહારાજની વાત સાંભળીને કાશીદાસભાઈને થયું કે, અહો ! આ તો મારા મનની વાત જાણી ગયા. માટે તે જરૂર સાક્ષાત્ ભગવાન છે. મારો સંશય દૂર કરવા દૃષ્ટાંત આપીને વાત કરે છે. આટલી વાત મેં ન સાંભળી હોત તો મને મોટી ખોટ જાત અને હું મૂર્ખમાં ગણાત. આમ વિચારી કાશીદાસ લોયામાં રહ્યા અને શ્રીહરિ અને સંતોનો સમાગમ કરી પછી ઘેર ગયા. ઘેર જઈ શ્રીહરિના ભગવાનપણાના નિશ્ચયની વાત પોતાના પિતા તથા સગાંસંબંધીને કહી. બધાને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. પછી તો એમને એવો કેફ આવ્યો કે, પોતાનું બળદગાડું જોડી પોતાના સગાંસંબંધીના ગામોમાં ફરી બધાને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો અને સત્સંગી બનાવ્યા. (૧)

પોતાને શ્રીહરિની સર્વોપરીપણાનું એટલું તો અતિદૃઢ બળ હતું કે, તેઓ કોઈ પણ મંત્ર, જંત્ર, કામણટુમણ કે ક્ષુદ્ર દેવ, દેવીથી જરા પણ ડરતા નહીં અને નિર્ભયપણે સત્સંગ કરાવતા. આ જાણી એક કામણટુમણવાળા એક હરિદાસ

બાવાને થયું કે, આને શિષ્ય બનાવું તો મારે કામ લાગે તેથી તે બોચાસણ આવ્યા અને કાશીદાસ ઉપર મેલીવિદ્યા અજમાવી મંત્ર-તંત્રનો પ્રયોગ કર્યો પણ કાશીદાસ ઉપર તેની કોઈ અસર ન થઈ. ઉલ્ટાની એ મેલીવિદ્યા બાવા ઉપર પડી અને બાવો મૃત્યુ પામ્યો. (૧)

કાશીદાસ અડગ નિષ્ઠાવાળા તો હતા જ પણ તે સાથે કથાવાર્તા અને સંતસમાગમના પણ એટલા જ પ્યાસી હતા. તેથી જ્યારે જ્યારે ઉત્સવ સમૈયામાં જાય ત્યારે બે-પાંચ દિવસ વધારે રોકાઈ શ્રીહરિના દર્શન સત્સંગનું સુખ લેતા. શ્રીહરિ પૂછે તો કહેતા કે, મારે તમાકુની ઉઘરાણી બાકી છે તેથી વધારે રોકાવું પડે તેમ છે. તેમ બ્હાના કાઢી વધારે રોકાઈ કથા-દર્શનનું સુખ લેતા. (૧)

તેમને આ રીતે સત્સંગમાં પ્રીતિ હતી તે સાથે પોતાના દેહના સગાંને શ્રીહરિના દર્શન કરાવી તેઓનું પણ કલ્યાણ થાય તેવી ભાવના રાખતા તેથી શ્રીહરિ એકવાર બોચાસણ પધાર્યા ત્યારે શ્રીહરિને વેલમાં બેસાડી ચરોતરના દાવોલ ગામ અને અન્ય ગામોમાં લઈ ગયા અને બધાને દર્શનનું સુખ અપાવ્યું.

જે વાત **હરિલીલામૃત કળશ ૬ અને વિશ્રામ-૭**માં આવે છે. (૧)

એકવાર કાશીદાસના આમંત્રણથી શ્રીહરિ સંતો, ભક્તો સહિત બોચાસણ પધાર્યા. તે સમયે કાશીદાસ ખેતરે ગયેલા. શ્રીહરિ ઢોલિયા ઉપર વિરાજમાન થઈ વાતો કરવા મંડ્યા કે પાટીદારકુળમાં કાશીદાસ મોટા હરિભક્ત ગણાય છે એવી વાતો કરે છે ત્યાં ભક્ત સીમમાંથી આવ્યા. તેમને સીમમાં ગળીના કુંડ હતા તેથી તેમના કપડાં અને શરીર કાળુ ભુખરું થઈ ગયેલ. આ જોઈ મશ્કરા સુરાખાચર બોલ્યા કે, એક ધર્મરાજાને ત્યાં કુંડ (નરકકુંડ) છે અને બીજા કાશીદાસને ત્યાં કુંડ છે. ભક્તના કપડાં અને વેષ જોઈને સુરાખાચરે આવી મશ્કરી કરી તેથી શ્રીહરિએ સુરાખાચરને ખીજાઈને આવું બોલતા અટકાવ્યા અને ભક્તની નિષ્ઠા ચકાસવા કહ્યું કે, કાશીદાસ તમે સીમમાં જઈ અત્યારે જ ગળીના કુંડ ખોદી નાખો. આવો ધંધો તમારે નથી કરવાનો. આ સાંભળતા જ ભક્તએ સીમમાં જઈ ગળીના કુંડને તોડી નાખ્યા. પછી શ્રીહરિએ તેમને આદેશ આપ્યો કે, તમે તમારા ખેતરમાં શેરડી વાવો. ત્યારે ભગત કહે, મહારાજ ! આ જમીનમાં તો મઠ પણ પુરા પાકતા નથી તો શેરડી કેમ થશે ? ત્યારે મહારાજ કહે, ખેતરમાં ખાતર નાખો, ઘણી ખેડ કરો એટલે શેરડી થશે. આમ મહારાજના વચન સાંભળીને કોઈ જ સંશય કર્યા વગર

કાશીદાસે પોતાના ખેતરમાં શેરડી વાવી અને મહારાજની કૃપાથી એક એક સાંઠો સોળ શેરનો થયો ! પછી તો, ભક્તે શ્રીહરિને સંતો-ભક્તો સહિત બોચાસણ શેરડી અને ગોળ ખાવા બોલાવ્યા. આ ઈક્ષુ ઉત્સવ બાદ કાશીદાસે શ્રીહરિ અને સંતો-ભક્તો માટે રસોઈ બનાવડાવી. સંતો જમવા બેઠા, પણ એટલામાં તો આકાશમાંથી અનેક વિમાનો આવ્યા અને તેમાંથી સંતો નીકળ્યા અને બધા થાળ જમવા બેસી ગયા. સાંઠ માણસોની રસોઈમાં આટલા બધા સંતોને જમતા જોઈને ગામના લોકો તથા કાનદાસભાઈ ચિંતામાં પડી ગયા કે, આટલી રસોઈમાં હજારો સંતો કઈ રીતે જમશે? રસોઈ ખૂટી ન પડે. પણ શ્રીહરિના પ્રતાપથી અને કાશીદાસના અચળ વિશ્વાસથી રસોઈ તો ખૂટી નહિ બલ્કે વધી પડી. પછી તેના તપેલા ભરીને ગામના બીજા લોકોને તે પ્રસાદી આપી. આ ચમત્કાર જોઈ બધા ખૂબ આશ્ચર્યમાં પડી ગયા અને બીજા લોકો પણ શ્રીહરિનું ભજન કરતા થયા. આવો અલૌકિક પ્રતાપ શ્રીહરિએ બોચાસણમાં જણાવ્યો. જે ખેતર અને કૂવા પાસે વિમાનો ઉતરેલ તે કૂવાને અદ્યપિ વિમાનીયો કુવો કહે છે. હાલ ત્યાં બેઠક કરી છે. (૩)

આવી જ લીલા ગઢપુરમાં કરી. કાશીદાસે ગઢપુરમાં શ્રીહરિ તથા સંતોને રસોઈ આપી. લખુ કંદોઈ પાસે મોતીચૂર લાડુ બનાવડાવ્યા પણ કંદોઈએ લોભ રાખી અડધા સીધામાંથી જ લાડુ બનાવ્યા. પાંચસો સંતને હજાર લાડુ કેમ પહોંચશે. આમ, કાશીદાસને ચિંતા થઈ તેથી મહારાજને વાત કરી તો મહારાજે તેને ચિંતા ન કરવા જણાવ્યું. પછી તો મહારાજે બધા સંતોને ત્રણ વાર પંગતમાં લાડુ પીરસ્યા. ચોથી વાર લાડુ લે તેને છાતીમાં ચરણાર્વિંદ આપી આપીને લાડુ પીરસ્યા. આ બાજુ કાશીદાસ લાડુનો મનમાં હિસાબ કર્યા કરે કે, આટલા પીરસ્યા અને હવે તો આટલા જ બાકી રહ્યા ! રખે પંગતમાં મારો ઉપહાસ થશે તો ? પણ શ્રીહરિની કૃપાથી રસોઈ ન ઘટી. ઉલ્ટાના લાડુ વધ્યા તે દરબારગઢમાં બધાને વહેંચ્યા અને કાશીદાસભાઈને પણ ભાતામાં આપ્યા. આમ, શ્રીહરિએ કાશીદાસની નિષ્ઠા અને ભક્તિને વશ થઈ રસોઈમાં અલૌકિક પ્રતાપ જણાવ્યો. આ પ્રસંગ **હરિલીલામૃત**ના ૯માં કળશના ત્રીજા વિશ્રામમાં વર્ણવેલ છે. (૪)

કાશીદાસ ખૂબ પ્રેમી ભક્ત હતા. શ્રીહરિ બોચાસણ તેમના ભવને પધારતા ત્યારે તેમના દર્શન કરતા કાશીદાસના નેત્રમાંથી નીર આવતા. તેમને થતું કે,

આવો અવતાર, આવા ભક્તો ને આવા સંતો ક્યારેય થયા નથી. આ જોગમાં જે આવ્યા તે લખ ચોરાશી તથા જમપુરીમાંથી છૂટી ગયા. અને જેણે આવા સત્સંગનો લાભ લીધો નહિ, તેના જેવો કોઈ દુર્ભાગી નથી. (૫)

શ્રીહરિએ આ ભક્તના સઘળા મનોરથ પૂરા કર્યા. મહારાજ દૂર દેશમાં હોય અને કાશીદાસને દર્શનની ઈચ્છા થાય તો શ્રીહરિ તેમને ઘેર સાક્ષાત્ દર્શન દેતા. તેઓ સારા ભક્ત હોવાથી શ્રીહરિ તેમની પાસે જ રહેતા. સત્સંગ કર્યા પછી તેમને ઘણાં દુ:ખ આવ્યા. તો પણ તેને ટાળવા માટે તેમણે ક્યારેય શ્રીહરિ પાસે યાચના કરી નથી. શ્રીહરિને જ સુખમય માનીને દુ:ખને ગણતા નહિ. જેમ દુ:ખ આવે તેમ સત્સંગમાં તેમનો ઉત્સાહ વધતો પણ ક્લેશ પામીને તેઓ શ્રીહરિનો કે સત્સંગનો અભાવ લેતા નહિ. સત્સંગ મુખ્ય રાખીને જ કામકાજ કરતા એવા તે પાકા સત્સંગી હતા. (૬)

આવું આધારાનંદ સ્વામીએ તેમના **હરિચરિત્રામૃત સાગર** ગ્રંથમાં વર્ણવેલ છે. જેમ દાદા ખાચર, ઝીણાભાઈ, પર્વતભાઈ હતા તેમ ચરોતરમાં આ સત્સંગ શિરોમણી કાશીદાસભાઈ હતા તેમ કહી શકાય.

ચરોતરમાં ઘણાંય પ્રેમી ભક્તો હતા. પણ કાશીદાસની વાત જુદી જ છે. તેમણે તો શ્રીહરિ સંગે ચિત્ત જોડી દીધું હતું. શ્રીહરિ જ્યારે તેમના ભવને આવે ત્યારે પોતે પરિવાર સહિત દર્શન કરતા અને શ્રીજીની આજ્ઞા મુજબ જ વર્તતા. શ્રીહરિ તેમને બીજાને ઘેર વેચી દે તો પણ સંશય કરે નહિ તેવો તેમનો સ્વભાવ હતો. શ્રીહરિએ કેટલીક વાર તેમની ચકાસણી કરેલી પણ તેમનો રંગ તો ચડતો ને ચડતો જ રહ્યો. તેમને જેવું શ્રીહરિમાં હેત હતું તેવું શ્રીહરિ પણ તેમનામાં હેત રાખતા. (૭)

કાશીદાસ પાટીદાર પટેલ હતા. ચરોતરનો મુખ્ય ખેતી વ્યવસાય તમાકુ આધારિત છે. તેથી તેઓ તેનો વેપાર કરતા. પોતે ભાગીદારીમાં ધંધો કરતા એક વેપારી સાથે નાણાકીય વ્યવહારમાં કાંઈક અંટસ પડતા પેલાએ કાશીદાસભાઈ ઉપર કોર્ટમાં કેસ કરતા પ્રથમદર્શી પુરાવામાં કાશીદાસભાઈને જેલ પડી. પોતે જેલમાં ગયા પણ ત્યાં તેમણે પોતાની સત્સંગની ટેક ન મૂકી. ન્હાયા વગર અન્ન જળ ન લીધું. આમ, સાત દિવસ વીતી ગયા છતાં તેમણે ટેક ન મૂકી. આથી જેલરને થયું કે, આ માણસ અન્ન જળ વગર મરી જશે તેથી તેને ન્હાવા માટે

ખેડી નદીમાં સિપાઈઓ સાથે મોકલ્યા. ભગતે નદીમાં ડુબકી મારી તો શ્રીહરિની ઈચ્છાથી તેઓ સીધા ગઢડા ઘેલા નદીમાં નીકળ્યા. પોતે ડોકું બહાર કાઢ્યું તો ઘેલા નદીનો કિનારો. (૭) મહારાજે તેમની નિષ્ઠા જોઈ આવો ચમત્કાર જણાવ્યો.

આ બાજુ ખેડી નદીના કાંઠે બેઠેલા સિપાઈઓ કાશીદાસની રાહ જોયા કરે પણ કલાક સુધી ભક્ત બહાર ન નિકળ્યા એટલે કાશીદાસ પાણીમાં ડુબી ગયા હશે તેમ માની તેમને મૃત્યુ પામેલા જાહેર કરી તેમની સામેનો કેસ માંડવાળ કર્યો. (૭)

બીજી બાજુ, ભક્ત નાહીને શ્રીહરિના દર્શન કરવા દાદાના દરબારમાં પહોંચ્યા. ત્યાં કાશીદાસના માતા-પિતાના શ્રીહરિના દર્શન કરવા અને કાશીદાસને જેલમાંથી છોડાવવા વિનંતી કરવા આવેલા. તે પણ કાશીદાસને અહીં આવેલા જોઈ આશ્ચર્ય પામ્યા. પછી મહારાજના આદેશથી કાશીદાસ પોતાના વતન ગયા. ત્યારે તકરાર કરવાવાળો વેપારી કાશીદાસને જોઈને આશ્ચર્ય પામ્યો. પણ પોલીસ અધિકારીએ કાશીદાસને મળીને તેમની આખી વાત સાંભળી લીધી હતી. તેથી તેણે નિર્ણય જાહેર કર્યો કે, કાશીદાસને તેના ભગવાને ખેડી નદીમાંથી ઘેલા નદીમાં દિવ્ય સ્વરૂપે મોકલ્યા છે. માટે આ કાશીદાસ કોઈ સામાન્ય વ્યક્તિ નથી, પરમ ભક્ત છે. આવા ભક્ત તમારી સાથે નાણાકીય ગોલમાલ કરી શકે નહીં માટે તેમની સામેનો તમારો આ કેસ રદબાતલ જાહેર કરવામાં આવે છે. આમ કહી કાશીદાસને નિર્દોષ જાહેર કર્યા. આમ, શ્રીહરિએ કાશીદાસની રક્ષા કરી. (૭)

ભગવાન પોતાના ભક્તના યોગક્ષેમનું કેવું ધ્યાન રાખે છે ? તે વાત જાણીએ. એકવાર કોઈ કારણોસર કાશીદાસની હવેલી સળગી. રાત્રીનો સમય હતો. ચારે બાજુ આગ, ધુમાડો ફેલાય ગયા. ગામલોકો આગ ઓલવવા પાણી લઈને દોડી આવ્યા પણ તે લોકો આકાશ સામું જુએ છે તો તેઓ આશ્ચર્યચકિત બની ગયા કે, આકાશમાં ઊભા ઊભા અનેક સંતો તુંબડામાંથી પાણીનો છંટકાવ કરી આગ ઓલવી રહ્યા હતા. આ અચરજભર્યું દૃશ્ય જોઈ ગામલોકો અચરજ પામી ગયા. (૭)

જે જેના થાય તેના ધણી તેનું ધ્યાન રાખવા હાજરાહજૂર બેઠા છે તેવું કાશીદાસભાઈના ભક્તિસભર પ્રસંગો ઉપરથી કહી શકાય.

વચનામૃત કારિયાણીના ૭માં કાશીદાસભાઈએ શ્રીહરિને સત્સંગપોષક પ્રશ્ન પૂછેલ છે :

હે મહારાજ ! ત્યાગી હોય તે તો નિવૃત્તિમાર્ગને અનુસર્યા છે. તે અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે અને જે ગૃહસ્થાશ્રમી છે તે તો પ્રવૃત્તિ માર્ગને અનુસર્યા છે માટે તેને તો સંસારની અનંત વિટંમણા વળગી છે. માટે તે ગૃહસ્થાશ્રમી કેમ સમજે તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે ?

શ્રીહરિએ કાશીદાસભાઈની સત્સંગની દૃઢતાની ગઢડા મધ્યના ૫૯માં પ્રશંસા કરતા કહે છે :

...પૂર્વે ભગવાનની પ્રાપ્તિ થઈ હશે તથા સેવા કરી હશે તેને તો આ જન્મમાં ભગવાન કે ભક્તમાંથી હેત મટે જ નહિ... જો પોતાનું મન ડગમગાટ કરાવે તો પણ ડગમગાટ થાય નહિ. અને તેની દૃઢતા તો જેવી નાથ ભક્તની છે... કાશીદાસને છે... ત્યારે જાણવું જે આ પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે.

કાશીદાસભાઈનો ભગવાન તરફનો પ્રેમ, ટેક, નિષ્ઠા તેમના પ્રસંગો ઉપરથી જાણી શકાય છે.

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** ધર્મવલ્લભ સ્વામી જૂનાગઢ મંદિર, વર્ષ-૨૦૦૬, પૃષ્ઠ : ૨૫૪થી ૨૫૯

(૨) **સહજાનંદ સ્વામી ચરિત્ર :** લેખક : આત્માનંદજી શાસ્ત્રી : પ્રકાશક - જમિયતપુરા મંદિર, વર્ષ-૨૦૦૬, પાના નં. ૫૪થી ૫૬

(૩) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો :** સંપાદક : હરિજીવનદાસ શાસ્ત્રી, વડતાલ. વર્ષ-૨૦૦૬, પૃષ્ઠ : ૧૪૧થી ૧૪૨

(૪) **હરિલીલામૃત :** કળશ : ૯, વિશ્રામ : ૩, કડી નં. ૧૯થી ૩૭

(૫) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૨૭, તરંગ-૧૬

(૬) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૫, તરંગ-૬૬

(૭) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૯, તરંગ-૯

●

૮૮. ચિમનરાવજી

રાજકારભાર સાથે સંકળાયેલી વ્યક્તિ જ્યારે સત્સંગને ઓળખી શ્રીહરિના શરણે આવે ત્યારે અનેક લોકોને સત્સંગનો સમાસ થતો હોય છે.

ચિમનરાવજી વિષે જાણીએ :

ચિમનરાવજી વડોદરા રાજ્યના એક મંત્રી હતા અને રાજકારભાર સાથે જોડાયેલું મહત્ત્વનું ખાતું સંભાળતા. તેઓ મહારાષ્ટ્રીયન એટલે કે મરાઠા હતા. તેમને ખુશાલ ભટ્ટ દ્વારા સત્સંગ થયેલો. શ્રીહરિ જ્યારે ત્રીજી વખત વસંતપંચમીએ અમદાવાદમાં પધાર્યા ત્યારે ખુશાલ ભટ્ટ પૂર્વાશ્રમમાં હતા. જેઓ પછીથી ગોપાળાનંદ સ્વામી રૂપે પ્રસિદ્ધ થયા. અમદાવાદના તે વખતના સુબા રઘુનાથ મહિપત જે કાકા સાહેબ નામે પ્રસિદ્ધ હતા. આ કાકાસાહેબ ગામગોઠ જતા ત્યારે તેમની અવેજીમાં મલ્લબા દાદા કામ ચલાવતા. તેમના ભત્રીજા ચિમનરાવજી હતા. જેઓ શ્રીહરિ પ્રત્યે ખૂબ ભાવવાળા હતા. શ્રીહરિ અમદાવાદ પધારવાના છે. તેવી તેમને પ્રથમથી જાણ હતી એટલે તેમણે તરત જ કચેરીમાં રજા રખાવી. મહાજનોને કહીને દુકાન રંગાવી. બજારમાં બંને બાજુ કેળ રોપાવી. ઝરીયાની ધજાઓ તથા તોરણો બંધાવ્યા. બજારમાં રસ્તાઓ ઉપર સુગંધિમાન જળ છંટાવી બજારને શોભાયમાન કરી. ચિમનરાવજી સંતો તથા સત્સંગીઓને સાથે લઈ હાથી, ઘોડા, રથો વગેરે શણગારી વાજિંત્રો, ડંકા નિશાન સાથે શ્રીહરિનું સામૈયુ કરવા ગયા. શ્રીહરિને મળીને તેમને પોતે દંડવત્ પ્રણામ કર્યા. રામદાસ સ્વામીએ ચિમનરાવજીનો પરિચય કરાવ્યો. પછી ચિમનરાવજીએ શ્રીહરિને પુરમાં પધારવા વિનંતી કરી. (૧)

શ્રીહરિ પુરમાં પધાર્યા ત્યારે શ્રીહરિને હાથી ઉપર બેસાડી પોતે ભાવથી ચામર ઢોળવા લાગ્યા.

તે સમયે નગરવાસીઓ આખો દિવસ શ્રીહરિના દર્શન કરવા આવતા.

આ જોઈ મતપંથીઓ બળી ઉઠ્યા અને સુબાને ચડાવણી કરવા ગયા. આ વાતની ચિમનરાવજીને ખબર પડતા પોતે શ્રીહરિને નવાવાસના ઉતારે મળવા આવ્યા અને શ્રીહરિ પાસે પોતાની ચિંતા બતાવી અને મતપંથીઓની બધી જ વાત કરી કહ્યું કે, આપ કોઈનું કંઈ બગાડતા નથી, પણ ધર્મ-અધર્મને સ્પષ્ટ રીતે યથાર્થ દેખાડી દો છો તેથી અધર્મીઓ બળી મરે છે અને આપનો દ્વેષ કરે છે. અમે તેમને ડારો દઈને દબાવી રાખીએ છીએ. પણ વિરોધીઓ બળવાન છે. સરકારને પણ તેનો ડર રહે છે, માટે આપ સહન કરી બરાબર સાવચેત રહેશો. ત્યારે શ્રીહરિ કહે છે કે સહન કરવું તે અમારો ધર્મ છે વગેરે ક્ષમાવાન વચનો ઉચ્ચારી શ્રીહરિએ ચિમનરાવજીની ચિંતા હળવી કરી. (૧)

આમ, મોડી રાત સુધી ચિમનરાવજી શ્રીહરિની સેવામાં રોકાયા અને બાદ શ્રીહરિની વિનયપૂર્વક રજા લઈ પોતાના ઉતારે ગયા. (૧)

વચનામૃતમાં શ્રીહરિને ચિમનરાવજીએ જ્ઞાનસભર પ્રશ્નો પૂછ્યા છે :

★ વડતાલનું ૬ઠ્ઠું :

હે મહારાજ ! જીવ જ્યારે પ્રથમ પ્રલયકાળે કારણ શરીરે યુક્ત થકા માયાને વિષે લીન હતા, પછી સૃષ્ટિ સમયને વિષે એ જીવોને સ્થૂળ, સૂક્ષ્મ દેહની પ્રાપ્તિ થઈ તથા દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિકરૂપ જે વિચિત્રપણું થયું તે કર્મે કરીને થયું ભગવાનની ઇચ્છાએ કરીને થયું ? અને જો કર્મે કરીને થયું અથવા તો જૈન મતની સત્યતા થાય... તો ભગવાનને વિષે વિષમપણુંને નિર્દયપણું એમ કહીએ આવે... કૃપા કરીને કહો.

★ વડતાલનું ૭મું :

હે મહારાજ ! આસુરી જીવ હોય તે કોઈ પ્રકારે દૈવી થાય કે ન થાય ?

★ પાદટીપ :

(૧) **અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ** : કાલુપુર મંદિર પ્રકાશન, અમદાવાદ. લેખક : ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી. વર્ષ : ૧૯૪૭, પાના નં. ૧૯થી ૩૫

●

૮૯. જીવાભાઈ (જસકા)

ભાલપ્રદેશમાં બરવાળા (ઘેલાશા)થી ધંધુકા જતા વચ્ચે જસકા ગામ આવે છે. ત્યાં જીવાભાઈ ચુડાસમા કાઠી દરબાર રહેતા. તેમના વંશજો પણ હાલ ત્યાં જ રહે છે. (૧)

ગઢડા પ્રથમના ૭૦મા વચનામૃતમાં જસકાના જીવાભાઈ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછે છે કે, ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય ?

પ્રશ્નની પૂર્વભૂમિકા :

ગઢડામાં દાદા ખાચરનો ગરાસ લૂંટી લેવા અને શ્રીજી મહારાજ અને દાદાને પકડી લેવાના ઉદ્દેશથી જીવા ખાચરે માંડવધારમાં પોતાના મળતિયા ૨૦૦ કાઠી દરબારોને ભેગા કર્યા. તેમને સારી પેઠે ખવડાવી અફીણનો કસુંબો પાઈને એવો ઠરાવ કરાવ્યો કે, કાલ સવારે બધા ભેગા થઈને દાદાનો દરબાર લૂંટી લેવો અને શ્રીહરિ અને દાદાને પકડી લેવા. મહારાજે તેમનો આ સંકલ્પ અંતર્યામીપણે જાણ્યો. એ સમયે ગઢડામાં ભેગા થયેલા દાદાના સાથીદાર કાઠી ભક્તોને મહારાજે પૂછ્યું કે, આ દાદાને આવો કપરો આપત્કાળ આવ્યો છે તો કેમ કરવું ? ત્યારે જે શૂરવીર ભક્તો હતા તેણે કહ્યું કે, તમે આજ્ઞા આપો તો હમણાં જ માંડવધાર જઈને તેમનો કચ્ચરઘાણ કાઢી નાખીએ અને અમૂક ભક્તોને એમ થયું કે, ગરાસ તો દાદાના વંશજો ખાશે તેમાં આપણે વચ્ચે શું કામ કૂટાઈ મરવું ? એમ મનમાં ધારી ચૂપ રહ્યા. મહારાજે બધાના મનનો સંકલ્પ જાણ્યો અને પછી બધાને સૂઈ જવાની આજ્ઞા કરી, રાત્રે પોતે ગાડું જોડી નાજા જોગિયાને લઈને એકલા માંડવધાર ગયા અને ગામ વચ્ચે ગાડું છોડી ગાડાનો હડો ઊંચો કરી જોશથી જમીન ઉપર પછાડ્યો. ત્યાં તો બ્રહ્માંડ ફાટી જાય તેવો કડાકો સંભળાયો. અનેક તોપોના ભડાકા થયા હોય તેવો ભયંકર અવાજ સાંભળી ગામના લોકો ભય પામીને ભાગી ગયા. દાદાના દુશ્મનો જે ભેગા થયા તે પણ ભય પામીને હથિયાર મૂકી મૂકીને જીવ

બચાવવા ભાગી ગયા. તે સમયે મહારાજ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી હાથમાં તલવાર લઈ ઘરે ઘરે ફર્યાને હાકલ મારી કે, જેને જીવવું હોય તે અત્યારે જ અહીંથી ભાગી જાવ. નહીંતર સવારે બધાના માથા કપાશે. તેથી ગામ આખું ખાલી થઈ ગયું. મહારાજ પરિસ્થિતિ શાંત કરી રાતે જ ગઢડામાં આવી છાનામાના સૂઈ ગયા. સવારે મહારાજે જીવા ખાચરને સામેથી પૂછ્યું કે, માંડવધારમાં શું થયું ? ત્યારે જીવા ખાચર કહે, એ તો અંદરોઅંદર બળવો થવાથી બધા કાઠી ભાગી ગયા. (૨) જીવા ખાચર મનમાં હેબક ખાઈ ગયા હતા પણ કશું બોલી શક્યા નહિ.

આમ, મહારાજે અદ્‌ભૂત લીલા કરી દાદા ઉપર આવેલ સંકટને ટાળીને દાદા ખાચરની અને તેમના ગરાસની રક્ષા કરી.

ગઢડામાં ક્ષત્રિયો ભેગા થયેલા. જેમાં કાકાભાઈ સાથે જીવાભાઈ પણ હતા. ધોલેરાના પુંજાભાઈ ચુડાસમા વગેરે ભક્તો પણ હતા. જીવાભાઈના ઘરે મહારાજની પ્રસાદીની ઢાલ અને તલવાર મોજુદ છે. (૧)

જીવાભાઈ સત્સંગમાં ન હતા ત્યારે તેમના ઘરે બે વાર પુત્ર જન્મ થયેલ. પણ કોઈ કારણવશ તે મૃત્યુ પામેલ. તેવા સંજોગોમાં તેમણે શ્રીહરિને આવો પ્રશ્ન પૂછેલ છે કે, ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય ? ત્યારે શ્રીહરિ કહે છે કે, દીકરા આવે કે મરી જાય, જીવતા રહે, ગામ ગરાસ મળે એવા પદાર્થની ઇચ્છાથી સત્સંગ ન કરવો.

આમ, જીવાભાઈને પોતાની અંગત મૂંઝવણ હતી તેના નિરાકરણ માટે તેમણે શ્રીહરિને આવો પ્રશ્ન પૂછેલ. (૨)

★ **પાદટીપ :**

(૧) **અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો** : વડતાલ મંદિર, પ્રકાશન વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૯૯

(૨) **જીવાભાઈના વંશજો દ્વારા.**

●

૯૦. ઝીણાભાઈ

પરમ એકાંતિક, શ્રીહરિના માળાના મણકારૂપ ઝીણાભાઈ વિષે જાણીએઃ

નામ : હેમંતસિંહ મનુભા ઠાકોર

હુલામણું નામ : ઝીણાભાઈ

માતા : ગંગાબા

પીતરાઈ ભાઈ : ગગાભાઈ અને દાદાભાઈ

પુત્ર : હઠીસિંહ (નાનાભાઈ)

બહેન : અદિબા

જ્ઞાતિ : ગરાસીયા દરબાર, પંચાળા તથા જમનાવડના ગરાસદાર. પિતાશ્રી રામાનંદ સ્વામીના શિષ્ય હતા.

વચનામૃત લોયાના ૪માં ઝીણાભાઈનો ઉલ્લેખ છે :

...પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું જે : ઝીણોભાઈ તો આજ બહુ દિલગીર થયા અને એમ બોલ્યા જે, જ્યારે મહારાજ અમારે ઘેર આવ્યા નહિ ત્યારે અમારે પણ ઘરમાં રહ્યાનું શું કામ છે ?

★ આ બાબતનો પ્રસંગ જાણીએ :

ઝીણાભાઈ પ્રેમી ભક્ત હતા. શ્રીહરિ સંતો ભક્તો સાથે પોતાના ઘરે ઉત્સવ કરે તે તેમને ખૂબ ગમતું. પોતાની પાસે થોડાં નાણાં એકત્ર થાય એટલે તે સંઘરી રાખવાને બદલે શ્રીહરિને પોતાના ગામ બોલાવી સંતોની સેવાના લાભ સાથે કથાવાર્તા અને ઉત્સવનું સુખ લેતા. વિ.સં. ૧૮૬૯ (ઑગસ્ટ, ૧૮૧૨)માં ઓગણતેરો દુષ્કાળ પડ્યો ત્યારે તેમણે શ્રીજી આજ્ઞાથી દાણા-પાણી અને ઘાસનો ખૂબ સંગ્રહ કરેલો અને દુષ્કાળના ૧॥ વર્ષમાં જુવાર વેચી તથા ગરીબોને દાનમાં આપી. તેમ છતાં તેમને પાંત્રીશ હજાર કોરી વધી. (૧)

દુષ્કાળમાં તેમણે ૨૫ સંતોને પંચાળા રાખી અન્ન-પાણીથી સેવા કરેલ. આ વધેલી સંપત્તિનો ઉપયોગ શ્રીહરિ અને સંતો ભક્તો માટે થાય તેવા ઉમદા આશયથી તેઓ ગઢડા ગયા અને શ્રીજીને પંચાળા આવી ભવ્ય ઉત્સવ કરવા વિનંતી કરી. પરંતુ શ્રીહરિએ આવવાની અને ઉત્સવની ના પાડી. આથી ઝીણાભાઈને થયું કે મારી સંપત્તિ શ્રીહરિ માટે કામ ન લાગે તો મારે ઘરે રહેવામાં શું માલ છે ? એમ વિચારી ઉદાસ થઈ ગયા. મુક્તાનંદ સ્વામીએ આ વાત જાણી. તેથી તેમણે શ્રીહરિને આ ઉદાસીવાળી વાત જણાવી.

આ વાત **વચનામૃત લોયાના ૪થા પ્રકરણ**માં જણાવી છે કે, ઝીણોભાઈ તો આજ બહુ દિલગીર થઈ ગયા અને એમ બોલ્યા જે, જ્યારે મહારાજ અમારે ઘેર ન આવ્યા ત્યારે અમારે પણ ઘરમાં રહ્યાનું શું કામ છે ?

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, ભગવાન અને સંત પોતાના ઘરે આવે ત્યારે રાજી થવું. પણ ન આવે તો શોક તો ક્યારેય પણ કરવો નહિ. જો શોક કર્યાનો સ્વભાવ હોય તો અંતે જરૂર ભૂંડું થયા વિના રહે નહિ. માટે પોતપોતાના ધર્મમાં રહીને જે રીતની ભગવાનની આજ્ઞા હોય તેને રાજીથકા પાળવી પણ પોતાનું ગમતું કરવા સારું કોઈ રીતે મૂંઝાવું નહીં. પછી મૂંઝવણે કરીને યથાર્થ આજ્ઞા પળે નહિ માટે ભગવાનના ભક્તને તો સદા અતિ પ્રસન્ન રહેવું અને પ્રસન્ન મને કરીને ભગવાનનું ભજન કરવું, પણ ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તો પણ હૈયામાં લેશમાત્ર મૂંઝવણ આવવા દેવી નહિ.

શ્રીહરિએ આવું કહ્યું, પછી તેમની ઉદાસી ટળી કે શ્રીહરિની મરજીમાં રહેવું તે જ સાચી સમજણ અને જ્ઞાન છે. જ્ઞાની હોય અને જો સમજણ કે વિવેક ન હોય તો તે જ્ઞાન નકામું છે. સમજણ જ જ્ઞાન છે અને એવી જો સમજણ હોય તો તેમાં શ્રીહરિનો પૂર્ણ રાજીપો છે તેવું ઝીણાભાઈ માનવા મંડ્યા.

એ પછી ઝીણાભાઈએ જ્ઞાન અને સમજણનો માર્ગ અપનાવ્યો. તેથી શ્રીહરિ **ગઢડા અંત્યના ૧લા વચનામૃત**માં કહે છે -

'જ્ઞાનના અંગવાળા તો ઝીણાભાઈ, દેવરામ ને પ્રભાશંકર છે.'

એટલે કે, જેને જ્ઞાનનું અંગ હોય તે ભગવાનનું યથાર્થ માહાત્મ્ય સમજે અને તે જ્ઞાનના અંગવાળા તો ઝીણાભાઈ છે. પછી ઝીણાભાઈએ ચિંતન કરવા માંડ્યું કે, શ્રીહરિ અમારા ઘરે ન પધાર્યા એનું એ કારણ હશે કે, અમારામાં કાંઈક

કચાશ રહી ગઈ છે. તેથી તે દૂર કરવા માટે શાસ્ત્રના વચન મુજબ તપનો આશરો લીધો. પોતે મિષ્ટ અન્ન નહીં ખાવાની, મસ્તકે પાઘડી નહીં બાંધવાની ઈત્યાદિ પ્રતિજ્ઞા લીધી. ઘરના સભ્યોએ પણ અનેક વ્રતના નિયમો લઈ સૌ ભજન સ્મરણ કરવા લાગ્યા.

આખરે આ તપસ્યા ફળી. શ્રીહરિ કારિયાણીમાં વસ્તા ખાચરે પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરાવ્યો હતો ત્યાં પધાર્યા અને ઝીણાભાઈ ત્યાં દર્શન કરવા આવ્યા. ત્યારે ફરી મહારાજને પંચાળા પધારવા પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિ કહે અમે લોયાનો શાકોત્સવ કરીને પંચાળા પધારીશું. આથી ઝીણાભાઈના આનંદનો પાર ન રહ્યો અને શ્રીહરિએ સં. ૧૮૭૯ના ફાગણ સુદ પુનમ તા. ૨૫-૨-૧૮૨૩ને શુક્રવારના રોજ ભવ્યાતિભવ્ય ફૂલદોલ ઉત્સવ પંચાળાના આંગણે કર્યો. તે સમયે હજારો હરિભક્તો અને સંતો પધારેલ. આ ઉત્સવનું વર્ણન **નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથ**ના પ્રકરણ : ૮૮માં કરેલું છે. ફૂલદોલ ઉત્સવ સાથે પુનમની રાત્રીએ શ્રીહરિએ ભવ્ય રાસોત્સવ કર્યો. ભક્તોની મનોકામના પૂર્ણ કરવા જેટલા સંતો તેટલા રૂપ પોતે ધારણ કરી દરેક ભક્તોની સાથે રાસ રમ્યા. આચાર્ય વિહારીલાલજી મહારાજે તે રાસ લીલાના સુંદર કીર્તનો બનાવ્યા છે : (૧)

‘જુઓ જુઓ ને હાં હાં રે, જુઓ જુઓ ને સાહેલિયો આજ
રસિયો રાસ રમે.’
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે...!’

તે સમયે શ્રીહરિએ ગામ ધુમાડાબંધ જમાડ્યું. ગામલોકોને શેલણની રસોઈ પીરસી રાજી કર્યા. આ શેલણ એક વણઝારાએ પીધું અને તેનો સ્વાદ તેને યાદ રહી ગયો, શ્રીહરિની મૂર્તિ યાદ રહી ગઈ ને અંતકાળે તેને શેલણના મિષે શ્રીહરિ યાદ આવ્યા અને તે જીવનું કલ્યાણ થયું.

ઇતિહાસના પાના થોડા પાછળ ફેરવીએ :

ઝીણાભાઈના પિતા મનુભા રામાનંદ સ્વામીના શિષ્ય હતા. શ્રીહરિ નીલકંઠ વેષે રામાનંદ સ્વામી સાથે સં. ૧૮૫૮ના શ્રાવણ માસમાં પધારેલ ત્યારે મનુભા તેમના બંને કુંવર ઝીણાભાઈ તથા ગગાભાઈને દર્શને લાવેલ. ત્યારે

શ્રીહરિએ બાળ ઝીણાભાઈના મસ્તકે હાથ મૂકી આશીર્વાદ આપેલ કે, આમના હાથે તો સત્સંગમાં અનંત કાર્યો થવાના છે. (૧)

વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથમાં કળશ ૧૪માં વિશ્રામ : ૧૪માં ૪૪થી ૫૩મી કડીમાં આ પ્રસંગ વર્ણવ્યો છે :

'રામાનંદે નૃપને કહ્યું, બેય કુંવર તમારા જેહ,
અતિ ચમતકારી થશે, ઉત્તમ કામ કરશે તેહ.
શ્રીહરિએ ઝીણાભાઈના વળી કીધા વખાણ અત્યંત,
થાશે એમના હાથથી સતસંગમાં કામ અનંત.' (૨)

આમ, શ્રીહરિની વાણી સત્ય થઈ અને ઝીણાભાઈના હાથે સત્સંગના અનેક શુભ કાર્યો થયા.

જૂનાગઢના નવાબ બહાદુરખાનજી-(બીજાના) સમયમાં એકવાર તેના મહેલમાં જલ્સાનું આયોજન થયેલ. ત્યારે તાબાના રાજાઓ નવાબને કુરનીશ બજાવવા આવેલા. તે સમયે ઝીણાભાઈને પણ આમંત્રણ હતું. નવાબનું માન રાખવા તેમને ત્યાં જવું પડ્યું. ત્યારે દરબારમાં નાચનારીઓ નૃત્ય કરતી હતી. સૌ એકીટશે નિહાળી રહ્યા હતા. ત્યારે એક ઝીણાભાઈ નીચું મોં રાખી શ્રીજીનું એકતારે બેઠા બેઠા ભજન કરતા હતા. નવાબની દૃષ્ટિમાં આ આવ્યું અને તે આફરીન પોકારી ગયા કે, વાહ વાહ ! આવા જલસામાં સૌ કોઈ નૃત્ય નિહાળે છે અને આ એક ખુદાના પાક બંદા અહીં બેઠા બેઠા ખુદાની બંદગી કરે છે ! ધન્ય છે એને ! મારા રાજ્યમાં ખુદાના આવા પાક ફિરસ્તા બેઠા છે ! માશલ્લા ! આમ કહી ઝીણાભાઈને ખૂબ શાબાશી આપી અને તેમનો ગુણ આવ્યો. તેથી નવાબ હરવખત ઝીણાભાઈનું માન રાખતા. નવાબના દરબારમાં તેમની ખુરશી પડતી અને રાજ વહીવટની બાબતોમાં તેમની સલાહ પણ લેતા.

ઝીણાભાઈ હરિભક્તોનો ખૂબ પક્ષ રાખતા અને ભક્તોના સાજા-માંદા પ્રસંગોએ ખૂબ ભાવપૂર્વક સેવા કરતા. એકવાર કામ પ્રસંગે માંગરોળ ગયા. ત્યાં વાંઝા જ્ઞાતિના કમળશીભાઈ ખૂબ સારા ભક્ત હતા. તેમને મળવા ગયા તો તેઓ બીમાર હતા. તેમની માંદગી લાંબી ચાલી. પોતે પથારીમાંથી ઊભા ન થઈ શકે તેવી સ્થિતિ થઈ ગઈ. ઘરના લોકો સેવા કરી કરીને કંટાળી ગયા. વળી આર્થિક સ્થિતિ પણ નબળી. એવામાં ઝીણાભાઈ તેમના ઘરે ગયા અને

તેમણે પરિસ્થિતિ નિહાળી. તેમણે જોયું કે, અહીં તેમની સારવાર બરાબર થતી ન હતી તેથી પોતાની સાથે તેમને પંચાળા લઈ જવાનો નિર્ણય કર્યો. ઘોડા ઉપર કે ગાડામાં પણ તેમને બેસાડી શકાય તેમ ન હતું. આથી તેમને ખાટલામાં સૂતા સૂતા જ પંચાળા લઈ જવા પડે તેમ હતું. ખાટલો ઉપાડવા ઝીણાભાઈએ મજૂરો ગોત્યા પણ ત્રણ મજૂર જ જડ્યા. તેથી ચોથા મજૂર તરીકે પોતે ખભે ખાટલો ઉપાડ્યો અને પંચાળે તેમના ઘરે પહોંચાડ્યા. વળી માંદાનો ખાટલો ડેલીએ રાખવાને બદલે પોતાના દિવાનખાનામાં જ રાખ્યો અને સેવા કરી તેમને સાજા કર્યા.

એ દરમ્યાન કમળશીભાઈને એકવાર શરદી થઈ તેથી ઝીણાભાઈએ તેમના બેન અદીબાને લવિંગનો ખરડ (લેપ) કરવા મંગાવ્યો ત્યારે બેન કહે, લવિંગ તો નથી. પણ એકવાર જ્યારે ઝીણાભાઈને પોતાને શરદી થઈ ત્યારે અદીબા લવિંગ વાટીને લાવ્યા. ત્યારે ઝીણાભાઈએ પૂછ્યું કે બે દિવસ પહેલા તો લવિંગ ન હતા ? તો હવે કેમ આવ્યા ? ત્યારે અદીબા કહે આ તો ઘરના માટે થોડા રાખ્યા હોય ને ? આ સાંભળી ઝીણાભાઈએ ગુસ્સે થઈને વાટકાનો ઘા કરી દીધો કે ભગવાનના ભક્ત માટે લવિંગ ન વાપર્યા ? એમ કહી અદીબા સાથે રીસાઈને અબોલા લઈ લીધા. પછી કેટલાક સમય પછી શ્રીહરિની દરમ્યાનગીરીથી એ અબોલા છૂટ્યા. આમ ઝીણાભાઈને ભક્તોનો આવો પક્ષ હતો. (૩)

સં. ૧૮૮૨ની સાલમાં ઝીણાભાઈને જૂનાગઢમાં પોતાના દિવાનખાનાની જગ્યામાં મંદિર કરાવવાનો સંકલ્પ થયો. ઝીણાભાઈના સંકલ્પ મુજબ શ્રીહરિએ મંદિરની સુયોગ્ય જગ્યા માટે પ્રયત્નો કર્યા. જ્યારે શ્રીહરિ જૂનાગઢ પધારતા ત્યારે ઝીણાભાઈના ભાઈ દાદાભાઈના દીવાનખાનામાં ઉતરતા. ત્યારે શ્રીહરિએ દાદાભાઈને કહ્યું કે, તમારી આ જમીનમાં જ્યાં ફુલવાડી છે. તે જગ્યા અમને આપો. અમે ત્યાં શિખરબંધ મંદિર કરાવીએ. આ જૂનાગઢ શહેર રાજધાની છે. જેવા ચાર ધામ પ્રસિદ્ધ છે તેવી આ ભૂમિ છે. પછી દાદાભાઈએ તેમની ફુલવાડીની જમીન શ્રીહરિને કૃષ્ણાર્પણ કરી અને તેનો લેખ કરી આપ્યો. (૩)

આ વાત તેમણે શ્રીહરિને કરી. મહારાજે પણ સંમતિ આપી અને મંદિરનું બાંધકામ શરૂ થયું. ઝીણાભાઈએ પોતાની સઘળી સંપત્તિ મંદિરમાં ખર્ચી નાખી. શ્રીહરિ જૂનાગઢ પધાર્યા. સંવત ૧૮૮૪ના વૈશાખ વદ-૨ તારીખ : ૧-૫-

૧૮૨૮ને ગુરુવારે મંદિરમાં રાધારમણ દેવની પ્રતિષ્ઠા કરવામાં આવી. હાલ આ ફુલવાડીની જગ્યા ઉપર સ્વામિનારાયણ ભગવાનનું મંદિર છે. (૩)

ઝીણાભાઈની આ અંતિમ ઇચ્છા પૂર્ણ થઈ. એવામાં ઝીણાભાઈ અચાનક બિમાર થયા. તે સમયે તેઓ જૂનાગઢમાં પોતાના દિવાનખાનામાં રહેતા હતા. તેમને શ્રીહરિના દર્શન કરવાની અદમ્ય ઇચ્છા થઈ અને માણસ મોકલી શ્રીહરિને દર્શન આપવા આવવાની પ્રાર્થના કરતા શ્રીજી બીજા જ દિવસે ગઢડાથી જૂનાગઢ આવ્યા. મહારાજના દર્શન કરતા ઝીણાભાઈ ધન્ય બની ગયા. મહારાજ કહે, ઝીણાભાઈ તમે માંગો તે આપું ? ગોલોક, શ્વેતદ્વિપ, અક્ષરધામ ? બ્રહ્માંડના અધિષ્ઠાતા દેવ બનાવું ? ત્યારે ઝીણાભાઈ કહે જ્યાં મૂળજી બ્રહ્મચારી, ગુણાતીતાનંદ સ્વામી અને આપ હો ત્યાં મને નિવાસ આપો. પછી વળી મહારાજે પૂછ્યું કે, તમારે તમારા પુત્ર હઠીસિંહની કાંઈ ભલામણ કરવી છે ? ત્યારે દરબાર કહે, એ તમારો થઈને રહેશે તો મારે તમને કોઈ ભલામણ કરવાની જરૂર પડશે નહીં. અને જો એ તમારો નહીં થાય તો હું તમને ગમે તેટલી ભલામણ કરીશ તો પણ તમે તેનું ધ્યાન નહીં રાખો. માટે તેની મારે કોઈ ભલામણ કરવી નથી. આવો સમજણભર્યો જવાબ આપતા શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થઈ આશીર્વાદ આપી ધામમાં નિવાસ કરાવ્યો. (૨)

આ પછી જીણાભાઈની નનામી શ્રીહરિએ જાતે ઉપાડી. ઇચ્છારામભાઈ ધામમાં ગયા ત્યારે તેમની નનામી મહારાજે ઉપાડી નથી પણ ઝીણાભાઈએ ભક્તરાજ કમળશીભાઈ બીમાર હતા ત્યારે તેનો ખાટલો પોતે ઉપાડ્યો હતો તે ઋણ અદા કરવા ઝીણાભાઈની નનામી શ્રીહરિએ જાતે ઉપાડીને ભક્ત વત્સલ ભગવાનનું બિરુદ મહારાજે જાળવ્યું.

ઝીણાભાઈ સં. ૧૮૮૫ના માગશર સુદ-૧૦ના રોજ ધામમાં ગયા.

સંપ્રદાયમાં એ જાણીતી વાત છે કે, ઝીણાભાઈ ધામમાં ગયા બાદ હઠીસિંહને સત્સંગનું બળ ન રહ્યું અને પોતે તેમના પિતાશ્રીનો સત્સંગનો વારસો યથાર્થ જાળવી ન શક્યા. પરિણામે શ્રીહરિની કૃપાના પાત્ર ન બન્યા. આથી તેમની સંપત્તિ ઘસાતી ગઈ. તે દરમ્યાન હઠીસિંહે ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો અને ધીમે ધીમે સત્સંગના નિયમોનું પાલન કરતા શ્રીહરિનો રાજીપો મળેલ અને સંપત્તિ વગેરે પુનઃ પ્રાપ્ત થઈ.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૨૨મું :**

...પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જેવું પ્રેમલક્ષણા યુક્ત આ કીર્તનને વિષે હરિજનનું અંગ કહ્યું છે એવું તો ઝીણાભાઈનું અંગ છે.

આ અંગેનો પ્રસંગ જાણીએ :

એકવાર ઝીણાભાઈ ગઢડા ગયા અને સંતોને ઘેર પધારવા પ્રાર્થના કરી ત્યારે મહારાજ કહે, જૂનાગઢનું કહો તો અમે ૬ દિવસ રોકાઈએ અને પંચાળા કહો તો ૬ માસ રોકાઈએ. બોલો ક્યાં આવીએ ? ત્યારે ઝીણાભાઈએ મહારાજને પંચાળા આવવાનું કહ્યું અને મહારાજને વન પર્વત બહુ ગમતા તેથી સંતો ભક્તો સાથે મહારાજ પંચાળા પધાર્યા. ઝીણાભાઈએ ખૂબ પ્રેમપૂર્વક બધાને સાચવ્યા અને સેવાનો લાભ લીધો. આવું ઝીણાભાઈનું પ્રેમલક્ષણાવાળું અંગ હતું.

વળી **વચનામૃત ગઢડા અંત્યના ૨૪**માં મહારાજે ઝીણાભાઈના વખાણ કર્યા છે કે, રખે ભગવાન સિવાય બીજા પદાર્થમાં મારું અંગ બંધાઈ જાય નહિ તે અંગ હતું.

તો, આ બાબત માટે એટલું કહી શકાય કે, જૂનાગઢ નવાબના મહેલમાં જ્યારે નાચનારીઓ નૃત્ય કરતી હતી. સૌની દૃષ્ટિ તેના પર મંડાણી હતી. સૌ ગુલતાન થઈ જોતા હતા. પરંતુ તે સમયે ઝીણાભાઈ નીચું મોં રાખી પ્રભુમાં મન લગાવી શ્રીહરિને યાદ કરતા હતા કે રખે મારું મન આવા રમણીય સંસારી પદાર્થમાં ચોંટી જાય ! તેથી પાછી વૃત્તિવાળી ભગવાનમાં વૃત્તિ રાખી હતી. ઝીણાભાઈની આવી વૃત્તિ જોઈ **શ્રીહરિએ અંત્યના ૨૪**માં ઝીણાભાઈના વખાણ કર્યા છે કે તેમને ભગવાન સિવાય ક્યાંય વૃત્તિ ન હતી.

આમ, ઝીણાભાઈ નખશિખ પવિત્ર, પ્રેમી તથા જ્ઞાનના અંગવાળા ભક્તરાજ હતા.

ઝીણાભાઈનું જ્ઞાનનું અને સમજણનું અંગ હતું તેનો એક બીજો પ્રસંગ જોઈએ.

ઝીણાભાઈના બહેનશ્રી અદિબા સાંખ્ય યોગ ધારીને પંચાળામાં પ્રભુનું ભજન કરતા હતા. શ્રીહરિ પંચાળામાં વિરાજતા હતા તે સમયે ગામમાં લગ્નના ઢોલ વાગ્યા. આ સાંભળી શ્રીહરિએ મનુષ્ય ચરિત્ર આદર્યું કે, અમારે લગ્ન કરવાનું તો રહી ગયું. અમારે લગ્ન કરવા છે. કોઈ કન્યા ગોતી લાવો. ત્યારે

દાદાખાચર અને પર્વતભાઈ કહે અમારે તો દીકરી નથી. નહીં તો આપત. પણ આ ઝીણાભાઈના બહેન અદિબા છે. તે કુંવારા છે. તે શ્રીહરિ સાથે પરણે તો થાય. ઝીણાભાઈ તે સમયે ત્યાં જ હતા. તે કહે બરાબર છે. મરીને જેને પામવાના છે તે આજ છતે દેહે મળનાર હોય તો બહેનને વાત કરું. આથી તેઓએ અદિબાને વાત કરી. તેમણે પણ ઝીણાભાઈની વાત માની અને પોતે શ્રીહરિને પરણવા તૈયાર થઈ ગયા અને ખૂબ રાજી થયા કે મરીને જેને પામવાના હતા તે આજે પ્રગટ મળશે એમ કહી મહારાજ પાસે આવ્યા. પરંતુ તે સમયે વળી શ્રીહરિએ ચરિત્ર બદલ્યું ને કહેવા માંડ્યા કે, અમને સ્ત્રીની ગંધ આવે છે એમ કહી ઉલ્ટી કરવા લાગ્યા. અદિબાને અહીંથી દૂર લઈ જાઓ. આ બંને ચરિત્રો વખતે ઝીણાભાઈ ત્યાં હાજર હતા. શ્રીહરિનું આવું મનુષ્ય ચરિત્ર જોઈને તેમના મનમાં મહારાજ પ્રત્યે જરાય કુભાવ ન થયો કે આ ભગવાન કહેવાય છે અને વળી પરણવાનો સંકલ્પ કરે છે. ઉલ્ટાના શ્રીહરિનો આવો મનુષ્યભાવ જોઈને તેમને દિવ્યભાવ થયો. આ જીણાભાઈની ઉત્તમ સમજણ કે જ્ઞાનઅંગ કહીએ તો અતિશયોક્તિ નથી અને એ જ્ઞાનને શ્રીહરિએ વખાણ્યું છે.

★ **પાદટીપ :**

(૧) **સ્વામિનારાયણ ભગવાનના ભક્તો :** લેખક. શાંતિકુમાર ભટ્ટ, વર્ષ-૧૯૮૮, કાનજી ભગત પ્રકાશન વડતાલ

(૨) **આદર્શ ભક્તગાથા :** ધર્મવલ્લભદાસજી સ્વામી : જૂનાગઢ મંદિર, વર્ષ : સં. ૨૦૬૩, પાના નં. ૫૦થી ૬૯

(૩) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પૂર - ૨૮, તરંગ - ૧૨૪.

●

૯૧. જાદવજી શેઠ (સુરત)

જાદવજીભાઈ શેઠ સુરતના પ્રતિષ્ઠિત વેપારી વાણિયા હતા. જેઓ પેઢીથી વલ્લભકુળના આશ્રિત એટલે કે વૈષ્ણવ સંપ્રદાયના મરજાદી ભક્ત હતા. વૈષ્ણવ સમાજમાં તેમનું મોટું નામ હતું. તેઓ સુરતમાં ચંદુલાલ શેઠની ગલીમાં રહેતા હતા. તેઓને કરિયાણાની દુકાન હતી અને દોમદોમ સાહ્યબી હતી. (૧)

સં. ૧૮૬૪માં અંગ્રેજોની કોઠી સુરતમાં સ્થપાઈ. તે સમયે રાજકીય અસ્થિરતા હતી. અમદાવાદ પંથકમાં લોલંગર બાવાનો ત્રાસ હતો અને આપણા સંતોને બાવાઓ ખૂબ હેરાન કરતા અને માર મારતા. આથી શ્રીહરિના આદેશથી ૪૦૦ સંતોનું મંડળ સુરતમાં આવ્યું. કેમકે ત્યાં અંગ્રેજોની દરમ્યાનગીરીથી બાવાઓ કાંઈ કરી શકતા નહિ. તેથી સંતો શાંતિથી વિચરણ કરી શકતા. સંતોને રહેવા માટે કોઈ મંદિર કે નિશ્ચિત સ્થાન ન હતું. તેથી બધા સંતો તાપી નદીના કિનારે વૃક્ષ નીચે આશ્રય લેતા અને શહેરમાંથી ભિક્ષાવૃત્તિ કરી ભજન કરતા અને મુમુક્ષુજનોને કથાવાર્તા કરી શ્રીહરિનો મહિમા કહેતા. (૧)

તે સમયે સંતોનું એક મંડળ સુરતમાં ભિક્ષા માટે ફરતું હતું. તે દરમ્યાન તેઓ જાદવજીભાઈની દુકાન પાસેથી નીકળ્યા. તે સમયે દુકાનના થડે જાદવજીભાઈના પુત્ર ભાલચંદ્ર બેઠેલા. તેમને સંપ્રદાયની સાચી વસ્તુની સમજ ન હોવાથી કે સંગદોષના કારણે સ્વામિનારાયણના સંતો પ્રત્યે ઈર્ષાભાવ રહેતો. તેથી આ સંતો નીકળ્યા એટલે તેણે મર્મવચનો બોલી સંતો ઉપર જોશથી લાકડીનો છુટો ઘા કર્યો. પણ નિશાનચૂકી જતા સંતો બચી ગયા. સંતોએ જોયું કે અહીં આપણું અપમાન થાય છે એટલે શ્રીહરિના આદેશ અનુસાર તે દુકાન પાસેથી રોજ પસાર થવા લાગ્યા અને ભાલચંદ્રભાઈ તેમના તરફ છૂટી વસ્તુના ઘા કરતા રહ્યા. એકવાર શેઠના હાથમાં કાંઈ ન આવ્યું. એટલે પડખે ભાજીના ડાળખા પડ્યા હતા તેનો ઘા કર્યો. સંતોએ આને ભિક્ષા માનીને લઈ લીધા. આસને આવીને મુક્તાનંદ

સ્વામીને આપ્યા. સંતોએ તે ડાળખાના કટકા કરીને ઠાકોરજીને થાળમાં ધરાવી શેઠનું ભલું થાય તેવી પ્રાર્થના કરી. પરિણામે શેઠના મનનું પરિવર્તન થયું કે, આ સંતોને હું રોજ મારું છું. અપમાન કરું છું છતાં મારા પર ગુસ્સે થતા નથી અને શાંતિપૂર્વક જતા રહે છે, માટે આ બીજા બાવા જેવા તો નથી જ લાગતા. મારી કંઈક ભૂલ થતી લાગે છે. હવે કાલે આવે એટલે હું તેને ભિક્ષા આપીશ. બીજા દિવસે લોટનો સુંડલો લઈ દુકાનની બહાર ઊભા રહ્યા. સંતોએ દૂરથી આ જોયું કે, શેઠ ઊભા છે : આજ આપણને માર્યા વગર નહિ છોડે. એટલે સંતો ઝડપથી ભાગવા ગયા તો શેઠ તેની પાછળ દોડ્યા. કહેતા જાય કે, ઊભા રહો ઊભા રહો. સંતો ઊભા રહેતા તેણે પોતાના વર્તનની માફી માંગી અને સુંડલો ભરી લોટ ઝોળીમાં નાખવા જતા હતા ત્યાં સંતો કહે આટલો બધો નહિ. થોડોક જ આપો. અમારે બીજા લોકો પાસેથી લઈ તેનું પણ કલ્યાણ કરવાનું હોય. આ સાંભળી શેઠને ફરી સંતોનો ગુણ આવ્યો કે આપું છું તો પણ લેતા નથી. આ તો કેવા સંત ! સંતોએ તેમને ભગવાનની કથાવાર્તા કરી અને આમ શેઠને ગુણ આવતા તેણે કંઠી બાંધી, સત્સંગના નિયમો ધાર્યા. (૧)

વૈષ્ણવે સ્વામિનારાયણની કંઠી બાંધતા ભાલચંદ્રભાઈના પિતાને આ ગમ્યું નહિ પણ કાંઈ બોલ્યા નહિ. ભાલચંદ્ર શેઠને સત્સંગનો રંગ ચડતો જતો હતો. બારસના પારણામાં સંતો માટે ભાલચંદ્ર શેઠ સીધું સામાન લઈ છાનામાના સંતો પાસે ગયા અને સીધુ સ્વીકારવા વિનંતી કરી ત્યારે સંતો કહે, તમારા પિતાશ્રીને પૂછીને લાવ્યા છો ? તો કહે : 'ના' તો પૂછીને આવો. હા પાડે તો જ અમારે લેવાય.' ભાલચંદ્રભાઈ વીલા મોંએ ઘરે પાછા આવ્યા. તેમનું પડી ગયેલું મોં જોઈ જાદવજીભાઈએ તેનું કારણ પૂછ્યું તો બધી વિગત કહી સંભળાવી. આ સાંભળી જાદવજીભાઈને થયું કે, આપે છે છતાં લેતા નથી અને મારી આજ્ઞા વગર સ્વીકારવાની ના પાડે છે. આ સંત તો ખરા સંત લાગે છે. તેમને અન્ય બાવા તથા વૈષ્ણવોની કડવી વાણી વર્તનનો અનુભવ તો હતો જ. આથી જાદવજીભાઈને સંતોનો ગુણ આવ્યો અને આખરે તે પણ સત્સંગી થયા. આ સાંભળી વૈષ્ણવોના મુખીયાજી બળી ઉઠ્યા. આડકતરી રીતે શેઠને સત્સંગ છોડી દેવા અન્યથા નાત બહાર મૂકવાની ધમકી આપી. પણ જાદવજીભાઈને સ્વામિનારાયણ સંપ્રદાયની અલૌકિક નીતિરીતિ અને કલ્યાણની ભાવના ખૂબ

ગમી હતી. આથી તેમણે મુખિયાજીની વાત ન સ્વીકારતા આખા વૈષ્ણવ સમાજમાં ઉહાપોહ મચી ગયો અને જાદવજીભાઈને નાત બહાર કર્યા. તે જમાનામાં નાત બહાર મૂકે તે બાબત ખૂબ ગંભીર ગણાતી. નાત બહાર મુકેલી વ્યક્તિ સાથે આર્થિક, સામાજિક, વ્યવહારિક સંબંધો કોઈ ન રાખે અને તે વ્યક્તિ હેરાન પરેશાન થઈ જાય. તેમ છતાં જાદવજીભાઈ આ બધું હિંમત અને મક્કમતાથી સહન કરી અડગ રહ્યા. પછી તેમણે પોતાને આ નાત બહાર મૂક્યા તે પગલાં સામે અંગ્રેજોની કોર્ટમાં દાવો દાખલ કર્યો. ન્યાય માંગતા કોર્ટે વૈષ્ણવના મુખિયાજીને કોર્ટમાં હાજર રહેવા ફરમાન કર્યું પણ મુખિયાજી ગયા નહિ અને કોર્ટ અપવિત્ર છે તેમ કહી કોર્ટનો તિરસ્કાર કર્યો. આથી કોર્ટે તેને પકડીને લઈ આવવા ફરમાન કર્યું. મુખિયાજી પણ વૈષ્ણવના આચારમાં થોડા ઢીલા હતા તેથી ઉઘાડા પડી જવાની બીકે તે મૂંઝાયા અને તેમણે કોર્ટ બહાર જાદવજીભાઈ સાથે સમાધાન કર્યું. જાદવજીભાઈ એ એ રીતે સમાધાન કર્યું કે, વૈષ્ણવની નાત ભેગી થાય પોતાને નાત બહાર મૂક્યાનો ઠરાવ પાછો ખેંચાય તથા પોતે બધા વૈષ્ણવોને ભોજન પીરસે અને બધા જમે તો સમાધાન સ્વીકારવા સંમતિ આપી. વૈષ્ણવોના મુખિયાજી વાંકમાં હતા તેથી તેમણે શેઠની બધી શરતો મંજૂર રાખી. પણ આ બધું કરવામાં ૬ વર્ષ જેટલો લાંબો ગાળો જતો રહ્યો ત્યાં સુધી જાદવજીભાઈ બધુ સંકટ સત્સંગ ખાતર સહન કરતા રહ્યા અને લડતા રહ્યા. આખરે તેઓ શ્રીહરિની કસોટીમાંથી સાંગોપાંગ પાર ઉતર્યા. તેથી તેમને સત્સંગનું બળ વધ્યું અને શ્રીહરિ પ્રત્યેની નિષ્ઠામાં પણ ઉમેરો થયો. (૧)

ત્યારબાદ તેઓએ તથા તેમના પુત્ર ભાલચંદ્ર શેઠે સત્સંગના અનેક મહત્ત્વના કાર્યો કર્યા. સુરતમાં એક વિશાળ ભૂતિયું મકાન હતું તેથી લોકો ખૂબ હેરાન થતાં ત્યારે અંગ્રેજોએ ફરમાન કર્યું કે, આ ભૂતનો ત્રાસ જે દૂર કરે તેને મકાન મફત આપી દેવાની લાલચ આપી. આ તકનો લાભ લેવા જાદવજીભાઈ તથા ભાલચંદ્ર શેઠે શ્રીહરિને ગઢડા પત્ર લખી સંતોને સુરત મોકલવા અને ભૂતવાળા મકાનનો કબજો લેવા ભલામણ કરી. શ્રીહરિએ ફરી મુક્તાનંદ સ્વામીને મોકલ્યા અને તે ભૂતવાળા મકાનનો કબજો લઈ ભૂતોનો ત્રાસ દૂર કરી તે ઠેકાણે સ્વામિનારાયણનું મંદિર બનાવડાવ્યું. તે સાથે ભૂતોનો પણ ઉદ્ધાર કર્યો. (૧) આ મકાન હાલ રામપુરા મંદિર તરીકે ઓળખાય છે

અને શહેરની વચ્ચોવચ્ચ છે.

જાદવજી શેઠ પ્રેમી ભક્ત હતા તેમને મનમાં વિચાર થયો કે, મારે શ્રીહરિને સુંદર નકશીદાર પલંગ, રેશમનું ગાદલું વગેરે ભેટ ધરવું છે. આથી તે પ્રમાણે પલંગ વગેરે બનાવડાવી. તે ગાડામાં નાખી અનેક મુશ્કેલી પાર કરતા નર્મદા, તાપી, મહી, સાબરમતી ઓળંગતા ઓળંગતા કારિયાણી પહોંચ્યા અને શ્રીહરિને તે પલંગ, મશરૂના ગાદલા, સોનાની ઝુલોવાળી વસ્તુઓ સહિત ભેટ ધર્યો. શ્રીહરિ તેના પર વિરાજમાન થયા અને શેઠે શ્રીહરિની ખૂબ ભાવપૂર્વક પૂજા કરી દર્શન કરી ધન્યતા અનુભવી. શ્રીહરિ પણ તેમનો ભાવ જોઈ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. (૧)

શ્રીહરિ સં. ૧૮૭૭ના ભાદરવા સુદી બારશને દિવસે કારિયાણીમાં વસ્તા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. ત્યારે સુરતના હરિભક્ત જાદવજી છપ્પર પલંગ લાવ્યા હતા. તે પલંગ ઉપર રેશમનું ગાદલુ, ધોળો તકિયો, લાલ મશરૂના ઢીંચણિયા અને પલંગની ચારે કોર સોનેરી કસબના સેજબંધ લટકતા હતા. આવા શોભાએ યુક્ત પલંગ ઉપર શ્રીહરિને શેઠે પધરાવ્યા અને સેવાનો અમૂલ્ય લાભ લીધો. આ બાબત **કારિયાણીના પ્રથમના વચનામૃત**માં આલેખાયેલી છે.

આ પલંગ આજે પણ ગઢડા દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડામાં વિરાજમાન છે અને જાદવજીભાઈના શ્રીહરિ પ્રત્યેના પ્રેમની સાક્ષી પૂરે છે.

જાદવજીભાઈના વંશજોમાં તેમના પુત્ર ભાલચંદ્ર શેઠ તેમના પુત્ર છગનલાલ તેમના પુત્ર હીરાલાલના પુત્ર ડૉ. છે. જેમની માહિતી પ્રાપ્ય થઈ શકી નથી. (૧)

★ **પાદટીપ :**

(૧) **સુરતમાં શ્રીહરિ :** લેખક - શા. હરિબળદાસજી સ્વામી, રાજકોટ ગુરુકુલ પ્રકાશન, વર્ષ-૨૦૧૧, ખંડ-૪થી ૭

●

૯૨. ભાલચંદ્ર શેઠ (સુરત)

પરમ કલ્યાણના **ગઢડા મધ્યના ૫૯માં વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, પૂર્વજન્મમાં જેણે ભગવાનની સેવા કરી હશે તેને આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત ટળે નહિ. એવી દૃઢ નિષ્ઠાવાળા ભક્તમાં શ્રીહરિએ ભાલચંદ્ર શેઠને યાદ કર્યા છે.

તો, **ભાલચંદ્ર શેઠની ભગવાન પ્રત્યેની અને સત્સંગ પ્રત્યેની નિષ્ઠા કેવી હતી તે જાણીએ :**

વણિક જ્ઞાતિના ભાલચંદ્ર શેઠ જે ભાઇચંદ્રભાઈના નામથી પણ ઓળખાતા. તેમના પિતાનું નામ જાદવજીભાઈ હતું. તેઓ પણ આદર્શ ભક્ત હતા. ભાલચંદ્ર શેઠ સુરતના રહેવાસી હતા અને ખૂબ વિચક્ષણ, બુદ્ધિશાળી, આગમબુદ્ધિ ધરાવતા નિષ્ઠાવાન પ્રેમી ભક્તરાજ હતા. જેમને સંપ્રદાયની ખૂબ ખેવના હતી. સત્સંગના વિકાસની લગની તેમના હૈયે વસી હતી. (૧)

ભાલચંદ્રભાઈની મહારાજ પ્રત્યેની ભક્તિ અને નિષ્ઠા તે આ ચરિત્રો-પ્રસંગો પરથી ફલિત થાય છે :

સંવત ૧૮૬૩ની સાલમાં ધોરાજીમાં લાલવડ નીચે શ્રીહરિએ ફૂલદોલ ઉત્સવ કર્યો ત્યારે સૌપ્રથમ શ્રીહરિએ ઝરીયાની વસ્ત્રો ધારણ કર્યા. આ વાઘા સુરતના ભક્તો લાવેલા. જેમની પાછળ ભાલચંદ્રભાઈનો પ્રેમ હતો. **હરિલીલામૃત**ના કળશ ૬ના વિશ્રામ ૧૫માં આ વિગત લખી છે :

'માવને શિર મુગટ ધરાવ્યો, હતો સુરતના સંઘે કરાવ્યો,
પેલવેલો એવો શણગાર, ધર્યો તે દિન ધર્મકુમાર.'

સુરતના ભક્તોની સેવાનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ **ભક્ત ચિંતામણિ**ના ૧૨૫માં પ્રકરણમાં વર્ણવ્યું છે :

'સુંદર ભક્તના સુરતના, અતિ હોંશિલા હરિજન,

સ્વામી સેવામાં સમર્પ્યાં, જેણે તન મન ને ધન.'

જ્યારે સત્સંગની શરૂઆત હતી. ઉગતો સંપ્રદાય હતો ત્યારે સૌરાષ્ટ્રમાં વ્યસન, વહેમ અને બાવાઓનું ખૂબ જોર હતું. આપણા સંતોનું બાવાઓ અપમાન કરતા, મારતા અને હેરાન કરતા. ત્યારે સુરતમાં આવું દ્વેષનું વાતાવરણ ન હતું. કેમકે ત્યાં અંગ્રેજોની કોઠી હતી. જેથી અંગ્રેજ રાજ્ય પાસે બાવાઓનું કાંઈ ચાલતું નહિ. તેથી સંતોને સુરતમાં કોઈ પરેશાની ન હોવાથી વિષમકાળમાં શ્રીહરિ સંતોને સુરત મોકલતા. ત્યાં સંતો શાંતિથી ભજન, ભક્તિ અને સત્સંગ કરાવતા. સંવત ૧૮૬૯માં ઓગણતેરો ભયંકર દુષ્કાળ પડ્યો. અન્ન વગર લાખો માણસો મૃત્યુ પામ્યા ત્યારે સુરતના ભક્તો ૫૦ સંતોને મુક્તાનંદ સ્વામીની રાહબર હેઠળ સુરત લઈ ગયા. એક વર્ષ સુધી બધા સંતોની અન્ન વસ્ત્રે કરીને સંભાવના કરી. આ સંતોએ સુરતમાં ખૂબ સત્સંગ કરાવ્યો. જેથી પરંપરામાં આજે સુરતનો સત્સંગ શિરમોડ સ્થાન ધરાવે છે. (૧)

આમ મોટા મોટા સંતો સુરત અવારનવાર પધારતા. સૌથી પહેલા ભાલચંદ્રભાઈ સત્સંગી થયા. ત્યારપછી લક્ષ્મીચંદ શેઠ, કોટવાળ અરદેશર પારસી સત્સંગી થયા. ભાલચંદ્રભાઈના પ્રયત્નોથી સુરતનો સત્સંગ જામવા માંડ્યો. આથી પરોક્ષના લોકોને આ ગમ્યું નહિ. તેમણે મહાજનને આ બાબતે ફરિયાદ કરી. તે સમયે રાજા કરતા મહાજનનું વર્ચસ્વ વધારે હતું. ધર્મગુરુઓ નીચે મા'જન કામ કરતું. આથી ભાલચંદ્રભાઈને સત્સંગ મૂકવા અને કંઠી તોડવા ખૂબ દબાણ કર્યું અને નાત બહાર મૂકવાની ધમકી આપી તેમ છતાં ભાલચંદ્રભાઈએ સત્સંગને રાખ્યો. આથી મહાજને તેમને નાત બહાર મૂક્યા. અત્યારે નાત-જાતનું અને મહાજનનું કાંઈ ઉપજતું નથી પણ તે સમયે તેમનું ખૂબ વર્ચસ્વ હતું અને વણકરો કે મુસ્લિમો પણ મહાજનની આડે આવતા ડરતા. આમ છતાં ભાલચંદ્રભાઈએ સત્સંગને શીર સાટે રાખ્યો. તેમની હવેલીના બાવાશ્રીએ તેમને નાત બહાર મૂકાવી બહિષ્કાર કર્યો. આથી સુરતના ભક્તોએ બાવાશ્રી ઉપર અંગ્રેજ કોર્ટમાં કેસ દાખલ કર્યો અને વૈષ્ણવ સંપ્રદાયના આ મુખિયાજીના કરતૂતો અને લંપટ વેડા કોર્ટ સમક્ષ લાવવાનું કર્યું. ત્યારે બાવાશ્રીએ ભાલચંદ્રભાઈ અને બીજા હરિભક્તો સમક્ષ નમતું મૂકી તેમને ઉઘાડા ન પાડવા વિનંતી કરી અને તે સાથે તેમને નાત બહાર મૂકવાનો ઠરાવ પાછો ખેંચ્યો અને નાતમાં લીધા. સમાધાન

થતા વૈષ્ણવો હરિભક્તો સાથે જમ્યા. આમ, મહાજન સામે મંડાયેલા આ દીવાની દાવામાં લક્ષ્મીચંદના પુત્રોએ ખાસ કરીને કિશોરલાલ મશરૂવાળાના પિતામહ રંગીલદાસ ઉર્ફે ઘેલાભાઈએ ખૂબ ભાગ ભજવેલ. આ બધી વિગતો નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ પ્રકાશન હેઠળ ''શ્રેયાર્થીની સાધના'' પુસ્તકમાં નરહરિભાઈ પરીખે લખેલ છે. જેમાં કિશોરલાલભાઈના જીવન પ્રસંગો હેઠળ આ વિગતો આલેખાઈ છે.

ભાલચંદ્રભાઈને નાત બહાર મૂકેલા અને તેમણે જે વિષમ પરિસ્થિતિનો સામનો કરેલો તે પ્રશંસનીય છે. નાત બહાર મૂકે એટલે ગામમાં કોઈ દુકાનવાળો તેમને ચીજવસ્તુ, કાપડ, દૂધ, છાશ ન આપે. પોતાના સંતાનોના લગ્ન સંબંધી વ્યવહાર ન રાખે. દીકરો કે દીકરી ન આપે અને તે સાથે માનભંગ કરાય. આ બધું તેમણે સત્સંગ માટે સહન કર્યું. સ્વામિનારાયણની કંઠી તેમણે શીર સાટે રાખી માટે તેમની આવી નિષ્ઠાના વખાણ કરતા શ્રીહરિ થાકતા નહિ. (૧)

ભાલચંદ્ર શેઠમાં સત્સંગનું અદ્‌ભૂત બળ, સેવાની ઉત્કટ ભાવના અને સત્સંગ પ્રચારની તીવ્ર ધગશ હતી. પોતાના વાણી વર્તનથી બીજાને તેમનો ગુણ આવતો. પોતે ધર્મ પાળી બીજાને ધર્મ પાળવા માટે કહેતા. તે સમયે સુરતમાં અતિ પ્રતિષ્ઠિત અને લોકોના માનીતા કોટવાળ પારસી અરદેશર હતા. ભાલચંદ્રભાઈએ તેમની સાથે મૈત્રીભર્યા વ્યવહાર રાખી તેમની પ્રસન્નતા મેળવેલી. તેઓ વખતોવખત રાજકાર્ય માટે મળતા ત્યારે ભાલચંદ્રભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો અને શ્રીહરિના દિવ્ય ચરિત્રોની વાતો કરતા. આથી અરદેશરજી આ સંપ્રદાય તરફ આકર્ષાયા. (૧)

તે સમયે અરદેશરજીના સગા ઈરાન દેશમાંથી કપૂરના હાર, કડા બાજુબંધ લાવેલા. જે કિંમતી અલંકારો ભાલચંદ્રભાઈના કહેવાથી અરદેશરજીએ શ્રીહરિને ગઢડા મોકલાવ્યા. ભાલચંદ્રભાઈ આ અલંકારો વડે શ્રીહરિની પૂજા કરી. આથી શ્રીહરિ અરદેશરજી ઉપર ખૂબ રાજી થયા. (૧)

એક વખત અરદેશરજીએ ભાલચંદ્રભાઈને પૂછ્યું કે, ખરે વખતે આપણને તુરત મદદ કરે તેવા કોઈ સમર્થ મહાપુરુષ કે સંત હાલ હોય ખરા ? ત્યારે ભાલચંદ્રભાઈએ શ્રીજી મહારાજનું નામ આપ્યું. થોડા સમય બાદ અરદેશરજીની નીચે કામ કરતા કર્મચારીએ કાંઈક ભૂલ કરી જેનો આરોપ અરદેશરજી ઉપર

આવ્યો અને તેમની પાસેથી કોટવાળપણું છીનવાઈ ગયું. તે સમયે અરદેશરજીને ભાલચંદ્રભાઈનું વાક્ય યાદ આવ્યું કે ખરે ટાણે મદદ કરે તેવા તો શ્રીજી મહારાજ છે અને પારસીએ પોતાના આ દુઃખની વાત મનોમન શ્રીજીને કરી અને પોતાને આ દુઃખમાંથી છોડાવવા પ્રાર્થના કરી. આથી તે જ રાત્રીએ શ્રીહરિએ તેમને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું કે, તમને આવતીકાલે સવારે તમારું છીનવાઈ ગયેલું કોટવાળપદું પાછું મળશે તેમ કહી તેમના કપાળે ચાંદલો કર્યો. સવારે ઉઠીને અરદેશરે જોયું તો તેમના કપાળે ચાંદલો જોયો અને તેમને સ્વપ્નની વાત સાચી લાગી અને સાચે જ તેમને તે સવારે કોટવાળપદું પાછું મળ્યું. આથી પારસી અરદેશરજી શ્રીહરિના અનન્ય સત્સંગી સેવક બન્યા. પણ આ બધા પાછળ ભાલચંદ્રભાઈનો અથાક પુરુષાર્થ અને નિષ્ઠા હતી. જેથી શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થતા. આ પ્રસંગની વાત નિષ્કુળાનંદ સ્વામીએ **ભક્ત ચિંતામણિ** ગ્રંથના પ્રકરણ-૧૬૧માં લખી છે. (૧)

આમ, ભાલચંદ્રભાઈના યોગથી પારસી જ્ઞાતિના એક નરરત્નને સત્સંગ થયો. તે જ રીતે તેમના તથા બ્રહ્માનંદ સ્વામી અને અરદેશરજીના યોગથી મુનિબાવાને પણ સત્સંગ થયો. (૧)

સુરત શહેરમાં એક ભૂતિયું મકાન હતું. ભાલચંદ્રભાઈના કહેવાથી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીના મંડળને સુરત મોકલ્યું. આ મકાનમાં સંતોએ રાત રહી ભૂતોનો ઉદ્ધાર કરી તે મકાન મેળવ્યું. હાલ રામપુરામાં તે સ્વામિનારાયણ મંદિર છે. આવી આવી અનેક મહત્ત્વની સેવા ભાલચંદ્રભાઈએ કરી શ્રીહરિનો અપૂર્વ રાજીપો મેળવેલ. (૧)

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** જૂનાગઢ મંદિર પ્રકાશન. લેખક : શા. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, પાના નં. ૨૭૨થી ૨૮૩

●

૯૩. દામોદર ભક્ત

પરમ કલ્યાણના **ગઢડા મધ્યના ૫૯માં વચનામૃત**માં ભક્તોની નિષ્ઠા અને પ્રભુ પ્રત્યેનો તેનો ભાવ દર્શાવતા શ્રીહરિ કહે છે કે, જેને પૂર્વજન્મમાં ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ હશે તેને આ જન્મમાં ભગવાન અને ભક્તમાંથી હેત મટે જ નહિ. એવી દઢતા દામોદરની છે એવી દઢતા હોય ત્યારે જાણવું જે આ પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે.

વડોદરાના રામચંદ્ર વૈદ્યને ડાકોરના રણછોડરાયજી દર્શન આપીને કહે છે કે, ઘણાં વર્ષો પહેલા બોડાણા નામે મારો પરમ ભક્ત થયો હતો. તેના પ્રેમને વશ થઈ હું દ્વારિકાથી અહીં આવીને વસ્યો છું અને એ બોડાણા નામના ભક્તનો બીજો જન્મ અમદાવાદમાં દામોદર નામે થયો છે. (૨)

દામોદર ભક્ત અને તેની નિષ્ઠા વિષે જાણીએ :

અમદાવાદમાં દામોદર નામે એક મુમુક્ષુ પાટીદાર-પટેલ રહેતા હતા. સંત સમાગમથી તેમનામાં સત્સંગની ઉત્તમ પ્રકારની સમજણ આવી હતી. સંતો-ભક્તોની સેવા કરવી તે એમનું મુખ્ય અંગ હતું. શ્રીહરિ જ્યારે અમદાવાદ પધારતા ત્યારે પોતાનું સઘળું કામકાજ મૂકી શ્રીહરિ અને સંતોની અખંડ સેવામાં હાજર રહેતા. કથાવાર્તા પણ જીવ લગાડી ધ્યાનપૂર્વક સાંભળતા. શ્રીહરિમાં તેમને અતિ ગાઢ સ્નેહ હતો. (૧)

એકવાર શ્રીહરિ ભક્તજનો વચ્ચે વિશાળ સભામાં કથા વાર્તા કરી રહ્યા હતા. ત્યાં અચાનક મહારાજને ઉધરસ આવતા થૂંકવાની ઈચ્છા થઈ. આજુબાજુ બધા ભક્તો બેઠા હતા તેથી સ્હેજે ઊભા થવાય તેવું ન હતું. તે સમયે દામોદર ભક્તે પોતાની પાઘ ઉતારી તેમાં થૂંકવા કહ્યું. મહારાજે ઘણી આનાકાની કરી પણ મહારાજને પાટ ઉપરથી ઉઠવા જ ન દીધા અને પાઘડીમાં જ ષ્ઠીવન કરાવ્યું. ટાણાની સેવાથી શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. (૧)

અમદાવાદમાં નથુભટ્ટ નામે એક વિદ્વાન બ્રાહ્મણ હતા. જેઓ વૈષ્ણવોની

હવેલીમાં કથા કરતા. પણ મુક્તાનંદ સ્વામી આદિ સંતોનું ઉત્તમ વર્તન અને સાધુતા જોઈ તેમને ગુણ આવ્યો અને સ્વામિનારાયણ સંપ્રદાયની કંઠી પહેરી વર્તમાન ધાર્યા. આથી વૈષ્ણવોમાં તેમના તરફ અણગમો થયો. તેમને આ કંઠી તોડી નાખવા ઘણું સમજાવ્યા પણ નથુ ભટ્ટ ન માન્યા. આથી તેમની કથા પારાયણ બંધ કરાવતા તેમની આજીવિકા ખોરવાઈ ગઈ. તેમ છતાં તેઓ અડગ રહ્યા. તે દરમ્યાન એકવાર દામોદર ભક્તે તેમને શ્રીહરિના સર્વોપરીપણાની વાત કરી સમજાવ્યા કે, શ્રીહરિ બીજા રામ, કૃષ્ણાદિ અવતાર કરતા ચડિયાતા અને સર્વોપરી અવતાર છે. દામોદર ભક્ત તો ઉંમરમાં નાના અને પોતાનાથી જ્ઞાનમાં પણ નાના. તેથી નથુ ભટ્ટને અણગમો આવ્યો કે, કણબા ! તને શું ખબર પડે ? એમ કહી ગુસ્સો કરી દામોદર ભક્તને લાફો માર્યો. તેમ છતાં ભક્ત તો નિર્માનીપણુ રાખીને શાંત જ રહ્યા. પછી બંને જણા આ વાતની સત્યતા ચકાસવા શ્રીહરિ પાસે ગઢડા ગયા. ત્યારે શ્રીહરિએ નથુ ભટ્ટને સમાધિ કરાવી. પોતે અવતારના અવતારી છે તે વાતની પ્રતીતિ કરાવી. આથી નથુ ભટ્ટને પોતાની ભૂલ સમજાઈ ને દામોદર ભક્તની માફી માગી. (૧)

આવા જ એક બીજા પ્રસંગમાં દામોદર ભક્તને કોઈ સાધુ સાથે જ્ઞાનવાર્તા કરતા વાદવિવાદ થયો. એમાં અંતે ગુસ્સે થઈને દામોદરને એક ધોલ મારી દીધી. શ્રીહરિને આ વાતની ખબર પડી ત્યારે પેલા સાધુને ઠપકો આપ્યો. ત્યારે દામોદરે કહ્યું કે, મહારાજ ! સંત તો અમારા મા-બાપ કહેવાય તે તો અમને વઢે પણ ખરા ને મારે પણ ખરા. તેમનો તો હક્ક છે. શ્રીહરિ દામોદર ભક્તની સઘળી સમજણ જોઈ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. (૧)

એકવાર શ્રીહરિ ગુજરાત બાજુના ગામડાંઓમાં સત્સંગ વિચરણ કરતા હતા તે સમયે દામોદર ભક્ત સાથે હતા. રસ્તામાં મહારાજને લઘુ કરવાની ઈચ્છા થતાં ઘોડીએથી નીચે ઉતર્યા અને ચોરણાની નાડી છોડવા માંડ્યા પણ હીરની ગાંઠ નિંગઠ થઈ ગઈ અને છૂટી નહીં. આથી બીજા હરિભક્તે આવી ગાંઠ છોડવા કર્યું પણ છૂટી નહીં. બરાબર તે જ સમયે મહારાજ મનુષ્ય ચરિત્ર કરતા અકળામણ બતાવવા લાગ્યા. સૌ વિચારમાં હતા કે શું કરવું ? બરાબર તે જ સમયે દામોદર ભક્તે દોડી જઈ શ્રીહરિની ગાંઠને દાંતેથી તોડી નાખી. આ રીતે દામોદર ભક્તની સમય સૂચકતા જોઈને શ્રીહરિ અને ભક્તો તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૧)

એકવાર શ્રીજી મહારાજની આંખમાં કણું પડ્યું અને ખૂબ ખટકવા લાગ્યું.

ભક્તોએ કણું કાઢવાની કોશિશ કરી પણ કોઈથી નીકળ્યું નહિ. દામોદર ભક્તે તુરત જઈને આંખમાં પોતાની જીભ ફેરવી કણું કાઢી નાખ્યું ને મહારાજને રાહત થઈ ગઈ. મહારાજ હસતા હસતા કહે, તમે કણું તો કાઢી આપ્યું. પણ તમારી જીભથી અમારી આંખ અભડાવી નાખી. દામોદર ભક્ત કહે તમે તો ભગવાન છો તમે થોડા અભડાવો ? આ જવાબથી શ્રીહરિ તેમના પર રાજી થયા. ત્યારે ભક્ત કહે અમારા જીવમાં અનંતકાળથી કામ, ક્રોધ અને મોહના કણાં પડ્યા છે તે તમે કાઢી આપજો. તમારી કૃપા વગર આ કણાં નીકળે તેવા નથી. આ પ્રમાણેની સમયોચિત પ્રાર્થના સાંભળી શ્રીજી મહારાજ અને સૌ સંતો દામોદર ભક્ત ઉપર ખૂબ પ્રસન્ન થયા. (૧)

સેવાનો લાભ તો ભક્તો ઘણી વાર લેતા હોય પણ અણીના સમયે સમય સૂચકતા વાપરી યોગ્ય સમયે, યોગ્ય સેવા થાય તેનું મૂલ્ય અનેરૂં હોય છે. શ્રીજીની સાથે રહેતા, શ્રીજીની મરજી જાણીને સેવા થાય તો ભક્ત રાજીપાના પાત્ર બને છે તેને માટે દરેક ક્ષણ શ્રીજીની ઉપર ઠેરવવી પડે. મન સાથે જીવ લગાડે તો જ આ ટાણાની સેવાનો લાભ મળે. આ કળા દામોદર ભક્તે હસ્તગત કરી હતી તેથી તેઓ શ્રીજીની કૃપાના પાત્ર બન્યા અને વચનામૃતમાં શ્રીહરિએ તેમને યાદ કર્યા. (૧)

દામોદર ભક્તની ચોથી પેઢીએ લાલભાઈએ શ્રીજી પ્રસાદીનો લાકડાનો દાદર કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં ભેટ આપ્યો છે, જે ઘનશ્યામ મહારાજના મંદિર પાસે દર્શનાર્થે રાખેલ છે. (૧)

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** જૂનાગઢ મંદિર પ્રકાશન. લેખક : શા. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, પાના નં. ૨૬૦થી ૨૭૨

(૨) **શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ :** ડાકોર મંદિર. વર્ષ-૨૦૧૩. પાના નં. ૧૬૫

●

૯૪. દેવરામ

જ્ઞાન અને હેતના અંગના **ગઢડા અંત્યના ૧લા વચનામૃત**માં શ્રીહરિ જ્ઞાનના અંગવાળા ભક્તમાં દેવરામને યાદ કરતા કહે છે કે જ્ઞાનનું અંગ હોય તે તો ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજે.

તો દેવરામ ભક્ત વિષે જાણીએ :

દેવરામ ભક્ત સુતાર જ્ઞાતિના હતા. તેઓ ગોંડલના હતા. તેઓ બે ભાઈઓ હતા. તેમના પિતાનું નામ જીવરામ હતું.

પંચાળાના ઝીણાભાઈ દરબાર સાથે તેમને ખૂબ હેત હતું. કેમકે બંને જ્ઞાનના અંગવાળા હતા અને સમજણ પણ ખૂબ હતી. એકવાર બંને ગઢડા આવેલ અને સભામાં બેઠા હતા. તે સમયે દેવરામ ભક્ત ઝીણાભાઈને કહે કે, હું જો પ્રથમ ધામમાં જઈશ તો ત્રણ દિવસ પછી મહારાજને લઈને તમને તેડવા આવીશ. ત્યારે ઝીણાભાઈ કહે કે, હું જો પ્રથમ ધામમાં જઈશ તો હું પણ તમને ત્રણ દિવસ પછી શ્રીહરિ સાથે તમને તેડવા આવીશ. આવો તેમણે એકબીજાને કોલ આપેલ. (૧)

પછી ઝીણાભાઈ ગઢડાથી જૂનાગઢ આવ્યા. તે દરમ્યાન તેને ક્ષય રોગ લાગુ પડ્યો અને દેહ રહે નહિ તેમ લાગતા શ્રીહરિને દર્શન દેવા જૂનાગઢ બોલાવ્યા. શ્રીહરિ આવ્યા ને તેમના જીવને અક્ષરધામમાં લઈ ગયા. આ સમયે જૂનાગઢના નવાબને પણ શ્રીહરિ મળે છે અને ઝીણાભાઈને આપેલ કોલ મુજબ તેમના દિવાનખાના અને ફુલવાડીની જગ્યાએ મંદિર કરવા માટે દાણ માફીનો લેખ કરાવે છે. આ સમયે નવાબ શ્રીહરિને જૂનાગઢમાં રોકવા આગ્રહ કરે છે ત્યારે શ્રીહરિ કહે છે કે, અમારે તાત્કાલીક ગઢડા પહોંચવું છે કેમકે ઝીણાભાઈએ દેવરામ સુતારને પોતે દેહ મૂકી ગયા પછી ત્રણ દિવસે તેડવા જવાનો કોલ આપ્યો છે માટે ઝીણાભાઈને લઈને અમારે દેવરામ સુતારના જીવને તેડવા જવાનું છે આથી અમે જઈએ છીએ. પછી મહારાજ ગઢડા પધારે છે અને દેવરામના

સમાચાર પૂછાવે છે ત્યારે નારાયણભાઈ કહે છે કે, દેવરામ એમ માંગણી કરે છે કે જે રીતે મહારાજે ઝીણાભાઈનો દેહ મૂકાવ્યો તે રીતે મહારાજ પણ પાસે રહીને મારો દેહ મૂકાવે. આ સાંભળી શ્રીહરિ દેવરામ પાસે ગયા. (૧) ત્યારે દેવરામ તો સાજા સારા હતા.

દેવરામભાઈએ સંતોની પૂજા કરી પછી ગાયનું છાણ લાવી જમીન લીંપી દર્ભનું આસન પાથર્યું ને પોતાની મેળે આસન વાળીને બેઠા ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતા કરતા દેહ છોડ્યો. ત્યારે મહારાજ કહે : 'ભારે જોગી છે.' (૨)

દેવરામના પત્ની પણ પરમ મુમુક્ષુ અને હેતવાળા હતા. તેમના ઘરે બ્રાહ્મણોને જમાડવા સુંદર રસોઈ બનાવતા હતા તે સમયે તેમને ભાવ થયો કે આ રસોઈ તો મહારાજ જમે તેવી છે. શ્રીહરિ તેમનો ભાવ પારખી તેમના ઘરે જમવા પધાર્યા. પછી મહારાજે તેમને કહ્યું કે, આ સાલ દુકાળ પડશે માટે અનાજનો સંગ્રહ કરી રાખજો. એમ ચેતવી શ્રીહરિ ચાલ્યા ગયા. (૨)

આમ દેવરામ ભક્ત જ્ઞાનના અંગવાળા હતા.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૧ આદિ ગ્રંથકર્તા : રૂગનાથ ચરણ સ્વામી, અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૧૯૯૪, વાર્તા નં. ૧૮૭.૨ અને વાર્તા નં. ૧૮૭.૫

(૨) **શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત :** પ્રસાદાનંદ સ્વામીકૃત, સ્વામિ. મંદિર, કુંડળ. વર્ષ-૨૦૧૫, વિશ્રામ-૯૬, પાના નં. ૧૧૧૯.

●

૯૫. નાથ ભક્ત

નાથ ભક્ત અને તેની નિષ્ઠા વિષે જાણીએ :

તેઓ પાટીદાર પટેલ હરિભક્ત હતા. મૂળ વતન અમદાવાદ પાસેનું કણભા ગામ હતું. ધંધા રોજગાર માટે વડોદરા આવીને વસેલા. તેઓ શ્રીજીના અનન્ય એકાંતિક ભક્ત હતા. વિષમ વેળામાં પણ તેઓ ધીરજપૂર્વક ભક્તિ કરતા. આર્થિક સ્થિતિ સાધારણ હતી. કપડાં વણવાનો ધંધો કરતા. જે આવક થાય તેમાંથી અડધા પૈસા ભગવાન માટે વાપરતા. વળી કોઈ કપડું સારું વણાયું હોય તો ગ્રાહકને કહેતા કે, આ વસ્ત્ર જો શ્રીજી મહારાજને ધરશો તો હું કાપડની મજૂરી નહીં લઉં. આવા તે પ્રેમી ભક્ત હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જ્યારે જ્યારે વડોદરા પધારતા ત્યારે ભક્તની ભક્તિ અને પ્રેમભાવ જોઈ તેમના ઘરે ઉતારો કરતા અને તેમના ફળિયામાં સભા કરી સૌને સત્સંગનો લાભ આપતા.

નાથ ભક્તને શ્રીહરિના વચન પાળવાનો કેટલો ખટકો હતો ? તથા નિયમની કેવી દૃઢતા હતી તેનો પ્રસંગ જોઈએ :

એકવાર નાથ ભક્ત વડોદરાથી ગઢડા શ્રીહરિના દર્શન માટે ગયા. ત્યાં બે-પાંચ દિવસ રહીને પછી પોતાના ઘરે જવા નીકળ્યા. થોડીવાર પછી શ્રીહરિને નાથ ભક્તનું કંઈક કામ પડતા તેમને બોલાવવા માટે એક વૃદ્ધ હરિભક્તને પાછળ મોકલ્યા. વૃદ્ધ ભક્ત ધીમે ધીમે ચાલતા તેમની પાછળ ગયા પણ નાથ ભક્ત તો તેમની ઉતાવળી ચાલે ઘણાં દૂર નીકળી ગયા. બંને વચ્ચે ઘણું અંતર પડી ગયું છતાં વૃદ્ધ ભક્ત તો તેમની પાછળ-પાછળ ગયા. આખરે પાંચેક દિવસે વિશ્વામિત્રી નદીના કિનારે બંને ભેગા થઈ ગયા અને શ્રીહરિનો સંદેશો કહ્યો. આથી નાથ ભક્ત તુરત જ ગઢડા જવા નીકળ્યા અને શ્રીહરિને મળ્યા. ત્યારે મહારાજે તેમને પૂછ્યું કે, તમે કેટલેક સુધી પહોંચ્યા હતા ? તો કહે, વડોદરાના પાદરે વિશ્વામિત્રી નદીના કિનારે.' 'તો ઘરે જઈને આવ્યા ?' 'ના મહારાજ ! તમારી આજ્ઞા હતી

એટલે ઘરે ગયા વગર જ સીધો તમારી પાસે આવ્યો.' મહારાજ કહે, તમે પાદરે ગયા અને ઘરે ન ગયા ? ભક્ત કહે, આખી જિંદગી તેમના માટે ધોડા કરીએ જ છીએ ને ? ત્યારે આ તો લેખે છે. આ સાંભળી શ્રીહરિ તેમની આજ્ઞાપાલનતા ઉપર બહુ રાજી થયા. (૧)

એકવાર ગોપાળાનંદ સ્વામી વડોદરા પધારેલ અને કોઈ બીમાર સત્સંગીને દર્શન દઈ પરત આવતા હતા ત્યાં રસ્તામાં કેદખાનું આવ્યું. ભક્તો ધૂન કરતા જતા હતા. ત્યારે આ કેદીઓએ ધૂન સાંભળીને કેદખાનામાંથી આક્રંદ કરી બૂમો પાડવા લાગ્યા કે, હે સ્વામી, અમને આ જેલમાંથી છોડાવો. ત્યારે સ્વામીને તેમના પર દયા આવી અને કહ્યું કે, અમારા નાથ ભક્તને જેલમાં મોકલશું તે તમને બધાને છોડાવશે. સૌ આ સાંભળી આશ્ચર્ય પામ્યા. પણ સ્વામી કહે, રામાયણમાં જ્યારે કુંભકર્ણ પોતાનું માયાવી સ્વરૂપ મોટું કરી બધા વાનરોને ગળવા માંડ્યો ત્યારે હનુમાનજી ત્યાં ગયા અને તેને પણ રાક્ષસ ગળી ગયો. હનુમાનજીએ તેના પેટમાં જઈ રાક્ષસનું પેટ ચીરી બધા વાનરોને બહાર કાઢેલ. તેમ નાથ ભક્તનું થશે. તે જ સમયે બાબાસાહેબે એવું ફરમાન જાહેર કર્યું કે, વડોદરામાં સ્વામિનારાયણના સત્સંગી અને સંતોને બહાર તગડી મૂકો. જે ન જાય તેને જેલમાં પૂરો. આથી નાથ ભક્તને પણ જેલમાં પૂર્યા. ત્યાં જઈને ભક્તે બધા કેદીઓને સત્સંગ કરાવ્યો. પોતે ત્રણ દિવસ ભૂખ્યા રહ્યા, કેમકે જેલનું ભોજન તેમને ખવાય નહિ અને વળી ત્રણ દિવસથી પૂજા કરી ન હતી. આથી શ્રીહરિએ તેમને જેલમાં દર્શન આપ્યા અને ભોજન પીરસ્યું. તો ભક્ત કહે, મારે મારી નિત્યપૂજાના ઠાકોરજીની સેવા કર્યા બાદ અન્નજળ લેવાનું નિયમ છે. તો શ્રીહરિએ અલૌકિક રીતે નિત્યપૂજા મંગાવી. નાથભક્તે તેની પૂજા કરી અને સૌ કેદીઓને પ્રસાદી અપાવીને પછી પોતે અન્નજળ લીધા. આ ચમત્કાર જોઈ જેલના અધિકારી અને બાબાસાહેબ બહુ આશ્ચર્ય પામ્યા અને નાથ ભક્તને તેના પ્રભુ જેલમાં દર્શન દેવા પધાર્યા. આ મહાઆશ્ચર્ય જોઈ તેમને ભક્તનો ગુણ આવ્યો અને તેમને જેલમાંથી છોડવાનું કહ્યું. ત્યારે નાથ ભક્ત કહે, મારા આ કેદીભાઈઓ પણ હવે કોઈ ગુના નહીં કરે, તેઓ બધા સત્સંગી થયા છે માટે તેમને પણ છોડો. આથી જેલરે બધા કેદીઓ અને નાથભક્તને જેલમાંથી છોડ્યા.

નાથભક્તની આવી નિયમપાલનતા અને સત્સંગની દૃઢ ટેક હતી. (૧)

એકવાર વડોદરામાં દુષ્કાળ પડ્યો. મહારાજે અગાઉથી ભક્તોને અન્ન દાણાનો સંગ્રહ કરવા કહેલ. તે સૌ ભક્તોએ અનાજનો સંગ્રહ કરેલ પણ નાથ ભક્તને તો શ્રીહરિમાં અપાર શ્રદ્ધા હતી તેથી શ્રીહરિ બધુ પૂરું કરશે એમ વિશ્વાસ રાખી અન્નનો સંગ્રહ ન કર્યો. પોતાની પાસે ધન અને ઘરેણાં હતા તેમાંથી અડધા ઘરેણાં તેમણે શ્રીહરિને ઉત્સવમાં અર્પણ કર્યા. આ જોઈ બીજા હરિભક્તોને ભક્તની ચિંતા થઈ અને મહારાજને વાત કરી ત્યારે મહારાજ કહે તમે નાથ ભક્તને કહો તેની અનાજની કોઠીના સાણા ખોલીને જેટલું અનાજ જોઈએ તેટલું કાઢી લો. નાથભક્તના ઘરમાં તો અનાજની કોઠીઓ ખાલી પડી હતી પણ શ્રીહરિના વચનથી તેમણે સાણું ખોલ્યું તો અનાજનો ઢગલો થયો અને પોતે દુષ્કાળમાં તરી ગયા. (૧)

શ્રીહરિમાં કેવી દૃઢ શ્રદ્ધા ? કે જગતના આ તારણહાર મારું દુષ્કાળમાં જતન કરશે અને આ શ્રદ્ધાના કારણે મહારાજે તેમની દૃઢતા વખાણી છે.

નાથભક્તે ક્રોધને જીતેલ તેનો પ્રસંગ જોઈએ : નાથભક્ત વડોદરા રહેતા. તે નિત્યે સવારે વિશ્વામિત્રી નદીએ ન્હાવા જતા. એકવાર નાહીને આવતા હતા તો રસ્તામાં એક કુસંગી તેના પર થૂંક્યો. તો ભગત કાંઈ પણ બોલ્યા વગર ફરીથી ના'વા ગયા. ન્હાઈને આવ્યા તો પેલો કુસંગી ફરી વાર તેના પર થૂંક્યા. તો ભગત ફરી વાર ન્હાવા ગયા. આમ કુસંગી ભગત ઉપર સિત્તેર વાર થૂંક્યો અને ભગત કાંઈ પણ બોલ્યા કે ક્રોધ કર્યો નહીં. આ જોઈ કુસંગી તેમની દયાળુપણાંને જોઈ શરમાઈ ગયો અને તેમની માફી માંગી. તો ભગત કહે, તેં કાંઈ ભૂલ નથી કરી આ તો તું થુંક્યો તો મને આ પવિત્ર નદીમાં સિત્તેર વખત ન્હાવાનું મળ્યું. માટે તેં તો મારા ઉપર ઉપકાર કર્યો છે એમ કુસંગીનો ગુણ લીધો પણ તેના પર જરાય ક્રોધ કર્યો નહિ. (૨)

આમ, આવા અક્રોધી, નિષ્ઠાવાન, દયાળુ અને વચનપાલકતાને લીધે શ્રીહરિ તેમના પર ખૂબ રાજી થતા.

વચનામૃતમાં શ્રીહરિએ તેમની નિષ્ઠા વખાણી છે તે સાથે નાથભક્તે શ્રીહરિને પ્રશ્ન પણ પૂછ્યો છે :

★ ગઢડા મધ્યનું ૫૯મું :

...એને તો જો પોતાનું મન ડગમગાટ કરાવે તો પણ ડગમગાટ થાય નહિ

અને તેની દૃઢતા તો જેવી નાથભક્તની છે... એવી દૃઢતા હોય ત્યારે જાણવું જે આ પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે.

★ ગઢડા અંત્યનું ૨૭મું :


વડોદરાવાળા નાથભક્તે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, જેને ભગવાનનો દૃઢ નિશ્ચય હોય એવો જે ભગવાનનો ભક્ત તેનાં જે સંબંધી તેનું કલ્યાણ ભક્તના સંબંધે કરીને છે કે નથી ?

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, સ્વામિ. મંદિર, જૂનાગઢ. વર્ષ-૨૦૦૬, પાના નં. ૨૨૯થી ૨૪૦

(૨) **શ્રીહરિ ઉપદેશામૃત :** લેખક - ધ્યાની સ્વામી શ્રીહરિ સ્વરૂપદાસજી, કણભા : વર્ષ-૨૦૦૮, પાના નં. ૨૨૮

●



૯૬. નાજા ભક્ત (જોગીયા)

નાજા જોગીયા જસદણ પાસેના લાખણકા ગામના વતની હતા. કાઠી જ્ઞાતિના શૂરવીર ભક્ત હતા. તેમના પિતાનું નામ નાગદાન અને માતાનું નામ સીદીબાઈ હતું. લાખણકા એભલ ખાચરના ગરાસનું ગામ કહેવાતું. (A) તેમની અટક જોગીયા હતી.

તેઓ શ્રીહરિના ચુસ્ત આશ્રિત હતા. માથા સાટે સત્સંગ રાખેલ. ગામના બીજા કાઠી સત્સંગના દ્વેષી હતા. તેથી નાજા ભક્ત સાથે દ્વેષ ભાવ રાખ્યા કરે. એકવાર ખેતરે ગયેલા ને સંતો ગામમાં આવ્યા. નાજાના ઘરે ઉતર્યા. નાજાની માએ સંતોને સીધુ આપ્યું. સંતો થાળ બનાવતા હતા. ત્યાં ગામના દ્વેષી કાઠી આવ્યા ને સંતોને ગાળો દઈ અપમાન કરી કાઢી મુક્યા. આ વાતની ખબર નાજાને પડી એટલે કાઠી સાથે ધીંગાણે ચડ્યા ને કેટલાયને ઘાયલ કર્યા અને ભાગીને ગઢડા આવ્યા. ત્યાં થોડા દિ' રોકાયા. પછી ભડલી ગામના ભાણ ખાચરને આશરે રહ્યા પણ ત્યાંય સત્સંગના વિરોધીઓએ તેમને રહેવા ન દીધા. પછી જસદણના વાજસુર ખાચરના ગામ ભોંયરે આવીને રહ્યા. ત્યાં નાજા ગામ લોકોને સત્સંગની અને શ્રીહરિના પ્રતાપની વાતો કરી સત્સંગ કરાવતા. (૧)

આ વાતની ખબર ગામધણી દરબાર વાજસુરાને પડી. તે સ્વભાવનો ક્રૂર અને સત્સંગનો દ્વેષી હતો. તે ગુનેગારોને તેના કોઈ પણ ગુના બદલ તેના ઢીંચણ ભાંગી નાખવાની સજા કરતો અને ગુનેગારોને કાયમી અપંગ બનાવી નાખતો. વાજસુરે નાજાને બોલાવી શ્રીહરિ વિષે પૂછ્યું. તો ભગત કહે સ્વામિનારાયણ તો સાક્ષાત્ પ્રભુ છે. વાજસુર કહે, તો તમારે મારી નજર સામે તે સાબિત કરવું પડશે. કાલે સવાર સુધીમાં સ્વામિનારાયણ અહીં આવીને મને દર્શન દે. નહીંતર હું તમારા ઢીંચણ ભાંગી નાખીશ. નાજા કહે, 'એ તો અહીંથી સેંકડો માઈલ દૂર ગુજરાત પ્રદેશમાં છે. એક રાતમાં તો અહીં ક્યાંથી આવે ?' વાજસુર કહે, 'તમે તેમને ભગવાન કહો છો. તે ભગવાન

હોય તો અહીં ગમે તેમ કરીને જરૂર આવી શકે.' (૧)

નાજાએ આખી રાત ભગવાનને પ્રાર્થના કરી. સવાર થયું. તે પહેલા શ્રીહરિ ભોંયરા આવ્યા. વાજસુરને મહેલે ગયા. વાજસુરે સ્વાગત કરી કહ્યું, તમે સાક્ષાત્ ભગવાન છો. તેની મને હવે ખાતરી થઈ છે. મેં મારા રાજ્યમાં ગુનેગારો માટે કડક સજાનો અમલ કર્યો છે. પ્રજાને સલામત બનાવી છે તો, મારા મૃત્યુ પછી મારું શું થશે ? તે કહો. (૧)

શ્રીહરિએ તેને સમાધિ કરાવી તેના જીવને યમલોકમાં મોકલ્યો. ત્યાં યમના દૂતો વાજસુરના પાપ બદલ મારવા મંડ્યા અને ખૂબ દુઃખ આપ્યું કેમકે તે ગુનેગારોના ઢીંચણ ભાંગી નાખવાની સજા કરતો. આવી ભયંકર નરક યાતના બતાવ્યા બાદ તેને પાછો દેહમાં લાવ્યા. દેહમાં આવતા જ વાજસુર શ્રીહરિના ચરણમાં પડી ગયો. પોતાની ભૂલની માફી માંગી. શ્રીહરિએ તેને ઉપદેશ આપી આશ્રિત કર્યો. આની અસર પ્રજા ઉપર થઈ ને પ્રજા નીતિનિયમો પાળતી થઈ ગઈ અને નાજા સત્સંગ ફેલાવવામાં નિમિત્તરૂપ બન્યા. (૧)

નાજા ભક્ત ઘણું ખરું શ્રીહરિ સાથે સત્સંગ વિચરણમાં રહેતા અને સેવા કરતા. નાજા પરમ એકાંતિક અને નિષ્કામી હરિભક્ત હતા તેથી શ્રીહરિને તેમની સેવા અને સાથ ગમતા. (૧)

એકવાર સત્સંગ વિચરણ કરતા શ્રીહરિ ગઢડાથી વડતાલ જતા હતા. રસ્તામાં ગાંફની તલાવડીને કાંઠે બપોરા કરવા ઉતર્યા. ત્યાં શિરામણ કરી સૂતા હતા. એટલામાં નાજાએ હજારો બાળકોને શ્રીહરિ પાસે આવતા જોયા. બધા બાળકોએ શ્રીહરિના દર્શન કર્યા. શ્રીહરિના સંકલ્પથી હજારો વિમાન આવ્યા અને બાળકો તેમાં બેસીને દેવલોકમાં ગયા. નાજાએ પૂછ્યું : 'આ કોણ હતા ? શ્રીહરિ કહે, 'આ કૃષ્ણાવતારમાં જે જે બાળકોને પુતના અને કંસે મારી નાખ્યા હતા તે હતા. તે બધા દર્શને આવેલ. હવે તેમની દિવ્યગતિ થઈ.' (૨)

એકવાર શ્રીહરિ કારિયાણીમાં પ્રાગજી દવે પાસે કથા કરાવતા હતા. એ ભાગવત કથામાં શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. એવી વાત આવી. નાજા કથામાં બેઠા હતા. તેમને થયું કે, આ સ્વરૂપ કેવું હશે ? ત્યાં તો મહારાજ તેમનો સંકલ્પ જાણી ગયા. નાજાને તુરત જ સમાધિ થઈ અને તેમને પ્રભુના કેડથી ઉપરના ૭ લોક અને કેડથી નીચેના ૭ લોકના દર્શન થયા. આવા

દર્શન થવાથી નાજા પોતાને ધન્યભાગી માનવા લાગ્યા. (૨)

એકવાર શ્રીહરિના વિચરણ દરમ્યાન નાજા માફાવાળું ગાડુ હાંકતા હતા. શ્રીહરિ ગાડામાં પોઢ્યા હતા. રસ્તામાં દાદા ખાચરના દ્વૈષી લૂંટારા સામા મળ્યા. તેમને શંકા જવાથી નાજાને પૂછ્યું : 'ગાડામાં કોણ બેઠું છે ?' ત્યારે નાજાએ જવાબ આપ્યો કે, અંદર સ્વામિનારાયણ નથી. આમ કહ્યું તો શ્રીહરિએ માફાનો પડદો ઊંચો કરી કહ્યું : હા, હું સ્વામિનારાયણ છું. તારે શું છે ? આ સાંભળી દ્વૈષીએ શ્રીજીને મારવા માટે બરછી ઉગામી. આ જોઈ શ્રીહરિએ એવો હાંકોટો માર્યો કે દ્વૈષી લૂંટારા સ્તબ્ધ બનીને પૂતળા જેવા થઈ ગયા. તેના હાથ અદ્ધર જ રહી ગયા. આ જોઈ શ્રીહરિ નાજાને કહે આ લોકો ભલે એમને એમ રહ્યા આપણે ગાડું હંકાવો. આ પછી લૂંટારાના ઘરવાળાએ આવીને શ્રીહરિ પાસે માફી માગી કે દાદાખાચરના ભગવાન તે અમારા ભગવાન છે. પછી શ્રીહરિએ તેમની પર દયા કરી. (૨.૨)

નાજા ભક્ત તથા શ્રીહરિ ભક્તો સંતો સાથે એકવાર અલૈયા ખાચરના ગામ ઝીંઝાવદર ગયા હતા. ત્યાં મહારાજ નાજા સાથે કુસ્તી રમ્યા. નાજાને મહારાજે બે-ત્રણ વાર ખૂબ ઊંચા ઉછાળી પછાડ્યા. પણ નાજાને કંઈ વાગ્યું નહીં તથા દુ:ખાવો પણ ન થયો. તેથી તેણે મહારાજને પૂછ્યું કે મહારાજ તમે મને આટલો ઊંચે ઉછાળ્યો પણ મને કાંઈ વાગ્યું કેમ નહીં ? મહારાજ કહે તારા હાડકા ભાંગે તો મારી સાથે રમે કોણ ? ત્યારે નાજાને થયું કે મહારાજ મારું રક્ષણ કરે છે તેથી મને કાંઈ થતું નથી. (૨.૨)

પાછલી ઉંમરમાં નાજાને વૃદ્ધાવસ્થાને લીધે આંખે પૂરું દેખાતું નહીં. કહો કે રતાંધળાપણું આવી ગયેલ. પણ જો તે મહારાજને કહે કે મને આંખે બરાબર દેખાતું નથી તો મહારાજ તેમને સેવામાં સાથે રાખે નહીં. તેથી કહેતા નહીં. એકવાર શ્રીહરિ સાથે વિચરણ કરતા રાત્રીના સમયે તેમનો ઘોડો રસ્તો ભૂલી ગયો ને પોતે પાછળ રહી ગયા. મહારાજે બીજા સવારોને પાછળ ગોતવા મોકલ્યા. નાજાને માંડ માંડ ગોત્યા. મહારાજ કહે તમે કેમ રસ્તો ભૂલી ગયા ? ત્યારે ડરતા ડરતા નાજા કહે : મને રાત્રે બરાબર દેખાતું નથી તેથી પાછળ રહી ગયો. આ સાંભળી મહારાજ, દાદાખાચર વગેરે ભક્તો હસવા લાગ્યા. મહારાજે રતાંધળા ભૂદેવની વાત કરી બધાને હસાવ્યા ને કહ્યું કે, શરીરનો દોષ કહેવામાં શરમ કેમ

લાગે છે ? નાજા કહે, તમે મને તમારી સેવામાંથી હાંકી કાઢો તેથી મેં કહ્યું નહીં. આ જવાબ સાંભળી મહારાજ હસી પડ્યા. (૨.૨)

આમ, નાજા શ્રીહરિના સાથી અને અંગરક્ષક પણ હતા. તેમ છતાં પોતાની જ્ઞાનજિજ્ઞાસા અને સમજણ અજોડ હતી. તેમણે વચનામૃતમાં સત્સંગનું બળ મળે તેવા પ્રશ્નો પૂછેલા છે :

શ્રીહરિએ વચનામૃતમાં નાજા જોગિયાના સત્સંગ પોષક પ્રશ્નોના જ્ઞાનસભર ઉત્તરો કર્યા છે :

★ ગઢડા પ્રથમનું ૭૫મું :

....પછી નાજા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે ભગવાનનો ભક્ત હોય તે એક તો દૃઢ નિશ્ચયવાળો હોય અને એક તો થોડા નિશ્ચયવાળો હોય... કેમ ઓળખ્યામાં આવે ?

★ વડતાલનું ૫મું વચનામૃત :

...પછી નાજે ભક્તે પ્રશ્ન પૂછ્યો જે : જેને પરિપૂર્ણ ભગવાનનો આશરો ન હોય... નિશ્ચયનું બળ દેખાડતો હોય... શી રીતે કળ્યામાં આવે ?

★ ગઢડા અંત્યનું ૧૪મું વચનામૃત :

...નાજા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે : એકનું ક્રોધે કરીને ભગવાનમાં મન જોડાયું છે... એકનું ભયે કરીને સ્નેહે કરીને ... એ ત્રણમાં કયો શ્રેષ્ઠ છે ?

★ પાદટીપ :

Ⓐ **સુરત ગુરુકુલ**ના સ્વામી શ્રી વિવેક સ્વરૂપદાસ પાસેથી મેળવેલ વિગત.

(૧) **સ્વામિનારાયણ ભગવાનના ભક્તો :** કાનજી ભગત પ્રકાશક - વડતાલ, લેખક : શાંતિકુમાર ભટ્ટ, વર્ષ-૧૯૮૦

(૨) **નિર્ગુણદાસ સ્વામીની વાતો :** કુંડળ વર્ષ-૨૦૧૨, વાર્તા નં. ૧, વાર્તા નં. ૧૧૬, વાર્તા નં. ૫૦૧

●

૯૭. પુરુષોત્તમ ભટ્ટ

પુરુષોત્તમ ભટ્ટ વિદ્વાન પંડિત બ્રાહ્મણ હતા. તેઓ નાંદોલના રહેવાસી હતા. શ્રીહરિની આજ્ઞાથી નિત્યાનંદ સ્વામી શાસ્ત્રોનો અભ્યાસ કરવા નાંદોલ ગયા અને ભટ્ટજી પાસે વેદાંત, ન્યાય, સાંખ્યાદિ શાસ્ત્રોનો વધુ અભ્યાસ કર્યો. ભણાવનાર ભટ્ટજીને નક્કી થઈ ગયું કે, સ્વામી કોઈ સામાન્ય વ્યક્તિ નથી. તેમનામાં માનવીય બુદ્ધિ નથી. આ તો શાસ્ત્રોના કઠિન રહસ્યોના ઉકેલો હસતા હસતા કરે છે. આમની પાસે ઉલટું મારે ભણવા જેવું છે. (૧)

વચનામૃત ગઢડા મધ્યના ૬૪માં પુરુષોત્તમ ભટ્ટે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે, ભગવાન જીવના કલ્યાણને અર્થે આ જગતને સૃજે છે. તે વિશ્વ ન રચ્યું હોય ને માયાના ઉદરમાં જીવ હોય તેનું ભગવાન કલ્યાણ કરે તો શું ન થાય ? એવો વિદ્વતાભર્યો પ્રશ્ન શ્રીહરિને કરેલ છે.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિ દિગ્વિજય :** નિત્યાનંદ મુનિ વિરચિત, વડતાલ મંદિર પ્રકાશન વર્ષ-૨૦૦૫, પાના નં. ૧૦થી ૧૧

●

૯૮. પ્રભાશંકર

જ્ઞાન તથા હેતના અંગના **ગઢડા અંત્યના ૧લા વચનામૃત**માં શ્રીહરિ હેતના અને જ્ઞાનના અંગોવાળા હરિભક્તોમાં પ્રભાશંકરને યાદ કરતા કે છે, તે જ્ઞાનના અંગવાળા તો ઝીણોભાઈ, દેવરામ અને પ્રભાશંકર છે. એવી રીતે જે હરિભક્ત ભગવાનનું માહાત્મ્ય જાણે તેને જ્ઞાનના અંગવાળા જાણવા.

તો પીપળાવના ભક્ત પ્રભાશંકર વિષે જાણીએ :

ભક્તરાજ પ્રભાશંકર પરમ એકાંતિક ભક્ત હતા. તે બ્રાહ્મણ હતા અને પીપળાવ (આણંદ-તા. સોજિત્રા)ના વતની હતા. તેમને શ્રીહરિને વિષે અપાર હેત હતું. જ્ઞાન અને ભક્તિની ઊંડી સૂઝ હતી. શ્રીહરિની આજ્ઞા પાળવાનું તેમને ખૂબ તાન હતું. વ્યવહાર દક્ષતા અને વહીવટનું પણ જ્ઞાન હતું.

એકવાર શ્રીહરિ અમદાવાદથી વિચરણ કરતા કરતા પીપળાવ આવ્યા. ત્યાંથી કમીયાળા થઈને પચ્છમ ગામ પધાર્યા. રણ ઉતરીને ખસતા ગામ આવીને રાતવાસો કર્યો. ખડોળ ગામના ભક્તોએ શ્રીહરિના દર્શન કરી એક એક શ્રીફળ ધર્યું. એમ કરતા ૧૦૦ જેટલા શ્રીફળ થઈ ગયા. ત્યારે મહારાજ કહે આ શ્રીફળને આપણે ક્યાં ફેરવવા ? માટે અડધું અડધું શ્રીફળ લાવનારને પાછું આપો અને બાકીની પ્રસાદી ભક્તોને વહેંચો. થોડીક પ્રસાદી પાછી આપે તે કોઠારી સત્ય કહેવાય. એવી રીત તે સત્સંગનું મૂળ છે. અયોધ્યાવાસીઓ ગુજરાતમાં આવ્યા ત્યારે શ્રીજીએ પ્રભાશંકર ભગતને તેમની સેવામાં તથા કોઠારીપદે રાખ્યા હતા. (૧)

પ્રભાશંકરભાઈને શ્રીહરિમાં કેવું હેત હતું ? તથા કેવી આજ્ઞાપાલકતા હતી તેનો પ્રસંગ જાણીએ :

પ્રભાશંકરભાઈના લગ્ન લેવાયા હતા. માંડવો નંખાયો હતો. બહારગામથી સૌ જાનૈયા આવેલા અને પોતે પરણવા માટે ગાડામાં બેઠા હતા. તે દરમ્યાન

અચાનક ખેપિયો આવ્યો. શ્રીહરિનો સંદેશ હતો કે : તમે વડતાલ આવીને મને મળી જાઓ. આ સંદેશો વાંચતા જ ભગત ગાડામાંથી નીચે ઉતરી ગયા ને તેમના બાપાને કહ્યું કે લ્યો, આ શ્રીફળ, તલવાર, સાફો. શ્રીહરિનો વડતાલથી સંદેશો આવ્યો છે અને મને ત્યાં બોલાવે છે. માટે હું અત્યારે જ જાઉં છું. ત્યારે તેમના બાપા અને સગા કહે, અરે ? લગ્નમાંથી પાછા ન ફરાય. અપશુકન કહેવાય. માટે લગ્ન કરી ફેરા ફરી પછી વડતાલ જજો. જાનનું ટાણું થઈ ગયું છે. આ મહેમાનો બધા વાટ જુએ છે. ત્યારે પ્રભાશંકરે બાપાને તથા સગાઓને હાથ જોડી માફી માંગી અને કહ્યું કે, ના ! મારા ભગવાનનો પત્ર આવ્યો છે ને મારે હમણાં જ જવું છે. લગ્ન તો પછીય થશે પણ શ્રીહરિનું આવું કહેણ ફરી નહીં આવે. માટે તમે મને રજા દો. એમ કહી લગ્નના લેબાશમાં જ વડતાલ જવા નીકળી ગયા. વડતાલ શ્રીહરિને મળ્યા. ત્યારે મહારાજ કહે, તમારે લગ્ન કરીને જ આવવું'તું ને ? લગ્ન પહેલા હોય ને ? ત્યારે ભક્તે કહ્યું ઘણાં જન્મો લગ્ન કર્યા છે. કોઈ વાર પ્રભુનો પત્ર આવ્યો નથી. માટે તમારી આજ્ઞા પહેલા પાળવાની હોય ! તેમનો આવો જવાબ સાંભળી શ્રીહરિ તથા સંતો-ભક્તો તેમને અહોભાવથી જોઈ રહ્યા.

પછી પ્રભાશંકરે બીજા વર્ષે લગ્ન કર્યા. (૨)

તેમનામાં આવી આજ્ઞાપાલકતા હતી !

પ્રભાશંકર ભગતને સંતોમાં કેવું હેત હતું ? તેનો એક પ્રસંગ જાણીએઃ

ભગત ગઢડામાં અયોધ્યાવાસીઓની સારસંભાળ લેવા તથા સેવા માટે ગઢડા રોકાયા હતા. શિયાળાના દિવસો હતા. ઠંડી ખૂબ હતી. પ્રભાશંકરનો ઉતારો અક્ષર ઓરડી પાછળ જ હતો. આવી ઠંડીમાં સંતોને ઓઢવાનું કોઈ પાગરણ ન હતું. પોતે ગોદડુ ઓઢેલ છતાં ઠંડી લાગતી હતી. તેને થયું કે, સંતો કેવા ટાઢે ઠરતા હશે ? તેથી પોતે મોટે મોટેથી કૃપાનિધિ, કૃપાનિધિ એમ બોલવા લાગ્યા. શ્રીહરિએ અડધી રાત્રે આ અવાજ સાંભળ્યો. તેમણે માનસંગ પાર્ષદને તપાસ કરવા મોકલ્યા કે અડધી રાત્રે કોણ રાડો નાખે છે ? પાર્ષદે તપાસ કરીને કહ્યું, પ્રભાશંકરભાઈ બોલે છે. મહારાજે તેમને બોલાવ્યા અને પૂછ્યું ત્યારે પ્રભાશંકર ભગત કહે, મારા સંતો ઠંડીમાં ધ્રુજે છે તેમને ઓઢવાનું પાગરણ નથી. એટલે મને ઠંડી લાગે છે. તેમનો આવો મર્મભર્યો જવાબ સાંભળી શ્રીહરિ બધું

સમજી ગયા અને બીજા દિવસે કાઠી ભક્તોને બોલાવી કહ્યું કે, સંતોને જે ગોદડા આવશે તેની છાતીમાં એક એક ચરણાર્વિંદ આપશું. ત્યાં તો સુરાખાચર, જીવા ખાચર વગેરેએ ૧૦૦-૧૦૦ ગોદડા નોંધાવી સેવાનો લાભ લઈ લીધો. (૩)

આમ, પ્રભાશંકર ભગતની સૂઝબૂઝથી સંતોનું ઠંડી સામે રક્ષણ મળ્યું. એટલે શ્રીહરિએ તેમના અંગના વખાણ કર્યા છે. કેમકે તેમને ભગવાન અને સંતોનું માહાત્મ્ય હતું.

★ **પાદટીપ :**

(૧) **શ્રીહરિચરિત્રામૃત સાગર :** પુર-૨૮, તરંગ-૭૧, સ્વામિ. સાહિત્ય મંદિર. ગાંધીનગર. આદિ ગ્રંથકર્તા : આધારાનંદ મુનિ. સંપાદક : હરિપ્રકાશ શાસ્ત્રી, વર્ષ-૧૯૯૫.

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, વાર્તા નં. ૧૦૦, અંકલેશ્વર ગુરુકુલ.

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, વાર્તા નં. ૨૬૩, અંકલેશ્વર ગુરુકુલ.

●

૯૯. બુવાના પટેલ કાનદાસ

કાનમ પ્રદેશમાં બુવાગામ આવેલું છે. ભરૂચ પાસે છે. આમોદથી જતા રસ્તામાં બુવા આવે છે. શ્રીહરિ આ ગામમાં બે રાત રોકાયેલ છે. (૧)

બુવા ગામના પટેલ કાનદાસ તે ગામના પટેલ હતા. અંગ્રેજ શાસનમાં તેમને ગામના મુખી તરીકે ગણવામાં આવતા. ગામમાં રાજા જેવી સત્તા તેઓ ભોગવતા. રજવાડા જેવો મોભો ધરાવતા. તેમને બે પત્નીઓ હતી. (૧)

બોચાસણના કાશીદાસભાઈ પોતાનું ડમણીયું ગાડું લઈને ગામોગામ ફરી પોતાના સગાં સ્નેહી, મિત્રો વગેરેને સત્સંગ કરાવતા. તેમાં પોતે બુવા આવેલા અને કાનદાસભાઈને સત્સંગ કરાવેલો અને આગ્રહપૂર્વક લોયાના શાકોત્સવમાં લઈ આવેલા.

લોયામાં શ્રીહરિએ પ્રથમ વાર શાકોત્સવ કરેલો. ત્યારે કાશીદાસભાઈ કાનદાસભાઈને લઈને દર્શન કરાવવા આવેલ. તે સમયે શ્રીહરિ રીંગણાના શાકનો વઘાર કરતા હતા. તેમના હાથ હળદર-મરચાંવાળા હતા, જેના ડાઘા ધોતી પર પડ્યા હતા. પરસેવે રેબઝેબ હતા અને સાવ સામાન્ય બ્રાહ્મણ રસોયા જેવા લાગતા હતા. તે સમયે જ કાનદાસભાઈ આવ્યા અને તેમણે શ્રીહરિના આવા દર્શન કર્યા. તેમને થયું કે, ભગવાન આવા થોડા હોય ? તેમણે તો મનમાં રાજાશાહી પોષાક પહેરેલા અને સિંહાસન પર બેઠેલા ભગવાનની કલ્પના કરેલી. તેને બદલે સામાન્ય રસોયા જેવા ભગવાનના દર્શન થતાં મનમાં ધારી રહેલો નિશ્ચય ડગી ગયો અને શ્રીહરિને પગે લાગ્યા વગર પાછા વળતા હતા. શ્રીજી તેમનો સંકલ્પ જાણી ગયા અને તે વખતે જ તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, કોઈ માણસ ગંગાકિનારે સ્નાન કરવા ગયો હોય, પણ ગંગાનું ડહોળું પાણી જોઈને ન્હાયા વગર પાછો ફરે તેને કેવો જાણવો ? ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, તેને તો અબુધ જેવો જાણવો કેમકે ગંગાના માહાત્મ્યની તેને ખબર જ નથી.

કાનદાસભાઈએ આવો સંવાદ સાંભળ્યો કે તરત જ તેમને થયું કે, આ તો મને જ લાગુ પડે છે અને તેણે પાછળ જોયું. ત્યાં તો શ્રીહરિએ તેને દિવ્ય સ્વરૂપે દર્શન દીધા. આ ચમત્કાર જોતા કાનદાસભાઈ આભા બની ગયા. તેણે ઘડી પહેલા જોયેલું રસોયાનું સ્વરૂપ અને હાલનું દિવ્ય સ્વરૂપ જોતા તેઓ આશ્ચર્યમાં પડી ગયા. પણ આ દિવ્ય સ્વરૂપ જોતાં તેમને થયું કે, નક્કી કોઈ આ દિવ્ય વિભૂતિ છે અને તેઓ શ્રીહરિના ચરણે પડી ગયા અને તેમને મહારાજનો નિશ્ચય થઈ ગયો. (૨)

તેમણે વડતાલના મંદિરમાં ખૂબ આર્થિક સેવા કરી હતી.

★ **વડતાલના ૨જા વચનામૃત**માં બુવા ગામના પટેલ કાનદાસજીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે, ભગવાન શે પ્રકારે રાજી થાય ? ત્યારે શ્રીહરિ ઉત્તર આપે છે કે, ભગવાનનો દ્રોહ ન કરીએ તો રાજી થાય.

★ **પાદટીપ :**

(૧) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર, પ્રકાશન વર્ષ-૨૦૦૬, વાર્તા નં. ૫૦૭

●

૧૦૦. ભગો - મૂળો (પીઠવડી)

મનુષ્યભાવમાં દિવ્યભાવના **પંચાળાના ૪થા વચનામૃત**માં શ્રીહરિ ભગવાનમાં દિવ્ય વિલક્ષણપણું છે. જેની ઉપમા મનુષ્ય સાથે ન કરી શકાય. વળી મનુષ્ય મનુષ્ય સજાતિ છે તેને વિષે પણ સાદૃશ્યપણું અત્યંત છે નહિ. આ ભગો-મૂળો બેય સરખા કહેવાય છે પણ ઝાઝા દિવસ ભેગા રહીએ તો ઓળખાય જાય કે, આ ભગો છે અને આ મૂળો છે.

ભગા-મૂળા ભક્ત વિષે જાણીએ :

પીઠવડી ગામના (તા. સાવરકુંડલા, જિ. અમરેલી) ભગા-મૂળા બંને ભક્તો લેઉવા પટેલ હતા. તેમની અટક દુધાત હતી. (A) ખેતીકામ કરતા. વ્યવહારે સારા હતા. શ્રીહરિમાં અપાર પ્રેમ અને ભક્તિ હતા. તેમને જ્યારથી સત્સંગ થયો ત્યારથી ઘરની સ્ત્રીનો ત્યાગ કરી ભક્તિ કરતા. શ્રીહરિ તેમને ત્યાં જઈ થાળ જમી અને દર્શન, સત્સંગનું સુખ આપેલ. (૧)

તેઓ ઉદાર મનના દાની કહેવાતા. ભગો-મૂળો બંને જોડીયા ભાઈઓ હતા. દેખાવમાં એકસરખા લાગતા. વધારે દિવસ જો તેમનો પરિચય થાય તો જ તેઓના દેખાવમાં સહેજ વિલક્ષણપણું દેખાતું.

એકવાર બંને ભાઈઓએ ખેતરમાં મોલ વાવ્યો. પણ યોગ્ય સમયે વરસાદ ન થતા મોલ સુકાવા માંડ્યો. બંનેએ વિચાર્યું કે વરસાદની જરૂર છે તો ગઢડા મહારાજ પાસે જઈએ. વરસાદ વરસાવે તો પાક બચે. આથી તેઓએ ગઢડા જઈને શ્રીહરિને વિનંતી કરી. મહારાજ કહે વરસાદ વરસાવીએ, પણ પૈસા થાય. ભક્તો કહે ગમે તેટલા પૈસા થાય. પણ વરસાદ વરસાવો. નહીં તો મોલ સૂકાઈ જશે તો અમે ભૂખ્યા મરી જશું. મહારાજ કહે, પાંચસો રૂપિયા થશે. કારણ કે અહીં ગોપીનાથજીનું મંદિર થાય છે. તેમાં કામ કરનારા કડીયાના પગાર ચડી ગયા છે તો પગારમાં દેવા છે. ત્યારે બંને ભાઈઓએ રાજી થઈને મહારાજને પાંચસો

રૂપિયા આપ્યા અને બંને ભાઈઓ પીઠવડી પહોંચ્યા ત્યાં વરસાદ આવ્યો. આમ, શ્રીહરિની દયાથી મોલ બચી ગયો. (૨)

એકવાર બંને ભાઈઓ ગઢડા સેવા કરવા ગયેલા. ત્યાં વાડીમાં ધ્રો ખોદી. સેવા પૂરી થઈ ત્યાં મહારાજ આવ્યા અને કહ્યું કે, સેવા કરીને થાકી ગયા હશો કેમ ? એમ કહી બંને ભાઈઓના ખભા દાબવા માંડ્યા. ત્યારે ભક્ત કહે અમને કણબીને તો આવું કામ કરવાની ટેવ હોય. કોઈક દિવસ કામ ન કરીએ તો દુઃખે. પછી મહારાજ કહે, આજે એકાદશી છે શું જમ્યા ? ત્યારે કહે, તલ અને રાતડીયા બાફ્યા હતા તે જમ્યા. પછી મહારાજ કહે એમાં શું પેટ ભરાય ? એમ કહી રઘુવીરજી મહારાજના ઉતારે વિરજા દેવીએ પાકના લાડુ બનાવ્યા હતા તે મંગાવી મહારાજે બંને ભાઈઓ તથા અન્ય ભક્તોને પંગતમાં બેસાડ્યા. ત્યારે ભગો-મૂળો કહે, આજ તો એકાદશી છે. ત્યારે મહારાજ કહે, એકાદશી શેમાંથી થઈ છે ? તે જેનાથી થઈ હોય તે જ વ્યક્તિ કહે ત્યારે જમવું કે નહીં ? પછી મહારાજે કેળના પત્ર ઉપર ભગા-મૂળાને પાકના લાડુ અને સેવગાંઠિયા જમાડ્યા અને ભાતુ બાંધી આપ્યું. પછી બંને ભક્તોને ભાવથી ભેટ્યા અને છાતીમાં ચરણાર્વિંદ આપ્યા અને રઘુવીરજી મહારાજને ભલામણ કરી કે આ અહીં રહે ત્યાં સુધી તેમની ખબર રાખજો. (૩)

ભગો-મૂળો દેખાવમાં એકસરખા લાગતા તે અંગેનું એક અન્ય ચરિત્રઃ

ગઢડામાં એક વાણિયા શેઠ શ્રીહરિ પાસે રોજ આવે અને મહારાજના હાથની પ્રસાદી-પેંડા જમે. સ્વભાવે થોડી લોભી પ્રકૃતિ હતી. મહારાજને થયું કે આ રોજ અમારા હાથની પ્રસાદી જમે છે. પણ કોઈ દિવસ અમને અને સંતો-ભક્તોને રસોઈ આપતો નથી. માટે શેઠનું કલ્યાણ કરવા એકવાર તેની સેવા લેવી. એવામાં એક ભક્તે ગોળની બે મોટી મોટી ૫-૫ શેરની ભીલી મહારાજને ધરી અને મહારાજે મનમાં કાંઈક વિચારી લીધું. તે સમયે ભગો-મૂળો ખેતરમાં હતા તેને મળીને કાંઈક સૂચના આપી દીધી. પછી મહારાજ ભગાને સભામાં તેડી લાવ્યા અને શેઠને કહ્યું કે, આ ભક્ત ગોળની ભીલી ખાઈ શકે ? ત્યારે શેઠે ના પાડી. ત્યારે મહારાજ કહે, ખાઈ જાય તો તમારે રસોઈ આપવી ? શેઠને આ વાત અતિશયોક્તિ લાગતા તેણે હા પાડી. પછી મહારાજે ભગાને કહ્યું કે, આ ભીલી ખાઈ જા. ભગો કહે : ‘ખાઈ તો જાઉં પણ વચ્ચે મારે લઘુ કરવા ઉઠવું

પડે. તો મને જવા દેવાનો ?' તો કહે, 'હા.' પછી ભગો એક ભીલી ગોળ ખાઈને લઘુ કરવા ગયો. પછી આવીને બીજી ભીલી પણ ખાઈ ગયો. શેઠ આશ્ચર્યમાં પડી ગયા પણ બોલે બંધાણા'તા તેથી રસોઈ આપવી પડી.

પણ, ખરી મજા તો ત્યારે આવી કે ભગો અને મૂળો બંને શેઠને એકી સાથે લાડુ પીરસવા આવ્યા ! શેઠે આ બંનેને જોયા. તેને થયું કે આ તો ગોળવાળો ભગો. તો આ બીજો ભગો કોણ ? મહારાજ કહે, આ બંને જોડીયા ભાઈઓ છે. એકસરખા છે. ત્યારે શેઠને વાતનો તાળો બેસ્યો કે, ભગાભાઈ ચાલુ ભોજને લઘુ કરવા શું કામ ગયેલા ? લઘુના બ્હાને બીજા 'ભગાભાઈ' ગોળ ખાવા બેસી ગયા ને બીજી ભીલી ખાઈ ગયા ! મહારાજ અને બીજા ભક્તો શેઠનું કરમાયેલું મોં જોઈ હસવા લાગ્યા. ત્યારે શેઠ પણ મન મૂકીને હસ્યા કે : 'મને મહારાજ ભેટ્યા હોં.' વાણિયા પાસેથી યુક્તિ કરીને રસોઈ લીધી ખરી !' (૪)

એકવાર માગશર માસમાં ખૂબ ઠંડી હતી. મહારાજને તાપવા માટેનું બળતણ ખાલી થઈ ગયું હતું. તે સમયમાં આત્માનંદ સ્વામી દેશ ફરતા પીઠવડી ગયા અને ત્યાં ભક્તોને બળતણની વાત કરી. આથી બંને ભાઈઓ ગીરમાં ગયા અને ખેરના લાકડાના બે ભર ભરીને આવ્યા. સુતાર પાસે નાના કટકા કરાવીને ગાડુ ભરીને ગઢડા આવ્યા. ત્યારે મહારાજ કહે, આ શું લાવ્યા ? ત્યારે કહે તમારે તાપવા સારું બળતણ લાવ્યા છીએ. અમને આત્માનંદ સ્વામીએ કહેલ. આ સાંભળી મહારાજ ખૂબ રાજી થયા કે બંને ભાઈઓએ ટાણાની ખરેખરી સેવા કરી. અમારા સારું સોનાના કાંસા લાવ્યા એમ કહી બાથમાં ઘાલીને મળીને છાતીમાં ચરણાર્વિંદ આપ્યા. (૫)

ભગા-મૂળાને શ્રીહરિએ ગઢડામાં બિરાજતા હતા ત્યારે સમાધિનું સુખ પણ આપેલ અને પોતાને હાથે પ્રસાદી પણ આપેલ (૭) છાતીમાં ચરણાર્વિંદ પણ આપેલ.

શ્રીહરિ અમદાવાદ નરનારાયણ દેવના મંદિરમાં વિરાજતા હતા. મંદિરનું બાંધકામ હજી ચાલતું હતું. મંદિરમાં સોનાના કળશ ચડાવવાના બાકી હતા. આ સેવાની તક ભગા-મૂળાએ ઝડપી લીધી અને નરનારાયણ દેવને સોનાના કળશ ચડાવ્યા. તેથી શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા. તેમને થાળની પ્રસાદી આપી અને હાર પહેરાવી રાજી કર્યા. (૬)

ભગા મૂળાને વંશ ન હતો. (A)

શ્રીહરિની ટાણાની સેવા કરનાર ભક્તો ઉપર શ્રીહરિનો અનન્ય રાજીપો ઉતરતો.

★ **પાદટીપ :**

(A) પીઠવડીના ભક્ત ધનજીભાઈ સુહાગીયા દ્વારા.

(૧) **શ્રીહરિચરિત્રામૃતસાગર :** પુર-૨૮, તરંગ-૨, આધારાનંદ સ્વામીકૃત. સ્વામિ. સાહિત્ય મંદિર, ગાંધીનગર. વર્ષ-૧૯૯૫.

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ.** રૂગનાથ ચરણ સ્વામીકૃત. ભાગ-૨, વાર્તા નં. ૨૧૯. અંકલેશ્વર ગુરુકુલ. વર્ષ-૨૦૧૫

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ.** રૂગનાથ ચરણ સ્વામીકૃત. ભાગ-૨, વાર્તા નં. ૨૨૨

(૪) **શ્રી સ્વામિનારાયણ સંહિતા :** દેવચરણદાસજી સ્વામી. મૂળી મંદિર. વાર્તા નં. ૮૧ (સારાંશ)

(૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, વાર્તા નં. ૨૫૮

(૬) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, વાર્તા નં. ૨૧

●

૧૦૧. ભટ્ટ માહેશ્વર

ભટ્ટ માહેશ્વર વેદાંતી બ્રાહ્મણ હતા. રાજકોટના રહેવાસી હતા. તે સમયે રાજાશાહી હતી. તેઓ રાજકોટના રાજા લાખાજીરાજના પુરોહિત હતા તથા પ્રકાંડ જ્યોતિષી પણ હતા. તે સમયે રાજકોટનો વિકાસ થયેલો ન હતો. આ વિ.સં. ૧૮૬૫ પહેલાની વાત છે. ત્યારે શ્રીહરિ વિચરણ કરતા કરતા રાજકોટ આવ્યા. ત્યાં હાલના રામનાથ મહાદેવના મંદિરના વિશાળ ચોગાનમાં દૂર એક મોટા વૃક્ષ નીચે બેઠા.

તે સમયે આ વેદાંતી બ્રાહ્મણ રાજ્યના મંદિરમાં મહાદેવની પૂજા કરવા બિલિપત્ર અને પૂજાપો લઈને આવ્યા. તેમણે દૂરથી શ્રીહરિને વૃક્ષ નીચે બેઠેલા જોયા અને કોઈ અગમ્ય ખેંચાણથી તેના તરફ વળ્યા. તેમને પગે લાગ્યા અને જે પૂજાપો અને બિલિપત્ર મહાદેવ માટે લાવેલા તે પૂજાના ફૂલો, કંકુ, બિલિપત્ર વગેરેથી તેણે શ્રીહરિની પૂજા કરી અને જેમ મહાદેવની પૂજા કર્યા બાદ નિત્ય બોલતા કે, હે પ્રભુ ! મારો મોક્ષ કરજો. એમ અહીં શ્રીહરિ પાસે બોલ્યા. ત્યારે શ્રીહરિએ હસીને હા પાડી. આ બધું થયા પછી માહેશ્વર ભાવાવેશમાંથી જાગ્યા. તેને થયું કે, આ મહાદેવની પૂજાનાં બિલિપત્ર વગેરે મેં અહીં ચડાવી દીધા. હવે ? એવું વિચારે છે ત્યાં શ્રીહરિ અંતર્યામીપણે તેનો વિચાર જાણી ગયા અને બોલ્યા કે, તમે મારી પૂજા કરી ને ? એટલે મહાદેવની પૂજા થઈ ગઈ. ચિંતા ન કરો.' આટલું સાંભળી માહેશ્વર પછી તરભાણું વગેરે લઈને મહાદેવના દેરામાં ગયા. ત્યાં તેણે જોયું તો મહાદેવની પૂજા તાજી જ થયેલી હોય તેમ જોયું. પોતે જે પૂજાપાના બિલિપત્રો અને જે ફૂલ શ્રીહરિને ચડાવેલા તે જ બિલિપત્ર અને ફૂલ અહીં મહાદેવને ચડેલા જોયા. આ મંદિરમાં સૌથી પહેલા તો રોજ પોતે જ આવતા હતા. તો આજ અત્યારે બિલિપત્રો અને ફૂલ મારી પહેલા આવીને કોણ ચડાવી ગયું ? આ તો ચમત્કાર કહેવાય ? પછી તેને શ્રીહરિની કહેલી વાત સાચી લાગી કે મારી

પૂજા કરી તેમાં શિવજીની પૂજા આવી ગઈ ! પોતે આશ્ચર્યમાં પડી ગયા ત્યારે શિવલીંગમાંથી અવાજ આવ્યો, હા એ મોક્ષ આપનાર ભગવાન છે તેને શરણે જા, વર્ષોથી મારી પૂજાનું ફળ મળ્યું છે અને દોડતા પાછા શ્રીહરિ પાસે આવ્યા અને પોતે જે જોયેલું તે વાત શ્રીહરિને કહી. મહારાજ આ સાંભળી હસ્યા. માહેશ્વરને થયું કે, નક્કી આ કોઈ દૈવી મહાત્મા છે, દૈવીપુરુષ છે. તેને મહારાજ પ્રત્યે ભાવ થયો અને તેણે શ્રીહરિને પોતાને ત્યાં પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિ તેના ઘરે ગયા અને જમ્યા.

ભટ્ટ માહેશ્વરની ઉંમર તે વખતે પ્રૌઢ હોવા સંભવ છે. કેમકે રાજના પુરોહિત પાકટ અને પીઢ હોય. તે પછી તેમને શ્રીહરિનો નિશ્ચય થયો હશે અને ફરતા ફરતા તેઓ ગઢડા આવ્યા હશે અને તેમણે શ્રીહરિને આવો બુદ્ધિગમ્ય પ્રશ્ન પૂછ્યો જે પ્રશ્ન ભાગ્યે જ કોઈ પૂછી શકે. એટલે માહેશ્વર ખૂબ વિદ્વાન બ્રાહ્મણ હશે અને શાસ્ત્રોના જ્ઞાતા હશે.

તેમણે શ્રીહરિને જે પ્રશ્ન પૂછ્યો તે **ગઢડા પ્રથમના ૪૬માં વચનામૃત**માં છે કે, સમાધિને વિષે સર્વે લીન થાય છે ત્યારે આકાશ કેવી રીતે લીન થાય છે ? ત્યારે એનો જવાબ શ્રીહરિએ ખૂબ રૂડી રીતે આપેલ અને માહેશ્વરના પ્રશ્નનું સમાધાન થઈ ગયેલ તથા તેને કોઈ શંકા રહી ન હતી.

એક અન્ય મત મુજબ ભટ્ટ માહેશ્વર કાનમ પ્રદેશના રહેવાસી હતા. શ્રીહરિ જ્યારે વિચરણ કરતા સરસવણી પધાર્યા ત્યારે આ બ્રાહ્મણ શ્રીહરિના દર્શન કરવા ચોરંદા ગામથી આવેલ. બંને ગામો કાનમ પ્રદેશના છે. સદ્. ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં આ સરસવણી ગામમાં એક વર્ષ રોકાયેલ તેથી ત્યાં સત્સંગ સારો છે અને ગામ પ્રસાદીનું ગણાય છે. (૨)

★ **પાદટીપ :**

(૧) **સંતો પાસેથી સાંભળેલ** (પરંપરામાં સાંભળેલી)

(૨) **ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાગ-૨ :** BAPS. અમદાવાદ. વર્ષ-૨૦૦૫, પાના નં. ૮૮ અને ૩૫૦.

●

૧૦૨. ભાદરણના ભગુભાઈ

નડિયાદ જિલ્લાના ભાદરણ ગામના લેઉવા પટેલ ભગુભાઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. તે જમાનામાં તેઓ અમીન કહેવાતા. પાટીદાર સમાજમાં તેમનું ઊંચું નામ હતું. ઘરે રજવાડું હતું. ભગુભાઈના પિતાનું નામ કાલીદાસભાઈ હતું. ભગુભાઈ બે ભાઈઓ હતા. મોટા ભાઈનું નામ ખુશાલભાઈ હતું. ભગુભાઈને શ્રીહરિનો સત્સંગ થયા બાદ વૈરાગ્ય પ્રગટ થતા લગ્ન કર્યા ન હતા. અત્યારે તેમના મોટાભાઈ ખુશાલભાઈનો પરિવાર વિદ્યમાન છે. હાલ તેમના વંશમાં રૂશિલભાઈ વિદ્યમાન છે. જેઓ તેમના વતન ભાદરણમાં જ રહે છે અને ખેતીવાડી સંભાળે છે તથા સત્સંગ રાખે છે. ખુશાલભાઈના બાકીના કુટુંબીજનો અમેરિકામાં વસે છે. (૧)

ભગુભાઈ ૧૦ વર્ષના હતા ત્યારે તેમની માતા સાથે વડતાલ શ્રીહરિના દર્શન કરવા આવેલ. તેમને સત્સંગ હતો. સં. ૧૮૮૨ના પોષ વદી સપ્તમીના દિવસે શ્રીહરિ વડતાલમાં વિરાજમાન હતા ત્યારે ભગુભાઈએ તેમના માતા વતી શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, આ સમાધિ તે કેમ થતી હશે ? અને શ્રીહરિએ તેમને યથાયોગ્ય ઉત્તર આપ્યો. આ પ્રશ્ન **વડતાલના ૧૩માં વચનામૃત**માં પુછાયેલ છે.

આ અગાઉ પણ ભગુભાઈ સં. ૧૮૮૨ના પોષ સુદી-૧૧ના દિવસે શ્રીહરિના દર્શન કરવા માતા સાથે વડતાલ આપેલ ત્યારે પણ તેમણે શ્રીહરિને પ્રશ્ન પૂછેલ કે, જીવનું કલ્યાણ કેમ થાય ? આ પ્રશ્ન **વડતાલના ૧૦**માં વચનામૃતમાં પૂછેલ છે. ભગુભાઈએ ખૂબ મહત્ત્વના અને મુદ્દાનો પ્રશ્ન પૂછ્યો છે. તેના પરથી લાગે કે તેમને અને તેમના કુટુંબીજનોને પોતાના આત્માના કલ્યાણનો કેટલો ખપ હશે ? તથા મહારાજને રાજી કરવાનો કેટલો ઈશક હશે ? (૧)

ભગુભાઈના કુટુંબના હાલના વંશજ શ્રી રૂશિલભાઈ દ્વારા ભગુભાઈ વિષે થોડી માહિતી પ્રાપ્ત થઈ છે જે મુજબ :

ભગુભાઈ અને ખુશાલભાઈ બંને ભાઈઓને પરસ્પર ખૂબ હેત હતું. બંને ભાઈઓનાં કુટુંબ એક જ ઘરમાં સાથે જ રહેતા હતા. સમાજમાં તેમનું ખૂબ મોટું નામ હતું. શ્રીહરિની આજ્ઞા સારધાર પાળતા. પાછલા દિવસોમાં ખુશાલભાઈ ખૂબ ઉદાસ રહેતા, તેથી એકવાર ભગુભાઈએ તેમને પૂછ્યું કે, મોટા ભાઈ તમે કેમ હમણાં ઉદાસ રહો છો ? ત્યારે ખુશાલભાઈ બોલ્યા કે, મારે ધામમાં જવું છે. હું જઈશ પછી તારું ધ્યાન કોણ રાખશે ? તેની મને ચિંતા રહ્યા કરે છે. ત્યારે આ વાત સાંભળી ભગુભાઈ બોલી ઉઠ્યા કે આટલી અમથી વાતમાં તમે ઉદાસ રહો છો ? એમાં શું ? તમે ધામમાં જાઓ પછી બીજા દિવસે હું ધામમાં જઈશ. લ્યો ! હવે તમને કાંઈ ચિંતા છે ? આ સાંભળી ખુશાલભાઈ રાજી થયા અને ખરેખર એવું જ બન્યું કે, ખુશાલભાઈ ધામમાં ગયા અને બીજા દિવસે ભગુભાઈ પણ ધામમાં ગયા. બંને ભક્તોની કેવી ઊંચી સ્થિતિ ? જાણે પરગામ જવું હોય તે રીતે બંને આગળ-પાછળ ધામમાં ગયા. શ્રીહરિએ તેમના વચનને કેવું સાર્થક કર્યું. (૧)

ભગુભાઈના કુટુંબમાં હાલ પણ સત્સંગ ખૂબ સારો છે. તેમના ઘરે ભાદરણ શ્રીહરિ પધારેલ અને થાળ જમેલ. તે સમયે મહારાજે પોતાના ચરણ છાપી દીધેલ. જે હાલ મોજુદ છે તથા થાળ જમેલ તે પ્રસાદીની ચમચી, નખ, કેશ પણ ખૂબ ભાવપૂર્વક સાચવી રાખેલ છે તથા જે જે દર્શનાર્થી આવે તેમને દર્શન કરાવે છે. (૧)

★ **પાદટીપ :**

(૧) ભગુભાઈના વંશજ શ્રી રૂશિલભાઈ ભાદરણ દ્વારા મળેલ માહિતી અનુસાર.

●

૧૦૩. માતરા ધાધલ

માતરા ધાધલ કાઠી હરિભક્ત હતા. તે બોટાદના વતની હતા. શ્રીહરિની સાથે તે સત્સંગમાં વધારે વિચરણ કરતા. તેઓ સ્વભાવના રમૂજી હતા. પ્રખર આજ્ઞાપાલક અને શૂરવીર હતા. તેઓ સારંગપુરના જીવા ખાચરના બનેવી થતાં હતા. તેઓ શ્રીહરિના વચનથી ઘરબાર છોડી સાધુ થવા નીકળી પડેલ.

ભક્તચિંતામણિના ૫૪માં પ્રકરણમાં આ પ્રસંગ આવે છે :

'માંચા સુરા સોમલા અલૈયા, મૂળુનાજા માતરા મામૈયા.
અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી.
એહ સર્વે તજી ઘરબાર, થાજ્યો પરમહંસ નિરધાર.'

શ્રીહરિ ભૂજ વિરાજમાન હતા. ત્યારે પોતે ઉપરના ૧૮ ભક્તોને ચિઠ્ઠી લખી અને સાધુ થઈ ભૂજ મળવા બોલાવેલ તેમાં માતરા ધાધલનું નામ હતું તેથી પોતે સાધુ થઈ ભગવા વસ્ત્ર પહેરી ચાલી નીકળેલ. (૧) શ્રીહરિએ માતરા ધાધલનું નવું નામ નિર્માનાનંદ સ્વામી પાડેલ. પછી બધાને મહારાજે ઘરે મોકલેલ. (૨)

માતરા ધાધલ રમૂજી સ્વભાવના હતા, તેનો એક પ્રસંગ જોઈએ.

એકવાર સંતો સાથે, મહારાજ અગતરાય ગયેલા. ચોમાસાનો સમય હતો. પર્વતભાઈએ સુંદર થાળ જમાડ્યો. મહારાજે સભા કરી. પછી બપોર થઈ એટલે મહારાજ ઓસરીમાં સુતા. કાઠીઓ વારાફરતી જાગતા હતા. તેવામાં બહારથી એક કુતરી આવી... બધે ભીનું હતું તેથી મહારાજના ખાટલા પર ચડી ને ટુંટિયું વાળીને બેસી ગઈ. ચોકી કરતા એક કાઠીનું ધ્યાન ગયું એટલે તેને હડકારી. તો ફરી આવીને બેસી ગઈ એટલે બીજાએ તેને લાકડી મારી એટલે બાંઉકારો કરતી ભાગી ગઈ. પણ અવાજ થતાં મહારાજ જાગી ગયા. એટલે ખીજાયા કે, 'કુતરીને શું કામ માર્યું ? મારતા નહીં.' ફરી મહારાજ પોઢી ગયા. ત્યાં હળી ગયેલી કુતરી ફરીથી આવીને મહારાજના ખાટલે ચડીને બેસી ગઈ. આ વખતે માતરા ધાધલનો

ચોકી કરવાનો વારો હતો. કુતરી વારે વારે આવતી હતી અને હડકાર્યા છતાં માનતી ન હતી અને મહારાજે તેને મારવાની ના પાડી એટલે માતરાએ છાની રીતે ઘોડાનું ચોકડું લુગડામાં સંતાડી કુતરીને માર્યું. ચોકડું વાગતા કુતરી બાંઉકારો નાખતી ભાગી ગઈ. મહારાજ ખીજાશે એ બીકે માતરા ધાધલ માથે ઓઢી સૂઈ ગયા ને ખોટા ખોટા નસકોરા બોલાવવા લાગ્યા. અવાજ થતા મહારાજ જાગી ગયા. મહારાજ કહે : કોણે કૂતરીને માર્યું ? ત્યારે પર્વતભાઈ કહે ઓલી માનતી નો'તી એટલે મારવી પડી. (૩)

મહારાજ કહે એક તો માર્યું ને પાછા નાખોરા ઘરડવા મંડ્યા ? કાઠી કેવા કળદાર છે ? ત્યારે માતરા ધાધલ કહે, મેં કંઈ કુતરીને મારી નથી. આ તો ખાલી લુગડું માર્યું. આ સાંભળી મહારાજ અને બધા કાઠી હસવા લાગ્યા. (૩)

એકવાર શ્રીહરિ ગઢડામાં અક્ષર ઓરડીમાં વિરાજતા હતા. ત્યારે દાદાખાચર, સુરાખાચર, માતરા ધાધલ વગેરે કાઠીઓને શ્રીહરિ ઉપદેશ આપતા હતા. ત્યારે મહારાજે દાદાખાચરને પૂછ્યું કે, તમે કયા સંત પાસે સત્સંગ માટે બેસો છો ? ત્યારે તેણે મુક્તાનંદ સ્વામીનું કહ્યું. એ પછી વારાફરતી બધા કાઠીઓને પૂછ્યું તે સાંભળી મહારાજ રાજી થયા કે આમને સત્સંગ થકી પતનનો કોઈ યોગ નથી. પછી માતરા ધાધલને પૂછતાં તેમણે જણાવ્યું કે, પોતાને નિર્વિકલ્પાનંદ સ્વામી સાથે હેત છે. તેથી તેની પાસે બેસું છું ત્યારે મહારાજ કહે તમારો હાથ શીરાને બદલે ઘેંસમાં પડી ગયો. આ સાંભળી બધા કાઠી હસવા લાગ્યા. મહારાજ કહે, નિર્વિકલ્પાનંદ સ્વામીનું જ સત્સંગમાં ઠેકાણું નથી. તો તે તમારું શું સારું કરશે ? (૪)

એકવાર મહારાજ ધોલેરાથી સંતો પાર્ષદો સાથે રોજકા ગામ આવ્યા. ત્યાં ઘઉંની ખળીઓમાં ઉતારો કર્યો. કાઠીઓ ઘોડાને પાણી પાવા ગયા. પહેલા માતરા ધાધલે પાણીમાં ઘોડું નાખ્યું તો ત્યાં પાણી થોડું ને કાદવ વધારે હતો તેથી કાદવમાં ઘોડું અર્ધું ખૂંચી ગયું. આ જોઈ માતરાને થયું કે, હું જો કાઠીઓને આમ કહીશ પાણીમાં કાદવ છે તો બધા કાઠી પાણીમાં ઘોડા નહીં નાખે. ને ઉલટાની મારી મશ્કરી કરશે. આથી પોતે યુક્તિ કરીને મોટે મોટેથી 'ત્રો ત્રો' બોલવા લાગ્યા. આથી બધા કાઠીઓએ જાણ્યું કે નદીમાં પાણી લાગે છે ઘોડાને પાણી પાવામાં વાંધો નથી. આથી બધા કાઠીએ પોતાના ઘોડા પાણીમાં નાખ્યાં અને બધાના ઘોડા

કાદવમાં ખૂંતી ગયા. કાઠી કહે, માતરા તેં કેમ કહ્યું નહીં ? કે પાણી ઓછું છે. કાદવમાં ઘોડા ખૂંતી જાય તેમ છે ત્યારે માતરા રમૂજમાં કહે, 'ભણે બા ! પાણી તો ઘણો છે. ઊંધા માથે થઈએ તો ગળા સુધી આવે એટલું પાણી છે. આ સાંભળી બધા ખૂબ હસવા લાગ્યા. બધાના ઘોડા, કપડાં, પોતે કાદવવાળા થઈ ગયા ને માંડ માંડ ઘોડાને કાઢી ઉતારે આવ્યા ને મહારાજને આ વાત કરી ત્યારે મહારાજ પણ આ કાઠી કળા જાણીને ખૂબ હસવા લાગ્યા. (૫)

શ્રીહરિ ગઢડામાં હતા તે સમયે માતરા ધાધલે શ્રીજીને બોટાદ પધારવા કહ્યું. ત્યારે શ્રીહરિ તેમનો ભાવ જોઈને બોટાદ પધાર્યા. શ્રીહરિ રસોયાને બોલાવીને કહે જે, ભગત વ્યવહારે ગરીબ છે તેથી થોડો કંસાર કરજો. પછી મહારાજ થાળ જમ્યા. પછી ગામમાં ભક્ત મોના પંડ્યા કહે, મહારાજ કાલે રહો તો મૌતૈયા લાડુની રસોઈ આપું. ત્યારે મહારાજ કહે : અમે રસોઈ જમવા અહીં નથી આવ્યા. અમે તો માતરાનો પ્રેમ સ્વીકારવા આવ્યા છીએ.

માતરા ધાધલને સત્સંગની શરૂઆતમાં ગાઢ સત્સંગ ન હતો. શ્રીહરિને ભગવાન જાણતા હતા પણ શ્રીહરિને વિષે મનુષ્યભાવ પરઠ્યો એટલે તેમને શ્રીહરિનો અવગુણ આવ્યો હતો. તેનો એક પ્રસંગ જોઈએ :

માતરા ધાધલના પત્ની સોમદેને શ્રીહરિ ઉપર ખૂબ ભાવ રહેતો. શ્રીહરિ પોતાના ઘરે પધારે ત્યારે તેમને ભાવથી ગરમ રોટલા કરી ઘીમાં બોળી ખૂબ ભાવથી જમાડતા. મહારાજ પણ તેનો ભાવ સ્વીકારી તેની સાથે છાશનું નેતરૂં તાણતા તાણતા હસી મજાક કરતા. શ્રીહરિ પણ યુવાન અને સોમદે પણ યુવાન ! બંનેને આ રીતે જોઈ માતરાને તેની ખૂબ ઈર્ષા થતી. તે સોમદેને ઘણું વારતો પણ તે કહેતી કે મહારાજ તો ભગવાન છે. તેની સેવાનો લાભ મળ્યો છે તો લઈ લેવા દો. (૬)

એકવાર માતરા ધાધલ કુટુંબીના નાતે જીવા ખાચરને ઘરે ગયા. તે વખતે મહારાજ તેમના ઘરે સ્નાન કરતા હતા. જીવા ખાચર કહે, લ્યો ! મહારાજને સ્નાન કરાવો. આથી માતરાએ ઈર્ષાભાવથી ગરમ પાણીનું ઉકળતું દેગડુ સીધેસીધું ઉપાડીને મહારાજ ઉપર રેડ્યું કે ગરમ પાણીથી મહારાજ દાઝી જાય ! પણ ત્યાં તો મહારાજ કહે, માતરા પાણી આટલું બધું ઠંડુ કેમ છે ? ગરમ કરવું હતું ને ? પણ માતરાએ દેગડુ લુગડાથી પકડ્યું હતું અને તેમાંથી ગરમ વરાળો નીકળતી

હતી. પણ મહારાજ તો ઠંડુ પાણી છે તેમ કહેતા હતા. મહારાજ કહે, જુઓ ! અમારું શરીર ઠંડુ પડી ગયું, જ્યારે પોતાના હાથમાં તો ગરમ પાણી હતું. આ ચમત્કાર જોઈ માતરાને થયું કે, નક્કી આ ભગવાન છે. ગરમ પાણીને ઠંડુ કરી દીધું. માતરા ધાધલ ખૂબ શરમાયા અને શ્રીહરિને દંડવત્ કરી માફી માંગી અને બોલ્યા કે હે મહારાજ તમે સાચે જ ભગવાન છો. મારી ભૂલને માફ કરો. આજથી હું તમારો છું. મને તમારી સેવામાં રાખો. આમ, માતરા ધાધલને મહારાજ ભગવાન છે તેવો ખરેખરો નિશ્ચય થયો. (૬)

શ્રીહરિ કહે માતરા ધાધલ તમને ખબર છે આ સોમદે કોણ છે ? તે સાક્ષાત્ દેવકીનો બીજો જન્મ છે. કૃષ્ણાવતારમાં તે અમને લાડ લડાવી શક્યા ન હતા, તેથી તે અમને આ જન્મે લાડ લડાવે છે. તેમને તે સુખ લેવા દો. આ સાંભળી માતરા ધાધલને ખૂબ આશ્ચર્ય થયું. તે પોતાનો ઈર્ષાભાવનો સદંતર ત્યાગ કરી શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા.

★ **વચનામૃતમાં ગઢડા પ્રથમના ૭૧માં :**
માતરા ધાધલે આવા જ સંદર્ભે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે ઈર્ષાનું શું રૂપ છે?

★ **પાદટીપ :**

(૧) **ભક્તચિંતામણિ :** પ્રકરણ ૫૪ પંક્તિ : ૩૭

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩**, વાર્તા નં. ૬૭ : જૂનાગઢ મંદિર પ્રકાશન

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૧**, વાર્તા નં. ૧૫૪

(૪) **અદ્ભૂતાનંદ સ્વામીની વાતો**, વાર્તા નં. ૧૯૬ : વડતાલ પ્રકાશન વર્ષ : ૨૦૦૬

(૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩**, વાર્તા નં. ૪૮૧

(૬) **શ્રી સ્વામિનારાયણ વિચરણલીલામૃત :** ઉત્તરાર્ધ, કુંડળ પ્રકાશન (સં. પ્રસાદાનંદ સ્વામી કૃત) વર્ષ : ૨૦૦૫, પાના નં. ૧૧૮૯-૧૧૯૦.

●

૧૦૪. રામચંદ્ર વાઘમોડિયા (વૈદ્ય)

ધર્મી અને પાપી અંગેની વિમુખ જીવની સમજણના **વડતાલના ૧૪મા વચનામૃત**માં વડોદરાના રામચંદ્ર વાઘમોડીયા શ્રીહરિને પ્રશ્ન પૂછે છે કે, કુપાત્ર જીવ જણાતો હોય તેને પણ સમાધિ થઈ જાય છે તેનું શું કારણ હશે ?

★ પ્રશ્નની પૂર્વભૂમિકા :

રામચંદ્ર વૈદ્યે શ્રીહરિને આ પ્રશ્ન પૂછેલ છે. આ પ્રશ્ન કયા સંજોગોમાં ઉદ્‌ભવ પામ્યો ? તેની કથા જાણીએ :

ચરોતર પ્રદેશમાં એક કર્મકાંડી બ્રાહ્મણ રહેતો હતો. ગોરપદુ કરી નિર્વાહ કરતો. તેને એકવાર કુસંગ થતા, લોકઆચારને નેવે મૂકી શાસ્ત્રવિરુદ્ધ વર્તન કરવા લાગ્યો. દારૂ, માંસનું ભક્ષણ કરતા વ્યભિચારના માર્ગે ચડી ગયો. છડે ચોક આ બધી ક્રિયા કરતો જોઈ ગામના લોકોએ તેને નાતબહાર કર્યો અને ગામની બહાર તગડી મૂક્યો. આથી એ બ્રાહ્મણ વાત્રક નદીનાં કાંઠે ઝૂંપડી બાંધીને રહેતો. શિયાળાના દિવસો હતા. તે દરમ્યાન સખત ઠંડી પડતી હતી તે સમયે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રખર સંત કૃપાનંદ સ્વામી ગામડા ફરતા તે ગામ આવ્યા. અને વહેલી સવારે વાત્રક નદીના કાંઠે સ્નાન કરવા ગયા. ઠંડુ પાણી અને સખત ઠંડીને કારણે સ્વામી બેભાન થઈ ગયા. તે દરમ્યાન આ બ્રાહ્મણ ત્યાં આવી ચડતા તેના પૂર્વના સંસ્કાર જાગી ઉઠ્યા અને આ સ્વામીને તાપણું કરીને તપાડ્યા. સ્વામીની ઠંડી ઉડતા તે જાગ્યા. સામે આ બ્રાહ્મણને સેવા કરતો જોઈ તેના ઉપર ખૂબ રાજી થઈને આશીર્વાદ આપ્યા. ત્યારે આ બ્રાહ્મણ રડી પડ્યો કે, સ્વામી ! હું તમારા આશીર્વાદને લાયક નથી. હું તો પાપી છું. ત્યારે સ્વામીએ તેના ગુના માફ કર્યા. તેને ઉપદેશ આપીને શાંત કર્યો. પછી તે બ્રાહ્મણને પોતે વડતાલ લઈ આવ્યા અને શ્રીહરિના દર્શન કરાવ્યા. (A)

પાપી બ્રાહ્મણને સૌ કોઈ જાણતા હતા અને સ્વામીએ તેના પર કૃપા કરી તેને શ્રીહરિ પાસે લાવ્યા. મહારાજની તેના પર દૃષ્ટિ થતાં બ્રાહ્મણને સમાધિ થઈ

તે બધાએ જોયું જાણ્યું. કે આ પાપીને સમાધિ થઈ.

અયોગ્ય વ્યક્તિને સમાધિ થતા સૌ આશ્ચર્યમાં પડી ગયા કેમકે બ્રાહ્મણનો ભૂતકાળ સૌ જાણતા હતા. પણ કૃપાનંદ સ્વામીની બ્રાહ્મણે ખરા ટાણે ભાવથી સેવા કરતા તેના પૂર્વના બધા પાપકર્મ બળી ગયા. જીવ જે પહેલા શુદ્ધ હતો તેવો શુદ્ધ થઈ ગયો અને તેમાં શ્રીહરિની કૃપાદૃષ્ટિ થઈ તેથી બ્રાહ્મણને સમાધિ થઈ. (૧)

આ બનાવની રામચંદ્ર વૈદ્યને ખબર પડી તેથી તેમણે શ્રીહરિને આ પ્રશ્ન પૂછ્યો કે, પાપી જીવને સમાધિ કેમ થઈ ? પછી શ્રીહરિ તેનો યથાયોગ્ય ઉત્તર આપે છે.

રામચંદ્ર વૈદ્ય વિષે જાણીએ.

રામચંદ્ર માળવી શ્રી-ગૌડ જ્ઞાતિના બ્રાહ્મણ હતા અને વડોદરાના રહેવાસી હતા. વડોદરા સયાજીરાવ સરકારના માનવંતા રાજવૈદ્ય હતા. શાસ્ત્રના પારને પામેલા મહાવિદ્વાન અને ધનવાન હતા. તેઓ ડાકોરના રણછોડરાયને માનતા અને પૂજતા અને અતિ શ્રદ્ધાવાન હતા. સ્વામિનારાયણ સંપ્રદાય અને તેમના સંતો પ્રત્યે તેમને જરાય ભાવ ન હતો. (૧)

તેઓશ્રી એકવાર બળદગાડામાં બેસી સરકારના શાસ્ત્રી શ્રી હરિભટ્ટની તબિયત ચકાસવા નીકળ્યા. ત્યાં રાજમાર્ગમાં ઘણા માણસોની ભીડ જોતા પૂછ્યું કે, આટલી ભીડ કેમ છે ? ત્યારે કોઈકે કહ્યું કે, સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન ગોપાળાનંદ સ્વામી કથાવાર્તા કરે છે તે સાંભળવા ભક્તો એકઠા થયા છે. ત્યારે તેણે તુચ્છકારથી ગાડાખેડુને ગાડુ ઝડપથી હાંકવા કહ્યું કે જેથી સ્વામીના શબ્દો તેને સંભળાય ન જાય. જ્યાં ગાડાખેડુ ગાડુ હાંકવા ગયો. ત્યાં તો બળદ રસ્તા ઉપર સ્થિર થઈ ગયા. ઘણા પરોણાં માર્યા પણ ચસક્યા નહિ. આથી રામચંદ્ર નીચે ઉતરીને બીજી બાજુ ચાલવા પગ ઉપાડ્યા તો તેમના પગ પણ સ્થિર થઈ ગયા. આથી તેઓ આશ્ચર્યમાં પડી ગયા કે આમ કેમ થાય છે ? તેમને થયું કે, આ સ્વામીએ કંઈક કામણ કર્યું લાગે છે. પછી પોતે હારીને સ્વામી પાસે જવા વિચારે છે ત્યાં પગ હળવા બની ગયા. ને સ્વામી પાસે સભામાં ગયા. ત્યાં સ્વામીએ તેને માન દઈને બોલાવ્યા અને પ્રગટ ભગવાનની વાતો કરી પણ વૈદ્યરાજે સ્વામીની વાતનો ઈન્કાર કરતા કહ્યું કે, ‘કળિયુગમાં ભગવાન પ્રગટ ન થાય. સમાધિ તો થાય જ નહિ. મને ડંકપુરના રણછોડરાયમાં શ્રદ્ધા છે. તમે હરિભટ્ટને દર્શન દઈ તેનો રોગ મટાડો તો હું સાચા માનું. એમ કહી પોતે જવા તૈયાર થયા ત્યારે સ્વામીએ કહ્યું

કે, હરિભટ્ટનો રોગ તો હમણાં મટી જશે, પણ તમારા કુસંગના પાશ દૂર થતા સમય લાગશે. (૧)

વૈદ્યરાજ હરિભટ્ટને જોવા જાય છે ત્યાં તો તે તેને સાજા સારા સામા મળે છે અને કહે છે કે, ગોપાળાનંદ સ્વામી મારા ઘરે પધાર્યા અને મને સાજો કર્યો. મને તો સ્વામીએ મોતના મુખમાંથી બચાવ્યો માટે મારે મન તો તે જ રણછોડરાય છે.' (૧)

બીજા દિવસે પૂનમ હોવાથી વૈદ્યરાજ ડાકોર દર્શન કરવા જાય છે ત્યાં રાત્રે રણછોડરાય તેમને સ્વપ્નમાં આવીને તેમને ગઢડા સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા અને મોક્ષ મેળવવા આજ્ઞા કરે છે. આથી પોતે ત્યાંથી બારોબાર ગઢડા પહોંચે છે ત્યાં ગોપાળાનંદ સ્વામીએ આપેલ નિશાનીરૂપે શ્રીહરિ તેમને કેરીનો પ્રસાદ આપતા વૈદ્યરાજને સ્વામીની કહેલી બધી વાત સાચી લાગે છે. શ્રીહરિ તેમને સમાધિ કરાવી ચોવીશ અવતાર દેખાડી તેને સાચું જ્ઞાન આપતા વૈદ્યરાજ શ્રીહરિના આશ્રિત થાય છે. શ્રીજીની કૃપાથી વૈદ્યરાજના પત્ની અમૃતબાને પણ દિવ્ય સત્સંગ થાય છે. વૈદ્યશ્રી આ બધી વાત સયાજીરાવ સરકારને કરે છે અને તેમને પણ શ્રીહરિ પ્રત્યે શ્રદ્ધાભાવ જાગે છે. (૧)

આમ, રામચંદ્ર વૈદ્ય શ્રીહરિના અનન્ય ભક્ત બની ગયા. એકવાર રાત્રે સૂતા હતા અને તેમને સંકલ્પ થયો કે, મહારાજના ઘણાં દિવસ થયા દર્શન નથી કર્યા. એવો વિચાર થયો ત્યાં તો ડેલી ખખડી. જુએ તો મહારાજ ! આમ શ્રીહરિ તેના સર્વે સંકલ્પ પૂરા કરતા. (૨)

એકવાર વૈદ્યશ્રી રાત્રે સુતા હતા ને ઘરના રાંધણીયામાં આગ લાગી. બધા ભર ઊંઘમાં હતા તે સમયે શ્રીહરિએ વૈદ્યની પુત્રીને જગાડી પણ તે જાગી નહિ પછી અમૃતબાને જગાડીને કહ્યું કે આગ લાગી છે તે ઓલવો. તેમણે શાસ્ત્રીને જગાડ્યા તો રાંધણીયાની આગ રૂમ સુધી ફેલાઈ ગયેલી. બધાએ વેળાસર આગને બુઝાવી. આમ શ્રીહરિએ સમયસર આવી બધાની રક્ષા કરી. (૩)

એકવાર વૈદ્યરાજ તથા તેમના ઘરના ઉત્સવ ઉપર શ્રીહરિના દર્શને જવા માટે તૈયારી કરતા હતા. ત્યારે શાસ્ત્રી કહે આપણે મહારાજ માટે કસુંબીવસ્ત્રો તૈયાર કરીને લઈ જઈએ. ત્યારે તેમના ઘરના કહે, ના. એવા વસ્ત્રો તો મહારાજ કોઈવાર જ પહેરતા હોય માટે મહારાજ રોજ સફેદ વસ્ત્રો પહેરે છે તેવા વસ્ત્રો લઈ જઈએ. તે સાંજે શ્રીહરિએ કસુંબી વસ્ત્રો પહેરેલા હોય તેવા દર્શન તેના પાડોશીને આપ્યા

અને કહ્યું કે, તમે અમૃતબાને કહેજો કે, જુઓ આવા વસ્ત્રો અમે પહેરીએ છીએ. પછી તે પાડોશણે અમૃત બાને આવી વાત કરી. પછી બંને ગઢડા દર્શને ગયા ત્યારે મહારાજ માટે કસુંબી વસ્ત્રો લઈ ગયા. (૪)

વૈદ્યરાજ મન, કર્મ, વચનથી શ્રીહરિને સેવતા. તેમનો નિશ્ચય પણ પરિપૂર્ણ હતો. એક સમયે તેના યુવાન પુત્રનો અંતકાળ આવ્યો. પુત્ર મૃત્યુ પામ્યો. શ્રીહરિ તેમના પુત્રના જીવને તેડવા આવ્યા તેવા સૌને દર્શન થયા. ત્યારે રામચંદ્રએ શ્રીહરિના દર્શન કરી કહ્યું કે, સારું મહારાજ તમે અમને દર્શન દીધા. પણ પોતાના પુત્રને જીવતો રાખવા કોઈ પ્રાર્થના ન કરી. આથી શ્રીહરિએ તેમની નિષ્ઠા જાણી તેના પર રાજી થયા અને પુત્રને ફરી સજીવન કર્યો. આથી સૌ રાજી થયા. (૫)

એકવાર વૈદ્યરાજને શ્રીહરિના મંદવાડના સમાચાર મળતા તેઓ તુરત જ દર્શન કરવા ચાલ્યા. ત્યાં રસ્તામાં તેમણે કાઠીઓ સહિત શ્રીજીના દર્શન થયા. ત્યારે વૈદ્યરાજ કહે, મહારાજ તમે બીમાર હતા તેવા સમાચાર સાંભળ્યા. ત્યારે મહારાજ કહે, જુઓ અમારી નાડી. અમને મંદવાડ છે ? વૈદ્યે નાડી જોઈ પણ નખમાં પણ રોગ ન દેખાયો. પછી મહારાજ કહે, અમે સારંગપુર જઈએ છીએ કાલે ગઢડા આવશું. પછી વૈદ્ય તો ગઢડા ગયા ત્યારે શ્રીહરિના સ્વધામ ગમનના સમાચાર જાણી ખૂબ દિલગીર થયા કે મહારાજે મને સેવાનો મોકો ન આપ્યો અને મને છેતરીને જતા રહ્યા. (૬)

★ **પાદટીપ :**

(A) **વચનામૃત ચિંતન :** લેખક : પુ. દેવપ્રસાદદાસજી સ્વામી, સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ. વર્ષ-૨૦૦૫, પાના નં. ૫૨થી ૫૩

(૧) **શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ :** ડાકોર મંદિર. વર્ષ-૨૦૧૩, પાના નં. ૧૬૧થી ૧૭૨

(૨) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૧૩૧

(૩) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૧૩૨

(૪) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૧૩૪

(૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૧૩૫

(૬) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૨, અંકલેશ્વર ગુરુકુલ, વાર્તા નં. ૩૧૯

૧૦૫. રોજકાના કાકાભાઈ

વચનામૃત ગઢડા પ્રથમના ૭૦ના કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાના વચનામૃતમાં રોજકાના કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે કે, અંતરની માંહીલી કોરે એક કહે છે જે વિષયને ભોગવીએ અને એક તેની ના પાડે છે. તે ના પાડે છે તે કોણ છે ? અને હા પાડે છે તે કોણ છે ?

સંપ્રદાયમાં બે કાકાભાઈ થઈ ગયા. એક મેથાણના કાકાભાઈ અને બીજા રોજકાના (૧) આ રોજકાના કાકાભાઈ ભાલપ્રદેશના ચંદ્રચૂડ વંશના ક્ષત્રિય જ્ઞાતિના હતા. આ પ્રદેશમાં માથા સાટે સત્સંગ રાખનારા ભારે ટેકીલા એકાંતિક ભક્તો થઈ ગયા છે. રોજકા ધોલેરા પાસે આવ્યું છે. ત્યાં ચુડાસમા ગરાસીયા ગામધણી દરબાર કાકાભાઈ રહેતા હતા. તેઓ ધોલેરાના દરબાર ભક્તશ્રી પુંજાજીના યોગથી ચુસ્ત સત્સંગી થયેલા. કાકાભાઈની આધ્યાત્મિક સ્થિતિ ઘણી ઊંચી હતી. તેની સમજણ સંપ્રદાયમાં વખણાતી. તેઓએ ઊંચા પ્રકારની સાધના કરેલી. તેઓએ કઠિન નિયમો અને વ્રત સાથે ૧૫ વર્ષ સુધી રાત્રિના બે વાગ્યા સુધી સાધના કરેલી અને અભ્યાસ દ્વારા તેમણે મૂર્તિનો સાક્ષાત્કાર કરેલો. પોતાની જ્ઞાતિમાં અને ગામમાં સત્સંગ થાય તે માટે તેઓ ખૂબ દાખડો કરતા. (૧)

શ્રીહરિ ગઢપુરથી વડતાલ જતા ત્યારે રસ્તામાં રોજકા પધારતા. શ્રીહરિ પ્રથમ વર્ણીવેશે રોજકા પધારેલા. ત્યાર પછી કાકાભાઈના ભાવ અને સત્સંગથી શ્રીહરિ સંતો પાર્ષદો સાથે ૭ વાર રોજકા પધારેલા છે. કાકાભાઈ ખૂબ ભાવપૂર્વક તન, મન, ધનથી કુટુંબે સહિત શ્રીહરિની સેવા કરતા. (૧)

તેઓ વિચારક, સાધક અને સદ્‌ગ્રંથોના પૂર્ણ અભ્યાસી હતા. ચિત્તની વૃત્તિ સદાય પ્રભુ સન્મુખ રહે તેવા પ્રયત્નો કરતાં વચનામૃતમાં પણ તેઓએ આવા આજ્ઞાસભર અને નિયમ દઢતાના પ્રશ્નો પૂછેલા છે. (૧)

કાકાભાઈએ **ગઢડા પ્રથમના ૭૦માં** જે પ્રશ્નો પૂછેલા છે તે મોક્ષભાગી

આત્માઓ માટે દિવાદાંડીરૂપ છે. તેથી જ સંતો આ વચનામૃતનો નિત્ય પાઠ કરવાની ભલામણ કરે છે.

વિ.સં.૧૮૮૬ના ચૈત્ર માસમાં કાકાભાઈ બિમાર થયા. ત્યારે કોઈ એકાંતિક ભક્તને શોભે એવો તેમને વિચાર થયો કે આ દેહનો કાંઈ નિર્ધાર નથી. અચાનક ધામમાં જવું પડે તો મારા હાથે જ હું પુણ્ય-દાન કરી શ્રીજીને રાજી કરી લઉં. આથી આ વિચાર તેમણે પોતાના ધર્મપત્નીને કહ્યો કે મારે અચાનક જવાનું થશે. પછી તારાથી આ ઘરેણાં વગેરે નહીં પહેરાય. માટે આ ઘરેણાં અને મારી ઘોડી શ્રીહરિને અર્પણ કરી દઈએ તો ? (૨)

તેમના પત્ની પણ એવા જ મહિમા અને સમજણવાળા ભક્તરાજ હતા. તેમણે તરત આ વાતનો સ્વીકાર કર્યો અને પોતાના ઘરેણાં, રૂપાની તાંસળી, રૂપાનો અબખોરો, પાંચસો રૂ. રોકડા વગેરે સામાન ખડિયામાં ભરી ઘોડી ઉપર નાખી રઘુનાથ ભક્ત સાથે ગઢડા મોકલ્યો. ભક્તે આ સામાન શ્રીજીને અર્પણ કરી કાકાભાઈ વતી જય સ્વામિનારાયણ કહ્યા અને કહ્યું કે, ભગતની આ સેવા સ્વીકારો. (૨)

શ્રીજી મહારાજે આ કિંમતી સામાન સભામાં સર્વેને દેખાડ્યો અને બોલ્યા કે, આ ભક્તની સમજણ તો જુઓ ? હજી પોતે દેહ મૂક્યો નથી. છતાં બીમારી જેવું જણાતા પોતાની પ્રિય ઘોડી અને સ્ત્રીના ઘરેણાં અમને મોકલી આપ્યા. તેમને અને તેમના ઘરનાને ધન્યવાદ છે. (૨)

ત્યારે મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, હા મહારાજ ! તેમની સમજણ તો દાદાખાચર અને ઝીણાભાઈ જેવી છે. (૨)

આ રીતે શ્રીજીને અર્પણ કરી પોતે થોડા દિવસમાં તન તજી ધામમાં ગયા છે.

આ સમગ્ર વાતો **પ્રસાદાનંદ સ્વામીની વાતોના ૮૭માં** વિશ્રામમાં વર્ણવી છે.

વળી **હરિલીલામૃતના કળશ ૭-૨-૧૨-૧૩માં** પણ વર્ણન છે કે, શ્રીહરિ રોજકા પધારે ત્યારે કાકાભાઈ વાજિંત્રો વગાડતા સામા તેડવા જતા અને દૂરથી આવતા જોઈને મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા. (૩)

કાકાભાઈ અને માનાભાઈ બે ભાઈઓ હતા. કાકાભાઈના કુટુંબમાં તેમના પુત્રોમાં સત્સંગ છે તથા તેમની પાસે શ્રીજીની પ્રસાદીની વસ્તુઓ તથા ચરણાર્વિંદ સચવાયેલા છે. (૩)

વચનામૃત ગઢડા પ્રથમનું ૭૦મું :

(૧) કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પૂછ્યું કે, અંતરને માંહીલી કોરે એક કહે છે કે વિષયને ભોગવીએ અને એક તેની ના પાડે છે. તે ના પાડે છે તે કોણ છે ? અને હા પાડે તે કોણ છે ?

(૨) મહારાજને પ્રશ્ન પૂછ્યો છે :

હે મહારાજ ! એ સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે તેનો શો ઉપાય છે?

(૩) એકને તો કુસંગીની લડાઈ આળસી ગઈ છે ને સંતનું જ બળ છે એક એવો... પણ જેને લડાઈ એમને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય ?

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૨મું :

(૧) ...જેને માહાત્મ્ય વિનાનો એકલો ભગવાનનો નિશ્ચય હોય તેના શા લક્ષણ છે ?

(૨) ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના જે ભગવાનના ભક્ત તેના શા લક્ષણ છે ?

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** શા. ધર્મવલ્લભદાસજી સ્વામી, સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, વર્ષ ? પાના નં. ૩૬૧થી ૩૬૭

(૨) **પ્રસાદાનંદ સ્વામીની મૂળ વાતો :** કુંડળ પ્રકાશન, વર્ષ ? પાના નં. ૧૦૦૧થી ૧૦૦૨, વિશ્રામ : ૮૭

(૩) **હરિલીલામૃત :** વિહારીલાલજી મહારાજ, ૩જો વિશ્રામ. કળશ : ૭-૨-૧૨ અને ૧૩.

●

૧૦૯. વિપ્ર વાલા ધ્રુવ

વચનામૃત **ગઢડા પ્રથમના ૪૪મા ગામ** વસોના વિપ્ર વાલા ધ્રુવે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! દેહ અને દેહના સંબંધીને વિષે અહંમમત્વપણાના ઘાટ થાય છે તે કેમ ટળે ?

વિપ્રવાલા ધ્રુવ વિષે જાણીએ :

ગામ વસો (ચરોતર, નડિયાદ પાસે) બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મેલા છે. **ભક્ત ચિંતામણિના ૧૨૨**માં પ્રકરણમાં તેમનું નામ આ રીતે આપેલ છે :

'દ્વિજ ભક્ત વાલોભાઈ નામ, ઈચ્છારામ દાદો મયારામ' ૩૪

'એહ આદિ બહુ બાઈ ભાઈ, વસે ભક્ત વસો ગામમાંઈ' ૩૭

શ્રીહરિએ ડભાણનો યજ્ઞ આ.સં. ૧૮૬૬ (ઈ.સ. ૧૮૦૯-૧૮૧૦)માં કરેલો ત્યારે યજ્ઞના મુખ્ય યજમાનોમાં ડભાણના વિષ્ણુદાસ, રઘુનાથદાસ કાશીદાસ તથા વસોના વાલા ધ્રુવ પણ હતા. તેમણે તન મન ધનથી આ યજ્ઞમાં સેવા કરી શ્રીજીનો રાજીપો લીધેલ.

એ રીતે શ્રીજીએ વડતાલમાં આ.સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૬)ની સાલમાં ફૂલદોલ ઉત્સવ કરેલ. ત્યારે સંઘ સાથે વડતાલ જતા શ્રીહરિ ગામ વસોમાં રાત રોકાયેલ. ત્યારે ભક્તોએ ગામ બહાર રામસર તળાવ છે ત્યાં ઈશાન ખુણામાં શ્રીહરિ તથા સંતો ભક્તો માટે તંબુ બનાવી આપેલ તથા ઘોડા, બળદો માટે ચંદીની વ્યવસ્થા કરેલ. શ્રીહરિ તથા સંતો ભક્તો માટે ભોજનની વ્યવસ્થા કરી આપેલ. જે ભક્તોમાં દાદાભાઈ દવે, તુલસીભાઈ અમીનની સાથે વિપ્ર વાલા ધ્રુવ પણ હતા. જેઓ મોડી રાત સુધી સેવામાં રહ્યા હતા.

શ્રીહરિ જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કરતા ત્યારે વિપ્ર વાલા ધ્રુવ સંઘ સાથે પહોંચી જઈ કથાવાર્તા, સેવાનો અમૂલ્ય લાભ લેતા.

•

૧૦૭. વિષ્ણુદાસ

પરમ કલ્યાણના **ગઢડા મધ્યના ૫૯માં વચનામૃત**માં ભગવાન અને સંત મહિમાનું મહત્ત્વ સમજાવતા શ્રીહરિ કહે છે કે, જેને પૂર્વજન્મમાં ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ હશે તેને આ જન્મમાં ભગવાન અને ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. એવી દૃઢતા તો જેવી વિષ્ણુદાસની હતી... ત્યારે જાણવું જે આ પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે.

ગુજરાતમાં નડિયાદ પાસે ડભાણ ગામ છે. વિષ્ણુદાસ પટેલ ત્યાંના રહેવાસી હતા. વ્યવહારે સાધારણ પણ તેમનો ઉત્સાહ અસાધારણ હતો. સંવત ૧૮૬૬ની સાલમાં શ્રીહરિએ ડભાણમાં ૧૮ દિવસ સુધી વિષ્ણુયાગ (યજ્ઞ) કરેલો. હજારો બ્રાહ્મણો અને લાખો હરિભક્તો દર્શને આવેલા. તે સર્વેને શ્રીહરિએ ભાવપૂર્વક જમાડેલા. શ્રીહરિએ ડભાણમાં જે મોટા મોટા યજ્ઞો કરાવેલા તે સર્વે વિષ્ણુદાસના નામે કરાવેલા કેમકે તેઓ અત્યંત દૃઢ નિષ્ઠાવાળા એકાંતિક ભક્ત હતા. **ભક્તચિંતામણિ**ના ૧૨૧માં પ્રકરણમાં લખ્યું છે :

'ધન્ય ધન્ય ડભાણના જન, જિયાં મહારાજે કર્યા જગન.
અતિભાવે ભર્યા નરનાર, જેના પ્રેમતણો નહિ પાર,
પટેલ વિષ્ણુદાસ હરિશરણ, રૂગનાથ બે રાયજિ ત્રણ.'

વિષ્ણુદાસ પટેલ જ્ઞાતિના હતા તેવો કડીમાં ઉલ્લેખ છે. અતિ ભાવનાશાળી અને પ્રેમી ભક્ત હતા. તેમના કુટુંબમાં તેમના માતા-પિતા સત્સંગી ન હતા. પરંતુ તેમના એક વિધવાબેન સત્સંગ રાખતા. ભક્તના એક કાકા સત્સંગના દ્વેષી હતા. જે ખૂબ ઈર્ષાળુ, લોભી અને ક્રુર સ્વભાવવાળા હતા. તે હરહંમેશ વિષ્ણુદાસના સત્સંગની અને તેની નિંદા કર્યે રાખતા. માનસિક ત્રાસ આપતા. બાપદાદાની મિલકતમાંથી પણ તેણે વિષ્ણુદાસને કંઈ ભાગ ન આપ્યો. તેમ છતાં ભક્ત પોતાનો વ્યવહાર ખૂબ કરકસરથી ચલાવી તેમાંથી મૂડી બચાવી શ્રીહરિ માટે, સંતો માટે

અને ઉત્સવમાં વાપરતા. (૧)

જેતલપુરમાં સંવત ૧૮૬૫માં ૧૮ દિવસનો બહુ મોટો યજ્ઞ કર્યો એ યજ્ઞમાં વિષ્ણુદાસ ગયેલા અને મહારાજને પ્રાર્થના કરેલ કે આપ ડભાણમાં પણ આવો વિષ્ણુયાગ કરો. શ્રીહરિએ તેમની ભાવના જાણી ડભાણમાં ખૂબ મોટો યજ્ઞ કરવાનું વચન આપ્યું. ગામોગામ કંકોતરી લખાઈ. શ્રીહરિ વિચરણ કરતા કરતા હાથરોળી પધાર્યા. તે સમયે ઘોડાસરના રાજા જાલમસિંહને સમાચાર મળતા તેઓ શ્રીહરિના દર્શને દોડી આવ્યા. તેમને શ્રીહરિએ ડભાણના યજ્ઞની વાત કરી અને સાથે તેમના હથિયારબંધ સાથીદારોની સહાયની વાત કરી કેમકે લોલંગર બાવાઓ તથા વામ માર્ગીઓ યજ્ઞમાં વિઘ્ન કરે તેમ હતા. જાલમસિંહે મદદની ખાતરી આપી તીરકામઠાધારી દશ હજાર સેવકો યજ્ઞની રક્ષા માટે ગોઠવી દીધા. (૧)

હરિલીલામૃતના ૭મા કળશમાં ૭માં વિશ્રામમાં લખે છે : ‘નૃપની જ્યાં નોબત ગડગડી, દશ હજાર કામઠી ચડી.’

જેતલપુરમાં વામમાર્ગી બ્રાહ્મણોએ જે ઉપાધિ કરવાનું વિચાર્યું હતું તેવી પરિસ્થિતિ અહીં ન થાય તે માટે શ્રીહરિએ આવી આગોતરી વ્યવસ્થા ગોઠવી દીધી. ડભાણમાં દરેક જગ્યાએ અને યજ્ઞશાળામાં હથિયારધારી ભીલ અને ક્ષત્રિય સેવકો ગોઠવી દીધા.

સીધા સામગ્રી માટે બ્રહ્માનંદ સ્વામીની સૂચનાથી અણિયાળીવાળા પૂંજા શેઠને ૫૦ ગાડા લઈને ખંભાત મોકલ્યા. ખંભાતના પાદરે જ્યાં પહોંચ્યા ત્યાં એક શેઠ મળ્યા અને કહ્યું તમારે સીધા સામાન જોઈએ છે ને ? અહીં નજીકમાં જ મારી વખાર છે. એમ કહી જરૂરી તમામ સીધુ સામાન ગાડામાં ભરાવી દીધું. પૈસાની વાત કરી તો કહે, અત્યારે રાતે પૈસા ન લેવાય. સવારે વાત. સવારે ગયા તો વખાર જેવું કાંઈ ન મળે. શેઠ પણ ન મળ્યા. પૂંજા શેઠે માન્યું કે, કોઈ દાનવીર શેઠમાં મહારાજે પ્રેરણા કરી. સામાન અપાવ્યો લાગે છે. તે ઉપરાંત ચોતરફથી પુષ્કળ સાધન-સામગ્રી અને ગુપ્ત દાન આવવા મંડ્યા. બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને આ બધી વ્યવસ્થા બતાવી. પાકશાળામાં જે જે કોઠીમાં લોટ, દાળ, ઘી, ગોળ વગેરે અધૂરા હતા ત્યાં શ્રીહરિએ પોતાની છડી અડાડી પાત્રને અક્ષયરૂપ બનાવી દીધા. (૧)

વામમાર્ગીઓની કોઈ કારી ફાવી નહિ. શ્રીહરિ યજ્ઞશાળા અને પાકશાળામાં

રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને ગયા ને બ્રાહ્મણોને ડારો દીધો કે તમને જમાડવાથી અમને કોઈ પુણ્યની આશા નથી અમે તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છીએ. તમારો સંકલ્પ અમે જાણીએ છીએ. તમારી બુદ્ધિ કેમ આટલી ભ્રષ્ટ થઈ ગઈ છે ? આટલું સાંભળતા બધા ભૂદેવો ડરીને છાનામાના થઈ ગયા. શ્રીહરિએ યજ્ઞ પૂર્ણ કરી બધાને છૂટે હાથે સોનામહોરની દક્ષિણા આપી રાજી કર્યા. આમ વિષ્ણુદાસનો મનોરથ શ્રીહરિએ પૂર્ણ કર્યો.

ભક્તચિંતામણિના ૧૩૩માં પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

એક સમે અલબેલડે, કર્યો ડભાણ ગામે જગન,
સર્વે દેશના સત્સંગીએ, આવી કર્યા હરિ દર્શન.

ભક્તરાજ વિષ્ણુદાસે સગાંસંબંધીનો ત્રાસ સહન કરી આર્થિક સંકડામણ હોવા છતાં શ્રીહરિને ડભાણમાં પધરાવી મહામોટો યજ્ઞ કર્યો. તેમાં તેમની નિષ્ઠા, ભાવ અને શીર સાટાની ભક્તિને વશ થઈ શ્રીહરિએ તેમનો સંકલ્પ પૂર્ણ કર્યો.

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** જૂનાગઢ મંદિર પ્રકાશન : લેખક - શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી. પાના નં. ૨૪૦થી ૨૫૪

●

૧૦૮. શોભારામ શાસ્ત્રી

શોભારામ શાસ્ત્રી વિષે જાણીએ :

વડોદરા છોટા કાશી કહેવાતું. કેમકે ત્યાં વિદ્વાનોને ગાયકવાડ સરકાર સયાજીરાવ તરફથી રાજ્યાશ્રય મળેલો તેથી અનેક સંસ્કૃતના પંડિતો ત્યાં વસતા. રાજા તેમનું પોષણ કરતા અને તેમની વિદ્યાને બિરદાવતા.

શોભારામ શાસ્ત્રી ગાયકવાડ સરકાર સયાજીરાવના દરબારના મહાવિદ્વાન પંડિત હતા. તેઓ ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણ હતા અને સરકારી દેવધરની પુસ્તક શાળાના અધિકારી હતા. તેઓ શંકરના ઉપાસક હતા. (૧)

આધારાનંદ સ્વામી તેમના **શ્રીહરિ ચરિત્રામૃત સાગર** ગ્રંથમાં શાસ્ત્રી વિષે લખે છે કે, આપણા સત્સંગમાં જેને પોતાના જીવનનિર્વાહની આશા ન હોય તેવા તો એક શોભારામ શાસ્ત્રી છે. વિદ્યામાં અપાર કુશળ હતા. વ્યાકરણશાસ્ત્રના બધા ગ્રંથમાં ક્યાંય લેશમાત્ર અટકતા નહિ. હજારો શાસ્ત્રીઓમાં તે પ્રસિદ્ધ અને મુખ્ય વિદ્વાન હતા અને હરિભક્ત હતા. તેઓ પોતાને હરિભક્ત કહેવડાવવામાં મોટાઈ માનતા. (૨)

પોતે શાસ્ત્રી હોવા છતાં સભામાં કોઈ સત્સંગની વાત કરતા હોય તો અજાણ્યા હોય તેમ શાંતિથી સાંભળતા. પોતાના ભણતરનું તલભાર પણ અભિમાન રાખતા નહિ. ભગવાનની મોટપને જ અપાર જાણતા. પોતે અપાર તર્ક જાણતા હોવા છતાં સભામાં તર્ક કરતા નહિ. શ્રીહરિની વાત સિવાય બધી વાતને નકારી માનતા. જ્યારથી તેમને દૃઢતાપૂર્વક સત્સંગ થયો ત્યારથી બધી મોટપ સત્સંગના પ્રતાપથી જ છે તેમ માનતા હતા. (૩) તેમને સત્સંગ થયો ન હતો તે સમયની આ વાત છે.

તેમને સત્સંગ કેવી રીતે થયો તે વાત જાણીએ :

વડોદરાની પુસ્તક શાળાના લહીયા ધનેશ્વરભાઈ મોટા સત્સંગી હતા.

તેમણે શોભારામ શાસ્ત્રીને ધતુરાના ફૂલ અને બિલિપત્ર આપીને કહ્યું કે, તમારા મંદિરમાં ગોપાળાનંદ સ્વામી છે તેને આ આપજો અને કહેજો કે, બ્રહ્માંડના ઈશ્વર શંકર છે. તેમને આ બિલિપત્ર ચડાવજો. એમ કહી પોતે ફૂલ-પત્રમાં ગુપ્ત નિશાની કરીને આપ્યા. ધનેશ્વરભાઈએ આ પત્ર ગોપાળાનંદ સ્વામીને આપ્યા. ગોપાળાનંદ સ્વામીએ પણ બીજા ફૂલ વગેરે શાસ્ત્રીને મોકલ્યા અને કહ્યું કે, અનંતકોટી બ્રહ્માંડના પતિ શ્રીકૃષ્ણ છે તેને આ ફૂલ ચડાવજો. આ બાજુ શાસ્ત્રી પૂજા ઘરમાં આવ્યા. તેમને થયું કે, શંકરની પૂજા થઈ એટલે વિષ્ણુની પૂજા થઈ ગઈ કહેવાય એમ માની પાઠ કરવા બેઠા. એટલામાં સરકાર ગાયકવાડ આવ્યા તો તેમણે જોયું કે મહાદેવની પૂજા કોઈ અગાઉથી કરી ગયું લાગે અને મંદિરમાં મધુર સ્વરે કોઈ વિષ્ણુની પૂજા કરી રહ્યું છે. એટલામાં તેમણે પ્રકાશ જોયો અને સાક્ષાત્ શંકર વિષ્ણુ સહસ્ત્રનામ બોલી શ્રીકૃષ્ણની પૂજા કરી રહ્યા હતા. શાસ્ત્રી અને સરકાર સહિત બધા બ્રાહ્મણોને આવા દર્શન થયા. શાસ્ત્રીએ જે નિશાનીવાળા ફૂલ આપ્યા તે ફૂલ મહાદેવજી વિષ્ણુને ચડાવતા જોયા. પોતે આપેલા ફૂલ મહાદેવજી વિષ્ણુને ચડાવતા હતા. આ ચમત્કાર જોઈ તેમને ખૂબ આશ્ચર્ય થયું. (૪) તેમને સમજાયું કે મહાદેવ કરતા વિષ્ણુ મોટા છે કેમકે આ તો મહાદેવ વિષ્ણુની પૂજા કરે છે.

ત્યારબાદ તેઓ શિવરહસ્યનું પુસ્તક વાંચવા બેઠા. ત્યાં પુસ્તકમાંથી એક તેજનો ગોળો નીકળ્યો અને તેમાંથી રાધાકૃષ્ણ પ્રગટ થયા અને સાથે ગોપ-ગોપીઓ પણ દેખાયા. શાસ્ત્રી આ આશ્ચર્ય જોઈ ગદ્ગદ્ કંઠે શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા કે હું કૃતાર્થ થયો. મારા સર્વે મનોરથ પૂર્ણ થયા. હવે તમારું જે રહસ્ય હોય તે મને કહો. ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે, તમે પુસ્તક ખોલતા જે તેજ દેખાયું તે શિવ બ્રહ્માદિક સર્વેનું રહસ્ય છે અને અમે હમણાં પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધારણ કરી સ્વામિનારાયણ રૂપે અનેક જીવનું કલ્યાણ કરવા વિચરીએ છીએ એ અમારું રહસ્ય છે. ગોપાળાનંદ સ્વામી અમારું અંગ છે. તમે તેમનો સમાગમ કરજો એમ કહી પ્રભુ અદૃશ્ય થઈ ગયા. પછી શાસ્ત્રી મંદિરે આવીને ગોપાળાનંદ સ્વામીને પગે પડ્યા અને પોતાની અણ-સમજણ દૂર કરીને શ્રીહરિનો આશરો કર્યો. (૪)

એક સમયે વડતાલના સમૈયામાં શોભારામ શાસ્ત્રીએ પોતાના ઉતારે શ્રીહરિને થાળ જમાડવા સારું બોલાવ્યા. થાળ જમ્યા પછી શાસ્ત્રીએ મહારાજની વિવિધ ઉપચારે કરીને પૂજા કરી. ત્યારબાદ તેમના પત્ની મહારાજની પૂજા કરવા

સારું કુંકુમ લઈને ચાંલ્લો કરવા જાય ત્યાં તો મહારાજની મૂર્તિમાંથી, તેજ નીકળ્યું અને બાઈની આંખો અંજાઈ ગઈ અને હાથમાં કુંકુમ એમને એમ રહી ગયું અને બાઈ ઊભા રહી ગયા. ત્યારે શાસ્ત્રી કહે, ચાંદલો કરને ? ત્યારે મહારાજે કહ્યું, ચાંદલો કરો. એમ કહી તેજ સંકેલી લીધું. ત્યારે શ્રીહરિની મૂર્તિ દેખાણી અને ચાંદલો કર્યો. તેમ શ્રીહરિ મનુષ્ય જેવા જણાય છે પણ અક્ષરમાં જેવા છે તેવાના તેવા જ છે. (૪)

શ્રીહરિએ તેમની પરીક્ષા લીધી તે પ્રસંગ :

શાસ્ત્રી શ્રીહરિના આશ્રિત થયા પછી મન, કર્મ, વચને દાસ થઈને રહેતા. તેમનો નિશ્ચય પરિપૂર્ણ હતો. તે સમયમાં તેમના પુત્રને મંદવાડ આવ્યો અને અંતકાળ જેવું વર્તાણું. નાડીઓ તૂટી ગઈ અને પ્રાણ નીકળી ગયો. શાસ્ત્રીએ જોયું પણ કાંઈ બોલી શક્યા નહિ. તે સમયે શ્રીહરિએ તેમને દર્શન દીધા. બધા ખૂબ રાજી થયા કે, મહારાજ અમારી ઉપર મહેર કરી. અમે કૃતાર્થ થયા. ત્યારે મહારાજ કહે, અમે તમારા પુત્રને તેડવા આવ્યા હતા. પણ હવે તેને મૂકીને જઈએ છીએ. તમે શોક કરશો નહિ. એમ કહી અદશ્ય થઈ ગયા. તે સમયે પુત્ર પથારીમાંથી બેઠો થયો. તે જોઈ સહુ આશ્ચર્ય પામ્યા. (૫) આવા કપરા સમયે તેમણે શ્રીહરિને પોતાના પુત્ર બાબત કોઈ પ્રાર્થના ન કરી. તેથી શ્રીહરિ તેમના પર રાજી થયા.

વડોદરામાં વિઠ્ઠલનાથજીની હવેલીમાં સં. ૧૮૮૧ના પોષ વદી-૧૧ના દિવસે જ્યારે સંપ્રદાયની સુવિખ્યાત વડોદરાની સભામાં પરોક્ષના વિદ્વાનો વચ્ચે સ. મુક્તાનંદ સ્વામીની જ્ઞાનગોષ્ટિ થઈ ત્યારે સામસામા પ્રશ્ન ઉત્તરો થતા હતા ત્યારે ઉત્તરની ખરાઈ ચકાસવા માટે વડોદરાની સરકારે સંસ્કૃતના પરમ વિદ્વાન શોભારામ શાસ્ત્રીની પુરાણી તરીકે મધ્યસ્થી રાખેલ.

આ સમયે હજારો વડોદરાવાસીઓ, હરિભક્તો, પંડિતોની હાજરીમાં વિદ્વાનોએ મુક્તાનંદ સ્વામીને સંપ્રદાયની સત્યતા ચકાસવા વિવિધ પ્રશ્નો પૂછ્યા કે આ સંપ્રદાય વૈદિક છે કે કેમ ? દરેક પ્રશ્નોના જવાબો સ્વામીએ શાસ્ત્રોના આધારે આપ્યા. શોભારામ શાસ્ત્રીએ સ્વામીના શાસ્ત્રોક્ત વચનોને મંજૂર કર્યા. વિદ્વાનોના મનમાં રહેલી આશંકાઓ દૂર થઈ અને સંપ્રદાય શાસ્ત્રોક્ત છે તેવું પુરવાર થયું. આ સમગ્ર જ્ઞાનગોષ્ટિમાં શોભારામ શાસ્ત્રીએ યથાર્થ કામગીરી

બજાવી તેથી શ્રીહરિ, સંતો, સયાજીરાવ ગાયકવાડ રાજા અને વડોદરાવાસીઓ ખૂબ પ્રસન્ન થયા.

જ્ઞાની હોવું અને નિરાભિમાની રહેવું તે કઠણ છે, પણ તે બંને સદ્‌ગુણો શોભારામ શાસ્ત્રીમાં હતા. પોતાના શૈવ ધર્મનો ત્યાગ કરી શ્રીહરિનું શરણું સ્વીકાર્યું અને મહારાજનો અપૂર્વ રાજીપો મેળવ્યો.

વચનામૃતમાં શ્રીહરિને શોભારામ શાસ્ત્રીએ તાત્ત્વિક પ્રશ્નો પૂછેલા છે.

★ **વડતાલનું ૧લું :**

હે મહારાજ ! મુમુક્ષુ હોય તે જ્યારે નિર્વિકલ્પ સમાધિને પામે ત્યારે ગુણાતીત થાય ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય. ત્યારે જેને નિર્વિકલ્પ સમાધિ ન થાય તેની શી ગતિ થાય ?

★ **વડતાલનું ૭મું :**

હે મહારાજ ! ભગવાનનું અન્વયપણું કેમ છે અને વ્યતિરેકપણું કેમ છે ?

★ **વડતાલનું ૧૫મું :**

હે મહારાજ ! દૈવી ને આસુરીએ બે પ્રકારના જીવ છે તે અનાદિ કાળના છે કે કોઈક યોગે કરીને થયા છે ?

★ **પાદટીપ :**

(૧) **સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ :** અધ્યાય-૧૪, ડાકોર મંદિર. વર્ષ-૨૦૧૩, પાના નં. ૨૩૩

(૨) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૨૭, તરંગ-૨૦, શ્લોક ૩૪થી ૪૦

(૩) **શ્રીહરિ ચરિત્રામૃત સાગર :** પુર-૨૭, તરંગ-૨૧, શ્લોક ૧થી ૭

(૪) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** કુંડળ પ્રકાશન, વર્ષ-૨૦૧૨, વાત નં. ૧૧૯

(૫) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ :** ભાગ-૩, વર્ષ-૨૦૧૫, વાત નં. ૧૩૫

●

૧૦૯. હેમરાજ શાહ

પરમ કલ્યાણના **ગઢડા મધ્યના ૫૯માં વચનામૃત**માં ભક્તોની નિષ્ઠા અને પ્રભુ પ્રત્યેનો તેનો ભાવ દર્શાવતા શ્રીહરિ કહે છે કે, જેને પૂર્વજન્મમાં ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ હશે તેને આ જન્મે ભગવાન અને ભક્તોમાંથી હેત ટળશે જ નહિ. તેવી દૃઢતા તો હેમરાજ શાહની હતી... ત્યારે જાણવું જે પૂર્વજન્મનો આ ભગવાનનો ભક્ત છે.

હેમરાજ શાહ વિષે અને તેની પ્રભુ પ્રત્યેની દૃઢતા વિષે જાણીએ :

ભાલ પ્રદેશમાં અમદાવાદ જિલ્લામાં ધંધુકાથી પાંચ ગાઉ દૂર સુંદરિયાણા ગામ આવેલું છે. ત્યાં હેમરાજ શાહ વણિક જ્ઞાતિના શ્રીમંત શેઠ રહેતા હતા. તેમનો મૂળ ધર્મ વૈષ્ણવ હતો. સંવત ૧૮૬૪ની સાલમાં શ્રીહરિ ડોસા ખાચરના દરબારમાં પધારેલા ત્યારે તેણે હેમરાજ શાહના પુત્રો વના શાહ અને પૂંજા શાહને કહ્યું કે, અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે તો તમે દર્શન કરવા આવો. બંને પુત્રોએ મનમાં એવો સંકલ્પ કર્યો કે, જો સ્વામિનારાયણ ભગવાન હોય તો તેના ચરણમાં સોળ ચિહ્નો હોય અને એ ચિહ્નોનો દર્શન આપણને સામેથી કરાવે. વળી આ કોઠી ઉપર ત્રણ ચોફાળ પડ્યા છે તે માંગી લે તો તે ભગવાન સાચા અને તો અમે 'બ્રહ્મ સંબંધ' બાંધીએ. આ સંકલ્પ શ્રીહરિએ પૂરો કર્યો તેથી બંનેએ કંઠી બાંધીને વર્તમાન ધારણ કર્યા અને પુરી લગનથી સત્સંગના નિયમો પાળવા લાગ્યા. તેમના પિતા હેમરાજ શાહને પુત્રો સત્સંગી થયા તે ન ગમ્યું કેમકે તેઓ ચુસ્ત મરજાદી વૈષ્ણવ હતા. પુત્રો પણ કહ્યાગરા અને ડાહ્યા હતા તેથી તેમને પુત્રો તરફથી કોઈ ફરિયાદ ન હતી. પણ બંને ભાઈઓએ સત્સંગ ન છોડ્યો. (૧)

હેમરાજ શાહ દર એકાદશીએ એક મણ ઘી લઈ ચાલીને સુંદરીયાણાથી ધંધુકા જતા. તે દિવસે નકોરડો ઉપવાસ કરી આખી રાત મરજાદીઓ સાથે ભજન કરતા અને બીજે દિવસે બધા વૈષ્ણવોને લાડુની રસોઈ આપતા. પુત્રોને હરવખત એવી ઈચ્છા રહેતી કે પિતાશ્રી પણ સત્સંગી થાય તો તેના જીવનું કલ્યાણ થાય. એવામાં

તેમને એક સુયોગ્ય તક મળી ગઈ. સંવત ૧૮૭૪ની સાલમાં સદ્. યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી સુંદરીયાણા પધાર્યા. ત્યારે બંને ભાઈઓએ પોતાનો વિચાર સ્વામીને જણાવ્યો. આથી સ્વામી કહે, તેમને અહીં તેડી લાવો તો તમારી ઈચ્છા પુરી થશે. ત્યારે બંને ભાઈઓ કહે, તે વૈષ્ણવ છે તેથી અહીં તમારા દર્શને તો નહીં આવે. ત્યારે સ્વામી કહે, શું ઉપાય કરીએ તો આવે ? ત્યારે ભાઈઓ કહે, તે વૈદુ જાણે છે. સ્વામી બિમાર છે એમ કહીએ તો તુરત આવે. ત્યારે સ્વામી કહે, એમ કહો. પછી પુત્રોએ વાત કરી કે, અમારા સ્વામી બિમાર છે તો નાડી જોવા આવો. ત્યારે પિતાશ્રી કહે, સ્વામી તો એક વલ્લભ. બાકી બધા બાવા. પણ સ્વામી બીમાર છે એમ કહેતા તેઓ આવ્યા. આવીને સ્વામીની નાડી જોઈ. તો નાડી ન મળે. બીજા હાથની નાડી જોઈ, પગની જોઈ, હૃદય ઉપર હાથ મૂક્યો તો હૃદય પણ બંધ ! છતાં સ્વામી તંદુરસ્ત રીતે તેમની સાથે વાત કરે. તે સમયે સ્વામીએ યોગ શક્તિથી શરીરની બધી નાડી ખેંચી લીધેલ. હેમરાજ શાહે જોયું કે બધી નાડી બંધ છે છતાં સ્વામી તો બોલે ચાલે છે. આથી તેમને મહાઆશ્ચર્ય થયું કે, નક્કી આ યોગેશ્વર કૃષ્ણ છે. તે વગર આમ ન સંભવે. આથી તેઓ સ્વામીના પગમાં પડી ગયા અને સ્વામી પાસે વર્તમાન ધારણ કરી કંઠી બાંધી અને સત્સંગી થયા. (૧)

આ બાજુ વૈષ્ણવ સમાજને ખબર પડી કે આવા ચુસ્ત વૈષ્ણવી ભક્તે સ્વામિનારાયણ ધર્મ સ્વીકાર્યો છે અને તેમની કંઠી પહેરી છે. આથી તેઓ હેમરાજ શાહને મળવા આવ્યા અને કહ્યું કે, તમે ખોટું કરો છો. આપણો બાપ-દાદાનો ધર્મ ન છોડાય. ત્યારે હેમરાજ શાહ કહે, સ્વામિનારાયણ તે વિષ્ણુનો અવતાર છે અને હું તેનો દાસ થયો તેથી હું વૈષ્ણવ જ છું. આ કોઈ નવો સંપ્રદાય નથી. મેં સમજી વિચારીને આ સત્સંગ સ્વીકાર્યો છે. આમ હિંમતભર્યો જવાબ આપતા વૈષ્ણવો તેમને કહેતા બંધ થઈ ગયા.

આ અરસામાં વૈષ્ણવના ગોંસાઈજી આચાર્ય સુંદરીયાણા પધાર્યા. તેમણે માનેલું કે હેમરાજ શાહ શ્રીમંત છે તેથી મને મોટી ભેટ ધરશે. ત્યાં કોઈએ તેને કહ્યું કે, હવે શેઠ સત્સંગી થયા છે, તેની કંઠી ધારણ કરી છે. તેથી અહીં નહિ આવે. આથી ગોંસાઈજીએ મીઠાઈના ટોપલા તેમના ઘરે મોકલ્યા. ત્યારે હેમરાજ શાહે જાણ્યું કે, આચાર્ય મને મારા ધર્મમાંથી ચલાયમાન કરવા માંગે છે. તેથી તેમણે એ ટોપલા સવિનય પાછા મોકલ્યા અને તેઓ ગોંસાઈજીના ચરણ સ્પર્શ માટે પણ

ન ગયા. આથી ગોંસાઈજી અને વૈષ્ણવોએ માન્યું કે, આ શેઠ હવે ચલાયમાન થાય તેમ નથી આથી તેઓ નિરાશ થયા. (૧)

આ રીતે હેમરાજ શાહ ભારે ઉપાધિઓમાં પણ મક્કમ રહી શૂરવીરતાથી સત્સંગ જાળવી રહ્યા હતા. આવા એકાંતિક મુક્તરાજ સંવત ૧૮૮૦માં પુત્રોને દૃઢ સત્સંગ રાખવાની ભલામણ કરી અક્ષરધામમાં ગયા. (૧)

પાછળથી તેમના પુત્રોએ પિતાશ્રીનું કારજ કર્યું તેમાં નાત તેડાવી. પણ નાતિલાએ વિચાર્યું કે આમને સત્સંગ છોડાવવાની આ ભારે તક આવી છે. તેથી નાતના આગેવાનોએ કહ્યું કે, તમે કંઠી તોડો અને સત્સંગ મૂકી દો તો અમે જમવા આવીએ. ત્યારે બંને ભાઈઓએ શૂરવીરતાથી જવાબ આપ્યો કે, કંઠી તો શીર સાટે છે. આથી નાતે તેમના તમામ નાતિલાને પત્ર લખ્યો કે, વના શાહ અને પુંજા શાહને નાત બહાર મૂક્યા છે. આથી તેમના પિતાશ્રીના કારજમાં કોઈએ જવું નહિ. જે જશે તે નાત બહાર ગણાશે. આવું ફરમાન થવા છતાં બંને પુત્રો ડર્યા નહિ અને ગઢડા શ્રીહરિને મળવા ગયા અને તેમના પિતાશ્રીના કારજ નિમિત્તે વસંતપંચમીનો સમૈયો સુંદરીયાણામાં કરવા માટે વિનંતી કરી. આથી શ્રીજી મહારાજે સંતો ભક્તો સાથે સુંદરીયાણા પધારી વસંતોત્સવ ઉજવ્યો. (૧)

આમ, હેમરાજ શાહના પુત્રોએ પણ શ્રીહરિનો સત્સંગ જાળવવા અનેક કષ્ટો સહન કર્યા ને શ્રીજીની ટેક જાળવી.

તેમના કુટુંબમાં ત્રીજી પેઢીએ બાપાલાલભાઈ થઈ ગયા. તે મહામુક્ત સ્થિતિને પામેલા. ગુરુકુલના પ્રથમ બ્રહ્મસત્ર વખતે શ્રીજી મહારાજે તેમને દર્શન આપેલા. જૂનાગઢ કોઠારમાં કોઠારીપદે રહી ખૂબ સેવા કરી સંતોનો અપૂર્વ રાજીપો મેળવેલો. આમ ૮૫ વર્ષ સુધી સત્સંગ અર્થે અનંત કષ્ટો સહન કરી નાત બહાર રહેનાર હિંમતવાન હેમરાજ શાહ અને તેમના વારસોને ધન્યવાદ. (૨)

★ **પાદટીપ :**

(૧) **આદર્શ ભક્તગાથા :** જૂનાગઢ મંદિર પ્રકાશન. લેખક : શા. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, પાના નં. ૨૮૪થી ૨૯૨

●

ભાગ 2

પૌરાણિક પાત્રો

૧. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર

સાંખ્ય યોગના **પંચાળાના ૨જા વચનામૃત**માં શ્રીહરિ સાંખ્ય અને યોગની કથા કરાવતા કહે છે કે, યોગવાળા પ્રત્યક્ષમૂર્તિ એવા જે મત્સ્ય, કચ્છ ... રામકૃષ્ણાદિ ભગવાનના અવતારનું ધ્યાને કરીને મોક્ષ થાય છે એમ માને છે.

તો, **ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર વિષે જાણીએ :**

ભગવાન શ્રીકૃષ્ણ યદુવંશના રાજા હતા. મથુરા નરેશ હતા. તેમનું બાળપણ આહિર નંદરાજાના ઘરે ગોકુળમાં વિત્યું હતું. એ રીતે શ્રીકૃષ્ણના બે માતા અને બે પિતા હતા એટલે કે જેમના ઉદરે જન્મ થયો તે દેવકીમાતા અને પિતા વસુદેવ અને જેમને ત્યાં બાળપણ વિતાવ્યું તે માતા યશોદા અને પાલક પિતા નંદરાજા.

દેવકીજી તથા વસુદેવના લગ્નનો રથ દેવકીના કાકાનો પુત્ર કંસ ચલાવતો હતો. તે સ્વભાવે દુષ્ટ હતો. રથ પ્રસ્થાન થયો ત્યાં આકાશવાણી થઈ કે, હે કંસ ! તું જેનો રથ ચલાવી રહ્યો છે તે દેવકીનું આઠમું સંતાન તારો કાળ બનશે. આથી કંસે ક્રોધિત થઈને દેવકીને મારવાનું કર્યું પણ વસુદેવે તેને સમજાવ્યો કે, દેવકીને સંતાન થતા જ તે તેને સોંપી દેશે. પણ નારદજી કંસને વળી ભ્રમિત કરતા તેણે બેન-બનેવીને જેલમાં પૂરી દીધા. જેમ જેમ બાળકોનો જન્મ થતો ગયો તેમ તેમ કંસ તેને મારતો ગયો. પરંતુ આઠમા સંતાનનો એટલે કે, ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થતા બધા માયાની નિદ્રામાં પડી ગયા. શ્રીકૃષ્ણના આદેશથી વસુદેવ તેમને ગોકુળમાં નંદરાજાને ત્યાં મૂકી આવ્યા અને નંદરાજાને ત્યાં જન્મેલી બાળકી-મહામાયાને દેવકી પાસે મૂકી દીધી. કંસે તેને મારવાનો પ્રયત્ન કરતા બાળકી અષ્ટભૂજાવાળી દેવી થઈને આકાશમાં ઊડી ગઈ અને જતા જતા બોલી કે તારો કાળ તો જન્મી ચૂક્યો છે. આથી કંસે ગોકુળના તમામ બાળકોને અસુરો દ્વારા મરાવી નાખ્યા. પણ જ્યારે અસુરો નંદરાજાને ત્યાં શ્રીકૃષ્ણને મારવા આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ બાળક હોવા છતાં તે તમામ અસુરોને મારી નાખ્યા. શ્રીકૃષ્ણે ગોકુળમાં ખૂબ દિવ્ય લીલા કરી બધાને સુખ આપ્યું. ગોપીઓ તેની પરમ ભક્ત બની. (૧)

કંસે શ્રીકૃષ્ણને મારવા માટે યુક્તિપૂર્વક તેમને મથુરા બોલાવ્યા. ત્યાં તેમને મારવા માટે મલ્લોને રાખેલા પણ શ્રીકૃષ્ણે તે તમામ મલ્લોને મારી અંતે કંસને મારી નાખ્યો. (૧)

કંસે તેના પિતા ઉગ્રસેનને પણ જેલમાં પૂરેલા. તેમને શ્રીકૃષ્ણે છોડાવ્યા. જેલમાં જઈ માતા-પિતાને પ્રણામ કરી પોતાને આવવામાં ખૂબ મોડું થયું છે. ઘણાં વર્ષો વીતી ગયા બાદ પોતે આવ્યા તે બદલ માફી માંગી. ઉગ્રસેનનો રાજ્યાભિષેક કર્યો. (૧)

શ્રીકૃષ્ણ વ્રજમાં ૧૧ વર્ષ અને ૩ માસ રહ્યા. તે દિવ્યલીલાનું પાન અને શ્રવણ મુમુક્ષુઓના જીવનો મોક્ષ કરનારું છે. શ્રીકૃષ્ણ પછી ક્યારેય વ્રજ પધારેલ નથી. ગોપીઓને આશ્વાસન દેવા માટે તેમણે એકવાર ઉદ્ધવજીને મોકલ્યા. ગોપીઓ શ્રીકૃષ્ણના વિરહમાં ઝૂરતી રહી. એ તલસાટ તેમની ભક્તિ બની ગઈ. (૨)

ત્યારબાદ શ્રીકૃષ્ણ બલરામ સાથે સાંદીપનિ ઋષિના આશ્રમમાં વિદ્યા ભણવા ગયા. માગશર અને પોષ માસ ધનુર્માસ તરીકે ઓળખાય છે. જેમાં પ્રભુ તમામ વિદ્યા ભણ્યા. ગુરુએ દક્ષિણામાં પોતાનો મૃતપુત્ર સજીવન કરવાની ઇચ્છા વ્યક્ત કરતા તેઓ બલરામ સાથે ભૂમાપુરુષના લોકમાં ગયા અને તે બાળકને લાવીને ગુરુને સોંપ્યો. મથુરા આવતા જ જરાસંઘે ચડાઈ કરી. તે ૧૭ વાર ચડાઈ કરવા આવ્યો. શ્રીકૃષ્ણ તેના સૈન્યને મારી નાખતા અને જરાસંઘને જીવતો છોડી મૂકતા. અંતે ૧૮મી વાર આવ્યો. કાલયવન પણ શ્રીકૃષ્ણને મારવા આવ્યો. શ્રીકૃષ્ણ યુક્તિપૂર્વક તેને ગીરનાર લઈ ગયા અને મુંચકુંદ રાજાના નેત્રોના અગ્નિથી બળી મૂવો. દુશ્મનોના ત્રાસથી શ્રીકૃષ્ણ 'રણછોડ' થયા અને સમુદ્રમાં દ્વારિકા નગરી વસાવી ત્યાં રહ્યા. (૨)

શ્રીકૃષ્ણે રુક્મિણીજીનું હરણ કરી તેની સાથે લગ્ન કર્યા. સ્યમંતકમણીની શોધમાં જાંબુવાન સાથે યુદ્ધ કરી ભેટરૂપે તેની પુત્રી જાંબવતી લઈ આવ્યા અને તેની સાથે લગ્ન કર્યા. તે મણિ સત્રાજીતને આપી પોતે કલંકમુક્ત થયા. પાંડવોના જીવનના દરેક પ્રસંગોમાં અને દુઃખના દિવસોમાં તેમણે તેમની સાથે રહી તેમને વિજય અપાવ્યો. મહાભારતના યુદ્ધમાં અર્જુનના સારથી બની યુદ્ધમાં યશ અપાવ્યો. દ્રોપદીના ચીરહરણ વખતે તેની રક્ષા કરી. (૨)

પૃથ્વીપુત્ર નરકાસુર વરુણનું છત્ર અને અદિતિના કુંડલ લઈ ગયો હતો. તેનો વધ કરવો આવશ્યક હોવાથી સત્યભામાને સાથે લઈ તેનો વધ કરી દિવ્ય વસ્તુઓ

મેળવી અને ઈન્દ્ર સાથે યુદ્ધ કરી કલ્પવૃક્ષ મેળવી સત્યભામાના આંગણામાં રોપાવ્યું. ભૌમાસુરે ૧૬૦૦૦ કન્યાઓને બંદી બનાવેલ તેને મુક્ત કરી. આ કન્યાઓ પૂર્વજન્મમાં સ્વર્ગની અપ્સરાઓ હતી તેમને ઈચ્છા હતી કે, શ્રીકૃષ્ણ પ્રભુ અમારા પતિ થાય. તેથી શ્રીકૃષ્ણે તેમની સાથે લગ્ન કર્યા. (૨)

બાણાસુરને હજાર ભુજાઓ હતી. તેના અભિમાનમાં તે પોતાના આરાધ્ય શંકર ભગવાનનું અપમાન કરી દ્રોહ કરતો હતો. તેની સાથે પ્રભુએ યુદ્ધ કરી ૪ ભૂજા રાખી બાકીની ચક્રથી કાપી નાખી. પૌંડ્રક, દન્તવક્ર, શિશુપાલ, શાલ્વનો સંહાર કર્યો. (૨)

પાંડવોના વનવાસ દરમ્યાન દુર્વાસામુનિના શાપ થકી રક્ષા કરી. સુદામાના તાંદુલ અને વિદુરની ભાજી આરોગી. સુદામાનું દારિદ્ર ટાળ્યું. મહાભારતનું યુદ્ધ ટાળવા કૌરવો સાથે વિષ્ટી કરવા ને દુર્યોધનને સમજાવવા પોતે ગયા. પણ યુદ્ધ ન રોકાયું. કૌરવો અને બીજા મહારથી હણાયા. પાંડવોને રાજ્યપ્રાપ્તિ કરાવી. પાંડવોના વંશની અશ્વત્થામાના બ્રહ્માસ્ત્ર થકી રક્ષા કરી અને તેને જીવનદાન આપ્યું. (૨)

યાદવકુળ પૃથ્વી પર રહેશે તો બળમાં ઉન્મત્ત થઈ અધર્મ કરશે. એ શ્રીકૃષ્ણને અયોગ્ય લાગ્યું તેથી મુનિઓનો શાપ અપાવી તેમને અંદરોઅંદર યુદ્ધ કરાવી મૃત્યુ અપાવ્યું. પોતે રામાવતારમાં વાલીને બાણ મારી તેનો વધ કરેલો તે કલંક મીટાવવા પોતે આ જન્મમાં પારધી બનીને આવેલા વાલી દ્વારા બાણ ગ્રહણ કરી પોતાની લીલા સંકેલી અને પારધીને સ્વર્ગની પ્રાપ્તિ કરાવી.

ભગવાન શ્રીકૃષ્ણને પગે જ કેમ બાણ વાગ્યું ? તેની એક કથા છે :

મહાભારતમાં એક પ્રસંગ આવે છે કે, એકવાર દુર્વાસામુનિ શ્રીકૃષ્ણ પાસે આવ્યા. ત્યારે ભગવાને તેમનો આદર સત્કાર કર્યો. પછી દુર્વાસાજીએ પોતાનું પીધેલું જળ શ્રીકૃષ્ણને આપ્યું ને કહ્યું કે, આ જળ તમે તમારા આખા શરીરે ચોપડો. આથી શ્રીકૃષ્ણે તેમ કર્યું પણ પોતાના પગે તે જળ ન લગાવ્યું. ઋષિએ તેનું કારણ પૂછતા શ્રીકૃષ્ણે કહ્યું કે, બ્રાહ્મણનું જળ પવિત્ર કહેવાય આથી મારા પગે ન લગાવાય. તેથી મેં ન લગાવ્યું. ત્યારે દુર્વાસાએ કીધુ કે, તમારા પગમાં એકવાર છેદ પડી જશે. આ સાચુ પડ્યું. પારધીએ શ્રીકૃષ્ણના પગના તળિયામાં બાણ માર્યું અને શ્રીકૃષ્ણ સ્વધામ સિધાવ્યા. (૩)

શ્રીકૃષ્ણ લીલા અવતાર છે. જેમનામાં તમામ કળા, ઐશ્વર્યો હતા. તેમના

ચરિત્રો ગાવા-સાંભળવાથી જીવની દિવ્યગતિ થાય છે.

શ્રીહરિએ અલગ-અલગ ૯૨ વચનામૃતોમાં શ્રીકૃષ્ણનો ૨૪૯ વાર ઉલ્લેખ કર્યો છે. તેમાંથી થોડાક વચનામૃતની વાત લઇએ..

★ ગઢડા પ્રથમનું ૭૮મું :

...મત્સ્ય, કચ્છ ... પરશુરામ અને રામકૃષ્ણાદિક એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે, જે ભગવાને રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે.

★ લોયાનું ૭મું :

શાસ્ત્રે કરીને પરોક્ષપણે ભગવાનને જાણ્યા તેણે કરીને જેમ કલ્યાણ નથી તેમજ રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર હતા ત્યારે તેમને સર્વે મનુષ્યે પ્રત્યક્ષ દીઠા તો તેણે કરીને પણ શું કલ્યાણ થયું છે ?

★ લોયાનું ૯મું :

...તથા રામકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઉપજે.

★ લોયાનું ૧૧મું :

...અને મનુષ્યને વિષે તથા દેવતાને વિષે જે પુરુષોત્તમ નારાયણની રામકૃષ્ણાદિક મૂર્તિઓ તેનું ધ્યાન કરવું... અને તે લોકોને વિષે રહ્યા જે પાર્ષદ તેની ભાવના રામકૃષ્ણાદિકના પાર્ષદ જે હનુમાન ઉદ્ધવાદિક તેને વિષે કરે છે.

★ પંચાળાનું ૨જું :

(૧) ... અને જે યોગવાળા છે તે પ્રત્યક્ષ મૂર્તિ એવા જે મત્સ્ય, કચ્છ, વરાહ ... રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને ધ્યાને કરીને મોક્ષ થાય.

(૨) ... અને સર્વથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તે જે વાસુદેવ, સંકર્ષણ ... રૂપે થાય છે તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરે છે.

(૩) ...જે યોગવાળા છે તે આકારનું સ્થાપન કરવા જાય છે. ત્યારે બીજા જીવના આકાર તથા બ્રહ્મા, વિષ્ણુ શિવના આકાર તથા રામકૃષ્ણાદિક અવતારના આકાર તે સર્વેને તુલ્યપણે જાણે છે અને સાંખ્યવાળા છે તે આકારનું ખંડન કરે છે ... અને યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા રામકૃષ્ણાદિક અવતાર એ સર્વેનું ખંડન કરે છે.

★ પંચાળાનું ૪થું :

...અને મનુષ્યપણે રહ્યા જે રામકૃષ્ણાદિક અવતાર તથા નારદશુકાદિક સંત તેના દર્શન કરીને મનુષ્યને એમ નિશ્ચય થાય જે, મારું કલ્યાણ નિશ્ચય થયું ને હું કૃતાર્થ થયો છું.

★ વડતાલનું ૨જું :

...અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે અને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહરૂપે વર્તે છે.

★ વડતાલનું ૧૨મું :

...અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે રામકૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે.

★ પાદટીપ :

(૧) **શ્રીમદ્ ભાગવત :** દશમ સ્કંધ (પૂર્વાર્ધ) સારાંશ. ગીતા પ્રેસ, ગોરખપુર

(૨) **अवतार कथांक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૮૧, સંખ્યા-૧, પાના નં. ૨૩૯થી ૨૪૧, વર્ષ-૨૦૦૭

(૩) **શ્રી વિષ્ણુ પુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૪૧૪ની ફૂટ નોટ.

●



૨. ભગવાન શ્રી રામચંદ્ર

ભગવાન શ્રી રામચંદ્ર ક્ષત્રિય કુળના રાજા હતા.

મહારાજા દશરથને લાંબા સમય સુધી પોતાનો વારસદાર ન મળતા તેમણે કુલગુરુ વસિષ્ઠ અને શ્રૃંગી ઋષિને બોલાવીને પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો. અગ્નિદેવે પ્રગટ થઈને એક દિવ્ય ચરૂ આપ્યો, જેનાથી બધી રાણીઓને ગર્ભ રહ્યો. કૌશલ્યામાતાને પેટે ભગવાન રામચંદ્ર પ્રગટ થયા. સુમિત્રા અને કૈકઈએ પણ પુત્ર રત્નને જન્મ આપ્યો. (૧)

લંકા નરેશ, પુલત્સ્યના પૌત્ર રાક્ષસરાજ રાવણ પોતાના ઐશ્વર્યના મદમાં કુબેરનો નાના ભાઈ હોવા છતાં અને પોતે વેદજ્ઞ હોવા છતાં રાક્ષસ થઈ ગયો અને દેવ, બ્રાહ્મણો, ઋષિઓને રંજાડવા લાગ્યો. તેણે યજ્ઞને બળપૂર્વક રોકી દીધો. દેવરાજ ઈન્દ્રને હરાવ્યો અને ચારે બાજુ અધર્મનું સામ્રાજ્ય સ્થાપી દીધું. લોકો ત્રાસી ગયા. અંતે દેવતા, ઋષિ, પૃથ્વીની પ્રાર્થનાથી શ્રીરામચંદ્રજી પ્રભુનું પ્રાગટ્ય થયું. (૧)

દશરથ રાજાના ચારેય કુમારો મોટા થતા, વિશ્વામિત્ર ઋષિ આવ્યા અને રામ-લક્ષ્મણને પોતાના આશ્રમમાં રાક્ષસોના ઉપદ્રવ ટાળવા માટે લઈ ગયા. તેમણે રસ્તામાં તાડકાનો વધ કર્યો. મારિચને ફણા વગરનું બાણ મારી તેને સો યોજન દૂર ફેંકી દીધો અને યજ્ઞની રક્ષા કરી. તપોવનમાં જનકરાજાનું આમંત્રણ મળતા રામ-લક્ષ્મણ સીતા સ્વયંવરમાં ગયા. ત્યાં પરશુરામનું બાણ ઉપાડી ધ્વંસ કર્યો. સીતા સાથે લગ્ન કર્યા. બાણનો ધ્વંશ થતા પરશુરામ આવ્યા પણ રામનું ઐશ્વર્ય જોતા તેમને પ્રણામ કરી જતા રહ્યા. (૧)

શ્રીરામે અહલ્યાનો ઉદ્ધાર કર્યો. (૧)

દશરથ રાજા તથા સમગ્ર અયોધ્યાવાસી ઈચ્છતા હતા કે રામનો રાજ્યાભિષેક થાય. પરંતુ પૃથ્વી પરનો અસુરોનો ભાર કોણ ઉતારશે ? તેથી દેવતાઓની પ્રેરણાથી કૈકઈ માતાને મોહ થયો. તેણે રાજા પાસે બાકી રહેલા વરદાન માંગ્યા અને રામને

૧૪ વર્ષ સુધીનો વનવાસ અપાવ્યો. પુત્ર ભરતને ગાદી સોંપી. ભાઈ લક્ષ્મણ અને પત્ની સીતા પ્રભુ શ્રીરામની સેવા કરવા વનમાં સાથે પધાર્યા. આ બાજુ પ્રભુ વિયોગે મહારાજા દશરથે પ્રાણ છોડ્યા. ભાઈ ભરતે અંત્યેષ્ટી કરી પોતાનું રાજ્ય મોટાભાઈ રામને સોંપવા માટે સકળ સમાજ સાથે વનમાં પધાર્યા. પરંતુ રામે પિતાશ્રીની આજ્ઞા મુજબ વનમાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરતા ભરતે રામની પાદુકા મેળવી અને પોતે તપસ્વી વેષે રહી રામચંદ્ર વતી અયોધ્યાનો રાજ્ય કારભાર ચલાવ્યો. (૧)

વનમાં ભગવાને અનેક રાક્ષસોનો સંહાર કર્યો. શબરીનું આતિથ્ય માણી તેનું કલ્યાણ કર્યું. વનમાં વસતા ઋષિઓને દર્શન આપી તેમના તપની પૂર્ણાહુતિ કરાવી તેમનું કલ્યાણ કર્યું. પંચવટીમાં રહ્યા. (૧)

એક દિવસ રાવણની કુલટા બહેન શૂર્પણખા રામ પાસે આવી પોતાને પત્ની તરીકે સ્વીકારવા કહ્યું. રામે ના પાડતા તે ગુસ્સે થઈ શૂર્પણખા સીતાને મારવા જતા લક્ષ્મણે તેના નાક-કાન કાપી નાખ્યા. આથી રાક્ષસી ગુસ્સે થઈને ખર-દૂષણને પોકાર કરતા બંને ભાઈઓ ૧૪ હજારની શસ્ત્રસેનાને લઈને આવ્યા. રામે આ સેનાનો નાશ કર્યો. શૂર્પણખા તેના ભાઈ રાવણ પાસે પહોંચી પોતાના અપમાનનો બદલો લેવા અને સીતાનું હરણ કરવા કહ્યું. રાવણે મારીચનો સાથ લીધો. મારીચ સુવર્ણ મૃગ બન્યો. પ્રભુ સુવર્ણમૃગની પાછળ સીતાની ઈચ્છાથી દોડ્યા. પાછળથી રાવણે સીતાનું હરણ કર્યું અને લંકામાં લઈ જઈ અશોકવાટિકામાં બંદી બનાવ્યા. (૧)

સુવર્ણમૃગમાં રહેલા મારીચને દંડ દઈ શ્રીરામ પંચવટીમાં આવ્યા. ત્યાં સીતા વગરની પૂર્ણકૂટિ જોઈ ઉદાસ થઈ સીતાજીની શોધ આરંભી. જટાયુ દ્વારા ખબર મળી કે સીતાજીને રાવણ ઉપાડી ગયો છે. જાંબુવાન, સુગ્રીવનો અને વાનરોનો સાથ લીધો. હનુમાનજી સો યોજન દરિયો પાર કરી લંકા પહોંચ્યા અને સીતાજીની ખબર મેળવી. રાવણનો ભાઈ વિભિષણ શ્રીરામનો ભક્ત હોઈ રામના પક્ષે આવ્યો. દરિયા ઉપર પુલ બનાવી રામનું સૈન્ય લંકા પહોંચ્યું. રાવણ સાથે ભયંકર યુદ્ધ થયું. રાવણનો ભાઈ કુંભકર્ણ અને પુત્ર ઈન્દ્રજિત અને રાવણનો શ્રીરામ સંહાર કરી સીતાજીને પરત લાવ્યા. (૧)

અયોધ્યામાં રાહ જોઈ રહેલા ભરતજી ૧૪ વર્ષ પૂરા થયે જો રામ ન પધારે તો અગ્નિસ્નાન કરવાના હતા. ૧૪ વર્ષમાં એક દિવસ બાકી હતો ત્યારે પ્રભુ પુષ્પક

વિમાન તૈયાર કરાવી તેમાં બધા બેસી અયોધ્યા પધાર્યા. પ્રભુનું અયોધ્યાવાસીઓએ ભવ્ય સ્વાગત કર્યું. માતાઓ અને ભરતજીની પ્રતિક્ષાનો અંત આવ્યો. (૧)

પ્રભુ રાજ્ય સિંહાસન ઉપર સીતાજી સાથે વિરાજમાન થયા. પ્રભુએ સુરાજ્યની સ્થાપના કરી.

પ્રભુ રામ સીતાજી સાથે અયોધ્યા પધાર્યા. ત્યારબાદ ખૂબ શાંતિપૂર્વક રાજ્ય કરતા હતા, પરંતુ પ્રભુની નગરચર્યા દરમ્યાન તેમણે ધોબી અને ધોબણનો સંવાદ જાણવા મળ્યો કે, તને કોઈ ઉપાડી ગયું હતું તો હવે હું તને ઘરમાં ન રાખું. હું કાંઈ રામ નથી કે પર ઘરે ગયેલી નારને ઘરમાં રાખું. આવો લોકાપવાદ સાંભળતા રામે સીતાનો વગર વાંકે ત્યાગ કરી જંગલમાં મોકલી દીધા. જ્યાં સીતાજીએ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં રહી પ્રભુ રામનું ભજન કર્યું. લવકુશનો જન્મ થતા તેમને ઉછેરીને મોટા કર્યા. ત્યારબાદ વાલ્મીકિ ઋષિના પ્રયત્નથી સીતાજી અયોધ્યા ગયા. રામપ્રભુને સીતાજી સદાય પવિત્ર છે તેની ખાતરી હતી, પરંતુ લોકો સમક્ષ પવિત્રતાની ખાતરી કરવા સીતાજીને કહ્યું. સીતાજીએ ધરતી માતાને કહ્યું કે, હું ખરેખર પવિત્ર હોઉં તો હે માતા મને તમારી ગોદમાં સમાવી લેજો. એ ક્ષણે ધરતી ફાટી ને માતા ધરતીમાં સમાઈ ગયા. લોકોને ખાતરી થઈ પણ સીતાને ગુમાવ્યા.

ત્યારબાદ પ્રભુએ અશ્વમેઘ યજ્ઞ કર્યો. ૧૧ હજાર વર્ષ સુધી સુરાજ્ય કરી પ્રજાને સુખ અર્પી સરયુ નદીમાં જીવતા સમાધિ લીધી. (૧)

મર્યાદા પુરુષોત્તમ રામની કીર્તિ જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી ગવાશે. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં રામચંદ્ર ભગવાનનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે:

★ ગઢડા પ્રથમનું ૭૮મું :

...મત્સ્ય, કચ્છ ... પરશુરામ અને રામકૃષ્ણાદિક એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે, જે ભગવાને રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે.

★ લોયાનું ૭મું :

શાસ્ત્રે કરીને પરોક્ષપણે ભગવાનને જાણ્યા તેણે કરીને જેમ કલ્યાણ નથી તેમજ રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર હતા ત્યારે તેમને સર્વે મનુષ્યે પ્રત્યક્ષ દીઠા તો તેણે કરીને પણ શું કલ્યાણ થયું છે ?

પ્રભુ રામના અયોધ્યાવાસીઓ, વાનરો, ધોબીએ દર્શન કર્યા પણ તેમને

ભગવાન માનતા ન હતા તેથી તે સર્વેનું કલ્યાણ ન થયું.

★ **લોયાનું ૯મું :**

...તથા રામકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઊપજે.

★ **લોયાનું ૧૧મું :**

...અને મનુષ્યને વિષે તથા દેવતાને વિષે જે પુરુષોત્તમ નારાયણની રામકૃષ્ણાદિક મૂર્તિઓ તેનું ધ્યાન કરવું ... અને તે લોકોને વિષે રહ્યા જે પાર્ષદ તેની ભાવના રામકૃષ્ણાદિકના પાર્ષદ જે હનુમાન ઉદ્ધવાદિક તેને વિષે કરે છે.

★ **પંચાળાનું ૨જું :**

(૧) ... અને જે યોગવાળા છે તે પ્રત્યક્ષ મૂર્તિ એવા જે મત્સ્ય, કચ્છ, વરાહ ... રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેના ધ્યાને કરીને મોક્ષ થાય.

(૨) ... અને સર્વથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તે જે વાસુદેવ, સંકર્ષણ ... રૂપે થાય છે તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરે છે.

(૩) ...જે યોગવાળા છે તે આકારનું સ્થાપન કરવા જાય છે. ત્યારે બીજા જીવના આકાર તથા બ્રહ્મા, વિષ્ણુ ... ના આકાર તથા રામકૃષ્ણાદિક અવતારના આકાર તે સર્વેને તુલ્યપણે જાણે છે અને સાંખ્યવાળા તે આકારનું ખંડન કરે છે ... અને યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા રામકૃષ્ણાદિક અવતાર એ સર્વેનું ખંડન કરે છે.

★ **પંચાળાનું ૪થું :**

...અને મનુષ્યપણે રહ્યા જે રામકૃષ્ણાદિક અવતાર તથા નારદશુકાદિક સંત તેના દર્શન કરીને મનુષ્યને એમ નિશ્ચય થાય છે જે, મારું કલ્યાણ નિશ્ચય થયું ને હું કૃતાર્થ થયો છું.

★ **પંચાળાનું ૭મું :**

...ભગવાન તો સદા સાકાર જ છે... અને તેજ ભગવાન રામકૃષ્ણાદિક મૂર્તિઓને ધારણ કરે છે.

★ **ગઢડા મધ્યનું ૬ઠ્ઠું :**

...અને રામકૃષ્ણાદિક જે ભગવાનની મૂર્તિઓ તે પણ સર્વે મનુષ્ય જેવી છે.

★ **ગઢડા મધ્યનું ૧૦મું :**

...રામાવતારને વિષે ધનુષ્ય ભાંગ્યું. ...અને સીતાહરણ થયું ત્યારે

રઘુનાથજી રોતા રોતા ઘેલા જેવા થઈ ગયા. (સીતાજીનું રાવણ હરણ કરી ગયો ત્યારે તેમને શોધવા પ્રભુ મનુષ્ય ચરિત્ર કરી ઘેલા જેવા થઈ ગયા છે.)

★ ગઢડા મધ્યનું ૧૩મું :

...અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે ... તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિકરૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગ વિષે પ્રગટ થાય છે.

★ ગઢડા મધ્યનું ૧૮મું :

...નાસ્તિક તો એમ સમજે છે જે, રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ એ તો રાજા છે.

★ ગઢડા મધ્યનું ૧૯મું :

....જેમ સીતાજીને શ્રીરામચંદ્રને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી. તેમ નિષ્ઠા રાખવી.

★ ગઢડા મધ્યનું ૨૮મું :

...અને પુરુષ માત્રને વિષે તો રામચંદ્રજી તથા અર્જુન એવો કોઈ પુરુષ નથી.

★ ગઢડા મધ્યનું ૩૫મું :

...અને વળી પરોક્ષ જે શ્રીકૃષ્ણ રામચંદ્રાદિક ભગવાનના અવતારના ચરિત્ર ... તે પણ સાંભળવા અને ગાવવા.

★ ગઢડા મધ્યનું ૬૫મું :

જીવના કલ્યાણને અર્થે ભગવાનના રામકૃષ્ણાદિક જે અવતાર થાય છે. તેને તો માયાનું કાર્ય, આ જગત તેમાં કોઈ ઠેકાણે મોહ થતો નથી.

★ વડતાલનું ૨જું :

...અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે અને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન... એ ચતુર્વ્યૂહરૂપે વર્તે છે.

★ વડતાલનું ૧૨મું :

...અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે રામકૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે.

★ ગઢડા અંત્યનું ૧૧મું :

જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો ત્યારે ... સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા જે, હું મારા દુઃખ સારું નથી રોતી. હું તો રામચંદ્રજીના દુઃખ સારું રોઉં છું. શા માટે જે રઘુનાથજી અતિ

કૃપાળુ છે... એમ વિચારતા હશે જે, સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે... પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહિ.

★ ગઢડા અંત્યનું ૧૪મું :

...જે વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે. તે રામકથામાં રામચંદ્રજીએ કહ્યું છે જે, જે મારે દઢ વિશ્વાસે રહે તેની જેમ માતા બાળકની રક્ષા કરે તેમ હું રક્ષા કરું છું.

★ ગઢડા અંત્યનું ૧૬મું :

...જેમ હનુમાનજી શ્રી રઘુનાથના ભક્ત છે તે રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે પણ હનુમાનજીને રામચંદ્રને વિષે જ પતિવ્રતાની જેવી ભક્તિ રહી છે.

★ ગઢડા અંત્યનું ૩૯મું :

...અને જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રને પીવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યા હતા તે સર્વે એની મેળે દેહથી બહાર નીકળી ગયા...

પ્રભુએ મનુષ્ય ચરિત્ર કરી. રાવણ સાથેના યુદ્ધમાં પોતાના શરીરે બાણ વાગ્યા તે કાઢવા માટે હનુમાનજીને સેવા આપી. હનુમાનજી વિશલ્યકરણી ઔષધિ ડુંગરોમાંથી શોધીને લાવ્યા અને પ્રભુને પીવડાવી અને સર્વે શલ્ય દેહથી બહાર નીકળી ગયા. સર્વેના અંતરમાં આનંદ વ્યાપી ગયો.

★ પાદટીપ :

(૧) अवतार कथांक : ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૮૧, અંક-૧ : વિશેષાંક. પાના નં. ૨૩૫થી ૨૩૭. વર્ષ : ૨૦૦૭ (સારાંશ)

●

૩. કપિલ ભગવાન (કપિલ મુનિ)

સૃષ્ટિના પ્રારંભિક પદ્મકલ્પમાં સ્વયંભૂ મન્વન્તરમાં લોકપિતામહ બ્રહ્માને સૃષ્ટિ સંવર્ધનની ચિંતા હતી. તેમણે સ્વાયંભુવ મનુને શતરૂપા સાથે વિવાહ કરવાની પ્રેરણા કરી. તે સાથે પોતાના માનસપુત્ર મહર્ષિ કર્દમને પ્રજા વૃદ્ધિ કરવાનો આદેશ કર્યો. આથી તેમણે દેવહૂતિ સાથે લગ્ન કર્યા. દેવહૂતિ મનુના પુત્રી હતા. ઋષિએ લગ્ન કર્યા, પરંતુ તેમનામાં ભોગબુદ્ધિ ન હતી. અનુકૂળ પત્ની મળતા ઋષિ ફરી તપસ્યામાં લાગી ગયા અને દેવહૂતિ પતિની તન-મન અને પ્રાણથી તેમની સેવામાં લાગી ગયા. ઋષિની દરેક જરૂરિયાત સમજી તે પ્રમાણે સેવા કરવા લાગ્યા. આથી ઋષિ તેના પર ખૂબ પ્રસન્ન થયા અને પત્ની માટે અદ્ભુત સુખસામગ્રી, વિમાન, રાજમહેલ, અનેક દાસ-દાસીઓ ખડા કરી દીધા. ઋષિ દેવહૂતિ સાથે અનેક દેવભવનો, અનેક લોક, માન-સરોવરમાં વિચરણ કરવા લાગ્યા. ત્યારબાદ તેઓ આશ્રમ પર આવ્યા. દેવહૂતિને નવ કન્યા જન્મી. ત્યારબાદ ઋષિએ વનમાં તપ કરવાનો નિશ્ચય કરતા દેવહૂતિ બોલ્યા કે, કન્યાઓ તો તેમના ગૃહે જતી રહેશે પછી મારી સંભાળ લેવા તો કોઈક જોઈશે ને ? ત્યારે ઋષિ બોલ્યા કે, તમારું વ્રત-તપ-સેવા એળે નહિ જાય. ભગવાન સ્વયં તમારા ઉદરે આવીને જન્મ ધારણ કરશે. આ સાંભળી દેવહૂતિના આનંદનો પાર ન રહ્યો. ત્યારબાદ પોતે ભગવાનનું અખંડ ભજન-સ્મરણ કરવા લાગ્યા અને તેમના ઉદરે ભગવાન કપિલે જન્મ ધારણ કર્યો.

ત્યારબાદ ઋષિએ પોતાની નવ કન્યાઓ પવિત્ર ઋષિઓ સાથે પરણાવી. થોડો સમય વિત્યા બાદ ઋષિ કપિલ ભગવાન પાસે આવ્યા અને તેમને સ્તુતિ કરી ઉપદેશ આપવા કહ્યું. ત્યારે કપિલે પિતાશ્રીને જીવના મોક્ષ સંબંધી ઉપદેશ આપી પ્રભુ ભજન કરવાનું કહ્યું. આ ઉપદેશ **શ્રીમદ્ ભાગવત**ના ત્રીજા સ્કંધના ૨૪માં અધ્યાયમાં વિસ્તારપૂર્વક વર્ણવેલ છે. (૩-૨૪-૩૮/૩૯) ત્યારબાદ

કપિલ ભગવાને પોતાની માતાને આ ભવસાગરમાંથી મુક્ત થવાનો ઉપદેશ આપ્યો. માતા પણ ભાગવત્‌નો આ દિવ્ય ઉપદેશ સાંભળતા સાંભળતા ભાવમગ્ન બની નદીરૂપે થઈને વહી ગયા. જે સ્થળ તીર્થરૂપ બની ગયું અને તે હાલ સિદ્ધપુર (માતૃગયા)માં છે. (૧) લોકો માતૃશ્રાદ્ધ કરવા ત્યાં આવે છે.

ભાગવત અનુસાર ભગવાનના પાંચમા અવતારમાં સિદ્ધોના સ્વામી કપિલના રૂપમાં પ્રભુ પ્રગટ થયા અને તત્ત્વ નિર્ણય કરનારા સાંખ્ય શાસ્ત્ર કે જે સમય અનુસાર લુપ્ત થઈ ગયું હતું તેનો ઉપદેશ આસુરિ નામના બ્રાહ્મણને કર્યો. (૩)

માતાને જે ઉપદેશ આપ્યો તે કપિલ ગીતાના નામે જાણીતો છે. કપિલે સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ આપેલ.

માતાને વિદાય આપ્યા બાદ તેઓ ઉત્તરમાં ગંગા તટે પહોંચ્યા. ત્યાંથી તેઓ તટનું સૌંદર્ય જોતા જોતા ગંગા સાગરને મળે છે તે સ્થાને પહોંચ્યા. તે સ્થાનને ગંગાસાગર કહે છે. તે સમયે સાગર મૂર્તિમાનરૂપ ધારણ કરીને ભગવાન પાસે પધાર્યા અને સાગરે પ્રભુની પૂજા કરી. કપિલ ભગવાનને આ સ્થાન ગમી ગયું તેથી આ સ્થાનમાં સમુદ્રની અંદર રહીને તપશ્ચર્યા કરવાની ઈચ્છા પ્રગટ કરી આથી સાગર ખૂબ પ્રસન્ન થયા. ભગવાન અહીં રહીને તપસ્યા કરવા લાગ્યા અને વર્ષમાં એક દિવસ મકરસંક્રાંતને દિવસે સમુદ્રએ ત્યાંથી દૂર જતા રહેવાનો કોલ આપ્યો જેથી મુમુક્ષુ લોકો તે સ્થળે આવીને દર્શન કરી પુણ્ય પ્રાપ્ત કરી શકે. (૧)

કલકત્તા પાસે ગંગાસાગર સ્થળે કપિલમુનિનો આશ્રમ છે. ત્યાં દર વર્ષે મકરસંક્રાંતને દિવસે હજારો લોકો આવી દર્શન કરે છે.

સગર રાજાના અશ્વમેઘ યજ્ઞનો ઘોડો ઈન્દ્રે ચોરી લાવી કપિલમુનિની પાછળ બાંધી પોતે સંતાઈ ગયા. તે વખતે ઋષિ સમાધિમાં હતા. ઘોડો શોધતા શોધતા સગર રાજાના સાઠ હજાર પુત્રો અહીં આવી ચડ્યા. ઘોડાને અહીં બાંધેલો જોઈ કપિલમુનિને ઘોડાનો ચોર માની મુનિને માર માર્યો. સમાધિ ઉતરતા સગરના બધા પુત્રો ઋષિના ક્રોધાગ્નિમાં બળી મુઆ. મુનિ અખંડ ભક્તિ દ્વારા બ્રહ્મ સ્વરૂપને પામી ગયા. (૨)

ઋષિના નામે કપિલ પુરાણ એક ઉપપુરાણ છે. આ પુરાણ શુકનમાં ઉત્તમ

ગણાય છે. (૨)

ઋષિના નામથી કપિલ ગીતાની રચના થઈ છે. ચૌદ જાણીતી ગીતામાંની આ એક છે. પદ્મપુરાણમાંથી લીધેલ હઠયોગ પ્રધાન આ ગ્રંથ છે. (૨)

શ્રીહરિએ વચનામૃતમાં કપિલદેવને અનેકવાર યાદ કર્યા છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૪૩મું :

अथो विभूतिं मम मायाविनस्तामैश्वर्यमष्टागमनु प्रवृतम् ।
श्रियं भागवतां वा स्पृहयन्ति भद्रां परस्य मे तेऽश्नुवते तु लोक ॥

(**ભાગવત :** તૃ. સ્કંધ અ. ૨૫, શ્લોક ૩૭)

અવિદ્યાનું નિવારણ થઈ જવાથી તેઓ માયાપતિના સત્યલોક વગેરે લોકોની ભોગ સંપત્તિની, અષ્ટસિદ્ધિની કે ભગવાનના ઐશ્વર્યની પણ ઇચ્છા કરતા નથી તો પણ મારા ધામમાં પહોંચવાથી આ બધું આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૫૪મું :

તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. (**ભાગવત.** તૃ. સ્કંધ અ. ૨૫, શ્લોક : ૨૦)

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૩મું :

તે શ્રીમદ્ ભાગવતમાં કપિલદેવે દેવહૂતિ પ્રત્યે કહ્યું જે, સ્ત્રીરૂપ જે મારી માયા તેને જીતવાને અર્થે નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ સમર્થ નથી.

★ વચનામૃત લોયાનું ૧૪મું :

...ભગવાનના જે ઘણાંક અવતાર થયા છે. એ સર્વે અવતાર નારાયણના છે તો પણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે તથા તેથી ઉતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બે સરખા જણાય છે.

★ વચનામૃત વડતાલનું ૨જું :

...તે સાંખ્યના આચાર્ય જે કપિલમુનિ તેણે એમ વિચાર્યું જે, સ્થૂળ,

સૂક્ષ્મને કારણ તેને વિષે જીવ એક પણે કરીને વર્તે છે અને એથી ન્યારો જીવ રહી શકતો નથી.

★ વચનામૃત વડતાલનું ૧૦મું :

...અને એકાદશ સ્કંધને વિષે શ્રીકૃષ્ણ ભગવાનને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય, કપિલ આદિક ભગવાનના અવતાર તેના ત્રીસ લક્ષણ કહ્યાં છે.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...એવા જે ભગવાન તે ચતુર્ભુજરૂપને ધારે છે... જે ચતુર્વ્યૂહને કેશવાદિક જે ચોવીસ વ્યૂહ એ સર્વે રૂપને ધારે છે તથા વરાહ, નૃસિંહ, વામન, કપિલ, હયગ્રીવ એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે. ને પોતે તો સદા દ્વિભુજ છે.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૫મું :

શ્રીજી મહારાજ બોલ્યા જે, તૃતીય સ્કંધમાં કપિલગીતાને વિષે માતા દેવહૂતિએ કપિલજી પ્રત્યે કહ્યું જે, **ભાગવત :** સ્કંધ : ૬ અધ્યાય ૩૩, **શ્લોક : ૬**માં દર્શાવેલ છે.

यन्नामधेयश्रवणानुकीर्तनाद्, यत्प्रह्वणाद्यत्स्मरणादपि क्वचित् ।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते, कुतः पुनस्ते भगवन्नु दर्शनात् ॥

અર્થ : તમારા નામોનું શ્રવણ કે કીર્તન કરવાથી તથા ભૂલે ચૂકે ક્યારેક તમારું વંદન કે સ્મરણ કરવાથી કૂતરાનું માંસ ખાનારો ચાંડાલ પણ સોમયાજી બ્રાહ્મણ જેવો પૂજનીય થઈ શકે છે, પછી તો તમારું દર્શન કરવાથી મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય એમાં તો કહેવાનું જ શું હોય ?

શ્લોક : ૭

अहो बत श्वपचोऽतो गरीयान् यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम् ।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृणन्ति ये ते ॥

અર્થ : અહો ! તે ચાંડાલ પણ એ કારણે જ સર્વશ્રેષ્ઠ છે કે તેની જીભના અગ્ર ભાગ પર તમારું નામ વિરાજમાન છે જે શ્રેષ્ઠ મનુષ્યો તમારા નામનું ઉચ્ચારણ કરે છે. તેમણે તો તપ, હવન, તીર્થસ્થાન, સદાચાર અને વેદોનું અધ્યયન સર્વ કાંઈ કરી લીધું છે.

એ બે શ્લોકે કરીને જેવું ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તથા કપિલજીએ માતા દેવહૂતિ પ્રત્યે પોતાનું માહાત્મ્ય કહ્યું છે જે,

मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥

(સ્કંધ : ૩, અધ્યાય : ૨૫, શ્લોક ૪૨)

અર્થ : મારા ભયથી વાયુ વાય છે. સૂર્ય તપે છે. ઇન્દ્ર વરસે છે અગ્નિ બાળે છે અને મારા ભયને કારણે જ મૃત્યુ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે.

એવી રીતે માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહિ અને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરીને જો ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે.

★ **પાદટીપ :**

(૧) **अवतार कथाङ्कः कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૮૧, પાના નં. ૧૭૫થી ૧૮૦

(૨) **ભગવદ્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૧૪૨૬થી ૧૪૨૭

(૩) **શ્રીમદ્ ભાગવત :** ત્રીજો સ્કંધ, અધ્યાય-૧૨, ગીતા પ્રેસ, ગોરખપુર.

●



૪. કચ્છાવતાર

ભગવાન વિષ્ણુનો કચ્છાવતાર એ બીજો અવતાર છે. ભગવાનના અવતારો કોઈને કોઈ કામ માટે અને સંકટ નિવારણ માટે હોય છે. આ અવતાર દેવોનું દુઃખ દૂર કરવા માટે હતો. તે માટે સમુદ્રમંથન કરવું જરૂરી હતું. તેથી આ કાર્યમાં પ્રભુએ કચ્છરૂપ ધારણ કરી દેવોને મદદ કરી.

વિષ્ણુપુરાણ મુજબ : એકવાર દુર્વાસામુનિ વૈકુંઠ લોકમાંથી આવતા હતા. રસ્તામાં તેમને ઐરાવત હાથી પર બેઠેલા ઈન્દ્ર મળ્યા. આથી દુર્વાસાએ ઈન્દ્ર ઉપર રાજી થઈ ભગવાનની માળા આપી. ઈન્દ્રે ઐશ્વર્યના મદને લીધે તે માળા હાથીના મસ્તક ઉપર ફેંકી. આથી હાથીએ તે માળા ઊંચકી પોતાના પગતળે કચડી નાખી. આ જોઈ દુર્વાસા ઈન્દ્ર ઉપર ગુસ્સે થયા કે, તે ભગવાનની માળાનો અનાદર કર્યો છે માટે તું ઐશ્વર્ય અને લક્ષ્મીહીન થઈ જા. આથી ઈન્દ્ર સહિત બધા દેવતાઓ ધન અને ઐશ્વર્યહીન થઈ ગયા. લક્ષ્મી સમુદ્રમાં ચાલી ગઈ. આથી લક્ષ્મી મેળવવા માટે તેઓએ ભગવાનની આજ્ઞાથી સમુદ્રમંથન દ્વારા પ્રયત્ન કર્યો. (૧)

ભાગવત મુજબ : દાનવોએ દેવો ઉપર ચડાઈ કરી અને તેમને જીતી લીધા. દેવો લક્ષ્મીહીન થઈ ગયા. આથી, બધા ભગવાન વિષ્ણુ પાસે ગયા અને બળ ઐશ્વર્યની માગણી કરી ત્યારે પ્રભુએ સલાહ આપી કે તમે દાનવો સાથે સમાધાન કરી તેનો સહકાર લઈ સમુદ્રમંથન કરો. જેથી સમુદ્ર થકી તમને સંપત્તિ મળશે. જે મળે તેમાં દાનવોનો ભાગ રહેશે તેવું કહો. પણ પછી તમે 'મુષકન્યાય' રાખજો. મહેનત દાનવો પાસે કરાવજો ને ફળરૂપી અમૃત તમે લેજો. આમ દેવતાઓએ, દાનવોને સમજાવી સમુદ્રમંથન શરૂ કર્યું. મંથન માટે વલોણું મંદરાચલ પર્વતને રાખ્યો અને નેતરા માટે વાસુકી નાગનો ઉપયોગ કર્યો. પરંતુ મંથન સમયે પર્વત સમુદ્રના પાણીમાં ડૂબી જતો હતો. તે સમયે પ્રભુએ કચ્છનું

રૂપ ધારણ કર્યું. પ્રભુએ એક લાખ યોજન જેવડું કાચબાનું રૂપ લઈ સમુદ્રના તળીયે જઈ વલોણાને પોતાની પીઠ ઉપર ધારણ કર્યું. વલોણાને સ્થિર રાખવા. ગરૂડજીએ પર્વતની ટોચ પોતાની ચાંચ વડે પકડી રાખી. આમ, દેવ અને દાનવોએ સમુદ્રમંથન કરતા તેમાંથી પ્રથમ વિષ, કામધેનુ ગાય, લક્ષ્મી અને અમૃત વગેરે ચૌદ રત્નો નીકળ્યા. આમ, સમુદ્રમંથન દ્વારા દેવોએ પોતાની સંપત્તિ અને ઐશ્વર્ય પાછા મેળવ્યા. જે માટે પ્રભુને કચ્છાવતાર ધારણ કર્યો. (૧)

આ અવતાર ચૈત્ર વદ પડવાને દિવસે થયો હતો.

★ વચનામૃતમાં શ્રીહરિએ પોતાના કચ્છાવતારનો અનેક જગ્યાએ ઉલ્લેખ કરેલ છે.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :

નિર્મળાનંદ સ્વામીના સંતના મહિમાના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે, મત્સ્ય, કચ્છ, વરાહ ... એ જે ભગવાન રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે તે ભગવાનના આ સંત છે ... માટે હું પણ અતિ બડભાગી છું.

★ વચનામૃત લોયાનું ૪થું :

અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, શ્રીકૃષ્ણ તો સદા મનુષ્યાકૃતિ છે ... તે જ ભગવાન ક્યારેક મત્સ્ય, કચ્છ, વરાહરૂપ... અનંતરૂપે કરીને ભાસે છે.

★ વચનામૃત લોયાનું ૧૪મું : શ્રીહરિ કૃપાવાક્ય કહે છે :

...શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે ... જે મત્સ્ય, કચ્છાદિક ભગવાનના અવતાર છે પણ તેમાં અમારી અતિ રુચિ નથી.

★ વચનામૃત લોયાનું ૧૮મું : કૃપા વાક્ય કહે છે :

... ભગવાને મત્સ્યાવતાર ધારણ કર્યો ત્યારે માછલા જેવું જ રૂપ હતું તથા કચ્છાવતાર ધાર્યો ત્યારે બીજા કાચબા જેવું જ રૂપ હતું ...!

★ વચનામૃત પંચાળાનું બીજું : શ્રીહરિ કૃપા વાક્ય કહે છે :

...અને તેથી ઓરા બ્રહ્મા, વિષ્ણુ ... તથા પૃથ્વીને વિષે મત્સ્ય, કૂર્મ ... ભગવાનના અવતાર ... એ સર્વે ધ્યાન કરવા યોગ્ય છે.

★ વચનામૃત પંચાળાનું ૪થું :

... તથા મત્સ્ય, કચ્છાદિક જળજંતુનો દેહ ધારણ કર્યો ત્યારે જળમાં જ

ફર્યા પણ પૃથ્વીમાં ન ફર્યા.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૬૪મું :

સ્વયંપ્રકાશાનાનંદ સ્વામીના ભગવાનના અવતાર વિષેના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે :

...પછી પૂર્વાપર વિચારીને જોયું ત્યારે તેમાંથી અમને એમ સમજાયું છે જે, મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહાદિક જે ભગવાનના અવતાર છે તે સર્વે અવતારના અવતારી તે શ્રીકૃષ્ણ ભગવાન છે...!

★ પાદટીપ :

(૧) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** પ્રથમ ખંડ : સ્કંધ-૮, અધ્યાય : ૫થી ૮, ગીતા પ્રેસ, ગોરખપુર.

●

૫. દત્તાત્રેય

ઈન્દ્રિયો અંતઃકરણ જીત્યાના **લોયાના ૫મા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, સત્સંગમાં દૃઢ પાયો કોનો થાય ? અને કોનો ન થાય ? તો જેમ દત્તાત્રેયે બધાનો ગુણ લીધો અને ૨૪ ગુરુ કર્યા. સંતમાં જેને ગુણ ગ્રહણ કરવાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે અને એવો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી.

તો આ દત્તાત્રેય કોણ હતા ? અને તેણે કયા કયા ૨૪ ગુરુઓ કર્યા? તે જાણીએ :

ભગવાન દત્તાત્રેયનો અવતાર અત્રિઋષિ અને મહાસતિ અનસુયા થકી માગસર સુદી પૂનમના રોજ થયો. અત્રિઋષિ બ્રહ્માના માનસપુત્ર હતા. ઋષિએ સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે ભગવાનની આરાધના કરતા પ્રભુએ તેમને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એમ ત્રણ સ્વરૂપે દર્શન આપ્યું અને પુત્ર થાય તેવો વર આપ્યો. કે અમે ત્રણેય તમારા પુત્રરૂપે પ્રગટ થઈશું. આમ, ત્રણેય દેવો અનસુયા દેવીના પુત્ર રૂપે ત્યાં જ રહ્યા. બ્રહ્માના અંશરૂપે જે પુત્ર થયા તે ચંદ્રવંશી રાજાઓ થયા, શિવના અંશરૂપે તે દુર્વાસા ઋષિ થયા અને વિષ્ણુના અંશરૂપે દત્તાત્રેય થયા. આમ, દત્તાત્રેય માતાના ઉદરમાં નિવાસ કર્યા સિવાય પ્રગટ થયેલા છે. (૧)

દત્તાત્રેય નામ કેવી રીતે પડ્યું ? તો અત્રિઋષિની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને વરદાન આપ્યું : *દતો મહાહમિતિ યદ ભગવાન સ દત્તઃ* અર્થાત્ હું મારું સ્વરૂપ તમને દઉં છું. *દત* ઉપરથી દત્તાત્રેય એવું નામ રખાયું. (૧)

અત્રિનો પુત્ર હોવાથી આત્રેય. તેથી દત્તાત્રેય નામ પડ્યું. ભાગવતના એકાદશ સ્કંધના ૭માં અધ્યાયમાં શ્રીકૃષ્ણ પ્રભુ પોતાને અવધૂત તરીકે પોતાના પૂર્વાવતરની વાત કરે છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું આ સંયુક્ત સ્વરૂપ છે. આદિમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને અંતમાં શિવના મુખવાળું મસ્તક છે. ત્રણેય દેવોના આયુધો હાથમાં ધારણ કરેલ છે. જેમનું વાહન કૂતરો છે. (૨)

એક મત પ્રમાણે દત્તાત્રેય પાસે ચાર જ કૂતરા હોય છે. ચાર એટલે, ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ. એમ ચારેય વેદો તેમની સેવામાં રહે છે. (૩)

દત્તાત્રેયનું વિચરણ બ્રહ્માંડમાં સતત હોય છે. તેઓ સત્‌યુગમાં પ્રગટ થયા છે. તેઓ સર્વે સિદ્ધિઓના દાતા છે. તેથી તેમને સિદ્ધરાજ પણ કહે છે. તેઓ અષ્ટાંગયોગની ક્રિયાઓમાં પારંગત છે તેથી યોગીરાજ પણ કહેવાય છે. (૧)

તેમણે અનેક મુમુક્ષુઓને મુક્ત સ્થિતિને પમાડ્યા છે. જેમકે મદાલસા રાણી અને તેના પુત્રો, સહસ્ત્રાર્જુન કાતવીર્ય પણ દત્તાત્રેયની કૃપાથી સાર્વભૌમ રાજ્ય અને અજેય શક્તિને પામ્યા છે. ભક્ત પ્રહ્‌લાદ (બીજા), ગણેશજી, કાર્તિક સ્વામી પણ તેમના ભક્ત હતા તેવો પુરાણોમાં ઉલ્લેખ છે.

મહાસતિ અનસુયા પતિવ્રતાનારી છે. પોતે કર્દમઋષિના પુત્રી અને ભગવાન કપિલના બહેન થાય. તેઓ ચુસ્ત પતિવ્રતા હતા. એકવાર નારદજીએ ત્રણેય દેવોની પત્ની પાસે સતિ અનસુયાની પતિવ્રતા ભક્તિના વખાણ કર્યા. આથી ત્રણેયની પત્નીઓએ પોતાના પતિને અનસુયાની ભક્તિની પરીક્ષા લેવા મોકલ્યા. આથી ત્રણેય દેવ : બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે સાધુ વેષે ત્યાં જઈ ભિક્ષા માંગી અને સાથે શરત કરી કે તમે વસ્ત્રવિહિન દશામાં આવીને ભિક્ષા આપો તો જ અમે ગ્રહણ કરીએ. સતિને થયું કે તેમની આજ્ઞા માનું તો પતિવ્રતાનો ધર્મ પળે નહીં અને ના પાડું તો આતિથ્ય ધર્મ ન સચવાય. પોતે ધર્મના બળે જાણી લીધું કે, આ ત્રણેય દેવો પધાર્યા છે. તેથી તેમણે પોતાના તપબળે આ ત્રણેય દેવો ઉપર પાણીની અંજલી છાંટી તેમને નાના શિશુ બનાવી દીધા અને પછી તેમની શરત પુરી કરી ભિક્ષા આપી. આ બાજુ ત્રણેય દેવોની પત્નીઓને ખબર પડી તેથી તેમણે સતિ પાસે માફી માંગી. ત્રણેય દેવોને મૂળ સ્થિતિમાં પ્રગટ કરવા પ્રાર્થના કરી અને સતિએ દેવોને મૂળ સ્થિતિમાં લાવી દીધા. (૧) આ સ્થળ નર્મદા - નીલકંઠધામ પાસે આવેલું છે. નીલકંઠવર્ણી ત્યાં ૭ દિવસ રોકાયેલા છે.

ભગવાન સ્વામિનારાયણે દત્તાત્રેયની જેમ ગુણ ગ્રાહક દૃષ્ટિ વિકસાવવાનો ઉપદેશ આપ્યો છે. દત્તાત્રેયે ૨૪ ગુરુઓ કર્યા અને બધામાંથી તેમણે કયા કયા ગુણ ગ્રહણ કર્યા તે જોઈએ :

★ ૨૪ ગુરુઓના નામ :

(૧) પૃથ્વી (૨) વાયુ (૩) આકાશ (૪) પાણી (૫) અગ્નિ (૬) ચંદ્રમા (૭) સૂર્યદેવ (૮) પક્ષી (૯) અજગર (૧૦) સમુદ્ર (૧૧) પતંગ (૧૨) ભ્રમર

(૧૩) હાથી (૧૪) પારધી (૧૫) હરણ (૧૬) માછલું (૧૭) વેશ્યા (૧૮) સમળી (૧૯) બાળક (૨૦) કુમારી (૨૧) લુહાર (૨૨) સર્પ (૨૩) કરોળીયો (૨૪) ભમરી અને પોતાનો દેહ. (૪)

(૧) **પૃથ્વી :** માતાની જેમ પોષણ કરે છે. બધાને ક્ષમા આપે છે. પૃથ્વી કાંઈ ઉપદેશ આપતી નથી. પૃથ્વીની પૂજા થાય છે. ધરતી ઉપર કોદાળી લઈને તેના પર પ્રહાર કરાય છે છતાં તે આપણને ક્ષમા આપે છે અને પોતાના પેટાળમાંથી કિંમતી ધાતુ રત્નો વગેરે સમાજને આપે છે.

(૨) **પવન :** પવન સર્વત્ર પ્રસરે છે. બગીચામાં વહે અને ઉકરડા ઉપર પણ વહે. સારા-નઠારા દરેક માણસને વાયુ આપે. તેના વગર કોઈ જીવી શકતું નથી. દરેક સજીવ વૃક્ષ વેલીને તે પોષણ આપે. સતત ગતિશીલ છે. સુગંધ પકડીને બેસી નથી રહેતો. દુર્ગંધને પોતાનામાં સમાવી નિર્મળતા અર્પે છે. તે નિર્મોહી તથા નિર્લેપ છે. કોઈથી મોહ પામતો નથી.

(૩) **આકાશ :** આકાશ અનંત, અપાર છે. અસંગી છે. કોઈને નડતરરૂપ નથી થતો. સર્વ વ્યાપક હોવા છતાં ચાર ભૂતમાંથી કોઈનો સંગ તેને સ્પર્શતો નથી. અસંગપણું રાખે છે.

(૪) **જળ :** શીતળતા તેનો ગુણ છે. દરેકનો મળ ધોવે છે. દરેકના દોષ ધોતા રહેવું તે તેનો સ્વભાવ છે. દરેકની તૃષા શાંત કરે છે. સૌને સંતોષ આપે છે. દરેકના જીવનમાં 'પાણી' હોવું જોઈએ.

(૫) **અગ્નિ :** પોતે પવિત્ર છે. પ્રજ્વલિત થઈને બીજાને પ્રકાશ આપે છે. પદાર્થ પ્રમાણે પોતે આકાર ધારણ કરે છે. સાધુ પુરુષોએ અગ્નિ જેવા તેજસ્વી રહેવું. અગ્નિ વગર જીવન શક્ય નથી. અગ્નિ ખોરાકને રાંધે છે અને પચાવે છે. અગ્નિને મળ કે ગંદકી સ્પર્શતા નથી. જ્ઞાનરૂપી અગ્નિ જીવનમાં કેળવવો.

(૬) **ચંદ્ર :** ચંદ્રની કળા દિન-પ્રતિદિન વધે છે. ચંદ્ર સજીવને પોષણ અને શીતળતા આપે છે. પ્રકાશ આપે છે. ચંદ્ર મહાદેવને ગમે છે તેથી તે તેની જટામાં રાખે છે, મહાત્મા કે પરમાત્મા પોતાના આશ્રિતજનોના ગુણ અને દોષમાં શંકા રાખતા નથી તેથી મહાદેવે ચંદ્રમાને પોતાના મસ્તક ઉપર સ્થાન આપ્યું છે. ભલે ચંદ્ર વધતો-ઘટતો હોય પણ વાસ્તવિક રીતે તે એમને એમ રહે છે. તેમ આત્મા અનંત દેહને ધારે છે. પણ મૂળ ગુણ યથાવત્ રહે છે.

(૭) **સૂર્ય :** સૂર્યની પ્રકૃતિ એવી છે કે તે રસ ખેંચે છે અને સમય આવે ત્યારે

તે રસ ધરતીને પાછો આપી દે છે અને અનેકગણું કરીને પાછું આપે છે. સૂર્ય જીવનપ્રદાતા છે. દરેક જીવને પોષણ આપે છે. તેના વગર જીવન શક્ય નથી. છતાં સૂર્યને તેનું લેશમાત્ર અભિમાન નથી. તેને કોઈ માને, પૂજા કરે તો તે અભિમાન નથી રાખતા અને ન માને તો તેનું દુઃખ નથી લગાડતા. વળી તેનો પ્રાકૃત અને અવિભક્ત એવો ગુણ છે.

(૮) **પક્ષી :** પક્ષી તેના બચ્ચાની સંભાળ રાખે છે પણ તેના પર અતિ સ્નેહ રાખતા નથી. બચ્ચાં મોટા થાય એટલે તુરત જ તે ઊડી જાય છે અને તેના મા-બાપને ભૂલી જાય છે. તેમ નિઃસ્પૃહી અને નિઃસ્નેહી જીવન જીવવું. અતિ સ્નેહ દુઃખનું કારણ છે. જેણે સુખી થવું હોય તેણે પોતાની ફરજ નિભાવી લેવી પણ તેમાં આસક્તિ ન રાખવી.

(૯) **અજગર :** અજગર ભોજન માટે મિથ્યા દોડાદોડી નથી કરતો. પોતાની પાસે જે આવે તેમાંથી તે નિર્વાહ કરે છે. વહેલું-મોડું મળે તો તે ચલાવી લે છે. જે મળે, જેવું મળે, જ્યારે મળે, જેટલું મળે તેમાંથી તે સંતોષ લે છે. ન મળે તો તેનો કોઈ શોક નથી કરતો. ઉપવાસ કરી નાખે છે. તેનામાં સંતોષ એ મોટો ગુણ છે. પદાર્થ મેળવવા તે ખોટી હાઈવોય કરતો નથી. ભગવાન સૌને જીવાડે છે, તેવી તેનામાં શ્રદ્ધા છે.

'અજગર કરે ન ચાકરી, પંખી ન કરે સેવ,
રે મનવા શીદ ચિંતા કરે, સબકો દાતા દેવ.'

તેનામાં ધૈર્યતા મહત્ત્વનો ગુણ છે.

(૧૦) **સમુદ્ર :** સમુદ્ર કાયમ લહેરાતો હોય છે તેમ સર્વેએ કાયમ પ્રસન્ન રહેવું. તે ગંભીર છે. ઊંડો છે, શાંત છે તેમ આપણે રહેવું. મર્યાદા ઓળંગતો નથી તેમ આપણે જીવનમાં મર્યાદાથી જીવવું. સૂર્યની ગરમીથી સમુદ્ર સુકાતો નથી તેમ જગતના દુઃખથી જીવે દુઃખ ન પામવું. પોતાનામાં અનંત નદીઓને સમાવે છે. તેમ આપણે સાગરપેટા થયું. ગુણોથી છલકાઈ ન જવું. પ્રતિકૂળતાથી મૂંઝાવું નહિ. તે કોઈની પાસે અપેક્ષા રાખતો નથી. પોતાની મસ્તીમાં ઘુઘવાટા કરે છે. તે સર્વથા શાંત અને સ્વચ્છ છે. તેમ સાધુ પુરુષોએ રહેવું.

(૧૧) **પતંગ :** પતંગ એટલે પતંગીયા. જો જીવનમાં વિચાર શૂન્ય અને વિવેકશૂન્ય બનીને, મોહાધીન થઈને વિષયો પાછળ દોડીએ તો જેમ પતંગીયા દીવાના થઈ અગ્નિમાં બળી જાય છે તેમ આ જીવની પણ એવી દશા થાય.

માટે જીવનમાં વિવેક અને મર્યાદા રાખવી. આસક્ત ન થવું, આંધળા ન થવું. દિશાવિહીન જીવન ન જીવવું. સદ્‌વિચાર છોડી જે પ્રલોભનો પાછળ દોડે છે તેનો નાશ થઈ જાય છે. જીવ જો નાશવંત પદાર્થ પાછળ દોડે તો તેને પ્રાણ ગુમાવવા પડે છે.

(૧૨) **ભ્રમર :** ભ્રમર એટલે ભમરો તેમજ મધમાખી. જેમ મધમાખી બાગના દરેક ફૂલોમાંથી રસ ચૂસે છે તેમ મુમુક્ષુએ સર્વમાંથી ગુણરૂપી રસ ચુસવો. ભ્રમરને કમળ પ્રિય છે તે કમળમાં બેસી રસ મેળવે છે પણ રાત્રે તેમાંથી ઊડી જતો નથી. પરિણામે રાત્રે સરોવરમાં સ્નાન માટે આવતા હાથીઓ કમળને પોતાના પગ વડે છુંદી નાખે છે. કમળ સાથે ભ્રમરનો પણ નાશ થઈ જાય છે. તેમ જીવે વિષયોમાં એટલા આસક્ત ન થવું કે આપણે આપણું કર્તવ્ય, લક્ષ્ય, ફરજ ચૂકી જઈએ અને ભગવાન મેળવવાનું આપણું લક્ષ્ય ચૂકી જઈએ. જો ચૂકી જઈએ તો આ મનુષ્ય જન્મનો ફેરો નકામો જશે. આસક્તિ વિનાશનું કારણ ન બનવું જોઈએ.

(૧૩) **હાથી :** હાથી ખૂબ શક્તિશાળી છે. પણ તે સ્પર્શ વિષયમાં આસક્ત હોવાથી હાથણી મેળવવા પાછળ દોડે છે અને તે કાયમી બંધનમાં આવી પડે છે. વિષયોમાં દોટ મુકવાથી રોગગ્રસ્ત બને છે. અપકીર્તિ મળે છે. પાપનો ભોગ બની નરકગામી થાય છે. માટે પદાર્થમાં આસક્તિ ન રાખવી.

(૧૪) **પારધી :** પારધી એટલે મધ એકઠું કરનાર. તે દુઃખ વેઠી મધ ભેગું કરે છે પણ આ પવિત્ર વસ્તુનું તે પાન કરતો નથી. વિચાર-વિસ્તાર કરીએ તો મધ એકઠું કરનાર મધમાખી, મધ એકઠું કરે છે પણ તે તેનું પાન કરતી નથી અને મધીયો આવીને તે લઈ જાય છે. તેમ શ્રીમંતો પૈસા ભેગા કરે છે પણ તેનો સત્‌કાર્યોમાં ઉપયોગ કરતા નથી અને પોતે પણ ઉપયોગ કરી શકતા નથી તો અંતે તે ધનનો નાશ થાય છે. પણ પારધી એટલે કે મધીયો એ રીતે સારો છે કે તે પોતે ઉપયોગ ન કરે પણ તે સમાજને મધ આપી તેનું શ્રેય કરે છે.

(૧૫) **હરણ :** તે કર્ણપ્રિય સંગીતનું અનુરાગી છે. અસ્થિર જીવનવાળું મૃગ સંગીતમાં મોહ પામી શિકારી પાસે આવીને મોતને ભેટે છે. તેમ સંતોએ કે મુમુક્ષુ જીવે ગ્રામ્ય સંગીતમાં ન લોભાવું. કેમકે રસિક માર્ગે ઘણાંનું પતન થયું છે. વળી ગ્રામ્ય સંગીત સાંભળવાથી કામ અને મોહ વૃદ્ધિ પામે છે. મન ક્લુષિત થઈ જાય છે.

(૧૬) માછલી : ભોગ અને રસાસ્વાદ ભોજન માટે સતત આમતેમ દોડાદોડી કરે છે. જીભના સ્વાદ માટે શિકારીના કાંટા (ગલ)માં ફસાઈને મૃત્યુને વરે છે. તેમ બુદ્ધિહીન મનુષ્ય રસાસ્વાદમાં લોભાઈને જિંદગી ખુવાર કરે છે.

(૧૭) વેશ્યા : પુરુષ માટે આખી રાત જાગી તેનું ચિંતવન કરે છે. તેમ વિવેકીજને ભગવાન મેળવવા આ રીતે પ્રભુનું એકતારે ચિંતવન કરવું. શરીરના સુખથી વિરક્ત થઈ પ્રભુનું સ્મરણ કરવું.

(૧૮) સમળી : આસક્તિ દુઃખપ્રદ છે. સમળીને માંસનો ટુકડો મળ્યો. તો તે મોંમાં લઈ ભાગી. આ ટુકડો મેળવવા બીજી સમળી તેની પાછળ પડી તેને ચાંચો મારવા લાગી. અંતે સમળીએ એ માંસ મૂકી દીધું તો બાકીની સમળીએ તેનો પીછો છોડી દીધો. તેમ વિષયો પાછળ દોડીએ તો મન વ્યગ્ર રહે. અનેક દુઃખ આવે. જો વિષયોનો ત્યાગ કરીએ તો શાશ્વત સુખની પ્રાપ્તિ થાય.

(૧૯) બાળક : બાળક અણસમજુ અને ચિંતામુક્ત છે. પોતાની પ્રવૃત્તિ-રમત આનંદપૂર્વક ભયરહિત થઈને કરે છે. નચિંતપણે વિચરે છે. તેમ મુમુક્ષુએ જગતની ચિંતાથી મુક્ત થઈ આનંદપૂર્વક, નચિંત મને પ્રભુ સ્મરણ કરવું.

(૨૦) કુમારી : કુમારી ડાંગર ખાંડતી હતી. હાથમાં બંગડીઓ પહેરી હતી તો અવાજ થતો હતો. એટલે એક બંગડી રાખી બાકીની કાઢી નાખી તો અવાજ બંધ થઈ ગયો. જીવનમાં વધુ સમુદાય સાથે બેઠક-ઉઠક રાખો તો વ્યવહારમાં જિંદગી પૂરી થઈ જાય. પોતાને પ્રભુ ભજન માટેનો સમય ન મળે. મુમુક્ષુએ સર્વથી વિરક્ત રહેવું. એકાંત સેવી પ્રભુમાં મન લગાવવું.

(૨૧) લુહાર : લુહાર એકાગ્રતાથી પોતાની કોઢમાં લોખંડનું બાણ બનાવતો હતો. તેની પાસેથી રાજાની સવારી નીકળી તો પણ તેનું ધ્યાન ન ગયું. જીવનમાં દરેક કાર્યમાં એકાગ્રતા કેળવશું તો કામ કર્યાનો આનંદ તો મળશે પણ તેનું ફળ પણ મનોહર મળશે. એકાગ્રતા વગર કાર્યની સિદ્ધિ થતી નથી. પૂજામાં, પ્રભુભજનમાં એકાગ્રતાથી ધાર્યું ફળ મળે છે.

(૨૨) સર્પ : સર્પ હંમેશાં એકલો જ વિચરણ કરે છે. દર વર્ષે તે કાંચળી ઉતારી નાખે છે. તેમ ભક્તોએ રાગ-દ્વેષના મોહ-માયાના આવરણોને વખતે વખતે ઉતારી નાખવા. રોગમુક્ત થવું. સર્પ સદા સાવધાન રહે છે. ગાફેલ બનતો નથી. સદા ચેતીને ચાલે છે તેમ ભક્તોએ અંતઃશત્રુથી સદા ચેતીને ચાલવું. સર્પ ઘર બનાવતો નથી તેમ સાધુ પુરુષોએ મોટી મહેલાતો ન બાંધવી. જો બાંધે તો

તેમાં આસક્તિ થાય અને બંધન થાય. સાપ સદા રહેઠાણ બદલે છે તેમ મુમુક્ષુએ ક્યાંય બંધાવું નહીં. સાપની જેમ મૌન અને ગંભીર રહેવું તો આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ થશે.

(૨૩) કરોળીયો : કરોળીયો પોતાની જાળ લંબાવે અને ધારે ત્યારે સંકેલી પણ લે. સંસારીઓએ પોતાની માયાની જાળ, વ્યવહારની જાળ ભલે લંબાવે પણ ટાણે તેને સંકેલી લેવી, અનાસક્ત ભાવે વ્યવહાર સંકેલી લેવાની કળા પણ શીખવી. નહીં તો કરોળીયો પોતાની જાળમાં ફસાઈને મોતને ભેટે છે તેમ સંસારી પોતાની ઊભી કરેલી સંસાર વ્યવહારની જાળમાં પ્રભુને ભૂલી જાય છે અને મનુષ્ય જન્મ ગુમાવે છે.

(૨૪) ભમરી : ભમરી પોતાનું દર બનાવી તેમાં ઈયળો મૂકે છે. પછી તેને ચટકા ભરી ભરી તેમાંથી ભમરી બનાવે છે. જ્યાં સુધી ઈયળમાંથી ભમરી ન થાય ત્યાં સુધી ભમરીનું તેને સતત ચિંતન થયા કરે છે. મુમુક્ષુ જેવી ધારણા કરે, જેવું ચિંતવે તેવું થાય છે. જેવી ધારણા કરો તેવી આકૃતિ અને પ્રકૃતિ આવી જાય છે. પરમાત્માનું ચિંતવન કરીએ તો પ્રભુના રૂડા ગુણ તેનામાં આવે છે. સારું ચિંતવન કરીએ તો સારો થાય અને બ્રહ્મરૂપ બની જાય. સંતો મુમુક્ષુને ઉર્ધ્વગામી બનાવવા સતત એને રોકે, ટોકે અને મુમુક્ષુ સંતની વાત વિચારીને તેનું અનુસરણ કરે તો તેનું જીવન પ્રભુમય બને છે.

(૨૪ B) દેહ : શરીર નાશવંત છે. જન્મ-મરણને આધીન છે. આ દેહથી જેટલું ભજન, સેવા થાય તેટલી કરી લેવી. ધ્યેય સિદ્ધિ માટે સદા પ્રયાસ કરવો. દેહનો ઉપયોગ પ્રભુ મેળવવા કરવો. પોતાનું કર્તવ્ય નિભાવવું. કર્તવ્યમાં આસક્તિ ન રાખવી. મનુષ્યને આ દેહનો ઉપયોગ કરતા આવડે તો જીવને મોક્ષમાર્ગે લઈ જાય અને ન આવડે તો નરકના ખાડામાં લઈ જાય. આ દેહ પ્રભુ પ્રાપ્તિનું અમોઘ સાધન છે. (૪)

ઉપસંહાર : આમ સર્વે ગુરુરૂપ સાધનોમાંથી જો ગુણ લઈએ તો તે આપણા જીવનને ઉર્ધ્વગામી બનાવે છે. પ્રભુ જીવના ગુણ સામુ જુએ છે. અવગુણ સામું જોતા નથી. એમ આપણે દરેકમાંથી ગુણ લેવાનો સ્વભાવ કેળવવો. તો આ આત્માનો મોક્ષ સહજ બને.

ટૂંકમાં...

૧. પૃથ્વીને પ્રથમ ગુરુ તરીકે સ્વીકારીને અવધૂત દત્તાત્રેય ધરતીની ક્ષમાશીલતા,

પર્વતનો પરોપકાર તેમજ વૃક્ષની પરાધીનતા શીખે છે.

૨. વાયુદેવ પાસેથી સંતોષ, અસંગવૃત્તિ અને નિષ્કામ કર્મયોગનો ઉપદેશ લે છે.

૩. આકાશ પાસેથી નિરંજનતા, નિરાકારતા, વ્યાપકતા, અનંતતા શીખે છે.

૪. જલ પાસેથી શીતળતા, મધુરતા અને પવિત્રતાની શિક્ષા લે છે.

૫. અગ્નિને ગુરુ બનાવીને તેજસ્વીતા, તપસ્વિતા, અપરિગ્રહ, પાવકતા શીખે છે.

૬. ચંદ્ર પાસેથી શાંતિ, સમતા, ઉદારતા અને સહજ વિકાસનો સંદેશ મેળવ્યો.

૭. પક્ષી પાસે ગૃહમાં જ બુદ્ધિ સમાઈ જાય છે તેવી શિક્ષા લીધી અને મુક્તિના દ્વાર સમા માનવદેહને પામીને મૂઢમતિ ભોગમાં આસક્ત બને છે તે આરૂઢચ્યુત ગણાય છે.

૮. અજગર આજીવિકા માટે કાલાવાલા કરતો નથી. પદેચ્છાલાભસંતુષ્ટ એ ગીતા કથનને યોગી ચરિતાર્થ કરે છે. આત્મારામ અજગર આદર્શ બની રહો.

૯. સાગર કદી ક્ષોભ પામતો નથી. કોઈ ધ્યેય પાછળ ગાંડુ બનવું જોઈએ તો આપણે જીવનનો સાચો આનંદ માણી શકીએ તે શીખવા મળે છે.

૧૦. પતંગિયા પાસેથી ખુલ્લી આંખે ચાલવાનું શિક્ષણ મેળવ્યું.

૧૧. મધુકર પાસેથી માધુકરી વૃત્તિ અને સારગ્રહણ અને અપરિગ્રહની શિક્ષા મેળવી.

૧૨. હાથી પાસેથી જગતની આસક્તિથી ન બંધાવા ઉપદેશ મળે છે.

૧૩. પારધિ-મધ હરણ કરનાર પાસેથી કનકાસક્તિથી બચવાનો બોધ મેળવ્યો.

૧૪. હરણ પાસેથી શબ્દાસક્તિથી બચવાનું શિક્ષણ મેળવ્યું.

૧૫. માછલા પાસેથી સ્વાદલોલુપ ન બનાવવાનું શિક્ષણ મેળવ્યું.

૧૬. પિંગલા પાસેથી આશા મનુષ્યને લોલુપ અને દીન બનાવે છે. આશાને જીતનાર પરમ સુખી બને છે તે શીખ્યા.

૧૭. સમળી પાસેથી અપરિગ્રહ શીખવા મળ્યું. સમજીને ત્યાગ કરવાનું શીખ્યું.

૧૮. બાળક પાસેથી સદા હસતા રહેવાનું, સહજતા, નિર્દોષતા શીખવા મળી.

૧૯. કન્યા પાસેથી સાધકે હંમેશાં એકલા વિચરવું જોઈએ તે શીખ્યા.

૨૦. લુહાર પાસેથી એકાગ્રતા, ભગવન્મય બનવાની પ્રેરણા શીખ્યા.

૨૧. સાપ પાસેથી એકાકી, અલ્પભાષી, અંતર્મુખ, ગંભીરતા શીખ્યા.

૨૨. કરોળિયા પાસેથી એ શીખ્યા કે કરોળિયો જેમ પોતાની લાળને મુખ દ્વારા ફેલાવી રમત કરી પાછો તેને ગળી જાય છે તેમ પરમાત્મા જગતને

પોતાનામાંથી ઉત્પન્ન કરી પોતાનામાં જ લીન કરી દે છે. તે શીખ્યા.

૨૩. ઈયળ પાસેથી સ્નેહ, દ્વેષ કે ભયથી પણ ભગવાનનું ધ્યાન કરનાર માણસ ભગવદ્ સ્વરૂપ બની જાય છે તે બોધ શીખ્યા.

૨૪. પોતાના દેહ પાસેથી વિવેક અને વૈરાગ્યનો બોધ મળે છે. દેહ એક મંદિર છે. દેહનો ઉપયોગ ભોગ માટે નથી પણ પ્રભુ પ્રાપ્તિ માટે છે તે શીખ્યા. (૬)

શ્રીહરિના વનવિચરણ દરમ્યાન જૂનાગઢ ગીરનારની યાત્રાએ હતા. તે દરમ્યાન ગીરનાર પર્વત ઉપર દત્તાત્રેયની ટૂંક ઉપર ગયા. ત્યાં દત્તાત્રેયમાં શ્રદ્ધા ધરાવનાર એક તપસ્વી ૧૨ વર્ષથી દત્તાત્રેયના પ્રત્યક્ષ દર્શન માટે તપ કરતો હતો. શ્રીહરિએ તેનો સંકલ્પ જાણી તેને દત્તાત્રેયરૂપે દર્શન આપીને રાજી કર્યો.

એકવાર શ્રીહરિ જૂનાગઢ ભક્તો સાથે પધાર્યા અને ગીરનારની જાત્રાએ ગયા. તે સમયે એક ભક્ત ખોડાભાઈ સૂઈ ગયા હશે તેથી તે ગુરુ દત્તાત્રેયના દર્શને જઈ શક્યા નહિ. તેથી પોતે પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે મારે પગલાંના દર્શન કરવા હતા પણ થયા નહિ. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, તમારે પથ્થરના પગલાંના દર્શન કરવા છે કે મૂર્તિમાન દત્તાત્રેયના દર્શન કરવા છે ? ત્યારે કહે મૂર્તિમાન થાય તો બહુ સારું. તે સમયે શ્રીહરિ કહે, ગઢડામાં શામળિયા ચૈતન્યાનંદ સ્વામી દત્તાત્રેયનો અવતાર છે. તેના દર્શન કરી લેજો. (૫)

★ **પાદટીપ :**

(૧) **અવતાર કથાઓ :** પ્રભુશાસ્ત્રી : સ્વામિ. મંદિર, જૂનાગઢ : વિ.સં. ૨૦૪૭. પાના નં. ૫૪

(૨) **વિશ્વકોષ :** ભાગ-૯, પાના નં. ૮૭

(૩) **રંગઅવધૂત**ના શિષ્યનો મત

(૪) **ગુરુ દત્તાત્રેયના ચોવીશ ગુરુઓની કથા :** શા. હરિકેશવદાસજી સ્વામી, ગાંધીનગર, વિ.સં. ૨૦૬૧

(૫) **અક્ષરાનંદ સ્વામીની વાતો :** વડતાલ મંદિર, પ્રકાશન : વર્ષ-૨૦૧૧, વાર્તા નં. ૩૬૭

(૬) **તસ્મૈશ્રી ગુરવે નમઃ :** હરીભાઈ કોઠારી, જયાંક પ્રકાશન, મુંબઈ. વર્ષ-૨૦૦૪, પાના નં. ૧થી ૬૪.

૬. શ્રી નરનારાયણ ઋષિ (ભગવાન)

નરનારાયણના તપના સારંગપુરના ૧૬માં વચનામૃતમાં પરમાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે, નરનારાયણ ઋષિ જે તે બદ્રિકાશ્રમમાં રહ્યા થકા આ ભરતખંડના સર્વે મનુષ્યના કલ્યાણને અર્થે અને સુખને અર્થે તપ કરે છે ત્યારે સર્વે મનુષ્ય કલ્યાણના માર્ગને વિષે કેમ નથી પ્રવર્તતા ?

નરનારાયણ ભગવાન વિષે જાણીએ.

આ સંયુક્તાવતાર છે જે એક જ ચેતના, એક સાથે એક કરતા વધુ શરીર ધારણ કરે છે.

નરનારાયણ પ્રભુ આ ભરતખંડના રાજા છે. ભરતખંડના મુમુક્ષુ ભક્તોને આ લોકમાં દુઃખ ન આવે, તેમની આધિ, વ્યાધિ અને ઉપાધીથી રક્ષા થાય, તે સાથે તેમની આધ્યાત્મિક ઉન્નતિ થાય મુમુક્ષુ જીવને ઇન્દ્રીય અંતઃકરણ તથા, અંતઃશત્રુ ભગવાન ભજવામાં ન નડે તે માટે તેમના વતી નરનારાયણ ભગવાન બદ્રિકાશ્રમમાં તપ કરે છે. આ તપના પ્રભાવથી મુમુક્ષુજનની રક્ષા થાય છે અને તેઓ નિર્વિઘ્ને પ્રભુ ભજન કરી શકે છે તથા તેમના આત્માના કલ્યાણમાં વિઘ્ન આવતું નથી.

લોકમંતવ્ય મુજબ એવું કહેવાય કે પ્રભુ દરેકની રક્ષા કરે છે અને પાપી મનુષ્યનું પણ કલ્યાણ કરે છે, પણ આ મંતવ્ય ભૂલભરેલું છે કેમકે નરનારાયણ ભગવાન તો જે તેના ભક્તજન છે તેને માટે તપ કરે છે અને એ તપનું ફળ તેમને આપે છે, પણ અભક્ત માટે તપ કરતા નથી. જે તેના ભક્ત નથી તેને પ્રભુના તપનું ફળ મળતું નથી.

ભગવાન વાસુદેવે આ સૃષ્ટિના આરંભમાં ધર્મ અને તેમની ધર્મપત્ની મૂર્તિ થકી બે સ્વરૂપમાં અવતાર ધારણ કર્યો. તેઓએ મસ્તક ઉપર જટા ધારણ કરી હતી. અવતાર ધારણ કરી તેઓ બદ્રિકાશ્રમમાં ચાલ્યા ગયા અને ત્યાં રહી એક

હજાર વર્ષ સુધી કઠોર તપસ્યા કરી. આથી તેમના તપથી ડરીને ઈન્દ્ર તેમના તપનો ભંગ કરવાના ઉદ્દેશથી ત્યાં આવ્યો અને કહ્યું કે તમારા તપથી હું ખૂબ સંતુષ્ટ થયો છું. તમે મારી પાસે કંઈક માગો. હું તમારી માંગણી પૂર્ણ કરીશ. પરંતુ નરનારાયણ ઋષિએ આનો કંઈ જવાબ ન આપ્યો. આથી ઈન્દ્રએ ગુસ્સે થઈને તેમને ડરાવવા માટે તેમના ઉપર અગ્નિવર્ષા કરી. હિંસક પશુઓ દ્વારા ગર્જનાઓ કરાવી તેમને ડરાવવા પ્રયત્ન કર્યો છતાં પણ ઋષિઓ શાંત બેસી રહ્યા તેથી ઈન્દ્ર નિરાશ થઈને ચાલ્યો ગયો. (૧)

પછી ઈન્દ્રએ તેમને લોભાવવા માટે સ્વર્ગની અપ્સરાઓ અને કામદેવને તપભંગ કરવા મોકલ્યા છતાં ઋષિઓને તે ડગાવી ન શક્યા. આથી, કામદેવને ડર લાગ્યો કે ઋષિ મને શાપ આપશે તેથી તે ડરથી સ્તુતિ કરવા લાગ્યો. ત્યારે ઋષિએ કહ્યું કે, તમે અને અપ્સરાઓ સ્વર્ગમાંથી અહીં આવ્યા છો તેથી આપ અમારા અતિથિ છો આમ કહી ઋષિઓએ પોતાની અલૌકિક શક્તિથી દિવ્ય સુગંધી વાતાવરણ અને સુંદર સ્ત્રીઓ ઉત્પન્ન કરી. તે બધી નરનારાયણ ઋષિની સેવા કરવા લાગી. ત્યારબાદ ઋષિઓએ ઈન્દ્રના અનુચરોને કહ્યું કે તમને જે પસંદ પડે તેવી સુંદર સ્ત્રી તમે સેવા માટે લઈ જાઓ. આથી અનુચરોએ એ પ્રમાણે કર્યું. સ્વર્ગમાં જઈ અનુચરોએ ઋષિના વખાણ કર્યા ત્યારે ઈન્દ્ર ભયભીત થઈ ગયો. (૧)

નરનારાયણ સમર્થ હોવા છતાં સૃષ્ટિમાં તપસ્યાનો આદર્શ શીખવવા પોતે નિરંતર તપ કરી ભક્તોની સુખાકારી વધારે છે. તેમના તપના પ્રભાવથી ભક્તોની અંતઃશત્રુ થકી રક્ષા થાય છે. (૧)

એકવાર ભક્ત પ્રહલાદ નરનારાયણ ઋષિના આશ્રમમાં આવ્યા. નરનારાયણ ઋષિઓનો તપસ્વી વેશ હોવા છતાં તેઓ ધનુષ્ય બાણ રાખતા જોઈ પ્રહલાદે તેમની ટીકા કરી કે તપસ્વીઓને માટે આ આયુધો રાખવા યોગ્ય નથી. ત્યારે ઋષિઓએ કહ્યું કે, અમારી તપ અને યુદ્ધ બંનેમાં નિપુણતા છે. તમે તમારા રસ્તે સિધાવો. આથી, પ્રહલાદે ગુસ્સે થઈને ઋષિ સાથે યુદ્ધ આરંભ્યું. આ યુદ્ધ એક હજાર વર્ષ સુધી ચાલ્યું. અંતે ભગવાન વિષ્ણુ પધાર્યા અને તેમણે કહ્યું કે, નરનારાયણ ઋષિ એ મારો અંશાવતાર છે. આથી પ્રહલાદ શરમાયા અને ઋષિને પ્રણામ કરી પોતાના પાતાળ લોકમાં સિધાવ્યા. (૧)

જૈમનીય ભારતમાં એક કથા આ પ્રકારે છે : સહસ્ર કવચિ દૈત્યે તપસ્યા દ્વારા સૂર્યદેવને પ્રસન્ન કરી એવું વરદાન માંગ્યું કે, મારા શરીરની રક્ષાર્થે એક હજાર કવચ થાઓ. જો કોઈ એક હજાર વર્ષ સુધી મારી સાથે યુદ્ધ કરે ત્યારે જ મારા શરીર ઉપરનું એક કવચ તૂટે અને તેમ કરનાર મરણ જેવી શિથિલ સ્થિતિ પામે. આ દૈત્યને મારવા નરનારાયણ દેવનો અવતાર થયો છે. આ બંને ભાઈઓ એક એક હજાર વર્ષ સુધી યુદ્ધ કરી દૈત્યના એક એક કવચને તોડે છે, જ્યારે એક ભાઈ શિથિલ થાય તો બીજો ભાઈ મંત્ર દ્વારા તેને જીવિત કરે અને સ્વયં યુદ્ધમાં લાગે. આ રીતે લડતા રહેવાથી આખરે દૈત્યના શરીર ઉપર હજાર પૈકી એક જ કવચ રહ્યું. આથી દૈત્ય ડરનો માર્યો સૂર્યમાં લીન થઈ ગયો. આ એ જ અસુર દ્વાપરમાં કર્ણ થયો. જે જન્મથી જ કવચ ધારણ કરીને પેદા થયો હતો. ત્યારે નરનારાયણે જ અર્જુન અને શ્રીકૃષ્ણ રૂપે તેને માર્યો. (૧)

એકવાર નારદજી નરનારાયણ ઋષિના દર્શન કરવા આવ્યા અને કહ્યું કે, તમે સર્વજ્ઞ, અજન્મા, સનાતન અને આ જગતના માતા-પિતા છો તો આપ કોની ઉપાસના કરો છો ? ત્યારે ઋષિ બોલ્યા કે, આ ખૂબ ખાનગી વાત છે, પરંતુ તમારા જેવા ભગવાનના અત્યંત પ્રેમી ભક્ત પાસે આ વાત છુપાવવી યોગ્ય નથી અને નરનારાયણ ઋષિ કહે છે કે, અમે શ્વેતદ્વીપમાં વસતા વાસુદેવ ભગવાનનું સદાય સ્મરણ ભક્તિ કરીએ છીએ. જેઓ અમારી ઉત્પત્તિનું કારણ છે. અમે તેમની પૂજા કરીએ છીએ. તેઓ અમારો આત્મા છે.

ત્યારબાદ નારદજીએ શ્વેતદ્વીપ જઈને વાસુદેવ ભગવાનના દર્શન કર્યા અને બાદમાં નરનારાયણ ઋષિના આશ્રમમાં પાછા ફરીને ત્યાં એક હજાર વર્ષ સુધી રહી નરનારાયણ સંબંધી અનેક મંત્રોનો જપ કર્યો.

દ્વાપર યુગમાં પૃથ્વીનો ભાર હળવો કરવા શ્રીકૃષ્ણ અને અર્જુનના રૂપમાં પ્રગટ થઈને અસુરોનો નાશ કર્યો. (૧)

ભગવાન નરનારાયણનો અવતાર કલ્પપર્યંત તપશ્ચર્યા માટે જ પ્રગટ થયો છે. તે પ્રભુ આજ પણ બદ્રિકાશ્રમમાં તપ કરી તેમના પ્રેમી ભક્તોને દર્શન આપે છે અને ભક્તોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું બળ આપે છે.

શ્રીહરિએ આ પૃથ્વી પર પ્રગટ થઈને આ ભરતખંડના રાજા નરનારાયણ ભગવાનનું પ્રથમ મંદિર અમદાવાદમાં બનાવ્યું અને તેમાં નરનારાયણ દેવ

પધરાવ્યા. તે જ રીતે ભૂજમાં પણ આ દેવ પધરાવ્યા. જે દેવો પોતાના ભક્તજનોની અંતઃશત્રુ થકી રક્ષા કરે છે.

વચનામૃતમાં શ્રીહરિએ નરનારાયણ ઋષિ (ભગવાન)નો અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છે :

વચનામૃત ગઢડા પ્રથમનું ૪૦મું :

મુક્તાનંદ સ્વામીના સવિકલ્પ - નિર્વિકલ્પ સમાધિના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે :

જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય... હું નારદ સનકાદિક ને શુકજી તે જેવો થાઉં અથવા નરનારાયણના આશ્રમમાં જઈને તે આશ્રમના મુનિ ભેળો રહીને તપ કરું ...!

વચનામૃત ગઢડા પ્રથમનું ૭૩મું :

શુકમુનિના શ્રીકૃષ્ણની સોળ હજાર એકસોને આઠ પત્ની અંગેના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે,

(૧) શ્રીકૃષ્ણ ભગવાને ... એ ઠેકાણે તો પોતાને વિષે નરનારાયણ ઋષિપણું દેખાડ્યું...!

(૨) ...અને સાંખ્યવાળાને ખોળીએ તો હજારો જડે પણ યોગકળાએ કરીને ઉર્ધ્વરેતા હોય એવા તો એક નરનારાયણ જ છે અથવા જે નરનારાયણના અનન્ય ભક્ત હોય તે પણ તેના ભજનને પ્રતાપે કરીને દૃઢ બ્રહ્મચર્યવાળા થાય છે.

★ **પાદટીપ :**

(૧) **अवतारकथांक** *:* વર્ષ - ૮૧ : ૧, કલ્યાણ, ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૬૮થી ૧૭૫

(૨) **નાભાજી કૃત : શ્રી ભક્તમાલ** - પ્રવીણ પ્રકાશન, રાજકોટ, વર્ષ : ૧૯૯૮, પાના નં. ૫૧થી ૫૨

•

૭. નૃસિંહ ભગવાન, પ્રહલાદ, હિરણ્યકશિપુ

કશ્યપ ઋષિ, દિતિના પતિ હતા. દિતિ દક્ષની પુત્રી હતા. એકવાર સાયંકાળે દિતિને ઋષિનો સંગ કરવાની ઇચ્છા થઈ. ત્યારે ઋષિએ કહ્યું કે, આ કાળ સાયંકાળ છે જે સંગ માટે યોગ્ય નથી. તેમ છતાં દિતિએ અતિ આગ્રહ કરતા ઋષિએ પત્નીનો સંગ કર્યો. પરંતુ ઋષિએ શાપ આપ્યો કે તને બે પુત્રો જન્મશે. જે રાક્ષસરૂપ હશે અને તે પુત્રો સંસારમાં અને દેવોને અતિ કષ્ટ દેશે. આથી દિતિએ પોતાના કૃત્ય બદલ માફી માગી અનુગ્રહ કરવા પ્રાર્થના કરી ત્યારે ઋષિએ કહ્યું તેના પુત્રોને ભગવાનનો યોગ થશે અને બંને પુત્રો ભગવાન વિષ્ણુના હાથે મરાશે. પ્રહલાદજી એ કુળમાં જન્મ્યા અને તેમને પ્રભુનો યોગ થયો. (૧)

બે પુત્રો પૈકી મોટા હિરણ્યકશિપુ અને નાનો હિરણ્યાક્ષ થયા. બંને અસુર હતા અને ભગવાનના વેરી હતા. (૧)

હિરણ્યાક્ષ પૃથ્વીને લઈને દરિયામાં જતો રહ્યો આથી પ્રભુ પૃથ્વીને બહાર લાવવા માટે તેની સાથે યુદ્ધ કરી તેને મારી નાખ્યો. આથી રાક્ષસનો મોટો ભાઈ હિરણ્યકશિપુ પ્રભુ ઉપર રોષે ભરાયો અને પોતે કોઈનાથી મરે નહીં તે માટે તપ કરી ભગવાન સાથે યુદ્ધ કરી પ્રભુને મારવા માટે ઘોર તપસ્યા કરી અને બ્રહ્માને રીઝવ્યા અને વરદાન માંગ્યું કે, હું ઘરે કે બહાર, દિવસે કે રાત્રે, અસ્ત્ર કે શસ્ત્ર, નરથી કે પશુથી, સજીવ કે નિર્જીવથી ન મરું એવું વરદાન આપો. બ્રહ્માએ તથાસ્તુ કહ્યું. આથી રાક્ષસને થયું કે હું કોઈથી નહીં મરું. આથી તે સંસારમાં, દેવલોકમાં ચારે કોર ત્રાસ ગુજારવા લાગ્યો. હિરણ્યકશિપુને પ્રહલાદ નામે પુત્ર હતો. તે ભગવાનનો ભક્ત હતો. દાનવકુળમાં જન્મ્યો હોવા છતાં તે વિષ્ણુનો પરમ ભક્ત હતો.

પ્રહલાદ ભક્ત શું કામ થયા ? તે કથા જાણીએ :

હિરણ્યકશિપુના લગ્ન જંભાસુરની કન્યા કયાધુ સાથે થયેલા. તે ભગવાનની

ભક્ત હતી. (૧)

જ્યારે હિરણ્યકશિપુ વનમાં તપ કરવા ગયા અને ધ્યાનમાં બેઠા ત્યાં એક પોપટ ઝાડ પર બેઠો બેઠો નારાયણ નારાયણ નામ બોલ્યો. રાક્ષસને થયું કે, આ મારા વેરીનું નામ બોલ્યો માટે મને અપશુકન કરાવ્યા. માટે આજે તપ નથી કરવું કાલે વાત. એમ માની પોતે ઘરે આવ્યો. કયાધુએ પૂછ્યું કે, કેમ ઘરે આવ્યા ? ત્યારે કહે તપ કરવા ગયો ત્યાં પોપટ નારાયણ નારાયણ એવું બોલ્યો. આથી મને અપશુકન થયા તેથી પાછો આવ્યો. (૧)

આથી કયાધુને થયું કે આ રાક્ષસરાજ કોઈ દિવસ નારાયણ નામ બોલે નહીં અને આજે બોલ્યા. માટે કયાધુએ જમાડતી વખતે યુક્તિપૂર્વક તેના પતિ પાસે વારંવાર એકની એક જ વાત પૂછી, વારંવાર તેની પાસે નારાયણ નારાયણ નામ બોલાવ્યું. પરિણામે રાક્ષસના પેટમાં ભગવાન નામ સ્મરણ સાથેનું અન્ન જતાં એ સત્વગુણ ભાવના અંશથી કયાધુનો સંગ કરતા તેનો ગર્ભ રહ્યો. ગર્ભમાં ભગવાનના ભક્ત પ્રહલાદ નિવાસી થયા. (૨)

બીજે દિવસે હિરણ્યકશિપુ વનમાં તપ કરવા ગયા. ત્યાં વર્ષો સુધી બ્રહ્માની સાધના કરી તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરી વરદાન મેળવ્યા. (૨)

આ બાજુ રાક્ષસરાજની ગેરહાજરીમાં દેવોએ કયાધુનું અપહરણ કરી દેવલોકમાં લઈ જતા હતા ત્યારે રસ્તામાં તેને નારદજી મળ્યા અને દેવોને કયાધુના પેટમાં ભગવાનનો ભક્ત છે જે તમને હેરાન નહીં કરે તેમ કહેતા દેવોએ કયાધુને મુક્ત કરી. કયાધુ દેવર્ષિના આશ્રમમાં રહી નિત્ય ભજન અને કથા-વાર્તા સાંભળતી. આથી પ્રહલાદને આ સુસંસ્કાર ગર્ભમાંથી જ મળ્યા પરિણામે તે ભક્ત થયા.

તપ કરી હિરણ્યકશિપુ ઘરે આવતા તેણે પુત્રને પૂછ્યું કે, શું વિદ્યા ભણ્યા ? ત્યારે પ્રહલાદે નારાયણ ભગવાનની વાત કરતા, તે ક્રોધે ભરાયો ને તે નામ મૂકી દેવા આદેશ કર્યો. છતાં પ્રહલાદ પિતાનું ન માન્યા. આથી પિતાએ તેને મારી નાખવા આદેશ કર્યો, પરંતુ દરેક વખતે ભગવાને આ ભક્તની રક્ષા કરી. (૨)

અંતે કોઈ રીતે પ્રહલાદ ન મરતા રાક્ષસરાજે ખુદે પ્રહલાદને મારવા પ્રયત્ન કરતા, ભગવાન થાંભલામાંથી પ્રગટ થઈ હિરણ્યકશિપુને મારી પ્રહલાદની રક્ષા કરી અને પ્રહલાદને અનંત કલ્પ સુધી સુખપૂર્વક રાજ્ય કરવા અને ઈન્દ્રિય

અંતઃકરણના કામ, ક્રોધાદિ શત્રુ થકી રક્ષા થવાનો આશીર્વાદ આપ્યો. (૨)

નૃસિંહ અવતાર હિરણ્યકશિપુને મારવા માટે જ થયેલો. જેમનું અડધું શરીર માનવનું અને શરીરનો ઉપરનો ભાગ સિંહનો હતો. રાક્ષસને મળેલ વરદાનમાં બાધ ન આવે તે રીતે પ્રભુએ તેને સાયંકાળે, ઘરના ઉંબરામાં, નર-પશુ સ્વરૂપે, પોતાના વિકરાળ નખથી મારી નાખ્યો. આ અવતાર સત્‌યુગમાં થયેલો. વૈશાખ સુદ ચૌદશે પ્રભુ ભક્તની રક્ષા માટે પ્રગટ થયેલા. આ દિવસ નૃસિંહ જયંતી રૂપે ઉજવાય છે.

શ્રીહરિએ વચનામૃતમાં નૃસિંહ ભગવાન, હિરણ્યકશિપુ અને ભક્ત પ્રહલાદનો ઉલ્લેખ કર્યો છે.

★ હિરણ્યકશિપુ :

વચનામૃત ગઢડા પ્રથમનું ૬૨મું :

શ્રીહરિએ હિરણ્યકશિપુને પ્રહલાદના સંદર્ભમાં યાદ કર્યા છે :

...જેમ હિરણ્યકશિપુ હતો, તેણે ત્રિલોકી પોતાને વશ કરી રાખી હતી એવો બળવાન હતો, પણ જો પ્રહલાદજીનો દ્રોહ કર્યો તો ભગવાનને સ્તંભમાંથી નૃસિંહરૂપે પ્રકટ થઈને તેનો નાશ કરી નાખ્યો.

★ નૃસિંહ ભગવાન :

વચનામૃત ગઢડા પ્રથમના ૬૩માં અને

લોયાના ૩જા વચનામૃતમાં : પ્રહલાદની રક્ષા કરી તે વાત કરી.

લોયાના ૪થા વચનામૃતમાં : ...અને તે જ ભગવાન ક્યારેક મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહાદિક અનંતરૂપે કરીને ભાસે છે...

લોયાનું ૧૮મું વચનામૃત : ...તથા નૃસિંહાવતાર ધાર્યો ત્યારે સિંહના જેવું ભયાનક રૂપ હતું.

પંચાળાનું બીજું વચનામૃત : ...એવા જે મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહ... રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને ધ્યાને કરીને મોક્ષ થાય.

પંચાળાનું ચોથું : ...તથા નૃસિંહરૂપે થયા ત્યારે સિંહની પેઠે જ વર્ત્યા. પણ મનુષ્યના જેવી ચેષ્ટા ન કરી.

ગઢડા મધ્યનું ૬૪મું વચનામૃત : ...જે મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંહાદિક જે ભગવાનના અવતાર છે તે સર્વે અવતારના અવતારી તે શ્રીકૃષ્ણ ભગવાન છે.

વડતાલનું ૧૮મું વચનામૃત : ...તથા વારાહ, નૃસિંહ ...એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે ન પોતે તો સદા દ્વિભુજ છે.

★ પ્રહલાદ :

ગઢડા પ્રથમનું ૬૨મું, લોયાનું ૩જું,

ગઢડા મધ્યનું પાંચમું : ...કેમ જે નારદ સનકાદિકને ધ્રુવ, પ્રહલાદાદિક તેમણે ... ભક્તનો જ પક્ષ રાખ્યો છે.

વડતાલનું ૧૫મું : ...ત્યારે આસુરભાવને પામી ગયા અને પ્રહલાદજી દૈત્ય હતા તેણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો...

વચનામૃત ગઢડા અંત્યનું ૨૧મું : ...તે તો નારદ સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહલાદ, અંબરીષ એ આદિક જે ભક્તજન તેનો છે અને એ ધર્મને જ ભાગવતધર્મ કહે છે...

★ પાદટીપ :

(૧) **શ્રીમદ્ ભાગવત્ :** સ્કંધ-૭ અધ્યાય : ૨થી ૯નો સારાંશ

(૨) **भक्त चरितांक :** હિરણ્યકશિપુ કલ્યાણ : ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૨૪૫થી ૨૪૮નો સારાંશ

●

૮. મત્સ્યાવતાર

સત્યયુગમાં સત્યવ્રત નામના એક મહાન રાજા થઈ ગયા. તે રાજા વર્તમાન મહાકલ્પમાં શ્રાદ્ધદેવ નામના પ્રસિદ્ધ વિવસ્વાન રાજાના પુત્ર થયા. જેમને પ્રભુએ વૈવસ્તવત મનુ બનાવી દીધા. રાજા સત્યવ્રત શ્રેષ્ઠ ગુણ સંપન્ન રાજા હતા. પોતાની રાજ્ય સંપત્તિ પોતાના પુત્રને સોંપી તે વનમાં મલય પર્વતના એક શિખર ઉપર ઘોર તપ કરવા લાગ્યા. તપ કરતા દશ હજાર વર્ષ વીતી ગયા બાદ બ્રહ્માજીએ તેને દર્શન આપી વરદાન માંગવા કહ્યું. ત્યારે રાજાએ કહ્યું કે, જ્યારે આ પૃથ્વીનો પ્રલય થાય ત્યારે આ સમગ્ર સચરાચર જીવ પ્રાણીનું હું રક્ષણ કરી શકું તેવું વરદાન આપો. ત્યારે તથાસ્તુ કહીને બ્રહ્માજી અદશ્ય થઈ ગયા. (૧)

એકવાર રાજા નદીમાં તર્પણ કરી રહ્યા હતા તેવામાં પોતાના હાથની અંજલીમાં એક નાની માછલી આવી. તેથી રાજા તેને ફરી જળમાં નાખવા જતા હતા, તેવામાં માછલી અચાનક બોલી કે, મને આ જળમાં ફરી ન નાંખો. મને બીજા મોટા જળચર ખાઈ જશે. આથી રાજા માછલીને પોતાના કમંડળમાં મૂકી આશ્રમમાં લાવ્યા. બીજા દિવસે જોયું તો માછલીનું કદ કમંડળ જેવડું થઈ ગયેલ. આથી માછલીએ કહ્યું કે, હું આ કમંડળમાં મારો નિર્વાહ નહિ કરી શકું. આથી રાજાએ માછલીને મોટા પાત્રમાં મૂકી પરંતુ માછલી તો મોટીને મોટી થતી ગઈ. અંતે તેને સમુદ્રમાં નાખી તો માછલી યોજન મોટી થઈ ગઈ. આ જોઈ રાજાને આશ્ચર્ય થયું અને તેણે માછલીને પ્રણામ કરી કહ્યું કે, આપ સાક્ષાત્ શ્રીહરિ છો. જીવો પર અનુગ્રહ કરવા માટે આપે આ ચરિત્ર કર્યું છે, પરંતુ આપે આ મત્સ્ય સ્વરૂપ કયા ઉદ્દેશથી ધારણ કર્યું છે ? તે જણાવવા કૃપા કરો. ત્યારે મત્સ્યરૂપ અવતારે કહ્યું કે, આજથી સાતમા દિવસે આ પૃથ્વીનો પ્રલય થશે. સમગ્ર પૃથ્વી પાણીમાં ડૂબી જશે. ત્રણેય લોક પાણીમાં નિમગ્ન થઈ જશે. ત્યારે મારી પ્રેરણાથી

એક વિશાળ નૌકા આવશે. તમે સમસ્ત ઔષધિ, બીજ અને પ્રાણીઓના સૂક્ષ્મ સ્વરૂપ લઈને સપ્ત ઋષિઓ સાથે આ નાવમાં બેસી જજો. એ વખતે બધે અંધકાર હશે. ફક્ત ઋષિઓના દિવ્ય તેજ દ્વારા તમે બધું જોઈ શકશો. તે સમયે હું આ સ્વરૂપે તમારી પાસે આવીશ અને મારા શીંગડા સાથે નાવને બાંધી દેજો. જ્યાં સુધી બ્રાહ્મી નિશા રહેશે ત્યાં સુધી હું તમને તથા ઋષિઓને આ પ્રલય સાગરમાં વિચરણ કરાવીશ. (૨)

આમ, રાજા કાળની રાહ જોતા મત્સ્ય ભગવાનનું ચિંતન કરતા રહ્યા. આખરે સાત દિવસે સમુદ્રે મર્યાદા ભંગ કર્યો અને આ સચરાચર પાણીમાં ડૂબી ગયું. પ્રભુએ કહ્યા મુજબ નાવ આવી. બધી ઔષધિઓ વગેરે લઈને નાવમાં બેસી ગયા અને પ્રભુ મત્સ્ય ધારણ કરીને પ્રગટ થયા. તેમનું શરીર ચાર લાખ કોસ વિસ્તરેલું હતું. રાજાએ પ્રભુના કહ્યા મુજબ તેના શીંગડા સાથે નાવને વાસુકિ નાગ વડે બાંધી દીધી. સૌ પ્રભુના દર્શન સ્તુતિ કરવા લાગ્યા. તે સમયે પ્રભુએ સૌને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. જે ઉપદેશ મત્સ્ય પુરાણ તરીકે પ્રસિદ્ધ છે. (૨)

ભગવાનની કૃપાથી રાજા સત્યવ્રત જ્ઞાનસભર થઈ આ કલ્પમાં વૈવસ્વત મનુ થયા. (૨)

આ અવતાર કાર્તિકવદ ત્રીજના રોજ થયો હતો.

★ વચનામૃતમાં અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ સંદર્ભમાં શ્રીહરિએ મત્સ્યાવતારનો ઉલ્લેખ કર્યો છે જે જોઈએ :

★ ગઢડા પ્રથમનું ૭૮ :

કેમ સમજીએ ત્યારે પ્રભુના સંતનો મહિમા સમજાય, એ નિર્મળાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે : મત્સ્ય, કચ્છ, વારાહ ... એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે ભગવાને આ અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે...!

★ વચનામૃત લોયાનું ૪થું :

અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે જે, ... અને તે જ ભગવાન ક્યારેક મત્સ્ય, કચ્છ, વરાહ ... અનંતરૂપે કરીને ભાસે છે. તે કેમ સમજવું ?

... ત્યારે શ્રીહરિ ઉત્તર કરે છે : પોતાની ઇચ્છાએ કરીને ક્યાંક ચાર ભુજ,

ક્યાંક અષ્ટભુજ ... તથા મત્સ્ય-કચ્છાદિક રૂપે કરીને ભાસે છે.

★ **વચનામૃત લોયાનું ૧૪મું :** શ્રીહરિ કૃપાવાક્ય કહે છે :

... શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે ... અને બીજા જે મત્સ્ય કચ્છાદિક ભગવાનના અવતાર છે પણ તેમાં અમારી અતિ રુચિ નથી.

★ **વચનામૃત લોયાનું ૧૮મું :** શ્રીહરિ કૃપા વાક્ય કહે છે :

... જે ભગવાને વારાહનો દેહ ધારણ ધાર્યો તે ભૂંડનું રૂપ તે અતિ કુરૂપ કહેવાય તથા મત્સ્યાવતાર ધાર્યો ત્યારે માછલા જેવું જ રૂપ હતું...!

★ **વચનામૃત પંચાળાનું બીજું :** શ્રીહરિ કૃપા વાક્ય કહે છે :

...અને જે યોગવાળા છે તે પ્રત્યક્ષ મૂર્તિ એવા જે મત્સ્ય, કચ્છ વરાહ ... રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને ધ્યાને કરીને મોક્ષ થાય.

★ **વચનામૃત પંચાળાનું ૪થું :** શ્રીહરિ કૃપા વાક્ય કહે છે :

...ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે વર્તે છે. ... તથા મત્સ્ય કચ્છાદિક જળજંતુનો દેહ ધારણ કર્યો ત્યારે જળમાં જ ફર્યા....!

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૬૪મું :** શ્રીજી મહારાજ સ્વયં પ્રકાશાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં કહે છે, જે મત્સ્ય, કચ્છ ... જે ભગવાનના અવતાર છે તે સર્વે અવતારના અવતારી તે શ્રીકૃષ્ણ ભગવાન છે ...!

★ **પાદટીપ :**

(૧) **ભ.ગો. મંડળ** ભાગ : ૭, પાના નં. ૬૯૦૭ થી ૬૯૧૦

(૨) **अवतार कथांक कल्याण :** વર્ષ-૮૧, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૯૩થી ૧૯૫ તથા

मत्स्य महापुराण : ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૩થી ૭નો સારાંશ

●

૯. મોહિની અવતાર

ભગવાનના અવતારો પ્રકૃતિના કોઈ કાર્ય માટે કે ભક્તોને જ્યારે ભીડ પડે ત્યારે તેની રક્ષા માટે થતા હોય છે. ભગવાનના અનંત અવતારો થયા છે. જે પૈકી ૨૪ અવતારોની વિશેષ વિગતો શાસ્ત્રમાં વર્ણવી છે. જે પૈકીના આ મોહિની અવતાર વિષે જાણીએ :

શાસ્ત્રોમાં ભગવાનના ૩ મોહિની સ્વરૂપની ચર્ચા થયેલી છે.

શ્રીહરિ **વચનામૃત ગઢડા પ્રથમના ૨૩**માં કહે છે કે, 'પોતાના સ્વરૂપને ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી જુદું માનીને પ્રભુની ભક્તિ ન કરતો હોય તો તેની માથે વિઘ્ન છે... અને જો એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા.'

તો શિવજી કેમ કયા સંજોગોમાં મોહ પામ્યા ? તે વાત જાણીએ :

સમુદ્રમંથન સમયે ભગવાન ધન્વંતરી અમૃતકુંભ લઈને સમુદ્રમાંથી પ્રગટ થયા. ત્યારે દાનવોએ તે કુંભ તેમની પાસેથી ઝૂંટવી લીધો અને અમૃતપાન કરવા માટે તેઓ બધા અંદરો-અંદર ઝૂંટાઝૂંટી કરવા લાગ્યા. જો દાનવો જ અમૃતનું પાન કરે તો ખૂબ અનર્થ સર્જાય. અમૃતપાનનો અધિકાર તો ફક્ત દેવોને જ હોય. તેથી દાનવો પાસેથી આ કુંભ બુદ્ધિપૂર્વક પાછો મેળવવા માટે પ્રભુએ સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું ને દાનવો પાસે આવ્યા. પ્રભુનું મોહિનીરૂપ જોઈને દાનવો તેનાથી અંજાયા અને મોહ પામી ગયા અને જેમ કહે તેમ કરવા સંમત થયા. આથી મોહિનીએ દેવ-દાનવોની અલગ પંક્તિ કરાવી પ્રથમ દેવોને અમૃત પીરસવા લાગ્યા. રાહુને શંકા થઈ કે આ સ્ત્રી પ્રભુ વિષ્ણુ લાગે છે અને કપટથી બધું અમૃત દેવોને પાઈ દેશે. આથી તે ચૂપચાપ દેવોની પંક્તિમાં આવીને બેસી ગયો. પ્રભુને ખબર પડતા તેનો શિરચ્છેદ કર્યો. પછી સાચી વિગતની જાણ થતા દેવ અને દાનવો વચ્ચે યુદ્ધ થયું વગેરે. આ એક મોહિની સ્વરૂપની વાત થઈ. (૧)

હવે બીજા મોહિની સ્વરૂપની વાત જાણીએ કે પ્રભુનું આ મોહિની સ્વરૂપ જોવાની મહાદેવને ઈચ્છા થઈ કે એ સ્ત્રીરૂપે પ્રભુનું રૂપ કેવું હશે ? તેમણે ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી કે મને, તમારા આ સ્વરૂપની ઝાંખી કરાવો ત્યારે પ્રભુ કહે, અમૃતકુંભ દૈત્યોના હાથમાં જતો રહ્યો તેથી દેવોનું કામ પાર પાડવા માટે તથા દૈત્યોના મનને એક નવા કુતૂહલ તરફ આકર્ષવા માટે જ મોહિનીરૂપ ધારણ કરેલ. તમે એ રૂપ જોવા ઈચ્છો છો, પરંતુ તે રૂપ તો કામી પુરુષો માટે જ યોગ્ય છે. તમારા જેવા યોગી માટે એ દર્શન ઈચ્છનીય નથી તેમ છતાં તમારો ખૂબ આગ્રહ છે તો હું તમને એ રૂપના દર્શન કરાવીશ. એમ કહી પ્રભુ અદશ્ય થઈ ગયા. ત્યારબાદ એકવાર મહાદેવે એક સુંદર બગીચામાં અતિશય રમણીય સ્ત્રીને વિહરતી જોઈ. તે દડાથી રમતી હતી. તેના રૂપ-લાવણ્યથી આકર્ષાઈ મહાદેવ તેમના તરફ ગયા તો સ્ત્રી ચંચળ બની વૃક્ષ પાછળ સંતાઈ ગઈ. મહાદેવ તેને પકડવા દોડ્યા તો તે સ્ત્રી પણ દોડી. મહાદેવ તેના પર અતિ આસક્ત થઈ તેની પાછળ કામાતુર થઈ દોડવા લાગ્યા અને સ્ત્રીને પકડીને તેને આલિંગન આપ્યું. ભગવાન શિવનું વીર્ય અમોઘ છે, તો પણ મોહિનીની માયાથી સ્ખલિત થઈ ગયું અને જયાં જયાં પડ્યું ત્યાં ત્યાં સોના-ચાંદીની ખાણો બની ગઈ પણ મહાદેવનું સ્ખલન થઈ ગયા પછી પ્રભુ મોહિની સ્વરૂપ અદશ્ય કરી વિષ્ણુ સ્વરૂપે આવ્યા ત્યારે મહાદેવને પોતાની સ્થિતિનું ભાન થયું કે, પ્રભુએ તેમને પોતાની માયાના ચકરાવામાં નાખી દીધો અને તેઓ તરત તે દુઃખદ પ્રસંગથી અલગ થઈ ગયા.
(૨) આમ મહાદેવે પ્રભુનું મોહિની સ્વરૂપનું દર્શન કર્યું.

પ્રભુના અન્ય એક મોહિની સ્વરૂપની વાત જાણીએ :

ભસ્માસુર નામના એક દાનવે મહાદેવને તપે કરીને પ્રસન્ન કર્યા. મહાદેવ તેના પર પ્રસન્ન થયા અને વરદાન માંગવાનું કહેતા દાનવે માંગ્યું કે હું જેના પર હાથ મૂકું તે વ્યક્તિ બળીને ભસ્મ થઈ જાય. મહાદેવે તેને તથાસ્તુ કહ્યું. આથી દાનવે એ વરદાનનો પહેલો પ્રયોગ મહાદેવ ઉપર કરવાનું ધાર્યું અને તેમના પર હાથ મૂકવા ગયો ત્યાં મહાદેવ તેનો દુષ્ટ ઈરાદો કળી ગયા અને ભાગ્યા. દાનવ તેની પાછળ દોડ્યો. પ્રભુને મહાદેવની ચિંતા થઈ અને એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરી તેના માર્ગમાં નૃત્ય કરતા ઊભા રહ્યા. દાનવ આ સુંદર સ્ત્રીને જોઈને તેના પર મોહ પામ્યા અને તે તેની સાથે તે કરે તેમ નૃત્ય કરવા લાગ્યો. નૃત્ય કરતા

કરતા સ્ત્રીએ પોતાનો હાથ પોતાના મસ્તક ઉપર મૂક્યો. ભસ્માસુર પણ તેની આ નકલક્રિયા કરવા પ્રેરાયો કેમકે તે તો મોહ પામેલો જ હતો તેથી વરદાનની વાતને ભૂલી ગયો અને તેણે પોતાનો હાથ પોતાના મસ્તક ઉપર મૂકતા જ વરદાન અનુસાર પોતે જ બળીને ભસ્મ થઈ ગયો. આમ મહાદેવની ભગવાન વિષ્ણુએ રક્ષા કરી અને અસુરનો નાશ કર્યો. (૩)

લોયાના ૧૩મા વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે કે, કેવો પુરુષ હોય તેને દેશ, કાળ, ક્રિયા અને સંગાદિકે કરીને પરાભવ ન થાય ? અને કેવો હોય તેને થાય ? અને સાંભળ્યામાં તો એમ આવે છે કે, બ્રહ્માને પણ સરસ્વતીને દેખીને મોહ થયો અને શિવજીને પણ મોહિનીના દર્શને કરીને મોહ થયો.

બ્રહ્માજીએ એક સુંદર સ્ત્રીને જોઈ તેથી તેમાં મોહ પામીને તેને મેળવવા તેની પાછળ દોડ્યા. તો તે સ્ત્રી હરણીનું રૂપ લઈને ભાગી. તો બ્રહ્મા પણ હરણ થઈને તેની પાછળ દોડ્યા. આખરે બ્રહ્માએ હરણીને પકડી લીધી. પણ તે સમયે તે હરણીએ સ્ત્રીનું રૂપ ધારણ કર્યું ને કહ્યું કે, પિતામહ હું તો તમારી પુત્રી છું. આમ, બ્રહ્મા લજ્જિત થયા અને તેમણે આ દેહનો ત્યાગ કર્યો. (૩)

★ **પાદટીપ :**

(૧) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૮, અધ્યાય-૮
(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૮, અધ્યાય-૧૨
(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ નં. ૭, પાના નં. ૬૬૩૨નો સારાંશ
(૪) **શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૨, અધ્યાય-૧૨, રાજકોટ ગુરુકુલ, પ્રકાશન વર્ષ-૨૦૧૫

●

૧૦. ઋષભદેવ ભગવાન

ઋષભદેવ ભગવાન વિષે જાણીએ :

આગ્નીધ્રનંદન મહારાજ નાભિને કોઈ સંતાન ન હતું તેથી તેમણે તેમની પત્ની મેરૂદેવીની સાથે પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કર્યો અને ભગવાન સમાન પુત્રની પ્રાપ્તિની ઈચ્છા કરી ત્યારે ભગવાને પોતે તેમને ત્યાં પુત્રરૂપે પ્રગટ થયા. પુત્રનું નામ ઋષભદેવ રાખ્યું. ઋષભદેવ મોટા થતા પિતાએ રાજ્યનો ભાર તેમને સોંપી વનમાં તપ કરવા જતા રહ્યા અને બદ્રિકાશ્રમમાં તપ કરતા બ્રહ્મલીન થયા.

આ બાજુ ઋષભદેવની સુયોગ્ય રાજનીતિને કારણે તેઓ પ્રજામાં ખૂબ લોકપ્રિય થયા. પ્રજા તેમને ભગવાનની જેમ ચાહવા લાગી. આથી ઈન્દ્ર મહારાજાને તેમની ઈર્ષા થતા તેમણે રાજ્યમાં વરસાદ વરસાવવાનું બંધ કર્યું. ત્યારે ઋષભદેવે પોતાના યોગબળથી વરસાદ વરસાવ્યો. આથી ઈન્દ્રનો ગર્વ ઉતરી ગયો અને પોતે પ્રસન્ન થઈ પોતાની પુત્રી જયંતીના વિવાહ ઋષભદેવ સાથે કર્યા. આનાથી તેમને ૧૦૦ પુત્રો થયા. તેમાં ભરત સૌથી મોટા પુત્ર હતા. જે ગુણવાન અને પરાક્રમી હતા. આથી તેમના નામ ઉપરથી આ અજનાભખંડનું નામ ભારત વર્ષ પડ્યું. (૧)

સમય જતા ઋષભદેવે ભરતજીને પોતાનું રાજ્ય સોંપી વનમાં તપ કરવા જતા રહ્યા. પોતે તો સર્વથા જ્ઞાનસ્વરૂપ હતા તેમ છતાં લોકદૃષ્ટિએ મનુષ્યોને ઉપદેશ આપવા માટે તેઓ જાણી જોઈને ઉન્મત્તની પેઠે વર્ત્યા. મૂર્ખ જેવો વ્યવહાર કરવા લાગ્યા. કોઈના પ્રશ્નનો જવાબ ન આપે. પોતાનું શરીર ધૂળવાળું થાય તો પણ તેની દરકાર ન કરતા. પોતે વસ્ત્રનો ત્યાગ કરી દિગંબર અવસ્થામાં ફરવા લાગ્યા. કોઈ જમવાનું આપે તો જમતા. અવધૂત દશામાં રહી પ્રભુ સ્મરણ કરતા રહ્યા. પોતાના મળમૂત્રને પોતાના શરીર ઉપર ચોપડતા. પરંતુ આ મળમાંથી અત્યંત સુગંધ નીકળતી. જે સુગંધ દશ-દશ યોજન સુધી ફેલાતી. પોતે પશુની જેમ

વર્તતા. પશુની જેમ પાણી પીતા અને વર્તતા. પરંતુ પોતે અનેક પ્રકારની યોગચર્યાનું આચરણ કરતા નિરંતર આનંદમગ્ન રહેતા. (૧)

આ સમયે સમસ્ત સિદ્ધિઓ તેમની સેવા કરવા પ્રાર્થના કરતી, પરંતુ તેઓ મંદહાસ્ય કરી તેમને ત્યાંથી જતા રહેવાની આજ્ઞા કરતા. તેમને સિદ્ધિની ક્યાં આવશ્યકતા હતી ? પોતે સિદ્ધોના સિદ્ધ હતા. પોતે સાક્ષાત્ પુરાણપુરુષ આદિનારાયણનો અવતાર હોવા છતાં ઈશ્વરીય પ્રભાવને છુપાવીને અવધૂતની જેમ રહી મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહેતા. (૧) અને મોંમાં પથ્થર મુકી કુટકાચલના વનમાં (કર્ણાટક) ઉન્મત્તની જેમ ફરતા રહેતા. (૨)

કેટલેક કાળે તેમને શરીરનો ત્યાગ કરવાની ઈચ્છા થઈ તે સમયે વનમાં દવ લાગતા તે આગમાં તેમણે પોતાનું શરીર સોંપી નશ્વરદેહનો ત્યાગ કર્યો.

ભગવાનનો આ અવતાર રજોગુણથી ભરેલા મનુષ્યોને મોક્ષમાર્ગની શિક્ષા આપવા માટે થયો હતો. આમ ઋષભદેવનું જીવન ઉપદેશાત્મક હતું.

આ નિસ્પૃહ જીવન શ્રીહરિને ખૂબ ગમતું. તેથી તેમણે પોતાના સંતોને આ રીતે વર્તવા ઉપદેશ આપતા.

શ્રીહરિએ અનેક વચનામૃતોમાં ઋષભદેવનું મિષ લઈને કથાવાર્તા કરી છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૩૮મું :

...જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફુરી આવ્યું ...ને ઋષભદેવ ભગવાન તો પોતાના બાપ હતા તો પણ એમ થયું.

★ ગઢડા પ્રથમનું ૪૨મું :

...એવા મોટા જે જડભરત તે પૂર્વજન્મમાં ઋષભદેવ ભગવાનના પુત્ર હતા.

★ કારિયાણીનું ૧લું :

...અને જેમ ઋષભદેવ ભગવાન નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા ને મુખમાં પાણો રાખ્યો ને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તોય ખબર ન રહી એવી રીતે જે...

★ લોયાનું ૧૪મું :

...એક તો અમને એ ગમે છે જે ઋષભદેવ ભગવાન વાસુદેવ સંગાથે

એકાત્મતાને પામ્યા હતા તો પણ જ્યારે સિદ્ધિઓ આવીને પ્રાપ્ત થયો ત્યારે પોતે ભગવાન હતા તો પણ બીજા ત્યાગીની શિક્ષાને અર્થે તે સિદ્ધિને ગ્રહણ ન કરતા હવા. (૨)

...એ સર્વે અવતાર નારાયણના છે. તો પણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે.

★ ગઢડા મધ્યનું ૧૩મું :

...તથા ઋષભદેવનો દેહ હતો તે દાવાનળમાં બળી ગયો. એમ પણ થાય.

★ ગઢડા અંત્યનું ૧૭મું :

...શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી. કેમ જે ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા...

★ ગઢડા અંત્યનું ૨૧મું :

...જે, જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે.

★ પાદટીપ :

(૧) **अवतारकथांक (हिन्दी) :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૮૧, સંખ્યા-૧, પાના નં. ૧૮૩થી ૧૮૬

(૨) **શ્રીમદ્ ભાગવત સુધાસાગર :** ગીતા પ્રેસ, ગોરખપુર. વિ.સં. ૨૦૬૪, પાંચમો સ્કંધ, અધ્યાય : ૪થી ૬

●

૧૧. પૃથુરાજા

ચાર પ્રકારના મોટા પુરુષના **વડતાલના ૩જા વચનામૃત**માં શ્રીહરિ ભક્તિનું માહાત્મ્યનું સમજાવતા કહે છે કે, ચાર વાનાએ સહિત જે ભક્તિ તે જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય અને એવી અસાધારણ ભક્તિ તો પૃથુરાજાને હતી. તે ભગવાને વર દેવાનું કહ્યું ત્યારે ભગવાનની કથા સાંભળવા સારું દશ હજાર કાન માંગ્યા પણ બીજું કંઈ ન માંગ્યું.

પૃથુરાજા વિષે જાણીએ :

શ્રીમદ્ ભાગવતમાં (૪:૨૦:૨૪) શ્લોકમાં ઉલ્લેખ છે કે પૃથુરાજા ભગવાનની ગુણાનુવાદ વાણી સાંભળવા દશ હજાર કાનથી સાંભળી શકે તેવી શક્તિ પોતાને આપવા ભગવાનને પ્રાર્થના કરે છે.

સ્વયંભૂવ મનુના વંશમાં અંગરાજા થયા. તેમના લગ્ન મૃત્યુ નામના રાજાની માનસપુત્રી સુનીથા સાથે થયેલા. અંગરાજા ધર્મપ્રિય રાજવી હતા. તેમને એક પુત્ર થયો. જેનું નામ વેન હતું. વેનનું બચપણ મોસાળમાં વીતેલું. તેથી વેનના સંસ્કાર મોસાળ પક્ષના હતા. પરંતુ મનુરાજાના વંશના સંસ્કારો વેનમાં ન આવ્યા. અંગરાજા વૃદ્ધ થતા રાજ્યનો કારભાર વેનને સોંપાયો. પરંતુ તેણે પ્રજાનું પાલન કરવાને બદલે તેના પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. પોતે વિષ્ણુનો અવતાર છે તેમ એલાન કરી યજ્ઞાદિ ક્રિયાકાંડ પોતાના માટે થાય તેવી આજ્ઞા કરી. વળી ઋષિઓને પીડવાનું શરૂ કર્યું. આથી પ્રજા અને ઋષિઓ ત્રાસી ગયા અને ઋષિઓએ પોતાના તપ બળથી વેનને મૃત્યુને શરણ પહોંચાડી દીધો. વેનના મૃત્યુ બાદ પ્રજાને રાહત થઈ પરંતુ રાજ્યમાં કુશળ રાજ્યકર્તાના અભાવે અવ્યવસ્થા અને અરાજકતા ફેલાઈ આથી પ્રજા અને ઋષિઓનું મંડળ રાજમાતા સુનીથાને મળીને કંઈક ઉપાય કરવા સૂચવ્યું. ત્યારે માતાએ કહ્યું કે, મેં વેનનું શબ હજી સાચવી રાખ્યું છે. તેને અગ્નિદાહ આપ્યો નથી. આથી ઋષિઓએ વેનના જમણા

અંગનું મંથન કરતા તેમાંથી એક દિવ્ય અને શસ્ત્રધારી પુરુષ નીકળ્યો. આથી પ્રજા અને ઋષિઓએ આ પુરુષને શક્તિશાળી જાણી રાજ્યસત્તા સોંપી. દિવ્યપુરુષે રચનાત્મક કાર્યો કર્યા આથી તેનું નામ પ્રથનાત્ પૃથુ પડ્યું એટલે પૃથુરાજા તરીકે તે ઓળખાયા. (૧)

વેનના શરીરના મંથન દરમ્યાન પૃથુ નામના દિવ્ય પુરુષનું અવતરણ થયું. તેના ચરણમાં દિવ્ય ચિહ્નો હતા. તથા હસ્તમાં ચક્રનું ચિહ્ન જોઈને ઋષિઓ તેમને ભગવાનનો અંશાવતાર માનવા લાગ્યા. (૨)

વેનના ડાબા ભાગના મંથનથી એક સુંદર સ્ત્રી ઉત્પન્ન થઈ જે લક્ષ્મીના અંશથી ઉત્પન્ન થઈ હોવાથી તેનું નામ અર્ચી રખાયું. જે પૃથુરાજાની પત્ની બની. (૨)

પૂર્વે વેનના પાપાચારથી પૃથ્વી ઉપર અન્ન નષ્ટ થઈ ગયું હતું. રોગચાળો ફેલાયો હતો. પ્રજા વ્યાકુળ હતી. ભૂખ્યા લોકો પૃથુરાજા પાસે મદદ માગવા આવ્યા. રાજાએ વિચાર્યું કે ધરતી જ સર્વ અન્ન ઔષધિને પોતાનામાં ગોપવી દીધા છે. આથી પૃથ્વીને દંડ દેવા તૈયાર થયા. પૃથ્વી ગાયનું રૂપ ધારણ કરી ભાગી તો રાજા તેની પાછળ દોડ્યા. અંતે પૃથ્વીએ રાજાની સ્તુતિ કરી તેમને શાંત પાડ્યા કે, જો પાપીઓ દ્વારા ઉગાડવામાં આવેલ દાણા હું અનંત સ્વરૂપે પાછા આપું તો પાપીઓ વધુ પાપ કરે તેથી હું તે દાણા પચાવી ગઈ હતી. આથી પૃથુરાજાએ ગાયનું દોહન કરી અન્ન, ઔષધિ વગેરેનું ઉત્પાદન કર્યું. પૃથ્વીને સમતળ બનાવી જેથી નગર વસાવી શકાય. (૨)

રાજા પરમ ભાગવત હતા. તેમને સંસારના સુખોની જરાય આકાંક્ષા ન હતી. પોતે ભગવાનને પ્રસન્ન કરવા મોટા મોટા યજ્ઞો કરતા. આ રીતે તેમણે ૯૯ અશ્વમેધ યજ્ઞો કર્યા. જ્યારે ૧૦૦મો યજ્ઞ કરવા તૈયાર થયા ત્યારે ઈન્દ્રને ચિંતા થઈ કે જો આ યજ્ઞ પૂર્ણ કરશે તો મારું શતક્રતુ પદ છીનવાઈ જશે, તેથી તેણે કપટ કરી વારંવાર યજ્ઞના ઘોડા ચોરવાનું શરૂ કર્યું. આથી રાજા તેને દંડ આપવા તૈયાર થયા. ત્યારે ઋષિઓએ કહ્યું કે, યજ્ઞમાં બેસનાર કોઈ વ્યક્તિને દંડ આપે તે શાસ્ત્ર-વિરુદ્ધ છે, પરંતુ અમે જ યજ્ઞમાં આહુતિ આપી ઈન્દ્રને બાળી નાખશું. પરંતુ તે સમયે બ્રહ્માજીએ પ્રગટ થઈને ઋષિઓને તેમ કરતા રોક્યા અને કહ્યું કે, રાજા તમે ૧૦૦ યજ્ઞ કરી ઈન્દ્રની પદવીની ઈચ્છા ધરાવતા નથી. કેવળ

ભગવાનને પ્રસન્ન કરવા ઈચ્છો છો તો હવે યજ્ઞ બંધ કરી દો. બ્રહ્માજીની આજ્ઞા માની રાજાએ યજ્ઞની પુર્ણાહૂતિ કરતા રાજાની નિષ્કામ ભાવનાથી ભગવાન પ્રગટ થયા. ઈન્દ્ર પણ ભગવાનની સાથે આવ્યા. પ્રભુએ તેમને વરદાન માગવાનું કહેતા. રાજાએ સંસારના વિષય ભોગ ન માંગતા ભગવાનની કથાવાર્તા સાંભળવા, પોતાને દશ હજાર કાનથી સાંભળી શકાય તેવી શ્રવણેન્દ્રિય માંગી. આથી પ્રભુએ તેને વરદાન આપ્યું. (૨)

ગંગા-યમુનાના મધ્ય પ્રયાગરાજમાં રાજાએ પોતાની રાજધાની બનાવી અનાસક્ત ભાવે રહી પ્રભુ ભજન કરવા લાગ્યા. અંતમાં પુત્રને રાજ્ય સોંપી તે વનમાં પત્ની સાથે તપસ્યા કરવા ચાલ્યા ગયા. ત્યાં તપ કરતા કરતા ભગવાનમાં દૃઢ મન લગાવી યોગ ધારણા કરી પોતાના દેહનો ત્યાગ કરી પ્રભુના ધામમાં ગયા. તેમના પત્ની અર્ચી પણ તેમના પતિનો દેહ ખોળામાં લઈ અગ્નિમાં બેસી સતિ થયા. (૨)

★ શ્રીહરિએ વચનામૃતમાં પૃથુરાજાનો ઉલ્લેખ કર્યો છે :

(૧) વડતાલનું ૩જું :

શ્રીહરિ કહે છે : ... અને એવી અસાધારણ ભક્તિ તો પૃથુરાજાને હતી. તે ભગવાને પર દેવાનું કહ્યું ત્યારે ભગવાનની કથા સાંભળ્યા સારું દશ હજાર કાન માંગ્યા પણ બીજું કંઈ ન માંગ્યું.

દશ હજાર કાન એટલે દશ કાનથી જેટલું શ્રવણ કરી શકાય તેવી શક્તિ અને ભક્તિ માંગી.

★ પાદટીપ :

(૧) **અવતાર કથાઓ :** પ્રભુ સ્વામી. જૂનાગઢ મંદિર. વર્ષ : વિ.સં. ૨૦૪૭, પાના નં. ૬૫થી ૭૫

(૨) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ : વિ.સં. ૨૦૫૮, પાના નં. ૧૩૯થી ૧૪૧ તથા

શ્રીમદ્ ભાગવત સુધાસાગર : ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ : ૪, અધ્યાય : ૧૪થી ૨૩નો સારાંશ

●

૧૨. પરશુરામ

મહારાજા રેણુની પુત્રી રેણુકા તથા મહર્ષિ જમદગ્નિના સૌથી નાના પુત્ર તે પરશુરામ હતા. જે વિષ્ણુના દશ અવતાર માહેના છઠ્ઠા અવતાર ગણાય છે જે અંશાવતાર પણ ગણાય છે. ભગવાન શંકરની આરાધના કરવા કૈલાસ ગયા. ત્યાં તપ કરી મહાદેવને પ્રસન્ન કરી દિવ્ય અસ્ત્ર પરશુ મેળવ્યું. ત્યારથી તેઓ પરશુરામ તરીકે જાણીતા થયા. પિતા પાસેથી પણ તેમણે અસ્ત્ર-શસ્ત્રની ઘણી વિદ્યા પ્રાપ્ત કરી. તેઓને પિતા ઉપર અનન્ય ભક્તિ હતી. (૧)

એકવાર માતા યમુના તટ પર જળ ભરવા ગયા. ત્યાં ગંધર્વ ચિત્રરથને અપ્સરાઓ સાથે જળક્રિયા કરતો જોઈ તેમનું મન ચલાયમાન થઈ ગયું. આ વાતની ખબર ઋષિને થતાં તેમણે પરશુરામ તથા અન્ય પુત્રોને માતાનો વધ કરવાનું કહ્યું, પણ બીજા પુત્રોએ લાગણીવશ આ આજ્ઞા ન માની, પરંતુ પરશુરામે આજ્ઞા માની અને પોતાની માતા અને ચારેય ભાઈઓનો વધ કર્યો. આજ્ઞાપાલક પુત્ર ઉપર પિતા પ્રસન્ન થતા વર માંગવાનું કહેતા પરશુરામે માતાને તથા ભાઈઓને જીવિત કરવાનું તથા તેમને આ સ્મૃતિ ન રહેવાનું માંગતા પિતાએ વરદાન આપ્યું અને બધા જીવિત થયા.

એકવાર રાજા સહસ્રાર્જુન ઋષિના આશ્રમમાં આવ્યો. તેમનું સ્વાગત યથોચિત રીતે થતા ઋષિએ તેનું કારણ પૂછતા ઋષિએ આ ભવ્ય સ્વાગત કામધેનુ ગાયને લીધે થયું છે તેમ કહેતા રાજાએ ગાયની માંગણી કરી. પરંતુ ઋષિએ ના પાડી. આથી રાજા બળજબરી કરીને ગાયને લઈ ગયા. આથી, પરશુરામ રોષે ભરાયા અને એમની કારકિર્દીમાં એક વિલક્ષણ વળાંક આવ્યો અને એમનું અનવદ્ય વ્યક્તિત્વ વિવાદાસ્પદ બન્યું. તેઓ રાજા અર્જુનકાર્તવીર્યના રાજ્યમાં ગયા અને એકલે હાથે રાજાના સૈન્યને હણીને રાજાનો વધ કરી કામધેનુને આશ્રમમાં પાછા લાવ્યા. ચક્રવર્તી રાજાના વધની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા પિતાની આજ્ઞાથી તે પોતાના ભાઈઓ સાથે તીર્થાટને ગયા. પાછળથી રાજાના પુત્રોએ આવીને જમદગ્નિ ઋષિની હત્યા કરી. (૧)

માતા રેણુકાએ વિલાપ કરતા કરતા એકવીશ વાર છાતી કૂટી પરશુરામને યાદ કર્યા. પરશુરામે આ બાબત યોગબળથી જાણી લીધી. તેમને બહુ ક્રોધ ચડ્યો અને પોતાની માતાએ એકવીશ વાર છાતી કૂટી તેથી પોતે એકવીશ વાર આ પૃથ્વીને નક્ષત્રિય કરી. ક્ષત્રિયોના લોહીથી પાંચ સરોવર ભર્યા અને એ જ લોહીથી પિતૃતર્પણ કર્યું, પછી આશ્રમમાં આવ્યા. સહસ્રાર્જુન (તેને હજાર હાથ હતા તેથી તે સહસ્રાર્જુન કહેવાતો)ના સો પુત્રોને ઠાર કર્યા. જે ક્ષત્રિયો ભયથી નાસી રેણુકા માતાના શરણે આવ્યા, તેને જીવતદાન આપ્યું અને તેમના રાજય તેમને પાછા સોંપી દીધા અને બાકીની ભૂમિ કશ્યપ ઋષિને દાનમાં આપી પોતે તપ કરવા ગયા. કેટલેક કાળે કશ્યપ ઋષિએ તેમને પોતાની ભૂમિમાં આવવાની ના પાડી. તેથી તેઓ ભરતભૂમિ બહાર સમુદ્ર તીરે કેટલીક જમીન મેળવી ત્યાં રહ્યા અને તે દેશનું નામ શૂર્પારિક પાડ્યું. હાલ તે કોંકણ કહેવાય છે. (૨)

પછી ત્રેતાયુગને અંતે જનકના દરબારમાં શિવ ધનુષ્યનો ભંગ થયાના સમાચાર જાણી રામ સાથે યુદ્ધ કર્યું, પણ રામને બાણ વાગ્યા નહીં તેથી પરશુરામે જાણી લીધું કે, આ વિષ્ણુનો અવતાર છે. પછી તે રામને ભેટી પડ્યા. રામે તેનું તેજ હરી લીધું. પરશુરામ અમર થયા અને રામને નમન કરી તપસ્યા કરવા ગયા. ત્યારથી તે ચિરંજીવી ગણાય છે અને હજી મંદરાચલ પર્વત ઉપર તપ કરે છે. (૨)

કાશીરાજે પુત્રીઓ માટે સ્વયંવર રચ્યો. ત્યારે ભીષ્મે પોતાના નાના ઓરમાન ભાઈ વિચિત્ર વીર્ય માટે ત્રણેય કન્યાનું અપહરણ કર્યું, પરંતુ સૌથી મોટી અંબા તો મનોમન શાલ્યરાજને વરી ચૂકી હતી તેથી ભીષ્મે તેને જવા દીધી. પરંતુ શાલ્યે તેને ન સ્વીકારી. આથી તેણે ભીષ્મને લગ્ન કરવાનું કહ્યું, પણ ભીષ્મ તો આજીવન બ્રહ્મચારી હતા, તેથી તેણે ના પાડી. આથી અન્યાય અને અપમાન પામેલી અંબાનો પક્ષ લઈને પરશુરામે ભીષ્મ સાથે યુદ્ધ કર્યું. ત્રેવીશ દિવસ બંને લડ્યા, પણ અંતે પરશુરામ હાર્યા. એ હારને શિષ્ય તરફની ભેટ માની તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. (૧)

શસ્ત્રાસ્ત્રમાં અદ્વિતીય થયાના હેતુથી કર્ણ એ વિદ્યા પરશુરામ પાસે શીખવા બ્રાહ્મણનો વેશ લઈને ગયો, પણ પાછળથી ખબર પડી કે આ ક્ષત્રિય છે તે જાણી પરશુરામે કર્ણને શાપ આપ્યો કે, તે ભલે મને છેતરીને બધી વિદ્યા શીખી લીધી, પરંતુ આ વિદ્યા અણીના સમયે તને કામ નહીં લાગે. મહાભારતના યુદ્ધ વખતે આ બીના સાચી ઠરી. (૨)

પુરાણોએ પરશુરામને સાત ચિરંજીવીઓમાં ગણ્યા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ પરશુરામની વાત આવે છે. સંતો એકવાર વિંધ્યાચલ પર્વતમાળામાં વિચરણ કરતા હતા તે દરમ્યાન એક વિશાળ કદના મુનિવરને ધ્યાનસ્થ મુદ્રામાં તપ કરતા જોયા. સંતોને થયું આટલા વિશાળ શરીરવાળા સંત કોણ હશે ? તેથી સંતો તેમની પાસે ગયા અને તેમને પ્રણામ કર્યા. ત્યારે મુનિએ શ્રીજી મહારાજના સમાચાર પૂછી એક મોટી રતાંજલીની માળા સંતોને અર્પણ કરી કહ્યું કે, આ સ્વામિનારાયણ પ્રભુને આપજો. અને મારા દંડવત્ પ્રણામ કહેજો. ત્યારે સંતોએ પૂછ્યું કે કોના તરફથી માળા મળી છે ? તેમ પૂછે તો ? ત્યારે પરશુરામ બોલ્યા કે તે અમને ઓળખે છે. માળા આપશો એટલે બધું સમજી જશે. સંતો કેટલેક સમયે ગઢડા પરત ફર્યા ત્યારે માળા શ્રીહરિને આપી. ત્યારે મહારાજે કહ્યું કે, આ માળા પરશુરામે તમને આપી લાગે છે. તેઓ ચિરંજીવી છે એટલે વન પર્વતોમાં રહી તપસ્યા કરે છે. આમ કહી શ્રીહરિ તેમના ઉપર રાજી થયા.

વૈશાખ સુદી ત્રીજ-અખાત્રીજે પરશુરામની જન્મ જયંતી ઉજવાય છે. (૩)

શ્રીહરિએ વચનામૃત ગઢડા પ્રથમના ૭૮માં પરશુરામનો ઉલ્લેખ કર્યો છે :

...શ્રીજી મહારાજ બોલ્યા જે મત્સ્ય, કચ્છ, વારાહ ... પરશુરામ એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે આવા અવતારે ભગવાને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે ...!

★ **પાદટીપ :**

(૧) **ગુજરાત વિશ્વકોષ ભાગ : ૧૦**, પાના નં. ૬૯૧થી ૬૯૨

(૨) **ભગવત્ ગો. મંડળ**, ભાગ : ૬, પાના નં. ૫૩૬૭ થી ૫૩૬૮

(૩) **નિર્ગુણદાસ સ્વામીની વાતો**, વાર્તા નં. ૧૨૩, કુંડળ પ્રકાશન, વર્ષ : ૨૦૧૨

●

૧૩. વરાહ અવતાર

વરાહ એટલે ભૂંડ. વિષ્ણુ ભગવાને દરિયામાં પડેલી પૃથ્વીને બહાર કાઢવા માટે આ અવતાર ધારણ કર્યો હતો. વિષ્ણુના દશમાંહેનો આ ત્રીજો અવતાર હતો. મહા ભયંકર બળવાન હિરણ્યાક્ષ પૃથ્વીમાતાને દરિયાના પેટાળમાં લઈ ગયો હતો. (૧)

બ્રહ્માજી આ લોકની રચનામાં વ્યસ્ત હતા, તે દરમ્યાન ચોરીછૂપીથી હિરણ્યાક્ષ આવ્યો અને પૃથ્વીને સમુદ્રમાં લઈ ગયો. બ્રહ્માજી દીર્ઘકાળ સુધી મનમાં વિચારતા રહ્યા કે, આનો ઉદ્ધાર કેવી રીતે કરું ? એટલામાં જ બ્રહ્માજીના નસ્કોરામાંથી એક અંગૂઠા જેવડા આકારનું વરાહ શિશુ નીકળ્યું અને જોતજોતામાં તો એ પર્વત જેવડા મોટા થઈ ગયા. દરિયા કહેતાં પાતાળમાં જઈ પૃથ્વીને શોધી કાઢી અને ભયંકર ગર્જના કરવા લાગ્યા અને વરાહ જેવી ચેષ્ટા કરતા બ્રહ્માના સંકલ્પ મુજબ તે દરિયામાં તેમણે પોતાની વિશાળ દાઢો ઉપર પૃથ્વીને ગોઠવી દરિયામાંથી બહાર આવતા હતા તે સમયે હિરણ્યાક્ષ તેમનો માર્ગ રોકીને ઊભો રહ્યો. સામાસામા ગદાના પ્રહાર થયા. પરંતુ પ્રભુએ શૂરવીરતાથી રાક્ષસનો વધ કરી પૃથ્વીને જળમાંથી બહાર લાવી તેને યથાસ્થાને ગોઠવી. દેવોએ પ્રભુનો જયજયકાર કર્યો. (૨)

આ રીતે પૃથ્વી અને વેદોની રક્ષા કરી. આ કલ્પમાં પૃથ્વી સ્થિર થઈ તેથી આ કલ્પનું નામ વરાહ કલ્પ પડ્યું. (૧)

હિરણ્યાક્ષ વધની કથા ભાગવતના ૩જા સ્કંધના ૧૭થી ૧૯માં અધ્યાયમાં લખાયેલી છે.

આ અવતાર ભાદરવા સુદિ ત્રીજના દિવસે થયો હતો.

શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ વરાહાવતારનો ઉલ્લેખ કર્યો છે.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :

પ્રતોષાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, ભગવાનની ભક્તિ અચળ કેમ રહે ? તે પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે : અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ... એ જે ચતુર્વ્યૂહ તથા

કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ... નવધા ભક્તિ તે અચળ રહે.

★ **વચનામૃત લોયાનું ૪થું :** અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, શ્રીકૃષ્ણ નારાયણ તો સદા મનુષ્યાકૃતિ છે .... અને તેજ ભગવાન ક્યારેક મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહાદિક અનંતરૂપે કરીને ભાસે છે તે કેમ સમજવું ?

★ **વચનામૃત લોયાનું ૧૮મું :** શ્રીહરિ કૃપા વાક્ય કહે છે :

... જે ભગવાને આકૃતિઓ ધારણ કરી હતી ... જે જે મળ્યા તેમણે તેવાં તેવાં રૂપનું ધ્યાન કર્યું છે.... તેમાં જે વરાહને મળ્યા તે શું ધામને વિષે વરાહરૂપ જ દેખે છે ?

★ **વચનામૃત પંચાળાનું બીજું :**

શ્રીહરિકૃપા વાક્ય કહે છે :

...જે વિરાટ તે ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા પૃથ્વીને વિષે જે મત્સ્ય, કૂર્મ, વરાહાદિક ભગવાનના અવતાર ... એ સર્વે ધ્યાન કરવા યોગ્ય છે.

★ **પંચાળાનું ૪થું :** મુનિ બાવાના પ્રશ્નના ઉત્તરમાં બ્રહ્માનંદ સ્વામીથી યથાર્થ ઉત્તર ન થતા શ્રીહરિ કહે છે -

... જો દેવમાં દેહ ધારણ કરે તો તે દેવના જેવી જ ચેષ્ટા કરે છે અને પશુના દેહનું ધારણ કરે... જેમ વરાહરૂપ ભગવાને ધાર્યું ત્યારે સૂંઘીને પૃથ્વીને ખોળી કાઢી.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૬૪મું :**

સ્વયંપ્રકાશાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે :

...પછી પૂર્વાપર વિચારીને જોયું ત્યારે અમને એમ સમજાયું છે જે, મત્સ્ય, કચ્છ, વરાહ ... જે ભગવાનના અવતાર છે.

★ **વચનામૃત વડતાલનું ૧૮મું :** શ્રીકહિ કહે છે :

...તથા વરાહ, નૃસિંહ, વામન ... એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે ને પોતે તો સદા દ્વિભુજ છે...!

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૭૯૧૦

(૨) **શ્રીમદ્ ભાગવત :** વરાહ કથા : ૩જો સ્કંધ, અધ્યાય : ૧૩

●

૧૪. વામન અવતાર

હિંદુ ધર્મમાં ભગવાન વિષ્ણુના દશ અવતારમાંનો આ પાંચમો અવતાર છે. ઈન્દ્રના રક્ષણ અને બલિના બંધન માટે આ અવતાર લીધો હતો. ઋગ્વેદમાં આ અવતારનો સ્રોત મળે છે. વિષ્ણુએ ત્રણ ડગલામાંથી સમગ્ર સૃષ્ટિને માપી લીધી. (૧)

ભાગવત અનુસાર તે વિષ્ણુનો પંદરમો અવતાર છે. (૧)

વિષ્ણુએ ઈન્દ્રને માટે તેણે ગુમાવેલ રાજ્ય પાછું મેળવવા લીધેલા અવતારની કથા છે. ત્રણેય લોકનું સ્વામિત્વ મેળવવા માટે દેવાસુર સંગ્રામમાં વિષ્ણુએ વામન સ્વરૂપની આહુતિ આપી ત્રણેય લોક જીતી લીધા હતા. (૧)

ગુજરાત-સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પાસે વામનસ્થલી (આજનું વંથલી) નામનું સ્થળ છે. જ્યાં વામનનું મંદિર છે. બલીરાજા પાસે વામને ત્રણ ડગલા જમીન માંગી અને જે કથા બની તે સ્થળ વંથલીમાં દર્શાવે છે. **કથા અનુસાર :** બલીરાજા ત્રણ ડગલા જમીન આપવાનો સંકલ્પ કરે છે. ત્યારે દૈત્ય રાજા બલિના ગુરુ શુક્રાચાર્ય વામનને ઓળખી ગયા કે, આ વામન નથી. વિષ્ણુ છે. તેથી તેણે રાજાને સંકલ્પ કરાવવાની ના પાડી. છતાં રાજા તૈયાર થયા કે ખુદ વિષ્ણુ મારી પાસે માંગવા આવ્યા છે તો હું મારું સર્વસ્વ તેમને અર્પણ કરી દઈશ. પરંતુ દૈત્યગુરુ શુક્રાચાર્ય પોતે આમાં સહમત ન હતા. તેથી રાજા સંકલ્પ કરે અને પાણી મૂકે તે પહેલા જળઝારીના નાળચામાં ભમરો થઈને બેસી ગયા કે પાણીને રોકી રાખું. છતાં રાજા સંકલ્પ માટે દૃઢ નિશ્ચયી હતા. તેથી ઝારીના નાળચામાં આડા બેસેલા ભમરાને દૂર કરવા માટે વામન ભગવાને દર્ભની સળી ઘોંચી. આમ કરવાથી ભમરો ઊડી ગયો પણ તેની એક આંખ દર્ભથી ફૂટી ગઈ. એટલે કે શુક્રાચાર્યની એક આંખ ફૂટી ગઈ.

સંકલ્પ પૂર્ણ થયો કે તરત જ વામને વિરાટ સ્વરૂપ ધારણ કરી ત્રણ ડગલા જમીન માટે એક ડગલું સમગ્ર પૃથ્વી ઉપર, બીજું ડગલું સ્વર્ગ ઉપર એમ સમગ્ર બ્રહ્માંડ માપી લીધું. ત્રીજા ડગલા માટે ક્યાં પગ મૂકવો ? તેવું કહેતા બલી રાજા તો ભક્ત હતા તેણે કહ્યું કે, મારો દેહ સ્થૂળ છે જે પૃથ્વીરૂપ છે. તેથી ત્રીજું ડગલું મારા મસ્તક ઉપર મૂકો. આમ વામને ત્રીજું ડગલું તેના મસ્તક ઉપર મૂકી તેને પાતાળમાં મોકલી દીધો. બલીને આટલું કષ્ટ થયું છતાં તે વામન ઉપર રોષે ન ભરાતા. ઉલ્ટાનું પોતાના માથાના કેશ વામનજીના કોમળ ચરણને વાગ્યા હશે તેમ માની ભક્તિભાવથી વામનજીના ચરણ ચાટવા માંડ્યા ને કહેવા લાગ્યા કે આપના ચરણને કષ્ટ પડ્યું. મને ક્ષમા કરો. રાજાની આવી ભક્તિભાવના જોઈ વામનજી તેમના ઉપર રાજી થયા. વરદાન માંગવા કહ્યું, તો રાજાએ માંગ્યું કે આપ મારા દ્વારે અખંડ નિવાસ કરીને રહો. આમ, પ્રભુ બલિરાજાની ભક્તિથી પ્રસન્ન થઈ આજપર્યંત તેમના દ્વારે નિવાસ કરીને રહ્યા છે. જે દેવશયની એકાદશીથી દેવપ્રબોધિની એકાદશી પર્યંત બલિરાજા પાસે રહેવાનું વિષ્ણુએ સ્વીકાર્યું છે. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં વામનજીનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૧મું :** ... ભગવાન વિના બીજું કંઈ ન ઈચ્છે ને નિર્વાસનિક એવો એકાંતિક ભક્ત હોય તો ભગવાન પોતે તે ભક્તને વશ થઈ જાય છે. જેમ વામનજીએ બલિરાજાનું ત્રિલોકીનું રાજ્ય લઈ લીધું... અને ત્રીજા પગલા સારું તેણે પોતાનું શરીર આપ્યું.

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :** નિર્મળાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે : જે, મત્સ્ય, કચ્છ, વરાહ, વામન અને રામકૃષ્ણાદિક એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે ... તેવા ભગવાનના આ સંત છે.

★ **વચનામૃત કારિયાણીનું ૮મું :** ... અને જ્યારે ભગવાને વામનાવતાર ધર્યો ત્યારે પ્રથમ તો વામનરૂપે દર્શન આપ્યું અને ત્રણ પગલાં ધરતી બલિ પાસે

શ્રીકૃષ્ણાર્પણ કરાવ્યા પછી પોતાનું સ્વરૂપ વધાર્યું...

★ **વચનામૃત લોયાનું ૧૮મું :** શ્રીહરિ કૃપા વાક્ય કહે છે :

...તથા વામનાવતાર ધાર્યો ત્યારે તે વામનરૂપના હાથ-પગ ટૂંકા ને શરીર ધીંગુ એવા ટુંકડા હતા....!

★ **વચનામૃત વડતાલનું ૧૮મું :**

...જે ચતુર્વ્યૂહ ને કેશવાદિક જે ચોવીસ વ્યૂહ એ સર્વે રૂપને ધારે છે તથા વરાહ, નૃસિંહ, વામન, કપિલ ... એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે ને પોતે તો સદા દ્વિભુજ છે.

★ **પાદટીપ :**

(૧) **ગુજરાતી વિશ્વકોષ :** ભાગ-૧૯, પાના નં. ૭૬૫-૭૬૬. તથા **वामनपुराण कल्याण :** ગોરખપુર, ગીતા પ્રેસ, વર્ષ : ૧૯૮૨, પાના નં. ૧૫૮, અધ્યાય : ૩૧ તથા વામનપુરાણનો સારાંશ

●

૧૫. હયગ્રીવ અવતાર

શ્રીહરિએ જે જે અવતાર ધારણ કર્યા તેમાં હયગ્રીવનો અવતાર ધાર્યો ત્યારે તેનું રૂપ અશ્વ જેવું હતું. પરંતુ પ્રભુ સદાકાળ તે સ્વરૂપમાં જ દેખાતા નથી, પરંતુ તેમનું સ્વરૂપ તો અતિ દિવ્ય અને દ્વિભૂજવાળું મનોહર છે. પણ પોતાના જે તે અવતારકાર્ય માટે તેમણે તે તે સ્વરૂપને ધારણ કરે છે અને અવતારકાર્ય પૂર્ણ થયા બાદ જે તે સ્વરૂપનો પોતાની ઈચ્છાએ કરીને તિરોધાન પણ કરે છે.

તો હયગ્રીવ સ્વરૂપ વિષે જાણીએ :

પૃથ્વી એકાર્ણવમાં વિલિન થઈ ગયા બાદ ભગવાન વિષ્ણુ શેષનાગ પર યોગનિદ્રા લઈ રહ્યા હતા તે સમયે પ્રભુની નાભિમાંથી સહસ્ત્રદલ કમળ પ્રગટ થયું. એ કમલદળ ઉપર પ્રભુની ઈચ્છાથી રજોગુણ અને તમોગુણના પ્રતીકરૂપ જળના બે બિંદુ પડ્યા. તેમાંના એક બુંદ પર પ્રભુની દૃષ્ટિ પડી તો તે બિંદુ મધુ નામના દૈત્યના રૂપમાં પ્રગટ થયો અને બીજા બુંદમાંથી કૈટભ નામનો પરાક્રમી દૈત્ય પ્રગટ થયો. બંને દૈત્ય કમળનાલ દ્વારા જ્યાં બ્રહ્મા બેઠા હતા ત્યાં આવ્યા. બ્રહ્માજી સૃષ્ટિ રચનામાં મગ્ન હતા અને બાજુમાં ચાર વેદો સુંદર રૂપ ધારણ કરીને બેઠા હતા. ત્યારે આ બે દૈત્યો વેદોનું હરણ કરીને તેને સાગરના પાતાળમાં ઉપાડી ગયા. બ્રહ્માજીને આ વાતની ખબર પડતા વેદોને પાછા લાવવા માટે તેમણે પ્રભુની પાસે પ્રાર્થના કરી. (૧)

હિરણ્યગર્ભની (બ્રહ્મા) પ્રાર્થના સાંભળી પ્રભુ નિદ્રામાંથી જાગૃત થયા અને સુંદર કાંતિમાન હયગ્રીવનું રૂપ ધારણ કર્યું. જે મૂર્તિનું મુખ અશ્વ જેવું હતું. તેઓ વેદોને પાછા મેળવવા સાગરના પાતાળમાં પહોંચ્યા અને મધુર સ્વરે સામગાન ગાવા લાગ્યા. આ મીઠો સ્વર સાંભળતા દૈત્યો વેદોને એક બાજુ મૂકી મધુર સ્વર સાંભળવા દોડ્યા. આ દરમ્યાન પ્રભુએ વેદોને લઈને બ્રહ્માજીને સુપરત કર્યા અને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી પ્રભુ શેષનાગ પર શયન કરવા ગયા. (૧)

આ બાજુ દૈત્યો સ્વરગાન તરફ દોડ્યા પણ ત્યાં કોઈને ન જોતા સાગરતટ

પર આવ્યા તો તેમણે પ્રભુને શેષનાગ પર સુતેલા જોયા આથી તેમણે માન્યું કે, આમણે જ વેદોને ચોરી લીધા છે. આથી દૈત્યો પ્રભુ સામે યુદ્ધે ચડ્યા અને પાંચ હજાર વર્ષ સુધી યુદ્ધ કર્યું. પ્રભુ સાથે યુદ્ધ કરતા દૈત્યો પ્રભુની મોહમાયાથી ભ્રમિત થઈ ગયા. ત્યારે પ્રભુ બોલ્યા કે, અત્યાર સુધીમાં મેં અનેક દૈત્યો સાથે યુદ્ધો કર્યા છે, પણ તમારા જેવા શૂરવીર કોઈ નથી મળ્યા. હું તમારા કૌશલ્યથી ખૂબ પ્રસન્ન છું માટે કોઈ વરદાન માંગો. ત્યારે દૈત્યોએ માંગ્યું કે, જ્યાં સુકી ધરતી હોય તે જગ્યાએ અમારો વધ થાય. આથી પ્રભુએ પોતાના સુદર્શન ચક્રને યાદ કર્યું અને પોતાની વિશાળ જાંઘ સાગર ઉપર ફેલાવી. આ જોઈ દૈત્યોને ભ્રમ થયો કે, આ જમીન છે. પછી પ્રભુ બોલ્યા કે, આ જમીન છે. તેના પર તમારું મસ્તક રાખો. આજથી હું સત્યવાદી રહીશ અને તમે પણ સત્યવાદી રહેશો. મોહથી ભ્રમિત થયેલા દૈત્યો પ્રભુની વાણી સમજી શક્યા નહીં અને પોતાનું મસ્તક જમીન ઉપર રાખ્યું કે તુરત જ પ્રભુએ સુદર્શનચક્રથી દૈત્યોના મસ્તક ઉડાડી દીધા. દૈત્યોના ચાર હજાર કોશવાળા શરીરના લોહીથી સાગરનું પાણી લાલ થઈ ગયું. આમ દૈત્યોનો સંહાર કરી પ્રભુએ વેદોની રક્ષા કરી અને ફરી બ્રહ્મા સૃષ્ટિના કાર્યમાં જોડાઈ ગયા. (૧)

વચનામૃતમાં શ્રીહરિએ હયગ્રીવનો અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છેઃ

★ વચનામૃત લોયાનું ૧૮મું :

...અને હયગ્રીવને પતિભાવ ભજ્યા તો શું ઘોડી થઈ? ને સખાભાવે ભજ્યા તે શું ઘોડો થયો ?

★ પંચાળાનું ૪થું :

...તથા હયગ્રીવ રૂપે થયા ત્યારે ઘોડાની પેઠે ફૂંફાડા મારવા માંડ્યા.

★ વડતાલનું ૧૮મું :

....તથા વારાહ, નૃસિંહ, વામન, કપિલ, હયગ્રીવ એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે ને પોતે તો સદા દ્વિભુજ છે.

★ **પાદટીપ :**

(૧) **अवतारकथांक (कल्याण) :** *गीता प्रेस, गोरखपुर. वर्ष–८१, अंक–१, पृष्ठ : २०९ से २११*

•

૧૬. વેદવ્યાસ

સર્વે પુરાણ અને શ્રીમદ્ ભાગવત અને મહાભારત ગ્રંથના પ્રણેતા વેદવ્યાસ છે. માનવજાત ઉપર તેમના અનંત ઉપકાર છે.

વ્યાસજીના પિતા પરાશર મુનિ અને માતુશ્રી ઉપરિચર નામના વસુની પુત્રી સત્યવતી હતા. વ્યાસજીને આખા શરીરે મુંવાળા હતા. વાને કાળા હતા તેથી કૃષ્ણ નામે પણ ઓળખાય છે. તેમનો જન્મ બેટમાં થયેલો તેથી કૃષ્ણ દ્વૈપાયન કહેવાય છે. (૧)

જન્મ્યા પછી તે તપ કરવા ચાલ્યા ગયા અને બદરિકાશ્રમમાં ગયા તે પરથી તે બાદરાયણ કહેવાયા છે. વેદ વ્યવસ્થાનો વિસ્તાર કર્યો તેથી તે વ્યાસ કહેવાય છે. (૧)

વ્યાસજી શુકદેવજીના પિતા હતા. શુકદેવજી ચિરંજીવી ગણાય છે. (૧)

યજ્ઞની પૂર્તિ માટે તેમણે વેદને ચાર ભાગમાં વિભાજિત કર્યા. તેમણે જોયું કે વેદના પઠનનો અધિકાર કેવળ દ્વિજ જાતિને જ છે. તેથી અન્ય જાતિના વર્ણો અને સ્ત્રીઓના ઉદ્ધાર માટે તેમણે મહાભારતની રચના કરી. તેઓ જ્ઞાનના સમુદ્ર છે. ભક્તિના પરમ આચાર્ય છે. જગતની સંસ્કૃતિને અત્યાર સુધી વ્યાસ સમાન કોઈ મહાપુરુષ નથી મળ્યો. સર્વ જીવોને પરમાર્થનો માર્ગ બતાવનારા છે. તેમણે બ્રહ્મસૂત્રનું નિર્માણ કર્યું અને તત્ત્વજ્ઞાનને વ્યવસ્થિત કર્યું. જેટલા આસ્તિક સંપ્રદાય છે તે બ્રહ્મસૂત્રને પ્રમાણભૂત માને છે. તેમણે અનાદિ પુરાણોની પુનઃ રચના આરાધનાની પુષ્ટિ માટે કરી છે. (૨)

નાનામાં નાના માણસ સુધી તેમનો ઉપદેશ પહોંચે તે માટે તેમણે મહાભારત ગ્રંથમાં ઈતિહાસના નાના આખ્યાનો દ્વારા ધર્મના દરેક અંગોનું વર્ણન કર્યું છે. મનુષ્યને પરમાર્થનો માર્ગ દેખાડવા આ અવતાર ધર્યો છે. તેમણે ભગવાનની સર્વે લીલાનું નિરૂપણ કરી જગતના લોકોને સુખ-શાંતિ અને મોક્ષનો માર્ગ

દેખાડ્યો છે.

મહાભારત ગ્રંથ વિષે એવી ખોટી માન્યતા સમાજમાં ફેલાણી છે કે ફેલાવી છે કે, જે મહાભારત વાંચે તેના ઘરમાં મહાભારત (યુદ્ધ) થાય. આથી કેટલાક અજ્ઞાની લોકો મહાભારત ગ્રંથ વાંચતા તો નથી, પણ ઘરમાં પણ નથી રાખતા.

મહાભારતમાં ઘણા સમાજ ઉપયોગી લેખો, દષ્ટાંત કથાઓ છે. જેનાથી માણસનું જીવન સદાચારમય અને ધર્મમય બને. તેમાં ફક્ત યુદ્ધની જ કથા નથી. ભગવાનના અવતારની કથા પણ છે.

એક એવો મત સમાજમાં પ્રવર્તે છે કે, જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે તેમણે જોયું કે, ભારતવાસીઓ મહાભારત ગ્રંથને વિશેષ વાંચે છે કેમકે તેમાં ઊંડું તત્ત્વજ્ઞાન ભર્યું છે. જો આ ગ્રંથ ભારતીયો વાંચશે તો તેનામાં જ્ઞાન અને સમજ શક્તિ ફેલાશે. જો ગ્રંથથી લોકોને જ્ઞાન થશે તો આપણે ભારતીયોને ગુલામ બનાવવા છે તે કાર્ય નહીં સંભવે. વળી આપણો વિરોધ કરશે. માટે ગમે તેમ કરીને આ ગ્રંથ વંચાતો બંધ થાય તેવું કરો. આથી તેઓએ કેટલાક લેભાગુ અને લાલચુ બ્રાહ્મણોને નાણાં આપી ખરીદ્યા અને તેમના દ્વારા એવો પ્રચાર કરાવ્યો કે જે આ ગ્રંથ વાંચશે તેના ઘરમાં તકરાર થશે, યુદ્ધ થશે માટે આ ગ્રંથ ન વંચાય. આમ પ્રચાર થતા ધીમે ધીમે આ ગ્રંથ ભારતીય સમાજમાંથી દૂર થતો ગયો.

વાસ્તવમાં મહાભારત એ વ્યાસની પોતાની વ્યથાની કથા છે. પોતે એ કથાના મૂક પ્રેક્ષક છે. કથાના જીવંત પાત્ર છે. ભીષ્મના ભાઈથી માંડી જન્મેજયના પ્ર.પિતામહ એમ છ-છ પેઢીની વાર્તાને તેઓએ આ ગ્રંથમાં વર્ણવી છે તથા પોતે સાત પેઢીનું સ્વયં દર્શન કર્યું છે. (૩)

પાંડુ રાજાના અગ્નિદાહ વખતે, પાંડવ-કૌરવની અસ્ત્ર પરીક્ષા વખતે, પોતે હાજર હતા. દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવોને જવાની સલાહ વ્યાસજીએ આપેલી, રાજસૂય યજ્ઞ કરવાનું તથા પાંડવોના ૧૨ વર્ષના વનવાસ પછી યુધિષ્ઠિરને નીતિનો ઉપદેશ આપવા સ્વયં પોતે કહેલું અને તેઓ પધારેલા. કુરુક્ષેત્રના યુદ્ધ વખતે ધૃતરાષ્ટ્રને સમજાવવા ગયેલા. ભીષ્મ બાણશૈયા પર હતા ત્યારે યુધિષ્ઠિરને તેમની પાસે જવાની સલાહ વ્યાસજીએ આપેલી. દરેક ઘટના વખતે તેઓ સ્વયં હાજર રહેલા તેથી મહાભારત ગ્રંથ ઐતિહાસિક સત્ય કથા છે. કાલ્પનિક કથા નથી. આખી કથામાં વ્યાસ હંમેશા ધર્મના પક્ષે જ રહ્યા છે. તેમના મતે ધર્મ જ

શાશ્વત છે. જ્યાં ધર્મ હોય ત્યાં કૃષ્ણ હોય અને ત્યાં જય હોય જ. જીવનમાં ધર્મ હશે તો જ ઈશ્વર મળશે. (૩)

ગીતામાં કૃષ્ણ કહે છે કે, હું મુનિઓમાં વ્યાસ છું. એટલે વ્યાસને વિષ્ણુ કહ્યા છે. શ્રીકૃષ્ણ અને વ્યાસ બંનેએ ધર્મના સંવર્ધન માટે પૃથ્વી ઉપર જન્મ ધારણ કર્યો છે. કૃષ્ણ અને વ્યાસમાં સામ્યતા રહેલી છે. જય હંમેશાં કૃષ્ણની પાછળ આવે છે. વ્યાસ તો જયના સર્જક છે. બંને નિષ્કપટ અને ધર્મના પક્ષપાતી અને સંસારીઓના દુઃખ દૂર કરવા કટિબદ્ધ છે. માનવમાત્રને પ્રેમ કરે છે. (૩)

મહાભારતની રચના કરી વેદવ્યાસે માનવજાતની સર્વોત્તમ સેવા કરી છે. કેમકે આ ગ્રંથમાં સંસારીઓએ શું ન કરવું ? લોભ, કપટ, મોહ જેવા દુર્ગુણો કેટલી હદે વિનાશ નોતરે છે તે વાત પાંડવ-કૌરવની વાત દ્વારા સમજાવ્યું છે. (૩)

આટઆટલા શાસ્ત્રોની રચના બાદ વ્યાસજીને અંતરમાં શાંતિ કે સંતોષ ન મળ્યા. ત્યારે નારદજીની સલાહથી તેમણે ભગવાનના ચરિત્રો અને અવતારલીલા સંબંધી ભાગવત્ ગ્રંથની રચના કરી. ત્યારે તેમને અંતરમાં શાંતિનો અનુભવ થયો. (૩)

વ્યાસજી ભાગવત્ દ્વારા આપણને એ સમજાવે છે કે, જ્યાં સુધી માણસને સંસારમાં આસક્તિ હોય, સગાં સ્નેહીઓમાં મોહ હોય ત્યાં સુધી ભગવાનમાં પ્રીતિ થાય નહીં. ભગવાન એક જ પ્રીતિ કરવા યોગ્ય છે. ભાગવતના સતત શ્રવણ, મનનથી મનની મલીનતા દૂર થઈ અંતરમાં શાંતિ અને સુખ પ્રગટે છે. અંતઃકરણ અને વિચારો શુદ્ધ થતાં મનમાં, હૃદયમાં ભગવાનનો કાયમી નિવાસ થાય છે અને માણસના સ્વભાવગત દુષણો, કુટેવ ચાલ્યા જાય છે. વ્યક્તિની દૃષ્ટિ બદલાઈ જાય છે. તેને બધું દિવ્ય અને સુખમય લાગે છે અને આઠે પોર તે આનંદમાં રત રહે છે. આ બધુ ભાગવત શ્રવણને આભારી છે અને તેનો યશ તેના રચયિતા વેદવ્યાસને છે એટલે જ વ્યાસજીએ મનુષ્યોની બહુ મોટી સેવા કરી છે. (૩)

શ્રીહરિએ વેદવ્યાસને વચનામૃતમાં અનેક જગ્યાએ યાદ કર્યા છે.

★ ગઢડા પ્રથમ ૩૯મું વચનામૃત :

‘તે સમયે સભામાં એક વેદાંતિ બ્રાહ્મણ આવેલો. શ્રીહરિ તેને ઉદ્દેશીને બોલ્યા કે, તમે એક બ્રહ્મનું જ પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ, ઈશ્વર ... એ સર્વેને મિથ્યા કહો છો. તે વાત અમને સમજાતી નથી... પણ કોઈક કલ્પિત

ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ, અને જો વ્યાસજીના વચને કરશો તો અમારા માન્યામાં આવશે, કેમ જે અમારે વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતીતિ છે.

શ્રીહરિએ વ્યાસજીના વચનને માન્ય ગણ્યા છે અને તેમના રચેલા શાસ્ત્રોને યથાયોગ્ય માન્યા છે તેવું શ્રીહરિ કહે છે.

★ લોયાનું ૪થું વચનામૃત :

અખંડાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે, જેમ વ્યાસજી એક હતા તેણે શુકજીને સાદ કર્યો ત્યારે સ્થાવર જંગમ સર્વે જીવમાં રહીને સાદ કર્યો અને શુકજીએ હુંકારો દીધો ત્યારે પણ સ્થાવર જંગમ સર્વે સૃષ્ટિમાં રહીને હુંકારો દીધો.

એની કથા એવી છે કે, શુકજી તેની માતાના ગર્ભમાં ૧૬ વર્ષ સુધી રહ્યા. યોગશક્તિથી તેમનું સ્વરૂપ નાનું જ રહ્યું. પોતે જો રાબેતા મુજબ ૯ માસે માતાના ગર્ભમાંથી બહાર આવે તો તેમને જગતની માયાનો સ્પર્શ થાય તે બીકે તેઓ માતાના ગર્ભમાં આટલો લાંબો સમય રહ્યા. પછી પિતા વ્યાસજીએ તેને ખાતરી આપી કે, તું આ જગતમાં આવ. તને માયા સ્પર્શ નહીં કરે તેમ નારદજી દ્વારા શ્રીકૃષ્ણનું આશ્વાસન મળતા શુકજી ગર્ભમાંથી બહાર આવ્યા અને ઓર સહિત જંગલમાં જતા રહ્યા, જેથી માયાનો સ્પર્શ ન થાય. ત્યારે વ્યાસજી તેમની પાછળ દોડ્યા અને ઊભા રહો ઊભો રહો તેવો સાદ કરતા શુકજીએ સ્થાવર જંગમ સર્વે જીવમાં રહીને હુંકારો દીધો. (૨)

★ પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૮૨૩૯

(૨) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૧૪થી ૧૧૫

(૩) **વિશ્વની અમર વિભૂતિઓ :** સંપાદક - યશવંત ત્રિવેદી, એન. એમ. ઠક્કરની કું. મુંબઈ, પાના નં. ૧૦૫થી ૧૧૧

●

૧૭. સનકાદિક - સનત્સુજાણ ઋષિ

કલ્યાણના મુદ્દાના **ગઢડા મધ્યના ૨૧માં વચનામૃત**માં શ્રીહરિ કૃપાવાક્ય કહે છે કે, ...અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવા એ જ છે અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક ... ઈત્યાદિક પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન અને તેના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવું બાકી રહ્યું નથી.

સનકાદિક ઋષિકુમારોનો શ્રીહરિએ વચનામૃતમાં ઉલ્લેખ કર્યો છે :

સનકાદિક વિષે જાણીએ :

સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્માજીએ વિવિધ લોક રચવાની ઈચ્છાથી તપસ્યા કરી. તપથી પ્રસન્ન થઈ પ્રભુએ તપ અર્થવાળા સન નામથી યુક્ત : સનક સનંદન, સનત્સુજાણ(સનાતન) અને સનતકુમાર એવા ચાર નિવૃત્તિપરાયણ મુનિઓના રૂપમાં અવતાર લીધો. બ્રહ્માજીએ વર્ષો સુધી તપ કરી હૃદયમાં ભગવાનના દર્શન કર્યા હતા અને પ્રભુએ તેમને ભાગવતનું મૂળ જ્ઞાન આપ્યું હતું. ત્યારબાદ બ્રહ્મા માનસિક સૃષ્ટિમાં લાગી ગયા. તે સમયે સર્વત્ર સત્વગુણ વર્તતો હતો. એ સમયમાં સનકાદિક ઉત્પન્ન થયા. તેથી તે કુમારોમાં પણ આ સત્વગુણ વર્તતો હતો. તેમનામાં રજોગુણ કે તમોગુણનો ભાવ ન હતો. તેથી કુમારો બ્રહ્માજીની આજ્ઞા હોવા છતાં સૃષ્ટિકાર્યમાં ન જોડાયા. તેઓની ઉંમર સદાય ૫ વર્ષના બાળક જેવી જ રહી. તેથી સદાય દિગંબર અવસ્થામાં રહેતા. તેઓ બધા પરમજ્ઞાની હતા. (૧)

વિશ્વમાં જ્ઞાનની પરંપરા ચાલુ રાખવા માટે સ્વયં ભગવાને જ આ સનકાદિક રૂપમાં અવતાર ધારણ કર્યો હતો. આ સંયુક્તાવતાર છે. એક જ ચેતના સાથે એક સાથે વધુ શરીર ધારણ કરે છે. આમ, તેઓની રુચિ ભગવાનનું નામ રટણ અને ગુણગાનમાં જ હતી. તેમના મુખમાંથી નિત્ય *'हरि शरणम्'* મંત્રનો ઘોષ નીકળ્યા કરતો. તેથી તેમના પર કાળનો કોઈ પ્રભાવ ન પડ્યો. તેઓ સદા

પાંચ વર્ષના બાળકરૂપે જ રહ્યા અને સદા દિગંબર અવસ્થામાં ફરતા. ભૂખ તરસ જેવા ભાવો તેમને સ્પર્શતા નહિ. તેઓ નિરંતર કથાવાર્તા કરવામાં અને સાંભળવામાં રુચિ રાખતા. તેઓ દરેક લોકમાં આવી જ અવસ્થામાં વિચરણ કર્યે રાખતા. મહારાજા પૃથુ અને નારદજીને તેઓએ જ્ઞાનોપદેશ કર્યો હતો. ભગવાન વિષ્ણુના દ્વારપાલ જય-વિજય સનકાદિકોનું અપમાન કરતા, જય વિજયને તેમનો શાપ લાગ્યો અને ત્રણ જન્મ સુધી અસુર યોનિ પ્રાપ્ત કરી. આ સનકાદિકો ભક્તિમાર્ગના મુખ્ય આચાર્યો ગણાય છે. સત્સંગના તેઓ મુખ્ય આરાધક છે. (૨)

મહાભારતની કથા અનુસાર પાંડવો પોતાના વનવાસ અને ગુપ્તવાસ પછી હસ્તિનાપુર પરત ફરે છે અને યુદ્ધ પહેલા કૌરવો અને પાંડવો વચ્ચે જે વિષ્ઠી ચાલતી હોય છે. ત્યારે વિદુરજી યુદ્ધ નિવારવા ધૃતરાષ્ટ્રને નીતિવિષયક ઉપદેશ આપે છે. ત્યારબાદ સનત્સુજાણ ઋષિ આવે છે અને ધૃતરાષ્ટ્રને જે ઉપદેશ આપે છે તે **મહાભારતના ઉદ્યોગ પર્વ**માં ૧થી ૬ અધ્યાયમાં આવે છે. ધૃતરાષ્ટ્ર પોતાને મૂંઝવતા વિવિધ પ્રશ્નો વિષે સમાધાન પૂછે છે : જેમાં મૃત્યુ વિષે, પરમાત્મા વિષે, ધર્મ અને પાપ વિષે અંતઃશત્રુ વિષે, વેદ વિષે તથા બ્રહ્મજ્ઞાનમાં ઉપયોગી મૌન, તપ આદિક લક્ષણ સાથે ગુણદોષનું નિરૂપણ, બ્રહ્મચર્ય તથા બ્રહ્મનું નિરૂપણ, યોગ પ્રધાન બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન, પરમાત્માનું સ્વરૂપ અને યોગીજનો દ્વારા સાક્ષાત્કાર વગેરે વિષયો ઉપરની જ્ઞાનગોષ્ઠિના ઉત્તરો સનત્સુજાણ ઋષિ યથાયોગ્ય રીતે કરી ધૃતરાષ્ટ્રને જ્ઞાન આપે છે, પણ પુત્રમોહના કારણે ધૃતરાષ્ટ્રજી તેને સમજણપૂર્વક અનુસરી શકતા નથી. (૩)

ગઢડા પ્રથમ ૩૨ :

નારદ સનકાદિક જેવા અનાદિ મુક્ત છે. તેને પણ ભગવાન સંબંધી પંચવિષય વગર રહેવાતું નથી.

ગઢડા પ્રથમ ૩૫ :

મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, કોઈ રીતે આસુરી બુદ્ધિ ન થાય તેનો જે ઉપાય હોય તે કહો. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, એક ક્રોધ, બીજું માન ... તો કોઈ દિવસ આસુરી બુદ્ધિ ન થાય... જેમ જય-વિજય ઘણાંય ડાહ્યા હતા પણ સનકાદિક સંગાથે માને કરીને વૈકુંઠ લોકમાંથી પડી ગયા અને આસુરી બુદ્ધિ થઈ.

ગઢડા પ્રથમ ૪૦ :

સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ વિષે શ્રીહરિ કહે છે કે, જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તેને અશુભ વાસના ન હોય ને શુભ વાસના રહી હોય જે હું નારદ સનકાદિક જેવો થાઉં ને નરનારાયણના આશ્રમમાં જઈ તપ કરીને શ્વેતમુક્ત જેવો થાઉં.

ગઢડા પ્ર. ૪૫ :

કેટલાક નારદ સનકાદિક સરખા ભક્ત છે, તે તો ભગવાનના સાકારપણાનું પ્રતિપાદન કરે છે.

ગઢડા પ્રથમ ૬૩ : જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે. ત્યાં જ પરમધામ છે અને આ સંત સર્વે તે નારદ સનકાદિક જેવા છે.

ગઢડા પ્રથમ ૬૮ : કામ-ક્રોધ એ નાસ્તિકપણાના હેતુ છે. કેમ જે માંહેલો એકે સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તો પણ મનાય નહિ.

સારંગપુરના ૧૪માં વચનામૃતમાં શ્રીહરિ સનત્સુજાણ ઋષિનો ઉલ્લેખ કરે છે :

'મહાભારતના ઉદ્યોગ પર્વને વિષે સનત્સુજાણ ઋષિએ ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહ્યું છે જે, એક તો પ્રમાદ અને બીજો મોહ એ બેયનો જે ત્યાગ કરે તે સર્વ પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે અને પ્રમાદ અને મોહ એનું નામ જ માયા છે.

★ **પાદટીપ :**

(૧) **भक्तचरितांक :** *छव्वीशके वर्ष का विशेषांक :* ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૪૫

(૨) **अवतारकथाएँ :** કલ્યાણ : ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૫૮થી ૨૫૮

(૩) **संक्षिप्त महाभारत :** ભાગ-૧, પાના નં. ૪૯૫થી ૫૦૬, ગીતા પ્રેસ, ગોરખપુર

●

૧૮. બ્રહ્મા

દરેક બ્રહ્માંડના ત્રણ દેવ મુખ્ય હોય છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. બ્રહ્મા સર્જનકર્તા હોય છે. વિષ્ણુ પોષણકર્તા અને શિવ સંહારના દેવ ગણાય છે.

બ્રહ્મા વિષે શાસ્ત્રોક્ત વિધાન જાણીએ :

બ્રહ્મા એટલે ત્રણ દેવની ત્રિપુટીમાંના જગતને ઉત્પન્ન કરનાર દેવ. રજોગુણપ્રધાન દેવ. તે સૃષ્ટિના ઉત્પાદક, યજ્ઞોના પ્રવર્તક અને વિષ્ણુના અવતાર મનાય છે. બ્રહ્માની મૂર્તિ ચતુર્મુખ હોય છે. આવી મૂર્તિ બહુ ઓછી જોવા મળે છે. તેમનું પૂજન પણ ઓછું થાય છે. છતાં શિવમંદિરની ઉત્તરની દીવાલ તરફ તેની મૂર્તિ રાખેલી હોય છે. તેને ચાર માથા અને ચાર હાથ હોય છે. (૧)

જેવી રીતે વિષ્ણુ અને શિવના અનેક સંપ્રદાયો મળે છે તે રીતે બ્રહ્માના સંપ્રદાયો નથી મળતા. તેની મૂર્તિને એમ માનવામાં આવે છે કે, કલ્પનામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એક જ પરમાત્માના સ્વરૂપ મનાયા છે. ભક્તોએ પોતપોતાની રૂચિ પ્રમાણે ગમે તેની ઉપાસના પ્રચલિત કરી.

આ પૃથ્વી બ્રહ્માએ ઉત્પન્ન કરી અને બ્રહ્માનો એક દિવસ રહી. બ્રહ્માનો એક દિવસ એટલે આપણા ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષો. તેના એક દિવસ પછી આખી પૃથ્વીનો પ્રલય થાય છે, પણ ઋષિઓ, દેવો અને મૂળતત્ત્વો તેવીને તેવી સ્થિતિમાં રહે છે. જ્યારે બ્રહ્મા એક દિવસ પછી રાત્રી અને પછી ફરી વાર જાગે ત્યારે ફરી વાર ઉત્પત્તિ કરે છે. આમ, બ્રહ્મા પોતાના સો વર્ષ સુધી કરે છે. તેમના સો વર્ષ પછી તે મૃત્યુ પામશે અને આખું વિશ્વ તેના મૂળ સ્વરૂપમાં ફેરવાઈ જશે.

બ્રહ્માની ખાસ પૂજા કરવામાં આવતી નથી. ભારતમાં માત્ર અજમેર આગળ પુષ્કર છે, ત્યાં તેનું મંદિર છે. બ્રહ્મા રંગે રાતા હોય છે. તેમને પ્રથમ ૫ મસ્તક હતા, પણ એક મસ્તક શિવે બાળી નાખ્યું કેમકે બ્રહ્માએ શિવનો અવિનય કર્યો હતો. તેમને ચતુરાનન, ચતુર્મુખ પણ કહે છે.

બ્રહ્માની ઉત્પત્તિ અંગે જુદા જુદા પુરાણોમાં જુદી જુદી કથાઓ છે. મહાભારત પ્રમાણે બ્રહ્મા વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયા છે. તેથી તેને નાભિજ, કંજસરોજી, અબ્જજ, અબ્જયોનિ, કંજજ એવા નામ અપાયા છે. બ્રહ્મા દક્ષના પિતા હતા. દક્ષ બ્રહ્માના અંગુઠામાંથી ઉત્પન્ન થયાનું મનાય છે.

ઉત્તર રામચરિતમાં કહ્યું છે કે, ઉપવેદો સહિત ચારે વેદો પૂર્વાદિ દિશાને અનુક્રમે બ્રહ્માના ચારે દિશાએ આવેલા મુખમાંથી નીકળ્યા છે. આમ, બ્રહ્મદેવ જ વેદોની ઉત્પત્તિનું કારણ છે. આ ઉપરાંત દેવ, ઋષિ, પ્રજાપતિ સર્વેના કર્તા પણ તેઓ છે. તેમણે પોતાના પુત્રો વડે અનેક પ્રાણી ઉત્પન્ન કરાવ્યા માટે એમને પિતામહ પણ કહે છે.

શ્રીહરિએ વચનામૃતમાં બ્રહ્માજીને અનેક જગ્યાએ યાદ કર્યા છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમ : ૨૩**

...જો એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતિને દેખીને મોહ પામ્યા.

આ કથા સત્સંગિજીવન ગ્રંથમાં આવે છે કે, જગતસ્ત્રષ્ટા બ્રહ્માજી પોતાના અંગ થકી જ ઉત્પન્ન થયેલી સૌંદર્યવાન પુત્રી સરસ્વતીને જોઈ કામદોષથી વિહ્વળ થયા અને તેને આલિંગન કરવા માટે સરસ્વતીનો સ્પર્શ કરવા જાય તે સમયે સરસ્વતી મૃગલીનું રૂપ ધારણ કરીને ભાગ્યા. તો બ્રહ્માજી પણ મૃગનું રૂપ ધારી તેની પાછળ દોડ્યા. ત્યારે બ્રહ્માનું આ નિંદનીય કૃત્ય જોઈને મરીચિ વગેરે ઋષિઓ બ્રહ્માને ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા. તેથી બ્રહ્માજી લજ્જિત થઈ ગયા અને પોતાના મૃગના શરીરનો ત્યાગ કરી દીધો. (૨)

★ આ જ વાત શ્રીહરિએ વચનામૃત **ગઢડા પ્રથમ : ૩૪**માં કરી છે કે,

...ભગવાનના સ્વરૂપથી જુદા પડે તો શિવ, બ્રહ્મા અને નારદાદિક જેવા સમર્થ મુક્ત હોય તે પણ માયિક પદાર્થમાં તણાઈ જાય.

★ ફરી **ગઢડા પ્રથમના ૭૨**માં વાત કરી કે, શુકજીએ તો સમજી વિચારીને ભગવાનનું ગુણગાન કર્યું. જે કામદેવે બ્રહ્માદિક દેવતાને જીતીને પોતાને વશ કર્યા.

★ **લોયાના ૧૩માં વચનામૃતમાં કહ્યું કે,** બ્રહ્માને પણ સરસ્વતીને દેખીને

મોહ થયો.

ગઢડા મધ્યના ૨૧માં પ્રકરણમાં શ્રીજી કહે છે કે, જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ, પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તો પણ ... કલ્યાણના માર્ગ થકી પડ્યા નહિ.

વચનામૃત વડતાલના ૨૦માં પ્રકરણમાં કહે છે કે,

શિવ, બ્રહ્મા, શૃંગીઋષિ, પરાશર, નારદને શું નિર્વિકલ્પ સમાધિ નહોતી જે કામે કરીને સર્વે વિક્ષેપને પામ્યા ?

★ વચનામૃત સારંગપુરના ૨માં શ્રીહરિ કહે છે કે,

'જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિદ્ધ દશાને પામીશ... અને બ્રહ્મા, વિષ્ણુ, શિવના જેવા રૂપને ઇચ્છીશ તો તેવા રૂપને પામીશ.

★ લોયાના ૧લા વચનામૃતમાં કહે છે કે,

આપણે તો શાંતિમૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેના ઉપાસક છીએ, તે માટે રજોગુણી-તમોગુણી દેવ એવા જે બ્રહ્મા, શિવ અને ઇન્દ્રાદિક દેવતા તેમની ઉપર ભાવ બેસે નહિ.

★ પંચાળાના ૧લા વચનામૃતમાં કહે છે કે,

બ્રહ્મા, શિવ, ઇન્દ્રાદિક દેવ છે, તે તો ભગવાનની આગળ જેવા સડતાળાના રાંક હોય ને પીંપરની ટેટી બાફીને ખાતા હોય તે જેવા ગરીબ છે.

★ પંચાળાના ૨જા વચનામૃત મુજબ :

...અને તેથી ઓરા બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા પૃથ્વીને વિષે જે મત્સ્ય ... એ સર્વે ધ્યાન કરવા યોગ્ય છે.

...બીજા જીવના આકાર તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના આકાર તથા રામકૃષ્ણાદિક અવતારના આકાર તે સર્વેને તુલ્યપણે જાણે છે.

★ પંચાળાના ૩જા વચનામૃતમાં કહે છે :

...શ્રીકૃષ્ણની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી, તેમણે બ્રહ્મા પાસે વર માંગ્યો જે, હે મહારાજ, અમે દેવ, દૈત્ય, મનુષ્ય એ સર્વેનો સ્પર્શ કર્યો છે, પણ જે નારાયણ પુરુષ છે તેનો પતિભાવે સ્પર્શ નથી કર્યો માટે એવી કૃપા કરી જે અમારા પતિ થાય પછી બ્રહ્માએ કહ્યું કે, તમે તપ કરો. તમારા

પતિ નારાયણ થશે.

★ પંચાળા : ૪થા વચનામૃત :

બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે બ્રહ્મા, વિષ્ણુ, શિવ છે.

★ ગઢડા મધ્યના ૮માં વચનામૃત મુજબ :

જ્યારે બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વે પ્રજાને કહ્યું જે તમે સર્વે યજ્ઞ કરજો. ને તે યજ્ઞે કરીને તમારે સર્વે પુરુષાર્થની સિદ્ધિ થશે.

★ વચનામૃત ગઢડા મધ્ય-૧૦ :

ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે દેવકી-વસુદેવને ચતુર્ભુજ દર્શન દીધું, ગોવર્ધન તોળ્યો, કાલિયનાગને ધરામાંથી કાઢીને યમુનાજીનું જળ નિર્વિષ કર્યું તથા બ્રહ્માનો મોહ નિવારણ કર્યો.

મોહ નિવારણની કથા એવી છે કે,

એકવાર શ્રીકૃષ્ણ ગોપસખાઓ સાથે જંગલમાં ગાયો ચરાવવા ગયા ત્યાં યમુના કિનારે બેસીને સૌ આનંદપ્રમોદ કરતા વનભોજન કરી રહ્યા હતા. આકાશમાંથી સૌ દેવતા અને બ્રહ્મા આ બાળલીલા નિહાળી રહ્યા હતા. શ્રીકૃષ્ણે અઘાસુરને માર્યો વગેરે દિવ્ય લીલા સંભારતા બ્રહ્માને સંશય (મોહ) થયો કે ગોપ બાળકો સાથે રમતો ગોવાળીયો પરબ્રહ્મ ન હોય. આથી શ્રીકૃષ્ણની પરીક્ષા લેવા સારું તેણે બધા ગોપબાળકો અને ગાયોનું અપહરણ કરી ક્યાંક સંતાડી દીધી. શ્રીકૃષ્ણએ જાણ્યું કે, આ બધા કામ બ્રહ્માના લાગે છે. તેથી પોતે ગોપબાળકો અને ગાયોરૂપે થયા. અસલ ગોપબાળકો અને ગાયો જેવું જ રૂપ ધારણ કર્યું. બ્રહ્મા આ ચમત્કાર જોઈ રહ્યા. આ રીતે સતત એક વર્ષ સુધી શ્રીકૃષ્ણ ગાયો અને ગોવાળોરૂપે થયા. આ જોઈ બ્રહ્માનો સંશય દૂર થઈ ગયો. પોતે શ્રીકૃષ્ણને પરબ્રહ્મ માનવા લાગ્યા. પોતાનો મોહ નિવૃત્ત થતા સ્વયં શ્રીકૃષ્ણ પાસે ગયા. પોતાના કૃત્ય બદલ માફી માંગી અને સ્તુતિ કરી પગે લાગ્યા. (૩)

★ વચનામૃત ગઢડા મધ્ય : ૧૩

...અને નારદ સનકાદિક અને બ્રહ્માદિક દેવ તેમની સભામાં પણ નિરંતર આ જ વાર્તા થાય છે.

★ વચનામૃત ગઢડા અંત્ય : ૨૮

એવી રીતે બ્રહ્મા પણ ભગવાનનું માહાત્મ્ય જાણતા હતા.

★ **વચનામૃત ગઢડા અંત્ય : ૩૯**

એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ હોય

...ભગવાનના ચરણની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધિકાજી, નારદ, શુક સનકાદિક... એવા એવા મોટા છે, તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે.

આ સિવાય શ્રીહરિએ બ્રહ્માજી વિષે **વચનામૃત : પ્રથમ ૪૧ અને પ્રથમ ૬૩, સારંગપુર : ૧૭, કારિયાણીનું ૧લુ, કારિયાણીનું ૧૦મુ, ગઢડા મધ્યનું ૩જુ, મધ્ય : ૫૧મુ, ૬૬મુ**માં ઉલ્લેખ કરેલ છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૭, પાના નં. ૬૫૨૨થી ૬૫૨૩

(૨) **શ્રીમદ્ સત્સંગિજીવન :** પ્રકરણ-૨, અધ્યાય-૧૨, રાજકોટ ગુરુકુલ પ્રકાશન, ભાષાંતર કર્તા : શા. હરિમુકુંદદાસ વર્ષ : ૨૦૧૫

(૩) **શ્રીમદ્ ભાગવત :** ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૧૦, અધ્યાય-૧૩ અને ૧૪.

●

૧૯. શિવજી

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણેય આ લોકના દેવ છે. બ્રહ્મા સર્જનના દેવ છે. વિષ્ણુ પોષક છે અને મહેશ સંહારના દેવ છે એ તમોગુણી દેવ છે. એમને સદાશિવ, ગંગાધર, શંભુ, નીલકંઠ, ભીમ, પ્રવર, જટી, શિખંડી એવા હજાર નામો છે. વેદોમાં તેમને રૂદ્ર કહ્યા છે. સમુદ્રમંથન વખતે પ્રથમ વિષ નીકળ્યું અને એ વિષથી જીવસૃષ્ટિ ક્લેશ પામી તેથી બ્રહ્મા અને વિષ્ણુ એ મહાદેવને પ્રાર્થના કરી તેથી શિવને દયા આવી અને તે વિષનું પાન કરી ગયા. જો વિષ ગળા નીચે ઉતારે તો મૃત્યુ થાય તેથી પોતે વિષને ગળામાં જ રાખ્યું. વિષની અસરને લીધે તેમનો કંઠ લીલો પડી ગયો આથી તેમનું નામ નીલકંઠ પડ્યું.

વચનામૃતમાં શ્રીહરિએ ગઢડા, વડતાલ, સારંગપુર, લોયા, પંચાળા વગેરે જગ્યાએ લગભગ ૨૫ વાર શિવજીને યાદ કર્યા છે. શિવજી ત્યાગી, યોગી, વૈરાગ્યવાન ભક્ત છે તેવું કહેલ છે. **લોયાના ૧લા** વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, સુખને કરે તે શંકર તેવી વ્યાખ્યા કરી છે. નારદજીના ગુરુ શિવ છે.

ગઢડા પ્રથમના ૪થા વચનામૃતમાં નારદજી શિવ પાસે ગાનવિદ્યા શીખ્યા તેવો ઉલ્લેખ છે.

ગઢડા પ્રથમના ૨૩મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, જીવે ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર એવું પોતાનું સ્વરૂપ માનવું જોઈએ. આવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા.

આ કથા જાણીએ :

એકવાર શિવજીએ ભગવાન વિષ્ણુ પાસે તેમના મોહિની સ્વરૂપના દર્શન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રભુએ ઘણી ના પાડી કે આ સ્વરૂપ તમારા જેવા યોગીને જોવાય નહીં. તેમ છતાં શિવે અતિ આગ્રહ રાખતા ભગવાને તેમનું

લાવણ્યમય મોહિની સ્વરૂપના શિવને દર્શન કરાવ્યું અને શિવ તે રૂપ જોઈને મોહાંધ થઈને તેમને પકડવા પાછળ દોડ્યા અને તેમનો હાથ પકડતા શિવનું નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ખંડિત થઈ ગયું. તુરત પ્રભુ પોતાના મૂળ સ્વરૂપમાં આવી જતા શિવ છોભીલા પડી ગયા.

આમ શિવ ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર પોતાના આત્માને નહોતા સમજતા તો પ્રભુના મોહિની સ્વરૂપને જોઈને મોહ પામ્યા. આ જ વાત શ્રીહરિએ **ગઢડા પ્રથમના ૩૪**માં કરી છે કે, માયિક પદાર્થમાં વૈરાગ્ય ન રાખે ને ભગવાનના સ્વરૂપથી જુદા પડે તો શિવ, બ્રહ્મા જેવા સમર્થ હોય તો પણ માયિક પદાર્થમાં તણાઈ જાય. એ રીતે **ગઢડા પ્રથમના ૭૩**માં પણ મહારાજ કહે છે કે, શિવજી ઉર્ધ્વરેતા હતા, પણ મોહિની સ્વરૂપ જોઈને વીર્યપાત થયો એટલી તેમની યોગકળામાં ખોટ કહેવાય. **લોયાના ૧૩મા** વચનામૃત ફરી આ જ વાત આવે છે કે, શિવજીને પણ મોહિનીના દર્શને કરીને મોહ થયો.

ફરી **વડતાલના ૨૦મા** પ્રકરણમાં મહારાજ કહે છે કે, શિવ, બ્રહ્મા, શૃંગીઋષિ અને પરાશર કામાદિકે કરીને વિક્ષેપ પામ્યા.

લોયાના ૧લા વચનામૃતમાં શ્રીહરિ શિવને યાદ કરે છે કે, અમને સ્વપ્નમાં નંદી પર બિરાજતા શિવના દર્શન થયા. તેમને અમારા પર ખૂબ હેત જણાણું પણ અમને તેમના પર હેત ન જણાણું કેમકે તેઓ તમોગુણના દેવતા છે. તથાપિ જે શિવજીને અમે માનીએ છીએ તેનું કારણ એ છે કે શિવજી તો ત્યાગી છે ને યોગી છે અને ભગવાનના મોટા ભક્ત છે, માટે શિવને અમે માનીએ છીએ.

શ્રીહરિ શિવને માને છે. તો શિવ પણ શ્રીહરિના ભક્ત છે કેમકે શ્રીહરિ જ્યારે વનવિચરણમાં હતા ત્યારે શિવ અને પાર્વતીજી મહારાજ માટે સાથવો લાવી તેમને જમાડેલ. ત્યારે મહારાજે તેમને કહેલ કે જ્યારે અમે સંપ્રદાય સ્થાપીને મંદિરે બનાવીશું. ત્યારે અમે તમારી મૂર્તિ પધરાવી રોજ તમને લાડવા જમાડીશું તદ્અનુસાર મહારાજે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવની મૂર્તિ પધરાવી જે હરિભક્તો અને પરોક્ષના લોકોના ભાવ પૂરા કરે છે. તેમને રોજ પાકો થાળ ધરાય છે.

એ રીતે મહારાજ અનેક જગ્યાએ શિવમંદિરોમાં ગયા છે અને શિવની આરતી ઉતારી છે. **શિક્ષાપત્રી**માં પણ શ્રીહરિએ ૨૩માં શ્લોકમાં હરિભક્તોને

આદેશ કર્યો છે :

...અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવા અને આદર થકી તે દેવનું દર્શન કરવું.

વળી ૭૯**માં શ્લોક**માં પણ કહ્યું છે કે, ...શિવરાત્રિનું વ્રત જે તે આદરથકી કરવું.

૪૬માં શ્લોકમાં શ્રીહરિનો શિવ પ્રત્યેનો આદર વ્યક્ત થાય છે : અને બ્રાહ્મણાદિકને ત્રિપૂંડ જે આડું તિલક કરવું તથા રૂદ્રાક્ષની માળા ધારવી. બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે તે ત્રિપુંડ અને રૂદ્રાક્ષનો ત્યાગ ન કરવો.

૪૭માં શ્લોકમાં શિવ અને નારાયણ એ બેનું એકાત્મપણું જ જાણવું કેમ જે વેદને વિષે એ બેનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે.

૮૪માં શ્લોકમાં અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ જે તે પૂજ્યપણે કરીને માનવા.

શ્રીહરિ બાલસ્વરૂપે અયોધ્યામાં હતા ત્યારે પોતે શિવમંદિરે નિત્ય દર્શને જતા અને મહાદેવની સ્તુતિ કરતા. એવો તેમને શિવજી પ્રત્યે આદર હતો. આજે પણ સંપ્રદાયમાં શિવરાત્રી ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય છે અને ભક્તો હોંશભેર વ્રત ઉપવાસ કરી શિવજીને રાજી કરે છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૩૩૯.

●



૨૦. કાર્તિક સ્વામી

કાર્તિક શિવ-પાર્વતીના પુત્ર અને ગણેશજીના ભાઈ હતા.

ત્રિલોકમાં તારકાસુરે ઉપદ્રવ મચાવ્યો હતો. તારકાસુરે તપ કરી બ્રહ્માજીને પ્રસન્ન કરેલા. તેથી પોતાનું મૃત્યુ સાત દિવસના શિશુ દ્વારા જ થાય અને તે પણ શિવજીના પુત્ર દ્વારા થાય તેવું વરદાન બ્રહ્માજી પાસે મેળવેલ. તો તારકાસુરને મારવો કેમ ? તે સમયે શિવના પત્ની સતિએ યજ્ઞમાં દેહ છોડી દીધો હતો. વળી, શિવજી અહર્નિશ ધ્યાનમાં જ રહેતા હોવાથી તેમના લગ્ન થવા મુશ્કેલ હતા. શિવ જો લગ્ન કરે તો તેના પુત્રથી તારકાસુર મરે. દેવતાઓની મુશ્કેલી જાણી પાર્વતીજીએ તપ કરી શિવજીને પ્રસન્ન કર્યા અને તેમના લગ્ન થયા. (૧)

શિવ-પાર્વતીના લગ્ન બાદ ઘણો સમય વ્યતીત થઈ ગયો. તેથી શિવ-પાર્વતીનું એકાંત ભંગ કરવા ઈન્દ્રએ અષ્ટવસુઓમાંથી અનલ નામના અગ્નિને કબૂતરરૂપે ત્યાં મોકલ્યો. અચાનક એકાંત ભંગ થવાથી શિવના રેતસ્‌નો અડધો ભાગ ભૂમિ ઉપર પડ્યો. પાર્વતીજી અનલ ઉપર ગુસ્સે થયા અને અગ્નિને શાપ આપી શિવના રેતસ્‌ને ધારણ કરવા વિવશ કર્યો. પરંતુ અગ્નિ માટે આ અશક્ય હતું. તેથી તેણે તે ગંગામાં પધારાવી દીધું. ગંગા માટે પણ શિવના રેતસ્‌ને ધારણ કરવું અશક્ય હતું આથી તેણે વનમાં મૂકી દીધું. 'ત્યાં સ્કંદરૂપે બાળકનો જન્મ થયો. બાળકને છ કૃતિકાઓએ દૂધ પાયું. સ્કંદે તે માટે છ મુખ ધારણ કર્યા આથી કાર્તિકજીને ષણમુખ પણ કહે છે. (૧)

તે પછી બ્રહ્માજીના આદેશથી કાર્તિક, વીરભદ્ર વગેરે ગણોએ તારકાસુર સાથે યુદ્ધ કર્યું અને તારકાસુર મરાયો. દેવોએ કાર્તિકેયનો જય જયકાર કર્યો. (૧)

કાર્તિક ગણપતિજીના ભાઈ થાય. તેઓ શૂરવીર સેનાની અને લડાઈના દેવ ગણાય છે. ભગવાન વિષ્ણુએ તેમને ગરૂડ, કુકડો અને મોર વાહનરૂપે આપ્યા. તેમનો જન્મ કાર્તિક માસની અમાસને દિવસે થયેલો. તેમનું એક નામ કુમાર પણ છે. (૧)

તેમના અન્ય નામોમાં કૃત્તિકાતનય, કૃત્તિકાસુત, કૃત્તિકાપુત્ર પણ છે. કૃત્તિકા કાર્તિકની માતાનું નામ છે.

એક વખત પાર્વતીજીએ બંને ભાઈઓને બોલાવી કહ્યું કે, જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી વહેલો આવે તે સિદ્ધિ-બુદ્ધિ સાથે પરણે. તેથી કાર્તિકેય તો મોર ઉપર સવારી કરી ગયા. પણ ગણપતિએ શંકર-પાર્વતી, પોતાના માતા-પિતાને પૃથ્વી રૂપ ગણી તેમની પ્રદક્ષિણા કરી કહ્યું કે, મારી પ્રદક્ષિણા પૂરી. માતા તેમની સાચી સમજણ અને ચાતુરી જોઈ રાજી થયા અને તેમને સિદ્ધિ-બુદ્ધિ પરણાવ્યા. કાર્તિકેય આવીને જુએ તો ગણપતિને પરણેલા દીઠા. તેથી પોતે ન પરણવાનો નિયમ રાખી આજીવન કુંવારા રહ્યા. (૨)

તેમને મનમાં એવો વિચાર થયો કે, સગી મા થઈને પાર્વતીજીએ અમે બે ભાઈઓમાં પક્ષપાત કર્યો. ગણપતિજીનો પક્ષ રાખ્યો. માટે કાર્તિકેયે રોષે ભરાઈને એવું વિચાર્યું કે, મારા શરીરમાં મારે હવે માતાના ભાગરૂપ માંસ-રૂધિર રહેવા દેવું નથી તેથી તેમણે તપ કરીને શરીરને સૂકવી નાખ્યું. શરીરમાં માતાનો ભાગ હતો તે તપથી બાળી નાખ્યો. આજ દક્ષિણમાં કાર્તિક સ્વામીના મંદિરો છે અને તેઓ એકલા પૂજાય છે.

આમ કાર્તિકેયની પ્રેરણા લઈ શ્રીહરિએ પણ એવું વિચાર્યું કે, શરીરમાં વાસનારૂપ કામ છે તે માતાના શરીરને લીધે છે. માટે માતાના ભાગરૂપ લોહી-માંસને તપે કરીને સૂકવી નાખું. તેથી શ્રીહરિએ તપે કરીને પોતાના શરીરનું લોહી-માંસ સૂકવી નાખ્યું.

એવું શ્રીહરિ **કારિયાણીના ૩જા વચનામૃત**માં કહે છે કે, 'બાળપણામાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઉપજ્યો જે મારે મારા શરીરમાં માતાનો ભાગ રહેવા દેવો નથી. માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું કે, શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રૂધિર તો નીસરે જ નહિ.'

★ **પાદટીપ :**

(૧) **संक्षिप्त शिवपुराण :** ગીતા પ્રેસ, ગોરખપુર. રૂદ્રસંહિતા : કુમારખંડ, પાના નં. ૨૪૬થી ૩૩૨નો સારાંશ.

(૨) **संक्षिप्त शिवपुराण :** રૂદ્રસંહિતા. **कल्याण** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૪૪થી ૩૪૮

●

૨૧. ગણપતિજી

શ્રીહરિએ શિક્ષાપત્રીના ૮૪માં શ્લોકમાં કહ્યું છે કે, મારા આશ્રિત હોય તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્યનારાયણ - આ પાંચ દેવ પૂજ્યપણે માનવા.

ગણપતિ વિષે જાણીએ :

ગણપતિ એ મહાદેવ અને ઉમાના પુત્ર છે. તેમના ૧૨ નામો છે. બધા શુભ કાર્યોમાં (અને અશુભ કાર્યોમાં પણ) એ પ્રથમ પૂજાય છે. કારણ કે કારણરૂપે એ ઈશ્વર મનાય છે. રિદ્ધિ, સિદ્ધિ એ બે શક્તિ તેને પડખે સદા ખડી છે. એટલે એ દેવની ઉપાસનાથી બંને સુલભ થાય છે અને ભક્તો તેમની સદાય ઉપાસના કરે છે.(૧)

એનું મુખ હાથીનું છે. એકવાર શિવ-પાર્વતી અંતઃપુરમાં હોવાથી ગણેશને દ્વારની ચોકી કરવા રાખ્યા છે. એટલામાં પરશુરામ ત્યાં આવી ચડે છે અને શંકરજીને મળવાની ઈચ્છા કરે છે. ગણેશજી ના પાડે છે કે અત્યારે બંને અંતઃપુરમાં છે. રકઝક થતા બંને વચ્ચે લડાઈ થતા પરશુરામથી ગણેશજી પર પ્રહાર થતા તેમના બે દાંતમાંથી એક દાંત તૂટી જાય છે તેથી એ એકદંત પણ કહેવાય છે. (૧)

શિવ પુરાણમાં ગણેશજીના પ્રાગટ્યની કથા એવી છે કે, પાર્વતીજી શિવના ગણ નંદી દ્વારા આજ્ઞાપાલનમાં ખામી જણાતા તેમનાથી નારાજ થયા. પછી તેમની સખીઓની સલાહથી પોતાના શરીર પર લગાડેલા ઉબટન (ચંદનના લેપ)થી એક સર્વગુણ સંપન્ન બાળકનું નિર્માણ કર્યુ. તેને સુંદર વસ્ત્રાલંકારથી સુશોભિત કર્યો અને તેને ચેતનવંતો અને શક્તિમાન બનાવ્યો. તેને કહ્યું કે, તું મારો પુત્ર છે. તારે કેવળ મારા આદેશનું જ પાલન કરવાનું બીજા કોઈનું નહિ. એમ કહી તેને દ્વારપાલ બનાવીને કહ્યું કે, હું સ્નાન કરવા જાઉં છું.

તું અંદર કોઈને આવવા નહીં દેતો. એટલામાં અચાનક શિવજી તપમાંથી આવ્યા. બાળકે તેઓને અંદર જવાની ના પાડી. કેમકે તે શિવજી છે તેમ તેને ખબર ન હતી. તો શિવજીને પણ બાળકની ખબર ન હતી. પરિણામે બંને વચ્ચે રકઝક થતાં શંકરજીએ ક્રોધમાં આવી ગણેશજીનું માથું ઉડાડી દીધું. આ બાજુ પાર્વતીજી સ્નાન કરીને આવતા તેમણે આ દૃશ્ય જોયું અને તે કલ્પાંત કરવા લાગ્યા કે, પતિદેવ તમે તમારા પુત્રનું મસ્તક કાપી નાખ્યું. આથી મહાદેવ કહે, આવતીકાલે સવારે જે પહેલું પ્રવેશ કરે તેનું મસ્તક કાપીને લેતા આવજો. હું ગણેશજીને તે મસ્તક આપીશ. બીજા દિવસે પહેલી વ્યક્તિ તરીકે હાથીનો પ્રવેશ થયો અને સેવકો તેનું મસ્તક કાપી શંકરજી પાસે લઈ આવ્યા અને તે મસ્તક ગણેશજીના ધડ ઉપર ચોંટાડી દીધું અને તેમને સજીવન કર્યા (૨) એવી પણ એક કથા છે. આ કથા લોકજીભે વધુ પ્રચલિત છે.

ગણેશજીનું પ્રિય ભોજન લાડુ છે. વ્યાસજીએ મહાભારત રચ્યું ત્યારે ગણેશને બ્રહ્મા પાસેથી લહિયા તરીકે માગી લીધા હતા. એ વિઘ્નહર્તા દેવ છે. ગણેશ આરંભના દેવતા છે તેની ઉત્પત્તિ ૐથી થઈ છે. (૧)

ગણેશજી મંગળસ્વરૂપ છે કેમકે તે રૂદ્રગણોના અધિપતિ હોવાથી કોઈ કાર્યોમાં વિઘ્ન આવવાનું હોય તો તેના ગણો તે વિઘ્ન દૂર કરે છે તેથી તેમને વિઘ્નહર્તા દેવ પણ કહે છે. (૩)

એક કથા એવી છે કે, ગણેશ અને કાર્તિકેય વચ્ચે સ્પર્ધા થઈ કે બેમાંથી મોટું કોણ ? આ પ્રશ્નના નિરાકરણ માટે બંને મહાદેવ અને પાર્વતીજી પાસે આવ્યા ત્યારે માતાએ કહ્યું કે, જે આ પૃથ્વીમાં રહેલા અડસઠ તીર્થની જાત્રા કરીને વહેલાં આવે તે મોટો. આથી કાર્તિકેય તેમના વાહન મોર ઉપર બેસીને જાત્રા કરવા નીકળ્યા. ગણેશજીનું વાહન તો ઉંદર હતું, પરંતુ ગણેશે માન્યું કે જગતમાં સૌથી મોટું તીર્થ હોય તો તે માતા-પિતા છે. આથી તેમણે માતા-પિતાની પ્રદક્ષિણા કરી તેમને પ્રણામ કર્યા અને કહ્યું કે, મારી તીર્થયાત્રા પૂરી થઈ. આ બુદ્ધિગમ્ય જવાબ સાંભળી મહાદેવ અને પાર્વતીજી તેમના પર ખૂબ પ્રસન્ન થયા ને આશીર્વાદ આપ્યા કે તમે સૌથી મોટા છો. (૩)

★ **ગઢડા પ્રથમના ૪૨મા વચનામૃતમાં** શ્રીહરિએ ગણેશજીને યાદ કર્યા છે : ...અને શંકરાચાર્યે તો જીવના હૈયામાં નાસ્તિકપણું ન આવી જાય તેની બીકે... એ આદિક વિષ્ણુના સ્તોત્ર કર્યા છે તથા શિવજી તથા ગણપતિ તથા સૂર્ય

એ આદિક જે ઘણાંક દેવતા તેના સ્તોત્ર કર્યા છે.

★ **ગઢડા પ્રથમના ૨૫મા વચનામૃતમાં** શ્રીહરિ કહે છે કે, જ્યારે સમાધિવાળો ગણપતિને સ્થાનકે જાય છે ત્યારે ત્યાં નાદ સંભળાય છે ને પ્રકાશ દેખાય છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ**, ભાગ-૩ : પાના નં. ૨૭૨૨થી ૨૭૨૩

(૨) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૩૭

(૩) **अवतार कथांक :** ગીતા પ્રેસ, ગોરખપુર, વર્ષ : ૨૦૦૭ પાના નં. ૧૫૧થી ૧૫૨

●



૨૨. પાર્વતીજી

પાર્વતીજી એ પૂર્વ જન્મમાં દક્ષ પ્રજાપતિની કન્યા સતિ નામે હતા. તે સમયે તેઓ ભગવાન શંકરના પત્ની હતા. એ દિવસોમાં ગિરિરાજ હિમાલયના પત્ની મેનકા દેવી સતિ ઉપર ખૂબ પ્રસન્ન હતા. તેના મનમાં કાયમ સતિ જેવી પોતાને કન્યા હોય તેવું ઈચ્છતા. (૧)

દક્ષના યજ્ઞમાં સતિના દેહાવસાન બાદ હિમાલયની પત્ની મેનકાએ આદ્યશક્તિની આરાધના કરી અને દેવીએ પ્રસન્ન થઈ સતિ જેવી કન્યા તેમને થાઓ તેવું વરદાન આપ્યું. આમ મેનકાએ એક કન્યાને જન્મ આપ્યો. તે પર્વતરાજ દ્વારા ઉત્પન્ન થઈ હોવાથી કન્યાનું નામ પાર્વતી રખાયું. (૧)

કન્યા ઉંમરલાયક થતા નારદજી તેમના ગૃહે આવ્યા અને પાર્વતીનો હાથ જોઈને ભવિષ્ય ભાખ્યું કે, તે પોતાના પતિને સદા પ્યારી રહેશે. તેનો સુહાગ સદાય અચલ રહેશે. સારા જગતમાં તેની ખૂબ કીર્તિ વધશે. પણ, તેનો પતિ ગુણહીન, માનહીન, ઉદાસીન, જટાધારી અને અમંગલ વેષવાળો હશે. આ વાત સાંભળી હિમાલય તથા મેનકાને દુઃખ થયું. પરંતુ પાર્વતીજી આ સાંભળીને તેને અનુમાન લગાવ્યું કે, આવા પુરુષ તો એક શિવજી છે. તેથી તેઓ ખૂબ પ્રસન્ન થયા.

આ બાજુ શંકરજીના પ્રથમ લગ્ન બાદ સતિના અગ્નિસ્નાન બાદ મહાદેવે બીજા લગ્ન કરેલ ન હતા. (૧)

પાર્વતીજીએ મહાદેવને પ્રસન્ન કરવા ઉગ્ર તપસ્યા કરી આથી માતા મેનકાનું હૃદય ભરાઈ આવ્યું કે, મારી સુકોમળ પુત્રી આવું કઠીન તપ કઈ રીતે ઝીલી શકશે ? તેમની આંખમાં આંસુ છલકાઈ ગયા. તેમણે પાર્વતીને ભેટીને કહ્યું કે, આવું ન કર. આ શબ્દનો અર્થ ઉ...મા. થાય છે. ત્યારથી પાર્વતીજીનું નામ ઉમા પડ્યું. (૧)

એવામાં એક બ્રહ્મચારી પાર્વતીજી પાસે આવ્યા અને પાર્વતીના તપના વખાણ કર્યા. પોતે શેને માટે તપ કરે છે તે કહ્યું, પણ એ શંકર તો જટાધારી છે અને સ્મશાનમાં રહે છે. સર્પોની માળા પહેરે છે વગેરે શબ્દો કહી પાર્વતીજીને તેના તપમાંથી અને ઉદ્દેશમાંથી ડગાવવા પ્રયત્ન કરે છે, પરંતુ પાર્વતીજી ડગતા નથી અને બ્રહ્મચારીને આવું ન બોલવા અને ચાલ્યા જવા કહે છે. આ પાર્વતીજીનું પતિવ્રતાપણું પ્રગટ કરે છે. લગ્ન પૂર્વે પણ તેમને મહાદેવ પ્રત્યે આવી ભક્તિ હતી. ત્યારે એકાએક બ્રહ્મચારીજી પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કરી મહાદેવરૂપે તેને દર્શન આપે છે. આથી પાર્વતીજી ખૂબ પ્રસન્ન થઈને તેમને પ્રણામ કરે છે. (૧)

બાદમાં પાર્વતીનાં શંકરજી સાથે લગ્ન થાય છે.

કૈલાસ પર પહોંચી આ દંપતીનું પુનર્મિલન થાય છે. ત્યારબાદ પાર્વતીને છ મુખોવાળા સ્કંદનો જન્મ થાય છે. છ કૃતિકાઓ પણ તેને પુત્ર માનતી હતી. આથી તેનું નામ કાર્તિકેય પણ છે. તેણે તારકાસુરને મારી દેવતાઓને નિર્ભય બનાવ્યા. (૧)

એકવાર પાર્વતીજી સ્નાન કરવા બેઠા ત્યારે તેમણે શરીર ઉપર ઉબટન (સુખડ ચંદનનો લેપ) લગાવ્યું પછી તે ઉબટનમાંથી પાર્વતીજીએ એક મનુષ્ય આકાર બનાવ્યો અને કુતૂહલવશ તેનામાં પ્રાણ પૂર્યો. તેને પોતાના પુત્રરૂપ ગણી આદેશ કર્યો કે, હું સ્નાન કરવા બેસુ છું. તું બહાર બેસી ધ્યાન રાખજે. એટલામાં શિવજી અચાનક આવે છે અને તેને અટકાવતા બંને વચ્ચે યુદ્ધ થાય છે અને શિવજી આ બાળકનું મસ્તક કાપી નાખે છે. આ બાજુ પાર્વતીજી સ્નાન કરી પરત આવે છે અને સમગ્ર હકીકત જણાવતા મહાદેવ બાળકના ધડ ઉપર હાથીનું મસ્તક લગાડીને તે બાળકને જીવંત કરે છે. ત્યારે ગજ ઉપરથી તેનું નામ ગજાનન પડે છે અને ગણેશને મૂર્તિમાન સ્વરૂપ ધારણ કરાવી દરેક ગણોના અધ્યક્ષ બનાવે છે. (૧)

એકવાર પાર્વતીજી ગંગા નદી પર સ્નાન કરવા ગયા. ત્યાં સંપૂર્ણ દેવતાઓ દેવીની સ્તુતિ કરી રહ્યા હતા. પાર્વતીજીએ પૂછ્યું, તમે કોની સ્તુતિ કરો છો ? ત્યારે પાર્વતીજીના શરીરમાંથી એક કલ્યાણમયી દેવી પ્રગટ થયા અને બોલ્યા કે, આ દેવતાઓ શુંભ અને નિશુંભ નામના દૈત્ય સામે હારી ગયા છે. તેનાથી તેઓ પીડિત છે તેથી મારી સ્તુતિ કરે છે. તે અંબિકા દેવી પાર્વતીજીના શરીરમાંથી જ

પ્રગટ થયા હતા. તેથી તેમને કૌશિકી કહે છે. કૌશિકા પ્રગટ થયા બાદ તેનું શરીર કાળા રંગનું થઈ ગયું. તેથી તે હિમાલય નિવાસી કાલિકા દેવીના નામથી પ્રસિદ્ધ છે. આ રીતે તેના બે રૂપ થઈ ગયા : ગૌરી અને કાલી. અને આ બે રૂપથી તેમણે ધૂમ્ર લોચન, ચંડમુંડ, રક્તબીજ આદિ મોટા મોટા દૈત્યોનો સંહાર કરી જગતનું કલ્યાણ કર્યું. (૧)

પાર્વતીજી દરેક સ્ત્રીઓના હિતચિંતક દેવી ગણાય છે. તેઓ સ્ત્રીઓને પતિવ્રતાના ધર્મોનો અને સદાચારનો ઉપદેશ આપે છે. જે પ્રસન્ન ચિત્તે પતિની સેવામાં રહે છે, પતિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે અને તેની સાથે વિનયથી વર્તે છે તે સ્ત્રી નારીધર્મનું ફળ પ્રાપ્ત કરે છે. (૧) એટલે **શ્રીહરિ વચનામૃત ગ.પ્ર. ૬૩માં** સત્સંગી બહેનો જે પતિવ્રતા છે તેને પાર્વતી જેવા ગણ્યા છે.

પાર્વતીજીની ઉપાસના કરનાર દરેક જીવ, સ્ત્રી-પુરુષ આ લોકમાં સુખ ભોગવે છે અને અંતે તે કૈલાસધામને પામે છે. (૧)

પાર્વતીજી સમસ્ત પતિવ્રતાઓના શિરોમણી છે. સીતા માતા તેમની આરાધનાથી રામચંદ્રને પામ્યા હતા. રામચરિત માનસની પાવનકારી કથા માતાજીની જ કૃપાનું પરિણામ છે. સૌથી પહેલા મહાદેવજી પાર્વતીજીને આ કથા સંભળાવે છે.

આદર્શ ભારતની દરેક નારીઓ માટે પાર્વતીજી કલ્યાણકારી અને આદર્શ છે.

વચનામૃતમાં શ્રીહરિએ પાર્વતીજીનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :

...જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ, દ્રૌપદી ... પાર્વતી એવી છે.

★ વચનામૃત લોયાનું ૧લું :

...અમને શિવજીએ દર્શન દીધા. તે શિવજી મોટો જબરો નંદીશ્વર તે ઉપર બેઠા હતા... તે શિવજી ભેળે પાર્વતી હતા. તેણે ધોળા વસ્ત્ર પહેર્યા હતા.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૬૧મું :

...તે શિવનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો... પછી તે પાપમાં સતિ દક્ષના યજ્ઞમાં બળી મૂવાં.

આ પ્રસંગની કથા જાણીએ : એકવાર દક્ષ પ્રજાપતિ બ્રહ્માના લોકમાં ગયા

તેમને આવતા જાણી બધા દેવો તેમને માન આપવા ઊભા થયા, પરંતુ શિવ ધ્યાનસ્થ હોવાથી તેમને દક્ષના આગમનની ખબર ન હતી. આથી તેઓ ઊભા ન થયા. દક્ષે આ જોયું કે બધા દેવોએ મને માન આપ્યું, પણ શિવે ન આપ્યું. વળી તેઓ મારા જમાઈ છે તેમણે તો ખાસ ઊભા થવું જોઈએ. આથી દક્ષ શિવ ઉપર નારાજ થયા અને આ અપમાનનો બદલો લેવા તેમણે એક યજ્ઞ કર્યો. એ યજ્ઞમાં બધાને બોલાવ્યા પણ પોતાની પુત્રી સતી તથા શિવને ન બોલાવ્યા. આ યજ્ઞની જાણ સતીને થતા તેઓ દક્ષના ઘરે જવા તૈયાર થયા. આમંત્રણ ન હોવાથી શિવે પીયરમાં જવાની ના પાડી. તેમ છતાં સતી યજ્ઞમાં ગયા. ત્યાં તેમને કોઈએ આવકાર ન આપ્યો. વળી યજ્ઞમાં શિવનો ભાગ પણ કાઢી નાંખેલ. પોતાના પતિનું આવું અપમાન થતા સતી નારાજ થયા અને તેમણે યોગાગ્નિ વડે અગ્નિ પ્રગટાવી પોતે બળી ગયા. શંકરજીને આ વાતની જાણ થતા તેમણે તેમના ગણોને મોકલી યજ્ઞનો અને દક્ષનો નાશ કર્યો.

આમ, પ્રથમ જન્મમાં પાર્વતી સતી એવા નામે હતા. ત્યારબાદ બીજા જન્મમાં તેમનું નામ પાર્વતીજી હતું. (૨)

★ **પાદટીપ :**

(૧) **સંક્ષિપ્ત શિવપુરાણ**, અધ્યાય : ૧૯થી ૨૦. ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૭૨

(૨) **नारी अंक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૩૫૯થી ૩૬૬

(૩) **શ્રીમદ્ ભાગવત** ચતુર્થ સ્કંધ અધ્યાય : ૧, પાના નં. ૩૨૫

●

૨૩. નારદજી

પાણીનો ઘડો ઢોળ્યાનું, સ્થિતિમાં રહેવાના **ગઢડા પ્રથમના ૨૩માં વચનામૃત**માં ત્રણ અવસ્થા તથા ત્રણ દેહ તેથી પર અને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને તે સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે. તેવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા...એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો તેમને પરણ્યાનું મન થયું.

તો, **નારદજીને પરણવાનું મન કેમ અને કેવા સંજોગોમાં થયું ? તે વિગતઃ**

એકવાર નારદજી ભગવાન વિષ્ણુ પાસે પોતે કામને જીત્યાની વાતો કરતા હતા ત્યારે આવી અભિમાનભરી વાતો સાંભળીને પ્રભુને તેની પરીક્ષા કરવાનું અને તેના ગર્વનું ખંડન કરવાની ઈચ્છા થઈ. પછી તેમણે સો યોજનમાં એક માયાવી નગરી રચી. નારદજી ફરતા ફરતા ત્યાં ગયા. નગરની શોભા જોઈને ચકિત થઈ ગયા. રાજા શીલનિધિએ નારદજીને પોતાની પુત્રી વિશ્વમોહિનીનું ભવિષ્ય જોવા કહ્યું. નારદજી તેને જોઈને મોહ પામી ગયા અને તેને પરણવાનું મનોમન નક્કી કરી વિદાય થયા. આ બાજુ કન્યાનો સ્વયંવર આવ્યો એટલે નારદજી વિષ્ણુ પાસે જઈ પોતાને રૂપ આપવાની ઈચ્છા કરી. પ્રભુએ જોયું કે આને મોહ વ્યાપ્યો છે એટલે તેમણે કંઈક જુદું જ વિચાર્યું અને કહ્યું : તથાસ્તુ ! પોતાને પ્રભુના આશીર્વાદ મળ્યા છે અને પોતે ખૂબ રૂપાળા થઈ ગયા છે તે ખ્યાલે કન્યાના સ્વયંવરમાં આવીને બેઠા. પણ ખરેખર તો પ્રભુની ઈચ્છાથી નારદજીનું મોં વાનરનું થઈ ગયેલું. આ વાનર મુખવાળા મુરતિયાને જોઈ કન્યા ભાગી અને બ્રાહ્મણ વેષે રહેલા વિષ્ણુને વરમાળા પહેરાવી. નારદજી હાંસી થતા તેમણે પોતાનું મોં જળમાં જોયું તો ચમકી ગયા : આવું વાનરનું મોં ? આ બધુ વિષ્ણુએ કર્યું છે તેમ જાણી તેમના પર ગુસ્સે થયા અને તેમને શાપ આપ્યો કે, મને તમે પત્ની વગરનો રાખ્યો છે તો તમને પણ તમારી પત્નીનો વિયોગ થશે, તમારે બીજો જન્મ લેવો પડશે અને તમે જે સ્વરૂપની હાંસી કરી છે તે વાનરો જ તમને તે જન્મમાં મદદ કરશે. (૧)

આથી પ્રભુ વિષ્ણુનો બીજો જન્મ રામરૂપે થયો. સીતાનું હરણ થયું, તેમનો વિયોગ થયો અને સીતાજીને શોધવા માટે પ્રભુને વાનરોની મદદ લેવી પડી તે કથા પ્રચલિત છે.

અન્ય ગ્રંથમાં આવી કથા જરા જુદી રીતે છે તે જોઈએ :

...અને નિયમ મોળા પડે તો નારદ અને પર્વત ઋષિ જેવું થાય. અંબરીષ રાજાને પોતાની દીકરી પરણાવવી હતી તેથી તેમણે નારદ અને પર્વત ઋષિને કન્યાનું ભવિષ્ય જોવા તેનો હાથ દેખાડ્યો. પણ જ્યારે કન્યાનું મોં જોયું ત્યારે તેમાં મોહ પામી ગયા. બંનેને પરણવાનું મન થયું. કન્યાના સ્વયંવરમાં આવતા પહેલા બંને ભગવાન વિષ્ણુ પાસે ગયા અને કહ્યું કે, મને રૂપ આપો અને પર્વતઋષિનું મોં માંકડા જેવું કરજો. બંનેએ ભગવાનને આવી મનોમન પ્રાર્થના કરી. ભગવાનને બંનેએ તથાસ્તુ કહ્યું. બંનેનું રૂપ માંકડા જેવું થઈ ગયું. આવું રૂપ જોઈને કન્યા નાઠી. ભગવાન આવ્યા ને કન્યા તેને વરી. પછી શિવના ગણ કહે : ભૂદેવો ! તમારા રૂપ તો જુઓ ? જળમાં રૂપ જોતા માંકડાના દેખાયા. પછી બંનેએ ભગવાનને શ્રાપ દીધો કે, અમને સ્ત્રીનો વિયોગ કરાવ્યો છે, માટે તમારે પણ સ્ત્રીનો વિયોગ થાય. ભગવાને રામાવતાર ધાર્યો તેમાં સીતાજીનો વિયોગ થયો. પછી પંપા સરોવરને પાળે નારદને પ્રભુ મળ્યા ત્યારે નારદે કહ્યું કે, 'મારે વરવું હતું ને તમે કેમ વરવા ન દીધો ?' ત્યારે ભગવાન કહે, 'માતા જેમ બાળકની રક્ષા કરે તેમ હું મારા ભક્તની રક્ષા કરું છું. માટે હરણ ફડકો રાખવો પણ વિષયનો સંબંધ ન થવા દેવો. (૨)

હવે નારદજી વિષે વિસ્તૃતપણે જાણીએ :

પ્રાચીન ભારતીય પરંપરામાં ઉલ્લેખ પામતા દેવર્ષિ એ બ્રહ્માના માનસપુત્ર છે. નારદ દશ પ્રજાપતિઓમાંના એક છે. વિષ્ણુના પરમ ભક્ત તરીકે, દેવો મનુષ્યો વચ્ચે સંદેશવાહક તરીકે અને સમર્પિત વિશ્વ હિતચિંતક તરીકે, પૌરાણિક સાહિત્યમાં, નારદ ત્રિલોકમાં નિત્ય પ્રવાસી બન્યા છે.

નારદજી ભગવાનનું મન કહેવાયા છે. પ્રખર જ્ઞાની, બ્રહ્મવેત્તા, હાજર જવાબી, પરમ હિતચિંતક, પરમ ભગવદીય નારદજીનું વિચરણ હેતુપૂર્વકનું અને ભગવાનની ઈચ્છા મુજબનું છે. મસ્તક ઉપર ઊભી શિખા, હાથમાં વીણા અને હોઠે હૈયે ભગવન્નામ રટણ એ તેમના વ્યક્તિત્વના દૈવી પાસા છે. વિષ્ણુના પ્રીતિપાત્ર તો ખરા જ પણ તે સાથે ભગવાનના સખારૂપ પણ છે. જેથી પ્રભુ તેમને પોતાની ખાનગી વાત કહી તેમની સલાહ પણ લેતા. (૩)

મહાભારતમાં એક મહત્ત્વના ઋષિપાત્ર તરીકેનું તેમનું નિરૂપણ નોંધપાત્ર છે. ૩૦ લાખ શ્લોકવાળું મહાભારત નારદજીએ દેવોને સંભળાવ્યું. એવો ઉલ્લેખ આદિપર્વમાં છે. દક્ષપુત્રોને સાંખ્યનો અને ધૌમ્યમુનિને સૂર્યના અષ્ટોત્તર-શતનામનો ઉપદેશ આપ્યો. કામયક વનમાં પાંડવોને મળીને તેમને દુઃખમાં હિંમત આપી. ભીષ્મને પરશુરામ પર પ્રસ્થાપનાસ્ત્રનો પ્રયોગ કરતા તેમણે રોક્યા. શરશય્યા પર સૂતેલા ભીષ્મને દર્શન આપવા આવેલા ઋષિઓમાં નારદજી પણ હતા. રાજસૂય યજ્ઞમાં અવભૃથસ્નાન પ્રસંગે યુધિષ્ઠિરને અભિષેક તેમણે કરેલો. શુકદેવ જેવા મહાજ્ઞાનીને પણ તેમણે જ્ઞાન-વૈરાગ્યનો ઉપદેશ આપેલો. (૩)

૧૭ પુરાણો વગેરે શાસ્ત્ર રચના કર્યા બાદ જ્યારે વેદ વ્યાસજીને મનમાં યથાયોગ્ય શાંતિનો અનુભવ ન થયો ત્યારે ભગવાનના ચરિત્ર રૂપ ભાગવત ગ્રંથની રચના કરવાની પ્રેરણા વ્યાસજીને શ્રી નારદજીએ આપી. (૩)

નારદ પંચરાત્ર, નારદ સંહિતા, નારદ સ્મૃતિ, નારણ પુરાણ વગેરે મહાગ્રંથોની રચના સાથે આધ્યાત્મક જગતનું અજોડ નઝરાણા રૂપ નારદ ભક્તિ સૂત્રની ભેટ શ્રી નારદજીએ આપેલી છે. (૩)

નારદજીનો આશ્રમ પ્રથમ યમુના તટ ઉપર એક મઠમાં હતો. પછીથી તેઓ ત્રૈલોક્યમાં ફરતા રહ્યા. (૩)

એકવાર પોતે સ્વબળે ગાયનકળા શીખીને ભગવાન પાસે ગાયું. પણ તેથી વિષ્ણુ ભગવાન તેમની કલાથી પ્રસન્ન ન થયા. પછી શિવજીનું તપ કરી આશીર્વાદ મેળવી ગાયનકલા શીખ્યા છતાં પ્રભુ તેમના પર રાજી ન થયા. આમ, ૭ મન્વન્તર સુધી શીખ્યા છતાં પ્રભુ રાજી ન થયા. અંતે પોતાના સ્વબળનું માન મૂકી તુંબરૂ ઋષિ પાસે ગાયનકલા શીખ્યા અને પ્રભુ પાસે ગાયન કર્યું ત્યારે પ્રભુ તેમના પર રાજી થઈ પોતાના વસ્ત્ર અલંકાર આપી રાજી કર્યા. આ વાત **વચનામૃત ગઢડા પ્રથમના ૪થા પ્રકરણ**માં આવે છે. તેથી શ્રીહરિ કહે છે કે, ઈર્ષા કરવી તો નારદજીના જેવી કરવી. સામેવાળાના ગુણ ગ્રહણ કરવા અને પોતાનું માન મુકવું.

નારદજીએ અનેકને વિદ્યાજ્ઞાન આપ્યું હતું. તેમને ૬૦ હજાર બ્રાહ્મણ શિષ્યો હતા. તેમણે નારદ પંચરાત્ર જેવા ઈશ્વરજ્ઞાન સંબંધી ઉત્તમ ગ્રંથની રચના કરી, ધર્મશાસ્ત્ર, સ્મૃતિ, તીર્થસ્થળ, ગાયન કલા ઉપર ગ્રંથો રચ્યા. યુધિષ્ઠિરને નીતિનું જ્ઞાન આપ્યું જે નારદ નીતિ તરીકે પ્રસિદ્ધ છે. (૩)

તેઓ અન્યને સમજાવવામાં પ્રવીણ હતા. લક્ષ્મીજીને વિષ્ણુ સાથે પરણાવવામાં તેમની ભૂમિકા મુખ્ય રહી છે. જાલંધર દૈત્ય જે દેવ અને મનુષ્યોને

ખૂબ દુઃખ આપતો તે રાક્ષસને મરાવનાર તથા કૃષ્ણ મથુરામાં વસુદેવને ત્યાં અવતરશે એવી આગાહીને સત્ય કહેનાર અને કંસને વધુ પાપ કરવા પ્રેરનાર નારદજી જ હતા. અંતે કંસના પાપનો ઘડો ભરાઈ જતા તેનો કૃષ્ણ દ્વારા સંહાર થયો આ બધામાં નારદજીની ભૂમિકા મુખ્ય હતી. (૩)

નારદજી સ્વયં વેદવ્યાસને પોતાની જન્મકથા કહે છે કે, પોતે દાસીપુત્ર હતા. તેમના ઘરે ચાતુર્માસમાં ઋષિઓ આવતા. નારદજી તેમની ભાવથી સેવા કરતા. સંતોના હાથની પ્રસાદી તેઓ જમતા. તેથી તેમની રુચિ હરિગુણ ગાવામાં તત્પર બની. મહાત્માઓની આજ્ઞા પ્રમાણે જપ-તપ-ધ્યાન કરતા તેમનાથી તેમને દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ. કાળાંતરે માતાનું મૃત્યુ થતા ગૃહત્યાગ કરી પ્રભુ મેળવવા વિચરણ કરતા રહ્યા. તેવામાં પીપળાના વૃક્ષ નીચે ધ્યાન કરતા પ્રભુનું દર્શન થયું. પ્રભુ કૃપાથી તેમને પૂર્વજન્મનું જ્ઞાન હતું. પ્રભુએ તેમને ભક્તિના આશીર્વાદ આપી વીણા ભેટ આપી. આ વીણા સાથે નારદજી પ્રભુ ભજન કરતા લોકાંતરમાં ફરી પ્રભુના ગુણ ગાયા. (૩)

સંક્ષિપ્તમાં કહીએ તો, નારદજી પોતે ઋષિ હતા. તેમને અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખી બ્રહ્મચર્ય વ્રત પાળવાનું હોવા છતાં નિયમનો ભંગ કરી મોહવશ થઈ અમરીશ રાજાની પુત્રીનું ભવિષ્ય જોવા તેનો હાથ જોયો તેમાં પોતે મોહવશ થઈ ગયા અને રાજાની પુત્રીને પરણવાનું મન થયું. માટે શ્રીહરિએ **ગઢડા પ્રથમના ૨૩માં વચનામૃત**માં કહે છે કે, નારદજી એવી સ્થિતિમાં ન્હોતા વર્તતા તો તેમને પરણવાનું મન થયું. માટે ભક્તોએ સ્વધર્મમાં સારધાર રહેવું.

શ્રીહરિએ અલગ-અલગ **વચનામૃતમાં ૫૯ વાર** નારદજીનો અલગ-અલગ દૃષ્ટિકોણથી ઉલ્લેખ કર્યો છે.

★ **પાદટીપ :**

(૧) **શ્રીરામ ચરિત માનસ :** ગીતા પ્રેસ, ગોરખપુર. હનુમાન પ્રસાદ પોદાર. બાલ કાંડ, દોહા : ૧૨૯થી ૧૩૭, પાના નં. ૧૧૭થી ૧૨૩-સારાંશ

(૨) **ઉપદેશામૃત :** સ્વામિનારાયણ ગુરુકુલ પ્રકાશન, રાજકોટ. વર્ષ-૧૯૯૬, પાના નં. ૯૦થી ૯૧

(૩) **ગુજરાતી વિશ્વકોશ :** ભાગ-૧૦, પાના નં. ૧૦૯

●

૨૪. બળદેવજી

બળદેવજી શ્રી કૃષ્ણના મોટા ભાઈ હતા. તેઓ મહા બળવાન હતા. કૌરવો તથા પાંડવોને તેમણે ગદાયુદ્ધ શીખવેલ. તેમના પિતા વસુદેવ અને પાલક માતા રોહિણી હતા. બળદેવજીના જીવન વિશે જાણીએ.

બળદેવજીના પ્રાગટ્યની કથા :

દ્વાપરના અંતે પૃથ્વી ઉપર દૈત્યો રાજારૂપ થઈને અત્યાચાર કરવા લાગ્યા. તે સમયે પૃથ્વી માતા ગાયનું રૂપ ધારણ કરી બ્રહ્માજી પાસે ગયા અને પૃથ્વીનો ભાર હળવો કરવા પ્રાર્થના કરી. ત્યારે બ્રહ્માજી, મહાદેવ વગેરે દેવતાઓ સાથે ભગવાન પાસે પહોંચ્યા અને પૃથ્વીના ભારનું વૃત્તાંત કહ્યું. ત્યારે ભગવાને સહસ્ર મુખવાળા ભગવાન અનંતને કહ્યું કે, તમે પહેલા વસુદેવની પત્ની દેવકીના ગર્ભમાં જઈ પછી રોહિણીના ઉદરથી બળદેવરૂપે પ્રગટ થજો અને હું દેવકીના પુત્રરૂપે પ્રગટ થઈશ. (૧)

આવો આદેશ સાંભળી તેઓ જવા માટે તૈયાર થયા ત્યારે શત્રુની સેનાનો નાશ કરનારું હળ, મુશળ અને બ્રહ્મમય કવચ હાજર થઈ ગયા. તે સમયે સભામાં શેષજી પધાર્યા અને શ્રીવિગ્રહમાં વિલીન થઈ ગયા. પછી ભગવાનને સર્વેમુક્તો, વ્યાસજી, શંકરજીને કહ્યું કે, હું ભારતવર્ષના યદુકુળમાં અવતાર લઈશ. પછી નાગકન્યાઓને કહ્યું કે, તમે તપસ્યા બાદ ગોપોના ઘરે ગોપીરૂપે જન્મ ધરશો અને રાસોત્સવ કરીને તમારો મનોરથ હું પૂરો કરીશ. ત્યારબાદ નિવાત રાજા કલિની પ્રાર્થના સાંભળી તેમને કહ્યું કે, તમે કૌરવકુળમાં ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન રૂપે જન્મ લેશો તે સમયે હું તમને ગદાયુદ્ધ શીખવીશ. (૧)

ત્યારબાદ બળદેવજી દેવકીજીના ઉદરમાં પોષાયા. જે દેવકીજીનો સાતમો ગર્ભ હતા. પ્રભુએ યોગમાયાથી દેવકીજીનો આ ગર્ભ વસુદેવના બીજા પત્ની રોહિણીના ગર્ભમાં સ્થાપિત કર્યો અને રોહિણીના ગર્ભને દેવકીજીમાં મૂક્યો. જે

ગર્ભ જેલમાં સ્ત્રવી ગયો. (૨)

કંસના વધ બાદ શ્રીકૃષ્ણ અને બળદેવજી મા-બાપને જેલમાંથી છોડાવે છે અને કહે છે કે, કમનસીબે અમને આપની સેવાનું સૌભાગ્ય સાંપડ્યું નથી, અમારા દિવસો વ્યર્થ ગયા. (૧)

બળદેવજીના પરાક્રમો :

બળદેવજી અને શ્રીકૃષ્ણ ગોકુળમાં બાલસ્વરૂપે હતા ત્યારે ગોપબાળકો સાથે રમતો રમતા હતા. તે દરમ્યાન કંસે પ્રલંબાસુર નામના રાક્ષસને મોકલ્યો. રાક્ષસ બળદેવને મારી નાખવા માટે બાળક બનીને બધાની સાથે ભેગો ભળી રમત રમવા માંડ્યો. રમતમાં જે હારે તેણે જીતેલા બાળકને ખભે બેસાડી સામા કાંઠે લઈ જવાનો ઠરાવ હતો. તે સમયે તે રાક્ષસ જાણી જોઈને રમતમાં હાર્યો અને બળદેવજીને ખભે બેસાડીને દોડવા માંડ્યો. પણ દોડતા દોડતા તે આકાશમાર્ગે જવા માંડ્યો. આ જોઈ બળદેવજી ગભરાયા અને ચિંતામાં પડી ગયા. રાક્ષસનો વિચાર બળદેવજીને આકાશમાં લઈ જઈ ત્યાંથી નીચે ફેંકી મારી નાખવાનો હતો. તે સમયે આકાશવાણી થઈ કે, બળદેવજી તમે શક્તિશાળી છો. તમારામાં અપાર બળ છે. તમે રાક્ષસને મારી શકશો. આવું સાંભળવાથી બળદેવજીમાં શક્તિનો સંચાર થયો કેમકે તેઓ તો શેષજીનો અવતાર હતા અને તેમણે મુષ્ટિકાના પ્રહારથી રાક્ષસને મારી નાખ્યો. (૧) આ પ્રલંબાસુર પૂર્વે હુહુ ગંધર્વનો પુત્ર વિજય હતો. તેણે કુબેર ભંડારીના બગીચામાંથી પુષ્પો તોડ્યા તેથી કુબેરે તેને અસુર થવાનો શ્રાપ આપ્યો હતો. (૫)

બળદેવ અને શ્રીકૃષ્ણ સાંદિપની ઋષિના આશ્રમમાં રહી ૬૪ દિવસમાં ૬૪ કળાઓ શીખ્યા. ગુરુની શિષ્ય ભાવે સેવા કરી તેમને પ્રસન્ન કર્યા. બંને અનંત પરાક્રમી હતા. ગુરુએ ગુરુદક્ષિણામાં પોતાના મૃત પુત્રને જીવતો લાવવાની દક્ષિણા માંગતા શ્રીકૃષ્ણ સમુદ્રમાં પડી પંચજન્ય અસુરને મારી તેના શરીરના શંખને લઈ યમરાજાની નગરીમાં જઈ ગુરુપુત્રને જીવંત લઈ આવ્યા અને ગુરુને સોંપ્યો. (૨)

શ્રીકૃષ્ણે જે જે પરાક્રમો કર્યા તેમાં બળદેવજી સાથે હતા, પરંતુ ધેનુકાસુરને બળદેવજીએ એકલા હાથે માર્યો હતો. (૩)

બંને ભાઈઓએ મથુરા જઈ મામા કંસનો નાશ કરી ગોકુલની પ્રજા અને

યાદવોને ભયમુક્ત અને સુરક્ષિત કર્યા. તેમની કૃપાથી પ્રજાને કોઈ દુઃખ ન હતું.

રૈવત પર્વત ઉપર દ્વિવિદ નામનો મહાશક્તિશાળી અને ઉપદ્રવી વાનર રહેતો હતો. બળદેવજીએ તેનો વધ કરી લોકોને ભયમુક્ત કર્યા. (૧)

બળદેવજીએ ગોકુળમાં જે જે પરાક્રમ લીલા કરી છે તે પૈકી પોતે ધેનુકાસુરનો વધ કરે છે તે કથા જોઈએ.

એકવાર ગોકુળના તાલવનમાં શ્રીકૃષ્ણ, બલરામ તથા સર્વે બાળગોપાળો તાલફળો ખાવા માટે ગયા. આ તાલ વૃક્ષોની રક્ષા માટે એક અસુર ગધેડાનું રૂપ ધરી ત્યાં રહેતો હતો. તેનું નામ ધેનુક હતું. તેનામાં કરોડો સિંહો સમાન બળ હતું. બાળકો ત્યાં જઈ તાલફળો તોડવા લાગ્યા ત્યાં ધેનુકાસુર ભયંકર ગર્જના કરતો ત્યાં આવ્યો અને બાળકોને મારવા ગયો ત્યારે બળદેવજીએ શ્રીકૃષ્ણને કહ્યું કે, તમે બાળકોને લઈને અન્ય સલામત સ્થળે જતા રહો. પછી બળદેવજીએ ધેનુકાસુર સાથે યુદ્ધ કરી તેને મારી નાખ્યો.

આ ધેનુકાસુર તે પૂર્વે દાનવરાજ વિરોચનપુત્ર બલિનો પુત્ર સાહસિક નામે હતો. એકવાર તે દશ હજાર સ્ત્રીઓની સાથે ગંધમાદન પર્વતમાં રમણ કરતો હતો. તે સમયે તેમના વાંજિત્ર અને ઝાંઝરોના મોટા અવાજો થતા હતા. તે સમયે ગંધમાદનની ગુફામાં ધ્યાનમાં બેઠેલા દુર્વાસામુનિને ખલેલ પહોંચી અને ક્રોધમાં આવી સાહસિકને શ્રાપ આપ્યો કે તું નિર્લજ છે માટે ગધેડો થા. આ શ્રાપ સાંભળી સાહસિક શરમાઈને ઋષિના પગમાં પડ્યો અને ક્ષમા માંગી ત્યારે ઋષિએ તેના ઉપર અનુગ્રહ કર્યો કે, ચાર લાખ વર્ષ વીત્યે ભરતખંડમાં મથુરા મંડળમાં તાલવનમાં બળદેવજીના હાથે તારી મુક્તિ થશે. આમ બલરામના હાથે તેની મુક્તિ થઈ. તેથી શ્રીકૃષ્ણે અસુરને માર્યો નહીં. પ્રહલાદને પણ પ્રભુએ વર આપેલ જે 'તારા વંશને મારે મારવો નહીં.' (૫)

આમ, બળદેવજીના હાથે ધેનુકાસુર મરાયો.

અનિરુદ્ધના વિવાહમાં રુકમીએ બલરામજીને પાસાની રમતમાં બોલાવ્યા. બલરામ તે રમતના અભ્યાસી ન હતા. પરંતુ તેના વ્યસની હતા તેથી શોખથી આવ્યા. એકાદવાર રુકમી દાવમાં જીતી ગયો અને દાઉજી હારી જતા તે મોટે મોટેથી હસી દાઉજીની હાંસી ઉડાવવા લાગ્યો. વળી, રમતમાં દાઉજી જીતતા હોવા છતાં કપટ કરી પોતે જીત્યો છે તેવું વારંવાર કહેતા દાઉજી તેના પર ગુસ્સે

થયા અને રુકમીને મુશળના પ્રહારથી મારી નાખ્યો. (૧)

પ્રદ્યુમ્નજી દિગ્વિજય કરવા નીકળ્યા હતા. તે સમયે રસ્તામાં ગંધર્વરાજ ઉદ્ભટ એ પ્રદ્યુમ્ન સાથે યુદ્ધ કરવા પોતાની વિશાળ સેના લઈને આવ્યો. તે સમયે અચાનક બલદેવજી આકાશમાંથી તેજસ્વી રથ સાથે પ્રગટ થયા અને પોતાના હળ અને મુશળથી ગંધર્વની સેનાનો નાશ કરવા માંડ્યા. આ જોઈ ગંધર્વ રાજા બલરામજીના શરણે આવી તેમની ક્ષમા માંગી. (૨) ત્યારે બલદેવજી શાંત થયા અને સંહાર અટક્યો.

બળદેવજીના આશીર્વાદથી નાગકન્યાઓ ગોપીઓ બની અને બળદેવ ચૈત્રી પૂર્ણિમાને દિવસે તેમની સાથે રાસ રમ્યા. ક્રીડા બાદ તેમના મુખ ઉપર પસીનાના બુંદ દેખાવા માંડ્યા. આથી તેમણે જલક્રીડા કરવાનો વિચાર કર્યો. તેથી યમુનાને પોતાની પાસે આવવા બોલાવી. પણ યમુના ન આવી. આથી બળદેવજી ગુસ્સે થયા અને પોતાના હળથી યમુનાને પોતા પાસે ખેંચી. બાદ યમુનાએ પોતાની ભૂલ બદલ તેમની માફી માગી. ત્યારથી યમુનાનું વહેણ વાંકુ થઈ ગયું છે અને નદી વાંકા-ચૂંકા માર્ગથી આગળ વધે છે. (૨)

આ વાત દુર્યોધનના પૂછવાથી પ્રાંવિપાક મુનિ કહે છે.

યમુનાનું વહેણ જે બળદેવજીનાં હળના ખેંચવાથી વાંકુ થઈ ગયું તે બાબતે વિચારકોનો એવો મત છે કે, યમુનાનું વાંકુ વહેણ તે બળદેવની દીર્ઘદષ્ટિ હતી કે આ વાંકા વહેણથી ભવિષ્યમાં નહેર દ્વારા ખેતી થશે અને સમગ્ર વિસ્તાર પાકથી છવાઈ જશે. આજે તે વહેણથી સિંચાઈ થાય છે. (૩)

ભીમ દ્વારા દુર્યોધનના વધ બાદ બલરામજી ગુસ્સે થઈ ગયા કેમકે દુર્યોધન તેનો શિષ્ય હતો અને ગદાયુદ્ધ તેમણે શીખવેલું. આથી તેઓ ગુસ્સે થઈ બોલવા લાગ્યા કે, ભીમે અધર્મથી અને ગદાયુદ્ધના નિયમ વિરુદ્ધ જઈ તેની જાંઘ ઉપર ગદા મારી છે એમ કહી પોતે ગદા લઈ ભીમ તરફ ધસે છે. આ સમયે શ્રીકૃષ્ણ તેમને પકડી શાંત પાડતા કહે છે કે, પાંડવો આપણા સગા અને મિત્રતુલ્ય છે. તેઓ વિશુદ્ધ પુરુષાર્થ કરવાવાળા છે. કૌરવોએ તેમની સાથે કપટપૂર્ણ વ્યવહાર કરી તેમને ખૂબ કષ્ટ આપ્યું છે. દુર્યોધન જ્યારે ભરસભામાં રજસ્વલા દ્રૌપદીને ખેંચી લાવી તેને નગ્ન કરી પોતાની જાંઘ ઉપર બેસાડવાનો આદેશ કરે છે ત્યારે ભીમે ગુસ્સે થઈને પ્રતિજ્ઞા લીધેલ કે, તારી જાંઘ ઉપર મારી ગદા બેસશે તથા

તારા લોહીથી હું દ્રૌપદીનો ચોટલો ગુંથીશ. આથી તે પ્રતિજ્ઞા પૂરી કરવી તે શત્રુનો ધર્મ છે. વળી મૈત્રેય ઋષિએ પણ દુર્યોધનને શ્રાપ દીધેલ કે, ભીમ ગદાથી તારી જાંઘ તોડશે. તેથી ભીમના કૃત્યમાં કોઈ દોષ નથી માટે પાંડવોને તેના વેર અને પ્રતિજ્ઞાના ઋણથી મુક્ત થવા દો. ત્યારબાદ બળદેવજી શાંત થયા. (૪)

મહાભારતના યુદ્ધ સમયે બલદેવજી નક્કી ન કરી શક્યા કે, પોતાને કોના પક્ષમાં રહીને લડવું ? આથી તેઓ યાત્રા કરવા જતા રહ્યા. યાત્રા દરમ્યાન જંગલમાં ઋષિઓ યજ્ઞ કરતા હતા તે યજ્ઞમાં બલ્લવ નામનો રાક્ષસ મળ-મૂત્ર નાખી યજ્ઞને દૂષિત કરતો જોઈ બળદેવે તે રાક્ષસનો વધ કર્યો. બાદ નૈમિષારણ્ય ગયા. ત્યાં મુનિઓએ યજ્ઞમૂર્તિ બળરામની પૂજા કરી, પોતે અવભૃથ સ્નાન કર્યું. (૧)

યાદવ પુત્રોએ એકવાર શ્રીકૃષ્ણના પુત્ર સાંબને ઋષિઓની મશ્કરી કરવા ગર્ભવતી સ્ત્રીનો વેશ પહેરાવી ઋષિ પાસે મોકલ્યો અને પૂછાવ્યું કે, આ સ્ત્રી ગર્ભવતી છે તો તેને બાળક આવશે કે બાળકી ? ઋષિઓએ જ્ઞાનથી જાણ્યું કે, આ તો અમારી મશ્કરી કરે છે. તેથી ઋષિઓ રોષે ભરાયા અને કહ્યું કે, આમાં આવનાર તે તમારા યાદવકુળનો નાશ કરશે. ખરેખર તે સ્ત્રીરૂપી સાંબના પાલવ નીચે સાંગ (લોખંડનો ટુકડો) રાખીને ગર્ભવતી સ્ત્રી જેવો વેશ કઢાવેલ. તેથી યાદવોએ તે સાંગને પથ્થર પર ઘસી નાખી અને તેનો ટુકડો વધ્યો તે દરીયામાં ફેંકી દીધો. પરંતુ તે સાંગની રજ દરિયામાં પડતા તેમાંથી અણીદાર ઘાસ ઊગી ગયું. તે દરમ્યાન શ્રીકૃષ્ણને આ વાતની ખબર પડતા બધા પ્રભાસ પાટણની યાત્રાએ ગયા. (૧) ત્યાં બધા યાદવો મરાયા.

શ્રીકૃષ્ણને ખબર હતી કે, આ બધાની અંતિમ યાત્રા છે. વળી, તેનો અણસાર બળદેવને પણ હતો તેથી પોતે યોગધારણા કરી પોતાનો દેહ મૂકી દીધો અને શ્રીકૃષ્ણ પહેલા ધામમાં ગયા. (૧)

શ્રીહરિએ બળદેવજીનો વચનામૃતમાં ઉલ્લેખ કરેલ છે :

વચનામૃત કારિયાણીનું ૯મું :

...અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાને બળદેવજી આગળ અતિ મોટા ભાગ્યશાળી કહ્યા છે...

● વચનામૃત ગઢડા પ્રથમનું ૫૯મું :

... પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જો એ આવો ભગવાનનો મહિમા જાણે છે તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે. પણ એ જાણતો નથી. જેમ પ્રલંબાસુર બળદેવને લઈ ચાલ્યો ત્યારે પોતામાં બળ તો અપાર હતું, પણ પોતે જાણતા ન હતા, પછી જ્યારે આકાશવાણીએ કહ્યું ત્યારે જાણ્યું. તેવી રીતે ભક્તને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ તો છે પણ જણાતી નથી.

★ પાદ ટીપ :

(૧) **श्री गर्ग संहिता, श्रीकृष्ण कथामृत :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૩૮૮-૩૮૯

(૨) **શ્રીમદ્ ભાગવત** : દશમ સ્કંધ - સારાંશ : ગીતા પ્રેસ, ગોરખપુર

(૩) **શ્રીમદ્ ભાગવત સુધા** : રમેશભાઈ ઓઝા કૃત સત્ સાહિત્ય પ્રકાશન, પોરબંદર, વર્ષ-૨૦૧૧. પાના નં. ૭૦૭

(૪) **संक्षिप्त महाभारत :** *शल्य पर्व : द्वितीय खंड :* પાના નં. ૧૫૦થી ૧૫૧. ગીતા પ્રેસ, ગોરખપુર

(૫) **સ્વામિનારાયણ સંહિતાઃ** શા. દેવચરણદાસજી સ્વામી. મૂળી. વર્ષ-૧૯૯૧, પાના નં. ૨૫૮ તથા એજન - પાના નં. ૨૪૯

●

૨૫. શ્રી લક્ષ્મીજી

લક્ષ્મીજી વિષે જાણીએ :

પૂર્વે સત્યયુગમાં લક્ષ્મીજીએ જે ક્ષેત્રમાં હજારો વર્ષ સુધી તપ કરી પ્રભુને રાજી કર્યા હતા તે વડતાલ ધામમાં શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવ પધરાવી પોતાના આશ્રિતોની મનોકામના તે દ્વારા પૂર્ણ કરાવી છે.

લક્ષ્મીજીના ઘણાં નામ છે. જેમકે : કમલા, સિંધુજા, માયા, ઈન્દિરા, જલધિજા, ચંચલા, લોલા, હરિપ્રિયા, લોકમાતા, શ્રી, ધરણી, સીતા, રુક્મિણી, સુતા, ચપલા, વિષ્ણુવલ્લભા વગેરે. લક્ષ્મી શબ્દ પ્રથમ ઋગ્વેદમાં વપરાયો. તૈતરીય સંહિતામાં લક્ષ્મી અને શ્રી બંને આદિત્યની પત્ની હોવાનું જણાવેલ છે. તે કમળના આસન ઉપર બિરાજમાન પ્રકાશમાન દેવી છે. તેની ઉત્પત્તિ, દેવ તથા દાનવોએ સમુદ્રમંથન કર્યું તેમાંથી છે. એટલે સમુદ્ર તેના પિતા તથા વિષ્ણુ તેના સ્વામી છે. આખા હિંદમાં સૌંદર્ય, સંપત્તિ અને ભાગ્યદેવી તરીકે તે પૂજાય છે. વિષ્ણુ જે સ્વરૂપ લે છે, લક્ષ્મીજી તેને અનુકૂળ રૂપ ધારણ કરે છે. દેવોએ લક્ષ્મીજીના અમુક અમુક ગુણો લીધા છે તે સ્વભાવે ચંચળ અને ધર્મના નમૂનારૂપ છે. કામદેવ તેના પુત્ર છે. દિવાળીમાં લોકો તેનું પૂજન કરે છે. સ્વર્ગની સૌથી પહેલી શાસ્ત્રીય નર્તકી લક્ષ્મી ગણાય છે. તેમણે એવી દિવ્ય છટાથી નૃત્ય કર્યું કે ઈન્દ્ર રાજાની આખી સભાએ તેની પ્રશંસા કરી અને ત્યારથી તેને સ્વર્ગની અપ્સરાઓની અધિષ્ઠાત્રીનું પદ પ્રાપ્ત થયું. (૧)

દેવીઓની જેટલી કાંઈ શક્તિઓ ગણાય છે તે બધાનું મૂળ લક્ષ્મીજી ગણાય છે. લક્ષ્મીની અભિવ્યક્તિ બે રૂપમાં જોવા મળે છે : શ્રી રૂપમાં અને લક્ષ્મી રૂપમાં. તે બે હોવા છતાં એક છે અને એક હોવા છતાં બે સ્વરૂપમાં છે. બંને રૂપથી ભગવાનની પત્ની છે. એક તો સચ્ચિદાનંદમયી લક્ષ્મી જે નારાયણથી અભિન્ન છે. સદાય એના વક્ષઃસ્થળમાં નિવાસ કરીને રહે છે અને બીજા સ્વરૂપે ભૌતિક

સંપત્તિમાં રહે છે. (૧)

એકવાર તેમણે ભૃગુની પુત્રી સ્વરૂપમાં અવતાર લીધો હતો તેથી તેમને ભાર્ગવી પણ કહે છે. (૧)

સમુદ્રમંથન સમયે તે પ્રગટ થયા હતા તેથી તેમને ક્ષીરોદતનયા પણ કહે છે. (૧)

લક્ષ્મીજીના જન્મની એક બીજી પણ કથા છે :

દુર્વાસામુનિ પૃથ્વી પર વિચરણ કરતા હતા તે સમયે એક વિદ્યાધર કન્યા હાથમાં દૈવીફૂલોની માળા લઈને ઊભી હતી. દુર્વાસામુનિએ આની માંગણી કરતા કન્યાએ તે માળા દુર્વાસાને આપી. મુનિએ તે માળા મસ્તક ઉપર રાખી. એટલામાં ઈન્દ્રરાજા ઐરાવત હાથીની સવારી કરીને નીકળ્યો. આથી મુનિએ તે માળા ઈન્દ્ર ઉપર ફેંકી. ઈન્દ્રે તે માળાનું સન્માન કરવાને બદલે તેને ઐરાવત હાથીના મસ્તક ઉપર રાખી, પરંતુ માળાની તીવ્ર ગંધથી હાથીએ માળા માથા ઉપરથી લઈને જમીન ઉપર ફેંકી દીધી. તેથી મુનિ ખીજાયા અને શાપ આપ્યો કે તેં અભિમાનમાં આવી મારું તથા માળાનું અપમાન કર્યું છે. આથી તારી સંપત્તિ નાશ પામશે. આથી ઈન્દ્ર નિર્ધન થઈ ગયો. મુનિને ઘણાં વીનવ્યા પણ ન માન્યા. તેથી ઈન્દ્ર વિષ્ણુ પાસે ગયા અને પોતે લક્ષ્મીહીન થઈ ગયા તેની વાત કરી. તે દરમ્યાન દાનવોએ ઈન્દ્ર ઉપર ચડાઈ કરીને તેમને જીતી લીધા.

ભગવાન વિષ્ણુએ લક્ષ્મી પાછા મેળવવા માટે સમુદ્રમંથન કરવાની સલાહ આપી. આથી દાનવો સાથે મળીને સમુદ્રમંથન કરતા અનેક દિવ્ય વસ્તુઓ પ્રાપ્ત થઈ. તેમાં કમળ ઉપર વિરાજમાન લક્ષ્મીજી પ્રગટ થયા. દેવતાઓએ શ્રીસુક્ત દ્વારા તેમનું અભિવાદન કર્યું અને લક્ષ્મીજીએ વિષ્ણુને વરમાળા પહેરાવી.

જ્યાં ધર્મ અને સદાચાર છે. ત્યાં સદાય લક્ષ્મીનો વાસ રહે છે. જ્યાં ગાય અને બ્રાહ્મણોની પૂજા થાય છે, જ્યાં સેવા પરાયણ જીવન જીવતા લોકો રહે છે ત્યાં લક્ષ્મીજીનો નિવાસ છે. (૨)

શ્રીહરિએ વચનામૃતમાં લક્ષ્મીજીનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે, જે જાણીએ:

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૫૬મું :

...અને ગોલોકાદિક જે ધામ છે તેને વિષે તો રાધિકા, લક્ષ્મી આદિક જે પોતાના ભક્ત છે. તેમણે નિરંતર સેવ્યા એવા એ ભગવાન છે.

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું પ્રકરણ :**

...અને જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, લક્ષ્મીજી, પાર્વતી એવી છે અને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી.

★ **વચનામૃત સારંગપુરનું બીજું :**

અને વળી એમ કહેવું જે, જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ... પછી લક્ષ્મી કે રાધિકા જેવો ભક્ત થવા ઇચ્છીશ તો તેવો થઈશ.

★ **વચનામૃત કારિયાણીનું ૧૦મું :**

....અને રાધિકાજી તથા લક્ષ્મીજી તેની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભજવા એ અમારો સિદ્ધાંત છે.

★ **વચનામૃત લોયાનું ૧૮મું :**

...ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ ધામનાં જે ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદ તેણે સહિત એ ભગવાન છે અને એમની સેવાના કરતલ તો રાધિકા, લક્ષ્મી આદિક છે.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૩જું :**

....કાં જે રસિકપણે કરીને જ્યારે ભગવાનનું વર્ણન કરે ત્યારે ભગવાન ભેળુ રાધિકાજી તથા લક્ષ્મીજી તથા તેની સખીઓનું પણ વર્ણન આવે.

...અને રાધિકાજી, લક્ષ્મીજી તેના જેવું ત્રિલોકીમાં કોઈ સ્ત્રીનું રૂપ હોય નહિ...

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૧૦મું :**

હવે ભક્તિની રીત તો એમ છે જે, જ્યારે સમુદ્ર મંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યા. પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, વરવા યોગ્ય કોણ છે ? .... પછી સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિષે દૃઢભક્તિ થઈ.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૧૯મું :**

....અને આ અમારી આજ્ઞાને જે માનશે તેને શ્રીકૃષ્ણનારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે.

★ **વડતાલનું બીજું વચનામૃત :**

...તથા વૈકુંઠલોકને વિષે તે જ ભગવાન ચતુર્ભૂજ મૂર્તિ થકા લક્ષ્મીજીએ

સહિત છે.

★ **વચનામૃત વડતાલનું ૧૮મું :**

...ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે તે દ્વિભુજ છે ને કોટિ કોટિ સૂર્ય સરખા પ્રકાશમાન છે ને શ્યામસુંદર છે ને રાધિકાજી ને લક્ષ્મીજીએ સહિત છે.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૩૩મું :**

...જેમ લક્ષ્મીજી છે તે વાસુદેવ ભગવાનના હૃદયને વિષે ચિહ્નરૂપે સ્નેહના આધિક્યપણે કરીને રહ્યા છે અને બહાર થકી સ્ત્રીરૂપે કરીને સેવામાં પણ રહ્યા છે.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૩૯મું :**

...અને વળી એ ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવાં એવાં મોટાં છે તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે.

★ **પાદટીપ :**

(૧) **कल्याण,** સામયિક **नारी अंक :** લક્ષ્મી પાના નં. ૩૬૬

(૨) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૮ પાના નં. ૭૭૦૭

●

૨૬. વાસુદેવ ભગવાન

વાસુદેવ ભગવાન વિષે જાણીએ

વાસુદેવ તે શ્વેતદ્વીપના પતિ છે. વાસુદેવ નિર્ગુણ સ્વરૂપ છે અને સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ત્રણ સગુણ અવતાર છે. સંકર્ષણ પ્રલયના દેવતા છે. પ્રદ્યુમ્ન સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે અને અનિરુદ્ધ સૃષ્ટિનું પોષણ કરે છે.

શ્રીહરિ પરથારાના વચનામૃતમાં સ્વયં કહે છે કે, એવું જે એ અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાન જે તે સદાય વિરાજમાન છે, તે કેવા છે ? તો જેને પુરુષોત્તમ કહે છે, વાસુદેવ કહે છે, નારાયણ કહે છે, પરમાત્મા કહે છે. બ્રહ્મ કહે છે, પરબ્રહ્મ કહે છે, ઈશ્વર કહે છે, પરમેશ્વર કહે છે. વિષ્ણુ કહે છે. તે કેવા છે ? તો ક્ષર-અક્ષર થકી પર છે. સર્વજ્ઞ છે સર્વ કર્તા છે. સર્વના નિયંતા છે. સર્વના અંતર્યામી છે. સર્વ કારણના કારણ છે. નિર્ગુણ છે. સ્વયંપ્રકાશ છે અને બ્રહ્મરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમને ઉપાસના કરવા યોગ્ય છે અને અનંતકોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તે રૂપ છે અને પ્રકૃતિ પુરુષ, કાળ, પ્રધાન પુરુષ ને મહત્ત્વાદિક એ જે પોતાની શક્તિઓ તેના પ્રેરક છે અને અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે.

વાસુદેવ માહાત્મ્ય નામના ગ્રંથના ૧૮મા અધ્યાયનાં ૧૦મા શ્લોકમાં કહે છે કે, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ સહિત મારા સ્વરૂપોએ કરીને વાસુદેવ દેવમૂર્તિ એવો હું, અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરું છું. જગતકર્તાપણે શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા જે છે તે મારા થકી જુદા નથી પણ હું જ છું.

વિષ્ણુના હજાર નામોમાંહેનું એક નામ તે વાસુદેવ. બધા પ્રાણીઓ તેમનામાં વસે છે તથા બધા પ્રાણીઓમાં તે વસે છે. તેથી વિષ્ણુ ભગવાન વાસુદેવ કહેવાય છે. (૧)

શ્રીહરિને વાસુદેવ માહાત્મ્યનો ગ્રંથ ખૂબ પ્રિય હતો. તેની કથા તેઓ ઘણી વાર કરાવતા. શ્રીજીએ પણ આ ગ્રંથ વાંચવાની સૌને આજ્ઞા કરી છે. કેમકે આ ગ્રંથમાં ભગવાનના પ્રગટપણાની અને પુરુષોત્તમપણાની વાતો કરેલી છે.

વચનામૃતમાં શ્રીહરિએ વાસુદેવ ભગવાનનો અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છે:

★ **ગઢડા પ્રથમનું પરમું વચનામૃત :**

...એક જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ છે તે જ વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહરૂપે થાય છે.

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૬મું :**

...શ્રીમદ્ ભાગવતને વિષે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહની વાર્તા છે.

ગઢડા પ્રથમના ૭૮માં ઉપરોક્ત એ જ વાર્તા શ્રીહરિ કહે છે.

★ **કારિયાણીનું ૧લું વચનામૃત :**

તે જીવ કેવો છે ? ...અને ચિત્તના ચિંતવનને જાણે છે અને તે ચિત્તના ચિંતવનની વિગતિ કરનારા જે વાસુદેવ તેને પણ જાણે છે.

★ **વચનામૃત : લોયાનું ૭મું :**

....જેમ શ્વેતદ્વીપવાસી જે નિરન્નમુક્ત છે તે બ્રહ્મરૂપ થકા ચંદનપુષ્પાદિકે કરીને પરબ્રહ્મ જે વાસુદેવ તેને પૂજે છે.

★ **વચનામૃત લોયાનું ૧૨મું :**

....એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે તેને કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણીએ અને શ્વેતદ્વીપને વિષે રહ્યા જે ષટ્ ઊર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે.

★ **લોયાનું ૧૪મું :** એક તો અમને એ ગમે છે જે ઋષભદેવ ભગવાન વાસુદેવ સંગાથે એકાત્મતાને પામ્યા હતા.

★ **પંચાળાનું ૨જું વચનામૃત :**

...અને એ સર્વથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તે જ વાસુદેવ સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધરૂપે થાય છે.

★ **પંચાળાનું ૬ઠ્ઠું વચનામૃત :**

ગોલોકવાસી જે રાધિકા સહિત શ્રીકૃષ્ણ તે તો પોતે જ હતા અને બ્રાહ્મણના

બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું ભૂમા પુરુષરૂપે દર્શન કરાવ્યું તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ તેણે તો પોતે જ એ અવતાર ધાર્યો હતો.

આ રીતે **ગઢડા મધ્ય**ના ૩૧માં, ૪૮માં, **વડતાલ**ના બીજા ચોથા અને પાંચમાં તથા ૧૮માં વચનામૃતમાં શ્રીહરિએ વાસુદેવ ભગવાનને યાદ કરી તેનો મહિમા કહ્યો છે.

શ્રીહરિ એકવાર ગઢડામાં હતા તે દરમ્યાન કોઈ અજાણ્યા માણસો ગાડામાં વાસુદેવ નારાયણની મૂર્તિ લઈને આવ્યાં અને કહ્યું કે તમે આ મૂર્તિ રાખો. હમણાં અમે ઘેલે નાહીને આવીએ, પણ તે માણસો તો પાછા આવ્યા જ નહિ. પછી કોઈએ પૂછ્યું કે, આ લોકો કેમ ન આવ્યા ? ત્યારે શ્રીહરિ કહે, તે શ્વેતદ્વીપના મુક્તો હતા અને આ મૂર્તિ આપવા જ આવેલ. પછી તે મૂર્તિ દાદાખાચરના દરબારમાં ઉત્તરાદા ઓરડામાં મંદિર કરીને પધરાવી અને શ્રીહરિ રોજ તેની આરતી ઉતારતા. તે પ્રસાદીની મૂર્તિ હાલ ગઢડા ગોપીનાથજી મહારાજના મંદિરમાં વિરાજમાન છે અને દર્શન આપે છે. (૨)

પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ**, ભાગ-૮, પાના નં. ૮૦૨૨

(૨) **શ્રીજી મહારાજના ચરિત્રો** (પરમ ચૈત્યાનંદ સ્વામીકૃત) પ્રકાશન : કુંડળ, વર્ષ : ૨૦૧૩, પાના નં. ૩૮થી ૩૯

●

૨૭. સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન

ભગવાનના પાંચ સ્વરૂપો શાસ્ત્રમાં કહ્યા છે, જેમાં (૧) પર (૨) વ્યૂહ (૩) વિભવ (૪) અંતર્યામી (૫) અર્ચાવતાર

જેમાં વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ - આ ચાર વ્યૂહ સ્વરૂપો કહેવાય છે.

શાસ્ત્રોમાં એવું કહ્યું છે કે, પર સ્વરૂપ વાસુદેવ જ ઉપાસના તથા સૃષ્ટિ આદિક કાર્યોને અર્થે વાસુદેવાદિ ચાર રૂપે થાય છે. તેને વ્યૂહ અવતારો કહેવાય છે.

તેમાં જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ આ છ ગુણોથી પરિપૂર્ણ વાસુદેવને કહ્યા છે. (૨)

જ્ઞાન અને બળથી યુક્ત સંકર્ષણ

ઐશ્વર્ય અને વીર્યથી યુક્ત પ્રદ્યુમ્ન

શક્તિ અને તેજથી યુક્ત અનિરુદ્ધ (૨)

આ પ્રમાણે શ્રી વાસુદેવ નારાયણ છ ગુણોથી યુક્ત અને બીજા ત્રણ બે-બે ગુણોથી યુક્ત વ્યૂહસ્વરૂપો કહ્યા છે. (૨)

જેના પાંચ સ્વરૂપ છે. વ્યૂહ સ્વરૂપ સગુણ અવતાર કહેવાય છે. વાસુદેવ નિર્ગુણ અવતાર છે. સંકર્ષણ તે શિવના ઉપરી ગણાય છે. અનિરુદ્ધ તે બ્રહ્માના ઉપરી જ્યારે પ્રદ્યુમ્ન તે વિષ્ણુના ઉપરી ગણાય છે. (૨)

વિશેષ વિગત વચનામૃતોમાં પણ પ્રસ્તુત છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમના ૫૨** માં ચાર શાસ્ત્રે કરી ભગવાનને જાણ્યામાં શ્રીહરિ કૃપા વાક્ય કહે છે કે,

....અને પંચરાત્રશાસ્ત્ર છે તે ભગવાનને એમ કહે છે જે, એક જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ છે તે જ વાસુદેવ, સંકર્ષણ અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહ રૂપે થાય છે અને પૃથ્વીને વિશે અવતારનું ધારણ કરે છે.

★ વળી, **શ્રીહરિ ગઢડા પ્રથમના ૬૬માં વચનામૃત**માં પણ આવી જ વાત કરે છે કે... તે જ્યારે નિર્ગુણ કરીને કહે છે ત્યારે વાસુદેવ ભગવાનને કહે છે

અને જ્યારે સગુણ કરીને કહે છે ત્યારે સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નને કહે છે.

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૭૮મું :**

...પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીશ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ...

★ વળી **લોયાના ૭માં વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે,

...અને જે ભગવાન છે તેણે તો આ જગતની ઉત્પત્તિને અર્થે અનિરુદ્ધ એવું સ્વરૂપ ધાર્યું છે. જેને વિષે સ્થાવર જંગમરૂપ જે વિશ્વ તે સાવકાશે કરીને રહ્યું છે અને સંકર્ષણ રૂપે કરીને જગતનો સંહાર કરે છે અને પ્રદ્યુમ્નરૂપે કરીને જગતની સ્થિતિ કરે છે તથા મત્સ્ય કચ્છાદિક અવતારનું ધારણ કરે છે.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૩૧મું :**

...વળી એ વિરાટ પુરુષ પણ સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે. તેમાં પ્રલયરૂપ અવસ્થાને વિષે સંકર્ષણની ઉપાસના કરે છે ને સ્થિતિરૂપ અવસ્થાને વિષે પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે ને ઉત્પત્તિ રૂપ અવસ્થાને વિષે અનિરુદ્ધની ઉપાસના કરે છે અને તે સંકર્ષણાદિક ત્રણ જે તે વાસુદેવ ભગવાનના સગુણરૂપ છે.

★ **ગઢડા મધ્ય પ્રકરણનું ૩૮મું :**

...અને જે એકાંતિક ન હોય તેનો તે બ્રહ્માદિક અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ થાય છે.

★ **વચનામૃત વડતાલનું ૨જું :**

...અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે અને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહરૂપે વર્તે છે.

★ **વચનામૃત વડતાલનું ૧૮મું :**

...ને વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહને કેશવાદિક જે ચોવીશ વ્યૂહ એ સર્વે રૂપને ધારે છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૧, પાના નં. ૨૬૫

(૨) *યતીન્દ્રમતદિપીકા : સુરભારતી પ્રકાશન, શિવપ્રસાદ દ્વિવેદી* પાના નં. ૨૪૯, વર્ષ ૧૯૮૯

૨૮. શેષનારાયણ

શાસ્ત્રોમાં ભગવાનના પંચવિધ સ્વરૂપ પૈકી એકરૂપ 'વ્યૂહ' નામથી ઓળખાય છે. આ રૂપ સૃષ્ટિ, પાલન અને સંહાર માટે, સંસારીઓના સંરક્ષણ માટે તથા ઉપાસકો પર અનુગ્રહ કરવા માટે ગ્રહણ કરાય છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એ ચાર વ્યૂહ છે. તેમાં સંકર્ષણ જીવતત્ત્વનું અધિષ્ઠાતા સ્વરૂપ છે. તેનામાં જ્ઞાન અને બળ બંને ગુણોની પ્રધાનતા છે. એ સ્વરૂપ શેષ કે અનંતના રૂપમાં પાતાળમાં નિવાસ કરીને રહે છે અને પ્રલયકાળમાં તેના જ મુખમાંથી સંવર્તક અગ્નિ પ્રગટ થઈને જગતને ભસ્મ કરી દે છે અને એ જ ભગવાન આદિપુરુષ નારાયણના પર્યંકરૂપમાં ક્ષીરસાગરમાં રહે છે. જે પોતાના સહસ્ર મુખથી ભગવાનના નિરંતર ગુણગાન ગાય છે. અનાદિકાળથી તે ગુણગાન ગાયા કરે છે છતાં તેમને તેની અરુચિ નથી આવતી. તે ભક્તના પરમ સહાયક છે અને જીવને ભગવાનની શરણમાં લઈ જાય છે. તેમને બધા દેવતાઓ વંદન કરે છે. તેમના બળ, પરાક્રમ, પ્રભાવનું વર્ણન કરવાની સામર્થી કોઈમાં નથી. ગંધર્વ, અપ્સરા, સિદ્ધ, કિન્નર, નાગ આદિ કોઈ તેમના ગુણોનો તાગ પામી શકતા નથી તેથી તો તેમને અનંત કહે છે. તેણે આખા બ્રહ્માંડને પોતાના મસ્તક ઉપર ધારેલ છે. તેઓ ભગવાનની શય્યા, આસન, પાદુકા, વસ્ત્ર, પાદપીઠ, તકિયો કે છત્રના રૂપે સેવા બજાવે છે. તેથી તેમને શેષ કહેવામાં આવે છે. ત્રેતાયુગમાં તેઓ લક્ષ્મણજીના રૂપમાં અને દ્વાપરમાં તેઓ બલરામજીના રૂપમાં પ્રભુની સેવામાં હતા. (૧)

અને કળિયુગમાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા ત્યારે શેષ નારાયણ શ્રીહરિના મોટા ભાઈ રામપ્રતાપજીરૂપે પ્રગટ થયા હતા. તેથી તો રામપ્રતાપભાઈ શેષનો અવતાર ગણાય છે.

છપૈયામાં બાલ પ્રભુ ઘનશ્યામજી તેમના સખાઓ સાથે બગીચામાં ફરતા હતા. તે દરમ્યાન કૂવા પાસે ઊભા રહેલા બાળ સખા વેણીરામનો પગ લપસ્યો

અને ત્રણેય મિત્રો કુવામાં પડી ગયા. તે સમયે ઘનશ્યામ મહારાજ શેષનારાયણ રૂપે કુવામાં જઈ મિત્રોની રક્ષા કરવા લાગ્યા. જળમાં સાપને જોઈને કોઈ અંદર ઉતરતું ન હતું. એ સમયે રામપ્રતાપભાઈએ શેષનારાયણને જોઈને પૂછ્યું કે, તમે કોણ છો ? ત્યારે કહે, ‘અમે શેષનારાયણ છીએ. તમારા ભાઈ ઘનશ્યામજી પ્રગટ થયા છે તેમની ઇચ્છાથી તમે અહીં આવ્યો છો. ત્યારે રામપ્રતાપભાઈ કહે ‘અમારા ભાઈ તે પ્રભુ ઘનશ્યામ છે, તો અમે કોણ છીએ ? ત્યારે શેષનારાયણ બોલ્યા કે તમે શેષનારાયણ છો.’ (૨)

★ **ગઢડા મધ્યના ૬૭માં વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, ભગવાનનો મહિમા, ગુણ, કર્મ આદિક જે કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા .... ચાર વેદ એ પામતા નથી. માટે ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપાર છે.

શેષ નારાયણ અનેક રીતે સંતોના દર્શન કરવા આવતા હોય છે તેનો એક પ્રસંગ છે :

એકવાર ગોપાળાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી આદિક સંતો ગઢડાથી વડતાલ ગાડામાં બેસીને જતા હતા. ભાલ પ્રદેશમાં પહોંચ્યા ત્યાં તો એક મોટો નાગ ગાડા પાસે દોડીને આવ્યો. આ જોઈ ગોપાળાનંદ સ્વામીએ ગાડું ઊભું રખાવ્યું. ત્યાં નાગ ફેણ ઊંચી કરી સ્વામીને વારંવાર પગે લાગવા માંડ્યો. સ્વામીએ કહ્યું કે, તમે હવે જાઓ. તો પણ નાગ દોડીને આવ્યો ને સ્વામીને પગે લાગવા મંડ્યો. ત્યારે સ્વામી કહે, બસ હવે તમે પધારો. આટલું કહ્યું તો નાગ ત્યાંથી તુરત જતો રહ્યો. ત્યારે સૌએ પૂછ્યું કે, સ્વામી આ કોણ હતો ? તમે તેને આમ કેમ કહ્યું ? ત્યારે સ્વામી કહે, એ શેષ નારાયણ હતા. અમારા દર્શન કરવા આવેલ. (૩)

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૨૮૨

(૨) **બાળચરિત્ર (ભૂમાનંદ સ્વામીકૃત : શ્રીહરિના બાળચરિત્રો) :** ભૂજ મંદિર, વર્ષ-૨૦૧૦, પાના નં. ૧૯૩થી ૧૯૫ (અધ્યાય-૩૫)

(૩) **નિર્ગુણદાસજી સ્વામીની વાતો :** કુંડળધામ પ્રકાશન, વર્ષ-૨૦૧૨, વાર્તા નં. ૪૯૬.

●

૨૯. સરસ્વતી (શારદા)

સરસ્વતી દેવી વિદ્યાની દેવી છે. વાણીની અધિષ્ઠાત્રી છે. તેનું પ્રચલિત બીજું નામ શારદા પણ છે. આ સિવાય મહાવિદ્યા, મહાવાણી, ભારતી, આર્યા, બ્રાહ્મી, કામધેનુ, વેદગર્ભા પણ તેમના નામ છે. આ દેવી સર્વે સંશયોનો ઉચ્છેદ કરનારી તથા બોધ સ્વરૂપિણી છે. તેની ઉપાસનાથી બધા પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાત સ્વરો દ્વારા તેમનું સ્મરણ કરવામાં આવે છે. (૧)

સરસ્વતી દેવીની ઉત્પત્તિ બ્રહ્માના મુખમાંથી થઈ છે. સૃષ્ટિ રચવા માટે તત્પર થયેલ બ્રહ્માના મનમાં ધ્યાનાવસ્થા દરમ્યાન સત્વગુણ ઉદ્રેક પામ્યો ને એક કન્યા ઉત્પન્ન થઈ. કન્યાએ કહ્યું : હું તમારામાંથી ઉત્પન્ન થઈ છું. તો તમે મને રહેવાનું સ્થાન આપો અને મને કાર્ય સોંપો. પછી બ્રહ્માએ તેને સરસ્વતી એવું નામ આપ્યું અને કહ્યું કે, તારું સ્થાન વિદ્વાનોની જિહ્‌વા પર રહેશે. વળી પૃથ્વી ઉપર તું નદીરૂપે પણ રહેશે અને ત્રીજા સ્વરૂપે તું મારામાં પણ નિવાસ કરીને રહેશે. આમ, સરસ્વતી તે બ્રહ્માનો જ અંશ છે. તેથી તે તેમની પુત્રી છે. (૨)

એક કથા અનુસાર એકવાર બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતી ઉપર આસક્ત થયા ને તેની સાથે ગમન માટે તત્પર થયા. ત્યારે બધા પ્રજાપતિએ તે કર્મને હીનતારૂપ દર્શાવી તેમને ગમન કરતા અટકાવ્યા. તેથી લજ્જિત થઈને બ્રહ્માએ શરીરનો ત્યાગ કર્યો અને પોતે ધુમ્મસરૂપે ચોમેર ફેલાઈ ગયા. (૨)

★ **શ્રીહરિએ ગઢડા પ્રથમના ૨૩માં વચનામૃતમાં કહ્યું છે કે,**

...'એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા.' તે કથા ઉપરથી સ્પષ્ટ થાય છે.

★ તે રીતે **લોયાના ૧૩માં વચનામૃત**માં પણ શ્રીહરિ કહે છે કે, બ્રહ્માને પણ સરસ્વતીને દેખીને મોહ થયો.

★ **શ્રીહરિ ગઢડા મધ્યના ૬૭માં વચનામૃત**માં કહે છે કે, ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થી તથા સુંદરતા એ આદિક જે અનંત

કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા (સરસ્વતી) ... તથા ચાર વેદ એ પામતા નથી અને ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી.

બ્રાહ્મણ ગ્રંથોમાં સરસ્વતીને વાચ્ સાથે જોડવામાં આવી છે. વૈદિકકાળ પછીના સાહિત્યમાં તે બુદ્ધિ અને વાણીની દેવી બની છે. જેનું વિદ્યાની દેવીરૂપે આહ્વાન કરાય છે. શુભ વસ્ત્રો ધારણ કરનારી, શ્વેત કમળ પર બિરાજતી, ચાર ભુજાઓમાં વીણા, પદ્મ, પુસ્તક ને કમંડળ પાત્રને ધારણ કરતી સરસ્વતી ક્યારેક મયૂર તો ક્યારેક હંસ ઉપર સવારી કરતી વર્ણવાઈ છે. (૨) જે નિરંતર પ્રભુના ગુણગાન ગાતી રહે છે. લેખન કરતી રહે છે છતાં પ્રભુના ગુણનો પાર પામી શકતા નથી.

★ ગઢડા મધ્યનું ૫૩મું :

...અને શેષ, શારદા ને બ્રહ્માદિક દેવ તે પણ જેના મહિમાના પારને પામતા નથી.

ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી પ્રકૃતિ પાંચ દેવીઓના રૂપમાં બદલાઈ જાય છે. જેવી રીતે દુર્ગા, લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી તથા રાધાનું સર્જન થયું છે. આ ખંડમાં આ દેવીઓના સંબંધમાં કથા તથા પૂજાવિધિ વર્ણવેલ છે. (૩)

મગ્નિરામે શારદા દેવીને વશ કરેલા અને મંત્રસિદ્ધ થઈ લોકોને ડરાવી પૈસા પડાવતો. તેને અનેક શિષ્યો હતા. એકવાર તેણે માંગરોળમાં આવી શ્રીહરિને ધતિંગ મૂકી દેવા કહ્યું. શ્રીહરિ કહે, આ ધતિંગ નથી. તમારે જે વિદ્યા અમારી ઉપર અજમાવવી હોય તે અજમાવો. મગ્નિરામે મંત્રશક્તિનો ઘણો પ્રયોગ શ્રીહરિ ઉપર કર્યો. પણ મહારાજને કાંઈ ન થયું. અંતે શારદાદેવીએ પ્રગટ થઈને મગ્નિરામને સમજાવ્યો કે તું ભગવાન શોધવા નીકળ્યો અને આ ચાળે ક્યાં ચડ્યો ? આ તો સાક્ષાત્ ભગવાન છે. મગ્નિરામને પોતાની ભૂલ ઓળખાણી. શ્રીહરિએ તેને નિર્માની કરી સંત પંક્તિમાં ભેળવી અદ્વૈતાનંદ સ્વામી દેવીવાળા એમ નામ આપ્યું. (૪)

★ પાદટીપ :

(૧) **नारी अंक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૭૨થી ૩૭૩

(૨) **ગુજરાતી વિશ્વકોશ :** ભાગ-૨૨, પાના નં. ૩૬૫થી ૩૬૭

(૩) **संस्कृत साहित्य का इतिहास – उमाशंकर शर्मा :** ચૌખંબા ભારતી અકાદમી, વારાણસી, પાના નં. ૧૮૫, વર્ષ-૨૦૧૬

(૪) **અદ્ભૂતાનંદ સ્વામી :** શા. હરિજીવનદાસ, વડતાલ, વાર્તા નં. ૨૭, વર્ષ-૨૦૦૬

૩૦. હનુમાનજી

રામભક્ત હનુમાનજી આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી, વ્યાકરણના મહાન પંડિત, પરમ વિચક્ષણ, પરમ બુદ્ધિશાળી તથા ભગવાન રામચંદ્રના આજ્ઞાંકિત સેવક છે. તેઓ ચિરંજીવી ગણાય છે. વાનરરાજ કેસરી અને માતા અંજની તેમના માતા-પિતા હતા. પવનદેવ દ્વારા શિવના અંશ અંજની માતાના ઉદરમાં સ્થાપિત કરવાથી પવનદેવ પણ તેમના પિતા ગણાય છે. મહાદેવ સ્વયં સેવક બનીને રામચંદ્ર પ્રભુની સેવા કરી શકતા ન હતા. આથી તેમણે પોતાનો અંશ અંજની માતાના ઉદરમાં રોપાવ્યો. તેથી હનુમાનજી અગિયારમાં રૂદ્ર કહેવાય છે. સેવકનું સર્વોત્તમ ઉદાહરણ હોય તો તે હનુમાનજી છે. જેની રગેરગમાં અને આત્મામાં પ્રભુ રામચંદ્ર અને સીતામાતા સમાયેલા છે. (૧)

જન્મ પછી હનુમાનજીને માતાના દૂધથી સંતોષ ન થતા માતા ફળ લેવા વનમાં ગયા. તે દરમ્યાન ભૂખથી વ્યાકુળ થયેલા હનુમાનજી સૂર્યને લાલ ફળ સમજી તેને ગળવા માટે કૂદ્યા. તે સમયે સૂર્યગ્રહણ ચાલતું હતું. રાહુને થયું કે આ મારા બદલે કોઈ બીજું સૂર્યને ગળવા આવે છે તેથી તેણે ઈન્દ્રને રક્ષા માટે બોલાવ્યા. આથી ઈન્દ્ર હનુમાનજી ઉપર ગુસ્સે ભરાયા અને તેમના ઉપર વજ્રનો પ્રહાર કરતા હનુમાનજી મૂર્છિત થઈને જમીન ઉપર ઢળી પડ્યા. વજ્રના પ્રહારથી હનુમાનજીના મોઢા-દાઢીનું હાડકું વાંકુ (હનુ) થઈ ગયું. (તેથી તેમને હનુમાન કહેવામાં આવે છે.) આથી – પવનદેવ ગુસ્સે થયા ને વાયુને રોકી દીધો. પરિણામે બધા પ્રાણીઓના જીવ સંકટમાં આવી ગયા. અંતમાં બધા દેવતાઓએ માફી માગી અને અગ્નિ, વાયુ, જળ વગેરે દેવતાઓએ હનુમાનજીને વિવિધ વરદાન આપ્યાં. અને વાયુદેવને રાજી કર્યા પછી તેમણે વાયુને છોડ્યો. (૧)

રાવણ દ્વારા સીતાજીનું હરણ થયું. ત્યારે રામચંદ્રજીની મુલાકાત હનુમાનજી સાથે થાય છે. પછી સુગ્રીવ સાથે મુલાકાત થતા સુગ્રીવ પણ રામના મિત્ર બની જાય છે. (૧)

સીતા શોધ, લંકીની વધ, અશોકવાટિકામાં અક્ષયકુમારનો સંહાર, લંકાદાહ અનેક કથા હનુમાનજીના અપ્રતિમ શૌર્યના સાક્ષીરૂપ છે. લંકાયુદ્ધમાં તેમની અદ્‌ભૂત પરાક્રમ અને વીરતા સરાહનીય છે. લક્ષ્મણજી મૂર્છિત થતા તેમણે સંજીવની લાવી તેમના પ્રાણ પૂર્યા. રાવણના મૃત્યુ બાદ જ્યારે રામ અયોધ્યા પાછા ફર્યા ત્યારે રામના આગમનના શુભ સમાચાર પ્રથમ ભરતજીને આપી તેમના જીવનમાં અને અયોધ્યાવાસીઓના જીવનમાં પ્રાણનો સંચાર કર્યો. (૧)

હનુમાનજીની એ વિશેષતા છે કે તેઓ ભક્તની રક્ષા માટે સદૈવ જાગૃત દેવ છે. તેથી તેઓ પ્રગટ દેવ ગણાય છે. તેમની સ્તુતિમાં હનુમાન ચાલીસા પ્રખ્યાત છે. (૧) તે રીતે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ સંસ્કૃતમાં નીતિ પ્રવીણ દ્વારા હનુમાનજીની સ્તુતિ થાય છે. જેના પાઠથી ભક્તોના તમામ સંકટો નાશ પામે છે. હનુમાનજી ચિરંજીવી દેવ ગણાય છે. જ્યાં જ્યાં રામકથા થતી હોય ત્યાં ત્યાં તેમની હાજરી પ્રગટ હોવાનું માનવામાં આવે છે.

ગોપાળાનંદ સ્વામીએ ભક્તોના કષ્ટ નિવારણ અર્થે સારંગપુરમાં કષ્ટભંજન દેવની સ્થાપના કરી છે.

હનુમાનજી વેદજ્ઞ તથા જ્ઞાન શિરોમણી છે. તેઓ વિચારશીલ, તીક્ષ્ણ બુદ્ધિ તથા અતુલ પરાક્રમી છે. નિપુણ સંગીતજ્ઞ અને ગાયક પણ છે. એકવાર દેવ, ઋષિ, દાનવોની સભામાં ભગવાન શંકર, દેવર્ષિ નારદ ગાઈ રહ્યા હતા. સાથે દેવ-દાનવો પણ યોગદાન દઈ રહ્યા હતા. ત્યારે હનુમાનજીએ મધુર સ્વરથી એવું સુંદર ગાયન ગાયું કે, આ સાંભળી સર્વે મંત્રમુગ્ધ બની ગયા. (૧)

હનુમાનજીએ પ્રભુના દરેક અવતારમાં મદદ કરી સેવાનો લાભ લીધો છે. રામાવતારમાં સીતા શોધ અને રાવણ સાથેના યુદ્ધ સમયે, કૃષ્ણાવતારમાં કુરુક્ષેત્રના યુદ્ધ સમયે અર્જુનના રથ ઉપરની ધજાનું રક્ષણ કર્યું છે.

શ્રીહરિ પ્રગટ થયા ત્યારે ધર્મદેવ ભક્તિમાતા અસુરના ત્રાસથી મૂંઝાઈ ગયા ત્યારે હનુમાનજીએ પ્રગટ થઈને તેમને સાંત્વના આપી છે. બાળપ્રભુને કૃત્યા લઈ ગઈ ત્યારે પ્રભુને હેમખેમ ઘરે પાછા લાવ્યા. કાલિદત્તે મોકલેલી કૃત્યા થકી રક્ષા કરી. પ્રભુના વન-વિચરણ વખતે પ્રભુને મારવા આપેલ કાળભૈરવને માર મારી વર્ણીની રક્ષા કરી સેવાનો લાભ લીધો. વન-વિચરણમાં પ્રભુ ભૂખ્યા થયા હશે તેમ જાણી તેમના માટે ફળ-ફૂલ વગેરે લાવી આપ્યા અને પ્રભુને સેવા આપવા માટે પ્રાર્થના કરી. આમ, અનેક રીતે શ્રીહરિને મદદ કરી છે. (૩)

ધર્મકુળના તેઓ કુળદેવતા છે તથા ભક્તોની રક્ષા કરવા સદૈવ તત્પર છે.

હાલમાં ભક્તોના દુઃખ અને કષ્ટ નિવારણ માટે સારંગપુરમાં હનુમાનજીની સ્થાપના, સદ્. ગોપાળાનંદ સ્વામી દ્વારા કરાઈ. જે આજપર્યંત અનેક દુઃખી આત્માઓનું શ્રેય કરે છે. ઘણા લોકોની ભૂત કે વળગાડ થકી રક્ષા કરે છે. કષ્ટો કાપે છે તથા ભક્તોની મનવાંછિત ઈચ્છાઓ પૂર્ણ કરે છે.

શ્રીહરિએ **શિક્ષાપત્રીના ૮૫**માં શ્લોકમાં ભક્તોને આજ્ઞા કરી છે કે,

ભૂત પ્રેતાદિકનો ઉપદ્રવ થાય તો નારાયણ કવચ કે હનુમાનજીના મંત્રનો જપ કરવો પણ કોઈ ક્ષુદ્ર દેવતાનો જપ ન કરવા તેવું શ્રીહરિએ કહ્યું છે. (૨)

આ સાથે **શિક્ષાપત્રીના શ્લોક : ૧૨૭**માં પોતાના આશ્રિતોને આજ્ઞા કરી છે કે, આસો વદ ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. જેમ પંચદેવો : વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્યને પૂજ્યપણે માનવાનું કહ્યું છે તેમ હનુમાનજીને પણ પૂજ્યપણે માનવાનું પરોક્ષપણે કહ્યું છે. (૨)

શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ હનુમાનજીનો ઉલ્લેખ કર્યો છેઃ

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૫૯મું :

...જો એ ભગવાનનો આવો મહિમા જાણે છે તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે, પણ એ જાણતો નથી. જેમ હનુમાનજીમાં અપાર બળ હતું, પણ કોઈકના જણાવ્યા વિના જણાણું નહિ.

હનુમાનજીમાં બળ તો અપાર હતું પણ એ જાણતા ન હતા. તે અંગેની કથા જાણીએ :

હનુમાનજી બાળ અવસ્થામાં હતા ત્યારે જાતિગત સ્વભાવ મુજબ ખૂબ ચંચળ હતા. આથી તેઓ ઋષિઓના આશ્રમમાં જાય ત્યારે વૃક્ષ ઉપરથી ફળફૂલ જેમ તેમ તોડી નાખતા. આશ્રમની વસ્તુઓ, ઋષિઓના આસન વગેરે અસ્ત-વ્યસ્ત કરી નાખતા. ઝાડને ઉખેડી નાખતા. પર્ણકુટિ હલાવી નાખતા. આથી ઋષિઓને ખૂબ કષ્ટ પડવા માંડ્યું. આથી ઋષિઓએ ગુસ્સે થઈને શાપ આપ્યો કે, તમારું બળ તમે ભૂલી જશો. જ્યાં સુધી કોઈ તમને યાદ ન અપાવે ત્યાં સુધી તમારા બળની તમને પૂર્વવત પ્રાપ્તિ નહિ થાય. આ શાપથી હનુમાનજી નાના બાળક જેવા બળહીન થઈ ગયા. તેમને તેમની શક્તિનું સ્મરણ ન રહ્યું. (૧)

જ્યારે રાવણ સીતાનું હરણ કરી ગયો અને લંકામાં કેદ રાખ્યા ત્યારે લંકામાં જવા માટે યોજનો લાંબો સમુદ્ર તરવાનો હતો. હનુમાનજી જવા માટે તૈયાર થયા, પણ લાંબો સમુદ્ર જોઈને મૂંઝાઈ ગયા કે, આવડો મોટો સમુદ્ર કેમ ઉલ્લંઘવો ? તેમની મૂંઝવણ પારખી જાંબુવાને હનુમાનજીને પોતાની અપૂર્વ

શક્તિની યાદ દેવડાવી. આમ, પોતાના બળનું કોઈકે યાદ કરાવતા, હનુમાનજીને લાગેલો શાપ મિથ્યા થયો અને હનુમાનજીમાં અપાર બળ આવ્યું ને તેઓ સમુદ્ર ઉલંઘી ગયા. સમુદ્રમાં રહેતી રાક્ષસી સિંહીકાને મારી પોતાનો માર્ગ મોકળો કરી લંકામાં પહોંચી ગયા. (૧)

★ વચનામૃત લોયાનું ૧૧મું :

...તે જે સ્થાનકને વિષે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ લોકની ભાવના કરે છે અને તે લોકને વિષે રહ્યા જે પાર્ષદ તેની ભાવના રામકૃષ્ણાદિકના પાર્ષદ જે હનુમાન, ઉદ્ધવાદિક તેને વિષે કરે છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૨૧મું :

અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે...

★ વચનામૃત ગઢડા મધ્યનું ૬૨મું :

... અને બીજું પતિવ્રતાનું અંગ જે ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું અને ત્રીજું દાસપણાનું અંગ જે હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧૬મું :

...જેને પોતાના ઇષ્ટદેવ જે ભગવાન તેને વિષે પતિવ્રતાના જેવી ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિષે હેત થાય જ નહિ. જેમ હનુમાનજી શ્રી રઘુનાથજીના ભક્ત છે. તે રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે, પણ હનુમાનજીને રામચંદ્રજીને વિષે જ પતિવ્રતાના જેવી ભક્તિ રહી છે.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૩૯મું :

...અને જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ લક્ષ્મણને પીવાડી ત્યારે જ દેહમાં શલ્ય લાગ્યા હતા તે સર્વે એની મેળે દેહથી બહાર નીકળી ગયા.

★ પાદટીપ :

(૧) **ભક્ત ચરિતાંક :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૨૮૯
(૨) **શિક્ષાપત્રી :** શ્લોક - ૮૫, ૧૨૭
(૩) **ભક્તચિંતામણિ**, પ્રકરણ : ૧૬, ૧૭, ૨૮

૩૧. ઇન્દ્ર

ઈન્દ્ર દેવતાઓના અને સ્વર્ગના રાજા ગણાય છે. તે ઈચ્છામાં આવે તેવું રૂપ ધારણ કરી શકે છે. તે બે ઘોડાના રથમાં બેસી દાનવો સાથે લડાઈ કરવા જાય છે. બધા દેવતાઓ તેના અંકુશમાં છે. તે હવા અને વાતાવરણને અંકુશમાં રાખે છે. તે પૃથ્વી ઉપર વરસાદ વરસાવે છે. તેને ચાર હાથ અને હજાર આંખો છે. તે સોમરસનું પાન કરે છે. ઋષિઓ જે જે યજ્ઞ કરે છે તેમાં ઈન્દ્રનો અડધો ભાગ છે તેથી યજ્ઞની સ્તુતિમાં ઈન્દ્રની સ્તુતિ પણ કરાય છે.

તેના પિતા કશ્યપ અને માતા અદિતિ છે. (૧)

વચનામૃત ગઢડા પ્રથમના ૨૩માં શ્રીહરિ કહે છે :

જીવે ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર પોતાનું સ્વરૂપ માનવું. ઈન્દ્ર અને ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તિ તો તેમને કલંક લાગ્યા.

તો શું કલંક લાગ્યું ? તેની કથા જાણીએ :

ગૌતમ ઋષિની પત્ની અહલ્યા સતિ સ્ત્રી હતા અને અત્યંત સ્વરૂપમાન હતા. ઈન્દ્રને તેની સાથે વિહાર કરવાની ઈચ્છા થઈ. પણ ગૌતમઋષિની હાજરીના કારણે ઈન્દ્ર સફળ થતો ન હતો આથી તેણે ચંદ્રને સાધ્યો અને કહ્યું કે, ‘તું કુકડો બનીને મધરાતે ઋષિની ઝૂંપડી પાછળ જઈને બોલ. આથી સવાર થયું એમ જાણી ઋષિ સ્નાનાદિ ક્રિયા કરવા સરોવરમાં જશે અને હું કુટિરમાં જઈશ. વળી તું વાદળાથી ઢંકાઈ જજે. જેથી ચારે બાજુ અંધકાર થઈ જાય.’ ચંદ્ર ઈન્દ્રના આ અધમ કાર્યમાં સામેલ થયો અને તેણે કુકડો બનીને મધરાતે ગાન કર્યું અને ઋષિ સવાર થયું એમ માની સ્નાન કરવા ગયા. પાછળથી ઈન્દ્રએ ગૌતમઋષિનું રૂપ ધારણ કરીને કુટિરમાં ગયો. અહલ્યાએ ઋષિ આવ્યા જાણીને ઈન્દ્ર સાથે વિહાર કર્યો. આમ ઈન્દ્રએ કપટ કરી અહલ્યા સાથે જારકર્મ કર્યું. એવામાં ઋષિ આશ્રમમાં અચાનક આવી ગયા. તેણે આ જોયું અને પોતાનું રૂપ લઈને આવેલા ઈન્દ્ર ઉપર

ગુસ્સે થઈ તેને શાપ આપ્યો કે જેને માટે તેં આવું પાપકર્મ કર્યું તે યોનિ તારા શરીરમાં હજાર જગ્યાએ થશે. પાછળથી ઈન્દ્રએ ઋષિની માફી માંગી શાપ પાછો લેવા પ્રાર્થના કરતા ઋષિએ હજાર યોનિ હજાર ચક્ષુરૂપે થશે એવો સુશાપ આપ્યો. તેથી ઈન્દ્રને હજાર ચક્ષુ થયા. (૧) પરંતુ તેણે ઋષિ પત્ની સાથે જારકર્મ કર્યું તેથી તેને કલંક લાગ્યું.

ઈન્દ્રના પુત્રનું નામ જયંત છે. ઈન્દ્રની પત્નીનું નામ શચી કે ઇંદ્રાણી છે. તેના મહેલનું નામ વૈજયંત અને ઈન્દ્રની સભાનું નામ સુધર્મા છે. તેમની સભામાં ગાનાર ગંધર્વો અને નાચનારી સ્ત્રીને અપ્સરા કહે છે. એના કપડાંનો રંગ હંમેશાં બદલાયા કરે છે. તેમની આંખો પલકારા મારતી નથી. ઈન્દ્ર પૂર્વ દિશાનો અધિપતિ છે. ઋગ્વેદના ચોથા ભાગ કરતા વધારે સૂક્તોમાં વરસાદ અને યુદ્ધના દેવ ઈન્દ્રની સ્તુતિ કરેલી છે. ઈન્દ્રના માનમાં શુક્રધ્વજોત્થાન નામનો મહોત્સવ ઉજવવામાં આવે છે. જો કોઈ ઋષિ ઈન્દ્રાસન મેળવવા તપ કરે એટલે ઈન્દ્ર અપ્સરાઓ મોકલી ઋષિને તપોભંગ કરાવે છે. (૧)

રાવણના દીકરા મેઘનાદે ઈન્દ્રને હરાવી તેને કેદ કરી લંકામાં લઈ ગયેલ. એટલે મેઘનાદને ઈન્દ્રજીત પણ કહે છે. બ્રહ્મા આ વાતમાં વચ્ચે પડ્યા એટલે ઈન્દ્રજીતે ઈન્દ્રને છોડી મૂક્યો. (૧)

અર્જુન ઈન્દ્રના અંશથી જન્મ્યા હતા. તેથી પિતા તરીકે ઈન્દ્રએ અર્જુનને અક્ષય એટલે જેમાંથી બાણ ખૂટે નહિ એવો ભાથો આપ્યો હતો.

વ્રજના ગોવાળિયા ઈન્દ્રની પૂજા કરતા. તે કાર્યને શ્રીકૃષ્ણે અટકાવ્યું. ઈન્દ્રની પૂજા ન થતા તે ગુસ્સે ભરાયો અને વ્રજમાં બારે મેઘ મોકલી ધોધમાર વરસાદ વરસાવ્યો. પણ શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ટચલી આંગળી ઉપર રાખી વ્રજવાસીઓની પાણીથી રક્ષા કરી. જ્યારે શ્રીકૃષ્ણ પોતાની રાણી માટે સ્વર્ગમાં પારિજાત વૃક્ષ લેવા ગયા ત્યારે વૃક્ષ બાબતે ઈન્દ્રે શ્રીકૃષ્ણ સાથે ઘોર યુદ્ધ કર્યું પણ અંતે ઈન્દ્ર હારી ગયો અને પારિજાત વૃક્ષ આપવું પડ્યું. (૧)

★ ગઢડા પ્રથમ ૪૧ :

...બ્રહ્મા થકી મરીચ્યાદિક પ્રજાપતિ થયા ને તે થકી ઈન્દ્રાદિક દેવતા થયા.

★ **ખગોળ-ભૂગોળના વચનામૃતમાં** ઈન્દ્રની આયુષ્ય વિષે ખૂબ વિસ્તારપૂર્વક વાત લખેલી છે.

★ **પંચાળાના ૧લા** વચનામૃતમાં શ્રીહરિ ઈન્દ્રાદિકના સુખ કેવા ગણાય? તેની વાત કરે છે કે,

'બ્રહ્મા, શિવ, ઈન્દ્રાદિક દેવ છે. તે તો ભગવાનની આગળ જેવા સડતાળાના રાંક હોય ને પીંપરની ટેટી બાફીને ખાતા હોય તે જેવા ગરીબ છે.'

ઈન્દ્રનું સુખ કોના કરતા ઓછું તથા વધુ છે ? તેની વિશેષ વાત શ્રીહરિ તે જ વચનામૃતમાં આગળ કહે છે કે, જેમ રાજાનું સુખ અધિક છે, તેથી દેવતાનું સુખ, તેથી અધિક ઈન્દ્ર સુખ, તેથી બૃહસ્પતિનું, તેથી બ્રહ્માનું, તેથી વૈકુંઠ લોકનું, તેથી ગોલોક અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અધિક છે. એમ કહી ઈન્દ્રાદિક લોક અને તે તે દેવતાના સુખ ન્યૂન કહ્યા છે.

★ **પંચાળા ૭ :**

જેમ નટ હોય તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈન્દ્રના શત્રુ સાથે લડવા જાય પછી યુદ્ધમાં કટકા થઈને હેઠે પડે. તે પછી નટના કટકા ભેગા કરીને નટની સ્ત્રી બળી મરે.

આવા ખેલ પ્રસંગ વિષે જાણીએ :

જૂના જમાનામાં ગામડાંઓમાં કે રાજા પાસે નટ ખેલ કરવા આવતા. નટની મંડળી પડદા પાછળ ઢોલ-નગારાના ઘેરા અવાજો કરે એટલે નટ કહે આકાશમાં દેવ-દાનવોની લડાઈ શરૂ થઈ છે મને શૂરાતન ચડ્યું છે મારે ઈન્દ્રની મદદે લડાઈ કરવા જવું છે. મને રજા આપો. પછી રાજાને કહે, હું લડાઈ કરવા જઉં છું. પણ આ મારી પત્નીનું ધ્યાન રાખજો. રાજા પાસે વચન લઈ નટ આકાશમાં દોરડું ફેંકે. દોરડુ ટટ્ટાર થઈ જાય એટલે તે દોરડા ઉપર ચડીને આકાશમાં જાય. ત્યાં યુદ્ધ થાય. થોડી વારમાં નટના હાથ-પગ કપાઈને આકાશમાંથી પડે. છેલ્લે નટનું માથું પડે. નટની સ્ત્રી રોકકળ કરવા માંડે અને નટના શરીરના કટકા ભેગા કરી ચીતા સળગાવી તેમાં પોતે બળી મરે. (૨)

થોડીવાર પછી લટકતા દોરડાથી નટ આકાશમાંથી જીવતો આવે અને રાજા પાસે મોજ માગે અને કહે, લાવો મારી સ્ત્રી ક્યાં ગઈ ? મેં તમને સાચવવાની ભલામણ કરેલી. હવે સ્ત્રી તો નટના શરીરના કટકા લઈને બળી મરી હોય. તેથી સ્ત્રી પાછી ન મળતા નટ આક્રંદ કરવા લાગે. રાજા અને ખેલ જોવા આવેલા

માણસો તેને પૈસા આપી રાજી કરે એટલે નટ ખુશ થાય અને નટની સ્ત્રી રાજાના સિંહાસન પાછળથી જીવતી બહાર આવે. ચારે બાજુ આનંદ વ્યાપી જાય. (૨)

એટલે શ્રીહરિ કહે છે કે, સામાન્ય નટની માયા પણ આપણને સમજી શકાતી નથી. તો નટોના વર એવા નટવરની માયા આપણે કેમ સમજી શકીએ?

લોયા : ૧

...અને આપણે તો શાંતમૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેના ઉપાસક છીએ. તે માટે રજોગુણી-તમોગુણી એવા જે બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવતા તેમની ઉપર ભાવ બેસે નહિ.

★ ગઢડા મધ્યનું ૧૦ -

જ્યારે અગ્નિને અજીર્ણ થયું ત્યારે મૂર્તિમાન અગ્નિ શ્રીકૃષ્ણ પાસે અને અર્જુન પાસે આવ્યો. પછી ઈન્દ્રનું ખાંડવ વન અગ્નિ બાળવા ગયો ત્યારે તેજ અગ્નિ જ્વાળારૂપ થઈને સમગ્ર વનમાં વ્યાપ્યો.

અહીં એવી કથા છે કે, પાંડવોએ રાજસૂર્ય યજ્ઞ કર્યો જેમાં અગ્નિદેવને વિપુલ પ્રમાણમાં આહૂતિઓ આપી. આથી આહુતિ લઈ લઈને અગ્નિને તે પચી નહીં અને અજીર્ણ થઈ ગયું. આથી અજીર્ણનો ઉપાય શોધવા અગ્નિદેવ શ્રીકૃષ્ણ અને અર્જુન પાસે આવ્યા ત્યારે તેમણે ઈન્દ્રનું વિશાળ ખાંડવ વન બાળવાની આજ્ઞા આપી અને અગ્નિદેવ તે વન બાળવા લાગ્યા. આમ અગ્નિનું અજીર્ણ દૂર થયું અને શાંતિ થઈ. ત્યારબાદ આ વનમાં પાંડવોએ ઈન્દ્રપ્રસ્થ નામનું નગર વસાવ્યું જેમાં તેઓ રહેવા લાગ્યા.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૨, પાના નં. ૧૨૪૨થી ૧૨૯૩

(૨) **સફારી સામયિકમાંથી વાંચેલું.**

●

૩૨. અગ્નિદેવ

અગ્નિ ખૂણાના દેવ એટલે અગ્નિદેવ. કૃત્તિકા નક્ષત્રના અધિષ્ઠાતા દેવ પણ ગણાય છે. ગાયત્રીના ૨૪ દેવતામાં એક દેવ. પાંચ મુખ્ય તત્ત્વમાંનું એક તત્ત્વ અગ્નિ ગણાય છે. જઠરાગ્નિ રૂપે પણ આ દેવ છે. વેદના ૩ મુખ્ય દેવમાંના એક દેવ છે. તે સ્વર્ગમાં સૂર્યના રૂપમાં, આકાશમાં વીજળીના રૂપમાં અને પૃથ્વી ઉપર સાધારણ દેવતાના રૂપમાં છે. ઋગ્વેદની ઉત્પત્તિ આ અગ્નિદેવથી થયેલી છે. (૧)

પુરાણ મુજબ અગ્નિદેવને બે રાતા મોઢા, ચાર શીંગડા, બદામી રંગની આંખો, ત્રણ પગ, સાત હાથ અને સાત જીભ છે. જેવી કે

काली कराली मनोजवा च सुलोहिता च सुद्यूम्रवर्णी
स्फुल्लिङ्गिनी विश्वरुपी च देवी लेलायमाना इति सप्त जिह्वा ॥

કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, ધુમ્રવર્ણા, ઉગ્રા ને પ્રદિપ્તા. તેઓ પ્રકાશ અને ગરમીના ઉપરી દેવ છે. તેનું વાહન ઘેટું છે. ખોરાક ઘી છે અને તેનું કાર્ય દેવને યજ્ઞ ભાગ પહોંચાડવાનું છે. (૧)

અગ્નિદેવ યજ્ઞનું મુખ્ય અંગ છે. તે સર્વત્ર પ્રકાશ આપનારા તથા સર્વ પુરુષાર્થને પ્રદાન કરનારા છે. બધા રત્નો અગ્નિથી ઉત્પન્ન થાય છે. વેદોમાં સર્વપ્રથમ ઋગ્વેદનું નામ આવે છે, જેમાં પ્રથમ શબ્દ અગ્નિથી પ્રાપ્ત થાય છે. અગ્નિ જ સર્વ દેવતાઓમાં અગ્રણી છે. યુદ્ધમાં તે સેનાપતિનું કાર્ય કરે છે. તેમને આગળ કરીને જ સર્વે દેવતાઓએ અસુરોને પરાજિત કર્યા હતા. (૨)

પુરાણો અનુસાર તેમની પત્ની સ્વાહા તે સર્વે દેવતાઓના મુખ સમાન છે અને તેના દ્વારા અપાયેલી આહૂતિ સર્વે દેવતાઓ સુધી પહોંચે છે. આ રીતે અગ્નિદેવ યજમાનની સર્વે કામનાઓને પૂર્ણ કરે છે. (૨)

દક્ષ પ્રજાપતિની ૧૬ કન્યામાંથી સ્વાહા નામની કન્યા એમની પત્ની હતી.

સ્વાહાની કૂખે એમને સ્વારોચિત નામે પુત્ર અને સુરછાયા નામે કન્યા થઈ હતી. જે ઉત્તાનપાદના દીકરા ધ્રુવના દીકરા શિષ્ટને પરણાવી હતી. (૧)

પુષ્ટિ માર્ગીય આચાર્ય શ્રી વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીને પુષ્ટિમાર્ગવાળા અગ્નિના અવતાર માને છે. (૧)

અગ્નિદેવની પત્ની સ્વાહાને પાવક, પવમાન અને શુચિ નામના ત્રણ પુત્રો હતા. ભગવાન કાર્તિકેયને અગ્નિદેવનો પુત્ર માનવામાં આવે છે. સ્વારોચિત નામના બીજા મનુ તેના પુત્ર કહેવાય છે. પ્રભાસ ક્ષેત્રમાં સરસ્વતિ નદીના તટ પર તેમનું મુખ્ય તીર્થ છે. (૨)

અગ્નિ દેવની કૃપાના અનેક દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે.

અગ્નિની પ્રાર્થના તથા ઉપાસનાથી ધન, ધાન્ય, પશુ આદિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. તેનાથી શક્તિ, પ્રતિષ્ઠા અને પરિવારની વૃદ્ધિ થાય છે. અગ્નિ દેવનાં બીજ મંત્ર 'રં' તથા મુખ્ય મંત્ર र *वह्निचैतन्याय नमः* છે. (૨)

વચનામૃતમાં શ્રીહરિએ અગ્નિદેવનો ઉલ્લેખ કરેલ છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૫ :

...અને વાક્ ઈન્દ્રિયના અંતને પામે ત્યારે અગ્નિદેવને પામે છે.

★ વચનામૃત લોયાનું ૨જું :

જેમ અગ્નિદેવ છે. તે તો મનુષ્ય જેવા મૂર્તિમાન છે... અને તેનું કાર્ય જે અગ્નિની જ્વાળાઓ છે તે અતિ મોટી છે.

★ વચનામૃત મધ્યનું ૧૦મું :

...તે જ્યારે અગ્નિને અજીર્ણ થયું હતું ત્યારે મૂર્તિમાન અગ્નિ શ્રીકૃષ્ણ ભગવાન અને અર્જુન પાસે આવ્યો હતો. પછી જ્યારે ઈન્દ્રનું ખાંડવ વન બાળવા ગયો ત્યારે તે અગ્નિ જ્વાળારૂપે સમગ્ર વનમાં વ્યાપ્યો.

તે કથા જોઈએ :

શ્વેતકિ નામનાં પૂર્વે એક રાજા થઈ ગયા. તેને શત સંવત્સર યજ્ઞ કરવાની ઈચ્છા હતી. તેણે સતત ૨૪ વર્ષ સુધી દિવસ-રાત યજ્ઞો કર્યા. આટલા બધા યજ્ઞોથી બ્રાહ્મણો થાકી ગયા અને નવો યજ્ઞ કરવાની ના પાડી. તેથી રાજાએ રૂદ્રનું આરાધન કર્યું. શિવે કહ્યું કે, તું બાર વર્ષ સુધી અગ્નિમાં સતત ઘૃત ધારા કર એટલે તારો શત સંવત્સર યજ્ઞ પુરો થાય. આમ, રાજાના અપરિમિત

યજ્ઞોને કારણે આહૂતિ સ્વીકારીને અગ્નિદેવ ખૂબ જાડા બની ગયા અને અગ્નિદેવને અજીર્ણ થઈ ગયું. (૩)

આથી, અજીર્ણના ઉપાય માટે શ્રીકૃષ્ણ અને અર્જુનની રજા મેળવી ઈન્દ્રનું ખાંડવ વન હતું, જ્યાં જાતજાતની વનસ્પતિઓ હતી તે ખાઈને અગ્નિએ અજીર્ણને દૂર કર્યું. ખાંડવ વનને બાળીને તેમણે પૂર્વવત આરોગ્ય મેળવ્યું. (૧)

ધૃતરાષ્ટ્ર રાજાએ પાંડવોને ખાંડવ વનની જગ્યા રહેવા માટે આપી. આ વન અડાબીડ અને ગીચ હતું. જ્યાં રહી શકાય તેવું ન હતું. તેને જો સાફ કરે તો રહેવા યોગ્ય બને તેવું હતું. આથી શ્રીકૃષ્ણની ઈચ્છાથી અગ્નિદેવે આ વન બાળી પોતાનું અજીર્ણ દૂર કર્યું અને સાથે પાંડવો માટે રહેવા માટે સુયોગ્ય જગ્યા પણ થઈ ગઈ. પછી પાંડવોએ આ ખાંડવપ્રસ્થને ઈન્દ્રપ્રસ્થ નામની પોતાની રાજધાની બનાવી. (૪)

આ ખાંડવવનમાં ઈન્દ્રપ્રસ્થનો સમાવેશ થાય છે. આ વન મત્સ્ય દેશની ઉત્તરમાં હસ્તિનાપુરની નજીક આવેલું છે. જે હાલના દિલ્હીથી દક્ષિણ દિશામાં આશરે બે માઈલ દૂર હુમાયોનો રોજો અને ફિરોજ શાહના કોટિલાની વચ્ચે જમુનાના કિનારા ઉપર તે વસાવાયું હતું. (૪)

અગ્નિ સજીવ સૃષ્ટિના જીવનદાતા અને પોષણકર્તા છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૪૫મું :

...અને જ્યારે ભગવાન અને સંતને અગ્નિએ રાજી કર્યા હશે ત્યારે અગ્નિને એવો પ્રકાશ પ્રાપ્ત થયો છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ**, ભાગ-૧ પાના નં. ૫૭-૫૮

(૨) **प्रमुख देवता : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૯

(૩) **ભગવત્ ગો. મંડળ**, ભાગ-૯, પાના નં. ૮૪૩૫-૮૪૩૬ (શ્વેતિક રાજા)

(૪) **ભગવત્ ગો. મંડળ**, ભાગ-૩ (ખાંડવવન) પાના નં. ૨૬૩૪

●

૩૩. સૂર્યનારાયણ

સૂર્યનારાયણ પ્રગટ દેવ છે. જેના આપણને નિત્ય દર્શન થાય છે. શિક્ષાપત્રીના ૮૪માં શ્લોકમાં શ્રીહરિ કહે છે કે, મારા આશ્રિત હોય તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્યનારાયણ - આ પાંચ દેવને પૂજ્યપણે માનવા સૂર્યનારાયણનું પ્રાગટ્ય વિરાટ નારાયણના નેત્રોમાંથી થયું છે, પરંતુ લોકમર્યાદાની રક્ષાના કારણે તેઓએ અદિતિના ગર્ભ થકી જન્મ ધારણ કર્યો. (૧)

સૂર્યનારાયણ બ્રહ્મ છે તેવું છાંદોગ્યોપનિષદના અધ્યાય ૩/૩/૧માં કહ્યું છે. દેવમાતા અદિતિના કાર્ય માટે તે તેના ઉદરે જન્મ લે છે. તેથી તેને આદિત્ય પણ કહે છે. (૧)

અન્ય દેવતા તેમના અવતારકાર્ય બાદ વિદાય લે છે, જ્યારે આ દેવતા નિત્ય યથાસમયે ઉદય અને અસ્ત પામે છે. જીવોના શુભાશુભ કાર્યના તે નિત્યના સાક્ષી છે. તેના કિરણોમાં પ્રાણશક્તિ અને જીવનશક્તિ છે. તેમના વગર સજીવોનું જીવન શક્ય નથી. તેમની કૃપાથી જીવન શક્ય બન્યું છે. તેમને બે પત્નીઓ છે : સંજ્ઞા અને છાયા. ગરૂડના નાના ભાઈ અરૂણ તેના રથના સારથી છે. સૂર્યલોકમાં ભગવાન સૂર્યની સમક્ષ ઈન્દ્રાદિક દેવગણ તથા ઋષિગણ ઉપસ્થિત રહે છે. દંડી તેમનો મુખ્ય સેવક છે. સૂર્યનારાયણના દસ સંતાનો છે. તેમની સંજ્ઞા નામની પત્નીથી વૈવસ્વત મનુ, યમ, યમુના, અશ્વિનીકુમાર, રેવંત સભાનવયા અને છાયા નામની પત્નીથી શનિ, તપતી, વિષ્ટિ અને સાવર્ણી મનુ ઉત્પન્ન થયા. દરેક અવતારે સૂર્યનારાયણ દેવની મદદ લીધી છે. પાંડવોના વનવાસ દરમ્યાન દ્રૌપદીની વિનંતીથી સૂર્યનારાયણ દેવે તેમને અક્ષયપાત્ર આપ્યું. (૧)

શ્રીહરિના વન-વિચરણ વખતે તેમણે સૂર્યનારાયણ દેવનું તપ કરતા તેઓ પ્રગટ થયેલા. શ્રીહરિએ તેમની સ્તુતિ કરી અને માંગ્યું કે અંતઃશત્રુ થકી મારી રક્ષા થાય અને જ્યારે ઈચ્છું ત્યારે તમારા દર્શન થાય. ત્યારે સૂર્યનારાયણ દેવે કહ્યું કે, પ્રભુ તમારા થકી મારી મોટાઈ છે. એમ કહી ઈચ્છિત વરદાન આપી દેવ અદશ્ય થઈ ગયા. (૫)

આમ, સૂર્યનારાયણ દેવ અને શ્રીહરિ એકબીજાનો મહિમા સમજતા. કર્ણ સૂર્યના દીકરા હતા.

વૈવસ્વત મનુ ઈક્ષ્વાકુના પિતા છે અને તેનાથી સૂર્યવંશ ઉત્પન્ન થયો. (૨)

સૂર્યના ૧૦૮ નામો છે. વિષ્ણુના હજાર નામમાંહેનું સૂર્ય એક નામ છે. શરીરની પિંગલા નામની નાડીનાં એ દેવ છે. શિવના હજાર માંહેનું એક નામ છે. સૂર્ય નામનું એક ઉપનિષદ પણ છે. (૨)

શ્રીહરિએ વચનામૃતમાં સૂર્યનારાયણ દેવને યાદ કર્યા છે.

★ લોયાનું ત્રીજું વચનામૃત :

....અને જેમ સૂર્યની મૂર્તિ તો મનુષ્ય જેવી રથમાં બેઠી છે અને તેનું કાર્ય જે પ્રકાશ તે તો આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યો છે.

★ પંચાળાનું ૪થું વચનામૃત :

....મનુષ્યને અને સૂર્ય અગ્નિને વિજાતિપણું છે. માટે એને દર્શને કરીને કલ્યાણનો નિશ્ચય નથી થતો. કાં જે, એ અગ્નિનો સ્પર્શ કરે તો બળી મરે. તથા સૂર્ય છે તેને કુંતાજીએ દુર્વાસાના આપેલા મંત્રે કરીને તેડ્યા ત્યારે તે સૂર્ય કુંતાજી પાસે આવ્યા તે મનુષ્યરૂપે જેવા કુંતાજી હતા તેવા જ સૂર્ય થઈને આવ્યા ત્યારે તેના અંગસંગનું સુખ આવ્યું ને કર્ણરૂપ ગર્ભ રહ્યો, પણ જેવા સૂર્ય પ્રકાશવાન છે તેવા પ્રકાશે સહિત આવ્યા હોત તો કુંતાજી બળી મરત ને સ્પર્શનું સુખ પણ ન આવત તથા સત્રાજિત યાદવ પાસે સૂર્ય આવતા તે પણ માણસ જેવા થઈને આવતા...!

સૂર્યનારાયણ કુંતાજી ઉપર પ્રસન્ન થયા તે વાત જાણીએ :

કુંતાજી જ્યારે પિતૃગૃહે હતા ત્યારે દુર્વાસા મુનિ બ્રાહ્મણનું રૂપ લઈને તેમની પાસે આવ્યા. કુંતાજીએ તેમની ખૂબ સેવા કરી આથી દુર્વાસા મુનિએ પ્રસન્ન થઈને કુંતાજીને કેટલાક દિવ્ય મંત્રો આપ્યા કે આ મંત્રના આહ્‌વાનથી જે તે દેવ તારી પાસે હાજર થશે. ત્યારબાદ કુંતાજીએ કુતૂહલવશ દુર્વાસા મુનિએ આપેલ સૂર્યનારાયણના મંત્રનું આહ્‌વાન કર્યું ને તે દેવ હાજર થયા. ત્યારે કુંતાજીએ સૂર્યદેવને કહ્યું કે, મેં તો કુતૂહલવશ થઈને તમારો મંત્ર બોલેલ. આથી સૂર્યદેવે કહ્યું કે, મારું આગમન વિફળ નહીં જાય. હું તને કવચ-કુંડળધારી પુત્રનું દાન કરીશ ત્યારે કુંતાએ કહ્યું કે, હું કુંવારી છું. મારાથી પુત્રદાન ન લેવાય તથા મારું કન્યાભાવ ખંડિત ન થવા દેવાય. ત્યારે સૂર્યદેવે કહ્યું કે, હું યોગ શક્તિથી તારા ઉદરમાં મારું બીજ રોપીશ. આમ, સૂર્યદેવે કુંતાજીને પુત્ર રત્ન આપ્યો. તે પુત્ર કર્ણ તરીકે ઓળખાયો. (૩)

સત્રાજિત યાદવ ઉપર સૂર્યદેવ પ્રસન્ન થયા તે કથા જાણીએ.

સત્રાજિત યાદવ સૂર્યનારાયણના પરમ ઉપાસક હતા. તેથી સૂર્યદેવ સત્રાજિતના પરમમિત્ર બની ગયા હતા. તેમણે પ્રસન્ન થઈને સ્યમંતકમણિ રાજાને ભેટ આપેલ અને સત્રાજિત તે મણિ ગળામાં પહેરી ફરતો ત્યારે સૂર્ય જેવો ચમકવા લાગતો. આ મણિ રોજ આઠ ભાર સોનું આપતો. તેનાથી સર્વે અમંગળ દૂર થઈ જતા. આ મણિ શ્રીકૃષ્ણ ભગવાને માંગ્યો પણ સત્રાજિતે તે ન આપ્યો. એકવાર સત્રાજિતનો ભાઈ મણિ પહેરીને જંગલમાં જતા સિંહે તેને મારીને મણિ છીનવી લીધો. આથી મણિ માટે શ્રીકૃષ્ણે પ્રસન્નજીતની હત્યા કરી તેવું આળ તેમના પર આપ્યું. આખરે તે મણિ મેળવીને શ્રીકૃષ્ણે સત્રાજિતને આપ્યો. (૪)

કાઠી જ્ઞાતિના સૂર્યનારાયણ ઈષ્ટદેવ મનાય છે. સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર પાસેના મૂળી ગામમાં સૂર્યનારાયણ દેવનું પ્રસિદ્ધ મંદિર છે. આ મંદિર માંડવરાયજી નામે ઓળખાય છે. શ્રીહરિ આ મંદિરમાં પધારી તેને પ્રસાદીનું કરેલ છે. શ્રીજી મહારાજે ગઢડામાં પણ સૂર્યનારાયણ પધરાવ્યા છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૪૫મું :

ભગવાન અને ભગવાનના સંત જે જે પ્રકારે આપણા ઉપર રાજી થાય ને કૃપા કરે તેમ જ આપણે વર્તવું અને ભગવાન ને ભગવાનના સંતને અગ્નિએ રાજી કર્યા હશે ત્યારે અગ્નિને એવો પ્રકાશ પ્રાપ્ત થયો છે અને સૂર્ય ચંદ્રાદિક જે પ્રકાશમાન છે, તેણે પણ ભગવાન ને ભગવાનના સંતને શુભ કર્મે કરીને રાજી કર્યા હશે ત્યારે એવા પ્રકાશને પામ્યા છે.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૪૨મું :

....શંકરાચાર્યજીએ વિષ્ણુ, શિવ, ગણપતિ, સૂર્ય આદિક ઘણાંક દેવના સ્તોત્ર કર્યા છે.

★ **પાદટીપ :**

(૧) **अवतार कथांक :** કલ્યાણ : ગીતા પ્રેસ, પાના નં. ૩૪૭-૩૪૮

(૨) **ભગવત્ ગો.મંડળ** ભાગ-૯, પાના નં. ૮૮૯૭

(૩) **नारी अंक :** કુંતામાતા : ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૫૭૭

(૪) **श्रीमद् भागवत महापुराण,** ગીતાપ્રેસ, ગોરખપુર, પાના નં. ૪૦૮થી ૪૧૦

(૫) **ભક્તચિંમામણિ :** નિષ્કુળાનંદ મુનિ, પ્રકરણ-૨૯, કડી નં. ૨૭થી ૬૦.

●

૩૪. વરુણ દેવ

વરુણ દેવ જલાધિપતિ અને સમુદ્રના દેવ ગણાય છે. પુરાણ મુજબ કલ્પારંભના એ નામના એક પશ્ચિમી દિગ્‌પાલ છે. આ જલાધિપતિ હોઈ એની રહેવાની નગરી માનસોત્તર પર્વત ઉપર નિમ્લોચની અથવા સૂષાને નામે પ્રસિદ્ધ છે. (૧)

ઘણાં પ્રાચીન વૈદિક કાળમાં વરુણ પ્રધાન દેવતા હતા. પાછળથી ધીમે ધીમે તેની પ્રધાનતા ઓછી થતી ગઈ અને ઈન્દ્રની પ્રધાનતા પ્રાપ્ત થઈ (એટલે કે ઈન્દ્ર જલના દેવતા ગણાયા, કેમકે તે વરસાદ વરસાવે છે) વરુણ અદિતિના આઠ પુત્રો માંહેના એક કહેવાય છે. ઋગ્વેદમાં વરુણના અનેક મંત્રો છે. વરુણ હજી સુધી જળના દેવતા મનાય છે અને જલાશયોત્સર્ગમાં તેનું પૂજન થાય છે. સાહિત્યમાં તે કરૂણ રસના અધિષ્ઠાતા મનાય છે. (૧)

તેમના પિતા કશ્યપઋષિ અને માતા અદિતિ છે. તેમની મોટી પત્નીનું નામ દેવી છે. જેમને બળ નામના પુત્ર અને સુરા નામની પુત્રી છે. બીજી પત્નીનું નામ પર્ણશા છે અને તેમને શતાયુધ નામનો પુત્ર છે. ત્રીજી પત્નીનું નામ ચર્ષણી છે અને તેમને ત્યાં ભૃગુ ઋષિનો જન્મ થયેલ. (૨)

વરુણ દેવતાનું પ્રધાન આયુધ પાશ છે. (૨)

શ્રીહરિએ વચનામૃત ગઢડા પ્રથમના ૬૫માં વરુણ દેવનો ઉલ્લેખ કર્યો છે :

‘...સુષુમ્ણા નાડી અંગેના પરમાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે : ...અને આ પિંડમાં જે ઈન્દ્રિયોની નાડીઓ છે. તેની બ્રહ્માંડ સાથે એકતા છે. તે જિહ્‌વાના અંતને પામે છે ત્યારે વરુણદેવને પમાય છે.’

શ્રીહરિએ વચનામૃતમાં અન્ય જગ્યાએ પણ વરુણદેવનું દૃષ્ટાંત આપેલ છેઃ

★ વચનામૃત લોયાનું બીજું :

...તથા જેમ વરુણની મૂર્તિ તે તો મનુષ્ય જેવડી છે અને તેનું કાર્યરૂપ જે

જળ તે તો અતિ ઝાઝું છે.

★ વચનામૃત પંચાળાનું ચોથું :

...તથા લોકાલોકાચળને વિષે ઘણાંક સ્થાનક છે તથા ઈન્દ્ર, વરુણ, કુબેર, શિવ, બ્રહ્મા એના જે સ્થાનક છે...

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૬મું :

...તેમજ વરુણની મૂર્તિમાંથી જળ પ્રકટ થાય છે તે જળ દેખાય છે અને વરુણની મૂર્તિ દેખાતી નથી પણ સમજુ હોય તે એમ જાણે જે, વરુણની મૂર્તિમાંથી સર્વે જળ છે.

★ પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ :** વરુણદેવ, ભાગ-૮ : પાના નં. ૭૯૧૩

(૨) **ઋગ્વેદ** - ૮-૪૨-૧, **અથર્વવેદ** - ૫-૨૪-૪

●

૩૫. વાયુદેવ

એ નામના તિથિદેવ છે. પવનદેવ તે પંચમહાભૂતમાંનું બીજું મહદ્ભૂત ગણાય છે. તેના અધિષ્ઠાતા દેવ વાયુદેવ કહેવાય છે. કલ્પારંભે બ્રહ્મદેવે એને પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેનું આધિપત્ય આપ્યું હતું. વળી એણે સીતાનું નિર્દોષપણું જાહેર કર્યું હતું. એણે ધર્મોપદેશ કર્યો હતો. વાયુદેવથી કુંતીને પેટે ભીમસેન જન્મ્યા હતા. વાયુમાં સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ સંસ્કાર એમ નવ ગુણો છે. વૃક્ષાદિકને કંપાવવાપણું તૃણાદિક ભેળા કરવાપણું અને શબ્દ, સ્પર્શ, ગંધ, રૂપ, રસ એ પાંચ વિષયને શ્રોત્રાદિકને પાંચ ઇન્દ્રિયો પ્રત્યે પમાડવાનું અને સર્વ ઇન્દ્રિયોનું આત્માપણું એ વાયુનું લક્ષણ છે. (૧)

જ્યારે રામચંદ્રજી વાલ્મીકિ ઋષિના આશ્રમમાં આવે છે અને સીતાનું પવિત્રપણું સાબિત કરવાનું ઉચ્ચારે છે ત્યારે દેવોને ખબર પડી કે, આજે સીતા માતા વિશુદ્ધિના સોગંદ દેવાના છે એટલે પિતામહ બ્રહ્માને આગળ કરીને સર્વે આદિત્યો, વસુઓ, વિશ્વદેવો, વાયુદેવો, નાગદેવો વગેરે આ સભામાં આવ્યા. (૨) અને સીતાજી નિર્દોષ છે તેણે કોઈ પાપ કર્યું નથી. તેની સાક્ષી પૂરી હતી. હનુમાનજી અને ભીમ તેમના પુત્ર ગણાય છે. જોકે અંજની અને કુંતી દેવીના ગર્ભથી તે વાયુદેવના અંશથી જન્મ્યા છે. (૩)

★ શ્રીહરિએ **વચનામૃત ગઢડા પ્રથમના ૬૫**માં વાયુદેવનો ઉલ્લેખ કરેલ છે : પરમાનંદ સ્વામીના સુષુમ્ણા નાડીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે, ...અને વાક્ ઇન્દ્રિયના અંતને પામે ત્યારે અગ્નિદેવને પામે છે અને ત્વચાના અંતને પામે ત્યારે વાયુદેવને પામે છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૮, પાના નં. ૮૦૦૩

(૨) **વાલ્મીકિ રામાયણ**, પ્રવીણ પુસ્તક ભંડાર, વર્ષ ૨૦૦૫, પાના નં. ૯૯૩ (ઉત્તર કાંડ : સ. ૯૭.૧થી ૧૪)

(૩) **યજુર્વેદ** - ૩૬.૯, **અથર્વવેદ** - ૧૯.૯.૬.

૩૬. અપ્સરાઓ

અપ્સરાઓ વિષે શ્રીહરિ વચનામૃતમાં કહે છે :

★ વચનામૃત પંચાળાનું ૩જું :

...જેમ સોળ હજારને એકસો જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી. તેમણે બ્રહ્મા પાસે વર માગ્યો, જે મહારાજ ! અમે દેવ, દૈત્ય અને મનુષ્ય એ સર્વેનો સ્પર્શ કર્યો છે. પણ જે નારાયણ પુરુષ છે તેનો પતિભાવે સ્પર્શ નથી કર્યો, માટે એવી કૃપા કરો જે એ અમારા પતિ થાય. પછી બ્રહ્માએ કહ્યું જે, તમે તપ કરો. તમારા પતિ નારાયણ થશે. ત્યારે તેમણે ઘણું તપ કર્યું. પછી તેમની ઉપર અષ્ટાવક્ર ઋષિ તથા નારદમુનિ તે પણ પ્રસન્ન થયા ને વર આપ્યો જે તમારા પતિ નારાયણ થશે. એવી રીતે જન્માંતરે ઘણુંક તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી.

અપ્સરા વિષે વધુ જાણીએ :

દેવ-દાનવોએ સમુદ્ર મંથન કર્યું ત્યારે તેમાંથી અપ્સરા પ્રગટ થઈ. જે ઇન્દ્ર લઈ ગયા. તે સભામાં નૃત્ય કરી ઇન્દ્રને રીઝવતી. **કાશીખંડ** પ્રમાણે સાડા ત્રણ કરોડ અપ્સરા છે. પરંતુ તેમાં રંભા, ઉર્વશી, તિલોત્તમા અને મેનકા વગેરે ૧૦૬૦ મુખ્ય છે. તેઓ ગંધર્વની સ્ત્રીઓ મનાય છે. જે શૂરવીર પુરુષ યુદ્ધમાં મરણ પામે તેને ઇનામ બદલ અપ્સરા વરમાળા પહેરાવે છે. તેઓમાં મનુષ્યને પ્રેમઘેલા કરવાની અને ઇચ્છેલું રૂપ ધારણ કરવાની શક્તિ હોય છે. જ્યારે કોઈ તપ કરનાર ઇન્દ્રાસન લઈ જશે એમ ઇન્દ્રને બીક લાગે છે ત્યારે તપમાં ભંગ પડાવવા ઇન્દ્ર અપ્સરાને તે તપસ્વી પાસે મોકલે છે. (૧)

યજ્ઞ ભગવાનના સૌંદર્યથી વિમોહિત થયેલી દેવાંગનાઓ (અપ્સરા) એ પણ તપ કરીને પ્રભુને રાજી કરીને દ્વાપર યુગના અંતમાં ગોપી બનવાનો અધિકાર પ્રભુ પાસેથી મેળવેલો. તેમ વેદની શ્રુતિઓએ પણ ગોપી બનવાનું વરદાન પ્રાપ્ત કરેલ છે. (૨)

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૧ : પાના નં. ૩૭૫

(૨) **भक्त चरितांक** : ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૨૪૬થી ૨૫૩.

૩૭. કુબેર

મનુષ્યભાવમાં દીવ્યભાવના **પંચાળાના ૪થા વચનામૃત**માં મુનિબાવાના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ ભગવાનના રૂપ અને ભગવાનના ધામ આગળ ઈન્દ્ર, વરુણ, કુબેર ... ના સ્થાનકની ઉપમા ન આપી શકાય.

કુબેરના સ્થાનક એટલે કે કુબેર વિષે જાણીએ :

કુબેરનો સાદો અર્થ : પૈસાદાર માણસ

કુબેર ઈન્દ્રના નવનિધિના ભંડારી દેવતા, યક્ષોના રાજા, દેવોના ખજાનચી અને મહાદેવના મિત્ર ગણાય છે. તેમના પિતાનું નામ વિશ્રવસ ઋષિ અને માતાનું નામ ઈલાવિલા છે. કુબેરના પત્નીનું નામ યાક્ષી, ચાર્વી કે કૌબેરી છે. નલકુબેર તેના પુત્રનું નામ, અને મીનાક્ષી તેની પુત્રી છે. કુબેર ધનના રક્ષક અને ઉત્તર દિશાના રક્ષક દેવ છે. યક્ષો તેની આસપાસ વીંટળાઈને રહે છે. તેઓ સોનેરી વસ્ત્રો પહેરે છે. પીળો ઘોડો અને હાથમાં સોનાની ઢાલ રાખે છે. કુબેર રાવણનો ઓરમાન ભાઈ થાય. કુબેરની નગરી અલકા નગરી કહેવાય છે. અલકાને પ્રભા, વસુંધરા અને વસુસ્થલિ કહે છે. તેના બગીચાનું નામ ચૈત્રરક્ષ છે. બ્રહ્માએ તેને પુષ્પક વિમાન આપ્યું છે. દશ હજાર વર્ષ તપ કરવાથી બ્રહ્માએ તેને વરદાનરૂપે લંકાનું રાજ્ય આપ્યું હતું. કુબેરને એક આંખની જગ્યાએ પીળું ચાઠું, ત્રણ પગ અને આઠ દાંત છે. તેના નામનો અર્થ દુષ્ટ શરીર થાય છે. તેની પૂજા થતી નથી. તેની મૂર્તિ નથી. ધન મેળવનાર હિંદુઓ લક્ષ્મી કે ગણેશની પૂજા કરે છે. તેના ઘણાં નામો પૈકીનું એક નામ સૌમ્ય છે. તે ઉપરથી ઉત્તર દિશાનું નામ સૌમ્ય છે. (૧)

એક અન્ય કથા મુજબ...

બ્રહ્માજી રાવણના પિતામહ હતા. તેમના પ્રિય માનસપુત્ર પુલત્સ્યજી હતા. પુલસ્ત્યની પત્નીનું નામ ગૌ હતું. તેમનાથી વૈશ્રવણ (કુબેર) નામનો પુત્ર થયો.

તે પિતાને છોડીને પિતામહ બ્રહ્માજીની સેવામાં રહેવા લાગ્યો. આથી પુલસ્યત્યને ક્રોધ ચડ્યો તેથી તેમણે પોતાના યોગબળથી પોતાના શરીરમાંથી પોતાના જેવો બીજો પુરુષ ઉત્પન્ન કર્યો. આ અર્ધા શરીરથી તેઓ વિશ્રવા નામથી વિખ્યાત થયા. તેઓ વૈશ્રવણ ઉપર કાયમ નારાજ રહેતા હતા. પરંતુ પિતામહ બ્રહ્માજી વૈશ્રવણ ઉપર સદાય પ્રસન્ન રહેતા. તેથી અમરત્વ આપ્યું અને ધનના સ્વામી અને લોકપાલ બનાવ્યો અને મહાદેવ સાથે તેની મિત્રતા કરાવી અને નલકુબેર નામનો પુત્ર અપાવ્યો અને રાક્ષસોથી ભરેલી લંકાને કુબેરની રાજાધાની બનાવી. સાથે હરવા-ફરવા માટે પુષ્પક વિમાનની ભેટ આપી. કુબેરને યક્ષોનો સ્વામી બનાવ્યો. (૨)

પુલરવના અર્ધા શરીરથી જે વિશ્રવા નામના ઋષિ ઉત્પન્ન થયેલા તે કુબેરને ક્રોધની નજરથી જોતા હતા. આથી રાક્ષસોના સ્વામી કુબેરે પિતાને પ્રસન્ન રાખવા માટે ત્રીશ રાક્ષસ કન્યાઓને તેમની સેવામાં રાખી દીધી. અને તે બધી વિશ્રવાને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરતી. કન્યાઓની સેવાથી પ્રસન્ન થઈને બધી કન્યાઓને લોકપાલની સમાન પરાક્રમી પુત્ર થવાના આશીર્વાદ આપ્યા અને એ કન્યાઓના ઉદરે રાવણ, કુંભકર્ણ, શુર્પણખા, વિભીષણ વગેરે ઉત્પન્ન થયા. તેઓ બધાએ તપસ્યા કરી બ્રહ્માજીને પ્રસન્ન કરી યથેષ્ટ વરદાન મેળવ્યા. આમ વરદાન પ્રાપ્ત કર્યા બાદ રાવણે સૌથી પહેલા પોતાના ઓરમાન ભાઈ કુબેરની લંકા ઉપર ચઢાઈ કરી તેને જીતી લીધો અને લંકા કબજે કરી કુબેરને બહાર તગડી મૂક્યો. આથી કુબેર લંકા છોડી યક્ષ, રાક્ષસ, ગંધર્વોની સાથે ગંધમાદન પર્વત પર રહેવા લાગ્યો. કુબેર પાસેથી પુષ્પક વિમાન પણ રાવણે આંચકી લીધું. આથી કુબેરે રાવણને શાપ આપ્યો કે, વિમાન પર તું સવારી નહીં કરી શકે. જે તને મારશે તે આનો હક્કદાર થશે. હું તારો મોટો ભાઈ છું છતાં તેં મારું અપમાન કર્યું છે માટે બહુ જલદી તારો નાશ થશે.' (૨)

વિભીષણ રાક્ષસકુળનો હોવા છતાં ધર્માત્મા હતો. તેણે કાયમ કુબેરના સિદ્ધાંતોનું અનુસરણ કર્યું. તેથી કુબેરે તેના પર પ્રસન્ન થઈને તેને રાક્ષસોની સેનાનો સેનાપતિ બનાવી દીધો. (૨)

★ પંચાળાના ૪થા વચનામૃતમાં શ્રીહરિએ કુબેરનો ઉલ્લેખ કર્યો છેઃ

ઈન્દ્ર, વરુણ, કુબેર, શિવ, બ્રહ્મા એના જે સ્થાનક છે. બીજા પણ ઘણાં સ્થાનક છે. એ સર્વે માંહેલું એવું એકે સ્થાનક નથી જેની ભગવાનના ધામને વિષે ઉપમા થાય.

અક્ષરધામ પાસે કુબેરનું સ્થાનક તેનો વૈભવ ગૌણ છે. તે કઈ રીતે ગૌણ છે ? તે જાણીએ :

કુબેર ધનાધ્યક્ષ છે. તે ઉત્તર દિશામાં યક્ષલોકમાં નિવાસ કરે છે. અલકાનગરી અને સૌગંધિક વન તેના છે. તેમાં તેનો એક સો યોજન લાંબો અને સિત્તેર યોજન પહોળો પ્રાસાદ (મહેલ) છે. તેમાં તે અનેક સ્રીઓ, નિધિપ્રવરો, શંખ અને પદ્મ તેમજ અન્ય સર્વ નિધિઓથી વીંટાઈને પરમાસન પર બેસે છે. એ પાલખીમાં ફરે છે તેથી કુબેરનું નામ નરવાહન છે. કુબેરે તપ કરી બ્રહ્માને પ્રસન્ન કર્યા. તેથી બ્રહ્માએ તેને દેવત્વ, ધનાધ્યક્ષત્વ આપ્યું. કુબેરે તપ કરેલું ત્યાં કૌબેર તીર્થ થયું. તેને મણિગ્રીવ નામે બીજો પુત્ર હતો. કુબેરે અર્જુનને અન્તર્ધાનાસ્ત્ર આપેલું. જૈન અનુગમમાં તેની દિક્પતિ તરીકે પૂજા થાય છે. (૩)

★ પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ : ભાગ-૩ :** પાના નં. ૨૩૨૫

(૨) **संक्षिप्त महाभारत : वन पर्व :** પાના નં. ૩૬૧થી ૩૬૩, ગીતા પ્રેસ, ગોરખપુર

(૩) **ગુજરાતી વિશ્વકોષ : ભાગ-૪ :** પાના નં. ૭૨૫થી ૭૨૬

●

૩૮. કામદેવ

બ્રહ્માએ દેવતાઓની ઉત્પત્તિ કર્યા બાદ એક પરમ સૌંદર્યવાન અને વિચક્ષણ પુરુષ ઉત્પન્ન કર્યો તેનું નામ છે કામદેવ. તેમની ઉત્પત્તિ બાદ કામદેવને આદેશ કર્યો કે, તમે આ સ્વરૂપથી અને ફૂલના બનેલા પાંચ બાણથી સ્ત્રી અને પુરુષને મોહિત કરી આ સૃષ્ટિનું સનાતન કાર્ય આગળ ચલાવો. આ ત્રિભુવનમાં માણસ કે દેવતા કોઈ પણ તમારો તિરસ્કાર નહીં કરી શકે. તમે આ સર્વેના મનમાં પ્રવેશ કરી સૌને તમારા અંકુશમાં રાખી શકશો. જગતમાં તમારું સામ્રાજ્ય રહેશે. તમે મન્મથ નામથી વિખ્યાત થશો. ત્રણે લોકમાં તમે ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરી શકશો. આ સિવાય તમારા અનેક નામ પડશે જેમ કે, કામદેવ, મદન, અનંગ, દર્પક, મકરધ્વજ, કંદર્પ, પુષ્પધન્વા, રતિપતિ જેવા નામ ધારણ કરશો. આવું બ્રહ્માજીએ તેમને વરદાન આપ્યું. (૧)

કામદેવની પત્નીનું નામ રતિ હતું. જેઓ દક્ષના પુત્રી હતા. (૧)

એકવાર નારદજી તપસ્યા કરી રહ્યા હતા. ત્યારે તેમની તપસ્યાથી ઇન્દ્ર ચિંતામાં પડી ગયા અને નારદજીના તપનો ભંગ કરવા માટે તેમણે કામદેવને મોકલ્યા. કામદેવ વસંતને લઈને તપોભંગ કરવા માટેના મોહમય ઉપાયો કરવા લાગ્યા, પરંતુ નારદજી તેની ચેષ્ટાથી વિચલિત ન થયા અને કામદેવ નારદજી પાસે હારી ગયા, પરંતુ વાસ્તવમાં નારદજી મહાદેવજીના અનુગ્રહથી કામને જીત્યા હતા. (૧)

એકવાર મહાદેવ પણ તપ કરતા હતા ત્યારે કામદેવે તેમની તપસ્યા ભંગ કરવા ઘણાં ઉપાયો કર્યા પરંતુ કામદેવ શિવને જીતી શક્યા નહિ અને શિવે તેના પર ક્રોધ કરી તેને બાળી નાખ્યો. આથી કામદેવના પત્ની રતિએ પોતાના પતિને જીવિત કરવા માટે દેવતાઓને પ્રાર્થના કરી. ત્યારે દેવતાઓએ શિવજી પાસે પ્રાર્થના કરી કામદેવને જીવિત કરવા કહ્યું. આથી મહાદેવે કામદેવને જીવનદાન

આપ્યું અને કહ્યું કે, આ ક્ષેત્રમાં જ્યાં તમારી નજર પહોંચે તેટલા વિસ્તારમાં કામદેવના બાણોનો કોઈ પ્રભાવ નહિ પડે. (૧)

એક કથા એવી પણ છે કે,

જ્યારે સતિનો પરલોકવાસ થયો પછી શિવજીએ વિચાર કર્યો કે હવે વિવાહ ન કરવો. આવો નિશ્ચય કરી સમાધિ લગાવી. તેવામાં તારકાસુરે ઘોર તપ કરી એવું વરદાન માંગ્યું કે, મારું મોત શિવજીના પુત્રથી થાય અને પછી પોતાના બળથી તેણે દેવતાઓને સતાવવા મંડ્યા. આથી દુઃખી થયેલા દેવતાઓએ કામદેવને શિવની સમાધિનો ભંગ કરવા કહ્યું. આથી કામદેવે શિવની સમાધિ તોડાવવા તેના ઉપર બાણ છોડ્યા (પાંચ બાણ એટલે કમળ, આસોપાલવનું ફૂલ, સરસવનું ફૂલ, આંબાનો મોર અને ભૂરું કમળ એટલે કે વાતાવરણમાં આ ફૂલોની મોહક સુગંધ છોડી) પરંતુ શિવ ઉપર આની કોઈ અસર ન થઈ ઉલ્ટાનું કામદેવ ઉપર ક્રોધ કરી તેને બાળીને ભસ્મ કરી દીધો. આથી કામની પત્નિ રતિએ વિલાપ કરતા, શિવે પ્રસન્ન થઈ કહ્યું કે, કામદેવ હવે અંગ રહિત રહેશે અને દ્વારકામાં કૃષ્ણના ઘરે પ્રદ્યુમ્ન રૂપે જન્મ લેશે આથી પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર ગણાય છે. આ દેવના સન્માન માટે મહાસુદી પાંચમ (વસંત પંચમી)નો ઉત્સવ થાય છે. (૨)

શ્રીહરિએ જ્યારે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો ત્યારે પોતાના પ્રબળ પ્રતાપ અને ઐશ્વર્યથી પોતાના સંતો અને ભક્તો પાસે કામદેવનું બળ ચાલવા દીધું ન હતું. એટલે કે, સંતો નિષ્કામી વર્તમાન સહજતાથી પાળી શકતા. આજે પણ આ સંપ્રદાયમાં શ્રીહરિના અનન્ય આશ્રિત, આજ્ઞાપાલક અને શ્રદ્ધાળુ સંતો ભક્તો કામદેવથી રક્ષા પામે છે.

એટલે જ શતાનંદ મુનિએ શ્રીહરિના જનમંગલ નામાવલીમાં શ્રીહરિનું એક નામ 'કંદર્પદર્પદલનાય નમઃ' પાડ્યું છે. એટલે કે, શ્રીહરિ કામદેવના ગર્વને હણનાર છે.

શ્રીહરિએ વચનામૃતમાં કરેલ કામદેવનો ઉલ્લેખ :

★ ગઢડા પ્રથમના ૭૨માં વચનામૃતમાં :

...અને શુકજીએ તો સમજી વિચારીને ભગવાનનું ગુણગાન કર્યું જે કામદેવે બ્રહ્માદિક દેવતાને જીતીને પોતાને વશ કર્યા તેનો કામદેવને અતિશય ગર્વ

થયો. તે ગર્વને ઉતારવાની કાજે ભગવાને કામદેવને પડકાર્યો...

આની કથા એવી છે કે, શ્રીકૃષ્ણ જ્યારે ગોકુળમાં હતા ત્યારે ગોપીઓના પ્રેમ અને ભક્તિને વશ થઈ પુનમની રાત્રે તેમની ઇચ્છાની પૂર્તિ માટે રાસ રમ્યા. કામને અનુકૂળ સર્વ સંજોગો : શિતલ મધુર સુગંધીમય વાતાવરણ સામેથી ઊભા કર્યા. જે સંજોગો કામદેવના પંચ બાણ સમાન હતા. શ્રીકૃષ્ણ ગોપીઓ સંગે રાસ રમ્યા તેમ છતાં પોતે ઉર્ધ્વરેતા રહ્યા. પોતાના વીર્યનો ભંગ થવા ન દીધો. આમ, બ્રહ્મચારીની જેમ ઉર્ધ્વરેતા રહી કામદેવનો ગર્વ ઉતાર્યો. આવું સામર્થ્ય શ્રીકૃષ્ણે બતાવ્યું. ભાગવતના દશમ સ્કંધમાં આ ચરિત્રો ખૂબ વિસ્તારપૂર્વક વર્ણવેલા છે. તેથી શ્રીહરિએ પોતાના ભક્તોને નિષ્કામી થવા માટે આ સ્કંધનો પાઠ કરવાની આજ્ઞા કરી છે.

વચનામૃત ગઢડા પ્રથમના ૭૩માં ગોપાળાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,
કામનું શું રૂપ છે ? ત્યારે શ્રીહરિ કહે છે કે,
વીર્ય એ જ કામનું રૂપ છે...!

આ જ વચનામૃતમાં શ્રીકૃષ્ણ ગોપીઓને યમુના નદી પાર ઉતરવા સલાહ આપે છે કે, તમે યમુનાજીને કહેજો કે, જો શ્રીકૃષ્ણ સદા બાળ બ્રહ્મચારી હોય તો અમને માર્ગ દેજો. ગોપીઓએ યમુના નદીને આમ કહેતા જ યમુના નદીએ માર્ગ કરી દીધો. અહીં શ્રીકૃષ્ણે કામદેવને જીત્યો છે તે વાત પરોક્ષપણે કહી દેખાડી છે.

★ **પાદટીપ :**

(૧) **સંક્ષિપ્ત શિવપુરાણ :** રૂદ્ર સંહિતા. ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૩૭થી ૧૩૯ તથા ૮૭

(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૧૭૪

●

૩૯. ચંદ્ર

ભાસ્કરાચાર્યના મતે ચંદ્રમા જળમય છે. પુરાણાનુસાર જ્યારે સમુદ્રમંથન થયું ત્યારે ચૌદ રત્નો સમુદ્રમાંથી નીકળ્યા તે પૈકી ચંદ્ર પણ નીકળ્યો, જેને શિવજીએ પોતાના મસ્તક ઉપર ધારેલ છે. ચંદ્રની ગણતરી દેવતામાં થાય છે. સમુદ્ર મંથન વખતે નીકળેલા અમૃત પીવા માટે એ રાહુ નામનો અસુર ચંદ્ર અને સૂર્ય વચ્ચે આવીને બેસી ગયો. ત્યારે ચંદ્રએ તે વૃત્તાંત વિષ્ણુ ભગવાનને કહ્યું. વિષ્ણુએ ગુસ્સે થઈને એ અસુરના બે ભાગ કરી નાખ્યા. તેથી અસુર બે નામથી ઓળખાય છે, એક રાહુ અને બીજો કેતુ. તેથી આ બે અસુર ચંદ્ર ઉપર વેર રાખીને ગ્રહણ સમયે તેનો ગ્રાસ કરે છે. (૧)

ચંદ્રના શરીર ઉપર કાળા ધાબા શું કામ છે ? તેની એક કથા પ્રવર્તે છે.

પ્રજાપતિ દક્ષને ૨૭ કન્યાઓ હતી. જે બધી તેણે ચંદ્રમા સાથે પરણાવેલ. દાન કરી દીધી. એ બધી પત્નીઓમાં રોહિણી નામની પત્ની ચંદ્રને વધારે પ્રિય હતી. બીજી કન્યાઓ ઉપર ચંદ્ર વિશેષ ધ્યાન આપતા ન હતા. તેથી અન્ય પત્નીઓએ ચંદ્રથી નારાજ થઈને પોતાના પિતા દક્ષને પોતાની વેદના જણાવી. દક્ષે આ વાત ચંદ્રને કહી પણ રોહિણી પ્રત્યેના મોહને કારણે ચંદ્રએ દક્ષની સલાહ પર ધ્યાન ન આપ્યું. તેથી દક્ષે નારાજ થઈને ચંદ્રને ક્ષયરોગી થવાનો શાપ આપ્યો. તેથી ચંદ્ર દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યો. (જો ચંદ્ર ક્ષીણ થાય તો પૃથ્વી ઉપરની વનસ્પતિ સૃષ્ટિ ઉપર ચંદ્રની પોષણકૃપા થતી હોય તે ઓછી થાય આથી તે સૃષ્ટિનું અસ્તિત્વ જોખમાય) આથી બધા દેવતાઓ બ્રહ્માના શરણમાં આવીને પ્રાર્થના કરી. આથી બ્રહ્માએ તેમને પ્રભાસક્ષેત્રમાં જઈ શિવની આરાધના કરવાની વાત કરી. આથી ચંદ્રદેવે ત્યાં જઈને શિવની આરાધના

કરી તેમને પ્રસન્ન કર્યા અને ક્ષય રોગ મટાડવાની અને પ્રતિદિન વધવાની માંગણી કરી. શિવે વરદાન આપ્યું અને ચંદ્રનો ક્ષય દૂર થયો અને તેની કળા પૂર્વવત વધવા માંડી. (૨)

ચંદ્રને કલંક લાગ્યું તેની કથા એવી છે કે,

ઇન્દ્ર ગૌતમઋષિની પત્ની અહલ્યા ઉપર મોહિત થઈ ગયો. તેને મેળવવાની ઈચ્છાથી તેણે એક તરકટ રચ્યું. ચંદ્રનો સાથ લીધો કે, તારે કુકડાનું રૂપ લઈને ઋષિના આશ્રમની પાછળ મધરાતે બાંગ પોકારવી જેથી ઋષિ સવાર થયું એમ માનીને સરોવરમાં સ્નાન કરવા જશે. વળી, તારે વાદળાની ઓથ લેવાની જેથી અંધકાર થતા હું ઋષિની ઝૂંપડીમાં જઈશ. આથી ચંદ્રએ કુકડો થઈ બાંગ પોકારતા ઋષિ સ્નાન કરવા ગયા અને ઇન્દ્ર ઋષિનું રૂપ લઈને કપટ કરી ઝૂંપડીમાં જઈ અહલ્યાનું શિયળભંગ કર્યું. પરંતુ તે સમયે અચાનક ઋષિ આવી જતા તેણે ઇન્દ્રને પોતાના વેષમાં જોયો અને આખુ કપટ બહાર આવી ગયું. તેથી ઋષિ ઇન્દ્ર ઉપર ગુસ્સે થયા ને તેને હજાર યોનિ થશે તેવો શાપ આપ્યો. ઋષિને ખબર પડી કે ચંદ્રએ આ અધમ કાર્યમાં સાથ આપ્યો છે. તેથી ઋષિએ પોતાના કમંડળ અને મૃગચર્મથી ચંદ્રને માર મારતા તેના શરીર પર ડાઘ પડી ગયા. વળી ઋષિની પત્નીના શિયળભંગના કૃત્યમાં ચંદ્રનો આડકતરો સાથ હતો તેથી તેના આ અધમ કાર્ય બદલ ચંદ્રને પણ ઇન્દ્રની સાથે કલંક લાગ્યું.

★ **શ્રીહરિ ગઢડા પ્રથમના ૨૩માં** વચનામૃતમાં કહે છે કે, ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પોતાના જીવને જુદો માનવો... અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા... અને ઇન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યા.

શ્રીહરિ કહે છે કે ચંદ્રને એવી સ્થિતિ ન હતી તો તેમને કલંક લાગ્યા. ચંદ્રને કેવી રીતે, શું કલંક લાગ્યું તે કથા જોઈએ : દેવોના ગુરુ બૃહસ્પતિ તો છે જ. પણ દેવોના ગુરુ તરીકે અનિમિષાચાર્ય, અક્ષસ, ઈજય, ઇંદ્રેજય પણ છે. ચંદ્ર તેમની પત્ની તારાનું હરણ કરી ગયો. તેથી તારકામય નામનું મોટું યુદ્ધ થયું. સોમની તરફેણમાં દાનવો ગયા અને બૃહસ્પતિની તરફે દેવતાઓ આવ્યા. છેવટે ઘોર યુદ્ધ પછી બ્રહ્માએ ચંદ્રને આદેશ કર્યો કે તે તારાને પાછી સોંપે. આથી તારા પતિ

બૃહસ્પતિને ઘેર આવી. ત્યારે ગર્ભિણી હતી. તેને એક દિવ્ય પુત્ર આવ્યો જેનું નામ બુધ પાડ્યું. પરંતુ બંને બૃહસ્પતિ અને સોમ તે પુત્ર પોતાનો છે તેમ વિવાદ કરવા લાગ્યા. પછી બ્રહ્માના કહેવાથી તારાએ કબૂલ્યું કે આ પુત્ર સોમનો છે. ગુરુપત્ની તો પૂજવાલાયક હોય છતાં સોમે (ચંદ્રએ) આવું નીંદનીય કામ કર્યું. (૩) તેથી તે કલંકને પામ્યા. તેવું કહેવાનો શ્રીહરિનો આશય છે.

કારિયાણીના ૧લા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, જીવ કેવો છે ? તો બુદ્ધિએ જે નિશ્ચય કર્યો તેને જાણે ... અને મનના સંકલ્પને જાણે અને તે મનના સંકલ્પની વિગતિનો કરનારો જે ચંદ્રમાં તેને પણ જાણે છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૪, પાના નં. ૩૧૫૧

(૨) **અવતાર કથાંક :** ગીતા પ્રેસ, ગોરખપુર. અંક ૮૧/૧, વર્ષ-૨૦૦૭, પાના નં. ૩૦૪થી ૩૦૫

(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૭, પાના નં. ૬૪૨૮થી ૬૪૨૯

●

૪૦. જય વિજય

વિવેક અને સમજણ ન હોય તો ભગવાનના દ્વારે સેવા કરનાર પણ પતનને આરે પહોંચી જતા હોય છે. જીવ ભલે પ્રભુના દ્વારે આવ્યો હોય તેમ છતાં ભગવાન તેની સર્વ પ્રકારે ખબર રખાવી તેને તેની ભૂલ પ્રત્યે દંડ દઈને પણ તેનું સારું કરે છે. ભગવાન અને સંતનું માહાત્મ્ય બતાવવા પોતાના સેવકને શિક્ષા કરતા અચકાણા નથી તેનું દૃષ્ટાંત જય-વિજય છે.

તો, **જય વિજય વિષે જાણીએ.**

જય વિજય તે ભગવાન વિષ્ણુના પાર્ષદ હતા. વૈકુંઠ લોકમાં પ્રભુના દ્વારે દ્વારપાળ તરીકે સેવા કરતા. એકવાર સનકાદિક ઋષિ પ્રભુને મળવા આવ્યા. ત્યારે સનકાદિક ઋષિની શારીરિક સ્થિતિ જોઈને જય વિજયે તેમને પ્રભુ પાસે જતા અટકાવ્યા. કેમકે સનકાદિક ઋષિને સંસારના કોઈ ભાવ અડ્યા ન હતા. તેમનામાં વિકાર ન હતો. તેઓને સ્ત્રી-પુરુષના ભેદની ખબર ન હતી. તેથી સદાય દિગંબર અવસ્થામાં જ રહેતા. જય વિજયને ઋષિની આવી દિવ્ય સ્થિતિની જાણ ન હતી. તેથી દર્શન કરવા જવાની ના પાડી. બંને વચ્ચે ચડસાચડસી થઈ તેમાં સનકાદિકે જય વિજય ઉપર ગુસ્સે થઈને શાપ આપ્યો કે તમે સો જન્મ લઈ દુ:ખને પામો. (૧)

ત્યારબાદ જય વિજયને તેમની ભૂલ પ્રત્યે ભાન થતાં તેમણે ઋષિ પાસે માફી માંગી આથી ઋષિએ તેમને માફ કર્યા પરંતુ પોતાનો શાપ મિથ્યા નહીં થાય એટલે ત્રણ જન્મ અસુરના આપ્યા અને તે રાક્ષસ દેહમાં પ્રભુનું વૈર ભાવે ભજન કરી પછી તેમની મુક્તિ થશે તેવો અનુગ્રહ કર્યો. પછી જય-વિજયને રાક્ષસકુળમાં ત્રણ જન્મો લેવા પડ્યા : જેમાં જયે હિરણ્યાક્ષ, રાવણ અને શિશુપાલ રૂપે જન્મ લીધો. અને વિજયને હિરણ્યકશિપુ, કુંભકર્ણ અને કંસ રૂપે જન્મ લીધો. બંને ભાઈઓએ ત્રણે જન્મમાં ભગવાન સાથે વેર રાખ્યું અને વેરભાવે પ્રભુનું ભજન કર્યું અને અંતે ભગવાનના હાથે મરાઈને મોક્ષગતિને પામ્યા. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં ૫ જગ્યાએ જયવિજયને યાદ કર્યા છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમ ૩૫ :**

શ્રીહરિ કહે છે કે, એક ક્રોધ, બીજું માન, ત્રીજું ઈર્ષા, ચોથું કપટ. આ ચાર વાના પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહિ તો કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ થાય નહિ અને ચારે વાના માંહેલું એકે જો રાખે તો જેમ જય-વિજય ઘણાંય ડાહ્યા હતા પણ સનકાદિક સંગાથે માને કરીને વૈકુંઠ લોકમાંથી પડી ગયા ને આસુરી બુદ્ધિ થઈ ગઈ.

★ સારંગપુરના ૧૪મા વચનામૃતમાં :

સ્વયંપ્રકાશાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે, જયવિજય વૈકુંઠમાંથી પડ્યા એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારું પાડ્યા જે સનકાદિક જેવા સંતનો દ્રોહ કરે તો વૈકુંઠાદિક ધામને પામ્યો હોય તોય પડી જાય. અને જય વિજય તો પાછા ત્રીજે જન્મે વૈકુંઠધામમાં પહોંચ્યા. માટે એ પડ્યા ન કહેવાય.

★ વચનામૃત ગઢડા મધ્ય ૨૭ :

મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં શ્રીહરિ કહે છે કે,

...અને જય વિજય હતા તેણે જો અયોગ્ય ક્રિયા કરી તો જે ઠેકાણે કાળ, કર્મ ને માયા નથી એવું જે ભગવાનનું ધામ ત્યાંથી પડી ગયા.

★ વડતાલ ૧૫મું વચનામૃત :

શોભારામ શાસ્ત્રીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે,

...કેટલાક દૈવી જીવ અને આસુરી જીવ છે. તે તો જેવા જેવા કર્મ કરતા જાય છે. તેવા તેવા ભાવને પામતા જાય છે. તેમાં આસુરભાવ વિષે ને દૈવીભાવને વિષે મુખ્ય હેતુ તો સત્પુરુષનો કોપ ને અનુગ્રહ છે. જેમ જય-વિજય ભગવાનના પાર્ષદ હતા તેણે સત્પુરુષ એવા જે સનકાદિક તેનો દ્રોહ કર્યો ત્યારે આસુર ભાવને પામી ગયા.

★ વચનામૃત ગઢડા અંત્ય ૨૨ :

મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે,

...અને જ્યારે વૈકુંઠલોકમાં જયવિજયે સનકાદિકનું અપમાન કર્યું ત્યારે ભગવાન તત્કાળ સનકાદિક પાસે આવ્યા ને સનકાદિક પ્રત્યે એમ બોલ્યા જે, તમારા જેવા સાધુ છે તેનો જે દ્રોહ કરે તો તે મારા શત્રુ છે. માટે તમે જય-વિજયને શાપ દીધો એ બહુ સારું કર્યું.

★ પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૪, પાના નં. ૩૪૩૫ તથા
શ્રીમદ્ ભાગવત્ : ગીતા પ્રેસ, ગોરખપુર. અધ્યાય-૧૫, ૧૬. સ્કંધ : ત્રીજો સ્કંધ.

૪૧. દક્ષ

દક્ષ એ પ્રજાપતિ ગણાય છે. જેઓ બ્રહ્માજીના પુત્ર હતા. દક્ષ પાર્વતીજીના પિતા હતા. દક્ષે મનુની પુત્રી પ્રસૂતિ સાથે લગ્ન કરેલ. તેનાથી તેમને ૧૬ પુત્રીઓ થઈ. દક્ષે તેમાંથી તેર પુત્રીઓ ધર્મને, એક અગ્નિદેવને, એક સમસ્ત પિતૃગણને અને એક પુત્રી મહાદેવને અર્પણ કરી. (૧)

★ **વચનામૃત ગઢડા મધ્યના ૬૧માં** શ્રીહરિ કહે છે કે,

...જ્યારે બ્રહ્માની સભામાં દક્ષ પ્રજાપતિ આવ્યા ત્યારે શિવજી ઊભા ન થયા અને વચને કરીને પણ દક્ષનું સન્માન ન થયું. પછી દક્ષને રીસ ચડી તે શિવનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો. પછી નંદીશ્વર અને ભૃગુઋષિને સામસામા શાપ થયા. પછી તે પાપમાં સતી દક્ષના યજ્ઞમાં બળી મૂવા. વીરભદ્રે દક્ષનું માથું કાપીને અગ્નિમાં હોમ્યું અને દક્ષનું મુખ બકરાનું થયું.

આ પ્રસંગની કથા જાણીએ :

એકવાર પ્રજાપતિઓની સભામાં બધા ઋષિઓ, દેવતાઓ ગયા. તે સમયે દક્ષ પ્રજાપતિ ત્યાં આવ્યા. તે સમયે બ્રહ્માજી વગેરે દેવતાઓ સભામાં હતા. દક્ષને આવતા જાણી દેવોએ ઊભા થઈને દક્ષનું અભિવાદન કર્યું. પરંતુ તે સમયે શિવ ભગવાનના ધ્યાનમાં બેઠા હોવાથી તેમને દક્ષના આગમનની ખબર ન હતી. આથી તેઓ દક્ષનું સન્માન કરી શક્યા નહિ. આથી દક્ષ તેમના પર નારાજ થયા કે શિવ તો મારા જમાઈ છે તો પણ ઊભા ન થયા. આથી તેમને પોતાનું અપમાન થયું લાગ્યું. તેમણે સભામાં શિવની નિંદા કરી અને શિવનું હીણું દેખાડવા પોતે એક મોટા યજ્ઞનું આયોજન થયેલું. જેમાં તેમણે શિવને આમંત્રણ પણ ન આપ્યું કે, યજ્ઞમાં ભાગ પણ ન રાખ્યો. આ બાજુ પાર્વતીજીને ખબર પડી કે, પોતાના પિતાજીના ઘરે યજ્ઞ થાય છે. તેથી તેમણે પોતાને યજ્ઞમાં જવા દેવાની રજા માંગી. ત્યારે શિવે કહ્યું કે, આપણને આમંત્રણ નથી તેથી ન જવાય ત્યારે પાર્વતીજી કહે,

પિતાને ત્યાં વગર આમંત્રણે જવામાં વાંધો નહિ. તેથી શિવની અનિચ્છા હોવા છતાં પાર્વતીજી યજ્ઞમાં ગયા. પણ તેમના પિતાએ પાર્વતીજીને બોલાવ્યા નહિ. વળી શિવનો યજ્ઞમાં ભાગ પણ ન હતો. શિવનું અપમાન કરવા જ આ યજ્ઞનું આયોજન થયેલું. તેવું લાગતા પાર્વતીજી ક્રોધે ભરાયા. તેમનાથી શિવનું અપમાન સહન ન થયું અને પોતે યોગાગ્નિ વડે પોતાના દેહનો ત્યાગ કર્યો. શિવને પાર્વતીજીના અગ્નિસ્નાનની ખબર પડતા તે પણ ક્રોધે ભરાયા અને દક્ષને શિક્ષા કરવા માટે અને તેના યજ્ઞનો ધ્વંસ કરવા માટે પોતાના ગણોને અને વીરભદ્રને મોકલ્યા. યજ્ઞશાળામાં જઈ ગણોએ યજ્ઞનો ધ્વંસ કર્યો. ભૂદેવોને માર્યા. યજ્ઞશાળાને નેસ્તનાબૂદ કરી નાખી. ભૃગુજી હાથમાં સ્રુવા લઈને હવન કરી રહ્યા હતા. વીરભદ્રે તેમની દાઢી-મૂંછ ખેંચી લીધી, કારણ કે તેમણે પ્રજાપતિઓની સભામાં મૂછો આમળીને મહાદેવજીનો ઉપહાસ કર્યો હતો. પછી દક્ષનું મસ્તક કાપી યજ્ઞના દક્ષિણાગ્નિમાં નાંખી દીધું. (૧)

ભૃગુ ઋષિ અને નંદીશ્વરને સામસામા શાપ થયા. ભૃગુ ઋષિ અને નંદીશ્વરે સામસામા શું શાપ આપ્યા તે જોઈએ. દક્ષના યજ્ઞમાં અન્ય ભૂદેવો યજ્ઞ કરાવવા ન આવ્યા. યજ્ઞમાં મહાદેવનો ભાગ ન હતો તેથી મહાદેવ કોપાયમાન થશે એ બીકે બીજા ભૂદેવોએ યજ્ઞમાં આવવાનું ટાળ્યું. તેથી દક્ષે દક્ષિણાની લાલચ આપી ભૃગુ ઋષિને યજ્ઞ કરવા બોલાવ્યા. નંદીશ્વરે આ જોયું અને તે ક્રોધે ભરાયા અને તેણે ઋષિને શાપ આપ્યો : 'આ મર્ત્ય શરીરનું જ અભિમાન કરીને કોઈની પણ સાથે દ્વૈષ નહિ કરનારા ભગવાન શંકર સાથે જે દ્વૈષ કરે છે તે ભેદબુદ્ધિવાળો મૂર્ખ તત્ત્વજ્ઞાનથી વિમુખ રહે. દક્ષ સાક્ષાત્ પશુ જેવો છે. તેથી તે અત્યંત સ્ત્રી લંપટ થાય અને તેનું મોં બકરાનું થઈ જાય. (૩)

તો સામે પક્ષે ભૃગુઋષિએ પણ નંદીશ્વરને શાપ આપ્યો :

જે શિવભક્ત છે તેઓ સત્ શાસ્ત્રના વિરોધી આચરણ કરનારા અને પાખંડી થાય અને આ પાંખડીઓ જ્યાં તમારા ઈષ્ટદેવ મહાદેવ નિવાસ કરે છે તે ભૂતોના નિવાસમાં જઈને વસો. (૩)

આ રીતે નંદીશ્વરે બ્રાહ્મણોને પણ શાપ આપ્યો કે, ભક્ષ્ય-અભક્ષ્યનો વિચાર ત્યજીને કેવળ પેટ ભરવા માટે જ જેઓ વિદ્યા-તપ અને વ્રતનો આશરો લે છે તેઓ દુનિયામાં ભીખ માગતા ભટક્યા કરે. (૩)

શિવનો ક્રોધ જોઈને બધા દેવો ભયભીત થઈ ગયા અને તેમને શાંત પાડવા માટે બધા કૈલાસ ગયા. ત્યાં સૌએ શિવની સ્તુતિ કરી શિવને મનાવ્યા. આથી શિવ યજ્ઞમાં આવ્યા. શિવે દક્ષ ઉપર અનુગ્રહ કર્યો. બધા ઘવાયેલા અનુચરોના હાથ-પગ પૂર્વવત્ થઈ ગયા. દક્ષનું માથું યજ્ઞમાં બળી ગયું હતું, તેથી બકરાનું મુખ લઈને દક્ષના ધડ સાથે જોડી દીધું અને દક્ષ પૂર્વવત થઈ ગયા. ભૃગુજીની દાઢી ખેંચી કાઢી હતી ત્યાં બકરાના જેવી દાઢી-મૂંછ થઈ ગયા. દક્ષે શિવની સ્તુતિ કરી ક્ષમા માંગી અને શિવ દ્વારા યજ્ઞ સંપન્ન થયો. (૨)

આ યજ્ઞ સ્વયંભૂ મન્વંતરમાં બ્રહ્મપુત્ર દક્ષ પ્રજાપતિએ કર્યો હતો. (૧)

★ **વચનામૃત ગઢડા પ્રથમના ૧૩**માં શ્રીહરિ કહે છે કે,

...અને ષાદ્મકલ્પને વિષે તો એ ભગવાન બ્રહ્મારૂપે કરીને મરીચ્યાદિકને સૃજતા હવા અને કશ્યપ અને દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય અને પશુ-પક્ષ્યાદિક જે જીવ તેને સૃજતા હવા.

★ **પાદટીપ :**

(૧) **શ્રીમદ્ ભાગવત :** ભાગ-૧, સ્કંધ, ચતુર્થ : અધ્યાય-૧, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૩૨૫

(૨) **શ્રીમદ્ ભાગવત :** ભાગ-૧, સ્કંધ : ચતુર્થ. પાના નં. ૩૪૬

(૩) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ-૪, અધ્યાય-૨, શ્લોક નં. ૨૧થી ૨૩, ગીતા પ્રેસ.
શ્રીમદ્ ભાગવત : સ્કંધ-૪, અધ્યાય-૨, શ્લોક નં. ૨૮થી ૩૨

●

૪૨. પ્રજાપતિ

જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઇચ્છાશક્તિના **ગઢડા પ્રથમના ૬૫**માં વચનામૃતમાં શ્રીહરિએ પ્રજાપતિનો ઉલ્લેખ કર્યો છે.

સૃષ્ટિની ઉત્પત્તિના અધિષ્ઠાતા દેવ કે સૃષ્ટિકર્તા પ્રજાપતિ ગણાય છે. વેદો અને ઉપનિષદોથી માંડીને પુરાણ સુધીમાં પ્રજાપતિના સંબંધમાં અનેક જાતની કથાઓ છે. વૈદિક કાળમાં પ્રજાપતિ એક વૈદિક દેવતા હતા અને તેને બ્રહ્માના પુત્ર તથા સૃષ્ટિકર્તા માનવામાં આવે છે. (૧)

તૈત્તિરીય ઉપનિષદમા લખ્યું છે કે, બ્રહ્માના પુત્ર પ્રજાપતિ સૃષ્ટિ ઉત્પન્ન કરવા માયાને વશ થઈ ભિન્ન ભિન્ન શરીરોમાં બંધાઈ ગયા હતા અને દેવતાઓએ અશ્વમેઘ યજ્ઞ કરી તેમને શરીરથી મુક્ત કર્યા હતા. (૧)

પુરાણોમાં બ્રહ્માના પુત્ર અનેક પ્રજાપતિઓનો ઉલ્લેખ છે. કેટલાક ઠેકાણે દશ પ્રજાપતિ કહેલા છે, તો કેટલાક ઠેકાણે એકવીશ પ્રજાપતિ કહેલા છે. (૧)

★ **પાદટીપ :**

(૧) **પ્રજાપતિ :** ભગવત્ ગો. મંડળ ભાગ : ૬, પાના નં. ૫૮૭૭

●

૪૩. મરીચિ

ભગવાને પોતાનું ઓજસ જ્યાં સ્થાપિત કર્યું તે સુવર્ણમય ઈંડાના રૂપમાં જલમાં તરવા લાગ્યું. તેમાંથી સાક્ષાત્ બ્રહ્માજી પ્રગટ થયા. આ રીતે ભગવાન હિરણ્યગર્ભને એક વર્ષ સુધી આ ઈંડામાં નિવાસ કરાવ્યો, પછી તેના બે ભાગ કર્યા. એકનું નામ દ્યુલોક અને બીજું ભૂલોક થયું. બે ભાગોની વચમાં આકાશની સૃષ્ટિ કરી અને જળ ઉપર તરતી પૃથ્વીને રાખી. પછી બ્રહ્માએ પોતાની ભૂજાથી ઉપર અને નીચે ભૂતોને ઉત્પન્ન કર્યા. સનત્કુમારની ઉત્પત્તિ થઈ તથા ક્રોધથી પ્રગટ થનારા રૂદ્રને જન્મ આપ્યો. પછી મરીચિ, અત્રિ, અંગીરા, પુલસ્ત્ય, પુલદ, ક્રતુ અને વસિષ્ઠ આ સાત બ્રહ્મપુત્રોને મનથી ઉત્પન્ન કર્યા. (૧)

મરીચિ ઋષિ કર્દમ કન્યા કલા સાથે પરણ્યા હતા. તેથી તેમને કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયા. તેમને ઉર્ણા નામની બીજી પત્ની પણ હતી, જેમનાથી તેમને છ પુત્રો થયેલા. (૨)

★ શ્રીહરિએ **ગઢડા પ્રથમના ૧૩માં વચનામૃત**માં કહ્યું છે કે,

...પાદ્મ કલ્પને વિષે તો એ ભગવાન બ્રહ્મારૂપે કરીને મરીચ્યાદિકને સૃજતા હવા.

★ એ રીતે **વચનામૃત ગઢડા પ્રથમના ૪૧માં** કહ્યું છે કે,

...અને પુરુષોત્તમ ભગવાન જે તે ... જેવા વિરાટ પુરુષમાં છે તેવા બ્રહ્મામાં નથી ને જેવા બ્રહ્મામાં છે તેવા મરીચ્યાદિકમાં નથી. જેવા મરીચ્યાદિકમાં છે તેવા કશ્યપમાં નથી.

★ **પાદટીપ :**

(૧) **અગ્નિપુરાણ :** વેદવ્યાસ પ્રણિત : ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૨૮થી ૨૯

(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૭, પાના નં. ૬૯૯૬

●

૪૪. યમરાજા

નિર્વિકારી રહ્યાના **લોયાના ૧૦માં વચનામૃત**માં મુક્તાનંદ સ્વામીએ મોક્ષને કરે એવી જે વિદ્યારૂપ માયા તે કેવી રીતે દુઃખદાયી છે ? એ પ્રશ્નનો ઉત્તર શ્રીહરિ કરે છે કે, જેમ યમરાજાનું રૂપ તે પાપી જીવને અતિ ભયાનક અને દુઃખદાયી જણાય છે અને પુણ્યવાળાને યમરાજાનું રૂપ અતિશય સુખદાયી જણાય છે. તેમ માયા ભગવાનના ભક્તને અતિશય સુખદાયી છે.

યમરાજા વિષે જાણીએ :

યમરાજાના ઘણા નામો છે : ધર્મરાજા, કૃતાંત, યમુનાભ્રાતૃ, સમવર્તી, કાલ, દંડધર, વૈવસ્વત (વૈવસ્વત મનુના પુત્ર) અંતક વગેરે. (૧)

જ્યારે યમનાદૂત હાથમાં દંડ લઈને મૃત્યુલોકના માનવીને અંતકાળે તેડવા જાય છે. ત્યારે યમરાજા યમદૂતોને કાનમાં એ વાત સમજાવે છે કે, જે લોકો ભગવાનની કથા સાંભળે છે, ભગવાનને માને છે તેના દર્શન પૂજા કરે છે. જેઓ આસ્તિક છે. તેવા લોકોની પાસે તમે ન જતા. તેને તમે છોડી દેજો. કેમકે હું સંસારના બીજા જીવોને તેના કર્મ પ્રમાણે દંડ આપું છું. પણ ભગવાનના ભક્તોને દંડ દેવાની મારામાં શક્તિ-સત્તા નથી. (૨)

યમરાજા સૂર્યનારાયણના પુત્ર છે. તેની માતાનું નામ સંજ્ઞા છે જે વિશ્વકર્માની પુત્રી કહેવાય છે. યમરાજા હાથમાં ભયંકર દંડશસ્ત્ર ધારણ કરે છે. તેમનું વાહન પાડો છે. બ્રહ્માજીની આજ્ઞા અનુસાર મનુષ્યોને તેના કર્મનું ફળ તેઓ આપે છે. ભલે તેઓ ભગવાનના અંશ છે અને કારકપુરુષ છે. કલ્પાન્તક સુધી તેઓ સંયમની પુરીમાં રહીને જીવોને તેના કર્માનુસાર ફળ આપે છે. (૨)

પુણ્યશાળી જીવોને ધર્મરાજા સૌમ્યવેષે દેખાય છે. આ જીવોને યમના દૂતો ખૂબ આદરપૂર્વક ધર્મરાજા પાસે લઈ જાય છે અને તેઓને જીવના પુણ્ય અનુસાર ઉચ્ચ લોકમાં મોકલે છે. પરંતુ પાપીઓને ધર્મરાજા ઉગ્ર સ્વરૂપમાં દેખાય છે. યમના દૂતો તેના કર્મ અનુસાર જીવોને યમયાતના આપે છે. તે પણ દયા કરીને. કેમકે

જીવને યમયાતના ભોગવાવી તેના પાપોનો ક્ષય કરે છે. પછી જીવ ચોખ્ખો થાય છે અને તેને ફરી વાર પૃથ્વી ઉપર જન્મ લેવા મોકલે છે. જીવને ફરી વાર જન્મ લઈ પુણ્ય કમાઈ, પ્રભુની ભક્તિ કરી તે પુણ્યશાળી બનવાની જીવને તક આપે છે. એ દૃષ્ટિએ યમરાજા અને યમના દૂતો દયાળુ છે.

શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધના ૨૬મા અધ્યાયમાં નરક વિષે વિસ્તૃત વર્ણન કરેલ છે. નરકની સંખ્યા ૨૮ છે. જેમાં જીવ પોતાની પાપ કર્મો અનુસાર અલગ-અલગ પ્રકારે સજા ભોગવી દુઃખ ભોગવે છે.

એટલે કામ, ક્રોધ, મોહ અને સંસારમાં આસક્ત અને શાસ્ત્રવિરુદ્ધ વર્તન કરનારા, પ્રભુની આજ્ઞા નહીં માનનારા પાપી, નાસ્તિક જીવો નરકના અધિકારી છે.

શ્રીમદ્ ભાગવતના ૬ઠ્ઠા સ્કંધના ૩જા અધ્યાયમાં ૨૯મા શ્લોકમાં યમરાજાની કથન વિષે વાત આવે છે.

શ્લોક - ૨૯ : જેમની જીભ ભગવાનના ગુણો અને તેમના નામોનું ઉચ્ચારણ કરતી નથી. જેમનું ચિત્ત ભગવાનના ચરણકમળોનું ચિંતન કરતું નથી અને જેમનું મસ્તક એકવાર પણ ભગવાનના ચરણોમાં નમતું નથી તેવા, ભગવાનની સેવાથી વિમુખ પાપીઓને જ મારી પાસે લાવતા રહો.

કારતક સુદ-૨ યમ દ્વિતીયા કહેવાય છે. જે ભાઈ-બીજનો દિવસ છે. આ દિવસે ભાઈ-બહેનના ઘરે જમવા જાય છે અને બેનને વસ્ત્ર અલંકાર આપી રાજી કરે છે. તે સાથે ભાઈને આશીર્વાદ આપે છે કે, તેને યમરાજા દુઃખ ન આપે. આ પ્રથા સૌપ્રથમ ત્યારથી શરૂ થઈ કે, જ્યારે યમરાજાના બહેન યમુનાએ તેના ભાઈ યમરાજાને આ દિવસે પોતાના ઘરે જમવા તેડાવી તેના ભાઈ યમ પાસેથી આવું વચન લઈ લીધેલ કે આ દિવસે બેનને ઘરે જમવા આવેલ ભાઈને યમનું તેડું નહીં આવે. (૩)

★ **પાદટીપ :**

(૧) **अमरकोष :** શ્લોક : ૫૮-૫૯

(૨) **भक्त चरितांक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૬, વિશેષાંક. પાના નં. ૪૪

(૩) **ભગવત્ ગો. મંડળ : ભાગ-૮ :** પાના નં. ૭૪૪૧

●

૪૫. રાહુ

આકાશના નવ ગ્રહોમાંનો એક ગ્રહ રાહુ છે. પણ તેની ગ્રહ તરીકે નહિ પણ આધ્યાત્મિક સંદર્ભમાં તેની ચર્ચા કરવાની છે.

રાહુ નામનો એક દૈત્ય. માતાનું નામ સિંહિકા હતું. તેમના માતા પ્રહલાદના બેન થતા હતા. રાહુને ચાર હાથ અને નીચેના ભાગમાં એક પૂંછડી છે. તે અસુર બહુ ખેપાની છે. જ્યારે સમુદ્ર મંથન થયું ત્યારે અમૃતનો કુંભ નીકળ્યો અને તે અમૃત પીવા માટે દેવ અને દાનવો વચ્ચે કલહ થયો. દાનવોએ તે કળશ ધન્વંતરી પ્રભુ પાસેથી બળજબરીથી આંચકી લીધો અને દાનવો તે પીવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે ભગવાન વિષ્ણુએ સુંદર મોહિની સ્વરૂપ ધારણ કર્યું. દેવ-દાનવો તેના રૂપ-લાવણ્યથી અંજાઈ ગયા અને જેમ તે કહે તેમ કરવા તૈયાર થયા. આથી મોહિનીએ તે કુંભ લઈને દેવ-દાનવોને પાવા માટે સામસામી પંક્તિ કરાવી અને પ્રથમ દેવોને તે અમૃત પાવા લાગ્યા. દાનવોની પંક્તિમાં બેઠેલો રાહુ ચબરાક હતો તેને મોહિની સ્વરૂપમાં શંકા થઈ કે રખે આ વિષ્ણુ હોય અને તે યુક્તિપૂર્વક બધુ અમૃત દેવોને પાઈ દેશે તો અમારા માટે કંઈ નહીં વધે. તેથી તે રૂપ બદલીને સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવીને બેસી ગયો. મોહિની જાણી ગયા કે રાહુ રૂપ બદલીને વચ્ચે બેસી ગયો છે. હવે પીરસતા પંક્તિ ભેદ તો કરાય નહિ તેથી રાહુને અમૃત પીરસ્યું. તે દરમ્યાન સૂર્ય અને ચંદ્રએ પણ ઈશારો કર્યો કે આ દેવ નથી દાનવ છે. કપટથી અહીં બેસી ગયો છે અને મોહિની સ્વરૂપમાંથી તરત સુદર્શન ચક્રધારી વિષ્ણુનું સ્વરૂપ લઈ પ્રભુએ સુદર્શન ચક્રથી રાહુનું ગળુ કાપી નાખ્યું પણ અમૃતનું પાન કરવાથી ધડ અને માથુ બંને જીવતા રહ્યા. ત્યારથી રાહુ અદ્યાપિ પર્વના દિવસે સૂર્યચંદ્રનો ગ્રાસ કરે છે, જે ગ્રહણરૂપે કહેવાય છે. (૧) જેને આપણે જાણીએ છીએ.

એટલે **શ્રીહરિ ગઢડા મધ્યના ૪૪માં વચનામૃત**માં કહે છે કે, આસુરી જીવ સત્સંગમાં રહ્યો હોય પણ જેમ કાળનેમી, રાવણ ને રાહુ હતા તે સરખો રહે પણ તેને સંતનો સંગ લાગે નહિ.

રાહુ અસુર હતો. દેહે કરીને અને આત્માએ કરીને પણ અસુર હતો. તેણે મોહિની સ્વરૂપના-સાક્ષાત્ વિષ્ણુ ભગવાનના દર્શન કર્યા અને તે તેને ઓળખી ગયો છતાં તેને શરણે આવવાને બદલે પોતે કપટ કરી વેશ બદલી સૂર્ય અને ચંદ્રની વચ્ચે દેવ બનીને બેસી ગયો. વળી સૂર્ય અને ચંદ્ર દેવના સંગે બેસવા છતાં રાહુને તેના સંગનો રંગ ન લાગ્યો. દાનવમાંથી દેવ ન બન્યો અને તેણે તેના ખરાબ લક્ષણ ઝળકાવ્યા. માટે શ્રીહરિ કહે છે કે, જે આસુરી જીવ હોય તે સંતના યોગમાં આવે તો પણ આસુરી જ રહે છે તેને સંતનો કે પ્રભુનો ગુણ જરાય આવતો જ નથી.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૭૬૩૯

●

૪૬. વૈશ્વાનર

ગઢડા પ્રથમના ૬૫માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે,

... અને હૃદયને વિષે રહી જે સુષુમ્ણા નાડી તેનું અંત જે બ્રહ્મરંધ્ર તેને જ્યારે પામે ત્યારે શિશુમાર ચક્રને વિષે રહી જે વૈશ્વાનર નામે અગ્નિ-અભિમાની દેવતા તેને પામે છે.

સાદી ભાષામાં કહીએ તો ખોરાકને પચાવનાર જે અગ્નિ છે તેને વૈશ્વાનર કહે છે.

અગ્નિ, દેવતા, વહ્નિ, પાવક, વાયુ સખ જઠરમાં રહેલો અગ્નિ, જઠરાગ્નિ, પ્રાણીમાત્રના શરીરમાં રહીને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એમ ચાર પ્રકારના અન્ન પાચન કરનાર અગ્નિ છે.

ગીતાનું લેખનમાં લખેલ છે :

अहं वैश्वानरो भूत्वा, प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः, पचाम्यन्नं चतुर्विधम् ॥

★ **પાદટીપ :**

ભ.ગો. મંડળ ભાગ : ૮, પાના નં. ૮૨૧૧

●

૪૭. શ્રીદામા

શ્રીદામા ભગવાનના પાર્ષદ હતા તે વિષે જાણીએ :

એક હરિભક્તે સદ્. ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, બીજા અવતારોએ વર્તમાન પળાવ્યા નથી ને કલ્યાણ તો કર્યા છે. તો આજ વર્તમાન પળાવીને જીવનું કલ્યાણ કરે છે તેનો શો હેતુ છે ? ત્યારે સ્વામી કહે છે કે, જો કારણ શરીરના ભાવ ટાળીને કલ્યાણ કર્યા હોત તો ગોલોક અને વૈકુંઠમાં કજીયા શા સારું થાય ? ગોલોકમાં રાધિકાજીએ શ્રીદામા સાથે વઢવેડ કરી. તે એમાં એમ જાણવું કે ત્યાં કારણ શરીર નહિ ટળ્યું હોય. (૧)

ઉપરોક્ત વિગતે કથા એવી છે કે,

એકવાર ગોલોક ધામમાં શ્રીકૃષ્ણ વિરજા નામની દાસી સાથે અતિ હેતથી કાંઈક વાત કરતા હતા. તે સમયે અચાનક રાધિકાજી ત્યાં આવી ચડ્યા અને તેમણે શ્રીકૃષ્ણ પાસે જવાની ઈચ્છા કરી, પણ પાર્ષદ શ્રીદામાએ અંદર જવાની ના પાડી. છતાં રાધિકા પરાણે અંદર ગયા અને શ્રીકૃષ્ણને વીરજા સાથે ઘનિષ્ઠ વાતો કરતા જોઈ તેને ઈર્ષા થઈ અને તેમણે ગુસ્સો કરી શ્રીકૃષ્ણને તોછડા વચન કહ્યા. શ્રીકૃષ્ણે તો હસતા મુખે તે વચનો સ્વીકાર્યા પણ તે સમયે શ્રીદામાએ રાધિકાજીને શ્રીકૃષ્ણ પ્રત્યે આમ કટુવચન ન બોલવા કહ્યું. તેમાં બંને વચ્ચે વડછડ થઈ. આથી શ્રીદામાને લાગ્યું કે, રાધાજી શ્રીકૃષ્ણના પટ્ટરાણી તરીકે હવે યોગ્ય નથી તેથી પ્રભુની ઈચ્છાથી તેમણે રાધિકાજીને શાપ આપ્યો કે, તમે મનુષ્ય લોકમાં જઈ સામાન્ય ગૂર્જરના ઘરે જન્મ લો. અને ગૂર્જર પત્ની થાઓ. આ શાપથી રાધિકાજી પણ ગુસ્સે થયા તેમણે પણ શ્રીદામાને શાપ આપ્યો : તમે પણ અસુર થાઓ. રાધિકાજી વિરજાને પણ શાપ આપે તે પહેલા તો ત્યાંથી વિરજા નદી રૂપે થઈને વહી ગયા. (૨)

આમ, શાપથી રાધિકાજીને ગૂર્જરને ત્યાં જન્મ લેવો પડ્યો. પોતે ભલે ગૂર્જર

પત્ની બન્યા, પણ એ તેમનું છાયા સ્વરૂપ હતું. સાચું સ્વરૂપ તો શ્રીકૃષ્ણ સાથે જોડાયેલું રહ્યું હતું.

રાધિકાજીના શાપથી શ્રીદામા (અમુક શાસ્ત્રો તેમને સુદામા નામ કહે છે) શંખચુડ નામે બળવાન રાક્ષસ થયા જેણે દેવોને જીતી લીધા. પોતાના પરાક્રમોથી દેવોને તે પરેશાન કરતો. તે દરમ્યાન શંખચુડે તુલસી સાથે વિવાહ કર્યા. તુલસી પતિવ્રતા નારી હતી તે રોજ પતિની પૂજા કરી તેને એક માળા પહેરાવતી જે કરમાતી નહીં. તેણે એકવાર કહ્યું કે જે દિવસે માળા કરમાશે તે દિવસે તમારું મૃત્યુ થશે. મારા સતિત્વ અને પતિવ્રતને કારણે તમે સદા અજય રહેશો. આથી શંખચુડ ચારે બાજુ હાહાકાર મચાવતો. આથી દેવતાઓ વિષ્ણુ પાસે ગયા અને રાક્ષસને મારવાની વાત કરી. પ્રભુ કહે, તેની પત્નીના પતિવ્રતાને કારણે તે કદી મરશે નહીં. જો તેનું પતિવ્રત ભંગ થાય તો જ તે મરે. આથી, વિષ્ણુએ યાચક બ્રાહ્મણનું રૂપ લઈ શંખચુડ પાસેથી કવચ કુંડળ માંગી લીધા. એ પહેરીને વિષ્ણુએ શંખચુડનું રૂપ ધારણ કરી, તુલસીને છેતરીને તેની સાથે વિહાર કર્યો અને તેનું પતિવ્રત ભંગ કર્યું. તુલસીને આ વાતની ખબર પડી ગઈ. આ બાજુ કવચ-કુંડળ વગરના શંખચુડને શિવજીએ ત્રિશૂળ મારી તેનું મૃત્યુ નિપજાવ્યું. કેમકે તુલસીનું શિયળભંગ થવાથી તેનું સતિત્વ ભંગ થયું હતું. આથી, રાક્ષસ મરાયો, પરંતુ તુલસી પ્રભુ ઉપર ક્રોધાયમાન થઈ કે તમે મારા પતિને મારી નાખ્યો. પ્રભુએ તેને સમજાવી કે શંખચૂડનો નાશ જરૂરી હતો કેમકે તે દેવોને હેરાન કરતો હતો. છતાં પ્રભુએ તેને આશ્વાસન આપ્યું કે, તમે બંને સદાય મારી પાસે રહેશો. તમારા વગર મારી પૂજા અને થાળ અધૂરો ગણાશે. આથી, શંખચૂડને શંખ સ્વરૂપે પોતાના હાથમાં ધારણ કર્યો અને તુલસીને પોતાના ભોજનથાળમાં સ્થાન આપ્યું. તેની પવિત્રતાની સાક્ષી માટે પૂજામાં પણ સ્થાન આપ્યું. (૨)

આમ, શંખચૂડનો મોક્ષ થયો અને તે ફરીથી ગોલોકમાં પ્રભુના પાર્ષદ તરીકે સ્થાન પામ્યા.

વચનામૃત ગઢડા મધ્યના ૨૬માં પણ આ જ ચરિત્ર વર્ણવેલ છે. શ્રીદામા અને રાધિકાએ સામસામા અવગુણ લીધા તો તેમની અવળી ગતિ થઈ માટે અવગુણ ન લેવો.

★ સારંગપુરના ૧૪માં....

વચનામૃતમાં શ્રીહરિએ શ્રીદામાનો ઉલ્લેખ કરેલ છે :

સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે : એક તો વૈકુંઠમાંથી જયવિજય ભગવાનના પાર્ષદ પડ્યા અને ગોલોકમાંથી રાધિકાજીને શ્રીદામા પડ્યા.

આ પ્રશ્નો ઉત્તર શ્રીહરિએ તેનો યથાર્થ ઉત્તર કર્યો છે.

★ ગઢડા મધ્યનું ૨૬મું :

...જેમ રાધિકાજી ઘણાં મોટા હતા અને ભગવાનને વિષે પ્રેમ પણ અતિશય હતો... પછી શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીદામા સાથે વઢવેડ કરી પછી શ્રીદામાનો શાપ થયો તેણે કરીને ગોલોકમાંથી પડીને ગૂર્જરને ઘેર અવતાર લીધો....

★ વડતાલનું ૧૮મું :

...શ્રીકૃષ્ણ ભગવાન ગોલોક મધ્યે રહ્યા છે... ને શ્યામસુંદર છે ને રાધિકાજીને લક્ષ્મીજીએ સહિત છે ને નંદ સુનંદને શ્રીદામાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે.

★ પાદટીપ :

(૧) **ગુણાતીતાનંદ સ્વામીની વાતો :** પ્રકરણ-૨, વાત નં. ૫૫, પાના નં. ૩૯

(૨) **બ્રહ્મવૈવર્ત પુરાણ** *:* પ્રકરણ-૨/૪૩, ગીતા પ્રેસ, ગોરખપુર

●

૪૮. સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ

સાંખ્ય અને યોગનિષ્ઠાના **ગઢડા મધ્યના ૨૪માં વચનામૃત**માં મુક્તાનંદ સ્વામી પ્રશ્ન પૂછે કે, ભગવાનને વિષે અચળ નિષ્ઠાવાળાને કોઈ વિક્ષેપ આડો આવે કે ન આવે ? પછી શ્રીહરિ તેનો ઉત્તર કરે છે કે, ...મનુષ્યના સુખ તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ દેવતાના સુખને સમજી રાખે...!

★ તો, સિદ્ધ વિષે :

સિદ્ધ એટલે અર્ધદેવ જાતિ. જેઓ પૃથ્વી અને આકાશ વચ્ચે રહે છે. તેઓ અઠ્યાશી હજાર હોય તેમ મનાય છે. પુરુષોત્તમ ગીતામાં લખે છે કે, પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, જુદા જુદા પિતૃઓ, ગંધર્વો, ચારણો, સિદ્ધો, યક્ષો, વિદ્યાધરો, અસુરો ... વગેરે પૃથ્વી, જળ કે આકાશને વિષે રહેવાવાળા સ્થાવર અને જંગમ જીવો છે તે સર્વને એ પરમાત્મા તેમના કર્મ પ્રમાણે સત્વ, રજ અને તમોગુણી શરીરો ઉપજાવે છે... (૧)

★ ચારણ :

– ઉચ્ચ ધ્યેયને અનુસરી ઉત્તમ જીવન જીવનાર મુનિ.

– એ નામના એક દેવ જે રાહુના નીચલા પ્રદેશમાં રહેતા હોય છે.

– ચારણનું વર્ણન રામાયણ અને મહાભારતમાં આવે છે. તેઓ પોતાની ઉત્પત્તિ વૈતાલિકોની જેમ દેવતાઓથી થયાનો દાવો કરે છે. (૨)

★ વિદ્યાધર :

કૈલાસ પર્વત ઉપર રહેતા અર્ધ દેવલોકની એક જાતિનો પુરુષ, એક દેવયોનિનો દેવ કહેવાય છે. તેઓ આકાશ અને પૃથ્વી વચ્ચે રહેતા હોવાનું અને માયાળુ પ્રકૃતિના હોવાનું મનાય છે. તેઓ ઈન્દ્રના અનુચર છે. પણ તેઓનો રાજા જુદો હોય છે. કોઈ કોઈ વાર તેઓ મનુષ્ય સાથે લગ્નથી જોડાતા હોય છે. તેઓના અલગ-અલગ નામ હોય છે. જેમ કે : કામરૂપી, ખેચર, નભ:ચર, પ્રિયંવદ વગેરે. (૩)

★ **ગંધર્વ :**

કિન્નર એને એક જાતના દેવ જે સ્વર્ગના ગવૈયા કહેવાય છે. તે સ્વર્ગમાં રહી ગાવાનું કામ કરે છે. વિષ્ણુ પુરાણ પ્રમાણે તેઓ બ્રહ્મામાંથી ઉત્પન્ન થયા છે. બીજા મત મુજબ તેઓ કશ્યપ અને અરિષ્ઠાના પુત્ર હતા. હરિવંશ પ્રમાણે તેઓ બ્રહ્માના નાકમાંથી ઉત્પન્ન થયા હતા. અગ્નિ પુરાણમાં ગંધર્વોના અગિયાર ગણ માનવામાં આવ્યા છે. વેદોમાં ગંધર્વને બે પ્રકારના માન્યા છે. એક દ્યુસ્થાનના અને બીજા અંતરીક્ષ સ્થાનના. દ્યુસ્થાનના ગંધર્વોને દિવ્ય ગંધર્વ કહે છે. તેઓને સોમના રક્ષક, રોગોના ચિકિત્સક, સૂર્યના અશ્વોના વાહક તથા સ્વર્ગીય જ્ઞાનના પ્રકાશ માનવામાં આવે છે. ગંધર્વોનું શરીર સુગંધિત હોય છે. તેથી ગંધર્વ એવું જાતિનું નામ નીકળ્યું છે. વળી સંગીતરૂપ વાણીને ધારણ કરનાર તે ગંધર્વ કહેવાય છે. ઉપનિષદ અને બ્રાહ્મણ ગ્રંથોમાં પણ ગંધર્વના બે ભેદ મળે છે. દેવગંધર્વ અને મનુષ્ય ગંધર્વ. અથર્વવેદમાં ૬૩૩૩ ગંધર્વોનો ઉલ્લેખ છે. (૪)

★ **દેવતા :**

બ્રહ્મા, શિવ, ઈન્દ્ર, વાયુદેવ, વરુણદેવ, અગ્નિદેવ આદિ દેવતાઓ.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૭૭૭
(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૪, પાના નં. ૩૧૭૭
(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૮૦૬૨
(૪) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૭૯૪

●

૪૯. બૃહસ્પતિ

કલ્યાણના મુદ્દાના **ગઢડા મધ્યના ૨૧માં વચનામૃત**માં શ્રીહરિ કૃપાવાક્ય કહે છે કે, ... જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તો પણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો ... તો કલ્યાણના માર્ગ થકી પડ્યા નહિ. માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.

બૃહસ્પતિ વિષે જાણીએ :

એ નામના એક દેવ. તે પુષ્ય નક્ષત્રના સ્વામી કહેવાય છે. ઋગ્વેદના અગિયાર સૂક્તોમાં તેની સ્તુતિ કરેલ છે. તે દેવતાઓના પુરોહિત છે. તેના વગર યજ્ઞનું કોઈ કામ પૂર્ણ થતું નથી. તે બુદ્ધિ અને વક્તૃત્વના દેવતા અને ઇન્દ્રના મિત્ર છે. તે અગ્નિના વર્ણને મળતા છે. તેણે કેટલીક સ્મૃતિઓ અને ચાર્વાક મતના ગ્રંથ બનાવ્યા છે. (૧)

ચાલુ વૈવસ્વત મન્વંતરમાંના બ્રહ્મપુત્ર અંગિરા ઋષિના આઠ માંહેના મોટા પુત્ર તે બૃહસ્પતિ. પુરંદર નામના ઇન્દ્રે તેને ગુરુ તરીકે માન્ય કરેલ છે. તેને શુભા અને તારા એમ બે સ્ત્રીઓ હતી. તેમની માતાનું નામ શ્રદ્ધા હતું. તેમને બે ભાઈ અને ચાર બહેનો હતી. (૧)

દેવાચાર્ય બૃહસ્પતિ ચોથા વ્યાસ ગણાય છે. તેણે સ્મૃતિ ગ્રંથ રચેલ છે. તેને બૃહસ્પતિ સ્મૃતિ કહે છે. દેવાચાર્ય બૃહસ્પતિ અને દૈત્યાચાર્ય શુક્રાચાર્યને સ્પર્ધા ચાલતી. દેવ અને દાનવો વચ્ચેના યુદ્ધમાં બૃહસ્પતિ દેવોને મદદ કરી વિજય અપાવતા. પોતે મહા વિદ્વાન અને મહાસ્વરૂપવાન હતા. શુકજી તેમના શિષ્ય હતા. (૧)

શંકરજી પાસે દાનવોએ ત્રિપુર બનાવવાનું વરદાન મેળવતા દાનવો ખૂબ છકી ગયા. અને સર્વેને ત્રાસ આપવા લાગ્યા. તે ત્રાસમાંથી પ્રજાને ઉગારવા માટે પોતે યુક્તિ કરીને ચાર્વાકનો વેશ લઈ દાનવોને ઉપદેશ આપી તેમને ચાર્વાક

મતના એટલે કે નાસ્તિક બનાવ્યા અને શૈવ ધર્મ છોડાવી દીધો. તેથી શિવે ગુસ્સે થઈને દાનવોના ત્રણ પુર અને અસુરોનો નાશ કર્યો. બૃહસ્પતિએ પ્રજાહિતાર્થે ખૂબ કાર્યો કર્યા છે. તેથી તેઓ તારારૂપ ગણાઈ ગયા છે. તેની નિશાની તરીકે આકાશમાં બૃહસ્પતિ તારો પ્રસિદ્ધ છે. તેમના નામ પરથી ગુરુવાર નામ પડેલ છે. તે દુર્જનોથી રક્ષણ કરે છે. તેમને તેમના પિતાના નામ ઉપરથી આંગિરસ પણ કહે છે. (૧)

પુરાણમાં એક કથા એવી છે કે, એકવાર ચંદ્ર બૃહસ્પતિની પત્ની તારાને લઈ પોતાના ઘરે લઈ ગયા. બૃહસ્પતિએ તારાને સોંપી દેવાની માંગણી કરી તેમ છતાં તેણે તારાને સોંપી નહિ. ત્યારબાદ શિવ, બ્રહ્મા, લોકપાલો સહિત બધાએ ચંદ્રને સમજાવ્યો છતાં તારાને સોંપી નહિ. આથી શિવ સહિત યક્ષ, કિન્નરો અને બૃહસ્પતિ બધા ચંદ્ર સામે યુદ્ધે ચડ્યા. આથી બધા ભયભીત થઈ ગયા. ભયંકર યુદ્ધ થયું. ત્યારબાદ બ્રહ્માએ વચ્ચે પડી સમાધાન કરાવ્યું અને ચંદ્રને આદેશ કરી તારાને તેના પતિને સોંપી દેવા ફરજ પાડી. આથી તારા બૃહસ્પતિના ઘરે આવી. (૨)

તારા ઘરે આવી ત્યારે ગર્ભિણી હતી. તેને બુધ નામનો પુત્ર થયો. ત્યારે ચંદ્ર અને બૃહસ્પતિ બંનેએ વિવાદ કર્યો કે આ પુત્ર મારો છે. ત્યારે તારાએ કબૂલ કર્યું કે, આ પુત્ર ચંદ્રનો છે. પછી વિવાદ શમ્યો. (૧)

નિષ્કુળાનંદ સ્વામી તેમના ગ્રંથ **પુરુષોત્તમ પ્રકાશ**માં લખે છે કે :

'આજ મોર્યની અમે સાંભળી રે, ખાધિ મોટે મોટે ખોટ વળી રે
બ્રહ્મા ભૂલ્યા તનયા તન જોઈ રે, તેણે ખરી લાજ વળી ખોઈ રે.
દેવગુરુ ભૂલ્યા દિશ પોતે રે, નિજ અનુજ વધૂ રૂપ જો તે રે. (૩)

દેવગુરુ એટલે દેવોના ગુરુ બૃહસ્પતિ.

ભરદ્વારજની ઉત્પતિનો પ્રસંગ આ પ્રમાણે છે, કે : એકવાર બૃહસ્પતિજીએ પોતાના ભાઇ ઉતથ્યની ગર્ભવતી પત્ની સાથે સહવાસ કરવાની ઇચ્છા કરી. તે સમયે ગર્ભમાં જે બાળક (દીર્ઘતમા) હતો, તેણે બૃહસ્પતિને આમ કરતાં રોક્યા, પરંતુ બૃહસ્પતિજીએ તેની વાત પર ધ્યાન ન આપ્યું અને તેને 'તું આંધળો થઇ જા' આવો શાપ આપીને ગર્ભાધાન કરી દીધું. ઉતથ્યની પત્ની મમતા આ વાતથી ડરી ગઇ કે ક્યાંક મારા પતિ મારો ત્યાગ ન કરી દે, તેથી તેણે બૃહસ્પતિજી દ્વારા થનાર બાળકનો ત્યાગ કરવા ઇચ્છયું. તે સમયે દેવતાઓએ ગર્ભસ્થ શિશુના

નામનું નિર્વચન કરતાં આ પ્રમાણે કહ્યું. બૃહસ્પતિજી કહે છે કે : અરે મમતા ! આ મારો ઔરસ અને મારા ભાઈનો ક્ષેત્રજ - આ પ્રમાણે બન્નેનો પુત્ર (દ્વાજ) છે. તેથી તું ડરીશ નહિ.આનું ભરણ-પોષણ કર. ત્યારે મમતાએ કહ્યુ : 'બૃહસ્પતિ ! આ મારા પતિનો નહીં, આપણા બન્નેનો પુત્ર છે, તેથી તમે જ એનું ભરણ-પોષણ કરો.' આ પ્રમાણે પરસ્પર વિવાદ કરતાં એક બીજાને 'ભરદ્વાજં-ભરદ્વાજં' (તમે તેનું પોષણ કરો - તમે તનું પોષણ કરો) આ પ્રમાણે કહેવાથી તે બાળકનું નામ ભરદ્વાજ થયું.(૪)

આમ બૃહસ્પતિ કામાદિક દોષે કરીને ધર્મ થકી પડયા તો પણ પ્રત્યક્ષ સંત અને ભગવાન તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડયા નહિ.

એમ આપણે પણ આ પ્રભુ અને તેના સંતોનું માહાત્મ્ય જાણીએ તેની સેવા કરીએ અને આજ્ઞાપાલક થઈએ એમ શ્રીહરિ કહે છે :

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૭, પાના નં. ૬૪૨૮

(૨) **મત્સ્ય પુરાણ :** અધ્યાય-૨૩, ગીતા પ્રેસ, ગોરખપુર

(૩) **નિષ્કુળાનંદ કાવ્ય :** પુરુષોત્તમ પ્રકાશ, કડી-૬ અને ૧૧

(૪) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ** : ગીતાપ્રેસ, ગોરખપુર, ૯ મો સ્કંધ, ૨૦ મો અધ્યાય.

●

૫૦. અષ્ટાવક્ર ઋષિ

મુનિબાવાનું, મોક્ષના કામમાં આવે તેને બુદ્ધિ કહીએ **પંચાળાના ૩જા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, હેત છે તે ભગવાનની માયા છે... અપ્સરાઓએ તપ કરીને બ્રહ્મા અને અષ્ટાવક્ર ઋષિને પ્રસન્ન કર્યા અને તેમણે વર આપ્યો કે તમારા પતિ નારાયણ થશે.

અષ્ટાવક્ર ઋષિ વિષે જાણીએ :

અષ્ટાવક્ર ઋષિના પિતાનું નામ કહોડ ઋષિ અને માતાનું નામ સુજાતા હતું. અષ્ટાવક્ર જ્યારે પોતાની માતાના ઉદરમાં હતા ત્યારે તેના પિતાને અભ્યાસ કરવામાંથી સમય મળતો ન હતો તેથી તે પોતાની પત્ની તરફ ધ્યાન આપતા ન હતા. આવી બેદરકારી જોઈ ગર્ભસ્થ અષ્ટાવક્રએ પોતાના પિતાશ્રીને માર્મિક વેણ માર્યા કે મારી માતાનું તો ધ્યાન રાખતા નથી અને અભ્યાસમાં જ મગ્ન રહો છો. આથી તેમના પિતાશ્રીને ગુસ્સો ચડ્યો અને શાપ દીધો કે જા, તું આઠે અંગે વાંકો થઈશ. આમ, અષ્ટાવક્ર આઠે અંગે વાંકા જન્મ્યા તેથી તેમનું નામ અષ્ટાવક્ર પડ્યું, પણ તે મહાવિદ્વાન થયા. (૧)

વરુણના દીકરા બંદીએ કહોડ ઋષિને શાસ્ત્રાર્થમાં જીતી લીધા. તેથી શરત મુજબ જે હારે તેને પાણીમાં ડૂબવાનું. આથી બંદીએ ઋષિને પાણીમાં ડૂબાડવાનો આદેશ આપ્યો. આમ, અષ્ટાવક્રના માતા પોતાના પિતા ઉદ્દાલક ઋષિને ત્યાં અષ્ટાવક્રને લઈને ગયા અને ત્યાં પોતાના પતિને બંદીએ પાણીમાં ડૂબાડી દીધા વગેરે વાત તેના પિતાશ્રીને કરી. (૧)

બંદી જનકરાજાના દરબારમાં છે તેવા સમાચાર મળતા અષ્ટાવક્ર ઋષિ પોતાના મામા સાથે જનકરાજાના દરબારમાં ગયા. ત્યાં બંદી સાથે શાસ્ત્રાર્થ કરી તેને હરાવ્યા. શરત મુજબ હવે પાણીમાં ડૂબવાનો વારો બંદીનો આવ્યો એટલે તે બોલ્યો કે તારા પિતાને મેં ડૂબાડી નથી દીધા પણ વરુણ દેવે મોટો યજ્ઞ કર્યો છે ત્યાં કહોડઋષિને મોકલ્યા છે. યજ્ઞ પુરો થયે તે અહીં આવશે. બીજા જે બ્રાહ્મણોને

મેં શાસ્ત્રાર્થમાં હરાવ્યા અને પાણીમાં ડૂબાડી દીધા તે તમામ ભૂદેવો યજ્ઞમાં છે અને સાજાસારા આવશે. થોડા સમય પછી બ્રાહ્મણોની સાથે કહોડ ઋષિ પરત ફર્યા અને અષ્ટાવક્ર ઋષિ તેના મામા સાથે ઘેર આવવા નીકળ્યા. રસ્તામાં મધુવિલા નામની નદીમાં સ્નાન કરવાથી અષ્ટાવક્ર ઋષિના બધા અંગો સુડોળ થઈ ગયા. (૧)

એક અન્ય કથા મુજબ જનકરાજાએ અષ્ટાવક્રના પિતાને કેદ કરેલા. જનકરાજાને એવું સ્વપ્ન આવ્યું કે પોતે ગરીબ ભિખારી થઈ ગયા. બે સાંઢ ઝઘડતા હતા તેના આવી જતા ઉંઘ ઉડી ગઈ. આંખ ખુલી ત્યારે સાચી સ્થિતિનું ભાન થયું. આથી પોતે વિદ્વાનોને એટલું જ પૂછતા ગયા કે, આ સાચું ? કે પેલું સાચું ? ઋષિઓ યોગ્ય જવાબ ન આપી શક્યા તેથી તેમણે બધાને કેદ કર્યા. જેમાં અષ્ટાવક્ર ઋષિના પિતાશ્રી પણ કેદ થયા. પિતાને જેલમાંથી છોડાવવા અષ્ટાવક્ર જનકરાજાના દરબારમાં જાય છે. પોતે આઠે અંગે વાંકા છે. તે જોઈને સભાના વિદ્વાનો હસવા લાગ્યા. તેથી અષ્ટાવક્રે ગુસ્સે થઈને કહ્યું કે જનકરાજા ! તેં તારા રાજ્યમાં આ બધા ચમારોને કેમ ભેગા કર્યા છે ? રાજાને ચમાર શબ્દ ન સમજાયો તેથી ઋષિને પૂછ્યું. તો અષ્ટાવક્ર કહે, આ બધા મૂર્ખ મારા દેહને જોઈને હસે છે. પણ મારો આત્મા કેટલો તેજસ્વી અને બુદ્ધિશાળી છે તે જોતા નથી. તેઓ કેવળ મારા શરીરને જુએ છે. તેથી મેં તેમને ચમાર કહ્યા. રાજા આ સાંભળી વિચારમાં પડી ગયો કે ઋષિ ખરેખર જ્ઞાની છે. (૨)

ઋષિ કહે, હું તારા પ્રશ્નનો જવાબ આપવા અને મારા પિતાને છોડાવવા આવ્યો છું. રાજાએ પેલો પ્રશ્ન પૂછ્યો. ઋષિએ જવાબ આપ્યો કે સ્વપ્નની વાત પણ ખોટી અને આ પણ ખોટું. તું સ્વપ્નની વાતને સ્વપ્નમાં સાચી કહેતો હતો પણ તારી આંખ ખુલી તો તે વાત ખોટી થઈ ગઈ અને વર્તમાનની વાત પણ તારી આંખ બંધ થાય એટલે ખોટી. સ્વપ્ન તો ખોટું જ હોય. પણ આ સંસારની સાહ્યબી તારી આંખ બંધ થાય એટલે કે મૃત્યુ થાય એટલે તે પણ ખોટી થઈ જવાની ! રાજા આ યથાર્થ ઉત્તર સાંભળી ખૂબ પ્રસન્ન થયો. ઋષિનું યથોચિત સન્માન કર્યું અને તેના પિતાશ્રી સહિત બધા ભૂદેવોને તેણે જેલમાંથી મુક્ત કર્યા. (૨)

આમ, ઋષિ જ્ઞાનિ, તપસ્વી અને ચતુર હતા.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ : ભાગ-૧ :** પાના નં. ૬૨૩

(૨) સંતોના મુખેથી સાંભળેલી કથાવાર્તા.

૫૧. ઉદ્ધવજી

ઉદ્ધવજી શ્રીકૃષ્ણના કાકા થતા હતા. છતાં શ્રીકૃષ્ણના પરમ ભક્ત અને પરમ સખારૂપ હતા. તેઓ વૃષ્ણીઓ (યાદવો)ના માનીતા સલાહકાર અને યાદવોના અગ્રેસર હતા. (૧)

બીજી કથા પ્રમાણે તેઓ વસુદેવના ભાઈ વેદભાગનો કંસા રાણીથી થયેલ પવન વ્યાધિ નામના દીકરા હતા. આથી તેઓ કૃષ્ણના કાકા થતા હતા. કૃષ્ણ ગોકુળથી મથુરા આવ્યા ત્યારે એમણે પોતાના વિયોગને લીધે દુઃખ પામતા નંદ જશોદા અને ગોપીઓને આશ્વાસન આપવા અને બોધ દઈ, જ્ઞાન આપવા મોકલ્યા હતા. પણ ગોપીઓનો શ્રીકૃષ્ણ પ્રેમ જોઈને પોતે પણ કૃષ્ણના પ્રેમી બની ગયા. (૧)

ઉદ્ધવજી સાક્ષાત્ દેવગુરુ બૃહસ્પતિના શિષ્ય હતા. તેમનું શરીર શ્રીકૃષ્ણ જેવું શ્યામ વર્ણનું હતું. તે તત્ત્વજ્ઞાન અને નીતિની મૂર્તિ હતા. શોકગ્રસ્ત ગોપીઓને ઉપદેશ આપવા માટે ઉદ્ધવજીને મથુરા મોકલ્યા. ઉદ્ધવજીને પોતાના જ્ઞાનનું અભિમાન હતું, ગર્વ હતો કે મારા ઉપદેશ વચનોથી ગોપીઓને સાંત્વના મળશે તેથી તેમણે ગોપીઓને કહ્યું કે, શ્રીકૃષ્ણ તો સર્વવ્યાપી છે. તે તમારા હૃદયમાં તથા સમસ્ત જડચેતનમાં વ્યાપ્ત છે. તેનાથી તમારો વિયોગ કદી ન થઈ શકે. તેનામાં ભગવત્ બુદ્ધિ રાખીને તમે શ્રીકૃષ્ણને જુઓ. ગોપીઓ આ સાંભળી રોઈ પડી કે, અમને તો સર્વત્ર શ્રીકૃષ્ણના જ દર્શન થાય છે. વૃક્ષો, વન, વેલી, ફૂલોમાં તેમનું જ સ્વરૂપ જોવા મળે છે. અમારા મન અને જીવમાંથી તેમની મૂર્તિ એક ક્ષણ પણ અળગી થતી નથી. ગોપીઓના આદ્રભાવે કહેવાયેલી વેદના ઉદ્ધવજીને અસર કરી ગઈ. પોતાના જ્ઞાનનું અભિમાન ક્ષણમાં ઓગળી ગયું અને શ્રીકૃષ્ણચંદ્રને પ્રાર્થના કરી કે આવતો જન્મ મને આ ગોકુળની ગોપીઓના પગની રજથી અંકિત થયેલી વૃક્ષ, વેલીઓમાં આપજો. જેથી હું આ ગોપીઓના પ્રેમને

સમજી શકું અને તેમના જેવી પ્રેમભક્તિ મને પ્રાપ્ત થાય. (૨)

એકવાર શ્રીકૃષ્ણે મનુષ્ય ચરિત્ર કર્યું. પોતાને મસ્તકમાં પીડા થાય છે તેવો ભાવ દર્શાવ્યો. સર્વે રાણીઓ બેબાકળી બની અનેક ઉપચાર કર્યા પણ માથું દુઃખતું મટ્યું નહીં. આખરે શ્રીકૃષ્ણને પૂછ્યું તો કહે, કોઈ ભક્તના ચરણની રજ મસ્તકે ચોપડો તો દુઃખતું મટે. પણ ભક્તનું અકલ્યાણ થાય.

ત્યારે કોઈ ભક્ત પોતાના અકલ્યાણના ભયે શ્રીકૃષ્ણને પોતાના પગની રજ આપવા તૈયાર ન થયા. છેવટે રાણીઓ તથા ઉદ્ધવજીને પોતાની રજ આપવા કહ્યું પણ તે લોકો પણ તૈયાર ન થયા. ત્યારે શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ગોપીઓ પાસે રજ લેવા મોકલ્યા. ઉદ્ધવજીએ ગોપીઓ પાસે રજની માંગણી કરી. તે સાથે આ સંદેહ પણ વ્યક્ત કર્યો કે તમારા પગની રજ માથે ચોપડશે તેથી શ્રીકૃષ્ણ સાજા તો થશે પણ તમારા જીવનું અકલ્યાણ થશે અને આ ગુનાથી તમને નરકની પ્રાપ્તિ થશે. (૩)

આ સાંભળી ગોપીઓ હસી પડી. કહે, અમારે તો શ્રીકૃષ્ણ સાજા થાય તેની જ ખેવના છે. ભલે અમારું અકલ્યાણ થાય. ભલે અમે નરકમાં પડીએ. અમે તો નરકમાં પડ્યા પડ્યા અમારા શ્રીકૃષ્ણનું ભજન કરશું. અમારે તેની કોઈ ચિંતા નથી. અમારે તો શ્રીકૃષ્ણ સાજા થઈ જાય તેની જ ખેવના છે અને અમારો દેહ પડી જશે તો અમારા હાડકામાંથી પણ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ તેવો સ્વર ગુંજશે, માટે અમારી ચરણની રજ સુખેથી લઈ જાઓ. (૩)

ગોપીઓની આવી વાત સાંભળી ત્યારે ઉદ્ધવજીનો ગર્વ ઉતરી ગયો કે અમે જ શ્રીકૃષ્ણને વધુ પ્રેમ કરીએ છીએ. ખરેખર તો ગોપીઓ જ શ્રીકૃષ્ણના પ્રેમની સાચી હક્કદાર છે. (૩)

આ વાત શ્રીહરિએ **વચનામૃત ગઢડા મધ્યના ૧૭**માં કરી છે : આમ, ઉદ્ધવજીએ ગોપીઓનું અતિશય માહાત્મ્ય જાણ્યું.

જ્યારે શ્રીકૃષ્ણે આ લોકમાંથી અંતર્ધ્યાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે ઉદ્ધવજીને પોતાનું જ્ઞાન આપી બદ્રિકાશ્રમમાં મોકલ્યા અને પોતે અંતર્ધ્યાન લીલા કરી. (૩)

શ્રી રામાનંદ સ્વામી જે શ્રીહરિના ગુરુ હતા. તેઓશ્રી સાક્ષાત્ ઉદ્ધવજીનો અવતાર હતા અને શ્રીહરિના પ્રગટ પુરુષોત્તમપણાનો સંદેશો આપવા તેઓ આ

પૃથ્વી પર આવેલા. શ્રીહરિના પ્રગટ પહેલા તેમણે આ પૃથ્વી પર શ્રીહરિના સિદ્ધાંતો અને મતનું પ્રતિપાદન કર્યું. આથી તો રામાનંદ સ્વામી કહેતા કે, હું તો ડુગડુગી વગાડનારો છું અને ખરા ખેલના ભજવનારા સહજાનંદ સ્વામી છે. લોકની દૃષ્ટિએ પોતે આ સહજાનંદ સ્વામીના ગુરુ હતા. (૪)

શ્રીમદ્ ભાગવત્‌ના ૧૧મા સ્કંધના ૧૪, ૧૫માં શ્લોકમાં શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે, મને તમારા જેવા પ્રેમી ભક્ત જેટલા પ્રિય છે એટલા તો મારા પુત્ર કે બ્રહ્મા, શંકર, બલરામજી, લક્ષ્મીજી પણ નથી. મારો આત્મા પણ એટલો મને પ્રિય નથી જેટલા મને મારા પ્રેમી ભક્તો પ્રિય છે. (૪)

શ્રીહરિએ વચનામૃતમાં ઉદ્ધવજીને અનેકવાર યાદ કરી તેના દૃષ્ટાંતો આપ્યા છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :**

…અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂર, વિદૂર સુદામા તેવા છે.

★ **વચનામૃત સારંગપુરનું ૩જું :**

…અને ઉદ્ધવજી જો શ્રીકૃષ્ણ ભગવાનની શ્રદ્ધા માહાત્મ્યે સહિત સેવાચાકરી કરતા તો તે પરમ ભાગવત કહેવાયા…

★ **વચનામૃત કારિયાણીનું ૯મું :**

…જેમ ઉદ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે, આ ગોપીઓની ચરણરજના અધિકારી એવા જે વૃંદાવન … તેને વિષે હું પણ કોઈક થાઉં.

★ **વચનામૃત લોયાનું ૧૧મું :**

…અને તે લોકને વિષે રહ્યા જે પાર્ષદ તેની ભાવના રામકૃષ્ણાદિકના પાર્ષદ જે હનુમાન, ઉદ્ધવાદિક તેને વિષે કરે છે.

★ **વચનામૃત લોયાનું ૧૩મું :**

…અને ઉદ્ધવજીને વિષે એ નારાયણને લઈને ઉદ્ધવજીને ભગવાન કહેવાય.

★ **વચનામૃત લોયાનું ૧૬મું :**

…કેમ જે જુઓને ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા.

★ **વચનામૃત લોયાનું ૧૭મું :**
...જેમ ઉદ્ધવજી પોતે કેવા મોટા હતા !

★ **વચનામૃત લોયાનું ૧૮મું :**
....યાદવાસ્થળી કરીને પીંપળાની હેઠે શ્રીકૃષ્ણ ભગવાન બેઠા હતા તે સમયમાં ઉદ્ધવજીએ તથા મૈત્રેયઋષિએ ભગવાનનું ચતુર્ભુજ... સહિત દીઠું.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ચોથું :**
...અને જો ઉદ્ધવજી હતા તેને ભગવાને કહ્યું જે, હે ઉદ્ધવ ! હું થકી અણુમાત્ર ન્યૂન નથી તે શા માટે જે ઉદ્ધવજીએ અલૌકિક ભગવાનનું માહાત્મ્ય જાણ્યું હતું.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૧૮મું :**
...અને બદરિકાશ્રમને વિષે જે ઉદ્ધવ ને તનુ ઋષિ આદિક મુનિ રહ્યા છે તે પણ તપ કરે છે ને નિરંતર ભગવાનની ભક્તિ કર્યા કરે છે.

★ **વચનામૃત વડતાલનું ૧૦મું :**
...એકાદશ સ્કંધને વિષે શ્રીકૃષ્ણ ભગવાનને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય, કપિલ... ત્રીસ લક્ષણ કહ્યા છે.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૨જું :**
...શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે જે અષ્ટાંગ યોગ... તપ ત્યાગ... વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.

★ **વચનામૃત ગઢડા અંત્યનું ૨૮મું :** પછી શ્રીહરિ બોલ્યા જે, જુવોને ઉદ્ધવજી કેવા મોટા હતા ને કેવા ડાહ્યા હતા...

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ : ૨ ઉદ્ધવજી પાના નં. ૧૪૫૭-૧૪૫૮
(૨) **भक्त चरितांक कल्याण** સામાયિક : પાના નં. ૧૮૬-૧૮૮
(૩) **શ્રીમદ્ ભાગવત્ :** સ્કંધ : ૧૦ (પૂર્વાર્ધ) સારાંશ
(૪) **શ્રીહરિચરિત્ર ચિંતામણિ**

●

૫૨. કશ્યપ ઋષિ

સ્વાયંભૂ મન્વંતરમાં કશ્યપ ઋષિ જન્મ્યા હતા. તેમના પિતા બ્રહ્મમાનસ પુત્ર મરીચિ ઋષિ હતા. (૧) કશ્યપ ઋષિને પ્રજાપતિ પણ કહે છે. સર્વે મુનિઓમાં તે શ્રેષ્ઠ ગણાતા. પ્રાચેતસદક્ષ રાજાની અદિતિ સહિતની ૧૩ કન્યાઓને ઋષિ પરણ્યા હતા. દિતિ, દનુ, દનાયુ, કાલા, કપિલા, ક્રોધા, પ્રાધા, ઈલા, વનિતા, સિંહિકા, મુનિ અને કદ્રુ આ તેર કન્યાઓ હતી. તેમની દિતિ નામની પત્નીથી હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ નામના પુત્ર થયા. અન્ય પત્ની દનુથી તેમને ૧૦૦ દાનવપુત્રો થયા. વૈશ્વાનરની કન્યા પુલોમા અને કાલકા પણ તેમની પત્ની બની. જેમનાથી તેમને કરોડો પુત્ર જન્મ્યા. તામ્રા નામની પત્નીથી તેમને ૬ પુત્રો થયા. આ સિવાય તેમને શ્યેની, ભાસી, કાકી, ગૃદ્રિકા, શુચિગ્રીવા નામની પત્નીઓ હતી. તેમનાથી કાક (કાગડા) આદિ પક્ષી ઉત્પન્ન થયા. તામ્રાના પુત્રો ઘોડા અને ઉંટ થયા. વિનતાના અરૂણ અને ગરૂડ નામના બે પુત્ર થયા. સુરસાથી હજારો સાપ ઉત્પન્ન થયા. કદ્રુથી વાસુકિ, શેખ અને તક્ષક વગેરે હજારો નાગ થયા. ધરાથી જળપક્ષી થયા. સુરભિથી ગાય-ભેંસ વગેરે પશુઓની ઉત્પત્તિ થઈ. ઈરાના ગર્ભથી તૃણ વગેરે થયા. ખસાથી યક્ષ-રાક્ષસ થયા. મુનિથી અપ્સરાઓ થઈ. અરિષ્ટાના ગર્ભથી ગંધર્વ થયા. આ રીતે કશ્યપજીથી સ્થાવર-જંગમ જગતની ઉત્પત્તિ થઈ. (૨)

દિતિથી દૈત્યો થયા. વિષ્ણુએ કશ્યપની પત્ની અદિતિના પેટે અવતાર ધર્યો. (૧)

વચનામૃત ગઢડા પ્રથમના ૧૩માં શ્રીહરિ કહે છે કે, શ્રી કૃષ્ણ ભગવાન છે તેની પુરુષ અને પ્રકૃત્તિ એ બે શક્તિઓ છે... તો એ ભગવાન બ્રહ્મારૂપે કરીને મરીચ્યાદિકને સૃજતા હતા અને કશ્યપ અને દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય અને પશુ પક્ષ્યાદિક સમગ્ર સ્થાવર જંગમ જે જીવ તેને સૃજતા હતા.

આમ, ઋષિ પ્રાણી માત્રના ઉદ્ભાવક ગણાય છે. કશ્યપ પરશુરામ જામદગન્યના અશ્વમેઘ યજ્ઞમાં અધ્વર્યુ (યજ્ઞ કરાવનાર) હતા. ક્ષત્રિયો સાથેના યુદ્ધોમાં જીતેલી સમસ્ત પૃથ્વી પરશુરામે કશ્યપજીને દાનમાં આપી હતી. પોતાને મળેલ પૃથ્વી પર રહ્યા ક્ષત્રિયોના રક્ષણ સારું કશ્યપે પોતાની પૃથ્વી ઉપરથી અન્યત્ર વસવા રામને કહેલું. આ રીતે તેમણે ક્ષત્રિય જાતિની રક્ષા કરી અને પૃથ્વી પર ફરી સુરાજ્ય સ્થાપ્યું. તેથી પૃથ્વી કાશ્યપી એવા નામે કહેવાય છે. (૩)

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૦૭૦

(૨) **અગ્નિપુરાણ :** વેદવ્યાસ રચિત, ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૨થી ૩૩

(૩) **ગુજરાતી વિશ્વકોષ :** ભાગ-૪, પાના નં. ૨૬૧

●

૫૩. ગર્ગાચાર્ય

શ્રી ગર્ગાચાર્ય યદુવંશીઓના પુરોહિત અને અતિ તપસ્વી ઋષિ હતા. તેઓ ભૂત-ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનું જાણનાર સર્વજ્ઞ હતા. તેમણે કાત્યાયન વ્રત અભિલાષામાં શ્રીકૃષ્ણને પતિરૂપમાં ઇચ્છતી ગોપિકા-શ્રીકૃષ્ણલીલામાં યોગદાન આપી વિવાહ કરાવ્યા. જે સમયે ગ્વાલબાલોનું બ્રહ્માજીએ હરણ કર્યું હતું. તે સમયે શ્રીકૃષ્ણ જ તમામ બાલકરૂપમાં પ્રગટ થયેલા. જે વાતની બ્રહ્માજીને ખબર પડતા તેમનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો મનુષ્યભાવ દૂર કરી પ્રભુપણાનો ભાવ ફરીથી કલ્પ્યો. ઋષિએ શ્રીકૃષ્ણ-બલરામના નામ સંસ્કાર અતિ માધુર્યપૂર્વક કર્યા હતા. (૧)

શ્રીકૃષ્ણ ઘૂંટણીએ ચાલતા હતા તે દરમ્યાન ગર્ગાચાર્ય નંદબાબાના ઘરે પધાર્યા અને બાલકૃષ્ણ સ્વયં ભગવાન જ છે તેવા ભાવથી તેમની પૂજા કરી. ત્યારે નંદબાબાએ લાલાની નામકરણવિધિ કરવાની વાત કરી ત્યારે ઋષિ બોલ્યા કે, હું નામકરણવિધિ કરીશ તો લોકો સમજશે કે આ દેવકીનો પુત્ર છે અને તેથી કંસ તેને મારી નાખશે. તેથી ઋષિએ શ્રીકૃષ્ણ અને બલરામની નામકરણ વિધિ એકાંતમાં ગુપ્તરૂપમાં કરી દીધી અને કૃષ્ણની ભવિષ્યવાણી ભાખી કે, એ રંગે શ્યામ છે તેથી તેનું નામ કૃષ્ણ થશે. આને લોકો અનેક નામથી બોલાવશે તથા તેના રૂપ પણ અનેક છે તેના નામ રૂપ અને કર્મ પ્રમાણે બનશે. આ બાળક તમારા લોકોનું પરમ કલ્યાણ કરશે. સમસ્ત ગોપ-ગોપીઓ આનાથી સુખી થશે. આ બાળકથી તમે મોટી મોટી વિપત્તિઓને પાર કરી લેશો. કીર્તિ અને પ્રભાવમાં સાક્ષાત્ ભગવાન નારાયણ જેવા થશે. (૨)

★ **શ્રીહરિએ ગર્ગાચાર્યને લોયાના ૧૮માં**ના નિશ્ચયના વચનામૃતમાં યાદ કર્યા છે કે,

'જેમ વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્ર દેખીને પ્રથમ તો દેવભાવ આવ્યો પછી ગર્ગાચાર્યના વચનને સંભારીને શ્રીકૃષ્ણમાં નારાયણભાવ

આવ્યો અને પછી એમ કહ્યું કે, તમે તો નારાયણ છો, માટે અમને તમારું ધામ દેખાડો.'

તો, શ્રીકૃષ્ણ ભગવાનના તમામ ચરિત્રોમાં વ્રજવાસીઓ અને ગોપબાળોને પ્રથમ મનુષ્યભાવ આવ્યો પણ આવું ચરિત્ર મનુષ્ય ન કરી શકે. આ તો કોઈ દેવ છે તેવું કલ્પ્યું. પણ આ કાર્ય દેવથી પણ ન બની શકે. આ કાર્ય તો સ્વયં પરમાત્મા જ કરી શકે. તેવું ગર્ગાચાર્યનું વચન (ભવિષ્યવાણી) યાદ આવ્યું ત્યારે ગોપ બાળકોએ શ્રીકૃષ્ણને પરમાત્મા તરીકે માન્યા. તે દિવ્ય ચરિત્રો જોઈએ :

શ્રીકૃષ્ણએ પ્રથમ પૂતના નામની રાક્ષસીનું પયપાન કરી તેને મારી. જે કાર્ય કોઈ બાળક ન કરી શકે. પ્રભુને ગાડા નીચે સુવડાવેલ ત્યારે પગના ઠેબાથી ગાડાને ઉલાળી નાખ્યું. યમલાર્જુન નામના વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાખ્યા, બકાસુર, અઘાસુર, ધેનુકાસુર વગેરે અસુરોને મારી નાખ્યા. આ બધા અસુરોનો નાશ બાળકથી ન થઈ શકે. વળી માતાને મુખમાં વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. આ બધા ચરિત્રો જોઈને વ્રજવાસીઓને થયું કે, આ કાર્ય દેવોનું નથી પણ સ્વયં પરમાત્મા જ કરી શકે. પછી તેઓએ શ્રીકૃષ્ણમાં પરમાત્માનો ભાવ કલ્પ્યો. પછી તેઓએ કહ્યું કે, તમે સાક્ષાત્ નારાયણ છો અમને તમારા ધામના દર્શન કરાવો.

★ **પાદટીપ :**

(૧) **ભક્તમાળ :** નાભાજીકૃત. પ્રવીણ પુસ્તક ભંડાર. વર્ષ-૧૯૯૮, પાના નં. ૨૫૩

(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** દ્વિતીય ખંડ, દસમો સ્કંધ, આઠમો અધ્યાય.

●

૫૪. મહર્ષિ દુર્વાસા

દુર્વાસામુનિ એટલે ક્રોધનો અવતાર એમ લોકમાં કહેવાય. પરંતુ આ ક્રોધ તેમણે બીજાને સન્માર્ગે લાવવા માટે રાખ્યો હતો તેથી તે દોષ તેમણે આશીર્વાદ સમાનગણી સ્વીકાર્યો હતો.

દુર્વાસા શિવના અંશથી ઉત્પન્ન થયા છે તેમ કહેવાય છે. અત્રિઋષિ અને અનસુયાએ પુત્ર પ્રાપ્તિ માટે તપ કરતા બ્રહ્માજીએ આશીર્વાદ આપી ઋષિને શિવના અંશરૂપ પુત્ર થશે તેમ કહેલ. (૧)

આ ઋષિ વિષે વિસ્તારથી જોઈએ તો :

અત્રિ ઋષિ અને માતા અનસુયા થકી તેમનો જન્મ થયેલો. તેઓ ઔર્વ મુનિની કદલી નામની પુત્રી સાથે પરણ્યા હતા. કદલી પણ ક્રોધી હતા. તેથી કદલીના પિતાએ કદલીને શાંતિથી જાળવવા દુર્વાસાને પ્રાર્થના કરી. આથી ઋષિએ પ્રતિજ્ઞા લીધી કે તેઓના કદલીના સો અપરાધ માફ કરશે. જો એનાથી વધારે અપરાધ થશે તો તે કદલીને શાપ આપી બાળી નાખશે. આમ ઋષિ કદલીના અપરાધ ગણતા રહ્યા. પણ અપરાધ સો કરતા વધારે થતા ઋષિએ તેને શાપ આપી બાળી નાખી. ધ્યાનમાં બેઠેલા ઔર્વ મુનિને આ અમંગળ ઘટનાની જાણ થતાં તેઓ દુર્વાસા પાસે આવ્યા ને પુત્રીની માગણી કરી ત્યારે દુર્વાસાએ રડતા રડતા બધી વાત કરી.

ઔર્વ મુનિએ દુર્વાસાને શાપ આપતા કહ્યું કે, તમારા દૈવતનું એક દિવસ હરણ થઈ જશે. તમારે પ્રાણની રક્ષા માટે ત્રિલોકમાં દોડવું પડશે. (૨)

અને, એક દિવસ જ્યારે દુર્વાસા મુનિ અંબરીષ રાજાના એકાદશીના પારણામાં ગયા ત્યારે રાજાને તેમણે સ્નાનવિધિ પતાવીને આવું છું તેમ કહ્યું. ઋષિ ગયા, પરંતુ આવવામાં મોડું થયું. બારશના પારણાનું મુહૂર્ત વહી જતું હતું તેથી વ્રત ભંગ ન થાય તે માટે તથા મુનિને જમાડ્યા વગર ન જમાય તેથી રાજાએ ભૂદેવોની સલાહથી વચલો રસ્તો કાઢી તુલસીપત્રનું પાન કર્યું. જેથી પારણા કર્યા

પણ કહેવાય અને ન કર્યા પણ ગણાય. આ વાતની ઋષિને ખબર પડતા તે ક્રોધાયમાન થઈ રાજા ઉપર કૃત્યાઓ છોડી. પરંતુ અંબરીષ રાજા પ્રભુના ખરા ભક્ત હતા તથા સત્યનિષ્ઠ રાજા હતા, તેથી ભગવાને તેની રક્ષા માટે સુદર્શનચક્ર રાખેલ. તેથી તે ચક્ર દુર્વાસાનો નાશ કરવા માટે તેની પાછળ પડ્યું. કૃત્યાનો નાશ કરી ઋષિને મારવા સુદર્શન ચક્ર આગળ વધ્યું. આથી ઋષિ ભાગ્યા. ત્રણે લોકમાં ગયા. છેવટે વિષ્ણુ પાસે ગયા પણ તેણે પણ અશક્તિ બતાવી કહ્યું કે, આ ચક્રથી ફક્ત અંબરીષ જ તારી રક્ષા કરી શકશે. અંતે ઋષિએ રાજાની માફી માગતા સુદર્શન ચક્રથી તેમની રક્ષા થઈ. (૨)

કણ્વ ઋષિના આશ્રમમાં શકુંતલા, દુષ્યંતના વિચારોમાં ડુબેલી હતી. તે દરમ્યાન દુર્વાસા મુનિ આવતા તેનું ધ્યાન ન રહ્યું અને શકુંતલાને શાપ આપ્યો કે, તું જેને યાદ કરે છે તે તને ભૂલી જશે. શકુંતલાએ પોતાની ભૂલની માફી માંગી ત્યારે અનુગ્રહ કરી કહ્યું કે, તારી આપેલી વીંટી રાજા જોશે તો તેને તરત તારી યાદ આવશે. (૨)

દુર્વાસા બ્રાહ્મણના વેશે ઈન્દ્ર પાસે ગયા. ઈન્દ્ર તે વખતે હાથી ઉપર બેઠા હતા. મુનિએ તેને એક દિવ્ય ફૂલમાળા આપી તો ઈન્દ્રએ તે માળા હાથી ઉપર નાખતા હાથીએ તે માળાની તીવ્ર ગંધથી તે માળા જમીન ઉપર ફેંકી કચડી નાખી, તેથી ઋષિ ઈન્દ્ર ઉપર ક્રોધે ભરાયા ને ઈન્દ્રને શાપ આપ્યો, કે તારી સંપત્તિ દરિયામાં ડૂબી જશે. (૨)

આ પછી દેવતાઓએ સમુદ્રમંથન કરી તે સંપત્તિ પાછી મેળવી. (૨)

એક વખત ઋષિ દ્વારિકા શ્રીકૃષ્ણના મહેમાન થયા. ત્યાં તેમણે શ્રીકૃષ્ણને યુક્તિ-પ્રયુક્તિઓ કરીને ખૂબ હેરાન કર્યા. પોતાના માટે ખીર કરાવી તે ખીર શ્રીકૃષ્ણ અને રુક્મિણીના શરીરે ચોપડી, બંનેને હળે જુતાવ્યા. છતાં પણ બંનેએ હસતા મુખે ઋષિને સહન કર્યા. આથી ઋષિએ તેમને રાજી થઈને શ્રીકૃષ્ણનું મૃત્યુ કઈ રીતે થશે તે જણાવ્યું. (૨)

દુર્યોધને ઋષિની ખૂબ સેવા કરી રાજી કર્યા. તો ઋષિએ તેને વરદાન માગવાનું કહેતા દુર્યોધને કહ્યું કે, તમે પાંડવો વનમાં ભોજન કરી લે પછી ત્યાં ભોજન માટે જજો. દુર્યોધનનો આશય એ હતો કે, ભોજન કર્યા પછી પાંડવો અક્ષયપાત્ર ઊંધુ વાળી દે પછી બીજા દિવસ સુધી કાંઈ અન્ન પ્રાપ્ત ન થાય. આમ, ઋષિ ભૂખ્યા રહે અને પાંડવોને શાપ આપે. ઋષિ આ રીતે ગયા. ચતુર દ્રૌપદીએ

તેમને સ્નાનવિધિ માટે નદીએ મોકલી શ્રીકૃષ્ણને યાદ કર્યા. કૃષ્ણે તુરત આવીને અક્ષયપાત્ર ઉપર ચોંટેલું ભાજીનું પાન જમી સમગ્ર સૃષ્ટિ તૃપ્ત થાઓ તેવા આશીર્વાદ આપતા, દુર્વાસા અને તેના હજાર શિષ્યોના ઉદર ભરાઈ ગયા અને ઉલ્ટાનું યુધિષ્ઠિરનું કલ્યાણ થાઓ તેવા તેમણે આશીર્વાદ આપ્યા. (૨)

આ ઋષિના આવા ક્રોધી સ્વભાવે દેવતાઓને અહંકારી થતા બચાવ્યા આથી પોતે જાણી જોઈને આ સ્વભાવ રાખ્યો હતો. (૨)

શ્રીહરિને જ્યારે આ પૃથ્વી ઉપર અસુરોના નાશ માટે પ્રગટ થવું હતું ત્યારે પોતાની ઈચ્છાથી દુર્વાસા મુનિને નિમિત્ત બનાવી બદ્રિકાશ્રમમાં તેમનો શાપ ગ્રહણ કરી આ પૃથ્વી પર પ્રગટ થયા અને સદ્‌ધર્મનું સ્થાપન કરી ભક્તોને લાડ લડાવ્યા.

વચનામૃતમાં શ્રીહરિએ દુર્વાસા મુનિનો અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છેઃ

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૩મું :

...પછી દુર્વાસા ઋષિ બોલ્યા જે, યમુનાજીને કહેજો જે, દુર્વાસા મુનિ સદા ઉપવાસી હોય તો માગ દેજ્યો.

... દુર્વાસા ઋષિ તો વિશ્વાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પોતાના આત્માને એક કરીને સર્વે ગોપીઓનો થાળ જમી ગયા.

આ અંગેનો પ્રસંગ જાણીએ :

એકવાર શ્રીકૃષ્ણે ગોપીઓને કહ્યું કે, સામા કાંઠે વૃંદાવનમાં દુર્વાસા મુનિ છે તેને જઈને થાળ જમાડી આવો. ત્યારે ગોપીઓ કહે, આડા યમુનાજી છે અમે તેને પાર કેવી રીતે કરી શકીએ ? ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે, તમે યમુનાજીને કહેજો કે, હે યમુનાજી ! જો શ્રીકૃષ્ણ સદાય બાળ બ્રહ્મચારી હોય તો અમને મારગ દેજો. આ સાંભળી સર્વે ગોપીઓ હસવા લાગી. કેમકે પ્રભુએ દરેક ગોપીઓ સાથે રાસ રમ્યા હતા. તેથી શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી કેમ કહેવાય ? તેમ છતાં શ્રીકૃષ્ણના વચનમાં વિશ્વાસ રાખી યમુનાજીને તેમ કહેતા જ યમુનાજીને પાણીમાં મારગ દઈ દીધો અને સર્વે ગોપીઓએ દુર્વાસા મુનિને થાળ જમાડ્યો. હવે પાછા સામા કિનારે જવું હતું તો વળી ગોપીઓ મૂંઝાણી કે સામે પાર કેમ જવું ? ત્યારે તેમણે દુર્વાસામુનિને પૂછ્યું કે સામે પાર ગોકુળ કઈ રીતે જવું ? ત્યારે દુર્વાસાએ કહ્યું કે, તમે યમુનાજીને કહેજો કે, જો દુર્વાસા સદા ઉપવાસી હોય તો અમને માર્ગ દેજો. વળી ગોપીઓ હસી પડી કે દુર્વાસાજી હજાર ગોપીઓના થાળ નજર સામે જમી ગયા ને વળી ઉપવાસી કેમ કહેવા ? છતાં મુનિના વચનમાં શ્રદ્ધા રાખી

યમુનાજીને કહેતા યમુનાજીએ માર્ગ કરી દીધો અને ગોપી સામે કિનારે ચાલીને જતી રહી.

★ વચનામૃત સારંગપુરનું ૧૮મું :

દુર્વાસાદિક મુક્ત થયા છે તો પણ તે તામસી કેમ રહ્યા છે ?

....મુનિમાં જે તમોગુણ આદિક ગુણ વર્તે છે તે તો પોતાને એ ગુણ રાખવા છે માટે રહ્યા છે.

★ વચનામૃત પંચાળાનું ૪થું :

તથા સૂર્ય છે તેને કુંતાજીએ દુર્વાસાના આપેલા મંત્રે કરીને તેડ્યા ત્યારે સૂર્ય કુંતાજી પાસે આવ્યા.

આની કથા જાણીએ :

જ્યારે કુંતાજી કુંવારા હતા અને પૃથા નામે હતા ત્યારે તેમના ઘરે એક બ્રાહ્મણ અતિથિ બનીને આવ્યા ત્યારે પૃથાએ તેમની આત્મભાવે ખૂબ સેવા કરી. ભૂદેવના ટાણા-કટાણાને જોયા વગર તેમને ગમે ત્યારે ભોજન બનાવી દેતા. આ સેવાથી તે ભૂદેવ દુર્વાસા પૃથા ઉપર રાજી થયા અને તેમને મંત્ર વરદાન આપ્યા કે, આ મંત્રનો જપ કરીશ ત્યારે તે દેવ સાક્ષાત્ તારી પાસે આવશે અને તારી હર ઈચ્છા પૂરી કરશે. આમ, વરદાન આપ્યા. પછી એકવાર પૃથા એકલા હતા ત્યારે તેમણે કુતૂહલભાવે સૂર્યદેવના મંત્રનો જપ કરતા તે દેવ હાજર થયા અને જે ઈચ્છા હોય તે માંગવાનું કહ્યું ત્યારે પૃથા કહે મેં તો કુતૂહલભાવે તમને બોલાવેલ મારે કંઈ જોઈતું નથી. તેમ છતાં સૂર્યદેવે પોતાના અંશ પૃથાને આપ્યો. જે કર્ણ તરીકે ઓળખાયો. (૧)

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૦મું :

...જ્યારે દુર્વાસા ઋષિ વૃંદાવનને વિષે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું જે, દુર્વાસા ભૂખ્યા છે માટે થાળ લઈને જાઓ... હવે યમુનાજીને એમ કહેજો કે દુર્વાસા સદા ઉપવાસી હોય તો માર્ગ દેજો.

★ પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ** : ભાગ-૫, પાના નં. ૪૪૭૮થી ૪૪૭૯

(૨) **દુર્વાસા** : સસ્તુ સાહિત્ય પુસ્તિકા, અમદાવાદ. વર્ષ-૧૯૮૩, પાના નં. ૧થી ૫૮નો સારાંશ.

૫૫. તુલસીદાસ

વાસના કુંઠિત અને નિર્મૂળ થયાના **લોયાના ૧૬માં વચનામૃત**માં મુક્તાનંદ સ્વામીના માન કેમ ટળે ? તે પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે, જે ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય તેને માન ન આવે. તેના ઉદાહરણમાં ગોસ્વામી તુલસીદાસને યાદ કરતા કહે છે કે,

'તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ
તાકે પગકી પેહેનિયા મેરે તનકી ચામ.'

તુલસીદાસ ભગવાન રામનું એવું માહાત્મ્ય સમજતા હતા કે, કોઈ જો ભૂલથી પણ શ્રીરામનું નામ લે તો પોતાના શરીરની ચામડીમાંથી જોડા બનાવી તેને પહેરાવું. કહેતા તેના માટે પોતાનું શરીર સમર્પિત કરવા તૈયાર છે. તો આવું પ્રભુનું માહાત્મ્ય સમજતા હોય ત્યારે માન નામનો દોષ ટળે છે.

ગોસ્વામી તુલસીદાસ વાલ્મીકિ ઋષિનો અવતાર માનવામાં આવે છે. તુલસીદાસે પોતાના જીવન વિષે કે જીવનકાળ વિષે ખાસ કંઈ લખ્યું નથી પણ પોતાની ચોપાઈ ઉપરથી થોડી માહિતી પ્રાપ્ત થાય છે. (૧)

'पंद्रह सै चउवन बिषै, कालिंदी के तीर
श्रावन सुफला सप्तमी, तुलसी घरेउं शरीर ।'

વિ.સં. ૧૫૫૪ની શ્રાવણ સુદ સપ્તમીના દિવસે બાંદા જિલ્લાના રાજાપુર ગામમાં સરયૂપાણી બ્રાહ્મણના ઘરે તેમનો જન્મ થયો. તેમના પિતાનું નામ આત્મારામ દૂબે તથા માતાનું નામ હુલસી હતું. જન્મ સમયે તેઓ જરાય રડ્યા ન હતા તથા જન્મ સમયે તેમના મોંમાં પૂરેપૂરા દાંત હતા. પોતે અશુભ ચોઘડીયામાં જન્મ્યા હતા તેથી માતા-પિતા માટે તેઓ અશુભ મનાયા. કહેવાય છે કે તેમના જન્મ પછી તેમના માતા-પિતા ટૂંકા ગાળામાં મૃત્યુ પામ્યા અને બાળક તુલારામનો ઉછેર ઠેર ઠેર ભટકતા થયેલો. (૧)

વિ.સં. ૧૫૮૩માં જેઠ સુદ તેરશના દિવસે તેમનો વિવાહ રત્નાવલી નામની

બુદ્ધિમાન સ્ત્રી સાથે થયો. તેઓને પત્નીમાં ખૂબ આસક્તિ હતી. એકવાર જ્યારે તેમના પત્ની પિયર ગયા ત્યારે પોતે તેમનો વિરહ સહન ન કરી શકવાથી તેમના સાસરે ચોરી છૂપીથી ગયા. તેમની પત્નીને તુલસીદાસનું આ વર્તન અજુગતું લાગ્યું અને તેમણે તુલસીદાસને માર્મિક વચન માર્યા કે,

'हाड मांस को देह मम, तापर जीतनी प्रीति,
तिसु आधो जो राम प्रति अवसि मिटि हि भवभीति. ।'

— હાડ ચામના આ દેહ ઉપર તમને જેટલી પ્રીતિ છે, તેનાથી અડધી પ્રીતિ પણ જો રામ ઉપર હોય તો આ ભવના ફેરા મટી જાય. મોક્ષ થઈ જાય. (૧)

આવું સાંભળતા તુલસીદાસને જબ્બર ચટકી લાગી અને તેઓ ત્યાંથી જ સંસારનો ત્યાગ કરી પ્રભુ મેળવવા નીકળી ગયા. સાધુ વેષે વિરક્ત જીવનમાં તેઓએ ૧૪ વર્ષ સુધી ભારતભરનું તીર્થાટન કર્યું. તેમણે નરહર્યાનંદજીને પોતાના ગુરુ કર્યા. (૧)

તેમને **રામ કેવી રીતે મળ્યા તે બાબતે એક કથા એવી છે કે**, પોતે બહિર્ભૂમિ માટે રોજ ગંગાના સામા કાંઠે જતા અને પાછા ફરતા એક પીપળાના વૃક્ષમાં પોતાના લોટાનું વધેલું પાણી રેડતા. આ ઝાડ ઉપર એક પ્રેત રહેતું હતું. તે રોજ આ જળ પીતું હતું. આથી તે તુલસીદાસ ઉપર પ્રસન્ન થઈ ગયું અને પોતાની પાસે કંઈક માંગવા કહ્યું. ત્યારે તુલસીદાસે રામના દર્શન કરાવવાની માગણી કરી. ત્યારે પ્રેત બોલ્યું કે, અમુક મંદિરમાં રોજ રામકથા થાય છે અને ત્યાં ચિરંજીવી હનુમાનજી એક કોઢિયા બ્રાહ્મણના વેષે આવીને કથા સાંભળે છે. તમે તેને મળો તો તે તમને રામના દર્શન કરાવશે. (૧)

ત્યારે તુલસીદાસે તે કોઢિયા બ્રાહ્મણના પગ પકડી ખૂબ આજીજી કરી. ત્યારે હનુમાનજીએ કહ્યું કે, તમે ચિત્રકૂટ જાઓ ત્યાં તમને રામના દર્શન થશે. તુલસીદાસ ચિત્રકૂટ ગયા. ત્યાં જંગલમાં તેમણે એક હરણના શિકારે જતાં એક શ્યામ અને બીજા રૂપાળા રાજકુંવર જેવા બે યુવાનોને જોયા. આ જોઈ તુલસીદાસ દંગ થઈ ગયા. આ સમયે હનુમાનજી આવ્યા અને કહ્યું કે તે બે રાજકુંવરો જ રામ-લક્ષ્મણ હતા. (૧)

વિ.સં. ૧૬૦૭ના મૌની અમાવાસ્યા (માઘ માસ)ના બુધવારના દિવસે તુલસીદાસજી ચિત્રકૂટના ઘાટ ઉપર બેસી ચંદન ઘસી રહ્યા હતા. એટલામાં ભગવાન પધાર્યા અને તુલસીદાસ પાસે ચંદન માંગ્યું. તુલસીદાસે ઊંચે જોયું તો

સામે અનુપમ સૌંદર્યના સ્વામી ઊભા હતા. તુલસીદાસ એકીટશે તેમના દર્શન કરતા શરીરની સુધબુધ ખોઈ બેઠા. (૧)

તુલસીદાસે સં. ૧૬૩૧ના ચૈત્ર સુદ-૯ અને મંગળવારના દિવસે હનુમાનજીની પ્રેરણાથી અને આજ્ઞાથી ભગવાન રામના ચરિત્રરૂપ રામચરિતમાનસ ગ્રંથ લખવાનું શરૂ કર્યું. કહો કે હનુમાનજી જ તેમને આ ગ્રંથ લખાવતા હોય ! આ ગ્રંથ લખતા તેમને ૨ વર્ષ, ૭ મહિના અને ૨૬ દિવસ લાગ્યા. ગ્રંથ પૂર્ણ થતા ફરી હનુમાનજીએ પ્રગટ થઈને તુલસીદાસને આશીર્વાદ આપ્યા કે, આ ગ્રંથ ભગવાન રામની અને તમારી કીર્તિને વધારશે. (૧)

એક દિવસ ચોર તેમને ત્યાં ચોરી કરવા આવ્યા. પણ ઘરઆંગણે કોઈ બાળક ધનુષ્યબાણ લઈને ચોકી કરતું જોઈ ચોર ભાગી ગયા. ફરી વાર પણ આવું બન્યું. તેથી ચોરે તુલસીદાસને પૂછ્યું કે, તમારે ત્યાં શ્યામસુંદર બાળક ધનુષ્યબાણ લઈને ચોકી કરે છે. ત્યારે તેઓ સમજી ગયા કે તે ભગવાન રામચંદ્ર સિવાય કોણ હોય ? પણ તુલસીદાસને લાગ્યું કે, મારી સંપત્તિનું ધ્યાન રાખવા ખુદ ભગવાનને આવવું પડે છે અને તેમને કષ્ટ ઉઠાવવું પડે છે. આથી તેમણે પોતાની પાસે જે કંઈ હતું તે તમામ ગરીબોને આપી દીધું. (૧)

એકવાર એક સ્ત્રીનો પતિ ગુજરી ગયો. આ સ્ત્રીનું આક્રંદ જોઈને તુલસીદાસને તેના ઉપર દયા આવી અને આશીર્વાદ આપ્યા કે તારો પતિ ગુજરી નથી ગયો અને સાચે જ બાઈનો પતિ ફરી જીવતો થયો. આ સમાચાર નગરના બાદશાહને મળતા તેણે તુલસીદાસને બોલાવીને કાંઈક ચમત્કાર બતાવવા કહ્યું. ત્યારે તુલસીદાસ કહે, હું તો ફક્ત રામનામ જાણું છું. મારી પાસે કંઈ વિદ્યા નથી. એટલે બાદશાહે તેમને જેલમાં પુરી દીધા. કે જ્યાં સુધી ચમત્કાર નહીં દેખાડો ત્યાં સુધી તમને જેલમાંથી મુક્ત નહીં કરું. આ સમયે તેમણે હનુમાનજીને આ દુઃખમાંથી છોડાવવા પ્રાર્થના કરતા જ નગરમાં હજારોની સંખ્યામાં વાનરો જંગલમાંથી ઉમટી આવ્યા અને રાજાના મહેલમાં અને નગરમાં તોડફોડ અને નુકશાન કરવા મંડ્યા. ચારે બાજુ હાહાકાર મચી ગયો. કોઈએ બાદશાહને કહ્યું કે, તમે તુલસીદાસને જેલમાં પૂર્યા છે તેથી તેના ભગવાન નારાજ થયા છે માટે તુલસીદાસને જેલમાંથી મુક્ત કરો. આથી રાજાએ તેમને જેલમાંથી મુક્ત કરી માફી માગતા જ વાનરો પાછા જંગલમાં જતા રહ્યા. (૧)

એકવાર તુલસીદાસ વૃંદાવન ગયેલા. ત્યાં કૃષ્ણ મંદિરમાં જઈ શ્રીકૃષ્ણને

રામરૂપે દર્શન આપવા કહેતા તેમને ધનુષ્યબાણ ધારણ કરેલા રામસ્વરૂપે દર્શન થયા. (૧)

તુલસીદાસે લખેલા ૧૨ ગ્રંથ પ્રસિદ્ધ છે : રામચરિતમાનસ, ગીતાવલી, કવિત્ત રામાયણ, દોહાવલી, રામલલા નહછૂ, પાર્વતીમંગલ, જાનકી મંગલ, કૃષ્ણ ગીતાવલી બરવૈ, રામાયણ, રામાજ્ઞા, વિનયપત્રિકા, વૈરાગ્ય સંદિપની. (૧)

તેમનો જે તે વખતની ભાષામાં લખાયેલો રામચરિતમાનસ ગ્રંથ આજે દરેક હિન્દુઓમાં લોકપ્રિય છે. જેની કથાથી અનેક જીવોનું કલ્યાણ થાય છે અને ભગવાનમાં પ્રીતિ થાય છે. (૧)

આમ, પ્રભુના ગુણગાન ગાતા તુલસીદાસ ૧૨૬ વર્ષની દીર્ઘ આયુષ્ય ભોગવી સં. ૧૬૮૦ની શ્રાવણ સુદ સપ્તમી અને શનિવારના દિવસે અસ્સીઘાટ પર શરીર છોડી સાકેતલોકમાં સિધાવ્યા. (૧)

વચનામૃતમાં શ્રીહરિએ તુલસીદાસનો ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા મધ્યનું ૪૧મું :

...અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મીયાંજી જેવા કોઈક જ કરતા હશે, પણ સર્વથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી. પછી તે ઉપર મુક્તાનંદ સ્વામીએ તુલસીદાસની સાખી કહી જે :

'કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.'

★ **પાદટીપ :**

(૧) **भक्तचरितांक :** કલ્યાણ. ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૬, વિશેષાંક. પાના નં. ૪૮૬થી ૪૮૭

●

૫૬. જડભરતજી

શ્રીહરિને જડભરતજીનો ત્યાગ વૈરાગ્ય અને આત્મનિષ્ઠા ખૂબ ગમતી. વચનામૃતમાં અનેક જગ્યાએ શ્રીહરિએ તેમને યાદ કરી સંતો-ભક્તોને શીખ આપી છે. તો જડભરત વિષે જાણીએ.

અયોધ્યાના ઋષભદેવ ભગવાનને જયંતી નામની સ્ત્રીથી થયેલ ભરત રાજાના નામ પરથી આ દેશનું નામ ભારતવર્ષ પડેલું છે. તે વિશ્વરૂપ રાજાની પુત્રી પંચજનીને પરણ્યા ને પાંચ દીકરા થયા. ભરતે ઉત્તમ રીતે રાજ્ય કર્યું. અંતે વૈરાગ્ય થતા રાજ્ય છોડી પુલહ ઋષિના આશ્રમમાં ગંડકી નદીને કાંઠે એકલા રહી ધ્યાન, ભજન કરતા હતા. ત્યાં ગર્ભિણી હરણી પાણી પી'તી હતી. સિંહે ત્રાડ નાખતા બચ્ચું પાણીમાં સ્ત્રવી ગયું. દયાએ કરીને બચ્ચાને પાળી પોષીને મોટું કર્યું. પણ તેમાં આસક્તિ થવાથી તપમાં અને કલ્યાણમાં વિઘ્ન થયું. અંતકાળે બચ્ચું યાદ આવતા બીજો જન્મ મૃગનો થયો. પણ પૂર્વજન્મનું જ્ઞાન યાદ રહી ગયેલ તેથી સુકા પાંદડા ખાઈ જેમ તેમ કરીને દેહ ટકાવ્યો.

આમ ભરતજીને પોતાનું કલ્યાણ બગડ્યું તેનો પસ્તાવો થતો હતો આથી ગંડકી નદીમાં વચ્ચે ઊભા રહી મૃગનો દેહ પાડી નાખ્યો. ત્રીજો જન્મ અંગિરા કુળના એક ધાર્મિક બ્રાહ્મણને ત્યાં થયો. અહીં પણ તેનું નામ ભરત પડ્યું. પણ પૂર્વજન્મનું જ્ઞાન તાજુ હતું. આ વખતે કોઈમાં આસક્તિ ન રહી જાય તે માટે સાવધાની રાખીને જાણી જોઈને ગાંડાની જેમ વર્તતા. કોઈનો સંગ ન કર્યો. ઉન્મત્ત દશામાં ફરતા તેથી લોકો તેને જડભરત કહેવા લાગ્યા. ખેતરનું રખોપું કરવા મોકલ્યા તો ત્યાં પણ રાત-દિવસ ઓડાની માફક ઊભા રહેતા. ખેતર પક્ષીઓને હવાલે કરી દેતા. આથી ભાઈઓએ તેમને કાઢી મૂક્યા.

એક વખત કોઈ જંગલી લોકો ભરતજીને દેવીને ભોગ આપવા સારું લઈ ગયા. દેવી આવા જ્ઞાનીનો ભોગ અપાતો જોઈ ક્રોધે ભરાયા અને પેલા માણસોને

મારી નાખ્યા. જડભરત છૂટા થયા. ફરી તેઓ બ્રહ્મ ધ્યાનમાં મગ્ન રહી વનમાં ફરવા લાગ્યા.

એક વખતે સિંધુ દેશનો રહૂગણ રાજા પાલખીમાં બેસી કપિલ મુનિને આશ્રમે જતા હતા. રસ્તામાં પાલખી ઉપાડનાર એક ભોઈ માંદો પડ્યો. રાજાના સેવકો જડભરતને પાલખી ઉપાડવા પકડી લાવ્યા. ભરતજી ચાલતા ચાલતા તેમનાથી પગ નીચે જીવજંતુ કચરાઈ ન જાય તેનું ધ્યાન રાખતા ચાલતા હોવાથી પાલખી હાલક-ડોલક થવા લાગી. આથી રાજા ગુસ્સે થઈ જેમ તેમ બોલવા લાગ્યા. યોગેશ્વર જડભરતે હસતા હસતા તેને અભિમાન તોડનારા યોગ અને જ્ઞાનને અનુસરતા બોધવચનો કહ્યા. રાજાને થયું કે, આ કોઈ સામાન્ય માણસ નથી. બલ્કે કોઈ મહાયોગી પુરુષ છે. પોતે પાલખી ઉપરથી નીચે ઊતરી ભરતજીને પગે પડી માફી માંગી. ત્યારે જડભરતે તેને જ્ઞાનઉપદેશ આપ્યો. આ રીતે ભરતજી આ જ સ્થિતિમાં વનમાં ફરતા ફરતા દેહનો અંત આવતા મોક્ષધર્મને પામ્યા.

શ્રીહરિએ સંતોને આ રીતે જડભરતની જેમ જીવન જીવવા શિક્ષાપત્રીમાં ઉપદેશ આપ્યો છે જેથી જીવને માયાનો સ્પર્શ ન થાય અને કલ્યાણ બગડે નહીં.

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૪૨ :**

… અને જેટલા ત્યાગી પરમહંસ થયા તે સર્વેને વિષે જડભરત શ્રેષ્ઠ છે અને જેટલા પુરાણ માત્ર તથા વેદાંતના ગ્રંથ તે સર્વેને વિષે જડભરતની વાર્તા લખાણી છે.

★ **લોયાનું ૧૪મું વચનામૃત :**

… તથા ગોપીઓના જેવી તો એ પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે ભક્તિ છે તથા શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે ને આત્મનિષ્ઠા છે.

★ **ગઢડા મધ્યનું ૨૧મું વચનામૃત :**

…અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે.

★ **ગઢડા મધ્યનું ૨૭મું વચનામૃત :**

… શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે,

સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ.

★ **ગઢડા મધ્યનું ૬૦મું વચનામૃત :**

પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે, હું તો દત્તાત્રેય, જડભરત, નારદ અને શુકજી તે સરખો દયાવાળો છું.

★ **ગઢડા અંત્યનું ૧૪મું વચનામૃત :**

...અને એવા જે મોટા હોય તે બાહ્યદૃષ્ટિ રાખીને વર્તે ત્યારે કેટલાક જીવોને જડભરત જેવા ને શુકજી જેવા કરી મૂકે.

★ **ગઢડા અંત્યનું ૨૧મું વચનામૃત :**

...અને અમને એમ જણાય છે જે, જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે.

★ **ગઢડા અંત્યનું ૧૭મું વચનામૃત :**

શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ**, ભાગ-૪ પાના નં. ૩૪૦૬

●

૫૭. દેવહૂતિ અને કર્દમ ઋષિ

દેવહૂતિ બ્રહ્મવર્ત દેશના અધિપતિ મહારાજ સ્વયંભૂ મનુની પુત્રી હતા. તેમની માતાનું નામ શતરૂપા હતું. તેમનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયેલ અને તેમનાથી કપિલજી ભગવાનનો જન્મ થયો હતો. તે પ્રિયવ્રત અને ઉત્તાનપાદના બહેન હતા.

દેવહૂતિ રાજાની પુત્રી હોવા છતાં તે રાજવૈભવથી આસક્ત ન હતા. તેમને ત્યાગ અને તપસ્વી જીવન પસંદ હતું. તેઓ ઈચ્છત તો દેવતા, ગંધર્વ, નાગ, યક્ષ સાથે લગ્ન કરી શકત પરંતુ તેમને ભોગવિલાસમાં રસ ન હતો. (૧) તેથી તેમણે રાજાને બદલે તપસ્વીમુનિ સાથે લગ્ન કર્યા.

કર્દમ ઋષિએ લગ્ન સમયે એ શરત કરી કે, તેઓ સંતાન પ્રાપ્તિ સુધી જ સંસારમાં રહેશે. પછી તેઓ સન્યાસ લઈ બાકીનું જીવન ભગવાનના ભજનમાં વિતાવશે. (૧)

ગૃહસ્થાશ્રમમાં દેવહૂતિએ પોતાના શરીરની પરવા કર્યા વિના અને કામ, દ્વેષ, લોભ, કપટ, મદ ઈત્યાદી કોઈ પણ પ્રકારના ભાવ મનમાં લાવ્યા વગર કર્દમ ઋષિની વર્ષો સુધી સેવા કરી અને પોતે પણ તપ, ત્યાગ, વ્રત વગેરે દ્વારા શરીરને દુર્બળ કરી નાખ્યું. આ જોઈ ઋષિએ તેમને કહ્યું કે, તમે મારી નિષ્કામભાવે ખૂબ સેવા કરી છે. મારી સેવા કરતા તમે તમારા દેહની પણ પરવા કરી નથી. તે સાથે તમે પતિવ્રતાના નિયમો દઢપણે પાળ્યા છે. તેથી મેં તપ દ્વારા જે જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સઘળી વિદ્યાઓ તથા સિદ્ધિનો તમે યથાયોગ્ય ઉપયોગ કરી શકો છો. તમને દરેક પ્રકારના દિવ્ય ભોગ પ્રાપ્ત થશે. (૧)

આ સાંભળી દેવહૂતિ બોલ્યા કે એ ભોગની મને ઈચ્છા નથી. સંસારમાં સ્ત્રીને મન સંતાન પ્રાપ્તિથી મોટું કોઈ વરદાન કે લાભ નથી. તેથી મારા મનમાં ક્યારેક ક્ષોભ ઉત્પન્ન થાય છે. આથી કર્દમ ઋષિએ તેમની ઈચ્છા પૂર્ણ કરવા માટે એક

સંકલ્પ કર્યો કે તુરત જ એક સુંદર વૈભવે યુક્ત દિવ્ય વિમાન આવ્યું. તેમાં બંને બેઠા અને અનેક વર્ષો સુધી દેવોના ઉદ્યાનો અને સુંદર પ્રદેશોમાં વિહાર કર્યો. આથી દેવહૂતિને સુંદર દિવ્ય સુગંધવાળી નવ કન્યાઓ ઉત્પન્ન થઈ. તે સાથે પોતાના આત્માનું કલ્યાણ કરે તે માટે દેવહૂતિના ગર્ભમાં ભગવાનનો અંશ પ્રગટ થયો. જેનું નામ કપિલજી હતું. ઋષિની કૃપા અને આશીર્વાદથી ભગવાન તેમના ઘરે પ્રગટ થયા.

કાલાંતરે બ્રહ્માજી નવ પ્રજાપતિઓ સાથે ત્યાં આવ્યા અને તેમના આદેશથી કર્દમ ઋષિએ પોતાની નવ કન્યાઓના વિવાહ નવ પ્રજાપતિ સાથે કર્યા. જેમાં કલા નામની કન્યા મરીચીને, અનસૂયા અત્રિ ઋષિને, શ્રદ્ધા અંગિરાને, હવિર્ભૂ પુલસ્ત્યને, ગતિ પુલહને, ક્રિયા ક્રતુને, ખ્યાતિ ભૃગુને અને અરૂંધતિ વસિષ્ઠ મુનિને અર્પણ કરી. (૧)

કપિલ અવતાર પ્રગટ થયા બાદ તેમણે પિતા કર્દમને ઉપદેશ કર્યો અને ઋષિ વિરક્ત થઈને વનમાં ગયા. ત્યાં તપસ્યા અને ભગવાનના અનુભવ બાદ પરમપદને પામ્યા. (૧)

દેવહૂતિએ પણ વિષયોની અસારતાનો અનુભવ કરી ભગવાન કપિલ પાસેથી પોતાના આત્માના મોક્ષ માટે પ્રાર્થના કરી. પ્રભુએ તેમને યોગ, જ્ઞાન અને ભક્તિનો ઉપદેશ કર્યો. પોતાનો સાંખ્યમત માતાને સમજાવ્યો. આનાથી દેવહૂતિનું મોહરૂપી આવરણ હટી ગયું. અજ્ઞાન દૂર થતા તે કૃત્ય કૃત્ય થઈ ગયા અને નિરંતર ભગવાનનું ધ્યાન કરતા ઉપશમ દશાને પામ્યા. તેમનું ધ્યાન તેની દાસીઓ રાખતા પણ તેમને દેહનું ભાન ન રહ્યું. આમ, તે પરમાત્મામય બની ગયા અને વિશુદ્ધ અવસ્થામાં નદીના રૂપમાં વહી ગયા.

આ સમયે કપિલ ભગવાનની આંખમાંથી આંસુ પડ્યા. જે જગ્યાએ પડ્યા તે જગ્યા હાલ સિદ્ધપુરમાં છે અને બિંદુ સરોવરના નામે ઓળખાય છે. આની બીજી કથા એવી છે કે, કર્દમ પ્રજાપતિ સરસ્વતી તીરે તપ કરતા હતા. આથી વિષ્ણુ ભગવાન તેની ઉપર કૃપા વરસાવવા આવ્યા. ઋષિનું તપ જોઈને પ્રભુની આંખમાંથી આંસુ પડી ગયા. જે જગ્યા ઉપર પડ્યા તે જગ્યા બિંદુ સરોવર નામે ઓળખાય છે. (૨)

વચનામૃતમાં શ્રીહરિએ દેવહૂતિ અને કર્દમ ઋષિનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૫૪મું :

...તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે :

प्रसंगमजरं पाशमात्मनः .... मोक्षद्वारमपावृतम् ॥

- જેવો જીવને પોતાના સંબંધીને વિષે દઢ પ્રસંગ છે તેવો પ્રસંગ ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૩મું :

...શ્રીમદ્ ભાગવતમાં કપિલદેવે દેવહૂતિ પ્રત્યે કહ્યું છે, જે સ્ત્રીરૂપ જે મારી માયા તેને જીતવાને અર્થે નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ સમર્થ નથી.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૫મું :

...જેમ કર્દમ ઋષિનો દેવહૂતિએ પતિબુદ્ધિએ કરીને પ્રસંગ કર્યો હતો, તો પણ કર્દમ ઋષિને વિષે સ્નેહ હતો તો તેનો ઉદ્ધાર થયો.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૫મું :

'તૃતીય સ્કંધમાં કપિલ ગીતાને વિષે માતા દેવહૂતિએ કપિલજીએ પ્રત્યે કહ્યું જે :

(૧) *यन्नामधेय श्रवणा .... ब्रह्मानुचुर्नाम गृणन्ति ये ते ॥*

(૨) *मद्‌भयाद्वाति ... दहत्यग्निर्मृत्युश्चरति मद्‌भयात् ॥*

એવી રીતે માહાત્મ્ય સહિત ભક્તિ હોય તો તેમાં કોઈ જાતનું વિઘ્ન આવે નહિ...

ભાષાંતર :

(૧) જેનું નામ શ્રવણ-કીર્તન કરવાથી, તમારું સ્મરણ કરવાથી તથા તમોને પ્રણામ કરવાથી નીચ જ્ઞાતિનો માણસ પણ તત્કાળ યજ્ઞ કરવા જેટલો પવિત્ર થઈ જાય છે, તો તમારા દર્શનથી પવિત્ર થાય તેમાં શું કહેવું ?

(૨) આ એક આશ્ચર્યની વાત છે કે, જેની જીભ ઉપર તમારું નામ વર્તે છે તે શ્વપચ પણ તમારા નામોચ્ચારથી તમારી ભક્તિએ રહિત એવા બ્રાહ્મણથી પણ શ્રેષ્ઠ થાય છે. વળી જે જનોએ તમારા નામનું ઉચ્ચારણ કર્યું છે તેમણે તપ

કર્યું છે. તેમણે હોમ કર્યો છે. તેમણે તીર્થમાં સ્નાન કર્યું છે. તે સદાચારવાળા છે તેમણે વેદનો અભ્યાસ કર્યો છે એમ જાણવું. (**ભાગવત :** ૩જો સ્કંધ : અધ્યાય : ૩૩, શ્લોક ૬ થી ૭)

(૨) *मद्भयात्* ... મારા ભયથી આ વાયુ વહે છે. મારા ભયથી સૂર્ય તપે છે. મારા ભયથી ઈન્દ્ર વૃષ્ટિ કરે છે અને અગ્નિ પ્રજજ્વલિત થાય છે તથા મારા જ ભયથી મૃત્યુ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે. (**ભાગવત :** ૩જો સ્કંધ : અધ્યાય : ૨૫, શ્લોક : ૪૧)

★ **પાદટીપ :**

(૧) **नारी अंक :** કલ્યાણ, પાના નં. ૩૮૪થી ૩૮૬, ગીતા પ્રેસ, ગોરખપુર

(૨) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૭ પાના નં. ૬૩૮૬

●



૫૮. નવ યોગેશ્વર

આગ્નીધ્રનંદન મહારાજાના પુત્ર નાભિ અને તેમના પુત્ર ઋષભદેવ હતા. જે પરમ ભગવદીય હતા. તેમણે ઈન્દ્ર મહારાજાની પુત્રી જયંતી સાથે લગ્ન કર્યા અને તેમને ૧૦૦ પુત્રો થયા. જેમાં મોટા પુત્ર ભરતજી હતા. જેમના નામ ઉપરથી આ અજનાભખંડનું નામ ભારત વર્ષ પડ્યું. ઋષભદેવના બીજા નવ પુત્રોના નામ આ પ્રમાણે છે : કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, ધ્રુમિલ, ચમસ, કરભાજન. આ નવ પુત્રો, બાકીના નેવું ભાઈઓથી મોટા અને શ્રેષ્ઠ હતા. આ નવકુમારો ભાગવત્ ધર્મનો પ્રચાર કરનારા ભાગવત્ ભક્તો હતા. તેમનું જીવન ભગવાનની મહિમાથી ભરાયેલું અને પવિત્ર હતું. (૧)

આ નવકુમારો એટલે નવયોગેશ્વરો. જેમણે નિમિરાજાના યજ્ઞમાં પધારી તેમની સાથે ધર્મસંવાદ કર્યો. નવયોગેશ્વરોએ વારાફરતી રાજા સાથે ભાગવત્ ધર્મ ઉપર ઉપદેશ આપ્યો. જે કથા ખૂબ પ્રસિદ્ધ અને મુમુક્ષુઓ માટે અતિપોષણરૂપ છે. જે **ભાગવત**ના અગિયારમાં સ્કંધમાં -બીજાથી પાંચમાં અધ્યાય સુધી વર્ણવેલ છે. જે એકાગ્ર ચિત્તથી સાંભળવાથી મનનો તમામ મોહ અને શોક દૂર થાય છે અને જીવ બ્રહ્મપદને પામે છે. (૨)

શ્રીહરિએ ગઢડા અંત્યના (૩૯)માં વચનામૃતમાં કહે છે કે,

...ભગવાનના ચરણની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, શુક, સનકાદિક અને નવયોગેશ્વર એવા મોટા છે. તે પણ પોતાના મસ્તકે ચડાવે છે.

★ **પાદટીપ :**

(૧) **શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણ :** પ્રથમ ખંડ : પાંચમો સ્કંધ, ચોથો અધ્યાય

(૨) **શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણ :** દ્વિતીય ખંડ : અગિયારમો સ્કંધ : બીજો અધ્યાય.

૫૯. નરસિંહ મહેતા

નરસિંહ મહેતાના પૂર્વજન્મ વિષે જાણીએ તો :

પાંચમા વસુ જે ધ્રુવજી હતા. તેમના અંશરૂપ ભક્ત નરસિંહ મહેતાએ ગુજરાતમાં જન્મ લીધેલ. તેઓ પરમ વૈષ્ણવ ગુરુ રામાનંદના શિષ્ય બન્યા. (A)

નરસિંહ મહેતાનો જન્મ સં. ૧૪૭૦માં ભાવનગર જિલ્લાના તળાજા ગામે થયો હતો. તેઓ વડનગરા નાગર જ્ઞાતિના હતા. તેમના પિતાનું નામ કૃષ્ણદાસ હતું. તેઓ પોતાના મોટા ભાઈના ઘરે ઉછર્યા હતા. તેઓનું જીવન બાળપણથી જ ભક્તિમય હતું. સંતોની મધ્યે તેઓ પડ્યા રહેતા. (૧)

સં. ૧૪૮૭માં તેમના લગ્ન માણેકબાઈ સાથે થયા. ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે તેમને ઉદ્યમ કરાવવાનો પ્રયત્ન તેમના સગાંસંબંધીઓએ કર્યો પણ તેમનું મન તો ભક્તિમાં હતું. તેથી તેણે આર્થિક ઉપાર્જન માટે કોઈ પ્રયત્ન કર્યો નહિ. આથી તેમના ભાભીએ તેમને મેણું માર્યું કે, આવી ભક્તિ ઉમટી છે તો ભગવાનને મળીને આવો ને ? આ મેણાંની અસર નરસિંહ ઉપર ખૂબ થઈ અને પોતે ઘરનો ત્યાગ કરીને તળાજાની બાજુમાં આવેલા ગોપનાથ મહાદેવના પુરાણા મંદિરમાં જઈ મહાદેવને રીઝવવા માટે તપ કરવા લાગ્યા. તેમની ભક્તિથી મહાદેવ તેમના પર પ્રસન્ન થયા અને નરસિંહની ઈચ્છા મુજબ તેમને વૈકુંઠમાં લઈ જઈ શ્રીકૃષ્ણ-ગોપીની રાસ લીલાના દર્શન કરાવ્યા. ત્યારથી તેઓ કૃષ્ણ ભક્તિમાં દિવસો વીતાવવા લાગ્યા. (૧)

તેમના ઘરે સં. ૧૪૯૫માં કુંવરબાઈનો અને સં. ૧૪૯૭માં શામળદાસનો જન્મ થયો. કુંવરબાઈના લગ્ન સં. ૧૫૦૪માં ઉનામાં થયા. પુત્રના લગ્ન પછી થોડા વખતમાં નરસિંહ મહેતાની પત્ની અને પુત્ર ગુજરી ગયા. કુંવરબાઈનું મામેરૂં પુરવાનો સમય આવ્યો ત્યારે મહેતા તો કૃષ્ણમય જ હતા. તેમને પ્રભુ ઉપર અફાટ વિશ્વાસ હતો તેથી મામેરાનો પ્રસંગ શ્રીકૃષ્ણે આવીને પૂર્ણ કર્યો. (૧)

જ્ઞાતિના નાગરો તેમની ખૂબ ઈર્ષા કરતા અને તેમને માનસિક પીડા આપતા તેમ છતાં તેઓ શ્રીકૃષ્ણની ભક્તિમાં લાગી રહ્યા.

તેમના પિતાનું શ્રાદ્ધ કરવા જ્ઞાતિજનોએ દબાણ કર્યું તેથી પોતે તપેલી લઈને ઘી લેવા બજારમાં ગયા. ઘીના વૈષ્ણવ વેપારીએ તેને ઘીના બદલામાં પૈસા તરીકે કીર્તન બોલવાનું કહેતા તેઓ કીર્તન બોલતા રહ્યા. આ બાજુ ઘરે રસોઈનો સમય થઈ ગયો છતાં ઘી લઈને મહેતાજી ન આવતા સ્વયં ભગવાન પોતે નરસિંહનું રૂપ લઈને ઘી પહોંચાડી આવ્યા. મહેતા કીર્તન પુરા કરીને ઘી લઈને ઘરે જઈને પત્નીની માફી માંગે છે કે, મારે આવવામાં મોડું થયું ત્યારે પત્ની કહે છે કે, તમે ઘી લઈને હમણાં આવ્યા હતા તો ખરા ? મહેતાજીને લાગ્યું કે નક્કી પ્રભુ પોતે મારું રૂપ લઈને ઘી આપી ગયા.

પોતાની પત્ની અને પુત્ર ગુજરી ગયા તે ભગવાનની કૃપા સમજી તેઓ પ્રભુ ભક્તિમાં વધારે સમય વીતાવવા લાગ્યા.

એકવાર દ્વારિકા જતા સંઘને પોતે હુંડી લખી આપી અને તે નાણાં તેમણે સાધુ-સંતોને જમાડવામાં અને વસ્ત્રો ઓઢાડવામાં ખર્ચી નાખ્યા. ત્યારે શ્રીકૃષ્ણે શેઠનું રૂપ લઈ હુંડીના પૈસા દ્વારિકામાં સંઘના માણસોને ચૂકવી દીધા. આવા તો અનેક પ્રસંગોમાં મહેતાજીના કાર્યો સ્વયં શ્રીકૃષ્ણે કર્યા.

જૂનાગઢના રાજા રા'માંડલિકે તેમની પરીક્ષા કરવા સારું તેમને કહ્યું કે, મંદિરમાં શ્રીકૃષ્ણને પહેરાવેલો હાર તમને શ્રીકૃષ્ણ સ્વયં પહેરાવે તો તમને સાચા માનું નહીંતર તમને દેહાંત દંડ આપું. નરસિંહની ભક્તિથી રીઝી સ્વયં પ્રભુએ નરસિંહ મહેતાના ગળામાં હાર પહેરાવ્યો અને મહેતા કસોટીમાંથી ઉગરી ગયા. પરંતુ રાજાના આવા અટંટી વ્યવહારથી પ્રભુ રાજા ઉપર નારાજ થયા અને રાજાનું રાજપાટ વગેરે છીનવાઈ ગયું અને તે મોતને શરણે થયા.

આ પછી તેમના જ્ઞાતિજનોએ તેમને કનડવાનું મૂકી દીધું અને મહેતા નિર્ભયપણે ભક્તિ કરતા રહ્યા. તેમણે અનેક કાવ્યોની રચના કરી. શ્રીકૃષ્ણની રાસલીલા કુંવરબાઈના મામેરૂ, હુંડી વગેરે પદો રચ્યા. તેઓએ રચેલા પ્રભાતિયા આજે પણ ગુજરાતમાં અને સમગ્ર ભારતમાં હોંશેહોંશે ભાવપૂર્વક ગવાય છે. તેમના પદોમાં કૃષ્ણ ભક્તિ, ઊંડું તત્ત્વજ્ઞાન અને ઉપદેશ ભારોભાર

ભરેલા છે. (૧)

આજે જૂનાગઢમાં નરસિંહ મહેતાનો ચોરો, શ્રીકૃષ્ણની મૂર્તિ, દામોદર કુંડની દામોદર રાયની મૂર્તિ વગેરે દર્શનીય સ્થળો મોજુદ છે.

વચનામૃતમાં શ્રીહરિએ નરસિંહ મહેતાનો ઉલ્લેખ કર્યો છે :

★ **ગઢડા અંત્યના ૨૨માં** મુક્તાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે કે, નરસિંહ મહેતા તો સખી ભાવે શ્રીકૃષ્ણ ભગવાનને ભજતા ને કેટલાક નારદાદિક ભગવાનના ભક્ત છે તે તો દાસભાવે કરીને ભગવાનને ભજે છે એ બે પ્રકારના ભક્તમાં કેની ભક્તિ શ્રેષ્ઠ જાણવી ? ત્યારે શ્રીહરિ કહે છે કે, નરસિંહ મહેતા, ગોપીઓ ને નારદા સનકાદિક એમની ભક્તિમાં બે પ્રકાર નથી એ તો એક પ્રકાર જ છે.

★ **પાદટીપ :**

(A) **भविष्य पुराण : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૬૬થી ૩૬૭

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૫, પાના નં. ૪૮૫૬

●

૬૦. પરાશર ઋષિ

આ ઋષિ વસિષ્ઠ ઋષિના પૌત્ર અને શક્તિ ઋષિના પુત્ર હતા. તેમનો જન્મ દ્વાપરયુગમાં થયો હતો. તેમના પિતાને રાક્ષસો ભક્ષ કરી ગયા ત્યારે પોતે તેમની માતા ઈલાના ગર્ભમાં હતા. ઈલા મનુની પુત્રી હતા. પિતામહ વસિષ્ઠ પાસે તેઓ વેદ વગેરે શાસ્ત્રોનું જ્ઞાન લઈ મહાસમર્થ, ઉત્સાહી, શોધક થયા. તેમણે રાક્ષસ સત્ર નામનો યજ્ઞ કરી હજારો રાક્ષસોને મારી નાખ્યા. પછી પિતામહે તેમને સમજાવી તેમનો કોપ શાંત કરી યજ્ઞ બંધ કરાવ્યો. આ રીતે તેમણે પિતાનું વેર લીધું. પોતે શાસ્ત્રના સંશોધક પણ હતા. (૧)

પરાશર ઋષિ વ્યાસજીના પિતા હતા. તેઓ બ્રહ્મચર્યાવસ્થામાં શૈલ પર્વત ઉપર રહેતા હતા. તે વખતે તેમને પંદર હજાર શિષ્યો હતા. આ મહર્ષિ જ્યોતિષ, ગણિત, બીજગણિત, નૌકાશાસ્ત્રમાં ઘણા પ્રવીણ હતા. ખગોળસંબંધી કેટલીક શોધ તેમણે કરેલ. તેમણે નૌકાશાસ્ત્રના જ્ઞાનબળ વડે સમુદ્રમાં સફર કરી ભરતખંડને લગતા બે-ચાર દ્વીપો પ્રથમ શોધી કાઢ્યા હોય તેમ કહેવાય છે. તેઓ પરાશર સ્મૃતિના પ્રવર્તક હતા. મહાભારતના શાંતિપર્વમાં એમના નામનું એક પ્રકરણ છે. તેઓ જ્યોતિષમાં માહેર હોવાથી જ્યોતિષના અઢાર સિદ્ધાંતમાં એક સિદ્ધાંત તેમનો છે. તેમના નામ પરથી બ્રાહ્મણોની એક જ્ઞાતિ પરાશરના નામે ઓળખાય છે. (૧)

તેઓ એકવાર નાવમાં બેસીને ગંગાના સામે કાંઠે જતા હતા. નૌકા હંકારનાર તરીકે માછી જ્ઞાતિની મત્સ્યગંધા નામની કુંવારી કન્યા હતી. જે ખૂબ લાવણ્યમયી હતી. ઋષિ તેને જોઈને મોહ પામ્યા અને તેની સાથે વિહાર કરવાનું કહ્યું. સ્ત્રી કહે કાંઠાના માણસો આપણને જુએ છે ત્યારે ઋષિએ પોતાના તપ અને યોગબળથી વાતાવરણને ગાઢ ધુમ્મસ ભર્યું બનાવી દીધું. ઋષિએ તેની સાથે વિહાર કર્યો. આથી સ્ત્રી રડવા લાગી. ત્યારે ઋષિએ તેને આશ્વાસન આપ્યું કે, તારા ઉદરે ભગવાન સ્વયં પ્રગટ થશે. આમ મત્સ્યગંધાના ઉદરે ભગવાન વ્યાસ પ્રગટ થયા. ઋષિએ તેનું નામ સત્યવતી રાખ્યું અને પોતાના તપ-બળથી તેને મત્સ્યગંધામાંથી યોજનગંધા એટલે જેની સુગંધ યોજનો કિલોમીટરો સુધી

આવે તેવી સુગંધીમાન કન્યા બનાવી દીધી. (૧)

મહાપુરુષોનું કથિત કૃત્ય જીવના કલ્યાણ માટે હોય છે. જેનાથી વિશ્વનું રૂડું થતું હોય છે. પરાશર ઋષિના કથિત નિંદીત કૃત્યથી ભગવાન વેદવ્યાસ આ સૃષ્ટિને પ્રાપ્ત થયા.

પરાશરઋષિ વસિષ્ઠ કુળમાં મંત્ર દૃષ્ટા ગણાતા. તેમના વંશમાં વસિષ્ઠ, મિત્રાવરુણ અને કુંડિન એ ત્રણ પ્રવરના ગૌર પરાશર, નીલ પરાશર, શ્વેત પરાશર, કૃષ્ણ પરાશર, શ્યામ પરાશર અને ધૂમ્ર પરાશર એવા છ ભેદ છે. પરાશરઋષિ પોતાની વિદ્વતા અને તપ પ્રભાવથી રાજા, પ્રજા અને ઋષિમાં મોટા માનને મેળવી અમર નામના રાખી ગયા છે. (૧)

મોટા મોટા ઋષિઓ પણ કામાદિક દોષે કરીને પડ્યા છે. જેની કથા **નિષ્કુળાનંદ સ્વામી** પોતાના **પુરુષોત્તમ પ્રકાશ** નામના ગ્રંથમાં લખે છે :

'આજ મોર્યની અમે સાંભળી રે, ખાધી ખોટ મોટે મોટે વળી રે,
પરાશર ઋષિ તપોધન રે, મોહ્યા મત્સ્યગંધા જોઈ મન રે. (૨)

તેમ છતાં શ્રીહરિ એવું કહેવા માંગે છે મોટા ઋષિઓ જેવા કે પરાશરાદિક કામાદિક દોષે કરીને પડ્યા છે પણ પ્રભુનો દૃઢ નિશ્ચય હતો તો તેનું અકલ્યાણ થયું નથી. માટે આપણે પણ આપણને જે શુદ્ધ સંતો મળ્યા છે ને ભગવાન મળ્યા છે તેની માહાત્મ્ય સહિત ભક્તિ કરવી.

શ્રીહરિએ વચનામૃતમાં પરાશર ઋષિનો ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા મધ્યનું ૨૧મું :

...જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તો પણ પ્રત્યક્ષ ભગવાનને સંત તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહિ.

★ વડતાલનું ૨૦મું :

શ્રીજી મહારાજે આશંકા કરી જે, શિવ, બ્રહ્મા, શૃંગીઋષિ, પરાશર, નારદ એમને શું નિર્વિકલ્પ સમાધિ નહોતી ? જે કામે કરીને વિક્ષેપને પામ્યા ?

★ પાદટીપ :

(૧) **બહુરત્ના વસુંધરા :** સંપાદક - હરિપ્રકાશદાસજી, સુરત. વર્ષ-૨૦૦૯, પાના નં. ૨૨૯થી ૨૩૦

(૨) **નિષ્કુળાનંદ કાવ્ય :** પુરુષોત્તમ પ્રકાશ, કડી નં. ૬ અને ૯

૬૧. પંચશિખ ઋષિ

જનકરાજા જેવી સમજણના, નિર્વિકારી રહ્યાના **વડતાલના ૨૦મા વચનામૃત**માં શ્રીહરિ જનકરાજા અને સુલભા સન્યાસિણી વચ્ચેના સંવાદની વાત કરતા કહે છે કે, જનકની સભામાં સુલભા નામે સન્યાસિણિ આવી ત્યારે જનકરાજા સુલભા પ્રત્યે કહે છે કે, તું મારા ચિત્તને મોહ પમાડવાનું કરે છે પણ મારા ગુરુ જે પંચશિખ ઋષિ તેની કૃપા થકી હું સાંખ્ય અને યોગ મતને અનુસર્યો છું... એમ હું પ્રવૃત્તિમાં રહ્યો થકો અસંગી અને નિર્વિકાર છું.

પંચશિખ ઋષિ વિષે જાણીએ :

કપિલા નામની બ્રાહ્મણ સ્ત્રીએ તેમને ઉછેરીને મોટા કર્યા. તેથી તેમનું નામ કપિલેય પણ કહેવાય છે. વળી કપિલા માતાનું દૂધ પીને ઉછર્યા તેથી પણ તેમનું નામ કપિલેય છે. (ઋષિના માતા-પિતા વિષે કોઈ માહિતી પ્રાપ્ય થતી નથી. તેથી ઋષિના માતા-પિતા નાનપણમાં ગુજરી ગયા હોય અને ધાવ માતાએ તેમને ઉછેરીને મોટા કર્યા હોય તેમ બને) (૧)

ઋષિ સન્યાસ ધર્મોના જ્ઞાતા અને તત્ત્વજ્ઞાની હતા. સાંખ્યના વિદ્વાન હતા. તેથી તેઓ સાક્ષાત્ પ્રજાપતિ કપિલમુનિ જ કહેવાતા. તેમને સર્વે સિદ્ધાંતોનું જ્ઞાન હતું. તેથી તેમના મનમાં કોઈ સંદેહ ન હતો. ઋષિઓમાં અદ્વિતીય હતા. આસુરિ મુનિના તેઓ પ્રથમ શિષ્ય હતા. તેમણે ૧ હજાર વર્ષ સુધી માનસયજ્ઞનું અનુષ્ઠાન કરેલ. (૧)

સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરતા કરતા તેઓ મિથિલામાં આવ્યા અને રાજા જનક કે જેમનું નામ જનદેવ હતું તેમને સાંખ્યમત અનુસાર મોક્ષધર્મનો ઉપદેશ આપ્યો. જનકના પ્રશ્નોના ઉત્તર આપી જનકને નિશ્ચિત સિદ્ધાંત પર પહોંચાડ્યા. તેથી જનકરાજા ઋષિને પોતાના ગુરુ માનતા. તેથી જ રાજા કહી શકતા કે મિથિલાનગરી બળે તો તેમાં મારું કાંઈ જ બળતું નથી. ઋષિના ઉપદેશથી જનદેવ રાજા મુક્તસ્થિતિને પામી ગયા હતા. (૧)

★ **પાદટીપ :**

(૧) **સંક્ષિપ્ત મહાભારત :** ભાગ-૨, ગીતા પ્રેસ, ગોરખપુર. લેખક : જયદયાલ ગોયન્દકા. પાના નં. ૩૬૪થી ૩૬૫.

૬૨. ભૃગુઋષિ

નિયમ, નિશ્ચય અને પક્ષના **ગઢડા મધ્યના ૬૧માં વચનામૃત**માં રજોગુણી માણસનું યથાયોગ્ય સન્માન ન થાય તો અનર્થ સર્જાય છે તે વિષે શ્રીહરિ કહે છે કે, જ્યારે બ્રહ્માની સભામાં દક્ષ પ્રજાપતિ આવ્યા ત્યારે શિવજી ઊભા ન થયા. પછી દક્ષને રીસ ચડી તે શિવનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો. પછી નંદિશ્વર ને ભૃગુઋષિને સામસામા શાપ થયા.

ભૃગુઋષિ વિશે જાણીએ :

ભૃગુઋષિ બ્રહ્માના માનસપુત્રોમાંના એક છે. તે પ્રજાપતિ પણ છે. તેમની તપસ્યાનો અતિપ્રભાવ છે. દક્ષની કન્યા ખ્યાતિ તેમના પત્ની હતા. સુપ્રસિદ્ધ ચ્યવનઋષિ તેમના પુત્ર છે. એક ખૂબ પ્રસિદ્ધ ઘટના તેમના વિષે બની છે. જેના કારણે બધા ભક્તો તેમને યાદ કરે છે.

એકવાર સરસ્વતિ નદીના તટ પર ઋષિઓની મોટી સભા હતી. તેમાં પ્રશ્ન થયો કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં સૌથી મોટું કોણ ? ચર્ચામાં કશો નિષ્કર્ષ ન આવતા બધાએ ભૃગુઋષિને આ પ્રશ્નનો ઉકેલ લાવવા કહ્યું. આથી ઋષિ સૌપ્રથમ બ્રહ્માજી પાસે ગયા. ત્યાં તેમણે પિતાશ્રીને સ્તુતિ કે પ્રણામ ન કર્યા. આથી બ્રહ્માજી તેના પર ગુસ્સે ભરાયા, પરંતુ ભૃગુ તો પોતાના પુત્ર છે તેથી તેમને ક્ષમા આપી. ત્યાંથી ઋષિ શિવ પાસે ગયા. ત્યાં શિવે પોતાના નાના ભાઈ ભૃગુને આવતા જોઈ પ્રેમથી આલિંગન કરવા સામા ગયા. ત્યારે ભૃગુએ શિવને કહ્યું કે, તમે ઉન્માર્ગગામી છો એમ કહી ભેટ્યા નહિ. આથી રૂદ્રદેવ (શિવ) તેના પર રોષે ભરાયા અને ત્રિશુલ લઈને ઋષિને મારવા દોડ્યા. ત્યારે પાર્વતીજીએ શિવને રોક્યા. હવે ઋષિ વિષ્ણુ પાસે ગયા. તે સમયે પ્રભુ શયન કક્ષમાં હતા. આથી ઋષિનું સ્વાગત ન થતા તે ગુસ્સે થયા અને ત્યાં જઈને ઋષિએ પ્રભુની છાતી ઉપર એક લાત મારી. આથી વિષ્ણુ સફાળા ઊભા થઈને ઋષિને પ્રણામ કરી

માફી માંગી કે આપના આગમનની મને ખબર ન હતી તેથી આપનું હું યથાયોગ્ય સ્વાગત ન કરી શક્યો એમ કહીને ઉમેર્યું કે, આપે મારી છાતીમાં લાત મારી તેથી આપના કોમળ પગને દુઃખ થયું હશે તો હું આપના ચરણ દબાવી આપું. એમ કહી પ્રભુએ પ્રાર્થના કરી કે, આપ જેવા બ્રહ્મદેવતાએ મારા ઉપર ખૂબ કૃપા કરી. આપના ચરણની રજ મારી છાતી ઉપર કાયમ રહેશે. ત્યારથી ભગવાનના દરેક અવતારના વક્ષઃસ્થળ ઉપર ભૃગુ ઋષિના ચરણની પેનીનું ચિહ્ન કાયમ હોય જ છે. (૧)

ત્યારબાદ ઋષિ સરસ્વતી નદીના કિનારે ઋષિઓની સભામાં પધાર્યા. આ વાત કરી અને કહ્યું કે, સત્વગુણી જો કોઈ દેવ હોય તો તે ભગવાન વિષ્ણુ છે અને તે સૌથી મોટા અને પૂજવાલાયક છે.

વચનામૃતમાં શ્રીહરિના જણાવ્યા મુજબ દક્ષના યજ્ઞમાં શિવજીનું સ્થાન દક્ષે ન રાખતા. તે અપમાનથી પાર્વતીજી બળી મુઆ તેથી શિવને રીસ ચડતા વિરભદ્રને મોકલી દક્ષના યજ્ઞનો નાશ કરાવ્યો અને દક્ષનું ડોકું કાપી નાખ્યું વગેરે. (૧)

ભાગવતના ચોથા સ્કંધના બીજા અધ્યાયમાં ભગવાન શિવ અને દક્ષ પ્રજાપતિના વૈમનસ્યની કથા આવે છે. જે ટૂંકમાં જોઈએ તો : પ્રજાપતિઓના યજ્ઞમાં ઋષિઓ, દેવતાઓ, મુનિઓ આવ્યા હતા. મહાદેવજી, બ્રહ્મા વગેરે પણ હતા. દક્ષ જ્યારે સભામાં આવ્યા ત્યારે મહાદેવ ધ્યાનમાં બેઠા હોવાથી દક્ષ (પાર્વતીજીના પિતા) આવ્યા તેનું તેમને અનુસંધાન ન રહ્યું અને પોતે ઊભા થઈને દક્ષનું અભિવાદન ન કર્યું. આથી દક્ષને થયું કે શિવ ઘમંડી થઈ ગયા છે. તેણે ઊભા ન થઈને મારું અપમાન કર્યું છે. આથી તેનું વેર લેવા માટે દક્ષ પોતે યજ્ઞનું આયોજન કરે છે. જેમાં શિવને સ્થાન ન આપ્યું, કહેતા યજ્ઞમાં તેનો ભાગ ન રાખ્યો તથા તેમને યજ્ઞમાં આવવા આમંત્રણ પણ ન આપ્યું. તેમ છતાં પાર્વતીજી મોહવશ પિતાશ્રીના યજ્ઞમાં એકલા ગયા. જ્યાં પાર્વતીજીને પિતાએ બોલાવ્યા નહીં અને વાણીથી તેમનું અપમાન કર્યું. આથી જ્યાં પોતાના પતિનો યજ્ઞમાં ભાગ નથી અને મારું પણ અપમાન થયું છે તો હવે પિતાશ્રી તરફથી મળેલા આ દેહને બાળી નાખું. આથી પોતે યોગ અગ્નિથી બળી મૂવા. આ વાતની જાણ શિવને થતા તે ખૂબ ક્રોધાયમાન થયા અને પોતાની જટામાંથી

વીરભદ્રને ઉત્પન્ન કરી પોતાના ગણો સાથે દક્ષનો અને તેના યજ્ઞનો નાશ કરવાનો આદેશ કર્યો. દક્ષના યજ્ઞમાં તેના જમાઈ ભૃગુઋષિ પોતાના બ્રાહ્મણો સાથે યજ્ઞ કરાવી રહ્યા હતા. તેણે યજ્ઞનો નાશ થતો જોઈ યજ્ઞમાંથી ઋભુ નામના હજારો દેવતાઓ ઉત્પન્ન કરી શંકરના ગણોને ભગાડ્યા. તેથી વીરભદ્રે દક્ષને પકડી તેનું માથું કાપી યજ્ઞમાં હોમી દીધું અને તેના ગણોએ યજ્ઞનો નાશ કર્યો. (૨)

આથી નંદીશ્વરે શાપ આપ્યો કે, આ મર્ત્ય શરીરનું અભિમાન કરીને કોઈની સાથે દ્વેષ નહીં કરનારા ભગવાન શંકર સાથે જે દ્વેષ કરે છે તે મૂર્ખ દક્ષ તત્ત્વજ્ઞાનથી વિમુખ રહે. આ સાક્ષાત્ પશુ જેવો છે તેથી તે અત્યંત સ્ત્રી લંપટ થાય અને તેનું મોં બકરાનું થાય. આવો શાપ સાંભળતા ભૃગુઋષિએ નંદીશ્વરને સામો શાપ આપ્યો કે, જે લોકો શિવ ભક્ત છે તે શાસ્ત્રોના વિરોધી આચરણ કરનારા પાખંડી થાય શૌચાચારથી રહિત અને મંદબુદ્ધિના થાય. આમ નંદિશ્વર અને ભૃગુઋષિને સામસામા શાપ થયા. ત્યારબાદ બ્રહ્માજી સહિત દેવતાઓ મહાદેવ પાસે માફી માંગવા કૈલાસ પર્વત ઉપર જાય છે અને દક્ષના કૃત્ય બાબતે માફી માંગે છે અને દક્ષને સજીવન કરવા તથા ઘાયલ થયેલા બ્રાહ્મણોને સાજા કરવા પ્રાર્થના કરે છે. ત્યારે શિવ અનુગ્રહ કરી બધાને પૂર્વવત્ કરે છે. (૨)

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक : कल्याण :** *२६वें वर्षका विशेषांक :* ગોરખપુર, ગીતા પ્રેસ. પાના નં. ૫૧થી ૫૨

(૨) **શ્રીમદ્ ભાગવત :** ચોથો સ્કંધ : અધ્યાય : ૨, ૩, ૪, ૫

●

૬૩. ભીષ્મ પિતામહ

મહર્ષિ વસિષ્ઠના શાપથી આઠ વસુઓને મનુષ્ય લોકમાં જન્મ લેવાનો હતો. તેથી ગંગા તેમની માતા બન્યા અને મહારાજા શાન્તનુના પત્ની બન્યા. સાત વસુઓના જન્મ થતાં જ ગંગાએ તેને નદીમાં વહાવી દીધા. પરંતુ આઠમા વસુને શાન્તનુએ પોતાની પાસે રાખ્યા. જેનું નામ દેવવ્રત. તે જ ભીષ્મ બન્યા. (૧) ગંગાએ દેવવ્રતનો ઉછેર કર્યો. બૃહસ્પતિ પાસે ચારે વેદ અને ધનુર્વેદ ભણાવ્યા. ઈન્દ્રે તેમને દિવ્ય અસ્ત્ર-શસ્ત્ર આપ્યા. પરશુરામ પાસે ધનુર્વિદ્યા ભણાવીને ગંગાએ શાંતનુને સોંપ્યા. (૨)

મહારાજા શાંતનું, દાસરાજ (માછીમારનું નામ)ની પાલક પુત્રી સત્યવતિ પર મુગ્ધ થઈ ગયા. આ સત્યવતિ વિષે જાણીએ : ઉપરિચર વસુના તેજ (વીર્ય) વડે સત્યવતિ મત્સ્યના ઉદરમાં પેદા થઈ હતી. જેનું બીજું નામ મત્સ્યગંધા હતું. દાસરાજ નામના માછીમારની જાળમાં માછલી પકડાતા તેના ઉદરમાંથી આ કન્યા નીકળી. દાસરાજે તેને પાળીને મોટી કરી અને માછીમારની કન્યા તરીકે ઓળખાણી. (૩)

આ કન્યા પૂર્વજન્મમાં બર્હિષદ પિતૃની અચ્છોદા નામે કન્યા હતી અને શાપને લીધે પૃથ્વી ઉપર જન્મી હતી. એ કુંવારી હતી. ત્યારે પરાશર ઋષિ વડે કન્યાના ઉદરે વ્યાસજીનો જન્મ થયો હતો. (૩)

શાંતનુ રાજાને એકવાર સત્યવતિએ નદી પાર કરાવતા તેના રૂપ ઉપર મોહ થઈ ગયો અને તેની સાથે પરણવાનો વિચાર કર્યો. (૩) પણ દાસરાજે એ શરતે પોતાની પુત્રી શાંતનુને પરણાવી કે સત્યવતિનો પુત્ર જ રાજગાદી પર બેસે. આથી દેવવ્રતે પોતાના હકનું બલિદાન આપી પોતે આજીવન રાજગાદી ઉપર નહીં બેસવાનું અને આજીવન બ્રહ્મચર્ય વ્રત રાખવાનું નિયમ લીધું. ત્યારે રાજાએ તેમને આશીર્વાદ આપ્યા કે તું જ્યારે ઈચ્છીશ ત્યારે તારું મૃત્યુ આવશે. આમ, ઈચ્છિત

મૃત્યુનું વરદાન પામ્યા. (૨)

ભીષ્મ પરશુરામ પાસે ધનુર્વેદ શીખ્યા હતા. તેથી પરશુરામે ગુરુ નાતે કાશીરાજની કન્યા અંબા સાથે લગ્ન કરવાનું કહ્યું પણ ભીષ્મએ તો બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું હતું. તેથી તેમણે લગ્નની ના પાડી એટલે અંબા તેના પર નારાજ થઈ તેનું વેર લેવા બીજા જન્મે અંબાએ શિખંડીરૂપે (વ્યંઢળ) રૂપે જન્મ લીધો. (૨)

આશ્રયદાતાને સહાય કરવી તે ધર્મ છે. તેથી ભીષ્મએ દુર્યોધનનો પક્ષ લીધો. જોકે તેઓ દુર્યોધન અને તેના અન્યાયોથી સદાય નારાજ રહેતા અને તેને ધિક્કારતા અને હૃદયથી તો સદા પાંડવોના પક્ષે જ હતા. યુદ્ધમાં ભીષ્મએ પોતાના મૃત્યુનો ઉપાય યુધિષ્ઠિરને બતાવ્યો. મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણ શસ્ત્રો ધારણ કરવાના ન હતા. દુર્યોધન દ્વારા ભીષ્મને ભયંકર યુદ્ધ કરવા ઉત્તેજિત કરતા ભીષ્મએ યુદ્ધમાં અપ્રતિમ યુદ્ધ કૌશલ્ય દાખવી પાંડવો અને તેની સેનાને ત્રાહિમામ્ પોકારી દીધા. અર્જુન પણ ભીષ્મદાદાની બાણ વર્ષાથી અકળાઈ ગયા. શ્રીકૃષ્ણને લાગ્યું કે જો આમને આમ ભીષ્મ બાણ વર્ષા ચાલુ રાખશે તો બધાનું મૃત્યુ આજ નક્કી છે. તેથી પોતે ભીષ્મ ઉપર ખૂબ ગુસ્સે થઈ ગયા. રથ ઉપરથી નીચે ઊતરી શસ્ત્રરૂપી પૈડાને હાથમાં લઈ ભીષ્મને મારવા માટે દોડ્યા. પોતે યુદ્ધમાં શસ્ત્ર ન લેવાની ટેકને પણ તેઓ ભૂલી ગયા અને અર્જુનની રક્ષા માટે દોડ્યા આ જોઈ અર્જુન પણ બેબાકળા બની રથ ઉપરથી ઊતરીને શ્રીકૃષ્ણને વારવા લાગ્યા અને શ્રીકૃષ્ણને પગે વળગી વારંવાર વિનંતી કરી શ્રીકૃષ્ણને પાછા વાળ્યા. આ સમયે શ્રીકૃષ્ણે યુક્તિ કરીને ભીષ્મને મારવા માટે અર્જુનની આગળ શીખંડીને રાખ્યો. ભીષ્મએ પોતાની પ્રતિજ્ઞા અનુસાર સ્ત્રીરૂપી શીખંડી ઉપર બાણ ન ચલાવ્યું કેમકે પોતાને સ્ત્રી ઉપર હથિયાર નહીં ઉગામવાનું નિયમ હતું. આમ, શીખંડીની આડમાં અર્જુને ભીષ્મ પર અસંખ્ય બાણવર્ષા કરી ભીષ્મને મૃત્યુ સમીપ પહોંચાડી દીધા. ભીષ્મ બાણશય્યા ઉપર પોઢીને ઈચ્છિત મૃત્યુ માટે ઉત્તરાયણની રાહ જોતા સુતા. તેમને તે સમયે તરસ લાગતા અર્જુને બાણ છોડી પાતાળ ગંગા પ્રગટ કરી તેની તૃષા સંતોષી. (૨)

શ્રીકૃષ્ણના કહેવાથી અને તેના આશીર્વાદથી ભીષ્મએ યુધિષ્ઠિરને મોક્ષ ધર્મ, રાજધર્મ આદિ ધર્મો વિષે બોધ કર્યો. પછી ઉત્તરાયણ થતા ભીષ્મે પોતાની ઈચ્છા અનુસાર પ્રભુના લોકમાં જવાનો સંકલ્પ કર્યો. તે સમયે શ્રીકૃષ્ણ હાજર હતા.

તેમની સમક્ષ દાદાએ ગદ્‌ગદ્ કંઠે પ્રભુના દિવ્ય ચરિત્રોનું ગાન કરી સ્તુતિ કરતા પ્રભુએ તેમને દિવ્ય ગતિ આપી. અંત સમયે દાદાએ જે સ્તુતિ કરી તેને ભીષ્મ સ્તુતિના નામે ઓળખવામાં આવે છે. (૪)

ભીષ્મે કોઈ પણ પ્રસંગે નીતિનું ઉલ્લંઘન કર્યું ન હતું. અસ્ત્ર-શસ્ત્ર વિદ્યામાં પોતે અર્જુન કરતા વિશેષ યશસ્વી હતા. બ્રહ્મવિદ્યામાં ઋષિ સમકક્ષ હતા. (૧)

આમ, યશસ્વી જીવન બાદ ૧૩૫ વર્ષની અવસ્થામાં માઘ શુક્લ અષ્ટમીના દિવસે સેંકડો ઋષિઓ, પાંડવો તથા શ્રીકૃષ્ણની હાજરીમાં પોતે દેહ છોડી પરમપદને પામ્યા. (૧)

શ્રીહરિએ વચનામૃત ગઢડા પ્રથમના ૭૨મા ભીષ્મપિતાનો ઉલ્લેખ કર્યો છેઃ

...અને મહાભારતમાં ભીષ્મપિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું છે જે, જો ગરીબને કલ્પાવીશ તો તું તારા વંશ સહિત બળીને ભસ્મ થઈ જઈશ...!

મહાભારતમાં આ પ્રસંગ આવે છે કે, જ્યારે મહાભારતનું યુદ્ધ ચાલતું હોય છે ત્યારે અર્જુન ભીષ્મપિતા ઉપર બાણોની વર્ષા કરી તેને મૃત્યુ સમીપ પહોંચાડે છે અને ભીષ્મ બાણશૈયા ઉપર હોય છે. ત્યારે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે કે, ભીષ્મ પરમ રાજનૈતિક વિચક્ષણ પુરુષ છે. તું તેમની પાસે જઈને રાજનીતિ જાણી લે. આથી યુધિષ્ઠિર દાદા પાસે જાય છે અને પોતાને રાજનીતિના પાઠ ભણાવવા કહે છે ત્યારે ભીષ્મ તેને જે ઉપદેશ આપે છે તે શબ્દો શ્રીહરિ વચનામૃતમાં કહે છે.

★ વચનામૃત પંચાળાનું ૪થું :

...જેમ શ્રીકૃષ્ણ ભગવાન ભીષ્મને મારવાને ઉતાવળા થયા ત્યારે મનુષ્યભાવ ભૂલી ગયા ને પોતામાં દિવ્યભાવ આવ્યો...

મહાભારતના યુદ્ધમાં ભીષ્મનું અપ્રતિમ યુદ્ધ કૌશલ્ય જોઈને શ્રીકૃષ્ણને લાગ્યું કે, હમણાં જ ભીષ્મ પાંડવોને મારી નાખશે. જો તેને અર્જુન નહીં રોકે તો તેનું મૃત્યુ નજીક છે, પરંતુ ભીષ્મની બાણવર્ષાથી અર્જુન વિકળ થઈ ગયા. આ જોઈ પાંડવોની રક્ષા માટે શ્રીકૃષ્ણ ભીષ્મને મારવા માટે ઉતાવળા થઈ પોતે હાથમાં શસ્ત્ર ન લેવાની પ્રતિજ્ઞા લીધી હોવા છતાં રથનું પૈડું હાથમાં લઈ ભીષ્મને મારવા માટે દોડ્યા.

ભીષ્મદાદાએ જોયું કે પ્રભુ મારી પ્રતિજ્ઞા રાખવા આજ પોતાની પ્રતિજ્ઞા તોડી

રહ્યા છે. તેથી દાદા અત્યંત આનંદિત થઈ ગયા કે સ્વયં પરમાત્માના હાથે મારું મોત થાય તો જીવનું કલ્યાણ થઈ જાય. આથી તે પણ રથ ઉપરથી નીચે ઊતરી બે હાથ જોડી શ્રીકૃષ્ણને પ્રાર્થના કરવા લાગ્યા કે, પ્રભુ આપના હાથે મારુ મોત થાઓ. તે સમયે અર્જુન આવ્યા અને શ્રીકૃષ્ણના પગે વળગી વિનંતી કરી પાછા રથ ઉપર લઈ ગયા.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૬મું :

...યુધિષ્ઠિરે કંઈ પાપ કર્યું નહિ તો પણ શાસ્ત્રના વચનનો વિશ્વાસ હતો... પછી શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મ પાસે લઈ જઈને શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી ત્યારે કાંઈક વિશ્વાસ આવ્યો...!

મહાભારતની લડાઈમાં હજારો માણસોનો સંહાર થયો ત્યારે યુધિષ્ઠિરને થયું કે આનું મને પાપ લાગશે ત્યારે વ્યાસજી, સમજાવ્યા તો પણ નિઃસંશય ન થયા કે આ સંહાર શ્રીકૃષ્ણના આદેશથી થયો છે. પોતે તો અકર્તા છે. પછી શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને ભીષ્મદાદા પાસે લઈ ગયા. ભીષ્મ બાણશય્યા પર હતા અને તેમણે શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી ત્યારે પોતાને કાંઈક વિશ્વાસ આવ્યો, તો પણ અર્જુન જેવા તો નિઃસંશય થયા નહિ.

★ પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ** : ભાગ-૭, પાના નં. ૬૭૩૩ (ભીષ્મ)

(૨) **भक्तराज भीष्म पितामह :** કલ્યાણ ગ્રંથ, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૮૬થી ૧૮૭

(૩) **ભગવત્ ગો. મંડળ**, ભાગ-૯, પાના નં. ૮૪૭૩થી ૮૭૭૪ (સત્યવતિ)

(૪) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** સ્કંધ : અધ્યાય-૯, ગીતા પ્રેસ, ગોરખપુર

●

૬૪. મૈત્રેય ઋષિ

શ્રીકૃષ્ણે જ્યારે દ્વાપરયુગમાં આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો ત્યારે મૈત્રેય ઋષિ તેમના દર્શને આવેલા.

આ મૈત્રેય ઋષિ વિષે જાણીએ :

મહર્ષિ મૈત્રેય પુરાણ વક્તા ઋષિ છે. તેઓ 'મિત્ર ઋષિ'ના પુત્ર હોવાથી મૈત્રેય એવું નામ પડ્યું. તેઓ પરાશર ઋષિના શિષ્ય અને વેદવ્યાસના સુહૃદ મિત્ર હતા. (૧)

મૈત્રેય ઋષિના પૂર્વજન્મની કથા અને પોતાને સંતકૃપા અને પ્રભુકૃપા કેવા સંજોગોમાં મળી ? તે વાત જાણીએ :

એક વખત વેદવ્યાસજી ક્યાંક જઈ રહ્યા હતા. તે સમયે એક કીડો ગાડા નીચે ભાગતો જોઈ તેમણે કીડાને પૂછ્યું કે, આમ ભયભીત થતો ક્યાં જાય છે ? ત્યારે કીડો કહે છે કે, આ ગાડા નીચે કચડાઈ ન જાઉં તેથી ભાગુ છું. ત્યારે વ્યાસજી કહે છે કે, આ કીડાના શરીરમાં તને શું સુખ છે ? તું મરી જઈશ તો તને આનાથી વધારે સુખ મળશે. ત્યારે કીડો કહે કે મને આ કીડાના દેહ કરતા ઉતરતો દેહ મળે તો હું હેરાન થઈ જાઉં તેથી મને આ કીડાનો દેહ પસંદ છે. મેં પૂર્વજન્મમાં વેદ વિરુદ્ધ આચરણ કરેલ હતું. પરંતુ મેં મારા માતાજીની સેવા કરી તથા આંગણે આવેલ એક અતિથિ ભૂદેવને જમાડ્યો. તેથી એ પુણ્ય કાર્યને લીધે મને આ પૂર્વજન્મની સ્મૃતિ રહી છે. આ એક મારું પુણ્ય કાર્ય છે, પરંતુ મને હવે આ જન્મ-મરણથી છોડાવો. ત્યારે વેદવ્યાસજી કહે છે કે, તમને ધર્મ ઉપર શ્રદ્ધા છે. તેથી હું તમને જરૂર છુટકારો અપાવીશ. તમે બ્રાહ્મણ કુળમાં જન્મ લેશો ત્યારે હું તમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપીશ. જેથી તમે જ્યાં જવા ઇચ્છશો ત્યાં જઈ શકશો. કાલાંતરે આ કીડો અનેક શરીરમાં જન્મતો ક્ષત્રિય થયો અને અંતે બ્રાહ્મણ કુળમાં જન્મ્યો. વ્યાસજીની કૃપાથી વિના અભ્યાસે તેમને સંપૂર્ણ વેદશાસ્ત્રનું સ્મરણ રહ્યું. ત્યારબાદ બીજા જન્મે તેઓ

મૈત્રેય ઋષિ થયા. તેમના પિતાનું નામ કષારૂ અને માતાનું નામ મિત્રા હતું. એટલે તે મૈત્રેય કહેવાયા. ઋષિએ પરાશર પાસેથી સર્વે શાસ્ત્રોનું અધ્યયન કર્યું. સંત ભક્તની કૃપાથી કયાં ક્ષુદ્ર કીટ અને ક્યાં સમર્થ મૈત્રેય ! આખરે તેમને સંતકૃપાથી વેદશાસ્ત્રનું જ્ઞાન અને ભગવાનના દર્શનનું સુખ પ્રાપ્ત થયું. (૨)

ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે પોતાના પરમ ધામમાં જવાની તૈયાર કરી ત્યારે મૈત્રેય ઋષિ પ્રભુને શોધતા શોધતા પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા. ત્યારે પ્રભુ પીપળાના વૃક્ષ નીચે વિરાજમાન હતા. તે વખતે શ્રીકૃષ્ણે તેમને ચતુર્ભૂજરૂપે દર્શન આપ્યું. આ સમયે વિદુરજી પણ ત્યાં હતા અને શ્રીકૃષ્ણે બંનેને જ્ઞાનોપદેશ આપ્યો. જે ઉપદેશ **શ્રીમદ્ ભાગવત**ના તૃતીય સ્કંધના ચોથા અધ્યાયથી શરૂ થાય છે. તેથી મૈત્રેય ઋષિ જ્ઞાન અને ભગવત્ લીલાના ભંડાર છે. જ્ઞાતા છે. તથા પ્રભુના કૃપાપાત્ર છે. તેમના ગુરુ પરાશર પાસેથી તેમને આશીર્વાદ મળેલ કે, કળિયુગના અંતમાં તમે શિનિકને તમને મળેલ જ્ઞાન સંભળાવશો. આમ, ઋષિ ચિરંજીવી પણ ગણાય છે અને કોઈને કોઈ રૂપમાં આ પૃથ્વી ઉપર વિદ્યમાન છે તેવું માનવામાં આવે છે. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં લોયાના ૧૮માં મૈત્રેય ઋષિનો ઉલ્લેખ કર્યો છેઃ

...અને યાદવાસ્થળી કરીને પીંપળાની હેઠે શ્રીકૃષ્ણ ભગવાન બેઠા હતા તે સમયમાં ઉદ્ધવજીએ તથા મૈત્રેય ઋષિએ ભગવાનનું રૂપ ચતુર્ભુજ શંખ, ચક્ર, ગદા, પીતાંબર સહિત દીઠું.

જે બાબત **શ્રીમદ્ ભાગવત**માં મૈત્રેય ઋષિ આપણા સત્સંગિ જીવન ગ્રંથના કર્તા સદ્. શતાનંદ સ્વામી રૂપે અવતરેલા (૩) ૩૧માં અધ્યાયમાં વર્ણવી છે.

★ **પાદટીપ :**

(૧) **ભક્તચરિતાંક :** કલ્યાણ. ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૬, વિશેષાંક. પાના નં. ૧૧૩થી ૧૧૪

(૨) **નાભાજીકૃત ભક્તમાળ :** રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, વર્ષ-૧૯૯૮, પાના નં. ૧૩૩થી ૧૩૫

(૩) **શ્રીમદ્ સત્સંગિજીવન :** રાજકોટ, ગુરુકુલ પ્રકાશિત - મા. ૨૦૧૫ ભાગ-૧ પાના - ૨૦, પ્ર.૧. અધ્યાય-૩.

●

૬૫. માર્કંડેય ઋષિ

ચમત્કારી ધ્યાનના **અમદાવાદના પ્રથમ વચનામૃત**માં શ્રીહરિ ધ્યાનના અંગની વાત કરતા કહે છે કે, જેમ વટપત્રશાયી ભગવાન એક વડના પત્રમાં નાના બાળક થઈને પોઢ્યા હતા અને તે જ ભગવાનના ઉદરને વિષે માર્કંડેય ઋષિએ સમગ્ર બ્રહ્માંડને દીઠું...

માર્કંડેય ઋષિ વિષે જાણીએ :

માર્કંડેય ઋષિ મૃકન્ડુ ઋષિના પુત્ર હતા. તેમને શિવજીની ઉપાસના થકી આ કલ્પના અંત સુધી અમર રહેવાનું તથા પુરાણાચાર્ય થવાનું વરદાન મળેલ છે. માર્કંડેય પુરાણના ઉપદેશક મુનિ પોતે જ છે. (૧)

ઋષિ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને હિમાલયમાં પુષ્પભદ્રા નદીને કિનારે નરનારાયણની આરાધના કરી રહ્યા હતા. તેમની ઘોર સાધના જોઈને ઈન્દ્રને પોતાની સિંહાસન જતું રહેશે તેવો ભય લાગતા ઋષિનો તપોભંગ કરાવવા સ્વર્ગની અપ્સરાઓને તથા કામદેવને મોકલે છે. તેઓ ઋષિનું તપોભંગ કરાવવા ઘણાં પ્રયત્નો કરે છે પણ તેમાં સફળ થતા નથી. આથી અપ્સરા તથા કામદેવ ઋષિથી ભય પામીને જતા રહે છે. ઋષિનું ચિત્ત તો ભગવાનમાં જ લાગેલું હતું, પરંતુ પોતે અપ્સરાના વિઘ્ન થકી રક્ષાયા તેથી તેઓ ભગવાનના દર્શન માટે ખૂબ વ્યાકુળ અને આતુર થઈ ગયા. ભગવાને પોતાના ઉપર કેવી કૃપા કરી ? તે ખ્યાલથી તેઓ ગદ્‌ગદ્‌ થઈ ગયા. તે સમયે પ્રભુએ તેમની ભક્તિને વશ થઈ દર્શન દીધા અને વરદાન માગવાનું કહ્યું. (૧)

ત્યારે મુનિએ ભગવાનની માયાના દર્શન કરાવવાનું માંગ્યું. ભગવાન તથાસ્તુ કહીને જતા રહ્યા. આ બાજુ ઋષિ ફરી ભગવાનના ધ્યાન-ભજનમાં લાગી ગયા. ત્યાં અચાનક વરસાદ તૂટી પડ્યો. પૃથ્વી, વૃક્ષો, પર્વતો જળબંબાકાર થઈ ગયા. સમુદ્રના પાણી ચારે કોર ફરી વળ્યા. ચારે બાજુ ઘોર અંધકાર છવાઈ ગયો.

સમુદ્ર ભયંકર ઘુઘવાટા કરવા લાગ્યો. ઋષિ ઘડીક ડુબતા અને બચતા પાણીમાં આમથી તેમ ફાંફા મારવા લાગ્યા. તે સમયે તેમણે એક વિશાળ વડના વૃક્ષને જોયું અને તેના પાંદડા પાણીમાં તરી રહ્યા હતા. તેમાં એક પાંદડા ઉપર તેમણે એક નાના બાળકને સુતેલું જોયું. તેઓ તરત ત્યાં ગયા. બાળક પોતાના જમણા પગનો અંગુઠો મોંમાં ચૂસી રહ્યું હતું. આ અદ્ભૂત દૃશ્ય જોઈ તેમને એક શ્લોક સ્ફુર્યો :

'करारविंदेन पदारविंदम्, मुखारविंदेन विनिवेशयन्तम् ।
वटस्य पत्रस्य पुटे शयानं बालमुकुन्दं शिरसा नमामि ॥'

કરકમળથી પોતાના ચરણકમળના અંગુઠાને મોંમાં લઈ ચૂસતા અને વડના પાંદડા પર સુતેલા ભગવાનશ્રી બાલમુકુંદને હું મસ્તકથી નમન કરું છું.

આ દિવ્ય બાળકને જોતા તેમનો બધો થાક-પીડા દૂર થઈ ગયા. બાળકની નજીક પહોંચતા બાળકે શ્વાસ લીધો. તેના આવેગમાં પોતે બાળકની નાસિકા દ્વારા તેના ઉદરમાં પહોંચી ગયા. ત્યાં ઋષિએ અનંત બ્રહ્માંડના દર્શન કર્યા. સૂર્ય-ચંદ્ર-તારા-વૃક્ષ-સરોવર અને હિમાલયનો પોતાનો આશ્રમ પણ જોયો. આ જોવામાં અનેક યુગ વીતી ગયા. આ અલૌકિક દૃશ્ય જોતા તેઓ વિસ્મયથી ચકિત થઈ ગયા અને ભાવસમાધિમાં આંખ બંધ કરી તો તેઓ પાછા શિશુના ઉચ્છ્વાસ દ્વારા બહાર નીકળીને પોતાના તપોઆશ્રમમાં પહોંચી ગયા. સમુદ્ર, વૃક્ષો, તારા, સૂર્ય કાંઈ જ નજરે ન ચડ્યું. તેઓ ભાવસમાધિમાં હતા. તેથી આ બધું શું છે ? તે પણ બાળકને પૂછી ન શક્યા. પણ, પોતાને ભગવાને તેમની માયાના દર્શન કરાવ્યા તેથી તેઓ ખૂબ આનંદિત થઈ ધ્યાનમગ્ન થઈ ગયા. (૧)

તે દરમ્યાન શિવ અને પાર્વતીજી ત્યાંથી પસાર થયા. પાર્વતીજીને મુનિનો ખૂબ ગુણ આવ્યો કે, મુનિ કેવા ધ્યાનસ્થ છે ? કેવા તપસ્વી છે ? તેથી તેમણે મુનિને આશીર્વાદ આપવા મહાદેવજીને કહ્યું. આથી મહાદેવજીએ મુનિના હૃદયમાં પ્રવેશ કર્યો. મુનિને ધ્યાનમાં શિવજીના દર્શન થતા તેઓએ રાજી થઈને આંખો ખોલી તો શિવપાર્વતી ! મુનિએ તેમની પૂજા કરી. શિવ પાસે વરદાન માંગ્યું કે, પ્રભુમાં મારી અવિચળ ભક્તિ થાય અને પ્રભુમાં તીવ્ર અનુરાગ થાય. આથી શિવે તેમને વરદાન આપી કલ્પના અંત સુધી અમર રહેવાનું અને પુરાણાચાર્ય થવાનું વરદાન આપ્યું. (૧)

ઋષિના માતા-પિતાએ શિવની ઉપાસના કરતા મુનિનો જન્મ થયેલ પણ તેનું આયુષ્ય ફક્ત ૧૬ વર્ષનું જ હતું. તેથી પિતા ઉદાસ રહેતા હતા. આથી માર્કંડેય ઋષિએ તપ કરી કાળને લાત મારી મહાદેવને પ્રસન્ન કરતા મહાદેવ મુનિ પર ખૂબ રાજી થઈ દીર્ઘ આયુષ્યના આશીર્વાદ આપ્યા. (૧)

જૂનાગઢના જોગી તરીકે શ્રી મહાપુરુષદાસજી સ્વામી ગણાય છે. શ્રીહરિએ તેમને પૂર્વના માર્કંડેય ઋષિ તરીકે સંબોધ્યા છે. સ્વામી સં. ૧૮૭૪ની સાલમાં ભાયાવદરમાં વિપ્ર દેવકૃષ્ણ જોષીના ઘરે રામજી રૂપે જન્મ પામ્યા. તેમના જનોઈ પ્રસંગે શ્રીહરિ ભાયાવદરમાં પધારી બાળક રામનો હાથ ઝાલી તેને વર્તમાન ધરાવી કંઠી બાંધી અને માથે બે હાથ મુકીને બોલ્યા કે, આ માર્કંડેય ઋષિ તમારે ત્યાં અવતર્યા છે તે આગળ જતા સંસારમાં રહેશે નહિ એ પૂર્વજન્મમાં મહાન ઋષિ મહાત્મા છે. (૨)

આમ, ગમે તેટલી સિદ્ધિ પ્રાપ્ત થાય તો પણ માર્કંડેય ઋષિની જેમ ક્યાંય રોકાય નહિ કે લોભાય નહિ એવું કહેવાનો શ્રીહરિનો આશય છે.

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૬૧થી ૬૫

(૨) **જૂનાગઢના જોગી સદ્ગુરુ શ્રી મહાપુરુષદાસ સ્વામી :** રાજકોટ ગુરુકુલ. સંપાદક : માવદાનજી ભીમજી રત્નુ. વર્ષ : સં. ૨૦૫૬, પાના નં.૧ પ્રસંગ૧

●

૬૬. બ્રહ્મર્ષિ વશિષ્ટ મુનિ

બ્રહ્મર્ષિ વશિષ્ટ મુનિ વિષે જાણીએ :

બ્રહ્માજીના પ્રાણથી વશિષ્ટજીની ઉત્પત્તિ થઈ છે. તેઓ ઇન્દ્રિયોને વશમાં રાખતા જેથી તેમનું નામ વશિષ્ટ પડ્યું. તેમની પત્નીનું નામ અરૂંધતી હતું. તેઓ પરમ સતિ હતા તથા કર્દમ ઋષિના પુત્રી હતા. (૧)

સૂર્યવંશના પુરોહિત બનવાનું જ્યારે બ્રહ્માજીએ વશિષ્ટજીને કહ્યું ત્યારે પોતાને ધનની લાલસા ન હોવાથી તેમનું પુરોહિતપણું સ્વીકારવામાં આનાકાની કરવા માંડ્યા. ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે, આ મહાન વંશમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામચંદ્રજી પ્રગટ થવાના છે. એવું સાંભળતા પોતે સૂર્યવંશના પુરોહિત બનવાનું સ્વીકાર્યું. તેઓ ફક્ત ઇક્ષ્વાકુ વંશના જ પુરોહિત રહ્યા. જ્યારે જ્યારે રાજ્યમાં દુષ્કાળ પડતો કે અનાવૃષ્ટિ થતી ત્યારે પોતે પોતાના તપોબળથી વરસાદ વરસાવી પ્રજાનું રક્ષણ કરતા. અયોધ્યાના રાજકુળ પર સંકટ આવતું ત્યારે ઋષિ તપોબળથી તે સંકટ દૂર કરી દેતા. (૨)

ભગીરથ મહારાજા તપ કરી ગંગાને પૃથ્વી પર લાવવામાં નિષ્ફળ રહ્યા અને નિરાશ થઈ ગયા ત્યારે વશિષ્ટજીએ તેને પ્રેરણા આપી એક મંત્ર આપ્યો અને તેના પરિણામે ભગીરથ રાજા ગંગાને આ પૃથ્વી પર અવતરણ કરાવી શક્યા. મહારાજા દિલીપને કોઈ સંતાન ન હતું. ત્યારે ગાય માતાની સેવા કરવાનો ઉપાય ઋષિએ રાજાને બતાવ્યો અને રાજાનો મનોરથ પૂર્ણ થયો. (૨)

મહારાજા રઘુનું એવું ભવિષ્ય હતું કે તેઓ જો લગ્ન કરે અને ચોરીમાં ચાર ફેરા પૂર્ણ કરે તો તેનું મૃત્યુ થાય. આ સમયે ઋષિએ રઘુરાજાને લગ્ન કરવાની આજ્ઞા કરી. વિવાહકાર્ય પૂર્ણ થતામાં આખરમાં સપ્તફેરા સમયે આગળ વર અને પાછળ કન્યા ચાલતા ચાર ફેરા પૂરા કર્યા. ત્યારે જ ઋષિએ વર વધૂને ફેરા ફરતા રોકીને કહ્યું કે, મારું પૂજન કરો. ત્યારે બંનેએ તેમનું પૂજન કર્યું અને પ્રણામ કર્યા. ત્યારે ઋષિએ તેમને ચિરંજીવી રહો એવા આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ફેરા

ફરવાનો ક્રમ બદલી પ્રથમ કન્યા ને રાખી અને પછી વરને રાખ્યા. અને ફેરા ફરવાના ક્રમમાં ચાર પછીના પાંચ એમ ક્રમ ન કહેતા એક-બે, ત્રણ કહેવા લાગ્યા. આમ યુક્તિપૂર્વકની ચાલ ચલાવતા શાપનો પ્રભાવ નષ્ટ થઈ ગયો અને ઋષિના આશીર્વાદ તો હતા જ. આમ રઘુ મૃત્યુના ભયથી ઉગરી ગયા. (૧)

વિશ્વામિત્ર અને વશિષ્ટમુનિ વચ્ચે તપ અને ધાર્મિક સિદ્ધાંતો બાબત મતભેદ તો ચાલ્યા જ કરતા આથી વિશ્વામિત્ર વશિષ્ટજી કરતા હંમેશા આગળ વધવાના પ્રયત્નો કર્યા કરતા પણ તેઓ પોતાના રજોગુણી અને ક્રોધી સ્વભાવને કારણે ફાવતા નહીં. આથી વિશ્વામિત્રનો વશિષ્ટ પ્રત્યે દ્વેષ વધી જતા તેઓ વશિષ્ટજીની હત્યા કરવા રાત્રિના તેમની ઝૂંપડીમાં જાય છે ત્યારે ઋષિ અને અરુંધતિ માતાને તો વિશ્વામિત્રના ઉજ્જવળ તપની પ્રશંસા કરતા સાંભળી તેમનો દ્વેષ ઓગળી જાય છે અને તેઓ વશિષ્ટજીના પગમાં પડતા જ વશિષ્ટજી તેમને આવો બ્રહ્મર્ષિ કહીને બોલાવે છે. આમ વિશ્વામિત્રજીની ગેરસમજણ દૂર થતા ફરી મિત્રો બની જાય છે. (૧)

એક વખત વશિષ્ટ અને વિશ્વામિત્ર વચ્ચે જ્ઞાનગોષ્ઠિ ચાલતી હતી. વાત વાતમાં વિશ્વામિત્રએ તપસ્યાને સત્સંગથી શ્રેષ્ઠ કહી ત્યારે વશિષ્ટજીએ સત્સંગની તરફેણ કરી. બે વચ્ચે વિવાદ થતા નિરાકરણ માટે શેષનારાયણ પાસે આવ્યા અને પ્રશ્ન પૂછ્યો. ત્યારે શેષનારાયણે કહ્યું કે, હું આ પૃથ્વીનો ભાર વહન કરતો ઊભો છું. તો કેમ જવાબ આપું ? તમે તમારું તપ મૂકો તો થોડીવાર પૃથ્વી આકાશમાં અદ્ધર તોળાઈ રહે એટલી વારમાં હું તમને જવાબ આપું. આથી વિશ્વામિત્રે પોતાનું એક હજાર વર્ષનું તપ મૂક્યું. તો પણ પૃથ્વી અદ્ધર તોળાઈ નહીં. તેથી શેષનારાયણે વશિષ્ટજીને કહ્યું કે, તમારું અર્ધ ઘડીના સત્સંગનું ફળ મૂકો. ઋષિએ તે ફળ મૂક્યું ત્યાં તો પૃથ્વી સ્વયં આકાશમાં તોળાઈ રહી. બંનેને જવાબ મળી ગયો કે, તપ કરતા સત્સંગનું ફળ અધિક છે. આમ સત્ય વાતની પ્રતીતિ થતા વિશ્વામિત્ર વશિષ્ટજીના ચરણમાં પડી ગયા.

પોતે શ્રીરામચંદ્રજીના કુલગુરુ હતા. તેમને નિત્ય સલાહ આપતા. ભક્તિ જ્ઞાનની વાતો કરતા અને આશીર્વાદ આપતા. આમ વશિષ્ટજી કર્મ, જ્ઞાન અને ઉપાસના પૈકી ભક્તિનો વિશેષ આદરભાવ રાખતા. (૧)

ઈક્ષ્વાકુ વંશના નિમિ રાજા હતા. તેમણે ૧૦૦ વર્ષ ચાલે તેવો યજ્ઞ કરવાનો સંકલ્પ થયો. આથી તેમણે વશિષ્ટજીને ઋત્વિજ તરીકે રાખવા માટે ઋષિને

બોલાવ્યા. ત્યારે ઋષિએ કહ્યું કે ઈન્દ્રએ ૫૦૦ વર્ષ ચાલે તેવો યજ્ઞ કરવા માટે અગાઉથી મારી પાસે મંજૂરી લીધી છે. આથી તે યજ્ઞ પૂરો કરી હું તમારો યજ્ઞ કરવા આવીશ. પરંતુ નિમિ રાજાને દેહનો ભરોસો ન લાગ્યો. તેથી ગૌતમ આદિ ઋષિઓને બોલાવી પોતાનો યજ્ઞ શરૂ કરી દીધો. આ બાજુ ઈન્દ્રનો યજ્ઞ પૂરો કર્યા બાદ ઋષિ નિમિ રાજા પાસે આવ્યા. તો તેમનો યજ્ઞ તો પૂરો થઈ ગયો હતો. આથી વશિષ્ટજીએ પોતાનો યજમાન ગુમાવ્યો. આથી તેઓ ગુસ્સે થઈ ગયા અને રાજાને મૃત્યુદંડ આપ્યો. ત્યારે રાજાએ પણ તેમને શાપ આપ્યો કે જાણ્યા વિના મને શાપ આપ્યો છે માટે તમારા દેહનો પણ અંત આવે. આમ સામસામા શાપ થયા. (૩)

આમ શાપ થવાથી રાજાએ પોતાના દેહનો ત્યાગ કર્યો અને વશિષ્ટજીનો લિંગદેહ મિત્રાવરુણના વીર્યમાં પ્રવિષ્ટ થયો. ત્યારબાદ સ્વર્ગની અપ્સરા ઉર્વશીને જોવાથી તેમનું વીર્ય સ્ખલિત થતા તેમણે બીજો દેહ ધારણ કર્યો. (૩)

★ આથી શ્રીહરિ **વચનામૃત વડતાલના ૫**માં પ્રકરણમાં જણાવે છે કે,

...અને બ્રહ્માદિક દેવને વસિષ્ઠ, પરાશર, વિશ્વામિત્રાદિક ઋષિએ સર્વેમાં ગુણનો પ્રવેશ જણાણો છે.

ભલે વશિષ્ટજીમાં લોભનો અને ક્રોધનો ગુણ જણાણો, પરંતુ તેમનું અકલ્યાણ ન થયું કેમકે તેમને પ્રગટ પ્રભુ શ્રીરામનો યોગ થયો હતો.

★ **પાદટીપ :**

(૧) **નાભાજીકૃત ભક્તમાળ :** પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ. વર્ષ-૧૯૮૮, પાના નં. ૨૪૭થી ૨૪૯

(૨) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૪૯થી ૫૦

(૩) **विष्णु पुराण :** ગીતા પ્રેસ, ગોરખપુર. અધ્યાય-૫, પાના નં. ૨૫૨

●

૬૭. વાલ્મીકિ ઋષિ

આદ્ય સંસ્કૃત કવિ અને રામાયણના પ્રથમ રચયિતા મહર્ષિ વાલ્મીકિ ઋષિ છે. જેમણે રામાયણના ૨૪ હજાર શ્લોક, પાંચસો સર્ગ તથા છ કાંડ રચ્યા. પ્રભુએ તેમને દિવ્યજ્ઞાન આપ્યું, જેથી પ્રભુ રામની સર્વ લીલા તેમણે હૃદયસ્થ કરી લીધી. હિંદુ સંસ્કૃતિનો આ અતિ પ્રાચીન ગ્રંથ છે. નારદજી પાસેથી ઋષિએ રામના ચરિત્રો સાંભળેલ અને તેમના જ આદેશથી આ મહાકાવ્ય રામાયણની રચના થઈ. (A)

વાલ્મીકિ ઋષિના પૂર્વાશ્રમનું નામ રત્નાકર હતું. તે અંગિરાગૌત્રમાં એક બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. પણ કુસંગી અને ચોર લૂંટારાના સંગથી તે પણ ક્રૂર ડાકુ બની ગયા. બાળપણમાં કોઈ વિદ્યાભ્યાસ પણ નહોતો કર્યો, જેથી તેમને આ પાપકર્મ કહેવાય તેવું જ્ઞાન ન થયું. ગાઢ જંગલમાં છુપાઈને આવતા-જતા, યાત્રિકોને મારી તેમનું ધન લૂંટી લેતા અને તેનાથી પોતાનું તથા પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરતા. સંજોગવશાત્ એકવાર ત્યાંથી નારદજી નીકળ્યા. રત્નાકરે તેને ઊભા રાખી મારવા પ્રયત્ન કર્યો. નારદજી જરાયે ભયભીત ન થયા. પરંતુ તેને જ્ઞાન ઉપદેશ આપ્યો કે, તું મુસાફરોને મારી નાખે છે તેનું તને પાપ કર્મ લાગે. જે માટે તારે નરકયાતના ભોગવવી પડશે. ત્યારે રત્નાકર જરાક ખચકાયો તેને થયું કે બીજા મુસાફરો તો તેની પાસે હાથ જોડતા, રડતા, પોતાને છોડી દેવા આજીજી કરતા હોય. જ્યારે આ સાધુ તો પ્રસન્ન મુદ્રામાં મને ઉપદેશ આપે છે. આથી તે બોલ્યો કે, મારા ઉદર નિર્વાહ અને કુટુંબ પોષણ માટે આ કૃત્ય મારે કરવું પડે છે. ત્યારે નારદજી કહે, તું જેના માટે આ પાપ કર્મ કરે છે તેઓ તારા આ પાપમાં ભાગીદાર થશે ને ? તું ઘરે જઈને પૂછી આવ. નારદજી ભાગી ન જાય તે માટે રત્નાકર તેમને એક વૃક્ષ સાથે બાંધીને ઘરે પૂછવા ગયો ત્યારે તેના પત્ની, કુટુંબીઓએ આ પાપમાં ભાગીદાર નથી. પણ ગમે તે રીતે તેમનું ભરણ-પોષણ કરવાની તમારી ફરજ છે તેવો ઉત્તર આપ્યો.

આવો જવાબ સાંભળી રત્નાકર વિચારમાં પડી ગયો કે જેને અર્થે રાત-દિવસ

જંગલમાં ભટકું છું. તેઓને મારા પાપના ભાગીદાર નથી થવું. તેમને ફક્ત મારા પૈસામાં જ રસ છે ? આ સંસારમાં આટલો સ્વાર્થ ? તેનું મન વલોપાત કરવા લાગ્યું. આવીને તે નારદજીના પગમાં પડી ગયો. મને બચાવો. આ પાપથી મારી રક્ષા કરો. નારદજી તેના ગુરુ થયા અને રામનામ મંત્રનું રટણ કરવાનું કહ્યું. રત્નાકરને ચટકી લાગી ગઈ. એક જગ્યાએ બેસીને તે રામરામરામ ભજન કરવા લાગ્યો. દિવસો, વર્ષો પસાર થઈ ગયા. તેના ઉપર રાફડા થઈ ગયા. જીવજંતુએ તેના શરીરને ટોચી નાખ્યું છતાં તેનું રામ રટણ ચાલુ જ હતું. આખરે એક દિવસ નારદજી આવ્યા. તેણે આ ભક્તને જોયો. રામ રામ અવાજ આવતો હતો પણ શરીર ધૂળ માટીમાં ઢંકાઈ ગયું હતું. તેણે આ રાફડા નીચેથી રત્નાકરનું શરીર શોધ્યું. તેના માથા ઉપર હાથ મૂકી તેને ઉઠાડ્યો અને તેનું નામ આપ્યું : વાલ્મીકિ ! વાલ્મીક એટલે રાફડો. તેના પરથી વાલ્મીકિ નામ પડ્યું. (૧)

વાલ્મીકિએ જંગલમાં આશ્રમ બનાવ્યો અને ત્યાં રહી રામરટણ કરવા લાગ્યા. ત્યાં એક દિવસ એક પારધીએ કામમગ્ન એક ક્રોંચ પક્ષીના યુગલને બાણ મારતા તે પડી ગયું. ત્યારે વાલ્મીકિના મુખમાંથી પારધીને શાપ દેતા તેના મુખમાંથી અનુષ્ટુપ છંદનો એક શ્લોક સરી પડ્યો :

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत्क्रौंचमिथुनादेकमवधाः काममोहितम् ॥ બાલ સર્ગ-૨ (૨)

હે પારધી ! તેં કામમગ્ન ક્રૌંચ યુગલના નરપક્ષીને હણ્યું છે માટે હવે તું આ પૃથ્વી પર લાંબો સમય રહીશ નહિ.

વૈદિક છંદ તો અનાદિ છે, પણ આ લૌકિક છંદનો પ્રથમ છંદ હતો. આ છંદથી વાલ્મીકિ આદિ કવિ કહેવાયા.

તે સાથે સરસ્વતી પોતાનું નિવાસ ઘણા કાળથી શોધતા હતા. પરંતુ વાલ્મીકિ ઋષિને જોતા તેઓ તે ઋષિના મુખમાં વસી ગયા. (૨)

વનવાસના સમયે શ્રીરામ લક્ષ્મણજી અને સીતા માતા સાથે ઋષિના આશ્રમમાં પધારેલા. જંગલમાં રહેવા લાયક, ભજનભક્તિને પોષણ મળે તેવા સ્થાન અંગે શ્રીરામે ઋષિને પૂછતા, ઋષિએ તેમને ૧૪ સ્થાનો બતાવ્યા. જેમાં ભક્તિના બધા સાધન આવી જાય છે. આ સ્થાનનું સુંદર વર્ણન તુલસીદાસજીએ કરેલું છે :

'सुनहु राम अब कहु निकेता, जहां बसहुं सित लखन समेता...!'

અંતિમ સમયમાં જ્યારે શ્રીરામે લોકાપવાદને કારણે સીતાજીનો ત્યાગ કરી દીધો. ત્યારે સીતા માતાએ આ આશ્રમમાં આશરો લીધેલ. જ્યાં લવ-કુશનો જન્મ થયો. ઋષિએ તેને તમામ શાસ્ત્ર અને શસ્ત્રવિદ્યા શીખવી પારંગત કર્યા. રામાયણ ગાનનું જ્ઞાન તેમણે પ્રથમ લવ-કુશને આપ્યું. રામાયણનું ગાન જન્મોજન્મના પાપને ધોનારું અને મોક્ષ પમાડનારું છે. ઋષિએ પોતાના દિવ્ય જ્ઞાનના પ્રભાવથી રામાયણની રચના રામાવતાર પહેલા જ કરી દીધી હતી તેવું કહેવાય છે. (૧)

વાલ્મીકિકૃત રામાયણની રચના ઋષિએ દિવ્યદૃષ્ટિથી કરેલ છે. ઋષિનો આશ્રમ ગંગાની દક્ષિણે પ્રયાગથી દશ ગાઉને અંતરે તમસા નદી પર હતો. (૩)

વચનામૃતમાં શ્રીહરિએ વાલ્મીકિ ઋષિનો અનેકવાર ઉલ્લેખ કર્યો છેઃ

★ ગઢડા મધ્યનું ૬૬ું :

...પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારનું કલ્યાણ થાય છે. જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ ... અને તેને તે શાહુકારના પ્રતાપની ખબર જ નથી. તેમ નારદ, સનકાદિક, વ્યાસ, વાલ્મીક ઈત્યાદિક જે મોટા પુરુષ તેના વચનનો જેને વિશ્વાસ નથી તેને નાસ્તિક જાણવો ને મહાપાપિષ્ઠ જાણવો.

★ ગઢડા અંત્યનું ૧૧મું :

... જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો... રામચંદ્રજીને કહેજો જે, સીતાને તો કાંઈ દુઃખ નથી ને વાલ્મીક ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે. એમ સીતાજીએ લક્ષ્મણજી સંગાથે કહી મોકલ્યું.

★ **પાદટીપ :**

(A) **શ્રી વાલ્મીકિ રામાયણ. ભાષાંતર કર્તા :** નરેન્દ્ર જોષી. પ્રવીણ પુસ્તક ભંડાર. રાજકોટ, વર્ષ-૨૦૦૫, પાના ૪થી ૬

(૧) **भक्त चरितांक :** *छब्बीसवें वर्षका विशेषांक :* ગીતા પ્રેસ, ગોરખપુર.

(૨) **भगवती सरस्वति : नारी अंक.** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૭૧થી ૩૭૩

(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૮૦૧૭

●

૬૮. વિશ્વામિત્ર ઋષિ

વિશ્વામિત્ર ઋષિ ક્ષત્રિય હતા, પરંતુ તેમણે તપોબળથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરેલ તેથી તેઓ ઋષિ કહેવાતા. (A)

વિશ્વામિત્ર ઋષિ વિષે જાણીએ :

વિશ્વામિત્ર ઋષિ મહાન તપસ્વી હતા. ભગવાન રામચંદ્રજી સ્વયં તેમની આજ્ઞા માથે ચડાવતા તથા ગુરુની ચરણસેવા કરતા. ઋષિ પોતે રજોગુણી હતા અને હથિયાર ધારણ કરતા.

કુશિક વંશમાં મહારાજા ગાધિના પુત્ર વિશ્વામિત્રજી થયા. કુશિક વંશ પરથી ઋષિને કૌશિક કહેવામાં આવે છે. એકવાર વશિષ્ટજી ઋષિના આશ્રમ પર મહારાજા વિશ્વામિત્ર પહોંચ્યા. ઋષિ પાસે કામધેનુ ગાય હતી. તેથી ગાયની કૃપાથી ઋષિએ રાજા તથા તેના રસાલાના હજારો માણસોની યથાયોગ્ય સંભાવના કરી. જ્યારે વિશ્વામિત્ર રાજાએ જાણ્યું કે, આ બધો પ્રતાપ કામધેનુ ગાયનો છે ત્યારે તે ગાય પોતાને આપવા ઋષિને કહ્યું, પણ ઋષિએ ગાય આપવાની ના કહેતા રાજા ગાયને બળજબરીથી લઈ જવા માંડ્યો ત્યારે વશિષ્ટજી ઋષિની ઈચ્છાથી ગાયના શરીરમાંથી હજારો સૈનિકો પ્રગટ થયા અને તેણે રાજાના સૈન્યને હરાવી દીધું. (૧)

બાદ વિશ્વામિત્રએ એક હજાર વર્ષ સુધી તપસ્યા કરી બ્રહ્માજી પાસેથી રાજર્ષિ પદ મેળવ્યું. ફરી તપ કર્યું તો એનું ફળ રાજા ત્રિશંકુને સદેહે સ્વર્ગ મોકલવામાં ખર્ચાઈ ગયું. એટલે કે અયોધ્યા નરેશ ત્રિશંકુ સશરીર સ્વર્ગમાં જવાની ઈચ્છાથી ગુરુ વશિષ્ટ પાસે યજ્ઞ કરાવવા ગયા. પરંતુ ઋષિએ વિધિવિધાનને પ્રતિકૂળ જાણી આ વાતનો અસ્વીકાર કર્યો. તેથી રાજા વિશ્વામિત્ર પાસે પૂર્વ અપેક્ષા (સદેહે સ્વર્ગમાં જવાની) સાથે ગયા. આથી વિશ્વામિત્રએ અન્ય ઋષિઓ અને વશિષ્ટ ઋષિના પુત્રોને યજ્ઞનું આમંત્રણ મોકલ્યું. પણ વશિષ્ટના

પુત્રોએ ના પાડી આથી ગુસ્સે થઈને વિશ્વામિત્રે શાપ દઈને વશિષ્ટના પુત્રોને બાળીને ભસ્મ કરી દીધા. યજ્ઞ તો પુરો થયો પણ દેવતાઓએ યજ્ઞનો ભાગ ન લીધો. આથી વિશ્વામિત્રે પોતાના તપોબળથી ત્રિશંકુને સદેહે સ્વર્ગ મોકલવા લાગ્યા. આ અનધિકાર ચેષ્ટાથી કુપિત ઈન્દ્રે રાજાને સ્વર્ગમાંથી ધક્કો મારી નીચે ફેંકી દીધા. તો વિશ્વામિત્રે પોતાના તપોબળથી અંતરિક્ષમાં બીજા સ્વર્ગનું નિર્માણ શરૂ કર્યું. આમ, ઋષિનું તપ ખર્ચાઈ ગયું તેથી તેઓ ફરીવાર પુષ્કર તીર્થમાં જઈ તપ કરવા લાગ્યા. (૨)

ઋષિના તપનો ભંગ કરાવવા ઈન્દ્રે મેનકા અપ્સરાને મોકલી. જેની ઉપર ઋષિ ક્રોધે ભરાયા અને તેને પથ્થર બનાવી દીધી. ફરી તપનો ક્ષય થયો ને પોતે ફરીવાર તપ કરવા લાગ્યા. આટલું તપ કરવા છતાં વશિષ્ટજી, વિશ્વામિત્રને બ્રહ્મર્ષિને બદલે રાજર્ષિ જ કહેતા કેમકે વિશ્વામિત્રને પોતાના તપનું અભિમાન હતું. આથી વિશ્વામિત્ર વશિષ્ટજીને મારી નાંખવાનો નિશ્ચય કરી ઋષિની ઝૂંપડી પાછળ રાત્રિને સમયે સંતાયા ત્યારે તેમણે વસિષ્ઠ અને તેમના પત્ની અરૂંધતીને વાત કરતા સાંભળ્યા કે, વિશ્વામિત્રને તમે રાજર્ષિ કેમ કહો છો ? ત્યારે વશિષ્ટજી કહે છે કે આ સમયમાં કોઈનું નિર્મળ તપ હોય તો કેવળ વિશ્વામિત્રનું છે, પણ તેઓ ઋષિ હોવા છતાં હથિયાર ધારણ કરે છે તેથી હું તેમને રાજર્ષિ કહું છું. આ વાત સાંભળી વિશ્વામિત્ર દંગ રહી ગયા કે, વસિષ્ઠના ૧૦૦ પુત્રોને મેં મારી નાખ્યા છતાં તેમને મારા પર જરાય રોષ નથી બલ્કે મારા તપના વખાણ કરે છે. આથી તેમને પોતાના કાર્ય બદલ પસ્તાવો થતા તેઓ હથિયાર ફેંકી વશિષ્ટજીને પગે લાગતા જ વશિષ્ટજી બોલે છે કે, પધારો બ્રહ્મર્ષિ ! ત્યારે વિશ્વામિત્ર તેમને પૂછે છે કે તમે મને અત્યારે બ્રહ્મર્ષિ કહો છો તેને બદલે પહેલા કહ્યું હોત તો હું તમારા પુત્રોને ન મારી નાખત. ત્યારે ઋષિ કહે છે કે અત્યારે તમે હથિયાર છોડી દઈ, નિર્માનીપણે મારી પાસે આવ્યા એટલે મેં તમને બ્રહ્મર્ષિ કહ્યા. આમ, બે ઋષિઓ વચ્ચે સમાધાન થયું.

વિશ્વામિત્રના યજ્ઞમાં રાક્ષસો ભંગ કરાવતા હતા તેથી તેમણે અયોધ્યાથી ભગવાન રામ અને લક્ષ્મણને બોલાવી તાડકા રાક્ષસીનો વધ કરાવી યજ્ઞની રક્ષા કરાવી. ઋષિએ જ બંને ભાઈઓને જનકપુરીમાં સાથે લઈ જઈ ધનુષ્ય ભંગ કરાવી રામ-સીતાના લગ્ન કરાવેલ. (૨)

આમ, વિશ્વામિત્ર રાજર્ષિમાંથી બ્રહ્મર્ષિ થયા.

● વચનામૃતમાં શ્રીહરિએ વિશ્વામિત્ર ઋષિનો ઉલ્લેખ કર્યો છે :

★ વડતાલનું ૫મું :

શ્રીહરિ કહે છે... પણ પોતાને ભજન કરવા યોગ્ય એવા જે પ્રકટ પ્રમાણ વાસુદેવ ભગવાન તેને તો માયાના ગુણથી પર સમજે છે, માટે એને પણ માયાથી પર જ જાણવો અને બ્રહ્માદિક દેવ ને વશિષ્ટ, પરાશર, વિશ્વામિત્રાદિક ઋષિ એ સર્વમાં ગુણનો પ્રવેશ જણાણો છે... સર્વે મુક્ત છે અને માયાને તર્યા છે.

વિશ્વામિત્ર ઋષિમાં ક્રોધનો ભાવ હતો તેથી તપોભંગ કરવા આવેલી મેનકાને જડ બનાવી દીધી. વસિષ્ઠ ઋષિના પુત્રોને બાળી નાખ્યા. વગેરે ગુણનો ભાવ ઋષિમાં હતો તેમ છતાં પ્રગટ શ્રીરામ પ્રભુનો યોગ હતો તો તે માયાને તરી બ્રહ્મધામ પામી ગયા. એવું કહેવાનો શ્રીહરિનો આશય છે.

★ પાદટીપ :

(A) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ-૬, અધ્યાય-૧૬

(૧) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૫૬થી ૫૭

(૨) **ભક્તમાળ :** નાભાજીકૃત. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ. વર્ષ-૧૯૭૮, પાના નં. ૨૫૮થી ૨૫૯

●

૬૯. શુકદેવજી

વચનામૃત ગઢડા પ્રથમના ૨૩ (પાણીનો ઘડો ઢોળ્યાનું - સ્થિતિમાં રહેવાનું)માં શ્રીહરિ કહે છે કે, જેમ રાજા પરીક્ષિત એવો ભક્ત નો'તો તો રાસક્રિડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે સંશય થયો અને શુકજી એવા ભક્ત હતા તો તેને કોઈ જાતનો સંશય ન થયો. તો આવા સમર્થ ઋષિ **શુકદેવજી વિષે જાણીએ :**

મહાત્મા શુકદેવજી ભગવાન વ્યાસજીના પુત્ર હતા. તેના જન્મ સંબંધમાં અનેક કથાઓ છે. કોઈક તેને વ્યાસની પત્ની વટિકાના તપનું પરિણામ અને કોઈક વ્યાસજીની તપસ્યાના ફળરૂપ ભગવાન શંકરજીએ આપેલું પુત્રરૂપ વરદાન કહે છે. એક કથા એવી છે કે, જ્યારે આ ધરતી ઉપર શ્રીકૃષ્ણ અને રાધિકાજીનું અવતરણ થયું ત્યારે રાધિકાજીનો ક્રિડા શુક એટલે કે મિત્ર સમાન પોપટ પણ ધરતી ઉપર આવ્યો હતો.

એક સમયે શિવજી પાર્વતીજીને બ્રહ્મકથા સંભળાવી રહ્યા હતા. જે કથાના શ્રવણથી માણસ અમર બની જાય. તે સમયે પાર્વતીજી સાંભળતા સાંભળતા નિદ્રાવશ થતા પાર્વતીજીને બદલે પોપટે હોંકારો દેવાનું શરૂ કર્યું. જ્યારે શિવને આ વાતની જાણ થઈ ત્યારે તેઓ પોપટ ઉપર ગુસ્સે ભરાયા કે તેં મારી કથા મને છેતરીને કેમ સાંભળી ? આથી તેને મારવા માટે તેની પાછળ દોડ્યા. પોપટ દોડીને વ્યાસજીના આશ્રમમાં આવીને પોતાનું સૂક્ષ્મરૂપ ધરીને વ્યાસજીની પત્નીના મુખ વાટે ઉદરમાં જતા રહ્યા. ત્યારે શંકર પાછા ફરી ગયા. આમ શુકજી પુત્રના રૂપમાં પ્રગટ થયા. ગર્ભમાં જ તેમને વેદ-વેદાંત સર્વે શાસ્ત્રોનું જ્ઞાન મળી ગયું અને સોળ વર્ષ સુધી પોતાની યોગ શક્તિ વડે પોતાનું સૂક્ષ્મરૂપ બનાવીને માતાના ગર્ભમાં જ રહ્યા. બહાર આવે તો સંસારની માયા સ્પર્શી જાય તેથી તેઓ માતાના ગર્ભમાંથી બહાર આવતા ન હતા. આથી શ્રીકૃષ્ણે સ્વયં આવીને તેમને આશ્વાસન આપ્યું કે, તમને માયા સ્પર્શી નહીં શકે. પછી તેઓ બહાર આવ્યા. પરંતુ જન્મતા જ

તેઓએ માતા-પિતાને પ્રણામ કરી તપસ્યા કરવા વનમાં જતા રહ્યા. વ્યાસજી પુત્ર પ્રેમને વશ થઈ તેમની પાછળ દોડ્યા પણ શુકજીએ તેના પર ધ્યાન ન આપ્યું. તેમનું જીવન પરમ વૈરાગ્યમય હતું. જંગલમાંથી તેઓ માત્ર ગૌદોહન માટે જ ગામમાં આવતા. વ્યાસજીને એવી ઈચ્છા હતી કે, પુત્ર ભાગવતનું અધ્યયન કરે. પણ પુત્ર મળે કેવી રીતે ? આથી તેમણે એક શ્લોક બનાવી તેનો અર્ધો ભાગ પોતાના શિષ્યોને આપ્યો : શ્રીમદ્ ભાગવતનો શ્લોક :

'बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं ।
बिभद्वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ॥
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दैः ।
वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥
(૧૦-૨૧-૫)

શિષ્યો સમિધ વીણતા વીણતા આ શ્લોક ગાતા હતા. શુકદેવજી તો સચરાચરમાં વ્યાપ્ત હતા તેથી તેમણે આ શ્લોક સાંભળ્યો. આવો મધુર શ્લોક સાંભળતા જ તેમને અન્ય શ્લોક સાંભળવાની ઈચ્છા થઈ અને તેઓ પિતા વ્યાસજી પાસે આવ્યા. પછી તેમણે ભાગવતના અઢાર હજાર શ્લોકની કથા પિતા પાસેથી સાંભળી અને તેનું વિધિવત્ અધ્યયન કર્યું અને આ કથા તેમણે રાજા પરીક્ષિતને સાત દિવસમાં સંભળાવી રાજાનું કલ્યાણ કર્યું.

એટલે જ શ્રીહરિએ **ગઢડા પ્રથમના ૬૮માં** વચનામૃતમાં કહે છે કે,

સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વેને દેખે છે અને શાસ્ત્રમાં એવા વચન છે કે, શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.

જ્યારે પિતા વ્યાસજીએ પુત્ર, પુત્ર એવો સાદ કર્યો ત્યારે શુકજીએ વૃક્ષમાં રહીને તેમને જવાબ આપ્યો હતો.

જે વાત **લોયાના ૪થા વચનામૃતમાં** કહી છે કે, જેમ વ્યાસજી એક હતા. તેણે શુકજીને સાદ કર્યો ત્યારે સ્થાવર, જંગમ સર્વે જીવમાં રહીને સાદ કર્યો તો શુકજીએ સામો હુંકારો દીધો. ત્યારે પણ સ્થાવરજંગમ સર્વે સૃષ્ટિમા રહીને હુંકારો દીધો. એવી રીતે શુકજી જેવા મોટા સિદ્ધ હોય તે પણ સર્વ જગતમાં વ્યાપવાને સમર્થ થાય છે.

શુકદેવજીને સ્ત્રી-પુરુષનું જ્ઞાન ન હતું. બધામાં તેમને બ્રહ્મની મૂર્તિના દર્શન થતા. વ્યાસજી જયારે શુકજીને શોધવા વનમાં ગયા ત્યારે કેટલીક દેવાંગનાઓ

નિર્જન સરોવરમાં દિગંબર અવસ્થામાં સ્નાન કરતી હતી. વ્યાસજી ત્યાંથી નીકળ્યા ત્યારે સ્ત્રીઓએ તેમના વસ્ત્રો પહેરી લીધા. ત્યારે વ્યાસજીએ પૂછ્યું કે, હું તો વૃદ્ધ છું છતાં તમને મારાથી લજ્જા કેમ આવી ? જ્યારે શુક તો યુવાન છે. તેને જોઈને તમે વસ્ત્રો કેમ ન પહેર્યાં ? ત્યારે સ્ત્રીઓએ આ પ્રમાણે ઉત્તર આપ્યો કે શુકજીને સ્ત્રી-પુરુષનું જ્ઞાન નથી તેમને મન બંને સમાન છે. ત્યારે વ્યાસજીને પુત્ર ઉપર ખૂબ અહોભાવ થયો કે આ પૂર્ણ બ્રહ્મજ્ઞાની પુરુષ છે. (૨)

વચનામૃતમાં શ્રીહરિએ શુકદેવજીના ગુણોને અનેકવાર, અનેક સ્થળોએ યાદ કર્યા છે તે જોઈએ :

★ **ગઢડા પ્રથમ ૪૦ :**

જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તેને અશુભ વાસના ન હોય. પણ શુભ વાસના રહી હોય જે, હું નારદ સનકાદિક શુકજી જેવો થાઉં.

★ **પ્રથમ ૪૫ :**

કેટલાક જે નારદ શુક, સનકાદિક સરખા ભગવાનના ભક્ત છે તે તો ભગવાનનું સાકારપણાનું પ્રતિપાદન કરે છે.

એ વાતનું સમર્થન શ્રીહરિ **ગઢડા મધ્યના ૨૦માં** વચનામૃતમાં આપે છે કે,

'જ્યારે તપ ને નિવૃત્તિધર્મ ને વૈરાગ્ય તેણે યુક્ત યોગાભ્યાસ હોય તેને શુકજીના જેવી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે.'

કારિયાણી ૧૦ : વચનામૃત મુજબ :

ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી નારદ તે જેવા થાય.

★ **લોયા ૧૨ :**

શુકજીને પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો કે, ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો ?

★ **લોયા ૧૪ :**

શ્રીહરિ કહે છે, પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે ભક્તિ છે તથા શુકજી જેવો વૈરાગ્ય છે.

★ **પંચાળા ૪ :**

રામકૃષ્ણાદિક અવતાર તથા નારદ શુકાદિક સંત તેના દર્શને કરીને મનુષ્યને એમ નિશ્ચય થાય છે જે મારું કલ્યાણ નિશ્ચય થયું છે.

★ ગઢડા મધ્ય ૧૮ :

સાચા જ્ઞાની જે નારદ, સનકાદિક, શુકજી તે તો નિરંતર ભગવાનનું ધ્યાન નામ રટન અને કીર્તન તેને કરે છે.

★ અમદાવાદ ૧ :

...પણ પરમેશ્વરનો ભક્ત છે માટે કોઈ સિદ્ધિઓને ગ્રહણ કરતો નથી. કેવળ પરમેશ્વરનું જ ધ્યાન કરે છે. ત્યારે એ ધ્યાનનો કરનારો નારદ, સનકાદિક, શુકજીના સરખી સિદ્ધદશાને પામે છે.

★ ગઢડા અંત્ય : ૩

જીવાત્માને જ્ઞાન વૈરાગ્યે કરીને માયિક ઉપાધિનો સંગ ટળી જાય છે તો પણ સત્સંગનો પાશ લાગ્યો છે તે ટળતો નથી અને બ્રહ્મરૂપ થાય છે તો પણ નારદ, સનકાદિક ને શુકજીની પેઠે ભગવાન તથા ભક્તને વિષે અતિશય દયા અને પ્રીતિએ યુક્ત વર્તે છે.

★ ગઢડા અંત્ય ૩૯ :

ભગવાનની ચરણરજને તો બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, શુક, નારદ, સનકાદિક એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે.

★ પાદટીપ :

(૧) **प्रमुख ऋषि मुनि :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૧

(૨) **भक्त चरितांक :** કલ્યાણ પ્રકાશન, ગીતાપ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૧૫થી ૧૧૭.

●

૭૦. શૌનકાદિક ઋષિ અને સૂતપુરાણી

નૈમિષારણ્ય ક્ષેત્રમાં શૌનકાદિક ઋષિઓ બેઠા હતા. તે સમયે અચાનક સૂતપુત્ર ઉગ્રશ્રવા ત્યાં આવ્યા. તેમને ઋષિઓએ પ્રશ્ન પૂછ્યો. (૧) આ ઉગ્રશ્રવા પુરાણી હતા અને લોમહર્ષણ ઋષિના પુત્ર હતા. (૨) લોમહર્ષણ ઋષિ વ્યાસજીના શિષ્ય હતા. ભગવાન વ્યાસજી જ્યારે મહાભારત આદિ ગ્રંથ લખતા હતા. ત્યારે કથાવાર્તાની વિગતો એકઠી કરવામાં ઉગ્રશ્રવા પુરાણીની સલાહ સૂચન લીધેલ. (૩) ઉગ્રશ્રવાનું બીજું નામ સૌતિ પણ છે. આ ઋષિએ શૌનકાદિક ઋષિઓ સાથે બ્રહ્મ સંવાદ કરેલ. જે સંવાદ બ્રહ્મવૈવર્ત પુરાણોમાં સારભૂત છે. (૧)

સૂત પુરાણી એટલે બ્રાહ્મણ કન્યાને પેટે ક્ષત્રિય પિતાથી ઉત્પન્ન થયેલ પુત્ર. સામાન્ય રીતે દરેક પુરાણ, ભાગવત વગેરે ગ્રંથોની તેમના દ્વારા કથા થઈ છે. (૪)

અમરકોશમાં સૂતની વ્યાખ્યા આ રીતે આપી છે :

'બ્રાહ્મણ્યાં ક્ષત્રિયાત્ સુતઃ ।' એટલે કે બ્રાહ્મણીના પેટે ક્ષત્રિયથી થકી જન્મેલો સૂત. (૫)

શૌનક ઋષિ તે શુનકઋષિના પુત્ર હતા. (૬)

વચનામૃત ગઢડા મધ્યનું ૧૬મું :

શ્રીહરિ કહે છે કે, શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે શૌનકાદિક ઋષિએ સૂત પુરાણીને પૂછ્યું જે, ધર્મના બખ્તરરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અંતર્ધાન થયા પછી ધર્મ કેને શરણે રહ્યો ?

★ **પાદટીપ :**

(૧) **સંક્ષિપ્ત બ્રહ્મ વૈવર્ત પુરાણ :** બ્રહ્મ ખંડ, પાના નં. ૨૧, ગીતા પ્રેસ, ગોરખપુર.
(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૨, પાના નં. ૧૩૪૧
(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૪, પાના નં. ૭૮૪૬
(૪) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૮૮૬
(૫) **અમરકોશ (અમરસિંહ વિરચિત) અનુવાદક :** કે. કા. શાસ્ત્રી, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. વર્ષ-૧૯૪૮, પાના નં. ૩૧૬
(૬) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯ (શૌનક ઋષિ) પાના નં. ૮૪૧૧.

૭૧. સપ્તઋષિ

આ સપ્તઋષિઓ પરમ પવિત્ર અને દૈવી ઋષિઓ હતા. આ માનવસૃષ્ટિના ઉત્થાન અને સુખ માટે તેમણે દિવ્ય કાર્યો કરેલા છે. જે ઋષિઓ માનવોના મૂળ પુરુષો છે, જેમાંથી હિંદુ સંસ્કૃતિ અને કુળનો વિકાસ થયો છે. તેમની માનવજાતની વિશિષ્ટ સેવા બદલ આપણા આદ્ય ઋષિઓએ તેઓના નામ અમર કરવા માટે તેમને આકાશમાં તારા રૂપે ચિરંજીવી સ્થાન આપ્યું છે. આ ઋષિઓ તારાઓ રૂપે નિશ્ચિત સ્થાન ધરાવે છે. વળી તારાઓની ગતિ પ્રમાણે રાત કેટલી વીતી છે ? તથા કેટલા વાગ્યા હશે ? તેની પણ જાણકારી મળે છે.

જેમાં સાત તારાઓના સમૂહમાં જમણા અંગ ઉપર બીજો તારો વસિષ્ઠ છે. ડાબા અંગ ઉપરના બે તારામાં ઉપરનો પુલહ અને નીચેનો તેનાથી ઉત્તરે કેતુ છે. પહેલા બે તારા ક્રતુ અને પુલહની સીધી લીટીમાં હંમેશાં ધ્રુવનો તારો હોય છે. પુરાણના મુખ્ય સાત ઋષિઓને તેના પ્રદાન બદલ આકાશમાં સ્થાન આપી અમર બનાવેલ છે. (૧)

પુરાણમાં સાત ઋષિઓના નામ છે. જે ઋષિઓમાં મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠનો સમાવેશ થાય છે. (૨)

આ સર્વે ઋષિઓ જંગલમાં આશ્રમ કરીને રહેતા અને ગૃહસ્થાશ્રમી હતા અને પ્રવૃત્તિ માર્ગને અનુસર્યા હતા.

આ ઋષિઓ વિષે વધુ જાણીએ :

● **અત્રિ ઋષિ :** બ્રહ્મદેવે ચાલુ વૈવસ્વત મનવંતરમાં ફરી ઉત્પન્ન કરેલ પુત્રોમાંના એક ઋષિ છે. પૂર્વે જન્મેલા બધા માનસપુત્રો મહાદેવના શાપથી મરણ પામતા બ્રહ્મદેવે કરેલ યજ્ઞના શિખામાંથી એ ઉત્પન્ન થયેલા હતા. તેમને અનસુયા નામની સ્ત્રી હતી. એમને દત્ત, દુર્વાસા, સોમ નામે પુત્ર અને અમલા નામની બ્રહ્મનિષ્ઠ પુત્રી હતી. રામ વનવાસ દરમ્યાન અત્રિ ઋષિના આશ્રમમાં ગયા હતા.

સીતાજીને અનસુયાએ પતિવ્રતાના ધર્મનો ઉપદેશ આપ્યો હતો. (૨)

● **અંગિરસ** (અંગિરા) તેઓ બૃહસ્પતિના પિતા થાય છે. તેઓ દશ પ્રજાપતિમાં ગણાય છે. તેઓ અથર્વવેદના કર્તા ગણાય છે તેથી તેમને અથર્વા પણ કહે છે. (૩)

● **ક્રતુ ઋષિ :** તેઓ બ્રહ્માના કરમાંથી પ્રગટ્યા હતા અને વાલખિલ્ય નામના સાઠ હજાર પુત્ર હતા. (૪)

● **પુલહ ઋષિ :** તેઓ બ્રહ્માની નાભિમાંથી ઉત્પન્ન થયા હતા. ગતિ નામની કર્દમ કન્યા તેમનાં પત્ની હતા. તેમને કર્મશ્રેષ્ઠ, વરીયાન અને સહિષ્ણુ એમ ત્રણ પુત્રો હતા. તેમનો આશ્રમ હરિક્ષેત્રમાં છે. ત્યાં ભગવાન પોતાના ભક્તોને ઈચ્છાનુસાર દર્શન આપે છે. (૫)

● **પુલસ્ત્ય ઋષિ :** તેઓ બ્રહ્માના કર્ણમાંથી ઉત્પન્ન થયા છે. કર્દમ પ્રજાપતિની પુત્રી હરિર્ભૂવા તેમના પત્ની હતા. તેમને અગત્સ્ય અને વિશ્રવા એમ બે પુત્રો હતા. (૬)

મરીચિ અને વસિષ્ઠ ઋષિનું વૃત્તાંત પ્રસ્તુત ગ્રંથમાં આલેખાયેલું છે તે જોવું.

★ **વચનામૃત મધ્યનું ૧૪મું :**

...અને સપ્તઋષિ તથા જનકાદિક રાજા એ સર્વે પ્રવૃત્તિ માર્ગને વિષે પ્રવર્ત્યા પણ એ સર્વેને ભગવાનના નિશ્ચયે કરીને નિર્ગુણ જાણવા.

ભગવાનના નિશ્ચયે કરીને તેમને આ બ્રહ્માંડમાં અવિચળ પદ પ્રાપ્ત થયેલ છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૪૯૧
(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૪૮૯
(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૧, પાના નં. ૧૬૪
(૪) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૧, પાના નં. ૭૧૨
(૫) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૪૪૩
(૬) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૬, પાના નં. ૫૭૪૨
(૭) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૬, પાના નં. ૫૭૪૧
(૮) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૪૯૧

●

૭૨. શૃંગીઋષિ (એકલશૃંગી)

જનકરાજા જેવી સમજણનું, નિર્વિકારી રહ્યાના વડતાલના ૨૦મા વચનામૃતમાં શ્રીહરિના પ્રશ્નના જવાબમાં શુકમુનિએ ઉત્તર આપ્યો ત્યારે શ્રીહરિએ આશંકા કરી જે, શિવ, બ્રહ્મા, શૃંગીઋષિ, પરાશર, નારદ એમને શું નિર્વિકલ્પ સમાધિ નહોતી? જે કામે કરીને એ સર્વે વિક્ષેપને પામ્યા?

શૃંગી એટલે કે એકલ શૃંગીઋષિ વિષે જાણીએ :

એકવાર વિભાંડક ઋષિ એક કુંડમાં સમાધિ કરીને બેઠા હતા. તે સમયે સ્વર્ગની અપ્સરા ઉર્વશી ત્યાંથી પસાર થઈ. તેને જોતા મુનિ સ્ખલિત થયા. જળ પ્યાસી એક હરણીએ જળ સાથે એ વીર્યનું પણ પાન કર્યું. આમ એ મૃગલીથી શૃંગીઋષિનો જન્મ થયો. વાસ્તવમાં એ મૃગલી દેવકન્યા હતી અને બ્રહ્માજીના શાપથી તે મૃગલી બની હતી, પરંતુ જ્યારે તે મુનિપુત્રને જન્મ આપશે ત્યારે તે શાપથી મુક્ત થશે એમ બ્રહ્માજીએ આશ્વાસન આપેલ. માતાની દેનરૂપે તેમના મસ્તકે એક શીંગ હતું. તેથી તેમનું નામ ઋષ્યશૃંગ પડ્યું. તેઓ પોતાના પિતા સાથે સદા વનમાં જ રહેતા. નગરમાં આવતા નહિ. તેમણે સ્ત્રી-પુરુષ કે સંસાર જોયો ન હતો. (૧) તેઓ બ્રહ્મચારી જીવન જીવતા.

તે સમયે અંગદેશમાં દુષ્કાળ પડ્યો. રાજા લોમપાદે ચિંતિત થઈ બ્રાહ્મણોને વરસાદ થાય તેનો ઉપાય પૂછ્યો. ત્યારે બ્રાહ્મણોએ ઉપાય બતાવ્યો કે વનમાં રહેતા વિભાંડક ઋષિના પુત્ર ઋષ્યશૃંગને કોઈ પ્રકારે નગરમાં લાવો તો તેમના પુણ્યથી નગરમાં વરસાદ થાય અને તે મુનિના લગ્ન રાજાની કન્યા શાંતા સાથે કરાવો. (૧)

પણ, ઋષિને નગરમાં લાવવા કેમ? પિતા વિભાંડકને ખબર પડે તો તે શાપ આપે. આથી સૌ ચિંતા કરવા લાગ્યા. ત્યારે એક ચતુર સુંદર વેશ્યાએ આ બીડું ઝડપ્યું. તે વનમાં જઈ સુંદર આલાપ સાથે ગાયન ગાવા લાગી. તેનો મધુર અવાજ સાંભળી શૃંગીઋષિ એ બાજુ આવ્યા અને સ્વર અને સ્ત્રીનું અનુપમ સૌંદર્ય જોયું અને પૂછ્યું કે આપ કોણ છે? ઋષિને મન આ એક સરલ બાલક હતા. સ્ત્રી સુંદર હાવભાવ અને સુંદર હાસ્ય કરી તેની શિબિરમાં લઈ આવી. પૂર્વ આયોજન મુજબ ઋષિને સુંદર ફળો

અને તેનો રસ પાયો અને આલિંગન આપ્યું. જેથી ઋષિ તેના હાવભાવ અને ચેષ્ટાથી આકર્ષિત થયા. આથી તે સ્ત્રી ચતુરાઈપૂર્વક શૃંગીઋષિને છેતરીને તેમને નગરમાં લઈ આવી. જ્યાં ઋષિએ નગરમાં પગ મૂક્યો કે તરત જ દુષ્કાળગ્રસ્ત નગરમાં સુખદાયી વર્ષા શરૂ થઈ. રાજાએ ભાવપૂર્વક ઋષિનું સ્વાગત કરી આદર સત્કાર કર્યો. તેમનું પૂજન કર્યું અને વરદાન માગ્યું કે, આપ અમારા પર પ્રસન્ન રહો અમને શાપ ન આપશો. ત્યારબાદ રાજા ઋષિને પોતાના અંતઃપુરમાં લઈ ગયા અને પોતાની પુત્રી શાંતા સાથે ઋષિનો વિવાહ કર્યો. (૧)

આ બાજુ વિભાંડક ઋષિ ફળફુલ લઈને આશ્રમમાં આવ્યા તો તેમણે પુત્ર શૃંગીને ન જોતા ચારે બાજુ શોધવા લાગ્યા, પરંતુ પુત્ર ન મળતા તેઓ ક્રોધિત થયા. તેમને આશંકા થઈ કે આ આખું ષડ્યંત્ર રાજાએ ગોઠવ્યું લાગે છે. તેથી રાજાના નગરને બાળીને ભસ્મ કરવા ઋષિ ચંપાપુરી જવા નીકળ્યા. રસ્તામાં ભૂખ લાગતા તેઓ ગોવાળોના નેસમાં ગયા. ગોવાળોએ તેમનું સ્વાગત કરી સુંદર ભોજન કરાવ્યું. પછી ઋષિએ તેમને પૂછ્યું કે, તમે કોના સેવક છો તથા આવી ભવ્ય સંપત્તિના માલિક કોણ છે? ત્યારે ગોવાળોએ કહ્યું કે, આ બધો પ્રતાપ આપના પુત્રનો છે. આવા મધુર વચનો સાંભળી ઋષિ પ્રસન્ન થયા. આ રીતે દેશ-દેશમાં સત્કાર મેળવતા તેઓ ચંપાપુરી પહોંચ્યા તે દરમ્યાન તેમનો ક્રોધ શાંત થઈ ગયો. ત્યાં તેમણે સ્વર્ગ જેવી સુખ-સાહ્યબી ભોગવતા પોતાના પુત્રને જોયો અને સુંદર પુત્રવધૂ શાંતાને જોઈ. આથી તેઓ વિશેષ પ્રસન્ન થયા અને રાજાને કહ્યું કે, તે તમને પુત્રની પ્રાપ્તિ થાય એટલે શૃંગીને મારી પાસે પાછા વનમાં મોકલી આપજો એવું કહી વિભાંડક ઋષિ વનમાં ચાલ્યા ગયા. (૧)

★ શ્રીહરિએ વચનામૃતમાં એકલશૃંગી ઋષિનો ઉલ્લેખ કર્યો છે :

★ વડતાલનું ૨૦મું :

શુકમુનિના ઉત્તરમાં શ્રીહરિએ આશંકા કરી કે, શિવ, બ્રહ્મા, શૃંગીઋષિ, પરાશર, નારદ એમને શું નિર્વિકલ્પ સમાધિ નહોતી જે કામે કરીને એ સર્વે વિક્ષેપને પામ્યા?

આ ઋષિ નિર્વિકલ્પ સમાધિને પામેલ તેમ છતાં સંજોગો અનુસાર કામાદિક દોષે કરીને પડી ગયા.

★ પાદટીપ :

(૧) **સંક્ષિપ્ત મહાભારત :** ભાગ-૧, ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૨૪૪થી ૨૪૭.

૭૩. સાંદીપનિ ઋષિ

ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામના વિદ્યાગુરુ અને પ્રસિદ્ધ આચાર્ય તે સાંદીપનિ ઋષિ. જેઓ કાશ્ય ઋષિના પુત્ર હતા. અવંતી (ઉજ્જૈન) નગરીમાં રહેતા હતા. તેમની પાસે અનેક વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ માટે આવતા. રાજા અને રંક બંનેના પુત્રોને તેઓ સમાનભાવે ભણાવતા. શ્રીકૃષ્ણ અને બલરામજીના ઉપનયન સંસ્કાર થયા બાદ તેઓ ઋષિના આશ્રમમાં વેદાભ્યાસ માટે આવેલ. વેદ, વેદાંત અને ચોસઠ કળાઓ ચોસઠ દિવસમાં તેમણે શીખી લીધી. આશ્રમમાં ચાલતી તમામ સેવાઓ શ્રીકૃષ્ણ કરતા : પાણી ભરવું, ગાયો ચરાવવી, લાકડા કાપવા વગેરે સેવાઓ ખૂબ ઉત્સાહપૂર્વક કરતા. તે સમયે શ્રીકૃષ્ણ સાથે તેમનો સહપાઠી તરીકે એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર પણ ભણતો જેનું નામ સુદામા હતું. તે નિર્ધન હતા. શ્રીકૃષ્ણના તે પરમ સ્નેહી હતા. (૧)

★ **વડતાલના ૧૮માં વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, શ્રીકૃષ્ણ ભગવાને … કંસને માર્યો, યાદવને સુખિયા કર્યા તથા સાંદીપનિ બ્રાહ્મણને ઘેર વિદ્યા ભણ્યા…

વિદ્યાભ્યાસ પૂર્ણ થયા બાદ શ્રીકૃષ્ણએ ગુરુને પ્રાર્થના કરી કે, આપની ઈચ્છા હોય તે ગુરુદક્ષિણા માંગો. ગુરુએ શ્રીકૃષ્ણનો અદ્‌ભૂત મહિમા અને અલૌકિક બુદ્ધિનો અનુભવ કરી લીધો હતો. તેથી તેમણે પોતાના ધર્મપત્નીને પૂછીને દક્ષિણા માગી કે, પ્રભાસ ક્ષેત્રમાં અમારો પુત્ર સમુદ્રમાં ડૂબીને મરી ગયો હતો. તેને તમે જીવિત પાછો લાવી આપો. પછી શ્રીકૃષ્ણ અને બલરામ પ્રભાસ ક્ષેત્રમાં ગયા અને સમુદ્રને કહ્યું કે, અમારા ગુરુપુત્રને તમે સમુદ્રમાં ખેંચી ગયા છો તો તેને પાછો લાવી આપો. ત્યારે મનુષ્ય વેશધારી સમુદ્રએ કહ્યું કે, મેં બાળકને લીધો નથી. મારા જળમાં એક અસુર શંખના રૂપમાં રહે છે તેણે બાળકનું હરણ કર્યું હશે. (૨)

આથી શ્રીકૃષ્ણએ જલમાં પ્રવેશ કરી શંખાસુરને મારી નાખ્યો પણ બાળક તેના ઉદરમાં ન હતો. ત્યારબાદ અસુરના શરીરરૂપી શંખને લઈ શ્રીકૃષ્ણ યમરાજની નગરી સંયમનીમાં જઈ શંખનાદ કર્યો. યમરાજા આવતા શ્રીકૃષ્ણએ તેને આદેશ કર્યો કે, અહીં મારા ગુરુપુત્રને લાવવામાં આવ્યો છે તો તેના કર્મો ઉપર ધ્યાન ન આપી તેને મારી પાસે લઈ આવો. પછી યમરાજાએ ગુરુપુત્રને લાવી આપ્યો અને પ્રભુ તે બાળકને લઈ ઉજ્જૈની આવ્યા અને ગુરુને તેમનો પુત્ર સોંપ્યો. પુત્ર પાછો મળતા ઋષિ ખૂબ આનંદિત થયા અને શ્રીકૃષ્ણ-બલરામને ખૂબ આશીર્વાદ આપ્યા. (૨)

આ બાબત **વચનામૃત ગઢડા પ્રથમના ૨૯**માં કહેલ છે :

...અને જેમ સાંદીપનિ નામે બ્રાહ્મણ તેનો પુત્ર તે નરકથી મૂકાયો.

ઉજ્જૈન-અવંતિકામાં સાંદીપની મુનિનો આશ્રમ હતો. ત્યાં હાલ એક મંદિર છે, તેમાં ગુરુની આરસની પ્રતિમા રાખેલી છે. (૧)

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૬, પાના નં. ૮૭૬૬

(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** સ્કંધ-૧૦, અધ્યાય-૪૫, ગીતા પ્રેસ, ગોરખપુર.

●

૭૪. સૌભરી ઋષિ

સૌભરિ ઋષિ વિષે જાણીએ :

એ નામના એક બ્રહ્મર્ષિ હતા. તેમણે ગરૂડને શાપ દઈને યમુનાના ધરામાં આવવાની મનાઈ કરી હતી. ઋષિએ પાણીમાં બેસીને ૬૦,૦૦૦ વર્ષ સુધી તપ કર્યું, પણ જળમાં માછલાનું મૈથુન જોઈને તેને પરણવાની ઈચ્છા થઈ. તેથી માંધાતા રાજા પાસે જઈ કન્યાની યાચના કરી. પણ ઋષિ વૃદ્ધ અને કદરૂપા હોવાથી રાજાએ કહ્યું કે, તમે મારા અંતઃપુરમાં જાઓ. તમારી સાથે કોને પરણવાની ઈચ્છા છે તે જુઓ. પછી સૌભરીએ પોતાના તપોબળ વડે પોતાનો દિવ્ય અને તરૂણ દેહ ધારણ કર્યો. આ જોઈને માંધાતાની ૫૦ કન્યાઓ ઋષિના રૂપ જોઈને મોહ પામી અને તેની સાથે પરણી. પછી તેઓ બધી કન્યાઓ સાથે આશ્રમે આવ્યા. ત્યાં વિશ્વકર્માને બોલાવી પચાશે કન્યા માટે અલગ-અલગ મહેલ બંધાવ્યા. દૈવી શક્તિ વડે તેઓ કાયમ બધી સાથે રહી શકતા. આનાથી તેમને ૧૫૦ પુત્રો થયા. (૧)

આ રીતે હજારો વર્ષ વીતી ગયા. એકવાર સંધ્યાનો સૂરજ જોતા તેમને પોતાની ઋષિ કાળની સ્મૃતિ થઈ અને કહ્યું કે મને તરભાણુ, ફૂલ, ચંદન વગેરે આપો મારે સંધ્યા કરવી છે. ત્યારે તેની પત્ની બોલી કે તમે આ બધું હજારો વર્ષથી કર્યું નથી. આજે કેમ સંધ્યા કરવી છે ? આ સાંભળી તેમને થયું કે મેં મોહના કારણે આટલા હજાર વર્ષોનું તપ ગુમાવ્યું અને સંસાર ઊભો કરવા માટે પણ આટલું તપ અને સમય ગુમાવ્યો. આમ વિચાર થવાથી ફરીથી તેને વૈરાગ્ય થયો અને ફરી ઋષિ બન્યા. (૨)

એકવાર સૌભરી ઋષિ સ્વસ્થ ચિત્તે બેઠા હતા તો તેમને પોતાના પૂર્વજીવનની ઝાંખી થઈ અને પસ્તાવો થયો કે હું શું હતો ? માછલાનું મૈથુન જોઈને પરણ્યો. મારું બ્રહ્મ તેજ ખોયું. આવા વિચારથી તેમનો વૈરાગ્ય ફરી ઉદય થયો અને ત્યાગમાર્ગે જવા નીકળ્યા. તેમની પચાશ પત્નીઓને ઋષિમાં આસક્તિ હતી

તેથી તેઓ હેતે કરીને તેમની સાથે વનમાં ગઈ. વનમાં ઋષિએ ઘોર તપ કર્યું અને આહ્‌વનીય વગેરે અગ્નિઓની સાથે પોતાની જાતને પરમાત્મામાં લીન કરી દીધી. પચાસ પત્નીઓએ જ્યારે પતિની આવી આધ્યાત્મિક ગતિ જોઈ ત્યારે તેમના પ્રભાવથી તેમની પત્નીઓ પણ સતિ થઈને તેમનામાં જ લીન થઈ ગઈ અને ઋષિની ગતિને પ્રાપ્ત કરી લીધી. (૨) ઋષિના જેવું કલ્યાણ થયું.

'તેનો આશ્રમ નર્મદા તીરે હતો. યુધિષ્ઠિર રાજાએ અશ્વમેઘ યજ્ઞ કર્યો તે વખતે અશ્વરક્ષા માટે ફરતા ફરતા અર્જુન આ આશ્રમે આવ્યા હતા. તે વખતે તેણે ઋષિના દર્શન કર્યા. (૧)

શ્રીહરિએ ગઢડા પ્રથમના ૭૫મા વચનામૃતમાં ઋષિનો ઉલ્લેખ કર્યો છેઃ

...અને માંધાતા રાજાના દીકરીઓ પચાશ તે ઋષિનું રૂપ જોઈને વરીઓ. તેને કામનાએ કરીને ઋષિને વિષે હેત હતું તો સર્વેનું કલ્યાણ ઋષિના જેવું થયું.

ઋષિનો સંગ થયો અને તેમના વિષે હેત થયું તે પચાસે કન્યાનું કલ્યાણ ઋષિના જેવું થયું. માટે સારાનો સંગ રાખવો.

★ **પાદટીપ :**

(૧) **સૌભરી ઋષિ :** ભગવત્ ગો. મંડળ ભાગ : ૯ પાના નં. ૮૯૫૩

(૨) **શ્રીમદ્ ભાગવત :** નવમો સ્કંધ, અધ્યાય-૬, ૨૭થી ૫૫ ગીતા પ્રેસ, ગોરખપુર

●

૭૫. રામાનુજાચાર્ય

રામના અનૂજ એટલે લક્ષ્મણ. એટલે રામાનુજાચાર્ય લક્ષ્મણજતિનો અને શેષનારાયણનો અવતાર ગણાતા.

શ્રીહરિ સાકાર મતને માન્યતા આપે છે.

સ્વામિનારાયણ સંપ્રદાય તે ઉદ્ધવ સંપ્રદાય ગણાય છે. શ્રીહરિના ગુરુ રામાનંદ સ્વામીને રામાનુજાચાર્યે સ્વપ્નમાં દીક્ષા આપેલ. રામાનુજાચાર્યનો મત વિશિષ્ટાદ્વૈત છે. તેઓનો જન્મ ઈ.સ. ૧૦૧૭માં મદ્રાસ નજીક પેરુલુદરમાં થયેલો.

રામાનુચાર્યજીના પિતાનું નામ કેશવ ભટ્ટ હતું. તેમની માતાનું નામ કાંતામતિ હતું. તેમનો જન્મ ભુતપુરીમાં ચૈત્ર સુદ-પાંચમને ગુરુવારના દિવસે થયો હતો. (A)

તે દક્ષિણમાં તેરૂકુંદુર ક્ષેત્રમાં રહેતા હતા. તેઓ નાના હતા ત્યારે તેમના પિતા દેવલોક પામ્યા. તેમણે કાંચીમાં યાદવ પ્રકાશ નામના ગુરુ પાસે વેદાભ્યાસ કર્યો. તેમની બુદ્ધિ એટલી બધી કુશાગ્ર હતી કે તે પોતાના ગુરુએ કરેલી વ્યાખ્યામાં પણ તેઓ ભૂલ બતાવતા. પરંતુ ગુરુ તેમના પર રાજી થવાને બદલે તેમની ઈર્ષા કરવા લાગ્યા અને તેને મારી નાખવાનું કાવતરું કર્યું, પણ ભગવાનની કૃપાથી એક શિકારી વ્યક્તિ અને તેની પત્નીએ તેમની રક્ષા કરી. (૧)

પોતે ખૂબ વિદ્વાન, ધૈર્યવાન, ચરિત્ર બળવાળા અને ભક્તિમાં અદ્વિતીય હતા. તેમણે અનેક યોગસિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તેઓ યામુનાચાર્યની શિષ્ય પરંપરામાં હતા, જ્યારે યામુનાચાર્યનું મૃત્યુ નજીક હતું ત્યારે તેઓ તેને મળવા ગયા, પરંતુ તે પહોંચે તે પહેલા ગુરુજી દેવ થઈ ગયા. ત્યાં પહોંચીને જોયું કે, ગુરુજીની ત્રણ આંગળીઓ વળેલી હતી. આથી તેમણે સમજી લીધું કે ગુરુ આ આંગળીની મુદ્રાના સંકેત દ્વારા મને બ્રહ્મસૂત્ર, વિષ્ણુ સહસ્રનામ અને દિવ્ય પ્રબંધમ્‌ની ટીકારૂપ ભાષ્ય કરવાનો આદેશ આપે છે. (૧)

પોતે ગૃહસ્થ હતા પરંતુ આ આશ્રમમાં રહીને આ ગ્રંથોની રચના કરવાનું અશક્ય લાગતા, તેઓએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી શ્રીરંગમાં જઈને યતિરાજ નામના સન્યાસી પાસે સન્યાસીની દીક્ષા લીધી અને ૐ *નમો નારાયણાય.* એ મંત્ર

ગ્રહણ કર્યો. ગુરુએ મંત્રદાન કરતી વખતે કહેલ કે આ મંત્ર ગુપ્ત રાખશો પરંતુ રામાનુજાચાર્યે એક મંદિરના શિખર પર ચડી આ મંત્રનો ઘોષ હજારો લોકો પાસે કરી દીધો. ત્યારે ગુરુ તેમના ઉપર ખૂબ ગુસ્સે થયા ને કહેવા લાગ્યા કે આ મંત્રને ગુપ્ત રાખવાનો હોય છતાં તમે તે બધાને કહી દીધો માટે આ અપરાધ બદલ તમારે નરક યાતના ભોગવવી પડશે. ત્યારે રામાનુજે વિનયપૂર્વક કહ્યું કે, આ મંત્ર જપથી હજારો માણસો નરકયાતનાથી બચી શકતા હોય તો મને નરકયાતના મંજૂર છે. રામાનુજના આવા પરોપકારજન્ય જવાબથી ગુરુ તેમના પર પ્રસન્ન થયા ને તેમને ભેટી પડ્યા. (૧)

ત્યારબાદ રામાનુજે ગુરુની ઈચ્છા અનુસાર ત્રણેય શાસ્ત્રોની રચના કરી. એ સમયે રામાનુજ મૈસુર રાજ્યના શાલગ્રામ સ્થાનમાં રહેતા હતા. ત્યાંના રાજા ભિટ્ટિદેવ વૈષ્ણવ ધર્મના ખૂબ અનુયાયી હતા. ત્યાં રામાનુજે બાર વર્ષ સુધી રહી વૈષ્ણવ ધર્મની ખૂબ સેવા કરી. (૧)

તેમણે તિરૂપતિના મંદિરમાં ભગવાન ગોવિંદરાજ પેરૂમલની પુનઃ સ્થાપના કરી મંદિરનું પુનઃનિર્માણ કર્યું. તેમણે ભારતભરમાં ભ્રમણ કરી હજારો નર-નારીઓને ભક્તિમાર્ગમાં જોડ્યા. તેમના ૭૪ જેટલા શિષ્યો હતા. તેમણે કુરતાલવારના પુત્ર મહાત્મા પિલ્લોકાચાર્યને પોતાના ઉત્તરાધિકારી બનાવીને ૧૨૦ વર્ષની ઉંમરે પ્રભુધામમાં સીધાવ્યા. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં રામાનુજાચાર્યનો ઉલ્લેખ કર્યો છે :

★ વચનામૃત લોયાનું ૧૪મું :

(૧) .... તથા રામાનુજનો એમ મત છે જે, જીવ, માયા અને પુરુષોત્તમ એ ત્રણે નિત્ય છે ને પુરુષોત્તમ છે તે જીવ માયાના નિયંતા છે. ...એવી રામાનુજની સમજણ છે.

(૨) ...અમારો અભિપ્રાય તે કહીએ જે, જેવી રીતે શંકર સ્વામીએ અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કર્યું તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે.

★ પાદટીપ :

(A) **પ્રસન્નામૃતે**. આચાર્ય રામનારાયણકૃત, સોમાની ટ્રસ્ટ, વારાણસી, વિ.સં. ૨૦૨૩, શ્લોક નં. ૨૧થી ૨૮

(૧) **भक्तचरितांक :** કલ્યાણ, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૩૫૫થી ૩૫૭.

૭૬. શંકરાચાર્યજી

વિધિનિષેધના ગઢડા પ્રથમના ૪૨માં વચનામૃતમાં વેદાંત શાસ્ત્રના અનુસંધાને શ્રીહરિ શ્રી શંકરાચાર્યજીને યાદ કરી તેના મત વિષે વાતો કરે છે.

શંકરાચાર્યજી વિષે જોઈએ :

તેઓ અદ્વૈત મતના પ્રવર્તક અને એ નામના પ્રસિદ્ધ શૈવ આચાર્ય હતા. તેઓ જગદ્‌ગુરુ શંકરાચાર્ય તરીકે પ્રસિદ્ધ છે. પોતે શંકરના અંશરૂપે મનુષ્ય દેહ ધારણ કર્યો હતો. **શમ્ભોમૂર્તિ ચરતિ ભુવને શઙ્કરાચાર્યરુપાઃ ।** ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીથી નવમી સદી વચ્ચે એમનો જન્મ થયાનું મનાય છે. કેરલમાં કાલડી ગામમાં વૈશાખ સુદ પંચમીના દિવસે શિવગુરુ નામના બ્રાહ્મણને ત્યાં સુભદ્રાદેવીની કૂખે તેમનો જન્મ થયો. શિવગુરુ વૃદ્ધ થયા છતાં સંતાન સુખ ન મળ્યું. તેથી મહાદેવની દુષ્કર આરાધના બાદ શંકરે તેને ત્યાં જન્મ લેવાનું વરદાન આપ્યું. એક વર્ષની વયમાં બાળશંકરે અદ્વિતીય ભાવ પ્રગટ કર્યો અને બે વર્ષની ઉંમરે પુરાણાદિક કથાશ્રવણ કરી બધુ કંઠસ્થ કરી લીધું. સાત વર્ષની ઉંમરે વેદ, વેદાંત અને વેદાંગોનું પૂર્ણ અધ્યયન કરી લીધું. આ પછી તેમને સન્યાસ લેવો હતો પણ માતુશ્રીએ મોહવશ થઈ ના પાડી. તેથી શંકરે તે વિચાર ત્યજી દીધો. (૧)

એવામાં એકવાર નદીમાં સ્નાન કરતા શંકરનો પગ મગરે પકડી લીધો. માતા ગભરાઈ ગઈ. તે સમયે બાળકે કહ્યું, તું મને સન્યાસ લેવાની હા પાડે તો મગર પગ મૂકી દેશે. માએ સંમતિ આપતાવેંત જ મગરે બાળકનો પગ છોડી દીધો. ઘર ત્યાગ કરતા શંકરે માતાને વચન આપ્યું કે, તારી સંસાર વિદાય વેળાએ હું ગમે ત્યાંથી હાજર થઈ જઈશ. (૧)

નર્મદા તીરે ગોવિંદ ભગવત્પાદની પાસે દીક્ષા ગ્રહણ કરી ભગવત પૂજ્ય પાદાચાર્ય નામ ધારણ કર્યું અને અલ્પકાળમાં યોગસિદ્ધ થયા. ગુરુએ તેમને કાશી જઈ વેદાંતસૂત્રનું ભાષ્ય લખવાની આજ્ઞા આપતા તેઓ કાશી ગયા. ત્યાં ભગવાન વિશ્વનાથે તેમને ચાંડાલરૂપે દર્શન આપી બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખવાનો આદેશ

આપ્યો. વેદાંતસૂત્રનું ભાષ્ય પૂરું થયા બાદ એક દિવસ એક બ્રાહ્મણે ગંગાતટે એક સૂત્રનો અર્થ પૂછ્યો અને તેમણે બ્રાહ્મણ સાથે આઠ દિવસ સુધી શાસ્ત્રાર્થ કર્યો. પછી તેમને સમજાયું કે સ્વયં વેદવ્યાસજી હતા. આથી તેમણે ક્ષમાયાચના કરી પ્રણામ કરતા વ્યાસજીએ શંકરને અદ્વૈતવાદનો પ્રચાર કરવાની આજ્ઞા આપી અને વિધાતાએ નિર્માણ કરેલું સોળ વર્ષનું આયુષ્ય વધીને "બત્રીશ વર્ષનું થાઓ." તેવું વરદાન આપ્યું. આમ, તેમની આવરદા ૧૬ને બદલે ૩૨ વર્ષની થઈ. તેમણે કાશી, કુરુક્ષેત્ર, બદ્રિનારાયણ આદિ ધામોની યાત્રા કરી. તેમણે વિવિધ મતવાદીઓનો પરાજય કરી દિગ્વિજય કર્યો. બાદમાં માહિષ્મતી નગરમાં મંડનમિશ્ર સાથે શાસ્ત્રાર્થ કર્યો. અંતે મંડનમિશ્રએ તેમનું શરણ સ્વીકાર્યું અને તેના શિષ્ય થયા. (૧)

તેમણે પોતાની ઉત્તરાવસ્થામાં ચાર મુખ્ય મઠોની સ્થાપના કરી. ઉપનિષદ્ સિદ્ધાંતની શિક્ષા દીક્ષાનો પ્રારંભ કર્યો. એ વખતે જૈન અને બૌદ્ધ ધર્મનું પ્રાબલ્ય વધતું જતું હતું. યજ્ઞ, હવન વગેરે કર્મકાંડ બંધ હતા. આવા વિપરીત વાયુમંડળ વચ્ચે તેમણે ફરીથી બ્રહ્મત્વ જગાડ્યું અને વેદ ધર્મપ્રચારને ચરમ શિખરે આસનસ્થ કર્યો. (૧)

શક્તિમતનું ખંડન કરવા તેઓ કાશ્મીર ગયા. પણ ત્યાં તેમને સખત ઝાડા થઈ જતાં બિલકુલ નિર્બળ અવસ્થામાં આવી ગયા. પેટમાં દાહ થતો હતો તે સમયે એક ૧૬ વર્ષની ગોવાલણ માથા ઉપર દહીંની મટકી લઈને જતી હતી. શંકરે તેને બોલાવી. કન્યા કહે, 'દંડી તું અહીં આવીશ તો તને દહીં આપીશ. 'મારામાં ઉઠવાની શક્તિ નથી હું કઈ રીતે આવું ?' આવું શંકરે કહેતા ગોવાલણે ફરી કહ્યું, જો તારામાં શક્તિ નથી તો તું શક્તિમતનું ખંડન કરવા શા માટે નીકળ્યો છે ? આ સમયે શંકરાચાર્યના જ્ઞાનચક્ષુ ખૂલ્લી ગયા. ત્યારથી શિવ અને શક્તિમાં અભેદ ભાવના જોઈ ક્ષમાયાચના કરતું પ્રથમ સ્તોત્ર :

न मंत्रम्, नो यन्त्रम् । व्यापराध क्षमापन स्तोत्रम् રચ્યું. પછી તેમણે અનેક શક્તિ સ્તોત્રો રચ્યા. તેમણે અનેક મંદિરો સ્થાપ્યા. લોકોને સન્માર્ગે પ્રેરી નાસ્તિક મતનું ખંડન કર્યું. (૧)

ઉપયોગી મતમતાંતરોનો તેમણે યથાસ્થાને સ્વીકાર કરી પ્રતિપાદન કર્યું કે, અશુદ્ધ બુદ્ધિ અને મનના નિશ્ચય કે સંકલ્પ ભ્રમાત્મક જ હોય છે. તેથી સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું એ જ કલ્યાણ છે. એ માટે ધર્મોક્ત કર્મ, ભક્તિ અથવા જ્ઞાન માર્ગે

અંતઃકરણ શુદ્ધ કરી ઈષ્ટદેવની આરાધના કરવી એવો તેમનો મત થયો.. ભારતના બધા ધર્મો ઉપર તેમના સિદ્ધાંતોની છાપ પડેલી છે. (૧)

૩૨ વર્ષની ઉંમર મુજબ માતાના અંતસમયે માતાને આપેલ વચન મુજબ પ્રત્યક્ષ હાજર થયા હતા.

એમના હજારો શિષ્યો પૈકી અમુક શિષ્યો મુખ્ય હતા. જેઓના નામ પદ્મપાદ, હસ્તામલક, ઉદંક, સુરેશ્વર, સનંદન, ચિત્સુખ, ત્રોટક હતા. જેઓ બધા દેવતાઓના અવતાર હતા.

તેમણે અદ્વૈત મતનો પ્રચાર કર્યો. અનેક ધર્મના મહંતો મઠાધિપતિઓના વાદને શાસ્ત્રાર્થ કરી જીતી લીધા. પોતાના અદ્વૈત મતનો ઉપદેશ આપવા ભારતભરમાં મઠો સ્થાપ્યા અને તેમાં પોતાના મુખ્ય મુખ્ય શિષ્યોને રાખ્યા. આ મઠોમાં દ્વારકામાં શારદા મઠ, જગન્નાથ પુરીમાં ગોવર્ધન મઠ, બદ્રિકેદારમાં જોશી મઠ, શૃંગેરીમાં શૃંગેરી મઠ, કાશીમાં સુમેરૂ મઠ, પરમાત્મા મઠ, સહસ્ત્રાસ્ક મઠ વગેરેની સ્થાપના કરી. (૨)

તેમણે ચમત્કારિક કાર્યો પણ ઘણાં કરેલા છે.

શંકરાચાર્યજી ભલે અદ્વૈત મતના પ્રવર્તક હતા તેમ છતાં તેઓ ભક્તિમાર્ગને પણ અનુસર્યા છે. ભગવદ્ ઉપાસના નીકળી જાય તો બહુ ખોટું થાય. તેથી તેમણે પંચદેવની પૂજા કર્યા વગર અન્નજળ ન લેવું એમ કહી સૂર્ય, ગણેશ, શિવ, પાર્વતી અને વિષ્ણુ એ પાંચ દેવનું સ્થાપન કર્યું. તેમના સ્તોત્રો કર્યા અને ગાયા. બદ્રીનાથથી તિબેટ તરફ જવાના રસ્તા ઉપર આવેલા મંદિરોમાં નરનારાયણ દેવની મૂર્તિઓ બૌદ્ધ ધર્મીઓએ પૂર્વે ઉખાડીને ફેંકી દીધેલ. પરંતુ શંકરાચાર્યજી બદ્રિનારાયણમાં આવ્યા અને તેમણે બૌદ્ધ ધર્મની મૂર્તિઓને બદલીને ફરી નરનારાયણ દેવની મૂર્તિઓ પ્રસ્થાપિત કરી. જો તેઓ નામરૂપને મિથ્યા માનતા હોય તો આવી મૂર્તિઓ શા માટે પધરાવે ? શિવાદિક દેવતાઓની ઉપાસના જળવાય તે માટે ભારતવર્ષમાં મઠોની સ્થાપના કરી. રામેશ્વરમાં સ્ફટિક લિંગ પધરાવ્યું. દશ-ઉપનિષદોને પ્રકાશમાં લાવ્યા. મહાભારત ગ્રંથમાંથી ભગવદ્ ગીતા અને વિષ્ણુસહસ્ત્રનામ જુદા તારવી જગત આગળ મૂક્યા અને પોતાના શિષ્યોને આનું નિત્ય પઠન કરવાની સૂચના આપી. (૪)

એકવાર કાશીની બજારમાંથી પસાર થતા એક વૃદ્ધને તેમણે સંસ્કૃતના વ્યાકરણનું એક સૂત્ર જે *डुकृञ् करणे डुकृञ् करणे* ગોખતો જોયો. તેમને થયું કે,

આ વૃદ્ધ સંસ્કૃત શીખવામાં પડ્યો છે તો ભગવાન નામ સ્મરણ ક્યારે કરશે ? આ વૃદ્ધ મિથ્યા સમય પસાર કરે છે તેથી તેમના પર દયા આવી અને ઉપદેશ આપ્યો :

'भज गोविंदम्, भज गोविंदम् गोविंदम् भज मूढमते, प्राप्ते सन्निहिते मरणे न हि न हि रक्षति डुकृञ् करणे.'

એટલે કે હે મૂઢ, તારી અવસ્થા થઈ ગઈ છે. મૃત્યુના દ્વારે તું ઊભો છે. ત્યારે ડુકૃઞ્ કરણે શીખે છે તે તારા મોત સામે રક્ષણ નહિ કરે, માટે તું ગોવિંદને ભજ. તને તે મદદ કરશે.

આ સ્તોત્ર ખૂબ પ્રખ્યાત છે. પોતાના સન્યાસીઓને અને લોકોને આ પ્રકારનો ઉપદેશ આપ્યો. (૪)

શ્રીહરિએ વચનામૃતમાં શંકરાચાર્યજીને અનેક જગ્યાએ યાદ કર્યા છે :

★ ગઢડા પ્રથમના ૪૨માં વચનામૃતમાં :

સભાને વિષે વેદાંતી બ્રાહ્મણો આવીને બેઠા હતા... સર્વ વેદાંતીના આચાર્ય શંકરાચાર્ય તેણે તો પોતાના શિષ્યોને દંડ, કમંડળુ ધારણ કરાવ્યા.

... અને શંકરાચાર્યે તો જીવના હૈયામાં નાસ્તિકપણું આવી જાય તેની બીકે કરીને ભજ ગોવિંદમ્... ભજ મૂઢમતે કહ્યું. એ આદિક ઘણાંક વિષ્ણુના સ્તોત્ર કર્યા છે.

★ પંચાળાના ચોથા વચનામૃતમાં :

જેમ શંકરાચાર્યે શૃંગારરસની વાર્તા જાણ્યાને અર્થે રાજાના દેહમાં પ્રવેશ કર્યો.

શંકરાચાર્યે શૃંગારરસની વાર્તા જાણવા રાજાના દેહમાં શું કામ પ્રવેશ કર્યો ? વગેરે વાત જાણીએ :

મતપંથીઓનો પરાજય કરી વૈદિક ધર્મના રક્ષણ માટે શંકરાચાર્યજી પુરા ભારતવર્ષમાં ફર્યા અને મતપંથીઓને હરાવ્યા. આ રીતે દિગ્વિજય કરતાં કરતાં તે સમયના પ્રતિપક્ષી વિદ્વાન પંડિત મંડનમિશ્ર સાથે શાસ્ત્રાર્થ થયો. જેમાં મિશ્રજીની પત્ની ભારતી પણ પરમ વિદૂષી હતી તે મધ્યસ્થી તરીકે રહી. શાસ્ત્રાર્થ ચર્ચામાં શંકરાચાર્યે મંડનમિશ્રને હરાવ્યા ત્યારે તેની પત્ની બોલી કે હું તેમનું અર્ધું અંગ કહેવાઉં માટે તમારે મને પણ હરાવવી પડે તો તમે જીત્યા કહેવાઓ. પછી શંકરાચાર્યે તેની સાથે શાસ્ત્રાર્થ કરવા લાગ્યા ત્યારે ભારતીએ તેમને રતિશાસ્ત્ર સંબંધી પ્રશ્ન પૂછ્યો. શંકરાચાર્ય તો બાળબ્રહ્મચારી સંત હતા તેથી આ પ્રશ્નનો ઉત્તર આપી

શક્યા નહિ તેથી તેમણે જવાબ આપવા માટે ૬ માસની મુદત માગી અને પોતાના મુખ્ય શિષ્યોને સાથે લઈ તેઓ ઉત્તરાખંડમાં ગયા અને કહ્યું કે, હું આ શરીરને છોડીને જાઉં છું. તેનું તેલમાં રાખીને રક્ષણ કરજો. પછી પોતે અમુરૂક રાજા જે મરણ પામ્યો હતો. તેના શરીરને હજી અગ્નિદાહ દીધો ન હતો. ત્યાં ગયા અને રાજાના શરીરમાં પ્રવેશ કર્યો. આથી રાજા જીવિત થયા. સૌ પ્રજાજનો આનંદિત થયા. રાજાએ ત્યાં રહી કામશાસ્ત્રનું અધ્યયન કર્યું. રાણી દ્વારા કામશાસ્ત્રનો અનુભવ કર્યો. રાજાના દેહમાં રહેલા શંકરાચાર્યને રાજ્યના કારભાર અંગેની વ્યવહારિકતાનો ખ્યાલ ન હતો. વળી રાજાનું તેજ અગાઉ કરતા વિશેષ જણાયું. આ વાત રાણીના જાણમાં આવી. તે ખૂબ ચતુર હતી. તેને લાગ્યું કે રાજાના દેહમાં કોઈ તપસ્વી યોગીના આત્માએ પ્રવેશ કર્યો લાગે છે. આથી રાણીને લાલચ જાગી કે આ રાજાના દેહમાં યોગીનો આત્મા કાયમ રહે તો સારું. આથી જો યોગીનો દેહ શોધીને તેનો નાશ કરાય તો રાજાના દેહમાં યોગીનો આત્મા કાયમ રહી શકે. શંકરાચાર્યજીના મનમાં આ વાત આવી. પોતે રાજાના દેહમાં રહી કામશાસ્ત્ર અંગેનું સંપૂર્ણ જ્ઞાન મેળવી લીધું હતું. પછી તેમણે પોતાના મૂળ દેહમાં પ્રવેશ કર્યો અને તેમણે ફરીવાર મંડનમિશ્રની પત્ની સાથે શાસ્ત્રાર્થ કરી તેના મતનું ખંડન કર્યું અને બંનેને પોતાના શિષ્ય બનાવ્યા. (૩)

★ **વચનામૃત વડતાલ : ૧૮**

...અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય.

★ **પાદટીપ :**

(૧) **ભ.ગો. મંડળ :** ભાગ-૯ પાના નં. ૮૨૮૭થી ૮૨૮૯

(૨) **બહુરત્ના વસુંધરા :** હરિપ્રકાશદાસજી સ્વામી, સુરત. કુબેરનગર પ્રકાશક : સ્વામિનારાયણ આશ્રમ - ઋષિકેશ પાના નં. ૨૯૧

(૩) **નાભાજી કૃત : ભક્તમાલ** - પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ વર્ષ : ૧૯૯૮, પાના નં. ૩૫૨થી ૩૫૭

(૪) **ભજગોવિંદમ્**, ભાગ-૧ પુ. હરિસ્વરૂપ સ્વામી, અમદાવાદ ગુરુકુલ. - પાના નં. ૧૩ થી ૧૫

●

૭૭. નિમ્બાર્કાચાર્ય

નિમ્બાર્કાચાર્ય વિષે જાણીએ :

વૈષ્ણવોના પ્રમુખ ચાર સંપ્રદાયમાં એક દ્વૈતાદ્વૈત જે નિમ્બાર્ક સંપ્રદાય છે. નિમ્બાર્કજીએ પરંપરા પ્રાપ્ત કરેલા આ મતને પોતાની પ્રતિભાથી ઉજ્જવળ અને લોકપ્રચલિત કર્યો તેથી આ સંપ્રદાય તેમના નામથી ઓળખાય છે. (૧)

બ્રહ્મ સર્વશક્તિમાન છે અને તેમનો સગુણભાવ જ મુખ્ય છે. આ જગતમાં તેઓ પ્રગટ થવા છતાં નિર્વિકાર છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તેમનાથી થાય છે. જીવ અણુ છે અને બ્રહ્મનો અંશ છે. જીવની મુક્તિનું સાધન ભક્તિ જ છે. ભક્તિથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. (૧)

ટૂંકમાં કહીએ તો ભગવાન નારાયણે હંસ સ્વરૂપથી બ્રહ્માના પુત્રો સનતકુમારોને આ ઉપદેશ આપ્યો. તેમણે આ ઉપદેશ નારદજીને આપ્યો અને નારદજીએ આ ઉપદેશ નિમ્બાર્કજીને આપ્યો. આમ, નારદજીએ નિમ્બાર્કજીને ગોપાલમંત્રની દીક્ષા આપી. (૧)

વિદ્વાનોનો એવો મત છે કે વિક્રમની પાંચમી સદીમાં નિમ્બાર્કજીનો જન્મ થયો. દક્ષિણ ભારતમાં વૈદૂર્યપત્તન નામનું પવિત્ર તીર્થ છે. તેને દક્ષિણકાશી પણ કહે છે. આ સ્થાન એકનાથજીની જન્મભૂમિ છે. અહીં અરૂણમુનિનો આશ્રમ હતો. અરૂણમુનિના પત્ની જયંતી દેવીના ખોળામાં આ દિવ્યકુમારનો આવિર્ભાવ થયો. બાળકનું નામ પહેલા નિયમાનંદ પાડ્યું. પછી આગળ જતા નિમ્બાર્કજીથી પ્રખ્યાત થયા. તેઓ ક્યારે ઘરનો ત્યાગ કરી વ્રજમાં ગયા. તે અંગે કોઈ માહિતી નથી. વ્રજમાં ગિરીરાજ ગોવર્ધનભૂમિની પાસે ધ્રુવક્ષેત્રમાં તેમની સાધના ભૂમિ છે. (૧)

એકવાર એક દંડી સ્વામી આચાર્ય પાસે આવ્યા. તેઓ શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. તે દરમ્યાન સમયનું ધ્યાન ન રહ્યું અને સાંજ પડી ગઈ. અતિથિ દંડી સ્વામીને પ્રસાદ લેવા માટે આચાર્યજીએ કહ્યું પણ સાંજ બાદ તે અતિથિ દંડી સ્વામી ભોજન ગ્રહણ કરતા ન હતા. એટલામાં આશ્રમની નજીકના એક લીમડા (નીમ વૃક્ષ)ના વૃક્ષ ઉપર એકાએક

પ્રકાશ ફેલાઈ ગયો. જાણે વૃક્ષ ઉપર સૂર્યનારાયણ પ્રગટ થયા હોય ! નિમ્બાર્કજીના યોગબળથી પ્રકાશ ફેલાયો કે શ્રીકૃષ્ણના સુદર્શન ચક્રના પ્રકાશથી આ પ્રકાશ ફેલાયો તે ખ્યાલ ન આવ્યો. પરંતુ સુદર્શન ચક્રનું મૂર્તિમાન સ્વરૂપ નિમ્બાર્કાચાર્યજી હતા તેવું ફલિત થયું. આ પ્રકાશ થવાથી દંડી સ્વામીએ સૂર્યાસ્ત નથી થયો એવું જાણી પ્રસાદ લઈ લીધો. આમ, આ ઘટનાથી તેઓ નિમ્બાદિત્ય કે નિમ્બાર્ક નામથી પ્રખ્યાત થયા. આચાર્યનો આ આશ્રમ નિમ્બગ્રામ તરીકે ઓળખાયો. ગોવર્ધન ધામ નજીક આ આશ્રમ છે. (૧)

નિમ્બાર્કજીના વેદાંત સૂત્રો પર વેદાંત સૌરભ અને વેદાંત-કામધેનુ દશ શ્લોક આ બે ગ્રંથો ઉપલબ્ધ છે. તે ઉપરાંત તેમણે ગીતા ભાષ્ય, કૃષ્ણ સ્તવરાજ, ગુરુપરંપરા, વેદાંતતત્ત્વ બોધ વગેરે ગ્રંથો લખ્યા છે. નિમ્બાર્કજીના શિષ્ય શ્રી નિવાસાચાર્યજી થયા. કૃષ્ણ પ્રણામી પરંપરા પણ નિમ્બાર્ક સંપ્રદાયની હરિદાસજીની પરંપરાની જ શાખા છે. આમ, નિમ્બાર્કજીની પરંપરાના બધા આચાર્યોની એ વિશેષતા રહી છે કે તેમણે બીજા આચાર્યોના મતોનું ખંડન નથી કર્યું. તેમના અનેક વીતરાગ ભાવુક ભગવત્ ભક્ત આ પરંપરામાં સદાય રહ્યા છે. (૧)

ગુણાતીત થઈને બ્રહ્મરૂપ થઈને ઈશ્વરને ભજવા તેવો તેમનો મત હતો.

શ્રીહરિએ વચનામૃતોમાં નિમ્બાર્કાચાર્યજીનો ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા મધ્યનું ૪૩મું :

શ્રીજી મહારાજ બોલ્યા જે, મધ્વાચાર્ય, નિમ્બાર્ક ને વલ્લભાચાર્યજી એમણે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. માટે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મસ્વરૂપ છે એમ મોટા મોટા આચાર્યનો સિદ્ધાંત છે.

★ વડતાલનું ૧૮મું :

...અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્યજી ન કહેવાય, રામાનુજાચાર્ય ન કહેવાય, મધ્વાચાર્ય ન કહેવાય, નિમ્બાર્ક ન કહેવાય ....

★ પાદટીપ :

(૧) **भक्त चरितांक :** *कल्याण : २६ वे वर्षका विशेषांक :* ગોરખપુર. પાના નં. ૩૬૦થી ૩૬૧.

૭૮. મધ્વાચાર્ય

દ્વૈત મતના આચાર્ય મધ્વાચાર્યનો જન્મ માઘમાસની શુક્લ સાતમને દિવસ સંવત ૧૨૯૫માં તામિલનાડુના મંગલૂર જિલ્લાના વેલી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી નારાયણ ભટ્ટ અને માતાનું નામ શ્રીમતી વેદવતી હતું. એવું કહેવાય છે કે ભગવાન નારાયણની આજ્ઞાથી ભક્ત સિદ્ધાંતની રક્ષા તથા પ્રચાર કરવા માટે સ્વયં શ્રી વાયુદેવ મધ્વાચાર્યના રૂપમાં અવતરિત થયા હતા. નાનપણમાં જ તે પોતાની અલૌકિક પ્રતિભાથી લોકોને આશ્ચર્યચકિત કરી દેતા હતા. થોડા જ સમયમાં તેમણે સંપૂર્ણ વિદ્યાઓનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. જ્યારે તેમણે સન્યાસ લેવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે તેમના માતા-પિતાએ મોહવશ થઈને ઇન્કાર કર્યો. મધ્વાચાર્યજીએ તેના માતા-પિતાના મોહને પોતાના અલૌકિક જ્ઞાન વડે દૂર કર્યો. તેમણે અગિયાર વર્ષની અવસ્થામાં અદ્વૈત મતના વિદ્વાન સન્યાસી શ્રી અચ્યુત યક્ષાચાર્ય પાસે સન્યાસીની દીક્ષા ગ્રહણ કરી તેમનું સન્યાસનું નામ પૂર્ણપ્રજ્ઞ હતું. સન્યાસ પછી તેમણે વેદાંતનું ઊંડું અધ્યયન કર્યું. તેમની બુદ્ધિ એટલી વિચક્ષણ હતી કે તેમના ગુરુ પણ તેની અલૌકિક પ્રભાથી આશ્ચર્યચકિત રહી જતા. થોડા જ સમયમાં દક્ષિણ ભારતમાં તેમની વિદ્વાનોમાં કીર્તિ ફેલાઈ ગઈ. શ્રી મધ્વાચાર્યજીએ સંપૂર્ણ ભારતમાં ભ્રમણ કર્યું અને સ્થળે સ્થળે શાસ્ત્રાર્થ કરીને વિદ્વાનોમાં દુર્લભ ખ્યાતિ પ્રાપ્ત કરી. તેમના શાસ્ત્રાર્થનો હેતુ ભગવત્ ભક્તિનો પ્રચારવેદોની પ્રામાણિકતાની સ્થાપના, માયાવાદનું ખંડન તથા શાસ્ત્ર મર્યાદાનું સંરક્ષણ કરવું એ હેતુ હતો. ગીતાભાષ્ય રચ્યા બાદ તેમણે બદરીનારાયણની યાત્રા કરી ત્યાં તેમણે ભગવાન વેદ વ્યાસના દર્શન કર્યા. તેઓ અનેક રાજાઓના ગુરુ હતા. અનેક વિદ્વાનોએ તેમના મતનો સ્વીકાર કર્યો. તેમણે અનેક પ્રકારની યોગ સિદ્ધિઓની પ્રાપ્તિ કરી. બદરીનારાયણમાં વેદવ્યાસજીએ તેમના પર પ્રસન્ન થઈ ત્રણ શાલિગ્રામ આપ્યા. તે શાલિગ્રામોને મધ્વાચાર્યજીએ ક્રમશઃ સુબ્રહ્મણ્ય, મધ્યતલ અને ઉડુપીમાં પધરાવ્યા. (૧)

એકવાર એક વેપારી જહાજ લઈને દ્વારકાથી ઝાલાવાડ જઈ રહ્યો હતો. તુલુબની પાસે તે ડુબી ગયો. તેમની પાસે ગોપીચંદનથી ઢાંકેલી ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ હતી. મધ્વાચાર્યજીને ભગવાને આજ્ઞા કરી. આથી તેમણે મૂર્તિને જળમાંથી બહાર કાઢીને ઉડુપીમાં સ્થાપના કરી. ત્યારથી તે સ્થાન મધ્વાચાર્યજીના અનુયાયીઓ માટે શ્રેષ્ઠ તીર્થ બની ગયું. તેમણે ઉડુપીમાં આઠ મંદિરોની સ્થાપના કરી. પોતાના જીવનના અંતિમ સમયે સરિદન્તર નામના સ્થાનમાં રહેતા હતા અને ત્યાં જ તેમણે પોતાના શરીરનો ત્યાગ કર્યો. દેહત્યાગના અવસર પર તેમણે પોતાના શિષ્ય પદ્મનાભને શ્રી રામજીની મૂર્તિ અને વ્યાસજીએ આપેલા શાલિગ્રામ આપીને પોતાના મતનો પ્રચાર કરવાની આજ્ઞા કરી અને તેમના શિષ્યો દ્વારા અનેક મઠ સ્થાપિત કર્યા. આવી રીતે તેમણે અનેક ગ્રંથોની રચના કરી, પાખંડવાદનું ખંડન કરી ભગવાનની ભક્તિનો પ્રચાર કરી લાખો લોકોને મોક્ષભાગી બનાવ્યા. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં મધ્વાચાર્યજીનો ઉલ્લેખ કર્યો છે :

★ વચનામૃત ગઢડા મધ્યનું ૪૩મું :

...શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, મધ્વાચાર્ય, નિમ્બાર્કને વલ્લભાચાર્ય એમણે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે માટે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મસ્વરૂપ છે એમ મોટા મોટા આચાર્યનો સિદ્ધાંત છે.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય... મધ્વાચાર્ય ન કહેવાય.

★પાદટીપ :

(૧) **प्रमुख ऋषिमुनि :** કલ્યાણ, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૨૧

●

૭૯. શ્રી વલ્લભાચાર્યજી

શુદ્ધાદ્વૈતના આચાર્ય શ્રી વલ્લભાચાર્યનો જન્મ વિ.સં. ૧૫૩૫ વૈશાખ વદ એકાદશીના દિવસે ચંપારણ્યમાં થયો હતો. તેમની માતાનું નામ ઈલમ્મા અને પિતાનું નામ શ્રી લક્ષ્મણ ભટ્ટ હતું. તેમના પિતા સોમયજ્ઞની પૂર્ણાહુતિ પર કાશીમાં એક લાખ બ્રાહ્મણોને ભોજન કરાવી રહ્યા હતા. તે સમયે રસ્તામાં શ્રી વલ્લભાચાર્યનો જન્મ થયો. તેમના અનુયાયીઓ તેમને અગ્નિદેવનો અવતાર માનતા હતા. જનોઈ સંસ્કાર બાદ તેમણે કાશીમાં શ્રી માધવેન્દ્રપુરીમાં વેદ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. અગિયાર વર્ષની અલ્પ આયુષ્યમાં જ તેઓ વેદ, ઉપનિષદ, વ્યાકરણમાં પંડિત થઈ ગયા. ત્યારબાદ તેઓ તીર્થયાત્રા માટે નીકળી પડ્યા.

શ્રી વલ્લભાચાર્યએ વિજયનગરના રાજા કૃષ્ણદેવની સભામાં ઉપસ્થિત થયા અને ત્યાંના મોટા મોટા વિદ્વાનોને શાસ્ત્રાર્થમાં પરાજીત કર્યા અને ત્યાં જ તેમણે વૈષ્ણવાચાર્યની પદવી પ્રાપ્ત કરી. રાજા કૃષ્ણદેવે તેમને સોનાના સિંહાસન ઉપર બેસાડી પૂજન કર્યું અને દક્ષિણામાં ઘણી બધી સુવર્ણ મહોરો આપી. તે સોનામહોરોને વલ્લભાચાર્યે ત્યાંના વિદ્વાન બ્રાહ્મણોને વહેંચી દીધી. વિજયનગરથી ચાલી તેઓ ઉજ્જૈન આવ્યા અને ત્યાં શીપ્રા નદીના તટ પર એક પીપળાના વૃક્ષ નીચે સાધના કરી તે સ્થળ આજે પણ તેમની બેઠક તરીકે પ્રસિદ્ધ છે. તેમણે વૃંદાવન, ગીરીરાજ આદિક અનેક સ્થળોએ રહીને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરી અને અનેક વખત શ્રીકૃષ્ણે તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યા. તેમના જીવનમાં આવી અનેક ઘટનાઓ બની જેને સાંભળીને મોટું આશ્ચર્ય થાય.

એક સમયની વાત છે. એક સજ્જન શાલીગ્રામ તથા ભગવાનની મૂર્તિ બંનેની એક સાથે પૂજા કરતા હતા. તે શાલીગ્રામ ભગવાનથી મૂર્તિને કનિષ્ઠ-ન્યૂન સમજતા હતા. શ્રી વલ્લભાચાર્યે તેમને સમજાવ્યું કે, ભગવત્ વિગ્રહમાં ભેદબુદ્ધિ રાખવી યોગ્ય નથી. આ સલાહને સજ્જને અપમાન માન્યું અને અહંકારમાં શાલીગ્રામ ભગવાનને મૂર્તિ ઉપર રાખ્યા. સવારમાં તેણે જોયું તો મૂર્તિ ઉપર રહેલા

શાલીગ્રામના કટકે કટકા થઈ ગયા હતા. આ ઘટનાને જોઈને તેમને પશ્ચાતાપ થયો અને શ્રી વલ્લભાચાર્ય પાસે આવીને પોતાની ભૂલની માફી માગી. આચાર્યએ ખંડિત અવશેષોને ભગવાનના ચરણામૃતમાં પલાળી જોડી આપવા કહ્યું. તો શાલિગ્રામ જોડાઈને પહેલા જેવા થઈ ગયા.

એવું કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ તેમને ત્યાં વિઠ્ઠલના રૂપમાં પુત્ર બનીને પ્રગટ થયા હતા. શ્રી વલ્લભાચાર્યજીએ લોકકલ્યાણના હેતથી અનેક ગ્રંથોની રચના કરી અને પોતાના જીવનનો અંતિમ સમય કાશીમાં પસાર કર્યો.

એક દિવસ તેઓ હનુમાનઘાટ પર સ્નાન કરી રહ્યા હતા ત્યારે ત્યાં એક જ્યોતિ પ્રગટ થઈ અને વલ્લભાચાર્યનું શરીર તે જ્યોતિમાં સમાઈને આકાશમાં ચાલ્યું ગયું. આવી રીતે વિ.સં. ૧૫૮૭માં બાવન વર્ષની ઉંમરે અનેક નરનારીઓને ભક્તિપથના પથિક બનાવીને શ્રી વલ્લભાચાર્યજીએ પોતાની લૌકિક લીલા સંકેલી.

શ્રીહરિએ વચનામૃતમાં વલ્લભાચાર્યજીનો ઉલ્લેખ કરેલો છે :

★ વચનામૃત લોયાનું ૧૪ :

...તથા વલ્લભાચાર્યને કેવળ ભક્તિ ઉપર નિષ્ઠા બહુ જણાય છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૪૩મું :

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, મધ્વાચાર્ય, નિમ્બાર્ક ને વલ્લભાચાર્ય એમણે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે... ને તે વ્યાસજી જેવા શંકરાચાર્ય ન કહેવાય... વિષ્ણુ સ્વામી ન કહેવાય, વલ્લભાચાર્ય ન કહેવાય.

★પાદટીપ :

(૧) *પ્રમુખ ઋષિ મુનિ :* કલ્યાણ, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૯

●

૮૦. શ્રી વિષ્ણુ સ્વામી (આચાર્ય)

અવશ્યપણે પાંચ વાર્તા જાણવાનું એ **વડતાલના ૧૮મા વચનામૃત**માં શ્રીહરિ ભક્તોને સાંખ્યશાસ્ત્રના આચાર્યોને જાણવાની વાત કરતા કહે છે કે, સર્વે જે આચાર્ય થયા છે. તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે. વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય... વિષ્ણુ સ્વામી ન કહેવાય...!

આ વિષ્ણુ સ્વામી વિષે જાણીએ :

વિષ્ણુ સ્વામીનો પ્રાદુર્ભાવ વિ.સં. પૂર્વે ૬૦૦ વર્ષ પહેલા દક્ષિણમાં દ્રવિડ દેશના મદુરાનગરમાં થયો હતો. તેમના પિતાનું નામ દેવસ્વામી અને માતાનું નામ યશોમતિ હતું. પિતા તે પ્રદેશના રાજા પાંડ્ય વિજયના રાજ્યગુરુ તથા મંત્રી હતા. તેમની માતાએ પુત્ર ઇચ્છાથી ભાગવત દર્શિત પયોવ્રતનું અનુષ્ઠાન કરતા ભગવાન વિષ્ણુએ તેમને દર્શન આપી પોતે તેમના ઘરે પુત્રરૂપમાં અવતીર્ણ થશે તેવું વરદાન આપ્યું. બાળકનો જન્મ થતા તેનું નામ વિષ્ણુ રખાયું. (૧)

બાળકમાં ભગવાનનો અંશ હોવાથી તેનામાં અદ્‌ભૂત તેજ અને લાવણ્ય હતું. બાળકને ઉપનયન સંસ્કાર કરાયા બાદ થોડા સમયમાં જ શ્રુતિ-શાસ્ત્ર-પુરાણાદિકનું જ્ઞાન મેળવી લીધું. ભગવાનના દર્શન કરવાની તીવ્ર તાલાવેલીથી પોતે અન્નજળનો ત્યાગ કરી પ્રભુની આરાધના કરવા લાગ્યા. પ્રભુ મિલનની વિરહવ્યથા અસહ્ય બનતા શ્રીકૃષ્ણએ તેમને સાક્ષાત્ દર્શન આપી કૃતાર્થ કર્યા. તે સમયે સ્વામીએ (દક્ષિણ પ્રદેશમાં સ્વામી શબ્દ માનવાચક તરીકે ઓળખાય છે) ઉપનિષદોના ગૂઢ રહસ્યોના સંબંધમાં જિજ્ઞાસા કરતા પ્રભુએ તેમને શ્રુતિ સિદ્ધાંતના સારનો ઉપદેશ આપ્યો અને સાથે લોકોને ભક્તિનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો. પ્રભુએ સ્વામીને પોતાની મૂર્તિ બનાવડાવવાનો આદેશ કર્યો. મૂર્તિ તૈયાર થતા પ્રભુએ સ્વયં તેમાં પ્રવેશ કર્યો. (૧)

ત્યારબાદ પ્રભુના આદેશથી પોતે માતા-પિતાની રજા લઈ ઉત્તરાખંડની યાત્રા કરી બદ્રિકાશ્રમમાં નરનારાયણના દર્શન કર્યા. વ્યાસગુફામાં ભગવાન વેદવ્યાસજીના

દર્શન થયા અને તેમણે ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્ર તથા સમસ્ત શાસ્ત્રોનું રહસ્ય સમજાવ્યું. વ્યાસજીની કૃપાથી તેમને શુકદેવજીના દર્શન થયા. શુકદેવજીએ તેમને શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કરાવ્યું. પછી શુકદેવજી સાથે કલાપ નામના ગામમાં ગયા. ત્યાં રૂદ્ર સંપ્રદાયના આચાર્યશ્રી ત્રિપુરારિ મળ્યા અને તેમની પાસે શિક્ષા-દીક્ષા ગ્રહણ કરી મંત્ર ઉપદેશ મેળવ્યો ત્યારે તેમણે આશીર્વાદ આપ્યા કે તમે આ મંત્ર આપી જગતનું કલ્યાણ કરો અને તમારું જે વિષ્ણુ નામ છે તે હવે સંસારમાં વિખ્યાત થશે. (૧)

તેઓ 'શ્રીકૃષ્ણ તવાસ્મિ' મંત્રનો જાપ કરતા પાછા ફરતા તેમને દેવર્ષિ નારદજીના દર્શન થયા. તેમણે ભક્તિ પ્રસારનો ઉપદેશ આપ્યો. ત્યાંથી વ્રજ-મથુરા-વૃંદાવનમાં પધાર્યા. ત્યાં તેમના હજારો શિષ્યો થયા. પોતાના શિષ્યોને લઈને જગન્નાથના દર્શન કરવા નીલાચલ ગયા. ત્યાં ગરૂડ સ્તંભ પાસે ઊભા રહી દર્શન કરતા હતા પરંતુ ત્યાં ભીડ વધારે હોવાથી તેઓ મંદિરની પાછળના ભાગમાં બેઠા બેઠા ધ્યાન કરતા હતા. તેમનો ભાવ જોઈને જગદીશ ભગવાને મંદિરનું દ્વાર તેઓ બેઠા હતા તે બાજુ કરી પોતે પણ તે બાજુ ફરી ગયા. આ ચમત્કાર જોઈ બધા આશ્ચર્યમાં પડી ગયા. આમ મંદિરની ચારેય બાજુના ચાર દરવાજા સ્વામીના ભક્તિભાવથી થયા છે. (૧)

તેઓએ સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરી શાસ્ત્ર વિમુખવાદી જનો સાથે શાસ્ત્રાર્થ કરી તેમને પરાજિત કર્યા અને પોતાના સિદ્ધાંતનો પ્રચાર કર્યો. તેમણે શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનો પ્રચાર કર્યો અને કાંચીપુરમાં આચાર્યપીઠની સ્થાપના કરી. (૧)

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૨૮થી ૩૨૯

•

૮૧. રણછોડ ભક્ત

શ્રીહરિ સાકારવાદનું પ્રતિપાદન કરવા એક કીર્તનકાર રણછોડ ભક્તને **લોયાના ૬ઠ્ઠા વચનામૃત**માં યાદ કરતા કહે છે કે,

'અને જો રણછોડ ભક્તના જેવા કીર્તન જ હોય ને તેમાં ભગવાનની મૂર્તિનું વર્ણન હોય તો તેને ગાવવાં ને સાંભળવાં તથા એવી રીતના જે ગ્રંથ હોય તેને ભણવા ને સાંભળવા.'

રણછોડ ભક્ત વિષે જાણવા મળે છે કે, એક રણછોડ ભક્ત એ વણિક ભક્ત હતા અને તેમણે ભક્તિમાર્ગ ચલાવ્યો હતો. (૧)

અન્ય રણછોડ ભગત .... ૧૮મી સદીના પૂર્વાધમાં થયેલ એક વૈષ્ણવ કવિ જેઓ ખેડા જિલ્લાના ગામના હતા. તેમના પિતાનું નામ નરસિંહદાસ હતું. અટક મહેતા હતી. ખડાલ ગામના દરબારશ્રીની વર્તણૂંકથી નારાજ થઈ તેમણે તોરણા ગામમાં વસવાટ કરેલો. તેઓ ડાકોરના રણછોડ રાયના ભક્ત હતા. તેઓ ૧૦૫ વર્ષ જીવેલા. આ કવિના મોટા ભાગના કીર્તનો પ્રેમલક્ષણા ભક્તિના છે. ભાગવતના ઘણાં પ્રસંગોને તેમણે કાવ્યાત્મક રીતે આલેખ્યા છે. (૨)

એક બીજા રણછોડ ભગતનો પણ ઉલ્લેખ છે. જેનો જન્મ તા. ૨૯-૮-૧૭૧૭માં હાલારના ઘનાણીની આંબલડી ગામમાં થયેલો. તેઓ ઔદિચ્ય બ્રાહ્મણ હતા. તેમના પિતાજીનું નામ સંઘજી તથા માતા પ્રેમબાઈ હતા. તેઓ પણ શ્રીકૃષ્ણના ઘોળપદના પદો રચતા. જેમનું મૃત્યુ સં. ૧૭૭૪ના ભાદરવા સુદ ચોથના દિવસે થયું. (૨)

આમાં ક્યાં રણછોડ ભગતના કીર્તનો ગાવાનું શ્રીહરિએ કહ્યું હશે તે નક્કી કરવું મુશ્કેલ છે. કેમકે બેય ભક્ત કવિઓ હતા.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ ભાગ :** પાના નં. ૭૫૦૩

(૨) **ગુજરાતી સાહિત્ય કોષ :** ખંડ ૧ પાના નં. ૩૩૬-૩૩૭, ગુજરાતી સાહિત્ય પ્રકાશન, અમદાવાદ. વર્ષ : ૧૯૮૯ ●

૮૨. કબીર

કબીર વિષે જાણીએ :

જગતગુરુ રામાનંદ સ્વામીના (શ્રીજી મહારાજની ગુરુ નહિ પણ જૂના) આશીર્વાદથી કાશીની એક વિધવા બ્રાહ્મણીના ઉદરે કબીરનો જન્મ થયો હોવાનું કહેવાય છે. લજ્જાના કારણે તેણે બાળકને નદીમાં વહાવી દીધું. જે બાળક નીરૂ નામના એક વણકર (જુલાહા)ને મળ્યું અને તેણે બાળકને ઉછેર્યું અને તેનું નામ કબીર રાખ્યું. (૧)

તેમના જન્મ વિષે મતભેદ છે. એક માન્યતા મુજબ એક પ્રાચીન ગ્રંથમાં લખ્યું છે કે, એક મહાન યોગી અને પ્રતીચિ નામની દેવાંગના થકી કબીરનો જન્મ થયો. સંવત ૧૪૫૫ના જેઠ શુક્લ પડવાના દિવસે જન્મ થયો હોવાનું મનાય છે. (૧)

કબીરજી મોટા થયા બાદ સ્વામી રામાનંદ (પરોક્ષના સંત)ના પ્રભાવમાં આવી હિંદુ ધર્મના સિદ્ધાંતો જાણ્યા. એક દિવસ ગંગાઘાટ પર સવારે બેઠા હતા ત્યારે રામાનંદ સ્વામીનો પગ તેમની ઉપર પડતા તેઓ રામ રામ એમ બોલી ઉઠ્યા. અને કબીરજીએ આ મંત્રને ગુરુ તરફથી મળેલ મંત્ર દીક્ષા માની લીધી. પોતે લખે છે : *हम कासी में प्रगट भये हैं, रामानंद चेताये.*

તો, મુસલમાન કબીરપંથીઓની માન્યતા એવી છે કે, પ્રખ્યાત સુફી મુસ્લિમ ફકીર શેખ થકીથી તેમણે દીક્ષા લીધી. કબીરજીએ હિંદુ મુસલમાનના ભેદ દૂર કરી બંનેના સંતો અને ફકીરો પાસે સત્સંગ કર્યો. તેથી બંને કોમના ભક્તો કબીરજીના આશ્રિત થયા. (૧)

કબીરે અક્ષરજ્ઞાન લીધેલ ન હતું. તેઓ જે, બોલતા તે તેમના શિષ્યો લખી લેતા અને તેનો ગ્રંથ 'બીજક' નામથી પ્રસિદ્ધ થયો. કબીર પરમાત્માને મિત્ર, માતા-પિતા અને પતિના રૂપમાં પણ જોતા. જે તેમની સાખીઓમાં

જોવા મળે છે.

તેઓ પરણેલા હતા. તેમની પત્નીનું નામ લોઈ હતું. પુત્રનું નામ કમાલ અને પુત્રીનું નામ કમાલી હતું. (૧)

તેઓ પોતાના જીવનનિર્વાહ માટે આખો દિવસ કરઘા પર બેસી કાપડ વણતા. ઘરમાં સાધુ સંતો ફકીરોની આવન-જાવન રહેતી. તેઓ પોતાનું ગુજરાન માંડ માંડ ચલાવતા. તેઓ ભણેલા ન હતા તેઓ લખે છે :

मसि कागद छूया न हीं, कलम गही नहि हाथ । (૧)

તેઓ વૃદ્ધાવસ્થામાં કાશીમાં રહી ઉપદેશ આપતા. તેઓએ ૧૧૧ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. (૧)

તેમના ભજનોનો અનુવાદ અંગ્રેજી અને ફારસીમાં પણ થયો છે. બસ્તી જિલ્લાના મગહર નામના ગામમાં તેઓ અલૌકિક રીતે મૃત્યુ પામ્યા. તેમના મૃત્યુ બાદ તેમના હિંદુ અને મુસ્લિમ ભક્તો વચ્ચે મીઠો ઝગડો થયો. હિંદુઓ તેમને અગ્નિદાહ અને મુસ્લિમો તેમની કબર કરવા ઇચ્છતા હતા. આ વખતે તેમનું શબ અદૃશ્ય થઈ ગયું. ચાદર ઊંચી કરી તો ત્યાં થોડા ફુલ પડેલા હતા. હિંદુઓએ તેનો અગ્નિદાહ અને મુસ્લિમોએ તેની કબર બનાવી. આમ તેમની સમાધિ અને કબર બંને બની. તેમનો જીવનકાળ સંવત ૧૪૫૫થી ૧૫૭૫નો ગણાય છે. સિકંદરે તેમના ઉપર ઘણાં અત્યાચારો કર્યા પણ શ્રીરામે તેમની રક્ષા કરી. હિંદુ-મુસ્લિમ એકતા માટે તેમણે જીવનપર્યંત કામ કર્યું અને બંને કોમના ભક્તોને સદાચારનો ઉપદેશ આપ્યો. (૨)

તેમની પાછળ કબીરપંથ ગણાય છે. જેઓ અદ્વૈત પંથને અનુસર્યા છે. (૨)

તેમના પદો મૂર્તિપૂજાના અને કર્મકાંડના વિરોધી છે. તેઓ ક્યારેક ભગવાનની ઉપાસનાના અને ક્યારેક નિરાકારવાદનો ઉપદેશ આપતા કેમકે તેમને હિંદુ અને મુસ્લિમ બંને ભક્તો હતા. આથી ભક્તોને સમજવામાં દ્વિધા થાય તેથી શ્રીહરિએ તેમના કીર્તનો-પદો ગાવાની ના પાડી હોય તેમ મનાય છે. જે આ પદો પરથી ફલિત થાય છે :

पाहन पूजे हरि मिले, तो मैं पूजू पहार,
ताते यह चाकी भली, पीस खाय संसार.

पोथी पढ़ पढ़ जग मुआ, पंडित भयो न कोई,
ढाइ अक्षर प्रेमके, जो पढ़े साँ पंडित होइ.
ज्यो नैनों में पुतली, त्यों मालिक घटमांहि,
मुरख लोग न जानहिं, बहिर ढूंढन जाहि. (૩)

શ્રીહરિએ વચનામૃતમાં કબીરજીનો ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા મધ્યનું ૩૫મું :

ભગવાનના અવતારચરિત્રે યુક્ત એવા જે કીર્તન અને બીજા કવિના હોય તો તેને પણ ગાવવા અને સાંભળવા પણ કબીર ને અખાના જે કાવ્ય, કીર્તન હોય... તો તેને ગાવવા નહીં ને સાંભળવા પણ નહિ.

કબીરજી મૂર્તિપૂજામાં, ક્રિયાકાંડમાં, ટીલા-ટપકાં કે વ્રત ઉપવાસમાં માનતા નહીં. તે નિરાકાર બ્રહ્મમાં માનતા 'આત્મા સો પરમાત્મામાં માનતા. આ વિચારસરણી નાસ્તિકતા તરફ દોરી જતી હોઈ શ્રીહરિએ ભક્તોને કબીરના કીર્તન, દોહા વગેરે ગાવવા સાંભળવાની ના પાડી છે.

★ પાદટીપ :

(૧) **भक्त चरितांक : कल्याण :** ગોરખપુર. પાના નં. ૪૮૮-૪૮૯

(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૧૯૪૦થી ૧૯૪૧

(૩) **कबीर पदावली**

●

૮૩. અખો

અખો ગુજરાતી પ્રાચીન કવિ છે. જેઓ બ્રહ્મજ્ઞાની હતા. તે અમદાવાદમાં ૧૭મી સદીમાં થઈ ગયા. તેઓ શ્રીમાળી બ્રાહ્મણ સોની હતા અને સોનીકામ કરતા. (૧)

તેમનો જન્મ સંવત ૧૬૪૯માં લગભગ થયો હતો. તેના પિતાનું નામ રહિયો હતું. માતાનું મૃત્યુ બચપણમાં થઈ ગયું. અખાનો વિવાહ બચપણમાં જ થઈ ગયેલ. તે ૧૫ વર્ષની ઉંમરમાં જ જેતલપુરથી અમદાવાદમાં આવીને વસ્યા હતા. કહેવાય છે કે તેઓ દેસાઈની પોળમાં રહેતા. તેમનું પૂરું નામ અખેરાય હતું. આજે પણ સર ચિનુભાઈના બંગલા પાસે કુવાવાળા ખાંચામાં એક મકાન પર 'અખાનો ઓરડો' તેવું લખેલ છે. (૨)

એકવાર એક સ્ત્રીએ તેને ૩૦૦/- રૂ. આપી ઘરેણું ઘડવાનું કામ સોંપ્યું. અખાએ તે સ્ત્રીને ધર્મની બહેન બનાવી હતી. તેથી સ્નેહવશ થઈ તેણે તેમાં ૧૦૦/- રૂ. પોતાના ઉમેરી એક સરસ કંઠમાળા બનાવી દીધી. પેલી સ્ત્રીને થયું કે, સોની લોકો તો સોનાના કામમાં કાંઈક ગોટાળો તો કરતા જ હોય. તેથી તેણે બીજા સોની પાસે જઈ આ કંઠમાળાની કિંમત ચકાસી પણ પેલા સોનીએ ઈર્ષાવશ આની કિંમત ઓછી આંકી. આથી પેલી સ્ત્રી અખા પાસે આવીને તેને ઠપકો દેવા લાગી કે, તમે આમાંથી સોનું ખાઈ ગયા. સરળ હૃદયના અખાને આ સાંભળી ખૂબ દુઃખ થયું. તે સંસારથી ઉદાસ થઈ ગયા. આથી તેમણે સોનીના તમામ હથિયાર કુવામાં નાખી સોનીકામ મૂકી સાધુ-સંતોની શોધમાં ઘરનો ત્યાગ કરી તીર્થોમાં નીકળી પડ્યા. રસ્તામાં પણ તેમને ધર્મક્ષેત્રમાં ચારે બાજુ કપટ, લુચ્ચાઈ, દંભ જ જોવા મળ્યો. સંતો-મહંતો પૈસાવાળાના જ સાથી લાગ્યા. તેમણે સમાજના અને સંત સમાજના દંભ ઉપર અનેક છપ્પા, કવિતા વગેરે બનાવ્યા. (૨)

તેમણે પંચીકરણ, બ્રહ્મલીલા, કેવળગીતા અને ગુરુસંવાદ ઉપર પુસ્તકો

લખ્યા. લોકોમાં અને આધ્યાત્મિક જગતમાં ચાલતી ઠગબાજી, કપટ, દંભ ઉપર છપ્પા લખી લોકોને શિખામણ આપી. વેદાંત અને લોકાચારમાં તેમનું પ્રદાન અપૂર્વ છે. (૧)

તેમના વેદાંતના ગ્રંથોમાં અખેગીતા મુખ્ય છે. ધર્મ વિષે તેમના વિચારો સ્વતંત્ર છે. ધર્મમાં રહેલા પાખંડ અને ગુરુઓના પાખંડને તેણે ખુલ્લા પાડ્યા છે. (૧)

તેમણે ગુજરાતમાં ભક્તિધારા વહાવી. નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, શામળ, દયારામ આદિ સંતકાળમાં અખાનું સ્થાન છે.

આ ઉપરાંત ગુરુ માહાત્મ્ય, ગુરુ ગોવિંદ એકતા, માયાનું સ્વરૂપ, ભક્તિ-જ્ઞાન વૈરાગ્યનું માહાત્મ્ય, ઈશ્વર જીવની એકતા, ષડ્દર્શન ચિકિત્સા વગેરે ગ્રંથો ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી ભરપૂર છે. સંવત ૧૭૩૦ની આસપાસ તેમનું દેહાંત થયું હોય તેમ મનાય છે. (૨)

તેમની કૃતિઓમાં ગુરુઓના પાખંડને ખુલ્લા પાડેલ છે. તેમણે મૂર્તિપૂજાનો પણ વિરોધ કર્યો છે. આ રીતે તેમણે નાસ્તિકવાદને પોષણ આપ્યું ગણાય. ખોટા ગુરુઓને ખુલ્લા પાડવામાં કેટલીક વાર સાચા ગુરુઓને પણ હાની પહોંચે છે. નવા મુમુક્ષુઓ આવું વાંચીને નાસ્તિકવાદમાં ફસાઈ ન જાય તે માટે શ્રીહરિએ પોતાના ભક્તોને અખાના પુસ્તકોને વાંચવાની અને માનવાની મનાઈ કરી હોય તેમ જણાય છે જે કેટલીક પંક્તિઓ દ્વારા જણાય છે :

— 'કથા સૂણી સૂણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું અખા બ્રહ્મજ્ઞાન.'

— 'તીરથ કરી કરી થાક્યા ચરણ, તોય ન પહોંચ્યા હરિને શરણ.'

— 'અનંત ફેલ હૈ એક્કા, અખા સો જાને કોઈ.'

— 'અજ્ઞાને સૌ આથડે, અને દેવ દેવી ધ્યાય. જો પ્રભુ દેખં પંડમાં, તો સિદ બહારે જાય.'

અખો ટીલાટપકાં, નામસ્મરણ, વેશ ટેક, તીર્થાટન, કથાશ્રવણ આ બધા બાહ્ય આચારનો પોતાના છપ્પા દ્વારા નિષેધ કરે છે. કર્મ, ધર્મને સત્કર્મને તેમ વિકર્મને અધ્યાત્મ માર્ગમાં અંતરાય રૂપ ગણાવે છે. નિર્ગુણ પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી માણસ સગુણ ભક્તિ તરફ વળે તે એમની માન્યતા છે. તેઓ ગુરુને બદલે અંતર્યામી આત્માને ખરા ગુરુ લખે છે. તેઓ વર્ણાશ્રમ ધર્મ,

અસ્પૃશ્યતા, સત્‌યુગ - કળિયુગની ઉચ્ચાવચના, પૂર્વજન્મની માન્યતા, અવતારવાદ, જ્યોતિષ, ભૂતપ્રેત, વહેમ વગેરેનું વેધક કટાક્ષ અને દૃષ્ટાંતોની મદદથી ખંડન કરે છે. (૩)

તેઓ પોતાની સાખીઓ-છપ્પા દ્વારા એવું કહે છે - 'હું ક્યારેય ઈશ્વરેય નથી, તેમજ જીવ પણ નથી. અનાદિ અનંત પરમાત્મા સાથે પિંડ અને બ્રહ્માંડના દ્વૈતથી પર, સર્વને ધારણ કરનાર, અખિલ વિશ્વાત્માની અલૌકિક ભૂમિકા એ મારું ઘર છે. સર્વાતીત મારો પંથ છે. મારી અંદર રહેલો આત્મા તે મારો ગુરુ છે. જીવ, જગત અને ઈશ્વરની ત્રિપુટી રૂપે માત્ર બ્રહ્મ જ છે. ખંડ દેખાય છે તે મનોરચિત છે. તત્વતઃ નથી. બ્રહ્મપૂર્ણ છે, અખંડ છે. એમાં દ્વૈત છે જ નહિ. તે નિરંજન, નિર્વિકારી છે. આત્મા એ વસ્તુતઃ પરમાત્મા છે. (૩)

આવી નિરાકારી વિચારસરણી ધરાવતા હોવાથી શ્રીહરિએ તેના કાવ્ય, કીર્તનો ગાવા સાંભળવાની ના પાડી છે તેમ જણાય છે.

વચનામૃતમાં શ્રીહરિએ અખાનો ઉલ્લેખ કર્યો છે :

ગઢડા મધ્યનું ૩૫મું :

...તથા ભગવાનના અવતાર ચરિત્રે યુક્ત એવા કાવ્ય, કીર્તન બીજા કવિના હોય તો તેને પણ ગાવવાને અને સાંભળવા પણ કબીર ને અખાના જે કાવ્ય-કીર્તન હોય તથા એ જેવા કીર્તન હોય તેને ગાવવા નહિ અને સાંભળવા પણ નહિ.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૧, પાના નં. ૪૨
(૨) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૭૯૧
(૩) **ગુજરાતી વિશ્વકોષ :** ભાગ-૧, વર્ષ-૨૦૦૧, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ. પાના નં. ૩૮થી ૪૧

●

૮૪. સુલભા સન્યાસિણી

સુલભા બ્રહ્મજ્ઞાનિની પરમ વિદૂષિ, પરમજ્ઞાની સ્ત્રી હતા. તે પ્રધાન નામના રાજર્ષિના કુળમાં જન્મ્યા હતા. તેઓ જ્ઞાતિએ ક્ષત્રિય હતા. તેઓ યોગમાર્ગમાં અતિ કુશળ હતા. તેઓ મોક્ષમાર્ગનો ઉપદેશ આપતા એકલા વિચરણ કરતા તેઓ સન્યાસ વેષે ફરતા. (૧)

તેઓ કન્યા દર્શનશાસ્ત્રના નિષ્ણાંત હતા અને અધ્યાત્મ માર્ગનો પ્રચાર કરતા. યોગકળામાં નિપુણ હોવાથી તેઓ ધારે તે લઈ કરી શકતા. (૨)

તેમનું બીજું નામ મૈત્રેયી હતું અને યાજ્ઞવલ્ક્ય ૠષિના પરમ વિદૂષિ સ્ત્રી હતા. ૠષિ, મૈત્રેયીને જાયા કહીને સંબોધતા. કારણ કે તેના પિંડમાં યજ્ઞવલ્ક્યનું જ્ઞાનસ્વરૂપ પૂર્ણરૂપે જન્મ્યું હતું. સંસારનો પૂર્ણ અનુભવ મેળવ્યા પછી અને વિદેહવંશના દેવરાત જનકના પુત્ર બૃહદ્રથ નામના જનકને બ્રહ્મવિદ્યાનું દાન કર્યા પછી યાજ્ઞવલ્ક્યે વિદ્વત્સંન્યાસ લીધો હતો અને પ્રવજ્યા (દીક્ષા) સમયે મૈત્રેયીને બ્રહ્મબોધ કરેલ. (૩)

યાજ્ઞવલ્ક્ય ૠષિએ સન્યાસ લીધો ત્યારે તેમણે પોતાની સંપત્તિ કાત્યાયની અને મૈત્રેયી બંને પત્નીઓમાં વહેંચવાનું વિચાર્યું ત્યારે મૈત્રેયીએ ૠષિનું આધ્યાત્મિક જ્ઞાન અને અમરત્વ પ્રાપ્ત કરવાનો માર્ગ પૂછેલ (૪) તથા (૬)

આ વાતનું અનુમોદન આશ્વાયન ગુહ્યસૂત્ર નામના સંસ્કૃત ગ્રંથમાં મળે છે કે તેઓ યાજ્ઞવલ્ક્ય ૠષિના સ્ત્રી હતા. સુલભાએ સાંભળેલ કે મિથિલા નરેશ જનક સાંખ્યયોગ જાણે છે તથા સુખ-દુઃખ, માન-અપમાન તથા સંસારની વિટંબણાને ગણકારતા નથી અને આત્મભાવે વર્તે છે. આથી સુલભા સન્યાસિણીનો વેશ ત્યાગી સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરી રાજા પાસે જાય છે. સુલભા બ્રહ્મજ્ઞાનીની હતા તેથી રાજાના મનમાં પ્રવેશ કરી જાણ્યા કે, જનક જગતના વ્યવહારથી નિસ્પૃહ છે, પરમ જ્ઞાની અને સાંખ્યયોગી છે આથી સુલભાએ તેમની સાથે જ્ઞાનગોષ્ઠિ કરી

બ્રહ્મજ્ઞાન મેળવ્યું. (૩)

ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં સ્વામી લખે છે :

'સુલભા હતી તે સમાધિવાળી હતી તે પરકાયામાં પ્રવેશ કરતી એવી હતી પણ વનમાં ગઈ ત્યાં સારું દેખીને એમ થયું કે, કોઈ પુરુષ હોય તો રમીએ.' **(૫)**

શ્રીહરિએ વચનામૃતમાં સુલભાનો ઉલ્લેખ કર્યો છે :

★ વડતાલનું ૨૦મું :

જેમ જનક વિદેહી હતા. તે પ્રવૃત્તિ માર્ગમાં હતા તો પણ નિર્વિકાર હતા. જ્યારે જનકની સભામાં સુલભા નામે સંન્યાસિની આવી ત્યારે જનક સુલભા પ્રત્યે બોલ્યા જે, તું મારા ચિત્તને મોહ પમાડ્યાનું કરે છે પણ મારા ગુરુ પંચશિખ ઋષિ તેની કૃપા થકી હું સાંખ્ય અને યોગ એ બે મતને અનુસર્યો છું... એમ હું પ્રવૃત્તિમાં રહ્યો થકો અસંગી ને નિર્વિકાર છું...

★ **પાદટીપ :**

(૧) **नारी अंक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૯૬થી ૩૯૭

(૨) **આશ્વાયન ગુહ્ય સૂત્ર ગ્રંથ (નેટ પરથી)**

(૩) **ભગવદ્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૭૩૭૬

(૪) **याज्ञवल्क्य स्मृति :** લેખક : ગંગાસાગરરાય, દિલ્હી, ચૌખંબા સંસ્કૃત પ્રતિષ્ઠાન, પાના નં. ૧૭

(૫) **ગુણાતીતાનંદ સ્વામીની વાતો :** પ્રકરણ-૧, વાત નં. ૧૦૮, રાજકોટ ગુરુકુલ.

(૬) **इशावास्य उपनिषद् भाष्य :** અનુવાદ : શા. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, વર્ષ-૧૯૭૦.

●

૮૫. વસુદેવ (શ્રીકૃષ્ણના પિતા)

શ્રીવસુદેવ શ્રીકૃષ્ણના પિતા હતા. કંસના બનેવી હતા. વસુદેવ ધર્મનિષ્ઠ, વચનપાલક અને સત્યવાદી હતા. કંસ અને વસુદેવ સારા મિત્રો હતા. કંસને વસુદેવના વચનમાં પૂર્ણ વિશ્વાસ હતો.

તો, **વસુદેવજી વિષે જાણીએ :**

પૂર્વકલ્પમાં પ્રજાપતિ સુતપા તથા તેના પત્ની પૃશ્નિએ તપસ્યા કરી પ્રભુને પ્રસન્ન કરી પ્રભુને પોતાના ઘરે પુત્રરૂપે અવતરવા પ્રાર્થના કરી. આથી પ્રભુ ત્રણ વાર બોલ્યા કે, વરદાન આપ્યું, આપ્યું, આપ્યું. આથી તે કલ્પમાં પ્રભુ પૃશ્નિગર્ભ કહેવાયા, બીજા કલ્પમાં પ્રજાપતિ સુતપા તે પિતા કશ્યપજીરૂપે થયા અને પૃશ્નિ અદિતિરૂપે થયા. ત્રીજા કલ્પમાં વામન સ્વરૂપે અવતાર લીધો. આમ, ત્રીજી વાર પ્રજાપતિ સુતપા યદુવંશમાં સૂરસેનના પુત્ર વસુદેવ થયા. માતા પૃશ્નિ મથુરાનરેશ ઉગ્રસેનના ભાઈ દેવકજીની કન્યા દેવકી થયા. (૧)

વસુદેવના કુલ ૧૮ વિવાહ થયા. દેવકની ૬ કન્યા વસુદેવ સાથે પરણી અને દેવકીના લગ્ન પણ વસુદેવ સાથે થયા. આ સમયે મહારાજા ઉગ્રસેનના મોટા પુત્ર કંસ પોતાની બહેન દેવકીનાં લગ્નરથના સારથી બન્યા. ત્યારે આકાશવાણી થઈ કે, હે કંસ ! તું જેને સાસરે વળાવવા જાય છે. તેનું આઠમું સંતાન તારો કાળ બનશે. આથી કંસ ક્રોધે ભરાઈને દેવકીને મારી નાખવા તૈયાર થયો. ત્યારે વસુદેવે તેમને સમજાવ્યા કે, તારે આઠમા સંતાન સાથે વેર છે ને ? અમારે ત્યાં બાળક જન્મશે ત્યારે તને તે બાળક સોંપી દઈશ. આથી કંસે દેવકીને છોડી મૂકી. પરંતુ નારદજીએ કંસને એવા ભ્રમમાં નાખ્યો કે, આઠમા સંતાનની ગણતરી ઊંધેથી પણ થાય. આથી કંસે તેના બેન-બનેવીને જેલમાં પુરી તેના ૬ પુત્રોને જન્મતાવેંત જ મારી નાખ્યા. સાતમા ગર્ભમાં સંકર્ષણ હતા. યોગમાયાએ તે ગર્ભને રોહિણીજીના પેટમાં સ્થાપી દીધો. આઠમા પુત્ર તે સ્વયં શ્રીકૃષ્ણરૂપે પ્રગટ થયા અને ભગવાને

ચતુર્ભૂજરૂપે વસુદેવ-દેવકીને દર્શન દીધા. ભગવાનના આદેશથી આ બાળકને નંદબાબાના ભવનમાં વસુદેવ મૂકી આવ્યા અને તેમને ત્યાં જન્મેલી બાળકીને પોતાની સાથે મથુરાની જેલમાં લઈ આવ્યા. જ્યારે કંસ આ બાળકીને મારવા ગયો ત્યારે તે તેના હાથમાંથી છુટીને આકાશમાં જતી રહી અને બાળકી અષ્ટભુજાવાળી દેવીના રૂપમાં પ્રગટ થઈને બોલી કે તારો કાળ તો ગોકુલમાં પ્રગટ થઈ ચૂક્યો છે. પછી કંસે વસુદેવ-દેવકીને જેલમાંથી છોડી મૂક્યા. પરંતુ કંસને ખબર પડી ગઈ કે તેનો કાળ વ્રજમાં જ છે. તેથી અસુરોને વ્રજમાં મોકલીને બધા બાળકોને મારી નાખ્યા. પરંતુ વ્રજમાં નંદરાજાને ત્યાં પોતાનો કાળ છે એવું જાણવામાં આવતા કંસે તેને મારવા માટે અસુરોને જુદા જુદા વેષે મોકલ્યા પરંતુ તે તમામ અસુરો શ્રીકૃષ્ણના હાથે માર્યા ગયા અને તેની સદ્‌ગતિ થઈ. (૧)

ત્યારબાદ નારદજી દ્વારા કંસને જાણ થઈ કે શ્રીકૃષ્ણ અને બલરામ વસુદેવના પુત્રો છે. આથી ગુસ્સે થઈને કંસે ફરી વાર વસુદેવ-દેવકીને જેલમાં પુરી દીધા. અંતમાં શ્રીકૃષ્ણ મથુરા પધાર્યા અને કંસને મારીને પોતાના માતા-પિતાને જેલમાંથી છોડાવ્યા. કૃષ્ણ-બલરામને જોતા વસુદેવ ખૂબ આનંદમાં આવી આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ જાણતા હતા કે, શ્રીકૃષ્ણ સ્વયં પરમાત્મા છે. પરંતુ શ્રીકૃષ્ણએ વસુદેવની માફી માંગી કે તેમને આવવામાં મોડું થયું છે. (૧)

શ્રીકૃષ્ણ પણ વસુદેવ-દેવકીનો ખૂબ આદર કરતા અને દરેક પ્રકારની સેવા કરતા. કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ સમયે વસુદેવે ઋષિઓને કર્મ દ્વારા સંસારથી મુક્ત થવાનો માર્ગ પૂછ્યો ત્યારે ઋષિઓએ યજ્ઞ અનુષ્ઠાન કરાવ્યું અને કહ્યું કે, શ્રીકૃષ્ણ સ્વયં પરમાત્મા છે. દેવર્ષિ નારદજીએ પણ વસુદેવને અધ્યાત્મ જ્ઞાન અને ભક્તિના તત્ત્વો બતાવ્યા. (૧)

જ્યારે પ્રભાસ ક્ષેત્રમાં શ્રીકૃષ્ણે પોતાની અવતારલીલા સંકેલી અને તે સમાચાર વસુદેવને દારૂક દ્વારા મળ્યા ત્યારે પોતે પણ શંખોદ્ધાર તીર્થથી પ્રભાસ ગયા અને શ્રીકૃષ્ણને સંભારતા પોતાના દેહનો ત્યાગ કરી શ્રીકૃષ્ણના ધામમાં ગયા. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ વસુદેવનો ઉલ્લેખ કર્યો છે :

★ લોયાનું ૧૮મું વચનામૃત :

...અને શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ જન્મ સમયમાં વસુદેવ-દેવકીને ચતુર્ભુજરૂપે

દર્શન દીધું.

★ ગઢડા મધ્યનું ૧૦મું :

...જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધર્યો ત્યારે દેવકી-વસુદેવને ચતુર્ભુજ દર્શન દીધું..

★ ગઢડા મધ્યનું ૩૯મું :

...અને એ જે શ્રીકૃષ્ણ વાસુદેવ તેણે વસુદેવ દેવકીને પ્રત્યક્ષ ચતુર્ભુજરૂપે અદ્‌ભૂત બાળક થકા દર્શન દીધું.

★ વડતાલનું ૧૮મું :

...અને એ શ્રીકૃષ્ણ ભગવાને પોતાના જન્મ સમયમાં વસુદેવ દેવકીને પરમેશ્વરપણાની પ્રતીતિને અર્થે જે ચતુર્ભુજરૂપ દેખાડ્યા.

★ પાદટીપ :

(૧) **भक्तचरितांक :** કલ્યાણ. ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૬, વિશેષાંક. પાના નં. ૧૮૯થી ૧૯૦ અને
ભાગવત્ સ્કંધ : ૧, અધ્યાય : ૮

●

૮૯. કુંતાજી

કુંતાજી ભગવાનના કેવા ભક્ત હતા ? તે જોઈએ.

કુંતા માતા એક પરમ આદર્શ સતી નારી સાથે પાંડવોની માતા પણ હતા. શ્રીકૃષ્ણચંદ્રના તેઓ ફઈબા હતા. તે વસુદેવના સગા બહેન હતા. રાજા કુંતિભોજે તેમને ગોદે લીધા હતા. તેમના બાળપણનું નામ પૃથા હતું. તે બાળપણથી જ ભક્તિમય હતા.

એકવાર કુંતિભોજને ઘરે ખૂબ તેજસ્વી બ્રાહ્મણ અતિથિ રૂપે આવ્યા. પૃથા તેમની ખૂબ ભાવપૂર્વક સેવા કરતા. આવેલ બ્રાહ્મણનો વ્યવહાર અટપટો હતો. તે ગમે ત્યારે ઘરે આવતા, ગમે તે વસ્તુ ભોજન માટે માંગતા, પરંતુ પૃથા કંટાળ્યા વગર અને પ્રેમપૂર્વક તેમની સેવા કરતી. આમ એક વર્ષ સુધી સેવા કરી. ત્યારે બ્રાહ્મણ પૃથા ઉપર ખૂબ પ્રસન્ન થયા અને કાંઈક વરદાન માંગવાનું કહ્યું ત્યારે પૃથાએ ખૂબ સુંદર ઉત્તર આપ્યો કે તમે મારા પર પ્રસન્ન છો. તે જ મારા માટે આશીર્વાદ વરદાન છે. હવે મારે કોઈ વરદાનની જરૂર નથી. પૃથાની નાની અવસ્થામાં પણ આવી સમજણ જોઈ ભૂદેવ તેના પર ખૂબ પ્રસન્ન થયા. આથી પૃથાના ઈન્કાર છતાં તેને વરદાનરૂપે અથર્વવેદના શિરોભાગમાં આપેલા મંત્રોનો ઉપદેશ કર્યો કે, આ મંત્રથી તું જે જે દેવતાનું આહ્‌વાન કરીશ તે દેવતા તત્ક્ષણ તારી પાસે હાજર થશે અને તને આધીન થઈ જશે. (૧)

આવું વરદાન આપી બ્રાહ્મણ અંતર્ધાન થઈ ગયા. આ બ્રાહ્મણ તે દુર્વાસાઋષિ હતા. (૧)

આ મંત્રોથી કુંતાજીએ આગળ ઉપર ધર્મનિષ્ઠ અને શૂરવીર પુત્રો મેળવ્યા. જે પુત્રો યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામે ઓળખાયા. (૧)

લગ્ન પહેલાં કુંતાજીને ઋષિએ આપેલા મંત્રની ખાતરી કરવાની ઈચ્છા થતા તેણે સૂર્યદેવનું ધ્યાન કરી મંત્ર ઉચ્ચારણ કર્યું. તો તત્કાળ સૂર્યદેવ તેમની પાસે

હાજર થયા અને શું સેવા છે ? એમ પૂછતા કુંતાજીએ કહ્યું કે, મારે કોઈ વસ્તુની જરૂર નથી. મેં તો અમસ્તો જ જાણવા ખાતર મંત્રોચ્ચાર કરેલો. ત્યારે સૂર્યદેવે કહ્યું કે, મારું આગમન ખાલી ન જાય. તેથી તેમણે કુંતાજીને પોતાનો અંશ આપ્યો અને કહ્યું કે, બાળકને જન્મથી કવચ-કુંડળ હશે. (૧)

કુંતાજી કુંવારા હતા અને આ બાળકનો જન્મ થતાં લોકનિંદાને ભયે કુંતાજીએ બાળકને પેટીમાં સુવડાવી નદીમાં વહેવડાવી દીધો. તે બાળક એક સારથિને મળતા તેનું નામ કર્ણ રખાયું. તેથી કર્ણ કુંતાજીના પુત્ર હતા. (૧)

કુંતાજીના લગ્ન મહારાજા પાંડુ સાથે થયા. એકવાર તેણે મૃગયા કરતા અજાણતામાં મૃગના વેશમાં કામમગ્ન કિંદમ ઋષિની હિંસા કરી નાખતા તે શાપને પામ્યા કે, તું જ્યારે કામમગ્ન થઈશ ત્યારે તારું મૃત્યુ આવશે. તેથી પાંડુ ગ્લાનિ પામીને વનમાં રહેવા જતા રહ્યા અને ત્યાં સંયમપૂર્વક જીવન જીવતા. (૧)

પાંડુ રાજાને માદ્રી નામના બીજા પત્ની પણ હતા. જેઓ મદ્ર દેશના રાજાની કુંવરી ધૃતિના અંશરૂપ હતા. તેઓ કુંતિ કરતા ઘણાં રૂપાળા હતા. (૨) એકવાર પાંડુ રાજાને બ્રહ્મલોકની યાત્રાનો વિચાર થયો, પરંતુ પોતે સંતાનહીન હોવાથી સ્વર્ગના દ્વારમાં પ્રવેશ મળતો નથી. વળી પિતૃઋણમાંથી મુક્ત થવા માટે પણ સંતાનમાં પુત્ર હોવો જોઈએ. આથી પાંડુ રાજાએ કુતાજીને કહ્યું. ત્યારે કુંતાએ કહ્યું કે, મને દુર્વાસા મુનિ દ્વારા મંત્રશક્તિ મળી છે. જેનાથી હું દેવતાઓ દ્વારા પુત્ર પ્રાપ્ત કરી શકીશ. આમ, પાંડુરાજા સહમત થતા કુંતિએ પ્રથમ ધર્મરાજાનું આહ્‌વાન કર્યું. આથી તે દેવ પ્રગટ થઈને સંયોગથી પુત્રનું દાન કર્યું. જે ધર્મરાજા યુધિષ્ઠિર કહેવાયા. ત્યારબાદ દર વર્ષે ક્રમશઃ કુંતિએ અલગ અલગ દેવોના આહ્‌વાન દ્વારા પુત્રો પ્રાપ્ત કર્યા. જેમાં વાયુદેવ દ્વારા ભીમસેનનો જન્મ થયો. ત્યારબાદ ઈન્દ્ર મહારાજા દ્વારા અર્જુનનો જન્મ થયો. તે રીતે કુંતાજીએ માદ્રીને પણ મંત્ર દ્વારા પુત્ર મેળવવાનું કહ્યું. (કેમકે પાંડુ રાજાને શાપ હતો કે જો તેઓ કામમગ્ન થશે તો તેનું તત્કાળ મૃત્યુ થશે.) આથી માદ્રીએ અશ્વિનીકુમારોનું ચિંતવન કરતા, તેમના દ્વારા નકુલ અને સહદેવ નામના બે પુત્રો પ્રાપ્ત થયા. (૩)

ત્યારબાદ એકવાર પાંડુરાજા અને માદ્રી વસંતઋતુમાં વનમાં વિહાર કરી રહ્યા હતા ત્યારે માદ્રીનું રૂપ જોઈને પાંડુ અતિશય કામમગ્ન થયા અને માદ્રીની

અનિચ્છા હોવા છતાં તેની સાથે મૈથુનધર્મમાં પ્રવૃત્ત થતાં જ રાજા ઋષિના શાપને કારણે તત્કાળ મૃત્યુ પામ્યા. ત્યારબાદ માદ્રી પતિ સાથે અગ્નિમાં બેસી સતિ થયા. તેમના બંને પુત્રોની જવાબદારી કુંતાજીને સોંપી. (૩)

પતિના સ્વર્ગવાસ બાદ કુંતાજીનું જીવન ખૂબ કષ્ટમય બન્યું. પરંતુ તે ખૂબ વિચારશીલ અને ધીરજવાન હતાં તેથી દુર્યોધનના અત્યાચારો સહન કરતા રહ્યા. લાક્ષાગૃહમાં તેઓને પાંડવો સહિત મારી નાખવાની યોજના હતી. તેમાં વિદુરજીનો સાથ મળતા તેઓ બચી ગયા અને એક ચક્રી નગરમાં રહેવા લાગ્યા. (૧)

કુંતાજીના સમર્પણનો એક કિસ્સો જોઈએ

ગુપ્તવેષે પાંડવો એક નગરીમાં એક બ્રાહ્મણના ઘરે રહેતાં હતાં. તે નગર બહાર એક રાક્ષસ રહેતો હતો. તેને ભોજનમાં રોજ એક માણસ અને ગાડુ ભરીને અન્ન જોઈતું હતું. હવે નિયમ મુજબ વારા પ્રમાણે આ બ્રાહ્મણનો વારો આવ્યો. તેને રાક્ષસ પાસે મોકલવાનો હતો તેથી ઘરમાં રોકકળ થતી હતી. કુંતાજીએ કારણ પૂછતાં આવું જણાવ્યું તો કુંતાજીએ કહ્યું. તમારે એક જ પુત્ર છે, જ્યારે મારે પાંચ પુત્ર છે. તેથી હું મારા પુત્રને રાક્ષસ પાસે મોકલીશ. ત્યારે કુંતાજીએ માદ્રીના પુત્રને ન મોકલતા પોતાના શૂરવીર પુત્ર ભીમને રાક્ષસ પાસે મોકલી રાક્ષસનો વધ કરાવી ભૂદેવ કુટુંબની રક્ષા કરી. તે સાથે ગામલોકોને પણ રાક્ષસના ભયથી મુક્ત કર્યો. (૧)

ત્યાંથી પાંડવો પાંચાલ ગયા. સ્વયંવરમાં અર્જુને દ્રૌપદી પ્રાપ્ત કરી અને તેને ઘરે લાવ્યા. ત્યારે માતા કુંતાજી કામમાં લાગેલા ત્યારે પાંડવોએ કહ્યું, જો માતા! અમે ભિક્ષા લાવ્યા છીએ. ત્યારે માતાએ અજાણતામાં જ ઉત્તર દીધો કે, જે લાવ્યા છો તે પાંચેય જણા વહેંચી લો. માતાનો આદેશ થયો એટલે પાંચેય જણા મૂંઝાયા કે આના પાંચ ભાગ કેમ કરવા ? ત્યારે વ્યાસજીએ આવીને કહ્યું કે, દ્રૌપદી દૈવી સ્ત્રી છે. તેના નસીબમાં પાંચ પતિ પહેલેથી જ લખાયા છે તેથી માતાજીનું વાક્ય અર્થપૂર્ણ છે માટે દ્રૌપદીજીનો તમે આ રીતે સ્વીકાર કરો. તે સતી સ્ત્રી છે. (૧)

ત્યારબાદ ધૃતરાષ્ટ્રએ વિદુરજીને બોલાવી અર્ધુ રાજ્ય આપી ઈન્દ્રપ્રસ્થ વસાવી દીધું અને પાંડવો અને માતા ત્યાં નિવાસ કરીને રહ્યા. (૧)

પરંતુ દુર્યોધન સાથે જુગટુ રમતા યુધિષ્ઠિર પોતાનું સર્વસ્વ તથા ભાઈઓ

અને દ્રૌપદીજી પણ હારી જતા, પાંડવો વનમાં ગયા અને કુંતાજી તેટલો સમય વિદુરજીને ત્યાં રહ્યા. (૧)

વનવાસ બાદ જ્યારે પાંડવો પરત આવ્યા ત્યારે દુર્યોધને પાંડવોને એક તસુ જમીન-રાજ્ય આપવાની ના પાડી અને અપમાન કર્યું. શ્રીકૃષ્ણનું પણ અપમાન કર્યું ત્યારે કુંતાજીએ એક ક્ષત્રિયાણીને છાજે તેવી ભાષામાં પુત્રોને આદેશ આપ્યો કે, 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ પાર્થને કહો ચડાવે બાણ !' (૧)

મહાભારતનું યુદ્ધ થયું ત્યારે કર્ણ તો કૌરવોના પક્ષમાં હતા. તે મહા શૂરવીર અને બાણાવળી હતો. તેને પાંડવોના પક્ષમાં લેવા માટે કુંતાજી કર્ણ પાસે જઈને તેને સમજાવે છે તથા તેના જન્મ સમયની કથા કહે છે કે તું સૂર્યપુત્ર છો. છતાં કર્ણ સાથ આપવાની ના પાડે છે અને જેણે મને આશ્રય આપ્યો છે તેવા મારા મિત્ર દુર્યોધનને હું સાથ આપીશ તેવું કહેતા માતા નિરાશ વદને પરત ફરે છે. (૧)

મહાભારત યુદ્ધમાં કૌરવોનો વિનાશ થયો અને પાંડવોને રાજ્ય મળ્યું. ત્યારે મહાભારતના યુદ્ધમાં આટલો વિનાશ, બહેનો અને માતાઓનો વિલાપ જોઈ કુંતાજીનું હૃદય દ્રવી ઉઠ્યું અને પોતે હસ્તિનાપુર આવવાની ના પાડે છે. ત્યારે ભીમે પૂછ્યું : તો આ યુદ્ધ માટે તમે આદેશ કેમ આપ્યો ? ત્યારે માતા કહે છે કે, તમે કાયર બની બેસી ન રહો, ક્ષત્રિયોને અનુરૂપ જીવન જીવો તથા અધિકારને તમે મેળવો તે માટે મેં આ આદેશ આપેલો. પરંતુ મારે હવે તમારી સાથે રાજ્યમાં પાછા ફરવું નથી. મારે રાજ્યસુખની ઇચ્છા નથી. તેથી હું વનવાસી થયેલા જેઠ, જેઠાણી (ધૃતરાષ્ટ્ર, ગાંધારી)ની પાસે જઈ તેની સેવા કરવા ઇચ્છું છું. તમે નીતિપૂર્વક રાજ્ય કરી પ્રજાની સેવા કરો તેમ આશીર્વાદ આપી વનમાં સિધાવ્યા. ત્યાં અંત સમય સુધી તેમની સેવા કરી અને વનમાં લાગેલા દાવાનળમાં ધૃતરાષ્ટ્ર-ગાંધારી સાથે બળીને યોગીઓની જેમ પોતાના શરીરનો ત્યાગ કર્યો. (૧)

કુંતાજીએ કદી સાંસારિક સુખ ન ભોગવ્યું. વિવાહ બાદ દરેક ક્ષણે મુશ્કેલીનો સામનો કર્યો. પતિ સાથે જંગલમાં ભટક્યા. પાંચ બાળકોનો ઉછેર કર્યો. બીજાની આશ્રિતા બનીને વિદુરજીના ઘરે રહ્યા. પરિવારજનોનો સંહાર નિહાળ્યો. છેવટે રાજ્યસુખ પણ ન ભોગવ્યું. તેમની આખી જિંદગી દુઃખમાં જ વીતી પણ તેનું સદ્‌ભાગ્ય એ હતું કે દરેક સમયે શ્રીકૃષ્ણ પ્રભુ પોતાની પાસે હતા. આથી શ્રીકૃષ્ણે

યુદ્ધ બાદ કુંતાજીને પોતા પાસે કાંઈક માંગવાનું કહ્યું ત્યારે તેણે કહ્યું કે, 'શ્રીકૃષ્ણ તમે મને સદાય દુઃખ જ આપજો.'

શ્રીકૃષ્ણ તેનું કારણ પૂછ્યું ત્યારે માતા જે કહે છે તે ભાગવતમાં સુંદર રીતે વર્ણવેલ છે :

विपदः सन्तु नः शश्वत्तत्र तत्र जगद्गुरो
भवतो दशनं यत्सादपुनर्भव दर्शनम् ॥ (२५)

અમારા જીવનમાં ડગલે-પગલે વિપત્તિઓ આવતી રહો. કારણ કે વિપત્તિઓમાં જ નિશ્ચિતપણે આપના દર્શન થતા રહે છે અને આપના દર્શન થવાથી જીવને જન્મ-મરણના ચકરાવામાં આવવું પડતું નથી.

વળી શ્રીકૃષ્ણ પાસે માંગે છે :

स्वकर्मफल निर्दिष्टां यां यां योनिं वजाभ्यहम् ।
तस्यां तस्यां ऋषिकेश त्वयि भक्ति दृढाऽस्तु मे ॥

પોતાના કર્મોના ફળરૂપ મળેલી જે જે યોનિમાં હું જાઉં તે તે યોનિમાં હે ઋષિકેશ ! તમારા વિષે મને દૃઢ ભક્તિ થાઓ.

એટલે કે ઉપરોક્ત ૨૫માં શ્લોકમાં કુંતામાતા શ્રીકૃષ્ણ પાસે કષ્ટ જ માંગે છે જેથી તેમના નિત્ય દર્શન થતા રહે. તેમણે પોતાનું દુઃખ દૂર કરવાનું કદી ન માંગ્યું. પણ પ્રભુનું નિત્ય સાંનિધ્ય માગ્યું. વળી જે જે યોનિમાં પોતે જન્મ લે તેમાં તેમને શ્રીકૃષ્ણના વિષે દૃઢ ભક્તિ રહે તેવું જ માંગ્યું. સમજણ અને બુદ્ધિની પરમકક્ષા અને પરાકાષ્ઠા કહેવાય. એટલે જ સંપ્રદાયના બહેનોની ભક્તિ કુંતામાતા જેવી છે તેમ ઉપમા શ્રીહરિ ગ.પ્ર. ૬૩માં કહે છે.

વચનામૃતમાં અનેક જગ્યાએ શ્રીહરિએ કુંતાજીની સમજણને વખાણી તેમનો ઉલ્લેખ કર્યો છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :

...અને જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ, દ્રૌપદી, કુંતાજી, સીતા ... એવી છે.

★ વચનામૃત પંચાળનું ૧લું :

...તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રુક્મિણી, સત્યભામા આદિક ભગવાનની પટરાણીઓ તથા સાંબ જે ભગવાનના પુત્ર ... તેમના વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે.

★ વચનામૃત પંચાળાનું ૪થું :

...તથા સૂર્ય છે તેને કુંતાજીએ દુર્વાસાના આપેલ મંત્રે કરીને તેડ્યા ત્યારે સૂર્ય કુંતાજી પાસે આવ્યા તે મનુષ્યરૂપે જેવા કુંતાજી હતા તેવા જ સૂર્ય થઈને આવ્યા ત્યારે તેના અંગસંગનું સુખ આવ્યું ને કર્ણરૂપ ગર્ભ રહ્યો. પણ જેવા સૂર્ય પ્રકાશવાન છે તેવા પ્રકાશે સહિત આવ્યા હોત તો કુંતાજી બળી મરત.

★ પાદટીપ :

(૧) **नारी अंक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર, વર્ષ : ૨૨, પાના નં. ૫૭૭થી ૫૮૨

(૨) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૭, પાના નં. ૭૧૫૫ (માદ્રી)

(૩) **संक्षिप्त महाभारत :** ગીતા પ્રેસ, ગોરખપુર, વર્ષ : ... પાના નં. ૫૯થી ૬૪.

●

૮૭. યુધિષ્ઠિર

યુધિષ્ઠિર જે ધર્મરાજા ગણાય છે તે વિષે જોઈએ :

તેઓ પાંચ પાંડવોમાં સૌથી મોટા હતા. તેઓ પાંડુ રાજાના કુંતીથી થયેલા પુત્ર હતા. તેઓનો જન્મ દિવ્ય રીતે યમ એટલે કે ધર્મના મંત્ર પ્રભાવથી થયો હતો. તે માટે તેમને ધર્મરાજા કહેતા. તેઓ સ્વભાવે ધર્મભીરૂ, દયાળુ હતા તેથી તેમનો કોઈ દ્વેષ કરતું નહીં. આથી તેઓ અજાતશત્રુ ગણાતા. તે રથવિદ્યા અને બર્બર ભાષામાં પ્રવીણ હતા. તેમનું ઐશ્વર્ય જોઈ દુર્યોધન તેમની ઈર્ષા કરતો અને જુગટુ નિમિત્તે તેમને બોલાવી તેમની સંપત્તિ અને દ્રૌપદી હરી લીધી. (અગાઉ રાજાઓમાં જુગટુ રમવાની પ્રથા હતી. શૂરવીર રાજા પણ જો રમવાની ના પાડે તો તેની નામોશી ગણાતી આથી, તેઓ ધર્મરાજા હોવા છતાં મોભાના પ્રતીક રૂપે જુગટુ રમ્યા) પરંતુ ધૃતરાષ્ટ્રે તેમને બધી સંપત્તિ અને દ્રૌપદી પાછા આપી દીધા, પરંતુ જુગારમાં જો ફરીથી હારે તો પાંડવોને બાર વર્ષ વનવાસ અને એક વર્ષ ગુપ્ત વાસ રાખવો એવી શરત કરી ફરી જુગટુ રમાડ્યા અને તેમાં યુધિષ્ઠિર ફરી વાર હાર્યા. શરત મુજબ બધાએ વનવાસ લીધો અને તે દરમ્યાન ધૌમ્ય ઋષિને પાંડવો સાથે લઈ ગયા હતા. વનમાં અનેક સંતો, બ્રાહ્મણો યુધિષ્ઠિર પાસે આવતા. શરૂઆતમાં તો બધા ફળફૂલ ખાઈને ગુજારો કરતા પરંતુ સંખ્યા વધવાથી ધૌમ્ય ઋષિના આદેશ મુજબ તેમણે સૂર્યનારાયણની ઉપાસના કરી અક્ષયપાત્ર મેળવ્યું જેનાથી રોજ દરેકને ઈચ્છા મુજબ યથોચિત ભોજન મળતું. (૧)

વનવાસ દરમ્યાન જ્યારે પાંડવો વનમાં હતાં ત્યારે તેમના નિત્ય શત્રુ દુર્યોધન પોતાના ઐશ્વર્ય બળ સાથે ત્યાં આવે છે. તેનો ઈરાદો પોતાનો વૈભવ બતાવીને પાંડવોને દુઃખ પહોંચાડવાનો હતો, પરંતુ તે સમયે અર્જુનના મિત્ર ચિત્રસેન નામના ગંધર્વે કૌરવોનો આ ઈરાદો જાણી તેની સાથે યુદ્ધ કરી તેને જીતી લીધો અને સ્ત્રીઓ સહિત કેદ કર્યો. આ સમાચાર જાણી ભીમસેન ખૂબ રાજી થયો પરંતુ યુધિષ્ઠિરે કહ્યું કે, ગમે તેમ તોય કૌરવો આપણા ભાઈઓ છે તેના આ સંકટ સમયે આપણે

તેમને મદદ કરવી જોઈએ તેમ કહી કૌરવોને મદદે ગયા અને ગંધર્વને હરાવી દુર્યોધનને છોડાવ્યો. આમ, યુધિષ્ઠિરની સત્યનિષ્ઠા સરાહનીય હતી. (૨)

વનમાં ભીમ અને અર્જુન યુધિષ્ઠિરને કૌરવો સાથે યુદ્ધ કરવા નિત્ય સમજાવતા અને મેણાં પણ મારતા. તેમ છતાં યુધિષ્ઠિર પોતાના વચન ઉપર અટલ જ રહ્યા કે આપણને આપેલ ૧૨ વર્ષનો વનવાસ અને એક વર્ષનો ગુપ્તવાસ મારે ભોગવવો જ છે. હું સત્યને જીવનથી વધારે મહત્ત્વ આપું છું. હું ફળ માટે સત્ય વચનને નથી અનુસરતો પણ સત્ય એ જ મારા માટે ધર્મ છે તેમ કહેતા. (૨)

વનમાં તળાવે પાણી ભરવા જતા તેના ચોકીયાત યક્ષે પોતાના પ્રશ્નનો જવાબ ન આપતા વારાફરતી બધા ભાઈઓને મૃત્યુને શરણ પહોંચાડ્યા. છેલ્લે યુધિષ્ઠિર પોતે પાણી ભરવા ગયા અને યક્ષને તેના પ્રશ્નનો યથાર્થ ઉત્તર આપતા યક્ષે તેમને કહ્યું કે, તમારા આ ભાઈઓમાંથી તમે કહો તે એકને હું જીવિત કરું ત્યારે યુધિષ્ઠિરે પોતાની બે માતા પૈકી એક માતા માદ્રીના પુત્ર નકુલને જીવિત કરવાનું કહ્યું, કેમકે બે માતામાંથી એક માતાનો પુત્ર જીવિત અને બીજી માતાનો પુત્ર પોતે તો જીવત છે. આવો બુદ્ધિગમ્ય ઉત્તર આપતા યક્ષ તેમની સમજણ ઉપર ખૂબ ખુશ થયા અને પોતાનું અસલ ધર્મરાજાનું સ્વરૂપ પ્રગટ કરી બધા ભાઈઓને જીવિત કરી આશીર્વાદ આપ્યા. (૨)

એક વર્ષના ગુપ્તવાસ દરમ્યાન તેઓ વિરાટનગરી (હાલનું ધોળકા) જાય છે. ત્યાં વિરાટ રાજાને ત્યાં કંક નામ ધારણ કરી રાજાને વિદ્યા શીખવાડે છે. એક વર્ષ રહ્યા બાદ વનવાસ પૂરો કરી ધૃતરાષ્ટ્ર પાસે આવી રાજ્યનો અર્ધો ભાગ દુર્યોધન પાસે માગ્યો. પણ તેણે તસુભાર જમીન આપવાની ના પાડતા શ્રીકૃષ્ણને વિષ્ટિ માટે બોલાવ્યા. પરંતુ દુર્યોધન માન્યો નહીં. અંતે કૃષ્ણ અને કુંતા માતાના આદેશથી યુદ્ધનો નિર્ણય થયો અને મહાભારતનું યુદ્ધ થયું.

યુદ્ધમાં કૌરવોનો પરાજય થયો અને કૌરવકુળનો નાશ થયો. યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો. જ્ઞાતિવધનું પાપ ધોવાને માટે તેમણે અશ્વમેઘ યજ્ઞ કરી બ્રાહ્મણોને યથોચિત દાન આપ્યું. તેમણે આખાય રાજ્યમાં યોગ્ય ધર્મનું સ્થાપન કરી પાંત્રીશ વર્ષ પર્યંત ખૂબ નીતિપૂર્વક રાજ્ય કર્યું. (૩)

શ્રીકૃષ્ણના સ્વધામ ગમન બાદ શ્રીકૃષ્ણનો વિરહ સહન ન કરી શકવાથી યુધિષ્ઠિરે હસ્તિનાપુર રાજ્ય અર્જુનના પુત્ર પરીક્ષિતને સોંપ્યું. (૧)

જીવનની સંધ્યાએ પાંચ પાંડવ સહિત દ્રૌપદી હિમાલય જાય છે. ત્યારે તેમની

સાથે એક કૂતરો પણ સાથે સાથે આવે છે. હિમાલય ગાળતા વારાફરતી ચાર ભાઈઓ મૃત્યુ પામે છે ત્યારે ઈન્દ્ર સ્વયં રથ લઈને આવે છે અને યુધિષ્ઠિરને સદેહે સ્વર્ગમાં પધારવા કહે છે ત્યારે યુધિષ્ઠિર કહે છે કે, આ કૂતરો મારો સાથી છે તે પણ મારી સાથે આવશે. ત્યારે ઈન્દ્ર આવો મોહ મૂકી દેવા સમજાવે છે. ત્યારે પોતે કહે છે કે મારા ઐશ્વર્ય માટે હું મારા સંગી સાથી કૂતરાને છોડીને આવી ન શકું. મારે સ્વર્ગ નથી જોઈતું. આવી કસોટીમાંથી પોતે પાસ થતા કૂતરાને બદલે સાક્ષાત્ ધર્મરાજા પ્રગટ થાય છે અને તેમને સ્વર્ગ તરફ લઈ જાય છે. (૨)

રસ્તામાં નરક આવે છે. ત્યાં દ્રૌપદી સહિત પોતાના બધા ભાઈઓ નરકની પીડા ભોગવતા ચિત્કાર કરતા જોઈને યુધિષ્ઠિર કહે છે કે, મારા ભાઈઓ જ્યાં હોય ત્યાં જ મારે રહેવું છે. મારે ભાઈઓને મૂકીને સ્વર્ગનું સુખ નથી જોઈતું. આમ કહે છે ત્યાં તો માયાવી નરક અદૃશ્ય થઈ જાય છે અને સમગ્ર દેવતાઓ સહિત શ્રીકૃષ્ણના દર્શન થાય છે. આમ પોતે પોતાના ભાઈઓ સહિત શ્રીકૃષ્ણના દર્શન કરી આશીર્વાદને પાત્ર થાય છે. (૨) અને સ્વર્ગમાં નિવાસ કરીને રહે છે.

વચનામૃતમાં શ્રીહરિએ યુધિષ્ઠિરનો અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૯મું :

...'રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું તો પણ સાધુતા રાખી હતી.'

યુધિષ્ઠિરે પોતાના અપમાન અને કષ્ટ છતાં સાધુતા રાખી હતી. તે પ્રસંગ જોઈએ :

પાંડવોના રાજસૂય યજ્ઞ સમયે સૌપ્રથમ પૂજન શ્રીકૃષ્ણનું થયું ત્યારે ઈર્ષાળુ શિશુપાલ બળી ઉઠ્યો. યુધિષ્ઠિરના આ નિર્ણય સામે તે યુધિષ્ઠિરનું અપમાન કરી જેમ તેમ બોલવા લાગ્યો. આ જોઈ પાંડવો વગેરે ગુસ્સે થઈ ગયા. તેમ છતાં યુધિષ્ઠિરે ધીરજ રાખી પોતે શિશુપાલને સમજાવવા ગયા. છતાં તે ન માન્યો. શ્રીકૃષ્ણને ગાળો દેવા માંડ્યો. અંતે શ્રીકૃષ્ણ ભગવાને સુદર્શન ચક્ર છોડી તેનો શિરચ્છેદ કર્યો. (૪)

પાંડવોના વનવાસ દરમ્યાન જયદ્રથે દ્રૌપદીનું હરણ કર્યું. તે પાંડવોનું અપમાન હતું. બધા તેની સાથે લડવા તૈયાર થયા. ત્યારે પણ યુધિષ્ઠિરે સમતા રાખી જયદ્રથનું ફક્ત અડધું મુંડન કરી જીવતો જવા દીધો. પાંડવોના એક વર્ષના અજ્ઞાત વાસ દરમ્યાન વિરાટ નરેશે યુધિષ્ઠિરનું અપમાન કર્યું. તેમ છતાં યુધિષ્ઠિરે ક્ષમાભાવ રાખી તેને માફ કર્યો. (૪)

આમ, યુધિષ્ઠિરે રાજા હોવા છતાં ક્ષમાભાવના અને સાધુતા રાખી હતી.

★ વચનામૃત : ગઢડા પ્રથમનું ૭૨મું :

...અને મહાભારતમાં ભીષ્મપિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું જે, જો ગરીબને કલ્પાવીશ તો તારા વંશે સહિત બળીને ભસ્મ થઈ જઈશ.

જ્યારે ભીષ્મ કુરુક્ષેત્રમાં મહાભારતના યુદ્ધ બાદ બાણશૈયા પર હોય છે ત્યારે યુધિષ્ઠિર તેમની પાસે જ્ઞાન લેવા જાય છે ત્યારે ભીષ્મદાદા તેને રાજ્યધર્મ સમજાવી ઉપરોક્ત શબ્દો કહે છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૯મું :

(૧) યુધિષ્ઠિર રાજાને તો શાસ્ત્રના વચનનું બળ હતું.

(૨) ...અને યુધિષ્ઠિરે કંઈ પાપ કર્યું નહિ તો પણ શાસ્ત્રના વચનનો વિશ્વાસ હતો તેણે કરીને એમ જાણ્યું જે, મારું કોઈ કાળે કલ્યાણ નહિ થાય.

આનો પ્રસંગ જોઈએ તો :

મહાભારતનું યુદ્ધ ચાલતું હતું ત્યારે કૌરવ પક્ષે ગુરુ દ્રોણાચાર્ય ભયંકર યુદ્ધ લડી રહ્યા હતા અને પાંડવસેનાનો નાશ કરી રહ્યા હતા. આ જોઈ શ્રીકૃષ્ણને લાગ્યું કે, ગુરુ જો આમને આમ ટકી રહેશે તો પાંડવ સેનાનું બચવું મુશ્કેલ છે. તેથી તેણે ભીમને કહ્યું કે, તું અશ્વત્થામાં નામના હાથીને મારી નાંખ અને જોર જોરથી બોલ કે, અશ્વત્થામાં હણાયો હણાયો. આ વચન ગુરુ દ્રોણ સાંભળશે એટલે તે યુદ્ધ મૂકી દેશે કેમકે ગુરુએ એવી પ્રતિજ્ઞા લીધેલ કે જ્યાં સુધી મારો પુત્ર જીવિત હશે ત્યાં સુધી જ હું લડીશ. જો પુત્ર મૃત્યુ પામશે તો હું શસ્ત્રને અડીશ નહીં. ગુરુએ આ શોર સાંભળ્યો એટલે તેને થયું કે, ભીમ તો અનાડી છે. તે ખોટું બોલતો હોય તો ? તેથી સત્યની ખાતરી કરવા માટે તેણે યુધિષ્ઠિરને પૂછ્યું કે, આ હણાયાની વાત સાચી છે ?

શ્રીકૃષ્ણે અગાઉ યુધિષ્ઠિરને ચેતવી દીધેલ કે, તમને ગુરુ આવો પ્રશ્ન પૂછે તો તમે હા પાડજો કે અશ્વસ્થામા હણાયો છે. કેમકે કૌરવોએ તમારી સાથે અનેકવાર બેઈમાની કરે છે માટે તમારે એકવાર ખોટું ભલે બોલવું પડે. પરંતુ રાજા યુધિષ્ઠિરે પ્રભુનું વચન પણ ન માન્યું અને એવું બોલ્યા કે,

अश्वत्थामा हतः नरो वा कुंजरो वा ।

એટલે કે અશ્વત્થામાં હણાયો છે પણ તે હાથી કે તમારો પુત્ર (તે હું જાણતો નથી) ગુરુએ આ વાક્ય સાંભળ્યું અને તેણે યુધિષ્ઠિરના વચનમાં વિશ્વાસ રાખી

શસ્ત્ર હેઠા મૂકી દીધા અને તેનું મૃત્યુ થયું.

આમ, યુધિષ્ઠિરને એવું લાગ્યું કે, આ અર્ધસત્ય વાક્ય બોલી મેં પાપ કર્યું છે. માટે મારું કલ્યાણ નહીં થાય. ભલે સાક્ષાત્ પ્રભુએ ખોટું બોલવા મને કેમ ન કહ્યું હોય ?

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૬મું :

...અને બીજી યુધિષ્ઠિરની પેઠે ધર્મનિષ્ઠા એ બે નિષ્ઠા છે.

યુધિષ્ઠિરને ધર્મનિષ્ઠા પ્રધાન હતી. પોતે નખશીખ સત્યવાદી હતા અને આ સાચને કારણે તેનો રથ યુદ્ધભૂમિમાં જમીનથી એક વેંત અદ્ધર ચાલતો.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ : ૮, પાના નં. ૭૪૬૨

(૨) **भक्त चरितांक :** કલ્યાણ - ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૧૩થી ૧૧૪

(૩) **બહુરત્ના વસુંધરા** સંપાદક : હરિપ્રકાશદાસજી સ્વામી, સ્વામિનારાયણ આશ્રમ, ઋષિકેશ. વર્ષ - ૨૦૦૯, પાના ૪૨૪થી ૪૩૫

(૪) **संक्षिप्त महाभारत :** ભાગ-૨, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૭૭૬થી ૭૭૭, ૧૪૭થી ૧૫૧

●

૮૮. અર્જુન

અર્જુન ગુડાકેશ કહેવાતા. એટલે નિદ્રાને જીતનાર કહેવાય. તેઓ નરનારાયણ પૈકી નરનો અવતાર હતા.

અર્જુન આ પૃથ્વી પરના અજોડ બાણાવળી અને વીર નર હતા. તેઓ ચંદ્રવંશીય પુરુકુલોત્પન્ન પાંડુ રાજાની સાધ્વી રાણી કુંતાને ઉદરે જન્મેલા. અર્જુન દુર્વાસા ઋષિના મંત્ર પ્રભાવે ઇંદ્ર અંશથી દ્વાપર યુગમાં જન્મ્યા. અર્જુન અને શ્રીકૃષ્ણ નરનારાયણનો અવતાર ગણાય છે. દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શીખી તે સાથે ગુરુનો પ્રેમ પણ સંપાદન કર્યો હતો. ગુરુએ તેમને પ્રસન્ન થઈને બ્રહ્માંડનો લય કરે એવું બ્રહ્મ નિરો નામે અસ્ત્ર આપ્યું હતું. પોતે યોદ્ધા છતાં ધર્મપાલક, કોમળ હૃદયના, મર્યાદાશીલ, સત્યવાદી, ગૌબ્રાહ્મણ પ્રતિપાલક હતા. તે સાથે શ્રીકૃષ્ણ સાથે તેમને સખાભાવ હતો. (૧)

મત્સ્ય વેધ કરી અર્જુન દ્રૌપદીજીને પરણ્યા. કુંતામાતાના આદેશથી દ્રૌપદી પાંચ પતિના પત્ની બન્યા. દરેક ભાઈ એક-એક વર્ષ દ્રૌપદીજી સાથે રહેતા. આ રીતે એકવાર દ્રૌપદી યુધિષ્ઠિરના કક્ષમાં હતા ત્યારે એક બ્રાહ્મણની ગાય ચોર લઈ ગયા અને બ્રાહ્મણ અર્જુન પાસે ગયો. અર્જુન મદદ કરવા તત્પર થયા. તે સમયે એવું નક્કી થયેલું કે દ્રૌપદી જે ભાઈના કક્ષમાં હોય ત્યારે બીજા ભાઈએ ત્યાં ન જવું. પરંતુ અર્જુનના શસ્ત્રો ત્યાં પડ્યા હોવાથી તેઓ તે નિયમનું ઉલ્લંઘન કરીને ત્યાં ગયા અને શસ્ત્રોથી ગાય-બ્રાહ્મણની રક્ષા કરી. ત્યારબાદ તે નિયમના ભંગ બદલ તેમણે બાર વર્ષ સુધી વનવાસ ભોગવેલો. (૨)

તેમણે મહાદેવને તપ દ્વારા પ્રસન્ન કરી પાશુપતાસ્ત્ર નામનું દિવ્ય અસ્ત્ર મેળવેલું. પરંતુ તે અસ્ત્રનો ઉપયોગ તેમણે પોતાના પ્રાણનાશ થાય તેવા સંજોગોમાં પણ ન કર્યો. કેમકે તેમને શ્રીકૃષ્ણ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો કે તે મારું સર્વથા રક્ષણ કરશે. આ ભાવથી જ શ્રીકૃષ્ણ નિરંતર તેના પડછાયો બનીને સર્વ પ્રકારે તેનું રક્ષણ કરતા અને તેનું હિત થાય તેવું કરતા. આ એક ખૂબ મહત્ત્વની બાબત છે. (૧)

અર્જુન કેવા નિયમ વ્રતધારી અને સંયમી પુરુષ હતા ? તેનો એક પ્રસંગ જોઈએ :

એકવાર પોતે ઈન્દ્રની સભામાં ઉર્વશીનું નૃત્ય જોતા હતા. આ જોઈને ઈન્દ્રને થયું કે અર્જુન ઉર્વશી ઉપર આસક્ત છે તેથી ઉર્વશીને રાત્રે અર્જુનની સેવામાં મોકલી. ઉર્વશી પણ અર્જુન પર મોહિત હતી. આથી, તેણે પોતાને સુખ આપવા અતિ આગ્રહ કર્યો. પરંતુ અર્જુને તેમને પોતાના પૂર્વજ પુરુવંશના મહારાજાની પત્ની એટલે મારી માતા સમાન ગણાઓ તેમ કહી ઈન્કાર કર્યો. આથી, ઉર્વશી તેના ઉપર રોષે ભરાઈ અને અર્જુનને એક વર્ષ સુધી નપુંસક રહેશે તેવો શાપ આપ્યો. આ શાપ અર્જુનને એક વર્ષના અજ્ઞાતવાસ દરમ્યાન કામ લાગ્યો. વિરાટનગરીની રાજાની પુત્રીને પોતે નૃત્ય શીખવતી વખતે બૃહન્નલા (વ્યંઢળ) બન્યા અને નૃત્ય શીખવ્યું. (૧)

મહાભારતના યુદ્ધમાં દુર્યોધને શ્રીકૃષ્ણની વિરાટ યાદવ સેના માંગી. જ્યારે અર્જુને હથિયાર ધારણ નહીં કરનાર શ્રીકૃષ્ણનો જ સાથ માંગ્યો. જે અર્જુનની કૃષ્ણ પ્રત્યેની ભક્તિ, સમર્પણ, પ્રેમ, વિશ્વાસ, આધીનપણું દર્શાવે છે. (૧)

મહાભારતના યુદ્ધના દરેક પ્રસંગોમાં દરેક મહારથીને મારવામાં અર્જુનને શ્રીકૃષ્ણની જ મદદ મળી હતી. તેમની સલાહ કે કૃપા વગર યુદ્ધ જીતી શકાયું ન હોત.

યુદ્ધ પહેલા શ્રીકૃષ્ણે અર્જુનને ગીતાનો ઉપદેશ આપી અજોડ કર્મનિષ્ઠ બનાવી દીધેલ. જ્યારે ભીષ્મે પાંડવોને મારવાની પ્રતિજ્ઞા લીધી ત્યારે તે રાત્રે અર્જુન ઘસઘસાટ ઉંઘતા હતા. તેમને પોતાના પ્રાણની જરાય ચિંતા ન હતી કેમકે તેનું ધ્યાન રાખનારા પ્રાણરક્ષક શ્રીકૃષ્ણ જાગતા હતા. કેવો સમર્પણ ભાવ ! (૧)

પાંડવોને વિજય અપાવવામાં તે સાથે વનવાસ દરમ્યાન પાંડવોનું રક્ષણ કરવામાં શ્રીકૃષ્ણ સદાય પાંડવોની સાથે જ હતા. (૧)

અર્જુનને ગુરુ દ્રોણે ગુરુદક્ષિણામાં દ્રુપદ રાજાને બાંધીને લાવવાનું કહ્યું. કેમકે ગુરુ દ્રુપદ રાજાથી અપમાનિત થયા હતા. અર્જુન ગયા અને દ્રુપદને હરાવીને ગુરુ પાસે લાવ્યા. (૧)

કામ્યવનમાં મહાદેવનું તપ કરીને તેમને પ્રસન્ન કરીને કવચ અને કુંડળ મેળવ્યા. પછી હનુમાનજી પાસે રામકથા સાંભળી ત્યારે અર્જુને હસીને પૂછ્યું કે, રામચંદ્ર આટલા બળવાન હતા તો બાણથી પુલ કેમ ન બાંધ્યો

? હનુમાનજી કહે બાણનો પુલ તો ભાંગી જાય. અર્જુને એક યોજન લાંબો પુલ બાણથી બનાવ્યો ત્યારે હનુમાનજીએ તેના પર પગ મુકીને ભાંગી નાખ્યો. ત્યારે શ્રીકૃષ્ણ બ્રાહ્મણરૂપે આવ્યા ને કહ્યું કે, પુલ ભાંગી નાખ્યો તેની સાક્ષી કોણ આપે ? માટે ફરીથી પુલ બાંધો અને હનુમાનજી ભાંગી નાખે તો હું સાક્ષી બનીને એ વાત સાચી માનું. આથી, અર્જુને ફરીથી પુલ બાંધ્યો ત્યારે શ્રીકૃષ્ણે પુલ નીચે અદૃશ્યરૂપે પોતાનું સુદર્શન ચક્ર રાખ્યું જેથી પુલ તૂટ્યો નહીં. આથી, શરત મુજબ હનુમાનજી અર્જુનના રથની ધજાના રક્ષણકર્તા તરીકે વિરાજમાન થયા. આમ, શ્રીકૃષ્ણે અર્જુનના અભિમાનને તોડ્યું અને તે સાથે અર્જુનના ગૌરવની પણ રક્ષા કરી. (૨)

મહાભારતના યુદ્ધના વિજય બાદ શ્રીકૃષ્ણ દ્વારિકા ગયા. કેટલાક સમય બાદ શ્રીકૃષ્ણ સ્વધામ જતા પાંડવોને ખાસ કરીને અર્જુનને તેમનો ખૂબ વિરહ થયો. પછી બધા પાંડવો હિમાલયમાં જઈ ત્યાં તપ કરીને દિવ્યગતિને પામ્યા. (૨)

વચનામૃતમાં શ્રીહરિએ અર્જુનનો અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છે.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૬મું :

...જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનની પ્રતિજ્ઞા રાખવાને કાજે બ્રાહ્મણનો પુત્ર લેવાને ગયા ત્યારે દ્વારિકામાંથી રથ ઉપર બેસીને અર્જુન સહિત ચાલ્યા...

પોતાના ભક્તની પ્રતિજ્ઞા રાખવા સારું શ્રીકૃષ્ણ કેવો દાખડો કરે છે તે પ્રસંગ જાણીએ :

દ્વારિકામાં એક બ્રાહ્મણને ઘરે પુત્ર જન્મ થાય અને તરત તેનું મૃત્યુ થઈ જતું. આવું નવ વખત થયું. આથી, બ્રાહ્મણ તેના મૃત પુત્રને લઈને શ્રીકૃષ્ણ પાસે આવ્યો અને ઘા નાખી કે, જે રાજા હિંસામાં રત હોય, જિતેન્દ્રીય ન હોય તેવા રાજાના રાજ્યમાં આવા બનાવ બને. રાજા પાપી હોય તો જ મારે આવું દુઃખ આવે. તે સમયે અર્જુન દ્વારિકા આવેલા. તેણે બ્રાહ્મણને આશ્વાસન આપીને કહ્યું કે, હું તમારા બાળકની રક્ષા કરીશ અને જો રક્ષા ન થાય તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. પછી દસમાં બાળકના જન્મ સમયે અર્જુને બ્રાહ્મણના ઘરને બાણોથી ઢાંકી દીધું જેથી કાળ ન આવે પણ આ વખતે તો બાળક જન્મીને અદૃશ્ય થઈ ગયું. આથી, બ્રાહ્મણ રડવા લાગ્યો. અર્જુન બાળકની રક્ષા ન કરી શક્યા. આથી ચીત્તામાં બળવા તૈયાર થયા. ત્યારે શ્રીકૃષ્ણ અને અર્જુન સાત દ્વીપો, પર્વતો, સમુદ્રો અને લોકાલોક પર્વતને

પાર કરી માયાના ઘોરતમને પોતાના સુદર્શન ચક્રથી કાપી અનંત જળના સમુદ્રમાં પહોંચ્યા અને ભગવાન ભૂમાપુરુષ પાસેથી બાળકને જીવંત લઈ બ્રાહ્મણને આપ્યો. (૨) આમ, અર્જુનની રક્ષા થઈ.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૦મું :

...અને ધનુષ્યના ધરતલ અર્જુન છે ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે.

અર્જુનને શ્રીકૃષ્ણમાં અચલ વિશ્વાસ, શ્રદ્ધા અને ભક્તિ હતા. તેની સ્વરૂપ નિષ્ઠા અચળ હતી. તેથી લક્ષ્મી વિજય વગેરે અર્જુન પાસે નિવાસ કરીને રહ્યા હતા.

★ વચનામૃત કારિયાણીનું ૮મું :

...અને વળી અર્જુનને પોતાની મૂર્તિને વિષે બ્રહ્માંડ દેખાડ્યું અને અર્જુન વિના જે બીજા હતા તે તો સાડા ત્રણ હાથની ભગવાનની મૂર્તિને દેખતા હતા.

કુરુક્ષેત્રના યુદ્ધ પહેલા અર્જુન શ્રીકૃષ્ણને મહાપુરુષ અને પોતાના સખા સ્વરૂપ જ માનતા હતા, પરંતુ જ્યારે કુરુક્ષેત્રના યુદ્ધના મેદાનમાં કૃષ્ણ અને અન્ય સગાં-સ્નેહીને કૌરવપક્ષે જોયા ત્યારે અર્જુનનો તેમની સામે લડવાનો ઉત્સાહ મરી ગયો તેને થયું કે, હું મારા ભાઈઓને મારીને રાજ્ય લઈ શકું નહિ. આવો વિષાદ યોગ થતા તે સમયે શ્રીકૃષ્ણે તેને ગીતાનો બોધ આપ્યો. તેમ છતાં અર્જુન નિઃસંશય ન થયા ત્યારે પોતે અર્જુનને પોતાનું વિશ્વસ્વરૂપ દેખાડ્યું. ત્યારે અર્જુન નિઃસંશય થયા કે મારી સાથે જે છે તે સાક્ષાત્ પ્રભુ છે એમ નિર્ણય કરી પછી લડવા તૈયાર થયા. (૩)

★ વચનામૃત લોયાનું ૬ઠ્ઠું :

...ને તેમાં જો અધર્મ જેવું હોય તો તેને વિષે ચિરકારી થવું કહેતા ઘણીક વાર લગાડવી. જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે, અશ્વત્થામાનું માથું કાપી નાખો પછી તે વચન અર્જુને ન માન્યું.

મહાભારતના યુદ્ધ બાદ છેલ્લે દિવસે દુર્યોધને કપટ કરીને પોતાના મિત્ર સમાન અશ્વત્થામાને પાંડવોના માથા કાપીને લાવવા કહ્યું ત્યારે અશ્વત્થામા પાંડવોની છાવણીમાં ગયો અને સૂતેલા પાંડવોના મસ્તક કપટથી કાપી લાવ્યો. તે વખતે શ્રીકૃષ્ણે અગમચેતી વાપરી છાવણીમાં પાંડવોને બદલે પાંડવપુત્રોને સુવડાવેલ. જેની જાણ અશ્વત્થામાને ન હતી અને તે સુતેલા પુત્રોને પાંડવ સમજી મારી લાવ્યો. આ વાતની જાણ પાંડવોને થયા બાદ ખૂબ ક્રોધે ભરાયા. દ્રૌપદીએ

હત્યારાને પકડી લાવવા આક્રંદ કર્યું. તે સમયે અર્જુને અશ્વત્થામાને પકડી પાડ્યો અને તેને શ્રીકૃષ્ણ પાસે હાજર કર્યો. તે સમયે શ્રીકૃષ્ણે અશ્વત્થામાનું માથું કાપી નાખવા અર્જુનને આદેશ કર્યો. પરંતુ દરેક સમયે શ્રીકૃષ્ણનું વચન શીરોમાન્ય ગણી આદેશનું પાલન કરનાર અર્જુને આ વખતે શ્રીકૃષ્ણનું વચન ન માન્યું. કેમકે અશ્વત્થામા ગુરુપુત્ર હતો વળી બ્રાહ્મણ હતો તેથી આની હત્યાનું ઘોર પાપ કરવા અર્જુન તૈયાર ન થયા અને તેના મસ્તકનો મણિ છીનવી તેને મૃત્યુ જેવી પીડા આપી જીવતો છોડી મુક્યો. (૨)

★ વચનામૃત લોયાનું ૧૮મું :

...અને અર્જુને પણ એમ કહ્યું જે,

તેનૈવ रुपेण चतुर्भुजेन सहस्त्रबाहो भव विश्वमूर्ते ।

હે સહસ્ત્રબાહો મને તમારું ચતુર્ભુજરૂપ દર્શન કરાવો.

કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુને શ્રીકૃષ્ણને પોતાનું વિશ્વરૂપ ચતુર્ભુજરૂપ દર્શન કરાવવા પ્રાર્થના કરતા શ્રીકૃષ્ણે પોતાના આ અલૌકિક રૂપના દર્શન કરાવેલ.

★ વચનામૃત પંચાળાનું ૪થું :

...તથા અર્જુનને દિવ્યભાવ દેખાડ્યો તે પોતાની ઇચ્છાએ દેખાડ્યો. પણ તે દિવ્યભાવે કરીને અર્જુનને સુખ ન થયું... પછી શ્રીકૃષ્ણે પોતાનું મનુષ્યપણે દર્શન અર્જુનને આપ્યું.

—એટલે કે કુરુક્ષેત્રના મેદાનમાં પ્રભુએ અર્જુનને પોતાનું દિવ્યરૂપ દેખાડ્યું, પણ તે વિરાટ રૂપના દર્શનથી અર્જુનને સુખ ન થયું અને ફરી પ્રાર્થના કરી કે મને તમારા મનુષ્ય ભાવના દર્શન કરાવો. પછી તે રીતે દર્શન કરાવતા અર્જુનને સુખ થયું.

★ વચનામૃત પંચાળાનું ૪થું :

...જેમ અર્જુન હતા. તે એને એ દેહે કરીને સ્વર્ગને વિષે ઇન્દ્રાસનને ઉપર કેટલાક વર્ષ સુધી રહ્યા...

★ વચનામૃત પંચાળાનું ૬ઠ્ઠું :

'તથા અર્જુનને રણસંગ્રામમાં વિશ્વરૂપ દેખાડ્યું...'

'અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું ભૂમાપુરુષરૂપે દર્શન કરાવ્યું.'

બ્રાહ્મણના પુત્રને લેવા લોકાંતર પાર કરી ભૂમાપુરુષના લોકમાં ગયા ત્યારે

શ્રીકૃષ્ણે અર્જુનને તે રૂપે દર્શન કરાવ્યું.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૯મું :

(૧) ...અને જેમ અર્જુન હતા તેને તો ભગવત સ્વરૂપનું બળ હતું.

(૨) *सर्वधर्मान्परित्यज्य ... मोक्षयिष्यामि मा शुचः ॥*

'એ શ્લોકનો અર્થ જે, હે અર્જુન ! સર્વે ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ. તો હું તને સર્વે પાપ થકી મુકાવીશ.'

મહાભારતના યુદ્ધ સમયે અર્જુન કૌરવો અને તેના પક્ષમાં રહેલા પોતાના ભાઈઓ તથા કુટુંબીજનોને જોઈ તેમને મારવાનો સંકલ્પ પડતો મૂકી દે છે અને ઉદાસ થઈને બેસી જાય છે ત્યારે શ્રીકૃષ્ણ તેને ઉપદેશ આપી કહે છે કે તું અત્યારે સર્વે ધર્મને ત્યજીને હું જેમ કહું તેમ નિઃસંશય થઈને કર તો તને યુદ્ધમાં થયેલા પાપ નહિ લાગવા દઉં અને સર્વે પાપ થકી મુકાવીશ. આમ, ઉપદેશ આપી તેને નિઃસંશય કરતા અર્જુન યુદ્ધ કરવા તૈયાર થયા. (૩)

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૦મું :

'...જ્યારે અગ્નિને અજીર્ણ થયું હતું ત્યારે મૂર્તિમાન અગ્નિ શ્રીકૃષ્ણ અને અર્જુન પાસે આવ્યો. પછી ઈન્દ્રનું ખાંડવ વન બાળવા ગયો.'

પૂર્વે શ્વેતકી રાજાએ ૨૪ વર્ષ સુધી યજ્ઞ કરતા તે આહુતિ લઈને અગ્નિ દેવને અજીર્ણ થઈ ગયું. તેથી તેના ઉપાય માટે તે ઈન્દ્રનું ખાંડવવન બાળવા ગયા ત્યારે શ્રીકૃષ્ણ અને અર્જુનની આજ્ઞા લેવા આવેલ. પછી અગ્નિએ ખાંડવ વનની ઔષધિઓ ખાઈને અજીર્ણ દૂર કર્યું.

★ ગઢડા મધ્યનું ૧૬મું :

...એક તો અર્જુનની પેઠે જે સ્વરૂપનિષ્ઠા ... તેમાંથી સ્વરૂપનિષ્ઠાનું બળ રાખે...'

'અર્જુનને સ્વરૂપનિષ્ઠાનું અતિશય બળ છે કે આ શ્રીકૃષ્ણ મારું સર્વ રીતે મંગલ કરશે અને મારા યોગક્ષેમનું વહન કરશે. તેથી તો ભીષ્મદાદાએ પ્રતિજ્ઞા લીધેલ કે, આવતી કાલ સૂર્યાસ્ત થાય તે પહેલા હું અર્જુનને મારી નાખીશ અને આ સાંભળ્યું છતાં અર્જુન તો રાત્રિએ ઘસઘસાટ સૂઈ ગયેલા કે મારો રક્ષણહાર જાગે છે પછી માટે મારી ક્યાં ચિંતા કરવાની છે ? વળી યુદ્ધમાં તેમણે શ્રીકૃષ્ણની સેના માંગવાને બદલે શ્રીકૃષ્ણનો સાથ માંગ્યો. સ્વરૂપનિષ્ઠાના આ શ્રેષ્ઠ ઉદાહરણો છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૨૮મું :

...અને પાંડવોને વિષે પણ અર્જુનની પ્રકૃતિ બહુ દયાળુ હતી અને પુરુષ માત્રને વિષે તો રામચંદ્રજી તથા અર્જુન એવો કોઈ પુરુષ નથી.

અર્જુનની દયાળુ પ્રકૃતિ વિષે જોઈએ તો :

- કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવોના પક્ષે પોતાના ભાઈ અને કુટુંબીઓ હતા તો તેને મારીને રાજ્ય લેવા કરતા રાજ્યવિહીન રહી ભિક્ષાવૃત્તિ કરી જીવન પસાર કરવું તેમને શ્રેષ્ઠ લાગ્યું હતું તેવી દયાળુ પ્રકૃતિ હતી. અંતે શ્રીકૃષ્ણની અનેક સમજાવટ બાદ જ તેઓ યુદ્ધ માટે પ્રવૃત્ત થયા.

- પાંડવોના પુત્રોને અશ્વત્થામાએ મારી નાખ્યા છતાં તેને જીવનદાન આપી છોડી મૂક્યો.

- ચોર બ્રાહ્મણની ગાય લઈને ભાગતો હતો તે સમયે બ્રાહ્મણે અર્જુનને રક્ષા કરવા કહ્યું તો તે સમયે પ્રતિજ્ઞા ભંગ કરી પોતે યુધિષ્ઠિર અને દ્રૌપદી જે કક્ષમાં સુતા હતા ત્યાં જઈ પોતાનું ગાંડીવ લઈ આવ્યા અને ગાય બ્રાહ્મણની રક્ષા કરી, પરંતુ કક્ષમાં ગયા તે પ્રતિજ્ઞા ભંગ કર્યો તેના પ્રાયશ્ચિત્ત રૂપે ૧૨ વર્ષ સુધી વનવાસ ભોગવ્યો. (૨)

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...પાંડવોની સર્વ કષ્ટ થકી રક્ષા કરી... અર્જુનના સારથિ થયા.

અર્જુન મહાભારતનું યુદ્ધ લડવા રાજી ન હતા ત્યારે શ્રીકૃષ્ણે તેને સાંખ્ય-યોગ વગેરેનો ઉપદેશ આપી ખૂબ સમજાવ્યા ત્યારે અર્જુન લડવા તૈયાર થયા અને શ્રીકૃષ્ણને કહ્યું કે, તમે મારા રથના સારથિ બનો તો હું યુદ્ધ લડું. આમ, શ્રીકૃષ્ણનું તેમણે સાનિધ્ય માગ્યું.

★ **પાદટીપ :**

(૧) **બહુરત્ના વસુંધરા** અર્જુન સંપાદક : હરિપ્રકાશદાસજી સ્વામી, સ્વામિનારાયણ આશ્રમ, ઋષિકેશ. પાના ૪૩૫થી ૪૪૪

(૨) **भक्त चरितांक : कल्याण** : ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૯૫થી ૧૯૯

(૩) **ગીતા**

●

૮૯. ભીમસેન

મહાભારતના ભીમસેનના પાત્રથી આબાલ વૃદ્ધ સૌ કોઈ પરિચિત છે. તે મહાબળવાન હતા. તેણે અનેક દુષ્ટ રાક્ષસોનો સંહાર કરેલો. મહાભારતના યુદ્ધમાં તેણે અપ્રતિમ શૌર્ય દાખવ્યું અને દુર્યોધનનો વધ કરેલો.

મહાભારતનું સૌથી શક્તિશાળી પાત્ર છે. પાંચ પાંડવમાંના એક પાંડવ અને કુંતીના બીજા પુત્ર. તે વાયુદેવની કૃપાથી થયેલા. ભીમસેન નાના હતા ત્યારે માતા અચાનક ઊભા થતા બાલ ભીમ નીચે પડી ગયા, ત્યારે પથ્થરના ટુકડા થઈ ગયેલા. તેમનો અને દુર્યોધનનો જન્મ એક જ દિવસે થયો હતો. ભીમના ઉદરમાં વૃક નામનો વિશિષ્ટ અગ્નિ હતો, જેથી તે ગમે તે ભોજન પચાવી શકતા તેથી ભીમનું એક નામ વૃકોદર પણ છે. (૧)

દુર્યોધનને ભીમ ઉપર ખૂબ ઈર્ષ્યા હતી તેથી તેને મારી નાખવા માટે ખોરાકમાં ઝેર ભેળવી ખવરાવી દીધું. જેને લીધે ભીમ બેહોશ થઈ ગયા. પછી તેને વેલથી બાંધીને પાણીમાં ફેંકી દીધા અને તેઓ પાતાળમાં પહોંચી ગયા. ત્યાં પાણીમાં સર્પોના કરડવાથી તેનું ઝેર ઊતરી ગયું. પછી નાગરાજે ભીમને મદદ કરીને તેનામાં દશ હજાર હાથીનું બળ મૂકી દીધું અને ઝેરથી રક્ષા થવાનું વરદાન આપ્યું. ઘેર આવી ભીમે દુર્યોધનની દુષ્ટતાની વાત બધાને કરી પણ ક્ષમાશીલ યુધિષ્ઠિરે આ વાત કોઈને ન કહેવાની આજ્ઞા કરી અને પોતાની રક્ષા માટે સાવચેત રહેવાની શીખ આપી. (૧)

ભીમ ગદાયુદ્ધમાં પાવરધા હતા. જ્યારે દુર્યોધને પાંડવોને લાક્ષાગૃહમાં બાળી મૂકવાની યોજના કરી ત્યારે સહદેવના કહેવાથી ભીમે લાક્ષાગૃહના ગુપ્ત ભોંયરાના દ્વારને પાટુ મારી ખોલી નાખ્યો અને બધાને પોતાના ખભા ઉપર બેસાડી ત્યાંથી બીજે ચાલ્યા ગયા. (૧)

જંગલવાસ દરમ્યાન હિડિંબ નામના રાક્ષસની બહેન હિડિંબા ભીમ ઉપર

આસક્ત થતા ભીમે તેની સાથે લગ્ન કર્યા અને ઘટોત્કચ નામનો મહાબળવાન પુત્ર મેળવ્યો. (૧)

જ્યારે જુગટામાં દુર્યોધને પાંડવો સહિત દ્રૌપદીને જીતી ત્યારે દુર્યોધને કર્ણની સલાહથી દ્રૌપદીને દુર્યોધનની જાંઘ ઉપર બેસવાની આજ્ઞા કરી અપમાન કર્યું. ત્યારે ભીમે દુર્યોધનની જાંઘ તોડવાની અને દુ:શાસનને મારી તેનું લોહી પીવાની પ્રતિજ્ઞા લીધી અને આ પ્રતિજ્ઞા તેણે મહાભારતના યુદ્ધ વખતે પૂરી કરી. (૧)

વનવાસ દરમ્યાન તેણે ઘણાં રાક્ષસોનો નાશ કરેલો. અજ્ઞાતવાસ દરમ્યાન એક બ્રાહ્મણને ઘરે રહેતા હતા. તે સમયે ગામને પાદર એક રાક્ષસ રહેતો હતો. તે માનવભક્ષી હતો, રોજ ગાડુ ભરીને અન્ન અને માણસ ખાતો. આ વાતની ખબર ભીમને થતાં તે ગાડુ લઈને રાક્ષસને મારવા ગયો, મોતને ઘાટ ઉતારી દીધો. અજ્ઞાતવાસ દરમ્યાન એક વર્ષ સુધી તે વિરાટનગરના રાજાને ત્યાં રસોઈયા તરીકે ગુપ્ત વેષે રહેલા. ત્યારે રાજાના સાળા કીચકે દ્રૌપદીની છેડતી કરી ત્યારે ભીમે તેને એકાંતે લઈ જઈ મારી નાખેલ. (૧)

કુંતા માતાના અતિ આગ્રહથી ભીમે જેઠ સુદી એકાદશીએ નિર્જળા ઉપવાસ કર્યો હતો. એક કથા એવી પણ છે કે ભગવાન વેદવ્યાસે ભીમને એકાદશી કરવાનું કહ્યું. તો ભીમ કહે હું ભૂખ્યો રહી શકતો નથી. તો વેદવ્યાસજીએ કહ્યું કે જેઠ માસની શુક્લ એકાદશીનું વ્રત તારે કરવું. તો બારેય એકાદશીનું ફળ પ્રાપ્ત થશે. આથી ભીમે નિર્જળા કરી. આથી, આ એકાદશીને ભીમ એકાદશી પણ કહેવાય છે. (૧)

ભીમ વાયુદેવના આશીર્વાદથી થયેલા હોવાથી તેને વાયુપુત્ર પણ કહે છે. યુદ્ધના અંત પછી ધૃતરાષ્ટ્રે ભીમને મળવાની ઈચ્છા દર્શાવી. શ્રીકૃષ્ણ તેનો ઈરાદો પામી ગયા કે આ રીતે ભીમને બાથમાં લઈ કચડીને મારી નાખવા માંગે છે. આથી ભીમની લોખંડની મૂર્તિ બનાવી અને ધૃતરાષ્ટ્રને કહ્યું કે, આ ભીમ છે તેમ કહી ભેટવા આપી. ધૃતરાષ્ટ્રે વેર લેવા મૂર્તિને ભીમ છે તેમ સમજી કચડીને કટકા કરી નાખ્યા. આ રીતે શ્રીકૃષ્ણની કુનેહથી ભીમ બચી ગયો. (૪)

ભીમે જરાસંધનો વધ કરેલ તેથી તેને જરાસંઘજિત પણ કહે છે.

મહાપ્રસ્થાન સમયે તે યુધિષ્ઠિરની સાથે હતા. સહદેવ, નકુલ અને અર્જુન

એ ત્રણના હિમાલયમાં હાડ ગળી ગયા બાદ ભીમનું હાડ ગળેલ એટલે કે મૃત્યુ પામેલ અને દિવ્યધામની પ્રાપ્તિ થયેલ. (૧)

વચનામૃતમાં શ્રીહરિએ ભીમની વાત દૃષ્ટાંતે કરીને કરી છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૯મું :

...અને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય તે વારીએ તોય પણ તે કર્યા વિનાનું રહેવાય નહિ, માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ નથી.

ભીમસેનના સ્વભાવની એક વાત જાણીએ :

કુરુક્ષેત્રના યુદ્ધ બાદ પાંડવો ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને મહેલમાં લાવી તેની ખૂબ સંભાળ લેતા હતા. ધૃતરાષ્ટ્રની આજ્ઞા મુજબ પાંડવો વર્તન કરતા હતા. જેથી તેમને જરા પણ દુઃખ ન થાય. યુધિષ્ઠિરના અર્થયુક્ત વચન સાંભળીને ભીમસેન સિવાય બધા તેમની આજ્ઞાનું પાલન કરતા. ભીમના હૃદયમાં જુગાર રમતી વખતે જે અનર્થ થયો અને દ્રૌપદીની માનહાનિ થઈ તે ધૃતરાષ્ટ્રની ખોટી બુદ્ધિનું પરિણામ હતું. તેવું ભીમસેના માનતા. (૩)

એટલે કે જગતમાં અપમાન સહન કરીને ધીરજ રાખનારાની ખોટ હોય. ભીમ જેવા ડારા દઈને કામ કરાવનારાની જગતમાં ખોટ નથી.

★ **પાદટીપ :**

(૧) **ભીમ :** ભગવત્ ગો. મંડળ ભાગ : ૭, પાના નં. ૬૭૨૫

(૨) **ભીમસેન :** ભગવત્ ગો. મંડળ ભાગ : ૭, પાના નં. ૬૭૨૮-૬૭૨૯

(૪) **संक्षिप्त महाभारत :** ભાગ-૨, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૭૭૬ થી ૭૭૭

•

૯૦. દ્રૌપદીજી

મહાભારત કથાનું અતિ વિલક્ષણ, પ્રતિભાશાળી અને બુદ્ધિમાન પાત્ર હોય તો તે દ્રૌપદીજી છે. આ અતિ પવિત્ર પાત્રનો સમાવેશ સતિ નારીઓમાં થાય છે. આ પાત્રને જાણીએ :

ગુરુ દ્રોણાચાર્યએ ગુરુદક્ષિણામાં દ્રુપદનો પરાજય માંગ્યો. જે કાર્ય અર્જુને કરી બતાવ્યું. છતાં ઉદાર દ્રોણાચાર્યજીએ દ્રુપદને તેનું અર્ધુ રાજ્ય આપ્યું. પરંતુ રાજા દ્રુપદને આ અપમાન લાગ્યું અને દ્રોણ સામે બદલો લેવા દ્રોણને મારે તેવા સંતાન પ્રાપ્તિ માટે યજ્ઞ કરાવ્યો. યજ્ઞ દ્વારા તેમને મુકુટ, કુંડલ, કવચ, ત્રોણ અને ધનુષ્ય ધારણ કરેલો પુત્ર પ્રાપ્ત થયો. જેનું નામ ધ્રુષ્ટધુમ્ન રખાયું. જે પાંડવ પક્ષમાં હતો અને યુદ્ધમાં તે સેનાપતિ હતો. યજ્ઞ દ્વારા એક કન્યા પણ પ્રાપ્ત થઈ. તેનું નામ કૃષ્ણા રખાયું. જેમાં મહાકાલીએ અંશરૂપે પ્રવેશ કર્યો હતો. દુરાચારી ક્ષત્રિયોના વિનાશ માટે જ મહાકાલીએ કૃષ્ણામાં પ્રવેશ કરેલ. (૧)

દ્રૌપદીના સ્વયંવર વખતે પાંડવો બ્રાહ્મણવેશે ત્યાં ગયા. દ્રુપદની પુત્રી હોવાથી દ્રૌપદી તરીકે સૌ બોલાવતા. ત્યાં શક્તિશાળી અને ભારે ધનુષ્ય હતું. જે દ્વારા જે કોઈ મત્સ્ય વેધ કરે તેને દ્રૌપદી વરમાળા પહેરાવે તેવી ઘોષણા થઈ. મોટા રાજાઓ આ કાર્ય કરી ન શક્યા, પરંતુ કર્ણ આ ધનુષ્ય ઉપાડી ને મત્સ્યવેધ કરવા જતો હતો ત્યારે દ્રૌપદી બોલી કે કર્ણ ક્ષત્રિય નથી દાસીપુત્ર છે માટે તેને હું નહીં વરું. આથી કર્ણ અપમાનથી લાલચોળ બની ગયો અને કહ્યું કે, આ અપમાન હું જિંદગીભર નહીં ભૂલું. છેલ્લે અર્જુને આ ધનુષ્ય ઉઠાવી મત્સ્યવેધ કરતા દ્રૌપદીએ તેને વરમાળા પહેરાવી. (૧)

દ્રૌપદીને વરીને બધા ભાઈઓ ઘરે આવ્યા અને માતાને કહ્યું કે અમે આ ભિક્ષા લાવ્યા છીએ ત્યારે માતાએ અજાણતામાં જ કહી નાખ્યું કે, આ ભિક્ષા તમે પાંચેય ભાઈઓ વહેંચી લ્યો. પાંડવો આથી વિમાસણમાં પડી ગયા, પરંતુ તે વખતે

ભગવાન વ્યાસજીએ પ્રગટ થઈને કહ્યું કે, તેના પૂર્વજન્મના યોગ અનુસાર દ્રૌપદીના ભાગ્યમાં પાંચ પતિનો યોગ છે, તેથી તે કાર્ય અધર્મ નથી તેથી પાંચે ભાઈઓના પત્ની તરીકે દ્રૌપદી રહ્યા. (૧)

પાંડવોએ ઈન્દ્રપ્રસ્થની રચના બાદ રાજસૂય યજ્ઞ કરી ચક્રવર્તી સમ્રાટ બની ગયા. મયદાનવ દ્વારા એક અદ્‌ભૂત અને ભ્રાંતિ ઉપજાવે તેવા સુંદર કલાકારીગરીવાળા મહેલની રચના કરાઈ. જેમાં પાંડવો રહેતા હતા. આ મહેલમાં જ્યાં સ્થળ હોય ત્યાં જળ દેખાય અને જળ હોય ત્યાં સ્થળ દેખાય. આ મહેલ જોવા દુર્યોધન આવ્યો તેને આ અજાયબ કારીગરીનો ખ્યાલ ન હતો તેથી સ્થળ જાણી ચાલવા ગયો અને પાણીમાં પડ્યો. આ જોઈ દ્રૌપદી હસ્યા. દુર્યોધનને આ કૃત્ય અત્યંત અપમાનજનક લાગ્યું. તેણે મનોમન આનું વેર લેવાનો વિચાર કર્યો અને મામા શકુની સાથે મળીને યુધિષ્ઠિરને જુગાર રમવાનું આમંત્રણ આપ્યું.' (૧)

રજવાડાઓમાં શિકાર, યુદ્ધ અને જુગાર રમવો એ સામાન્ય અને મોભાનું પ્રતીક ગણાતું. તેનો ઈન્કાર કરનાર ભીરૂ અને કાયર ગણાતો. માનો જૂગાર રમવો એ શૂરવીરતાનું પ્રતીક ગણાતું.

યુધિષ્ઠિર જુગાર રમવા બેઠા. શકુની કપટથી પાસાં ફેંકતો અને તેમાં ધર્મરાજા પોતાનું રાજ્ય, ગાયો, ભાઈઓ, પોતે અને ખુદ દ્રૌપદીને હારી ગયા. દુર્યોધને દ્રૌપદીને ભરી સભામાં બોલાવી. કર્ણએ તેને પાંચ પતિઓવાળી ગણિકા કહી અપમાન કર્યું. દુઃશાસન દ્વારા દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરવાનો આદેશ દુર્યોધને આપ્યો. પણ અણીના વખતે દ્રૌપદીએ હે કૃષ્ણ ! બોલતાની સાથે જ સાડીઓ વરસી પડતા દ્રૌપદીની લાજ બચી ગઈ.

આ સમયે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને સઘળી હકીકત કહી કે હવે દુર્યોધનને આ કૃત્ય કરતા વારો. નહીં તો શ્રીકૃષ્ણ પ્રગટ થઈને તમારા પુત્રનું મસ્તક સુદર્શન ચક્રથી કાપી નાખશે. આથી ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને નજીક બોલાવી દુર્યોધનવતી તેની માફી માંગી અને જુગારથી હારેલું સમસ્ત રાજ્ય વગેરે પાછું સોંપી દીધું, પરંતુ દુર્યોધનને તો પાંડવો સાથે વેર હતું, તેથી તેણે શરત મૂકી કે ફરી વાર જુગાર રમે. જે જુગારમાં હારી જાય તે પોતાના ભાઈઓ, પત્ની સહિત બાર વર્ષ સુધી વનમાં રહે અને એક વર્ષ ગુપ્ત વાસમાં રહે. આમ પાંડવો ફરી વાર જુગારમાં

હાર્યા અને વનવાસ થયો. માતા કુંતા તે દરમ્યાન વિદુરજીને ત્યાં રોકાયા. (૧)

દરમ્યાન શ્રીકૃષ્ણ પાંડવોને વનમાં મળ્યા. દ્રૌપદીએ રડતા રડતા શ્રીકૃષ્ણને કહ્યું કે, હું અગ્નિથી ઉત્પન્ન થયેલી ગૌરવશાળી સ્ત્રી છું. તમારા પર મારો પવિત્ર પ્રેમ છે. તમારા પર મારો અધિકાર છે. અમારી રક્ષા કરવામાં આપ સમર્થ છો. છતાં અમારી આજે આ દશા થઈ. દુર્યોધન દ્વારા આટલું કષ્ટ અને ભરી સભામાં મારા સ્ત્રીત્વનું આવું અપમાન થયું. (૧)

ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે તેઓનો ટૂંક સમયમાં અર્જુનના હાથે નાશ થશે અને તમને ગૌરવશાળી જીવન પાછું મળશે. આથી દ્રૌપદી સંતુષ્ટ થયા. (૧)

દ્રૌપદીજી પરમ જ્ઞાનિ-વિદૂષી સ્ત્રી હતા. વિચક્ષણ બુદ્ધિ પ્રતિભા ધરાવતા હતા. તેનું ઉદાહરણ જોઈએ :

વનમાં શ્રીકૃષ્ણ સત્યભામા સાથે પાંડવોને મળવા આવ્યા ત્યારે સત્યભામાએ એકાંતમાં દ્રૌપદીને તેના સુખી ગૃહસ્થ સંસાર વિષે પૂછતા દ્રૌપદી બોલ્યા કે, હું અહંકાર છોડીને પાંડવોની સાવધાનીથી સેવા કરું છું. કોઈની ઈર્ષા નથી કરતી. કોઈ દિવસ હું અભિમાન કરતી નથી કે કટુ વચન બોલતી નથી. નિંદનીય સ્થાનો પર બેસતી નથી કે તેવી વાતો પર ધ્યાન આપતી નથી. મારા સાસુ કુંતાજીએ જે કૌટુંબિક ધર્મ કહ્યા છે તેનું હું પાલન કરું છું. વગેરે અનેક વ્યવહારિક અને નીતિ ધર્મની વાતો કહી. આથી સત્યભામા દ્રૌપદીથી ખૂબ પ્રભાવિત થયા. (૧)

દુર્યોધને વનમાં પાંડવોને હેરાન કરવા માટે દુર્વાસા મુનિને બપોરના સમયે જ પોતાના હજારો શિષ્ય સાથે મોકલ્યા. દુર્યોધનનો આશય એવો હતો કે તે સમયે અક્ષયપાત્રમાંથી ભોજન પ્રાપ્ત ન થઈ શકે અને મુનિને ભોજન ન મળતા દુર્વાસા પાંડવોને શાપ આપે. પરંતુ આ કટોકટીના સમયે દ્રૌપદીએ ઋષિને સ્નાન કરવા મોકલી કૃષ્ણને યાદ કર્યા. કૃષ્ણે અક્ષયપાત્રમાંનું એક ચોંટેલું પાંદડુ જમીને સમગ્ર જગતને તૃપ્ત કરી દીધું. આમ, દ્રૌપદીની કુનેહથી ઋષિના શાપથી પાંડવો બચી ગયા. બલ્કે ઋષિએ યુધિષ્ઠરનું કલ્યાણ થાઓ તેવા આશીર્વાદ આપ્યાં.

રાજસૂય યજ્ઞ બાદ પણ દુર્વાસા મુનિએ આવીને યજ્ઞનું ફળ માંગતા, પાંડવો મૂંઝાયા ત્યારે દ્રૌપદી દુર્વાસા મુનિના દર્શને જઈ પોતાના એકએક ડગલે એકએક રાજસૂય યજ્ઞનું ફળ માંગતા ઋષિ દ્રૌપદીજીની વિચક્ષણ બુદ્ધિથી ખૂબ પ્રસન્ન

થયેલા અને આશીર્વાદ આપ્યા. (૧)

એક વર્ષના ગુપ્તવાસ દરમ્યાન વિરાટનગરના રાજરાણી પાસે જઈ રાણીના શૃંગાર કરવાના કાર્યમાં દ્રૌપદીજી રહ્યા. ત્યાં રાજાનો સાળો કીચક દ્રૌપદીજીને હેરાન કરવા લાગ્યો. ત્યારે ભીમ દ્વારા યુક્તિથી તેનો વધ કરાવ્યો. (૧)

અજ્ઞાતવાસ પૂર્ણ થતા પાંડવો હસ્તિનાપુર જવાનો નિર્ણય કરે છે તે સમયે શ્રીકૃષ્ણને દ્રૌપદી કહે છે કે, કૌરવોનો હું નાશ જોવા ઇચ્છું છું. મારા કેશને પકડી મને ભરસભામાં લાવનાર દુઃશાસનના લોહીથી હું મારા કેશને ભીંજવવા માગું છું. મેં આટલા વર્ષોથી મારા કેશ એટલા માટે બાંધ્યા નથી માટે તમે કૌરવો ઉપર કોપાયમાન થાઓ. નહીં તો હું મારા પાંચ પુત્રોને આ વેર લેવા માટે મોકલીશ ત્યારે શ્રીકૃષ્ણે તેને શાંત પાડી પોતે અગાઉ આપેલી પ્રતિજ્ઞા યાદ કરાવી ધરપત આપી કે તે કૌરવોનો જરૂર નાશ કરશે. (૧)

મહાભારતના યુદ્ધ વખતે ભીષ્મએ અર્જુનને મારવાની પ્રતિજ્ઞા લીધી, ત્યારે શ્રીકૃષ્ણે યુક્તિપૂર્વક દ્રૌપદીને ભીષ્મ પાસે મોકલી અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ અપાવ્યા.

યુદ્ધની સમાપ્તિ બાદ અશ્વસ્થામાએ કપટ કરી દ્રૌપદીના પાંચ પુત્રોને મારી નાખ્યા. અર્જુન તેને પકડીને લાવ્યા. શ્રીકૃષ્ણે તેનો વધ કરવાનો આદેશ આપ્યો ત્યારે દ્રૌપદીએ ના પાડી કેમકે અશ્વસ્થામા ગુરુપુત્ર છે, વળી બ્રાહ્મણ છે તથા જેમ મારા પુત્રો મૃત્યુ પામ્યા તેનો મને શોક છે. તો અશ્વસ્થામાને મારશો તો ગુરુ પત્નીને કેવો શોક થશે ? એ આઘાત ગુરુપત્ની જીરવી નહીં શકે. માટે દ્રૌપદીએ ગુરુપુત્રને મારવાની ના પાડી. તેને જીવનદાન આપી શ્રેષ્ઠ આર્યનારી અને શ્રેષ્ઠ ક્ષમાશીલ સ્ત્રીનું બિરુદ મેળવ્યું. છતાં ગુરુપુત્રને તેના કાર્યનો પસ્તાવો થાય તે માટે તેને ચિરંજીવી થવાનો આદેશ કર્યો જેથી પસ્તાવાની આગમાં સતત બળતો રહે. વળી તેના માથાનો મણિ પણ લઈ લીધો જેથી એ કલંકિત દશામાં જીવન વિતાવે. (૧)

મહાભારતના વિજય બાદ ધર્મરાજાએ, બંધુઓની હત્યાનો શોક ટાળવા વિરક્ત થઈને વનમાં જવાનો નિર્ણય જણાવ્યો ત્યારે દ્રૌપદીજીએ કહ્યું કે, 'આપ અમને દ્વૈત વનમાં એવું આશ્વાસન આપતા હતા કે શત્રુઓને જીતીને તમે અમને સુખી કરશો. માતા કુંતાજી પણ આમ કહેતા હતા. તો આપના આ વચનને આપ મિથ્યા શા માટે કરો છો ? આપ ધર્મને છોડીને કયા વિધર્મના કયા પ્રલોભનમાં

જવા ઈચ્છો છો ? તમે શસ્ત્ર ઉઠાવીને વિજય હાંસલ કર્યો છે, માટે તમને આ રાજ્ય ભોગવવાનો સંપૂર્ણ અધિકાર છે. આમ, દ્રૌપદીના વચનથી તથા ભીષ્મ પિતામહે આપેલા ઉપદેશથી ધર્મરાજાનો શોક ટળ્યો અને ઘણા વર્ષો સુધી ઉત્તમ શાસન કર્યું. દ્રૌપદીજીની સાથે ત્રણ અશ્વમેઘ યજ્ઞ કર્યા. શ્રીકૃષ્ણના સ્વધામગમનના સમાચાર મળતા પાંડવો તેમનો વિરહ સહન ન કરી શક્યા. આથી, બધાએ હિમાલય જવાનો નિર્ણય કર્યો. મૌનવ્રત લઈને બધા નીકળી પડ્યા. દ્રૌપદીને ભીષ્મ દ્વારા અખંડ સૌભાગ્યવતીનું વરદાન મળ્યું હતું. તેથી પોતે પાંડવોની પહેલા સ્વધામ ગયા. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ દ્રૌપદીજીનો ઉલ્લેખ કર્યો છે:

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :

...અને જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી ... પાર્વતી એવી છે.

દ્રૌપદીજી પરમ પતિવ્રતા, ગુણવાન અને ધર્મમય જીવન જીવનારા સ્ત્રી હતા. તેઓ શ્રીકૃષ્ણને ભગવાન માનતા અને જિંદગીના સુખ દુઃખના સમયે શ્રીકૃષ્ણને યાદ કરતા. તેથી મહારાજે સત્સંગી બહેનોને દ્રૌપદીજીની ઉપમા આપી છે.

★ વચનામૃત પંચાળાનું ૧લું :

... કોઈનો કાગળ પરદેશથી આવ્યો હોય તો તેને વાંચીને કાગળ લખનારની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે. જેમ પાંડવો, દ્રૌપદી, રુક્મિણી ... તેમના વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે.

આમ દ્રૌપદીજી પરમ વિદૂષિ, વિચક્ષણ, બુદ્ધિમાન સ્ત્રી હતા. તેવું શ્રીહરિ કહે છે.

★ ગઢડા મધ્યનું ૨૮મું :

...પાંડવોને વિષે પણ અર્જુનની પ્રકૃતિ બહુ દયાળુ હતી... અને સીતાજી ને દ્રૌપદી એવી કોઈ સ્ત્રીમાત્રમાં સ્ત્રીઓ નથી.

દ્રૌપદીજી પણ અતિશય દયાળુ હતા. જ્યારે અશ્વત્થામાએ દ્રૌપદીજીના પાંચ પુત્રોને મારી નાખ્યા ત્યારે અર્જુન અશ્વત્થામાને પકડી લાવ્યા અને કહ્યું કે,

તારા પુત્રોને હણનાર આ છે. તેને તું મારી નાખ. ત્યારે દ્રૌપદીજીએ વિચાર્યું કે, આ ગુરુપુત્ર છે, વળી બ્રાહ્મણ છે તેથી તેનો વધ ન કરાય. વળી આ તેની માતાનો એકનો એક પુત્ર છે. મારા પુત્રો મરી ગયા તો મને કેટલું દુઃખ થયું ? જો આ અશ્વત્થામાને હું મારી નાખું તો તેની માતાને કેટલું દુઃખ થાય ? માટે દ્રૌપદીએ તેને જીવતો જવા દીધો. શ્રીકૃષ્ણએ તેને મારી નાખવાનો આદેશ કર્યો હતો છતાં તેને ન માર્યો.

આમ, દ્રૌપદીજીની દયાળુ પ્રકૃતિ હતી. તેથી શ્રીહરિએ દ્રૌપદીજી જેવી કોઈ સ્ત્રી જગતમાં નથી તેવું કહ્યું.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...શ્રીકૃષ્ણ ભગવાન વ્રજને વિષે બાળમુકુંદ કહેવાયા... હસ્તિનાપુરમાં રહ્યા ને પાંડવોની સર્વ કષ્ટ થકી રક્ષા કરીને દ્રૌપદીની લાજ રાખી.

★ **पादटीप :**

(૧) **कल्याण नारीअंक :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૫૮૫થી ૫૯૫

●

૯૧. પાંચ પાંડવો

પાંચ પાંડવોથી સૌ કોઈ પરિચિત છે. પાંચ પાંડવોમાં યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, સહદેવ અને નકુલ છે. જેઓ બધા મહાબળવાન અને શૂરવીર હતા.

પાંડવો શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. તેમને શ્રીકૃષ્ણમાં પરમ વિશ્વાસ હતો. જેમ શ્રીકૃષ્ણ કહેતા તેમ પાંડવો કરતા.

હસ્તિનાપુર નરેશ પાંડુને પાંચ પુત્રો હતા. પાંડુ રાજાને બે પત્નીઓ હતી. એક કુંતામાતા અને બીજા માદ્રી. કુંતામાતાએ દુર્વાસા મુનિની સેવા કરતા તેમણે રાજી થઈને દેવો દ્વારા સંતાન પ્રાપ્તિના આશીર્વાદ આપેલા અને મંત્રશક્તિથી દેવો દ્વારા તેમને પુત્રો પ્રાપ્ત થયેલા. તેમાં ધર્મરાજાના અંશથી યુધિષ્ઠિર, ભીમ વાયુના અંશથી અને ઈન્દ્રના અંશથી અર્જુન થયેલા. અને અશ્વિનીકુમારોના અંશથી માદ્રીને સહદેવ અને નકુલ પ્રાપ્ત થયેલા. મહારાજા પાંડુ બાળકો નાના હતા ત્યારે જ સ્વર્ગવાસી થયા. પાંચે પુત્રોનું લાલનપાલન કુંતામાતા કરતા. કેમકે માદ્રી તો પાંડુરાજા સાથે સતિ થયેલાં. પાંચે ભાઈઓ ધાર્મિક, સત્યવાદી અને ન્યાયી હતા. (૧)

પાંડુના સ્વર્ગવાસ બાદ રાજ્ય તેના પુત્રોને મળવું જોઈએ, પરંતુ તેઓ નાના હોવાથી તેનો ભાઈ અંધ ધૃતરાષ્ટ્ર ગાદીએ બેઠા. તેમને ૧૦૦ પુત્રો હતા. તે કૌરવો સ્વભાવથી ક્રૂર અને દુષ્ટ હતા. સૌથી મોટો પુત્ર દુર્યોધન પાંડવો સાથે અકારણ વેર ને ઈર્ષા રાખતો. ભીમ સાથે તેને ખૂબ શત્રુતા હતી. આથી ભીમને મારી નાખવા માટે એકવાર ઝેરવાળા લાડવા ખવડાવી બેભાન અવસ્થામાં ગંગાજીમાં ફેંકી દીધો. ભીમ તણાતો તણાતો પાતાળમાં નાગલોકમાં પહોંચ્યો. ત્યાં નાગોએ ભીમનું ઝેર ચૂસી લેતા ભીમ સજીવન થયો. ફરી વાર દુર્યોધને પાંડવોને મારી નાખવા લાક્ષાગૃહ બનાવી તેમાં બાળી નાખવાનો પ્રપંચ કર્યો પણ વિદુરજીએ પાંડવોને પહેલાથી સચેત કરી દેતા બધા બચી ગયા અને

ચૂપચાપ વનમાં નીકળી ગુપ્તવેશે તીર્થાટને નીકળી ગયા. (૧)

ભીમ શરીરે ખૂબ બળવાન હતો તેથી બધા ભાઈઓ અને માતાને તેના ખભા ઉપર બેસાડી યાત્રા કરાવી. (૧)

વનમાં પાંડવોએ અનેક રાક્ષસોને માર્યા. અર્જુન ધનુર્વિદ્યામાં પારંગત હતા. ગુરુ દ્રોણ પાસે તે દિવ્યવિદ્યાઓ ભણ્યો હતો. વનવાસ દરમ્યાન પાંડવો દ્રૌપદીના સ્વયંવરમાં દ્રુપદના રાજ્યમાં ગયા. ત્યાં અર્જુને મત્સ્યવેધ કરી દ્રૌપદીને પ્રાપ્ત કરી. માતા કુંતીના વચન સત્ય કરવા દ્રૌપદી પાંચે ભાઈઓની પત્ની બન્યાં. (૧)

ધૃતરાષ્ટ્રને ખબર પડતા તેમણે પાંડવોને બોલાવી, હસ્તિનાપુરનું અર્ધું રાજ્ય તેમને સોંપ્યું. યુધિષ્ઠિરનું ધર્મશાસન, અર્જુન તથા ભીમના પ્રભાવ અને શ્રીકૃષ્ણની કૃપાથી પાંડવોનું ઐશ્વર્ય ખૂબ વધ્યું. તેમણે રાજસૂય યજ્ઞ કરી દિગ્વિજય કર્યો. દુર્યોધનથી પાંડવોની પ્રગતિ સહન ન થઈ અને તેમણે યુધિષ્ઠિરને ધૃતરાષ્ટ્ર દ્વારા આજ્ઞા કરાવી જુગાર રમવા બોલાવ્યા. જુગારમાં મામા શકુનિના પ્રપંચદાવથી યુધિષ્ઠિર જુગારમાં પોતાનું રાજ્ય, ધન, ભાઈઓ અને દ્રૌપદીને પણ હારી જતા માનભંગથી બચવા શરત મુજબ ૧૨ વર્ષનો વનવાસ અને એક વર્ષનો ગુપ્તવાસ સ્વીકાર્યો. આ અવધિ પૂર્ણ થયા બાદ તેઓએ રાજ્યમાં પરત આવીને પોતાનું રાજ્ય પાછું માંગ્યું. પરંતુ દુર્યોધને સોયના નાકા ઉપર રહે તેટલી જમીન આપવાનો પણ ઈન્કાર કરતા આખરે મહાભારતનું યુદ્ધ થયું, જેમાં કૌરવો હણાયા અને પાંડવોને રાજ્ય પાછું મળ્યું. યુધિષ્ઠિર સમ્રાટ થયા અને ૩૬ વર્ષ સુધી સુરાજ્ય ચલાવ્યું. તેમના જીવનના દરેક દુઃખના પ્રસંગે શ્રીકૃષ્ણ તેમની સાથે રહ્યા. (૧)

જ્યારે પાંડવોને ખબર પડી કે, શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા છે ત્યારે તેઓ ઉદાસ થયા. અર્જુનના પૌત્ર પરીક્ષિતને રાજ્ય સોંપી વિરક્ત થઈ તેઓ હિમાલય ચાલ્યા અને તપ કરીને પરમધામને પામ્યા. (૧)

પાંડવોમાં યુધિષ્ઠિર ધર્મરાજા ગણાતા, અર્જુન શ્રીકૃષ્ણના સખા હતા. ભીમસેન શ્રીકૃષ્ણને પરમ આદરણીય માનતા. પાંડવોના પ્રેમને વશ થઈ શ્રીકૃષ્ણ પાંડવોના દૂત અને અર્જુનના રથના સારથી બન્યા. સહદેવ ત્રિકાળજ્ઞાની હતા પરંતુ તેને કોઈ પૂછે નહીં ત્યાં સુધી અગમવાણી ન ઉચ્ચારવી તેવો તેમને શાપ હતો. નકુલ પણ મહાપરાક્રમી અને ભાઈઓના આજ્ઞાપાલક અને શ્રીકૃષ્ણના દાસપણે વર્તતા. પાંડવોની આત્મનિવેદિત ભક્તિ અને દાસપણું અજોડ હતું. તેથી

જ શ્રીકૃષ્ણ કૃપાથી પાંડવોને જીવનકાળ દરમ્યાન દરેક ક્ષેત્રે સફળતા અને રક્ષણ મળ્યું. પાંડવોનો વિજય ધર્મ અને ભક્તિથી થયો. (૧)

શ્રીહરિએ વચનામૃતમાં પાંડવોનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા પ્રથમનું ૩૧મું :

જેમ શિશુપાલ એમ જ કહેતો કે, પાંડવો તો વર્ણસંકર છે... અને વર્ણસંકર એવા જે પાંડવો તેણે પૂજ્યો તેણે કરીને શું એ ભગવાન થયો ?

પાંડવોને વર્ણસંકર શું કામ કહ્યા ? તેની કથા જાણીએ :

પાંડવોને દ્રૌપદી એક જ પત્ની હતા. બધા ભાઈઓ વચ્ચે તેઓ એક જ હતા, તેથી તે અધર્મ ગણાય એમ શિશુપાલ માનતો. વળી પાંડવો અલગ-અલગ પિતાથી જન્મ્યા હતા. તેમના પિતા પાંડુ રાજાને શાપ હતો કે જો તેઓ કામમગ્ન થશે તો તેનું મૃત્યુ થશે. આથી કુંતામાતાને અગાઉ મળેલા વરદાન મુજબ મંત્ર દ્વારા અલગ-અલગ દેવોને બોલાવી મંત્રશક્તિ દ્વારા તેમના સાનિધ્ય વગર પુત્રો મેળવેલા. જેમકે ઈન્દ્ર દ્વારા અર્જુન થયેલા, પવનદેવ દ્વારા ભીમ થયેલા, ધર્મરાજા દ્વારા યુધિષ્ઠિર થયેલા અને સહદેવ અને નકુલ પણ અશ્વિનીકુમારોના અંશથી માદ્રી દ્વારા મળેલા. આમ દેવ અને મનુષ્યજાતિનું મિશ્રણ થયું. તેથી શિશુપાલ પાંડવોને વર્ણસંકર કહેતો અને પાંડવો શ્રીકૃષ્ણને પૂજતા તેથી તે બંનેને ધિક્કારતો.

પાંડવો પાંડુરાજાના પુત્રો તરીકે ઓળખાતા.

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૭૦મું :

...જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવોને પાંડવોના લશ્કર સામસામા ઊભા હતા.

★ પંચાળાનું ૧લું :

...જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી, રુક્મિણી ... ઈત્યાદિ ભક્તના રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યા છે.

પાંડવો રૂપગુણમાં અજોડ હતા. અર્જુન મહાન બાણાવળી હતા. ભીમ મહા બળવાન હતા. યુધિષ્ઠિર સત્યનિષ્ઠ અને ધર્મવાન હતા. તેઓ શાસ્ત્રના વચન પ્રમાણે વર્તતા.

★ ગઢડા મધ્યનું ૨૮મું :

...'પાંડવોને વિષે પણ અર્જુનની પ્રકૃતિ બહુ દયાળુ હતી.'

★ વડતાલનું ૧લું :

...કૌરવને પાંડવોને યુદ્ધ કરવાનો પ્રારંભ થયો ત્યારે કૌરવો અને પાંડવોએ વિચાર્યું કે, આપણે એવે ઠેકાણે યુદ્ધ કરીએ જે યુદ્ધમાં કોઈ મરે તો પણ તેના જીવનું રૂડું થાય.

મહાભારતની લડાઈમાં કૌરવ અને પાંડવો પવિત્ર સ્થાન કુરુક્ષેત્રમાં લડાઈ કરીને વીરગતિને પામ્યા.

★ વડતાલનું ૧૮મું :

હસ્તિનાપુરમાં રહ્યા ને પાંડવોની સર્વકષ્ટ થકી રક્ષા કરી ને દ્રૌપદીની લાજ રાખી ને અર્જુનના સારથી બન્યા. ઈત્યાદિક સ્થાનકને ભેદે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની અનેક લીલા છે.

★ ગઢડા અંત્યનું ૩જું :

...અશ્વત્થામા બ્રહ્મરૂપ થયો હતો પણ એને કુસંગનો પાશ લાગ્યો હતો, માટે શ્રીકૃષ્ણ તથા તેના ભક્ત જે પાંડવ તેને વિષે દયા ને સ્નેહ થયા નહિ.

★ પાદટીપ :

(૧) **भक्तचरितांक :** કલ્યાણ. ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૬, વિશેષાંક. પાના નં. ૨૦૦થી ૨૦૧

●

૯૨. અંબરીષ રાજા

અંબરીષ રાજા વૈવસ્વત મનુના પ્રપૌત્ર તથા રાજર્ષિ નાભાગના પુત્ર હતા. પૃથ્વીના સાતે દ્વીપ, અચળ સંપત્તિ અને અપાર ઐશ્વર્ય તેમને પ્રાપ્ત હતું. તેમ છતાં તેઓ તેને સ્વપ્નતુલ્ય સમજતા હતા એવા વૈરાગ્યવાન હતા. તેમને ભગવાન અને તેમના સંતોમાં પરમ પ્રેમ હતો. તેઓ સ્વર્ગની ઈચ્છા કરતા ન હતા, પરંતુ ભગવાનના પરમધામની ઈચ્છા કરતા. તેમની પ્રજા પણ ગુણવાન અને પ્રભુમાં પ્રેમ ધરાવનારી હતી અને આખો દિવસ પ્રભુ સ્મરણ કરતા. આથી પ્રભુએ પ્રસન્ન થઈને રાજા અને તેની પ્રજાનું રક્ષણ કરવા સુદર્શન ચક્રને તેમની સેવામાં રાખેલ. આમ, રાજા તપસ્યાયુક્ત ભક્તિયોગ અને પ્રજાપાલનરૂપી સ્વધર્મ દ્વારા ભગવાનને પ્રસન્ન કરવા લાગ્યા અને સર્વ પ્રકારની આસક્તિઓનો ત્યાગ કરી દીધો. તેઓ ભગવાનના સંબંધે સહિતના ધર્મનું પાલન કરતા.

તેમના પત્ની પણ તેમના જેવા જ ધર્મશીલ અને ભક્તિ પરાયણ હતા. એકવાર રાજાએ પોતાના પત્ની સહિત ભગવાનની આરાધના કરવા માટે એક વર્ષ સુધી દ્વાદશી પ્રધાન એકાદશીનું વ્રત કર્યું અને બ્રાહ્મણોનું પૂજન કરી દાન કર્યું. ત્યારબાદ તેઓ પારણું કરવાની તૈયારી કરતા હતા તે દરમ્યાન દુર્વાસા મુનિ તેના શિષ્યો સહિત પધાર્યા અને રાજાએ તેમને ભોજન માટે પ્રાર્થના કરી. ઋષિએ તે પ્રાર્થના સ્વીકારી અને યમુના નદીમાં સ્નાન કરવા ગયા. આ બાજુ દ્વાદશી ઘડીભર બાકી હતી અને રાજા ધર્મ સંકટમાં મૂકાયા. જો પારણું ન કરે તો એકાદશીઓનું પુણ્ય ન મળે અને પારણું કરે તો અતિથિરૂપ મુનિને જમાડ્યા પહેલા પોતે જમી લીધું તેનું પાપ લાગે. આથી બ્રાહ્મણોની સલાહથી રાજાએ પારણામાં ફક્ત પ્રસાદીનું જળ ને તુલસીપાન લીધું કે જેથી પારણું કર્યું પણ કહેવાય અને ન પણ કર્યું કહેવાય. આ બાજુ દુર્વાસાએ સ્નાન કરતા જાણ્યું કે, રાજાએ મને મૂકીને પારણું કરી લીધું છે તેથી તે ક્રોધે ભરાયા અને રાજાને મારવા માટે કૃત્યાને મોકલી, પરંતુ

રાજાની રક્ષા માટે સ્વયં સુદર્શન ચક્ર હાજર હતું. તેણે કૃત્યાને તત્ક્ષણ બાળીને ભસ્મ કરી દીધી અને કૃત્યાને મોકલનાર દુર્વાસા ભણી સુદર્શન ચક્ર ગયું. ઋષિ તેના ભયથી ભાગ્યા. પણ ચક્ર તેમની પાછળ પાછળ જઈ તેને દઝાડતું રહ્યું. આખરે ઋષિ પ્રભુ પાસે ગયા અને પોતાને બચાવવા વિનંતી કરી. ત્યારે પ્રભુ કહે, હું તો ભક્તને આધીન છું. હું તમારી રક્ષા કરવા સમર્થ નથી. તમે સ્વયં ભક્ત પાસે જાઓ અને તેની માફી માંગો અને તે સુદર્શન ચક્રને વાળે તો તમારી રક્ષા થાય. આથી ઋષિ રાજા પાસે આવીને તેમની ક્ષમા માંગી. ત્યારે રાજાએ કહ્યું કે, મને તમારા પર જરાય રોષ નથી. તમે જ્યારે અહીં પધાર્યા ત્યારે મને તમારા પર જેવો આદરભાવ હતો. તેવોને તેવો જ ભાવ જો અત્યારે પણ હોય તો હે સુદર્શન ચક્ર ! આપ આપના સ્થાને પરત જાઓ. આમ કહ્યું ત્યાં તો તરત જ સુદર્શન ચક્ર તેમના યથાસ્થાને ગયું.

આમ, ઋષિને પાછા ફરતા એક વર્ષ જેટલો સમય વીતી ગયો ત્યાં સુધી રાજા અને તેમના પત્ની નિરાહાર રહ્યા અને ઋષિના આવ્યા બાદ તેમને પારણું કરાવી પછી પોતે પારણું કર્યું.

એટલે **શ્રીહરિ ગઢડા અંત્યના (૨૧)માં વચનામૃત**માં કહે છે કે, ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે તો નારદ, સનકાદિક શુકજી, ધ્રુવ, પ્રહલાદ અને અંબરીષ એ આદિક જે ભક્તજન તેનો છે અને તે ધર્મને જ ભાગવત્ ધર્મ કહે છે. આમ શ્રીહરિએ અંબરીષ રાજાની ભગવાનની ભક્તિ સહિતના ધર્મને વખાણ્યો છે.

★ **પાદટીપ :**

(૧) **શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. દ્વિતીય ખંડ, ચોથો અધ્યાય : નવમો સ્કંધ.

•

૯૩. અક્રૂરજી

અક્રૂરજી શ્રીકૃષ્ણ ભગવાનના કાકા છે. તેમનું એક નામ દાનપતિ છે. તેઓ યદુ વંશાન્તર્ગત સાત્વત વંશીય યાદવશ્રેષ્ઠ શ્વફલ્કના પુત્ર છે. તેમની માતાનું નામ ગાન્દિની છે. નવધા ભક્તિમાં વંદન ભક્તિના તેઓ પરમ આદર્શ ગણાય છે. તેઓ કંસના દરબારના એક દરબારી હતા. જ્યારે કંસના અત્યાચારોથી ત્રાસીને યદુવંશીઓ મથુરા છોડી છોડીને જતા રહેતા હતા ત્યારે દેશકાળને જાણી સારા સમયની રાહ જોતા અક્રૂરજી મથુરામાં જ રહ્યા. (૧)

જ્યારે અનેક ઉપાયો કરવા છતાં કંસ શ્રીકૃષ્ણ ભગવાનને મારી ન શક્યો ત્યારે તેણે એક નવી ચાલ વિચારી. તેણે મથુરામાં એક ધનુષ્ય યજ્ઞનું આયોજન કર્યું અને તેમાં ગોકુળથી શ્રીકૃષ્ણ અને બલરામને મથુરા બોલાવ્યા. કંસે આ મહોત્સવમાં શક્તિશાળી મલ્લોને રાખ્યા કે જેઓ શ્રીકૃષ્ણ અને બલરામને કપટપૂર્વક મલ્લદાવમાં બોલાવી તેને મારી નાખે. (૧)

આ ઉત્સવમાં બંને ભાઈઓને બોલાવવા માટે કંસે અક્રૂરજીને કહ્યું કે તેઓ ગોકુળ જઈને બંને ભાઈઓને આદરપૂર્વક મથુરા તેડી લાવે. અક્રૂરજી તો ભગવાનના પ્રેમી ભક્ત હતા. તેમને આ સેવા સોંપાતા તેઓ ખૂબ રાજી થઈ ગયા કે એ બહાને મને શ્રીકૃષ્ણના દર્શન થશે.

રસ્તામાં અક્રૂરજી વિચારતા હતા કે મને સુંદર મુખારવિંદવાળા, પિતાંબરધારી, ઘુંઘરાળા વાળવાળા, કાળી કમલી ધારણ કરેલા શ્રીકૃષ્ણના દર્શન થશે. મને તેઓ હસીને બોલાવશે. મારો હાથ પકડશે. મને કાકા કહીને બોલાવશે. રસ્તામાં શ્રીકૃષ્ણના દિવ્ય ચિહ્નોવાળા ચરણની છાપ ધૂળમાં પડેલી જોતા નીચે ઊતરીને એ બ્રહ્મરજમાં આળોટવા લાગ્યા. (૧)

શ્રીકૃષ્ણ તેમનો આ ભાવ જોઈને તેમને રસ્તામાં મળ્યા. તેમની ઈચ્છા અનુસાર તેમને કાકા કહીને બોલાવી ભેટ્યા અને રથમાં બેસાડી પોતાના ભવનમાં લઈ ગયા.

અક્રૂરજીએ કંસમામાનો સંદેશો શ્રીકૃષ્ણને કહી સંભળાવ્યો. (૧)

શ્રીકૃષ્ણ તો આ તકની રાહ જોઈને જ બેઠા હતા કે ક્યારે હું મથુરા જાઉં અને મારા માતા-પિતાને કંસના ત્રાસમાંથી મુક્ત કરી મારું અવતારકાર્ય આગળ ધપાવું. (૧)

બીજે દિવસે અક્રૂરજી શ્રીકૃષ્ણ તથા બલરામને લઈ મથુરા જવા નીકળે છે ત્યારે ગોપીઓ તેમના રથને ઘેરી વળે છે અને આંસુભરી આંખે શ્રીકૃષ્ણને અને અક્રૂરજીને મથુરા ન જવા વિનવે છે. (૧)

તેમનો રથ આગળ વધતા રસ્તામાં યમુના નદી આવે છે. અક્રૂરજી તે નદીમાં ડુબકી લગાવે છે. તો જળમાં શ્રીકૃષ્ણના શેષશાયીમાં બેઠા હોય તેવા દર્શન થાય છે. આથી તેમને આશ્ચર્ય થાય છે કે હું તો શ્રીકૃષ્ણને રથમાં બેસાડીને આવું છું. તો અહીં દર્શન કઈ રીતે ? ફરી બહાર આવી જુએ છે તો શ્રીકૃષ્ણને રથમાં બેઠેલા જુએ છે. ફરી ડુબકી લગાવે છે તો જળમાં શ્રીકૃષ્ણના દર્શન થયા. તેમને શ્રીકૃષ્ણ સાક્ષાત્ પ્રભુ છે તેવી પ્રતીતિ થાય છે અને તેમને જ્ઞાન થાય છે કે, જળમાં-સ્થળમાં-આકાશમાં, કોઈ પણ સ્થાન એવું નથી કે, જ્યાં શ્રીકૃષ્ણનું અસ્તિત્વ નથી. (૧)

આમ, તેઓ મથુરા પહોંચે છે. રથમાંથી ઉતરીને કૃષ્ણ બલરામ એકલા જ આગળ વધે છે. ત્યારે અક્રૂરજી તેમને પોતાને ઘરે પધારવા પ્રાર્થના કરે છે ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે કંસનો નાશ કર્યા બાદ અને મારા માતા-પિતાને જેલમાંથી છોડાવ્યા બાદ હું તમારા ઘરે આવીશ. (૧)

કંસનો નાશ કર્યા બાદ શ્રીકૃષ્ણ અક્રૂરજીના ઘરે પધારતા તેના આનંદનો પાર નથી રહેતો. તેમની અનેક વર્ષોની તપસ્યા આજે સાર્થક થયેલી લાગે છે. તેમણે શ્રીકૃષ્ણની પૂજા કરી આદર સત્કાર કરી પોતાને આજ્ઞા આપવા જણાવતા શ્રીકૃષ્ણ તેમને હસ્તિનાપુર મોકલે છે અને પાંડવોને આ સમાચાર આપવા કહે છે. અક્રૂરજી જાય છે અને ધૃતરાષ્ટ્રને સમાચાર આપે છે.

જ્યારે ભગવાન મથુરા છોડી દ્વારિકા પધારે છે ત્યારે અક્રૂરજી તેમની સાથે આવે છે. (૧)

અક્રૂરજી એવા પુણ્યશાળી આત્મા હતા કે, તેઓ જ્યાં હોય ત્યાં ખૂબ સારા વરસાદ-પાણી રહેતા અને દુકાળ કે કોઈ અન્ય મુશ્કેલીઓ ન આવતી. એકવાર કોઈ કારણોસર અક્રૂરજી દ્વારિકાથી બીજે પ્રસ્થાન કરતા દ્વારિકામાં ભૌતિક સુખ

સમૃદ્ધિનો દુકાળ પડ્યો. વરસાદ બંધ થઈ ગયો. આથી શ્રીકૃષ્ણે તેમને પાછા દ્વારિકા બોલાવ્યા.

અક્રૂરજી ભગવાનના સાચા ભક્ત હતા. (૧)

વચનામૃતમાં શ્રીહરિએ અનેક જગ્યાએ અક્રૂરજીને યાદ કર્યા છે :

★ **ગઢડા પ્રથમનું ૬૩મું વચનામૃત :** ...અને સત્સંગી સર્વે તે તો જેવા અક્રૂરજી, વિદૂર ... ગોપ તેવા છે.

★ **વચનામૃત પંચાળાનું ૬ઠ્ઠું :**

...તે સર્વેનો ભાવ શ્રીકૃષ્ણે પોતા વિષે દેખાડ્યો... તથા અક્રૂરજીને યમુનાના ધરામાં દર્શન દીધા તેણે કરીને શેષશાયીપણું જણાવ્યું.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૧૦મું :**

... તથા અક્રૂરજીને યમુનાના જળને વિષે દર્શન દીધું.

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૭૫થી ૧૭૯.

●

૯૪. ઉપરિચરવસુ રાજા

દુષ્ટના અને સાધુના ધર્મના **ગઢડા પ્રથમના ૬૯માં વચનામૃત**માં શ્રીહરિ કૃપા વાક્ય કહે છે કે, હિંસાયુક્ત ધર્મ છે તે ધર્મ, અર્થ અને કામ પર છે. તે પણ હિંસાના સંકોચને અર્થે કહ્યો છે અને અહિંસામય જે ધર્મ છે તે તો મોક્ષ પરાયણ છે...

આટલી વાત કર્યા બાદ શ્રીહરિ કહે છે કે, રાજા ઉપરિચરવસુ રાજ્યમાં હતા તો પણ અહિંસા ધર્મને વિષે રહ્યા હતા.

જેમ યુધિષ્ઠિર રાજા હતા તેમનું હજારો ગાઉમાં રાજ્ય હતું, તો પણ અહિંસામય ધર્મનું પાલન કરતા હતા. તેમ ઉપરિચરવસુ રાજા પણ હતા. તેમના વિષે જાણીએ :

પુરાણ મુજબ સ્વયંભૂ વંશમાં ઉત્તાનપાદ કુળમાં ઉપરિચરવસુ રાજા થયા હતા. તેઓ પ્રજાપાલક હતા. તેમણે અહિંસામય યજ્ઞો દ્વારા ધર્મનું સ્થાપન કર્યું હતું. (૧)

પૂર્વકાલમાં ઉપરિચરવસુ રાજા રાજ્ય કરતા હતા. તેઓ ઈન્દ્રના મિત્ર અને ભગવાન નારાયણના પરમ ભક્ત હતા. તેઓ સદાય ધર્માચરણ કરતા અને ભક્તિ રાખતા હતા. તેઓ બિલકુલ આળસુ ન હતા. નારાયણપ્રભુના વરદાનથી તેમને આ ભૂમંડળનું સામ્રાજ્ય મળ્યું હતું. તેઓ વિધિવત્ નારાયણની પૂજા કરતા. પ્રથમ લોકોને જમાડી ત્યારબાદ છેલ્લે તેઓ ભોજન કરતા. તેઓ સદા સત્ય બોલતા અને પ્રાણીઓની હિંસાથી દૂર રહેતા. આનાથી ઈન્દ્રદેવ તેમના પર પ્રસન્ન થઈને તેમના સિંહાસન ઉપર બેસાડતા. રાજાએ પોતાનું રાજ્ય, ધન, સ્ત્રી વગેરે ભગવાન નારાયણને કૃષ્ણાર્પણ કરી રાખ્યું હતું. તેઓ સદા સાવધાન રહીને સકામ અને નૈમિત્તિક યજ્ઞોની વિધિ વૈષ્ણવશાસ્ત્ર અનુસાર કરતા. ભગવાનને અર્પણ કર્યા વગર તેઓ ભોજન ગ્રહણ ન કરતા. તેઓએ ધર્મપૂર્વક જ રાજ્યનું

શાસન કર્યું. કદી અસત્યનો આશ્રય કર્યો ન હતો. તેમના મનમાં કદી ખરાબ વિચારો આવતા ન હતા. તેમણે આ શરીરથી ક્યારેય નાનામાં નાનું પણ પાપ કર્યું ન હતું. (૨)

આમ, ઉપરિચરવસુ રાજા અહિંસા ધર્મને વિષે રહ્યા હતા.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ : ૨, પાના નં. ૧૪૦૬

(૨) **संक्षिप्त महाभारत :** ભાગ-૨, ગીતા પ્રેસ, ગોરખપુર, વર્ષ : ૨૦૦૭, પાના નં. ૪૭૧

●

૯૫. ગોપ (વ્રજસખા ગોપકુમાર)

વ્રજની ગાયો, વૃક્ષો, પશુપંખી અને ગોપીઓ જેમ ધન્ય છે તેમ વ્રજના ગોપકુમારો પણ ધન્ય છે. શ્રીકૃષ્ણનો તેમને સાથ મળ્યો. પ્રભુ સાથે હસવા-રમવા મળ્યું. તો પ્રભુના હાથની પ્રસાદીનો પણ લાભ મળ્યો. ગોપકુમારો શ્રીકૃષ્ણના બાલસખા હતા. જેમાં સુબલ, શુભદ્ર, ભદ્ર, મણિભદ્ર, વરુથય, તોકકૃષ્ણ. તેઓ કૃષ્ણના પિતરાઈ ભાઈઓ હતા. શ્રીદામા રાધિકાજીના ભાઈ હતા. તે સિવાય શ્રીકૃષ્ણને અનેક બાલમિત્રો હતા જેમની સાથે પ્રભુ હસતા, રમતા, ગાતા, નાચતા બાલરમતો રમતા. શ્રીકૃષ્ણ સંતાઈ જતા તો થોડી ક્ષણનો પ્રભુનો વિરહ મિત્રો સહન ન કરી શકતા. તેઓ કનૈયા સાથે લડતા, ઝગડતા, રિસાઈ જતા પણ જો કનૈયાના મુખ ઉપર જરાક જેટલી ઉદાસી કે દુઃખ નજરે ચડે તો બધા મિત્રો દુઃખી-દુઃખી થઈ જતા. બંને એકબીજાના પ્રાણપ્રિય સખા હતા. (૧)

કંસ દ્વારા શ્રીકૃષ્ણને મારવા આવેલ અસુરો બકાસુર, અઘાસુર, પૂતના. વ્યોમાસુર આદિ અસુરોને શ્રીકૃષ્ણે મારી નાખ્યા. પોતાના બાલસખાઓની રક્ષા કરી. યમુના કિનારે કાલીયનાગને મારવા પોતે ધરામાં પડ્યા અને નાગને વશ કર્યો. આદિ ચરિત્રોને બાલસખા આશ્ચર્યથી નિહાળતા હતા. (૧) કે આ બધા પરાક્રમો શ્રીકૃષ્ણ કરે છે તેથી તે સામાન્ય માણસ તો નથી પરંતુ દેવ છે. પરંતુ જ્યારે યાદવોના ગુરુ ગર્ગાચાર્યે શ્રીકૃષ્ણના જન્મ સમયે કરેલી ભવિષ્યવાણી યાદ આવી કે આ કૃષ્ણ કોઈ સામાન્ય નથી પણ દેવોના દેવ પરાત્પર શ્રી નારાયણ છે. ત્યારે બાલસખાઓ અને વ્રજવાસીઓને શ્રીકૃષ્ણના ચરિત્રોમાં દિવ્યભાવ દેખાયો કે, નાનું બાળક મોટા મોટા અસુરોને મારી ન શકે, કાલીયદમન ન કરી શકે, પર્વત ન ઉપાડી શકે. પણ આ તો સ્વયંપ્રભુ આપણા જેવા થઈને પધાર્યા છે. આપણી સાથે રમે છે, જમે છે. તે આપણને સુખ દેવા માટે અને આપણું કલ્યાણ કરવા પધાર્યા છે.

જેમ ગોપીઓ પૂર્વે અપ્સરાઓ હતી પછી તપે કરીને પ્રભુને રાજી કર્યા અને પ્રભુનું સુખ લેવા માટે ગોકુળમાં ગોપીઓ થઈને અવતરી તેમ ગોપકુમારો પણ સામાન્ય જીવો ન હતા. તેઓ પણ મોટા મોટા ઋષિઓ મુમુક્ષુ જીવો હતા. જેઓએ પ્રભુ પ્રેમ અને સાનિધ્ય મેળવવા પ્રભુ સાથે જન્મ ધારણ કરેલ અને શ્રીકૃષ્ણનું સાનિધ્ય મેળવી પરમ સુખનો આનંદ મેળવેલ.

★ તેથી **લોયાના નિશ્ચયના ૧૮માં વચનામૃત**માં શ્રીહરિ ગોપ બાળકોને યાદ કરતા કહે છે કે, ‘જેમ વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણના ચરિત્રો દેખીને પ્રથમ તો દેવભાવ આવ્યો પણ ગર્ગાચાર્યના વચનને સંભારીને નારાયણનો ભાવ આવ્યો. એવી રીતે ભગવાનને વિષે જેને દિવ્યભાવ છે તેને પૂરો નિશ્ચય જાણવો.’

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૨૦૧થી ૨૦૨

●

૯૬. ગોપીઓ

મુગ્ધા, મધ્યા અને પ્રૌઢાના **સારંગપુરના ૧૫માં વચનામૃત**માં શ્રીહરિ ગોપીઓ વિષે કહે છે કે, ગોપીઓ કાંઈ ભોળિયો નહોતી. એ તો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય યુક્ત હોય તેની સમજણને ઉલ્લંઘી જાય એવી ડાહિયો હતી.

પરમ ભક્ત પ્રેમગ્ન ગોપીઓ વિષે જાણીએ :

'गोभिः (इन्द्रियैः) कृष्णरसं पिबति इति गोपी ।

ઈન્દ્રિયો વડે જેઓ કૃષ્ણરસને પીવે છે તે ગોપી. (૧)

જેનું સમસ્ત અસ્તિત્વ કૃષ્ણમય છે, જેનું જીવન શ્રીકૃષ્ણ છે. જેમનો આહાર, વિહાર, બોલવું, ચાલવું, જોવું વગેરે ક્રિયા કૃષ્ણમય છે, કૃષ્ણ માટે છે તથા જેમનો શ્વાસ તે કૃષ્ણ છે, તે પરમ તત્ત્વ સિવાય કોઈ વસ્તુને ઈચ્છતી નથી તેનું નામ ગોપી. પ્રેમની પરાકાષ્ઠા એટલે ગોપી. (૧)

ગોપીઓ ગોકુળમાં રહેતી. ગોવાળોની પત્ની એટલે ગોપી. ગામડાંની અબુધ, અભણ નારી ગોપી હતી, પરંતુ પ્રભુ પ્રત્યેનો તેનો પ્રેમ મોટા મોટા ઋષિઓ, પંડિતો, જ્ઞાનીઓને ટપી જાય તેવો હતો. શ્રીકૃષ્ણ માટેનું તેનું સમર્પણ અજોડ હતું. (૧)

યજ્ઞ ભગવાનના સૌંદર્યથી વિમોહિત થયેલી દેવાંગનાઓએ તપ કરીને શ્રીહરિને રાજી કરીને દ્વાપરમાં ગોપી બનવાનો અધિકાર પ્રાપ્ત કરેલ. તો વેદની શ્રુતિઓએ પણ ગોપી બનવાનું વરદાન પ્રાપ્ત કરેલ. (૨)

ભગવાન શ્રીકૃષ્ણ બાળ અવસ્થામાં હતા ત્યારે ગોપીઓના ઘરે જઈ ચોરીછૂપીથી માખણ અને દહીં ખાતા અને પોતાના ગોપમિત્રોને જમાડતા. ગોકુળમાં માખણ, દહીં મથુરાના રાજા કંસ પાસે ન જાય તે માટે શ્રીકૃષ્ણ ગોપીઓનું માખણ વગેરે ચોરતા, તેની મટુકી ફોડી નાખતા અને માખણની લૂંટ ચલાવતા. તો કોઈ વાર એક છાલીયા છાશ માટે ગોપી સામે નાચી તેના મનનો ભાવ પૂરો કરતા. (૨)

શ્રીકૃષ્ણનું આ અવતારમાં એવું રમણીય અને મનમોહક રૂપ છટા, વાણી અને વ્યક્તિત્વ હતું કે, સૌ કોઈ ખાસ કરીને ગોવાળોની પત્નીઓ, બ્રાહ્મણ પત્નીઓ-ગોરાણીઓ શ્રીકૃષ્ણ પ્રત્યે ખેંચાતી અને કૃષ્ણમય બની, જન્મોજન્મની કસર ટાળીને બ્રહ્મરૂપ થઈ જતી. જે કામ મોટા મોટા ઋષિઓ જ્ઞાને કરીને કે સમાધિએ કરીને ન કરી શકતા તે પ્રાપ્તિ ગોપીઓ ફક્ત શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમમાં મેળવી શકતી. ઈન્દ્ર જે પ્રસાદી માટે તડપતો એવી શ્રીકૃષ્ણની પ્રસાદી ગોપીઓ કેવળ પ્રેમના તાંતણે સહજતાથી મેળવી શકતી. (૨)

શ્રીકૃષ્ણના દર્શન કરવા ગોપીઓ કોઈ બહાનું કાઢી કાઢીને નંદ ઘરે આવી શ્રીકૃષ્ણના દર્શન કરી તેને રમાડી જતી. કહેવાય છે કે બ્રહ્માદિક દેવતાઓ, ઋષિઓ,મહાપુરુષો ગોપીનું સ્વરૂપ ધારણ કરી ગોકુળમાં આવતા અને શ્રીકૃષ્ણની બાળલીલાના દર્શન કરી જતા અને ચરણ સ્પર્શનું સુખ પણ માણતા. (૨)

ભાગવતના દશમા સ્કંધમાં શ્રીકૃષ્ણની ગોપીઓ સાથેની લીલાનું અદ્‌ભૂત વર્ણન કરેલું છે. ગોપીઓની જન્મોજન્મની કસર શ્રીકૃષ્ણે રાસલીલાના માધ્યમે ટાળી નાખી. કૃષ્ણે ગોકુળ છોડ્યું ત્યારે તેમની ઉંમર ૧૧ વર્ષની હતી. રાસલીલા સમયે તેઓ ૧૦ વર્ષના હશે અને દસ વર્ષના કિશોર વયનાં બાળકમાં બાળસહજ ભાવ અને નિર્દોષતા સિવાય કશું ન હોય. એ ભગવત્ લીલા હતી, જેમાં લૌકિક ભાવ ન હતો. અલૌકિક ભાવ હતો. જીવ અને શિવનું તે મિલન હતું. પ્રભુ મિલનમાં ગોપીઓના તમામ અશુભ કર્મો બળી ગયા. તેના જન્મોજન્મના પુણ્યનું ફળ મળી ગયું. તેમની મુક્તિ થઈ ગઈ. (૨)

શ્રીકૃષ્ણે રાસલીલા કરી અને ગોપીઓએ શ્રીકૃષ્ણની વાંસળી સાંભળી પ્રભુને પામવા દોડી ગઈ. તે સમયે અમુક ગોપીઓને તેમના કુટુંબીજનોએ પરાણે રોકી રાખી. તો ગોપીઓને શ્રીકૃષ્ણનો અતિવિરહ થયો અને તેમનો દેહ પડી ગયો અને પ્રાણ પિયુને પાસે પહોંચી ગયો. આ અલૌકિક ઘટના નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના **નિષ્કુળાનંદ કાવ્યમાં સ્નેહ ગીતા** અંતર્ગત ખૂબ અલૌકિક રીતે વર્ણવી છે :

એમ સ્નેહમાં શોચે ઘણું, વનિતા કહે રહી વાંસળ્યે,
પછી મેલ્યુ દેહ મંદિરમાંયે, પ્રાણ પો'તા પિયુને પાસળ્યે.
એહ રીતે પો'તી અબલા, મોહનજી સંગે જૈ મળી,
ભૌતિક દેહનું ભાન ભૂલી, અતિ વાક્ય દેહ પામી વળી.
પ્રેમીજનનું એહ પારખું, પ્રીતમ વિના પળમાં મરે... (૭) (૪)

શ્રીકૃષ્ણ હંમેશાં ગોપીઓની ભક્તિ વખાણ્યા કરે આથી, ભક્તો તથા શ્રીકૃષ્ણની પટ્ટરાણીઓ કહે કે, અમારી સેવા, ભક્તિ તમે ધ્યાને લેતા નથી. ગોપીઓના જ વખાણ કરે રાખો છો. આથી સાચો પ્રેમ કોનો છે ? તે બતાવવા રાણીઓની પરીક્ષા લેવાનું નક્કી કરી અને પોતે મનુષ્ય લીલા આદરી. પોતાને મસ્તકમાં સખત શૂળ ઉપડ્યું છે તેવી લીલા આદરી. રાણીઓ બેબાકળી બની પીડા ટાળવાના ઉપાયો કરે. વૈદ્યોને બતાવ્યું. ઔષધો કર્યા પણ મટે નહીં. આથી કૃષ્ણને પૂછ્યું કે, 'હવે તમે કહો કે કયા ઉપાયે કરીને તમારી આ પીડા ટળે ?' ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે, કોઈ ભક્તના પગની રજ જો મારા મસ્તકે ચોપડવામાં આવે તો જ આ પીડા ટળે તેમ છે, પણ તેમાં એક જોખમ છે કે ભક્તના પગની રજ મારા મસ્તકે ચોપડાશે તો તે નરકગામી થશે. રાણીઓ આ સાંભળી હેબતાઈ ગઈ. ઉપાય સારો પણ પોતાને નરકવાસ કરવો પડે તે વિચારથી બધા દૂર હટી ગયા. રાણીઓ પણ પોતાના પગની રજ આપવા તૈયાર ન થઈ. બધા મૂંઝાયા. ત્યારે શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને કહ્યું કે, તમે હવે ગોકુળ જાઓ અને ગોપીઓના પગની રજ જો આપે તો લેતા આવો. ઉદ્ધવજી ગયા ને ગોપીઓને કૃષ્ણવૃત્તાંત કહ્યું અને પદરજની માંગણી કરી. ગોપીઓ તરત રજ આપવા તૈયાર થઈ ગઈ. ત્યારે ઉદ્ધવજીએ ભયસ્થાન બતાવ્યું કે, તમારા પગની રજ એ શ્રીકૃષ્ણના મસ્તકે ચોપડશો તો તમે નરકગામી થશો તેવી વાત કરી. ત્યારે ગોપીઓ હસી પડી અને કહે, 'અમારે તો અમારો કૃષ્ણ સાજો થઈ જવો જોઈએ. ભલે, અમને નરક મળે. અમે નરકમાં રહી શ્રીકૃષ્ણનું ભજન કરશું અને આમ ગોપીઓના પગની રજ લઈને ઉદ્ધવજી કૃષ્ણ પાસે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણે તેમના ભક્તો અને રાણીઓને કહ્યું કે, ગોપીઓએ ફક્ત મારા જ સુખની ચિંતા કરી. પોતાનું અકલ્યાણ થશે તેની ચિંતા ન કરી માટે તે ભક્તિ અને તેની ભક્ત શ્રેષ્ઠ છે અને મને તેઓ વધુ વ્હાલા છે. તેથી હું તેમને સંભારે રાખું છું. (૨)

ગોપીઓની આજ્ઞાપાલન વૃત્તિ અજોડ હતી. ગોકુળ છોડી મથુરા જવા તૈયાર થયેલા શ્રીકૃષ્ણની આંખમાં ગોકુળ રહેવાની ઇચ્છા ન દેખાતા ગોપીઓએ કૃષ્ણને પરાણે રોકી રાખવાની ઈચ્છાનો ત્યાગ કરી એક બાજુ ઊભી રહી ગઈ અને મનમાં એમ વિચાર્યું કે, આપણે જો કૃષ્ણને તેમની ઇચ્છા વિરુદ્ધ રોકશું તો તેમને આપણા ઉપર સ્નેહ છે તે ઓછો થઈ જશે અને તેથી જ ગોકુળથી મથુરા ૩ ગાઉ જ આઘું હતું તેમ છતાં કૃષ્ણની ઈચ્છા વગર ગોપીઓ કૃષ્ણના દર્શન મીષે પણ ક્યારેય મથુરા

ન ગઈ અને ભગવાને કહેલું કે હું તમને એકવાર મળવા બોલાવીશ ત્યારે જ ગોપીઓ કૃષ્ણના દર્શન કરવા ગઈ. (૨)

મહાભારતના યુદ્ધના અંતે કુરુક્ષેત્રના મેદાનમાં શ્રીકૃષ્ણએ ગોપીઓને મળવા બોલાવી. કૃષ્ણના મિલનની આશાએ જીવ ટકાવીને રાખેલો એવી ગોપીઓ શ્રીકૃષ્ણના દર્શન માટે કુરુક્ષેત્ર ગઈ. કૃષ્ણ સાથે ગોપીઓનું મિલન થયું ત્યારે શ્રીકૃષ્ણે ગોપીઓને કહ્યું કે, આ આપણું છેલ્લું મિલન છે અને ગોપીઓને ગોકુળમાં જવાની આજ્ઞા કરી, પણ ગોપીઓ ગોકુળ ન પહોંચી શકી. કુરુક્ષેત્રની પાસેના તળાવ નજીક જ શ્રીકૃષ્ણના વિરહાગ્નિથી બધી ગોપીઓએ તેના પ્રાણ ત્યાગી દીધા અને તળાવમાં સમાઈ ગઈ. આ તળાવ ગોપી-તળાવના નામે ઓળખાય છે અને તેની માટી ગોપીચંદન તરીકે વપરાય છે. (૨)

શ્રીકૃષ્ણ સદાય દિવ્યભાવમાં રમતા હતા. જે ભાવને ગોપીઓ પીછાણી શકતી હતી. જે વાત શ્રીહરિએ **ગઢડા મધ્યના ૧૦માં વચનામૃતમાં કહી છે. તેનો પ્રસંગ જોઈએ :**

એકવાર શ્રીકૃષ્ણે ગોપીઓને કહ્યું કે, દુર્વાસામુનિ ભૂખ્યા છે. તો તમે તેમને થાળ જમાડી આવો. ત્યારે ગોપીઓ કહે આડા યમુનાજી છે અમે કેમ જઈએ ? ત્યારે શ્રીકૃષ્ણ કહે, યમુનાજીને કહેજો કે, જો શ્રીકૃષ્ણ સદાય બાળ બ્રહ્મચારી હોય તો યમુનાજી તમે માર્ગ દેજો. ગોપીઓ આ સાંભળી હસવા લાગી. કેમકે શ્રીકૃષ્ણે તો ગોપીઓ સાથે રાસલીલા કરેલી. તેમ છતાં તે શ્રીકૃષ્ણનો મહિમા સમજતી હતી તેથી વિશ્વાસથી યમુનાજી પાસે જઈ શ્રીકૃષ્ણનું વેણ કહ્યું ને ગોપીઓને યમુનાજીએ માર્ગ દીધો. ગોપીઓ દુર્વાસામુનિ પાસે ગઈ. દુર્વાસા ગોપીઓના એક હજાર થાળ જમી ગયા. પછી ગોપીઓએ ઋષિને પૂછ્યું કે, હવે અમે ગોકુળ કઈ રીતે જઈએ ? આડી યમુના છે. ત્યારે ઋષિ કહે, તમે યમુનાજીને કહેજો કે, હે યમુનાજી ! જો દુર્વાસા સદાય ઉપવાસી હોય તો અમને મારગ આપજો. વળી ગોપીઓ હસી પડી. યમુનાજી પાસે ગોપીઓ ગઈ અને ઋષિનું વેણ યમુનાજીને કહેતા યમુનાજીએ તુરત મારગ આપી દીધો અને ગોપીઓ ગોકુળમાં પાછી ફરી.

વચનામૃત લોયાના ૧૬માં શ્રીહરિએ ગોપીઓના સ્નેહને વખાણ્યો છે. એની કથા એવી છે કે, શ્રીકૃષ્ણે ગોકુળ છોડ્યું ત્યારે ગોપીઓની વિરહવ્યથા તેમણે જાણી હતી. આથી શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ગોકુળ મોકલ્યા. ઉદ્ધવજી ગોપીઓની વિરહવ્યથા શાંત કરવા અને ગોપીઓને ઉપદેશ આપવા ગયા, પણ

ઉદ્ધવજી પાસે જ્ઞાન હતું પણ ભક્તિ ન હતી. પ્રેમ વગરનું જ્ઞાન શુષ્ક છે. પ્રેમલક્ષણા વગર ભક્તિનો મહિમા કેવો છે ? તે અંગેનું તેમને જ્ઞાન ન હતું. તેથી પ્રેમભક્તિનો મહિમા સમજાવવા શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને ગોપીઓ પાસે મોકલે છે. ઉપદેશ દેવા નહીં, પણ ઉપદેશ લેવા.

ગોકુળમાં ઉદ્ધવજી યમુનામાં સ્નાન કરવા જાય છે તો ત્યાં ગોપીઓને કૃષ્ણલીલાનું ગાન કરતી જુએ છે. ગોપીઓને જડ-સ્થળ-ચરાચરમાં શ્રીકૃષ્ણ જ દેખાય છે. ગોકુળની ભૂમિમાં પશુ, પક્ષી, વૃક્ષો દિવ્ય દેખાય છે. એકેએક વસ્તુમાં તેમને કૃષ્ણ દેખાય છે. ઉદ્ધવ ગોપીઓને નિર્ગુણ બ્રહ્મનો ઉપદેશ આપવાનું વિચારે છે ત્યારે ઉદ્ધવજીને રાસલીલાનો અનુભવ થયો. વેદાંતનો ઉપદેશ આપવાનું વિચારે છે પરંતુ તેમને પારણામાં, વૃક્ષ ઉપર સર્વત્ર શ્રીકૃષ્ણ દેખાય છે. ઉદ્ધવજીને લાગ્યું કે, ગોપીઓ પ્રેમની પરાકાષ્ઠાને પાર પામી ગઈ છે. પોતાનું જ્ઞાન તો શુષ્ક અને નિરસ છે અને આમ ઉદ્ધવજી ઉપદેશ દેવા ગયા હતા, પંરતુ ગોપીઓ તો જ્ઞાનની સીમાને પાર પામી ગઈ હતી. ગોપીઓને શ્રીકૃષ્ણ સિવાય કાંઈ નજરમાં આવતું ન હતું. તેમના શ્વાસમાં કૃષ્ણ વણાઈ ગયો હતો. આવો પ્રેમ હોઈ શકે ? તે ઉદ્ધવજીને ખબર ન હતી. તેમનું જ્ઞાન ધુમાડાની જેમ હવામાં ઓગળી ગયું. તેમને ગોપીઓ પર અહોભાવ થયો અને પ્રેમલક્ષણા ભક્તિનું જ્ઞાન લઈને પોતે મથુરા પાછા ફરે છે. (૩)

શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ ગોપીઓની ભક્તિને વખાણી છે :

★ વચનામૃત લોયાનું ૧૬મું :

...ઉદ્ધવ કેવા ડાહ્યા હતા... પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું અને એમ બોલ્યા જે, એ ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવા જે વૃક્ષ, લતા, તૃણ તે માંહેલો હું કોઈક થાઉં.

★ વચનામૃત લોયાનું ૧૭મું :

...ઉદ્ધવ પોતે કેવા મોટા હતા, પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓના ચરણની રજને પામવાને ઇચ્છયા અને વૃક્ષવેલીનો અવતાર માંગ્યો... તે ભગવાનને વિષે એ

ગોપીઓની પ્રીતિ અતિશય ભાળી.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૮મું :

...અને કોઈક મૂર્ખ લોક છે તે એમ કહે છે જે, ગોપીકાના અંગના કીર્તન હોય તે રહેવા દ્યો અને નિર્ગુણ કીર્તન હોય તે ગાઓ.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૦મું :

...શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું જે, દુર્વાસા ભૂખ્યા છે માટે સર્વે થાળ લઈને જાઓ. પછી ગોપીઓએ પૂછ્યું જે, આડા યમુનાજી છે તે કેમ ઉતરાશે ? ... પછી ગોપીઓ હસતી હસતી યમુનાજીને કાંઠે જઈને એમ કહ્યું... પછી ગોપીઓએ ઋષિને જમાડતા તે ઋષિ થાળ જમી ગયા. પછી ગોપીઓ એ કહ્યું જે, અમે ઘેર કેમ જઈએ ?...!

...અને જેમ ગોપીઓ ભગવાનના ભક્ત હતા તે કોઈ રીતે ભગવાનનો અવગુણ લીધો જ નહિ અને રાજા પરીક્ષિતે તો ગોપીઓની વાત સાંભળી એટલામાં જ ભગવાનનો અવગુણ લીધો....અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેળા થાય ત્યારે તેને ગોપીઓના સરખી ભક્તિ ઉદય થાય છે.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૭મું :

...પણ શુકજીને લેશમાત્ર સંશય થયો નહિ જે ગોપીઓ સંગે ભગવાને વિહાર કર્યો તે ગોપીઓને પણ સંશય ન થયો જે ભગવાન હોય તો આમ કેમ કરે ? ... જ્યારે ઉદ્ધવજીને વ્રજમાં મોકલ્યા ત્યારે ગોપીઓની વાણી સાંભળીને પણ કોઈ રીતે સંશય ન થયો અને સામું ગોપીઓનું માહાત્મ્ય અતિશય સમજ્યા.

...જેમ ઉદ્ધવજીએ ગોપીઓનું અતિશય માહાત્મ્ય જાણ્યું તેમ ગોપીઓએ પણ ઉદ્ધવજીનું માહાત્મ્ય જાણ્યું.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૬૨મું :

...અને બીજું પતિવ્રતાનું અંગ જે ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું.

★ વચનામૃત વડતાલનું ૩જું :

...અને જે ગોપીઓને રાસક્રીડામાં ન જવા દીધી તે દેહ મૂકીને શ્રીકૃષ્ણ પાસે ગઈ.

★ વડતાલનું ૧૮મું વચનામૃત :

...કેમ જે, ગોપીઓએ શ્રીકૃષ્ણને ભગવાન ન જાણ્યા ને કામભાવે કરીને એ જ શ્રીકૃષ્ણ ભગવાનને ભજ્યા, તેણે કરીને તે ગોપીઓ નિર્ગુણ થઈ ગઈ.

...શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓ સાથે રાસક્રીડા કરી.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧લું :

...અને જેવું વ્રજની ગોપીઓને ભગવાનને વિષે હેત હતું તેવી રીતના જે હરિભક્ત હોય તેને હેતનું અંગ જાણવું.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૨મું :

...પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, નરસિંહ મહેતા, ગોપીઓ ને નારદસનકાદિક એમની ભક્તિમાં બે પ્રકાર નથી એ તો એક પ્રકાર જ છે.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૨૮મું :

શ્રીજી મહારાજ બોલ્યા જે, ઉદ્ધવજી કેવા મોટા હતા પણ જો ભગવાનની મોટાઈને જાણતા હતા તો તે ભગવાનને વિષે હેતવાળી જે વ્રજની ગોપીઓ તેના ચરણની રજને પામ્યા સારું વનવેલીનો અવતાર માગ્યો.

★ પાદટીપ :

(૧) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** સ્કંધ-૧૦નો સારાંશ
(૨) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૨૪૬થી ૨૫૩
(૩) **નારી રત્નોનું સમર્પણ :** ડૉ. મગનભાઈ ર. પટેલ ISSSV. ન્યૂ જર્સી, વર્ષ : ૨૦૧૪, પાના નં. ૩૧૬-૩૧૭
(૪) **શ્રી નિષ્કુળાનંદ કાવ્ય :** સ્નેહ ગીતા, કડવું-૭.

●

૯૭. જનકરાજા

જનકકુળની ઉત્પત્તિની કથા જાણીએ :

સૂર્યવંશી ઈક્ષ્વાંકુ રાજાના સો પુત્રોમાંના એક નિમિ પ્રથમ રાજા હતા. તે પ્રજાવત્સલ અને ઉત્તમ રાજવી હતા. તેઓ ઘણા યજ્ઞો કરતા. તેમના ગુરુ વસિષ્ઠ હતા. રાજાને એકવાર એક હજાર વર્ષનો યજ્ઞ કરવાનો વિચાર થતાં તેઓ ગુરુ પાસે આજ્ઞા લેવા ગયા.

પરંતુ ગુરુ ઈન્દ્રના યજ્ઞમાં રોકાયેલા હોવાથી રાજાને ૫૦૦ વર્ષનો યજ્ઞ કરવાની આજ્ઞા આપી, પરંતુ રાજાની ધીરજ ન રહેતા તેમણે ગૌતમ ઋષિને ગુરુ બનાવી યજ્ઞનો આરંભ કર્યો. ઈન્દ્રનો યજ્ઞ પુરો કરી વસિષ્ઠ ઋષિ નિમિરાજા પાસે આવતા રાજાને પોતાની આજ્ઞાનો ભંગ કરી બીજા પાસે યજ્ઞ કરતા જોયા. આથી તેઓ રાજા પર ગુસ્સે થયા ને રાજાના દેહનો નાશ થાય તેવો શાપ આપ્યો. તો રાજાએ પણ સામો શાપ આપ્યો કે વસિષ્ઠ ઋષિના દેહનો પણ નાશ થાય. આથી રાજા અને ઋષિ બંનેના દેહનો નાશ થયો. યજ્ઞમાં ભંગ પડ્યો. ત્યારે બ્રહ્મદેવે પ્રગટ થઈ વસિષ્ઠને ફરી મિત્રાવરુણને ત્યાં ઉત્પન્ન થવાની આજ્ઞા કરી અને રાજાને પણ ફરી ઉત્પન્ન થવાની આજ્ઞા કરી. પરંતુ રાજાને સંસારના સુખ-દુઃખ ભોગવવાની ઈચ્છા ન થતા બ્રહ્મદેવે રાજાને પ્રાણીમાત્રના નેત્રમાં સ્થાપિત કર્યા. ઋત્વિજોએ યજ્ઞનું સંરક્ષણ કરી પરિપૂર્ણ કર્યો. (૧)

આ બાજુ રાજા મૃત્યુ પામતા રાજ્યમાં અવ્યવસ્થા વધી ગઈ. ચોર-લૂંટારાનો ત્રાસ વધી ગયો. રાજ્ય સુપેરે ચલાવવું જરૂરી હતું. આથી રાજાના દેહનું મંથન કરી તેમાંથી એક પુત્ર ઉત્પન્ન કર્યો. આ પુત્ર મંથનથી ઉત્પન્ન થયો તેથી તેનું નામ મિથિ પાડ્યું. જનક કુળના આ પ્રથમ રાજા હતા. તેઓ ફક્ત માતાના સંબંધ વિના જન્મ્યા હોવાથી તે વિદેહ કહેવાયા. આ સમર્થ રાજાના કુળમાં વંશપરંપરાગત જે જે પાછળથી વંશજો થયા તે બધા 'જનક' ઉપનામથી ઓળખાયા. વાસ્તવમાં દરેક રાજાના નામ તો અલગ-

અલગ હતા, પરંતુ કહેવાયા 'જનક' તરીકે. તેઓ બધા તત્ત્વજ્ઞાની હતા. આથી મુમુક્ષુઓ તેમની પાસે ઉપદેશ ગ્રહણ કરવા આવતા. (૧)

જેમકે સીતાજીના પિતા જનકરાજા હતા. જેઓ રામાવતારમાં થઈ ગયા. જેમનું નામ શિરધ્વજ રાજા હતું અને તેઓ જનકકુળના ૨૦માં વંશજ હતા. (૧)

જનકકુળના ૨૪મા વંશજ કેશીધ્વજ રાજા આત્મવિદ્યામાં પ્રવીણ હતા. (૧)

જનકકુળના પાંચમાં વંશજ જનદેવ રાજા હતા. પંચશીખ ઋષિ તેની પાસે ગયા. પોતાના વચનોથી સભાના સર્વે આચાર્યોને મુગ્ધ કરી દીધા. રાજા જનદેવ પોતાના ૧૦૦ આચાર્યોને મૂકીને તેમની પાસે જ્ઞાન લેવા દોડ્યા. ઋષિ પાસેથી જાતિ નિર્વેદ, કર્મનિર્વેદ, સર્વનિર્વેદ વગેરેનું જ્ઞાન મેળવ્યું. સાંખ્યશાસ્ત્ર પણ શીખ્યા અને આ જ્ઞાનથી તેઓ એક ચોક્કસ સિદ્ધાંત પર પહોંચ્યા અને સંસારની સર્વે વિટંબણા, હર્ષ, શોકથી રહિત થઈને સુખપૂર્વક આત્મસ્વરૂપે રહેવા લાગ્યા. પછી એક સમયે મિથિલા નગરીમાં આગ લાગી ત્યારે નગરીને બળતી જોઈને જનદેવ રાજાએ એવો ઉદ્‌ગાર કાઢ્યો કે,

मिथिलायाम् प्रदिप्तायां नमे दह्यति किंचन,

- મિથિલા નગરી આગમાં બળે છે તેમાં મારું કાંઈ જ બળતું નથી. (૨)

વ્યાસ ભગવાન પુત્ર શુકદેવજીને સાંખ્ય અને યોગશાસ્ત્રનું જ્ઞાન લેવા માટે જનકરાજા પાસે મોકલે છે. જનકરાજા પણ શુકદેવજીને જ્ઞાન આપતા પહેલા અનેક પરીક્ષા લે છે, પછી તેને જ્ઞાન આપે છે. આ જનક એટલે જનકકુળના ૫૦માં જનક કે જેમનું નામ બહુલાશ્વ રાજા હતું. (૩) આ જનક શ્રીકૃષ્ણ ભગવાનના કાળમાં થઈ ગયા અને શુકદેવજી પણ આ કાળમાં હતા.

આ બહુલાશ્વ જનકરાજાની વિનંતીથી ભગવાન શ્રીકૃષ્ણે તેમના મહેલમાં પધરામણી કરેલી. (૪)

આત્મજ્ઞાની જનક બહુલાશ્વ રાજાના જ્ઞાનની કીર્તિ ચોમેર ફેલાયેલી તેથી સુલભા નામની વિદૂષિ સંન્યાસિની સ્ત્રી રાજાની પરીક્ષા કરવા સારું અને તેના જ્ઞાનને ચકાસવા માટે તેની પાસે ગઈ. પોતે યોગશક્તિથી સુંદરરૂપ ધારણ કર્યું અને સભામાં પોતાના હાવભાવથી રાજાને લોભાવવા પ્રયત્ન કરવા લાગી, પરંતુ રાજા તો ખરા આત્મજ્ઞાની અને વૈરાગ્યવાન હતા તેથી તેના લોભામણા હાવભાવથી ચલિત ન થયા અને ઉલ્ટાનું તેને એમ કહ્યું કે, તું મારા ચિત્તને મોહ પમાડ્યાનું કરે છે, પણ હું મારા ગુરુ પંચશિખ ઋષિની કૃપા થકી યોગ અને સાંખ્યને વરેલો

છું. તેથી હું તારામાં લોભાઉ તેવો નથી. એમ કહી સુલભાને સાંખ્ય અને મોક્ષ સંબંધી જ્ઞાન આપી બ્રહ્મરૂપ બનાવી. જેનો ઉલ્લેખ શ્રીહરિએ **વચનામૃત વડતાલના ૨૦**મા પ્રકરણમાં કરેલ છે. પોતે ગૃહસ્થ હોવા છતાં તથા રાજકારભારમાં પ્રવૃત્ત હોવા છતાં તેમનું જ્ઞાન અને સમજણ ઋષિઓ કરતા પણ ચડે તેવા હતા. તે સંસારમાં નિર્વિકાર અને જળકમળવત રહી શકતા. (૫)

જનકકુળના ૪થા વંશજ દૈવરાત જનક પાસે વિદૂષિ સ્ત્રી ગાર્ગીએ જ્ઞાનસભર વાર્તાલાપ કરેલો. (૫) તેવું બૃહદ્‌રાણ્યક ઉપનિષદમાં ઉલ્લેખ છે.

અષ્ટાવક્ર ઋષિ સાથે જનકકુળના ૭મા વંશજ ઐંદદ્યમ્નિ રાજાએ શાસ્ત્રાર્થ કરેલો અને તેમના પિતાને રાજાની કેદમાંથી છોડાવેલ એ રાજાનું નામ બૃહદ્રથ પણ હતું.

નવ યોગેશ્વર ઋષિઓ પણ જનકકુળના વંશજ જ્યારે યજ્ઞ કરતા હતા ત્યારે આવેલ અને રાજા સાથે સંવાદ કરેલ. (૮)

નવ યોગેશ્વરોના નામ આ પ્રમાણે છે : (૧) કવિ (૨) હરિ (એટલે નારાયણ ઋષિ) (૩) અંતરિક્ષ (૪) પ્રબુદ્ધ (૫) પિપ્પલાયન (૬) આવિર્હોત્ર (૭) દ્રુમિલ (૮) ચમસ (૯) કરભાજન, જે ઋષિઓ મહાજ્ઞાની હતા.

★ **શ્રીહરિએ ગઢડા પ્રથમના ૫૪**મા વચનામૃતમાં આ જ્ઞાન સંવાદની વાત કરી છે. કે ભાગવત્ ધર્મનું જે પોષણ તે કેમ થાય ?

નવ યોગેશ્વરો જ્યારે જનકરાજાના મહેલમાં જાય છે ત્યારે જનક રાજા તેમનું યથોચિત સ્વાગત કરી બધાને એક સાથે ભેટે છે. એક એકને વારાફરતી ન મળતા એક સાથે કેમ ભેટ્યા ? તેનું કારણ રાજા કહે છે કે, હું એક એક ને ભેટું તો વાર લાગે એમ કરતા જો મારો કાળ આવી જાય તો મારાથી ઋષિઓને ભેટવાનું રહી જાય. માટે એક સાથે ભેટ્યો. પછી વારાફરતી એક એક ઋષિને રાજા ભેટે છે.

આ વાત **નિષ્કુળાનંદ સ્વામીએ તેમના ધીરજાખ્યાન ગ્રંથ**માં કહી છે :

'વિદેહ કહેવાણા તે સાંભળી, ત્યાં આવ્યા નવ ઋષિરાય;
ઉઠ્યા જનક ભેટ્યા સહુને, ઘણે હેતે ઘાલી હૈયામાંય;
પછી મળ્યા એક એકને, તેની પૂછી ઋષિયે વાત;
અમે ન સમજ્યા આ મર્મને, તમે સમજાવો સાક્ષાત્,
ત્યારે જનક કહે આ દેહનો, નથી પળ એકનો વિશ્વાસ;
મળ્યા કેમ આ મુનિને, જ્યારે થઈ જાય તન નાશ,
એમ કહીને પૂજા કરી, ભાવે કરાવ્યા ભોજન. - ૩૯થી ૪૦ (૧૦)

એકવાર જનક વંશના ૭મા રાજા બૃહદ્રથને સ્વપ્ન થયું કે, પોતાનું રાજપાટ લૂંટાઈ જાય છે અને પોતે ભીખારી થઈ જાય છે. ત્યારે તેમને ભિક્ષામાં ક્યાંકથી થોડી ખીચડી મળે છે. પોતે ઘણાં ભૂખ્યા હોય છે અને ખીચડી ખાવા જાય ત્યાં બે સાંઢ લડતા લડતા ત્યાં આવે છે અને તેની ખીચડીનું પાત્ર ભાંગી નાખે છે અને ખીચડી ઢોળાઈ જાય છે. તેવામાં તેનું સ્વપ્ન ઊડી જાય છે. પોતે જાગૃત થતા રાજાના સેવકો ખંમા ખંમા કરીને તેમનું અભિવાદન કરે છે. ત્યારે તેમને વિચાર થાય છે કે, મેં જે સ્વપ્ન જોયું તે સાચું કે આ હાલ જે જોઈ રહ્યો છું તે સાચું ?

આમ, આ પ્રશ્ન તે વિદ્વાનોને પૂછ્યા કરે છે. તેવામાં અષ્ટાવક્ર ઋષિ ત્યાં આવે છે તેમને રાજા આ પ્રશ્ન પૂછે છે કે, આ સાચું કે તે સાચું ? ઋષિ અતિ જ્ઞાની હતા. તેથી તે બોલ્યા કે, આ જુઓ છો તે પણ ખોટું અને પેલું જે જોયેલું તે પણ ખોટું. એટલે કે સ્વપ્નની વાતો તો સ્વપ્ન કહેવાય અને જે આ વૈભવ ભોગવો છો તે સંસાર પણ ખોટો છે એમ અર્થ કરતા રાજા ખુશ થયો અને તેમને તેમના પ્રશ્નનો જવાબ મળી ગયો. (૧૧)

'જનક રાજાને' શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ યાદ કર્યા છે. 'જનકરાજા'ની સમજણ અને સાંખ્ય જ્ઞાન સંતો-ભક્તો માટે માર્ગદર્શનરૂપ છે.

★ વચનામૃત : ગઢડા પ્રથમનું બીજું :

ઉત્તમ વૈરાગ્ય જેને હોય તે પરમેશ્વરની આજ્ઞાએ કરીને અથવા પોતાના પ્રારબ્ધ કર્મ વિશે કરીને વ્યવહારમાં રહે પણ તે વ્યવહારમાં જનકરાજાની પેઠે લોપાય નહિ.

★ વચનામૃત : ગઢડા પ્રથમનું ૩૮ :

...અને ગૃહસ્થ હોય તેને પણ દેહે કરીને વ્યવહાર કરવો ને મને કરીને તો ત્યાગીની પેઠે જ નિર્વાસનિક રહેવું ને ભગવાનનું ચિંતવન કરવું ને વ્યવહાર તો ભગવાનના વચને કરીને રાખવો અને મનનો ત્યાગ સાચો ન હોય તો જનક જેવા રાજા હતા તે રાજ્ય કરતા ને મન તો યોગેશ્વરના જેવું હતું.

★ વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણ : ૫૪

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં જનક રાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવત્ ધર્મ તેનું જે પોષણ તે કેમ થાય ?

★ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩ :

..અને ભગવાન દ્વારિકામાં જે સાંખ્યમતને આશર્યા હતા તે મત તો જનક જેવા રાજાઓનો છે. જે રાજા ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રભુને ભજે તે જ સાંખ્યમતને અનુસરે.

★ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૧૪

જેમ નારદ ને સનકાદિક એ સર્વે નિવૃત્તિ માર્ગને વિષે પ્રવર્ત્યા અને સપ્તઋષિ તથા જનકાદિક રાજા એ સર્વે પ્રવૃત્તિ માર્ગને વિષે પ્રવર્ત્યા.

★ વચનામૃત વડતાલનું ૨૦મું પ્રકરણ :

જેમ જનક વિદેહી હતા તે પ્રવૃત્તિ માર્ગમાં હતા તો પણ નિર્વિકાર હતા. જનકની સભામાં જ્યારે સુલભા નામે સંન્યાસિની આવી ત્યારે જનકરાજા સુલભા પ્રત્યે બોલ્યા જે તું મારા ચિત્તને મોહ પમાડવાનું કરે છે પણ મારા ગુરુ જે પંચશિખ ઋષિ તેની કૃપા થકી હું સાંખ્ય ને યોગ એ બે મતને અનુસર્યો છું... એમ હું પ્રવૃત્તિમાં રહ્યો થકો અસંગી ને નિર્વિકાર છું.

★ વચનામૃત લોયાનું ૧૦મું : જેમ જનક વિદેહી જેવા જે મોટા ભક્ત રાજા હતા. તે રાજ્યમાં રહ્યા હતા ને રમણીય એવા શબ્દાદિક પંચવિષય તેને ભોગવતા થકા પણ જ્ઞાનની દૃઢતાએ કરીને નિર્વિકારપણે રહ્યા અને એ જનક જેવા જે જ્ઞાની હોય તે એમ વિચારે જે હું આત્મા છું...

★ **પાદટીપ :**

૧) **શ્રીમદ્ ભાગવત :** ૯મો સ્કંધ. અધ્યાય : ૧૩

૨) **નારદ પુરાણ :** સસ્તુ સાહિત્ય, વર્ષ : ૧૯૮૪ પાના નં. ૧૮૧થી ૧૮૬

૩) **બહુરત્ના વસુંધરા**, સ્વામિનારાયણ આશ્રમ ઋષિકેશ સંપા. : હરિપ્રકાશદાસજી સ્વામી વર્ષ : ૨૦૦૮, પાના નં. ૨૪૩ થી ૨૫૦

૪) **ભાગવત્ :** દશમ્ સ્કંધ, અધ્યાય ૮૬ પાના નં. ૩૨૯થી ૩૩૦ ભક્તિ વેદાંત ટ્રસ્ટ, મુંબઈ વર્ષ-૨૦૧૨

૫) **ભ.ગો. મંડળ :** પાના નં. ૮૮૬૬

૬) **બૃહદારણ્ય ઉપનિષદ્**, સંસ્કૃત સંશોધન સંસદ : મેલકોટ

૭) **ભ.ગો. મંડળ :** ભાગ-૧ : પાના નં. ૬૨૩

૮) **શ્રીમદ્ ભાગવત :** ૧૧મો સ્કંધ,

૯) **ભ.ગો. મંડળ,** ભાગ - ૮ પાના નં. ૭૪૭૨

૧૦) **નિષ્કુળાનંદ કાવ્ય :** ધીરજાખ્યાન પ્રકરણ : ૩૯થી ૪૦, કડી ૧થી ૪

૧૧) **ભગવત્ ગો. મંડળ ભાગ ૪** પાના નં. ૩૪૧૨ ●

૯૮. ધ્રુવજી

ધ્રુવજીને ખગોળશાસ્ત્રીય રીતે લોકો યાદ કરે છે કે તે ઉત્તર દિશામાં છે. નાવિકો તે દિશાને આધાર રાખી વહાણવટુ કરતા હોય છે. તે ઉપરાંત ધ્રુવજી ભગવાનના ભક્ત હતા અને ભગવાને તેની તપસ્યાથી રાજી થઈ તેને અવિચળ પદ આપ્યું છે તે **ધ્રુવજીની કથા જાણીએ**.

ધ્રુવજીના પૂર્વજન્મની કથા જાણીએ તો, તેઓ પૂર્વજન્મમાં માધવ નામના બ્રાહ્મણ હતા. તેમણે ૬૦ વર્ષ સુધી પ્રાતઃકાળમાં તીર્થક્ષેત્રમાં જઈ સ્નાન કર્યું હતું. આ તીર્થ સેવનથી તેઓ પ્રભુના પ્રિય બની ગયા હતા. માધવની ભક્તિ અને તપથી પ્રભુએ પ્રસન્ન થઈને તેમને આગલા જન્મમાં સુનિતીના ઉદરે જન્મ અપાવ્યો. (A)

ભગવાન મનુના બે પુત્ર હતા : પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. ઉત્તાનપાદની બે રાણીઓ હતી : સુનીતિ અને સુરૂચિ. જેમાં સુનીતિ રાણી અણમાનીતા હતા. તેમના પુત્ર ધ્રુવ હતા. સુરૂચિ રાણી રાજાના માનીતા હતા, જેમને રાજ્ય દરબારમાં રાજા પાસે બેસવાનું સ્થાન મળતું. એકવાર દરબારમાં સુરૂચિ રાણી રાજા પાસે બેઠા હતા અને રાજાના ખોળામાં માનીતી રાણીના પુત્ર બેઠા હતા. તે સમયે બાળ ધ્રુવજી ત્યાં જઈ ચડ્યા. પોતાના ભાઈને પિતાના ખોળામાં બેઠેલો જોઈ તેને પણ પિતાના ખોળામાં બેસવાની ઈચ્છા થઈ અને ખોળામાં બેસાડવા કહ્યું પરંતુ તે સમયે સુરૂચિએ ધ્રુવજીનો તિરસ્કાર કરી તેને દૂર ધકેલ્યો અને કહ્યું કે, તારે જો તારા પિતાના ખોળામાં બેસવું હોય તો તારે મારા ખોળે જન્મ લેવો પડશે અને તે માટે તારે ભગવાનની તપસ્યા કરવી પડશે. ભગવાનને પ્રસન્ન કરી વરદાન મેળવવું પડશે. (૧)

બાળક ધ્રુવજી આ સાંભળી છોભીલા પડી ગયા અને રડતા રડતા તેની માતા પાસે આવ્યા અને વાત કરી ત્યારે માતાએ કહે કે હું અભાગણી છું કે મને રાજદરબારમાં સ્થાન નથી મળતું. વળી તું મારા પેટે અવતર્યો છે તેથી તને તારા પિતાના ખોળામાં સ્થાન નથી મળતું. એમ કહી આશ્વાસન આપ્યું. પણ, ધ્રુવજીને અપરમાતાના વેણ કાળજે ખૂંચી ગયા હતા, તેથી તેઓ ઘરનો ત્યાગ કરી વનમાં

તપ કરવા નીકળી પડ્યા. રસ્તામાં તેને નારદજી મળે છે અને કહે છે કે પોતે રાજા પાસે જઈ તેને સમજાવીને ધ્રુવજીને રાજા પાસે સ્થાન અપાવવા દરમ્યાનગીરી કરશે. ત્યારે ધ્રુવજીને થયું કે, હજી ભગવાનના માર્ગે ડગલા માંડ્યા ત્યાં આવી સફળતા મળે છે. તો હવે તો તપ કરી ભગવાનને પ્રસન્ન કરી લેવા જ જોઈએ. આમ નિર્ણય કરી પોતે તપ કરવા જવાનો નિર્ણય નારદજીને જણાવ્યો. નારદજી આ સાંભળી રાજી થયા અને ધ્રુવજીને આશીર્વાદ આપી ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ એવો મંત્ર આપ્યો. (૧)

ધ્રુવજી ગંગાતટ પર જઈ તપસ્યા કરે છે. ધ્રુવજીની તપસ્યા જોઈ પ્રભુ તેને દર્શન આપી કહે છે કે, બીજાના માટે અપ્રાપ્ય એવું અવિચળ રાજ્યનું તને વરદાન આપું છું. તારા પિતાના વાનપ્રસ્થ બાદ તને રાજ્યસિંહાસન મળશે અને ત્યારબાદ તું બ્રહ્માંડના કેન્દ્રસ્થાન પર પહોંચી જ્યાં બધા ગ્રહ, નક્ષત્ર, તારામંડળ જેની પ્રદક્ષિણા કરશે અને એ સ્થાને પહોંચ્યા પછી તારે સંસારમાં પાછું ફરવું નહીં પડે. (૧)

આ બાજુ ધ્રુવજીના વનવાસ પછી રાજાને પ્રશ્ચાત્તાપ થયો અને ધ્રુવની માતા સુનીતિને ખૂબ આદર સત્કાર કરવા લાગ્યા અને રાજ્ય દરબારમાં સ્થાન આપ્યું. ધ્રુવજી પર પ્રભુ પ્રસન્ન થયા અને પોતે નગર તરફ આવે છે એવા સમાચાર સાંભળી રાજા સુંદર શોભાયાત્રા લઈને વાજતે ગાજતે ધ્રુવજીને આદરપૂર્વક રાજ્યમાં લઈ આવે છે. (૧)

થોડા સમય બાદ પ્રભુના વચન મુજબ રાજાને વૈરાગ્ય થતા તે વનમાં તપ કરવા જાય છે અને ધ્રુવજી રાજગાદી પર બેસે છે અને છત્રીશ હજાર વર્ષ સુધી સુરાજ્ય કરી બ્રહ્માંડમાં અવિચળ સ્થાન પ્રાપ્ત કરે છે. (૧)

ધર્માદિક બળ વૃદ્ધિ પામ્યાનું, પ્રારબ્ધ કૃપા અને પુરુષ પ્રયત્નના **ગઢડા પ્રથમના ૨૯મા** વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રારબ્ધથી મળેલ સફળતા અને ભગવાનની કૃપાથી જે રૂડી બુદ્ધિ થાય છે તે વિષે કહે છે કે,

...અને જેમ સાંદીપનિ નામે બ્રાહ્મણ તેનો પુત્ર તે નરકથી મૂકાયો અને વળી જેમ પાંચ વર્ષના ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરવા માંડી ત્યારે વેદાદિકના અર્થની સહેજે સ્ફૂર્તિ થઈ.

ભાગવતમાં એવી કથા છે કે, વનમાં ધ્રુવજીએ છ માસ તપ કર્યું. તેના આકરા તપથી પ્રભુ તેના પર પ્રસન્ન થયા અને તેને દર્શન આપ્યા. તે સમયે ધ્રુવજી હૃદયમાં પ્રભુની મૂર્તિ ધારીને ધ્યાન કરતા હતા. તે મૂર્તિ અચાનક અલોપ થઈ

ગઈ. એથી ધ્રુવજીએ ગભરાઈને નેત્રો ખોલ્યા કે તરત જ તેણે હૃદયમાં ધારેલું પ્રભુનું સ્વરૂપ બહાર જોયું. અચાનક દર્શનથી ધ્રુવજી પ્રેમવશ અધીર થઈ ગયા. ભગવાનને પ્રેમપૂર્ણ દૃષ્ટિથી એકીટશે જોવા લાગ્યા. ધ્રુવજી પ્રભુની સ્તુતિ કરવા ઇચ્છતા હતા પણ તે કેવી રીતે કરવી તે જાણતા ન હતા. પ્રભુ તેના મનનો ભાવ જાણી ગયા અને તેના પર કૃપા કરી પ્રભુએ પોતાનાં વેદમય શંખનો સ્પર્શ ધ્રુવજીના ગાલે કરાવ્યો કે તરત જ તેમને વેદમયી દિવ્યવાણી પ્રાપ્ત થઈ ગઈ અને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. આમ પ્રભુની દિવ્ય કૃપાથી ધ્રુવજી બોલી શક્યા. (૨)

એક સમયે ધ્રુવજી અને ભગવાન વિષ્ણુ નૌકાવિહાર કરી રહ્યા હતા ત્યારે ધ્રુવજીએ પ્રભુને પૂછ્યું કે, પ્રભુ આપ મારા છ માસના તપથી રાજી થઈને કેમ આટલા જલદી પ્રસન્ન થઈ ગયા ? મુનિઓ તો તમને પામવા હજારો વર્ષથી તપ કરતા હોય છે. ત્યારે આપ મારા પર આટલા જલ્દી રાજી કેમ થઈ ગયા ? ત્યારે પ્રભુ કહે છે કે, તારી કરોડો વર્ષની તપસ્યાનું આ ફળ છે. તેં અનેક જન્મો ધારણ કરી જંગલમાં, પર્વતોમાં આકરી તપસ્યા કરી છે. આ જન્મમાં તેં ભલે મારી છ માસ જ તપસ્યા કરી હોય પણ તે અનેક જન્મોની તપસ્યાનું ફળ છે. (૩)

આમ, આ વચનામૃતમાં ધ્રુવજી ઉપર પ્રભુ રાજી થયા તે પ્રભુકૃપા અને પુરુષ પ્રયત્ન બંનેનું ફળ છે.

★ ગઢડા મધ્ય ૫મું વચનામૃત :

અહીં શ્રીહરિ કૃપાવાક્ય કહે છે કે,

સાધુને સમદૃષ્ટિ જોઈએ, પણ એ શાસ્ત્રનો મત નથી. કેમકે નારદ-સનકાદિક ને ધ્રુવ, પ્રહલાદાદિક તેમણે ભગવાનનો અને ભગવાનના ભક્તનો જ પક્ષ રાખ્યો છે, પણ વિમુખનો પક્ષ કોઈએ રાખ્યો નથી.

પોતે વનમાં તપ કરી ભગવાનને પ્રસન્ન કરી તેમના દર્શન કરી જ્યારે રાજ્યમાં પાછા ફરે છે ત્યારે તેનો ઓરમાન ભાઈ ઉત્તમ, તેના પિતાશ્રી, ઓરમાન મા વગેરે ધ્રુવજીને વાજતે-ગાજતે રાજ્યમાં પધરાવે છે. તેનો ભાઈ પણ ધ્રુવજીના પક્ષમાં આવે છે કહેતા કે ભક્ત બની જાય છે. ત્યારબાદ એકવાર હિમાલયમાં ઉત્તમ શિકાર કરવા જાય છે ત્યારે મહાબળવાન યક્ષ સાથે ઝગડો થતા ઉત્તમ તેની સાથે યુદ્ધ કરે છે. પરંતુ યક્ષ ઉત્તમને મારી નાખે છે. તે વખતે ધ્રુવજી પોતાના લશ્કર સાથે યક્ષો સાથે યુદ્ધ કરી અનેક યક્ષોને મારી નાખે છે. તે સમયે સ્વાયંભૂવ મનુ ઋષિઓ સાથે ધ્રુવજીને સમજાવવા આવે છે કે તમે ઘણા નિરઅપરાધી યક્ષોને

મારી નાખ્યા છે. હવે યુદ્ધ બંધ રાખો. તેમ મનુ પોતાના પૌત્રને સમજાવે છે એક યક્ષે તમારા ભાઈ ઉત્તમને મારી નાખ્યો તેનો બદલો લેવા માટે તમે અનેક યક્ષોને મારી નાખ્યા છે. માટે હવે યુદ્ધ બંધ કરો. મનુની સલાહ માની ધ્રુવજીએ યુદ્ધ બંધ કર્યું. તે સમયે ભગવાન કુબેર ત્યાં આવ્યા. તેમની સાથે યક્ષો, ચારણો, કિન્નરો હતા તે બધાએ ધ્રુવજીની સ્તુતિ કરી. આ સમયે ધ્રુવજી ઊભા થઈને કુબેર વગેરેને પ્રણામ કર્યા. કુબેરે તેમને યથોચિત વરદાન આપ્યા. (૪)

આમ, આ સમયે પણ ધ્રુવજીએ પોતાના ભાઈ ઉત્તમને ભગવાનનો ભક્ત જાણી તેનો પક્ષ લઈ યક્ષો સાથે યુદ્ધ કરે છે. વળી સ્વાયંભુવ મનુનુ માની યુદ્ધ બંધ કરે છે. વળી, કુબેરને ભગવાન જાણી તેનો પક્ષ રાખી તેમની સ્તુતિ કરી પોતાને નિત્ય ભગવાનની સ્મૃતિ રહે તેવું વરદાન આપવા પ્રાર્થના કરે છે. આ રીતે ધ્રુવજીએ ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યો છે તેમ કહી શકાય.

સોનાના દોરાનું તથા ધર્મમાં ભક્તિ સરખી ગૌરવતાના **ગઢડા અંત્યના ૨૧માં વચનામૃતમાં** શ્રીહરિ કહે છે કે, ધર્મ તો બે પ્રકારનો છે. એક નિવૃત્તિ ધર્મ અને બીજો પ્રવૃત્તિ ધર્મ છે. તે બે પ્રકારના ધર્મ ભગવાનના સંબંધે સહિત અને ભગવાનના સંબંધ રહિત પણ છે. તેમાં ભગવાન સંબંધે સહિત ધર્મ છે તે તો નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ એ આદિક જે ભક્તજન તેનો છે.

અહીં શ્રીહરિએ ભગવાન સંબંધે સહિત ધર્મ છે તેમાં ધ્રુવજીને યાદ કર્યા છે.

★ **પાદટીપ :**

(A) **संक्षिप्त भविष्य पुराण : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૩૬૬

(૧) **भक्तांक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૬, અંક-૧, પાના નં. ૧૩૫થી ૧૩૭

(૨) **શ્રીમદ્ ભાગવત :** ગીતા પ્રેસ, ગોરખપુર. ચોથો સ્કંધ, અધ્યાય-૧૦, પાના નં. ૩૬૧

(૩) **ભક્તમાળ નાભાજીકૃત :** પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ. વર્ષ-૧૯૯૮, પાના નં. ૧૦૩થી ૧૦૭

(૪) **શ્રીમદ્ ભાગવત :** ગીતા પ્રેસ, ગોરખપુર. ચોથો સ્કંધ. અધ્યાય-૧૧, પાના નં. ૩૭૧થી ૩૭૫.

૯૯. દેવકી

દેવકી થકી શ્રીકૃષ્ણનો જન્મ થયેલો. તેઓ પરમ ગુણવાન, ધર્મવાન અને ધીરજવાન સ્ત્રી હતા. દુઃખને હસતે મુખે સ્વીકારી ધૈર્યપૂર્વક જીવન જીવ્યા.

તો, **માતા દેવકી વિષે જાણીએ :**

મથુરા નરેશ ઉગ્રસેનના દેવક નામના એક ભાઈ હતા. દેવકી તેમની પુત્રી હતી. તેથી કંસ તેનો પિતરાઈ ભાઈ હતો. દેવકી કંસથી નાની હતી તેથી કંસ તેના ઉપર બહુ ભાવ રાખતો. દેવકીના લગ્ન યદુવંશી રાજા વસુદેવ સાથે થયા. કંસે તેની બહેનને લગ્નની ખૂબ ભેટ આપી. બહેનને વળાવવા માટેના રથનો સારથી કંસ બન્યો. નગરની બહેનો કહેવા લાગી કે ભાઈ હોય તો કંસ જેવો, તેની બહેનનું કેવું ધ્યાન રાખે છે ? ત્યાં અચાનક આકાશવાણી થઈ કે, કંસ ! જેનો રથ તું હાંકી રહ્યો છે તે તારી બહેન દેવકીનો ૮મો પુત્ર તને મારશે. આ સાંભળતા કંસ તલવાર લઈને દેવકીને મારવા તૈયાર થયો, પરંતુ વસુદેવની સમજાવટથી દેવકીને મારી નાખતો અટક્યો. પરંતુ તેણે તે બંનેને જેલમાં પુરી દીધા અને શરત કરી કે, દેવકીને જે જે પુત્રો થાય તે પુત્રો કંસને હવાલે કરી દેવા. આમ કંસે વારાફરતી ૬ પુત્રોને મારી નાખ્યા. સાતમું સંતાન સ્ત્રવી ગયું. પરંતુ શ્રીકૃષ્ણની ઈચ્છાથી આ ગર્ભ ગોકુળમાં રહેલા રોહિણીના ગર્ભમાં સ્થાપિત થયો. જે સંકર્ષણ એટલે કે બલરામજી હતા. ૮મું સંતાન સ્વયં શ્રીકૃષ્ણ રૂપે પ્રગટ થયા. પ્રભુએ માતાને ચતુર્ભુજરૂપે દર્શન દીધું. દેવકીના આનંદનો પાર ન રહ્યો. સાક્ષાત્ પ્રભુ તેના ઉદરે પ્રગટ થયા. દેવકીએ પ્રભુની ભાવથી સ્તુતિ કરી કહ્યું કે, મને કંસની બીક લાગે છે. તે તમને મારી નાખશે. તમે મારી રક્ષા કરો અને તમારું આ અલૌકિકરૂપ છુપાવી દો. આથી શ્રીકૃષ્ણે કહ્યું કે, તો તમે મને ગોકુળમાં નંદરાજાને ત્યાં મૂકી આવો અને તેને ત્યાં જન્મેલી પુત્રી જે મહામાયા છે તેને તમે અહીં મારી જગ્યાએ સ્થાપી દો. વસુદેવે આ પ્રમાણે કર્યું. કંસ આવ્યો અને જેવો ૮માં બાળકને મારી નાખવા પ્રયત્ન કરે ત્યાં જ તે મહામાયા કંસના હાથમાં છટકીને અષ્ટભુજા રૂપે થઈ આકાશ માર્ગે અદશ્ય

થઈ ગઈ. પણ જતા જતા બોલી કે તારો કાળ તો વ્રજમાં જન્મી ચૂક્યો છે. આથી નિરાશ થઈ કંસે વસુદેવ-દેવકીને જેલમાંથી છોડી મૂક્યા. (૧)

પરંતુ નારદજીએ કંસને ફરી ભ્રમમાં નાખ્યો કે જો દેવકી વસુદેવ તારા કબજામાં હશે તો શ્રીકૃષ્ણ જરૂર તેને મળવા આવશે અને તું તેને મારી શકીશ. વળી શ્રીકૃષ્ણ, બલરામ કોના પુત્ર છે ? જે બાળકી કંસના હાથમાંથી છટકી ગઈ તે યશોદાની પુત્રી છે વગેરે વાત નારદજીએ કંસને કરતા કંસે દેવકી વસુદેવને બેડીઓ પહેરાવી ફરી જેલમાં પુરી દીધા. (૨)

કંસના પાપનો ઘડો પૂરેપૂરો ભરાઈ જાય તો તેનો વધ થઈ શકે તેથી નારદજીએ કંસને ઉત્તેજિત કરી ફરીથી વસુદેવ-દેવકીને જેલમાં પુરાવ્યા તેવું કહી શકાય.

આ બાજુ શ્રીકૃષ્ણ વ્રજમાં નંદરાજાને ત્યાં મોટા થતા ગયા. માતા દેવકી પુત્રને જોવા-મળવા સતત તલસતી રહી. બાદમાં કંસને મારીને શ્રીકૃષ્ણ માતા-પિતાને મળવા જેલમાં પહોંચ્યા. તેમને પ્રણામ કરી સ્તુતિ કરી બોલ્યા કે, તમે મારા માટે સદા ઉત્કંઠિત છો. હું તમારી સેવા ન કરી શક્યો. બાળપણની મારી લીલાના દર્શન ન કરાવી શક્યો તે માટે મને ક્ષમા કરો. (૧)

શ્રીકૃષ્ણ મથુરા છોડી દ્વારિકા પધાર્યા ત્યારે દેવકી પ્રભુ પાસે રહી, શ્રીકૃષ્ણને માતૃપ્રેમમાં ઝબોળતી રહી. પ્રભુ મોટા હોવા છતાં દેવકી પ્રભુને નાના બાળકને જેમ ખવડાવે, પીવડાવે, વ્હાલ કરે તેમ સ્નેહ કરતી રહી. જન્મ સમયે પ્રભુએ પોતાની માતાને જે ચતુર્ભૂજ સ્વરૂપના દર્શન કરાવેલ તે સ્વરૂપને માતા સ્નેહવશ ભૂલી ગઈ અને શ્રીકૃષ્ણને પોતાના પુત્રરૂપે જ માનવા લાગી. પરંતુ પ્રભુ તો માતાને પોતાના અસલી સ્વરૂપના દર્શન કરાવવા માગતા હતા અને તેને જ્ઞાન આપી તેના જીવનું રૂડું કરવા માગતા હતા. તેથી તેમણે માતાને એક પ્રેરણા કરી. (૧)

માતાએ સાંભળેલ કે, શ્રીકૃષ્ણે પોતાના ગુરુને ગુરુદક્ષિણામાં ગુરુના મૃત પુત્રને સજીવન કરી તે લોકમાંથી લઈ આવીને ગુરુને અર્પણ કરેલ હતો. તો પોતાના ૬ પુત્રોને કંસે મારી નાખ્યા છે તો તે પુત્રોને શ્રીકૃષ્ણ સજીવન કરી પોતાની પાસે લાવે. માતાની આવી પ્રાર્થના સાંભળી શ્રીકૃષ્ણ બલરામ સાથે પાતાલ લોકમાં ગયા અને ત્યાંથી તે પુત્રોને લઈ આવ્યા. માતાએ જોયું કે આ પુત્રો હજી નાની વયના જ છે અને પુત્રો પર વહાલ વરસાવવા લાગી. માતાના સ્તનમાંથી દૂધ ટપકવા લાગ્યું અને પ્રેમથી ખોળામાં બેસાડી બાળકોને દૂધ પીવડાવવા લાગી. જે સ્તનના

દૂધનું પાન શ્રીકૃષ્ણે કરેલ તે પ્રસાદીના સ્તનના દૂધનું પાન બાળકોએ કરતા તમામ બાળકો દિવ્યગતિને પામ્યા. (૧)

હવે માતાને જ્ઞાન થયું કે, મારો પુત્ર શ્રીકૃષ્ણ સાધારણ નથી. તે તો આ જગતના સ્વામી છે અને માતાનો મોહ દૂર થયો અને તે ભગવાનના ધ્યાનમાં લાગી ગઈ.

અંતમાં શ્રીકૃષ્ણે પોતાની અવતાર લીલા પ્રભાસક્ષેત્રમાં સમાપ્ત કરી દેવગમન કર્યું અને આ સમાચાર દારૂક દ્વારા માતાને મળતા તેઓ દોડતા પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા અને ત્યાં કૃષ્ણ બલરામને ન જોતા તેમના વિરહમાં દેવકીજીએ વસુદેવ સાથે પોતાના પંચભૌતિક શરીરનો ત્યાગ કરી ભગવત્‌ધામમાં સિધાવ્યા. (૧)

વચનામૃતમાં શ્રીહરિએ દેવકીજીનો અનેક જગ્યાએ ઉલ્લેખ કર્યો છે :

★ પંચાળાનું ૬ઠ્ઠું વચનામૃત :

...તો પ્રથમ પોતે દેવકી થકી જન્મ્યા ત્યારે શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું. તેણે કરીને લક્ષ્મીપતિનો ભાવ પોતામાં જણાવ્યો.

★ ગઢડા મધ્યનું ૬૪મું :

...અને તે શ્રીકૃષ્ણ ભગવાનનો દેવકીજી થકી જે જન્મ તે તો કથન માત્ર છે અને તે શ્રીકૃષ્ણ તો સદા અજન્મા છે.

આ રીતે શ્રીકૃષ્ણે દેવકી-વસુદેવજીને ચતુર્ભુજરૂપે જન્મતા વેંત દર્શન દીધા છે તેવું **લોયાના ૧૮**માં, **ગઢડા મધ્યના ૧૦માં અને વડતાલના ૧૮માં** દર્શાવેલ છે.

★ **પાદટીપ :**

(૧) **भक्तचरितांक :** કલ્યાણ. ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૬, વિશેષાંક. પાના નં. ૨૩૬થી ૨૩૭

(૨) **श्री गर्ग संहिता : मथुराखंड : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૦૯થી ૧૧૦

ભાગવત્ સ્કંધ : ૧, અધ્યાય : ૮

●

૧૦૦. યશોદા

જગતભરની તમામ માતાઓના અર્કરૂપ જો કોઈ માતા હોય તો તે યશોદામાતા છે. જેમણે ભગવાન શ્રીકૃષ્ણને અનેરા હેત અને લાડકોડથી ઉછેર્યા. બાલકૃષ્ણ બાળસહજ રમતો કરતા કે તોફાન કરતા તો માતા તેમના પર ગુસ્સે થવાને બદલે રાજી થઈ શ્રીકૃષ્ણ ઉપર વહાલની હેલી વરસાવતા.

જે જે પાત્રો પ્રભુના સંપર્કમાં આવ્યા છે અને પ્રભુના દિવ્ય સાનિધ્યનો આસ્વાદ માણ્યો છે તે તે દરેક પાત્રને પૂર્વના સુકૃત્યને લીધે તથા પોતાની ભક્તિ, તપે કરીને પ્રભુનું આવું સુખ-સાનિધ્ય પ્રાપ્ત થયું છે. યશોદા માતાને પણ પ્રભુના માતા થવાનું સદ્ભાગ્ય સાંપડ્યું, જેમાં તેમની ભક્તિ અને પ્રાર્થનાનું ફળ છે. જેની કથા જોઈએ :

વસુશ્રેષ્ઠ દ્રોણે બ્રહ્માજી પાસે પ્રાર્થના કરી કે, જ્યારે હું પૃથ્વી પર જન્મ ધારણ કરું ત્યારે મને પ્રભુનું ગાઢ સાંનિધ્ય મળે. આ સમયે દ્રોણના પત્ની ધરા પણ હતા. તેમણે પણ મનોમન આવી જ પ્રાર્થના કરી. પછી બ્રહ્માજીએ તેમની મનોકામના પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપ્યા. આ વરદાનના પ્રતાપે ધરાએ સુમુખ નામના ગોપ અને તેની પત્ની પાટલાની પુત્રીના રૂપમાં જન્મ લીધો. માતા પાટલાએ આ કન્યાનું નામ યશોદા રાખ્યું અને દ્રોણે પણ નંદરાજા રૂપે જન્મ ધારણ કર્યો. આ વસુ તે જ નંદરાજા થયા. (૧)

યશોદાને ત્યાં પુત્ર ન હતો. ભગવાન શ્રીકૃષ્ણએ ત્યાં અવતાર લીધો. માતાના આનંદનો પાર ન રહ્યો. બાલકૃષ્ણ બાળસહજ લીલા કરી માતા-પિતાને ખૂબ આનંદ આપતા. માતા પણ તેમને અપાર પ્રેમ આપતા. છઠના દિવસે કંસે બાલકૃષ્ણને મારવા પુતનાને મોકલી. પ્રભુએ તેના સ્તનનું પાન કરી તેના પ્રાણનું પણ પાન કર્યું અને તેને દિવ્યગતિ આપી.

બલિરાજાને જ્યારે યજ્ઞ વખતે પ્રભુનો યોગ થયો ત્યારે બલિના પુત્રી રત્નમાલા તે સમયે ત્યાં હાજર હતા. તેઓએ વામન પ્રભુને જોતા તેમને એવો ભાવ થયો કે, આવા રૂપવાળું બાળક જો મારે હોય તો તેને હું સ્તનપાન કરાવું.

પ્રભુએ મનોમન આ ભાવના જાણી અને શ્રીકૃષ્ણ જન્મમાં તે રત્નમાલા પૂતનારૂપે થઈને આવી અને પ્રભુને સ્તનપાન કરાવ્યું. આમ, પ્રભુનો સ્પર્શ થયો. પ્રભુએ તેનું યશોદામાતા તુલ્ય કલ્યાણ કર્યું. (૩)

પુત્રને જોતા માતાનો આનંદ સમાતો ન હતો. પ્રભુ ૨૧ દિવસના થયા. એકવાર માતા તેમને એક ગાડા નીચે સુવડાવી ઘરમાં કંઈ કામ કરવા ગયા. તે દરમ્યાન કંસે મોકલેલો ઉત્કચ નામનો રાક્ષસ પ્રભુને મારવા આવ્યો. પણ પ્રભુએ ગાડાને પોતાના પગનું ઠેલું મારી ગાડાને ઉલાળી દીધું અને અસુર તેના નીચે દબાઈને મૃત્યુ પામ્યો. આ બાજુ અવાજ થતા માતા બેબાકળી બનીને દોડી આવી અને ગાડાને ઊંધું પડી ગયેલું જોઈ તેના હોશકોશ ઊડી ગયા અને તે મૂર્છિત બની ગઈ. તે સમયે ગોપીઓએ આવીને માતાને હોશમાં લાવ્યા કે કનૈયો તો જીવિત છે. પણ, માતા હોશમાં આવતા પોતાની જાતને ધિક્કાર આપતા રડવા લાગ્યા કે, માખણ કરતા પણ વધારે કોમળ એવા મારા કનૈયાને તૂટેલા ગાડા નીચે જોઈ મારા પ્રાણ કેમ ન નીકળી ગયા ? હું કેટલી કઠોર હૃદયની છું. મને ધિક્કાર છે. (૧)

શ્રીકૃષ્ણ હજી બાલ્યાવસ્થામાં જ છે. કંસે કનૈયાને મારવા માટે ત્યારબાદ અઘાસુર, બકાસુર, તૃણાવર્ત વગેરેને મોકલ્યા પણ કનૈયાએ એ તમામને પોતાની દિવ્ય શક્તિ વડે મારી નાખ્યા. (૧)

જ્યારે જ્યારે અસુરો કનૈયાને મારવા આવતા અને શ્રીકૃષ્ણને સંકટમાં નાખતા ત્યારે માતા યશોદાની ચિંતા, વલોપાત, વેદનાનું વર્ણન કરી શકાય તેવું ન હતું.

એકવાર કનૈયાએ મૃત્તિકા (માટી) ખાવાની લીલા કરી. માતાએ જોયું કે આ માટી મોંમાં નાખે છે ત્યારે મા તેને પકડીને મોં ખોલવાનું કહે છે ત્યારે કનૈયો મોં ખોલે છે. ત્યારે માતાને મોંમાં માટીને બદલે આખા બ્રહ્માંડના દર્શન થાય છે. જળ, પૃથ્વી, વૃક્ષો, પર્વતો, સૂર્ય, ચંદ્ર, તારા વગેરેને જોઈને મા આશ્ચર્યમાં પડી જાય છે. તે કહી નથી શકતી કે, આ હું શું જોઈ રહી છું ? (૧)

આમ શ્રીકૃષ્ણે પોતાના મુખમાં વિશ્વરૂપ દેખાડીને પોતે સહસ્ર શીર્ષાપણે કરીને પોતામાં અનિરુદ્ધપણું દેખાડ્યું. પોતે જન્મ્યા ત્યારે દેવકીમાતાને ચતુર્ભૂજરૂપે દર્શન આપેલ. અક્રૂરને યમુનામાં ધરામાં શેષનાગ પર વિરાજતા દર્શન આપ્યા. અર્જુનને રણસંગ્રામમાં પોતાનું વિરાટ વિશ્વરૂપ દર્શન કરાવ્યું. આમ, પોતાના સ્વરૂપની ઝાંખી કરાવી પોતે પોતાનું પુરુષોત્તમપણું જણાવ્યું.

આ રીતે પ્રભુએ ગોકુળમાં ૧૧ વર્ષ અને ૭ માસ સુધી દિવ્યલીલા કરી

માતા-પિતાને, ગોપીઓને અનહદ દિવ્યસુખ આપ્યું. હવે તેમને પોતાનું અવતારકાર્ય આગળ ધપાવવું હતું. કંસનો નાશ કરી લોકોને ભયમુક્ત કરવાના હતા, માતા-પિતાને જેલમાંથી છોડાવી તેને પોતાના દિવ્ય આનંદનો અનુભવ કરાવવાનો હતો. પોતાની ઇચ્છાથી અક્રૂરજી તેમને મથુરાથી તેડવા આવ્યા, કેમકે કંસે મથુરામાં મલ્લકુસ્તીનું આયોજન કરેલ તે માટે કંસે શ્રીકૃષ્ણને તેડવા માટે અક્રૂરજીને મોકલ્યા. પણ કંસ ખરેખર તો આ બહાને કૃષ્ણને બોલાવી તેને મારી નાખવા માંગતો હતો કે આ પોતાનો કાળ છે. શ્રીકૃષ્ણ મથુરા જવાના હતા તેની આગલી રાત્રે શ્રીકૃષ્ણએ માતાને ખૂબ સમજાવ્યા. પણ માતા પુત્ર મોહમાં હતી. શ્રીકૃષ્ણએ તેમને અનેક દિવ્ય ચરિત્રો બતાવ્યા. પોતે પુરુષોત્તમ નારાયણ છે તેવું કહેવા ખૂબ પ્રયત્નો કર્યા પણ માતા મોહવશ હતી તેથી શ્રીકૃષ્ણને મથુરા ન જવા દેવા આંસુભરી આંખે વિનવતી હતી. આખરે શ્રીકૃષ્ણે મોહમાયાનો આશરો લઈ માતાને ભ્રમિત કરીને પોતે મથુરા જવા તૈયાર થયા. ગોપીઓએ શ્રીકૃષ્ણને ખૂબ વિનવ્યા. પોતાનું શરીર માર્ગ ઉપર પાથરી તેના ઉપરથી રથ ચલાવવા શ્રીકૃષ્ણને કહ્યું. પણ શ્રીકૃષ્ણની મથુરા જવા મરજી ભાળી તો પોતે વચ્ચે ન આવી અને આઘી ખસી ગઈ. પણ માતા યશોદાને આ વિદાય વસમી થઈ. આ વિદાય વેળાએ પોતાના પુત્ર માટે તે મંગળકાર્ય પણ ન કરી શકી. વિરહના અતિરેકમાં તે પોતાની સુધબુધ ભૂલી ધરતી પર ઢળી પડી. માતાનું સમગ્ર અસ્તિત્વ લઈને તેનો પ્રાણ શ્રીકૃષ્ણ આ જ ગોકુળ છોડી, વિલાપ કરતી માતાને છોડી મથુરા ચાલ્યો ગયો. એ વેદનાનું વર્ણન ખુદ સરસ્વતી પણ ન કરી શકી. (૧)

બીજા દિવસે માતા શ્રીકૃષ્ણના માર્ગને જોઈ ચીત્કારતી રહી, અરે ! કોઈ મારા કૃષ્ણને જતા રોકો. મારા કૃષ્ણને કોઈ પકડો કહી વિલાપ કરતી રહી. જડ ચેતન, પશુ-પંખી, મનુષ્યને માતા સંદેશો મોકલતી રહી : મારા કૃષ્ણને કોઈ મોકલો. મારો પ્રાણ મને પાછો લાવી આપો. (૧)

આવો સંદેશો શ્રીકૃષ્ણને મળતા માતાનો શોક દૂર કરવા તેણે ઉદ્ધવજીને મોકલ્યા. પણ તે માતાના આંસુ લૂછવા શક્તિમાન ન બન્યા.

પણ, જતા જતા શ્રીકૃષ્ણ માતા યશોદા અને ગોપીઓને સંદેશ આપતા ગયેલા કે હું એક દિવસ મળવા માટે તમને બધાને બોલાવીશ. એ સંદેશની આશામાં માતા જીવી રહ્યા હતા. અને કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરું થતાં શ્રીકૃષ્ણએ માતાને ત્યાં બોલાવ્યા. માતા શ્રીકૃષ્ણને મળવા દોડી આવ્યા. શ્રીકૃષ્ણને હૃદયે લગાવી આંસુભરી આંખે મુક વાતો કરી. માતા શ્રીકૃષ્ણ સાથે વૃંદાવન આવ્યા. યશોદાનો

સંસાર ફરી નવપલ્લવિત બન્યો. વર્ષોનું દબાવી રાખેલું હેત માતા શ્રીકૃષ્ણ ઉપર ઢોળવા લાગ્યા. પોતાના હાથે જમાડે, પોતે સુવડાવે એક એક ક્રિયામાં માતા પુત્રનું ધ્યાન રાખવા મંડી. (૧)

શ્રીકૃષ્ણ જ્યારે પોતાની દિવ્યલીલા સંકેલવાના હતા ત્યારે તેમણે અગાઉથી માતાને સંદેશો મોકલી દીધેલ. માતા પ્રભાસક્ષેત્રમાં આવ્યા. શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ ગયા હતા. તે સમાચાર જાણી માતાના પ્રાણ નીકળી ગયા. રાધાજીની પણ આ જ દશા હતી અને એક દિવ્ય વિમાનમાં બંને ગોલોકમાં કૃષ્ણ પાસે પહોંચી ગયા. (૧)

વચનામૃતમાં શ્રીહરિએ માતા યશોદાનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે :

★ કારિયાણીનું ૮મું :

...અને એ જ શ્રીકૃષ્ણ ભગવાન તેણે પોતાની માતા જે યશોદાજી તેને પોતાના મુખને વિષે અષ્ટાવરણે યુક્ત સમગ્ર બ્રહ્માંડ દેખાડ્યું.

★ પંચાળાનું ૬ઠ્ઠું :

...તથા માતા યશોદાને પોતાના મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું. તેણે કરીને સહસ્રશીર્ષાપણે કરીને અનિરુદ્ધપણું પોતામાં જણાવ્યું.

★ વડતાલનું ૬ઠ્ઠું :

...જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે મહાપાપણી જે પૂતના તેણે ભગવાનને ઝેર પાયું. તેને શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા જે યશોદાજી તે બરાબર ગતિ આપી.

★ **પાદટીપ :**

(૧) **नारी अंक :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ : ૧૯૯૮, પાના નં. ૫૧૭થી ૫૨૦

(૨) **શ્રીમદ્ ભાગવત સુધાસાગર :** ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૧૦, અ. ૭, પાના નં. ૭૩૧ અને
શ્રીમદ્ ભાગવત સુધાસાગર : ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૧૦, અ. ૮, પાના નં. ૭૩૧ની ફૂટનોટ

(૩) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ-૩, અધ્યાય : ૨

●

૧૦૧. કુબ્જા

કુબ્જા વિષે જાણીએ :

કુબ્જા એટલી કુબડી સ્ત્રી નહિ, પણ ત્રિવક્ સ્ત્રી. જેના ત્રણ અંગ વાંકા હતા. જે દેખાવમાં સુંદર હતી. તે કંસની દાસી હતી અને કંસને ચંદનનો લેપ કરવા રોજ જતી હતી.

★ કુબ્જાના પૂર્વજન્મ વિષે જોઈએ :

પ્રભુ રામ જ્યારે વનવાસ દરમ્યાન પંચવટીમાં રહેતા હતા. ત્યારે રાવણની બહેન શુર્પણખા રામના રૂપથી મોહિત થઈ ત્યાં આવી અને પોતાની સાથે લગ્ન કરવા કહ્યું. પરંતુ રામને તો એક પત્નીવ્રત હતું આથી તેમણે ના પાડી. બંને વચ્ચે વડચડ થતા લક્ષ્મણજીએ ગુસ્સે થઈ રાક્ષસીના નાક-કાન કાપી નાખ્યા. આથી તે ગુસ્સે થઈ રાવણ પાસે ગઈ અને ફરિયાદ કરી... ત્યારબાદ શૂર્પણખાએ રામને પતિ તરીકે મેળવવા માટે પુષ્કર તીર્થમાં જઈ દશ હજાર વર્ષ સુધી તપ કરી મહાદેવને રીઝવ્યા અને પોતાનો મનોરથ કહ્યો. ત્યારે મહાદેવે કહ્યું કે, તારો મનોરથ દ્વાપર યુગના અંતમાં પ્રભુ શ્રીકૃષ્ણ પ્રગટ થશે ત્યારે થશે. પછી શૂર્પણખા મથુરામાં કુબ્જારૂપે થઈ અને શ્રીકૃષ્ણને પતિરૂપે પામી. (૧)

કંસે ધનુષ્ય યજ્ઞના બહાને શ્રીકૃષ્ણ અને બલરામને કપટથી મારી નાખવા માટે યુક્તિપૂર્વક મથુરા બોલાવ્યા. પ્રભુ મથુરા પહોંચ્યા. રથમાંથી ઉતરીને પગપાળા બંને નગરની શોભા જોતા જોતા આગળ વધતા હતા. તે દરમ્યાન શ્રીકૃષ્ણએ કુબ્જાને સુગંધીમાન પદાર્થો લઈને રાજમહેલ તરફ જતા જોઈ. આથી તેમણે મધુર વચને તેને બોલાવી પોતાને ચંદનનો લેપ કરવા કહ્યું. કુબ્જા શ્રીકૃષ્ણનું રમણીયરૂપ જોઈને દંગ રહી ગઈ. પ્રભુએ પૂછ્યું કે તું કોણ છો ? ત્યારે તે બોલી કે, હું કંસની દાસી છું. પણ લજ્જાથી મનમાં તો એવું બોલી કે, હવે હું તમારી દાસી છું. તમારી દાસી થયા પછી હવે હું કોઈની દાસી નથી. કૃષ્ણના કહેવાથી તેણે પ્રભુને ચંદનનો લેપ કર્યો. સાથે બલરામને પણ લાલ ચંદનનો લેપ કર્યો.

કુબ્જાએ પ્રભુની સેવા કરી તેથી તેના ઉપર ખૂબ પ્રસન્ન થયા અને તેનું વિકલાંગપણું દૂર કરવાનો નિશ્ચય કર્યો. પ્રભુએ કુબ્જાના પગ ઉપર પોતાના પગનો અંગૂઠો દબાવી હડપચીથી તેને ઊંચી કરી. ત્યાં તો તેના ત્રણેય અંગ જે વાંકા હતા તે સીધા થઈ ગયા. તેના રૂપમાં નિખાર આવ્યો. તે ચતુર તો હતી જ. આથી શ્રીકૃષ્ણને પોતાના ઘરે પધારવા અને પોતાની સેવા સ્વીકારવા ભાવભર્યું આમંત્રણ આપ્યું. પ્રભુએ એના ભાવને સ્વીકારી કહ્યું કે, હું આ કાર્ય કરી પછી આવીશ અને કુબ્જા પ્રભુના સ્વાગતની તૈયારીમાં લાગી ગઈ. તેણે પોતાના આવાસની સાથે પોતાનો દેહ પણ શણગાર્યો અને આતુરતાથી પ્રભુની રાહ જોવા લાગી. શ્રીકૃષ્ણે કંસનો નાશ કર્યા બાદ ઉદ્ધવજી સાથે કુબ્જાના આવાસે ગયા. કુબ્જા સાથેનું મિલન દૈહિક મિલન ન હતું પણ પ્રભુના ચરણે પોતાનાં સમગ્ર અસ્તિત્વને ન્યોચ્છાવર કરવાનું હતું. પ્રભુએ તેની સેવા સ્વીકારી તેનું પરમ કલ્યાણ કર્યું. (૨)

ઉદ્ધવજી શ્રીકૃષ્ણના કાકા હતા. પરંતુ તેને પ્રભુનો અચળ આશ્રય અને નિશ્ચય હતો કે પ્રભુની દરેક ક્રિયા જીવના કલ્યાણ માટે હોય છે. તેમાં દૈહિક ભાવ હોતો નથી. ભગવાનની વાસ્તવમાં લાગતી માનુષી ક્રિયા દિવ્યત્તમ હોય છે. આથી કુબ્જાના ઘરે ગયા ત્યારે પોતે બહાર બેઠા. શ્રીકૃષ્ણ કુબ્જા સાથે હતા તેમ છતાં ઉદ્ધવજીને પ્રભુના ચરિત્રમાં કોઈ સંશય થયો નહિ. એવું કહેવાનો શ્રીહરિનો આશય છે. વળી કુબ્જાએ કામભાવે શ્રીકૃષ્ણને સેવ્યા તો પણ તેની દિવ્યગતિ થઈ.

વચનામૃતમાં શ્રીહરિએ કુબ્જાનો ઉલ્લેખ કરેલ છે :

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૭મું :

...અને જ્યારે ભગવાન કુબ્જાને ઘેર ગયા ત્યારે ઉદ્ધવજીને ભેળા તેડી ગયા હતા.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...શ્રીકૃષ્ણ ભગવાન વ્રજને વિષે બાલમુકુંદ કહેવાયા તથા કુબ્જા સંઘાથે વિહાર કર્યો.

★ પાદટીપ :

(૧) **श्री गर्गसंहिता : श्रीकृष्ण कथामृत :** અધ્યાય-૧૧, પાના નં. ૨૧૦થી ૨૧૧

(૨) **नारी अंक : कल्याण. २२ वे वर्ष का विशेषांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૫૬૭થી ૫૬૮ તથા

(૩) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ૧૦મો સ્કંધ, ૪૨મો અધ્યાય.

૧૦૨. પરીક્ષિત

રાજા પરીક્ષિત ઉત્તરા અને અભિમન્યુના પુત્ર હતા અને અર્જુનના પૌત્ર હતા. શ્રીકૃષ્ણએ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તેનું ગર્ભમાં રક્ષણ કર્યું હતું. પ્રભુ ગર્ભમાં અંગૂઠા જેવડું રૂપ લઈને ગયા અને ત્યાં ૧૦ માસ સુધી રહ્યા. તે સમયે ગર્ભસ્થ શીશુ નિરંતર શ્રીકૃષ્ણના દર્શન કર્યે રાખતા. આમ, પરીક્ષિતને ગર્ભમાંથી જ પ્રભુ પ્રેમના સંસ્કાર હતા. જ્યારે બાળ પરીક્ષિત જન્મ્યા ત્યારે ગર્ભમાં દીઠેલા શ્રીકૃષ્ણના દર્શન બહાર ન થયા ત્યારે પ્રભુના દર્શન માટે ચારે બાજુ જોવા લાગ્યા.

परीत: इक्षते इति परीक्षित :– ચારે બાજુ જોનાર. એટલે તેમનું નામ પરીક્ષિત પડ્યું. (૧)

રાજા નીતિમાન, ધર્મિષ્ઠ અને પ્રજાવત્સલ હતા. છતાં **તેમણે એક ઋષિનો અપરાધ શું કામ કર્યો ? તે પ્રસંગ જોઈએ :**

એક દિવસ જ્યારે તેઓ દિગ્વિજય કરવા નીકળ્યા. ત્યારે એક ઉજ્જ્વળ બળદને જોયો જેના ત્રણ પગ ભાંગી ગયા હતા એક પગે તે માંડ માંડ ઊભો રહેતો હતો. તેની પાસે એક ગાય ઉદાસમુખે રડતી ઊભી હતી. ત્યારે એક કાળા રંગનો શુદ્ર જેણે રાજાઓની માફક મસ્તક ઉપર મુગટ ધાર્યો હતો. તે હાથમાં લાકડી લઈને ગાય અને અપંગ બળદને મારી રહ્યો હતો. ત્યારે રાજાએ પેલા શૂદ્રને પૂછ્યું કે, તું આને શું કામ મારે છે ? ત્યારે તેને જાણવા મળ્યું કે ગાય છે તે પૃથ્વી દેવી છે અને બળદ તે સાક્ષાત્ ધર્મ છે અને કળિયુગ તે શૂદ્ર બનીને ગાય-બળદને પીડી રહ્યા છે. ત્યારે પરીક્ષિતે તલવાર કાઢીને શુદ્રને મારવા ગયા તે સમયે કળિ પોતાનો મુગટ ઉતારીને રાજાને પગે લાગી તેની પાસે કરગરવા માંડ્યો. ત્યારે રાજાએ કહ્યું કે, તું મારા રાજ્યમાંથી જતો રહે. કેમકે તું જ્યાં રહે ત્યાં અસત્ય, છળ-કપટ અને અધર્મ રહે છે. ત્યારે કળિએ રાજાને પ્રાર્થના કરી કે, હું ક્યાં જાઉં ? ત્યારે રાજા કહે, જ્યાં જુગાર રમાતો હોય, દારૂ પીવાતો હોય, હિંસા થતી હોય

- જ્યાં વ્યભિચાર થતો હોય અને જ્યાં સુવર્ણ હોય ત્યાં તું નિવાસ કરીને રહે. (૧) એટલે કળિ સિફતપૂર્વક રાજાના સોનાના મુગટમાં વાસ કરીને રહ્યો અને રાજા સાર-અસારનો વિવેક ભૂલી ગયા. પછી રાજા એકવાર જંગલમાં મૃગયા કરવા ગયા. ત્યાં એક હરણનો શિકાર કરતા તેની પાછળ દોડ્યા પણ હરણ છટકી ગયું. ખૂબ લાંબી રઝળપાટ અને તાપને લીધે તે થાકી ગયા. તેમને સખત તરસ લાગી. ત્યાં અચાનક તેમને એક આશ્રમ દેખાતા ત્યાં પાણી માટે ગયા. તે શમિક ઋષિનો આશ્રમ હતો. તો ત્યાં ઋષિ ધ્યાનમાં બેઠા હતા. રાજા ત્યાં ગયા પણ ઋષિ તો ધ્યાનમાં હોવાથી તેમને રાજાના આગમનની ખબર ન હતી. તેથી રાજાનું સ્વાગત કરી શક્યા નહિ. વળી રાજાએ ઋષિ પાસે પાણી માંગ્યું. તો તે પણ ઋષિથી ન અપાયું તેથી રાજાને પોતાનું અપમાન લાગ્યું અને તે ઋષિ પર ગુસ્સે થયા અને બાજુમાં પડેલો એક મરેલ સાપ ઉપાડીને ઋષિના ગળામાં નાંખી રાજા ગુસ્સામાં જતો રહ્યો.

થોડીવાર બાદ ઋષિના પુત્ર શ્રૃંગી ત્યાં આવ્યા. તેણે પિતાશ્રીના ગળામાં સાપ જોયો. પોતાના પિતાનું આવું અપમાન કરનાર પર તે ગુસ્સે થયા અને શાપ આપ્યો કે, મારા પિતાના ગળામાં સાપ નાંખનારને સાત દિવસમાં તક્ષક નાગ કરડે અને તેનું મૃત્યુ થાઓ.

આ બાજુ રાજાને પોતાને મળેલા શાપની જાણ થઈ તેને તેના આ અધમ કૃત્ય બદલ ખૂબ પસ્તાવો થયો પણ ઋષિનો શાપ મિથ્યા ન થાય. હવે શું કરવું અને તેણે વિચાર્યું કે જો સાત દિવસમાં મારું મૃત્યુ થવાનું હોય તો મારે મારા આત્માનું કલ્યાણ કરી લેવું જોઈએ. આથી રાજા તેના મોટા પુત્ર જન્મંજયને રાજતિલક કરી પોતે નિર્જળા વ્રત ધારણ કરી શુકદેવજી પાસે ગયા અને તેની પાસે બેસીને સાત દિવસ ભાગવત કથાનું શ્રવણ કર્યું. સાતમા દિવસે તક્ષક નાગ ફૂલની માળામાં સૂક્ષ્મરૂપે સંતાઈને આવ્યો અને રાજાને દંશ દીધો અને રાજાના પ્રાણ હર્યા. (૧)

પણ રાજા જ્યારે ભાગવતની કથા સાંભળતા હતા ત્યારે દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણની રાસલીલાનો પ્રસંગ આવે છે. શુકદેવજી શ્રીકૃષ્ણના આ માનુષી છતાં દિવ્ય પ્રસંગને ખૂબ ભાવપૂર્વક કહેતા હતા. તેમને ભગવાનની રાસલીલા

પ્રસંગમાં કોઈ શંકા ન હતી. કેમકે ઋષિ માનતા કે ભગવાન ધર્મચરિત્ર કરે કે અધર્મ ચરિત્ર કરે પણ તેનો દોષ લાગતો નથી તે તો સર્વથી પર છે તેમનામાં માયાનો કોઈ અંશ ન હોય. પરંતુ પરીક્ષિત રાજાને ભગવાનના આ રાસલીલાના પ્રસંગમાં શંકા જન્મી કે ભગવાન થઈને પરદારારૂપ ગોપીઓ સાથે શું કામ આવો અધર્મ કર્યો ? કેમકે રાજા ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર વર્તતા નહોતા. તેમની તેવી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ ન હતી. તેથી તેમને શ્રીકૃષ્ણના લીલા ચરિત્રમાં શંકા થઈ અને તેમણે શુકદેવજીને પ્રશ્નો કર્યા. ઋષિએ તે સઘળી શંકાના સમાધાન કર્યા. જે ઋષિ અને રાજાના સંવાદને શ્રીહરિએ વચનામૃતમાં વણી લીધો છે.

જે જોઈએ :

★ **ગઢડા પ્રથમના ૨૩માં** વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, જે ભક્ત ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પોતાના આત્માને પર ન સમજતા હોય અને બ્રહ્મરૂપ ન થયા હોય તો ભગવાનમાં પ્રાકૃતભાવ પરઠાઈ જાય. જેમ પરીક્ષિત એવા ભક્ત ન હતા તો રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનની લીલાને વિષે સંશય થયો, પરંતુ શુકજી એવા ભક્ત હતા તો તેને કોઈ સંશય ન થયો.

ગઢડા પ્રથમના ૭૨માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, ભગવાન જીવના કલ્યાણને અર્થે દેહ ધારે છે ત્યારે માનુષી ચરિત્ર કરે ત્યારે વિમુખ અને કાચો-પોચો ભક્ત હોય તો ભગવાનના ચરિત્રમાં દોષ પરઠે. જેમ શુકજીએ રાસ-પંચાધ્યાયીનું વર્ણન કર્યું ત્યારે રાજા પરીક્ષિતને સંશય થયો જે ભગવાન તો ધર્મની મર્યાદા સ્થાપવા પ્રકટ થયા હતા તો તેણે પરસ્ત્રીનો સંગ કરીને ધર્મનો ભંગ કેમ કર્યો ? એવી રીતે દોષ લીધો. શુકજીએ તો સમજી વિચારીને ભગવાનનું ગુણગાન કર્યું.

લોયા-૧૨ :

શ્રીજી કહે છે કે, નિર્વિકલ્પમાં કનિષ્ઠ ભક્ત કયો ? તો ભગવાનને સર્વ શુભ-અશુભ ક્રિયા કરતા દેખે તો પણ એમ સમજે જે ભગવાન તો અકર્તા છે. કેમકે ભગવાન તો બ્રહ્મરૂપ છે. ...જેમ રાસ પંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરીક્ષિતે પ્રશ્ન કર્યો કે, ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણ પરદારાનો સંગ કેમ કર્યો ?

ગઢડા મધ્ય ૧૦ :

પરમેશ્વરના સાચા ભક્ત વિષે ગીતામાં કહ્યું છે કે, '*जन्म कर्म च मे दिव्यमेवं ... नैति मामेति सोऽर्जुन ।*'

ભગવાનના જન્મ, કર્મ વગેરે દિવ્ય છે. જે આ દિવ્યતાને જાણે તે જન્મ-મરણથી રહિત થઈ જાય. ગોપીઓ ભગવાનની ભક્ત હતી. તેણે ભગવાનનો અવગુણ ન લીધો, જ્યારે પરીક્ષિતે ભગવાનનો અવગુણ લીધો. પછી શુકજીએ ભગવાનનું સમર્થપણું દેખાડીને તે અવગુણને ખોટો કરી નાખ્યો.

ગઢડા મધ્ય ૬૧ :

શ્રીહરિ ભક્તોને શીખ આપે છે કે, સંસારમાં રજોગુણી મોટો મનુષ્ય આવે ત્યારે તેને આદર થકી સભામાં મોઢા આગળ બેસાર્યો જોઈએ. એ વ્યવહાર છે તે જ્ઞાની અને ત્યાગી તેને પણ રાખ્યો જોઈએ. ન રાખે તો એમાંથી ભૂંડું થાય. જેમ રાજા પરીક્ષિત ઋષિના આશ્રમમાં ગયા ત્યારે ઋષિ સમાધિમાં હતા તેથી તેનું સન્માન થયું નહિ. તેથી રાજાને રીસ ચડીને ઋષિના ગળામાં સર્પ નાખ્યો. પછી ઋષિના પુત્રે રાજાને શાપ દીધો અને રાજાનું સાત દિવસમાં મૃત્યુ થયું. માટે રજોગુણી માણસનું યથાયોગ્ય સન્માન ન થાય તો તેમાંથી ભૂંડું થાય. ભક્તોને શિક્ષા દેવાને અર્થે શ્રીહરિએ પરીક્ષિત રાજાના દૃષ્ટાંત દ્વારા ભક્તોને વિવેક અને વ્યવહારુ થવાની શીખ આપી છે.

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ સં. ૨૦૫૮, પાના નં. ૨૧૦-૨૧૧

●

૧૦૩. સુદામાજી

સુદામા બ્રાહ્મણ હતા. તેઓ પોરબંદરમાં રહેતા હતા. ઉજ્જૈનમાં સાંદિપની ઋષિના આશ્રમમાં તેઓ તથા શ્રીકૃષ્ણ સાથે વિદ્યાભ્યાસ કરતા.

વિપ્રવર સુદામા જન્મથી દરિદ્ર હતા. અવંતિમાં સાંદિપની ઋષિના આશ્રમમાં શ્રીકૃષ્ણ ભણવા ગયા ત્યારે સુદામા પણ ત્યાં હતા. ત્યાં બંનેને ગાઢ મૈત્રી થઈ. શ્રીકૃષ્ણ તો થોડા સમયમાં સમગ્ર વિદ્યા ભણીને દ્વારકાધીશ થઈ ગયા. જ્યારે સુદામાએ ભણીને ગૃહસ્થાશ્રમ કર્યો. તે સામાન્ય ભિક્ષાવૃત્તિ કરીને દિવસો પસાર કરતા. તેમની પત્ની નામ સુશીલા હતું. નામ પ્રમાણે તેના ગુણ હતા. સુદામાજી કદી કોઈની પાસેથી કંઈ માગતા ન હતા. પ્રભુ ઈચ્છાથી જે પ્રાપ્ત થાય તેનાથી જીવનનિર્વાહ કરતા હતા. (૧)

શ્રીકૃષ્ણ અને સુદામાએ સાથે અભ્યાસ કરેલો. બંને સાથે વેદપાઠ કરતા. સાથે જંગલમાં સમિધ લેવા જતા. આ વાતો સુદામા સુશીલાને કહેતા. શ્રીકૃષ્ણના રૂપ, ગુણનું વર્ણન કરતા સુદામા થાકતા ન હતા. ઘરની કંગાળ સ્થિતિ તથા ભૂખમરાને કારણે બંનેને ઘણી વાર ઉપવાસ થતા. સુશીલા ઘણી વાર સુદામાજીને કહેતા કે, તમે દ્વારકાધીશ પાસે જાઓ અને તેમની પાસે ધન માંગો તો આપણે સુખપૂર્વક દિવસો પસાર કરી શકીએ. (૧)

પણ, સુદામાજી કહેતા કે ભગવાનનું ભજન કરવામાં એટલો આનંદ આવે છે કે તેની પાસે કંઈ માંગવાનું મન નથી થતું. આખરે અતિ આગ્રહ થતા સુદામા શ્રીકૃષ્ણને મળવા જવા રાજી થાય છે. મિત્ર પાસે ખાલી હાથે ન જવાય તેથી સુશીલા શ્રીકૃષ્ણ માટે તાંદુલ ચીંથરા જેવા કાપડમાં બાંધીને આપે છે. સુદામાજી પ્રભુનું ભજન કરતાં કરતાં દ્વારિકા પહોંચે છે. સોનાની દ્વારિકા જોઈ તે ચકિત થઈ જાય છે. ત્યાંના માણસોના સુશોભિત વસ્ત્રો જોઈને તેને પોતાના વસ્ત્રો અને સ્થિતિને જોઈને સંકોચ થાય છે. (૧)

શ્રીકૃષ્ણના મહેલ પર જઈને દ્વારપાલને સુદામાજી સંદેશો આપે છે કે,

શ્રીકૃષ્ણને કહો કે તેનો મિત્ર સુદામા પોરબંદરથી આવે છે. દ્વારપાલ આ સાંભળી આશ્ચર્યમાં પડી જાય છે કે, ઈન્દ્ર રાજા પણ જ્યારે શ્રીકૃષ્ણના દર્શને આવે છે ત્યારે પોતાને શ્રીકૃષ્ણનો દાસ કહે છે, જ્યારે આ ગરીબ ચીંથરેહાલ બ્રાહ્મણ પોતાને શ્રીકૃષ્ણનો મિત્ર કહે છે. દ્વારપાલ શ્રીકૃષ્ણને આ સમાચાર આપે છે. ત્યાં તો શ્રીકૃષ્ણચંદ્ર અતિ ઉત્સાહ અને આનંદથી તેના મિત્રને મળવા દોડે છે જાણે કે વર્ષોથી જેની રાહ જોતા હોય તે મિત્ર આવ્યો હોય ! શ્રીકૃષ્ણ સુદામાજીને ભેટે છે. તેનો હાથ પકડીને તેના મહેલમાં લાવે છે. દેવતાઓ આ દિવ્ય દૃશ્ય જોઈને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરે છે. દાસ દાસીઓ અને રાણીઓ પણ આ દૃશ્ય જોઈને આશ્ચર્યમાં પડી જાય છે. (૧)

મહેલમાં સુદામાજીને પોતાના પલંગ પર બેસાડી તેના ચરણ ધોઈ તેનું જળ પોતાના મસ્તકે ચડાવે છે. સાક્ષાત્ રુક્મિણી સુદામાજીને ચામર ઢોળે છે. ત્યારે શ્રીકૃષ્ણ પૂછે છે કે, મારા ભાભીએ મારા માટે શું મોકલ્યું છે ? સુદામાજી આ સાંભળી સંકોચ અનુભવે છે કે, આ મેવા, મિઠાઈ સામે મારા તાંદુલની શી કિંમત છે ? તે ના પાડવા જાય છે ત્યાં તો સુદામાજીએ બગલમાં દબાવેલી પોટલીને શ્રીકૃષ્ણ આંચકી લે છે. ત્યાં ચીંથરામાં બાંધેલી પોટલી ફાટી જતા પૌવા ઢોળાઈ જાય છે ત્યારે શ્રીકૃષ્ણ તેને વીણીને એક મુઠી સ્વયં પોતાના મુખમાં મુકે છે અને બોલે છે કે આ પૌવાથી મારી સાથે સમગ્ર વિશ્વ પણ તૃપ્ત થઈ જશે. (૧)

બીજી મુઠી ભરીને આરોગવા જાય છે ત્યાં તો રુક્મિણી શ્રીકૃષ્ણનો હાથ પકડી લે છે. કે, નાથ હવે તમે અમારા પર દયા કરો. એક મુઠીમાં તો દેવતાઓને પણ દુર્લભ એવી સુખ-સંપત્તિ તમે સુદામાજીને આપી દીધી. જો બીજી મુઠી જમશો તો અમારે પણ સુદામાજીના ચાકર બનીને રહેવું પડશે ! આથી શ્રીકૃષ્ણનો હાથ અટકી જાય છે. (૧)

સુદામાજી થોડા દિવસ ત્યાં રોકાઈ તેમનું આતિથ્ય માણે છે. શ્રીકૃષ્ણ અને સુદામા જૂના દિવસોને યાદ કરી, ઋષિના આશ્રમમાં રહેતા તે વિદ્યાભ્યાસની વાતો કરે છે. ત્યારબાદ સુદામાજી પોરબંદર સ્વગૃહે જવા રવાના થાય છે. શ્રીકૃષ્ણ તેમને કોઈ ભેટ કે ધન આપતા નથી તેનું સુદામાજીને કોઈ દુઃખ નથી કેમકે તે માને છે કે ભગવાનની ભક્તિ મળી છે તે જ મોટું ધન છે. જો મને ધન મળશે તો હું ભક્તિ નહીં કરી શકું. તે ખ્યાલે મને શ્રીકૃષ્ણએ ધન નહીં આપ્યું હોય ! મારે ધનની કોઈ અપેક્ષા નથી. આ તો મને સુશિલાએ કહ્યું હતું તેથી હું તો દર્શન કરવા આવ્યો

હતો. મને તેમના દર્શન થઈ ગયા. મારી આટલી આગતા-સ્વાગતા કરી. મારા લાવેલ તાંદુલની ભેટ જમ્યા તે જ મારે મન મોટી વાત છે. આમ, વિચારતા તેઓ પોરંદર પહોંચે છે. તો ત્યાં જોઈને તેમને આશ્ચર્ય થાય છે કે પોતાના ઘરની જગ્યાએ મોટી સાત માળની હવેલી અનેક દાસ-દાસીઓ અને સુખ-સંપત્તિથી ઉભરાતું પોતાનું ગૃહ જુએ છે. (૧)

પત્ની અને દાસીઓ તેમને પોતાના ઘરમાં આવકારે છે. શ્રીકૃષ્ણની ઉદારતા સંભારી સુદામા ગદ્‌ગદ્‌ થઈ જાય છે. (૧)

આ કથા ઉપરાંત એક બીજી પણ કથા છે કે, સુદામા અને શ્રીકૃષ્ણ સાંદિપની ઋષિના આશ્રમમાં અભ્યાસ કરતા હતા, તે દરમ્યાન જંગલમાં લાકડા કાપવા જતા. ગુરુ માતા સુદામાજીને બંને માટે રસ્તામાં ખાવા માટે દાળીયા આપે છે. સુદામાજી ભૂખના દુઃખથી પોતાના દાળીયા તો ખાઈ જાય છે પણ તે સાથે શ્રીકૃષ્ણના ભાગના દાળીયા પણ ખાઈ જાય છે. આમ, સુદામાજી ભગવાનનાં ભાગનું અન્ન ખાઈ જતા તેના પ્રારબ્ધમાં કંગાલપણું અને ભૂખમરો આવે છે. આથી તેમની સ્થિતિ ગરીબ રહે છે, પરંતુ જ્યારે પોતે શ્રીકૃષ્ણ માટે પોતાના ઘરેથી તાંદુલ લઈ જાય છે અને શ્રીકૃષ્ણ તેનો સ્વીકાર કરતાં જ સુદામાજીનું દારિદ્રય નાશ પામી જાય છે અને તેમણે ભગવાનને તૃપ્ત કરતા તેમના નસીબમાં ખોવાયેલી સંપત્તિ, સુખ વગેરે પાછું આવે છે. (૨)

સુદામાજીને ભગવાન સિવાય કોઈ પણ પદાર્થની ઈચ્છા ન હતી. આવું શ્રીહરિ સુદામા ચરિત્ર દ્વારા કહેવા માંગે છે.

વચનામૃતમાં શ્રીહરિએ સુદામાને યાદ કર્યા છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :

...અને સત્સંગી સર્વે તો ઉદ્ધવજી, અક્રૂર ... સુદામા જેવા છે.

★ પાદટીપ

(૧) **भक्त चरितांक : कल्याण :** પાના નં. ૧૧૯થી ૧૨૨

(૨) શ્રી જ્ઞાનસ્વરૂપ સ્વામી : જૂનાગઢ ગુરુકુલ, સુદામા ચરિત્ર કેસેટમાંથી.

૧૦૪. વિદુરજી

વિદુરજીનો દાસીપુત્ર તરીકે મહાભારતમાં ઉલ્લેખ છે. માંડવ્ય ઋષિના શાપથી યમરાજાએ દાસીપુત્રના રૂપમાં ધૃતરાષ્ટ્ર અને પાંડુરાજાના ભાઈ વિદુરજી તરીકે જન્મ લીધેલ.

વિદુરજીના જન્મની તથા માંડવ્ય ઋષિના શાપની કથા જાણીએ :

એક સમયે રાજ્યમાં ચોરી થઈ. ચોર લોકો જંગલમાં માંડવ્ય ઋષિના આશ્રમ સુધી આવ્યા. ઋષિ ધ્યાનમાં હોવાથી તેમને કાંઈ ખબર નહતી તેથી ચોરોએ ચોરીનો માલ ઋષિના આશ્રમમાં છુપાવી દીધો અને પોતે આશ્રમમાં સંતાઈ ગયા. આ બાજુ ચોરની તપાસ કરતાં રાજપુરુષોએ ઋષિને ચોર અને ચોરીના માલનું પૂછતા ઋષિ કાંઈ જાણતા ન હોવાથી ના પાડી. તેમ છતાં પગેરૂ ઋષિના આશ્રમ સુધીનું જણાતા આશ્રમમાં તપાસ કરતા ચોર અને ચોરીનો માલ ત્યાંથી મળી આવ્યો. આથી રાજાએ ઋષિને પણ ચોર ગણીને બધાને શૂળી ઉપર ચડાવવાની સજા કરી. આથી શૂળી ઉપર ચોર તો મરી ગયા પણ ઋષિ શૂળી ઉપર જ ધ્યાન અવસ્થામાં બેસી ગયા. આ સમાચાર રાજાને મળતા ઋષિને શૂળી ઉપરથી ઉતાર્યા અને તેમની ક્ષમા માંગી. પણ ઋષિને વગર વાંકે આ દુઃખ ભોગવવું પડ્યું તેથી પોતે ધર્મરાજા પાસે જઈ તેને ઠપકો આપ્યો. ત્યારે ધર્મરાજા કહે, તમે બાલ્યાવસ્થામાં હતા ત્યારે પતંગીયાને આ રીતે શૂળી ભોંકેલ. જેનું પાપ તમારે ભોગવવું પડ્યું. ત્યારે ઋષિ કહે, એ તો મારી બાલ્યકાળની અજ્ઞાન અવસ્થા હતી તેમાં પાપ-પુણ્યનું જ્ઞાન ન હોય. તમે મને મોટી સજા કરી માટે ઋષિએ ધર્મરાજાને દાસીપુત્ર થવાનો શાપ આપ્યો. આથી ધર્મરાજાને શાપના ફળરૂપે દાસીપુત્ર તરીકે જન્મ લેવો પડ્યો. આમ, માતા સત્યવતીની આજ્ઞાથી વેદવ્યાસજીએ નિયોગવિધિથી અંબિકાની દાસીના ગર્ભથી વિદુરને જન્મ ધારણ કરાવ્યો. તેથી વિદુરજી ધર્મરાજાનો અવતાર હતા. (૧)

આ માંડવ્ય ઋષિનો આશ્રમ ગઢડા પાસે આવેલ માંડવધાર ગામમાં આવેલ હતો તેવું કહેવાય છે. ઋષિના નામ ઉપરથી આ ગામ બન્યું હોય તેવી લોકવાયકા છે. વળી આ ગામમાં માંડવ્યઋષિની ગુફા પણ છે. હાલ તે ખંડેર હાલતમાં છે.

(ગામના લોકો પાસેથી આ જાણવા મળ્યું છે.)

યમરાજા ભાગવતાચાર્ય હતા. તેથી તેના રૂપમાં તે વિદુરજી પ્રભુના પરમ ભક્ત તથા ધર્મપરાયણ હતા. તે ધૃતરાષ્ટ્રના મંત્રી હતા તેથી રાજા સદાય ધર્મ અને જાતિનું પાલન કરે તેવા પ્રયત્નમાં રહી તેઓ ધૃતરાષ્ટ્રને કાયમ સાચો ઉપદેશ આપતા. (૨)

જ્યારે જ્યારે ધૃતરાષ્ટ્ર પાંડવોને હેરાન કરવાના ઉપાયો કરતા ત્યારે વિદુરજી તેને સાચી અને ન્યાયી સલાહ આપી તેને વારતા. તેથી એક રીતે ધૃતરાષ્ટ્રને વિદુરજીની સાચી સલાહ ગમતી. વિદુરજી વગર તેઓ અધુરા છે તેમ તે માનતા. આથી દુર્યોધનને વિદુરજી ઉપર રોષ રહેતો. વિદુરજી ન્યાયનો પક્ષ લઈ પાંડવોની તરફેણ કરતા તે દુર્યોધનને ન ગમતું. (૨)

દુર્યોધને પાંડવોને મારી નાખવા માટે લાક્ષાગૃહની રચના કરી ત્યારે વિદુરજીએ યુધિષ્ઠિરને અગાઉથી તેની જાણ કરી અને તેમાંથી બચવાનો ઉપાય પણ વિદુરજીએ જ બતાવેલ. (૨)

વિદુરજી દુર્યોધનના દુષ્કૃત્યોનો કાયમ વિરોધ કરતા. જ્યારે કૌરવોએ ભરી સભામાં દ્રૌપદીનું અપમાન કરવાનો પ્રારંભ કર્યો ત્યારે વિદુરજીએ તેને વારવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ દુર્યોધને જ્યારે વિદુરજીનું પણ અપમાન કરી તેને ચાલ્યા જવાનું કહેતા આખરે વિદુરજીએ સભાત્યાગ કર્યો કહો કે બહિષ્કાર કર્યો. (૨)

પાંડવોના વનવાસ સમયે વિદુરજીએ પાંડવોની તરફેણ કરી ધૃતરાષ્ટ્રને આમ ન કરવા સમજાવ્યા ત્યારે ધૃતરાષ્ટ્ર કહે, તમે સદાય પાંડવોની જ તરફેણ કરો છો માટે તમે પાંડવો સાથે ચાલ્યા જાઓ. આથી વિદુરજી પાંડવો સાથે વનમાં ગયા. વિદુરજીના ગયા બાદ ધૃતરાષ્ટ્રને તેની મહત્તા સમજાઈ આથી તેણે વિદુરજીને પાછા પોતાની રાજ્યસભામાં બોલાવ્યા તે સમયે વિદુરજી કૌરવકુળના હિતાર્થે નિર્માની થઈને પાછા આવ્યા. (૨)

પાંડવોના વનવાસના તેર વર્ષ દરમ્યાન પાંડવોની માતા કુંતા, વિદુરજીના ઘરે જ રોકાયા હતા. (૨)

જ્યારે શ્રીકૃષ્ણ સંધી કરવા પધાર્યા ત્યારે તેઓ દુર્યોધનની આગતા-સ્વાગતાનો ઈન્કાર કરી વિદુરજીના ઘરે વગર આમંત્રણે ગયા અને ત્યાં વિદુર પત્નીનું પ્રેમસભર આતિથ્ય સ્વીકાર્યું. કેળાને બદલે છાલનું ભોજન કર્યું તે પ્રસંગ ખૂબ જાણીતો છે. (૨)

દુર્યોધન સાથેની સંધી મંત્રણા નિષ્ફળ ગઈ ત્યારે શ્રીકૃષ્ણ સભા છોડીને ચાલ્યા થયા ત્યારે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને સમજાવ્યું કે દુર્યોધન જ આ બધા પાપ અને તકલીફોનું મૂળ છે માટે તેનો તમે ત્યાગ કરો અને તેને બાંધીને પાંડવોને હવાલે કરો. આવી સ્પષ્ટ સલાહ સાંભળી દુર્યોધન વિદુરજી ઉપર ખૂબ રોષે ભરાયો અને તેને ખૂબ કઠોર વચન કહ્યા. (૨)

અંતે યુદ્ધનો નિર્ણય થતા. વિદુરજી કોઈનો પક્ષ લેવા માંગતા ન હતા. તેથી તેઓ સાધુવેશ ધારણ કરી તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા. ફળ-ફૂલ ખાઈને તેઓએ છત્રીશ વર્ષ તીર્થોમાં ગાળ્યા. અંતમાં તેમને મથુરામાં ઉદ્ધવજીનો ભેટો થયો. તેમણે વિદુરજીને મહાભારતનું યુદ્ધ, કૌરવકુળનો નાશ, શ્રીકૃષ્ણનું સ્વધામગમન વગેરે વાત કરી તથા શ્રીકૃષ્ણનો સંદેશો તેમને કહ્યો કે, મહર્ષિ મૈત્રેયજી પાસેથી ભગવત્ જ્ઞાન પ્રાપ્ત કરવું. આથી વિદુરજી ઋષિને મળવા હરિદ્વાર ગયા અને બોધ ગ્રહણ કર્યો અને હસ્તિનાપુર પધાર્યા. ત્યાં તેમણે પોતાના મોટા ભાઈ રાજા ધૃતરાષ્ટ્રને આત્મકલ્યાણનો બોધ આપ્યો. આથી રાજાનો તથા ગાંધારીનો મોહ દૂર થઈ ગયો અને તેઓ વિરક્ત બની વનમાં તપસ્યા કરવા જતા રહ્યા. (૨)

આ બાજુ વિદુરજી તો વિરકત હતા જ. તેમણે પણ વનવાસ ગ્રહણ કરી ભગવાનમાં ચિત્ત લગાવી યોગીઓની જેમ સ્વતંત્ર થકા પોતાના ભૌતિક શરીરનો ત્યાગ કર્યો. (૨)

વચનામૃતમાં શ્રીહરિએ વિદુરજીને યાદ કર્યા છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :**

...અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂરજી, વિદુર ... તેવા છે.

★ **પાદટીપ :**

(૧) **ભક્તમાળ (નાભાજીકૃત) :** પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, વર્ષ-૧૯૯૮, પાના નં. ૧૧૮

(૨) **भक्त चरितांक : कल्याण :** પાના નં. ૩૦૬થી ૩૦૭, ગોરખપુર, ગીતા પ્રેસ.

•

૧૦૫. શ્રીરાધિકાજી

રાધિકા એ ભગવાનની શક્તિરૂપ છે. પ્રેમનું પ્રતીક છે. કેટલાક તેને આકારે સહિત કહેતા નથી. ફક્ત કાલ્પનિક પાત્ર છે તેમ કહે છે, પંરતુ બ્રહ્મવૈવર્ત પુરાણ, દેવી ભાગવતમાં રાધાનું વર્ણન મળે છે :

★ સારંગપુરનું ૧૪મું વચનામૃત :

સ્વયંપ્રકાશાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં શ્રીહરિ કહે છે કે, ... અને ગોલોકમાંથી રાધિકાજી પડ્યા તે પણ ભગવાનની જ ઈચ્છા હતી અને પોતાને પણ મનુષ્ય દેહ ધરીને અનંત જીવોનો ઉદ્ધાર કરવો હતો.

આ અંગે એવી કથા છે કે,

મહાદેવ શંકર પાર્વતીજીને કહે છે કે, એક સમયે શ્રીકૃષ્ણ વિરજા નામની સખી સાથે વિહાર કરતા હતા. આ જોઈ રાધિકાજીને ક્ષોભ થયો અને દેવી વિરજા ત્યાંથી નદીરૂપે થઈને ચાલ્યા ગયા. ત્યારે રાધાએ પ્રણયકોપથી શ્રીકૃષ્ણની પાસે જઈને તેમને કઠોર શબ્દો કહ્યા. તે સમયે શ્રીદામાએ તેનો વિરોધ કર્યો. બંને વચ્ચે વઢવેડ થઈ અને રાધિકાએ શ્રીદામાને અસુર બનવાનો શાપ આપ્યો. તો શ્રીદામાએ પણ ગુસ્સે થઈને રાધિકાને માનવરૂપે પૃથ્વી પર જન્મ ધારણ કરવાનો અને શ્રીકૃષ્ણનો વિયોગ થવાનો શાપ આપ્યો. (૨)

આમ, શ્રીદામાના શાપથી રાધા મનુષરૂપે પૃથ્વી પર અવતર્યા. ગોકુલના વૃષભાનું નામે ગોપ એમના પિતા ને કલાવતી રાધાના માતા હતા. રાધાનો જન્મ ભાદ્રપદ માસના શુક્લ પક્ષની અષ્ટમી તિથિએ થયો હતો. આથી એ દિવસ રાધા-જન્માષ્ટમી કહેવાય છે. પૌરાણિક વિભાવના અનુસાર રાધાનો જન્મ માનુષી પ્રક્રિયા દ્વારા નહિ પણ વાયુ દ્વારા અલૌકિક રીતે થયેલ. રાધાને ૧૨ વર્ષ પૂરા થયા ત્યારે પિતા વૃષભાનુએ તેમનો વિવાહ રાયણ વૈશ્ય સાથે કર્યો. પરંતુ રાધાએ ત્યાં પોતાના સ્થાને પોતાની છાયા મૂકી હતી. ને પોતે તો અવિવાહિત જ રહ્યા. રાધાના જન્મ પછી ૧૪ વર્ષે શ્રીકૃષ્ણે મથુરામાં વસુદેવ-દેવકીને ત્યાં જન્મ ધર્યો. બાલકૃષ્ણ

સાથે રાધાનું પ્રથમ મિલન ભાંડીર વનમાં થયું હતું. બ્રહ્માએ ગુપ્ત રીતે રાધા સાથે કૃષ્ણનો વિવાહવિધિ કર્યો. (૩)

નંદ આદિ ગોપોએ ગોકુલથી વૃંદાવન સ્થળાંતર કર્યું ત્યારે વૃષભાનુ પણ સહકુટુંબ એમાં સામેલ થયા. વૃંદાવનમાં વસંતઋતુ બેસતા રાધાકૃષ્ણે મનોહર રાસલીલા ખેલી હતી. (૩)

શ્રીકૃષ્ણ અક્રૂર સાથે વૃંદાવનથી મથુરા જવા તૈયાર થયા ત્યારે કૃષ્ણે રાધાને બોધ આપી વિરહવ્યથા સહન કરવા તૈયાર કરેલા. મામા કંસના વધ બાદ કૃષ્ણ ત્યાં રહ્યા. ત્યારે તેમણે નંદ દ્વારા રાધાને તથા યશોદાને સાંત્વન અપાવેલું. પછી કૃષ્ણે ઉદ્ધવને ગોકુલ-વૃંદાવન મોકલી રાધાની ખબર કઢાવી. ત્યારે રાધાને સાંત્વન આપતા ઉદ્ધવ રાધાની અનન્ય ભક્તિભાવથી પ્રભાવિત થયા હતા. (૩)

શ્રીકૃષ્ણે મથુરા તજી દ્વારિકા વસાવી. રુક્મિણી આદિ અનેક પત્નીઓ સાથે વિવાહ કર્યો. ઉપદ્રવકારીઓનો નાશ કર્યો. આ લાંબા કાળ દરમ્યાન શ્રીદામાના શાપ અનુસાર રાધાએ એકસો વર્ષની ચિરવિરહની વ્યથા વેઠી. શાપનો અવધિ પૂરો થતા સિદ્ધાશ્રમમાં રાધા અને કૃષ્ણનું પુનર્મિલન થયું. રાધાકૃષ્ણે અહીં લાંબો સમય વિહાર કર્યો. કૃષ્ણની આજ્ઞાથી રાધા પણ રથમાં બેસી ગોલોક ગયા. થોડા સમય બાદ શ્રીકૃષ્ણ પણ સ્વધામ પધાર્યા. (૩)

પુરાણોમાં રાધાનો અપાર મહિમા ગાયો છે. રાધાએ શ્રીકૃષ્ણ માટે સમાજની રૂઢિઓનું ઉલ્લંઘન કરેલું. રાધાની ભક્તિ નિમ્બાર્ક, વલ્લભ, રાધાવલ્લભ અને સખી સંપ્રદાય એ વગેરેમાં નિરૂપાઈ છે. કાર્તિકી પૂનમે રાધાની આરાધના કરાય છે. રાધાના નામો, વ્રતો, મંત્રો, ધ્યાન, પૂજા સ્તોત્રો દ્વારા વિગતવાર નિરૂપાયા છે. (૩)

વૃંદાવનમાં રાધા સાથે સંલગ્ન રાધાકુંડ, બરસાના કુંજગલી, માનગલી, બંસીવટ, રાસમંડલ, રમણરેતી, શૃંગારઘાટ, સેવાકુંજ, માન સરોવર જેવા અનેક તીર્થસ્થાનો આવેલા છે. વૃંદાવન આદિ સ્થળોમાં રાધાના અનેક મંદિરો બંધાયા છે. ભક્તિમાં, સાહિત્યમાં, ગીતોમાં, રૂપકોમાં અને મૂર્તિઓમાં રાધાનો મહિમા જોવા મળે છે. (૩)

શ્રીમદ્ ભાગવતમાં રાધાજીનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ રાધિકાજીની દરેક સ્થળોએ હાજરી છે તેવું એક શ્લોક પરથી ફલિત થાય છે.

આ ઈશારો છે :

अनपाऽऽराधितो नूनं भगवान हरिरीश्वर:
यन्नो विहाय गोविन्द: प्रीतो यामनदद्ररह ॥२८॥

— અવશ્ય સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણની આ કોઈ આ રાધિકા હશે. તેથી આના ઉપર પ્રસન્ન થઈને આપણા શ્યામસુંદર આપણને છોડીને આને એકાંતમાં લઈ ગયા છે. આ પ્રસંગ રાસલીલાને લગતો છે કે રાસ વખતે શ્રીકૃષ્ણ એકાએક અદૃશ્ય થઈ જતા. ગોપીઓ તેમને શોધવા મંડે છે ત્યારે એક ગોપી મળતા નથી. આ એક ગોપી એટલે રાધા એવો ઈશારો આ શ્લોક કરે છે. (૫)

વચનામૃતમાં અનેક જગ્યાએ રાધિકાજીની ભક્તિને વખાણી છે. તેમની પ્રેમલક્ષણા ભક્તિનું મિષ લઈને શ્રીહરિએ તેમને બીજા ભક્તો કરતા શ્રેષ્ઠ કહ્યા છે. તો એવી પ્રેમલક્ષણા ભક્તિ વિષે જાણીએ :

ભાગવતમાં રાધિકાજીનો ઉલ્લેખ નથી, પરંતુ ગોપીઓની ભક્તિ સાથે રાધિકાજી આવી જાય છે. શ્રીકૃષ્ણ ગોકુળ છોડી મથુરા જાય છે ત્યારે ગોપીઓનો વિરહ અસહ્ય બને છે. તેમને સાંત્વના આપવા માટે શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને ગોકુળમાં મોકલે છે. ગોપીઓ ક્યાં હશે ? તેવું પૂછતા સ્ત્રીઓ કહે છે કે, આ પાણીનું વહેણ જ્યાંથી આવે છે તે માર્ગે આગળ જાઓ તો તમને ગોપીઓ મળશે. વાસ્તવમાં તે પાણી ન હતું પણ ગોપી અને રાધાના આંસુઓનું વહેણ હતું. ઉદ્ધવજી તે માર્ગે જાય છે ત્યાં ગોપીઓ રડતા હૃદયે એક ભ્રમરને કૃષ્ણનો દૂત સમજી પોતાની વિરહ વેદના કહે છે. ઉદ્ધવજી ઝાડીમાં છુપાઈને આ વાર્તાલાપ સાંભળે છે. આ ગોપીઓ સાથે રાધિકાજી પણ હોય જ તેવું અનુમાન કરી શકાય. ઉદ્ધવજી ગોપીઓના પ્રેમ આગળ પોતાના જ્ઞાનને તુચ્છ સમજીને ગોકુળમાં જ્યાં ગોપીઓની ચરણરજ પડી હોય ત્યાં પોતાને વૃક્ષ વેલીનો અવતાર મળે તેવું માંગે છે. ભાગવતમાં ગોપી અને ભ્રમરની વાત ભ્રમર ગીત તરીકે આવે છે. (૪) કેટલાકના મતે તે વાત રાધિકાજી અને ભ્રમર વચ્ચેની છે તેવું માને છે.

રાધા-કૃષ્ણનું વિરહ બાદનું પ્રથમ મિલન કુરુક્ષેત્રમાં થાય છે. (૪)

ત્યાર સમયની વાત છે કે, રુક્મિણી શ્રીકૃષ્ણના ચરણની સેવા કરતા હોય છે ત્યારે પ્રભુના ચરણ ઉપર ફરફોલા પડી ગયા હોય તેવું લાગ્યું. રુક્મિણીએ આનું કારણ પૂછતા પ્રભુ જણાવે છે કે, જ્યારે રાધાજી મહેલમાં પધાર્યા ત્યારે તેમને ભોજન બાદ દૂધપાન કરાવેલ, પરંતુ તે દૂધ અતિશય ગરમ હતું. રાધાની વૃત્તિ તો સદાય મારા ચરણમાં હોવાથી તેમને દૂધ ગરમ છે કે ઠંડુ તેનો ખ્યાલ ન

હતો અને મને સંભારીને દૂધ પી ગયા, પરંતુ તેના હૃદયમાં મારા ચરણ હોવાથી તે ગરમ દૂધની અસર મને થઈ અને મારા પગે ફરફોલા થઈ ગયા. રાધા અને કૃષ્ણ વચ્ચે કેવી ઐક્યતા હશે ? કે ગરમ દૂધ પીધું રાધાએ અને તેની અસર થઈ શ્રીકૃષ્ણને ! આવી બ્રહ્મમય સ્થિતિ રાધાની હતી. ભક્તિની આ પરાકાષ્ઠા છે. (૪)

ગોપીઓની વ્યથા-વિરહભાવ વગેરેને રાધાની વિરહવ્યથામાં વર્ણવેલ છે તેવું રાધાકિશોરી કે ભાનુનંદિની કે ભાનુકિશોરી નામે ઉલ્લેખ છે. (૪) એટલે ગોપીઓ સાથે રાધા હોય જ તેવું કહેવાનો આશય છે.

રાધાની વિરહવ્યથા, આંસુ, દીનપણું, પ્રેમ વગેરે એક રીતે રાધાની ભક્તિ જ છે. માળા કરવી, પૂજા કરવી, કીર્તનો બોલવા કે ધ્યાન કરવું તે રાધા માટે ભક્તિ નથી. તેને માટે એ આવશ્યક પણ નથી કેમકે શ્રીકૃષ્ણ તરફનો તેનો અમાપ પ્રેમ જ નવધા ભક્તિને પાર પામી જાય તેવો છે. ભગવાનના સુખમાં જ પોતાનું સુખ માનનારી તથા પ્રભુની મરજીમાં પોતાની મરજી માનનારી રાધા પ્રેમનું પરમતત્ત્વ છે. રાધાને શ્રીકૃષ્ણ કહેલ કે, તારા સ્વપ્નમાં હું રોજ આવીશ. ત્યારે રાધા કહે છે કે, એમના વિરહમાં ઉંઘ જ વેરણ બની ગઈ છે તો ઉંઘ આવે તો સ્વપ્ન આવે ને ? મને તો દરેક જગ્યાએ શ્રીકૃષ્ણનું જ દર્શન થાય છે. રાધાની દરેક ચેષ્ટા પ્રભુ માટે છે, તેમનું જીવન પ્રભુમય છે.

જ્યાં પ્રેમ હોય ત્યાં હક્ક સ્થાપિત થવાનો. **આવો એક પ્રસંગ છે :** શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ લેતા હતા. તે સમયે રાધિકાજીને પોતાને એવો ભાવ થયો કે, શ્રીકૃષ્ણ મારા પર કેવા આસક્ત છે ? મારા જેવું કોઈ નહિ. રાધાનો આવો ભાવ શ્રીકૃષ્ણના જાણમાં આવ્યો અને પ્રભુ રાસલીલા મૂકીને અચાનક અદૃશ્ય થઈ ગયા. ગોપી તથા રાધા શ્રીકૃષ્ણનો પોકાર કરવા લાગ્યા. અનેક વિનંતીઓ બાદ શ્રીકૃષ્ણ ફરી પ્રગટ થયા. (૪) આમ, ભક્તના હૃદયમાં જરાક પણ અભિમાન આવે તો ગર્વગંજન પ્રભુના ગમતામાં નથી. આમ દર્શાવવા પ્રભુએ આવું ચરિત્ર કર્યું.

વચનામૃતમાં શ્રીહરિ રાધિકાજીને અનેક જગ્યાએ યાદ કર્યા છે :

★ **ગઢડા પ્રથમનું પાંચમું વચનામૃત :**

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું.

★ **ગઢડા પ્રથમનું ૫૬મું વચનામૃત :**

...અને ગોલોકાદિક જે ધામ છે તેને વિષે તો રાધિકા લક્ષ્મી આદિક જે પોતાના ભક્ત છે તેમણે નિરંતર સેવ્યા એવા એ ભગવાન છે.

★ **સારંગપુરનું બીજું વચનામૃત :**

...અને વળી એમ કહેવું જે, જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિદ્ધ દશાને પામીશ... અને લક્ષ્મી કે રાધિકા જેવો ભક્ત થવા ઇચ્છીશ તો તેવો થઈશ.

★ **કારિયાણીનું ૧૦મું વચનામૃત :**

...એ તપને વિષે પણ રાધિકાજી તથા લક્ષ્મીજી ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભાવ રાખે છે તેવો ભાવ રાખવો.

...અને રાધિકાજી તથા લક્ષ્મીજી તેની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભજવા એ અમારો સિદ્ધાંત છે.

★ **લોયાનું ૧૮મું વચનામૃત :**

....માટે જેને ભગવાનનો નિશ્ચય હોય તે તો એમ સમજે જે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ ધામનાં જે ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદ તેણે સહિત એ ભગવાન છે અને એમની સેવાના કરતલ તો રાધિકા, લક્ષ્મી આદિક છે.

★ **ગઢડા મધ્યનું ૩જું વચનામૃત :**

...જ્યારે ભગવાનનું વર્ણન કરે ત્યારે ભગવાન ભેળું રાધિકાજી તથા લક્ષ્મીજી તથા તેની સખીઓ તેનું પણ વર્ણન આવે.

....અને રાધિકાજી-લક્ષ્મીજી તેના જેવું ત્રિલોકીમાં કોઈ સ્ત્રીનું રૂપ હોય નહિ.

★ **ગઢડા મધ્યનું ૧૯મું વચનામૃત :**

...શ્રીકૃષ્ણ નારાયણને વિષે નારદના જેવી દૃઢ ભક્તિ થશે અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે.

★ **ગઢડા મધ્યનું ૨૬મું વચનામૃત :**

જેમ રાધિકાજી ઘણાં મોટા હતા અને ભગવાનને વિષે પ્રેમ પણ અતિશય હતો પણ જ્યારે પોતામાં ગુણ માન્યો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અવગુણ માન્યો... પોતાના પ્રેમમાં તમો ગુણનો ભાવ આવ્યો પછી શ્રીકૃષ્ણ

ભગવાન તથા શ્રીદામા સાથે વઢવેડ કરી.

★ **વડતાલનું ૧૮મું વચનામૃત :**

ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે. તે દ્વિભુજ છે ને કોટિ કોટિ સૂર્ય સરખા પ્રકાશમાન છે ને શ્યામસુંદર છે, ને રાધિકાજીને લક્ષ્મીજીએ સહિત છે.

★ **ગઢડા અંત્યનું ૩૯મું વચનામૃત :**

...એ ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ ... નવ યોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તકે ચઢાવે છે.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૮ પાના નં. ૭૬૧૨
(૨) **સંક્ષિપ્ત બ્રહ્મવૈવર્ત પુરાણ :** કલ્યાણ પાના નં. ૨૧૧
(૩) **ગુજરાતી વિશ્વકોષ :** ભાગ-૧૭ પાના નં. ૫૮૯
(૪) **નારી અંક : કલ્યાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૫૨૧થી ૫૪૮
(૫) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ ૧૦ અધ્યાય ૩૦ શ્લોક : ૨૮, ગીતા પ્રેસ, ગોરખપુર

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित्
क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥

(शिक्षापत्री श्लोक नं. (१११)

●

૧૦૯. રુક્મિણીજી

વચનામૃત ગઢડા પ્રથમના ૬૩માં શ્રીહરિ કહે છે કે જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મિણી જેવી છે.

વિદર્ભ દેશ એટલે હાલના મહારાષ્ટ્રનાં અમુક ભાગને વિદર્ભ કહે છે. (૧)

વિદર્ભ દેશાધિપતિ ભીષ્મક રાજાને લક્ષ્મીના અંશાવતાર રૂપે રુક્મિણી થયેલા. તે શ્રીકૃષ્ણના પટ્ટરાણી હતા. (૧)

શ્રીકૃષ્ણના રૂપ, ગુણ અને સામર્થ્યનું વર્ણન સાંભળીને રુક્મિણીને તેમના ઉપર મોહ થયો, પરંતુ તેના મોટા ભાઈ રુકમીને આ સંબંધ રૂચ્યો નહિ. કેમકે તેને સ્વભાવિક રીતે શ્રીકૃષ્ણ પર દ્વૈષ હતો. કેમકે રુકમીને જરાસંઘ, શિશુપાલ, દુર્યોધન સાથે મિત્રતા હતી. (૧)

રુક્મિણીએ પોતાના મનની વાત તેની સખી દ્વારા તેના માતાને કહી. માતાએ તેના પતિ ભીષ્મકને આ વાત જણાવી. તેમણે રુક્મિણીનો હાથ ગ્રહણ કરવાનો પ્રસ્તાવ શ્રીકૃષ્ણને મોકલ્યો પણ હતો. પરંતુ ભાઈ રુકમીએ પિતાના પ્રસ્તાવનો વિરોધ કર્યો. તેણે પોતાની બહેનનો વિવાહ પોતાના મિત્ર શિશુપાલ સાથે કરવાનો વિચાર કરી લગ્નની તૈયારીઓ કરવા માંડી. રુકમી કર્તાહર્તા હોવાથી તેના પિતાનું તેની આગળ કશું ચાલતું ન હતું. (૧)

આથી રુક્મિણીએ એક બ્રાહ્મણ દ્વારા શ્રીકૃષ્ણને દ્વારિકા સંદેશો મોકલાવ્યો અને પોતાને સ્વયંવર વિના અહીંથી અપહરણ કરી લઈ જવા આગ્રહ કર્યો. જો આમ નહીં કરો તો અનશન કરીને પ્રાણ ત્યાગ કરી દઈશ. આવી રીતે અનેક જન્મો સુધી તપસ્યા કરીશ અને તમને મેળવીને જ રહીશ. (૧)

આવો સંદેશો મળતા શ્રીકૃષ્ણ કુંદિનપુર ગયા. ભાઈ બલરામને ખબર પડતા તે પણ તેની પાછળ પાછળ ગયા. ત્યાં શિશુપાલ અને અન્ય રાજાઓને હરાવીને તેઓ રુક્મિણીનું હરણ કરી લાવ્યા. રુકમી સાથે યુદ્ધ કરતી વખતે શ્રીકૃષ્ણ તેનો વધ કરવાના હતા, પરંતુ તે સમયે રુક્મિણીએ હાથ જોડી શ્રીકૃષ્ણને તેમ કરતા

અટકાવ્યા. શ્રીકૃષ્ણે તેને જીવનદાન આપ્યું, પરંતુ રુકમીનું માનભંગ કરવા તેની અડધી દાઢી અને અડધી મૂછ ખડગથી કાપી તેને જવા દીધો. મોત કરતા પણ આવું અપમાન તેને અસહ્ય થઈ પડ્યું. (૧)

આ બાજુ રુકમીએ પ્રતિજ્ઞા કરી હતી કે તેઓ શ્રીકૃષ્ણને માર્યા વિના અને બહેનને લીધા વિના સ્વગૃહે પરત નહીં આવે. હવે તે શ્રીકૃષ્ણને હરાવી શક્યા નહિ તેથી પોતાની પ્રતિજ્ઞા રાખવા માટે કુંદિનપુરમાં નહી જતા તે ભોજકટ નામનું નગર વસાવીને ત્યાં રહ્યા.

રુક્મિણીને શ્રીકૃષ્ણથી પ્રદ્યુમ્ન, ચારૂદેષ્ણ, સુદષ્ણ, ચારૂદેહ, સુશેણ, ચારુગુપ્ત, ભદ્રચારુ, ચારુવિંદ, સુચારુ અને ચારૂ એમ દશ પુત્રો અને ચારૂમતી નામની એક કન્યા થઈ.

શ્રીકૃષ્ણની બધી રાણીઓમાં તે પટ્ટરાણી હતા. શ્રીકૃષ્ણ નિજધામ ગયા ત્યારે તેમણે શ્રીકૃષ્ણના દેહ સાથે સહગમન કર્યું.

વચનામૃતમાં શ્રીહરિએ રુક્મિણીને યાદ કર્યા છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :

...અને જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી... રુક્મિણી એવી છે.

★ વચનામૃત લોયાનું ૧૮મું :

...અને શ્રીકૃષ્ણ ભગવાને રુક્મિણીને મૂર્ચ્છા આવી ત્યારે પણ ચતુર્ભુજ રૂપે દર્શન દીધું.

આની કથા **શ્રીમદ્ ભાગવત**ના ૧૦મા સ્કંધના ૬૦માં અધ્યાયમાં આપેલી છે :

એકવાર શ્રીકૃષ્ણ રુક્મિણી સાથે અંતઃપુરમાં ગોષ્ટિ કરી રહ્યા હતા. તે સમયે પ્રભુએ મજાકના ભાવમાં રુક્મિણીને કહ્યું કે, હું તો આહિર ગોવાળીયો છું. તમારી સાથે લગ્ન કર્યા, પરંતુ તમને હું યથાયોગ્ય સુખ આપી શકતો નથી. તેને બદલે તમે કોઈ ધનવાન રાજા સાથે લગ્ન કર્યા હોત તો તમે વધુ સુખમાં દિવસો પસાર કરી શકત.આ શબ્દો સાંભળી રુક્મિણીને થયું કે પ્રભુ મારો ત્યાગ કરી રહ્યા છે. આ વિચારથી તેઓ અત્યંત ઉદાસ થઈ મૂર્છિત થઈ ગયા. આ જોઈ શ્રીકૃષ્ણ પણ ગભરાઈ ગયા. તેઓએ રાણીને જગાડવા પ્રયત્નો કર્યા પણ જાગૃત ન થતા આખરે શ્રીકૃષ્ણે રાણીને તેમની મૂર્છિત અવસ્થામાં પોતાના ચતુર્ભૂજ સ્વરૂપના દર્શન કરાવ્યા. ત્યારે રાણીને થયું કે, આ શ્રીકૃષ્ણ સામાન્ય ગોવાળીયા નથી, પરંતુ સાક્ષાત્

પ્રભુ છે. જે મને પતિરૂપે મળ્યા છે. આ તો મારો પ્રેમ ચકાસવા પ્રભુ બોલતા લાગે છે. આવું લાગતા રુક્મિણી તુરત ભાનમાં આવ્યા અને પ્રભુની સ્તુતિ કરી.

આ વાતનો સંદર્ભ **શ્રીમદ્ ભાગવત સુધા (રમેશભાઈ ઓઝા કથિત)**માં કૃષ્ણનો વિનોદ શીર્ષક હેઠળ આ જ સ્કંધ અને અધ્યાયમાં દર્શાવેલ છે.

બાઈઓ હરિભક્તને શ્રીહરિએ રુક્મિણી જેવીની ઉપમા આપી છે તો રુક્મિણીજીના ગુણ વિષે જાણીએ :

ભગવાન શ્રીકૃષ્ણના ફક્ત ગુણ સાંભળીને જ રુક્મિણીજીને એવી પ્રતીતિ થઈ કે, આવા ગુણવાણા મનુષ્ય કોઈ સામાન્ય મનુષ્ય ન હોય. આ ઈશ્વરીય અવતાર છે. વળી શ્રીકૃષ્ણના ગુણો સાંભળતા તેના અંતરના સર્વે તાપ શમી ગયા અને તેમને મનોમન વરી ચૂક્યા અને તેમના પત્ની થવાનો સંકલ્પ કર્યો. તેમણે માન્યું કે શ્રીકૃષ્ણના આવા ગુણ છે તો પોતે રૂપનિધાન પણ તેવા જ હશે. તેમનું દર્શન ચારે પુરુષાર્થની સિદ્ધિ અપાવનારું છે. તેમને અંતર્યામી જાણી શ્રીકૃષ્ણને પોતાને વરવાની પ્રાર્થના કરી.

વળી શ્રીકૃષ્ણના પાણીગ્રહણ બાદ જ્યારે બંને અંતઃપુરમાં બેઠા હતા ત્યારે શ્રીકૃષ્ણ રુક્મિણીજી સાથે વિનોદ કરતા હતા કે, તમે રૂપ લાવણ્યથી સભર છો. મારા કરતાંય કેટલાય રૂપ ઐશ્વર્યવાળા રાજાઓ તમને વરવા આતુર હતા. જો તમે તેમને વર્યા હોત તો ખૂબ સુખ-સમૃદ્ધિ પામત. આવું સાંભળતા જ રુક્મિણીજીને આંચકો લાગ્યો કે, પ્રભુ મારો ત્યાગ કરવા ઈચ્છે છે. મારી સેવા અંગીકાર કરવા ઈચ્છતા નથી. આમ, વિચારતા જ રુક્મિણીને અત્યંત દુઃખ થયું ને મૂર્છિત થઈ ગયા. એક આર્યનારીમાં પોતાના પતિ તરફ આનાથી વિશેષ પ્રેમ-ગુણ શું હોઈ શકે ? રુક્મિણી આવા દૈવીગુણ-સંપન્ન હોવાથી શ્રીહરિએ ભક્ત-બહેનોને રુક્મિણીજી જેવાની ઉપમા આપી છે. આમ, રુક્મિણીજી પતિવ્રતાના અંગવાળા હતા.

★ વચનામૃત પંચાળાનું ૧લું :

...જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રુક્મિણી, જાંબવતી આદિક ભગવાનની પટ્ટરાણીઓ છે.

★ વચનામૃત પંચાળાનું ૭મું :

...જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મિણી આદિક હતી તો એ ભગવાનના દેહને લઈને બળી મરી.

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૩મું :

...તે જેમ શ્રીકૃષ્ણની મૂર્તિને ખોળામાં લઈને રુક્મિણીજી બળી મૂવા...

શ્રીકૃષ્ણના સ્વધામ ગમનની કથા એવી છે કે,

પ્રભુ પોતાની જીવનલીલા સંકેલવાનો સંકલ્પ કરે છે તે પહેલા ઉદ્ધવજીને બ્રહ્મવિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન આપીને તેમને બદ્રિકાશ્રમ મોકલી દે છે. ત્યારબાદ યાદવકુળનો સંહાર જોયા બાદ પોતે પ્રભાસક્ષેત્રમાં આવે છે. બલરામજી સમુદ્ર કાંઠે બેસી પરમાત્માનું ચિંતન કરતા પરમધામમાં ગયા. શ્રીકૃષ્ણ પોતે પીપળાના વૃક્ષ નીચે ... આસન વાળીને બેઠા. તે સમયે પોતાની ઈચ્છાથી જરા નામના પારધીના બાણથી પ્રભુ વિંધાયા અને સ્વધામ ગયા. ત્યારબાદ પ્રભુની રુક્મિણીઆદિ પટ્ટરાણીઓ પ્રભુના દેહને પોતાના ખોળામાં લઈ અગ્નિમાં પ્રવેશી ગઈ. (૧)

★ વચનામૃત ગઢડા મધ્યનું ૧૯મું :

...માટે ભગવાનને વિષે સીતા ને રુક્મિણીના જેવી ભક્તિ કરવી.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...તથા દ્વારિકાપુરીમાં વસ્યા ને રુક્મિણી આદિક પટ્ટરાણીઓને પરણ્યા.

★ પાદટીપ :

(૧) **नारी अंक : कल्याण :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૫૪૮થી ૫૫૨નો સારાંશ.

(૨) **શ્રીમદ્ ભાગવત.** ગીતા પ્રેસ, ગોરખપુર, સ્કંધ-૧૦, અધ્યાય : ૫૨ તથા અધ્યાય : ૬૦ શ્લોક : ૨૬મો.

●

૧૦૭. જાંબવતી

બુદ્ધિવાળાનું અને વિચારને પામ્યાના **પંચાળાના ૧લા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, જેમ શાસ્ત્રમાં પાંચ પાંડવ, દ્રૌપદી, સત્યભામા, જાંબવતી વગેરે ભક્તોના રૂપ તથા ગુણ શાસ્ત્રમાં લખ્યા છે. તેમના વચનને શ્રવણે કરીને ભક્તોના રૂપ-ગુણનું પ્રમાણ થાય છે.

તો, **પ્રભુની પટ્ટરાણીઓમાં જાંબવતી વિષે જાણીએ :**

રામાવતારના શ્રીરામના પરમ ભક્ત અને શૂરવીર યોદ્ધા એટલે જાંબુવાન. તે મહાચતુર અને યુદ્ધકળામાં નિપુણ અને પ્રખર લડવૈયા હતા. રાવણ સાથેના યુદ્ધમાં તેમણે ભાગ લીધેલ. તે સમયે શ્રીરામનું અથાક બાહુબળ જોઈને તેમને મનમાં એવો વિચાર થયેલો કે, મારે પણ એકવાર પ્રભુ સાથે દ્વન્દ્વ યુદ્ધ ખેલવું છે, પણ રામાવતારમાં એ સંકલ્પ પૂરો ન થયો. (૧)

કૃષ્ણાવતારમાં સત્રાજીત રાજા પાસે સ્યમંતકમણિ હતો. તેની માંગણી શ્રીકૃષ્ણે કરેલી પણ રાજાએ તે ન આપ્યો. રાજાના ભાઈ એ મણિ ગળામાં પહેરી શિકારે જતા સિંહ દ્વારા તે મરાયા અને તે મણિ સિંહ લઈ ગયો. સિંહને મારીને તે મણિ જાંબુવાન લઈ ગયા ને ગુફામાં રાખ્યો. સત્રાજીતના ભાઈ પ્રસેન શિકાર કરતા મરાયો તો તેને શ્રીકૃષ્ણે મારીને તેની પાસેથી મણિ ચોરી લીધો છે તેવું આળ શ્રીકૃષ્ણ ઉપર આવ્યું. આથી તે મણીને શોધવા માટે તેઓ જંગલમાં ગયા અને શોધતા શોધતા આ ગુફા ઉપર આવ્યા. ત્યાં જાંબુવાન હતા. શ્રીકૃષ્ણે મણીની માંગણી કરતા બંને વચ્ચે યુદ્ધ થયું. બંને એકબીજા પર મુષ્ટિના પ્રહાર કરવા લાગ્યા. જાંબુવાન પણ મહા બળવાન હતા. બંને વચ્ચે ૨૮ દિવસ સુધી દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું. અંતે જાંબુવાન થાકી ગયા. અચાનક તેનું ધ્યાન પ્રભુના વક્ષઃસ્થળ પર ગયું. જ્યાં ભૃગુઋષિનું નિશાન હતું. આ જોઈ તે ચમક્યા કે આ નિશાન તો ભગવાનના વક્ષઃસ્થળ ઉપર જ હોય. રામચંદ્ર

પ્રભુ જેવા બાહુ અને નેત્રો જોઈને તેમને પ્રતીતિ થઈ કે, નક્કી આ ભગવાન છે. પોતે પ્રભુના પગમાં પડી ગયા અને રડતા રડતા માફી માંગી અને પ્રભુનું પ્રયોજન જાણ્યું. પ્રભુને પ્રસન્ન કરવા તેમણે પોતાની સ્વરૂપવાન પુત્રી જાંબવતી તેમની સેવામાં સોંપી અને સાથે મણિ પણ આપ્યો. (૧)

દ્વારિકા જઈ શ્રીકૃષ્ણે જાંબવતી સાથે વિધિવત્ લગ્ન કર્યાં. સંતાન પ્રાપ્તિ માટે બંનેએ મહાદેવનું તપ કરી પુત્ર પ્રાપ્તિના વરદાન મેળવ્યા. આથી સ્વયં કામદેવ તેમના પુત્રરૂપે અવતર્યાં. તેઓ અતિશય રૂપાળા હતા. તેમનું નામ સાંબ પડ્યું. તેઓ પ્રદ્યુમ્ન કરતા રૂપાળા અને અદ્વિતીય યોદ્ધા હતા. (૧)

જાંબવતીને આ સિવાય ૯ પુત્રો હતા : સુમિત્ર, શતજીત, સહસ્રજીત, વિજય, ચિત્રકેતુ, વસુમાન, દ્રવિડ અને કતુ. જાંબવતી શ્રીકૃષ્ણને અતિપ્રિય હતા. છતાં તેઓ પોતાને શ્રીકૃષ્ણની દાસી સમજી વર્તતા અને સેવા કરતા. પોતાના રૂપ અને ગુણનું અભિમાન ન રાખતા. (૧)

★ **પાદટીપ :**

(૧) **नारी अंक :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૨, વિશેષાંક. પાના નં. ૫૫૫થી ૫૫૬

●

૧૦૮. સત્યભામા

બુદ્ધિવાળાનું અને વિચારને પામ્યાના **પંચાળાના ૧લા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, જેમ શાસ્ત્રમાં પાંચ પાંડવ, દ્રૌપદી... સત્યભામા આદિક ભગવાનની પટ્ટરાણીઓ ઈત્યાદિ ભક્તોના રૂપ તથા ગુણ શાસ્ત્રમાં લખ્યા છે તે વચનને શ્રવણે કરીને ભક્તોના રૂપ-ગુણનું પ્રમાણ થાય છે.

તેમાં **સત્યભામા વિષે જાણીએ.**

સત્રાજીત રાજાએ સૂર્યનારાયણ દેવની ઉપાસના કરીને વરદાન રૂપે સ્યમન્તક મણિ મેળવેલો. જે મણિ સૂર્યની જેમ તેજસ્વી હતો. જે મણિ રોજ આઠ ભાર સોનું આપતો હતો. આ મણિ પહેરી સત્રાજીત દ્વારિકામાં આવ્યા ત્યારે તેને કોઈ ઓળખી ન શક્યા ભગવાન શ્રીકૃષ્ણે આ મણિ ઉગ્રસેનને આપવા કહેલ પણ રાજાએ કૃષ્ણનું વચન ન માન્યું. (૧)

સત્રાજીતનો ભાઈ પ્રસેન એકવાર આ મણિ ગળામાં પહેરી શિકાર કરવા ગયો. ત્યાં સિંહે તેને મારીને આ મણિ છીનવી લીધો. તે સમયે જાંબુવાન ત્યાં આવ્યા અને તેણે સિંહને મારીને આ મણિ લઈ લીધો અને પોતાની ગુફામાં ચાલ્યા ગયા. (૧)

આ બાજુ પ્રસેન નગરમાં પાછા ન ફરતા તેની તપાસ કરતા તેના અવશેષો જંગલમાંથી મળ્યા એટલે સત્રાજીતને થયું કે, મેં મણિ શ્રકૃષ્ણને ન આપ્યો એટલે તેમણે મારા ભાઈને મારીને મણિ લઈ લીધો. આવો ખોટો આરોપ શ્રીકૃષ્ણ ઉપર આવતા તેઓ પોતાના મુખ્ય યદુવંશીઓને લઈને જંગલમાં પ્રસેનની તપાસ કરવા ગયા. તપાસ કરતા તેમણે સિંહને મરેલો જોયો અને પગલાં ગુફામાં જતા જોયા એટલે થયું કે આ મણિ લઈને કોઈ ગુફામાં ગયું છે. શ્રીકૃષ્ણ ગુફામાં એકલા ગયા. ત્યાં બાળકો મણિને લઈને રમતા હતા. એવામાં જાંબુવાન ત્યાં આવ્યા અને શ્રીકૃષ્ણ સાથે દ્વંદ્વયુદ્ધ કર્યું. ૨૮ દિવસ સુધી યુદ્ધ ચાલ્યું. જાંબુવાન યુદ્ધમાં થાકી

ગયા. એને થયું કે મને હરાવે તેવા તો એક ભગવાન છે. તેને શ્રીકૃષ્ણની ઓળખ થઈ અને પોતે શરમિંદા બની તેની માફી માંગી અને પોતાની સ્વરૂપવાન પુત્રી જાંબુવતી શ્રીકૃષ્ણ સાથે પરણાવી. મણિ લઈને શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા અને તે સત્રાજીતને સોંપ્યો. પોતે શ્રીકૃષ્ણ ઉપર ખોટું કલંક લગાડ્યું તેનો તેને ખૂબ પસ્તાવો થયો. તેણે માફી માંગી અને શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા તેણે પોતાની પુત્રી સત્યભામા શ્રીકૃષ્ણ સાથે પરણાવી. સત્યભામા ખૂબ ગુણવાન, સ્વરૂપવાન અને સદ્‌ગુણ સંપન્ન હતા. તે સાથે તેણે મણિ પણ શ્રીકૃષ્ણને આપ્યો, પરંતુ શ્રીકૃષ્ણે કહ્યું કે, તમે સૂર્યનારાયણના ભક્ત છો તેથી તે મણિ તમારી પાસે રાખો. અમને તેમાંથી પ્રાપ્ત થતું સોનું આપ્યે રાખજો. (૧)

શ્રીકૃષ્ણ હસ્તિનાપુર ગયા. તેથી દ્વારકામાં અક્રૂર અને કૃતવર્માને અવસર મળી ગયો. તેણે શતધન્વાને મણિ લેવા ઉશ્કેર્યો. આથી તેણે સત્રાજીતને મારીને તે મણિ પોતાની પાસે લઈ લીધો. પિતાશ્રીનું મૃત્યુ થવાથી સત્યભામા તેના દેહને લઈને હસ્તિનાપુર ગયા. ત્યાં શ્રીકૃષ્ણને વાત કરી. શ્રીકૃષ્ણે તેને આશ્વાસન આપ્યું. દ્વારિકા આવીને તેમણે શતધન્વાને મારીને મણિ લેવા પ્રયત્નો કર્યા. આ વાતની તેને ખબર પડતા તે ગભરાયો અને મણિ અક્રૂરજીને સોંપીને ભાગી ગયો. પરંતુ શ્રીકૃષ્ણે તેનો પીછો કરી શતધન્વાને મારી નાખ્યો. પરંતુ મણિ તેની પાસેથી ન નીકળ્યો. આખરે તેમણે અક્રૂરજીને બોલાવી મીઠા શબ્દોથી નવાજી મણિ બાબતે પૂછ્યું અને કહ્યું કે, તમે મણિ આ યાદવોને દેખાડો જેથી મારા ઉપર લાગેલું કલંક દૂર થાય. આથી અક્રૂરજીએ તે મણિ બધાને બતાવ્યો અને શ્રીકૃષ્ણ ઉપર લાગેલો ચોરીનો આક્ષેપ દૂર થયો.

એકવાર નારદજીએ કલ્પવૃક્ષના ફૂલ શ્રીકૃષ્ણને આપ્યા. પ્રભુએ તે ફૂલ રુક્મિણીની વેણીમાં લગાવી દીધા. આ ફૂલ સત્યભામાને ન મળતા તે રિસાઈ ગયા ત્યારે શ્રીકૃષ્ણે તેને તે ફૂલ લાવી દેવાનું વચન આપ્યું. (૨)

વરાહ અવતારમાં વરાહના સ્પર્શથી પૃથ્વીને એક પુત્ર થયો. વરાહ ભગવાને વરદાન આપ્યું કે, આ પુત્ર અજય થશે અને તેનું મોત તો જ થશે જો સત્યભામા શ્રીકૃષ્ણને કહે કે, આને મારો. તો જ તે મરશે. આ ભૂમિપુત્રનું નામ નરકાસુર પડ્યું. તેણે દિતિના કુંડળ અને વરુણનું છત્ર છીનવી લીધું. અને

દેવતાઓના ક્રીડા પર્વત ઉપર અધિકાર જમાવીને બેસી ગયો. ઈન્દ્રરાજાએ આ અસુરને મારવા માટે પ્રભુને વિનંતી કરી. આથી પ્રભુ અસુરને મારવા માટે સત્યભામા સાથે ગરૂડ ઉપર બેસીને આવ્યા. બંને વચ્ચે યુદ્ધ થયું. નરકાસુરે બાણ મારીને પ્રભુના ધનુષ્યને નીચે પાડી દીધું અને તેમનો મુગટ ત્રાંસો થઈ ગયો. આ જોઈ સત્યભામા ગભરાઈ ગયા અને બોલ્યા કે, આ અસુરને જલદી મારો ને ? મને બીક લાગે છે. બસ ! આ જ વેણની અપેક્ષા હતી. પ્રભુએ ચક્ર છોડ્યું અને નરકાસુર મરાયો.

જતાં જતાં પ્રભુએ કલ્પવૃક્ષ તોડીને ગરૂડની પીઠ પર રાખી દીધું અને સત્યભામાના આંગણામાં રોપી દીધું.

સત્યભામાના દસ પુત્રો : ભાનુ, સુભાનુ, સ્વભાનુ, પ્રભાજી, ભાનુ ભાનુ, ચંદ્રભાનુ, બૃહદભાનુ, અતિભાનુ, શ્રીભાનુ અને પ્રતિભાનુ હતા. (૨)

★ **પાદટીપ :**

(૧) શ્રીમદ્ ભાગવત મહાપુરાણ : ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૧૦, અધ્યાય : ૫૬ અને ૫૭

(૨) **नारी अंक :** ગીતા પ્રેસ, ગોરખપુર. વર્ષ-૨૨, વિશેષાંક. પાના નં. ૫૫૪

●

૧૦૯. કંસ

મથુરાના રાજા ઉગ્રસેનનો સૌથી મોટો પુત્ર તે કંસ. તેને આઠ ભાઈઓ હતા. શ્રીકૃષ્ણના તે મામા થતા હતા. તે કાળનેમી નામના રાક્ષસના અંશથી જન્મ્યો હોવાથી ક્રુર અને નિર્દય હતો. કંસની માતા પવનરેખા એકવાર પોતાની સહેલીઓ સાથે વનમાં વિહાર કરતા બધાથી છૂટી પડી ગઈ. તેવામાં, દ્રુમલિક રાક્ષસે તેને એકલી ભાળીને તેના પતિ ઉગ્રસેનનું રૂપ લઈ તેની સાથે દુર્વ્યવહાર કર્યો. આથી પવનરેખાને ગર્ભ રહ્યો તે કંસ. કંસ ખૂબ દુષ્ટ બુદ્ધિનો હતો. પ્રજાને પીડતો. તે એટલો બળવાન હતો કે જરાસંઘને તેણે માત્ર આઠ વર્ષની ઉંમરે કુસ્તિમાં હરાવેલ. આથી જરાસંઘે પોતાની બે પુત્રી અસ્તિ અને પ્રાપ્તિ કંસ સાથે પરણાવી. કંસે પોતાના કાકા દેવકરાજાની પુત્રી દેવકીને મોટી કરી અને વસુદેવ સાથે પરણાવી. દેવકી ઉપર તેને ખૂબ પ્રેમ હતો તેથી જાનને વળાવતી વખતે દેવકી વસુદેવના રથનો સારથિ કંસ પોતે બન્યો. આથી લોકો ધન્ય ધન્ય કહેવા લાગ્યા કે, ભાઈ હોય તો કંસ જેવો. પરંતુ તેવામાં અચાનક આકાશવાણી થઈ કે, હે કંસ ! તારી બેન દેવકીનું આઠમું સંતાન તારો કાળ બનશે. આથી કંસ રોષે ભરાઈને દેવકીને મારી નાખવા તૈયાર થયો ત્યારે વસુદેવે તેને સમજાવ્યો કે દેવકીના બધા સંતાન જન્મતા વેંત તમને સુપરત કરી દેવાશે. આમ છતાં કંસે બહેન-બનેવીને જેલમાં નજરકેદ કર્યા. કંસના પિતા ઉગ્રસેને આનો વિરોધ કરતા કંસે તેને પણ જેલમાં પૂર્યા. કંસે દેવકીના છ પુત્રોને મારી નાખ્યા. સાતમા ગર્ભને દેવમાયાએ દેવકીના ગર્ભમાંથી લઈને વસુદેવની બીજી સ્ત્રી રોહિણી જે ગોકુળમાં રહેતી હતી તેના ઉદરમાં મૂકી દીધો. આઠમા બાળકને વસુદેવે સુરક્ષિત રીતે ગોકુળમાં નંદરાજાના ઘરે પહોંચાડ્યું અને ત્યાં જન્મેલી કન્યાને વસુદેવ જેલમાં લાવ્યા. આ કન્યાને કંસ મારી નાખવા પથ્થર ઉપર પછાડવા ગયો ત્યાં તે હાથમાંથી છૂટીને અદશ્ય થઈ ગઈ. પણ જતાં જતાં બોલી કે તારો કાળ અને દેવકીનું આઠમું સંતાન

પ્રગટ થઈ ચૂક્યું છે અને ગોકુળમાં છે. આથી કંસે તેને મારી નાખવા માટે પોતાના રાક્ષસ અનુચરોને મોકલ્યા પણ તે દરેકને શ્રીકૃષ્ણે મારી નાખ્યા. કંસનો રોષ વધતો જતો હતો. પોતાના મોકલેલા બકાસુર, અઘાસુર વગેરેને શ્રીકૃષ્ણે મારી નાખ્યા. આથી કૃષ્ણને મારી નાખવા માટે તેણે યુક્તિ કરી. મથુરામાં ધનુષ્યયાગ અને કુસ્તીના બહાને તેણે કૃષ્ણ બલરામને બોલાવવા અક્રૂરજીને મોકલ્યા. આથી શ્રીકૃષ્ણ મથુરામાં આવ્યા અને કુસ્તીમાં પોતાને મારવા મોકલેલ મહા બળવાન મલ્લ ચાણુર અને મુષ્ટિકને શ્રીકૃષ્ણે મારી નાખ્યા. છેલ્લે તેમણે મામા કંસને મારી નાખ્યો. આમ, શ્રીકૃષ્ણે મથુરા નગરીને કંસના ત્રાસમાંથી મુક્ત કરી.

શ્રીકૃષ્ણ સર્વે યાદવો સાથે દ્વારિકા પધારે છે. ત્યારે દ્વારિકાપુરીમાં એક મોટા યજ્ઞનું આયોજન કરે છે. અને સર્વે ઋષિઓ, રાજાઓ, પાંડવો, ઉગ્રસેન વગેરેને બોલાવે છે. ત્યારે શ્રીકૃષ્ણ કંસ સહિત નવ ભાઈઓ જે વૈકુંઠવાસી થયેલા તેમને પણ આહ્‌વાન કરી બોલાવે છે. આ સમયે કંસ, તથા તેના સર્વે ભાઈઓને શ્રીકૃષ્ણ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપી કૃતાર્થ કરે છે. ત્યારબાદ વૈકુંઠવાસી કંસ ભાઈઓ સહિત પાછા વૈકુંઠ જાય છે. (૨)

વચનામૃત ગઢડા મધ્યના ૧૦માં શ્રીહરિએ ભગવાનના દિવ્ય ચરિત્રોમાં અસુરોનો નાશ કર્યો, જેમાં મલ્લ, હસ્તિ, કંસાદિક દુષ્ટને મારીને સર્વ યાદવોનું કષ્ટ નિવારણ કર્યું તેમ કહે છે. તો પ્રભુએ શ્રીકૃષ્ણાવતારમાં કંસને માર્યો તે દિવ્ય ચરિત્ર કર્યું.

ભગવાન શ્રીકૃષ્ણ કંસનો સંહાર કરવા મથુરા પધારે છે ત્યારે કંસે મોકલેલ કુવલયાપીડ નામના બળવાન હાથીને શ્રીકૃષ્ણ મારી નાખે છે. ત્યારબાદ અતિ બળવાન એવા ચાણૂર અને મુષ્ટિકને ચપટીમાં ચોળી નાખે છે. જે મલ્લો બોલા નામથી ઓળખાતા હતા. જે પૈકી મુષ્ટિક નામના મલ્લનું શ્રીકૃષ્ણના હાથે કલ્યાણ થયું. તેમાં કથા એવી છે કે, વસિષ્ઠઋષિ પુત્રયજ્ઞમાં ગયા નહિ અને ત્રિશંકુ રાજાનો ઉપહાસ કર્યો તેથી વિશ્વામિત્રે શાપ દીધો કે તમે ચંડાળ થશો. ત્યારે ઋષિને અનુગ્રહ કરવાનું કહ્યું ત્યારે ઋષિએ કહ્યું કે, તમારું ભગવાન શ્રીકૃષ્ણના હાથે કલ્યાણ થશે. તે ચંડાળ મુષ્ટિક મલ્લરૂપે થયો. (૩)

જ્યારે ચાણૂર તે કંસનો માનીતો મલ્લ હતો અને અનુચર હતો. મલ્લયુદ્ધમાં કુશળ હોવાથી શ્રીકૃષ્ણને મારવા માટે મોકલેલ. આ મલ્લ આંધ્ર પ્રદેશનો હતો. જેનો શ્રીકૃષ્ણના હાથે વધ થયો. (૪)

★ વડતાલનું ૧૮મું વચનામૃત :

શ્રીકૃષ્ણએ ... ગાયો ચારી ... ગોપીઓ સાથે રાસક્રીડા કરી તથા મથુરાપુરીમાં આવીને કંસને માર્યો...!

★ ગઢડા અંત્યનું ૩૫મું વચનામૃત :

...ત્યારે ભગવાનના દ્રોહનું અધિક પાપ છે. માટે સંતના દ્રોહનું સર્વ કરતા અધિક પાપ કહ્યું છે અને કંસ, શિશુપાલ, પૂતના આદિક જે દૈત્ય તેમણે ભગવાનનો દ્રોહ કર્યો. ને તેનું પણ ભક્તની પેઠે ભગવાને કલ્યાણ કર્યું.

★ પાદટીપ :

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૧૨૩ તથા **श्री गर्ग संहिता : श्रीकृष्ण कथामृत**નો સારાંશ

(૨) **श्री गर्ग संहिता : श्रीकृष्ण कथामृत :** ૫૮મો અધ્યાય, પાના નં. ૫૪૩થી ૫૪૪, ગીતા પ્રેસ, ગોરખપુર.

(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૭૨૯૫

(૪) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૪, પાના નં. ૩૧૬૯ તથા શ્રીમદ્ ભાગવત્ : સ્કંધ-૧૦ : નં. ૪૪

●

૧૧૦. યાદવો

યાદવ કુળમાં શ્રીકૃષ્ણનો જન્મ થયેલો.

યાદવોની વંશાવલી જાણીએ :

સોમવંશી આયુપુત્ર યયાતિ રાજાને દેવયાનીની કૂખે યદુનો જન્મ થયેલો. તે સર્વે યાદવોના મૂળ પુરુષ ગણાય છે. આ વંશ ચંદ્રવંશ પણ ગણાય છે. જેમાં અનેક પેઢીઓ બાદ આ વંશમાં શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થયું છે. જેઓ મથુરા (મુક્તિપુરી) પ્રદેશમાં રાજ્ય કરતા હતા. યાદવકુળમાં મહાન પ્રજા અંધકો, સાત્યવતો, કુકરો, વૈદર્ભો, સૈનેયો, હૈહયો, ભોજો તથા વૃષ્ણિઓ થઈ. આ બધી શાખાઓના પૂર્વજ રાજા યદુ હતા. યદુથી શ્રીકૃષ્ણ-વાસુદેવ સુધી યાદવોની ૫૯ પેઢીઓ થઈ. જેમાં રાજા મધુએ શૂરસેન પ્રદેશમાં યાદવોની સત્તા સ્થાપી હતી. (૧) આમ મધુ, વૃષ્ણિ અને યદુના કારણે આ વંશ માધવ, વાર્ષ્ણેવ અને યાદવના નામે પ્રસિદ્ધ થયો. (૨)

મધુના વંશજ ભીમ સાત્વતના ચાર પુત્રો પૈકી અંધકના જ્યેષ્ઠ પુત્ર કુકરના વંશજો કુકરો કહેવાયા. તેમણે મથુરામાં સત્તા સ્થાપી. તે વંશના રાજા કંસે યાદવોની અવગણના કરી હતી. શ્રીકૃષ્ણના સમયમાં અંધક વૃષ્ણિઓના ૧૧ અગ્રણી કુળો હતા. વૃષ્ણિકુળના વસુદેવ, શૂરના પુત્ર હતા. વસુદેવ મથુરાના રાજા ઉગ્રસેનના મંત્રી હતા. તેમની એક પત્ની દેવકીના પુત્ર કૃષ્ણ અને બીજી પત્ની રોહિણીના પુત્ર બલરામ ગોકુળમાં નંદને ત્યાં ઉછર્યા હતા. (૨)

શ્રીકૃષ્ણે કંસને માર્યો. તે પછી યાદવો મથુરામાં વસવાટ કરતા હતા. કંસ જરાસંઘનો જમાઈ થતો હતો. શ્રીકૃષ્ણ કંસને મારી નાખતા જરાસંઘ તેમના પર રોષે ભરાયો અને વિશાળ સેના લઈને મથુરા ઉપર ૧૭ વખત ચડાઈ કરી. પણ કૃષ્ણને મારી શક્યો નહિ. પછી શ્રીકૃષ્ણને લાગ્યું કે વારંવારની ચડાઈથી યાદવ-પ્રજા હેરાન થઈ રહી છે. આથી, શ્રીકૃષ્ણે યાદવોના સુખચૈન માટે દરિયામાં દ્વારકા નામની નગરી વસાવી અને તેમાં યાદવોને વિસ્થાપિત કર્યાં. (૨)

પશ્ચિમ ભારતમાં રહેતા યાદવોનો પ્રભાવ પૂર્વ ભારતના પ્રાગજ્યોતિષ પુર સુધી વિસ્તર્યો હતો. શ્રીકૃષ્ણે પ્રાગજ્યોતિષના અભેધ ગઢ ઉપર હુમલો કરી તેમાં વસતા અનાચારી નરકાસુરનો વધ કરી તેણે દેશોદેશની બંદી બનાવેલ સોળ હજાર કન્યાઓને મુક્ત કરી તેની સાથે લગ્ન કર્યાં. તે સાથે અસુર નરકાસુરનો કિંમતી ખજાનો શ્રીકૃષ્ણ દ્વારિકા લઈ આવ્યા. (૨)

શ્રીકૃષ્ણને આ સોળ હજાર પત્નીઓથી અનેક પુત્રો અને પૌત્રો થયા. જે બધા શ્રીકૃષ્ણના પુત્રરૂપ યાદવો કહેવાયા. અસંખ્ય યાદવોથી પૃથ્વી ભરાઈ ગઈ. વળી, આ યાદવો અતિ વૈભવથી મદોન્મત્ત અને શરાબી બન્યા. તેઓનું વર્તન ઉચ્શૃંખલ અને ઉદ્ધત થતું ગયું. આવું જોઈ શ્રીકૃષ્ણને લાગ્યું કે પુનઃ પૃથ્વી ઉપર ભાર વધી જશે આથી ઋષિઓના શાપને નિમિત કરી યાદવોનો સંહાર કરવાની ઇચ્છા કરી. (૩)

એકવાર યાદવો નર્મદામાં વિહાર કરવા આવ્યા. ત્યાં કણ્વઋષિ, વિશ્વામિત્ર, દુર્વાસા, વસિષ્ઠ આદિ ઋષિ તપ કરતા હતા. આ જોઈ યાદવોને તેમની હાંસી કરવાની ઇચ્છા થઈ. આથી, તેમણે જાંબવતીના અતિ સ્વરૂપવાન પુત્ર સાંબને ગર્ભવતી સ્ત્રીનો વેશ પહેરાવી ઋષિઓ પાસે લાવ્યા અને પૂછ્યું કે, આ સ્ત્રી ગર્ભવતી છે. તે પૂછતા શરમાય છે કે તેને પુત્ર થશે કે પુત્રી ? ઋષિઓએ અંતર્દૃષ્ટિ કરીને જાણ્યું કે આ તો પુરુષ છે અને અમારી મશ્કરી કરવા આવ્યો છે. તેથી તેઓ ગુસ્સે થયા અને ક્રોધ કરી કહ્યું કે, તમે ભગવાનના પુત્રો હોવા છતાં ઋષિઓની મશ્કરી કરો છો ? જાઓ ! આમાંથી જે નીકળશે તે તમારા બધાનો નાશ કરશે. આ તો હસવામાંથી ખસવું થયું જાણી યાદવો ચિંતામાં પડી ગયા. પછી શ્રીકૃષ્ણ બલદેવની સલાહથી સાંબના પેટે બાંધેલ મુશળને ઘસી ઘસીને તેની રજ દરિયામાં નાંખી દીધી અને મુસળનો વધેલો નાનો ટુકડો દરિયામાં પધરાવી દઈ સૌએ હાશકારો અનુભવ્યો. પરંતુ ઋષિનો શાપ હતો તેથી આ મુસળની રજ દરિયાના કિનારે આપતા તેમાંથી મહાકાસ નામનો તીક્ષ્ણ ધારધાર છોડ થયો અને મુસળનો નાનો ટુકડો માછલી ગળી ગઈ હતી. તે કોઈ માછીમારની જાળમાં સપડાઈ. માછીમારે તે માછલીને ચીરતા તેમાંથી આ અણીદાર મુસળનો ટુકડો નીકળતા તેણે તેને પોતાના બાણના અગ્ર ભાગે ફણા તરીકે બાંધ્યો. (૩)

શ્રીકૃષ્ણની ઇચ્છાથી આ યાદવો પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા. ત્યાં મદ્યપાન કરી ઉન્મત્ત બની અંદરોઅંદર હાંસી મશ્કરી કરતા તે સ્વરૂપ લડાઈ સુધી પહોંચ્યું અને

આ મહાકાસ છોડથી પરસ્પર મારામારી કરવા લાગ્યા અને આખરે તેઓ બધા પરસ્પર મરાયા. શ્રીકૃષ્ણ અને બલદેવ આ સંહાર લાચારભાવે જોઈ રહ્યા અને બંને ઉદાસ થઈ પોતે પણ દેહ છોડવાનો વિચાર કર્યો. બલદેવ યોગશક્તિથી બ્રહ્મભાવ પામી બ્રહ્મલીન થયા અને શ્રીકૃષ્ણ એક પીપળાના વૃક્ષ નીચે વિરામની મુદ્રામાં બેસી પોતાના ચાર પ્રકારના વ્યૂહમાં રહેલા વાસુદેવાત્મક આત્માને ચિંતવ્યો. ત્યારે પોતે રામાવતારમાં વાલીને વગર વાંકે મારેલો. તેનું વેર લેવા વાલીનો આત્મા પારધિના રૂપે આવ્યો. તેણે સુતેલા શ્રીકૃષ્ણને મૃગ સમજી બાણ ચલાવ્યું ને શ્રીકૃષ્ણને વિંધી નાખ્યા. (૩)

અર્જુને કૃષ્ણ, બલરામના મૃતદેહોનો અગ્નિ સંસ્કાર કર્યો. અર્જુને દ્વારિકા છોડતા જ ત્યાં સમુદ્ર ફરી વળ્યો.

ભાગવતમાં યાદવો અંગેનો શ્લોક છે :

दुर्भगो बत लोकोऽयं यादवो नितरामपि ।
ये संवसन्तो न विदुः हरिं मीना इवोडुपम् ॥

ભાગવત્ તૃ. ૨-૮

અર્થાત્ યાદવો સદાયને માટે દુર્ભાગી હતા કારણ કે સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન તેમના પિતા હોવા છતાં તેમને યથાર્થ જાણી શક્યા નહિ. જેવી રીતે માછલી પાણીમાં રહેવા છતાં પાણીનો યથાર્થ મહિમા જાણી શકતી નથી.

વચનામૃતમાં શ્રીહરિએ યાદવોનો ઉલ્લેખ કરેલ છે :

★ વચનામૃત સારંગપુરનું ૩જું :

...એવી રીતે માહાત્મ્ય અને શ્રદ્ધા વિનાના સર્વે યાદવ શ્રીકૃષ્ણ ભેળા જ રહેતા અને જેમ બીજા રાજાની સેવાચાકરી કરે તેમ સેવા કરતા તો પણ તેનું કોઈ નામ જાણતું નથી અને ભક્ત પણ કહેવાયા નથી.

કૃષ્ણપુત્રો યાદવો અતિ વૈભવમાં ઉછર્યા હતા કેમકે તેમના પિતા સ્વયં ભગવાન અને રાજા હતા. શ્રીકૃષ્ણના જીવનનો મોટો ભાગ યુદ્ધો કરવામાં અને અસુરોનો સંહાર કરવામાં વીતેલો. પોતે સ્વયં ભગવાન હતા, પરંતુ યાદવો તેમના અતિ પરાક્રમી અને દિવ્ય કાર્યોને નગણ્ય ગણતા. તેમને પિતા પર ભગવાનપણાનો ભાવ ન હતો. યાદવો શ્રીકૃષ્ણને બળીયા, છળીયા અને કળીયા જ સમજતા. તેમના સમયમાં શ્રીકૃષ્ણને ભગવાન તરીકે માનનારી ખૂબ ઓછી

વ્યક્તિઓ હતી. તેમના ઐશ્વર્યને યાદવો સમજ્યા નહીં. તેથી શ્રીકૃષ્ણની સેવા વગેરે કરતા પણ અહોભાવથી કે ભગવત્ સ્વરૂપરૂપે ન કરતા આથી તેઓ શ્રીકૃષ્ણના કૃપાપાત્ર ન થયા. ભક્ત પણ ન કહેવાયા અને કાળની ગર્તામાં હોમાઈ ગયા.

શ્રીકૃષ્ણ વિચારે છે : યાદવકુળ હજી જીવિત છે. ત્યાં સુધી પૃથ્વીનો ભાર હજી ઉતર્યો નથી... આ લોકો પૂરેપૂરા ઉદ્ધત થતા જાય છે. અપાર વૈભવને કારણે તેઓ કોઈની આજ્ઞામાં રહેતા નથી... (૪)

એ શક્ય છે કે, લોકો યાદવકુળનું વર્તન અને વિલાસ જોઈને કોઈ ભગવાનમાં નાસ્તિક ભાવ પરેઠે કે, ભગવાનના પુત્રો આવા હશે ? તો જો પુત્રો આવા હોય તો તે ભગવાન કેમ કહેવાયા ? આથી, ભાગવતમાં ઋષિમુનિઓએ યાદવકુળ વિષે બહુ છણાવટ કરી નથી એવું બને.

★ વચનામૃત વડતાલનું ૧૮મું :

...શ્રીકૃષ્ણ વ્રજને વિષે બાળમુકુંદ કહેવાયા. મથુરામાં કંસને માર્યો, યાદવને સુખિયા કર્યા... ઈત્યાદિક સ્થાનકને ભેદે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની અનેક લીલા છે.

★ પાદટીપ :

(૧) **ગુજરાતી વિશ્વકોષ :** ભાગ-૧૭, પાના નં. ૮૦
(૨) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ-૯, અધ્યાય-૨૩, ગીતા પ્રેસ, ગોરખપુર
(૩) **પદ્મપુરાણ :** ખંડ-૧, ૨ સંકલન - કનૈયાલાલ પંડ્યા, વર્ષ : ૨૦૦૫, પાના નં. ૯૭૯થી ૯૮૦
(૪) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ-૧૧, અધ્યાય-૧, શ્લોક-૩થી ૪, ગીતા પ્રેસ, ગોરખપુર

●

૧૧૧. ધૃતરાષ્ટ્ર

પ્રમાદ અને મોહના સારંગપુરના ૧૪માં વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું કે, સનત્સુજાણ ઋષિ ધૃતરાષ્ટ્રને પ્રમાદ અને મોહ વિષે ઉપદેશ કરે છે.

તે મહાભારતના પુરુ વંશના મહારથી ધૃતરાષ્ટ્રના જીવનચરિત્ર વિષે જાણીએ :

ધૃતરાષ્ટ્ર જન્મથી જ અંધ હોવા છતાં બુદ્ધિ વડે જ બધા જ વિષયોના સ્વયં જ્ઞાતા હોવાથી એને પ્રજ્ઞાચક્ષુ કહેતા. (૧)

તે હંસ નામના ગંધર્વનો અંશાવતાર હતા. (૧)

પુરાણ અનુસાર રાજા શાંતનુના પુત્ર વિચિત્રવીર્યના મૃત્યુ બાદ સત્યવતીની આજ્ઞાથી કૃષ્ણ દ્વૈપાયને (ભગવાન વેદ વ્યાસ) વિચિત્રવીર્યની, મોટી સ્ત્રી અંબિકાની સાથે નિયોગ કરી ઉત્પન્ન કરેલા પુત્ર તે ધૃતરાષ્ટ્ર. જે કૌરવોનો પિતા ગણાય છે. તે જન્મથી અંધ હતા. તેના **અંધ હોવા બાબતની કથા એવી છે** કે, અંબિકા સાથેના વ્યાસજીના નિયોગ દરમ્યાન વ્યાસજીનો કાળો વાન અને જટા દેખી અંબિકાએ આંખ મીંચી દીધી. આથી વ્યાસજીએ ભવિષ્ય ભાખ્યું કે, આ ગર્ભથી પરમ પ્રતાપી પુત્ર ઉત્પન્ન થશે પણ તે પોતાની માતાના આ દોષકર્મથી થનાર પુત્ર અંધ થશે અને ત્યારબાદ થયું પણ તે ભવિષ્યકથન પ્રમાણે જ. પુત્ર રૂપે જન્મેલા ધૃતરાષ્ટ્ર અંધ થયા. (૧)

ધૃતરાષ્ટ્ર **અંધ હોવા વિષે એક પ્રચલિત વાત એ પણ છે** કે, ધૃતરાષ્ટ્ર ૫૦ જન્મ પહેલા એક પારધિ હતા અને જંગલમાં એક વૃક્ષ નીચે તાપણું કરતા તે ઝાડ ઉપર રહેતા પક્ષીઓ તે આગથી અંધ બની ગયા. આ પાપકર્મના ફળરૂપે તેઓ આ જન્મમાં અંધ થયા તેવું કથાકારો નોંધે છે.

ધૃતરાષ્ટ્ર ગાંધાર પ્રદેશ (હાલનું અફઘાનિસ્તાન)ના સુબલ રાજાની કુંવરી ગાંધારી સાથે પરણ્યા. (૨) વ્યાસજીના આશીર્વાદથી ગાંધારીને ગર્ભ રહ્યો પણ

બે વર્ષ સુધી પ્રસવ ન થયો. આથી, ગાંધારીએ એ ગર્ભ પડાવી નાખ્યો. પણ વ્યાસજીને આ વાતની ખબર પડતા તેઓ તુરત આવ્યા અને આ માંસ પીંડને સો ઘડામાં નાના નાના સ્વરૂપમાં મૂકાવી દીધો. બે વર્ષ બાદ તેમાંથી જે સંતાન પ્રાપ્તિ થઈ તે કૌરવોરૂપે થયા. તે સાથે એક પુત્રી પણ ઉત્પન્ન થઈ. (૨)

જે દિવસોમાં ગાંધારી ગર્ભવતી હતી અને ધૃતરાષ્ટ્રની સેવા કરવા અસમર્થ હતી, તે સમયે એક વૈશ્ય કન્યા રાજાની સેવામાં હતી. રાજાથી તેને યુયુત્સુ નામનો પુત્ર થયો જે ખૂબ યશસ્વી અને બુદ્ધિશાળી હતો. તે કપટી ન હતો. (૨)

ગાંધારીને કૂખે કલિના અંશાવતાર તરીકે દુર્યોધન અને પૌલસ્ત્યના અંશાવતાર તરીકે બીજા ૯૯ પુત્રો અને દુઃશલા નામની કન્યા ઉત્પન્ન થઈ. (૧)

ધૃતરાષ્ટ્રના પુત્રોમાં દુર્યોધન, દુઃશાસન, દુઃસહ, દુર્મષણ, વિવિંશતી, જય, સત્યવ્રત, પુરુમિત્ર, યુયુત્સુ, વિકર્ણ અને ચિત્રસેન એ અગિયાર મહારથી હતા. સો માં વિકર્ણ એક નીતિમાન હતો. (૧)

ધૃતરાષ્ટ્ર જાતે સમજુ, ધર્મવાન હતા છતાં પુત્રસ્નેહથી ઘેરાઈ પોતાના કુમાર્ગે ચાલનારા પુત્રોને આધીન હતા. કૌરવોએ પાંડવો સામે અનેક કાવતરા કર્યા છતાં તેણે તે રોક્યા નહીં. એ તેનો મોટો દોષ હતો. પાંડવો જુગારમાં બધુ હારી ગયા ત્યારે કૌરવોએ દ્રૌપદીને સંતાપી હતી છતાં તે કાંઈ કરી ન શક્યા. પાંડવો વનવાસ અને અજ્ઞાતવાસ કર્યા બાદ પરત આવ્યા અને ધૃતરાષ્ટ્ર પાસે રાજ્યનો અર્ધો ભાગ માગ્યો ત્યારે રાજાએ સંજય દ્વારા એવો બેહુદો સંદેશ કહેવડાવ્યો કે, હે યુધિષ્ઠિર તું ધર્મનિષ્ઠ છે. તેથી યુદ્ધ કરવામાં પ્રવૃત્ત ન થઈશ. દુર્યોધન જો રાજ્ય ન આપે તો તું ભિક્ષા વડે તારી ઉપજીવિકા કરજે. (૧)

છેવટે યુધિષ્ઠિરે પાંચ ભાઈઓ માટે પાંચ ગામ આપવાની માંગણી કરી તો તે પણ રાજાએ દુર્યોધનના કહેવાથી નકારી કાઢી. તે પછી વિષ્ટિ કરવા યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને મોકલ્યા. તો પણ કાંઈ ન વળ્યું. છેવટે યુદ્ધનો નિર્ણય થયો. જેમાં કૌરવો અને તેના પક્ષના તમામ રાજાઓનો નાશ થયો. માત્ર કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા એ ત્રણ જ જીવતા રહ્યા. એ સાંભળી ધૃતરાષ્ટ્ર બળીને ખાખ થઈ ગયા. પોતાના સો એ પુત્રની પત્નીઓ અને ગાંધારી સહિત રાજા રણભૂમિ ઉપર આવ્યા અને શોક કર્યો. આ સમયે યુધિષ્ઠિરે તેમને વંદન કર્યું. તેથી ધૃતરાષ્ટ્ર તેને ભેટ્યા.

પછી રાજાએ ભીમને ભેટવાની ઈચ્છા કરી, પણ શ્રીકૃષ્ણ તેનો ઈરાદો પામી ગયા અને તેમણે અગાઉથી બનાવી રાખેલ ભીમનું લોખંડનું પૂતળું રાજાને ભેટવા આપ્યું અને ધૃતરાષ્ટ્રે તેને ક્રોધથી ભેટીને તેના ચૂરા કરી નાખ્યા. (ધૃતરાષ્ટ્રનો ઈરાદો ભીમને ભેટીને તેને મારી નાખવાનો હતો, કેમકે તેણે દુર્યોધનને માર્યો હતો, પણ શ્રીકૃષ્ણની દીર્ઘદૃષ્ટિથી ભીમ બચી ગયા.) (૧)

પછી ધૃતરાષ્ટ્ર અને ગાંધારી યુધિષ્ઠિરની સાથે રહ્યા. પણ ભીમ મર્મવેધક વચનોથી ધૃતરાષ્ટ્રને બાળતો. આથી, રાજા કંટાળીને, વૈરાગ્ય પામીને અરણ્યમાં વાનપ્રસ્થ જીવન ગાળવા ગયા. જોકે ત્યારે પણ તેમની સેવા કરવા કુંતા માતા તેમની સાથે ગયાં. ત્યારબાદ ધૃતરાષ્ટ્રે યોગ અગ્નિથી પોતાના દેહને બાળી નાખ્યો અને તેમની સાથે ગાંધારી પણ સતિ થયા. (૧)

શ્રીહરિએ સારંગપુરના ૧૪માં વચનામૃતમાં ધૃતરાષ્ટ્રનો ઉલ્લેખ કરેલ છે :

મહાભારતના ઉદ્યોગપર્વને વિષે સનત્સુજાત ઋષિએ ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહ્યું છે જે, એક પ્રમાદ અને બીજો મોહનો જે ત્યાગ કરે તે સર્વે પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે...!

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભાગ-૫, પાના નં. ૪૭૪૭થી ૪૭૪૮

(૨) **संक्षिप्त महाभारत** : ભાગ-૧, ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૫૮થી ૫૯

●

૧૧૨. કૌરવ

અત્રિ ઋષિના કુળમાં પાંચમી પેઢીએ યયાતિ રાજા થયા. જેમના કુળમાં રાજા દુષ્યંત થયા. જેમના પુત્ર ભરત થયા. તેમના પુત્ર હસ્તી અને તેમના પુત્ર કુરુ થયા. કુરુના પુત્ર શાંતનુ થયા. જેમને બે પુત્રો ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય થયા. વિચિત્રવીર્યને બે પત્નીઓ હતી, જેમાં અંબિકાના પેટે ધૃતરાષ્ટ્ર થયા અને અંબાલિકાના પેટે પાંડુ થયા. ધૃતરાષ્ટ્રના પત્ની ગાંધારીના પેટે ૧૦૦ પુત્રો થયા અને પાંડુને બે પત્ની પૈકી કુંતીને પેટે સૂર્યદેવથી કર્ણ ઉત્પન્ન થયા. તે સિવાય યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન થયા. જ્યારે પાંડુના બીજા પત્નીથી નકૂલ અને સહદેવ થયા. આમ, ત્રણ પોતાના અને માદ્રીના બે થઈ પાંચ પુત્રો પાંડુના કુળના હોવાથી પાંડવો કહેવાયા અને કુરુના વંશના ધૃતરાષ્ટ્રના ૧૦૦ પુત્રો કૌરવો ગણાયા. (૧)

કૌરવોના જન્મની કથા જાણીએ :

એકવાર મહર્ષિ વ્યાસ હસ્તિનાપુરમાં ગાંધારી પાસે આવ્યા. ગાંધારીએ ઋષિની ખૂબ ભાવથી સેવા કરી. આથી ઋષિ તેના પર રાજી થયા અને ગાંધારીની ઈચ્છાનુસાર તેને ૧૦૦ પુત્રો થવાનું વરદાન આપ્યું. ગાંધારીના પેટમાં ગર્ભ રહ્યો પણ બે વર્ષ સુધી પ્રસવ ન થયો. આ દરમ્યાન કુંતીના પેટે યુધિષ્ઠિર જન્મ લઈ ચૂક્યા હતા. આથી ગાંધારીને ચિંતા થઈ અને તેણે ધૃતરાષ્ટ્રની જાણ બહાર પોતાના ગર્ભનો અકુદરતી રીતે પ્રસવ કરાવી નાખ્યો. પરંતુ ગર્ભ એક લોખંડના ગોળા જેવો અપરિપક્વ કાચો ગર્ભ હતો. ગાંધારી તેને ફેંકી દેવાનો વિચાર કરતી હતી. આ વાત વ્યાસજીએ યોગદષ્ટિથી જાણી અને તેઓ તુરત આવ્યા અને ગાંધારીને આમ કરતા રોકી અને કહ્યું કે, મારું વરદાન ખાલી ન જાય. તમે માટીના સો ઘડા મંગાવો અને તે ગર્ભ ઉપર ઠંડુ પાણી રેડો. ઠંડુ પાણી રેડતા ગર્ભના ૧૦૦ ટુકડા થઈ ગયા અને અંગુઠા જેવડા ૧૦૦ ટુકડાને માટીના ઘડામાં મૂકી દીધા.

વ્યાસજીની આજ્ઞા અનુસાર આ ઘડાને બે વર્ષ સુધી સુરક્ષિત રખાયા. અવધિ પૂરી થયા બાદ સૌપ્રથમ દુર્યોધનનો જન્મ થયો, ત્યારબાદ બીજા ૯૯ પુત્રો જન્મ્યા. (૨)

બધા મોટા થયા અને ધૃતરાષ્ટ્રના ૧૦૦ પુત્રો કૌરવો અને કુંતી-માદ્રીના ૫ પુત્રો પાંડવો કહેવાયા. મોટા થયા બાદ રાજપાટ ગ્રહણ કરવા બાબત બંને ભાઈઓના સંતાનો વચ્ચે એટલે કે કૌરવ-પાંડવો વચ્ચે ગજગ્રાહ થયો. શ્રીકૃષ્ણની સમજાવટ કામ ન આવી. અંતે મહાભારતનું યુદ્ધ મંડાયું.

★ **વચનામૃતમાં ગઢડા પ્રથમના ૭૦**માં પ્રકરણમાં આવે છે તેમ; જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવ ને પાંડવોના લશ્કર સામસામા ઊભા હતા.

★ વળી **વડતાલના પ્રથમના વચનામૃત**માં દીનાનાથ ભટ્ટના પ્રશ્નના જવાબમાં શ્રીહરિ કહે છે કે, કૌરવ અને પાંડવને યુદ્ધ કરવાનો પ્રારંભ થયો.

આ યુદ્ધમાં કૌરવોની હાર થઈ અને તેઓ બધા મરાયા. પાંડવોના પક્ષે શ્રીકૃષ્ણ ભગવાન હતા તેથી તેઓની જીત થઈ.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૪૮૪

(૨) **संक्षिप्त महाभारत :** પ્રથમ ખંડ, ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૫૮થી ૫૯

●

૧૧૩. કર્ણ

કર્ણ કુંતીપુત્ર હોવા છતાં તે દાસીપુત્ર તરીકે ઓળખાયા. મહા બળવાન, દાનવીર, શૌર્યવાન કર્ણે ગુરુ પરશુરામ પાસે અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા શીખીને અજોડ બાણાવલી થયા. અર્જુન સાથે ટક્કર ઝીલી શકે તેવા આ એક યોદ્ધા હતા. દુર્યોધને તેનું હીર પારખી પાંડવો સામે વેર લેવા કર્ણને પોતાના મિત્ર અને અંગદેશના રાજા બનાવ્યા. પરંતુ દુર્યોધનના સંગે કરીને તેની વીરતા ધૂળમાં મળી ગઈ.

આ કર્ણ વિષે વિશેષ જાણીએ :

માતા કુંતાજીએ બ્રાહ્મણ વેષે આવેલ દુર્વાસા મુનિની ખૂબ સેવા કરી. તેથી મુનિએ તેમને દિવ્ય મંત્રો આપ્યા. કુંતાજીએ આ મંત્રનો એકવાર કુતૂહલપૂર્વક પ્રયોગ કરતા સૂર્યનારાયણ દેવ મનુષ્યરૂપે તેમની પાસેથી પ્રગટ થયા અને યોગશક્તિથી કુંતાજીના શરીરમાં પોતાનો અંશ સ્થાપી દીધો. આથી તેમને કર્ણરૂપે ગર્ભ રહ્યો. પણ પોતે કુંવારા હોવાથી લોકનિંદાના ભયે તે પુત્રને ચંબલ નદીના પ્રવાહમાં કાષ્ઠની પેટીમાં સંભાળપૂર્વક મૂકી વહાવી દીધો. નદી (ચર્મણવતી નદી) યમુનામાં થઈ ગંગામાં પહોંચી. ચંપાપુરીમાં આ પેટી દાસ અધિરથને મળી. તેણે પેટી ખોલી તો તેમાં બાળક હતું. અધિરથે તેને પોતાનો પુત્ર માનીને તેનું લાલનપોષણ કર્યું. (૧)

કર્ણ સૂર્યનારાયણનો પુત્ર હોવાથી જન્મથી જ તેના શરીર ઉપર કવચ અને કાનમાં સોનાના કુંડળ હતા. તેણે પુત્રનું નામ વસુષેણ પાડ્યું. તેની પાલક માતાનું નામ રાધા હતું. આથી તેને રાધેય પણ કહેતા. દાસીનો પુત્ર હોવાથી તેને સૂતપુત્ર પણ કહેતા. (૧)

કર્ણના બળ ઉપર દુર્યોધન મુસ્તાક હતો. તેણે કર્ણના મનમાં પાંડવો પ્રત્યેનું વેર ઘૂંટી દીધું. દુર્યોધન કર્ણ ઉપર ખૂબ વિશ્વાસ કરતો હતો. (૨)

કર્ણ તપસ્વી, ઉદાર અને મહાદાની હતા. તેમણે જીવનમાં ક્યારેય કોઈ

પણ યાચકને નિરાશ કર્યા ન હતા. તેઓ નિત્ય સવારે ગંગામાં ઊભા રહી મંત્રજાપ કરતા. એક સમયે સૂર્યનારાયણે બ્રાહ્મણનું રૂપ લઈને તેમને ચેતવ્યા કે, મારા આપેલા કવચ-કુંડલ તારી પાસે કોઈ માંગે તો આપતો નહીં. કેમકે કવચ કુંડળથી તું અજેય છે. તને કોઈ હરાવી કે મારી શકશે નહીં. આથી જો કવચ-કુંડળ કોઈને આપી દઈશ તો જ તને કોઈ મારી શકશે. પરંતુ મહાભારતના યુદ્ધ સમયે ઈન્દ્રએ બ્રાહ્મણનું રૂપ લઈને કર્ણ પાસે કવચ-કુંડળ માંગ્યા. ત્યારે કર્ણ બ્રાહ્મણને ઓળખી ગયા કે આ તો ઈન્દ્ર છે. તે કપટ કરે છે. છતાં તેણે પોતાના અસ્તિત્વની પરવા કર્યા વગર પોતાનું દાનીનું બિરુદ જાળવી રાખવા ઈન્દ્રને પોતાના કવચ-કુંડળ કાઢી આપ્યા. આ પ્રકારના મહાદાનથી ઈન્દ્ર તેના ઉપર ખૂબ પ્રસન્ન થઈ ગયા અને કર્ણને એક અમોઘ શક્તિ આપી. જે શક્તિનો ઉપયોગ તે જીવનમાં એક જ વાર કરી શકવાના હતા. કર્ણએ આ શક્તિનો ઉપયોગ અર્જુન ઉપર કરવા માટે અબાધિત રાખી. શ્રીકૃષ્ણને લાગ્યું કે આ શક્તિ સાચે અર્જુનનું મોત કરાવશે. આથી મહાભારતના યુદ્ધમાં તેણે ભીમપુત્ર ઘટોત્કચને મોકલ્યો. તેણે માયાવી શક્તિ વડે કર્ણને હેરાન-પરેશાન કરી નાખ્યો. આથી કર્ણને ન છૂટકે ઈન્દ્રની શક્તિ (શસ્ત્ર)નો ઉપયોગ ઘટોત્કચ ઉપર કરવો પડ્યો અને ઘટોત્કચ મરાયો. આમ, શ્રીકૃષ્ણે કર્ણની અમોધ શક્તિ વેડફાવી નાખી. (૨) પાંડવોને શ્રીકૃષ્ણના આ રહસ્યની ખબર ન હતી.

એક પ્રસંગ બીજો પણ છે :

કર્ણને શસ્ત્રવિદ્યા શીખવી હતી. તે વિદ્યા પરશુરામ જ જાણતા હતા. પણ પરશુરામ ફક્ત બ્રાહ્મણોને જ વિદ્યા ભણાવતા હતા. આથી કર્ણ બ્રાહ્મણનો વેશ ધારણ કરી ત્યાં વિદ્યા શીખવા રહ્યા. પરંતુ એકવાર પરશુરામ કર્ણના ખોળામાં મસ્તક મૂકી નિદ્રા કરતા હતા ત્યારે અચાનક એક ભ્રમર આવીને કર્ણનો સાથળ કોરવા માંડ્યો. પણ કર્ણ તો ક્ષત્રિય હતા તેણે મન મક્કમ કરી પીડા સહન કરી. જો પગ ઊંચો કરે તો ગુરુ જાગી જાય તેથી પોતે એમને એમ બેસી રહ્યા, પણ સાથળમાંથી નીકળતું ગરમ લોહી ગુરુને અડતા તે જાગી ગયા. તેણે આ જોયું. કર્ણને પૂછ્યું તો કર્ણ કહે તમે જાગી જાઓ એટલે હું એમને એમ બેસી રહ્યો ને પીડા સહન કરી. પણ પરશુરામને લાગ્યું કે, આ પીડા ક્ષત્રિય સિવાય બીજા કોઈ સહન ન કરી શકે. તેથી તેણે કર્ણને ડારો દઈને પૂછ્યું કે, સાચું બોલ ? તું કોણ

છો ? ત્યારે કર્ણ કહે, વિદ્યાની લાલચે હું ખોટું બોલ્યો. હું ક્ષત્રિય છું. ત્યારે પરશુરામે તેને શાપ દીધો કે, તેં મારી પાસે કપટ કરી વિદ્યા મેળવી છે. તેથી અણીના સમયે તું તારી વિદ્યા ભૂલી જઈશ. મારી શીખવેલી વિદ્યા તને અણીના સમયે કામ નહીં લાગે. (૨)

આવા જ એક બીજા પ્રસંગમાં કર્ણ શિકાર કરવા જતા તેમનાથી અજાણતામાં એક ગાયની હત્યા થઈ ગઈ. કર્ણએ ગાયના માલિક બ્રાહ્મણની માફી માંગી ધન આપવા પ્રયત્ન કર્યો, પરંતુ બ્રાહ્મણે તેને શાપ આપ્યો કે, તું યોદ્ધો છે તો યુદ્ધમાં તારા રથનું પૈડું ધરતીમાં ખૂંચી જશે. (૩) ત્યારે તને તારા આ પાપની સજા મળશે.

અજ્ઞાતવાસમાંથી પાંડવો પાછા ફર્યા પછી કૃષ્ણ જ્યારે પાંડવોને રાજ્ય આપવા માટે દુર્યોધનને સમજાવવા ગયા ત્યારે પાછા ફરતા કૃષ્ણે કર્ણને તેના જન્મની વાત કહી કે તું, સૂતપુત્ર નથી પણ પાંડવપુત્ર - કુંતાપુત્ર છો. તું પાંડવોના પક્ષમાં ભળી જા તો યુદ્ધ પછીના રાજ્યમાં પાંડવોનો ઉત્તરાધિકારી તું બનીશ. પરંતુ દુર્યોધને પોતાને સૂતપુત્રમાંથી મિત્ર બનાવ્યો છે. તેથી કર્ણે કહ્યું કે, હું મિત્રને દગો નહીં આપું. કૌરવના પક્ષમાં જ રહીશ. એમ કહી કૃષ્ણના પ્રસ્તાવનો ઈન્કાર કર્યો. ફરી કુંતામાતા કર્ણને પાંડવોના પક્ષમાં આવવા સમજાવવા ગયા અને પોતે લોકલજ્જાના કારણે તેનો ત્યાગ કર્યો હતો તે સઘળી વાત કર્ણને સમજાવી, પરંતુ કુંતામાતાની વાતનો તેણે સ્વીકાર ન કર્યો. પણ એટલું જરૂર કહ્યું કે, પોતે પાંડવોનો સંહાર નહીં કરે. પોતે યુદ્ધમાં જીતે કે હારે પણ પાંડવો પાંચ જ રહેશે તેવું માતાને વચન આપ્યું. એટલે કે અર્જુન મરે તો પણ પોતાના સહિત પાંડવો પાંચ જ રહે. (૩)

મહાભારતનું યુદ્ધ થયું. તેમાં કર્ણને લાગેલા બંને શાપને કારણે તેના રથનું પૈડું ધરતીમાં ખૂંચી ગયું. યુદ્ધમાં અણીના સમયે પરશુરામના શાપને કારણે તેણે આપેલી વિદ્યા ભૂલી ગયો અને શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુને કર્ણનો સંહાર કર્યો. (૪)

જૈમનીય ભારતમાં એક કથા એવી છે કે, સહસ્ર કવચી દૈત્યે તપસ્યા દ્વારા સૂર્યદેવને પ્રસન્ન કરી એવું વરદાન માંગ્યું કે, મારા શરીરની રક્ષાર્થે એક હજાર કવચ થાઓ. જો કોઈ એક હજાર વર્ષ સુધી મારા સાથે યુદ્ધ કરે ત્યારે જ મારા શરીરનું એક કવચ તૂટે અને યુદ્ધ કરનાર શિથિલ સ્થિતિને પામે. આ દૈત્યનો ત્રાસ

વધી જતા નરનારાયણ પ્રભુએ એક હજાર વર્ષ સુધી યુદ્ધ કર્યું. એટલે કે નર તપ કરે અને નારાયણ યુદ્ધ કરે. પછી એક થાકી જાય ત્યાં બીજા તપ પૂરું કરી દૈત્ય સામે લડે. અને થાકેલાને મંત્રશક્તિથી બળવાન બનાવે. આ રીતે નર અને નારાયણ વારાફરતી એક હજાર વર્ષ તપ અને યુદ્ધ કરી દૈત્યનું એક એક કવચ તોડતા ગયા. આ રીતે લડતા લડતા ૯૯૯ કવચ તૂટ્યા ત્યારે દૈત્ય ગભરાયો અને સૂર્યમાં લીન થઈ ગયો. જે દૈત્ય સૂર્યના અંશથી દ્વાપર યુગમાં કર્ણરૂપે થયો. જે ગર્ભથી જ કવચધારી હતો. એક કવચ બાકી હતું. જે નરરૂપી અર્જુને તેની સાથે યુદ્ધ કરી દૈત્યરૂપી કર્ણને માર્યો. (૪)

કર્ણ એક કૃતજ્ઞ, વીર યોદ્ધા હતા પરંતુ દુર્યોધનના સંગથી તેની વિદ્યા અને વીરતા લેખે ન લાગી.

વચનામૃત પંચાળાના ૪થામાં શ્રીહરિએ કર્ણનો ઉલ્લેખ કર્યો છે :

...તથા સૂર્ય છે તેને કુંતાજીએ દુર્વાસાના આપેલ મંત્રે કરીને તેડ્યા ત્યારે તે સૂર્ય કુંતાજી પાસે આવ્યા. તે મનુષ્યરૂપે જેવા કુંતાજી હતા તેવા જ સૂર્ય થઈને આવ્યા ત્યારે તેના અંગસંગનું સુખ આવ્યું, ને કર્ણરૂપ ગર્ભ રહ્યો પણ જેવા સૂર્ય પ્રકાશવાન છે તેવા પ્રકાશે સહિત આવ્યા હોત તો કુંતાજી બળી મરત ને સ્પર્શનું સુખ પણ ન આવત.

★ **પાદટીપ :**

(૧) **नारी अंक :** કલ્યાણ. ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૫૭૭થી ૫૮૨

(૨) **महाभारत के प्रमुख पात्र :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૨૫

(૩) **ભગવત્ ગો મંડળ : ભાગ-૩ :** પાના નં. ૨૦૦૧

(૪) **संक्षिप्त महाभारत : प्रथम खंड :** વન પર્વ, પાના નં. ૩૯૧થી ૩૯૮નો સારાંશ

•

૧૧૪. અશ્વત્થામા

મહાભારતકાલીન યુગનું બળવાન અને શૂરવીર પાત્ર દ્રોણપુત્ર અશ્વત્થામા છે. તે પરાક્રમી હતા પરંતુ દુર્યોધનનો સંગ થતા તેના પરાક્રમો ધૂળમાં મળી ગયા. તે પાંડવો અને કૌરવો બંનેના મિત્ર હતા. પરંતુ દુર્યોધન તરફ તેમને વધારે પક્ષપાત હતો. તેથી પાંડવો તરફ લાગણી હોવા છતાં તે દુર્યોધનનું મિત્રદાવે ખૂબ માનતા.

શ્રીહરિએ **લોયાના ૬ઠ્ઠા વચનામૃત**માં તેમનો ઉલ્લેખ કર્યો છે : 'જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે, અશ્વત્થામાનું માથું કાપી નાખો. પછી અર્જુને તે વચન ન માન્યું.'

આ અશ્વત્થામા વિષે જાણીએ :

દ્રોણાચાર્ય અને ગૌતમીના એક માત્ર પુત્ર જે સાત ચિરંજીવી પૈકીના એક ગણાય છે. જન્મતાવેંત જ તેણે અશ્વ જેવો અવાજ કર્યો તેથી આકાશવાણીએ તેનું નામ અશ્વત્થામા પાડ્યું. મહાદેવ, અંતક (યમરાજા), કામ અને ક્રોધના અંશથી તેનો જન્મ થયેલો છે. દ્રોણાચાર્યે કૌરવ-પાંડવોની સાથે તેને શસ્ત્ર-અસ્ત્રવિદ્યા શીખવાડેલી. અશ્વત્થામાં પાંડવો અને કૌરવો બંનેને પ્રિય હતો. પણ યુદ્ધમાં દુર્યોધને અશ્વત્થામાને કહ્યું કે, તમે પાંડવો તરફ પક્ષપાત કરો છો એવું મેણું મારતા તેણે પાંડવોના સૈન્યનો સંહાર કર્યો. (૧)

મહાભારતમાં એવી પણ કથા આવે છે કે, અશ્વત્થામાએ પાંડવોની શક્તિને પીછાણી તેમની સાથે સંધી કરવા દુર્યોધનને સમજાવ્યો પણ દુર્યોધન ન માન્યો. (૨)

પછી ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યનો વધ કર્યો ત્યારે અશ્વત્થામા પાંડવો પર ગુસ્સે ભરાયો અને તેણે નારાયણાસ્ત્ર જેવું ભયંકર અસ્ત્ર છોડ્યું. પરંતુ ભગવાને પાંડવોને તે જ સમયે નિ:શસ્ત્ર કરી નાખ્યાં. કેમકે નિ:શસ્ત્ર ઉપર તે અસ્ત્ર કામ ન કરે આથી તે અસ્ત્રનો પ્રભાવ નાશ થયો અને પાંડવોની રક્ષા થઈ. વળી યુદ્ધમાં ભીમની

ગદાથી દુર્યોધન ઘવાતા અશ્વત્થામા સેનાપતિ થયો અને તેણે પાંડવોનો વધ કરવાની પ્રતિજ્ઞા લીધી અને તેણે રાત્રિના અંધકારમાં પાંડવોની છાવણીમાં જઈ દ્રૌપદીના પાંચ પુત્રોને પાંડવ માની તેની હત્યા કરી. સાથે ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી આદિની હત્યા કરી. પાંડવોના 'માથા' સાથે તે દુર્યોધન પાસે પહોંચ્યો. (૧)

આ બાજુ દ્રૌપદી પોતાના પુત્રોનો વધ થતા શોકથી ભાંગી પડી અને અશ્વત્થામાનો વધ ન થાય ત્યાં સુધી અન્નજળ ન લેવાની પ્રતિજ્ઞા લીધી. ભાગેલો અશ્વત્થામા વેદવ્યાસના સાનિધ્યમાં ગંગાકિનારે બેઠો હતો. ભીમને આવતો જોઈ તેણે દર્ભની સળીને પરમાસ્ત્ર બ્રહ્મશિરસ્‌થી અભિમંત્રિત કરીને છોડી. તેની સામે અર્જુને પણ આ અસ્ત્રનો પ્રયોગ કર્યો. પણ આ અસ્ત્રથી પૃથ્વીનો વિનાશ થાય તેમ હતો. તેથી વેદવ્યાસે અશ્વત્થામાને તતડાવી પાંડવોને શરણે જવાની આજ્ઞા આપી. ત્યારે અશ્વત્થામાએ આ અસ્ત્ર પાંડવોની પુત્રવધૂ ઉત્તરાના ગર્ભ ઉપર છોડ્યું. ત્યારે શ્રીકૃષ્ણે તે ગર્ભની રક્ષા કરી. આવા અધમ કૃત્યથી શ્રીકૃષ્ણ અશ્વત્થામા ઉપર ગુસ્સે થઈ તેનો મસ્તકનો મણિ લઈ લીધો અને અશ્વત્થામાને હણવાની અર્જુનને આજ્ઞા કરી, પરંતુ દ્રૌપદીની દયાભાવનાથી તેને જીવતદાન અપાયું અને શ્રીકૃષ્ણે તેને લોહીપાચથી લથબથ દૂષિત શરીરે ચિરંજીવીનો શાપ આપી તેને પોતાના પાપની સજા ભોગવવા જીવતો છોડી દીધો. (૧)

દ્રૌપદીએ એ કારણથી તેને માફ કર્યો કે, તે ગુરુપુત્ર છે, વળી બ્રાહ્મણ છે, તેના માતા-પિતાને એકનો એક છે. જો તેને મારી નંખાય તો પોતાના પાંચ પુત્રો હણાયા અને પોતાને જેવું દુઃખ થયું તો તેવું દુઃખ ગૌતમી (અશ્વત્થામાની માતા)ને ન થાય તે માટે તેને જીવતો જવા દીધો પણ તેના પાપની સજા મળે અને પસ્તાવાની આગમાં પોતે જિંદગીભર રીબાતો રહે અને સજા ભોગવે માટે તેને જીવતો રખાયો.

લોયાના દ્દ્વા વચનામૃતમાં શ્રીહરિ એટલે કહે છે : અમે કોઈક વચન કહીએ તેમાં જો અધર્મ જેવું હોય તો તેને વિષે ચિરકારી થવું, તેમાં ઘણીક વાર લગાડવી પણ તુરત માનવું નહીં. જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે, અશ્વત્થામાનું માથું કાપી નાખો. પછી તે વચન અર્જુને ન માન્યું. તેમ એવી રીતનું જે વચન તેમાં અમે રાજી થતા હોઈએ તો પણ ન માનવું તથા પંચવર્તમાન સંબંધી જે નિયમ કહ્યા છે તેમાંથી જેણે કરીને ભંગ થતો હોય એવું જે વચન તે ન

માનવું....!

શ્રીહરિ જ્યારે ગઢડામાં વિરાજમાન હતા ત્યારે અશ્વત્થામા બ્રાહ્મણનું રૂપ લઈને તેમની પાસે આવ્યો અને કહ્યું કે, આ પાણીના લોટામાં આપના ચરણનો અંગૂઠો બોળો. ત્યારે મહારાજ કહે, તમે ભૂદેવ છો. અમે ચરણ બોળીએ તો અમને પાપ લાગે. માટે અમે હાથનો અંગૂઠો બોળી દઈએ. એમ કહી હાથનો અંગૂઠો બોળ્યો. અશ્વત્થામાના મનનું ધાર્યું ન થયું. આથી તે ગુસ્સે થયો અને વંટોળીયો બનીને ખૂબ ધૂળ ઉડાડી જતો રહ્યો. પછી મહારાજે કહ્યું કે, આ ભૂદેવ ન હતો. અશ્વત્થામા હતો. તેણે પોતાનો સ્વભાવ ઝળકાવ્યો. (૩)

વિરપુર (જલારામ)માં જલારામના ગુરુ ભોજલરામ હતા. જલારામે એકવાર કહ્યું કે મારે અશ્વત્થામાના દર્શન કરવા છે. તે ચિરંજીવ છે. તો મને દર્શન દેશે. ત્યારે ગુરુએ કહ્યું કે રોજ સાંજે આરતી વખતે તે બ્રાહ્મણ વેશે આવે છે. તેને પડછાયો નહિ હોય તે એંધાણી છે. સાંજ પડ્યે જલારામ બાપાએ ગુરુએ કહેલી એંધાણી ઓળખી અશ્વત્થામાનાં દર્શન કર્યાં. (૪)

★ **પાદટીપ :**

(૧) **ગુજરાત વિશ્વકોષ ભાગ-૧ :** ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ. વર્ષ-૨૦૦૧, પાના નં. ૬૧૮-૬૧૯

(૨) **संक्षिप्त महाभारत : द्वितीय खंड :** ગીતા પ્રેસ, ગોરખપુર, વર્ષ-૨૦૦૭, પાના નં. ૭૬થી ૭૭

(૩) અને (૪) સુરત ગુરુકુલના સંતશ્રી વિવેકસ્વરૂપદાસજી સ્વામીએ કહેલા પ્રસંગો.

●

૧૧૫. જરાસંઘ

નિશ્ચયરૂપી ગર્ભના જતનના **ગઢડા મધ્યના ૧૦મા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, ભગવાનના કેટલાક ચરિત્ર દિવ્ય હોય છે. ને કેટલાક માયિક જેવા હોય છે. જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે દેવકી વસુદેવને ચતુર્ભુજ રૂપે દર્શન દીધું, ગોવર્ધન તોળ્યો, તે ભગવાનના દિવ્ય ચરિત્રો છે અને સીતાહરણ થયું... કૃષ્ણાવતારમાં કાળયવનની આગળ ભાગ્યા અને જરાસંઘની આગળ હાર્યા... તે જે ચરિત્ર પ્રાકૃત જેવા જણાય છે.

તો, **જરાસંઘ વિષે જાણીએ :**

મગધ દેશનો એ અસુર રાજા હતો. તેણે પોતાની બે પુત્રીઓને કંસ સાથે પરણાવી હતી.

જરાસંઘના જન્મની કથા એવી છે કે, મગધના બૃહદ્રથ રાજાને સંતાન ન હતું. તેથી તે વનમાં તપ કરવા ગયા. ત્યાં એક મુનિને પ્રસન્ન કર્યા. આથી મુનિએ તેને એક આમ્રફળ આપ્યું અને કહ્યું કે, તમારી રાણીને ખવડાવજો જેથી તેને પુત્ર થશે. રાજાને બે રાણી હતી. તેથી બંને રાણીએ અડધું અડધું ફળ ખાધું. આથી બંને રાણીને અડધું અડધું બાળક, બે ફાડિયારૂપે જન્મ્યું. આવું વિચિત્ર બાળકને જોઈ ધાવમાતા ગભરાઈ ગઈ અને તેણે તે બે ફાડિયા બહાર નાખી દીધા. આ દરમ્યાન જરા નામની એક રાક્ષસીએ આ જોયું અને તેણે લઈ લીધું અને બે ફાડિયાને સરખા ગોઠવતા તે એક શરીર બની ગયું ને જીવંત બની ગયું. આ ફાડિયાને જરાએ સાંધ્યું તેથી બાળકનું નામ જરાસંઘ પડ્યું. (૧)

જરાસંઘ પરાક્રમી રાજા હતો. તેણે ઘણા રાજાઓને પકડીને કેદ કરેલા. તે રૂદ્રયાગ કરવાનો હતો અને તે યજ્ઞમાં એક એક રાજાનું બલિદાન દેવાનો હતો. (૧)

શ્રીકૃષ્ણે જરાસંઘના જમાઈ કંસને મારી નાખ્યો તેથી તે તેના પર રોષે ભરાયો અને મથુરા ઉપર તેણે ૧૮ વાર ચડાઈ કરી. હજારો અસુરોની સેના લઈને તે આક્રમણ કરતો. દર વખતે શ્રીકૃષ્ણ આ અસુરોને મારી નાખતા અને જરાસંઘને જીવતો જવા દેતા. જેથી જરાસંઘ તેના જેવા અસુરોની સેના લઈને આક્રમણ કરવા

આવતો. શ્રીકૃષ્ણે બલરામને કહ્યું કે, આપણે ભારતભરમાં અસુરોને શોધવા ક્યાં ક્યાં જવું ? આ જરાસંઘ બધા અસુરોને પોતાના મિત્ર તરીકે યુદ્ધ કરવા લાવે છે. તેથી આપણે તેના સાથી અસુરોને મારીને પૃથ્વી પરનો ભાર ઓછો કરીએ છીએ. જો જરાસંઘને જ મારી નાખીએ તો અસુરોને ભેગા કરીને કોણ લાવે ?

વળી તેને વરદાન હતું કે તે કોઈ શસ્ત્રથી ન મરે. તેથી દ્વંદ્વયુદ્ધથી જ તેને મારવાનો હતો. તેના જેવો પરાક્રમી તો એક ભીમ હતો. તેથી શ્રીકૃષ્ણ ભીમ અને અર્જુન સાથે બ્રાહ્મણ વેશે તેની નગરી ગિરિવ્રજમાં ગયા. (૧)

ત્યાં જઈને ભિક્ષામાં દ્વંદ્વ યુદ્ધની માગણી કરી. જોકે આ નરવીરોના કસાયેલા શરીર અને ધનુષ્યની પણછ પકડી પકડીને ઘસાઈ ગયેલા અંગૂઠાને જોઈને જરાસંઘ સમજી તો ગયો કે બ્રાહ્મણોના શરીર આવા ન હોય ! દ્વંદ્વ યુદ્ધ માટે તૈયાર થયેલા જરાસંઘને શ્રીકૃષ્ણે પોતા સહિત બધાની ઓળખાણ આપી ત્યારે જરાસંઘ હસવા લાગ્યો કે, શ્રીકૃષ્ણ તમે તો મારી સામે રણમેદાનમાંથી ભાગી ગયા છો તેથી હું તમારી સાથે નહીં લડું. અર્જુન કાંઈ યોદ્ધો નથી, તે ઉંમરમાં મારાથી નાનો છે તેથી તેની સાથે હું નહીં લડું. આ ભીમ છે તે મારા બરોબરનો છે તેથી હું તેની સાથે લડીશ. બંને ગદા લઈને લડવા લાગ્યા. ત્યારે ગદાઓ તેમના શરીર સાથે અથડાઈને ભાંગી જવા લાગી. આ રીતે લડતા લડતા ૨૭ દિવસ લડ્યા. રાત્રે બંને મિત્રોની જેમ રહેતા અને દિવસે યુદ્ધ કરતા. બંને હારતા ન હતા. ત્યારે ભીમે શ્રીકૃષ્ણને કહ્યું આને હું હરાવી શકતો નથી. કાંઈક ઉપાય બતાવો. ત્યારે શ્રીકૃષ્ણે ભીમને જરાસંઘના જન્મની વાત અને બે ફાડિયા સાંધવાની વાત કરી કહ્યું કે તેને ઊભો ચીરી નાખો તો જ તે મરશે. આથી ભીમે તેને ચીરી નાખ્યો અને બંને ફાડિયા એકબીજાથી વિરુદ્ધ દિશામાં નાખી વચ્ચે ગારાથી મહાદેવનું શિવલિંગ બનાવી દીધું. પછી બંને ફાડિયા ધીમે ધીમે ભેગા થવા આવ્યા પણ દિશા વિરુદ્ધ હોવાથી અને વચ્ચે શિવલિંગ હોવાથી તે ભેગા થઈ શક્યા નહિ અને જરાસંઘ મૃત્યુ પામ્યો. શ્રીકૃષ્ણે જરાસંઘના બંદી કેદી રાજાઓને મુક્ત કર્યા. (૨)

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૪, પાના નં. ૩૪૪૫

(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** દ્વિતીય ખંડ, દસમો સ્કંધ. ૭૨મો અધ્યાય. પાના નં. ૪૯૧થી ૪૯૫.

૧૧૬. શિશુપાલ

શિશુપાલ રાજા હતો, પરંતુ તે આસુરી બુદ્ધિવાળો હતો. તે શ્રીકૃષ્ણ સાથે ખૂબ ઈર્ષા કરતો અને તેને કટુ વચન કહેતો.

શિશુપાલ પૂર્વનો જય નામનો વૈકુંઠધામનો પાર્ષદ હતો. ભગવાન વિષ્ણુના દ્વારે જય-વિજય નામના બે દ્વારપાળ હતા. તે પૈકી તે જય હતો. સનકાદિકો વિષ્ણુના દર્શને આવ્યા ત્યારે જય વિજયે તેમને પ્રભુના દર્શન કરતા અટકાવ્યા. આથી સનકાદિકોએ જયવિજયને સો જન્મો સુધી દુ:ખ ભોગવવાનો શાપ આપ્યો. પરંતુ જય-વિજયે માફી માંગતા શાપને હળવો કરી ત્રણ જન્મો સુધી રાક્ષસ થવાનો અનુગ્રહ કર્યો. આથી જય-વિજયને ત્રણ જન્મો લેવા પડ્યા. પહેલો જન્મ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, બીજો જન્મ રાવણ અને કુંભકર્ણ અને ત્રીજો જન્મ શિશુપાલ અને કંસનો થયો. જે ત્રણેય જન્મોમાં રાક્ષસ થઈને પ્રભુ સાથે વૈરભાવ રાખ્યો અને તે રીતે વૈરભાવે પ્રભુની સ્મૃતિ રાખી આથી તેનો પ્રભુના હાથે મોક્ષ થયો. (૧)

શિશુપાલ ભગવાન શ્રી કૃષ્ણના ફઈબાનો પુત્ર હતો. સોમવંશી રાજા દમઘોષ તેના પિતા હતા. જેઓ ચેદિ દેશના રાજા હતા. (૩) ચેદિ દેશ (રાજ્ય) એટલે આજનો બુંદેલ ખંડ જાલોર અને ઝાંસી બાજુનો રાજસ્થાનનો પ્રદેશ. (૨) શિશુપાલ જન્મ્યો ત્યારે તેને જન્મકાળે હિરણ્યકશિપુના અંશો હતા. એટલે કે તેને ત્રણ આંખો અને ચાર હાથ હતા અને જન્મતાવેંત ગર્દભ જેવો અવાજ કાઢ્યો તેથી તેને અપશુકનિયાળ ગણી ત્યાગ કરતા હતા. તેવામાં આકાશવાણી થઈ કે તેને મારશો નહિ. જેના ખોળામાં આને બેસાડતા તેના વધારાના બે હાથ અને આંખ ખરી પડશે અને તે વ્યક્તિના હાથે આનું મોત થશે. એટલે તેને જીવતો રાખ્યો. શિશુપાલના માતા જે કોઈ પોતાના ઘરે આવે તેના ખોળામાં આ બાળકને મૂક્તા કે આના હાથ-આંખ દૂર થાય છે કે નહીં ? એકવાર શ્રીકૃષ્ણ તેમના ઘરે આવ્યા. ફઈબાએ તરત જ બાળકને તેના ખોળામાં મૂક્યો અને બાળકના વધારાના હાથ અને ત્રીજી આંખ ખરી પડી. એટલે ફઈબાને ખબર પડી ગઈ કે શ્રીકૃષ્ણના હાથે શિશુપાલનું મોત

થશે. આથી ફઈબાએ કહ્યું કે, તું મને વચન આપ કે આ બાળકને તું નહિ મારે. ત્યારે શ્રીકૃષ્ણ વચન આપે છે કે, ફઈબા તમારા માન ખાતર હું વચન આપું છું કે આને હું નહિ મારું પણ તે મને સો ગાળ દેશે ત્યાં સુધી જ હું સહન કરીશ. એકસો એકમી ગાળ બોલશે તો હું તેને મારી નાખીશ. (૩)

શિશુપાલ મોટો થયો ત્યારે ભીષ્મક રાજાના મોટા પુત્ર રૂક્મિએ તેની બેન રુક્મિણીને શિશુપાલ સાથે પરણાવવાનો વિચાર કર્યો, પરંતુ તેની બેન તો શ્રીકૃષ્ણને મનથી વરી ચૂકી હતી. આથી તેણે શ્રીકૃષ્ણને સંદેશ મોકલ્યો કે પોતાને આવીને લઈ જાય. આથી શ્રીકૃષ્ણ અને બલરામ લશ્કર લઈને આવ્યા અને શ્રીકૃષ્ણ રુક્મિણીનું હરણ કરી ગયા. પાછળથી રૂક્મિ પણ લશ્કર લઈને પાછળ ગયો. બંને વચ્ચે યુદ્ધ થયું પણ શ્રીકૃષ્ણએ તેને હરાવી માનભંગ કરી જીવતો છોડી દીધો. (૩)

ઈન્દ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો. તેમાં રાજા તરીકે શિશુપાલ પણ આવ્યો. ત્યારે ભીષ્મના કહેવાથી યુધિષ્ઠિરે અગ્રપૂજા શ્રીકૃષ્ણને આપવા માંડી. ત્યારે શિશુપાલ ઈર્ષાથી બળી ઉઠ્યો. તેણે શ્રીકૃષ્ણની નિંદા કરવા માંડી. ભરસભામાં શ્રીકૃષ્ણને આ રીતે ગાળો દેવા માંડ્યો. તે વખતે શ્રીકૃષ્ણ તેના અપરાધ ગણવા માંડ્યા. તેમણે શિશુપાલના સો અપરાધ માફ કર્યા. પણ જ્યાં ૧૦૧મી ગાળ બોલ્યો ત્યારે શ્રીકૃષ્ણએ તેનો સુદર્શન ચક્રથી શિરચ્છેદ કર્યો. (૩)

શિશુપાલનો શિરચ્છેદ થતાં જ તેના શરીરમાંથી એક જ્યોત નિકળી અને શ્રીકૃષ્ણના શરીરમાં સમાઈ ગઈ. આ દૃશ્ય જોઈ યુધિષ્ઠિરને મહાઆશ્ચર્ય થયું કે આનું સ્થાન તો નરકમાં હોવું જોઈએ તેને બદલે શ્રીકૃષ્ણમાં કેમ સમાઈ ગયો ? ત્યારે નારદજી શિશુપાલના પૂર્વજન્મનું વૃત્તાંત કહે છે ત્યારે યુધિષ્ઠિરને સાચી વાત સમજાઈ અને પ્રભુનો મહિમા વિશેષ જાણ્યો. (૧)

વચનામૃતમાં શ્રીહરિએ શિશુપાલને યાદ કર્યો છે.

★ ગઢડા પ્રથમ : ૩૧મું વચનામૃત :

...અને તે દોષને જોનારે ખોટ્ય કાઢી તેણે કરીને પરમેશ્વરના અવતાર અથવા સંત તે શું કલ્યાણકારી નહિ ? તે તો કલ્યાણકારી જ છે. પણ જેને અવળી બુદ્ધિ હોય તેને અવળું જ સૂઝે. જેમ શિશુપાલ એમ જ કહેતો કે, પાંડવ તો વર્ણશંકર છે ને પાંચે જણે એક સ્ત્રી રાખી છે માટે અધર્મી પણ છે.'

શિશુપાલ પાંડવોને વર્ણશંકર એ માટે કહેતો હતો કે, પાંડવોની માતા કુંતામાતાએ પોતાને દુર્વાસામુનિ દ્વારા મળેલ વરદાન અનુસાર પ્રથમ મંત્રશક્તિથી સૂર્યનારાયણને આહ્‌વાન કરતા તે દેવ પ્રગટ થયા અને તેના થકી કર્ણનો જન્મ થયો. ત્યારબાદ ધર્મરાજા થકી યુધિષ્ઠિરનો જન્મ થયો અને ઇન્દ્ર મહારાજ થકી અર્જુનનો જન્મ થયો. આથી એક સ્રીને ત્રણ પતિ થયા તેથી શિશુપાલ પાંડવોને વર્ણશંકર કહેતો.

ગઢડા અંત્યના ૩૫માં વચનામૃતમાં,

શુકમુનિના પ્રશ્નના જવાબમાં શ્રીહરિએ વાત કરી છે કે, સાધુના દ્રોહનું શાસ્રમાં સર્વ કરતા અધિક પાપ કહ્યું છે. કેમકે સાધુના હૃદયને વિષે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે. માટે સાધુનો દ્રોહ કરે ત્યારે ભગવાનનો દ્રોહ થાય છે. કેમ જે સાધુનો દ્રોહ થતા તેના હૃદયમાં રહેલા ભગવાન તે દુઃખાય છે... અને કંસ, શિશુપાલ, પૂતના એ આદિક જે દૈત્ય તેમણે ભગવાનનો દ્રોહ કર્યો ને તેનું પણ ભક્તની પેઠે ભગવાને કલ્યાણ કર્યું. તેનો શો અભિપ્રાય છે જે એ દૈત્યે વૈરબુદ્ધિએ કરીને પણ ભગવાનનું ચિંતવન કર્યું, ત્યારે ભગવાને એમ જાણ્યું જે તેણે વૈરબુદ્ધિએ કરીને મારું ચિંતવન કર્યું ને મારા સંબંધને પામ્યા માટે એનું કલ્યાણ કરવું.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૩૪૬

(૨) **શ્રીમદ્ ભાગવત :** ગીતા પ્રેસ, ગોરખપુર. અધ્યાય-૫૪, સ્કંધ-૧૦ તથા અધ્યાય ૭૪ દશમ્ સ્કંધ

(૩) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૪, પાના નં. ૩૨૩૩

ભગવત્ ગો. મંડળ : ભાગ-૭, પાના નં. ૬૪૧૬

(૪) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૯, પાના નં. ૮૩૪૬

●

૧૧૭. પૂતના

ચિમનરાવજીના પ્રશ્નના **વડતાલ**ના ૬ઠ્ઠા વચનામૃતમાં શ્રીહરિ ચિમનરાવજીના પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે કે, જ્યારે ભગવાન એવો સંકલ્પ ધારીને પ્રગટ થાય છે કે, આ દેહે કરીને તો પાત્ર-કુપાત્ર જે જે જીવને મારી મૂર્તિનો યોગ થાય અને તેનું કલ્યાણ થાય. ત્યારે કૃષ્ણાવતારમાં પૂતના શ્રીકૃષ્ણને મારી નાખવા આવી તેમ છતાં શ્રીકૃષ્ણે તેને પરમપદ આપ્યું અને યશોદા માતાની બરોબર ગતિ આપી.

તો, આ પૂતના વિષે જાણીએ :

પૂતના કંસની અનુચર રાક્ષસી હતી. જે કૃષ્ણને મારવા માટે કંસના આદેશથી આવેલી. તે બકાસુરની બહેન થતી હતી. (૧)

બલિરાજાની પુત્રીનું નામ રત્નમાલા હતું. (બલિરાજા અસુર કુળના પણ ભગવાનના ભક્ત હતા) યજ્ઞશાળામાં વામન ભગવાનને જોઈને તેના હૃદયમાં પુત્ર સ્નેહનો ભાવ જાગ્યો. તે મનમાં અભિલાષા કરવા લાગી કે, જો મને આવું બાળક થાય તો તેને હું સ્તનપાન કરાવું તો મને આનંદ થાય. વામન ભગવાને પોતાના ભક્ત બલિરાજાની પુત્રીના આ મનોરથનું અનુમોદન કર્યું. તે રત્નમાલા દ્વાપર યુગમાં પૂતના રૂપે થઈ અને તે શ્રીકૃષ્ણના સ્પર્શથી (કૃષ્ણને સ્તનપાન કરાવી) તેની ઇચ્છા પૂર્ણ થઈ. (૨)

શ્રીકૃષ્ણના મામા કંસે બાળકૃષ્ણને મારી નાખવા પોતાની અનુચર રાક્ષસી પૂતનાને ગોકુળમાં મોકલી. આ પૂતના આકાશમાર્ગે ઊડી શકતી તથા મનવાંછિત રૂપ લઈ શકતી. તે આહિરોના નેસમાં ફરી નાના બાળકોને પોતાના ઝેર ચોપડેલા સ્તનનું પાન કરાવી મારી નાખતી. આ રીતે કંસના આદેશ અનુસાર તે ગોકુળમાં નંદબાબાના ઘરે સુંદર રૂપવાન સ્ત્રીનું રૂપ લઈને આવી અને બાલકૃષ્ણને ખોળામાં લઈ તેને પોતાનું સ્તનપાન કરાવા લાગી. પણ એના સ્તન ઉપર હળાહળ વિષ

લગાડેલું હતું કે સ્તનપાન કરતા જ બાલકૃષ્ણ મરી જશે. પણ બન્યું એથી ઊંધુ. પ્રભુ આંખ મીંચીને સ્તનપાન કરતા કરતા તેના જીવનું પણ પાન કરી ગયા. રાક્ષસી ભયંકર ચીસો પાડતી મૃત્યુ પામી. પણ પ્રભુના યોગમાં આવવાથી અને રાક્ષસીના સ્તનનું પાન કરવાથી પ્રભુએ તેને યશોદા માતા જેવી દિવ્યગતિ આપી તેનું કલ્યાણ કર્યું.

★ વચનામૃતમાં શ્રીહરિએ પૂતનાનો ઉલ્લેખ કર્યો છે :

★ વડતાલનું ૬ઠ્ઠું :

ચિમનરાવજીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ જણાવે છે કે, જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે મહાપાપણી જે પૂતના તેણે ભગવાનને ઝેર પાયું. તેને શ્રીકૃષ્ણ ભગવાને માતા યશોદાજી તે બરોબર ગતિ આપી.

★ ગઢડા અંત્યનું ૩૫મું :

...અને કંસ, શિશુપાલ, પૂતના એ આદિક જે દૈત્ય તેમણે ભગવાનનો દ્રોહ કર્યો ને તેનું પણ ભક્તની પેઠે ભગવાને કલ્યાણ કર્યું..

★ પાદટીપ :

(૧) **ભગવદ્ ગો. મંડળ :** ભાગ-૬, પાના નં. ૫૭૬૬

(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૩૭, ૬ઠ્ઠો અધ્યાય : પૂતના ઉદ્ધાર સ્કંધ : ૩

●

૧૧૮. પ્રલંબાસુર

પ્રલંબાસુરના પિતા કશ્યપ પ્રજાપતિ હતા અને દિતી તેમની માતા હતા. દિતીને ૪૨ પુત્રો હતા તે પૈકીનો આ પ્રલંબ હતો.

પ્રલંબાસુર દ્વાપરયુગમાં હતો. તે અસુર હતો. તે કંસનો ચાકર હતો. તે કંસની પ્રેરણાથી કૃષ્ણ અને બલરામને મારી નાખવા માટે ગોકુળમાં બાળ ગોવાળ બનીને આવ્યો. ભગવાન શ્રીકૃષ્ણ તેને જોતા જ ઓળખી ગયા તેમ છતાં તેઓ મિત્રતાનો પ્રસ્તાવ સ્વીકારી મનમાં વિચારી રહ્યા કે આનો કઈ યુક્તિથી વધ કરું. પછી તેમણે જાતજાતની કેટલીક રમતો કરી, જેમાં એક દળના બાળકોએ બીજા દળના બાળકોને પોતાની પીઠ ઉપર બેસાડી અમુક નક્કી કરેલા સ્થાન સુધી લઈ જવાના હતા, પણ તેમાં શરત એ હતી કે હારી જનાર બાળક ઘોડો બનીને જીતી જનારને પીઠ ઉપર બેસાડે. પ્રલંબે જોયું કે, શ્રીકૃષ્ણ તો મહાબળવાન છે તેમને હરાવી શકાશે નહીં તેથી તે કૃષ્ણના દળમાં રહ્યો અને બલરામને પીઠ ઉપર ચડાવી વેગપૂર્વક દોડવા લાગ્યો. બલરામજી મોટા પર્વત જેવું વજન ધરાવતા હતા તેથી તેમને દૂર સુધી લઈ જઈ શક્યો નહીં. આથી તેણે પોતાનું રાક્ષસી સ્વરૂપ ધારણ કરી લીધું અને બલરામને આકાશમાં લઈ જવા લાગ્યો. પહેલા તો બલરામજી થોડા ગભરાઈ ગયા હોય એવું લાગ્યું, પણ આકાશવાણીએ કહેતાં તેમને પોતાના સ્વરૂપની સ્મૃતિ થઈ આવતા નિર્ભય બની ગયા અને ક્રોધપૂર્વક પ્રલંબના માથા ઉપર મુઠ્ઠીનો પ્રહાર કર્યો. પ્રહાર થતાં જ પ્રલંબના મસ્તક ચૂરેચૂરા થઈ ગયા અને પ્રાણહીન થઈને પૃથ્વી ઉપર પડી ગયો. (૨)

પ્રલંબાસુર મૃત્યુને શરણે થતાં તેના શરીરમાંથી એક જ્યોત નીકળી અને બલદેવજીમાં વિલીન થઈ ગઈ. (૩)

આમ, બલદેવ દ્વારા પ્રલંબાસુરનો ઉદ્ધાર થયો.

વચનામૃતમાં શ્રીહરિએ પ્રલંબાસુરની વાત લીધી છે :

★ વચનામૃત ગઢડા પ્રથમનું ૫૯મું :

... એને ભગવાનને વિષે અસાધારણ હેત છે, પણ એ જાણતો નથી. જેમ પ્રલંબાસુર બળદેવને લઈ ચાલ્યો ત્યારે પોતામાં બળ તો અપાર હતું, પણ પોતે જાણતા ન હતા, પછી જયારે આકાશવાણીએ કહ્યું ત્યારે જાણ્યું. એવી રીતે ભક્તને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ તો છે પણ જણાતી નથી.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ** ભા. ૫ પાના નં. ૪૩૦૩

(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ.** સ્કંધ - ૧૦, અધ્યાય - ૧૮ શ્લોક : ૧૭થી ૨૯, ગીતા પ્રેસ, ગોરખપુર

(૩) **ગર્ગ સંહિતા :** ગીતા પ્રેસ, ગોરખપુર, પાના નં. ૧૮૧-૧૮૨

●

૧૧૯. સાંબ

બુદ્ધિવાળા અને વિચારને પામ્યાના **પંચાળાના ૧લા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, જેમ શાસ્ત્રમાં પાંચ પાંડવ, દ્રૌપદી ... સાંબ વગેરે ભક્તોના રૂપ-ગુણ લખ્યા છે. તેમના વચનના શ્રવણે કરીને તે ભક્તોના રૂપ-ગુણનું પ્રમાણ થાય છે.

સાંબ શ્રીકૃષ્ણના પુત્ર હતા. જાંબવતીના ઉદરે તેમનો જન્મ થયેલો. રૂપગુણમાં તેઓ પ્રદ્યુમ્ન કરતા ચડિયાતા હતા. અપ્સરાઓએ જ્યારે સાંબને જોયા ત્યારે શ્રીકૃષ્ણ કરતા તેમનામાં વધારે રૂપ જોતા સાંબમાં મોહી પડી હતી.

સાંબ દુર્યોધનની પુત્રીનું સ્વયંવરમાં અપહરણ કરી તેને પરણ્યો હતો. (૧)

તેની કથા જોઈએ :

દુર્યોધનની પુત્રીનો સ્વયંવર ચાલતો હતો ત્યારે સાંબે ત્યાં જઈ કન્યાનું અપહરણ કર્યું. આથી કૌરવોના મહારથી સાંબ સાથે યુદ્ધે ચડ્યા અને સાંબને હરાવી તેને બંદી બનાવ્યો. આ સમાચાર શ્રીકૃષ્ણને મળતા તે પુત્રને છોડાવવા સેના લઈને જતા હતા ત્યારે બલદેવજીએ કહ્યું કે, હું એકલો જઈ સાંબને છોડાવી લાવીશ. આથી તેઓ ગયા અને સાંબને છોડી દેવા કહ્યું. પણ કૌરવો ન માન્યા. આથી બલદેવજીએ પોતાના મુશળને ધરતીમાં ખોસી જોશથી હલાવ્યું ત્યાં તો હસ્તિનાપુર આખું ધ્રુજી ઉઠ્યું અને જમીનમાં મોટી તીરાડો પડી ગઈ. આથી કૌરવો ધ્રુજી ગયા કે જો સાંબને નહીં છોડીએ તો બલદેવજી આપણો બધાનો નાશ કરી નાખશે. પછી કૌરવોએ સાંબને માનપૂર્વક છોડીને બલદેવજીને સુપ્રત કરી ક્ષમા માંગી. ત્યારબાદ દ્વારકા આવીને સાંબના દુર્યોધનની કન્યા સાથે વિવાહ થયા. (૨)

યાદવો શ્રીકૃષ્ણના પુત્રો હતા. પણ ઉદ્દંડ હતા. સુરાનું પાન કરી મનસ્વી અને ઉદ્ધત બની ગયા હતા. શ્રીકૃષ્ણને તેઓ પ્રભુ સ્વરૂપે નહીં પણ એક રાજા

તરીકે માનતા હતા. યાદવો જ્યારે ખૂબ ઉદ્દંડ બની ગયા ત્યારે શ્રીકૃષ્ણે તેમનો નાશ કરવાનું વિચાર્યું અને સૌ યાદવોને લઈને પ્રભાસક્ષેત્રમાં આવ્યા. શ્રીકૃષ્ણે તેમને સુરાપાનની ના પાડી હતી છતાં તેઓ સુરાપાન કરવા લાગ્યા.

ભગવાને પિંડારક ક્ષેત્ર (પ્રભાસ ક્ષેત્ર)માં કેટલાક મુનિઓને મોકલ્યા. જેમાં વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા, ભૃગુ, અંગિરા, કશ્યપ, વામદેવ, વસિષ્ઠ, નારદ વગેરે હતા. તે સમયે યાદવો સાંબને ગર્ભવતી સ્ત્રીનો વેશ પહેરાવી મુનિઓ પાસે લઈ ગયા અને બનાવટી નમ્રતા ધારણ કરી મુનિઓની મશ્કરી કરવાના હેતુસર તેમને પૂછ્યું કે, આ સ્ત્રી ગર્ભવતી છે. તમને પૂછતા શરમાય છે. આપનું જ્ઞાન અમોઘ છે. તેથી આપ કહો કે આ સ્ત્રીથી પુત્ર જન્મશે કે પુત્રી ? (૩)

મુનિઓ ત્રિકાળજ્ઞાની હતા. તેઓએ જાણ્યું કે આ ઉદ્ધત યાદવો અમારી મશ્કરી કરે છે તેથી તેઓ ગુસ્સે ભરાયા અને તેમને શાપ આપ્યો કે, આ સ્ત્રીને મૂસળ અવતરશે અને તે તમારા યાદવકુળનો નાશ કરશે. (૩)

યાદવો આ સાંભળી ગભરાઈ ગયા. સાંબના પેટે બાંધેલા પાટા ખોલ્યા. ત્યાં તો સાચે તેમાંથી મૂસળ નીકળ્યું. યાદવો મૂસળ લઈને રાજા ઉગ્રસેન પાસે પહોંચ્યા. રાજાએ આ મૂસળને પથ્થર સાથે ઘસાવી તેનો ભૂકો અને બાકી વધેલો અણીદાર કટકો દરિયામાં ફેંકાવી દીધો. થોડા દિવસ પછી એ મૂસળનું ચૂર્ણ સમુદ્રની લહેરો દ્વારા કિનારા પર આવ્યું અને તેમાંથી નેતર નામનું અણીદાર ઘાસ ઉગ્યું અને લોખંડનો ટુકડો માછલી ગળી ગઈ. આ માછલી માછીમારની જાળમાં સપડાઈ અને માછીમારે માછલીના પેટમાં પડેલો ટુકડો પોતાના બાણના અગ્રભાગ પર લગાડ્યો. (૩)

આ બધુ ભગવાનની ઈચ્છાથી થયું. શ્રીકૃષ્ણ ધારત તો ઋષિઓનો શાપ મિથ્યા કરી શકત પણ તેમણે તેવું ન કર્યું.

આ બાજુ સુરાપાન કરી યાદવો પ્રભાસક્ષેત્રમાં આવ્યા અને ત્યાં હાંસીમજાક કરતા લડાઈ ઝગડો કર્યો. દરિયાકિનારે ઉગેલા આ અણીદાર નેતરથી એકબીજાને મારવા લાગ્યા અને હિંસક યુદ્ધ ફાટી નીકળ્યું અને કૃષ્ણની સામે જ તેના પુત્રોએ એકબીજાનો સંહાર કર્યો. સાંબ પણ તે આંતરવિગ્રહમાં મૃત્યુ પામ્યો.

વચનામૃતમાં શ્રીહરિએ શ્રીકૃષ્ણ પુત્ર સાંબનો ઉલ્લેખ કર્યો છે :

★ પંચાળાનું ૩જું :

...જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી... તપ કરીને શ્રીકૃષ્ણને પામી હતી પણ જો ભગવાન કરતા સાંબને વિષે અધિકરૂપ દીઠું તો તેમાં મોહ પામી.

★ પંચાળાનું ૧લું :

...જેમ પાંડવ, દ્રૌપદી, કુંતાજી ... તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઈત્યાદિ ભક્તના રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યા છે.

★ પાદટીપ :

(૧) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૧૦, અધ્યાય : ૬૮

(૨) **શ્રી વિષ્ણુ પુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૪૦૫થી ૪૦૭ (પંચમ અંશ)

(૩) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** અગિયારમો સ્કંધ. પહેલો અધ્યાય.

●

૧૨૦. સત્રાજિત

મનુષ્ય ભાવમાં દિવ્યભાવના **પંચાળાના ૪થા વચનામૃત**માં મુનિબાવાના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ ભગવાનના દિવ્ય ચરિત્રો વિષે સમજાવે છે કે, ભગવાનનું સ્વરૂપ માયિક હોવા છતાં દિવ્ય છે... સત્રાજીત યાદવ પાસે સૂર્ય આવતા ત્યારે માણસ જેવા થઈને આવતા...!

સત્રાજિત વિષે જાણીએ :

સોમવંશી યદુકૂલોત્પન્ન સાત્વત વંશના અનમિત્ર રાજાના નિમ્ન નામના પુત્રનો મોટો પુત્ર. તેને સૂર્યનારાયણ દેવની ઉપાસનાથી સ્યમંતક મણિ મળ્યો હતો તે તેનાથી ખોવાયો. કૃષ્ણે આ મણિની માંગણી કરેલ તેથી શ્રીકૃષ્ણ મણિ ચોરી ગયા છે તેવો તેણે આરોપ નાખ્યો. શ્રીકૃષ્ણે જાંબુવાન પાસેથી તે મણિ પરત લઈ આવીને સત્રાજીતને સોંપ્યો. આથી છોભીલા પડેલા રાજાએ પોતાની કન્યા સત્યભામા શ્રીકૃષ્ણની સાથે પરણાવી. પરંતુ શતધન્વાને આ મણિ જોઈતો હતો તેથી તેણે સત્રાજીતને મારી નાખ્યો. અને મણિ ઉપાડી ગયો. શ્રીકૃષ્ણ તેની પાછળ પડ્યા અને શતધન્વાને મારી નાખ્યો.

(આ અંગેની વધુ વિગત સત્યભામાના પ્રકરણમાં છે તથા ભાગવતના સ્કંધ ૧૦ના અધ્યાય ૫૬ અને ૫૭માં છે.)

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો મંડળ : ભાગ-૯ :** પાના નં. ૮૪૭૭

●

૧૨૧. કાળયવન

નિશ્ચયરૂપી ગર્ભના જતનના **ગઢડા મધ્યના ૧૦મા વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, ભગવાનના કેટલાક ચરિત્ર દિવ્ય હોય છે ને કેટલાક માયિક જેવા હોય છે. જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે દેવકી વસુદેવને ચતુર્ભુજ દર્શન દીધું તથા ગોવર્ધન તોળ્યો … તે ભગવાનના દિવ્ય ચરિત્ર કહેવાય અને સીતાહરણ થયું… કૃષ્ણાવતારમાં કાળયવનની આગળ ભાગ્યા ઈત્યાદિક જે ભગવાનના ચરિત્ર તે પ્રાકૃત જેવા જણાય છે…!

કાળયવન વિષે જાણીએ.

કાળયવન કાબુલના તાલજંઘ (અફઘાનિસ્તાન) નામના રાજાનો પુત્ર હતો. તે યવન હતો. તે જરાસંઘ તરફથી કૃષ્ણ સામે યુદ્ધ માટે આવ્યો હતો. (૧)

કાળયવન જરાસંઘનો મિત્ર હતો. જરાસંઘને બે પુત્રીઓ હતી : અસ્તિ અને પ્રાપ્તિ. જે બંને કંસને પરણાવી હતી. શ્રીકૃષ્ણે કંસને મારી નાખ્યો. તેથી જરાસંઘની બંને પુત્રીઓ વિધવા થઈ આથી જરાસંઘ શ્રીકૃષ્ણ ઉપર ક્રોધે ભરાયો અને યાદવકુળનો નાશ કરી નાખવા માટે શ્રીકૃષ્ણ ઉપર વારંવાર ચડાઈ કરતો હતો. આ ચડાઈમાં કાળયવને જરાસંઘને સાથ આપ્યો. ૧૮મી વખત જરાસંઘે ચડાઈ કરી તેમાં કાળયવન પણ સાથે આવ્યો. કાળયવનને નારદે ઉશ્કેરીને યુદ્ધ કરવા મોકલેલો. આ સમાચાર સાંભળી શ્રીકૃષ્ણે વિશ્વકર્માને કહીને તાત્કાલિક એક રાતમાં દ્વારિકા નગરી સમુદ્ર વચ્ચે ઊભી કરી અને પોતાની યોગમાયાથી તેમના સગાંસંબંધી યાદવો વગેરેને દ્વારિકા મોકલી દીધા. બાકી રહેલ પ્રજાની રક્ષા માટે બલરામજીને રાખ્યા અને પોતે કંઈક યુક્તિ કરી. શ્રીકૃષ્ણ પોતે એકલા શસ્ત્ર વગર મથુરાની બહાર નીકળ્યા. પ્રભુના ગળામાં કૌસ્તુભ મણિ અને શ્રીવત્સ શોભી રહ્યા હતા. કાળયવને જોયું કે નારદજીના કહેવા મુજબ આ જ શ્રીકૃષ્ણ લાગે છે અને શસ્ત્ર વગર આવે છે માટે મારે પણ તેમની સામે શસ્ત્ર વગર જ

લડવું. આથી તે શ્રીકૃષ્ણ સામે દોડ્યો. શ્રીકૃષ્ણનું ધ્યાન જતાં તે વિરુદ્ધ દિશામાં દોડ્યા. કાળયવન તેને આંબી જાય એટલા અંતરે જ શ્રીકૃષ્ણ દોડતા હતા અને હમણાં પકડાઈ જશે તેવા વિચારમાં કાળયવન તેમની પાછળ દોડતો દોડતો બોલતો હતો કે, તમે યદુવંશમાં પેદા થયા છો, તમને આ રીતે નાસવું યોગ્ય જણાતું નથી. તમે ઊભા રહો. પણ શ્રીકૃષ્ણ ઊભા ન રહેતા દોડતા દોડતા રૈવાતાચળ પર્વત (ગીરનાર પર્વત)ની ગુફામાં જતા રહ્યા. તો તેની પાછળ કાળયવન પણ ગયો. ગુફામાં જઈને શ્રીકૃષ્ણ પોતાનું ઉત્તરીય વસ્ત્ર ત્યાં સુતેલા મુંચકુંદ રાજાની ઉપર ઓઢાડી ગુફાની અંદર સંતાઈ ગયા. (૨)

કાળયવન ગુફામાં આવ્યો અને તેણે જોયું કે, શ્રીકૃષ્ણ ત્યાં આવીને સૂઈ ગયા લાગે છે કેમકે શ્રીકૃષ્ણનું સોનેરી ઉત્તરીય ઓઢેલું હતું. આથી તે ગુસ્સે ભરાયો અને મુંચકુંદ રાજાને શ્રીકૃષ્ણ ધારી તેને પગની લાત મારી જગાડ્યા. રાજા જાગી ગયા ને કાળયવન સામે દૃષ્ટિ કરતા જ તેને મળેલ વરદાન મુજબ અગ્નિ પ્રગટ્યો અને તે અગ્નિમાં કાળયવન બળીને ભસ્મ થઈ ગયો. ત્યારબાદ શ્રીકૃષ્ણે ગુફામાંથી બહાર આવીને રાજાને દર્શન આપ્યા. (૨)

મુચકુંદ રાજાની એમ કથા છે કે, પોતે ઈન્દ્ર રાજાના આમંત્રણથી સ્વર્ગમાં દેવ અને દાનવોની લડાઈમાં ઈન્દ્ર તરફથી યુદ્ધ કરવા ગયેલા. વર્ષો સુધી યુદ્ધ ચાલ્યું. અંતે દેવો વિજયી થયા. મુચકુંદ રાજા યુદ્ધના પરિશ્રમથી થાકી ગયા હતા. આથી તેમણે કહ્યું કે, મને ખૂબ નિદ્રા આવે છે. મને કોઈ એવું સ્થાન બતાવો કે જ્યાં હું નિરાંતે સૂઈ શકું. મને કોઈ જગાડે નહિ. મારી ઈચ્છા વિરુદ્ધ કોઈ મને જગાડે તો તે બળીને ભસ્મ થઈ જાય. રાજા આવા આશીર્વાદ મેળવી ગીરનારની તળેટીમાં આવેલી ગુફામાં સૂઈ ગયા. અને ત્યાં શ્રીકૃષ્ણ કાળયવનને ખેંચી લાવ્યા અને તેનો નાશ કર્યો. સાથે મુચકુંદ રાજાને દર્શન આપી તેનું પણ કલ્યાણ કર્યું. (૨)

જે જે અસુરો દ્વાપરમાં શ્રીકૃષ્ણના હાથે હણાયા તેનું તો કલ્યાણ થયું પરંતુ જે અસુરો યુદ્ધમાં કે અન્ય રીતે હણાયા હતા તે જીવો કળીયુગમાં પ્રભુ સામે વેર વાળવા અધર્મી થઈને, કે અસાધુ થઈને જન્મ ધારણ કર્યો. એટલે કે કાળયવન જેવા અસુરો દ્વાપરમાં પ્રભુના હાથે હણાયા ન હતા તેઓ ફરી જન્મ લઈ પ્રભુને

તથા પ્રભુના ભક્તોને હેરાન કરવા આવ્યા.

આ વાત **નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણિના પ્રકરણ-૯માં લખે છે:**

'વળી દ્વાપર કળિની સંધે, આપે હણ્યા હરિએ અસંત...૩
જેને શ્રીકૃષ્ણે હાથે હણ્યા, તે તો પામ્યા પદ નિર્વાણ.
પણ જિયાંતિયા જુધે મૂઆ, તે સર્વે થયા અસુરાણ... ૪
અતિ વિષય વાસનાવાળા, વૈર કૃષ્ણ સાથે વાળવા
અસદ્‌ગતિ પામી અવતર્યા, દૈત્ય હજારે હજાર હવા...૫

કહેવાય છે કે ગીરનાર તળેટીની સામે એક ગુફા છે તે જગ્યાએ મુચકુંદરાજા સુતેલા હતા તે જગ્યા અત્યારે મોજુદ છે. (૩)

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૨૪૧

(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ગીતા પ્રેસ, ગોરખપુર. દસમો સ્કંધ : અધ્યાય-૫૦ અને ૫૧, પાના નં. ૩૭૩થી ૩૮૧ (ઉત્તરાર્ધ)

(૩) લોકોક્તિ અને દંતકથા મુજબ

●

૧૨૨. કાળનેમી

કાળનેમી રાક્ષસ હતો. તે રાવણનો મામો થતો હતો. તે શ્રીરામના કાળમાં થઈ ગયો. (૧)

લંકામાં રામ-રાવણનું યુદ્ધ ચાલતું હતું. તે દરમ્યાન રાવણ-પુત્ર મેઘનાદે લક્ષ્મણજી ઉપર વીર ઘાતક સાંગ છોડી. જેનાથી લક્ષ્મણજી બેભાન થઈ ગયા. લક્ષ્મણજીને જાગૃત કરવા ઘણાં પ્રયત્ન કર્યા પણ જાગ્યા નહિ. આથી જાંબુવંત બોલ્યા કે, સુક્ષેણ નામના વૈદ્ય લંકામાં રહે છે. તેને અહીં લાવો અને ઉપચાર કરવો. આથી હનુમાનજી ગયા અને સુક્ષેણ વૈદ્યને તેના ઘર સહિત લઈ આવ્યા. સુક્ષેણે સંજીવની ઔષધીનો ઉપચાર બતાવ્યો તેથી વનસ્પતિ જે પર્વત ઉપર હોય તે લેવા હનુમાનજી ગયા. (૨)

આ બાજુ રાવણને તેના ગુપ્તચર દ્વારા જાણ થઈ કે, લક્ષ્મણજીની મૂર્છા વળે તે માટે સુક્ષેણ વૈદ્યે ઉપચાર બતાવ્યો છે તે ઔષધી લેવા હનુમાનજી તે પર્વત ઉપર ગયા છે. આથી હનુમાનજીને મારવા માટે રાવણ કાળનેમી રાક્ષસના ઘરે ગયા અને બધી વાત સમજાવી હનુમાનજીને તે ઔષધ લેવા ન જઈ શકે તે સમજાવ્યું. કાળનેમીને થયું કે, જો હું ના પાડીશ તો રાવણ જેવા દુષ્ટના હાથે મારું મૃત્યુ થશે તેને બદલે હનુમાનજી જેવા ભગવાનના ભક્તના હાથે મારું મૃત્યુ થાય તો મારું કલ્યાણ થાય એમ વિચારી, કાળનેમીએ હનુમાનજીના માર્ગમાં પોતાની માયાથી એક આશ્રમ રચી દીધો અને ત્યાં ઋષિનું રૂપ લઈને બેસી ગયા. હનુમાનજીએ રસ્તામાં આ આશ્રમ જોયો અને તેને ત્યાં જવાનું મન થયું. તેમને ઋષિ જાણીને તેને પ્રણામ કર્યા અને જળ માંગ્યું. ત્યારે ઋષિએ કમંડલમાંથી જળ આપ્યું. ત્યારે હનુમાનજી કહે, હું સરોવરમાં સ્નાન કરીને આવું. આથી તે સરોવરમાં સ્નાન કરવા ગયા ત્યાં એક મગરીએ તેમનો પગ પકડ્યો. ત્યારે હનુમાનજીએ તેને ગદા મારીને મારી નાખી. તો મગરી એક અપ્સરાનું રૂપ ધરી દિવ્ય દેહ લઈ રથમાં

બેસી આકાશમાર્ગે ઉપડી, પણ જતાં જતાં તે બોલી કે હે તાત ! તમે મને શાપથી મુક્ત કરી, પણ તમે જેને ઋષિ ધારો છો તે ઋષિ નથી ઘોર રાક્ષસ છે, માટે ચેતીને ચાલજો. હનુમાનજી ઋષિ પાસે ગયા અને તેને કહ્યું કે, મારે તમારી પાસે ગુરુમંત્ર લેવો છે પણ પહેલા તમે મારી ગુરુદક્ષિણા સ્વીકારો. એમ કહી ઋષિરૂપી રાક્ષસને પોતાના પૂંછથી બાંધીને જોશથી પછાડ્યો અને રાક્ષસ મૃત્યુ પામ્યો. પછી હનુમાનજી ઔષધ લેવા માટે તે પર્વત ઉપર ગયા. (૨)

★ **શ્રીહરિ ગઢડા મધ્યના દૈવી આસુરી કુળના લક્ષણના ૪૪માં વચનામૃત**માં કહે છે કે, આસુરી જીવ સત્સંગમાં રહ્યો હોય તો પણ જેવો કાળનેમી, રાવણ અને રાહુ હતા તે સરખો રહે પણ એને સંતનો સંગ લાગે નહિ.

આમ કાળનેમીએ પોતે ઋષિનું રૂપ ધારણ કર્યું અને હનુમાનજી જેવા શ્રેષ્ઠ ભક્તના સંગમાં આવ્યો તો પણ તેની આસુરી બુદ્ધિ ટળી નહિ અને તેને મારી નાખવા માટે તૈયાર થયો. તેને સંગ લાગ્યો નહિ. માટે શ્રીહરિ આસુરી જીવોને કાળનેમી અને રાવણની ઉપમા આપી છે કે, સાક્ષાત્ ભગવાનના યોગમાં આવ્યા તો પણ તેની આસુરી બુદ્ધિ ટળી નહિ.

વળી રાવણે સીતાનું હરણ કરવા સાધુનું રૂપ લીધું. રાહુએ અમૃતપાન કરવા દેવતાનું રૂપ લીધું. એટલે શ્રીહરિ કહે છે કે, આવા અસુરો સંતનું રૂપ ધારણ કરે કે દેવતાનું. પણ તેને સાધુના સંગની અસર ન થાય. આમ કાળનેમી સાધુ બન્યો છતાં તેના આસુરી સ્વભાવની નિવૃત્તિ ન થઈ.

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૩, પાના નં. ૨૨૪૦

(૨) **તુલસીકૃત રામાયણ :** પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ. લંકાકાંડ, ચોપાઈ નં. ૫૪થી ૫૮ સારાંશ.

●

૧૨૩. વૃત્રાસુર

વૃત્રાસુર રાક્ષસ હતો. તે પૂર્વજન્મમાં ચિત્રકેતુ રાજા હતો. પણ પાર્વતીજીનો શાપ થતા તે રાક્ષસ યોનિને પામેલ.

ત્વષ્ટા નામના પ્રજાપતિના પુત્ર વિશ્વરૂપને ઈન્દ્ર મહારાજાએ મારી નાખ્યો આથી ઈન્દ્રને મારી નાખવા માટે ત્વષ્ટાએ યજ્ઞ કર્યો. જેમાંથી ઈન્દ્રને મારવા માટે એક રાક્ષસ ઉત્પન્ન થયો તે રાક્ષસનું નામ વૃત્રાસુર. (૧)

તે રાક્ષસ વૃત્રાસુર પૂર્વજન્મમાં કોણ હતો અને રાક્ષસ શું કામ થયો ? તે કથા જાણીએ :

પૂર્વે ચિત્રકેતુ નામનો રાજા હતો. તે મહા બળવાન, જ્ઞાની અને વિચક્ષણ હતો. તેને ૧ કરોડ રાણીઓ હતી પણ એકેય રાણી થકી તેને સંતાન ન મળ્યું. આથી રાજા દુઃખી રહેતો હતો. એકવાર તેના રાજ્યમાં અંગીરા ઋષિ આવ્યા અને તેમના આશીર્વાદથી રાજાની પ્રિય રાણીને પુત્ર થયો. પરંતુ અન્ય રાણીઓને આવી ઈર્ષા થતા તેમણે પુત્રને ઝેર આપીને મારી નાખ્યો. આથી રાજા ખૂબ દુઃખી થઈ ગયો. તેને અંગિરા ઋષિનું વચન યાદ આવ્યું કે, આ પુત્ર તને સુખ અને દુઃખ બંને આપશે. રાજાને જીવનનું સાચું રહસ્ય સમજાયું. તેને સંસારથી વૈરાગ્ય થયો અને કરોડ સ્ત્રીને છોડીને જંગલમાં તપ કરવા જતો રહ્યો. એકવાર તે વિદ્યાધર બની વિમાનમાં બેસી કૈલાસ બાજુ નીકળ્યો. ત્યાં નીચે મહાદેવ અને પાર્વતીજીને જોયા. પરંતુ મહાદેવના ખોળામાં પાર્વતીજીને બેઠેલા જોયા. આથી ચિત્રકેતુને મનમાં થયું કે, હું કરોડ સ્ત્રીને છોડીને આવ્યો છું, પરંતુ મહાદેવ તો મોટા દેવ કહેવાય છે છતાં એક સ્ત્રીને મૂકી શકતા નથી. આ રીતે જાહેરમાં સ્ત્રીને પોતાની ગોદમાં બેસાડે છે. આ સંકલ્પ શિવજીએ જાણ્યો પણ તે તો જ્ઞાની હતા, તેથી તેમણે રાજાના સંકલ્પને હસી કાઢ્યો. પરંતુ પાર્વતીજી મનમાં ગુસ્સે ભરાયા કે, મહાદેવ વિષે આવા હીણા વચન કાઢે છે ? તેથી તેણે ચિત્રકેતુને

શાપ આપ્યો કે, તું રાક્ષસ બની જા. રાજાને પોતાની ભૂલ ઓળખાણી તેણે પાર્વતીજીની માફી માંગી અને અનુગ્રહ કરવા વિનંતી કરી. રાજા પોતે જ્ઞાની અને સમર્થ હતો તે ધારત તો પાર્વતીજીને પણ સામો શાપ આપી શકત. પણ તેણે ન આપ્યો. બલ્કે શાપ સહર્ષ સ્વીકારી લીધો. (૨)

આથી બીજા જન્મે ચિત્રકેતુ રાજા પાર્વતીજીના શાપને લીધે વૃત્રાસુર નામનો મહા બળવાન રાક્ષસ થયો. વૃત્રાસુરના ભાઈને ઇન્દ્રે મારી નાખ્યો આથી તે ઇન્દ્ર સામે લડવા ગયો. ઇન્દ્ર રાક્ષસને જીતી શક્યો નહિ આથી તેણે રાક્ષસ સાથે સંધિ કરી પરંતુ ઇન્દ્રને મનમાં તો એવો જ સંકલ્પ કે હું લાગ આવ્યે વૃત્રાસુરને મારી નાખીશ. આથી અસુરને કેમ મારવો ? તેનો ઉપાય ભગવાન વિષ્ણુને પૂછ્યો ત્યારે પ્રભુએ કહ્યું કે, રાક્ષસ કોઈ આયુધથી મરશે નહિ માટે તેને મારવા માટે તમે દધિચી ઋષિના કરોડરજ્જુમાંથી વજ્ર બનાવો. તો એ હાડકાના આયુધથી રાક્ષસ મરશે. આથી દેવો ભેગા થઈને ઋષિ પાસે જઈ રાક્ષસને મારવાના ઉપાય તરીકે તેમના હાડકા માંગ્યા. ઋષિએ હા પાડી. આથી ઇન્દ્રની ગાયો આવી અને ઋષિને ચાટવા લાગી. ચાટતા ચાટતા માંસ લોહી બધુ ચાટી લીધું અને ફક્ત હાડપિંજર રહ્યું. પછી તે કરોડરજ્જુના હાડકામાંથી વિશ્વકર્માએ વજ્ર બનાવ્યું અને તે લઈને ઇન્દ્ર તેની સામે લડવા ગયો. યુદ્ધના મેદાનમાં પણ વૃત્રાસુરે ઇન્દ્રને ઉપદેશરૂપ જ્ઞાન આપ્યું. અંતે વજ્રથી ઇન્દ્રે વૃત્રાસુરનો સંહાર કર્યો. (૨)

વૃત્રાસુર ઇન્દ્ર સાથેની લડાઈમાં જાણી ગયો કે, હવે મારું મોત ઇન્દ્રના હથિયાર વજ્રથી નક્કી છે. તેથી તેણે પ્રભુને જે પ્રાર્થના કરી છે તે ખૂબ પ્રસિદ્ધ અને મનોહર છે. જેનો ઉલ્લેખ ભાગવતમાં છે જે જાણીએ :

હે પ્રભુ ! તમે મારા ઉપર એવી કૃપા કરો કે તમારા ચરણ કમળના અનન્ય ભાવે આશ્રિત થયેલા સેવકોની સેવા કરવાનો અવસર મને આગામી જન્મમાં પ્રાપ્ત થાઓ. મારું ચિત્ત તમારા મંગલમય ગુણોનું સ્મરણ કરતું રહે.

હે સૌભાગ્યનિધિ, મને તમારો વિરહ પામીને બ્રહ્મલોક, સ્વર્ગ, ભૂમંડળનું સામ્રાજ્ય, એકચક્રી રાજ્ય, સિદ્ધિઓ કશું જ જોઈતું નથી. મોક્ષ પણ જોઈતો નથી. જેમ પક્ષીઓના પાંખ વિનાના બચ્ચાં પોતાની માતાની રાહ જોયા કરે છે, જેમ ભૂખ્યા વાછરડા પોતાની માતાનું દૂધ પીવાને આતુર રહે છે, જેમ વિરહિણી પત્ની પ્રવાસે ગયેલા પોતાના પ્રિતમને મળવાની ઉત્કંઠા કરે છે. તેવી જ રીતે હે

કમળનયન ! મારું ચિત્ત તમારા દર્શન માટે તરફડી રહ્યું છે... હું જ્યાં જ્યાં જાઉં જે જે યોનિમાં જન્મું ત્યાં ત્યાં ભગવાનના પ્રિય ભક્તો સાથે મારી પ્રેમપૂર્ણ મૈત્રી કાયમ રહો...! (૩)

★ **ગઢડા મધ્યના ૧૩માં વચનામૃત**માં શ્રીહરિ સ્વરૂપ-નિષ્ઠાની દૃઢપણાની વાત કરતા વૃત્રાસુરને યાદ કરતા કહે છે કે, ...ને કોઈક પ્રારબ્ધ કર્મને વશ થઈને જો કોઈક નીચ ઉચ્ચ દેહની પ્રાપ્તિ થાય તો પણ વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહિ.

આમ વૃત્રાસુર રાક્ષસયોનિ પામ્યો પણ પૂર્વે તે ચિત્રકેતુ રાજા હતો અને પ્રભુ મેળવવા જંગલમાં તપ કરવા ગયેલ તેને જ્ઞાન હતું. તેથી તો તેણે પાર્વતીજીને સામો શાપ ન આપ્યો અને પોતાને મળેલ શાપ સહર્ષ સ્વીકારી લીધો. પોતાની ભૂલ ઓળખી પાર્વતીજીની માફી માંગી તો આ જ્ઞાનને લીધે તે અસુર યોનિને પામવા છતાં તેનું અકલ્યાણ ન થયું અને તે પરમ પદને પામ્યો અને મરતી વખતે વૃત્રાસુરે ભગવાન વિષ્ણુની સ્તુતિ કરી અને ભગવાનને રાજી કર્યા. આમ તે પરમપદને પામ્યો. (૨)

તેથી શ્રીહરિએ **ગઢડા મધ્યના ૧૩માં વચનામૃત**માં કહેલ છે કે, વૃત્રાસુર રાક્ષસદેહને પામ્યો છતાં તેને તેના પૂર્વ જન્મમાં મેળવેલ જ્ઞાન યાદ હતું. જે અંતકાળે ભગવાનની સ્મૃતિમાં કામ લાગ્યું.

★ **પાદટીપ :**

(૧) **શ્રીમદ્ ભાગવત સુધાસાગર :** શુકસાગર, ગીતા પ્રેસ, ગોરખપુર. સ્કંધ-૬, અધ્યાય-૯નો સારાંશ.

(૨) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ૬ઠ્ઠો સ્કંધ, અધ્યાય-૯થી ૧૨નો સારાંશ

(૩) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ :** ૬ઠ્ઠો સ્કંધ, અધ્યાય-૧૧. શ્લોક નં. ૨૪થી ૨૭.

•

૧૨૪. શરભ

જ્યારે પ્રહલાદને તેના પિતા હિરણ્યકશિપુ મારી નાખવાના પ્રયત્નો કરતા હતા ત્યારે ભગવાન વિષ્ણુ તેની સર્વ પ્રકારે રક્ષા કરતા હતા, પરંતુ જ્યારે હિરણ્યકશિપુનો ત્રાસ અને પાપ અતિ વધી પડ્યા ત્યારે પ્રભુએ રાક્ષસરાજને મારી નાખવા માટે થાંભલામાંથી નૃસિંહરૂપે પ્રગટ થઈને તેનો નાશ કર્યો. પોતાના ભક્ત પ્રહલાદને તેના પિતાએ ખૂબ ત્રાસ આપ્યો આથી પ્રભુ રાક્ષસ ઉપર ખૂબ ગુસ્સે થયા. રાક્ષસને મારી નાખ્યા છતાં તેમનો ક્રોધ ઓછો થતો ન હતો. જો આમને આમ ક્રોધ ચાલુ રહે તો બ્રહ્માંડનો નાશ થઈ જાય તેમ હતો. આથી દેવતાઓ તેમની સ્તુતિ કરી વિનવવા લાગ્યા. તેમ છતાં પ્રભુનો ક્રોધ ઓછો ન થયો. આથી દેવતાઓએ શિવને પ્રાર્થના કરતા શિવે વિરભદ્રને આ નૃસિંહરૂપનો નાશ કરવા અને તેમનું મસ્તક અને ત્વચા લઈ આવવા આદેશ કર્યો. આથી વિરભદ્ર પ્રભુ પાસે જઈને પ્રથમ તો તેમની સ્તુતિ કરી ક્રોધ શમાવવા પ્રાર્થના કરી. તેમ છતાં પ્રભુનો ક્રોધ ઓછો ન થતા વીરભદ્રે વિકરાળ શરભનું રૂપ ધારણ કર્યું અને નૃસિંહ સાથે યુદ્ધ કર્યું. બંને ઘવાણા. અંતે વીરભદ્રરૂપી શિવે નૃસિંહનું મસ્તક કાપી તેની ચામડી ઉતારી લીધી. મસ્તક પોતાની મુંડમાળામાં અને ત્વચા તેના શરીર પર ધારી તે શિવ પાસે ગયા. (૧)

આમ, નૃસિંહ સ્વરૂપનો પ્રભુની ઈચ્છાથી નાશ થયો અને નારસિંહી શીલા કહેવાઈ અને શિવે શરભનું રૂપ ધારણ કર્યું હતું તેથી શરભેશ્વર મહાદેવ કહેવાયા.

શ્રીહરિએ **વચનામૃત લોયાના ૧૮**માં નૃસિંહ ભગવાન અને શિવરૂપી શરભની કથા આલેખી છે.

...અને જે કાર્ય નિમિત્તે જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે ત્યારે તે દેહનો પણ ત્યાગ કરે છે... અને રાક્ષસને મારવાને અર્થે ભગવાન નૃસિંહરૂપ

ધાર્યું પછી તે કાર્યને કરીને... પોતાની ઈચ્છાએ કરીને કાળરૂપ શિવ તે શરભનું રૂપ ધારીને આવ્યા અને નૃસિંહને ને શરભને યુદ્ધ થયું. પછી બેય જણે દેહ મૂક્યો તેણે કરીને શિવ શરભેશ્વર મહાદેવ થયા અને નૃસિંહજીએ દેહ મૂક્યો તે નારસિંહી શીલા થઈ.

★ **પાદટીપ :**

(૧) **श्री लिंगपुराण :** ગીતા પ્રેસ, ગોરખપુર. ૯૬મો અધ્યાય : પાના નં. ૫૦૨થી ૫૧૨ (સારાંશ)

●

૧૨૫. બલીરાજા

રાજા પરીક્ષિતે શુકદેવજીને પ્રશ્ન પૂછ્યો કે, વામન પ્રભુએ બલીરાજા પાસેથી ફક્ત ત્રણ પગલાં જ જમીન કેમ માંગી ? તે આપવા છતાં પ્રભુએ તેને વગર વાંકે કેમ બાંધ્યો ? (૧) આ આપણો પણ પ્રશ્ન છે કે, ભગવાને આમ કેમ કર્યું ? તો તેની વિગત જાણીએ :

બલિ અસુર રાજા હતા. હિરણ્યકશિપુના પુત્ર પ્રહલાદ હતા. તેના પુત્ર વિરોચન હતા અને તેના પુત્ર બલિ હતા. જે અસુર હોવા છતાં શ્રીહરિમાં પરમ શ્રદ્ધાવાન હતા અને પરમ ભક્ત હતા. તેઓ ઘણાં બળવાન હતા. (૨) તેમની પત્નીનું નામ વિંધ્યાવલી હતું.

નિષ્કુળાનંદ સ્વામી **ભક્તચિંતામણિ**ના પ્રકરણ-૯માં ૧૨મી કડીમાં લખે છે :

'પુંશ્ચલી સ્વૈરિણી કામિની, બલિ બગાસે વારી નીસરી.'

એટલે કે બલિએ બગાસું ખાધું તેમાં ત્રણ અધર્મી સ્ત્રીઓ ઉપજી.

બલિની કથા આગળ જોઈએ તો : પરીક્ષિત રાજાના પ્રશ્નના ઉત્તરમાં શુકદેવજી કહે છે કે, ઈન્દ્રએ બલિને પરાજિત કરી તેની સંપત્તિ અને પ્રાણ બેય લઈ લીધા. ત્યારબાદ બલિના ગુરુ શુક્રાચાર્યજીએ સંજીવની વિદ્યાથી બલિરાજાને સજીવન કર્યા. ત્યારબાદ બલિએ વિશ્વજિત યજ્ઞ કરાવ્યો. તેથી યજ્ઞકુંડમાંથી સુંદર લીલા રંગના ઘોડા, દિવ્ય ધનુષ્ય અને બે અક્ષય બાણોના ભાથા અને દિવ્ય કવચ પ્રગટ થયા. દાદા પ્રહલાદજીએ તેમને કદી ન કરમાય એવા ફૂલની માળા આપી. તો શુક્રચાર્યજીએ તેને દિવ્ય શંખ આપ્યો. આમ, રથ ઉપર બેસી દિવ્ય ધનુષ્ય અને બાણો વડે બલિએ ઈન્દ્ર પર આક્રમણ કરી ઈન્દ્રને જીતી લીધો અને પોતાની ગયેલી સંપત્તિ ઈન્દ્ર પાસેથી લઈ લીધી. (૨)

પછી બલિએ એના ઉપલક્ષ્યમાં નર્મદા કાંઠે ભૃગુક્ષેત્રમાં અશ્વમેઘ યજ્ઞનું આયોજન કરી તે નિમિત્તે દાન દેવાનું શરૂ કર્યું. આથી ઈન્દ્રને પોતાનું ઈન્દ્રાસન

ગુમાવવાનો ભય લાગતા તેણે વિષ્ણુને સહાય માટે પ્રાર્થના કરી. તેથી વિષ્ણુ ભગવાન બ્રાહ્મણ બટુક બની વામનજીનું રૂપ ધારણ કરીને બલિ સમક્ષ ઉપસ્થિત થયા. તેમણે દૈત્યરાજની પ્રશંસા કરી અને પોતાના રહેઠાણ અને પ્રભુ ભક્તિ માટે બેસવાની જગ્યા માટે ત્રણ પગલાં ભૂમિની યાચના કરી. બલિરાજા કબુલ પણ થયા. પણ દૈત્યના ચકોર ગુરુ શુક્રાચાર્ય સમજી ગયા કે આવી સામાન્ય છતાં અસાધારણ માંગણી સામાન્ય માણસ ન કરે. નક્કી આ સામાન્ય બટુક વેષમાં ભગવાન વિષ્ણુ છે. તેથી તેમણે બલિરાજાને ચેતવ્યા. પણ બલિરાજા કોઈ પણ ભોગે આતિથ્ય ધર્મ નિભાવવા માગતા હતા. તેમને એ પણ આનંદ હશે કે સાક્ષાત્ વિષ્ણુ મારા ઘરે આજે ભિક્ષુક બનીને યાચના કરે છે તો હું મારું સર્વસ્વ તેમને આપીને ધન્ય બની જાઉં. ભલે હું ભિક્ષુક બની જાઉં. તેથી તેણે દાનનો સંકલ્પ કરવા જળપાત્ર હાથમાં લીધું. ત્યારે બલિને તેમ કરતા રોકવા શુક્રાચાર્ય ભમરાનું રૂપ ધારણ કરી જળઝારીના નાના નાળચામાં પ્રવેશી નાળચુ બંધ કરી દીધું કે જેથી પાણી નીચે ન પડે અને બલિ સંકલ્પ ન કરે. પરંતુ તે અવરોધને રોકવા બલિએ નાળચામાં સળી ભોંકી તેથી ભમરારૂપી શુક્રાચાર્ય બહાર નીકળી આવ્યા પણ સળીના ઘાથી ગુરુની એક આંખ ફૂટી ગઈ (ત્યારથી શુક્રાચાર્યની એક આંખ ફૂટેલી જણાય છે). (૩)

આમ, સંકલ્પ થઈ ગયો કે તરત જ વામનજીએ વિરાટ સ્વરૂપ ધારણ કરી દીધું. ત્રણ પગલાંના સંકલ્પમાં તેમણે એક પગલું સમગ્ર ભૂમંડળ ઉપર મૂક્યું. બીજા પગલાંથી સ્વર્ગલોક પામી લીધું. ત્રીજો પગ મુકવાની ક્યાંય જગ્યા ન રહી. ત્યારે વામનજી કહે, બોલ ! હવે ત્રીજું પગલું ક્યાં મૂકું ?

ત્યારે બલિરાજા આનંદવિભોર થઈને કહે મારો દેહ પંચતત્ત્વનો બનેલો છે. મારા મસ્તક ઉપર તમારૂં ચરણ મૂકો. આથી, વિષ્ણુએ તેમનો ચરણ બલિ ઉપર મુક્યો અને તેને પાતાળમાં ખોસી દીધો. તેમ છતાં બલિ વિષ્ણુના ચરણ ચાટવા લાગ્યા કે મારા દૈત્યના વાળથી તમારા ચરણને વાગ્યું હશે. બલિના આવા નિર્માની અને ભાવભર્યા વચનથી વિષ્ણુ તેમના પર રાજી થઈ ગયા કે તું માગ માગ. ત્યારે બલિએ કહ્યું તમે મારા દ્વારે અખંડ નિવાસ કરીને રહો. ત્યારથી બલિના દ્વારે વિષ્ણુ અખંડ નિવાસ કરીને રહ્યા. આથી, લક્ષ્મીજી મૂંઝાયા કે પોતાના પતિ આમ બલિના દ્વારે રહે તો મને પતિસેવાનો લાભ ન મળે. તેથી તેઓ શ્રાવણ સુદ પૂનમના દિવસે રાખડી લઈને બલિરાજા પાસે ગયા અને તેને રાખડી બાંધી તેને ભાઈ બનાવ્યો.

બલિરાજાએ લક્ષ્મીજીને બેન માની કાંઈક માંગવા કહ્યું, ત્યારે લક્ષ્મીજીએ પોતાના પતિને તેમના દ્વારેથી મુક્ત કરવા માંગણી કરી. આથી બલિએ વિષ્ણુને પોતાના દ્વારે ૪ માસ જ રોકવાનું નક્કી કર્યું અને એ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણેય દેવો ૪-૪ માસ બલિરાજાના દ્વારે આજે પણ અખંડ રહે છે તેવું શાસ્ત્રો કહે છે. આમ, રક્ષાબંધનની શરૂઆત બલિરાજાના વખતથી થઈ છે તેવું શાસ્ત્રો કહે છે. પહેલી રાખડી લક્ષ્મીજીએ બલિરાજાને બાંધી. ત્યારથી જગતની બધી બહેનો પોતાના ભાઈના દીર્ઘાયુષ્ય માટે આજે પણ એ દિવસની યાદી માટે રાખડી બાંધે છે. (૪)

શ્રીહરિએ ગઢડા પ્રથમના ૬૧મા વચનામૃતમાં બલિરાજાનો ઉલ્લેખ કર્યો છે :

...ને નિર્વાસનિક એવો એકાંતિક ભક્ત હોય, તો ભગવાન પોતે તે ભક્તને વશ થઈ જાય છે. જેમ વામનજીએ બળિરાજાનું ત્રિલોકીનું રાજ્ય લઈ લીધું... તે બળિરાજાએ પોતાનું શરીર આપ્યું. એવી રીતે શ્રદ્ધા સહિત ભગવાનને સર્વસ્વ આપ્યું... એવી પોતાની અનન્ય ભક્તિ જોઈને પોતે ભગવાન તે બળિના બંધનમાં આવતા હવા.

★ કારિયાણીનું ૮મું :

...અને જ્યારે ભગવાને વામનાવતાર ધર્યો ત્યારે પ્રથમ તો વામનરૂપે દર્શન આપ્યું અને ત્રણ પગલાં ધરતી બળિ પાસે શ્રીકૃષ્ણાર્પણ કરાવ્યા પછી એવું પોતાનું સ્વરૂપ વધાર્યું... એવું જે ભગવાનનું મોટું સ્વરૂપ થયું તેને બળિરાજાએ દીઠું અને બળિ વિના જે બીજા હતા તેણે તો જેવું વામન સ્વરૂપ ભગવાને ધાર્યું હતું તેવું ને તેવું દીઠું...

શ્રીમદ્ ભાગવત અનુસાર :

વામન પ્રભુએ પ્રથમ પગલું ભર્યું તેમાં પૃથ્વી, આકાશ, સ્વર્ગ, પાતાળ વગેરે બધા જ સમાઈ ગયા. બીજા પગલાંમાં મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક સમાઈ ગયા. ત્યારે સર્વે દૈત્યો કહેવા લાગ્યા કે, આ વામન બ્રાહ્મણ નથી પણ માયાવી વિષ્ણુ છે. બ્રાહ્મણના વેશમાં દેવોનું કાર્ય કરવા ઈચ્છે છે. એમ કહી સૌ વિષ્ણુ સાથે લડવા તૈયાર થયા ત્યારે બલિએ તેમને યુદ્ધ કરતા અટકાવ્યા. ત્યારબાદ ભગવાનના અંતરની ઈચ્છા મુજબ ગરૂડજીએ વરુણના પાશથી બલિને બાંધી દીધા.

આ સમયે સઘળી દિશાઓમાં હાહાકાર મચી ગયો. બલિએ ગુરુ શુક્રાચાર્યનું

વચન નહિ માનવાથી બલિને શાપ આપી તેનું સમગ્ર ઐશ્વર્ય ખૂંચવી લીધું હતું. તો પણ બલિની બુદ્ધિ નિશ્ચયાત્મક હતી અને પ્રભુના ગુણનું ગાન કરી રહી હતી. પ્રભુએ કહ્યું કે, તમે મને ત્રણ ડગલાં પૃથ્વીનું દાન કરેલ. પરંતુ હવે ત્રીજું ડગલું માંડવાની જગ્યા નથી માટે તમે મારું વચન પૂર્ણ કરેલ નથી માટે તમે હવે નરકની સજા ભોગવો. આ સાંભળી બલિરાજાએ નમ્રપણે કહ્યું કે, હું આપને છેતરતો નથી. આપનું ત્રીજું ચરણ મારા મસ્તક ઉપર મૂકો. (કેમકે શરીર પંચભૂતનું બનેલું છે) મને રાજ્ય સંપત્તિ વગેરેનો કોઈ મોહ નથી. આ સમયે બલિના પત્ની આવ્યાં અને પ્રભુને પ્રણામ કરી ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી. વળી બલિની બંધન અવસ્થાને જોઈ બ્રહ્માજીએ પ્રભુને કહ્યું કે, આપે એનું સર્વસ્વ લઈ લીધું છે. માટે હવે તે દંડ (નરક)ને પાત્ર થતાં નથી માટે તેને મુક્ત કરો.

ત્યારે પ્રભુ બલિ ઉપર પ્રસન્ન થઈ બોલ્યા કે, આ બલિ દૈત્યોમાં અગ્રગણ્ય અને કીર્તિ વધારનારો છે. તેણે માયાને જીતી છે. મેં તેના પર આક્ષેપો કર્યા, તેનો તિરસ્કાર કર્યો, કષ્ટ આપ્યું છતાં તેણે તેની પ્રતિજ્ઞાનો ભંગ ન કર્યો. ધર્મ ન છોડ્યો. તેથી તે સાવર્ણિ મન્વંતરમાં ઈન્દ્ર થશે અને આ વિશ્વકર્માએ રચેલા સુતલ લોકમાં રહી આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત રહી અનંત સુખ ભોગવશે. હું તમારું, તમારા અનુચરોનું અને ભોગસામગ્રીનું રક્ષણ કરીશ. ત્યાં તમે મને સર્વત્ર તમારી પાસે જોશો. તમારામાં દૈત્યોના સંગને લીધે જો આસુરીભાવ હશે તો તે નષ્ટ થઈ જશે. એમ કહી કલ્યાણના આશીર્વાદ આપી બલિને બંધનમાંથી મુક્ત કર્યો અને બલિ સુતલ લોકમાં સિધાવ્યા. (૧)

★ **પાદટીપ :**

(૧) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ-૮, અધ્યાય : ૧૫થી ૨૩નો સારાંશ

(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૭, પાના નં. ૬૨૩૮

(૩) **ગુજરાતી વિશ્વકોશ ભાગ :** ૧૯, પાના નં. ૭૬૫-૭૬૬ તથા બહુરત્ના વસુંધરા. સંપાદક : હરિપ્રકાશ સ્વામી. સ્વામિનારાયણ આશ્રમ, ઋષિકેશ, વર્ષ-૨૦૦૯, પાના નં. ૨૩૪થી ૨૩૭

(૪) **પૂ. ડોંગરેજી મહારાજની** કથામાંથી

●

૧૨૬. ભરતજી (રામચંદ્રના ભાઈ)

ભક્તિમાં અંતરાય કરતા આત્મજ્ઞાનાદિકને પાછા પાડવાનું એ **ગઢડા મધ્યના ૨૬માં વચનામૃત**માં શ્રીહરિ કૃપાવાક્ય કહે છે કે, ભગવાનના ભક્તને ભગવાનને ન ગમતું હોય તે ન જ કરવું. પરમેશ્વરને ભજવામાં જે અંતરાય કરતા હોય તેવા જો પોતાના સગાંવહાલા હોય તો તેનો પણ ત્યાગ કરવો. જેમ ભરતજીએ પોતાની માતાનો પક્ષ ન લીધો.

ભરતજી વિષે જાણીએ :

ભરતજી પોતાના મોટાભાઈ રામચંદ્ર ભગવાનને ભાઈ ઉપરાંત પ્રભુ તરીકે પણ પૂજતા હતા. તેમના ઉપર ભરતજીને અપાર હેત હતું. આથી જ્યારે કૈકયી માતાએ પુત્રપ્રેમને વશ થઈ રામચંદ્ર પ્રભુને ૧૪ વર્ષનો વનવાસ અપાવ્યો અને પોતાને અયોધ્યાની ગાદી અપાવી ત્યારે માતાના નિર્ણયથી નારાજ થઈને પોતાના માતાને ખૂબ કઠણ વચન કહ્યા, અને માતાએ રામચંદ્ર ભગવાનનો પક્ષ ન રાખ્યો તો પોતાની માતા હોવા છતાં ભરતજીએ તેનો ત્યાગ કર્યો. માતા કરતા રામચંદ્ર ભગવાનનો પક્ષ રાખ્યો. એમ શ્રીહરિ કહે છે.

જન્મથી ભરતજી શ્રીરામના પ્રેમીભક્ત હતા. તેઓ સદાય રામચંદ્રજીના સુખ માટે અને તેઓ કેમ પ્રસન્ન રહે ? તેના ઉપાયમાં જ રહેતા. હુંપણાની ભાવના તેમનામાં જરાય ન હતી. તેઓ દાસભાવે રામચંદ્રજીને પૂજતા. જ્યારે તેઓ પોતાના મોસાળમાંથી અયોધ્યા આવ્યા અને તેમને ખબર પડી કે કૈકયી માતાએ રામચંદ્રજીને ૧૪ વર્ષનો વનવાસ અપાવ્યો છે. તેથી પોતે દુ:ખી થઈ ગયા. માતાને કઠણ વચન કહ્યા અને પોતાના દરબારના અનુચરોને લઈ રામચંદ્ર પ્રભુને વનવાસમાંથી પાછા બોલાવવા વનમાં ગયા. તેમને વિનંતી કરી. કરગર્યા પણ પ્રભુએ પિતાની આજ્ઞા પાળવા માટે વનવાસને જ કાયમ રાખવાનું કહ્યું, ત્યારે પોતે અતિશય દુ:ખી થયા અને પોતે પણ પ્રભુની જેમ ત્યાગી જીવન

જીવવાનું નક્કી કર્યું. રાજપાટ-સુખ વૈભવનો ત્યાગ કર્યો અને પ્રભુની ચાખડી સિંહાસન ઉપર પધરાવી તેમના વતી અયોધ્યાનો રાજકારભાર ચલાવ્યો. પોતે ભોજનમાં ગાયના છાણમાંથી અર્ધ પચેલા અનાજના દાણાને ગૌમૂત્રમાં બાફી તેનું ભોજન કરતા. અયોધ્યા બહાર નંદીગ્રામની જમીનમાં ખાડો ગાળી ભૂમિ ઉપર શયન કરતા. પ્રભુની જેમ પંચકેશ વધારી, બ્રહ્મચર્ય વ્રત પાળી, ઉદાસીન જીવન જીવતા. પોતાના સગાંકુટુંબી સાથે તેમણે વ્યવહાર તોડી નાખ્યો અને એવું વ્રત લીધું કે, જો પ્રભુ ૧૪ વર્ષ બાદ અયોધ્યા નહીં પધારે તો પોતે કાષ્ઠની ચિતા જલાવી તેમાં અગ્નિસ્નાન કરી લેશે. આથી રાવણના નાશ બાદ જ્યારે ભગવાન સીતાજી સાથે પરત આવતા હતા ત્યારે રામચંદ્રપ્રભુએ પ્રથમ હનુમાનજીને પોતાના આગમનના સમાચાર આપવા મોકલ્યા ત્યારે ભરતજી પોતાના મસ્તક ઉપર રામચંદ્રજીની ચરણપાદુકા રાખી તેમના દર્શન કરવા ચાલ્યા. પ્રભુએ દોડીને તેમને હૃદય સરસા ચાંપી લીધા. (૧)

ભ્રાતૃ ભક્તિ જોવી હોય તો ભરતજીની જોવી. એમ આજે લોકમાં કહેવત પડી તે યથાર્થ છે.

★ **પાદટીપ :**

(૧) **भक्त चरितांक :** *कल्याण :* ગોરખપુર. પાના નં. ૧૭૨ *(२६वे वर्ष का विशेषांक)*

●

૧૨૭. સીતાજી

વચનામૃત ગઢડા પ્રથમના ૬૩માં શ્રીહરિએ સર્વે સત્સંગી બાઈઓને ગોપીઓ... સીતાજી જેવા કહ્યા છે.

સીતા અને રામચંદ્ર ભગવાનની યુગલ જોડી દરેક હિંદુઓના હૃદયમાં સેંકડો વર્ષોથી ભાવપૂર્વક સ્થપાયેલી છે. પ્રભુ ત્રેતાયુગમાં રામરૂપે પ્રગટ થયેલા. હિન્દુ સમાજની નારીઓ માટે સીતાજી એક આદર્શ ગણાય છે. દરેક પુરુષનો આદર્શ રામ છે. (૪)

સીતાજી ૨૦માં જનકરાજાની પુત્રી હતા. પિતાનું નામ શિરધ્વજજનક રાજા હતું. સીતાજીના જન્મની કથા અલૌકિક છે.

મિથિલા નગરી એટલે બંગાળમાં આવેલ બહાર પ્રાંતના ઉત્તર ભાગને તીરહુત કહે છે તે અસલ મિથિલાના નામથી ઓળખાય છે, તેનો વિસ્તાર ઉત્તર સીમા સુધી છે. (A)

સીતાજીના જન્મની કથા :

એક સમયે રાવણ આકાશમાં સ્વૈરવિહાર કરતો જતો હતો. તેવામાં તેની દૃષ્ટિ કૃષધ્વજની પુત્રી વેદવતી ઉપર પડે છે. કન્યા પરમાત્માને પતિ તરીકે મેળવવા તપ કરતી હોય છે. સુંદર કન્યાને જોતા રાવણને તે કન્યા સાથે પરણવાની ઈચ્છા થતા તે કન્યા પાસે જઈ માંગણી કરે છે. વેદવતીએ કહ્યું કે, હું પરમાત્માને પતિ તરીકે માની ચૂકી છું અને તેને પ્રસન્ન કરવા તપ કરું છું. છતાં રાવણ તેની વધુને વધુ નજીક આવતા અને તેનો તિરસ્કાર કર્યો છતાં ન જતા કન્યાએ શાપ આપ્યો કે તું પરસ્ત્રીમાં આસક્ત છો તો એ પાપથી જ તારું કમોત થશે. પ્રભુ રામરૂપે પ્રગટ થઈને તારો નાશ કરશે. આમ કહી પોતે યોગ અગ્નિથી બળી મૂઆ.

આ વેદવતી જે સ્વયં લક્ષ્મીજી હતા.

આ બાજુ વેદવતીના શાપથી રાવણની બુદ્ધિ વધારે બગડી. તેને દુષ્ટ વિચાર આવ્યો કે સંતો, ઋષિઓ, બ્રાહ્મણો મને કર આપતા નથી માટે તેની પાસેથી કર ઉઘરાવું. માટે તેણે સંતો પાસે કર માંગ્યો. સંતો કહે અમારી પાસે તપસ્યા નામનું

એક ધન છે. બીજું કંઈ નથી. છતાં રાવણ કર લેવા માટે તેમની ઉપર જુલમ ગુજારવા લાગ્યો. અંતે સંતોએ પોતાની ટચલી આંગળીમાં કાપો પાડી તેનું લોહી એક ઘડામાં ભર્યું અને લોહીનો ઘડો રાવણને ભેટ મોકલ્યો ને શાપ આપ્યો કે આ લોહી તે અમારો કર છે અને આ જ તારા મોતનું કારણ બનશે. (૧)

રાવણને આ ઘડો મળતા. તેણે તે ઘડો પોતાના રાજ્યના હદની બહાર મિથિલા નગરની સીમમાં દટાવી દીધો.

મિથિલા નગરમાં એક કાળે દુષ્કાળ પડતા. ઋષિઓએ યજ્ઞ કરવાનું સૂચવ્યું. જનકરાજા યજ્ઞ માટે ખેતર ખેડતા આ ઘડો નીકળ્યો. ખોલીને જોયું તો તેમાં એક સુંદર પવિત્ર બાળકી મળી. (૧)

જમીન ખેડવાથી આ બાળકી મળી. સંસ્કૃતમાં ખેડ કરવાની ક્રિયાને સીતા કહે છે તેથી તે બાળકીનું નામ સીતા રખાયું. તે જ જનક રાજાની પુત્રી સીતા. (૧)

સીતાજીના પિતા જનકરાજા કહેવાય છે. તેથી સીતાજીનું એક નામ જનકની પુત્રી જાનકી પણ છે. આ જનક ૨૦માં જનક છે તેમનું નામ શિરધ્વજ રાજા હતું. (૪)

મિથિલા નરેશ જનકરાજાની પુત્રી સીતા એક સતી સ્ત્રી હતા. તેમનો જન્મ વૈશાખ સુદ ૮નો થયેલ. પિતા પાસે શિવજીનું અલૌકિક ધનુષ્ય હતું. આ ધનુષ્યને જે તોડી શકે તે સીતાજીનું પાણિગ્રહણ કરે. સીતાજી ઉંમરલાયક થતા તેનો સ્વયંવર રચાયો. તેમાં શરત એવી રખાયેલ કે આ ધનુષ્ય જે ઉપાડીને તેની પણછ ચડાવી દે અને તેને તોડી શકે તે રાજા સાથે સીતાજી પરણે. અનેક રાજાઓએ આ પ્રયત્ન કર્યો પણ કોઈનાથી આ કામ ન થતા અંતે રામચંદ્રજીએ આ ધનુષ્ય ભંગ કર્યો અને સીતાજીએ તેને વરમાળા પહેરાવી. (૨)

થોડા સમય બાદ દાસી મંથરાની ચડામણથી રાણી કૈકયીએ દશરથ રાજા પાસે પોતાના બે વચનમાં ભરતને રાજ અને રામને ૧૪ વર્ષ વનવાસ માંગતા રામચંદ્ર સીતાજી અને ભાઈ લક્ષ્મણ સાથે વનમાં સંચર્યા. એક આદર્શ પત્ની તરીકે સીતાજી પણ તેના પતિ રામ સાથે જંગલમાં ગયા. (૨)

રામચંદ્રજી વનમાં પંચવટીમાં આવી વસ્યા. ત્યાં તેમણે ઘણાં રાક્ષસોને મારી ઋષિઓનું રક્ષણ કર્યું. (૨)

સીતાજીના લાવણ્યથી આકર્ષાઈને લંકાપતિ રાવણે સીતાનું હરણ કરવાનો વિચાર કર્યો. આથી તેણે મારીચ નામના રાક્ષસને સુવર્ણ મૃગનું રૂપ ધારણ કરીને મોકલ્યો. સીતાજીને આ મૃગ ગમી જતા તેણે રામચંદ્રજીને આ મૃગ પકડી લાવવા

કહ્યું. રામચંદ્રજી મૃગને મારવા ધનુષ્ય લઈને પાછળ દોડ્યા. મૃગે મરતા મરતા, ‘હે લક્ષ્મણ ધાજે’ એવો અવાજ કરતા સીતાજીએ માન્યું કે પોતાના પતિ સંકટમાં છે. લક્ષ્મણજી કહે, આ રામચંદ્રનો અવાજ નથી. રામચંદ્રજીને કોઈની સહાયની જરૂર ન હોય. છતાં સીતાજીએ તેમને પરાણે વનમાં મોકલ્યા. પાછળથી રાવણ સાધુ વેશે આવીને સીતાજીનું અપહરણ કરી ગયા. ત્યાં લંકામાં અશોકવાટિકામાં સીતાજીને રાખ્યા. (૨)

સીતાને પોતાને વશ કરવા રાવણે ઘણાં ઉપાયો કર્યા. પણ તેમાં નિષ્ફળ ગયો. રાવણે સીતાજીનું રક્ષણ કરવા રાક્ષસીઓ રાખી હતી. જેમાં ત્રિજટા નામની વૃદ્ધ રાક્ષસીને સીતાજી વિષે સદ્‌ભાવ હતો તેથી તે સીતાજીને આશ્વાસન આપી તેની સંભાળ રાખતી અને રામના સમાચાર કહેતી. (૨)

આ બાજુ સીતાજીની ભાળ મેળવવા રામચંદ્રજી વનમાં ઘુમતા હતા ત્યાં તેમને જટાયુ દ્વારા સીતાજીની ભાળ મળી. એટલે હનુમાનજી પોતાની દેવી શક્તિથી લંકા પહોંચી સીતાજીનો પત્તો મેળવી તેને રામચંદ્રજીની વીંટી આપી અને રામના કુશળ સમાચાર આપી. સીતાજીને જલદી છોડાવશે તેવી હૈયાધારણ આપી. (૨)

રામચંદ્રજી સમુદ્ર ઉપર પુલ બાંધી લંકા પહોંચ્યા. ત્યાં રાવણના ભાઈ વિભિષણનો સાથ લઈ રાવણ સાથે વિષ્ટિ કરી પણ રાવણ માન્યો નહીં. અંતે રાવણ સાથે યુદ્ધ કરી તેને હણ્યો. સીતાજીને છોડાવ્યા. પણ શાસ્ત્રોક્ત રીતે સીતાજીને પરપુરુષનો સ્પર્શ થયેલો તેથી રામચંદ્રજીએ તેનો અસ્વીકાર કરી તેની અગ્નિ પરીક્ષા કરવાનું કહ્યું. સીતાજીએ અગ્નિ પ્રવેશ કર્યો. સીતાજી તો શુદ્ધ, પવિત્ર અને પાપરહિત જ હતા. તેથી સાક્ષાત્ અગ્નિદેવ સીતાને ખોળામાં લઈને પ્રગટ થયા અને કહ્યું કે, હે રામ ! હું આજ્ઞા કરું છું કે, પાપરહિત, શુદ્ધ ભાવવાળી અને પહેલાના જેવી જ શુદ્ધ જનકપુત્રીનો આપ સ્વીકાર કરો. આથી રામે સીતાજીનો સ્વીકાર કર્યો ને રામ સીતાજીને લઈને અયોધ્યા પધાર્યા. અયોધ્યામાં સુખપૂર્વક રાજ્ય કરતા હતા. સીતાજીએ ગર્ભ ધારણ કર્યો. એ વખતે અયોધ્યાના ધોબીએ સીતા સંબંધી નિંદા કરી. આ વાત રામચંદ્રજીએ સાંભળતા રામરાજ્યના સત્યવાદી પ્રણેતાએ લોકનિંદાના એક જ પ્રયાસને ધ્યાને લઈ સીતાજીનો ત્યાગ કરી વનમાં મોકલ્યા. (૨)

વનમાં સીતાજી વાલ્મીકિ ૠષિના આશ્રમમાં રહ્યા. ત્યાં તેમણે લવ અને કુશ નામના બે બાળકોને જન્મ આપ્યો. વાલ્મીકિએ હજારો લોકોની સમક્ષ સીતાના શુદ્ધાચરણ અને પાતિવ્રત્ય સાબીત કરી સીતાને પુત્રો સહિત રામચંદ્રજીને

સ્વાધીન કરી.(૨)

સીતાજીનો દેહત્યાગ :

રામચંદ્રજી પોતાના કુટુંબે સહિત અયોધ્યામાં પોતાના મહેલ ઉપર આવીને જનમેદનીને કહે છે, સીતાજી મારા મને પરમ પવિત્ર જ છે. છતાં લોકનિંદાથી મેં તેનો ત્યાગ કર્યો હતો. છતાં હું સીતાજીને કહું છું કે તે પોતાની પવિત્રતા બધાની સામે સાબિત કરે. ત્યારે સીતાજીએ શોકગ્રસ્ત ચહેરે ધરતી માતાની સામે જોઈને કહ્યું, હું આપની પુત્રી છું. મને જો સ્વપ્નમાં પણ પરપુરુષનો વિચાર આવ્યો હોય તો તમે મને માર્ગ ન આપતા. પણ જો હું ભગવાન રામચંદ્રજીને વિવાહથી માંડી આજપર્યંત સરખા ભાવથી ચાહ્યા હોય, મારા હૃદયમાં આજપર્યંત જો રામચંદ્રજી જ નિવાસ કરીને રહ્યા હોય અને હું પરમ પવિત્ર હોઉં તો હે ધરતીમાતા ! આપ મને તમારા ઉદરમાં સમાવી લો. (૩)

આવું કહેતા જ તત્ક્ષણ ધરતી ફાટે છે અને ધરતીમાતા સર્પોએ ધારેલા સુવર્ણના સિંહાસન ઉપર બિરાજતા પ્રગટ થયા અને સીતાજીને આશીર્વાદ આપતા પોતાની સમીપમાં બેસાડી ધરતીમાં પાછા સમાઈ ગયા. ત્યારે આકાશમાંથી દેવોએ જયનાદ કરી પુષ્પવૃષ્ટિ કરી. (૩)

આમ, સીતાજી નખશીખા પર્યંત પરમ પવિત્ર અને આદર્શ સ્ત્રી હતા. જેથી શ્રીહરિએ પોતાના ભક્તોને સીતાજી જેવા ગણ્યા છે.

વચનામૃતમાં શ્રીહરિએ સીતાજીના અનેક દૃષ્ટાંતો ટાંક્યા છે :

★ **વચનામૃત ગઢડા પ્રથમનું ૬૩મું :**
…અને જે બાઈઓ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મિણી … એવી છે.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૧૦મું :**
…અને સીતાહરણ થયું ત્યારે રઘુનાથજી રોતા રોતા ઘેલા જેવા થઈ ગયા.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૧૯મું :**
(૧) …જેમ સીતાજીને શ્રી રામચંદ્રને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી તેમ નિષ્ઠા રાખવી.
(૨) માટે ભગવાનની સીતાને રુક્મિણીના જેવી ભક્તિ કરવી.

★ **વચનામૃત ગઢડા મધ્યનું ૨૮મું :**
…અને સીતાજી ને દ્રૌપદી એવી કોઈ સ્ત્રી માત્રમાં સ્ત્રીઓ નથી.

★ વચનામૃત ગઢડા અંત્યનું ૧૧મું :

જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીએ અતિશય વિલાપ કરવા માંડ્યો... પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા જે હું મારા દુઃખ સારું નથી રોતી. હું તો રામચંદ્રજીના દુઃખ સારું રોઉં છું... હવે એમ વિચારતા હશે કે, સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે.. માટે રામચંદ્રજીને કહેજ્યો જે, સીતાને તો કાંઈ દુઃખ નથી... તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો મા. એમ સીતાજીએ લક્ષ્મણજી સંઘાથે કહી મોકલ્યું.

...સીતાજી જેવી સમજણ નથી.

...તો પણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ અતિશય પ્રીતિ કરીને સમાગમ કરવો.

★ સીતાજીની પતિવ્રતા ભક્તિ અને સમજણ :

અહીં શ્રીહરિએ સીતાજીની પતિવ્રતા ભક્તિના વખાણ કર્યા છે કે, રામચંદ્રજીએ તેમને વગરવાંકે વનમાં મોકલ્યા છતાં તેમને પતિનો અભાવ ન આવ્યો. ઉલ્ટાનું રામના દુઃખે દુઃખી થયા. તેમણે પોતાના દુઃખને ગણકાર્યું નહિ. સીતાજીની આ પતિવ્રતા ભક્તિની પરાકાષ્ઠા ગણી શકાય. તેથી શ્રીહરિએ સત્સંગની બહેન ભક્તોને સીતાજી જેવી સમજણવાળા કહી સીતાના વખાણ કર્યા છે. શ્રેષ્ઠ આર્યનારી જેવી દિવ્ય સમજણ સીતાજીમાં હતી. જે સમજણના શ્રીહરિએ વખાણ કર્યા છે. સંપ્રદાયમાં આજે પણ તેના જેવી સ્ત્રી ભક્તો છે તેથી મહારાજે સ્ત્રીભક્તોને સીતાજી જેવા કહ્યા છે.

★ પાદટીપ :

(૧) **બહુરત્ના વસુંધરા :** શા. હરિપ્રકાશદાસજી સ્વામી. સંપાદક સ્વામિનારાયણ આશ્રમ, ઋષિકેશ વર્ષ - ૨૦૦૯, પાના નં. ૩૬૫

(૧) **સીતાજી :** શ્રીમદ્ રામાયણ રહસ્ય ગ્રંથ : લેખક - જગતપ્રકાશદાસજી સ્વામી, ડભાણ પાના નં. ૨૪૪થી ૨૪૮

(૨) **સીતા :** ભગવત્ ગો. મંડળ ભાગ-૯, પાના નં. ૮૮૦૧

(૩) **સીતાજીનો દેહ ત્યાગ :** રામાયણ (હિન્દી) પ્રભુપાદ સ્વામી ઈસ્કોન : ઉત્તરકાંડ પાના નં. ૫૬૬થી ૫૭૦

(૪) **શ્રીમદ્ ભાગવત :** સ્કંધ ૯, અધ્યાય-૧૭, ગીતા પ્રેસ, ગોરખપુર

●

૧૨૮. લક્ષ્મણજી

સીતાજીના જેવી સમજણના **ગઢડા અંત્યના ૧૧માં વચનામૃત**માં શ્રીહરિ સીતાજીની સમજણના વખાણ કરે છે કે રામચંદ્ર ભગવાને સીતાજીને વગર વાંકે વનમાં મોકલ્યા તેમ છતાં સીતાજીને પ્રભુ રામનો જરાય અવગુણ ન આવ્યો. બલ્કે મનમાં એવું વિચાર્યું કે પ્રભુ રામને થશે કે, મેં વગર વાંકે સીતાજીનો ત્યાગ કર્યો છે તેમ જાણી કૃપાળુ મનમાં દુઃખ પામતા હશે. તેથી હું વિલાપ કરું છું. આ જોઈ લક્ષ્મણજી અતિશય દિલગીર થયા.

લક્ષ્મણજી વિષે જાણીએ :

પિતા દશરથજી અને માતા સુમિત્રાના પુત્ર તે લક્ષ્મણજી. જેઓ ત્રેતાયુગમાં થઈ ગયા. લક્ષ્મણજીના પત્નીનું નામ ઉર્મિલા હતું. તેઓ રામચંદ્રજીના નાના ભાઈ હતા અને મહાપરાક્રમી હતા. તેઓ શેષનારાયણનો અવતાર હતા. તેમનું એકમાત્ર લક્ષ્ય પ્રભુ રામની સેવા કરવાનું હતું. તે વ્રત તેમણે જિંદગીપર્યંત પાળ્યું. (૧)

વિશ્વામિત્ર ઋષિના યજ્ઞની રક્ષા કરવા માટે તેઓ રામચંદ્રજી સાથે વનમાં ગયેલા અને રાક્ષસોને હણેલા. રાત્રે તેઓ મુનિના ચરણની સેવા કરતા અને જ્યારે રામચંદ્રજી વિશ્રામ કરતા ત્યારે તેઓ પ્રભુ રામના ચરણની સેવા કરતા. તેમનો સ્વભાવ કોમળ હતો, પરંતુ જો કોઈ રામનું અનિષ્ટ કરતા જુએ તો તે તુરત જ ઉગ્ર થઈ જતા. જનકપુરમાં સીતા સ્વયંવર રચાયો ત્યારે પરશુરામનું ધનુષ્ય કોઈ રાજા ઉઠાવી ન શક્યા ત્યારે જનકરાજા બોલ્યા કે, હવે પૃથ્વીમાં કોઈ વીર નથી રહ્યા. ત્યારે લક્ષ્મણજીને લાગ્યું કે, આ પ્રભુ રામનો તિરસ્કાર થઈ રહ્યો છે ત્યારે તેઓ ઉગ્ર થઈ ગયા હતા. વળી જ્યારે તેમને ખબર પડી કે પ્રભુ રામને વનવાસ માતા કૈકય દ્વારા અપાયો છે ત્યારે કૈકય માતા ઉપર ખૂબ ગુસ્સે થયા ત્યારે પ્રભુ રામે તેમને ગુસ્સો કરતા રોક્યા હતા. (૧)

પ્રભુ રામને વનવાસ થયો ત્યારે પોતે રામચંદ્ર પાસે કરગરી ને પોતાને તેમની સાથે આવવા દેવા અને સેવા આપવા માટે કહેલ આથી રામચંદ્રજી લક્ષ્મણજીને

વનમાં સાથે લઈ ગયા. આમ મોટા ભાઈ રામની સેવા માટે તેણે રાજસુખ, માતા-પિતા અને પત્નીનો પ્રેમ, વૈભવ વગેરે છોડી વનમાં ભટક્યા. પોતાનું સમગ્ર અસ્તિત્વ પ્રભુ રામ અને માતા સીતાની સેવામાં જોડી દીધું. ૧૪ વર્ષ સુધી તેમણે ભૂખ-તરસ, નિદ્રા-થાક, મોહ-ઈર્ષા ઉપર વિજય મેળવી પ્રભુની સર્વ પ્રકારે રક્ષા અને સેવા કરી. રામચંદ્ર માટે ફળ-ફૂલો, સમિધ લાવવા, ઝૂંપડી બનાવવી, રાત્રે જાગૃત રહી તેમની રક્ષા કરવી આદિ કામ ખૂબ ઉત્સાહપૂર્વક કરતા. તેમણે ૧૪ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળ્યું. તેના પ્રતાપથી તેઓ રાવણના મહા શક્તિશાળી પુત્ર ઈન્દ્રજીતને મારી શક્યા. (૧)

તેમની દૃષ્ટિ નિર્મળ અને સંયમિત હતી. જ્યારે સીતાજીનું હરણ થયું ત્યારે સીતાજીને શોધતા સુગ્રીવે સીતાજીએ ફેંકેલા ઘરેણાં લક્ષ્મણજીને બતાવ્યા ત્યારે તેમણે માતા સીતાના નૂપુર-ઝાંઝર ઓળખી બતાવ્યા પણ કાનના કુંડળ કે માળા તે ઓળખી શક્યા નહિ કેમકે પોતે માતાને ચરણસ્પર્શ કરવા જતા ત્યારે તેમના નૂપુર ઉપર જ તેમનું ધ્યાન હતું. તેમની દૃષ્ટિ સીતાજીના બીજા અલંકાર પર ન હતી. આ તેમની સંયમિત દૃષ્ટિ દર્શાવે છે. (૧) સીતા માતા ઉપર તેમને મા સરખો પ્રેમ હતો. મારીચ રાક્ષસ સુવર્ણ મૃગનું રૂપ લઈને છેતરવા આવ્યો ત્યારે રામ તેની પાછળ ધનુષ્ય લઈને દોડ્યા. ભગવાને તીર ચલાવ્યું ત્યારે રાક્ષસે કપટ કરી : હે લક્ષ્મણ ! એવી બૂમ પાડતા સીતાજીને થયું કે પ્રભુનો પ્રાણ ભયમાં છે ત્યારે સીતાજીએ લક્ષ્મણને મેણું મારી પ્રભુની રક્ષા કરવા મોકલ્યા. સીતાજીના મેણાંથી તેઓ ગયા પણ ઝૂંપડી ફરતે લક્ષ્મણ રેખા દોરી તેની બહાર સીતાજીને પગ ન મૂકવાનું કહ્યું અને પછી પોતે રામચંદ્રજી પાછળ ગયા. (૧)

રાવણ સાથેના યુદ્ધમાં પણ તેમણે અપ્રતિમ શૌર્ય દાખવી ઈન્દ્રજીતને માર્યો છે તે સાથે અનેક રાક્ષસોનો સંહાર કર્યો છે. રામપ્રભુની આજ્ઞાથી તેમણે કઠોરમાં કઠોર સેવાકાર્યો કર્યા છે. છેલ્લે લોકાપવાદને લીધે રામે સીતાજીનો ત્યાગ કર્યો ત્યારે સીતાજીને વનમાં મૂકવા જવાની કઠોર આજ્ઞા પણ તેમણે રડતા હૃદયે પાળી છે. (૧)

પોતાને યુવરાજપદ આપવાની રામચંદ્ર પ્રભુની ઈચ્છાને પોતે નકારી સદાય પ્રભુની સેવા કરવાનું તેમણે માંગેલ છે. સમગ્ર ઈતિહાસમાં શીરમોડ ભ્રાતૃસેવા, ભક્તિ લક્ષ્મણજીની રહી છે. 'સેવા તો લક્ષ્મણજીની ! એ કહેવત તેમના પરથી પડી છે.' (૧)

★ **પાદટીપ :**

(૧) **ભક્તાંક :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૭૩થી ૧૭૫.

૧૨૯. ભરતજી

વૈરાગ્ય પ્રધાન ભરતજી શ્રીહરિનું પ્રિય પાત્ર છે. ભરતજીનું આખ્યાન સંતો-ભક્તોને જીવનમાં આસક્તિ તોડનારું અને વૈરાગ્ય ઉત્પન્ન કરનારું છે તેથી શ્રીહરિએ વચનામૃતમાં ભરતજીના આખ્યાનને ચમત્કારી કહ્યું છે કે, આવું તો કોઈ આખ્યાન ચમત્કારી નથી. શ્રીહરિએ વચનામૃતમાં અનેક જગ્યાએ ભરતજીને યાદ કરી ઉપદેશ આપ્યો છે.

ભગવદ્ અવતાર શ્રી ઋષભદેવના સો પુત્રોમાં મહાયોગી ભરતજી સૌથી મોટા અને ગુણવાન પુત્ર હતા. તેમના નામથી આ અજનાભ ખંડને ભારતવર્ષ કહેવામાં આવે છે. ઋષભદેવે પૃથ્વીની રક્ષાનો ભાર ભરતજીને સોંપ્યો હતો. તેમને પંચજની ધર્મપત્નીથી પાંચ ગુણવાન પુત્રો થયા હતા. (૧)

પિતાશ્રીએ તેમને ભારતવર્ષનું રાજ્ય સોંપ્યું. ભરતજી તેનો સુપેરે વહીવટ કરતા અને પ્રજાનું પાલન કરતા, પરંતુ તેમનું મન સદાને માટે ભગવાનમાં આસક્ત રહેતું. નિત્ય ધ્યાન ભજન, યજ્ઞ કરતા. આમ ભક્તિયોગમાં તેમને હજારો વર્ષ વીતી ગયા. ત્યાર પછી પોતાનું રાજ્ય તેમણે પોતાના પુત્રોને વહેંચી આપ્યું અને રાજ્યનો ત્યાગ કરી પુલહઋષિના આશ્રમ હરિક્ષેત્રમાં ચાલ્યા ગયા અને ત્યાં રહીને ભક્તિ કરવા લાગ્યા. તેઓ ભક્તિમાં એટલા લીન બની જતા કે તેમને સમયનું ભાન રહેતું નહિ.

એકવાર આ રીતે ગંડકી નદીમાં ઊભા રહી સૂર્યદેવને અર્ઘ્ય આપી રહ્યા હતા તેવામાં તેમને સિંહની ત્રાડ સંભળાઈ. આ ત્રાડ એક ગર્ભવતી મૃગલીએ સાંભળી અને પોતાનો જીવ બચાવવા છલાંગ મારી. હરણી તો સામા કાંઠે પહોંચી પણ તેનું ગર્ભસ્થ બાળ હરણ પાણીમાં સ્રવી ગયું. આ બાજુ હરણી સામા કાંઠે પહોંચતા અતિશય શ્રમને લીધે મૃત્યુ પામી, પરંતુ તેનું બચ્ચું પાણીમાં તણાતું તણાતું ભરતજી પાસે આવ્યું. ભરતજીએ આ બધું જોયું. હરણી મૃત્યુ પામી. બચ્ચું નિરાધાર બની તણાતું તણાતું પોતાની પાસે આવતા તે બચ્ચાને જોતા તેમના મનમાં ખૂબ કરૂણા

ઉભરાઈ અને નિરાધાર બચ્ચાને પોતાના આશ્રમમાં લઈ જઈ તેની સુશ્રુષા કરવા લાગ્યા. બચ્ચાનું હરપળ ધ્યાન રાખતા રાખતા ભરતજીને મૃગ બાળ પર દયાથી તેનામાં હેત થઈ ગયું. બચ્ચાને ઘાસચારો આપવો તથા તેની વન્ય પ્રાણીથી રક્ષા કરવામાં તેઓ પોતાની ભક્તિનો ક્રમ ભૂલી જતા. બચ્ચાની ચિંતામાં તેમના પૂજાપાઠ પણ ઓછા થઈ ગયા. યોગમાર્ગમાં ભ્રષ્ટ થઈ ગયા. થોડા કાળ પછી ભરતજીનો અંતકાળ આવ્યો. તે સમયે પણ તેઓ ભગવદ્ સ્મરણ કરવાને બદલે હરણના બચ્ચાની ચિંતા કરવા લાગ્યા અને તે પળે તેઓ મૃત્યુ પામ્યા. આમ અંતકાળે મૃગલીનું બચ્ચું સ્ફૂરી આવતા તેનો બીજો જન્મ હરણનો થયો. પણ પ્રભુ કૃપાથી તેને પૂર્વજન્મની સ્મૃતિ રહી ગઈ કે પોતે આગલા જન્મમાં ભરતજી હતા અને પ્રભુ સ્મરણ ભૂલી જતા આવો પશુનો દેહ આવ્યો. આથી મૃગના દેહમાં રહી પ્રભુને સંભાર્યા કરતા. વનસ્પતિના સૂકા પાંદડા ખાઈ આખો દિવસ ઋષિના આશ્રમમાં બહાર બેસી કથાવાર્તા સાંભળ્યા કરતા. અંતે આ દેહ પડી ગયો અને તેમનો ત્રીજો જન્મ એક બ્રાહ્મણને ત્યાં થયો. તે સમયે પોતે વિચાર્યું કે હું જો સંસાર વ્યવહારમાં પડીશ તો માયામાં લપટાઈશ. આથી પોતે જાણીને ગાંડાની જેમ વર્ત્યા અને સંસાર વ્યવહારમાં બિલકુલ ધ્યાન ન દીધું. આ જન્મમાં તેમને પૂર્વના જન્મોનું અને પોતાનું જ્ઞાન હતું. આથી પ્રભુ સ્મરણ કરતા કરતા આ જન્મ પૂરો કર્યો અને અંતે ભગવાનના ધામને પામ્યા.

કહેવાનું તાત્પર્ય કે, ભરતજીના પિતા ઋષભદેવ ભગવાન હતા, તો પણ જો પોતે માયામાં આસક્ત થયા તો તેમણે ત્રણ જન્મ લેવા પડ્યા અને ત્રીજે જન્મે ખૂબ સાવધાન રહ્યા ત્યારે પોતાને મોક્ષની પ્રાપ્તિ થઈ.

ભરતજીના આખ્યાન દ્વારા શ્રીહરિએ સંતમંડળને ઘણી શીખ આપી છે, તો વચનામૃતમાં ભરતજીનો ક્યાં ક્યાં, શું શું ઉલ્લેખ કર્યો છે તે જાણીએ :

★ ગઢડા પ્ર. ૨૯મું વચનામૃત :

મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે, પૂર્વના સંસ્કારે કરીને સારું-નરસું થાય તે તો સર્વે જગતના જાણ્યામાં આવે જેમ ભરતજીને મૃગલામાં આસક્તિ થઈ એવે ઠેકાણે પ્રારબ્ધ લેવાય.

★ ગઢડા પ્ર. ૩૮મું વચનામૃત :

શ્રીહરિ કૃપા વાક્ય બોલે છે કે, ...કેમ જે મૂવા ટાણે તો જેવા મનમાં સંકલ્પ હોય તેવા સ્ફૂરી આવે. જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફૂરી આવ્યું ત્યારે

તે મૃગને આકારે થઈ ગયા.

★ ગઢડા પ્ર. ૪૨મું વચનામૃત :

...એવા મોટા જે જડભરત તે પૂર્વજન્મમાં ઋષભદેવ ભગવાનના પુત્ર હતા અને રાજ્યનો ત્યાગ કરી વનમાં ગયા હતા. તેને દયાએ કરીને પણ જો મૃગ સંગાથે પ્રીતિ થઈ તો તેનો દોષ લાગ્યો ને પોતાને મૃગનો જન્મ લેવો પડ્યો.

★ ગઢડા મધ્ય ૧૩મું વચનામૃત :

...ને કોઈક પ્રારબ્ધ કર્મને વશ થઈને જો કોઈક નીચ ઉચ્ચ દેહની પ્રાપ્તિ થાય તો પણ વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહિ તથા જેમ ભરતજીને મૃગનો દેહ આવ્યો તો પણ પૂર્વજન્મનું જ્ઞાન ટળ્યું નહિ. એવું આ જ્ઞાનનું માહાત્મ્ય છે.

★ ગઢડા અંત્ય : ૩જું વચનામૃત :

...અને દયાનો સ્વભાવ એવો છે જે જ્યાં ત્યાં દયા કરે, ત્યારે ભરતજીએ મૃગલા ઉપર દયા કરી તો મૃગલીને પેટે જન્મ લેવો પડ્યો.

★ ગઢડા અંત્ય ૧૭મું વચનામૃત :

શ્રીજી કૃપા વાક્ય કહે છે કે, શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી.

★ પાદટીપ :

(૧) **નાભાજી કૃત ભક્તમાળ :** પ્રવીણ પુસ્તક ભંડાર. વર્ષ-૧૯૯૮, પાના નં. ૧૯૧ તથા

भक्तांक : ગીતાપ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૩૮થી ૧૩૯

●

૧૩૦. રાવણ

નિશ્ચયરૂપી ગર્ભના જતનના **ગઢડા મધ્યના ૧૦માં વચનામૃત**માં શ્રીહરિ કહે છે કે, ભગવાનના કેટલાક ચરિત્ર દિવ્ય અને કેટલા માયિક જેવા હોય છે. જયારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે દેવકી-વસુદેવને ચતુર્ભુજ રૂપે દર્શન દીધા. રામાવતારમાં ધનુષ્ય ભાંગ્યું તથા રાવણાદિક દુષ્ટને મારીને સર્વદેવતાનું કષ્ટ નિવારણ કર્યું. તે ભગવાનના દિવ્ય ચરિત્રો છે તથા જરાસંઘની આગળ ભાગ્યા ... એ બધા ચરિત્રો માયિક અને પ્રાકૃત છે.

રાવણ વિષે જાણીએ :

રાવણ મહાબળવાન અસુર રાજા હતો. તે લંકામાં રહેતો. જે નગરી સોનાની હતી. તેણે સીતામાતાનું અપહરણ કર્યું તેથી શ્રીરામે તેનો વધ કર્યો.

રાવણ જન્મની કથા જોઈએ :

કૈકય દેશમાં સત્યકેતુ નામનો રાજા હતો. તેને બે પુત્રો હતા. એકનું નામ પ્રતાપભાનુ અને બીજાનું અરિમર્દન હતું. પ્રતાપભાનુ નીતિવાન અને ધાર્મિક હતો. તે જંગલમાં શિકાર કરવા ગયો. ત્યાં ભૂલો પડ્યો અને એક તપસ્વીના આશ્રમમાં જઈ ચડ્યો. આ તપસ્વી તેનો વેરી રાજા હતો અને તપસ્વી વિશે જંગલમાં રહેતો હતો. તેનો એક મિત્ર રાક્ષસ માયાવી હતો. રાજા આશ્રમમાં જતા તપસ્વી તેને ઓળખી ગયો અને રાજાને યુક્તિપૂર્વક મારવાનું કાવતરું કર્યું. તેણે મીઠી વાતોથી રાજાને ભરમાવી દીધો. અને કહ્યું કે, તમે આજે નિદ્રામાં હશો ત્યારે હું તમને તમારી રાજધાની પહોંચાડી દઈશ. અને તેણે માયાવી રાક્ષસ મિત્રની મદદથી રાજાને તેની રાજધાનીમાં પહોંચાડી દીધો. આથી રાજાને તેના પર અતિવિશ્વાસ આવી ગયો. ત્યારબાદ રાજાને ધનની લાલચ આપી તેના ઉપાયમાં બ્રાહ્મણોને ભોજન કરાવવાનું કહ્યું. આથી રાજાએ હજારો બ્રાહ્મણોને બોલાવી અને ભોજન કરાવવાનું કર્યું.

તે સમયે માયાવી રાક્ષસે આવીને ભોજનમાં માંસ ભેળવી દીધું. જેવા ભૂદેવો જમવા બેઠા ત્યારે માયાવી રાક્ષસે આકાશવાણી કરી કે, આ ભોજનમાં માંસ છે.

આથી બ્રાહ્મણોએ રાજાને શાપ આપ્યો કે, તું તારા કુળ સહિત નાશ પામીશ અને રાક્ષસ યોનિ પામીશ. તે દરમ્યાન અન્ય રાજાઓ તેના રાજ્ય ઉપર ચડી આવ્યા અને પ્રતાપભાનુ રાજા તેના કુળ સહિત હણાયો. બ્રાહ્મણોના શાપ મુજબ તે બધા બીજા જન્મે રાક્ષસો થયા. પ્રતાપભાનુ દશ માથા અને વીશ ભૂજાવાળો રાક્ષસ રાવણ થયો. રાજાનો નાનો ભાઈ અરિમર્દન કુંભકર્ણ થયો. મંત્રી જે ધર્મરુચિ હતો તે તેનો નાનો ભાઈ વિભીષણ થયો. આ બધા પુલસ્ત્ય ઋષિના કુળમાં જન્મ્યા હોવા છતાં શાપને કારણે પાપી થયા. ત્રણેય ભાઈઓએ ઘોર તપસ્યા કરી બ્રહ્માને રાજી કર્યા અને વરદાન મેળવ્યું કે વાનર અને મનુષ્ય એ બે જાતિને છોડીને હું બીજા કોઈથી મરું નહિ. આ બાજુ બ્રહ્માને થયું કે મહાકાય કુંભકર્ણ જો રોજ આહાર કરશે તો સંસારમાં કોઈ માટે અન્ન નહીં બચે આથી તે વરદાન માંગતો હતો તે સમયે સરસ્વતિ દેવીએ તેની જીભ ઉપર બેસીને કુંભકર્ણ પાસે ઈન્દ્રાસનને બદલે નિદ્રાસન મંગાવ્યું. આથી કુંભકર્ણ ૬ માસ સુતો, જ્યારે વિભિષણે પ્રભુના ચરણોમાં વાસ માંગ્યો. (૧)

રાવણ મયદાનવની કન્યા મંદોદરી સાથે પરણ્યો. તે ઘણી ધાર્મિક અને સદાચારી હતી. મયદાનવે સમુદ્ર વચ્ચે ત્રિકુટ પર્વત ઉપર એક કિલ્લાની રચના કરી પણ રાવણે તે કિલ્લો જીતી લીધો. પોતાના ઓરમાન ભાઈ કુબેર પર ચડાઈ કરી લંકા જીતી તેનું પુષ્પક વિમાન આંચકી લીધું. કૈલાસ પર્વતને પોતાની ભુજાથી હલબલાવી નાખ્યો. નવ ગ્રહોને તેણે પોતાની સેવામાં રાખેલા. દેવો રાવણના ત્રાસથી ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા. (૧)

રાવણનો પુત્ર મેઘનાદ પણ મહા બળવાન હતો. (૧)

રાવણની બહેન શૂર્પણખા રાક્ષસી હતી. મહાકામી હતી. રામચંદ્ર પ્રભુના વનવાસ દરમ્યાન જંગલમાં ફરતી ફરતી રામના પરિચયમાં આવી અને પોતાની સાથે લગ્ન કરવાની માંગણી કરી. આથી લક્ષ્મણજીએ તેના નાક-કાન કાપી લીધા. તે આક્રંદ કરતી રાવણ પાસે ગઈ અને વેર લેવા કહ્યું. રામ સાથે વેર લેવા રાવણે સીતાનું હરણ કર્યું. રામે વાનરો, સુગ્રીવ, જાંબુવાન વગેરેની મદદ લઈ લંકા પર ચડાઈ કરી અને રાવણને મારી સીતાજીને પરત લાવ્યા. વિભિષણનો રાજ્યાભિષેક કર્યો.

રાવણ પ્રખર શિવ ઉપાસક હતો.

લોકમાં કહેવત છે કે, રાવણના પણ પાંચ કામ અધૂરા રહ્યા હતા.

(૧) બલિ રાજાના બંધન છોડી તેને પાતાળમાંથી પૃથ્વી પર લાવવો.
(૨) શેષને માથેથી પૃથ્વીનો ભાર ઉતારવો.
(૩) ખારો સાગર મીઠો કરવો.
(૪) ચંદ્રનું કલંક મટાડવું
(૫) જમપુરીનો નાશ કરી સ્વર્ગની સીડી બનાવવી. (૨)

વચનામૃતમાં શ્રીહરિએ બે વાર રાવણનો ઉલ્લેખ કર્યો છે :

★ ગઢડા મધ્યનું ૧૦મું :

...ભગવાન જ્યારે જીવોના કલ્યાણ અર્થે મનુષ્ય જેવી મૂર્તિ ધરીને પૃથ્વી ઉપર વિચરે છે... રામાવતારને વિષે ધનુષ ભાંગ્યું તથા રાવણાદિક દુષ્ટને મારીને સર્વ દેવતાનું કષ્ટ નિવારણ કર્યું. ઈત્યાદિક પરાક્રમ તે ભગવાનના દિવ્ય ચરિત્ર કહેવાય.

★ ગઢડા મધ્યનું ૪૪મું :

...અને તે આસુરી જીવ સત્સંગમાં રહ્યો હોય અથવા સંતના મંડળમાં રહ્યો હોય પણ જેવા કાળનેમી, રાવણ અને રાહુ હતા તે સરખો રહે પણ એને સંતનો સંગ લાગે નહિ.

રાવણ મહા અભિમાની હતો. શ્રીરામે અનેક શૌર્ય ચમત્કાર બતાવ્યા છતાં તેને રામનો ગુણ આવ્યો નહિ કે તેમને ભગવાન તરીકે ન માન્યા. પરિણામે પોતાના પાપની સજા તેને મળી ને રામના હાથે હણાયો.

★ **પાદટીપ :**

(૧) **श्री रामचरित मानस :** હનુમાન પ્રસાદ પોદાર. ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૩૪થી ૧૫૮

(૨) **સંસ્કાર સિંચન :** ગુરુકુલ રાજકોટ. વર્ષ-૧૯૯૪. પાના નં. ૧૬૩

૧૩૧. અજામિલ

અજામિલ ભક્ત કહેવાય છે તેના જીવન ચરિત્ર વિષે જાણીએ :

અજામિલ બ્રાહ્મણ હતો અને કનોજમાં રહેતો હતો. સ્વભાવે કોમળ અને સરળ, ધર્મમાર્ગે ચાલનારો હતો.

એકવાર પિતાની આજ્ઞાથી વનમાં ફળ-ફૂલ લેવા ગયો ત્યારે એક વેશ્યાને કોઈ શુદ્ર જારપુરુષ સાથે વિહાર કરતા જોઈ તેનામાં કામ વ્યાપ્યો. કામાદિક દોષના પ્રબળ પ્રતાપ સામે પોતે કોણ છે ? તે ભૂલી ગયો અને અત્યંત કામાંધ બની વેશ્યા સાથે તે પણ વિહાર કરવા લાગ્યો. ઘરમાંથી પૈસા ચોરીને, અનૈતિક કાર્યો કરીને, નાણું એકઠું કરીને તે વેશ્યાને આપવા લાગ્યો. પોતાની ગુણવંતી પત્નીને ભૂલી ગયો તેના ઘરેણા વગેરે લઈ તેણે વેશ્યાને આપ્યા. કર્મકાંડી બ્રાહ્મણ આવા કુસંગથી અનાચારી થઈ ગયો. દારૂ-માંસના વ્યવહાર કરવા લાગ્યો. જુગાર, ઠગાઈ, ચોરીના રવાડે ચડી ગયો. કહો કે માયાના મોહમાં તે પરવશ થઈને અનૈતિક અને શાસ્ત્ર વિરુદ્ધ કાર્યો કરવા લાગ્યો. (૧)

પરંતુ એકવાર તેના પૂર્વના પુણ્ય કર્મના ઉદયે તેના દ્વારે સંતો પધાર્યા. અજાણતામાં તેણે આ સંતોને ભિક્ષા આપી. તેની સેવા કરી. સંતો તેના આચારથી સમજી ગયા કે આ અધમ અને પાપી માણસ છે. સંતોએ તેનો ઉદ્ધાર કરવાનું વિચાર્યું અને એવી ભિક્ષા માગી કે : 'તારા ઘરે હવે જન્મનાર બાળકનું નામ તું નારાયણ રાખજે.' અજામિલે સંતનું આ વચન માન્યું અને તે બાળકનું નામ નારાયણ રાખ્યું. નાના બાળકમાં તે અતિ આસક્ત થયો અને વારેવારે દીકરાને નામ દઈને બોલાવે અને નારાયણનો અનાયાસે જપ થતો ગયો. આમ, તેનું પુણ્ય ઉદય થયું. તેનો અંતકાળ આવ્યો. પોતે આખી જિંદગી ભયંકર પાપો જ કરેલા તેથી યમના દૂતો તેના જીવને લેવા આવ્યા. તે સમયે અજામિલે ગભરાઈને પોતાના દીકરા નારાયણને બોલાવવા સાદ કર્યો અને તે જ સમયે ભગવાનના પાર્ષદો

આવ્યા અને અજામિલને યમના પાશ થકી મૂકાવ્યો. અજામિલને તેનું સદાચરમય પૂર્વજીવન યાદ આવ્યું. તેને તેના કરેલા કૃત્યોનો પારાવાર પસ્તાવો થયો. યમના દૂતોથી ભગવાને તેને બચાવ્યો તેથી તેના જીવનનું પરિવર્તન થયું. અને અનાચારનો ત્યાગ કરી અને પોતે પહેલા હતો તેવો શુદ્ધ બ્રાહ્મણ બની ગંગાકિનારે પર્ણકૂટિ બાંધી પ્રભુભક્તિમાં જીવન વીતાવવા લાગ્યો. સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય ઉપજ્યો અને ભગવત્ ભક્તિ કરવા લાગ્યો. ફરી વાર તેનો અંતકાળ આવ્યો પણ તે સમયે તો તે ભક્ત બની ગયો હતો તેથી ભગવાનના પાર્ષદો સાથે તે વૈકુંઠમાં ગયો. (૨)

શ્રીહરિએ વચનામૃત સારંગપુરના ૯માં અજામેલનો ઉલ્લેખ કર્યો છે :

'...અને ભગવાનનો મહિમા એમ વિચારવો જે, અજામેલ મહાપાપી હતો ને દીકરાને યોગે નારાયણ એવું નામ લીધું તો સર્વ પાપથી છૂટીને પરમપદને પામ્યો...!'

અજામિલે પોતાના જીવનમાં સુધારણા કરી, નિર્વાસનિક થઈ પ્રભુ ભજન કરવા લાગ્યો તો તેનું કલ્યાણ થયું. લોકમાં એવું કહેવાય કે, અજામિલે એકવાર નારાયણ નામ લીધું અને તેને ભગવાન તેડવા આવ્યા તેવું નથી, પરંતુ તે સંપૂર્ણ એકાંતિક ભક્ત બન્યો તેથી પ્રભુ તેને ફરી વાર તેડવા આવ્યા અને વૈકુંઠવાસી બનાવ્યો.

★ **પાદટીપ :**

(૧) **બહુરત્ના વસુંધરા :** શા. હરિપ્રકાશદાસજી, કુબેરનગર સુરત, પ્રકાશક : સ્વામિ. આશ્રમ, ઋષિકેશ, વર્ષ-૨૦૦૯, પાના નં. ૩૨૪થી ૩૨૬

(૨) **ભક્તમાલ** (નાભાજી કૃત) પ્રવીણ પુસ્તક ભંડાર : રાજકોટ વર્ષ : ૧૯૯૮, પાના નં. ૭૧થી ૭૬

•

૧૩૨. ઢૂંઢિયા

વચ.ગ.મ.૨૭ શ્રી હરિ કરે : જેને ભગવાનની ભક્તિ કરવી તેને તો ઢૂંઢિયાની પેઠે દયા રાખ્યે પણ કેમ ઠીક પડે ?

સામાન્ય અર્થમાં જોઈએ તો *ઢુંઢના* એ હિન્દી શબ્દનો અર્થ થાય છે શોધવું.

આ શબ્દ જૈનો માટે વપરાય છે. શ્વેતાંબર જૈનોનો એ નામનો પેટાવિભાગ છે. સત્ય ઢૂંઢનાર તે ઢૂંઢિયો કહેવાય છે. તેથી સંશોધન કરનારને ઢૂંઢિયા કહેવાય છે. સંશોધન કરેલો શુદ્ધ સિદ્ધાંત માનનાર એ અર્થ આમાં સમાયેલો છે. ઢૂંઢિયા શબ્દ કંઈ ગૌરવ રહિત શબ્દ નથી - તોછડો શબ્દ નથી. જૈન ગુરુ હેમચંદ્રાચાર્યએ કરેલ વ્યાકરણની ટીકાને ઢૂંઢિકા કહે છે. પરંતુ આવો અર્થસભર શબ્દ છોડી દઈને સ્થાનકવાસી એવો શબ્દ હાલ વપરાય છે. સંવતના ૧૬માં શતકમાં અમદાવાદમાં લોંકાશાહ નામના શ્રાવકે (અનુયાયી) મૂર્તિપૂજક શ્વેતાંબરમાંથી છૂટા પડીને આ નવો સ્થાનકવાસી સંપ્રદાય સ્થાપ્યો. તેઓ મૂર્તિને પૂજતા નથી. પણ સ્થાન બાંધી તેમના સંતો રહે છે એટલે કે ઉપાશ્રય બાંધી તેમાં રહી શ્રાવકોને ધર્મ ઉપદેશ આપે છે. એટલે તેમના અનુયાયીઓ સ્થાનકવાસી કહેવાય છે.

ઉપાશ્રયમાં બધા પૂજ્યો (સંતો) સમૂહમાં રહે છે અને ત્યાં રહી ધર્મધ્યાન કરે છે. ઈલેક્ટ્રિક લાઈટ પંખા કે તેલના દીવા અહીં રખાતા નથી. વળી લઘુ ગુરુ શંકા માટે એક રેતી ભરેલું ફળીયું હોય છે ત્યાં તે ક્રિયા પતાવે છે. જો આવી સગવડતા ન હોય તો લેટ્રીન પણ હાલ રખાય છે. ઓછામાં ઓછી જીવહિંસા થાય એટલે જરૂર પૂરતો જ પાણીનો વપરાશ કરે છે. મહાવીર સ્વામી સહિત ૨૪ તીર્થંકરોને માને છે. તેઓ દેરાસરમાં મૂર્તિને પગે લાગવા કે પૂજવા જતા નથી. તેઓ શ્વેતાંબરો જેવા નિયમો પાળે છે. તેઓ નવકારમંત્ર બોલે છે. પણ '૯'ને બદલે પાંચ જ નામ બોલે છે. જેમકે, નમો અરિહંતાણમ્, નમો સિદ્ધાંણમ્, નમો આયરિયાણમ્, નવો ઉવજ્જાયાણમ્, નમો લોયે સવ્વસાહુંણમ્. એટલે કે અરિહંતને સિદ્ધોને નમન છે.

આ મંત્ર માગધિ ભાષાનો છે. તેઓના ગ્રંથો માગધિ ભાષામાં લખાયેલા છે. તેઓના સંતને મહારાજ સાહેબ કે પૂજ્ય કહે છે. તેઓ રોજબરોજના દૈનિક વ્યવહારમાં ઓછામાં ઓછી જીવહિંસા થાય તેવું કરે છે. ઓછામાં ઓછું પાણી વપરાય તેનું ધ્યાન રાખે છે. તેમના સંતો કદી સ્નાન કરતા નથી. પરંતુ માંદગી અને બીજા ખાસ સંજોગોમાં શરીરમાંથી દુર્ગંધ આવતી હોય તો ભીનુ પોતું શરીરે ફેરવે છે. સ્થાનકવાસી મહારાજ સાહેબો મોઢે મુમતિ બાંધે છે (રૂમાલ). જેથી વાતચીત વખતે બોલવાથી સૂક્ષ્મ જંતુ મરે નહિ. દેરાવાસી મહારાજ સાહેબો મોઢે મુમતિ બાંધતા નથી અને બંને શ્વેત વસ્ત્રો જે સીવેલા ન હોય તેવા પહેરે છે. તેઓનું જીવન તપપ્રધાન છે. ઉપવાસના દિવસે ફક્ત ઉકાળેલું પાણી જ લે છે.

પૂજ્યો દરેક માસની સુદ બીજ, આઠમ, પાંચમ, ચૌદશના દિવસોમાં લીલોતરી શાક ભોજનમાં લેતા નથી. આ નિયમો કેટલાક શ્રાવકો પણ પાળતા હોય છે. આ તિથિને પાખી કહે છે. આ દિવસોમાં શાકને બદલે કઠોળનો ઉપયોગ કરતા હોય છે. કંદમૂળ, ડુંગળી-લસણ વગેરેનો કાયમી ત્યાગ હોય છે.

પર્યુષણ પર્વ :

વર્ષમાં ૮ દિવસનું પર્યુષણ (પજોષણ) પર્વ આવે છે. બીજુ નામ સંવત્સરી જેમાં તપ, ત્યાગ અને આહાર સંબંધી નિયમો વિશેષપણે પાળી પ્રભુ ભજન વધારે કરાતું હોય છે. શ્રાવણના છેલ્લાં ચાર દિવસ તથા ભાદરવાના પહેલા ચાર દિવસ એમ કુલ મળી ૮ દિવસ પર્યુષણ હોય છે. બહુધા શ્રાવકો આનું પાલન કરે છે. પર્યુષણના છેલ્લા દિવસે ૩ કલાકનું સંયુક્ત પ્રતિક્રમણ હોય છે. ઉપાશ્રયમાં બધા શ્રાવકો મહારાજ સાહેબની નિશ્રામાં આ દિવસે નિશ્ચિત સંખ્યામાં નવકાર મંત્ર બોલી ધાર્મિક વિધિ સાથે વર્ષ દરમ્યાન જાણે-અજાણ્યે, આહાર-વિહારમાં જે જે પાપકર્મ કે આશાતના થઈ હોય તેની પ્રભુ પાસે અંતઃકરણપૂર્વક માફી માગે છે. જેથી તે પાપો બળી જાય તેવી માન્યતા આ પ્રતિક્રમણાં રહેલી છે. તે સાથે શ્રાવકોને અંદરોઅંદર વાતચીત કે વ્યવહારમાં કાંઈક મન-દુઃખ થયું હોય તેની એકબીજા માફી માંગે છે જેને 'મિચ્છામિ દુકડમ્' કહે છે.

જૈનોના પહેલા તીર્થંકર ઋષભદેવ હતા અને ચોવીશમાં છેલ્લા મહાવીર સ્વામી હતા.

શ્રાવકો માટે રોજ ૪૫ મિનિટનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. ચુસ્ત શ્રાવકો આનું પાલન કરતા હોય છે.

ક્ષમાપના અને અહિંસા ઉપર આ સંપ્રદાય રચાયેલો છે. રોજબરોજના વ્યવહારમાં ઓછામાં ઓછી જીવહિંસા થાય તેનું તેઓ સતત અનુસંધાન રાખે છે.

આ સંપ્રદાય કર્મપ્રધાન છે. વ્યક્તિએ આ જન્મમાં કે પૂર્વના જન્મોમાં જે જે પાપ કર્મ કર્યા હોય તેના નિવારણ માટે આ જન્મમાં ધર્મ ધ્યાન કરી તે પાપ કર્મને ખપાવે (નાશ કરે) છે. જે જે ધર્મકાર્ય કરાય કે નામ સ્મરણ કરાય તે પાપના નાશ માટે કરાય છે. પરંતુ પ્રભુને રાજી કરવા, તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે ધાર્મિક કાર્યો થતાં નથી તેવું મંતવ્ય શ્રાવકો તથા પૂજ્યો ધરાવે છે. વળી મૂર્તિપૂજામાં માનતા નથી તેથી ઘણા સંપ્રદાયના મતે શ્રાવકો કે જૈનો નાસ્તિકની વ્યાખ્યામાં આવે છે.

જૈનો પુનર્જન્મમાં માને છે. મનુષ્ય પછી મનુષ્યનો જ જન્મ આવે છે તેવી માન્યતા ધરાવે છે.

આ સંપ્રદાયનું સંતમંડળ પુરુષ પ્રધાન છે. એટલે કે સંતમંડળમાં કોઈ નવા પુરુષ સંત થાય અને તેની ઉંમર નાની હોય તેમ છતાં સંતોમાં જૂના સ્ત્રી સંત જો તેનાથી મોટી ઉંમરના હોય તેમ છતાં તે ગરણીજી (સ્ત્રી સંત સાધ્વી) નાના પુરુષ સંતને ચરણમાં વંદન કરતા હોય છે. સ્થાનકવાસીમાં પુરુષ કરતા સ્ત્રી સંતની સંખ્યા વધારે હોય છે. તેઓના નામ પણ પૂર્વાશ્રમના નામ ઉપર હોય છે. જેમકે રતનબા નામ હોય તો રતનબા મહાસતિજી તેમ બોલાવાય છે. તે રીતે પુરુષ સંત પણ પૂર્વાશ્રમના નામથી ઓળખાય છે.

જૈનોમાં પણ અનેક વિભાગો છે. જેમકે શ્વેતાંબરી, સ્થાનકવાસી, તેરાપંથી, દિગંબરી હોય છે.

શ્રાવકો અને સંતો દિવસ ઉગ્યા પછી અને દિવસ આથમે તે પહેલા ભોજન લઈ લેતા હોય છે. એટલે કે સૂર્યોદય પહેલા નવકારશી એ નામે કહેવાય અને સૂર્યોદય બાદ પોરશી એ નામે કહેવાય છે.

★ ગોચરી :

ઉદર નિર્વાહ માટે શ્રાવકોના ઘરે મહારાજ સાહેબો ગોચરી (ભિક્ષાવૃત્તિ) માટે જાય છે. શ્રાવકોના ઘરે જે પદાર્થો તે સંપ્રદાયની રીતિ પ્રમાણેના હોય તો જ તે સ્વીકારે છે. ઉકાળેલું ગરમ પાણી પીવાના ઉપયોગમાં લે છે. તે પણ ચાર કલાકનું જ લેવાય છે. વધુ સમયનું હોય તો તે વાપરી શકાતું નથી. સંતો ભિક્ષામાં આવેલા પદાર્થો ઉપાશ્રયમાં આવીને પોતાના ગુરુને સોંપે છે. ત્યારબાદ ગુરુ સૌથી પહેલા

નાના સંતને પહેલા આપી જરૂરિયાત મુજબ અન્ય સંતોને ગોચરી વહેંચે છે. ભોજનમાં ભૂલથી જો મરચા કે કોકમ આપી ગયું હોય તો તે ખાઈ જવાનું કે જમીનમાં દાટી દેવાનું હોય છે. જમીને પાત્ર ધોઈને પી જવાય છે. જેથી અન્નનો કણ જમીન ઉપર પડીને જંતુના ઉદ્ભવનું કારણ ન બને. ગુરુ કહે તે જગ્યાએ (તે શ્રાવકના ઘરે કે વિસ્તારમાં) જ ગોચરી વહોરવા જઈ શકાય છે.

★ **તપ :**

અન્ય સંપ્રદાયની જેમ વ્રત ઉપવાસમાં 'આંબેલ' નામનું વ્રત હોય છે. જેમાં એકવાર ભોજન લેવાતું હોય છે. ખારું-ખાટું-તીખું-ગળ્યું-ઘી-તેલ-દૂધ-દહીં-છાશ વગરનું ભોજન લેવાય છે. તેમ છતાં કેટલાક મીઠાને બદલે સીંધાલૂણ, મરચાને બદલે મરીનો ઉપયોગ કરતા હોય છે.

આ સંપ્રદાયમાં પ્રભુના નામસ્મરણ કરતા તપનું મહત્ત્વ વધારે હોય છે. વધારે તપ કરનાર મહાન ગણાતો હોય છે.

૨ દિવસના ઉપવાસને છટ્ઠ,
૩ દિવસના ઉપવાસને અટ્ઠમ
૮ દિવસના ઉપવાસને અઠ્ઠાઈ
૧૬ દિવસના ઉપવાસને સોળભથ્થું
૩૦ દિવસના ઉપવાસને માસશ્રમણ કહે છે.

એ રીતે આખું વર્ષ તિથિ પ્રમાણે અલગ-અલગ પ્રકારે નિરાહાર કે એકાસણું-બેસણું રહીને તપ કરે તેને વર્ષીતપ કહે છે.

આ સિવાય ઉગ્ર કક્ષાના તપ પણ હોય છે. જે બહુધા મહારાજ સાહેબો કે તપસ્વી શ્રાવકો કરતા હોય છે. જેમાં સિદ્ધિ તપ, પંચષપ્તિ તપ, શ્રેણી તપ, શત્રુંજય તપ, કંઠાભરણ તપ આદિ ૧૫૦૦ જેટલા તપ હોય છે. શક્તિ અને શ્રદ્ધા અનુસાર આવા તપ થતા હોય છે.

★ **સંથારો :**

ઢૂંઢિયા સંપ્રદાયમાં અમુક મહારાજસાહેબ કે ગૃહસ્થ જિંદગીના છેલ્લા દિવસોમાં સંથારો કરતા હોય છે. ક્યારે ? કે જ્યારે શરીર બિલકુલ અશક્ત થઈ ગયું હોય, રોગથી બિલકુલ ઘેરાઈ ગયા હોય કે જીવનમાં કોઈ આસક્તિ ન રહી હોય ત્યારે સંથારાના પચ્ચખાણ સંતો પાસેથી શ્રાવકો કે સંતો લેતા હોય છે. જેમાં મૃત્યુપર્યંત અન્ન, જળ કે દવા કંઈ પણ લેવાનું હોતું નથી. પરિણામે ધીમે ધીમે

વ્યક્તિ મૃત્યુ તરફ ધકેલાતો હોય છે. આવું ભાગ્યે જ કરાતું હોય છે. પણ જે વ્યક્તિ આ કરે તેને સંપ્રદાયમાં ખૂબ માનની નજરે જોવાય છે. બધા તેને પગે લાગી, તેની પૂજા કરી, આશીર્વાદ લેતા હોય છે.

★ **મોક્ષ :**

આવા સંથારાના સંજોગોમાં શ્રાવક અને મહારાજ સાહેબ જીવનની અંતિમ ક્ષણોમાં દૈનિક ક્રિયા, દર્શન વગેરેના અંતિમ નિરયામણા (વંદન અને ક્ષમાપના) કરી જગતના ભૌતિક પદાર્થો, વ્યક્તિઓ વિસારી દઈ શુભાશુભ વિચારો ત્યાગી, ફરી વાર જન્મ લેવાનો સંકલ્પ કરાય છે. આ જન્મ જંબુદ્વીપ કે જે મહાવીર સ્વામીનો દેહક્ષેત્ર છે ત્યાં જન્મ લેવાનો સંકલ્પ થાય છે. જ્યાં સિમંધર ભગવંતો વિચરણ કરે છે અને ત્યાંથી જીવને મોક્ષ મળે છે. આ લોકમાં મોક્ષ નથી એટલે કે જૈન ધર્મનો પાંચમો આરો ચાલે છે. તેમાં કોઈને મોક્ષ નથી તેવું તેઓના માગધી ભાષાના શાસ્ત્રો કહે છે. તેથી જંબુદ્વીપના પૂર્વ અને ઉત્તરદિશા કે જ્યાં ઈશાન દિશા આવેલી છે ત્યાં જન્મ લેવાનો અને મને સમાધિ મળે તેવો છેલ્લો સંકલ્પ કરાય છે.

વળી જૈન ધર્મના તમામ ફિરકાઓના અનુયાયીઓ એવું દૃઢપણે માને છે કે, જેવું જીવન જીવો તેવો બીજો જન્મ મળે છે. જીવનની છેલ્લી ક્ષણે જેવો ભાવ હોય તેવી રીતનો બીજો જન્મ મળે છે. શુભ ભાવ હોય તો શુભ અને અશુભ ભાવ હોય તો અશુભ દેહ મળે છે.

★ **ગ્રંથો :**

જૈનોના દિગંબર ફિરકાના અનુયાયીઓ પ્રભુ જેમ કરતા તેમ કરે છે અને શ્વેતાંબરો પ્રભુ જેમ કહેતા તેમ કરે છે.

જૈનોના તમામ ફિરકાઓના પવિત્ર ધર્મગ્રંથો જેમાં શ્રાવકો માટે આચાર, વિચાર સંબંધી નિયમો હોય છે તેવો ગ્રંથ **કલ્પસૂત્ર** છે. જેનું પઠન અને મનન ચુસ્ત અનુયાયીઓ કરે છે. બીજો એક પવિત્ર ગ્રંથ **ભક્તામર** છે. જેમાં જૈન ધર્મના સૂત્રો, જ્ઞાનવિષયક વાતો છે. ૪૫ આગમ ગ્રંથો પૈકી આ બે ગ્રંથો મુખ્ય માનવામાં આવે છે. આ બધા ગ્રંથો મૂળ માગધિ ભાષામાં છે પરંતુ હાલ તે પ્રાકૃત ભાષામાં પણ બહાર પડેલા છે.

મહારાજ સાહેબો જીવનવ્યવહારમાં ઓછામાં ઓછા વસ્ત્રો (બે વસ્ત્રો) ઉપયોગમાં લે છે. જેમાં ચોર પટ્ટો (લંગોટ), પાંગરણી (કપડું) સંથારો (સુવા માટે), ઉત્તરપટો, આસન ઉપયોગમાં હોય છે. તે સિવાય અન્ય ચીજવસ્તુમાં તરખણી,

સુપડી, કુંજની, નવકારવાળી (માળા પ્લાસ્ટિકની), નાનો રજહરણો (રજોણો) જે પાત્ર સાફ કરવા માટે વપરાય છે તથા એક મોટો ચરવલ્લો જે આસન સાફ કરવા માટે વપરાય છે.

ઢૂંઢિયા ગોચરી વહોરવા જાય ત્યારે કે વિહાર (યાત્રા) કરવા જાય ત્યારે સાથે દંડ રાખતા નથી. જ્યારે દેરાવાસી રાખે છે.

ટૂંકમાં ઢુંઢિયા ભક્તોની સાધના કર્મપ્રધાન છે. પ્રભુની પ્રસન્નતા માટે નથી. કર્મ ખપાવતા ખપાવતા જ્યારે કર્મનો નાશ થઈ જાય ત્યારે જીવ નિર્વાણ પામતો હોય છે. કહેતા જીવનો મોક્ષ થઈ તીર્થંકરને પામે છે. જીવદયાને પ્રાધાન્ય અપાય છે. ભગવાનની ભક્તિને અતિ પ્રાધાન્ય અપાતું નથી, પણ તપને પ્રાધાન્ય અપાય છે.

શ્રીહરિ ગઢડા મધ્યના ૨૭માં વચનામૃતમાં કહે છે : 'જેને ભગવાનની ભક્તિ કરવી તેને તો ઢૂંઢિયાની પેઠે દયા રાખ્યે પણ કેમ ઠીક પડે ?' પરમેશ્વરને વાસ્તે પુષ્પ, તુલસી, ભાજી તરકારી લાવી જોઈએ... બાગ બગીચા કરાવવા જોઈએ.

એટલે કે ભગવાન માટે પુષ્પ, તુલસી વગેરે લાવતા તેમાં જીવહિંસા પણ થાય માટે જીવ હિંસાને પ્રાધાન્ય આપી ભગવાનને બાજુ પર રાખે છે. માટે તેઓ નાસ્તિક છે એમ શ્રીહરિનું કહેવાનું તાત્પર્ય છે.

★ **પાદટીપ :**

સંશોધકશ્રી દ્વારા સંશોધિત.

●

૧૩૩. મુરદાનવ

એકાદશીનું, જ્ઞાનયજ્ઞનું, અંતર્દષ્ટિના **ગઢડા મધ્યના ૮મા વચનામૃતમાં શ્રીહરિ એકાદશીની ઉત્પત્તિની કથા અને તેના મહિમા વિષે કહે છે.**

પૂર્વે ભગવાન દશ ઇન્દ્રિયો અને અગિયારમું મન તેને અંતરસન્મુખ કરીને પોઢ્યા હતા. તે સમયમાં નાડીજંઘનો દીકરો જે મુરદાનવ તે યુદ્ધ કરવા આવ્યો...!

મુર દાનવ વિષે જાણીએ :

પૂર્વે સત્યુગમાં નાડીજંઘ નામનો અસુર હતો. તેનો મુર નામે પુત્ર હતો. તે મહા બળવાન અને ઉદ્ધત હતો. મુરદાનવે અતિ તપ કરીને બ્રહ્માજી પાસેથી કોઈ પણ દેવથી ન મરું એવું વરદાન પામ્યો. આવા વરદાનથી તે ઇન્દ્રાદિ દિગ્પાળોને જીતીને સ્વયં ઇન્દ્ર બની ગયો. ત્યારે દેવો નિસ્તેજ બની ગયા. આથી આ દુઃખના નિવારણ માટે તેઓ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ આ દુઃખ દૂર કરવાની અસમર્થતા દર્શાવી ને ભગવાન નારાયણ આ દુઃખથી મુક્ત કરશે તેવું કહેતા સ્વયં બ્રહ્મા, શંકર બધા દેવોએ ભેગા મળીને નારાયણ પાસે જઈ સ્તુતિ પ્રાર્થના કરી. દેવતાઓને દુઃખી જોઈ ભગવાનને કરૂણા ઉપજી અને તેમને અભય-આપી દૈત્યનો નાશ કરવાનો સંકલ્પ કર્યો. તેમણે ચંદ્રાવતી નામની અસુર નગરીમાં જઈ પાંચજન્ય શંખ વગાડતા આ નાદ સાંભળી બધા અસુરો ત્રાસ પામ્યા. મુરદાનવ પુરમાંથી એકદમ બહાર આવ્યો અને દેવતાઓ સાથે યુદ્ધ કરવા લાગ્યો. પણ દાનવના અસ્ત્ર-શસ્ત્રના પ્રહારને દેવો સહન ન કરી શક્યા અને નાસી ગયા. ભગવાને પણ મુરદાનવ સાથે એક હજાર વર્ષ સુધી યુદ્ધ કર્યું. છતાં તે વરદાનના પ્રતાપે મરાયો નહિ. પછી પ્રભુ યુદ્ધમાંથી પલાયન થઈ ચંદ્રાવતીથી દોડતા બદ્રિનારાયણની સિંહવતી ગુફામાં પ્રવેશ કરી શયન કરી ગયા. (૧)

આ બાજુ મુરદાનવ પ્રભુ પાછળ દોડતો આવ્યો. આ ગુફા બાર યોજન લાંબી અને ૧૬૪ દ્વારવાળી હતી. તેમાં દાનવે પ્રવેશ કર્યો. ભગવાન તો યોગ નિદ્રામાં હતા. પ્રભુએ વિચાર્યું કે, આનો વધ દેવોથી થાય તેમ નથી. આથી આને મારવા

માટે બીજો ઉપાય કરવો પડશે એવું વિચારી ક્રોધાયમાન થયા. ત્યાં ભગવાનના એકાદશ ઈન્દ્રિયો થકી એક તેજોમય રાશિ પ્રગટ થયો. તે તેજમાંથી દિવ્ય આયુધ ધારી રહેલી કોઈ અતિ સ્વરૂપવાન સ્ત્રી પ્રગટ થઈ. મુર દાનવ આ સ્ત્રીને જોઈ તેનામાં મોહ પામ્યો અને પોતાની સાથે લગ્ન કર તેવું કહ્યું. ત્યારે પ્રગટ થયેલી દેવી કહે, મારે એવું વ્રત છે કે, જે મને યુદ્ધમાં જીતે તેને હું વરૂં. પણ, અસુર મોહવશ હતો તેથી એટલું વિચારી ન શક્યો કે, યુદ્ધમાં જીત્યા ત્યારે કહેવાય કે જ્યારે એકનું મૃત્યુ થાય. પોતે યુદ્ધમાં હારે તો તેનું મૃત્યુ થાય અને પોતે જીતે તો કન્યા મરે તો તે જીત્યો કહેવાય પણ કન્યાને પરણવાનો સવાલ જ ન આવે. આમ, દાનવ પોતે કન્યા સાથે લડવા લાગ્યો. તેને તો કન્યા સાથે પરણવું હતું તેથી કન્યા સાથે ધીમે ધીમે લડવા લાગ્યો. ત્યાં લાગ જોઈ કન્યાએ શસ્ત્રથી તેનું માથું છેદી નાખ્યું અને દાનવ મરાયો. આ જોઈ દેવોએ કન્યાનો જય જયકાર કર્યો. પ્રભુ પણ કન્યા ઉપર રાજી થયા. (૧)

પછી પ્રભુએ અજાણ્યા થઈ કન્યાને પૂછ્યું કે, તમે કોણ છો ? ત્યારે કન્યા કહે, હું તમારી અગિયાર ઈન્દ્રિયોમાંથી ઉત્પન્ન થયેલી તમારી શક્તિ છું. તપસ્વીની છું. બ્રહ્માંડમાં જે પાપો છે તે સર્વનો સંહાર કરનારી હું છું. આથી પ્રભુ તેના પર પ્રસન્ન થયા અને તેને વરદાન માંગવાનું કહ્યું.

ત્યારે દેવીએ કહ્યું હું તમારી અગિયાર ઈન્દ્રિયોમાંથી પ્રગટ થઈ છું તેથી મારું નામ એકાદશી રાખો. જે જન મારું વ્રત કરશે તે સર્વ પાપથી મુક્ત થઈ મોક્ષને પામશે અને આ લોકમાં પણ સુખી થશે. ત્રણેય લોકમાં ચારેય યુગમાં બારે માસ મારું વ્રત પ્રવર્તે. આપ મારા સ્વામી થઈને મને નિત્ય આનંદ આપો. આવું હું વર માગું છું. (૧)

પ્રભુએ રાજી થઈને એ વર આપ્યો.

★ **પાદટીપ :**

(૧) **એકાદશી મહાત્મ્ય કથા :** પ્રકાશક - ભૂજ મંદિર, વર્ષ-૨૦૦૫, પાના નં. ૮થી ૧૦

●

૧૩૪. માંધાતા રાજા

માંધાતા રાજા સૂર્યવંશી ઈક્ષ્વાકુ વંશના મહાપ્રતાપી રાજા હતા. તેઓ રામાવતારમાં ઈ.સ. પૂર્વે ૩૭૫૧થી ૩૭૦૯ દરમ્યાન ત્રેતાયુગમાં થઈ ગયા.

ઈક્ષ્વાકુ વંશના રાજા નિકુંભ થયા તેના પુત્ર બર્હણાશ્વ, તેના પુત્ર કૃશાશ્વ, કૃશાશ્વના સેનજિત અને સેનજિતના યુવનાશ્વ થયા. આ રાજા સંતાનહીન હતા. તેથી તેઓ દુઃખી થઈને વનમાં ગયા. ત્યાં ઋષિઓએ કૃપા કરીને યુવનાશ્વને પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કરવાનું કહ્યું. રાજાએ પોતાની સો પત્નીઓ સાથે ઈન્દ્રનો યજ્ઞ કરાવ્યો. એકવાર રાત્રીના સમયે રાજાને ખૂબ તરસ લાગી. તેથી યજ્ઞશાળામાં ગયા. ઋષિઓ સૂઈ ગયેલા. જળપ્રાપ્તિ માટેનો બીજો કોઈ ઉપાય ન જોતા તેમણે યજ્ઞશાળામાંથી મંત્રો દ્વારા અભિમંત્રિત જે જળ હતું તે ભૂલથી પી લીધું. સવારે ઋષિઓને ખબર પડી ત્યારે તેમણે કહ્યું કે, પ્રભુની આવી ઈચ્છા હશે ! ત્યારબાદ પ્રસવનો સમય આવ્યો ત્યારે યુવનાશ્વની જમણી કૂખ ચીરીને તેમાંથી એક ચક્રવર્તી પુત્રનો જન્મ થયો. આ બાળક દૂધ માટે રડી રહ્યું હતું ત્યારે ઋષિઓ કહે, આ કોનું દૂધ પીશે ત્યારે ઈન્દ્રે કહ્યું કે, મારું દૂધ પીશે. *मा धास्पति* (માં ધાતા) તું રડ નહીં. આમ કહીને ઈન્દ્રે પોતાની તર્જની આંગળી બાળકના મોંમાં મૂકી દીધી. બાળક ધાવીને તૃપ્ત થઈ ગયું. આ ઉપરથી બાળકનું નામ માંધાતા પડ્યું. આ બાળકનું બીજું નામ ત્રસદસ્યુ પણ હતું. તેઓ મોટા થઈને ચક્રવર્તી રાજા થયા. ભગવાનના તેજથી તેમણે એકલા હાથે સાત દ્વીપની પૃથ્વીનું શાસન કર્યું. તેઓ આત્મદર્શી હતા. તેમણે મોટા મોટા યજ્ઞો કર્યા. શશબિંદુના પુત્રી બિંદુમતી તેમના પત્ની હતા. તેનાથી તેમને ત્રણ પુત્રો થયા અને પચાશ પુત્રીઓ થઈ. (૧)

રાજાએ પરાક્રમથી મેળવેલું ધન પ્રજાહિતમાં વાપર્યું. તેણે સો અશ્વમેઘ યજ્ઞ અને સો રાજસૂય યજ્ઞો કર્યા. એકવાર તેમના રાજ્યમાં બાર વર્ષ સુધી વરસાદ ન થતા રાજાએ પોતાના તપોબળથી વરસાદ વરસાવી પ્રજાને સુખી કરી. (૨)

સૌભરી ઋષિ જળમાં બેસીને તપ કરતા હતા ત્યારે મત્સ્યની મૈથુન ક્રિયા જોતા તેમને કામ વ્યાપ્યો અને લગ્ન કરવાની ઈચ્છા થતાં તેઓ માંધાતા રાજા પાસે આવ્યા અને તેની કન્યા પરણાવવા કહ્યું. ઋષિ પોતાના તપોબળથી સુંદર યુવાન થઈ ગયા અને રાજાની પચાસે કુંવરીઓ ઋષિનું રૂપ જોઈને વરી. ઋષિએ પોતાના સામર્થ્યથી પચાશરૂપે થયા અને અનેક મહેલો, આભૂષણો અને સુખ સાહ્યબી ખડી કરી દીધી અને અનેક વર્ષો સુધી ઋષિએ સુખ ભોગવ્યું. સંસારમાં આસક્ત થઈ ગયા.

શ્રીહરિએ **વચનામૃત પ્રથમના ૭૫માં માંધાતા** રાજાનો ઉલ્લેખ કર્યો છે.

...અને માંધાતા રાજાની દીકરીઓ પચાશ તે સૌભરી ઋષિનું રૂપ જોઈને વરીઓ તેને કામનાએ કરીને સૌભરીને વિષે હેત હતું તો તે સર્વેનું કલ્યાણ ઋષિના જેવું થયું.

માંધાતાના અતુલ બળ-પરાક્રમ, મોટા દાનવીરપણાનો અદ્યાપિ પર્યંત દાખલો આપવામાં આવે છે કે, તું કોઈ મોટો માંધાતા થયો ? ભલે મોટો માંધાતા આવે તો શું થયું ! વગેરે પ્રકારે શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. (૨)

★ **પાદટીપ :**

(૧) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ.** સ્કંધ-૯ અધ્યાય-૬, ગીતા પ્રેસ, ગોરખપુર

(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૭૨૩૦-૭૨૩૧

૧૩૫. નહુષ રાજા

મનુષ્ય ભાવમાં દિવ્યભાવના **પંચાળાના ૪થા વચનામૃત**માં મુનિબાવાના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિ ભગવાનના દિવ્ય સ્વરૂપ વિષે સમજાવે છે કે, ભગવાનનું સ્વરૂપ માયિક હોવા છતાં તે દિવ્ય છે. ... રાજા પોતાના તપના બળે કરીને દેવતાના જેવા ઐશ્વર્યને પામ્યો હોય... જેમ અર્જુન હતા તે દેહે કરીને સ્વર્ગને વિષે ઈન્દ્રાસન ઉપર કેટલાક વર્ષ રાજ્ય કર્યું તે રીતે નહુષ રાજા પણ ઈન્દ્ર થયા હતા.

તો, **આ નહુષ રાજા વિષે જાણીએ :**

નહુષ અયોધ્યાના પ્રાચીન ઈક્ષ્વાકુ વંશના રાજા હતા. તેઓ અંબરીષના પુત્ર હતા. યયાતિના પિતાશ્રી હતા. મહાભારતમાં તેને ચંદ્રવંશી આયુનો પુત્ર માનેલ છે. તે મહાપરાક્રમી, વિદ્વાન અને ધર્માત્મા હતા. તેણે ઘણાં યજ્ઞો કર્યા અને તપશ્ચર્યા કરી દેવોની કૃપા મેળવી હતી. વૃત્રાસુરનો વધ કરવાથી ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી હતી. આથી ભયના કારણે ઈન્દ્ર ૧૦૦૦ વર્ષ સુધી કમલનાળમાં સંતાઈ રહ્યા હતા. ઈન્દ્રાસન ખાલી હોવાથી દેવો અને ઋષિઓએ મળીને નહુષ રાજાને ઈન્દ્રાસન પર બેસાડ્યા. પોતે ઈન્દ્ર હોવાથી ઈન્દ્રાણી (શચી) ઉપર પોતાનો અધિકાર છે તેમ માની શચીને લગ્ન માટે કહેણ મોકલ્યું. ત્યારે શચી કહે, હું પતિવ્રતા સ્ત્રી છું. હું બીજાને પતિ ન કરી શકું. નહુષે બહુ હઠાગ્રહ કર્યો ત્યારે તેણીએ કહ્યું કે, તમે જેના ઉપર કોઈએ અગાઉ ક્યારેય સવારી ન કરી હોય તેવા કોરા વાહન ઉપર બેસીને આવશે. તો તમારી સાથે લગ્ન કરું. નહુષે વિચાર્યું કે માણસ ઉપર કોઈએ સવારી કરી નથી. તેથી તેણે સપ્તર્ષિ પાસે પોતાની પાલખી પરાણે ઉપડાવી ઈન્દ્રાણી પાસે જવા નીકળ્યો. પણ પોતે કામાંધ થયો હતો તેથી ઋષિઓને પગ અડાડીને સર્પ સર્પ એટલે કે ઉતાવળથી ચાલો તેમ કહેવા લાગ્યો. આ વેણ સાંભળવાથી ઋષિઓ તેના પર ગુસ્સે ભરાયા અને શાપ આપ્યો કે, તું

સર્પ બનીને પૃથ્વીલોકમાં જન્મ ધારણ કર. આથી રાજાને પોતાની ભૂલનું ભાન થતા તેણે ઋષિઓની માફી માગી. ત્યારે ઋષિએ તેના પર અનુગ્રહ કરીને કહ્યું કે, જ્યારે તું યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછીશ અને તે તારા પ્રશ્નોના સાચા જવાબો આપશે ત્યારે તને આ સર્પના દેહમાંથી મુક્તિ મળશે.

આમ રાજા અજગર થઈને યામુન પર્વત પાસેના વિશાખપુય સરોવરમાં પડ્યો. આ સરોવરમાં ભીમ પાણી પીવા આવતા સર્પે તેને પકડ્યો. ભીમને આવતા વાર લાગી એટલે યુધિષ્ઠિર ભીમને શોધવા આવતા. અને સર્પે તેને પકડેલો દીઠો ત્યારે યુધિષ્ઠિરે સર્પને પૂછતા તેણે પોતાના પર બનેલી સઘળી બીના જણાવી અને સર્પના બધા પ્રશ્નોના શાસ્ત્રોક્ત ઉત્તર યુધિષ્ઠિરે આપતા સર્પે ભીમને છોડી દીધો અને પોતે શાપમુક્ત થતા દિવ્યદેહ ધારણ કરી સ્વર્ગે ગયા. (૧) અને (૨)

★ **પાદટીપ :**

(૧) **संक्षिप्त महाभारत : प्रथम खंड :** વન પર્વ, પાના નં. ૪૫૯થી ૪૬૪નો સારાંશ

(૨) **ભગવત્ ગો મંડળ : ભાગ-૫ :** પાના નં. ૪૯૦૫

●

૧૩૯. ચિત્રકેતુ રાજા

ગરોળીના દૃષ્ટાંતનું, મીનડીયા ભક્તના **ગઢડા મધ્યના ૫૭માં વચનામૃત**માં શ્રીહરિ ભક્તોને આત્મારૂપ બનવા વિષે શીખ આપતા કહે છે કે, ...અને એ ભગવાનનો જ્યારે યથાર્થ મહિમા જણાયો ત્યારે ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો અને એમ સમજ્યા કે એ ભગવાનના સુખ આગળ સ્ત્રીઓનું સુખ તે શી ગણતરીમાં ?

ચિત્રકેતુ રાજા વિષે જાણીએ :

શૂરસેન દેશમાં પ્રાચીન સમયમાં ચિત્રકેતુ નામના રાજા હતા. તે સર્વગુણ સંપન્ન, દયા ક્ષમા પ્રજાવત્સલ ગુણોથી સભર હતા. તેમને કોઈ શત્રુ ન હતા. તેમને કરોડ સ્ત્રીઓ હતી છતાં તેમને કોઈ સંતાન ન હતું તેથી તે સદાય દુઃખી રહેતા હતા. પોતાનો વંશ નષ્ટ થઈ જશે તેવી તેમને ચિંતા હતી. એકવાર અંગિરા ઋષિ તેમની પાસે આવ્યા. તેમણે જાણ્યું કે, રાજા મોહવશ થઈને દુઃખી છે. પુત્રની ઈચ્છાથી દુઃખી રહે છે. તેથી રાજાનું દુઃખ ટાળવા માટે તેમણે ત્વષ્ટા દેવતાનો યજ્ઞ કર્યો. અને યજ્ઞની ફલશ્રુતિ રૂપ પ્રસાદ રાજાને આપીને કહ્યું કે, તમે તમારી કોઈ એક રાણીને પ્રસાદ આપશો જેથી તેને પુત્ર થશે. પરંતુ તે પુત્ર તમને હર્ષ અને શોક બંને આપશે. આમ એક રાણી પ્રસાદથી ગર્ભવતી થઈ અને પુત્ર જન્મ્યો. રાજાની ઉદાસી દૂર થઈ. રાજા નિરંતર તે રાણી પાસે જ રહેવા લાગ્યો. આથી બીજી રાણીઓને તેની ઈર્ષા થઈ. તેથી બીજી રાણીઓએ તે પુત્રને ઝેર આપી મારી નાખ્યો. રાજા આથી ખૂબ ઉદાસ થઈ ગયો. તે દરમ્યાન નારદજી અને અંગિરા ઋષિ ત્યાં પધાર્યા. તેણે રાજાનો શોક અને પુત્ર મોહ દૂર કરવા ઉપદેશ આપ્યો, છતાં રાજાનો શોક દૂર ન થતાં ઋષિએ પોતાના યોગબળથી મૃતપુત્રને જીવતો કર્યો. પુત્રે જીવિત થઈને પિતાને ઉપદેશ આપ્યો કે, હું તો કેટલાક જન્મથી આ રીતે જન્મ ધારણ કરી કોઈનો પુત્ર, કોઈનો પિતા બનું છું. હું પહેલા ક્યાં તમારો

પુત્ર હતો? આવો ઉપદેશ સાંભળતા રાજાનો પુત્ર મોહ દૂર થયો અને ઋષિ પાસેથી જ્ઞાન ગ્રહણ કરી પ્રભુ સ્તુતિ કરવા લાગ્યા. આથી તેઓ વિદ્યાધરોના સ્વામી બની ગયા અને પ્રભુ દર્શનના અધિકારી બન્યા. તેઓ પોતાના તપોબળથી ચૌદ લોકમાં વિચરણ કરી શકતા હતા.

એક વખત ફરતા ફરતા કૈલાસ પર્વત ઉપર જઈ ચડ્યા ત્યાં મહાદેવ અને પાર્વતીના દર્શન કર્યા. તે સમયે શિવની ગોદમાં પાર્વતીજી બેઠા હતા. આથી રાજાના મનમાં એમ થયું કે, મેં કરોડ સ્ત્રીનો ત્યાગ કર્યો પણ શિવ એક સ્ત્રીનો ત્યાગ નથી કરી શકતા. આવું તેમના મનમાં અભિમાન આવ્યું. આ જાણી શિવે તો વાતને હસી કાઢી પણ પાર્વતીજી રાજા ઉપર ગુસ્સે થયા અને શાપ આપ્યો કે, તુ અસુર થઈ જા. આ સાંભળી રાજાએ પાર્વતીજીની ક્ષમા માંગી અને શાપનો સહર્ષ સ્વીકાર કર્યો. રાજા બીજા જન્મે વૃત્રાસુર નામે અસુર થયા. પરંતુ પૂર્વકર્મના શુભ સંસ્કારોથી તેની બુદ્ધિ ઈશ્વરમાં જ રહેતી. કેટલોક કાળ પૃથ્વી પર રહી તે પરમ ગતિને પામ્યા. (૧)

★ પ્રસ્તુત ગઢડા મધ્યના ૫૭માં

વચનામૃતમાં ચિત્રકેતુ રાજાએ ભગવાનના સુખ આગળ કરોડ સ્ત્રીઓના સુખને ગૌણ ગણી તેનો ત્યાગ કર્યો. પાર્વતીજીનો અપરાધ થવા છતાં બીજા જન્મે અસુર યોનિમાં પણ પ્રભુની સ્મૃતિ રહી જે તેમના અનાસક્ત ભાવ અને તીવ્ર ત્યાગ વૈરાગ્ય દર્શાવે છે.

★ પાદટીપ :

(૧) **भक्त चरितांक : छब्बीस वें वर्ष का विशेषांक :** ગીતા પ્રેસ, ગોરખપુર. પાના નં. ૧૫૫થી ૧૫૯

●

૧૩૭. યક્ષ-રાક્ષસ

મરણદોરીના અને એકાંતિક ધર્મમાંથી પડ્યાના **ગઢડા મધ્યના ૪૬માં વચનામૃત**માં એકાંતિક ધર્મમાંથી કોણ કઈ રીતે પડે તેની સમજૂતી આપતા શ્રીહરિ કહે છે કે, ... અને જો ક્રોધે કરીને પડ્યો હોય તો તેને સર્પનો દેહ આવ્યો જાણવો અને જો કામે કરીને પડ્યો હોય તો યક્ષ-રાક્ષસનો અવતાર આવ્યો જાણવો.

તો, યક્ષ એટલે કોણ ?

યક્ષનો એક અર્થ કુબેર થાય છે.

ઘોડાના જેવા મોંનો ઉપદેવ, કુબેરના આશ્રિત. યક્ષ, કિન્નર ગંધર્વ વગેરે બધા અર્ધદેવમાં ગણાય છે. તેમનામાં કોઈ વિશેષ લાક્ષણિકતા નથી પણ ઉપદ્રવકારી ન હોવાથી પૂજ્યજનો કહેવાય છે. આ દેવો સ્વભાવે ગંભીર, પ્રિયદર્શનવાળા, શરીરના માનોન્માન પ્રમાણવાળા, જેઓના હસ્ત-પાદોના તળિયા, નખ, તાલુ, જીભ, હોઠ રાતા છે. મસ્તક ઉપર સુંદર મુગટ તથા ચિત્ર વિચિત્ર આભૂષણો ધારે છે. પુરાણ અનુસાર યક્ષો પ્રચેતાના સંતાનો છે. (૧)

રાક્ષસ

દાનવ, દૈત્ય, અસુર, મોટા દાંત, ભયંકર આંખો, બિહામણા અવયવોવાળા હોય છે એવી રાક્ષસો અંગેની માન્યતા હોય છે. પરંતુ ખરેખર તેવું નથી. તેઓ મનુષ્ય દેહધારી છે. માત્ર રંગે કાળા, શરીરે મજબૂત, નરમાંસભક્ષી હતા. તેઓના સાત પ્રકાર છે :

ભીમ, મહાભીમ, વિઘ્ન, વિનાયક, જળરાક્ષસ, રાક્ષસ, બ્રહ્મરાક્ષસ. તેઓ નૈઋત્ય તરફ અને યમુના નદીને દક્ષિણે લંકા સુધી રહેતા હતા. તેમાં કેટલાક યક્ષ જેવા, કેટલાક માત્ર દેવના જ દુશ્મન અને બીજા સ્મશાનમાં દેખા દે છે. યજ્ઞમાં ભંગ પાડે, પવિત્ર માણસોને પજવે, જીવતા માણસનું ભક્ષણ કરે તેવા પીડાકારી હોય છે. રાવણ ત્રીજા પ્રકારનો રાક્ષસ મનાય છે. (૨)

વિષ્ણુ પુરાણ પ્રમાણે તેઓ કશ્યપ અને ખષાના પુત્ર છે. રામાયણમાં જણાવ્યા મુજબ જ્યારે બ્રહ્માએ સમુદ્ર ઉત્પન્ન કર્યો ત્યારે તેની રક્ષા કરવા રાક્ષસો ઉત્પન્ન કર્યા. રાક્ષસોને તેમના ગુણ પ્રમાણે અનેક નામ આપવામાં આવ્યા છે. (૨)

★ **પાદટીપ :**

(૧) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૭૪૩૨

(૨) **ભગવત્ ગો. મંડળ :** ભાગ-૮, પાના નં. ૭૫૭૩થી ૭૫૭૪.

૧૩૮. પરચૂરણ શબ્દોના અર્થો :

(૧) **નિગમ :** ઈશ્વર, પ્રભુ, વેદ, શ્રુતિ, જેના યોગે સર્વ વિદ્યાઓનું પૂર્ણ જ્ઞાન થાય છે. તેને નિગમ અર્થાત્ વેદ કહે છે.

(વચનામૃત : ગઢડા મધ્યનું ૫૩)

(૨) **શારદા :** સરસ્વતિ, વિદ્યાની અધિષ્ઠાતા દેવી, વિદ્યાદેવી

(૩) **શેષ :** કદ્રૂને પેટે કશ્યપથી જન્મેલા નાગમાંનો પ્રમુખ તેનું અનંત એવું નામ છે. તેને હજાર ફેણ છે. તે નિરંતર પાતાળમાં રહે છે. તેની એક કલા ક્ષીર સાગરમાં હોઈ વિષ્ણુ ભગવાન પોતે પણ એક કલારૂપ અવતારથી તેના ઉપર શયન કરી રહ્યા છે. નાગમાત્રને પોતાની ઈચ્છામાં આવે તેવું રૂપ ધારણ કરવાની શક્તિ હોય છે. તે પોતાની ફેણ ઉપર પૃથ્વીને ધારણ કરી રહેલ છે. તે સાત પાતાળને ટેકવી રાખે છે. જ્યારે જ્યારે તે બગાસા ખાય છે ત્યારે પૃથ્વી ધ્રુજે છે. દરેક કલ્પને અને તે ઝેર અગ્નિ ઓકે છે. જે આખી સૃષ્ટિનો વિનાશ કરે છે. જ્યારે દેવોએ સમુદ્ર મંથન કર્યું ત્યારે વાસુકી નાગનો દોરડા તરીકે ઉપયોગ કરેલ. તેની ફેણ મણિદ્વીપ કહેવાય છે. તેનો મહેલ મણિમંડપ કહેવાય છે. તે પાતાળના અધિપતિ છે.

શ્રીકૃષ્ણના મોટા ભાઈ બળદેવ શેષનો અવતાર ગણાય છે. **(ગઢડા મધ્યનું ૬૭મું)**

(૪) **વીરભદ્ર :** શિવનો એક ગણ. મહાદેવજીએ આ ગણને દક્ષ પ્રજાપતિના યજ્ઞનો ભંગ કરવા પોતાની જટામાંથી ખાસ ઉત્પન્ન કરેલ. તે કાળનું અતિ ઉગ્ર સ્વરૂપ છે. મરાઠા લોકો તેની પૂજા કરે છે. એલિફંટા અને ઈલોરાની

ગુફામાં તેની મૂર્તિઓ છે. ભગવતી ભાગવત અનુસાર શિવના ક્રોધને લીધે ભદ્રકાળી તથા બીજા પાર્ષદો વીરભદ્ર ઉત્પન્ન થયા.

વચનામૃત : ગઢડા મધ્યનું ૬૧મું

નંદીશ્વર :

નંદી ભારતીય પુરાણો અનુસાર ભગવાન શિવના મુખ્ય ગણ અને એક માત્ર વાહન નંદીશ્વર ગણાય છે. તે તાંડવતાલીક, શૈલાદિ, શાલંકાયન વગેરે નામો વડે ઓળખાય છે. સુરભિ એટલે (કામધેનુ) તેના તે પુત્ર છે. એમ કેટલાક પુરાણો માને છે. બીજા કેટલાક પુરાણો તેને શિવનો અવતાર કહે છે. તેના સ્વરૂપ વિષે પણ મતભેદ છે. કામધેનુનો પુત્ર માનનારા તેને દૂધ જેવી સફેદ મૂર્તિવાળો અને બળદનું સ્વરૂપ ધારણ કરતો, તથા પશુઓનો અધિષ્ઠાતા માને છે. જ્યારે નંદીને શિલાદમુનિનો પુત્ર માનનારા તેને મનુષ્ય જેવી આકૃતિવાળો, ટૂંકા હાથવાળો તથા વાનર જેવા મુખવાળો વર્ણવે છે. વાલ્મીકિ રામાયણ તેને મનુષ્ય જેવી આકૃતિ ધરાવતો વર્ણવે છે. **રામાયણના ઉત્તરકાંડ**માં સર્ગ-૧૫માં નંદીને રાવણને શાપ આપતો નિરૂપ્યો છે. જ્યારે **ભાગવત્** ૪/૫ મુજબ દક્ષયજ્ઞ વિધ્વંશના પ્રસંગે ભગ્ નામના ઋત્વિજને પકડીને નંદીએ બાંધવાનું પરાક્રમે કરેલું. પુરાણોની માન્યતા મુજબ નંદી સ્વયંભૂ મન્વંતરમાં જન્મેલો છે.

(**ગુજરાતી વિશ્વકોષ** ભાગ-૬, પાના નં. ૮૦૦)

(વચનામૃત : લોયાનું પ્રથમ પ્રકરણ)

•

અધ્યયન અર્થે લીધેલ સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથો

ક્રમ	પુસ્તકનું નામ	લેખકનું નામ	પ્રકાશક	ગામ	વર્ષ
૧.	વચનામૃત	-	શ્રી સ્વા. ગુરુકુલ	રાજકોટ	૧૯૮૭
૨.	સ્વામિનારાયણ સંહિતા	દેવચરણ સ્વામી	-	મૂળી	૧૯૧૧
૩.	સ્વામિનારાયણ ભગવાનના પરમ સિદ્ધ સંતો	ભટ્ટ શાંતિકુમાર	કાનજી ભગત	વડતાલ	૧૯૮૦
૪.	બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન	નવીનદાસ મા. રત્નુ	લેખકશ્રી	જામનગર	૧૯૯૩
૫.	કવિ બ્રહ્માનંદ : એક અધ્યયન	રાજુલ દિનેશ ઝાલા	-	-	૧૯૯૬
૬.	મુક્તાનંદ કાવ્ય : ભાગ : ૧		કંડારી ગુરુકુલ	કંડારી	૨૦૦૪
૭.	સદ્‌ગુરુ ચરિત્ર	ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ	સ્વા. ગુરુકુલ	રાજકોટ	૧૯૮૮
૮.	ભક્ત ચરિતમ્	યજ્ઞ વલ્લભસ્વામી	એસ.જી.વી.પી.	અમદાવાદ	૨૦૧૫
૯.	આદર્શ ભક્તગાથા	શા.ધર્મવલ્લભદાસસ્વામી	સ્વા. મંદિર	જૂનાગઢ	૨૦૦૬
૧૦.	શ્રીહરિદિગ્વિજય	નિત્યાનંદ સ્વામી	-	-	૨૦૦૫
૧૧.	શ્રીહરિ ચરિત્રચિંતામણિ ભાગ ૧ થી ૩	-	અંકલેશ્વર ગુરુકુલ	અંકલેશ્વર	૨૦૧૫
૧૨.	ગુણાતીતાનંદ સ્વામીની વાતો	-	ગુરુકુલ	રાજકોટ	૨૦૦૪
૧૩.	ગોપાળાનંદ સ્વામીની વાતો	-	ગુરુકુલ	રાજકોટ	૨૦૦૪
૧૪.	સ્વામિનારાયણ ભગવાનના ભક્ત	શાંતિકુમાર ભટ્ટ	કાનજી ભગત	વડતાલ	૧૯૮૦
૧૫.	અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો	સ્વામિ. મંદિર	-	વડતાલ	૨૦૦૬
૧૬.	સંતવર્યનું સામર્થ્ય દર્શન	કેશવજીવન સ્વામી	સ્વા. ગુરુકુલ	રાજકોટ	૨૦૦૪
૧૭.	અક્ષરાનંદ સ્વામીની વાતો		સ્વા. મંદિર	વડતાલ	૨૦૦૬
૧૮.	સંત આખ્યાન ભાગ:૧	જ્ઞાનજીવનદાસ સ્વામી	સ્વા. મંદિર	કુંડળ	૨૦૧૧
૧૯.	સંત સુમન સ્રજ	પ્રભુ શાસ્ત્રી	સ્વા. મંદિર	જૂનાગઢ	૨૦૦૪
૨૦.	શ્રીહરિચરિત્રામૃત સાગર	આધારાનંદ સ્વામી	સ્વા. મંદિર	ગાંધીનગર	-
૨૧.	દુર્ગપુર માહત્મ્ય	-	-	-	-
૨૨.	ભાયાત્માનંદ સ્વામીની વાતો	-	ગુરુકુલ	રાજકોટ	-

૨૩. બહુરત્ના વસુંધરા	હરિપ્રકાશ શાસ્ત્રી	સ્વા. આશ્રમ	ઋષિકેશ	૨૦૦૮
૨૪. નિષ્કુળાનંદ કાવ્ય		સ્વા. ગુરુકુલ	રાજકોટ	-
૨૫. ભક્તચિંતામણિ	નિષ્કુળાનંદ સ્વામી	સ્વા. ગુરુકુલ	રાજકોટ	-
૨૬. ભજગોવિંદમ્	હરિસ્વરૂપદાસ સ્વામી	સ્વા. ગુરુકુલ	અમદાવાદ	-
૨૭. સદ્. પૂર્ણાનંદ કાવ્ય	સાગરદાન શિવદાન ગઢવી	લેખકશ્રી	હેબતપુર	૧૯૬૮
૨૮. નંદમાળા	મંજુકેશાનંદ સ્વામી	સ્વા. મંદિર	જૂનાગઢ	૨૦૧૧
૨૯. શ્રીજીમહારાજના ચરિત્રો	પરમ ચૈતન્યાનંદ સ્વામી	સ્વા. મંદિર	કુંડળ	૨૦૧૩
૩૦. સંતજીવનના પ્રેરક પ્રસંગો	શા.હરિકેશવદાસજી સ્વામી	સ્વા. મંદિર	ગાંધીનગર	-
૩૧. સોરઠી સંતો	પ્રભુ શાસ્ત્રી	સ્વા. મંદિર	જૂનાગઢ	૨૦૦૮
૩૨. પ્રસાદાનંદ સ્વામીનીવાતો	પ્રસાદાનંદ સ્વામી	સ્વા. મંદિર	કુંડળ	૨૦૧૫
૩૩. શિક્ષાપત્રી	-	સ્વા. ગુરુકુલ	રાજકોટ	-
૩૪. મહાપૂજા મુક્ત ગાથા	-	સ્વા. ગુરુકુલ	કંડારી	૨૦૦૪
૩૫. બ્રહ્મનિષ્ઠ સંતો	ધર્મવલ્લભદાસજી સ્વામી	સ્વા. મંદિર	જૂનાગઢ	૨૦૦૬
૩૬. હરિલીલામૃત	વિહારીલાલજી મહારાજશ્રી		વડતાલ	-
૩૭. શ્રી સ્વામિનારાયણ	શા.નિર્ગુણદાસજી સ્વામી	સહજાનંદ ગુરુકુલ	અસારવા	-
૩૮. નિર્ગુણદાસજી સ્વામીની વાતો	-	સ્વા. મંદિર	કુંડળ	૨૦૧૨
૩૯. સત્સંગની શુભવાર્તા ભાગ : ૧ થી ૫	પૂ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી	સ્વા. ગુરુકુલ	રાજકોટ	
૪૦. માળીયાના દરબાર મોડજીભાઈની વાતો	-	-	-	
૪૧. સ્વામિનારાયણ વિચરણ લીલામૃત - ઉતરાર્ધ	પ્રસાદાનંદ સ્વામી	સ્વા. મંદિર	કુંડળ	૨૦૧૫
૪૨. વડતાલ દેશનું નિર્ણય	-	વડતાલ મંદિર	વડતાલ	-
૪૩. અમદાવાદ દેશનું નિર્ણય	-	અમદાવાદ મંદિર	અમદાવાદ	-
૪૪. સત્સંગિજીવન	-	ગુરુકુલ	રાજકોટ	-
૪૫. નારી રત્નોનું સમર્પણ	ડૉ. મગનભાઈ પટેલ	ISSSV, ન્યુજર્સી	ન્યુજર્સી	૨૦૧૪
૪૬. નવયોગેશ્વરો	-	-	-	-
૪૭. સત્સંગ સ્ત્રી રત્નમાલા	પ્રભુ શાસ્ત્રી	સ્વા. મંદિર	જૂનાગઢ	૧૯૯૯
૪૮. શિક્ષાપત્રી અધ્યયન	ત્રિભુવન ગૌ. વ્યાસ	ગુરુકુલ	રાજકોટ	૧૯૯૭
૪૯. બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ	પ્રભુ શાસ્ત્રી	સ્વા. મંદિર	જૂનાગઢ	૨૦૦૧
૫૦. અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ	કાલુપુર મંદિર	-	અમદાવાદ	૧૯૯૭

૫૨. પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો	જ્ઞાનજીવન સ્વામી	-	કુંડળ	-
૫૩. સર્વમંગલ સ્તોત્ર	શતાનંદમુનિ	-	-	-
૫૪. ઉપદેશામૃત	-	ગુરુકુલ	રાજકોટ	૧૯૯૪
૫૫. કચ્છ લીલા	-	સ્વા. મંદિર	ભૂજ	૧૯૯૫
૫૬. સહજાનંદ સ્વામી ચરિત્ર	-	મંદિર	જમીયતપુરા	૨૦૦૬
૫૭. તદ્‌રૂપાનંદ સ્વામીની વાતો	ડીવાઈન મિશન	અમદાવાદ	૧૯૮૮	
૫૮. શ્રીહરિ ઉપદેશામૃત	ધ્યાની સ્વામી	-	કણભા	૨૦૦૮
૫૯. હરિકૃષ્ણસાગર	-	-	-	-
૬૦. અવતાર કથાઓ	પ્રભુ શાસ્ત્રી	-	જૂનાગઢ	-
૬૧. રાજગોર બ્રાહ્મણ :	ભીમભાઈ વંશજો		જામનગર	૧૯૯૫
૬૨. સંસ્કાર સિંચન	-	સ્વા. ગુરુકુલ	રાજકોટ	-
૬૩. એકાદશી માહત્મ્ય કથા	-	મંદિર	ભૂજ	-
૬૪. સ્વામિનારાયણ ભાગવત	નારાયણ જદુરામ પંડ્યા	-	વીરસદ	૧૯૮૯
૬૫. સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ	-	-	ડાકોર	૨૦૧૩
૬૬. તદ્‌રૂપાનંદ સ્વામીની વાતો	-	રામકૃષ્ણ સ્વામી	ધ્રાંગધ્રા	૨૦૦૬
૬૭. ગુરૂ દત્તાત્રેયના	શા. હરિકેશવદાસ સ્વામી	-	ગાંધીનગર	
૨૪ ગુરૂઓની કથા				
૬૮. સ્વામિનારાયણ ચરિતગાથા	માધવપ્રિયદાસજી સ્વામી		**SGVP**	૨૦૧૬
૬૯. બાળ ચરિત્ર	ભૂમાનંદસ્વામી કૃત	ભૂજ મંદિર	ભૂજ	-
૭૦. સુરતમાં શ્રીહરિ	શા. હરિબળદાસ સ્વામી	સ્વા. ગુરુકુલ	સુરત	૨૦૧૧
૭૧. ભગવાનશ્રી સ્વામિનારાયણ	હર્ષદરાય ત્રિ.દવે	સ્વા. અક્ષરપીઠ	અમદાવાદ	૧૯૯૧
૭૨. રઘુવીરજી મહારાજ જીવન દર્શન	અમૃતસ્વરૂપદાસ સ્વામી		સરધાર	૨૦૧૨
૭૩. જ્ઞાનદિપ સામયિક	જ્ઞાનપ્રકાશ સ્વામી	ગુરુકુલ	ગાંધીનગર	૨૦૦૪
૭૪. આનંદાનંદ સ્વામીની ઓડિયો કેસેટ	જ્ઞાનજીવનદાસ સ્વામી	સ્વા. મંદિર	કુંડળ	-
૭૫. દેવાનંદ કાવ્ય		મૂળી મંદિર	મૂળી	
૭૬. દેવાનંદ કાવ્ય		સ્વા. મંદિર	અમદાવાદ	
૭૭. જૂનાગઢના જોગી સદ્. મહાપુરુષદાસજી સ્વામી	માવદાનજી રત્નુ	સ્વા. ગુરુકુલ	રાજકોટ	-
૭૮. -				

	રૂબરૂ સંપર્ક			
૧. સાધુ વિવેકસ્વરૂપદાસ	સુરત ગુરુકુલ			
૨. ધનજીભાઈ સુહાગીયા	પીઠવડીના ભક્ત			
૩. નારાયણભાઈ પટેલ	અમદાવાદ			
૪. રૂશિલભાઈ પટેલ	ભાદરણ			
૫. લાલજીભાઈ વાગડીયા (સોની મહાજન)	જૂનાગઢ			

हिन्दी

पौराणिक ग्रंथो

क्रम पुस्तक का नाम	लेखक का नाम	प्रकाशक	गाम	वर्ष
१. श्री गर्ग संहिता	–	गीताप्रेस	गोरखपुर	–
२. संक्षीप्त महाभारत		गीताप्रेस	गोरखपुर	–
३. बृहदारण्यउपनिषद	संस्कृत संशोधन		मेलकोट	–
४. भक्त चरितांक	कल्याण	गीताप्रेस	गोरखपुर	–
५. नारी भक्तांक	कल्याण	गीताप्रेस	गोरखपुर	–
६. संक्षीप्त ब्रह्म वैवर्त पुराण	कल्याण	गीताप्रेस	गोरखपुर	–
७. अवतार कथांक	कल्याण	गीताप्रेस	गोरखपुर	२००७
८. यतीन्द्रमत दिपीका	–	सुर भारती	वारणसी	१९८९
९. रामायण	प्रभुपाद स्वामी	इस्कोन	मुंबई	–
१०. ऋगवेद	–	–	–	–
११. अथर्ववेद	–	–	–	–
१२. प्रमुख देवता	कल्याण	गीताप्रेस	गोरखपुर	–
१३. प्रसन्नामृत	आचार्य रामनारायण	सोमानी ट्रष्ट	वाराणसी	–
१४. प्रमुख ऋषिमुनि	कल्याण	गीताप्रेस	गोरखपुर	–
१५. मत्स्य महापुराण	वेद व्यास	गीताप्रेस	गोरखपुर	–
१६. वामन पुराण	वेद व्यास	गीताप्रेस	गोरखपुर	–
१७. श्री शीव पुराण	वेद व्यास	गीताप्रेस	गोरखपुर	–
१८. विष्णु पुराण	वेद व्यास	गीताप्रेस	गोरखपुर	–
१९. श्रीरामचरितमानस	हनुमान प्रसाद पोदार	गीताप्रेस	गोरखपुर	–
२०. कबीर पदावली	–	–	–	–
२१. महाभारत के प्रमुख पात्र	गीता प्रेस	गीता प्रेस	गोरखपुर	–
२२. संस्कृत साहित्यका इतिहास	उमाशंकर शर्मा	चौखंबा भारतीय अकादमी	–	–

२३. याज्ञवल्कप स्मृति	गंगासागर राय	चौखंबा	दिल्ही	–
२४. इशावास्य उपनिषद	शा. स्वेतवैकुंठदास	चौखंबा	–	१९७०
२५. संक्षीप्त भविष्य पुराण	गीताप्रेस	–	गोरखपुर	१९७०
२६. अग्निपुराण	गीताप्रेस	–	गोरखपुर	–
ગુજરાતી ભાષાના અન્ય ગ્રંથો				
૧. શ્રીમદ્ ભાગવત મહાપુરાણ	વેદ વ્યાસ	ગીતા પ્રેસ	ગોરખપુર	
૨. શ્રીમદ્ ભાગવત સુધા સાગર	રમેશભાઈ ઓઝા	સત્, સાહિત્ય	પોરબંદર	૨૦૧૧
૩. ભગવત્ ગો. મંડળ	ભગવત્સિંહજી મહારાજ		ગોંડલ	
૪. નારદ પુરાણ	-	સસ્તુ સાહિત્ય	અમદાવાદ	૧૯૮૪
૫. ભક્તમાળ	નાભાજી	પ્રવિણ પુસ્તક ભંડાર	રાજકોટ	૧૯૯૪
૬. ગુજરાતી વિશ્વ કોષ	-	ગુજરાતી વિશ્વ કોષ ટ્રસ્ટ	અમદાવાદ	
૭. શ્રીમદ્ રામાયણ રહસ્ય ગ્રંથ	જગત પ્રકાશદાસજી સ્વામી	-	ડભાણ	
૮. ગીતા				
૯. દુર્વાસા મુનિ	-	સસ્તુ સાહિત્ય	અમદાવાદ	૧૯૮૩
૧૦. ભાગવત કથા	ડોંગરેજી મહારાજ	-	-	-
૧૧. કાયસ્થ જ્ઞાતિ પુસ્તિકા	-	કાયસ્થ ટ્રસ્ટ	ભૂજ	૨૦૦૮
૧૨.				
૧૩. તસ્મૈ ગુરવે નમઃ	હરિભાઈ કોઠારી	જ્યાંક પ્રકાશન	મુંબઈ	૨૦૦૪
૧૪. વાલ્મિકી રામાયણ	નરેન્દ્ર જોષી(ભાષાંતરકાર)	પ્રવિણ પુસ્તક ભંડાર	રાજકોટ	૨૦૦૫
૧૫. અમરકોષ	કે.કા.શાસ્ત્રી ભાષાંતરકાર	યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ	અમદાવાદ	૧૯૯૮
૧૬. કિંવા અમર કોષ	કે.કા.શાસ્ત્રી	યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ	અમદાવાદ	૧૯૯૮
૧૭. તુલસીકૃત રામાયણ	-	પ્રવિણ પુસ્તક	રાજકોટ	-
૧૮. શ્રીરામ ચરિત માનસ	ગીતાપ્રેસ	-	ગોરખપુર	
૧૯. વિશ્વની અમર વિભૂતિઓ	યશવંત ત્રિવેદી	એન.એમ. ઠક્કર	મુંબઈ	-

વચનામૃતના પાત્રોનો ક્યા વચનામૃતમાં ઉલ્લેખ છે તે માહિતી :

(એકથી વધારે વખત ઉલ્લેખ હોય તો તેની પાસે કૌંસમાં તે સંખ્યા લખેલ છે.)

(૧) સાંપ્રદાયિક પાત્રો

અખંડાનંદ સ્વામી : લો.૪(૨), લો.૯, મ.૧૬(૩), અં.૧૮
અચિંત્યાનંદ સ્વામી : મ.૧૦,
અમરા પટગર : સા.૯,
અયોધ્યાપ્રસાદજી મહારાજ : મ.૬૨, અં.૧૪
અયોધ્યાવાસીઓ : મ.૪૩, મ.૪૫, અમ.૩,
આત્માનંદ સ્વામી (નાના): પ્ર.૭૮,
આત્માનંદ સ્વામી(મોટા) : પ્ર.૩૮, લો.૯, અં.૧૪, અં.૨૪, અં.૨૬,
આધારાનંદ સ્વામી : પ્ર.૭૮
આનંદાનંદ સ્વામી : પ્ર.૪, પ્ર.૫૮, મ.૯,
આહિર પટેલ સામત : લો.૩,
ઉકાખાચર : મ.૨૫,
કઠલાલની ડોશી : લો.૩
કપિલેશ્વરાનંદ સ્વામી : લો.૮,
કાશીદાસભાઇ : કા.૭, મ.૫૯
કુશળકુંવરબા : સા.૨, લો.૩
ગુરુચરણરતાનંદ સ્વામી : મ.૧૬,
ગુંદાળીગામના બે કાઠી : લો.૩,
ગોપાળદાસ(ગોપાલયોગી) : અં.૩૬,
ગોપાળાનંદ સ્વામી : પ્ર.૨૯, પ્ર.૪૫, પ્ર.૭૩(૩), કા.૪, કા.૧૦, લો.૧૩, લો.૧૬, મ.૨૫, મ.૫૬, મ.૬૨, મ.૬૬, વર.૧૧, અં.૧૪, અં.૨૧, અં.૩૩
ગોવર્ધનભાઇ : પ્ર.૧, અં.૩૨
ચિમનરાવજી : વર.૬, વર.૭,
ચૈતન્યાનંદ સ્વામી : સા.૮, કા.૧, લો.૧૦, લો.૧૨(૨), અં.૧૧, અં.૨૪,
જાદવજી શેઠ (સુરત) : કા.૧,
જીવાભાઇ (જસકા) : પ્ર.૭૦,
જીવાખાચર(સારંગપુર) : સારંગપુરના વચનામૃત
જીવુબા : લો.૩, અં.૨૪,
ઝીણાભાઇ : લો.૪, અં.૧, અં.૨૨, અં.૨૪,
ડડુસરવાળા ગલુજી : લો.૩
ડોસાવાણિયા : લો.૩,
ત્યાગાનંદ સ્વામી : પ્ર.૭૮,
ત્રિગુણાતીતાનંદ સ્વામી : પ્ર.૭૮,
દહરાનંદ સ્વામી : પ્ર.૭૮,
દાદાખાચર : પ્ર.૭૪, લો.૩, અં.૨૪,
દામોદરભક્ત : મ.૫૯,
દીનાનાથ ભટ્ટ : પ્ર.૩૦, પ્ર.૩૨, કા.૬, મ.૧૭, વર.૧, અં.૨૦,
દીવબંદરના પ્રેમબાઇ : કા.૬,
દેવરામ : અં.૧,
દેવાનંદ સ્વામી : લો.૧૬, વ.૨૦
નાજા જોગિયા : પ્ર.૭૫, વર.૫, અં.૧૪,
નાથભક્ત : અં. ૨૭, મ.૫૯,
નારાયણદાસ : અં.૧,
નારાયણાનંદ સ્વામી : પ્ર.૭૮,
નિત્યાનંદ સ્વામી : પ્ર.૧૩, પ્ર.૪૭, પ્ર.૬૩, પ્ર.૭૦, પ્ર.૭૧, પ્ર.૭૩,

• • •

વચનામૃતના પાત્રોનો ક્યા વચનામૃતમાં ઉલ્લેખ છે તે માહિતી :
(એકથી વધારે વખત ઉલ્લેખ હોય તો તેની પાસે કૌંસમાં તે સંખ્યા લખેલ છે.)

(૨) પૌરાણિક પાત્રો


અક્રુરજી : પ્ર.૬૩, લો.૧૮, પં.૬, મ.૧૦, વર.૧૮,
અખો : મ.૩૫,
અગ્નિદેવ : પ્ર.૬૫, પ્ર.૬૬, પ્ર.૭૩, પ્ર.૭૮, સા.૧૭, કા.૩, કા.૪, લો.૨, લો.૧૧, લો.૧૭, પં.૪, મ.૧૦, વર.૧૨, અં.૩, અં.૩૯, વગેરે...
અજામીલ : સા.૯,
અર્જુન : પ્ર.૨૫, પ્ર.૬૬, પ્ર.૭૦, કા.૮, લો.૬, લો.૧૮, પં.૪, પં.૬, મ.૯, મ.૧૦, મ.૧૬, મ.૨૮, વર.૧૮, વગેરે...
અશ્વસ્થામા : લો.૬, અં.૩,
અષ્ટાવક્ર, પંચશિખ : પં.૩, વર.૨૦,
અંબરિષ રાજા : અં. ૨૧
ઈન્દ્ર : પ્ર.૨૩, પ્ર.૪૧, પ્ર.૬૫, લો.૧, લો.૧૭, પં.૧, પં.૪, મ.૧૦, મ.૬૨,
ઉદ્ધવજી : પ્ર.૬૩, સા.૩, સા.૬, સા.૧૫, કા.૯, લો.૧૧, લો.૧૩, લો.૧૫, લો.૧૬, લો.૧૭, લો.૧૮, મ.૪, મ.૧૭, મ.૧૮,મ.૨૧, મ.૫૪, મ.૬૨, મ.૬૪, વર.૧૦ વર.૧૮, અં.૨, અં.૧૦, અં.૨૮,
ઉપરિચરવસુ : પ્ર.૬૯,
ઋષભદેવ ભગવાન : પ્ર.૩૮, પ્ર.૪૨, કા.૧, લો.૧૪, મ.૧૩, અં.૧૭, અં.૨૧,
કચ્છાવતાર(કૂર્મ) : પ્ર.૭૮, લો.૪, લો.૭, લો.૧૪, લો.૧૮, પં.૨, પં.૪, મ.૬૪,
કપિલ ભગવાન : પ્ર.૫૪, પ્ર.૭૩, લો.૧૪, વર.૨, વર.૧૩, વર.૧૮, અં.૫,
કબીર : મ.૩૫,
કર્ણ : પ.૪,
કર્દમ : પ્ર.૭૫
કશ્યપ પ્રજાપતિ : પ્ર.૧૩, પ્ર.૪૧,
કંસ : મ.૧૦, વ.૧૮, અં.૩૫,
કામદેવ : પ્ર.૭૨, લો.૧૮,
કાર્તિક સ્વામી : ક.૩,
કાળનેમી : મ.૪૫,
કાળયવન : મ.૧૦,
કુબેર : પં.૪, વર.૧૮,
કુબ્જા : મ.૧૭, વર.૧૮,
કુંતાજી : પં.૧, પં.૪,
ગણપતિજી : પ્ર.૨૫, પ્ર.૪૨,
ગર્ગાચાર્ય : લો.૧૮,

અસ્તુ....


સાધુ શ્વેતવૈકુંઠદાસના જય શ્રી સ્વામિનારાયણ...

(કંઇ સુધારો હોય તો જણાવજો.... મો.૯૯૭૯૨૦૨૪૩૪ - ગુરુકુલ સુરત)

: નોંધ :



પ.પૂ. સદ્‌ગુરુ મહંત સ્વામી
શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી



પ.પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી



પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી
શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત ગ્રંથરાજ

વચનામૃત દ્વિશતાબ્દી 2019

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સુરત

ભગવાન શ્રી સ્વામિનારાયણે વાત્સલ્યતાથી સંતો-ભક્તોને પીરસેલું વચનરૂપી અમૃત એટલે વચનામૃત. જેને નંદસંતોએ ઝીલી ગ્રંથસ્થ કરી આપણા સુધી પહોંચાડયું. સમુદ્રમંથનને અંતે પ્રાપ્ત થયેલું અને દેવલોકમાં રહેલું અમૃત ભૌતિક દેહને અમર બનાવે છે, જ્યારે શ્રીજી મહારાજ દ્વારા પ્રબોધિત આ વચનરૂપી અમૃત શાશ્વત અને દિવ્ય સુખ-શાંતિનો અનુભવ કરાવનારું છે.

આ સ્વામિનારાયણીય અધ્યાત્મ મહાગ્રંથરાજ વચનામૃતને આગામી ઇ.સ. ૨૦૧૯માં ૨૦૦ વર્ષ થતાં હોય દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે વિવિધ આધ્યાત્મિક અભિયાનો ગુરુકુલ પરિવાર દ્વારા પ્રારંભ કરવામાં આવેલ છે. આપ વ્યક્તિગત કે સપરિવાર જોડાઇને શ્રીજી મહારાજ, સંતો તેમજ ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીનો રાજીપો મેળવી ધન્ય બનો.

લી. પુરાણી ધર્મવલ્લભદાસના જય સ્વામિનારાયણ